## શ્રીમદ્ભાગવત પ્રથમસ્કન્ધ

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# ।। સુબોધિની ।।

અનુવાદક :

ગો. વા. શ્રીનાનુલાલ ગાંધી

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી,
જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોન:(૦૨૮૩૪) ૨૩૧૪૬૩
Email : gosharad@rediffmail.com
Must Visit :
http://www.pushtimarg.net
http://vallabhacharyavidyapeeth.org/

**સમ્પાદક :** શરદ્ ગોસ્વામી

**શ્રીવલ્લભાબ્દ : ૫૩૭**

**પ્રકાશનવર્ષ : વિ.સં.૨૦૭૧**

**પ્રતિ : ૨૦૦૦**

**મુદ્રક :**
પૂર્વીપ્રિસ પ્રા. લી., રાજકોટ.

# ।। પ્રાસ્તાવિક ।।

અનેક શાસ્ત્રોને પ્રકટ કરવા છતાં જ્યારે વ્યાસજીને સન્તોષ ન થયો ત્યારે નારદજીની પ્રેરણાથી ભગવાનમાં મન સ્થિર કરીને તેઓ સમાધીમાં બેઠા. ત્યારે સમાધિમાં વ્યાસજીને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના અને તેમના શરણે રહેલી માયાના દર્શન થયાં. આ સાથે તેમણે સમાધિમાં એ પણ અનુભવ્યું કે જીવ માયાના પ્રભાવને કારણે ગુણોથી પર હોવા છતાં પોતાને ત્રિગુણાત્મક માનવા લાગે છે અને ગુણો દ્વારા કરાતા સુખ-દુઃખ જન્મ-મૃત્યુ ને પ્રાપ્ત કરે છે. વધુંમાં, અધોક્ષજ ભગવાનમાં સાક્ષાદ્ ભક્તિ બધા અનર્થોનો નાશ કરે છે એ પણ વ્યાસજીએ જાણ્યું ત્યારે આ રહસ્યને નહીં જાણનારા લોકો માટે ભગવત્ તત્ત્વનો બોધ કરાવનારી સાત્ત્વતસંહિતા(ભાગવત) રચી. આના શ્રવણ-પાઠ-અભ્યાસથી પરમ પુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ અવશ્ય થાય છે કે જે ભક્તના સમસ્ત શોક, ભય અને મોહ નો નાશ કરીદે છે. (ભાગ.પુરા.૧।૭।૪-૭). આથી આચાર્યચરણ ભાગ.નિબન્ધમાં આજ્ઞા કરે છે :

**વિદ્યમાને સમુદ્ધારઃ તત્રત્યાનાં સ્વયં કૃતઃ, સ્વાભાવે તુ કથૈવ સ્યાદ્ ઈત્યનન્તર ઉક્તવાન્.**

**પ્રકાશઃ** ''ભાગવતાદેવ સર્વોદ્ધારઃ. અવતીર્ણઃ કૃષ્ણો યાવદ્ ભૂમણ્ડલે સ્થિતઃ તાવદ્ રૂપેણૈવ સર્વાન્ મોચિતવાન્. તદનન્તરં ભાગવતમેવ મોચકમ્, નતુ અન્યઃ ઉપાયઃ''.

અવતરેલાં ભગવાન્ જ્યાં સુધી ભૂતલપર બિરાજ્યાં ત્યાં સુધી પોતાના સ્વરૂપબલથીજ સર્વનો ઉદ્ધાર કર્યો. ભગવાનના સ્વધામ પધાર્યા પછી તો ભાગવતજ ઉદ્ધરક છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી.

'ભાગવત'નો અર્થ સમજાવતાં **''ઈદં ભાગવતં નામ''**ની સુબોધિનીમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય લખે છે : **''ભગવતા પ્રોક્તં, ભગવત્પ્રતિપાદકં, ભગવત્ફલકં ચ ઈતિ''**. ભાગવત એ ભગવાનની વાણી છે, ભગવાન જ તેનો પ્રતિપાદ્ય વિષય છે અને ભગવાન જ તેનું ફળ છે.

તેથીજ તત્ત્વાર્થદીપનિબંધના ભાગવતાર્થપ્રકરણમાં આપ લખે છેઃ

**એતદ્ધારણમાત્રેણ કૃષ્ણો ભવતિ વૈ ધૃતઃ, અર્થતસ્તુ પરિજ્ઞાતે જ્ઞાતો ભક્તિં પ્રયચ્છતિ.**

ધારણં પાઠતઃ. તસ્ય ભગવદ્રૂપત્વાત્ તેન રૂપેણ ભગવાનેવ ધૃતઃ. હૃદિ સ્થિતો ભગવાન્ યત્ કાર્યં કરિષ્યતિ તદ્ અનેનાપિ કરિષ્યતિ. અર્થતઃ ચેત્ પરિતો જ્ઞાતઃ તદા ઈદમિત્થતયા જ્ઞાનં ભક્ત્યંગમ્ ઈતિ જ્ઞાતઃ સન્ ભક્તિં પ્રયચ્છતિ''.

ભાગવત ભગવદ્રૂપ છે તેથી તેના પાઠ રૂપે તેને ધારણ કરવાથી ભાગવત સ્વરૂપે ભગવાન જ ધારણ થાય છે. હૃદયમાં સ્થિત ભગવાન્ ભક્તના ચિત્તને પોતાનામાં આસક્ત બનાવીને અન્ય સ્થળેથી વિરક્ત કરી દે છે તેજ કાર્ય ભાગવતસ્વરૂપે ધારણ કરેલા ભગવાન્ પણ કરે છે. અને ભાગવતનો પાઠ પણ જો તેના ખરેખરા અર્થ-તાત્પર્યને જાણીને કરવામાં આવે તો તેવું જ્ઞાન ભક્તિના અંગરૂપ હોવાથી તેનાથી ભગવાનનું જ્ઞાન થાય જ છે અને તેથી ભગવાન્ ભક્તિ આપે છે.

**સમ્પાદકીય :**

શ્રીમદ્ભાગવતના પ્રથમસ્કન્ધ પરના મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત સુબોધિની વિવેચનનો પ્રસ્તુત ગુજરાતી અનુવાદ આ પહેલાં નીચેની વિગતે બે ખંડોમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતોઃ

**પ્રથમ ખંડઃ** (અધ્યાય ૧-૮). **પ્રકાશન વર્ષઃ** વિ.સં.૨૦૨૦, ઈ.સ.૧૯૬૪. **સમ્પાદકઃ** શ્રીગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ. **પ્રકાશકઃ** શ્રીરેવાબેન મગનલાલ પરીખ ચેરિ. ટ્રસ્ટ, રામગંજમંડી (રાજસ્થાન). **કિંમતઃ** રૂ. ૫-૦૦.

આદ્ય સમ્પાદકે પ્રસ્તુત ગ્રન્થના અનુવાદ તેમજ પ્રકાશન વિષયમાં ગ્રન્થના આમુખમાં આ પ્રમાણે લખ્યું છે :

''ઘણા વર્ષપહેલાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ **પંડિત છગનલાલ શાસ્ત્રી**એ પ્રથમ સ્કન્ધનાં શ્રીસુબોધિનીનું મુદ્રણ કરી તેનું ગુજરાતી ભાષાંતર કર્યું હતું. તે અપ્રાપ્ય થવાથી રાજકોટના **જટાશંકર કાનજીભાઈ શાસ્ત્રી** પાસે ફરીથી ભાષાંતર કરાવી ઈ.સ.૧૯૪૦ માં ભરૂચના ગો.વા. શેઠ જેકીસનદાસ કરસનદાસ ટ્રસ્ટ તરફથી છાપવામાં આવ્યું હતું. તે પણ કેટલાંક વર્ષોથી મળતું ન હતું. તેથી સંપ્રદાયના વયોવૃદ્ધ વિદ્વાન્ **શ્રીનાનુલાલ નારણદાસ ગાંધી**ને નવેસરથી અનુવાદ કરવા મેં વિનંતી કરી. તેમની આંખ્યોની નિર્બળતા હોવા છતાં પણ તેમણે મારી વિનંતી સ્વીકારી અને શ્રીપુરુષોત્તમજીના પ્રકાશમાંથી ટિપ્પણો આપી નવેસરથી ભાષાન્તર તૈયાર કર્યું અને મને આપ્યું''.

**બીજો ખંડઃ** (અધ્યાય ૯-૧૯). **પ્રકાશનવર્ષઃ** વિ.સં.૨૦૨૬, ઈ.સ.૧૯૭૦. **સમ્પાદકઃ** શ્રીનાનુલાલ ગાંધી. **પ્રકાશકઃ** શેઠ બાલકિસનદાસ ગોવિંદરામ. **કિંમતઃ** રૂ. ૪-૫૦.

બીજા ખંડના અનુવાદક-સમ્પાદક ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી પ્રસ્તાવનામાં લખે છેઃ

''શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કન્ધના શ્રીસુબોધિનીનો ગુજરાતી અનુવાદ સંપ્રદાયના પ્રસિદ્ધ વિદ્વાન્ શ્રીગોવિંદલાલ ભટ્ટની સૂચનાથી મેં આશરે દશ વર્ષ પહેલાં કરેલ. તે તેઓશ્રી છપાવવાના હતા અને તેમણે પહેલા આઠ અધ્યાયોનો અનુવાદ છપાવ્યો પણ ખરો. પછી અધિક દ્રવ્યની જરૂર પડતાં તે કાર્ય બંધ રાખવું પડ્યું, અને ત્યાર પછી તેઓશ્રીનો ભગવાનના ચરણકમલમાં વાસ થયો''.

આ ગ્રન્થના પુનર્મુદ્રણ વખતે સંસ્થા અનુવાદક તથા પૂર્વ સમ્પાદક-પ્રકાશક નો હૃદયથી આભાર માને છે. અભ્યાસુઓની સુવિધા માટે ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાગવતાર્થ નિબન્ધના પ્રથમ સ્કન્ધનો સમ્બદ્ધ અંશ તેમજ 'શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્'માંના પ્રથમસ્કન્ધના નામો સાનુવાદ ગ્રન્થારમ્ભમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અન્તે, ગ્રન્થના પ્રકાશનની જવાબદારી ઉપાડનાર શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા તેમજ આવરક ચિત્ર તૈયાર કરનારી આપનાર શ્રીપીયૂષ ગોંદીયાનો સહયોગ અવિસ્મરણીય છે.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**

શરદ્ ગોસ્વામી, (માંડવી-હાલોલ)

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, પિનકોડઃ ૩૭૦૪૬૫**
**(ટેલીફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩)**

| ગ્રન્થ | | | પ્રકાશનસહાય |
|---|---|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | | | |
| ૧. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | | ૧૦ |
| ૨. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | | ૧૦ |
| ૩. Praveshika | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(અંગ્રેજી) | | ૧૦ |
| ૪. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૨૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૨૦ |
| ૬. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | | ૧૦ |
| ૭. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૮. પ્રમેયરત્નસંગ્રહ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી( ગુજ. ) | | ૨૦ |
| ૯. Manual of the devotionalpath of Pushti. | લેખક : ઉપરમુજબ | | ૬૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | | | |
| ૧૦. શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા | (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | | ૨૦૦ |
| ૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | | ૧૫૦ |
| ૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | | ૨૦૦ |
| ૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | | ૧૫૦ |
| ૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | | ૨૦૦ |
| ૧૫. વલ્લભવેદાન્ત | લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | | | |
| ૧૬. વાર્તાપરિચર્ચા | | | ૧૫ |
| ૧૭. અધિકારપરિચર્ચા | | | ૧૦૦ |
| ૧૮. સાધનાપ્રણાલી | | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી | | | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | | (જુજ પ્રતો) | નિઃશુલ્ક |
| ૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | | | ૫૦ |
| ૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | | | ૮૦ |
| ૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | | | ૧૦૦ |
| ૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | | | ૧૦૦ |
| **નિત્યસ્તોત્રપાઠ** | | | |
| ૨૬. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) પાકું બાઈંડિંગ | | | ૨૦ |

૨૭. પુષ્ટિપાઠાવલી (હિન્દી) પાકું બાઈંડિંગ ૨૦
૨૮. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૨૦
૨૯. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ ૧૦
૩૦. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત) ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૧. શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૪૦૦
૩૨. ષોડશગ્રન્થ. (સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. વિતરણ કરવા ઈચ્છનાર ટ્રસ્ટ કાર્યાલયનો સમ્પર્ક કરે. ૧ પ્રતિ ની પડતર રૂ. ૩૫. પોસ્ટેજ અલગથી)
૩૩. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો,પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન. ૭૦
૩૪. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ(અપ્રાપ્ય) ૦૭
૩૫. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. ૫૦
૩૬. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી) ૨૫
૩૭. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લે. ભૂપેન્દ્રભાઈ ભાટીયા ૫૦
૩૮. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ(અપ્રાપ્ય) ૫૦
૩૯. ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય, લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૦. ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લેખક :ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૧. દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરે બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
૪૨. ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાય નો ટુકમાં અર્થ. લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી ૧૦
૪૩. શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. ૧૫૦
૪૪. શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે) ૩૦
૪૫. પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લેઃગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૬. ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય
૪૯. રસદૃષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય-નિઃશુલ્ક
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૩. હમકું ઈતની સમજ ભલી (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના વચનામૃતો નિઃશુલ્ક
૫૪. તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ. મૂળ સહિત ગુજરાતી અનુવાદ નિઃશુલ્ક
૫૫. પુરુષાર્થવ્યવસ્થા. પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
५६.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय ૧૦૦
५७.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका ૧૫૦
५८.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम्, (व्रजभाषाटीका) श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૫૦/૭૦
५९.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका) श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૮૦/૧૦૦
६०.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦
६१.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) ૧૦૦
६२.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦
६३.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
६४.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
६५. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
६६. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य-नि:शुल्क
६७. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क

## ઈતિહાસ

૬૮. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક
૬૯. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક
૭૦. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. ૨૫

## સન્દર્ભ ગ્રન્થો

૭૧. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦

૭૨. હમકું ઈતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિ:શુલ્ક

૭૩. Summary of Shuddhadvaita Vangmaya. लेखक : गो.शरद् (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫

**શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાઙ્મય :**

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૂત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી વગેરે ભાષામાં લિખિત મૂળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેનો અનુવાદ તેમજ તેના પર લિખિત વિવેચન વગેરે (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા વગેરે અધ્યયનોપયોગી) સાહિત્યનો બૃહત્ સંગ્રહ. ડાઉન્લૉડ અને માર્ગદર્શન માટે લિંક્ :

http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html

**હાલમાં નીચે મુજબ ગ્રન્થો તેની સંસ્કૃત ટીકાઓ અને અનુવાદ સહિત વાઙ્મયમાં ઉપલબ્ધ છે:**

ષોડશગ્રન્થ, શિક્ષાપદ્યાનિ, તત્ત્વાર્થદીપનિબન્ધ, બ્રહ્મસૂત્રાણુભાષ્ય, મધુરાષ્ટકમ્, પરિવૃઢાષ્ટકમ્, પુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, સુબોધિની (સ્કન્ધ ૧-૨), સેવાશ્લોકાઃ, વિદ્વન્મંડનમ્, સૌન્દર્યપદ્યમ્, સાધનદીપિકા, પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર, ભાગવતપુરાણ (૧ થી ૭, ૧૦ અને ૧૧ સ્કન્ધ નો ગુજરાતી-હિન્દી અનુવાદ), હરિરાયવાઙ્મુક્તાવલી (૫૫ ગ્રન્થો) દ્રવ્યશુદ્ધિ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલી ખંડ ૨-૩, વાદાવલી, ભગવદ્ગીતામૃતતરંગિણી, વલ્લભાષ્ટકમ્, સર્વોત્તમસ્તોત્રમ્.

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :**

**શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.** અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય :**

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છે :

૧. ટેલિફોનિક કોન્ફરન્સ્

૨. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો

૩. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્.(બ્રોડ્બેંડ્ જરૂરી)

વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : યોગેન્દ્રભાઈ : (+91) 9323733796
પિનાકીનભાઈ : (+91)9726444515
નીરજભાઈ(અમેરિકા) : +7325424165
ઈમેલ્ સમ્પર્ક : pushtiswadhyay@gmail.com.

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित–पुनर्मुद्रित

# शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके
# मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

२. प्रकाश–रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम–द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय–साधनप्रकरण
- खंड ७. तामसफलप्रकरण
- खंड ८. राजसप्रमाण–प्रमेयप्रकरण
- खंड ९.राजससाधन–फलप्रकरण
- खंड १०.सात्त्विकप्रमेय–साधन–फलप्रकरण

४. तत्त्वार्थदीपनिबन्ध
- खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण
- खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५
- खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१२

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित–प्रकृत्यधिकरणसमालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम–द्वैतनिरासवादः

१६. अवतारवादावली
- खंड २. भेदाभेदवाद, सृष्टिभेदवाद, आविर्भावतिरोभाववाद, ख्यातिवाद, प्रतिबिम्बवाद, अन्धकारवाद.
- खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व–खण्डनवादः, भागवतस्वरूपविषयकशमानिरासवादः, उपदेशादिविषयकशमा–निरासवादः, भगवत्प्रतिकृतिपूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमाला–धारणवादः, शङ्खचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादि–प्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

४क्र.१, २ तथा ४/१, ४/२ को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ–श्रीविट्ठलेश्वर–प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

## गोस्वामी श्रीश्याम मनोहरजीकी हिन्दी–गुजराती पुस्तकें

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- विवेक (हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती–हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- वार्तान्की सैद्धान्तिक संगति
- चतुःश्लोकी(हिन्दी)
- गृहसेवा और व्रजलीला (गुजराती–हिन्दी)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज–हिंदी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विशोधनिका (चार खंड) (गुजराती–हिन्दी)
- नवरत्नम् (गुजराती–हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी–गुजराती)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी–गुजराती)
- अणुभाष्य(साधन–फलाध्याय)भूमिका(गुज.)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म–अर्थ–काम–मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी–गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद–विवेचन(गुज.)

–श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान

**सम्पर्क:** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई

## પ્રવચનોની એમ્.પી.થ્રી તથા વીડીઓ સી.ડી.

### ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી :

સર્વોત્તમસ્તોત્રમ્ (વર્ષ ૯૫ - ૨૦૧૪ પર્યન્ત)
સાધનપ્રકરણમ્ (૯૮ સે ૨૦૧૪ પર્યન્ત)
ભગવદ્ગીતા (ગુજરાતી અધ્યાય ૪(અપૂર્ણ),૯,૧૨,૧૫; કુલ ૭)
વલ્લભવચનામૃત (૯૮-૨૦૦૧, ૨૦૦૩,૪,૫,૭,૯,૧૧)
પ્રશ્નોત્તારી :
મોરારબાગ–સિહોર–ઉરન–રાજકોટ
અમરેલી–જુનાગઢ–રાજકોટ
કાલબાદેવી–૧૯૯૮
કાંદીવલી–૨૦૦૫, ગોંડલ–૨૦૦૬–૭
રાજકોટ–૨૦૦૭, અમદાવાદ–૨૦૦૮
ભરૂચ–૨૦૦૭, ગોંડલ–૨૦૧૦
સુરત–૨૦૧૦
વલ્લભવેદાન્તપાઠ્યક્રમ ૨૦૦૭–૦૮
પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા ૧૯૯૨
પુષ્ટિઅસ્મિતા ગીત
પુષ્ટિઅસ્મિતા સંવર્ધન શિબિર,
હાલોલ (શરણાગતિ) ૨૦૦૭
ભરૂચ ૨૦૦૭
રાજકોટ ૨૦૦૮
વિશોધનિકા
ષોડશગ્રન્થ પાઠ
પુષ્ટિવિધાનમ્ (૯૬, ૪ સી.ડી.)
અન્તઃકરણપ્રબોધ, મદ્રાસ
ભક્તિવર્ધિની, પીપરીયા
ભક્તિવર્ધિની, જુનાગઢ (ગુજરાતી) ૧૯૯૨
સેવાફલમ્, કોલ્હાપુર ૧૯૫૭
બ્રહ્મવાદ

પઞ્ચશ્લોકી (ગુજરાતી) ૯૭
પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, હાલોલ [ગુજરાતી ૯૪, ૧ સી.ડી.]
સિદ્ધાન્તરહસ્યમ્, રાજકોટ [૨૦૦૦, કુલ ૨ સી.ડી.]
સિદ્ધાન્તરહસ્યમ્-ભક્તિવર્ધિની, યુવા અધ્યયન
નવરત્નમ્, પાર્લા [૯૬, ૧ સી.ડી.]
અન્તઃકરણપ્રબોધ [૧ સી.ડી.]
પત્રાવલમ્બનમ્, હાલોલ [ગુજરાતી, ૯૪, ૨ સી.ડી.]
ભક્તિપ્રકરણ
સિદ્ધાન્તવચનાવલી [ગુજરાતી ૯૨, ૩ સી.ડી.]
ગોપીગીત [૨ સી.ડી.]
પુષ્ટિઅસ્મિતા [ગુજરાતી, ૧ સી.ડી.]
ગૃહસેવા ઔર વ્રજલીલા [૯૮, ૧ સી.ડી.]
સેવાકૌમુદી [ગુજરાતી ૯૨, ૨ સી.ડી.]
સેમિનાર : પુષ્ટિમાર્ગીય ફલ
પુરુષોત્તમસહસ્રનામ પ્રશ્નોત્તરી
ભાગવતચિન્તન

- સ્કન્ધ ૧-૨, મુંબઈ
- સ્કન્ધ ૩, ગોંડલ (ગુજરાતી)
- સ્કન્ધ ૪, વડોદરા, સ્કન્ધ ૫, ચેન્નઈ
- સ્કન્ધ ૬, મુંબઈ,
- સ્કન્ધ ૭ (ભૂમિકા), કિશનગઢ
- સ્કન્ધ ૭, કિનગઢ, સ્કન્ધ ૮, અમદાવાદ

ભાગવત પુજન-પારાયણ

- વડોદરા, ચેન્નઈ, મુંબઈ, કિશનગઢ,અમદાવાદ

## ગોસ્વામી શ્રીશરદ્કુમારજી (માંડવી)

**બાલ સંસ્કાર શિબિર :**

- ધર્મ-શાસ્ત્ર-સમ્પ્રદાય-વ્રતોત્સવ-જીવાત્મા
- પુનર્જન્મ-કર્મ-ગુણત્રયવિભાગ-પુરુષાર્થ.
- અવૈદિક ધર્મો (યહૂદી-ઈસાઈ-ઈસ્લામ-જૈન-બૌદ્ધ)
- ભગવદ્ગીતા (અધ્યાય ૧,૨)
- શ્રીકૃષ્ણચરિત્ર, ઉચ્ચારશુદ્ધિ
- ચતુઃશ્લોકી-ભગવદ્ગીતા
- પુનરવર્તન-૧,૨(ચાણોદ)
- પુનરાવર્તન-૩-૪ (હાલોલ)

**ષોડશગ્રન્થઃ**

- બાલબોધ
- સિદ્ધાન્તમુક્તાવલી [એમ્પીથ્રી ૧, વી.સી.ડી.૧૧]
- પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧, ડીવીડી ૨]
- સિદ્ધાન્તરહસ્ય [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧]
- નવરત્ન [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦]
- અન્તઃકરણપ્રબોધ [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧]
- વિવેકધૈર્યાશ્રય [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧]
- કૃષ્ણાશ્રય [એમ્પીથ્રી એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦, ડીવીડી ૨]
- ચતુઃશ્લોકી [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦]
- ભક્તિવર્ધિની [એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦, ડીવીડી૪]
- સંન્યાસનિર્ણય [એમ્પીથ્રી ૧, ડીવીડી૨]
- નિરોધલક્ષણમ્
- સેવાફલમ્, અમદાવાદ

ધર્મ-સમ્પ્રદાય, ભરૂચ
પુષ્ટિસિદ્ધાન્ત, તાલાળી-ગીર
સાધનદીપિકાઃ શ્લોક ૧-૧૨
સાધનદીપિકાઃ શ્લોક ૧૩-૩૯

**પ્રમેયરત્નાર્ણવઃ**

- પ્રપઞ્ચવિવેક-જીવવિવેક-મૂલરૂપવિવેક
- પુષ્ટિવિવેક
- પુષ્ટિભક્તિઅધિકાર વિવેક
- સર્વાત્મભાવ-ફલવિવેક

## ગોસ્વામી શ્રીયોગેશકુમારજી (ગોકુલ-પાર્લા)

સાધનદીપિકા

**પ્રમેયરત્નાર્ણવ**

- પ્રપઞ્ચવિવેક-જીવવિવેક-મૂલરૂપવિવેક
- પુષ્ટિવિવેક
- પુષ્ટિભક્તિઅધિકાર વિવેક
- સર્વાત્મભાવ-ફલવિવેક

સેવાકૌમુદી
પુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્
શાસ્ત્રાર્થપ્રકરણમ્
ષોડશગ્રન્થપરિચય
સિદ્ધાન્તમુક્તાવલી
સિદ્ધાન્તરહસ્ય
નવરત્નમ્
કૃષ્ણાશ્રય
ચતુઃશ્લોકી

# મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# શ્રીભાગવતાર્થપ્રકરણ

### પ્રથમસ્કન્ધના પ્રકરણોના તથા અધ્યાયોના અર્થ

પ્રથમ સ્કન્ધમાં અધિકારનું નિરૂપણ કરેલું છે. તેથી શ્રોતા = શ્રવણ કરનાર અને વક્તા = શ્રવણ કરાવનાર ના અધિકારનું આ સ્કન્ધમાં નિરૂપણ છે. સ્વરૂપને જણાવનારો અધિકાર છે. અધિકાર ન હોય તેને ભાગવતના સ્વરૂપ, અર્થ તથા અભિપ્રાય નું જ્ઞાન થઈ શકતું નથી.

શ્રવણ કરનાર (શ્રોતા) અને વક્તા નો અધિકાર એ પહેલા સ્કન્ધનો અર્થ છે. આના પ્રકરણો બે પ્રકારે પાડી શકાય છે :

૧. અધ્યાયના અર્થ પ્રમાણે અને
૨. પ્રદેશ અને કાલ ને ધ્યાનમાં લઈને.

૧. અધ્યાયોના અર્થ પ્રમાણે પ્રકરણ પાડતાં, સ્થૂલ રીતે અધિકાર ત્રણ પ્રકારનો છે :

૧. સાધારણ
૨. અસાધારણ અને
૩. ગુણથી પર અથવા નિર્ગુણ.

સૂક્ષ્મ રીતે આ અધિકાર ઓગણીસ પ્રકારનો છે. સાધારણ અધિકાર નવ પ્રકારનો, અસાધારણ અધિકાર નવ પ્રકારનો અને ગુણથી પર અધિકાર એક પ્રકારનો --એ પ્રમાણે ઓગણીસ પ્રકારનો અધિકાર થવાથી ઓગણીસ અધ્યાયમાં તેનું નિરૂપણ કરેલું છે. પહેલા નવ અધ્યાયોમાં સાધારણ, દશમાંથી અઢારમા સુધીના નવ અધ્યાયોમાં અસાધારણ, અને ઓગણીસમા અધ્યાયમાં નિર્ગુણ અધિકારનું નિરૂપણ કરેલું છે. હર કોઈ જીવ ગમે તે જાતિનો કે ગમે તેવો ગુણ વિનાનો હોય તો પણ શ્રીભાગવતનું શ્રવણ કરવાની ઈચ્છાવાળો હોય તો તે અધિકારી છે, એવો આ સ્કન્ધનો અર્થ છે.

૨. દેશ અને કાલ ને ધ્યાનમાં લઈને પ્રકરણ પાડતાં પણ આ સ્કન્ધનાં ત્રણ પ્રકરણો થાય છે :

૧. હીન અધિકારનું પ્રકરણ.
૨. મધ્યમ અધિકારનું પ્રકરણ અને
૩. ઉત્તમ અધિકારનું પ્રકરણ.

આ પ્રમાણે પ્રકરણ પાડતાં, પહેલા ત્રણ અધ્યાયોનું પહેલું, ચોથાથી છઠ્ઠા સુધીના ત્રણ અધ્યાયોનું બીજું અને સાતમાથી ઓગણીસમા સુધીના તેર અધ્યાયોનું ત્રીજું પ્રકરણ થાય છે. આ પ્રકરણોમાં શ્રોતા અને વક્તા બન્નેના અધિકાર જણાવેલા છે [૧૨।।-૧૪।।]

**કથાની સંગતિ :**

શંકા : શ્રીમદ્‌ભાગવતની કથાનો સમ્બન્ધ બરાબર નથી, કારણ કે તે વ્યાસજીએ રચ્યું અને તે શુકદેવને જણાવ્યું (૧૨।૧૩।૧૯). શુકે પરીક્ષિતને કહ્યું ત્યારે સૂતે ત્યાં-ત્યાં તે શ્રવણ કર્યું અને સૂતે શૌનકના પ્રશ્નથી શૌનક વગેરે ઋષિઓને તે કહ્યું એમ શ્રીમદ્‌ભાગવતના આરંભમાં જ કહેલું છે. તેથી જ્યારે વ્યાસજીએ શ્રીભાગવત રચ્યું ત્યારે તો શુકે તે પરીક્ષિતને કહેલ ન હતું અને સૂત-શૌનકનો સંવાદ થયો જ ન હતો છતાં આ સંવાદનો ઉલ્લેખ શ્રીભાગવતના આરંભમાં જ કેવી રીતે થયો ?''

સમાધાન : એવી શંકા ન કરવી, કારણ કે શ્રીહરિએ પોતે વ્યાસનો અવતાર લઈ મંગલ વગેરે પહેલા કહી, પછી જે વૃત્તાન્ત તે સમયે થયેલ ન હતો પરન્તુ ભવિષ્યમાં થવાનો હતો તે સમાધિથી જાણી (જુઓ ૧।૭।૩-૭) પ્રસંગ સાથે શ્લોકથી જણાવેલ છે. તેથી શુકદેવ જે કથા પરીક્ષિતને ભવિષ્યમાં કહેવાના હતા, તેમાં જે પ્રશ્ન રાજા કરવાનો હતો અને શ્રીશુક તેના જે ઉત્તર આપવાના હતા તે, અને તે કથા સાંભળીને શૌનક વગેરેના પ્રશ્નથી સૂત જે કથા તેમને કહેવાનો હતો તે સર્વ પોતાના હૃદયમાં આવ્યું તે શ્લોકરૂપે શ્રીભાગવતમાં કહેલ છે [૧૪।।૧૭]

**શ્રીભાગવતની પરમ્પરા :**

"શુદ્ધ બ્રહ્મ સાકાર છે, માયા તેની ઉત્તમ શક્તિ છે, તેનાથી સર્વ સ્થલે મોહ (ઉત્પન્ન) થાય છે અને ભક્તિ (સંસારમાંથી) સાક્ષાત્ મુક્ત કરાવનારી છે". આવી કથા ભગવાને પોતે બ્રહ્માને કહેલી અને બ્રહ્માએ તે નારદને કહેલી. વળી વ્યાસજી, જેમનું વાક્ય સર્વત્ર પ્રમાણ ગણાય છે, તે ધર્મ જાણનારને શ્રીકૃષ્ણે મોહ ઉત્પન્ન કરીને (ભક્તિ સિવાયનાં), સર્વ સાધનો નિરર્થક છે એમ જણાવ્યું. નારદે વ્યાસજીને તેમ કહ્યું, છતાં વ્યાસજીને પોતે ભગવાનનો અવતાર હોવાનું અભિમાન હોવાથી તેમને તે બરાબર જણાયું નહિ (જુઓ ૧।૪।૧૪-૩૩). તેથી નારદે જે કહેલ તે જ વિષય તેમણે સમાધિથી જાણ્યો (૧।૭।૩-૭) અને પછી સર્વ સાધનો કરતાં ભક્તિ ઉત્તમ છે એમ ભાગવતમાં તેમણે જણાવ્યું. શ્રીભાગવત વ્યાસજીની સમાધિભાષા હોવાથી પ્રમાણ છે. વળી ભગવાને તેનો બ્રહ્માને બોધ કર્યો, બ્રહ્માએ નારદને અને નારદે વ્યાસજીને બોધ કર્યો, એવી પરમ્પરાને લીધે પણ તે પ્રમાણ છે, પરન્તુ અભિમાનને લીધે પરમ્પરા દુર્બલ છે [૧૭।।-૨૧।।]

ઉપર શ્રીભાગવતની પરમ્પરા કહેલી છે. ભગવાને બ્રહ્માને અને બ્રહ્માએ નારદને જેવું શ્રીભાગવત કહ્યું, તેવું નારદે વ્યાસને અથવા સૂતે શૌનકને કહેલ નથી પરન્તુ તેઓ પોતે જેવો તેનો અર્થ સમજેલા તેવું પોતાના વચનોથી કહેલ. તેથી શ્રીભાગવતનો અર્થ તેમણે પોત-પોતાના અધિકાર પ્રમાણે ઓછો અથવા વધારે જણાવેલ. તેથી સૂતને અથવા નારદને પણ શ્રીભાગવતનો સમ્પૂર્ણ અર્થ જણાયેલ નહિ હોવાથી, તેના સમ્પૂર્ણ અર્થનું જ્ઞાન થવામાટે મુખ્ય અધિકારની જરૂર છે, એવો પહેલા સ્કન્ધનો અર્થ ઘટાવવાનો છે. તેથી આમાં ત્રણ પ્રકરણો કહેલાં છે. વળી શ્રીભાગવતનો પ્રસંગ, (તેનું જ્ઞાન થવાના) સાધનો અને તેનું ફલ જણાવવું એ પણ આ ત્રણ પ્રકરણોનું પ્રયોજન છે.

પહેલા પ્રકરણમાં અન્તે પ્રસંગ જણાવેલ છે (૧।૩।૩૯-૪૫). બીજા પ્રકરણની મધ્યમાં શ્રીભાગવતનું શ્રવણ વગેરે ભગવાનની પ્રાપ્તિનું મુખ્ય સાધન હોવાનું અને બીજા સાધનો નકામા હોવાનું જણાવેલ છે (૧।૫।૮-૨૨). અને ત્રીજા પ્રકરણના આરંભમાં જ શ્રીભાગવતની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને તેનાથી ભક્તિ ઉત્પન્ન થવાનું કહેલ છે (૧।૭।૩-૮).

**શ્રીભાગવતનો પ્રસંગ જ્યાં-ત્યાં જેમ-તેમ કરવાનો નથી, પરન્તુ શુદ્ધ, તીર્થનો આશ્રય કરનારા, ઘણા મોટા પુરુષો જો તે માટે પ્રાર્થના કરે તો જ કરવો યોગ્ય છે. પોતાનું જ્ઞાન તેમને જણાવી, તેઓનો શ્રીભાગવત માટેનો આદર દઢ કરી, પછી શ્રીભાગવતનો પ્રસંગ કરવો. તેમ કરવામાં ન આવે**

**તો પ્રસંગ (કરવા)થી ફલ પ્રાપ્ત થતું નથી.** વળી વ્યાસ અને નારદના સંવાદથી સાધન જણાવેલ છે (૧|૫|૮-૨૨). તે સંવાદથી એમ જણાવેલું છે કે જ્ઞાનના અભિમાનવાળો હોય, સિદ્ધાન્ત ન જાણવા છતાં પણ પોતે જ્ઞાની છે એમ માનતો હોય, તેને શ્રીભાગવત કહેવું ન જોઈએ. તેથી જ ''ભગવાનના ગુણોનું ગાન કર્યુ નથી તેથી તમારા આત્માને સન્તોષ થયો નથી'' એમ નારદે વ્યાસને જણાવ્યું, પરન્તુ બ્રહ્માએ જે ભાગવત પોતાને કહેલ તે વ્યાસને કહેલ નથી. પાછળથી ખોટું જ્ઞાન પ્રાપ્ત કરી, તે મોટા (પોતાને ઉપદેશ કરનાર)ના જ્ઞાનનો પણ પોતાના જ્ઞાનમાં સંવાદથી થતા સન્તોષને લીધે સમાવેશ કરવા ઈચ્છે છે તેને પણ શ્રીભાગવત કહેવું ન જોઈએ. તેમજ શ્રીભાગવતના શ્રવણથી, શ્રવણ કરનારમાં સાક્ષાત્ ભગવાનનો પ્રવેશ થાય છે, તેના સર્વ સન્દેહો દૂર થાય છે, તે સર્વત્ર નિર્ભય થાય છે અને ભગવાન્ ઉપર તેને ઘણો જ પ્રેમ થાય છે- એવું શ્રીભાગવતનું ફલ પરીક્ષિત અને શુક ના સમાગમથી થયાનું પણ આ સમાગમના અન્તે જણાવેલું છે (૧૨|૬|૨-૭) [૨૧||-૨૨|||]

**પ્રથમ અધિકારવાળો શ્રોતા :**

ભગવાનની કૃપાથી જેને સત્સંગ થયેલો છે તેવા તીર્થો અને યજ્ઞો થી પવિત્ર થયેલો ઉત્તમ પુરુષ પ્રયત્નપૂર્વક શ્રીકૃષ્ણસમ્બન્ધી પ્રશ્ન કરે (૧|૧|૪-૫) ત્યારે શ્રીભાગવત કહેવાની પ્રવૃત્તિ થઈ શકે. આવા શ્રોતાને પણ એકાએક શ્રીભાગવતનો ઉપદેશ કરવો યોગ્ય નથી, પરન્તુ તેના હૃદયની પરીક્ષા કરીને જ, તે યોગ્ય જણાય તો જ ઉપદેશ કરવો, એવો પ્રકાર વ્યાસજીએ શ્રીભાગવતમાં દર્શાવેલ છે. જો શ્રીભાગવતનું જ્ઞાન સામાન્ય રીતે પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો વક્તાએ પોતે તેને અટકાવી દેવી જોઈએ. તેથી શૌનકની આવી ઈચ્છા પહેલા અધ્યાયમાં જોવામાં આવતાં સૂતે બીજા અને ત્રીજા અધ્યાયોમાં સામાન્ય વૃત્તાન્ત જણાવી તેને અટકાવી. અટકાવવા છતાં પણ જો પછી વિશેષ ઈચ્છા થાય તો કથાનો પ્રવેશ કરાવવો. શૌનકે ૧|૪|૨-૧૩ શ્લોકોથી વિશેષ જાણવાની ઈચ્છા દર્શાવતાં, સૂતે ભાગવતની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે કહી કથાનો પ્રવેશ કરાવ્યો. પછી પણ અધિક પ્રશ્ન પૂછવામાં આવે તો શ્રીભાગવતની કથા કહેવી. સાતમા અધ્યાયમાં ભાગવતની ઉત્પત્તિ કહ્યા પછી પણ શૌનકે અધિક પ્રશ્ન કર્યા ત્યારે સૂતે કથા કહેવા માંડી. શ્રીભાગવતની કથા આવી રીતે જ કહેવી જોઈએ. હર કોઈને જ્યાં-ત્યાં કહેવી યોગ્ય નથી [૨૨|||૨૫]

**વક્તાનો અધિકાર :**

વક્તા [૧]શ્રીભાગવતનો ઉપદેશ કરવાના અધિકારવાળો, [૨]સર્વ જાણનાર, [૩]સમ્પ્રદાય પ્રમાણે ઉત્તમ વક્તાથી જેણે શ્રીભાગવતનું શ્રવણ કરેલું હોય તેવો અને [૪]ભગવાનનો ભક્ત હોવો જોઈએ.

શ્રીભાગવતમાં જણાવેલ પ્રથમ વક્તા(સૂત) વૈરાગ્યરહિત હતો. તેણે શ્રીશુક પાસેથી ભાગવતનું શ્રવણ કરેલું (૧|૩|૪૫), છતાં તે **સૂત 'પુરાણી' હોવાથી શ્રીભાગવતની કથા સંભળાવવી તે તેનો ધંધો હતો. તેથી તેને શ્રવણનું ફલ પરીક્ષિત જેવું ન મળ્યું. જો કે સૂતે શૌનક વગેરેને શ્રવણ કરાવ્યું ત્યારે તેમની પાસેથી કાંઈ લીધેલ નહિ, છતાં શ્રીભાગવત્ પુરાણ એ નામરૂપ ભગવાનનું સ્વરૂપ જ છે. તેથી જે તેનો વિક્રય કરે (ગુજરાનમાટે ઉપયોગ કરે), તેમને તે વિક્રયથી જે (ધન વગેરે) ફલ પ્રાપ્ત થાય તે**

**સિવાય બીજું ફલ આપતું નથી.** તેથી સૂત હીન(હલકા) અધિકારવાળો વક્તા છે [૨૬-૨૭]

નારદે બ્રહ્મા પાસેથી ભાગવતનું શ્રવણ કરેલ છતાં તે ઉત્તમ અધિકારવાળા વક્તા નથી, કારણ કે નારદ બ્રહ્મર્ષિ હોઈ સર્વ સ્થલે કામ-કાજમાં ગૂંથાયેલ રહેતા હોવાથી તેમને દૃઢ વૈરાગ્ય થયો ન હતો. નારદને પૂર્ણ જ્ઞાન હતું છતાં વૈરાગ્ય પૂર્ણ ન હોવાથી તે મધ્યમ અધિકારવાળા છે. સૂતને ભાગવતનું માત્ર શાબ્દિક--શબ્દનું જ્ઞાન હતું. નારદને શાબ્દિકની સાથે અર્થનું જ્ઞાન પણ હતું, પરન્તુ વૈરાગ્ય સહિત તેવું જ્ઞાન તો માત્ર શુકને જ હતું. ભગવાનનો પોતામાં આવેશ થાય તે માટે વક્તાને વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય ન હોય તો જ્ઞાનથી વિમૂઢ થઈ જવાય. પ્રમાણ(શાસ્ત્ર) કરતાં પ્રમેય(ભગવાન્)નું બલ અધિક છે. તેથી શાસ્ત્રનું સમ્પૂર્ણ જ્ઞાન હોવા છતાં ભગવાનની ઈચ્છાથી નારદને વૈરાગ્ય થયું નહિ.

ભાગવત તો ''જેનું શ્રવણ કરવાથી શોક મોહ અને ઘડપણ ને દૂર કરનારી પરમ પુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે'' (૧।૭।૭) એમ તેની ઉત્પત્તિના પ્રસંગમાં કહેલ ફલ કરતાં અધિક ફલ આપતું નથી. તેથી જ અધિકારના વિષયમાં વૈરાગ્ય જુદું કહેલું છે, અને તેથી જ પરીક્ષિતને વૈરાગ્ય થયું એમ જણાવવા સાતમાથી અઢારમા સુધીના બાર અધ્યાયો કહેલા છે. વૈરાગ્ય પ્રાપ્ત થયું ત્યારે જ પરીક્ષિતને શ્રવણ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો અને તેથી જ શુક પાસેથી પરિક્ષીત શ્રવણ કરતો હતો ત્યારે નારદ વ્યાસ વગેરે પણ શ્રવણ કરનારાઓમાં ભળેલા (૧।૧૯।૧૭). તેથી સંસારમાં વૈરાગ્ય પ્રાપ્ત કરીને શ્રીભાગવતનું શ્રવણ કરવું. એમ (વૈરાગ્ય પ્રાપ્ત) કરવાથી (શ્રવણ કરવાનો) અધિકાર ફલે છે. વિષયોમાં દોષનો અનુભવ થવાથી (સંસારમાં) વૈરાગ્ય થાય છે. વૈરાગ્ય થવાનું આ સાધન હોવા છતાં સૂતને ભગવાનના નામરૂપ ભાગવતનો વિક્રય કરવાથી અને નારદને દેવર્ષિપણાનો અધિકાર હોવાથી, ઉત્તમ વક્તાપણું પ્રાપ્ત થયેલ નથી. શુકદેવ નામસ્વરૂપ ભગવાન્(=શ્રીભાગવત)નો વિક્રય કરતા ન હતા અને વળી તેમને સંસારમાં વૈરાગ્ય પણ હતો; તેથી તેમનામાં સૂત તથા નારદ માં જે દોષ હતા તે ન હોવાથી તે ઉત્તમ વક્તા છે.

શુક ઉત્તમ અધિકારી હતા તો વ્યાસજી પાસેથી ભાગવતનું શ્રવણ કર્યા પછી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થતાં તેમને તરત ભગવાન્‌માં પ્રવેશ(મોક્ષ) પ્રાપ્ત કેમ ન થયો ? એવી શંકા ન કરવી. કારણ કે દૃઢ ભક્તિ પ્રાપ્ત થાય ત્યારે ભગવાન્‌માં તરત પ્રવેશ થવાનું અટકાવનારી પણ ભગવાનની કથા જ છે. કથા જ ભક્તોનું મૃત્યુ અટકાવનારી છે [૨૮-૨૯]

**શ્રોતાનો અધિકાર :**

શ્રોતાઓમાં હીન અધિકારવાળો શ્રોતા શૌનક છે. તે [૧]યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિવાળો હતો (૧।૧।૪), [૨]શિષ્યો ઘણા રાખતો અને [૩]વક્તા સૂત (જાતીથી શૂદ્ર હોવાથી તેના)થી પોતે ઉત્તમ છે એવું માનતો, તેથી તેને શ્રવણનું સમ્પૂર્ણ ફળ પ્રાપ્ત થયું નહિ. શ્રીભાગવત શ્રવણ કર્યા પછી પણ તેને સંસારમાં વૈરાગ્ય વગેરે પ્રાપ્ત ન થયાં; છતાં તેનું શ્રીભાગવતનું શ્રવણ વ્યર્થ ગયું એમ ન માનવું, કારણ કે તેને તેથી શાસ્ત્રનું દૃઢ જ્ઞાન થવાથી ભગવાન્‌માં, ભગવત્પ્રાપ્તિના સાધનરૂપ ઘણી ભક્તિ થઈ

અને તેથી ભગવાનની કૃપાથી (ભક્તિ સાધનરૂપ હોવાથી) કર્મદ્વારા જ તેને મોક્ષ પ્રાપ્ત થવાનો.

વ્યાસને સંસારમાં વૈરાગ્ય ન હતો, તેમજ (તેમના વક્તા) નારદને પણ ન હતો, છતાં વ્યાસ હીન અધિકારવાળા શ્રોતા નથી, પરન્તુ મધ્યમ અધિકારવાળા શ્રોતા છે. (જો કે યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિ, શિષ્યો રાખવા અને વક્તા કરતાં હું અધિક છું એવી માન્યતા એ દોષો વ્યાસમાં પણ હતાં, છતાં) બે ગુણોને લીધે તે શૌનક કરતાં અધિક (અધિકારવાળા) છે. ૧. તે તર્કથી પોતાની મેળે જ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા અને ૨. તેઓ ભગવાનના જ્ઞાનાવતાર હતા. આટલું હોવા છતાં તેઓ ઉત્તમ શ્રોતા નથી, કારણ કે તેઓ ભગવત્પ્રાપ્તિના જુદાં-જુદાં ઘણાં સાધનો હોવાનું માનતા. સાધનો જુદાં-જુદાં ઘણાં છે એવું તેમનું જ્ઞાન દૃઢ હતું અને નારદનો ઉપદેશ તેથી દુર્બલ હતો. તે ઉપદેશથી સાધનો ઘણાં હોવાની માન્યતા દૂર ન થઈ તેથી તે મધ્યમ શ્રોતા છે, ઉત્તમ શ્રોતા નથી [૩૦-૩૧।।]

પરીક્ષિતને યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિ ન હતી. શિષ્યો તો હતા જ નહિ. વક્તા શુક કરતાં હું વધારે જ્ઞાનવાળો છું એવું અભિમાન પણ ન હતું. બ્રાહ્મણનો શાપ થવાથી રાજ્ય તજી ગંગાતટે ગયેલ, તેથી તેને સંસારમાં વૈરાગ્ય પણ થયેલ. તેથી શ્રીશુકે તેને ભાગવત કહ્યું તેટલાથી જ તેને તેમાં સન્દેહ ન રહેવાથી શ્રવણનું ફલ પ્રાપ્ત થયું, તેથી પરીક્ષિત ઉત્તમ અધિકારવાળા શ્રોતા છે. તે ઉત્તમ શ્રોતા છે એ વાત ઉત્તમ પ્રકરણમાં કહેવામાં આવશે [૩૧।।-૩૨।।]

**પ્રથમ પ્રકરણ :**

સૂતે આખુંએ ભાગવત શૌનક વગેરેને કહેલું છે. છતાં આ પહેલું પ્રકરણ પ્રારંભના ત્રણ અધ્યાયોનું જ છે, કારણ કે શૌનક જે પ્રશ્ન પૂછે છે તેના સૂત સામાન્ય રીતે પોતાનો વક્તા તરીકેનો અધિકાર જણાવવામાટે ઉત્તર આપે છે. કથાનો આરંભ કરવો એ જ આ ઉત્તરનો મુખ્ય અર્થ છે.

સૂત બે પ્રકારના ઉત્તર કહે છે : ૧. આ સ્કન્ધના બીજા અને ત્રીજા એ બે અધ્યાયો તેણે સ્વતન્ત્ર રીતે કહેલા છે. આ બે અધ્યાયોથી તે પોતાનો શ્રીભાગવતની કથા કહેવાનો અધિકાર જણાવે છે (જુઓ ૧।૩।૪૦-૪૫). ૨. બીજા ઉત્તરો જે તે આપે છે તે શ્રીભાગવત તરીકે આપે છે. તેથી તે ઉત્તરોનો આ પ્રકરણમાં સમાવેશ થતો નથી. આ પહેલા પ્રકરણથી માત્ર સૂતનો કથા કહેવાનો અધિકાર જણાવેલ છે. તેથી આ પ્રકરણ આ સ્કન્ધના ત્રીજા અધ્યાય સુધીનું જ છે, પરન્તુ આખું ભાગવત સૂતે શૌનક વગેરેને કહેલ હોવા છતાં કથા પૂરી થાય ત્યાં સુધીનું આ પ્રકરણ નથી. આ પ્રકરણથી કથા કહેવાનો સૂતનો અધિકાર સિદ્ધ થયો ત્યાર પછી તે કથા કહેશે. સૂત આ સ્કન્ધના બીજા પ્રકરણમાં ભાગવત રચાયાનું કારણ કહેશે અને ત્રીજા પ્રકરણમાં ભાગવતની ઉત્પત્તિ અને પ્રવૃત્તિ થયાનું કહેશે, પરન્તુ તે-તે વિષયો પોતાનો અધિકાર જણાવવા કહેતો નથી, પરન્તુ શ્રીભાગવતનાં અંગ તરીકે જ કહે છે. (તેથી તેનો અધિકાર દર્શાવવા કહેલાં નથી).

શંકા : ભાગવતના અંગ તરીકે કહેવામાં આવે તેથી વક્તાનો અધિકાર સિદ્ધ થતો ન હોય, તો મધ્યમ પ્રકરણ (અધ્યાય ૪-૬) અને ઉત્તમ પ્રકરણ (અધ્યાય ૭-૧૯) થી નારદનો અને શ્રીશુકનો

અધિકાર પણ સિદ્ધ ન થાય, કારણ કે તે પ્રકરણો શ્રીભાગવતના અંગ તરીકે કહેલાં છે.

સમાધાન : એવી શંકા થાય તો જાણવું કે બીજાના વચનો કહેવામાં આવે ત્યારે તે કહેનાર પોતે તે કહેવાના અધિકારવાળો નથી એમ સિદ્ધ થાય છે. પણ જો પોતે જ વચનો કહેતો હોય તો તે કહેવાનો તેને અધિકાર છે જ એમ જણાય. હીન પ્રકરણમાં સૂત પોતાનાં વચનો કહે છે, તેથી તેનો તે કહેવાનો અધિકાર સિદ્ધ થાય છે, મધ્યમ પ્રકરણમાં નારદ પોતાનાં વચનો કહે છે, તે સૂત શૌનક વગેરેને જણાવે છે, તેથી તે કહેવાનો અધિકાર નારદનો છે. ઉત્તમ પ્રકરણમાં તો શ્રોતા(પરીક્ષિત) નો જ અધિકાર દર્શાવેલ છે અને માત્ર પરીક્ષિતે કરેલ પ્રશ્નો જ કહેલા છે. તેનો ઉત્તર બીજા સ્કન્ધના અઢી અધ્યાયોથી શુક આપી પોતાનો અધિકાર સિદ્ધ કરે છે. શ્રોતાનો અધિકાર મુખ્ય હોવાથી ઉત્તમ પ્રકરણમાં તે જ જણાવેલ છે. વક્તા (શુક)નો અધિકાર સ્પષ્ટ હોવાથી તે આ સ્કન્ધમાં જણાવેલ નથી. ઉત્તમ વક્તા (શુક)નો અધિકાર ભગવાનના ચરિત્રરૂપ હોવાથી, ભાગવતની સમાન હોઈ પહેલા સ્કન્ધમાં જણાવેલ નથી, પરન્તુ બીજા સ્કન્ધના પહેલા અઢી અધ્યાયોથી જણાવેલ છે. તેથી જ મંગલાચરણ પણ તે સ્કન્ધના ચોથા અધ્યાયમાં કરેલું છે (જુઓ ૨।૪।૧૨-૨૪). તેથી મધ્યમ અને ઉત્તમ પ્રકરણમાં કહેલા ઉત્તરો નારદે કહેલા અને સૂતે કહેલા એમ બે પ્રકારના છે [૩૩।।-૩૫]

**મધ્યમ પ્રકરણ :**

મધ્યમ પ્રકરણના પણ ચોથાથી છઠ્ઠા સુધીના ત્રણ અધ્યાય છે. તેના વક્તાનો અધિકાર નારદનો છે. કારણ કે શ્રીભાગવત રચવાના પ્રયોજન અથવા કારણ તે વ્યાસને કહે છે. નારદ વ્યાસને ભાગવતનો બોધ કરવા આવેલ નથી, કારણ કે વ્યાસ (ભગવાનના જ્ઞાનાવતાર હોઈ) નારદથી ઉત્તમ છે. વ્યાસે શ્રીભાગવત રચવું એનું કારણ અથવા પ્રયોજન વ્યાસને જણાવવા જ તે આવેલ છતાં વક્તા તરીકેના તે અધિકારી છે.

**ઉત્તમ અધિકારનું પ્રકરણ**

ઉત્તમ અધિકારના પ્રકરણમાં આ સ્કન્ધના સાતમાથી ઓગણીસમા સુધીના તેર અધ્યાયોથી શ્રોતા પરીક્ષિતનો અધિકાર દર્શાવેલ છે. વક્તા શુકનો અધિકાર તો સ્પષ્ટ હોવાથી અહીં ખાસ કહેલ નથી. તેથી આ સ્કન્ધમાં શ્રોતાનો અધિકાર જણાવતાં માત્ર પ્રશ્ન જ કહેલ છે (૧।૧૯।૩૮-૩૯).

આ પ્રશ્નનો ઉત્તર બીજા સ્કન્ધમાં પહેલા અઢી અધ્યાયોથી શુક આપશે અને તેટલાથી તેનો વક્તા તરીકેનો અધિકાર સિદ્ધ થશે (એમ પાછળ કહેલું છે). શુકનો વ્યાવહારિક અધિકાર તો સ્પષ્ટ હોવાથી કહેવાની જરૂર નથી. એક (બીજા સ્કન્ધ) થી જ સામાન્ય રીતે શ્રીભાગવતનાં અંગો શુકે કહેલાં છે અને પહેલા સ્કન્ધના પહેલા અધ્યાયમાં સામાન્ય (પ્રશ્ન ૧-૨) અને ભગવાન્ સમ્બન્ધી ખાસ એવા બે પ્રકારના પ્રશ્નો હોવાથી શુકે બે (સ્કન્ધ બીજાના બીજા તથા ત્રીજા) અધ્યાયોથી ઉત્તર આપેલો છે, પરન્તુ આ અધ્યાયોથી ટૂંકાણથી માત્ર ઉત્તર સૂચવેલો જ છે. વાસ્તવિક સમ્પૂર્ણ ભાગવતથી સર્વ પ્રશ્નોના ઉત્તર થાય છે. શ્રીભાગવતનો બોધ કરતા, આરંભમાં બીજા સ્કન્ધથી શ્રીશુકે તેના અંગો કહેલાં છે અને તેનો વક્તા તરીકેનો અધિકાર પણ શ્રીભાગવતનું અંગ હોવાથી પહેલા બે

(અઢી) અધ્યાયોથી તે પણ કહેલ છે. બધું ભાગવત પહેલા સ્કન્ધના પહેલા અધ્યાયમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરરૂપ જ છે, તેથી તે અધ્યાય આખા ભાગવતનો પ્રશ્ન અધ્યાય કહેવાય છે [૩૭-૩૯]

**અધ્યાય પહેલો**

આ પહેલો અધ્યાય પ્રશ્ન અધ્યાય છે એમ ઉપર જણાવ્યું. શ્રીભાગવતમાં બધે ભગવાનનો બોધ કરવાનો છે. ભગવાન્ એટલે ભગવાળા. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો 'ભગ' કહેવાય છે. તેથી શૌનક વગેરે મુનિઓ ભગવાન્ સમ્બન્ધી છ પ્રશ્નો કરે છે. શ્રીભાગવતના અર્થને લીધે એવી કલ્પના કરવામાં આવે છે કે બધાંએ ભાગવતમાં ભગવાન્ સમ્બન્ધી બોધ કરવાનો છે અને 'ભગ' શબ્દનો અર્થ ઉપર જણાવેલ છ ગુણો હોવાથી, તે ગુણોનું જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોવાથી, છ પ્રશ્નો કરેલા છે. 'ભગ' શબ્દથી જાણીતા છ ગુણોનું જ્ઞાન ભાગવતથી થતું ન હોય તો ભાગવતની પ્રવૃત્તિ નિરર્થક છે, તેથી જ અધ્યાયનાં છ પ્રશ્નો કરેલા છે. અને તેથી સૂત ૧।૨।૫ માં આ શ્રીકૃષ્ણ સમ્બન્ધી પ્રશ્ન કરવામાટે શૌનક વગેરેનું અભિનન્દન કરે છે. આ છ પ્રશ્નો અનુક્રમે આ અધ્યાયના શ્લોક ૮-૧૦, ૧૧-૧૬, ૧૭-૨૨ અને ૨૩ શ્લોકથી કરેલા છે. આખુંયે ભાગવત આ પ્રશ્નોના ઉત્તરરૂપ હોવાથી, તેમાં સર્વ સ્થળે લીલારૂપ શ્રીકૃષ્ણનું જ નિરૂપણ કરેલું છે અને તેથી જ આખા ગ્રન્થની સંગતિ થાય છે. આ છ પૈકી દરેક ગુણનું બે-બે સ્કન્ધોથી નિરૂપણ કરેલું છે.

પહેલા બે સ્કન્ધોમાં જ્ઞાનનું, ત્રીજા અને ચોથા માં વૈરાગ્યનું, પાંચમા અને છઠ્ઠામાં સ્થાન અને પોષણરૂપ બે પ્રકારના વીર્યનું સાતમા અને આઠમામાં પ્રહ્લાદ મનુ વગેરેના વૃત્તાન્તથી ઐશ્વર્યનું, નવમા અને દશમા માં યશનું અને છેલ્લા બે સ્કન્ધોમાં ભગવાન્ સ્વરૂપમાં રમણ કરે છે એમ સિદ્ધ થતું હોવાથી તેમનાથી શ્રીનું નિરૂપણ કરે છે; અથવા ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ પૈકી દરેક ધર્મનું પહેલા સ્કન્ધથી આરંભી બારમા સુધીના બે-બે સ્કન્ધોથી અનુક્રમે નિરૂપણ કરેલું છે એમ ઘટાવવું.

આ પ્રશ્નોના સૂત પોતાનો અધિકાર ઘટાવવા બે (બીજા અને ત્રીજા) અધ્યાયોથી ઉત્તર આપે છે. બીજા અધ્યાયમાં ચાર પ્રશ્નોનો અને ત્રીજા અધ્યાયમાં બે પ્રશ્નોનો ઉત્તર આપે છે. અથવા શ્રીસુબોધિનીમાં દર્શાવ્યું છે તેમ એ બન્ને અધ્યાયોમાં સરખા એટલે ત્રણ-ત્રણ પ્રશ્નોના ઉત્તર આપે છે. શ્રીસુબોધિનીમાં એમ જણાવેલ છે કે પહેલો ફળ સમ્બન્ધી અને બીજો સાધન સમ્બન્ધી પ્રશ્નો ભેગા કરી તેમના ઉત્તર બીજા અધ્યાયના ૬-૨૨ શ્લોકોથી આપેલ છે અને ૨૩-૨૯ સુધીના શ્લોકથી કોની ભક્તિ કરવી તે જણાવેલ છે. ભગવાનનાં કર્મોસમ્બન્ધી ચોથા પ્રશ્નનો ઉત્તર ૩૦-૩૪ સુધીના શ્લોકોથી આપેલ છે. ત્રીજા અધ્યાયમાં અવતારો સમ્બન્ધી પાંચમા પ્રશ્નનો ઉત્તર પહેલા છવ્વીસ શ્લોકોથી આપેલ છે અને ૨૭ તથા ૨૮ મા શ્લોકમાં સામાન્ય રીતે તેમનાં સ્વરૂપ તથા ફળ કહેલાં છે. છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર ૪૩ મા શ્લોકથી આપેલ છે. ત્રીજા શ્રીકૃષ્ણાવતારના પ્રયોજનસમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપેલ ન હોવાથી, તે સમ્બન્ધી પોતાના અજ્ઞાનનો બચાવ કરવા અવતારો જાણી શકાય તેવા હોતા નથી એમ ૨૯ મા શ્લોકથી આરંભી કહે છે. તેથી શ્રીસુબોધિની પ્રમાણે પહેલા બીજા અને ચોથા પ્રશ્નોના ઉત્તર બીજા અધ્યાયમાં અને પાંચમા-ત્રીજા-છઠ્ઠા પ્રશ્નોના ઉત્તર ત્રીજા અધ્યાયમાં સૂતે આપેલ છે. ચાર પ્રશ્નોના ઉત્તર બીજા અધ્યાયમાં આપેલ છે એમ ગણીએ ત્યારે તે

અધ્યાયના ૨૩-૨૯ સુધીના શ્લોકોથી ત્રીજા શ્રીકૃષ્ણાવતાર સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપેલો જાણવો અને ત્રીજા અધ્યાયના ૧-૪૨ સુધીના શ્લોકોથી ઐશ્વર્ય જણાવનારા અવતારો સમ્બન્ધી પ્રશ્નોનો ઉત્તર આપેલ જાણવો. આ પ્રમાણે ઉત્તર આપેલ હોવાથી એમ જણાવેલ છે કે દરેક પ્રશ્નના જુદા તથા બધાના ભેગા ઉત્તર આપવા જોઈએ [૪૦-૪૨।।]

**વાક્યાર્થ :**

વાક્યનો (શ્લોકનો) અર્થ શ્રીસુબોધિનીમાં આપેલ છે, છતાં વાક્યોના અર્થનો સરવાળો એ જ અધ્યાયનો અર્થ છે એમ જણાવવા નીચે આ અધ્યાયનાં વાક્યોનો અર્થ આપવામાં આવે છે.

શ્લોક :

૧ મંગલાચરણ

૨-૩ શ્રીભાગવતની શ્રેષ્ઠતા

૪-૫ શ્રીભાગવતનો પ્રસંગ (પ્રસ્તાવના-રૂપ)

૬-૮ સૂતની સ્તુતિ

૯ છ પ્રશ્નો પૈકી પહેલો સાધારણ (ધર્મ સમ્બન્ધી) પ્રશ્ન

૧૦-૧૧।। બીજો જ્ઞાનસમ્બન્ધી પ્રશ્ન

૧૨-૨૩ શ્રીકૃષ્ણસમ્બન્ધી ચાર પ્રશ્નો

(૧)શ્રીકૃષ્ણાવતારના પ્રયોજનસમ્બન્ધી પ્રશ્ન ૧૨ તથા શ્રીકૃષ્ણાવતારનું માહાત્મ્ય ૧૩-૧૬.

(૨)શ્રીકૃષ્ણનાં ચરિતસમ્બન્ધી પ્રશ્ન ૧૭.

(૩)શ્રીકૃષ્ણના જુદા-જુદા અવતારોની કથા સમ્બન્ધી પ્રશ્ન ૧૮.

આ ત્રણ પ્રશ્નો એક સાથે કરેલા છે, કારણ કે આ પ્રશ્નોથી એમ સૂચવેલું છે કે ભગવાન્ શ્રીકૃષ્ણ ભૂતલ ઉપર વિરાજતા હતા ત્યારે જે લોકો હતા તેમને મુક્તિનું દાન કરતા. તેમણે અવતાર ધારણ કરી ભક્તોને, યોગીઓને અને જ્ઞાનીઓને મુક્તિ આપી. ૧. ભક્તોને મુક્તિ આપવા તો તેમણે અવતાર જ ધારણ કરેલ. ૨. સૃષ્ટિ રચવી વગેરે પોતાનાં ચરિત્રોથી (તે જાણનાર) જ્ઞાનીઓને મુક્તિ આપતા અને ૩. પોતાના સ્વરૂપથી (તેનું ધ્યાન કરનાર) યોગીઓને મુક્તિ આપતા. અવિહિત (સ્વતન્ત્ર) ભક્તિ કરનારાઓનો પણ તેમાં-આમાં સમાવેશ થાય છે, એટલે સ્વતન્ત્ર ભક્તોને પણ ભગવાને સ્વરૂપથી સંસારમાંથી મુક્ત કરાવેલ. હવે શ્રીકૃષ્ણસમ્બન્ધી ચોથો એક જ પ્રશ્ન રહ્યો. તે પ્રશ્ન એકલો જ આ ત્રણેની સમાન બલવાળો હોવાથી જુદો જ કહેલ છે, કારણ કે ભવિષ્યમાં પોતે અવતારરૂપે ભૂતલ ઉપર વિરાજતા નહિ હોય ત્યારે ક્યા સાધનથી સર્વને મુક્તિ આપશે તે સમ્બન્ધી એ પ્રશ્ન છે. એ સાધન કરવાની પોતાની યોગ્યતા પણ જણાવવી જોઈએ, તેથી તે પ્રશ્ન પૂછ્યા। પહેલાં ઋષિઓ (શૌનક વગેરે) ૧૯-૨૨ શ્લોકથી તે સાધન (શ્રીભાગવતનું શ્રવણ) કરવાની પોતાની યોગ્યતા જણાવે છે અને ૨૩ મા શ્લોકથી છઠ્ઠો પ્રશ્ન પૂછે છે.

ભગવાન્ શ્રીકૃષ્ણ ચાર મૂર્તિવાળા હોવાથી, તેમના સમ્બન્ધી ચાર પ્રશ્નો પૂછેલ છે. વેદના કર્મકાંડ અને જ્ઞાનકાંડ એવા બે કાંડ હોવાથી અને શ્રીકૃષ્ણ તે બન્ને કાંડોના અર્થરૂપ હોવાથી

ધર્મસમ્બન્ધી (પ્રશ્ન પહેલો) અને જ્ઞાનસમ્બન્ધી (પ્રશ્ન બીજો) એવા બે પ્રશ્નો પૂછેલા છે. તેથી પહેલા બે પ્રશ્નોને શ્રીકૃષ્ણ સાથે સમ્બન્ધ જ નથી એમ ન માનવું, પરન્તુ માર્ગના ભેદથી જ એ-એ પ્રશ્નો કરેલા છે. આ પ્રશ્નોથી એટલે પહેલા અધ્યાયથી એમ જણાવેલ છે કે જે શ્રીભાગવત જાણવાની ઈચ્છાવાળો હોય તે આરંભમાં તેનું શ્રવણ કરવાનો, અને જેણે શ્રીભાગવતનું શ્રવણ કરેલું છે તે, તે કહેવાનો અધિકારી છે [૪૨-૪૬]

**અધ્યાય બીજો :**

હવે એવી જ રીતે બીજા અધ્યાયના શ્લોકોનો અર્થ કહીએ છીએ.

૧. માં સૂતનો ઉત્સાહ અને કથા કહેવાનું કારણ,

૨-૩.થી સૂત શ્રીશુકને નમસ્કાર કરે છે.

૪. થી સૂત શાસ્ત્રનો આરંભ કરવાનું જણાવે છે.

૫. થી સૂત શૌનક વગેરેએ પૂછેલા પ્રશ્નોનો અભિપ્રાય જણાવી તે પ્રશ્નોનું અભિનન્દન કરે છે.

૬-૧૦. એ પાંચ શ્લોકથી પહેલા ધર્મ (કર્મ) સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપે છે, કારણ કે કર્મ (અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, નિરૂઢ પશુયાગ, ચાતુર્માસ અને સોમ) પાંચ પ્રકારનું છે.

૧૧-૨૨. એ બાર શ્લોકોથી બીજા જ્ઞાનસમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપે છે, કારણ કે પુરુષ બાર પ્રકારના અંગવાળો હોવાથી સત્યજ્ઞાન સમ્બન્ધી વિચાર બાર શ્લોકથી આપે છે. "પ્રજાપતિ સત્તર રૂપવાળા છે" એ શ્રુતિ પ્રમાણે વેદનો આટલો જ (પાંચ પ્રકારનું કર્મ અને પુરુષ નું જ્ઞાન) અર્થ છે. તેથી વેદના અર્થનો નિર્ણય જણાવવામાં સત્તર શ્લોકો કહેલા છે. આથી એમ સૂચવેલું છે કે વેદમાં એથી અધિક ગતિ નથી (એટલે આથી અધિક ફલ વેદથી પ્રાપ્ત થતું નથી). આ પ્રથમ કહેલ છે, કારણ કે કર્મ અને પુરુષના જ્ઞાનનો નિર્ણય થાય ત્યારે જ ભગવાનના ગુણોનું શ્રવણ વગેરે થાય છે. તેથી શ્રવણ વગેરે થઈ શકે તે માટે જ આ બે પ્રશ્નોના ઉત્તર આપ્યા. પછી આદરપૂર્વક ભગવાનના ગુણોનું શ્રવણ વગેરે કરતા, ભગવાન્‌માં પ્રેમ ઉત્પન્ન થાય છે. પછી ભગવાનની શ્રવણ વગેરે કરનાર ઉપર પ્રીતિ થાય છે. પછી તેનો ઉદ્ધાર કરવા ભગવાનના અવતાર વગેરે થાય છે, એવો ક્રમ છે [૪૭-૪૯]

૨૩-૨૯. એ સાત શ્લોકોથી ભગવાનના જન્મ (અવતારો) થવાનું કારણ કહેલું છે. (આને ત્રીજા પ્રશ્નનો ઉત્તર ગણી શકાય. તેમ કરવાથી આ અધ્યાયમાં ચાર પ્રશ્નોના ઉત્તર આપેલા ગણાય). ભગવાનના અવતારો ભક્તોનો ઉદ્ધાર કરવા થાય છે. આ અવતારોમાં બે પ્રકાર છે. પહેલા પાંચ(૨૩-૨૭) શ્લોકોથી સત્ત્વગુણ હોવાનો જેઓમાં નિશ્ચય થાય છે તેવા અવતારોનું ભજન કરવાનું કહેલું છે, કારણ કે વિચાર કરનારા પાંચ છે. (ભગવદ્‌ગીતા ૧૮।૧૪માં જણાવેલા અધિષ્ઠાન, કર્તા, પૃથગ્વિધ કરણ, વિવિધ ચેષ્ટા અને દૈવ એ પાંચ મનુષ્ય જે કાંઈ કર્મ કરે છે, તેનાં કારણ હોવાનું કહેલું છે) ઉત્તમ ભક્તિ થાય એ વિચારનું પ્રયોજન છે. વળી સામાન્ય રીતે બધા અવતારોનું મૂળ તો ગુણોથી પર ભગવાન્ વાસુદેવ છે એવું જાણવું એ પણ આ વિચારનું બીજું પ્રયોજન છે. બાકીના બે (૨૮-૨૯) શ્લોકોથી ગુણોથી પર વાસુદેવનો અવતાર કહેલો છે.

શૌનક વગેરેએ શ્રીકૃષ્ણને અવતાર લેવાનું પ્રયોજન પૂછેલું, છતાં સૂતે સામાન્ય રીતે અવતાર

લેવાનું પ્રયોજન ઉત્તરમાં કહ્યું. કારણ શૌનક વગેરેને શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન ન હતું. જેને સ્વરૂપનું જ્ઞાન હોય તેને જ તેમના જન્મ (અવતાર)નું પ્રયોજન કહેવાય. જેને સ્વરૂપનું જ્ઞાન ન હોય તેને પણ જો પ્રયોજન કહેવામાં આવે તો જેમ ફળનું પ્રયોજન ન હોય ત્યારે ફળ નકામું થાય છે તેમ સ્વરૂપના અજ્ઞાનવાળાને તે (અવતાર)થી થતું ફળ કહેવામાં આવે તો તે વચન નકામું થાય છે. આથી એમ સૂચવ્યું છે કે સર્વ સ્થલે આ પ્રમાણે સ્વરૂપનું જ્ઞાન છે એમ જાણીને જ જન્મનું પ્રયોજન જણાવવું જોઈએ. તેથી જ આ સ્કન્ધના આઠમા અધ્યાયમાં કુન્તીએ કરેલી સ્તુતિમાં પ્રથમ ''નમસ્યે પુરુષં'' એ શ્લોકથી આરંભી સૂત ત્રણ શ્લોકથી શૌનક વગેરેને શ્રીકૃષ્ણનું સ્વરૂપ જણાવશે, પછી તેમની ઘણી શ્રદ્ધા જોવાથી, તેમણે તે જાણ્યું છે એવો નિશ્ચય કરી, પછી ''કેચિદાહુરજં જાતં'' એ શ્લોકથી આરંભી શ્રીકૃષ્ણના અવતારનું પ્રયોજન તેઓને કહેશે [૫૦-૫૨।।]

૩૦-૩૪. એ પાંચ શ્લોકથી ભગવાનની લીલા અથવા ચરિત કહે છે, એટલે ચોથા પ્રશ્નનો ઉત્તર આપે છે. આ શ્લોકમાં અનુક્રમે ૧. જગત્ ઉત્પન્ન કરવાની ૨. તેમાં પ્રવેશ કરવાની ૩. બધાં ભૂતોમાં પોતે એક હોવા છતાં જુદા-જુદા હોય તેવા દેખાવાની ૪. ભોગ કરવાની અને ૫. રક્ષણ કરવાની એવી પાંચ લીલાઓ કહેલી છે. અવતાર લીધા પહેલાં; પોતાના સ્વરૂપમાં રહેલા ભગવાનની આ પાંચ પ્રકારની લીલાઓ કહેલી છે. અહીં આ અધ્યાય પૂરો થાય છે.

અવતાર લીધા પછી ભગવાન્ અનેક પ્રકારની જે લીલાઓ કરે છે તે ત્રીજા અધ્યાયમાં કહેશે. આ ત્રીજા અધ્યાયનો અર્થ એવો છે કે (શ્રીભાગવત) શ્રવણ કરનાર ઈર્ષ્યા વિનાનો હોવો જોઈએ. આ હીન અધિકારવાળાના બીજા ગુણો જણાવ્યા [૫૨।।-૫૩।।]

**અધ્યાય ત્રીજો :**

હવે ત્રીજા અધ્યાયના આરંભથી અવતારો સમ્બન્ધી પાંચમા પ્રશ્નનો ઉત્તર આપે છે. સમાન સત્ત્વવાળા શરીરોમાં ભગવાનનો આવિર્ભાવ અને અવતારો શુદ્ધ અને અશુદ્ધ ભેદથી થાય છે. અશુદ્ધ એટલે બીજા રજસ્ વગેરે ગુણો સાથે ભળેલા સત્ત્વવાળા. જેમના દેહમાં કોઈ સમયે જ્યારે સત્ત્વગુણ જ હોય ત્યારે ભગવાનનો આવિર્ભાવ થાય છે તેઓ 'આવેશ'વાળા કહેવાય છે. અને શુદ્ધ એટલે સદા સત્ત્વવાળા જ જેમના દેહમાં ભગવાનનો આવિર્ભાવ થયેલ હોય તેઓ 'અવતાર' કહેવાય છે. જેમ મહારાજા પોતાના દેશમાં ફરતાં-ફરતાં પોતાને રહેવામાટે રચેલાં મકાનોમાં રહે છે અને કોઈ સમયે રાજધાનીમાં પોતાના મહેલમાં પણ રહે છે અને આ બન્ને પ્રકારનાં ઘરો જ્યાં સુધી તેઓમાં મહારાજા રહે ત્યાં સુધી મહારાજાનાં જ ઘરો કહેવાય છે, તેમ જ્યારે આવેશવાળાઓમાં આ આવેશ હોય ત્યારે અવતારમાં અને તેમનામાં કાંઈ ભેદ ન હોવાથી તેમની ગણના અવતારની સમાન થાય છે. આવેશવાળા નારદ વગેરે અવતારો સત્ત્વગુણવાળા દેહમાં રહેતા હોઈ ગુણવાળા છે. માત્ર શ્રીકૃષ્ણ જ નિર્ગુણ અથવા ગુણથી પર છે.

બહારનું અને અંદરનું એવા ભેદથી દુઃખ બે પ્રકારનું હોવાથી ભગવાન્ બે પ્રકારના અવતારો ધારણ કરે છે. બહારનું દુઃખ દૂર કરવા ક્રિયાશક્તિવાળા અવતાર ધારણ કરે છે અને અંદરનું દુઃખ દૂર કરવા જ્ઞાનશક્તિવાળા અવતાર ધારણ કરે છે. વરાહ, કૂર્મ, નૃસિંહ વગેરે અવતારો છે. તે અવતારો લઈ

ભગવાન્ બલનું કાર્ય કરે. તેવી જ રીતે દત્તાત્રેય, વ્યાસ, કપિલ વગેરે જ્ઞાનશક્તિવાળા અવતારો છે. તે અવતારો લઈ ભગવાન્ તેમનાથી જ્ઞાનનું કાર્ય કરે છે [૫૩।।-૫૬]

**ભગવાનના અવતારો નીચે પ્રમાણે છે :**

મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, પરશુરામ, મન્વન્તરોમાંના અવતારો (જુઓ શ્લોક ૨૭ સુબોધિની સાથે), વ્યાસ, બુદ્ધ, રામચન્દ્ર, કપિલ, દત્તાત્રેય, ઋષભ, શિશુમાર, રુચિના પુત્ર (યજ્ઞ)નારાયણ, હરિ, શ્રીકૃષ્ણ, તાપસ અને મનુ, મહિદાસ, હંસ, સ્ત્રીરૂપ મોહિની, હયશીર્ષ, વડવામુખ, કલ્કિ, ધન્વન્તરિ, પ્રભુ વગેરે.

'અવતાર' એટલે અવતરવું, વ્યાપિવૈકુંઠમાંથી ભગવાનનું જગતમાં પધારવું. જેમ અક્ષય જલમાંથી ઘણી નહેરો નીકળે છે તેમ ભગવાનના આવા અસંખ્ય અવતારો થાય છે(શ્લોક ૨૬). તેથી શ્રીભાગવતમાં નહિ જણાવેલા પરન્તુ નારદ પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં જણાવેલા કેટલાક અવતારો ચાલુ વિષયમાં ઉપયોગી હોવાથી ઉપર જણાવેલ છે [૫૭-૫૯।।]

જ્યારે કાર્ય કરવું હોય ત્યારે તે કાર્ય કરવા ભગવાન્ જેના દેહમાં પ્રવેશ કરે તે ભગવાનના આવેશવાળા કહેવાય છે. તેઓ નીચે પ્રમાણે છે :

લક્ષ્મી, બ્રહ્મા, શંકર, શેષ, ગરુડ, ઈન્દ્ર, કામ, કામનો પુત્ર અનિરુદ્ધ, સૂર્ય, ચન્દ્ર, બૃહસ્પતિ, ધર્મ, એમની પત્નીઓ, દક્ષ વગેરે મનુઓ, મનુના પુત્રો, ઋષિઓ, નારદ, પર્વત(ઋષિ), કશ્યપ, સનક સનન્દન સનાતન અને સનત્કુમાર એ ચાર ભાઈઓ, અગ્નિ વગેરે દેવતાઓ, ભરત અને સહસ્રાર્જુન, પૃથુ વગેરે ચક્રવર્તીરાજાઓ, ગય, લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન એ ત્રણ ભાઈઓ, રોહિણીપુત્ર બલભદ્ર, રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન, તેમનો પુત્ર અનિરુદ્ધ, નર-અર્જુન વગેરે.

ભાગવતમાં નહિ જણાવેલા પણ પંચરાત્ર વગેરે શાસ્ત્રમાં જણાવેલા આવેશવાળાઓનો પણ આમાં અવતારો પેઠે સમાવેશ કરેલ છે [૫૯।।-૬૪]

શ્રીકૃષ્ણને ઉપર, સામાન્ય રીતે, અવતાર તરીકે ગણાવેલા છે પરન્તુ તેઓશ્રી પૂર્ણ ભગવાન્ (પુરુષોત્તમ) છે. તે પૂર્ણ પુરુષોત્તમ શુદ્ધ સત્ત્વથી પોતાની ઈચ્છાથી અવતરણ કરે છે, તેથી અવતારમાં તેમને ગણેલા છે. ખરેખર તો તેઓશ્રી પોતે જ સમ્પૂર્ણ જ્ઞાનશક્તિ અને સમ્પૂર્ણ ક્રિયાશક્તિવાળા ભગવાન્ જ છે. એ પ્રમાણે આ અધ્યાયના ૧-૨૭।। શ્લોકથી ભગવાનના અવતારો કહ્યા. આ પાંચમા પ્રશ્નનો ઉત્તર થયો [૬૫-૬૫।।]

૨૮-૨૯. થી અવતારો ધારણ કરવાનું સામાન્ય પ્રયોજન કહ્યું. અને આ પ્રયોજન તથા શ્રીભાગવત જણાવ્યું (શ્લોક ૪૦-૪૨) તેની વચ્ચે નીચેના ચાર વિષયો કહેલા છે :

૩૦-૩૨. થી ભગવાનનું માહાત્મ્ય જણાવવામાં આવે ત્યારે જીવની મુક્તિ થાય છે, તેથી મુક્તિ થાય તે માટે આ શ્લોકોથી જીવનો બન્ધ અને ભગવાનનું માહાત્મ્ય જણાવેલાં છે,

૩૩-૩૪. થી જીવની મુક્તિનો પ્રકાર અને મુક્તિ જણાવેલ છે.

૩૫-૩૬. થી ભગવાન્ નિત્યમુક્ત હોવાનું જણાવેલ છે.

૩૭. થી ભગવાનની લીલા તથા ભગવાનનું જ્ઞાન થવું દુર્લભ હોવાનું જણાવેલ છે [૬૫।।-૬૬]

૩૮-૪૩. થી પહેલાના પુરુષોએ આ વિષયનું વિવરણ (શ્રીભાગવત) કરેલ હોવાનું, (૪૦-૪૩) તથા તે વિવરણથી હીન અધિકારવાળા તથા મધ્યમ અધિકારવાળાઓને પણ ભક્તિ પ્રાપ્ત થતી હોવાનું (૩૮-૩૯) જણાવેલ છે. ઉત્તમ અધિકારવાળાને તો સંક્ષેપથી તે કહેવામાં આવે તેથી પણ ભક્તિ પ્રાપ્ત થાય છે, પરન્તુ હીન અને મધ્યમ અધિકારવાળાને તેવી રીતે ભક્તિ પ્રાપ્ત થતી ન હોવાથી, ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ઉપર જણાવેલ વિવરણ (શ્રીભાગવત) રચેલું છે.

૪૪. આ શ્લોકથી છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર આપેલ છે.

૪૫. શ્રીભાગવત કહેવાની આ શ્લોકથી પતિજ્ઞા કરે છે.

આ અધ્યાયથી રહસ્યનું જ્ઞાન હોવું એ વક્તાનો અને તે રહસ્યના શ્રવણમાં આદર હોવો એ શ્રોતાનો ત્રીજો ગુણ હોવાનું જણાવેલું છે.

અહીં અધ્યાય તથા હીન અધિકારનું પહેલું પ્રકરણ પૂર્ણ થાય છે. આ પ્રકરણના ત્રણ અધ્યાયોથી અનુક્રમે : ક. શ્રીભાગવતનું શ્રવણ કરેલ હોવું. ખ. ચાતુર્ય અને ગ. રહસ્યનું જ્ઞાન એ ત્રણ હીન અધિકારવાળા વક્તાના અને ક. શ્રવણ કરવાની ઇચ્છા, ખ. ઈર્ષ્યા ન હોવી અને ગ. રહસ્યના શ્રવણમાં આદર હોવો એ ત્રણ હીન અધિકારવાળા શ્રોતાના ગુણો હોવાનું જણાવેલ છે [૬૫।।-૬૬।।]

**શૌનકના પ્રશ્ન :**

પહેલા અધ્યાયના ત્રેવીસમા શ્લોકમાં શૌનક વગેરેએ ભગવાન્ શ્રીકૃષ્ણ વૈકુંઠમાં પધાર્યા ત્યારે ધર્મ કોને શરણે ગયો એવો માત્ર વિચાર થવાથી જ પ્રશ્ન કરેલો. તેનો ઉત્તર આપતાં સૂતે ત્રીજા અધ્યાયના તેતાલીસમા શ્લોકમાં જણાવ્યું કે ''હમણાં (શ્રીકૃષ્ણ વૈકુંઠ પધાર્યા પછી) શ્રીભાગવત નામના પુરાણરૂપ સૂર્યનું પ્રાકટ્ય થયું છે'' વગેરે. આ સાંભળી શૌનકને ઘણો હર્ષ થયો, કારણ કે લોક પોતાની રુચિ પ્રમાણે હર કોઈ વિષયમાં પ્રવૃત્તિ કરે છે, પણ જ્યારે તેમને ભાન થાય કે પોતે જે વિષયમાં પ્રવૃત્તિ કરે છે તે જ શાસ્ત્રમાં પ્રમાણ ગણાયેલ છે ત્યારે તેમને હર્ષ થાય જ. તેથી શૌનક સૂતને શ્રીભાગવત સમ્બન્ધી વધારે પ્રશ્નો કરે છે.

૧. ''ભગવાન્ શુકે કહેલી શ્રીભાગવતની પવિત્ર કથા અમને કહો'' (અધ્યાય ૪।૨) એમ શ્રીભાગવતના સ્વરૂપસમ્બન્ધી પ્રશ્ન કર્યો.
૨. ''ક્યા યુગમાં શ્રીભાગવતની પ્રવૃત્તિ થઈ ?'' એમ તેની ઉત્પત્તિ સમ્બન્ધી પ્રશ્ન કર્યો અને
૩. ''કોની પ્રેરણાથી વ્યાસે તે રચ્યું ?'' તેની ઉત્પત્તિનાં કારણ સમ્બન્ધી પ્રશ્ન કર્યો. -આમ આ ત્રણ મુખ્ય પ્રશ્નો કર્યા.

**આગળ બીજા ત્રણ પ્રશ્નો કરે છે :**

૧. 'શુક વ્યાસ પાસેથી શ્રીભાગવત શા માટે ભણે ?' આ પ્રશ્નમાં શુકનો સ્વભાવ જણાવી સૂચવેલ છે.

૨. ''વ્યાસ શુકને શ્રીભાગવત કેવી રીતે ભણાવે !'' આ પ્રશ્ન પણ ૧।૪।૬ માં શુકની ક્રિયાનું વર્ણન કરી સૂચવેલો છે.
૩. ''પરીક્ષિત સાર્વભૌમ રાજલક્ષ્મીનો અનાદર કરી શા માટે ગંગા તીરે મરણ પર્યન્ત ઉપવાસ કરવા બેસે ?'' (૧।૪।૧૦). ૧।૩।૪૨ માં સૂતે કહેલ કે ''મરણ પર્યન્ત ઉપવાસ કરવા ગંગાના તીરે બેઠેલા પરીક્ષિતને શુકે શ્રીભાગવતનું શ્રવણ કરાવેલ'' તેથી આ ત્રીજો પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

પરીક્ષિતનું માહાત્મ્ય પહેલાં શૌનક વગેરેના જાણવામાં આવેલું. તેણે મરણ પર્યન્ત ઉપવાસ આદર્યા તેથી તેનું માહાત્મ્ય જેવું સાંભળેલું તેવું છે કે નહિ તેવો સન્દેહ થવાથી ૪. તેનાં જન્મ અને કર્મ સમ્બન્ધી પણ એક પ્રશ્ન કર્યો (૧।૪।૯). આ ચોથો પ્રશ્ન થયો. આ પ્રશ્ન કરવાનું કારણ એવું છે કે શ્રીભાગવતની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિ ના વિષયમાં જે તર્કથી વિરુદ્ધ હોય તેવું સાંભળવામાં આવે તો પોતાને પણ ઉત્તમ ફલ પ્રાપ્ત ન થાય. વળી આ વિષય અલૌકિક હોવાથી તેમાં પોતાની કલ્પના ન કરાય. લૌકિક વિષયમાં પોતાની ઈચ્છા પ્રમાણે કલ્પના કરી શકાય. પરન્તુ અલૌકિક વિષયમાં તેવી કલ્પના કરાતી ન હોવાથી, જેવી કલ્પના કરવાથી તર્કનો વિરોધ ન રહે તેવી કલ્પના આ વિષયમાં કરી શકાય તેમ ન હોવાથી, તર્કનો વિરોધ કેવી રીતે રહેતો નથી એ જાણવા શૌનકે આ પ્રશ્નો કરેલ છે. આ વિષયમાં શૌનકને તર્કનો વિરોધ જણાય છે, કારણ કે તે એમ જણાવે છે કે ''આત્મા જ ફલ છે, અને તે પ્રાપ્ત કરવામાં વિષયો (ધન, રાજ્ય વગેરે) જ વિઘ્ન કરનારાં છે અને તેથી બધા શાસ્ત્રો; વિષયોનો જ ત્યાગ કરાવવામાટે રચાયેલાં છે. શુક તો પોતાની મેળે જન્મથી જ વિષયોથી દૂર રહેલા, તેથી તેમને શ્રીભાગવતનું શ્રવણ કરવાનું શું પ્રયોજન ? તેને શ્રીભાગવતનું વર્ણન કરવાનું (પરીક્ષિતને કહેવાનું) તો જરીએ પ્રયોજન ન હોય. પોતાનું ઉત્તમપણું જણાવવા પણ તેમ કરવાનું શુકને કાંઈ પ્રયોજન ન હતું, કારણ કે તે આ પહેલાંના જન્મમાં જ સર્વથી ઉત્તમ પૂર્ણ જ્ઞાનવાળો હતો અને તેથી આ જન્મમાં તેને જનોઈ લેવાની પણ જરૂર ન હતી. એવા ઉત્તમ જ્ઞાનીને શ્રીભાગવતનું શ્રવણ અથવા ઉપદેશ કરવાથી શો લાભ ? વળી શ્રીકૃષ્ણની કૃપા પણ એના ઉપર એની મેળે જ થયેલી. પરીક્ષિત પણ આવો જ હતો. સાર્વભૌમ રાજલક્ષ્મી વગેરે વિષયોનો ત્યાગ કરી ગંગાના તીરે મરણ સુધી ઉપવાસ કરવા બેઠેલો અને ભગવાનની પણ એના ઉપર કૃપા હતી તેથી તેને પણ શ્રીભાગવતનું શ્રવણ કરવાનું શું પ્રયોજન ? આવા તર્કના વિરોધ જણાવાથી શૌનકે ઉપર જણાવેલ ત્રણ પ્રશ્નો કર્યા અને પરીક્ષિત ઉપર ભગવાનની કૃપા હતી તે સ્પષ્ટ કરવા તેના જન્મ સમ્બન્ધી પ્રશ્ન કર્યો.

બીજાઓ (બોપદેવ) નો અભિપ્રાય એવો છે કે પાછળથી કરેલ ત્રણ પ્રશ્નો તથા પરીક્ષિતના જન્મસમ્બન્ધી પ્રશ્ન શ્રીકૃષ્ણ પ્રતિ ભક્તિ હોવાને લીધે શૌનકે પ્રસંગવશ કરેલ છે, કારણ કે ભક્તો ઉપર ભગવાનની કૃપા હોય છે એમ તે સારી રીતે જાણતો હતો. આ અભિપ્રાય યોગ્ય નથી. વાસ્તવિક રીતે પહેલા જે ત્રણ પ્રશ્ન શ્રીભાગવતનાં સ્વરૂપ, ઉત્પત્તિ અને (ઉત્પત્તિનાં) કારણ સમ્બન્ધી કરેલ તેજ મુખ્ય પ્રશ્નો છે. તે પ્રશ્નોના ઉત્તર જાણવામાં આવતાં, બીજા પ્રશ્નોના ઉત્તરનો તેમાં જ સમાવેશ થઈ જશે, તેથી મુખ્ય પ્રશ્નો ત્રણ જ છે [।।૬૬-૭૦]

આ ત્રણ મુખ્ય પ્રશ્નો પૈકી પહેલા શ્રીભાગવતના સ્વરૂપ સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર બીજા

સ્કન્ધમાં અપાશે. બીજા અને ત્રીજા પ્રશ્નોના ઉત્તરો આ સ્કન્ધમાં આપેલ છે. તેમાં પણ ત્રીજા પ્રશ્નનો ઉત્તર આ મધ્યમ પ્રકરણ (અધ્યાય ૪-૬) માં આપેલ છે. બીજા પ્રવૃત્તિ સમ્બન્ધી પ્રશ્નોનો ઉત્તર ઉત્તમ પ્રકરણ (અધ્યાય ૭-૧૯) માં અપાશે. આથી એમ સૂચવેલું છે કે એક-એક પ્રશ્નનો ઉત્તર એક-એક પ્રકરણથી આપેલ છે. કોની પ્રેરણાથી વ્યાસે શ્રીભાગવત રચ્યું ? એ ત્રીજા પ્રશ્નનો ઉત્તર : નારદની પ્રેરણાથી રચ્યું, એવો છે. તે ઉત્તર આ સ્કન્ધના અધ્યાય ૪-૬ થી આપેલ છે. ચોથા અધ્યાયમાં તે રચવાનું કારણ કહેલ છે. પાંચમા અધ્યાયમાં તે રચવાની યોગ્યતા જણાવેલી છે. અને છઠ્ઠા અધ્યાયમાં નારદ વ્યાસને તે રચવાની પ્રેરણા કરે છે તે પછી વ્યાસે તે રચ્યું એ તો અનુવાદ (તે જ વાત ફરી કહેવી તે) થયો. તેથી આ પ્રકરણ શ્રીભાગવતની ઉત્પતિનું કારણ જણાવવામાં જ સમાપ્ત થાય છે. તેથી આ ઉપોદ્‌ઘાત શ્રીભાગવતની ઉત્પતિના કારણરૂપ છે.

શ્રીભાગવત રચવાનું કારણ અહિં ઉપોદ્‌ઘાત તરીકે જણાવેલું હોવાથી, આ પ્રકરણમાં કારણનો પણ વિચાર કરવો જોઈએ. તેથી [1]નારદે વ્યાસને શ્રીભાગવત સમ્બન્ધી બોધ કરવાનો ક્યો પ્રસંગ હતો [2]તેણે તેમને એ બોધ કરવાનું શું પ્રયોજન હતું અને [3]નારદ કોણ (કેવો પુરુષ) હતો, એ ત્રણનું સ્વરૂપ પણ જણાવવું જોઈએ(તે ૪-૬ સુધીના ત્રણ અધ્યાયોથી અનુક્રમે જણાવેલું છે).

શંકા : પહેલા અધ્યાયમાં શૌનકે જેવા પ્રશ્ન કરેલ તેવા જ આ પ્રશ્નો છે. તેથી પહેલા અધ્યાયમાં કરેલ પ્રશ્નો અને તેના ઉત્તરોનો જેમ હીન પ્રકરણમાં સમાવેશ કર્યો તેમ આ પ્રશ્નો તેના ઉત્તરોની ગણના પણ હીન પ્રકરણમાં કરવી જોઈએ, કારણ કે સમાધિદ્વારા જણાયેલ સમ્પૂર્ણ શ્રીભાગવતમાં શ્રીભાગવતની ઉત્પત્તિનું કારણ જણાવનાર તરીકે આ પ્રશ્નો તથા ઉત્તરોનો સમાવેશ થાય છે --એવી શંકા ન કરવી. સમાધાન : કારણ કે આ પ્રશ્ન તથા ઉત્તરોથી શ્રોતા વ્યાસ અને વક્તા નારદ એ બન્નેને ફલ પ્રાપ્ત થયાનું જણાવેલું છે. ભગવાનના ભક્ત થવું એ ફલ શ્રોતા તથા વક્તા બન્નેને પ્રાપ્ત થયેલ હોવાનું અહીં જણાવેલ છે. આવું શૌનક અને સૂતના સમ્બન્ધમાં આ સ્કન્ધના પહેલા ત્રણ અધ્યાયોમાં જણાવેલ નથી. તેથી આ પહેલાથી જુદું મધ્યમ અધિકાર દર્શાવનારું પ્રકરણ ગણેલું છે [૭૧-૭૧ાા]

**પ્રકરણના અધ્યાયોના અર્થ :**

નારદે વ્યાસને શ્રીભાગવત રચવાની જે પ્રસંગને લીધે પ્રેરણા કરી તે પ્રસંગ ચોથા અધ્યાયમાં કહેલો છે. ચોથા અધ્યાયમાં શૌનકે કરેલ પ્રશ્ન આ પ્રસંગના અંગરૂપ છે. પ્રકરણના આરંભમાં કરેલ આ પ્રશ્ન અધ્યાયના અર્થને ખોટા ઠરાવી શકતા નથી. વ્યાસે વેદના ચાર ભાગ કર્યા, ઈતિહાસ અને પુરાણરૂપ પાંચમો વેદ રચ્યો, સ્ત્રીઓ-શૂદ્રો અને નામમાત્રનાં દ્વિજોને વેદના અધ્યયન વગેરેનો અધિકાર ન હોવાથી તેમનું કલ્યાણ સધાય તે માટે ભારત રચ્યું, છતાં તેમના મનમાં સન્તોષ ન થયો, તેમને પ્રસન્નતા પ્રાપ્ત ન થઈ, તેથી તેનું કારણ વિચારતાં સરસ્વતીના તીરે તે ખેદ કરતા હતા ત્યારે નારદ ત્યાં તેમના આશ્રમે આવ્યા એ પ્રસંગ છે.

જે વ્યાસનું વચન હોવાને લીધે સર્વને જેમાં વિશ્વાસ રહે છે તે વ્યાસજીને જ વેદ વગેરેનું ફલ ઉલટું જણાયું. વેદના વિભાગ કરવા છતાં, તેમજ ઈતિહાસ અને (શ્રીભાગવત સિવાયનાં) બીજા

પુરાણો લખવા છતાં તેમને જ પ્રસન્નતા પ્રાપ્ત ન થઈ, તો પછી તેમણે કહેલા આ ઈતિહાસ અને પુરાણો થી અન્ય લોકોને ફલ કેવી રીતે પ્રાપ્ત થશે, એમ જણાવવા તેમની ચિન્તાનું આ ચોથા અધ્યાયમાં વર્ણન કરેલું છે.

પાંચમા અધ્યાયમાં વ્યાસે નારદને પોતાની આ ચિન્તાનું કારણ પૂછતાં(શ્લો.૫) નારદ તેમને ઉત્તર આપે છે. નારદ કહે છે કે "તમે (વ્યાસે) ભગવાનના ગુણોનું ગાન કરેલું નથી, તેથી તમને આ ચિન્તા થઈ છે. તેથી સમાધિથી ભગવાનનું ભક્તિ ઉત્પન્ન કરનારું ચરિત્ર જાણી, તેનું સ્મરણ કરો(શ્લો.૧૩), તમારા અવતારનું પ્રયોજન જાણો અને ભગવાનના ચરિત્રનું ટૂંકાણમાં નિરૂપણ કરો. કારણ કે ભગવાનનું ચરિત્ર વાણી અને મનથી પણ જાણી શકાય તેવું ન હોવાથી તેનું સમ્પૂર્ણ નિરૂપણ થઈ શકે તેમ નથી(શ્લો.૨૧)" એ પ્રમાણે સામાન્ય રીતે વ્યાસજીના પ્રશ્નનો ઉત્તર આપી, આરંભમાં કરવાના સાધનથી માંડી ફલ પ્રાપ્ત થાય ત્યાં સુધીના સાધનો અનુક્રમે કહેવામાટે દૃષ્ટાન્ત તરીકે નારદ પોતાનું ચરિત્ર પણ વ્યાસને આ અધ્યાયમાં કહે છે.

છઠ્ઠા અધ્યાયમાં નારદે કરેલ સાધનો સાથે તેને પ્રાપ્ત થયેલ ફલ કહે છે [૭૧-૭૩॥]

**વ્યાસ અને નારદ ને શ્રોતા તથા વક્તા તરીકેના અધિકારની સિદ્ધિ :**

આ મધ્યમ પ્રકરણમાં વ્યાસને અને નારદને શ્રોતા અને વક્તા ના અધિકાર અનુક્રમે પ્રાપ્ત થયાનું જણાવેલ છે. વ્યાસને પોતાના વેદના વિભાગ કરવા વગેરે કાર્યથી પ્રસન્નતા પ્રાપ્ત ન થતાં ખેદ થયો એ વૃત્તાન્ત તેમનું ભગવદીય હોવાનું દર્શાવે છે. કારણ કે જે ભગવદીય ન હોય અને ભગવાન્‌થી ઉદાસીન હોય તેને ભગવાન્ એવી રીતે ખેદ ન કરાવે. તેથી વ્યાસ ભગવદીય છે એમ પાંચમા અધ્યાય(શ્લો.૨૦-૨૧) માં જણાવેલું છે. ભગવદીય હોવું એ મધ્યમ અધિકારવાળાનું ફલ છે જ્યારે ભગવત્પણું પ્રાપ્ત થવું એ ઉત્તમ અધિકારવાળાનું ફલ છે. શુકે ભગવત્પણું પ્રાપ્ત કરેલ અને રાજા પરીક્ષિત પણ તેમના જેવો જ થયેલો, નારદ પણ ભગવદીય થયેલ એમ પાંચમા અને છઠ્ઠા અધ્યાયોમાં જણાવેલું છે.

ભગવદીયપણું બે પ્રકારનું છે : ૧. ભગવાન્ પોતાના કાર્યમાટે આરંભથી જ કાંઈક (કોઈકને ભગવદીય) કરે છે ત્યારે તેને સાધન કરવાની જરૂર રહેતી નથી. જ્યારે ૨. બીજાં સાધનો કરી ભગવદીયપણું પ્રાપ્ત કરે છે. સાધનો કરી ભગવદીય કેવી રીતે થવાય તે જણાવવા નારદ પોતાનો વૃત્તાન્ત અનુક્રમે કહે છે. આ સાધનોમાં પ્રથમ સાધન ૧સત્સંગ છે(અ.૫ શ્લો.૨૩-૨૮). પછીનું સાધન ૨જીવના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે(શ્લો.૩૦-૩૧). પછી ૩ભગવાનનો અનુભવ થાય છે કે ભગવાન્ સર્વત્ર હોવા છતાં પ્રકાશતા હોવા છતાં પ્રકટ થતા નથી, એવો તેમની માયાનો પ્રભાવ છે(શ્લો.૩૧). તેથી ભગવાન્ સર્વત્ર પ્રકાશતા હોવાને લીધે તેમની પ્રાપ્તિ કરવાના વિષયમાં કાંઈ કરવાપણું નથી એવો ભગવાનનો અનુભવ થાય છે. એ પ્રમાણે પોતાને ભગવાનનો અનુભવ થયો ત્યાર પછી માત્ર ચિહ્નોથી ભગવાનનો અનુભવ થાય તે નિરર્થક હોવાથી, પોતાને ભગદીયપણું પ્રાપ્ત થયા પછી પણ "હું નારદ છું" એમ તે માનતા હતા. તે દૂર થાય એટલે "હું

ભગવાનનો દાસ છું'' એવી માન્યતા થાય તે માટે કર્મો ભગવાનને સમર્પણ કરવાનું ચોથું સાધન કર્યું(શ્લો.૩૨-૩૯) ત્યારે તેમને ભગવાનનો સમાધિમાં અનુભવ થયો(અ.૬ શ્લો.૧૭). પછી ભગવાનનાં વચનથી(શ્લો.૨૨-૨૫) તેમને ભગવદીયપણું પ્રાપ્ત થયું. આવું જ નારદે વર્ણન કરેલું છે(શ્લોક ૨૭, ૩૨-૩૪)

શંકા : સાધુઓએ નારદને જીવના અને ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ કર્યો તેથી ફલ (ભગવદીયપણું) એની મેળે જ પ્રાપ્ત થવાનું. તેથી છઠ્ઠા અધ્યાયમાં ભગવાનનો તેને સમાધિમાં અનુભવ થયો વગેરે કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું-- એમ ન માનવું.

સમાધાન : કારણ કે શબ્દબ્રહ્મમાં એટલે વેદમાં જે પ્રવીણ હોય તેને પણ જ્યાં સુધી પરબ્રહ્મનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ફલની પ્રાપ્તિ થતી નથી. તેથી નારદે પોતાને ફલ (ભગવદીયપણું) પ્રાપ્ત થયાનું આ છઠ્ઠા અધ્યાયમાં કહેલું છે [૭૪-૭૫।।]

વ્યાસ પણ ભગવાનની જ્ઞાનકલાનો અવતાર હતા. તે અવતાર હોવાથી જ ભગવદીય હતા, છતાં તેમને ભગદીયપણાની પ્રાપ્તિ નારદના ઉપદેશનું શ્રવણ કર્યા પછી જ થઈ, તેથી તે અવતાર હોવાનું ફલ પણ તેમને એ ઉપદેશનું શ્રવણ કર્યા પછી જ પ્રાપ્ત થયું. ભગવદીયપણું વ્યાસને પ્રાપ્ત થયું એમ જણાવવા તેમણે શ્રીભાગવત રચ્યું એમ આ પ્રકરણમાં કહેવાની જરૂર નથી, કારણ કે શ્રીભાગવત તો તેમણે ઉત્તમ અધિકારીમાટે રચેલું, તેથી તે ઉત્તમ અધિકારના પ્રકરણમાં કહેવાશે. ભગવદીયપણું તો વ્યાસને શ્રીભાગવત રચવાના પ્રસંગને લીધે તેના સમ્બન્ધથી પોતાની મેળે પ્રાપ્ત થનારું ફલ છે, તેથી તે આ મધ્યમ પ્રકરણમાં કહેલ નથી [૭૫।।-૭૬।।]

આ પ્રમાણે શ્રીભાગવત રચવાના પ્રસંગને લીધે તેના સમ્બન્ધથી પોતાની મેળે પ્રાપ્ત થનારું ફળ આ પ્રકરણમાં કહેલ ન હોવા છતાં આ પ્રકરણમાં વ્યાસનો તથા નારદનો મધ્યમ અધિકાર હોવાનું સિદ્ધ થાય છે.

૧. વ્યાસને ભગવાનના ગુણગાન સિવાયના બીજાં સાધનોમાં આસક્તિ હતી તે ભગવદીયપણામાં નડતરરૂપ હતી; તે નારદના ઉપદેશથી દૂર થઈ. નારદને તેની મા ભગવદીયપણું પ્રાપ્ત કરવામાં નડતરરૂપ હતી; તેને સર્પદંશ થતાં તેની અડચણ પણ દૂર થઈ.
૨. વ્યાસે નારદની પૂજા વગેરે સાધન કર્યા(અ.૪।૩૩). નારદે સાધુઓની સેવા વગેરે સાધનો કર્યા.
૩. વ્યાસને બીજાં સાધનોનો આગ્રહ ન રહ્યો અને પોતાની ખામીઓ હોય તે જણાવવા તેમણે નારદે કહ્યું(અ.૫।૭). નારદની સંસારમાંથી પ્રીતિ દૂર થઈ.

-આ ત્રણ કારણોને લીધે તેઓ ભગવદીય ગણાય.

નારદ તો અધિકારી(દેવર્ષિ) હતા, તે ભગવદીય કેવી રીતે હોઈ શકે ? એવી શંકા થાય તો જાણવું કે ભગવાનના વચનથી તે ભગવદીય થયા. આકાશવાણીથી ભગવાને તેને કહેલ કે ''તું મારો સેવક થઈશ''(અ.૬।૨૧) તેથી ભગવદીયપણારૂપ મધ્યમ ફલ પ્રાપ્ત થયું. ત્યાર પછી નારદને પુનર્જન્મ થયો (અ.૬।૨૯, ૩૧), છતાં તેથી તે અધમ અધિકારવાળા થતા નથી, કારણ કે તેને પુનર્જન્મ

થવાથી એટલે સંસારમાં આવવાથી દુઃખ થયું ન હતું, તેમજ તે પરતન્ત્ર થયા ન હતા પરન્તુ સ્વતન્ત્ર જ રહ્યા હતા(અ.૫।૩૨). વળી તેમને સંસારનો અથવા વિષયોનો ભય થતો ન હતો. તેથી તેમને પ્રાપ્ત થયેલ નારદપણું (ભગવદીય તરીકે રહેવાથી) ફલરૂપ જ હતું(અ.૬।૩૩). વળી તેમને સદા ભગવાનના દર્શન પણ થતા હતા(અ.૬।૩૪) તેથી તેઓ ભગવદીય હોવાથી, ભગવાન્ ઉપર તેમને પ્રેમ હોવાથી, તેમને નારદ સ્વરૂપે પુનર્જન્મ પ્રાપ્ત થયો તે મધ્યમ ફલરૂપ હતો [૭૫।।-૭૮।।]

વ્યાસજીને પણ મધ્યમ અધિકાર પ્રાપ્ત થયો, પરન્તુ તેમને નારદની પેઠે આવો અધિકાર પ્રાપ્ત કરવાની જરૂર ન હતી. જેમ નારદને સુયાસી સાધુઓએ જ્ઞાનનો બોધ કરેલો તેમ વ્યાસજીને બોધ કરવાની જરૂર ન હતી. કારણ કે તેઓ ભગવાનની જ્ઞાનકલાના અવતાર હતા. વળી લજ્જા તજી જેમ ભગવાનનાં નામોનો ઉચ્ચાર કરતાં નારદ ફરતા તેમ ફરવાની પણ વ્યાસજીને જરૂર ન હતી. કારણ કે ભગવાનની તેમના ઉપર પ્રીતિ એની મેળે જ થયેલી.

આરંભમાં વ્યાસજીને નારદ ઉપર વિશ્વાસ ન હતો, તેથી જેમ સૂતે પરમ્પરાથી પ્રાપ્ત થયેલ શ્રીભાગવત શૌનક વગેરેને સંભળાવ્યું તેમ ''બ્રહ્માના ધામમાં હું જે શ્રીભાગવત ભણેલ તે તમને કહું છું'' એમ નારદે વ્યાસજીને તે કહેલ નથી. કારણ કે શ્રીભાગવતની પરમ્પરા તે સમયે લોકમાં પ્રસિદ્ધ ન હોવાથી તે વિષયમાં સર્વની સમ્મતિ ન હતી. છતાં પણ ''સમાધિવડે ભગવાનના ચરિત્રોનું સ્મરણ કરો'' એમ તો સામાન્ય રીતે કહેલ ન હોય તો પણ, જો વ્યાસજી નારદે કહેલું સાચું છે એમ માને તો જ સમાધિ કરવાની પ્રવૃત્તિ કરે. તેમ ન હોય તો શ્રીભાગવતની પરમ્પરા ન થાય. નારદે કહેલું સાચું છે એમ વ્યાસજીએ જાણ્યું ત્યારે તેમણે તેની ''અહો ! દેવર્ષિ ધન્ય છે''(અ.૬।૩૮) એમ સ્તુતિ કરી. આ સ્તુતિથી એમ જણાય છે કે નારદે જે કહેલ તે વ્યાસજીના હૃદયમાં ઊતર્યું. વ્યાસજીને તે સત્ય જણાયું તેથી આ સ્તુતિથી જ પ્રકરણ પૂર્ણ થાય છે [૭૯-૮૦]

**શ્રીભાગવતની રચના અને તેના શ્રવણનું ફલ :**

આ પ્રમાણે આખા ગ્રન્થનો ઉપોદ્ઘાત કર્યો. મધ્યમ પ્રકરણ આ ગ્રન્થની ઉત્પત્તિનું કારણ દર્શાવનારું થયું. નારદના વ્યાસજી પાસેથી ગયા પછી તરત જ જો વ્યાસજી શ્રીભાગવત રચે તો જ નારદે કરેલ ઉપદેશ આ ગ્રન્થની ઉત્પત્તિનું કારણ ગણાય. જો તેમ ન થતાં ત્યાર પછી લાંબા સમયે ગ્રન્થરચવામાં આવે તો નારદનો ઉપદેશ તેનું કારણ ન ગણાય. તેથી નારદ અને વ્યાસ નો આ સંવાદ શ્રીભાગવતના અર્થના વિચારરૂપ હોઈ ગ્રન્થનો ઉપોદ્ઘાત છે.

શ્રીભાગવતના બધાએ સ્વરૂપની પૂર્ણતા થાય તે માટે શૌનક એક પ્રશ્ન (૧।૭।૧) કરે છે. પ્રશ્નના ઉત્તરમાં વ્યાસજીએ સમાધિ કરી ભાગવત રચ્યાનું સૂત તેને કહે છે(અ.૭।૩, ૬). પછી શુક શ્રીભાગવતના વક્તા થવાનું ઘટે, માટે શૌનક બીજો પ્રશ્ન કરે છે(અ.૭।૯). આ બીજો પ્રશ્ન પહેલાં કહેલ(અ.૪।૫, ૭) તેનો તે જ છે. આ કહેવું ઘણું આવશ્યક છે એમ જણાવવા ફરીથી આ પ્રશ્ન કરેલ છે. શુકને ફલ (મોક્ષ) પ્રાપ્ત થયેલ, એ તો પહેલાં જ (શુકે ભગવત્પણું પ્રાપ્ત કરેલ એમ) કહેલું છે. ફલ પ્રાપ્ત થયેલ હોવાથી શુક ઉત્તમ વક્તા છે, એવો આ પ્રશ્નનો અભિપ્રાય છે.

શ્રીભાગવતનું શ્રવણ કરવાથી થતું ફલ શ્લો.૭ માં સૂતે કહેલું. ''શ્રીભાગવતનું શ્રવણ કરતાં જ મનુષ્યને શોક, મોહ અને ભય નો નાશ કરનારી પરમપુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે'' એવું તેનું ફલ કહેલ. આ વિષય તર્કથી ખોટો ઠરાવી શકાય તેમ નથી. કારણ કે શ્રીભાગવતમાં ભગવાનનું માહાત્મ્ય વર્ણવેલું છે અને તેમાં સન્દેહ ન રહે તે માટે સર્વ વસ્તુઓનો નિર્ણય કરેલો છે. તેથી શ્રીભાગવતનું શ્રવણ કરતાં જ તે શ્રવણથી ભક્તિ ઉત્પન્ન થાય છે.

આધુનિક જીવોને શ્રીભાગવતના માત્ર શ્રવણથી ભગવાન્‌માં ભક્તિ ઉત્પન્ન થતી નથી. કારણ કે શ્રીભાગવતમાં કહેલા વિષયોમાં તેઓને વિશ્વાસ નથી. તેથી તેમાં કહેલ વિષયમાં વિશ્વાસ હોવો એ ભક્તિ થવામાટે વધારાનું જરૂરી કારણ છે. વ્યાસના વચનમાં વિશ્વાસ હોવાથી શ્રીભાગવતમાં કહેલ વિષયમાં વિશ્વાસ થાય, છતાં પણ વિશ્વાસ થતો અટકાવનાર સંસારના સ્ત્રી-પુત્ર-ધન વગેરે વિષયો ઉપર પ્રેમ હોવાથી તેઓને વિશ્વાસ થતો નથી, એમ સૂચવવા (સંસારમાં પ્રેમ રહિત વૈરાગ્યવાળા) શુકને વ્યાસે શ્રીભાગવત ભણાવ્યું એમ શ્લો.૮ માં કહેલ છે.

શ્રીભાગવતનું ફલ મુક્તિ છે. તે ફલ પ્રાપ્ત થાય તો પણ આ ગ્રન્થનું શ્રવણ વગેરે કરવાં જોઈએ. કારણ કે આ ગ્રન્થભક્તિના સમ્બન્ધવાળો છે અને તેથી ફલ (મુક્તિ) કરતાં સાધન (ગ્રન્થના શ્રવણ વગેરે જ) ઉત્તમ છે. સંસારમાં પ્રીતિ ન હોય તેમને જ આવો અનુભવ થાય છે, બીજાને થતો નથી એમ સૂતે કહેલ શ્લો.૧૦-૧૧ ઉપરથી નિશ્ચય થાય છે. તેથી એમ સિદ્ધ થાય છે કે સંસારની ધમાલમાં મચ્યા રહેલાઓને પણ ભક્તિ પ્રાપ્ત થાય તે માટે આ ગ્રન્થરચાયેલો છે. આવા વિષયી પુરુષો ઉત્તમ વિષયો પ્રાપ્ત કરવા જ પ્રવૃત્તિ કરે છે અને ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તે માટે હલકા વિષયનો ત્યાગ કરે છે, તેથી (વિષયી લોકો પણ આનું શ્રવણ વગેરે કરે તે માટે) આ મોક્ષનું સાધન છે એમ કહેલ નથી અને તેવી કલ્પના પણ ન થાય તે માટે મુક્ત જીવો પણ આનું શ્રવણ કરવાની પ્રવૃત્તિ કરે છે એમ ૧૦-૧૧ મા શ્લોકોમાં કહેલું છે. તેથી વ્યાસજીએ આ ગ્રન્થએવો રચેલો છે કે તેના વિષયના સૌન્દર્યને લીધે જ લોકની તેનું શ્રવણ વગેરે કરવામાં પ્રવૃત્તિ થાય. આવા પ્રકારનો ગ્રન્થરચવાનું નારદે સૂચવેલું એમ અ.૫ શ્લો.૧૬ ઉપરથી જણાય છે. આ શ્લોકમાં નારદે વ્યાસજીને કહેલું છે કે જેઓ દેહ વગેરેના વિષયોમાં મચ્યા રહે છે, તેઓને માટે એટલે તેઓને ઉદ્ધાર થાય તે માટે તમે ભગવાનના ગુણોનું નિરૂપણ કરો.

શંકા : મુર્ખાઓ ઉત્તમ વિષયમાં પણ પ્રવૃત્તિ કરતા નથી, તેથી લોક આ ગ્રન્થના વિષયના સૌન્દર્યને લીધે તેનું શ્રવણ વગેરે કરશે એવી શી ખાતરી ? એવી શંકા ન કરવી.

સમાધાન : કારણ કે નારદને ભવિષ્યનું જ્ઞાન હતું. વ્યાસજી એવો ગ્રન્થરચે તે માટે જ નારદે પોતાના ભવિષ્યના જ્ઞાનને અ.૫।૧૬ માં સૂચવેલું છે. વ્યાસજી એવો સુન્દર ગ્રન્થરચે ત્યારે જ તેમણે નારદના કહ્યા પ્રમાણે કરેલું ગણાય. આથી એમ જણાવેલું છે કે જે શ્રીભાગવતના શ્રવણ વગેરે માટે પ્રવૃત્તિ કરે છે તેને તેમાં દઢ વિશ્વાસ થાય છે. આથી એમ સિદ્ધ થાય છે કે નારદના ઉપદેશથી વ્યાસજીએ ફલ પ્રાપ્ત કરાવે તેવું શ્રીભાગવત રચેલું છે [૮૧-૮૩]

**૭ થી ૧૧ સુધીના પાંચ અધ્યાયોનો વિષય :**

શુકે શ્રીભાગવત પરીક્ષિતને શ્રવણ કરાવેલ હોવાથી શ્રીભાગવતની પ્રવૃત્તિ જણાવવામાટે પરીક્ષિતનો જન્મ વગેરે કહેવાં જોઈએ તેથી તે બારમા અધ્યાયમાં કહેલ છે. તે પહેલાં

- સાતમા અધ્યાયમાં અશ્વત્થામા ઉપર અર્જુને પ્રાપ્ત કરેલ વિજય,
- આઠમામાં કુન્તીની સ્તુતિ,
- નવમામાં ભીષ્મની મુક્તિ,
- દશમામાં ભગવાનનું દ્વારકા જવા પ્રયાણ અને
- અગિયારમામાં દ્વારકામાં પ્રવેશ

–એવા પાંચ વિષયો કહેલા છે. આ વિષયો પણ પરીક્ષિતના જન્મના અંગ તરીકે જ કહેલા હોવા જોઈએ.

કેટલાક ટીકાકારો એમ કહે છે કે યુધિષ્ઠિર વગેરે પોતાનાં સગાઓના અને ભીષ્મ વગેરે પાંડવોના શત્રુઓના અન્તરાય વિનાના ઘણી સમૃદ્ધિવાળા રાજ્યનો ત્યાગ કર્યો, એમ પરીક્ષિતનો દૃઢ વૈરાગ્ય જણાવવા પાંચ અધ્યાયોમાં આ પાંચ વિષયો કહેલા છે, કારણ કે પરીક્ષિતે મરણપર્યન્ત ઉપવાસ આદર્યા ત્યાં સુધી જો સગાંઓ અને શત્રુઓ હયાત હોત તો તેને વિષયો (રાજ્ય) પ્રાપ્ત થયેલ ન હોવાથી જ તેનો વૈરાગ્ય ઉત્તમ ન ગણાત, તેથી તેનો વૈરાગ્ય ઉત્તમ જણાય તેવા પ્રકારની કૃપાને લીધે તેને ઘણું સમૃદ્ધ રાજ્ય પ્રાપ્ત થયેલું અને તેમાં અન્તરાયરૂપ સગાં તથા શત્રુ ઓ રહ્યા ન હતા.

આ તેઓનું કહેવું યોગ્ય નથી, કારણ કે અશ્વત્થામા ઉપર વિજય અર્જુને મેળવ્યો (અ.૭ શ્લો.૧૭–૫૬) ત્યારે પરીક્ષિતનો જન્મ પણ થયો ન હતો, તો પછી તેને રાજ્ય મળ્યાનું અને તે રાજ્યનો અન્તરાય તેથી દૂર થયાનું કેમ જ સમ્ભવે ? તેથી આ વિજય પરીક્ષિતના રાજ્યનો અન્તરાય દૂર કરનારો નથી જ. વળી યુધિષ્ઠિરે તો પરીક્ષિતને રાજ્ય આપેલું. (અ.૧૫।૩૮) તેથી તે તેના રાજ્યના અન્તરાયરૂપ ન હતો જ. કુન્તીની સ્તુતિ, ભીષ્મની મુક્તિ, ભગવાનનું દ્વારકા પધારવા પ્રયાણ અને તેમનો દ્વારકામાં પ્રવેશ એ વિષયોને પરીક્ષિતના રાજ્ય સાથે કાંઈ સમ્બન્ધ જ નથી. તેથી તે વિષયોથી તેના રાજ્યના અન્તરાયનો નાશ થયાનું કેમ કહેવાય ? વળી આ કાર્યમાટે ભગવાનની કથા ઉપયોગી નથી. ભગવાનની કૃપા તો ત્યાગ કરતાં અટકાવનારી છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા કહેલી છે. તેરમા અધ્યાયમાં(શ્લો.૩૯–૪૯) શ્રીકૃષ્ણની કથા કહેલી છે(જુઓ શ્રીસુબો.શ્લો.૪૯ નો આભાસ). ચૌદમા અધ્યાયમાં (શ્લો.૩૪–૩૮માં) શ્રીકૃષ્ણનું કુશલ પૂછતાં યુધિષ્ઠિરે તેમની સ્તુતિ કરેલી છે. અને પન્દરમા અધ્યાયમાં ભગવાન્ સ્વધામ પધાર્યાની મોહકથા કહેલી છે. જો ૭–૧૧ સુધીના પાંચ અધ્યાયો પરીક્ષિતનો ત્યાગ ઉત્તમ હોવાનું જણાવવા જ કહેલા હોવાનું માનો તો તે અધ્યાયોથી તેમ થતું નહિ હોવાથી એ પાંચ અધ્યાયો તેમજ ૧૩–૧૫ સુધીના ત્રણ અધ્યાયો એ આઠે અધ્યાયો નકામા કહેલા ગણાય. તેથી એ પાંચ અધ્યાયો સમ્બન્ધી તેઓનો મત યોગ્ય નથી [૮૪–૮૬]

વસ્તુતઃ જેમ પાંચ અગ્નિઓ શુદ્ધ કરનારા છે તેમ આ પાંચ અધ્યાયો પરીક્ષિત જન્મથી શુદ્ધ

પરીક્ષિતથી સર્વનો ત્યાગ થાય છે અને છેવટના બે અઢાર તથા ઓગણીસમા અધ્યાયોમાં તેને સત્સંગ પ્રાપ્ત થાય છે, ત્યારે તેને શ્રીભાગવતમાં વિશ્વાસ થાય છે. શ્રીભાગવતના શ્રવણમાં વિશ્વાસ જ (મુખ્ય) અંગ છે. તેનાં ત્રણ મુખ્ય સાધનો છે :

૧. સત્પુરુષોનો સંગ (અ.૧૮-૧૯)
૨. સર્વનો ત્યાગ અને (અ. ૧૩-૧૭) અને
૩. ઉત્તમ પ્રકારની શુદ્ધિ (અ. ૭-૧૧).

તેથી શ્રીમદાચાર્યચરણના આ મત પ્રમાણે તેર અધ્યાયોથી પરીક્ષિતને શ્રોતાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બીજા કોઈના મત પ્રમાણે તેમ થતું નથી. અધિકાર સમ્પૂર્ણ રીતે સિદ્ધ થાય તે માટે જ, શૌનકે પાંડુના પુત્રોના મૃત્યુ સમ્બન્ધી પ્રશ્ન પૂછેલ ન હોવા છતાં, રાજર્ષિ પરીક્ષિતનાં જન્મ કર્મ તથા મોક્ષ અને જે શ્રીકૃષ્ણની કથામાં પરિણમે છે તે પાંડુપુત્રોનું મૃત્યુ (તેને) હું કહીશ એવી સૂતની પ્રતિજ્ઞા ઘટે છે. આ પ્રતિજ્ઞામાં 'અને' શબ્દ છે તેથી ભગવાનની પાંડવો ઉપરની કૃપા કહેલી છે અને શુદ્ધિ જ અધિકારનું મૂલ છે એમ જણાવવા ''જે શ્રીકૃષ્ણની કથામાં પરિણમે છે તે'' એમ કહેલું છે. તેથી આ અર્થ શ્રીભાગવતમાં જ સૂચવેલો હોવાથી આમાં જરાયે દોષ હોવાનું સમ્ભવતું નથી [૮૭-૮૮]

## પરીક્ષિત જ શ્રોતા શા માટે ?

સનક વગેરે સ્વતઃશુદ્ધ જ્ઞાનીઓ હોવા છતાં, પરીક્ષિત જ અહીં શ્રોતા થયેલ છે, કારણ કે માત્ર અધિકાર દર્શાવવો એ જ પ્રયોજન અહીં નથી, પરન્તુ શ્રીભાગવતથી જ સર્વનો ઉદ્ધાર થાય છે એમ પણ સિદ્ધ કરવાનું છે. ભગવાન્ શ્રીકૃષ્ણ અવતાર ધારણ કરી જ્યાં સુધી ભૂતલ ઉપર વિરાજ્યા ત્યાં સુધી તેઓશ્રીએ પોતાના સ્વરૂપથી જ સર્વને મુક્તિ પ્રાપ્ત કરાવી. તેઓશ્રી ભૂતલ ઉપરથી પધારી ગયા પછી શ્રીભાગવત જ મુક્તિ પ્રાપ્ત કરાવનારું છે, કોઈને પણ માટે કોઈ પણ સઞ્જોગમાં મુક્તિ પ્રાપ્ત કરવાનો બીજો કોઈ ઉપાય નથી, એમ જણાવવા ભગવાન્ પધારી ગયા પછી તરત જ પરીક્ષિતનો જન્મ થયો અને શ્રીભાગવતથી જ તેને મુક્તિ પ્રાપ્ત થઈ એમ કહેલું છે. વળી જે પાંડવોના આ લોકના પણ સર્વ કાર્યમાં શ્રીકૃષ્ણનો પ્રભાવ જોવામાં આવતો હતો, તેઓના વંશમાં કાંઈ પણ વિચ્છેદ વિના સીધો પરીક્ષિત જન્મેલ હતો તેથી જ તેને શ્રીભાગવતમાં સમ્પૂર્ણ શ્રદ્ધા હતી. સનક વગેરે સ્વતઃશુદ્ધ જ્ઞાનીઓને પડતા મૂકી પરીક્ષિતને જ શ્રોતા તરીકે વર્ણવેલ છે. વળી જ્યાં પાંડવોનું સામર્થ્ય કાંઈક છે એવો નિર્ણય થઈ શકે, તેવી પણ ભારતની કથા પડતી મૂકી જ્યાં માત્ર શ્રીકૃષ્ણનું જ સામર્થ્ય જણાય તેવી જ ભારતની કથા શ્રીભાગવતમાં કહેલી છે. વાસ્તવિક રીતે સર્વત્ર પ્રભુનું જ સામર્થ્ય છે, છતાં પણ અશ્વત્થામા ઉપરનો અર્જુનનો વિજય વગેરે જે શ્રીભાગવતમાં કહેલ છે તે તો શ્રીકૃષ્ણના પ્રભાવથી જ થયેલ હોવાનો નિશ્ચય થાય છે. તેથી સૌષુપ્તિક (અશ્વત્થામાએ સૂતેલા દ્રૌપદીના પુત્રોને હણ્યા તે) કથાથી આરંભી પાંડવો સ્વર્ગમાં ગયા ત્યાં સુધીની મહાભારતની કથા, પાંડવો આસક્તિવાળા છે એમ દર્શાવવા અહીં કહેલી છે. પાંડવોમાં પોતાના મેળે પોતાનું રક્ષણ કરવાની શક્તિ ન હતી અને ભગવાને તેઓનું રક્ષણ કર્યું, કારણ કે ભગવાન્ સિવાય તેમને બીજા કોઈનું શરણ ન હતું એવું આ કહેવાનું પ્રયોજન છે. તેઓને ભગવાન્ સિવાય બીજા કોઈનું શરણ ન હતું એમ જણાવવા દ્રૌપદીના પુત્રોને અશ્વત્થામાએ હણ્યા ત્યાંથી આરંભી પાંડવો સ્વર્ગે ગયા ત્યાં સુધીની કથા કહેલી છે. પાંડવોની મુક્તિ પણ પરીક્ષિતનો અધિકાર દર્શાવવા જ કહેલી છે, કારણ કે જેઓને મુક્તિ પ્રાપ્ત થઈ

હતો એમ દર્શાવનારા છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતનો જન્મ કહેલો છે. જન્મ થયા પછી પણ તેને મુક્તિ પ્રાપ્ત થવામાં કાંઈ અન્તરાય થવાનો નથી, એમ જણાવવા તેરથી પંદર સુધીના ત્રણ અધ્યાયોથી યુધિષ્ઠિર વગેરેની મુક્તિ કહેલી છે. કારણ કે પિતાની મુક્તિ થઈ ન હોય તો તે પુત્રની મુક્તિ થવામાં અન્તરાયરૂપ છે. ત્યાર પછી કાલથી પરીક્ષિતને મુક્તિમાં અન્તરાય થવાનો નથી એમ દર્શાવવા સોળમો તથા સત્તરમો અધ્યાય કહેલા છે. પછી અઢારમા અધ્યાયમાં અદ્ભુત કર્મ કરનાર ભગવાનની પરીક્ષિત ઉપર શાપરૂપ કૃપા જણાવેલી છે અને ઓગણીસમા અધ્યાયમાં તે શ્રોતા બને છે. તેથી જેના ત્રણ વડવાઓ શુદ્ધ હોય અને જેના ઉપર જન્મ સમયે પણ ભગવાનની કૃપા થયેલી હોય, તે સર્વનો ત્યાગ કરી સત્પુરુષોનો સંગ કરે ત્યારે તેને શ્રીભાગવતની કથામાં સમ્પૂર્ણ વિશ્વાસ થાય છે, એવો પરીક્ષિતનો અધિકાર સિદ્ધ કરવા આ ગ્રન્થમાં પાંડવોનું વર્ણન કરેલું છે.

આ પ્રકરણના તેરે અધ્યાયની સંગતિ નીચે પ્રમાણે છે : શુદ્ધિના છ વિભાગ છે. તે પૈકી શરીરના કારણરૂપ જે બીજ તે દુષ્ટ પરમ્પરાને લીધે પાંચ પ્રકારે અશુદ્ધ હોય છે. તેવી અશુદ્ધિ ન હોય તે પાંચ પ્રકારની શુદ્ધિ ગણાય. તે બીજ કુટુમ્બના વડા પુરુષને લીધે અથવા સ્ત્રીને લીધે એમ બે પ્રકારે અશુદ્ધ હોય.

૧. પરીક્ષિતના સમ્બન્ધમાં તે પુરુષને લીધે અશુદ્ધ ન હતું એમ જણાવવા સાતમા અધ્યાયમાં અર્જુન ઉપર શ્રીકૃષ્ણની કૃપા હોવાનું કહેલું છે.

૨. સ્ત્રીથી અશુદ્ધ ન હતું એમ જણાવતા કુન્તી ઉપર ભગવાનની ઘણી કૃપા હોવાનું આઠમા અધ્યાયમાં જણાવેલું છે. (આ અધ્યાયના શ્લો.૪૦-૪૧ માં કુન્તી; પુત્રો વગેરે ઉપરના સ્નેહનો ત્યાગ અને ભગવાન્ ઉપરના સ્નેહમાટે અનુક્રમે પ્રાર્થના કરે છે અને શ્લો.૪૪ માં તેણે માગેલું ભગવાન્ તેને આપે છે).

૩. નવમા અધ્યાયમાં પોષણ કરનારાં અન્નની શુદ્ધિ જણાવવા ભીષ્મના ઉપદેશનું નિરૂપણ કરેલું છે, કારણ કે જીવ રહે ત્યાં સુધી અન્નનો દોષ અવશ્ય થાય (દોષવાળું અન્ન લેવામાં આવે). તેથી જ્ઞાનીઓને જ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. કૌરવોના અન્નથી પોષાયેલ હોવા છતાં ભીષ્મને મુક્તિ પ્રાપ્ત થઈ તેથી એમ સમજાય છે કે જ્ઞાનથી થતી શુદ્ધિ ત્રીજા પ્રકારની શુદ્ધિ છે.

૪. બીજ (પરીક્ષિત) ના સાધારણ સમ્બન્ધીઓ પણ ભગવાન્ ઉપર પ્રેમવાળા હોવાનું દશમા અધ્યાયમાં કહેલું છે. આ ચોથા પ્રકારની શુદ્ધિ છે. ભગવાન્ દ્વારકા પધારવા પ્રયાણ કરે છે ત્યારે વિરહના તાપથી આ જાણવામાં આવે છે.

૫. પછી દોષ આવી ન પડે તે માટે ભગવાનના કાર્યની સમાપ્તિ (દ્વારકા પહોંચી જવાનું) અગિયારમા અધ્યાયમાં કહેલ છે. આ પાંચમા પ્રકારની શુદ્ધિ થઈ.

૬. ભગવાનની કૃપા એ મુખ્ય શુદ્ધિ છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મ સમયે ભગવાને પોતે પરીક્ષિત ઉપર કૃપા કર્યાનું(શ્લો.૭-૧૧) તેમજ કાલસ્વરૂપે પણ કૃપા કર્યાનું(શ્લો.૧૨) કહેલું છે. આ બારમા અધ્યાયનો અર્થ જ ભગવાને જન્મ સમયે પરીક્ષિત ઉપર કરેલી કૃપા છે.

-એ પ્રમાણે છએ પ્રકારની શુદ્ધિ પરીક્ષિતમાં હતી. તેરમાથી સત્તરમા સુધીના પાંચ અધ્યાયોમાં

ન હોય તેઓને ભોગ આવશ્યક છે અને પોતાના ભોગમાટે તેઓ પુત્રની મુક્તિમાં કોઈ પ્રસંગે અન્તરાય કરે. પરીક્ષિતનો પિતા અભિમન્યુ પણ અન્તરાય કરે તેમ ન હતું, કારણ કે [૧]તે સામા મુખે યુદ્ધ કરતાં મૃત્યુ પામેલો. સ્મૃતિમાં કહેલું છે કે ''લોકમાં આ બે પુરુષો સૂર્યના મંડલને ભેદનારા (ઉત્તમ ગતિ પ્રાપ્ત કરનારા) છે : યોગ આચરનાર સુયાસી અને યુદ્ધમાં સામા મુખે હણાયેલ (વીર)'' તેથી તેનો પણ મોક્ષ થયેલો. [૨]તેનો એક અંશ ચન્દ્ર હોઈ તેણે વળી દેવની સ્થિતિ પ્રાપ્ત કરેલી તે આધ્યાત્મિક અંશ હતો. [૩]વળી તે ભગવાનનો સમ્બન્ધી હતો, આ અધિદૈવિક અંશ હતો. આવાને મુક્તિ કેમ પ્રાપ્ત ન થાય ? તેથી અભિમન્યુના આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એ ત્રણે અંશથી પરીક્ષિતને અન્તરાય થાય તેમ ન હતું [૮૯-૯૩ાા]

## સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોનો અર્થ :

પાંડવોને દુઃખ બે પ્રકારનું થયેલું [૧]પોતાના દેહથી જુદાં હોય તે (પુત્ર) દ્વારા થયેલું અને [૨]પોતાના દેહથી થયેલું. પુત્ર વગેરે પોતાના દેહથી જુદા છે, તેઓના સમ્બન્ધમાં એક પ્રકારનું દુઃખ થયેલું. પોતાના દેહથી પાછું બે પ્રકારનું દુઃખ થયેલ : [અ]અજ્ઞાનથી થયેલું અને [આ]શત્રુથી થયેલું. અજ્ઞાન પાછું બે પ્રકારનું હતું : [ક]જીવના સમ્બન્ધી અને [ખ]બ્રહ્મના સમ્બન્ધી. આમ હોવાથી પોતાના દેહથી ત્રણ પ્રકારનું દુઃખ થયું : [૧]શત્રુથી [૨]જીવસમ્બન્ધી અજ્ઞાનથી અને [૩]બ્રહ્મસમ્બન્ધી અજ્ઞાનથી. જેનાથી પોતાના દેહથી થયેલ દુઃખ દૂર થાય, તેનાથી જ પુત્રો વગેરેની દ્વારા થયેલું દુઃખ પણ દૂર થાય. તેથી ત્રણ પ્રકારનું જ દુઃખ રહે છે. તેથી તે દુઃખ દૂર કરવા આ ત્રણ અધ્યાયો કહેલા છે. તેમાં સાતમા અધ્યાયમાં પુત્રોના વધથી થયેલ દુઃખ કહેલું છે(શ્લો.૨૦-૨૧). તે સમયે અર્જુનની ઈચ્છા પૂર્ણ કરી(શ્લો.૨૭-૨૮) ભગવાન્ જ તે દુઃખ દૂર કરે છે. શત્રુ ઉપર વિજય પ્રાપ્ત થતાં(શ્લો.૨૯-૫૬) તેનાથી થયેલ દુઃખ દૂર થાય છે. અર્જુને ભગવાનની સ્તુતિ કરેલી(શ્લો.૨૨-૨૬), તેથી ભગવાને તેની ઈચ્છા પૂર્ણ કરેલી. સર્વ સ્થળે દુઃખ દૂર થવાનું કારણ ભગવાનની સ્તુતિ અને તેમની પ્રસન્નતા છે. તેથી આ ત્રણ અધ્યાયોમાં ભગવાનની સ્તુતિ કરેલી છે. સાતમા અધ્યાયમાં અર્જુને દુઃખના પ્રસંગે સ્તુતિ કરી. આઠમા અધ્યાયમાં અર્જુને દુઃખના પ્રસંગે સ્તુતિ કરી. આઠમા અધ્યાયમાં જ પાંડવોનો નાશ કરવા અશ્વત્થામાએ બીજી વાર બ્રહ્માસ્ત્ર યોજેલ ત્યારે, તેનાથી ઉત્તરાના ગર્ભનું અને પાંડવોનું ભગવાને રક્ષણ કર્યુ, ત્યારે પોતાનું ઈચ્છેલું (રક્ષણ) પ્રાપ્ત થતાં કુન્તીએ સુખના પ્રસંગે સ્તુતિ કરી(૧૭-૪૨). આથી બ્રહ્મના સમ્બન્ધી અજ્ઞાન દૂર થયાનું જણાવેલ છે. નવમા અધ્યાયમાં ભીષ્મે પોતાને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે સ્તુતિ કરી(શ્લો.૩૨-૪૨). આથી જીવન સમ્બન્ધી અજ્ઞાન દૂર થયાનું જણાવેલું છે. તેથી જ તે સ્તુતિના અન્તે ભીષ્મને મોક્ષ થયાનું કહેલું છે. આ સ્તુતિ કરનારાઓ ભગવદીય હોવાથી જ તેમનાં દુઃખ તો દૂર થાય. દુઃખ દૂર કરવામાટે સ્તુતિ કરવાનું પ્રયોજન નથી, પરન્તુ (ભક્તિ કરવાનો) અધિકાર પ્રાપ્ત થાય તે માટે સ્તુતિ કરવાની જરૂર હતી. આ સ્તુતિ (સંસારના જુદા પદાર્થોમાંથી) આસક્તિ દૂર કરવાના સાધનરૂપ છે, કારણ કે તે જુદા-જુદા પદાર્થો પ્રાપ્ત કરવા પ્રેરણા કરતા આધિદૈવિકને ભગવાન્ આ સ્તુતિને લીધે તેમ કરતાં અટકાવે છે [૯૩-૯૭]

સર્વથી મોટા ભાઈ યુધિષ્ઠિર હતા, છતાં અર્જુને પહેલાં સ્તુતિ કરી. કારણ કે અર્જુન નરનો અંશ હોઈ સર્વમાં મુખ્ય હતો. કુન્તી શ્રીકૃષ્ણની ફોઈ હોવાથી ભગવાનના સમ્બન્ધને લીધે ઉત્તમ હતી.

ભીષ્મ સર્વથી શ્રેષ્ઠ (વડીલ) હતા પણ તેમની શ્રેષ્ઠતા લૌકિક જ હતી. આ ત્રણમાં અર્જુન ઉત્તમ હતો, તેનાથી ઉતરતા કુન્તી અને તેમનાથી ઉતરતા ભીષ્મ. ઐચ્છિક સ્તુતિ કરેલી એમ માનવું, પરન્તુ સદા સ્તુતિ કરવી જોઈએ તેથી કરેલી. મુખ્ય પુરુષે અવશ્ય સ્તુતિ કરવી જોઈએ. તેથી સ્તુતિ સદા સફલ થાય છે. ભગવાન્ સર્વ સ્થલે સામાન્ય રીતે પોતાનાની રક્ષા કરે છે, પરન્તુ સ્તુતિ કરવામાં આવે ત્યારે ઘણા પ્રેમથી રક્ષા કરે છે અને તેવી પ્રેમથી કરેલી રક્ષા ભક્તનો ભજનનો ઉત્સાહ વધારનારી છે. તેમને જોઈને જે પ્રકારે બીજાઓ પણ ભજન કરવા લાગે તેવો તેમનો ભજનમાં ઉત્સાહ થાય છે [૯૮-૯૯।।]

**બ્રહ્માસ્ત્રોથી ભગવાને કરેલું રક્ષણ :**

દ્રૌપદીના પાંચ પુત્રોને ઉંઘતા હતા ત્યારે અશ્વત્થામાએ હણ્યા. દ્રૌપદી ભગવાનની ભક્ત હતી, પુત્રોના મૃત્યુમાટે રડવું ન જોઈએ, છતાં પણ પુત્રો બ્રાહ્મણ અશ્વત્થામાથી મર્યા અને તે પણ યુદ્ધ કરતાં મરેલ નહિ, તેથી રડવું આવ્યું. કારણ કે બ્રાહ્મણથી મૃત્યુ પ્રાપ્ત કરનાર ખરેખર નરકમાં પડે છે. કર્મનાં ફળ(નરકમાં પડવા)નું ઉલ્લંઘન તો ભગવાનની ઘણી કૃપા હોય તો જ થાય છે, તેથી ભગવાનની તેઓ ઉપર કૃપા થાય તે માટે દ્રૌપદી રડી(અ.૭।૧૬). અર્જુને તેને દિલાસાનાં વચનો કહ્યાં(શ્લો.૧૬). આ વચનો સત્ય ન હતાં. કારણ કે ‘‘સ્ત્રીઓ પાસે, મશ્કરીમાં, વિવાહમાં, વૃત્તિમાટે, પ્રાણ સંકટમાં હોય ત્યારે ...અસત્ય નિંદ્ય નથી’’(ભાગ.પુરા.૮।૧૯।૪૩). શ્રીકૃષ્ણ તો ભક્તની ઈચ્છાને પૂર્ણ કરનારા છે, તેથી બ્રાહ્મણને હણવામાં દોષ છે એમ જાણવા છતાં, અર્જુનને એવી પ્રતિજ્ઞા કરતાં અટકાવતા નથી. આથી એમ સૂચવેલું છે કે ભગવાનના ભક્તોએ પણ શું કરવું યોગ્ય છે તે શાસ્ત્રથી જાણીને જ કરવું જોઈએ. કારણ કે ભગવાન્ અમુક કાર્યમાં દોષ છે એમ જાણવા છતાં તે કાર્ય કરતાં અટકાવતા નથી. જો ભગવાન્ ભક્તોને તેમ કરતાં અટકાવે, તો બધાયે ભજન કરવા યોગ્ય ન ગણાય, કારણ કે સંસાર અનર્થરૂપ છે.

શંકા : અનર્થ થતો હોય તો ભગવાને અટકાવવો જોઈએ. તે તેમણે કેમ ન અટકાવ્યો ? એવી શંકા પણ ન કરવી.

સમાધાન : કારણ કે અનર્થ થાય ત્યારે પણ તેમાંથી (ભક્તનું) રક્ષણ કરવા ભગવાન્ શક્તિવાળા છે. અને આવી પ્રતિજ્ઞારૂપ અર્જુનનો અનર્થ તેના ઉપર દ્રૌપદીનો પ્રેમ કરાવનારો છે. વળી અશ્વત્થામા દૈત્યનો અંશ હોવાથી અર્જુને તેવી પ્રતિજ્ઞા કરેલી અને ભગવાને પણ તેને હણવા અર્જુનને કહેલું(અ.૭।૩૫-૩૯). અશ્વત્થામાને હણવામાં વેદનો વિરોધ ન રહે તે માટે ભીમે પણ તેનો વધ કરવામાં આવે તેવો ઉદ્યમ કર્યો(અ.૭।૫૧). કારણ કે પ્રાણવાયુરૂપ ભીમ વેદરૂપ છે. તેને દૈત્યો પ્રતિ કુદરતી દ્વેષ હોય છે. તેથી પ્રમાણ (પ્રાણવાયુ-વેદરૂપ ભીમ) અને પ્રમેય (ભગવાન્ શ્રીકૃષ્ણ) બન્નેનો અભિપ્રાય અશ્વત્થામાને હણવાનો થયો છતાં તેમના અભિપ્રાય પ્રમાણે અર્જુને આચરણ ન કર્યુ. અર્જુન તેમજ દ્રૌપદી બન્ને લૌકિક હતાં, તેથી લોક એટલે કુલના વિચારને લીધે અને ‘‘બ્રાહ્મણને હણવો નહિ’’ એવા વેદના વાક્યને લીધે અશ્વત્થામાનો વધ ન કર્યો. અશ્વત્થામા દૈત્યનો અંશ હતો અને દ્રૌપદી સંહારશક્તિ હોઈ દૈત્યોને અનુકૂળ હોય, તેથી તેણે તેને છોડી મૂકવા કહ્યું(અ.૭।૪૩-૪૮). ભગવાન્ તો તે સર્વરૂપ હોવાથી બન્ને પક્ષને સમાન છે, તેથી તેમણે અર્જુનને પોતાની પ્રતિજ્ઞા પાળવા અને ભીમસેનને પોતાનો પ્રિય લાગે તેમ કરવા કહ્યું(અ.૭।૫૩-૫૪). કારણ કે વિપત્તિ

આવી પડે તો પણ ભક્તનું રક્ષણ ભગવાન્ બીજે પ્રકારે પણ કરવાના જ. પ્રમાણે(ભીમે) અને પ્રમેયે(ભગવાને), શ્લો.૩૫-૩૯ માં જણાવ્યું તે પ્રમાણે, અશ્વત્થામાને અર્જુને ન હણતાં જવા દીધો, તેથી પાંડવોને વિપત્તિ આવી પડી, કારણ કે બીજી વાર વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર યોજી તેણે જગતમાંથી પાડવોનું મૂલ કાઢી નાખવા પ્રયાસ કર્યો.

અર્જુને અશ્વત્થામાનો વધ ન કરતાં તેના માથામાંથી મણિ કાઢી લઈ તેને મૂંડ્યો(અ.૭।૫૫). તેનું માથું મૂંડવાનું જ્ઞાન અર્જુનને તે સમયે થયું કારણ કે તે સમય ભગવાનનો તેનામાં આવેશ થયેલો. ભગવાને અર્જુનમાં આવેશ કરી તે પ્રમાણે કરેલું, તેથી તેણે તેનું માથું લાવી આપવાની પહેલા પ્રતિજ્ઞા કરેલી(શ્લો.૧૬) તેનો વિરોધ રહેતો નથી(શ્લો.૫૭). જો ભગવાને અર્જુનમાં આવેશ કરી તે પ્રમાણે કર્યું ન હોત તો સંહાર શક્તિ-દ્રૌપદી ભીમ વગેરેનો પણ વધ કરત. આવું ઉપાખ્યાન પણ કોઈ કોઈ સ્થલે પ્રસિદ્ધ છે. પછી ક્રોધનો આવેશ જતો રહ્યો ત્યારે પહેલાંની પેઠે (બ્રાહ્મણથી મૃત્યું અને યુદ્ધ કરતાં ન થયું તે માટે) દ્રૌપદી અને પાંડવોએ પુત્રોના મૃત્યુમાટે વિલાપ કર્યો. પછી અશ્વત્થામાએ વાળી ન શકાય તેવા બ્રહ્માસ્ત્રને યોજ્યું. અર્જુનને પોતે પહેલું બ્રહ્માસ્ત્ર વાળેલું તેનો ગર્વ ન રહે તે માટે ભગવાને આ પ્રયોગ કરાવેલો [૧૦૦-૧૦૪।।]

બ્રહ્માસ્ત્ર બે પ્રકારનાં છે : ૧.વાળી ન શકાય તેવાં અને ૨.વાળી શકાય તેવાં. પહેલાં વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર અશ્વત્થામાએ યોજેલું, તેથી ભગવાને તેને વાળવા અર્જુનને કહેલું (અ.૭।૨૮) અને અર્જુને તે વાળેલું (અ.૭।૩૨). તેથી અર્જુનને ગર્વ થયો. તે ગર્વ ન રહે તે માટે વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર યોજવા ભગવાને અશ્વત્થામાને પ્રેરણા કરેલી. પોતાનું મૃત્યુ થાય તેમ હોય તેવા પ્રસંગે પણ વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર યોજવું ન જોઈએ. તેનું સામર્થ્ય શાસ્ત્રથી અને દેવથી પ્રાપ્ત થયેલું હોય છે, તેથી તેનું તેજ અધિક હોય છે. જ્યારે અશ્વત્થામાને કાંઈ ઉપાય ન રહ્યો અને મણિ જવાથી તે મરેલા જેવો થઈ ગયો, ત્યારે તેણે પિતા પાસેથી ઘણા-ઘણા પૂજનથી પ્રાપ્ત કરેલ આ બ્રહ્માસ્ત્રને યોજ્યું. તેથી ભગવાને તેને સુદર્શનથી પાંડવોનું રક્ષણ કર્યું (અ.૮।૧૨), તેથી અર્જુન સહિત પાંડવોનો ગર્વ જતો રહ્યો [૧૦૫-૧૦૭]

ભગવાને એ પ્રમાણે પાંડવોના ગર્વનો નાશ કર્યો, છતાં ગર્વના કારણરૂપ તેમના વંશને, પરીક્ષિતનું ઉત્તરાના ગર્ભમાં રક્ષણ કરી, બન્ધ પડવા ન દીધો. કારણ કે ઉત્તરા ભગવાનની પરમ ભક્ત હોઈ, આધિભૌતિક સરસાઈવાળી સર્વથી શ્રેષ્ઠ હતી. તેથી જ તે ભગવાનને શરણ આવેલી(અ.૮।૮). વળી તે રોહિણીનો અંશ હોવાથી તેણે ભગવાનની સ્તુતિ કરેલી. આ તેની આધ્યાત્મિક સરસાઈ થઈ(અ.૮।૮-૯). વળી ભગવાનના સમ્બન્ધવાળી એટલે ભગવદીય હોવાથી તેણે પહેલેથી જ બ્રહ્માસ્ત્ર જોયું. આ તેની આધિદૈવિક સરસાઈ થઈ. એવી રીતે તે ત્રણ પ્રકારની સરસાઈવાળી હોવાથી, તેનું પ્રિય થાય તે માટે ભગવાને તેના ગર્ભનું બ્રહ્માસ્ત્રથી રક્ષણ કર્યું. તે ભક્ત હતી એમ જણાવવા ભગવાને તેના ગર્ભમાં પધારી ગર્ભનું રક્ષણ કર્યું. તે ભગવાનની ભક્ત હોવા છતાં, અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે શ્રીકૃષ્ણ તેનાથી દૂર હોવાથી, તે અસ્ત્રે તેના ગર્ભમાં પહેલાં પ્રવેશ કરેલો તેથી ભગવાને પોતાની માયાથી તે ગર્ભને વીંટી લઈ, તેનું બ્રહ્માસ્ત્રથી રક્ષણ કર્યું(અ.૮।૧૩-૧૪). ગર્ભમાં

પ્રવેશેલા બ્રહ્માસ્ત્રને તેનું કાર્ય કરતાં અટકાવવાનો તે જ ઉપાય હતો. ભગવાને આ પ્રમાણે પરીક્ષિતનું રક્ષણ કરેલું એવું તેને જ્ઞાન થાય તે માટે ભગવાન્(ગર્ભમાં) ઘણો સમય રહેલા [૧૦૮-૧૦૯ાા]

શંકા : ભગવાને પાંડવોનું સુદર્શનથી અને ઉત્તરાના ગર્ભનું પોતાની માયાથી રક્ષણ કર્યાનું કહેલ છે(અ.૮।૧૨-૧૩), પરન્તુ બ્રહ્માસ્ત્ર, જેનો નાશ કદાપિ થતો નથી, નો કોઈમાં લય થયાનું કહેલું નથી. ''વૈષ્ણવ તેજ પ્રાપ્ત કરીને તે શાન્ત થયું'' એમ (અ.૮।૧૪ માં) કહી, માત્ર તેનું ક્રૂરપણું અટકી ગયાનું જણાવેલ છે, પરન્તુ બ્રહ્માસ્ત્રનો પોતાનો લય થયાનું કહેલું નથી. પરીક્ષિતના જન્મ સમયે પણ તેણે પોતાની ગદાથી અસ્ત્રના તેજનો નાશ કરતા ભગવાનનાં જ દર્શન કરેલાં(અ.૧૨।૧૦), તેથી અહીં પણ અ.૮।૧૪ પેઠે તેના તેજનો નાશ કર્યો એટલે તેને શાંત કર્યું એવો નિર્ણય થાય છે. ત્યારે તે બ્રહ્માસ્ત્રનું શું થયું ? એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે ભગવાને બ્રહ્માસ્ત્રનો પોતાની અંદર જ લય કરેલો. બ્રહ્માસ્ત્ર ભગવાન્થી દુર્બલ હોવાથી અને ભગવાન્માંથી જ ઉત્પન્ન થયેલ હોવાથી, તેનો તેના કારણ ભગવાન્માં જ લય થાય એવો નિશ્ચય થાય છે. બ્રહ્માસ્ત્રનો લય ભગવાન્માં કેવી રીતે થયો તે પ્રકાર શ્રીભાગવતમાં કહેલ નથી. જ્યાં-જ્યાં આવી રીતે હર કોઈ પદાર્થના લયનો પ્રકાર કહેલ ન હોય ત્યાં-ત્યાં તેનો લય તેના કારણમાં જ થયેલ હોવાનું જાણવું એમ આ વૃત્તાન્તથી સૂચવેલું છે [૧૦૯ાા-૧૧૦]

**બ્રહ્મસ્વરૂપનું અને જીવસ્વરૂપનું જ્ઞાન :**

પહેલાં પાંડવોને ગર્વ હતો. પાછું ન વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર અશ્વત્થામાએ યોજ્યા પછી તે ગર્વ જતો રહ્યો. ગર્વને લીધે પહેલાં ભક્તિ ન હતી. ગર્વ જતો રહેતાં ભગવાન્માં ભક્તિ થઈ. ભક્તિવાળા હોય તે ભજન કરે તેથી ભજન કરવામાટે (ભગવાનના માહાત્મ્ય સમ્બન્ધી) સર્વ સન્દેહોનો નાશ કરે તેવી સ્તુતિ કુન્તીએ કરી(અ.૮।૧૭-૪૨). તેને જ્ઞાન અથવા જ્ઞાન કરાવનાર સાધન ન હતાં, છતાં ભગવાન્માં ભક્તિ થતાં, તેમનાં સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ તેને પોતાની કલ્પનાથી આવવા લાગ્યો અને તેથી તે તેવી સ્તુતિ કરી શક્યાં. વળી ભગવાને પાંડવોનું તથા ગર્ભનું રક્ષણ કર્યું તેથી પણ તેમનાં સ્વરૂપનું તેને ભાન થયું. કારણ કે પહેલાં ભગવાને આવી પ્રત્યક્ષ રીતે તેમનું રક્ષણ કરેલું ન હતું તેથી અનન્ત ગુણોથી ભરપૂર ભગવાન્ તેમના અન્તઃકરણમાં પ્રકાશતા હોવા છતાં, ''તમારા વચ્ચે કાંઈક વ્યવધાન(આડખીલી) છે'' એ નિયમ પ્રમાણે આડખીલી હોવાથી તેમને ભગવાનનું જ્ઞાન ન હતું. હમણાં ભગવાને પ્રત્યક્ષ પ્રકારે રક્ષણ કર્યું તેને લીધે આડખીલી લગભગ નીકળી ગઈ, એટલે ભગવાનનાં આ કાર્યને લીધે તેમને ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું સારી રીતે જ્ઞાન થયું [૧૧૧]

પાંડવોને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન સારી રીતે થયું, છતાં પણ પાછળથી યુધિષ્ઠિરને મોહ થયો(અ.૮।૪૫-૫૧), કારણ કે મનની કલ્પનાથી અથવા ભગવાનનાં દર્શનથી થયેલું જ્ઞાન મોહને દૂર કરતું નથી. કારણ કે દોષનું શ્રવણ થતાં શબ્દથી મોહ ઉત્પન્ન થાય છે. શાસ્ત્રથી ભ્રમને લીધે ઉત્પન્ન થયેલા જ્ઞાનને લીધે યુધિષ્ઠિરને મોહ થયેલો, તે શાસ્ત્રના પ્રકારે જ દૂર થાય. તેથી જ્યાં સુધી સર્વનો નિર્ણય જણાવી ગુરુ બોધ ન કરે ત્યાં સુધી જીવને મોહ રહે જ, તેથી યુધિષ્ઠિરને થયેલ મોહનું વર્ણન કરેલું છે. તેથી જ્યાં સુધી ભીષ્મ યુધિષ્ઠિરને તેવી રીતે બોધ ન કરે ત્યાં સુધી તેનો મોહ ન જાય.

નવમા અધ્યાયમાં ભીષ્મ યુધિષ્ઠિરને બોધ કરે છે(શ્લો.૧૨।૩૮) તેથી આ અધ્યાય જીવના સ્વરૂપનું જ્ઞાન કરાવનારો છે [૧૧૨]

અહીં ભીષ્મે યુધિષ્ઠિરને એવો બોધ કરેલો કે જીવ ભગવાનનું ભજન કરવાથી જ કૃતાર્થ થાય છે(શ્લો.૨૨-૨૩). તે બોધ પોતાના આચરણથી દઢ કરવા ભીષ્મ ત્યાર પછી ભગવાનની સ્તુતિ કરે છે(શ્લો.૩૨-૪૨) તેથી આ સ્તુતિ સંગતિ રહિત નથી. કારણ કે તેથી ભીષ્મ સાધન અને ફલ પ્રત્યક્ષ દેખાડે છે. સ્તુતિથી સાધન(ભગવાનના ભજન) સમ્બન્ધી સન્દેહ દૂર કરે છે અને તેને મુક્તિ પ્રાપ્ત થાય છે(શ્લો.૪૪-૪૫). તેથી તે સાધનથી થતા ફલ સમ્બન્ધી સન્દેહ દૂર કરે છે. એ પ્રમાણે સાતથી નવ સુધીના ત્રણ અધ્યાયોથી યુધિષ્ઠિરના સર્વ સન્દેહ દૂર કરેલા છે. એ રીતે પાંડવોનું દુઃખ દૂર થયાનું કહેલું છે.

**દશમાથી બારમા સુધીના ત્રણ અધ્યાયોનો અર્થ :**

દશમાથી બારમા સુધીના ત્રણ અધ્યાયોમાં પાંડવોને સુખ પ્રાપ્ત થયું તેનું વર્ણન કરેલું છે. દશમા અધ્યાયમાં પહેલાં યુધિષ્ઠિરનું શ્રીકૃષ્ણ ઉપરના પ્રેમ સહિત રાજ્ય સમ્બન્ધી સુખ સામાન્ય રીતે કહેલું છે(શ્લો.૨-૬). શ્રીકૃષ્ણનો વિયોગ થાય ત્યારે તેની પરના પ્રેમનું સુખ ઘણું વધી જાય, તેથી ભગવાન્ હસ્તિનાપુરમાંથી દ્વારકા જવા નીકળવાની કથા આગળ કહેલી છે(શ્લો.૭-૩૨). શ્રીકૃષ્ણના સુખમાં જ યુધિષ્ઠિરનું સુખ હતું એમ જણાવવા યુધિષ્ઠિરના સુખનું વર્ણન કરતાં શ્રીકૃષ્ણની આ કથા કહેલી છે. દશમા અને અગિયારમા એ બે અધ્યાયોમાં ભગવાનને સુખ થયું તે કહેલું છે, કારણ કે શ્રીકૃષ્ણ જે કાર્યમાટે હસ્તિનાપુર પધારેલા તે કાર્ય કરીને સુખી થાય છે. તે ભક્તોનો ઉદ્ધાર કરવા પધારેલા. અને તેમણે ભક્તનો પ્રપંચમાંથી ઉદ્ધાર કર્યો. સ્વકીય (પોતાના સમ્બન્ધવાળા) ભક્તો અને પરકીય (તેવા સમ્બન્ધ વગરના) ભક્તોનો ઉદ્ધાર ભગવાને કર્યો, તેથી તેનું વર્ણન દશમા અને અગીયારમા એ બે અધ્યાયોથી કરેલું છે. બારમા અધ્યાયમાં પુત્ર (પરીક્ષિત) ની પ્રાપ્તિ થતાં યુધિષ્ઠિરને સુખ થાય છે તેનું ખાસ પ્રકારે વર્ણન કરેલું છે. આ ત્રણ અધ્યાયોમાં પાંડવોના સુખનું નિરૂપણ કર્યું તેથી એમ સિદ્ધ થાય છે કે પાંડવોનું સર્વ સુખ શ્રીકૃષ્ણને અધીન હતું. આ ત્રણ અધ્યાયોના એ અર્થનું જ્ઞાન દરેક વાક્યનો અર્થ વિચારવાથી થાય તેવી રીતે તેનું નિરૂપણ કરેલું છે [૧૧૩-૧૧૫।।]

**તેરમાંથી પન્દરમા સુધીના ત્રણ અધ્યાયોનો અર્થ :**

તેરમાંથી પન્દરમા સુધીના ત્રણ અધ્યાયોમાં પાંડવોને મુક્તિ પ્રાપ્ત થઈ તેનું નિરૂપણ કરેલું છે. તે પૈકી તેરમા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની મુક્તિ કહેલી છે. ધૃતરાષ્ટ્ર ઘરમાંથી નીકળી ગયા એ બીજ છે. જ્યારે ધૃતરાષ્ટ્રને પણ ઘરમાંથી નીકળી જવાથી મુક્તિ પ્રાપ્ત થઈ ત્યારે આપણને પણ તેમ કરવાથી મુક્તિ પ્રાપ્ત થશે, એવો તેનાથી બીજાઓને પણ વિશ્વાસ થાય, તેથી ધૃતરાષ્ટ્રની બીજરૂપ મુક્તિ આ તેરમા અધ્યાયનો અર્થ છે. પાંડવોની મુક્તિનું આ બીજ છે એમ જણાવવા જ નારદ યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્રનું ચરિત્ર કહે છે(શ્લો.૫૦-૫૭). યુધિષ્ઠિરને ઘર તજી નીકળી જવાનું કારણ વૈરાગ્ય, એ આ બીજમુક્તિનું પરિણામ છે. આ ચૌદમા અધ્યાયનો અર્થ છે. પન્દરમા અધ્યાયમાં પાંડવોને મુક્તિ

પ્રાપ્ત થાય છે તેમાં મુક્તિરૂપ ફલનું નિરૂપણ કરેલું છે.

વડવાઓની મુક્તિ થઈ ન હોય તો પોતાની મુક્તિ થવામાં તે અન્તરાયરૂપ થાય છે એમ ઉપર કહેલું છે, તેથી પરીક્ષિતની મુક્તિમાં આવો અન્તરાય રહ્યો ન હતો એમ જણાવવા અહીં પાંડવોની મુક્તિ થયાનું કહેલ છે. વળી વડીલો ઘર તજી વનમાં જઈ મુક્તિ મેળવે, તેવી તેમની મુક્તિ પોતાને પણ ત્યાગ કરવાના સાધનરૂપ થાય છે. પાંડવોએ ત્યાગ કર્યો, તેમનું દૃષ્ટાન્ત લઈ પરીક્ષિત પણ ત્યાગ કરે અને ત્યાગ કરે ત્યારે શ્રીકૃષ્ણમાં લય એટલે મુક્તિ થાય એમ સર્વના સમ્બન્ધમાં સ્પષ્ટ કહેલું છે. તેથી દૃષ્ટાન્તના પ્રકારથી પણ પાંડવોની મુક્તિ પરીક્ષિતની મુક્તિ થવામાં ઉપયોગી છે. તેથી અહીં તેઓની મુક્તિનું નિરૂપણ કરેલું છે. અહીં પન્દરમા અધ્યાયમાં અર્જુને શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે(શ્લો.૭-૨૧). પાંડવો બધા શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા હતા એમ દર્શાવવા તે કરેલ, એવી તેની સંગતિ તત્ત્વાર્થદીપ નિબન્ધ રચ્યા પહેલાં શ્રીમદાચાર્યચરણે જે સૂક્ષ્મ ટીકા કરેલી તેમાં દર્શાવેલી(જુઓ શ્રીસુબોધિની અ.૧૫।૭ ના આભાસમાંની કારિકાઓ). આ અધ્યાયનો અર્થ તો પાંડવોની મુક્તિ જ છે. તેથી શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ અર્જુને કરેલ તેનો શો ઉપયોગ છે તે અહીં નિબન્ધમાં તેઓશ્રીએ દર્શાવેલ નથી. પરીક્ષિતની મુક્તિ થવામાં અન્તરાય નથી એમ જણાવવા સાતમાથી પન્દરમા સુધીના નવ ગુણરૂપ અધ્યાયોનો અર્થ જણાવ્યો અને બીજ વગેરેની શુદ્ધિદ્વારા તે પરીક્ષિતની મુક્તિ થવામાં ઉપયોગી છે એવો તેમનો ઉપયોગ પણ કહ્યો [૧૧૫-૧૧૭।।]

(અધ્યાય ૧૬ થી ૧૯ સુધીના અધ્યાયર્થો અધ્યાય ૧૬ ના સુબોધિની થી પૃષ્ઠ ક્રમાંક ૪૩૩ થી આપેલ છે.)

# ।। શ્રીપુરુષોત્તમનામસહસ્રં સ્તોત્રમ્ ।।

**પુરાણપુરુષો વિષ્ણુઃ પુરુષોત્તમ ઉચ્યતે ।**
**નામ્નાં સહસ્રં વક્ષ્યામિ તસ્ય ભાગવતોદ્ધૃતમ્ ।।૧।।**

શ્રીપુરાણપુરુષ ભગવાન્ વિષ્ણુ જે 'શ્રીપુરુષોત્તમ' તરીકે કહેવાય છે તે શ્રીપુરુષોત્તમનાં શ્રીમદ્‌ભાગવતમાંથી ઉદ્ધારેલાં એક હજાર નામ કહું છું ।।૧।।

**યસ્ય પ્રસાદાદ્ વાગીશાઃ પ્રજેશા વિભવોન્નતાઃ ।**
**ક્ષુદ્રાઅપિ ભવન્ત્યાશુ શ્રીકૃષ્ણં તં નતોઽસ્મ્યહમ્ ।।૨।।**

જે પ્રભુની કૃપા થાય તે ક્ષણે હલકા જીવો પણ બૃહસ્પતિના જેવા વિદ્વાન્, બ્રહ્માજીની સમાન અથવા રાજાની સમાન સમ્પત્તિવાળા, દિવ્ય વૈભવશાળી બને છે તે શ્રીકૃષ્ણચન્દ્રને હું પ્રણામ કરું છું ।।૨।।

**અનન્તાએવ કૃષ્ણસ્ય લીલા નામપ્રવર્તિકાઃ ।**
**ઉક્તા ભાગવતે ગૂઢાઃ પ્રકટા અપિ કુત્રચિત્ ।।૩।।**

અનેક નામોને પ્રવર્તાવિનારી શ્રીકૃષ્ણની અગણિત-અપાર લીલાઓ છે તે સર્વ લીલાઓ શ્રીમદ્‌ભાગવતમાં ગુપ્ત ભાવે અને કોઈક સ્થળે પ્રકટ પણે કહેલી છે ।।૩।।

**અતસ્ તાનિ પ્રવક્ષ્યામિ નામાનિ મુરવૈરિણઃ ।**
**સહસ્રં યૈસ્તુ પઠિતૈઃ પઠિતં સ્યાત્ શુકામૃતમ્ ।।૪।।**

(પ્રભુની ગુપ્ત લીલાઓ અગમ્ય છે) માટે મુરારિ શ્રીકૃષ્ણનાં પ્રકટ લીલાનાં એક હજાર નામ સ્પષ્ટ રીતે કહું છું, જે નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના મુખમાંથી ઝરેલ અમૃત સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતનો પાઠ કર્યો (કહેવાશે) થશે ।।૪।।

**કૃષ્ણનામ-સહસ્રસ્ય ઋષિરગ્નિ નિરૂપિતઃ ।**
**ગાયત્રી ચ તથા છન્દો દેવતા પુરુષોત્તમઃ ।।૫।।**

શ્રીકૃષ્ણસહસ્રનામ મન્ત્રોના આદ્ય દ્રષ્ટા (આધિદૈવિક)અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે, ગાયત્રી છન્દ છે અને દેવતા પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર છે।।૫।।

**વિનિયોગઃ સમસ્તેષુ પુરુષાર્થેષુ વૈ મતઃ ।**
**બીજં ભક્તિપ્રિયઃ શક્તિઃ સત્યવાગ્ ઉચ્યતે હરિઃ।।૬।।**

શ્રીપુરુષોત્તમસહસ્રનામનો ધર્મ-અર્થ-કામ-મોક્ષ નામના પુરુષાર્થોની સિદ્ધિમાં વિનિયોગ (ઉપયોગ) માનેલો છે, ભક્તિપ્રિય ભગવાન્ એનું બીજ છે અને સત્ય વચનવાળા હરિ એ શક્તિ છે. (અનન્ય પ્રીતિથી નિષ્કામ સેવા= ધર્મ. ભગવત્સેવા

નિમિત્તેજ વસ્તુ સમુદાયનો સંચય = અર્થ. પદાર્થની કામના પણ પ્રભુનેમાટે જ; એનું નામજ 'કામ'. સુખ-દુઃખાદિ દ્વન્દ્વથી પર બની ભગવલ્લીલાનો રસ અનુભવ કરવો = મોક્ષ) ।।૬।।

**ભક્તોદ્ધરણયત્નસ્તુ મન્ત્રોઽત્ર પરમો મતઃ ।**
**અવતારિતભક્તાંશઃ કીલકં પરિકીર્તિતમ્ ।।૭।।**

નિજજનોના કલેશની નિવૃત્તિમાટે પ્રયત્ન એ જ શ્રીપુરુષોત્તમ-સહસ્રનામ સ્તોત્રનો મુખ્ય મન્ત્ર છે. પોતાના અંશો ભક્તોનેમાટે જે પ્રભુ અવતાર્યા છે તે પ્રભુ 'કીલક' (ચાવી)સ્વરૂપે છે ।।૭।।

**અસ્ત્રં સર્વસમર્થશ્ચ ગોવિન્દઃ કવચં મતમ્ ।**
**પુરુષો ધ્યાનમ્ અત્રોક્તઃ સિદ્ધિઃ શરણસંસ્મૃતિઃ।।૮।।**

સર્વ સમર્થ ભગવાન્ એ આ સ્તોત્રના અસ્ત્ર (આયુધ) રૂપે છે. શ્રીગોવિન્દભગવાન્ કવચ એટલે બખતર છે. આ સ્તોત્રમાં વર્ણવેલ શ્રીપુરુષોત્તમ ધ્યાનસ્વરૂપ છે. નિરન્તર ''હું પ્રભુના ચરણનો દાસ છું'' એવી સ્મૃતિ રહેવી એ જ સ્તોત્રની સિદ્ધિ છે ।।૮।।

# પ્રથમસ્કન્ધનામાનિ

## અધિકારલીલા

**શ્રીકૃષ્ણઃ સચ્ચિદાનન્દો નિત્યલીલા-વિનોદકૃત્ ।**
**સર્વાગમ-વિનોદી ચ લક્ષ્મીશઃ પુરુષોત્તમઃ ।।૯।।**

[૧]શ્રીકૃષ્ણ, [૨]સત્-ચિત્-આનન્દસ્વરૂપ, [૩]નિરન્તર લીલાવિનોદને-લીલાઓના આનન્દને પ્રકટ કરનાર, [૪]સર્વે વેદોથી વિનોદ કરનાર, સર્વ વેદો એ જ એમનો વિનોદ છે, સર્વ વેદોથી કાલને પ્રેરનાર, [૫]લક્ષ્મીજીના સ્વામી [૬]શ્રીપુરુષોત્તમ ।।૯।।

**આદિકાલઃ સર્વકાલઃ કાલાત્મા માયયાવૃતઃ ।**
**ભક્તોદ્ધાર-પ્રયત્નાત્મા જગત્કર્તા જગન્મયઃ ।।૧૦।।**

[૭]સર્વથી પહેલાદ્ધ કાલપુરુષ, [૮]સર્વને પ્રેરનાર કાલસ્વરૂપ, [૯]કાલના આત્માસ્વરૂપ, [૧૦]માયાથી વીંટાયેલા, [૧૧]ભક્તોના ત્રિવિધ કલેશને દૂર કરવાના પ્રયત્નમાં મનવાળા, [૧૨]જગત્ના કર્તા (રચનાર), [૧૩]જગત્સ્વરૂપ ।।૧૦।।

**નામ-લીલા-પરો વિષ્ણુઃ વ્યાસાત્મા શુકમોક્ષદઃ ।**
**વ્યાપિ-વૈકુણ્ઠ-દાતા ચ શ્રીમદ્ભાગવતાગમઃ ।।૧૧।।**

[14]શ્રેષ્ઠ નામ અને લીલાઓ વાળા, [15]વિષ્ણુ-સર્વત્ર વ્યાપક, [16]વ્યાસજીના સ્વરૂપે અવતરેલા, [17]શુકદેવજીને મુક્તિ આપનાર, [18]સર્વત્ર વ્યાપક જ્ઞાનપૂર્ણ એવા વૈકુંઠને આપનાર, [19]શ્રીમદ્ભાગવતના ઉત્પાદક ।।૧૧।।

**શુકવાગમૃતાબ્ધીન્દુઃ શૌનકાદ્યખિલેષ્ટદઃ ।**
**ભક્તિ-પ્રવર્તકસ્ત્રાતા વ્યાસ-ચિન્તા-વિનાશકઃ ।।૧૨।।**

[20]શુકદેવજીની અમૃતવાણીરૂપી સાગરના ચંદ્રમા, [21]શૌનક વગેરેને સર્વપ્રિય ભક્તિ આપનાર, [22]ભક્તિને પ્રવર્તાવનાર, [23]રક્ષણ કરનાર, [24]વ્યાસજીની ચિંતાને દૂર કરનાર ।।૧૨।।

**સર્વસિદ્ધાન્ત-વાગાત્મા નારદાદ્યખિલેષ્ટદઃ ।**
**અન્તરાત્મા ધ્યાનગમ્યો ભક્તિ-રત્ન-પ્રદાયકઃ ।।૧૩।।**

[25]સર્વ પ્રકારની વાણીમાં સિદ્ધાન્તસ્વરૂપ સમાધિભાષારૂપ (આપનું સ્વરૂપ છે), [26]નારદજી વગેરેને સર્વથી શ્રેષ્ઠ ભક્તિ આપનાર, [27]અન્તઃકરણસ્વરૂપ એવા પ્રભુ, [28]ધ્યાન કરવાથી જાણી શકાતા, [29]ભક્તિમાં સાધનભૂત શ્રીમદ્ભાગવત રૂપી રત્નને આપનાર ।।૧૩।।

**મુક્તોપસૃપ્યઃ પૂર્ણાત્મા મુક્તાનાં રતિવર્ધનઃ ।**
**ભક્ત-કાર્યૈક-નિરતો દ્રૌણ્યસ્ત્ર-વિનિવારકઃ ।।૧૪।।**

[30]મુકતાત્માઓ-ભક્તો જેના સન્નિધિમાં જવાને યોગ્ય છે એવા, [31]સર્વગુણ પરિપૂર્ણ આત્મસ્વરૂપ, [32]મુક્ત ભક્તોની સ્થાયી પ્રીતિ વધારનાર, [33]ભકતોનાં કાર્ય કરવામાં સર્વથા તત્પર, [34]દ્રોણાચાર્યના પુત્ર અશ્વાત્થામાના બ્રહ્માસ્ત્રને સર્વથા પાછું વાળનાર ।।૧૪।।

**ભકત-સ્મય-પ્રણેતા ચ ભક્તવાક્-પરિપાલકઃ ।**
**બ્રહ્મણ્ય-દેવો ધર્માત્મા ભક્તાનાં ચ પરીક્ષકઃ ।।૧૫।।**

[35]ભકતોના ગર્વનો નાશ કરનાર, [36]ભકતની(દ્રૌપદીની) વાણીનું પાલન કરનાર, [37]બ્રહ્મમાં તલ્લીન પુરુષો(વ્રજભકત વગેરે) માં સ્વચ્છન્દ ક્રીડા કરનાર, [38]ધર્મને માટે અવતરનાર, ધર્મ(યુધિષ્ઠિર) ના પ્રાણરૂપ, [39]ભકતોની પરીક્ષા કરનાર ।।૧૫।।

**આસન્ન-હિત-કર્તા ચ માયા-હિત-કરઃ પ્રભુઃ ।**
**ઉત્તરા-પ્રાણદાતા ચ બ્રહ્માસ્ત્ર-વિનિવારકઃ ।।૧૬।।**

[40]જલ્દીથી ભકતોના હિતને સાધનાર, [41]પોતાની માયા શક્તિથી સર્વને અભયદાન

આપવારૂપ હિત કરનાર, [૪૨]સર્વસમર્થ, [૪૩]ઉત્તરાના ગર્ભના રક્ષણ સાથે પ્રાણનું દાન કરનાર, [૪૪]અમોઘ બ્રહ્માસ્ત્રના રોકનાર ।।૧૬।।

**સર્વતઃ પાંડવપતિઃ પરીક્ષિચ્છુદ્ધિ-કારણમ્ ।**
**ગૂઢાત્મા સર્વવેદેષુ ભક્તૈક-હૃદયંગમઃ ।।૧૭।।**

[૪૫]સર્વ આપત્તિમાંથી પાંડવોને બચાવનાર, [૪૬]પરીક્ષિત્ રાજાની શુદ્ધિમાં હેતુ ભૂત, [૪૭]સર્વ વેદોમાં ગુહ્ય સ્વરૂપે બિરાજતા, [૪૮]ભક્તોના જ હૃદયમાં વાસ કરનાર ।।૧૭।।

**કુન્તી-સ્તુત્યઃ પ્રસન્નાત્મા પરમાદ્ભુત-કાર્ય-કૃત્ ।**
**ભીષ્મ-મુક્તિ-પ્રદઃ સ્વામી ભક્ત-મોહ-નિવારકઃ ।।૧૮।।**

[૪૯]કુન્તી માતાવડે સ્તુતિ કરવાને યોગ્ય, [૫૦]પ્રસન્ન અન્તઃકરણવાળા, [૫૧]અત્યન્ત વિસ્મય પમાડનારા કાર્યો કરનારા, [૫૨]ભીષ્મ પિતામહને મુક્તિ આપનારા, [૫૩]ભકતોના સ્વામી, [૫૪]ભકતોના મોહને દૂર કરનારા ।।૧૮।।

**સર્વાવસ્થાસુ સંસેવ્યઃ સમઃ સુખ-હિત-પ્રદઃ ।**
**કૃતકૃત્યઃ સર્વસાક્ષી ભકત-સ્ત્રી-રતિ-વર્ધનઃ ।।૧૯।।**

[૫૫]દરેક અવસ્થાઓમાં સારી રીતે સેવા કરવાને યોગ્ય, [૫૬]સર્વ સમાનદ્વ નિર્વિકાર, [૫૭]સુખ અને કલ્યાણ ને આપનારા, [૫૮]સર્વ કાર્યોની સિદ્ધિવાળા, [૫૯]સર્વ વસ્તુના સાક્ષી, [૬૦]ભક્તોમાં અને સ્ત્રીઓમાં પોતાના તરફના પ્રેમને વધારનારા ।।૧૯।।

**સર્વ-સૌભાગ્ય-નિલયઃ પરમાશ્ચર્યરૂપધૃક્ ।**
**અનન્ય-પુરુષ-સ્વામી દ્વારકા-ભાગ્ય-ભાજનમ્ ।।૨૦।।**

[૬૧]સર્વ સૌભાગ્યના ભંડાર, [૬૨]અત્યન્ત વિસ્મયજનક સ્વરૂપને ધારણ કરનારા, [૬૩]અનન્યાશ્રયી(અનાથ) પુરુષોના નાથ, [૬૪]દ્વારકા નગરીના સદ્ભાગ્યના હેતુ ।।૨૦।।

**બીજ-સંસ્કાર-કર્તા ચ પરીક્ષિજ્જ્ઞાન-પોષકઃ ।**
**સર્વત્ર-પૂર્ણ-ગુણકઃ સર્વ-ભૂષણ-ભૂષિતઃ ।।૨૧।।**

[૬૫]બીજરૂપ(શ્રીમદ્ભાગવત શ્રવણ કરવાને યોગ્ય દેહના) સંસ્કારને કરનારા, [૬૬]પરીક્ષિત્ રાજાના જ્ઞાનને પોષનાર, [૬૭]ઐશ્વર્યાદિ છ ગુણોથી સમ્પૂર્ણ, [૬૮]મુકુટ વગેરે અનેક અલંકારોથી શોભતા ।।૨૧।।

**સર્વ-લક્ષણ-દાતા ચ ધૃતરાષ્ટ્ર-વિમુક્તિ-દઃ ।**
**સન્માર્ગરક્ષકો નિત્યં વિદુર-પ્રીતિ-પૂરકઃ ।।૨૨।।**

[૬૯]સર્વ શુભ લક્ષણોનું દાન કરનારા, [૭૦]ધૃતરાષ્ટ્રને મોક્ષ અપાવનારા, [૭૧]સન્તોના

માર્ગનું હમેશાં રક્ષણ કરનારા, [૭૨]વિદુરજીની પ્રીતિ-ભક્તિને પૂર્ણ કરનારા શ્રીકૃષ્ણ ।।૨૨।।

**લીલા-વ્યામોહ-કર્તા ચ કાલ-ધર્મ-પ્રવર્તકઃ ।**
**પાંડવાનાં મોક્ષદાતા પરીક્ષિદ્ભાગ્યવર્ધનઃ ।।૨૩।।**

[૭૩]લીલાઓવડે કાળને મોહ પમાડનાર, [૭૪]કાળના ધર્મને પ્રવર્તાવનાર, [૭૫]પાંડવ ભક્તોને મોક્ષ આપનાર, [૭૬]પરીક્ષિત્ રાજાનું ભાગ્ય વધારનાર ।।૨૩।।

**કલિ-નિગ્રહ-કર્તા ચ ધર્માદીનાં ચ પોષકઃ ।**
**સત્સંગ-જ્ઞાન-હેતુશ્ચ શ્રીભાગવત-કારણમ્ ।।૨૪।।**

[૭૭]કલિકાલનો નિગ્રહ-સ્વાધીન કરનાર, [૭૮]ધર્મ (દીન જનો) વગેરેને પોષનાર, [૭૯]સન્તના સમાગમથી પેદા થતા જ્ઞાનનું મૂળ કારણ, [૮૦]શ્રીમદ્ભાગવતને પ્રકટ કરવામાં કારણરૂપ ।।૨૪।।

**પ્રાકૃતાદષ્ટમાર્ગશ્ચ ... ... ... ... ...**

[૮૧]પ્રકૃતિનાં કાર્યો ચલાવનાર અને અદષ્ટ-પ્રારબ્ધ કર્મને દૂર કરનાર.

# ।। વિષયાનુક્રમણિકા ।।

## અધિકારલીલા

### પ્રકરણ ૧ : હીનાધિકાર


**૧. શૌનકે પૂછેલા છ પ્રશ્નો** ૦૧

**અધ્યાયાર્થ :** પ્રશ્નનિરૂપણના નિમિત્તે શ્રોતા જિજ્ઞાસુ છે અને વક્તા સમ્પ્રદાય-પદ્ધતિ મુજબ સન્મુખ હોવાથી, જાતે શ્રીમદ્ભાગવત ભણેલો છે એમ નિરૂપણ.

**૨. ફળ-સાધનરૂપ ત્રણ કર્મોનો નિર્ણય** ૩૫

**અધ્યાયાર્થ :** કર્મ-જ્ઞાનના પ્રશ્નના અને ભગવદવતારનું પ્રયોજન તથા લીલાના પ્રશ્નના ઉત્તરવડે એમ જણાવ્યું કે શ્રોતામાં માત્સર્ય નથી અને વક્તા ચતુર છે.

**૩. શ્રીભગવાનના અવતારો** ૬૯

**અધ્યાયાર્થ :** આ પ્રકરણમાં રૂપાત્મક ભગવદવતારોનું નિરૂપણ કરેલું હોવાથી શ્રોતા શ્રવણમાં આદરવાળો છે અને વક્તાને રહસ્યજ્ઞાન છે એવું નિરૂપણ.


### પ્રકરણ ૨ : મધ્યમાધિકાર


**૪. શુકના વૈરાગ્યનું કારણ અને વ્યાસજીની ચિન્તા** ૧૦૦

**અધ્યાયાર્થ :** પ્રેરણામાં નિમિત્ત બને એવા પ્રસંગનું નિરૂપણ કરીને વ્યાસજીમાં, પ્રભુના મનમાં વિચારાયેલું એવું ભગવદીયપણું વિદ્યમાન છે, એવું નિરૂપણ.

**૫. ભક્તિ મહિમા** ૧૧૯

**અધ્યાયાર્થ :** ઉત્તરનું અનેક કૃતિનું નિરૂપણ હોવાથી વ્યાસજી અને નારદજીમાં સાધનરૂપ એવા પ્રભુના શ્રીઅંગવડે સમ્પાદિત ભગવદીયત્વ છે એવું નિરૂપણ.

**૬.નારદજીની ભક્તિનું સ્વરૂપ** ૧૫૩

**અધ્યાયાર્થ :** મધ્યમાધિ પ્રકરણમાં નારદજીનું ફળ નિરૂપણ કરવામાં, નારદજીમાં ભગવદ્વાચિક ભગવદીયત્વનું નિરૂપણ.


### પ્રકરણ ૩ : ઉત્તમાધિકાર


**૭. અશ્વત્થામાના બાણથી રક્ષા** ૧૭૪

**અધ્યાયાર્થ :** અર્જુન ઉપર, પરતઃ દુઃખ નિવારણ કરેલું હોવાથી, પ્રભુની પરમકૃપા છે એમ નિરૂપણ કરી અધિકારી એવા પરીક્ષિત્માં પુરૂષપરમ્પરાથી થયેલા દોષનો અભાવ નિરૂપ્યો છે.

**૮. બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતની રક્ષા અને ભગવાનની સ્તુતિ** ૨૦૪

**અધ્યાયાર્થ :** કુન્તીજીએ કરેલી સ્તુતિનું નિરૂપણ હોવાથી કુન્તીનેવિષે બ્રહ્મસ્વરૂપના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા દુઃખની નિવૃત્તિથી પ્રભુની પરમકૃપાનું નિરૂપણ કરીને સ્ત્રીપરમ્પરાથી થયેલા દોષના અભાવનું નિરૂપણ છે.

**૯. શરપઞ્જર પીડિત ભીષ્મની મુક્તિ** ૨૪૧

**અધ્યાયાર્થ :** ભીષ્મે કરેલા ઉપદેશથી જીવના સ્વરૂપના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા

દુઃખની નિવૃત્તિ યુધિષ્ઠિરમાં જણાવી, તેથી, પ્રભુની પરમ કૃપા જણાવી, પોષક અન્નની શુદ્ધિનું નિરૂપણ છે.

**૧૦. પાંડવોનું સુખ** ૨૭૨

**અધ્યાયાર્થ :** સમ્બન્ધી એવા ભીમાદિકની ભગવત્પરતાપૂર્વક–અધ્યાયના આરમ્ભમાંજ સામાન્યરીતે સુખપ્રાપ્તિનું નિરૂપણ કરેલું હોવાથી, પ્રભુની પરમ કૃપાના નિરૂપણવડે સાંસર્ગિક દોષનો અભાવ નિરૂપ્યો છે.

**૧૧. દ્વારકાવાસી ભક્તોનું સુખ** ૩૦૦

**અધ્યાયાર્થ :** પ્રભુનું કાર્ય સમાપ્ત થવાથી સુખમાં સ્થિતિ થઈ અને તેથીજ પાણ્ડવોનેવિષે પણ પ્રભુના સુખેજ મુખસ્થિતિ હોવાથી આગન્તુક દોષના અભાવનું નિરૂપણ કર્યું છે.

**૧૨. પરીક્ષિતના જન્મની કથા** ૩૩૦

**અધ્યાયાર્થ :** પ્રભુએ જેનું રક્ષણ કરેલું છે એવી પુત્રસમ્પત્તિ (પુત્રરૂપી સમ્પત્તિ)થી પાણ્ડવોનેવિષે વિશેષે કરીને સુખપ્રાપ્તિ થયેલી હોવાથી અધિકારી એવા પરીક્ષિત્ ઉપર સ્વતા અને કાલતઃ પ્રભુકૃપાનું નિરૂપણ.

**૧૩. વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્રનું નીકળવું** ૩૪૬

**અધ્યાયાર્થ :** ધૃતરાષ્ટ્રની મુક્તિથી બીજમુક્તિનું નિરૂપણ.

**૧૪. ઉત્પાત જોવાથી યુધિષ્ઠિરની ચિન્તા અને અર્જુનનું આવવું** ૩૮૧

**અધ્યાયાર્થ :** બીજમુક્તિના કાર્યરૂપે પાણ્ડવોના નિર્ગમનમાં કારણરૂપે રહેલ વૈરાગ્યનું નિરૂપણ.

**૧૫. ભગવાનનો નિર્ણય સાંભળી યુધિષ્ટિર આદિનું સ્વર્ગારોહણ** ૩૯૬

**અધ્યાયાર્થ :** વૈરાગ્ય અને નિર્ગમનના ફલરૂપે પાણ્ડવોની મુક્તિનું નિરૂપણ અને અધિકારીને પૂર્વજન્મકૃત પ્રતિબન્ધનો અભાવ થવા માટે તેની મુક્તિનું નિરૂપણ.

**૧૬. કલિએ પીડેલી ભૂમિ પાસે પરીક્ષિતનું આવવું** ૪૩૭

**અધ્યાયાર્થ :** પરીક્ષિત્‌ના રાજ્યનિરૂપણમાં પૃથ્વીજયવડે લૌકિકસામર્થ્યનું નિરૂપણ છે

**૧૭. પરીક્ષિતે કલિને કરેલી શિક્ષા** ૪૫૭

**અધ્યાયાર્થ :** પરીક્ષિત્‌ના રાજ્યનિરૂપણમાં પૃથ્વી અને ધર્મને માટે કલિનો નિગ્રહ કથન કરેલા હોવાથી અલૌકિક સામર્થ્યનું નિરૂપણ અને લૌકિક અલૌકિક સામર્થ્યવડે કાલપ્રતિબન્ધની નિવૃત્તિ નિરૂપી છે.

**૧૮. પરીક્ષિતને થયેલો બ્રાહ્મણનો શાપ** ૪૮૩

**અધ્યાયાર્થ :** ત્યાગનું નિરૂપણ કરતાં ત્યાગનું કારણ જે વૈરાગ્ય તેનાય કારણરૂપે રહેલો શાપ છે; તેનું નિરૂપણ કરીને ધર્મની ઉન્નતિનું નિરૂપણ.

**૧૯. પરીક્ષિતનો ગંગાપર પ્રાયોપવેશ, શુકદેવજીનું ત્યાં પધારવું** ૫૧૮

**અધ્યાયાર્થ :** ત્યાગના નિરૂપણમાં ત્યાગ અને સત્સંગની સમ્પત્તિ થતાં પ્રશ્નસુધીના અધિકારનું નિરૂપણ.

**અધિકાર નિરૂપણાત્મક પ્રથમસ્કન્ધ સમાપ્ત.**

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।
।। શ્રીગોપીજન વલ્લભાય નમઃ ।।
।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

# શ્રીસુબોધિનીજી
# શ્રીમદ્‌ભાગવતનો પ્રથમ સ્કંધ

## ।। અધ્યાય પહેલો ।।
## શૌનક પૌરાણિક સૂતને છ પ્રશ્નો પૂછે છે

**વન્દે શ્રીકૃષ્ણદેવં મુરનરકભિદં વેદવેદાન્તવેદ્યં ।**
**લોકે ભક્તિપ્રસિદ્ધ્યૈ યદુકુલજલધૌ પ્રાદુરાસીદ્ અપારઃ ।**
**યસ્યાસીદ્ રૂપમેવ ત્રિભુવનતરણે ભક્તિવચ્ચ સ્વતન્ત્રં**
**શાસ્ત્રં રૂપં ચ લોકે પ્રકટયતિ મુદા યઃ સ નો ભૂતિહેતુઃ ।।૧।।**

મુર અને નરકને હણનાર[૧] વેદ અને વેદાંતોથી જણાતા[૨] શ્રીકૃષ્ણદેવ કે જે અનન્ત ભગવાન્ લોકમાં ભક્તિની પ્રસિદ્ધિ થાય તે માટે યદુકુલરૂપી સમુદ્રમાં પ્રકટ થયેલા,[૩] જેમનું સ્વરૂપ જ ત્રણ ભુવનો તરે તેમાં ભક્તિની પેઠે સ્વતંત્ર હતું,[૪] અને જે શાસ્ત્રને[૫] અને સ્વરૂપને આનંદથી લોકમાં પ્રકટ કરે છે, તે અમારી સંપત્તિ કરનાર થાઓ.[૬] **કા.૧.**

૧.આ વિશેષણથી સંકર્ષણ વ્યૂહ જણાવ્યો (પ્ર). ૨.આથી વાસુદેવ વ્યૂહ જણાવ્યો (પ્ર).
૩.આથી જેમાં પ્રકટ થયા તે સ્થાન જણાવેલ હોવાથી પ્રદ્યુમ્ન વ્યૂહ જણાવ્યો (પ્ર).
૪.આથી અનિરુદ્ધ વ્યૂહ જણાવ્યો. શ્રીભાગવતમાં પંચરાત્રની પેઠે ચારે વ્યૂહનું નિરૂપણ હોવાથી તેનું નિરૂપણ આ કારિકામાં કરેલું છે. તેથી આ ચાર વ્યૂહવાળા ભગવાન ક્રીડા કરે છે, તે ભજન કરવા યોગ્ય છે, એવો શ્રીભાગવતનો અર્થ કહ્યો (પ્ર).
૫.રૂપથી અવતાર લીધા પેઠે નામથી પણ અવતાર લે છે એમ આથી જણાવ્યું (પ્ર).
૬.ભાગવતનું વ્યાખ્યાન કરવા રૂપ સંપત્તિ ભગવાન પ્રાપ્ત કરાવે એવા પ્રયોજનથી આ શ્લોક કહ્યો છે (પ્ર).
*ભગવાન ભૂતલ ઉપર આ કારિકા લખવાના સમયે વિરાજતા નહીં હોવાથી ભૂતકાલનો પ્રયોગ કરી ‘પ્રકટ થયેલા’, ‘હતું’ એમ લખેલ છે.

**કર્તા જ્ઞઃ સકલસ્ય યો નિગમભૂઃ સર્વસ્વરૂપોઽપિ સન્**
**સર્વસ્યાપિ વિધારણો વિજયતે નિર્દોષસર્વેષ્ટદઃ ।**
**યો લીલાભિરનેકધા વિતનુતે રૂપં નિજં કેવલઃ**
**સોઽયં વાચિ મમાસ્તુ પૂર્ણગુણભૂઃ કૃષ્ણાવતારઃ પતિઃ ।।૨।।**

જે સર્વના રચનાર અને જાણનાર છે. જેમનામાંથી વેદ નીકળ્યા છે. જે સર્વ પદાર્થમાત્રનું સ્વરૂપ થયેલ હોવા છતાં પણ સર્વને એ ધારણ કરે છે.[૭] જે દોષરહિતને સર્વ ઈચ્છેલ આપનાર[૮] હોઈ વિજય પામે છે. જે કેવલ (નુર્ગણ)[૯] હોઈ લીલાઓથી પોતાના સ્વરૂપને અનેક પ્રકારે વિસ્તારે છે. જેમનામાંથી પૂર્ણ ગુણો નીકળેલા છે તે આ શ્રીકૃષ્ણનો અવતાર લીધેલા પતિ મારી વાણીમાં રહો. **કા. ૨.**

૭.આ વાક્યથી ભગવાન સર્વનું ઉપાદાન કારણ, સર્વના આત્મા અને સેતુ હોવાનું કહેલું છે.(પ્ર)

૮.આથી જેમ જણાવેલ છે કે જો કોઈને ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત ન થાય તો તેનું કારણ તેનો જીવનો ધર્મ છે, પણ ભગવાનનો ધર્મ નથી (પ્ર).

૯.ભાગવતમાં કહેલ આ ભાગથી ભગવાનનું મૂલરૂપ અને અવતારરૂપ કહેલ છે (પ્ર)

**શ્રીમદ્વલ્લભવિદ્વદીશવિલસદ્વંશાબ્ધિપૂર્ણેન્દવે**
**શ્રીગોપીપતિવન્દિને સુમનસિ બ્રહ્મામૃતસ્યન્દિને ।**
**શ્રીમલ્લક્ષ્મણભટ્ટસૂરિરિતિ યદ્ નામાખિલાભીષ્ટદં**
**તસ્મૈ તાતમહાશયાય હરયે કુર્મો નમઃ સિદ્ધયે ।।૩।।**

શ્રીમદ્વલ્લભના[૧૦] વિદ્વાનોના ઈશોથી પ્રકાશતા વંશરૂપી સમુદ્રના પૂર્ણચંદ્ર, શ્રીગોપીપતિને વંદન કરનાર, ઉત્તમ મનવાળા (લોક) રૂપ પુષ્પમાં બ્રહ્મરૂપ અમૃત રેડનાર. 'શ્રીમલ્લક્ષ્મણભટ્ટ સૂરિ' એવું જેમનું નામ સર્વ ઈચ્છેલું આપનાર છે તે વિઘ્ન હરનાર ઉદાર મનવાળા પિતાને કાર્ય સિદ્ધ થાય તે માટે નમન કરીએ છીએ[૧૧] **કા. ૩.**

૧૦.અહીં લક્ષ્મણભટ્ટના પિતા વલ્લભભટ્ટને માટે આ શબ્દ યોજેલો છે, કારણ કે તેમના વંશમાં લક્ષ્મણભટ્ટ થયા. શ્રીમદાચાર્યચરણ માટે આ શબ્દ યોજેલ નથી.

૧૧.આ શ્લોકમાં શિષ્ટાચાર પ્રમાણે શ્રીમદાચાર્યચરણ તેમના પિતાને નમસ્કાર કરે છે. અહીં 'શ્રીગોપીપતિને વંદન કરનાર' એમ કહેલ છે, તેથી એમ સૂચવ્યું છે કે તે વિષ્ણુસ્વામિના મત પ્રમાણે વર્તી ગોપાલની ઉપાસના કરતા (પ્ર). 'શ્રીગોપીપતિ' એટલે શ્રીકૃષ્ણ. લક્ષ્મણભટ્ટ વિષ્ણુસ્વામિના મતના હતા તેમ જણાય છે, પરંતુ આ શબ્દથી પ્રકાશકાર કહે છે તેવું અનુમાન કરાતું નથી, અને કરવાની જરૂર નથી(અનુવાદક).

**શ્રીમદ્ભાગવતાગમઃ સુરતરુઃ લોકે ફલત્વં ગતઃ**
**ભાષાભેદવિભેદતસ્ત્રયમપિ સ્યાદ્ નો વિરુદ્ધં મહત્ ।**
**ભક્ત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમ્ અર્થે પુનઃ**
**સ્કન્ધૈર્દ્વાદશભિર્યુતઃ સુરતરુઃ શાખાદ્વિવહ્નિદ્વયમ્ ।।૪।।**

શ્રીમદ્ભાગવત વેદ છે. કલ્પવૃક્ષ છે અને [૧૨]લોકમાં ફલરૂપ છે. આ મુખ્ય ત્રણે જુદી-જુદી ભાષાના તારતમ્યને લીધે વિરુદ્ધ નથી.[૧૩] ૧.ભક્તિના[૧૪] અંશમાં ફલરૂપ છે, ૨.પ્રમાણના ઉત્તમ બલના વિષયમાં વેદરૂપ છે અને વળી ૩.અર્થમાં બાર સ્કંધ(થડ) વાળું કલ્પવૃક્ષ છે અને તેની ત્રણસો બત્રીસ શાખાઓ (અધ્યાયો) છે. **કા. ૪**

૧૨.'લોકમાં' એટલે દૈવી સૃષ્ટિમાં (પ્ર).

૧૩.એકજ ભાગવત વેદ કલ્પવૃક્ષ અને ફલ કેમ થાય છે તે અહીં કહેલ છે. આમાં લૌકિકી, મતાન્તર અને

સમાધિભાષા એવી ત્રણ ભાષાઓના તારતમ્યને લીધે ભાગવત આ ત્રણ રૂપ થાય તેમાં વિરોધ નથી (પ્ર).

૧૪.આ ભાગવત જૂદા જૂદા અધિકારીઓને તેમના અધિકાર પ્રમાણે જુદું જુદું ફલ આપે છે. ૧.૭ ૭ માં આને ભક્તિ ઉત્પન્ન કરનારું કહેલું છે. તેથી તેનાથી ભક્તિ ઉત્પન્ન થતાં સ્વતંત્ર પુરુષાર્થ તરીકે શ્રવણ વિગેરેથી તેનો સ્વાદ લેતાં તે સંપૂર્ણ ફલરૂપ થાય છે. 'આ પહેલાં ભગવાને કહેલું' એ વાક્યમાં ભગવાને પ્રકાશિત કરેલું કહેલ હોવાથી તે વેદરૂપ છે. ૧૨.૧૨.૬૪માં (જૂદા જૂદા પુરુષોને તે જૂદું જૂદું ફલ આપનાર) કહેલ હોવાથી તે સર્વનું કલ્પવૃક્ષ છે (પ્ર.)

**અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુઃ વૈશ્વાનરાદ્ વાક્પતેઃ-**
**અન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવત્ શ્રીપતિઃ ।**
**દત્વાઽઽજ્ઞાં ચ કૃપાવલોકનપટુઃ યસ્માદ્ અતોઽહં મુદા**
**ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ।।૫।।**

સુખરહિત લોકમાં[૧૫] વાણીના પતિ વૈશ્વાનરથી[૧૬] બીજો કોઈ તેનો અર્થ પ્રકટ કરવા શક્તિમાન નથી; જેથી તે વિષયમાં શ્રીલક્ષ્મીપતિએ મનુષ્ય દેહ ધારણ કરી[૧૭] વ્યાસની પેઠે મને આજ્ઞા આપી અને કૃપાની દૃષ્ટિ કરવામાં ચતુર થયા. તેથી હું આનંદથી વ્યાસ અને વિષ્ણુ ને પ્રિય ગૂઢ અર્થ ઘણા પ્રકારે પ્રકટ કરૂ છું. **કા. ૫.**

૧૫.'વિ' જતું રહેલું છે 'વં' સુખ જેમાંથી તેવા લોકમાં શ્રીભાગવતના અર્થનું 'અચિતું' પૂજન કરવા એટલે તેના સાત અર્થો વિરોધ વિનાની પ્રકટ કરવા (પ્ર). 'વિવેચિતુમ્' એટલે 'વિવેચન કરવા' એમ અર્થ લેવાથી આવી ક્લિષ્ટતા રહે નહીં.

૧૬.'વાણીના પતિ' શબ્દથી 'વૈશ્વાનર' એટલે આચાર્યચરણ આનો બરાબર અર્થ કરવા શક્તિવાળા હોવાનું જણાવ્યું, કારણ કે જેમ સ્ત્રી પોતાના દેહને પોતાના પતિ પાસે જ પ્રકટ કરે છે, તેમ વાણી કોઈક પાસે જ પોતાનો અર્થ પ્રકટ કરે છે. વાણીના પતિ વૈશ્વાનર-અગ્નિ જ છે (પ્ર).

૧૭.ભગવાને વ્યાસની પેઠે પોતાના અંશરૂપ મને મનુષ્યના દેહવાળો કરીને તે રચવાની આજ્ઞા કરી (પ્ર). ભગવાને પોતે મનુષ્ય દેહ ધારણ કરી મને વ્યાખ્યા કરવાની આજ્ઞા કરી અને કૃપાવાળી દૃષ્ટિ કરી, તેથી હું ઘણા પ્રકારે અર્થ કરૂં છું. એવો અર્થ પણ થાય છે અને કૃપાવાળી દૃષ્ટિ દેહ ધારણ કર્યા વિના થાય નહિ, તેથી એ પ્રમાણે અર્થ કરેલ છે.(અનુ.)

**લક્ષણાં નૈવ વક્ષ્યામિ ન ન્યૂનાદ્ અન્યપૂરણમ્ ।**
**આર્થિકં તુ પ્રવક્ષ્યામિ પરોક્ષકથનાદતે ।।૬।।**

છુપું કથન હશે તે સિવાયમાં હું લક્ષણા નહીં જ કહું. ન્યૂન હોવાને લીધે બીજું પૂરીશ (ઉમેરીશ) નહિ. પરંતુ અર્થ પ્રમાણેનું જ કહીશ. **કા. ૬.**[૧૮]

૧૮.આ કારિકાથી અર્થ પ્રકટ કરવાનો પ્રકાર કહેલો છે (પ્ર)

**અવિરોધેન સપ્તાનામ્ અર્થાનામ્ ઈહ સંગતિઃ ।**
**ઉત્તરોત્તરદૌર્બલ્યં વાચ્યં સંકોચતઃ પરમ્ ।।૭।।**

આ ટીકામાં સાત[૧૯] અર્થોની વિરોધ વિનાની સંગતિ છે, પરંતુ સંકોચને[૨૦] લીધે પાછળ-પાછળના અર્થની દુર્બલતા કહેવી જોઈએ. **કા. ૭.**

૧૯.શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ, અધ્યાય, વાક્ય, પદ અને અક્ષર એ સાતના અર્થો (પ્ર).

૨૦.વ્યવહારના પ્રયોજનથી (અર્થ જણાવવાની) શક્તિના સંકોચને લીધે (પ્ર)

**ભાષાત્રયવિરોધશ્ચ કલ્પભેદાત્ સમાહિતઃ ।**
**ભાષાત્રયવિભેદશ્ચ લક્ષણૈર્જ્ઞાપ્યતે પુનઃ ।।૮।।**

ત્રણ ભાષાઓના વિરોધનું કલ્પના ભેદથી સમાધાન કરેલું છે અને વળી ત્રણ ભાષાઓનો ભેદ લક્ષણોથી જણાવાય છે. **કા. ૮.**

**અર્થત્રયં તુ વક્ષ્યામિ નિબન્ધેઽસ્તિ ચતુષ્ટયમ્ ।**
**અત્ર સન્તઃ સ્વસન્તોષૈઃ આજ્ઞાં યચ્છન્તુ સિદ્ધયે ।।૯।।**

ત્રણ અર્થો તો હું આ ટીકામાં કહીશ. ચાર[૨૧] અર્થો શ્રીભાગવતાર્થ નિબંધમાં છે. આ વિષયમાં સત્પુરુષો કાર્યની સિદ્ધિ થાય તે માટે પોતાના સંતોષ સાથે આજ્ઞા આપો. **કા. ૯.**

૨૧.શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયો એ ચારના અર્થો (પ્ર)

ભગવાનની આજ્ઞાથી[૧] ભક્તિ ઉત્પન્ન કરનારી ભાગવત સંહિતાનો આરંભ કરતાં. બોધ થાય તે માટે મંગલ કરતાં, નીચેના શ્લોકથી પ્રથમ બીજની સ્થિતિથી ગાયત્રીનો અર્થ જણાવે છે :

**જન્માદ્યસ્ય યતોઽન્વયાદ્ ઈતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્**
**તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્ સૂરયઃ ।**
**તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા**
**ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ ।।૧।।**

આ જગતનાં જન્મ વિગેરે, સમવાયિ અને બીજું કારણ હોવાથી, જેમનામાંથી થાય છે. જે અર્થોમાં સંપૂર્ણ જ્ઞાનવાળા અને પોતાની મેળે પ્રકાશનાર છે. જેમાં સૂરિઓ મોહ પામે છે તેવા બ્રહ્મનો જેમણે આદિકવિ માટે હૃદયથી વિસ્તાર કરેલો છે. જેમ તેજ પાણી અને પૃથ્વી નાં જૂદા રૂપાંતરો જણાય છે તેમ ત્રણની સૃષ્ટિ જેમનામાં ખોટી જણાય છે તે પોતાનાં તેજથી સદા કપટ (અજ્ઞાનરૂપ અંધકાર)નો નાશ કરનાર શ્રેષ્ઠ સત્ય ભગવાનનું અમે ધ્યાન ધરીએ છીએ. ૧.

અહીં[૨] (પહેલા) ત્રણ શ્લોકોનો સંબંધ બેસતો નથી, કારણ કે ભાગવત કથારૂપ છે. તે તો ચોથા શ્લોકથી કહેવામાં આવે છે એવી શંકા થાય, તે સંબંધમાં કહેવામાં આવે છે કે : ''જેમાં ગાયત્રીને મુખ્ય કરીને ધર્મના વિસ્તારનું નિરૂપણ કરવામાં આવે છે, અને જેમાં વૃત્રાસુરનો વધ કહેલ છે તે શ્રીભાગવત ઈચ્છેલું છે''. જેમ વેદમાં વૃત્રને યજ્ઞરૂપ કહેલ છે, અને તેના વધથી યજ્ઞોની પ્રવૃત્તિ થયાનું કહેલું છે, તેવી રીતે અહીં પણ ભક્તિરૂપ વૃત્ર છે અને તેના વધનું નિરૂપણ થવાથી અહીં ભક્તિની પ્રવૃત્તિ થશે. ગાયત્રી[૩] વેદની માતા છે અને ત્રણ વેદોના અર્થ જણાવનારી છે. ભાગવતમાં તેનો અર્થ પ્રથમ બીજના પ્રકારથી કહેલો છે, કારણ કે વેદ અને ભાગવત એક જ બીજવાળાં હોવાથી, જેવો વેદ તેવું ભાગવત છે. તેથી ગાયત્રીનો અર્થ જણાવવાથી ભાગવત વેદથી વિરુદ્ધ નથી અને વેદથી દુર્બલ નથી એમ જણાવ્યું. વળી[૪] જેમ

વેદમાં યજ્ઞસંબંધી પદાર્થો યોગથી થતા ધર્મથી ફલ અને સાધન સહિત જાણવામાં આવે છે તેમ અહીં પણ યોગથી થયેલ ધર્મથી વ્યાસે ૧.પુરુષ, ૨.માયાથી થતું બંધન અને ૩.ભક્તિથી થતી મુક્તિ એ ત્રણ (૧।૭।૪-૬) એ ત્રણ શ્લોકોથી જાણ્યા. આથી[૫] સમાધિભાષા છે. તેમાં[૬] પુરુષનો પ્રયત્ન ભક્તિ કરવામાં જ છે. ''માહાત્મ્યનું જ્ઞાન જેની પહેલાં થયેલું છે તેવો ઘણો દઢ અને સર્વથી અધિક સ્નેહ ભક્તિ એમ કહેવાય છે, તેનાથી મુક્તિ થાય છે, બીજા પ્રકારે થતી નથી'' એ વૈષ્ણવતંત્રના વચન પ્રમાણે માહાત્મ્યનું જ્ઞાન જેની પહેલાં થયેલું છે તેવો ઘણો દઢ અને સર્વથી અધિક સ્નેહ ભક્તિ છે. [૭]ઘણો દઢ અને સર્વથી અધિક સ્નેહ ભગવાનને આત્મા તરીકે જાણવામાં આવે ત્યારે થાય. અને તેમના માહાત્મ્યનું જ્ઞાન તો તેમણે રચેલ સૃષ્ટિ વિગેરે જાણવાથી થાય. ભગવાન વિષે તે બે પ્રાપ્ત કરાવવા આ ભાગવત સંહિતા રચી છે. જેમ[૮] વેદના બે કાંડોનો અર્થ ૧.યજ્ઞો અને ૨.બ્રહ્મનું આત્મા તરીકે જ્ઞાન એક-બીજાના કારણરૂપ છે[૯] તેમ અહીં માહાત્મ્યનું જ્ઞાન અને સ્નેહ બંને ભક્તિનાં કારણે[૧૦] છે એમ જણાવવા ''ગાયત્રી બીજ, વેદવૃક્ષ અને ભાગવત ફલ છે'' એમ કહેવામાં આવે[૧૧] છે. તેથી વેદ બંને કાંડના અર્થમાં સંપૂર્ણ હોવા છતાં ફલ વિનાના વૃક્ષ પેઠે વ્યર્થ હોવાથી ભાગવતનો આરંભ કરવામાં આવે છે તે અહીં પહેલા ત્રણ શ્લોકોથી કહેવામાં આવે છે.

જો કે પ્રણવ (ૐ) અને વ્યાહૃતિઓ (ભૂર્ભુવઃ સ્વઃ) પણ વેદના બીજરૂપ છે છતાં

---

૧.'દૂતોને કહેલી' એ ન્યાય પ્રમાણે ભગવાનની આજ્ઞા એટલે નારદના ઉપદેશથી (પ્ર).)

૨.બીજની સ્થિતિથી ગાયત્રીનો અર્થ કહે છે 'એમ માનવામાં પ્રમાણ શું ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી પ્રસંગને લીધે પહેલા ત્રણ શ્લોકોનો સંબંધ અહીંથી જણાવે છે. (પ્ર).

૩.ગાયત્રીથી આરંભ કરી કહેવાનું પ્રયોજન અહીંથી કહે છે. જો બીજ તરીકે ગાયત્રીનો અર્થ કહે નહીં તો ઉપર ગાયત્રીનું લક્ષણ કહ્યું તેમાં 'ગાયત્રીને મુખ્ય કરીને ધર્મના વિસ્તારનું નિરૂપણ કરવામાં આવે છે' એમ ન કહેત. તેથી એ લક્ષણવાક્યમાં તે લક્ષણથી ભક્તિ ઉત્પન્ન કરનાર કર્મ અને ભક્તિમાં વિઘ્ન કરાવનારનો નાશ કરવાનું કહેલ છે એમ જાણવું. એ પ્રમાણે પહેલા શ્લોકની સંગતિ આ ભાગથી કહી. (પ્ર).

૪.આ ભાગથી બીજા શ્લોકની સંગતિ કહે છે (પ્ર).

૫.'આ' એટલે વ્યાસે અનુભવેલી (પ્ર).

૬.બીજા શ્લોકમાં 'ધર્મ' શબ્દથી ભક્તિ માટે પ્રયત્ન કરેલો છે. 'વેદ્યમ્' વિગેરેથી જ્ઞાન કહેલ હોવાથી જ્ઞાનને ભક્તિ પ્રાપ્ત કરવાનો વ્યાપાર કહેલ છે અને આ જ વેદોનો અર્થ છે તેટલાથી વેદ વૃક્ષરૂપ હોવાનું જણાય છે. (પ્ર).

૭.'ઘણો દઢ સ્નેહ' શબ્દથી (ત્રીજાથી બારમા સુધીના) દશ સ્કંધોનો અર્થ કહ્યો જાણવો. બારમા સ્કંધમાં 'આશ્રય' કહ્યો તેથી આત્માનું અને બાકીના નવ સ્કંધોથી ત્રણ પ્રકારના ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયનું નિરૂપણ કર્યું. તેથી પરિણામે મહાત્મ્યજ્ઞાન જેની પહેલાં થયેલું છે તેવા ઘણા દઢ અને સર્વથી અધિક સ્નેહનું નિરૂપણ થયું (પ્ર).

૮.આ ભાગથી ત્રીજા શ્લોકની સંગતિ કહી છે (પ્ર).

૯.'એક બીજાના કારણરૂપ' એટલે એકબીજાનો ઉપકાર કરનાર.

૧૦.સાક્ષાત્ અને પરંપરાથી ભક્તિનાં કારણરૂપ (પ્ર).

૧૧.આ ત્રીજા શ્લોકમાં પાન કરવાનું કહેવાયું તેથી એમ કહેવાયું.

પણ તેઓના અર્થ સ્પષ્ટ નથી, તેથી ગાયત્રીનો અર્થ આ શ્લોકમાં કહેવામાં આવે છે. વળી[12] ''પ્રસૂતિથી તે સવિતાનું વરણ કરવા યોગ્યનું ધ્યાન કરીએ છીએ'' એ વાક્ય પ્રમાણે અગ્નિનું પૂજન કરવામાં, અને તેવી રીતે ''ગાયત્રીથી મંત્રેલાં જલને ઊંચે ઉડાડે છે'' વિગેરે વાક્યથી સંદેહ[13] વિગેરેને દૂર કરવા પણ ગાયત્રીનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી વિઘ્ન વિના વાણી નીકળ્યા કરે તે માટે વ્યાસજી ગાયત્રીથી ભગવાનનું પૂજન કરતાં ગાયત્રીનો અર્થ આ શ્લોકમાં કહે છે.

ગાયત્રીમાં[14] 'સવિતુઃ' અને 'દેવસ્ય' એ બે છટ્ઠી વિભક્તિના શબ્દોથી ભગવાન્ જગતની ઉત્પત્તિ કરનાર હોઈ સર્વના કર્તા અને દેવ હોઈ સર્વ જાણનાર હોવાનું કહેલ છે. 'વરેણ્યમ્' (વરણ કરવા યોગ્ય) શબ્દથી ભક્તિનું બીજ જણાવેલું છે. 'ભર્ગઃ' (અવિદ્યાનો નાશ કરનાર) શબ્દથી સર્વ અવિદ્યાનો નાશ કરનાર કહેલ હોવાથી સંસાર મટાડનાર જણાવેલા છે. અને તેથી જ 'ધીમહિ' (ધ્યાન ધરીએ છીએ) શબ્દથી ''જે સર્વ જીવોની બુદ્ધિ અને મન સાથે બધીએ ઈંદ્રિયોને સદા પ્રેરણા કરે છે તેમનું ધ્યાન સંપૂર્ણ પ્રકારે હિતકારી છે'' એ વાક્ય પ્રમાણે જરૂરી કહેલું છે તે સર્વ આ શ્લોકમાં પણ 'આ જગતનાં જન્મ વિગેરે જેમનામાંથી થાય છે' શબ્દથી કહેલ છે. અથવા 'તેથી આ આત્મામાંથી આકાશ થયું' એ શ્રુતિ પ્રમાણે જન્મ 'આદ્યસ્ય' આકાશનો જેમનામાંથી થાય છે એવો અર્થ છે. કારણ કે[15] અર્થમાં માત્ર ઉત્પત્તિ જ કહેલી છે, સ્થિતિ અને પ્રલય કહેલા નથી, અને પાછળથી 'વરેણ્ય' અને 'ભર્ગ' શબ્દોથી સૂચવેલાં છે તે અહીં પણ શ્લોકના ઉત્તરાર્ધથી સૂચવશે. અથવા ગાયત્રીમાં સૂચવેલો અર્થ પણ લઈને 'જન્મ વિગેરે' શબ્દથી ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય[16] 'અથવા જેમનામાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે..' એ શ્રુતિ પ્રમાણે કહેલા છે. જન્મ છે 'આદિઃ' પ્રથમ જેનો, સ્થિતિ અને ભંગ (પ્રલય) નો, એમ તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ લેવો; અથવા જેનો એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને ભંગનો, એમ અતદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ લેવો. (આ શબ્દથી) વેદનો અર્થ જણાવેલ હોવાથી કાંઈ અધિક કહેલ નથી અને કાંઈ ફરીથી કહેલ નથી.

'અસ્ય' 'આ જગતનો' એટલે મનથી પણ કળી ન શકાય તેવાં કરોડો બ્રહ્માંડરૂપ

---

૧૨.આ ભાગથી ગાયત્રી જ ન કહેતાં તેનો અર્થ જ કહેવાનું કારણ કહેલ છે. બે કાર્યમાં ઉપયોગ થતો હોવાથી તેના અર્થમાં સંદેહ થાય, તેથી સંદેહ ન રહે તે માટે ગાયત્રીનો અર્થ જ કહેલ છે. (પ્ર).

૧૩.સંદેહ વિગેરે રાક્ષસો છે. (તેલીવાળાની પ્રકાશમાં ફૂટનોટ).

૧૪.ગાયત્રીમાં એ છટ્ઠી વિભક્તિના શબ્દોનો ઉપયોગ કર્યો તેથી તેમાં સૂર્યની વાત નથી. 'ભર્ગસ્' શબ્દમાં 'સ્' અંતે હોવાથી તેમાં શિવની વાત નથી અને 'ધી' શબ્દના વ્યાખ્યાનમાં અંકુશ રહિત સર્વ ઈંદ્રિયોને પ્રેરણા કરનાર હોવાનું કહેલ હોવાથી એમ જણાવ્યું કે અહીં બ્રહ્મની જ વાત છે. બીજા કોઈની નથી. (પ્ર)

૧૫.જન્મ, સ્થિતિ અને લય ને પડતા મૂકી માત્ર જન્મ જ અહીં કેમ કહેલ છે, એની શંકા દૂર કરવા આ કહેલ છે. (પ્ર)

૧૬.તો પછી પાછા જન્મ વિગેરે ત્રણે કેમ લીધા છે? એવો પ્રશ્ન થાય, તેથી શ્રુતિથી તે સિદ્ધ હોવાથી તે પણ લીધેલ છે. (પ્ર)

જગતના જન્મ વિગેરે જેમનામાંથી થાય છે એમ ભગવાનનું માહાત્મ્ય જણાવ્યું. 'યતઃ' એ અવ્યય બ્રહ્મ વિકારરહિત છે, સર્વ જગતનું બીજ હોવા છતાં વિકાર વિનાનું છે એમ જણાવવા યોજેલ છે. જેમ કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણિ અને મંત્ર વિગેરેથી ઉત્પન્ન થતા પદાર્થો જોવામાં આવે છે છતાં તે કામધેનુ વિગેરેમાં વિકાર થતો નથી તેમ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થતું હોવા છતાં બ્રહ્મમાં વિકાર થતો નથી. આથી[૧૭] બ્રહ્મસૂત્ર ૨.૧. ૨૬ માં કરેલ પૂર્વ પક્ષમાં જણાવેલ શંકા દૂર થાય છે.

જો કે 'યત્-તત્' (જ-તે) શબ્દો નિત્ય સંબંધવાળા હોવાને લીધે પણ શબ્દ ઓછો હોવાનો દોષ દૂર કરવા તે અધ્યાહાર કરી રાખી શકાય, છતાં પણ ગાયત્રીમાં રહેલા 'તત્' 'તે' શબ્દના વ્યાખ્યાનરૂપ આ શ્લોકમાં શ્રેષ્ઠ અને સત્ય એ બે શબ્દો હોવાથી 'તે' શબ્દ અધ્યાહાર[૧૮] નથી.

તે (કારણ સંબંધ)માં કેટલાક એમ કહે છે કે બ્રહ્મ જગતનું સમવાયિ કારણ છે અને પ્રકૃતિ નિમિત્ત કારણ છે. બીજાઓ તેથી ઉલટુ જ[૧૯] (પ્રકૃતિ સમવાયિ કારણ અને બ્રહ્મ નિમિત્ત કારણ હોવાનું) કહે છે. બીજાઓ બ્રહ્મ માત્ર કર્તા હોવાનું કહે છે. તે બધા ખોટા છે એમ જણાવવા 'સમવાયિ અને બીજું કારણ હોવાથી' એમ કહેલું છે, 'અન્વેતિ' સાથે કહે તે 'અન્વયઃ'[૨૦] સમવાયિ કારણ. 'બીજું' એટલે નિમિત્ત કારણ. ઉત્તરાર્ધ અધ્યાય ૩૬ શ્લોકમાં[૨૧] કહેલાં અને નહીં કહેલાં કારણોનો ચ=અને શબ્દથી સમાવેશ કરેલો છે. તેથી એમ કહેવાયું કે જેનાં ઉપાદાન અને નિમિત્ત કારણો જૂદાં નથી તેવા જગતનું કારણ બ્રહ્મ છે. સ્થિતિ અને પ્રલય વિગેરેમાં પણ જરૂર પ્રમાણે અર્થ લેવાથી[૨૨] તે બધા સાથે કહેવામાં દોષ નથી. અથવા નાશ થવાની પ્રક્રિયા સ્વીકારેલી નહીં હોવાથી નાશ કહે છે તેમાં પણ પદાર્થની ન જણાય તેવી સ્થિતિ રહેતી હોવાથી, સમવાયિ કારણની જરૂર રહે છે જ. પ્રત્યક્ષથી જણાય તેવા અન્વય

---

૧૭.'આથી' એટલે કામધેનુ વિગેરેની પેઠે વિકારરહિત હોવાનું જણાવનાર 'યતઃ' અવ્યયથી બ્ર.સૂ. ૨।૧।૧૬ માં દર્શાવેલ શંકા દૂર થાય છે. જો બ્રહ્મ પોતે જ સાધન વિના જગદ્રૂપ થાય તો બ્રહ્મ બધું જગત થાય, અને જો અંશથી જગત થાય, તો તે અવયવરહિત હોવાનું ખોટું ઠરે, એવી શંકા છે.

૧૮.ગાયત્રીમાં 'તત્' શબ્દ અહીં અધ્યાહાર રાખેલ નથી, કારણ કે તેનો અર્થ જણાવનાર 'સત્યં પરમ્' એ બે શબ્દો શ્લોકમાં છે.

૧૯.આથી જગતનાં કારણ પરમાણુઓ છે એવા વાદનો પણ સમાવેશ થયો. (પ્ર)

૨૦.જે તે-તે કાર્યને લક્ષ્યમાં રાખી તેમાં વ્યાપી રહી રહે તે 'અન્વયઃ' આવી રીતે આરોપ કર્યા વિના અને આવી ચડેલ ન હોવાના રૂપથી તે-તે પદાર્થની સાથે રહેવું તે સમવાય એવું તેનું સ્વરૂપ પણ જણાવ્યું (પ્ર).

૨૧.શ્લોકમાં અખંડબ્રહ્મવાદ કહેલો છે (પ્ર).

૨૨.'તર્કપાદમાં વ્યાસજીએ સમજાવતાં દોષ દર્શાવેલ છે, છતાં બ્રહ્મ સમવાયિ કારણ હોવાનું કેમ કહો છો ?' એવો પ્રશ્ન થાય તેથી આ વાક્ય યોજેલું છે. 'જે જરૂર પ્રમાણે' એટલે તે-તે પદાર્થોના અનુકૂલ આધાર તરીકે. તેથી વ્યાસજીએ વૈશેષિકો માને છે તેવા સમવાયના જ દોષ જણાવેલ છે, પરંતુ તાદાત્મ્યરૂપ સમવાયમાં દોષ દર્શાવેલ નથી.(પ્ર)

અને વ્યતિરેક અહીં (બ્રહ્મના સંબંધના) હોતા નથી, કારણ કે બ્રહ્મ જગતનું કારણ હોવાનું પ્રત્યક્ષથી સિદ્ધ થતું નથી. તે તો શ્રુતિથી સિદ્ધ થયેલું છે. વળી કોઈ પદાર્થમાં બ્રહ્મનો વ્યતિરેક (અભાવ) હોવાનું સંભવતું નથી. આકાશમાં ઉગેલું ફૂલ પણ તે (બ્રહ્મ) હોવાથી જ અને ''જે છે અને જે નથી'' (તે સર્વ બ્રહ્મનું રૂપ છે) એ વાક્યથી જણાય છે. તેથી એમ કહેલું છે કે સર્વ પ્રકારથી[૨૩] પણ બ્રહ્મ જ જગતનું કારણ છે.

બ્રહ્મ જગતનું કારણ હોવાથી કારણ થવામાં ઉપયોગી સર્વજ્ઞપણું સિદ્ધ થવા છતાં પણ લોકની પેઠે તેને ફલનું અજ્ઞાન હોવાનું સંભવે, તે ફલનું જ્ઞાન 'અર્થોમાં સંપૂર્ણ જ્ઞાનવાળા' શબ્દોથી કહે છે. આ જ્ઞાન બહુ પ્રયોજનવાળું[૨૪] નથી એમ જણાવવાં 'અર્થેષુ' શબ્દ સાતમી વિભક્તિમાં યોજેલ છે. એક પ્રયોજનમાં પણ ઘણાં પ્રયોજનો હોય છે એમ જણાવવા (એ શબ્દનું) બહુવચન કહેલ છે. વળી જ્ઞાનશક્તિ અને પ્રયોજનો ('અભિજ્ઞઃ' અને 'અર્થેષુ') નો સમાસ કરેલ નથી, તેથી બ્રહ્મને હર્ષ અને શોક હોતા નથી. 'અર્થ' શબ્દનો અર્થ પ્રયોજન થાય છે.[૨૫] અથવા 'અર્થેષુ' એટલે નિમિત્તોમાં,[૨૬] તેથી ચાર પ્રકારના પુરુષાર્થો પ્રાપ્ત કરાવવા જગત ઉત્પન્ન કર્યું છે એવો અર્થ થયો. સર્વ જીવોને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તે માટે જગત રચ્યું એમ કહેવાયું. એકે-એક પ્રયોજનમાં પ્રયોજન, કાર્ય અને કારણની પરંપરાનું સંપૂર્ણ જ્ઞાન ભગવાનને છે એવો 'અભિજ્ઞઃ' શબ્દમાંના 'અભિ' શબ્દ ઉપસર્ગનો અર્થ છે.

જ્ઞાનમાર્ગમાં કેટલાક એમ કહે છે કે ભગવાન સ્વાર્થ માટે જ સર્વ કરે છે. તે ખોટું હોવાનું જણાવવા 'પોતાની મેળે પ્રકાશનાર' એમ કહેલું છે. જો કે જીવો પણ ભગવાનનું સ્વરૂપ જ છે, તોપણ બંનેના સ્વરૂપના પ્રકારમાં ભેદે[૨૭] હોવાથી ભગવાન જ પોતાની મેળે પ્રકાશનાર હોવામાં દોષ નથી. ભગવાન પોતાથી જ પ્રકાશે છે, વિષયોમાં રમણ કરતા નથી, એવો અર્થ છે. અથવા વિરાટમાં રહેલા ભગવાન પોતાની મેળે પ્રકાશનાર છે. તે (આવા અર્થ) થી ઉપર જણાવેલ સર્વ જાણનાર હોવાપણું દઢ થાય છે, અથવા કલેશ ન થાય તે માટે ભગવાન સ્વરૂપાનંદમાં રમણ કરે છે એવો અર્થ છે. આટલાથી[૨૮] રૂપપ્રપંચ (જૂદાં-જૂદાં રૂપો દેખાય છે તે બધાં) નું કારણ ભગવાન છે એમ કહ્યું.

---

૨૩. 'સર્વ પ્રકારથી' એટલે સમવાયિ તરીકે, નિમિત્ત તરીકે, અધિષ્ઠાન તરીકે અને પ્રયોજક તરીકે. (પ્ર)

૨૪. (બ્રહ્મમાં) વૈરાગ્ય પૂર્ણ હોવાથી કોઈ પણ ચીજ તેમને બહુ ઈચ્છેલી નથી, તેથી કર્મવાચક છઠ્ઠી (વિભક્તિ) ન કહેતાં વિષયસપ્તમી યોજેલી છે. (પ્ર)

૨૫. 'અર્થ' શબ્દનો અર્થ ફલનો લાભ જ કેમ થાય ? એવો પ્રશ્ન થાય તેથી તેનો અર્થ કહેલ છે. કોશમાં તેના અર્થ, શબ્દના અર્થ, ધન, વસ્તુ, પ્રયોજન અને નિવૃત્તિ (દૂર કરવું) એટલા કહેલા છે. (પ્ર)

૨૬. 'નિમિત્તથી કર્મયોગ' એ વાક્ય પ્રમાણે ફલના (અર્થ) માં સાતમી વિભક્તિ છે, એટલે 'જીવોના અર્થો (પુરુષાર્થો) ને જાણનાર' એવો અર્થ થયો છે. (પ્ર)

૨૭. જીવો ભગવત્સ્વરૂપ હોવા છતાં તેમનામાં ઈશ્વરનો પ્રકાર નથી, તેથી તેઓ માટે ભગવાન સૃષ્ટિ કરે તેથી તેમના સ્વરાટપણાની હાનિ થતી નથી. (પ્ર).

૨૮. 'આટલાથી' એકલે શ્લોકના પહેલા ચરણથી. (પ્ર)

હવે શ્લોકના બીજા ચરણથી નામપ્રપંચનું કારણ પણ ભગવાન છે એમ કહે છે જો કે ભગવાન રૂપ અને નામ પ્રપંચ બંનેનું કારણ સરખી રીતે હોવાનું કહી શકાય, છતાં પણ રૂપપ્રપંચમાં આસક્તિવાળા જીવોને જૂદા પાડવા અહીં જૂદું-જૂદું કહેલ છે. બંધ અને મોક્ષના પ્રકાર જૂદા-જૂદા જણાવવા વેદ અને જગત (નામ અને રૂપ પ્રપંચ) જૂદા-જૂદા કહેલા છે. ત્રણ પ્રકારની ઉત્પત્તિ (જનન, સમાગમ અને પ્રાકટ્ય) વેદની નથી.[૨૯] પરંતુ પ્રલયમાં (તે) સૂક્ષ્મ રૂપથી[૩૦] રહે છે. જેમ અનેક ભાષાઓમાં પ્રસરવું તે વર્ણોનો વિસ્તાર છે, તેમ વેદની જૂદી-જૂદી શાખાઓ થવી તે વેદનો વિસ્તાર છે. 'બ્રહ્મ' એટલે વેદ. (તે) વિકાર રહિત છે એ જણાવવા બ્રહ્મ શબ્દ યોજેલ છે. ''જે પહેલાં બ્રહ્માને બનાવે છે, અને જે તેમની પાસે વેદોને મોકલે છે'' એ વાક્ય પ્રમાણે બ્રહ્માને માટે ભગવાને વેદોનો વિસ્તાર કરેલો છે. અથવા ભગવાનનું તાત્પર્ય વેદમાં જ છે, લોકમાં નથી, એમ જણાવવા 'હૃદા' 'હૃદયથી' એમ કહેલું છે. 'યઃ' 'જેમણે' શબ્દ ગાયત્રીના ત્રીજા પાદમાં રહેલ છે. તેથી ભગવાન સર્વના પ્રેરક હોવાનું સિદ્ધ થાય છે. તેમ (તેવો અર્થ) ન હોય તો તે શબ્દ નકામો ઠરે, કારણ કે 'યતઃ' 'જેમનામાંથી' શબ્દ જ વિભક્તિનો ફેરફાર કરીને સર્વ વાક્યોમાં જોડી શકાય છે. 'આદિકવયે' 'આદિકવિ માટે' એટલે બ્રહ્મા માટે. વેદમાર્ગ પ્રમાણે બ્રહ્મા એમ (આદિકવિ) કહેવાય છે, એવો અર્થ છે. વેદના અર્થમાં શ્રદ્ધાવાળા બીજાઓની પણ તે પ્રકારથી જ મુક્તિ થાય છે એવો ભાવ છે. બ્રહ્મા શબ્દના રસને જાણનાર છે અથવા તેને છૂપાવવા અથવા તેને જૂદા પ્રકારે કહેવાનું તેમનામાં સામર્થ્ય છે એમ જણાવવા 'કવિ' શબ્દ યોજેલ છે. બીજો કોઈ તેવો નથી એમ જણાવવા અથવા કવિનો દોષ તેમનામાં નથી એમ જણાવવા 'આદિ' શબ્દ યોજેલ છે. અથવા તેમની જૂદાં-જૂદાં પ્રકારની જ સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાને તેમને વેદ જણાવ્યા એમ જણાવવા 'આદિકવિ' શબ્દ યોજેલ છે. બીજાઓને વેદ ઉપયોગી ન હોવાનું કારણ 'જેમાં સૂરિઓ મોહ પામે છે' શબ્દથી કહેલું છે. જે વેદમાં અથવા વેદના અર્થમાં સૂરિઓ પણ મોહ પામે છે એવો અર્થ છે. ''યજ્ઞો લૌકિક છે, માત્ર ફલના સંબંધમાં વૈદિકપર છે, અને બ્રહ્મ માત્ર જીવોનો આત્મા[૩૧] છે'' એમ માનનાર સાંખ્યો અને યોગીઓ વૈદિક નથી. વળી પૌરાણિકો સદ્વાદી (પદાર્થ માત્ર સત્ છે એમ માનનાર) હોવા છતાં પુરુષથી અટકી જાય છે, પરંતુ પુરુષોત્તમને જાણતા નથી, અને બીજાઓ તેમને અનુસરે છે. ભગવાનને શરણ ન જવું એ સર્વને મોહ થવાનું કારણ[૩૨] છે. તેથી માત્ર ભગવાન અથવા તેમને શરણ ગએલા જ વેદના અર્થને જાણે છે. વેદ સર્વ કરવા સમર્થ હોવાથી કામનાથી દુઃખી થતા પ્રાણીઓને તેમની

૨૮.કારણ કે વેદનો તિરોભાવ થતો ન હોવાથી તે નિત્ય છે. (પ્ર)

૨૯.'સૂક્ષ્મરૂપથી' એટલે ધમણ પેઠે સંકોચાઈને. (પ્ર)

૩૦.એમ કહેનાર મીમાંસકો મોહ પામે છે. (પ્ર)

૩૧.આમ કહેનારા વેદાંતૈકદેશીઓ મોહ પામે છે. નૈયાયિક વિગેરેનો તો સત્પુરુષો સ્વીકાર કરતા નથી. તેથી તેઓ સૂરિ ન હોવાથી જ તેમને ગણેલા નથી. (પ્ર)

૩૨.આથી સૂરિઓને પણ મોહ થવાનું કારણ કહેલું છે. (પ્ર)

કામનાઓ પ્રાપ્ત થાય તે માટે વેદનો પ્રચાર કરેલો છે; તેવીજ રીતે (તેજ પ્રયોજનથી) શાખાઓ કરેલી[33] છે. તેવીજ રીતે કોઈ સમયે[34] પુરુષના હૃદયમાં વેદ પ્રકટ થયેલા. અથવા ''પહેલાં વેદ પ્રણવ જ હતા'' એ વાક્ય પ્રમાણે માત્ર પ્રણવ તેના હૃદયમાં પ્રકટ થયેલ. વેદનો ઉપયોગ સંપૂર્ણ રીતે બ્રહ્માને જ થયેલ છે. તેથી જ વેદનું તાત્પર્ય ન જાણતા હોવાથી વેદનો અર્થ ખોટી રીતે કરનારાઓનો આદર કરવો નહીં. પ્રપંચથી બંધ થાય છે, વેદથી મોક્ષ થાય છે. તે બંને વડે ભગવાન ક્રીડા કરે છે એવું ભગવાનનું માહાત્મ્ય છે.

૩૩.કારણ કે મંદબુદ્ધિવાળાઓ માટે વેદના વિભાગ કરેલા છે. પુરૂરવસને કામના થતાંજ ત્રેતાયુગમાં ત્રણ વેદ પ્રકટ થતાં (વિભાગ થયા.) (પ્ર)

૩૪.'કોઈક સમયે' એટલે પુરૂરવસના પહેલાં, કૃત યુગમાં. (પ્ર)

એ રીતે ભગવાન પૂર્ણગુણવાળા છે એમ કહીને તે દોષરહિત છે એમ કહેતાં ત્રીજા ચરણથી ગાયત્રીમાંના 'ભર્ગઃ' શબ્દનો અર્થ કહે છે. અથવા તેમને માયાનો અથવા તેના કાર્યનો જરાએ સંબંધ નથી એમ જણાવેલ હોવાથી, તે વરણ કરવા યોગ્ય હોવાનું કહે છે. ભગવાન દોષરહિત છે એ પક્ષમાં દોષ બે પ્રકારના હોય છે : ૧.પોતાની અંદર જ દુષ્ટતા કરાવનાર અને ૨.સેવકનો ઉદ્ધાર ન કરવારૂપ. તે પૈકી પહેલો દોષ ભગવાનમાં નથી એમ ત્રીજા ચરણથી કહે છે. દેહ ઈંદ્રિય અને અંતઃકરણ ના ધર્મોનો સંબંધ આ પહેલા પ્રકારનો દોષ છે, અને તે દરેક ગુણના સંબંધથી થાય છે તેથી અથવા સાત્વિક વિગેરે પ્રકારના ભેદથી થતો હોવાથી ઘણાં દૃષ્ટાંતો કહેલાં છે. પૃથ્વી, પાણી અને તેજ પૈકી એક હોય તે જેમ બીજું જણાય તે ખોટું જણાય છે, કારણ કે દોષ જોનારની બુદ્ધિને જ તેવી કરે છે, પરંતુ પદાર્થ તેવો નથી એવો અર્થ છે. મૃગજલ જોવામાં આવે તેમાં તેજ, જલ હોવાની બુદ્ધિ થાય છે. અંધારી રાતે જલ વિગેરે હોય તે પૃથ્વી હોવાની બુદ્ધિ થાય છે. તેવી રીતે મણિ વિગેરે પૃથ્વી છે તેમાં અગ્નિ હોવાની બુદ્ધિ થાય છે. કાચ વિગેરે પૃથ્વીમાં જલ હોવાની બુદ્ધિ થાય છે. વાદળાં (જલ)માં ચંદ્ર હોવાની બુદ્ધિ થાય છે. ચંદ્રનાં કિરણો (તેજ)માં વસ્ત્ર (પૃથ્વી) હોવાની બુદ્ધિ થાય છે. વળી છીપમાં રૂપું હોવાની બુદ્ધિ થાય છે તે એક જ જાતના પદાર્થોમાંના ભ્રમો છે. તે ભ્રમો જેમ જીવોની બુદ્ધિથી કલ્પેલા છે, તેમ ભગવાનમાં અવતારો[35] વિગેરેમાં દેહ, ઈંદ્રિય અને અંતઃકરણ ખોટાં દેખાય એમ કહે છે 'ત્રણની સૃષ્ટિ જેમનામાં ખોટી જણાય છે'. 'જેમનામાં' શબ્દથી (ખોટાં દેખાવાનાં) નિમિત્ત[36] અને સ્થાન[37] કહેલાં છે. તેથી ત્રણ ગુણોનાં કાર્ય દેહ-ઈંદ્રિય-મન, તેમના ધર્મો, તેનું કારણ,[38] તેનાં સ્થાનો[39] અને તેના વિષયો[40]

૩૪.અહીં 'વિગેરે' શબ્દથી ફલ પ્રાપ્ત કરેલ ભક્તો સમજવા (પ્ર).

૩૫.જેમના માટે અને.

૩૬.જેમનામાં રહેલી ત્રણ પ્રકારની સૃષ્ટિ મિથ્યા છે (પ્ર).

૩૭.કારણ=પ્રકૃતિ (પ્ર).

૩૮.સ્થાનો=ગુણો (પ્ર). ૩૯.વિષયો=રૂપ વિગેરે (પ્ર).

૪૦.'અધ્યાસેન સન્તિ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

અધ્યાસથી જણાય[૪૧] છે, એવો અર્થ છે. સંપૂર્ણ પ્રકારે મિથ્યા છે એમ કહેવામાં આવે[૪૨] તો 'જેમનામાં' શબ્દ વ્યર્થ થાય, અને બ્રહ્મ સર્વનો આધાર હોવાથી સંપૂર્ણ પ્રકારે મિથ્યા ન કહેવાય[૪૩] તેથી અધ્યાસથી જ ભગવાનમાં દેહ વિગેરે છે એમ કહેવું જોઈએ. આ છ માટે જ દૃષ્ટાંતો કહેલાં છે. લોકની દૃષ્ટિથી ભ્રમ[૪૪] જણાય છે, કારણ કે બીજા (જીવ) ના દેહ ઈંદ્રિય વિગેરે ધર્મો બીજા (બ્રહ્મ)માં જોવામાં આવે તે મિથ્યા છે. પ્રવૃત્તિ, પ્રકાશ અને તેના અભાવથી જુદા પ્રકારના ગુણ સ્પષ્ટ હોવા છતાં જેમ એકમાં બીજાનો અધ્યાસ થાય તેમ ભગવાનમાં જીવોના ગુણ જણાય છે[૪૫]. કેટલાક ભગવાનમાં દેહ, ઈંદ્રિયોની કલ્પના કરીને, તે ચિદાનંદરૂપ હોવાની કલ્પના કરે છે. કેટલાક ચિદાનંદમાં દેહ અને ઈંદ્રિયો હોવાની અને કેટલાક હરતા–ફરતા શ્રીકૃષ્ણને જડ અને જીવનો સંબંધ હોવાની કલ્પના કરે છે, અથવા અમુક જડ અને જીવમાં તેવી શક્તિ હોવાની કલ્પના કરે છે. કેટલાક શરીરમાં માયા અને માયાવાળાના અધ્યાસની, અથવા અમુક પ્રકારની માયાવાળાને પોતાની ઈચ્છાથી જ શરીરનો સંબંધ થવાની કલ્પના કરે છે. સર્વની બુદ્ધિ જ ભ્રાંત છે, બ્રહ્મને શરીર અને ઈંદ્રિયોનો સંબંધ નથી છતાં બ્રહ્મમાં વ્યવહાર કેવી રીતે થાય છે તે આગળ કહેવામાં આવશે. એ રીતે ભગવાનમાં જડ અને જીવોના ધર્મ ખોટા (દેખાય છે) એમ કહ્યું. માયા અને તેનાં કાર્યનો જરાએ સંબંધ ન હોવાથી બ્રહ્મ વરણ કરવા યોગ્ય 'સુંદર' છે એમ પોતાથી થતો (પોતાની અંદર દુષ્ટતા કરાવનાર પહેલા પ્રકારનો) દોષ તેમાં નથી એમ કહ્યું.

ચોથા ચરણથી બ્રહ્મમાં ભજન કરવા યોગ્ય ગુણો હોવાનું કહેતાં, તે સેવકોનો ઉદ્ધાર કરે છે એમ કહે છે. સ્વરૂપની સ્ફૂર્તિથી જ તે સર્વની બધી અવિદ્યાનો નાશ કરનાર છે એવો અર્થ છે. તેમનું સ્વરૂપ જ અવિદ્યાનો નાશ કરનારું છે. આ પ્રમેયબલ છે. 'સદા' શબ્દથી એમ જણાવ્યું છે કે કલિકાલ વિગેરે તેમાં વિઘ્ન કરનાર નથી. 'કુહકમ્' એટલે કપટ; દેહ ઈંદ્રિય અને અંતઃકરણની સ્થિતિ એવો અર્થ છે. તે દૂર કરવામાં આવે ત્યારે[૬૯] બાકીનું પોતાની મેળે જ થશે. આથી 'સ્' જેને છેડે છે એવા 'ભર્ગઃ' (ભર્ગસ્) શબ્દનું, સર્વ અવિદ્યાનો નાશ કરે છે, એવું વ્યાખ્યાન કર્યું. 'શ્રેષ્ઠ સત્ય' શબ્દોથી (ગાયત્રીમાંના) 'તત્' શબ્દનો અર્થ (તે) છે. ત્રણ

૪૧.માયાવાદીઓ પેઠે દેહ ઈંદ્રિયો વિગેરે સંપૂર્ણ પ્રકારે મિથ્યા હોવાનું કહેવામાં શો દોષ ? એવો પ્રશ્ન થાય તેથી આ કહે છે. આકાશના ફૂલનો આધાર હોવાનો કોઈ પદાર્થમાં વ્યવહાર નથી. ત્રણ પ્રકારની સૃષ્ટિને તેવી માનવામાં આવે તો તેની પેઠે તેનો આધાર હોવાનો પણ કોઈ પણ પદાર્થમાં વ્યવહાર ન થાય (પ્ર).

૪૨.સંપૂર્ણ પ્રકારે મિથ્યા માનવાથી પ્રાપ્ત થતું બીજું દૂષણ આથી કહેલ છે (પ્ર).

૪૩.'આ માટેજ' એટલે ભગવાન સિવાય બીજા જીવોમાં ત્રણ પ્રકારની સૃષ્ટિ સત્ય હોવાને લીધે (પ્ર).

૪૪.જીવોમાં એ ત્રણ પ્રકારની સૃષ્ટિ સત્ય છે. ઈશ્વરમાં ખોટી લોકદષ્ટિથી દેખાય છે તેનું કારણ પણ કહેલ છે (પ્ર).

૪૫.બીજા (જીવોમાં) જેમનો સંસર્ગ છે તેમનો બ્રહ્મમાં સંસર્ગ (નથી), મિથ્યા (દેખાય છે) એમ સિદ્ધ કરી, અહીંથી બ્રહ્મમાં સંસર્ગ જણાવનાર છ મતો છે. (પ્ર)

૬૯.'બાકીનું' એટલે પોતપોતાના અધિકાર પ્રમાણે અભય (પ્ર).

કાલમાં જેનો પરાભવ થતો નથી અને જે સર્વ લોકમાં પ્રસિદ્ધ છે તે સત્ય 'પરં' 'શ્રેષ્ઠ' એટલે પુરુષોત્તમરૂપ સર્વ વેદમાં પ્રસિદ્ધ તેવાં શ્રેષ્ઠ સત્યનું 'ધીમહિ' ધ્યાન કરીએ છીએ અથવા તેના ઉપર પ્રેમ કરીએ છીએ. આ 'ધીમહિ' શબ્દ વૈદિકપણું જણાવવા માટે (ભાગવત અને ગાયત્રી) બંનેમાં એકજ[૭૦] છે. આથી એમ કહેવાયું કે આ પુરાણ વેદની સમાન છે. એ રીતે બીજની સ્થિતિ વર્ણવી ।।૧।।

૭૦.ગાયત્રીના શબ્દો તથા તેના અર્થવાળા આ શ્લોકના શબ્દો નીચે પ્રમાણે છે–

| **ગાયત્રીના શબ્દો :** | **આ શ્લોકના તે અર્થવાળા શબ્દો** |
|---|---|
| તત્ | સત્યમ્, પરમ્ |
| સવિતુઃ | જન્માદ્યસ્ય યતોઽન્વયાદિતરતશ્ચ |
| વરેણ્યમ્ ભર્ગઃ | તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો |
| દેવસ્ય | મૃષા ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકમ્ |
| | અર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્ |
| ધીમહિ | ધીમહિ |
| ધિયો યોનઃ પ્રચોદયાત | તેને બ્રહ્મહૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્ સૂરયઃ. |

શ્રીભાગવતનો મધ્ય ભાવ (વૃક્ષપણું) જણાવતાં તે કલ્પવૃક્ષ હોવાનું કહે છે :

**ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવોઽત્ર પરમો નિર્મત્સરાણાં સતાં**
**વેદ્યં વાસ્તવમ્ અત્ર વસ્તુ શિવદં તાપત્રયોન્મૂલનમ્ ।**
**શ્રીમદ્ભાગવતે મહામુનિકૃતે કિં વા પરૈરીશ્વરઃ**
**સદ્યો હૃદવરુધ્યતેઽત્ર કૃતિભિઃ શુશ્રૂષભિઃ તત્ક્ષણાત્ ।।૨।।**

મહામુનિએ રચેલા શ્રીભાગવતમાં અહીં ઈર્ષ્યારહિત સત્પુરુષોના સર્વથા કપટરહિત ઉત્તમ ધર્મ કહેલો છે. અહીં ત્રણ તાપને મૂળથી ઉખેડી નાખનાર, જાણવા યોગ્ય, કલ્યાણ પ્રાપ્ત કરાવનાર વાસ્તવિક વસ્તુ જણાવેલ છે. અથવા બીજાં ફલ થી શું ? અહીં શ્રવણ કરવા ઈચ્છનારા કુશલ પુરુષોથી તે જ ક્ષણે ઈશ્વરને પોતાના હૃદયમાં તરત જ રખાય છે. ૨

ધર્મ[૧] અને જ્ઞાન[૨] સાધન છે. ભગવાનનો આવિર્ભાવ પ્રાપ્ત કરવાનો છે. ત્યાર પછી ભગવાનમાં પ્રવેશ થવો તે ફલ છે. આ સર્વ ભાગવતથી જ થાય છે, તેથી તે ઉત્તમ[૩] કલ્પવૃક્ષ છે.

૧.'ધર્મ' એટલે ભગવાનના ગુણોનું શ્રવણ વિગેરે. (પ્ર)

૨.'જ્ઞાન' એટલે ભગવાનનું જ્ઞાન. (પ્ર)

૩.ઈચ્છેલા કરતાં પણ અધિક ફલદાન કરનારું હોવાથી ઉત્તમ કલ્પવૃક્ષ છે. (પ્ર)

૧.વેદની આજ્ઞાનો સંબંધ હોવો તે ધર્મ, એ ધર્મનું લક્ષણ છે. અને વેદ પ્રમાણ છે તે ધર્મ યજ્ઞરૂપ છે. ૨.આચાર પણ પુરાણમાં કહેલો ધર્મ છે. ૩.સત્ય વિગેરે પણ ધર્મો છે, અને ૪.તપ વિગેરે તથા ૫.ભગવાનના ગુણોનું શ્રવણ વિગેરે ધર્મો છે તે પૈકી ૧.ઉપર પ્રમાણે[૪] તે (ભગવાનના આવિર્ભાવ) માટે કરેલા ન હોય તેવા યજ્ઞોને પણ કહેલાં સ્વરૂપથી[૫] ફલનાં સાધન

તરીકે કહેલા છે તેથી, અથવા સ્વર્ગ વિગેરે સ્થાન ફલ હોવાની ભ્રાંતિ ઉત્પન્ન કરતા હોવાથી, તેઓમાં કપટ હોવાનું સંભવે છે. ૨.''એકસરખી વસ્તુઓમાં પણ શુદ્ધિ અને અશુદ્ધિ કરવામાં આવે છે'' (ભાગ ૧૧-૨૧-૩) વિગેરે નિયમ પ્રમાણે આપણી પ્રવૃત્તિ ઓછી થાય તે માટે ગુણ અને દોષ હેવાનું કહેલ હોવાથી આચારમાં પણ કપટ છે. ૩.વ્યવહારમાં ખીચડો થતો હોવાથી સત્ય વિગેરેમાં પણ કપટ છે. ૪.અને 'પોતાનું અને બીજાનું સુખ શું? અને પોતાનો અને બીજાનો દ્રોહ કરનાર ધર્મનું પ્રયોજન કેટલું ?' 'પોતાનાં શરીરમાં રહેલા મહાભૂતોના સમૂહને હેરાન કરનારા મૂઢા' (ભ.ગી.૧૭-૧૧) વિગેરે વાક્યથી તપ વિગેરેમાં પણ કપટ હોવાનું કહેલ છે. આ સર્વ ધર્મોમાં કરવાની અને ન કરવાની આજ્ઞા હોવાથી કપટ છે. તે જ પ્રમાણે ભગવાનના ગુણોનાં શ્રવણ વિગેરેમાં કાંઈપણ કપટ નથી. ('પ્રોજ્ઝિત' શબ્દમાંના) 'પ્ર' શબ્દનો અર્થ એવો છે કે તે (શ્રવણ વિગેરે) ધર્મ કરનારાઓમાં પણ કપટ નથી. 'સર્વથા' જતું રહેલ છે કપટ જેમાંથી તે શ્રવણ વિગેરે ધર્મ ભાગવતમાં[૬] છે. વળી આ ધર્મ ઉત્તમ છે, કારણ કે તે ભગવાનના સંબંધવાળો ધર્મ છે, અથવા 'પરઃ વશ' રાખનાર ભગવાન 'પ્રીયતે' જણાય છે જેનાથી તેનો ભગવાનનો સાક્ષાત્કાર કરાવનાર હોવાથી ઉત્તમ છે. 'ઈર્ષ્યારહિત સત્પુરુષોનો' શબ્દોથી તે ધર્મને આચરનારા પણ ઉત્તમ હોવાથી ધર્મનું ઉત્તમપણું કહેલું છે. બીજાની સરસાઈ સહન ન કરવી તે 'મત્સર' (ઈર્ષ્યા) દોષ છે. કૃપાળુ હોવું[૭] વિગેરે ધર્મનો સંબંધ ગુણ છે. આ ધર્મના આચરનારાઓ દોષરહિત અને ગુણવાળા છે. તેથી ધર્મ ઉત્તમ છે. બીજાઓમાં ઈર્ષ્યા વિગેરે દોષો સ્પષ્ટ જ હોય છે.

૪.'ઉપર કહેલા ન્યાય પ્રમાણે' એટલે સરિઓનો પણ મોહ કરનાર હોવાથી. (પ્ર)

૫.'કહેલાં સ્વરૂપથી' એટલે 'વિધિએ જણાવેલાં સ્વરૂપથી.' (પ્ર)

૬.'એવ' 'જ' શબ્દથી ભારતમાં પણ કપટ હોવાનું કહેલું. સૂક્ષ્મ ટીકામાં કહેલું છે કે 'ભારતમાં ભગવદ્ધર્મોનું પણ અતિ ફલ કહેલ હોવાથી કપટ છે, અહીં તો ક્યાંય પણ રુચિ ઉપજાવે તેવું કહેલ નથી. (પ્ર) આચાર્યશ્રીએ ભાગવત ઉપર સૂક્ષ્મ ટીકા લખેલી એમ આથી જણાય છે.

૭.અગીઆરમા સ્કંધમાં ભગવાને સત્પુરુષના લક્ષણમાં આ જ ગુણો કહેલા છે. (પ્ર)

જ્ઞાન પણ ભાગવતમાં જ છે એમ શ્લોકના બીજા ચરણથી કહે છે. સર્વ શાસ્ત્રોમાં યજ્ઞ, બ્રહ્મ, કાલ અને પુરુષ જ જાણવા યોગ્ય કહેલા છે. તેઓના પણ સારરૂપ ભગવાનને અહીં ભાગવતમાં જ જાણવા યોગ્ય કહેલા છે, કારણ કે ભગવાન જ સર્વનાં સારરૂપ છે. વળી પોતાની મેળે પ્રકાશનાર ભગવાન પણ આ શાસ્ત્રમાં જ જણાય તેવા હોવાનું પ્રસિદ્ધ છે. બીજાં શાસ્ત્રોમાં જાણવાયોગ્યનું અવાસ્તવિકપણું અને વાસ્તવિક વસ્તુનું ન જણાય તેવા હોવાની સ્થિતિ છે. અને તે અવિદ્યાવાળાઓ માટે લખાએલાં છે. ભાગવતમાં તો મુક્ત જીવોનો અધિકાર છે, અને સર્વથી ન જણાય તેવા ભગવાન પણ તેમની ઈચ્છાથી પ્રાકટ્ય થતાં જણાય તેવા થવાનું કહેલ છે. બીજાં શાસ્ત્રોમાં જેઓની બુદ્ધિનો અંત આવી જાય છે તેવાઓને જ તેવા ભગવાન અવાસ્તવિક જણાય છે. અથવા ભાગવતમાં સર્વનું વાસ્તવિકરૂપ જણાય તેવું છે. વળી યજ્ઞ[૮] વિગેરે કરવામાં આવે અને જાણવામાં આવે ત્યારે શાંત પરમાનંદ પ્રાપ્ત થતો

નથી, કારણ કે તો તેમનું ફલ પરલોકમાં મળે તેવું છે અને અત્યારે તો દુઃખનો અનુભવ થાય છે. આત્માનું જ્ઞાન થાય ત્યારે પણ શાંતિ થાય છે, પરંતુ પરમાનંદ પ્રાપ્ત થતો નથી. તે (આત્મા)ને જ પરમાનંદ નથી એમ શાસ્ત્રો કહે છે. ભગવાનનો સાક્ષાત્કાર થાય અથવા અંતે તેમનું સાયુજ્ય થાય ત્યારે શાંત પરમાનંદ પ્રાપ્ત થાય છે, અને તે જ ક્ષણે ત્રણે તાપ મૂલથી ઉખડી જાય છે. તેથી ભાગવતમાં જ ફલ અને સાધન છે, તેથી જ્ઞાન પણ ઉત્તમ છે શબ્દના રસને જાણનારાઓ માટે પણ આ જ ઉત્તમ છે એમ 'શ્રીમદ્ભાગવત' શબ્દથી કહે છે. 'શ્રીમતિ ભાગવતે' 'લક્ષ્મીવાળા ભાગવતમાં' એટલે દશ રસવાળા ભાગવતમાં એવો અર્થ છે. કાવ્યોમાં પણ આ રસો છાયારૂપે છે, છતાં પણ તે રચનારાના દોષથી નિંદાએલ છે. તેવી આ ભાગવતમાં શંકા પણ નથી એમ 'મહામુનિએ રચેલા'[૯] વિશેષણથી કહે છે. વેદવ્યાસે રેચલાં, એવો અર્થ છે. સમાધિમાં અનુભવીને રચેલું હોવાથી. તે સમાધિ ભાષા છે એમ જણાવવા 'મહામુનિએ રચેલું' એમ કહેલું છે.

હવે ઉપાસના પ્રકરણોથી અસાધારણ સરસાઈ કહે છે. મંત્રશાસ્ત્ર અને પંચરાત્ર ઉપાસનાનાં પ્રકરણો છે. તે પૈકી મંત્રશાસ્ત્રમાં દેવતા પોતાને અધીન થાય છે, પણ તે ઈશ્વરરૂપ નથી. પંચરાત્રમાં પણ દેવતા મંત્રમાં રહેવાના સ્વરૂપથી જ પોતાને અધીન થાય છે. તેવીજ રીતે સ્થાનમાં[૧૦] રહેનારા સ્વરૂપતો તરીકે પણ દેવતા પોતાને અધીન થાય છે; પરંતુ સાક્ષાત્ પુરાણ પુરૂષ તો શ્રીભાગવતથી જ હૃદયમાં રખાય છે. તેથી જ બીજાં ભગવાન સિવાયનાનું પ્રતિપાદન કરનારાં અથવા ભેદથી પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોથી શું ફલ? કાંઈ પણ નહીં, એવો અર્થ છે. 'વા' 'અથવા' શબ્દ તો અનાદર દર્શાવવા યોજેલ છે. ભાગવતમાં તો 'કર્તુમ્' અદષ્ટ કાલ વિગેરેએ કરેલી વિઘ્નોને દૂર કરી હરકોઈ કાર્ય કરવાની, 'અકર્તુમ્' અદષ્ટ વિગેરેએ કરેલું હોય તેનો નાશ કરવાની, અને 'અન્યથાકર્તુમ્' ભક્તો ભૂલેલા હોય ત્યારે પણ તે ફેરવવાની (તેમની ભૂલ સુધરાવવાની) શક્તિવાળા ઈશ્વર 'સદ્યઃ' 'તરત જ' એટલે માત્ર ભાગવતનું શ્રવણ કરવાથી વિચાર અને ચિંતન કર્યા વિના જ હૃદયમાં પધારી વિરાજે છે. આ જણાવનારા[૧૧] મોટા પુરુષો હોવાથી તેમનું વાક્ય સમજી શકાય તેવું ન હોવાથી, 'શ્રવણ કરવા ઈચ્છનારા કુશલ' વિશેષણોથી તે જાણવાનો પ્રકાર કહેલો છે. બુદ્ધિની કુશલતા તે કુશલપણું, તેમણે કહેલ જાણવામાં ઉપયોગી છે. શ્રવણ કરવાની ઈચ્છા તો (બોધ કરનાર) કહે તે માટે ઉપયોગી છે, તે બંને પ્રાપ્ત થાય, ત્યારે ભગવાન તેજ ક્ષણે હૃદયમાં રખાય છે, એવો અર્થ છે.

૮.અહીંથી 'શિવદં' કલ્યાણ પ્રાપ્ત કરાવનાર' શબ્દનું વ્યાખ્યાન કરે છે. (પ્ર)

૯.ભાગવત વ્યાસે પોતે રચેલું છે એમ ન કહેતાં મહામુનિએ રચેલું હોવાનું કહે છે, કારણ કે ભગવાનની પ્રેરણાથી સમાધિમાં જોઈ રચેલ હોવાથી તે રચવામાં પોતાનું સ્વતંત્રપણું નથી એમ જણાવવું છે. (પ્ર)

૧૦.મથુરા વિગેરે સ્થાનમાં તત્વોમાં આવેશ કરેલા સ્વરૂપવાળા ભગવાન જ અધીન થાય છે. (પ્ર)

૧૧.બ્રહ્મા, નારદ વિગેરે. (પ્ર)

અથવા 'બીજાં ફલથી શું?' શબ્દોથી ભાગવતની સરસાઈ કહે છે. ભાગવતની સરસાઈનાં બીજાં કારણો કહેવાની જરૂર નથી. 'વા' 'અથવા' શબ્દ (બીજાં કરણોનો)

અનાદર દર્શાવે છે. અર્થથી અને શબ્દથી તેની સરસાઈ જણાવનારા ઘણા પ્રકારો છે જ, છતાં પણ આ ભારે સરસાઈ છે કે ભગવાન જ તરત હૃદયમાં રખાય છે. કોનાથી? અત્ર આ (ભાગવત) 'શુશ્રૂષુભિઃ' શ્રવણ કરવાની ઈચ્છાવાળાઓથી. તે શ્રવણ કરવાની ઈચ્છા મોટાં ભાગ્યથી જ પ્રાપ્ત થાય છે એમ 'કૃતિભિઃ' 'કુશલ પુરુષોથી' શબ્દથી કહે છે, કારણ કે ત્રણ ભાષાઓનાં વિરોધને દૂર કરી, શબ્દો અને વાક્યો ભગવાનનો બોધ કરે છે, એમ જાણવું જોઈએ. તેમ જાણવામાં ન આવે તો શ્રવણ કરેલું પણ ન શ્રવણ કરેલું જ થાય છે. 'તેજ ક્ષણે' એટલે શ્રવણ કરવાની જ ક્ષણે ભગવાનની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન જોવાથી (ભગવાન પ્રાપ્ત થાય છે.) તેથી ભાગવત સર્વથી ઉત્તમ[૧૨] છે એમ મુખ્ય ગુણ કહ્યો. ૨.

૧૨.મંગલરૂપ. (પ્ર)

નીચેના શ્લોકમાં ભાગવત ફલરૂપ હોવાનું કહે છે :

**નિગમકલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદ્ અમૃતદ્રવસંયુતમ્ ।**
**પિબત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ।।૩।।**

હે ભૂતલ ઉપર ભાવના કરવામાં ચતુરરસિક લોકો! નિગમરૂપ કલ્પવૃક્ષના શુકના મુખમાંથી ગળેલા અમૃતને તુચ્છ કરનાર રસ સાથે સારી રીતે ભળેલા, મોક્ષથી અધિક ભાગવતરસનું વારંવાર પાન કરો. ૩.

જો કે કાવ્યની પેઠે રૂપક[૧] કહેવામાં આવે તો અર્થ સ્પષ્ટ થાય, તો પણ ભાગવતમાં સર્વ વેદોનો સાર કાઢેલ હોવાથી તેમાં તેમ કહેવું યોગ્ય નથી. રૂપક વિગેરે તો બુદ્ધિથી કલ્પેલા[૨] છે, તેથી શબ્દનો અર્થ થતો હોય તેજ કહેવો જોઈએ. તે-તે સંબંધમાં પ્રમેય (જેનું જ્ઞાન કરાવવાનું છે તે) પ્રસિદ્ધ ન હોવા છતાં, આ વાક્ય બીજા પ્રકારે ઘટતું ન હોવાથી જેવું અહીં કહેલું છે તેવું પ્રમેય છે એમ જાણવું જોઈએ. ત્યાં અક્ષરરૂપ[૩] વ્યાપિવૈકુંઠમાં પ્રણવ બીજવાળું વેદવૃક્ષ છે. ત્યાંથી 'વ્યાસ' નામનો ભગવાનનો અવતાર થયો ત્યારે, અથવા આદિનારાયણનો અવતાર થયો ત્યારે બધા માણસોને આનંદ થાય તે માટે મૂર્ત થયેલું (આકારવાળું, નક્કર) દેવતારૂપ તેનું ફલ તેમણે ભૂમિ ઉપર આણેલું, તે અહીં મધની પેઠે લાવેલું હોવાનું કહે છે.

૧.રૂપક ન લેવાનું કારણ આથી કહેલું છે. (પ્ર) ૨.અહીંથી પ્રમેય (ભાગવત)નું સ્વરૂપ કહે છે. (પ્ર)

૩.શબ્દ નક્કર રસરૂપ હોઈ ન શકે, એવી શંકા દૂર કરવા વેદરૂપ શબ્દ તેવો હોવાનું આ ભાગથી સિદ્ધ કરે છે. મધુવિદ્યામાં વેદરૂપ તરીકે નિશ્ચિત કરેલો આદિત્ય નક્કર પ્રસિદ્ધ છે તેવું અહીં પણ રસરૂપ હોવાનું પ્રસિદ્ધ છે તેવું અહીં પણ જાણવું. (પ્ર)

જેમ આપણે ત્યાં મધ છે તેમ સ્વર્ગમાં રહેનારાઓને "તે આદિત્ય દેવોનું ખરેખર મધ છે" વાક્ય પ્રમાણે સૂર્ય મધ છે. તેવી[૪] રીતે સ્વર્ગમાં કલ્પવૃક્ષ છે, તેમ માત્ર વેદથી જ જણાય તેવા વૈકુંઠમાં પણ શબ્દરૂપ રસવાળું કલ્પવૃક્ષ છે; પરંતુ આ લક્ષણા[૫] નથી. ('નિગમ' શબ્દના) અર્થ પ્રમાણે વેદની સરસાઈ છે. 'નિતરાં' ઘણી સારી રીતે 'ગમયતિ' બ્રહ્મનું જ્ઞાન

કરાવે તે ઉત્તમ[6] ઉપનિષદ્ 'નિગમ' છે. સર્વ ફલનું દાન કરવાની શક્તિવાળું તે જ કલ્પવૃક્ષ છે. 'કલ્પઃ' વિધિ અને તે 'તરુઃ' વૃક્ષ, એ કલ્પવૃક્ષ વેદ જ કલ્પવૃક્ષ છે. ઘણું[7] પાકેલું ફલ હોય તે ગળે એટલે પોતાની મેળે જ પડે. વ્યાસના વ્યાપિવૈકુંઠમાંથી આવવાના સમયે પડેલું ફલ શુકની પેઠે તે લાવ્યા એવો અર્થ છે.વ્યાસના પુત્ર શુક મુક્ત[8] જીવ હોવાથી આ ફલના અધિકારી છે. પિતા ઉત્તમ (પદાર્થ) અને ખાસ કરીને (ઉત્તમ) ફલ પુત્રના મુખમાં આપે છે. તે[9] પણ[10] રસરૂપ છે. ઝરણાંઓથી જલ જેમ સર્વ સાથે સંબંધમાં આવે છે તેની પેઠે સર્વ ઈંદ્રિયોની સાથે સંબંધમાં આવી તે રસરૂપ ફલ પ્રેમરૂપ ઉત્પન્ન કરે છે. તે પ્રેમરસ એકઠો થઈ હૃદયમાં ધરાની પેઠે રહે છે. ત્યાં (હૃદયરૂપ ધરામાં) સારી રીતે ભળેલું ભાગવત ભક્તિરસ સાથે ડોળાઈ મુખમાંથી નીકળે છે તેથી શુકના મુખમાં આવી 'અમૃતં' મોક્ષનો પણ 'દ્રાવયતિ' તુચ્છ કરે તેવો ભક્તિરસ 'અમૃતદ્રવઃ' છે, તેની સાથે સારી રીતે ભળે છે. આથી બીજા રસથી પણ આ રસને અધિક કહેલો છે. જો કે તેવું ફલ ઉત્પન્ન કરનાર તરીકે વૃક્ષની જ સરસાઈ થઈ, છતાં પણ સરસાઈનું કારણ ફલ ઉત્પન્ન કરવાનું હોઈ, ચાલુ વિષય (ફલ ભાગવત) ની જ સરસાઈ થઈ.

૪.અહીંથી હવે કલ્પવૃક્ષ પ્રત્યક્ષ ન હોવા સંબંધી વિરોધ દૂર કરે છે.પ્રત્યક્ષ ન હોવાથી જ આ શબ્દોથી તેવું વૃક્ષ ન હોવાનું માનીએ તો શાસ્ત્રનો જ ઉચ્છેદ થાય.(પ્ર).

૫.શબ્દનો મુખ્ય અર્થ ઘટતો ન હોય ત્યારે રૂઢિને લીધે અથવા કોઈક પ્રયોજનને લીધે તેના સંબંધવાળો બીજો અર્થ લેવામાં આવે તે લક્ષણા કહેવાય છે.અહીં મુખ્ય અર્થ જ ઘટ છે એમ કહેવું છે.

૬.આથી બૃહજ્જાબાલ વિગેરે ઉપનિષદો જેથી બ્રહ્મનું જ્ઞાન થતું ન હોય તે બાતલ કરેલ છે.(પ્ર)

૭.ફલ પાકેલું ન હોય તેમાં ઉત્તમ રસ હોતો નથી, તેથી અહીં 'ગળેલું' શબ્દનો અર્થ કરે છે.(પ્ર)

૮.અધિકારી ન હોય તેવા વૃકાસુરને, અને દેવના કાર્ય માટે બલિને કહેલાં ભગવાનનાં વાક્યમાં પણ છલ હોવાનું સંભવે, તેવું અહીં નથી એમ જણાવવા આ કહેલ છે.(પ્ર)

૯.'તે' એટલે ભાગવત.(પ્ર)

૧૦.'ચ' શબ્દથી 'અપિ' 'પણ' અર્થવાળો છે, અને પ્રેમનો સમાવેશ કરાવે છે.(પ્ર)

અથવા શબ્દરૂપ વૃક્ષનું શબ્દરૂપ જ ફલ થાય. સર્વ વેદના અર્થનો વિચાર કરતાં ભગવાનના હૃદયમાં જ આ ફલ થયું. એટલે ભગવાને નકકી કરેલો અર્થ જણાવનાર શબ્દોનો આ સમૂહ[11] છે. શુધ્ધ અને વળી સુખી બ્રહ્મવિદ્યામાં પ્રવીણ પુરુષો ભગવાનની સેવા કરવા યોગ્ય છે. બીજા નથી, એવા અર્થથી તે ફલરૂપ છે. આ અર્થ છૂપો રાખવા યોગ્ય હોવા છતાં પણ ભક્તનો વિચાર કરતાં પરવશ થયેલા ભગવાનનાં હૃદયમાંથી નીકળ્યો એ તેનું 'ગળવું' થયું. બીજા ભગવદ્રૂપ અવતારો અથવા અધિકારીઓ હતા, તેથી ઘણા જ વૈરાગ્યવાળા શુકને આ ગ્રંથનો અર્થ સિધ્ધ થયો. તેથી તેમના હૃદયમાં ભક્તિરસ રહ્યો અને ભાગવત રહ્યું. તેમના મુખમાંથી નીકળવાના સમયે ભાગવત તેની સાથે રહેલ ભક્તિ સાથે નીકળ્યું તેથી તેવું (ભક્તિ કરાવનારું) છે, એવો અર્થ છે. હરકોઈ પ્રકારે શ્રવણ થતાં પણ અધિકારીના હૃદયમાં ભક્તિ કરાવે છે, એ (તેનું અમૃતદ્રવરસ સાથે) સારી રીતે ભળવું છે. ''વેદનું અધ્યયન કરવું જોઈએ'' એની પેઠે 'પાન કરી' શબ્દથી ઉપદેશ કરેલો છે. બહાર રહેલાં દ્રવ્યને ઈંદ્રિયદ્વારા શરીરની અંદર

પ્રવેશ કરાવવો તે પાન. (તેવું પાન) પ્રવાહી દ્રવ્યનું થાય, તેથી તેને 'રસ' કહેલ છે. 'ભાગવત' એ ગ્રંથનું નામ છે, અથવા ભગવાન સાથેના સંબંધવાળો તે રસ છે એમ 'ભાગવત' શબ્દમાં જણાવ્યું છે. શબ્દના શ્રવણથી અર્થનું જ્ઞાન થાય, તેથી રસનો સ્વાદ જૂદા જેવો છે, કારણ કે તેનું પાન સબડકાથી થાય છે. તેવી રીતે ભાગવતનું પાન કરવું, પણ તેનું માત્ર શ્રવણ ન કરવું, એવો અર્થ છે. આ ફલને છાલ રેસા વિગેરે તો નથી. ઠળીઆ વિનાના દાડમના બીની પેઠે કેટલાંક[12] ફળો રસરૂપ હોય છે. જેમ પૃથ્વી વિગેરે ઉગ્દીથ (સામનું ગાન) સુધીના રસો છે, તેમ ભાગવત રસરૂપ ભગવાનનો રસ છે. તે માત્ર સ્પર્શ કરવા યોગ્ય નથી, પરંતુ પાન કરવા યોગ્ય છે, એવો અર્થ છે.'આલયમ્' વિશેષણથી આ રસ બ્રહ્મરૂપ હોવાનું કહે છે. (તે) સર્વનો આધાર થયેલ છે, અથવા 'આ'=સર્વ તરફથી 'લયઃ' જેમાંથી થાય તેવો એટલે સર્વ પ્રપંચના લયનાં કારણરૂપ છે, અથવા 'આ'=અલ્પ છે 'લય' મોક્ષ જેનાથી તેવો છે. તેથી મોક્ષની ઈચ્છાનો ત્યાગ કરી તેનું પાન કરવું. 'મુહુઃ' 'વારંવાર' શબ્દ વ્યાસનું પરવશપણું જણાવે છે. તેમ ન હોય તો રસિકો પોતાની મેળે જ તેનું પાન કરવાના હોવાથી આ વચન નકામું થાય. અથવા પ્રાકૃત કાનોથી તરત જ તેના રસનો સ્વાદ લેવાય નહીં, તેથી રસ જાણવામાં આવે તે માટે વારંવાર પાન કરવાનું કહેલું છે, અને વળી 'આપના ગુણો કહેવા રૂપ અમૃતથી જેમણે દેહના ધર્મોને દૂર કરેલા છે' એમ કહેશે.

૧૧.શબ્દના સમૂહથી જણાવેલ અર્થ અહીં કહ્યો છે.આ પ્રમાણે અર્થ જાણવામાં ઓછી બુદ્ધિવાળાઓની પણ (શ્રવણાદિમાં) પ્રવૃત્તિ થાય છે.(પ્ર)

૧૨.ફલ રસરૂપ હોવામાં પ્રત્યક્ષનો વિરોધ નથી એમ જણાવવા દાડમનું દષ્ટાંત આપેલું છે.અમુક પ્રકારની દ્રાક્ષ વિગેરે આવા બીજા ફલ પણ છે.(પ્ર)

'હે રસિકો' એવું આશ્ચર્યથી સંબોધન એમ જણાવવા કરેલું છે કે આપના માટે જ આ રસ વ્યાપિવૈકુંઠમાંથી ભૂમિ ઉપર આણેલો છે. ભૂતલ ઉપરના 'ભાવુકાઃ' ભવિષ્યમાં થનારા, અથવા ભાવના કરવામાં ચતુર લોકો રસ ભૂલાય ત્યારે પણ ભાવનાથી રસમાં ચિત્ત પરોવે છે તેથી વારંવાર પાન થવાનું સંભવે, અને ભૂતલ ઉપર ભાગ્યવાનો રસિક લોકો માટે બહુવચન યોજેલ છે, તેથી એમ સૂચવેલું છે કે એકલાનું રસમાં ચિત્ત ચોટતું નથી.૩

એવી રીતે બીજ, મધ્યભાવ (વૃક્ષરૂપ) અને ફલરૂપ હોવાનું કહીને શ્રવણ કરનારાઓને સાવધાન કરીને નીચેના શ્લોકથી શાસ્ત્રનો આરંભ કરે છે :

**નૈમિશેઽનિમિષક્ષેત્રે ઋષયઃ શૌનકાદયઃ ।**
**સત્રં સ્વર્ગાય લોકાય સહસ્રસમમ્ આસત ।।૪।।**

વિષ્ણુના ક્ષેત્ર નૈમિશમાં શૌનક વિગેરે ઋષિઓ સ્વર્ગલોક પ્રાપ્ત કરવા એક હજાર વર્ષ ચાલે તેવો સત્ર કરતા હતા.૪

અહીં ભાગવતના પરંપરાથી પ્રાપ્ત થયેલા સાત અર્થો કથાના અર્થથી જૂદા છે. તેથી બીજી ટીકાઓમાં તે કહેલા નથી. ''શાસ્ત્રમાં સ્કંધમાં પ્રકરણમાં અધ્યાયમાં વાક્યમાં, શબ્દમાં

અને અક્ષરમાં સાત પ્રકારે એક અર્થ વિરોધ વિનાનો હોવાનું જાણનાર મુક્ત થાય છે'' એમ તે નિબંધંમાં કહેલા છે. તે પૈકી 'આનંદરૂપ હરિની લીલા' એ શાસ્ત્રાર્થ છે, કારણ કે આ સંહિતા ભક્તિ ઉત્પન્ન કરનારી છે. સૃષ્ટિ વિગેરે ભગવાનની લીલાઓ છે એમ જાણવામાં આવે ત્યારે ભક્તિ થાય, કાર્ય છે એમ જાણવામાં આવે તેથી ન થાય.[1] કૌતુકવાળા થઈ પ્રયાસ વિના કર્મ કરે તે લીલા. એમ લીલા કરે ત્યારે મહાન અને દોષરહિત થાય (જણાય). તે દશ પ્રકારની મુખ્ય લીલા 'અહીં સર્ગ અને વિસર્ગ...' એ (૨-૧૦-૧) શ્લોકથી જણાવેલી છે. તે ત્રીજાથી આરંભી દશ સ્કંધોથી જણાવવાની છે. પહેલા સ્કંધમાં શ્રવણ કરનાર કથા કહેનારનું લક્ષણ કહેવાનું છે. બીજા સ્કંધમાં અંગો કહેલા છે. તેથી એ બે ગૌણ લીલાઓ છે. એ પ્રમાણે બાર લીલાઓ થઈ. તે પૈકી પહેલા સ્કંધમાં હીન, મધ્યમ અને ઉત્તમ અધિકાર હોવાને લીધે ભાગવતના અર્થના જ્ઞાનનો પ્રકાર જણાવવા અધિકારલીલા કહેવાય છે, કારણ કે બધાને એક પ્રકારનું જ ભાગવતનું જ્ઞાન થતું નથી. સૂત અને શૌનક ને એક પ્રકારનું જ્ઞાન થયું. તેવી રીતે નારદ અને વ્યાસને બીજા પ્રકારનું જ્ઞાન થયું. તે પ્રમાણે શુક અને પરીક્ષિતને ઉત્તમ જ્ઞાન થયું. એવી રીતે ત્રણ પ્રકારનું જ્ઞાન જણાવવાથી એવું પરિણામ આવશે કે અધિકાર પ્રમાણે સર્વને ભાગાવતના અર્થનું જ્ઞાન થશે.તે પૈકી પ્રથમ ત્રણ અધ્યાયોથી પ્રશ્ન અને ઉત્તરથી હલકો અધિકાર જણાવેલો છે. કારણ કે પ્રશ્ન એક પ્રકારનો, અને ઉત્તર બે પ્રકારનો છે. તે પૈકી ચોથા અને પાંચમાં એ બે શ્લોકોથી સ્વરૂપ અને સમાગમના[2] ભેદથી પ્રશ્નની સંગતિ કહે છે.

૧.તેથી જ ઉપનિષદો વિગેરેથી ભક્તિ (પ્રાપ્ત) થતી નથી, કારણ કે તેઓ સૃષ્ટિ વિગેરેને કાર્ય તરીકે જણાવે છે.(પ્ર)

૨.પ્રશ્ન કરનાર ઋષિઓનું સ્વરૂપ અને વકતા સૂતનો સમાગમ.(પ્ર)

તે પૈકી આ શ્લોકમાં સ્વરૂપ કહે છે. પવિત્ર તીર્થમાં પવિત્ર સ્થલમાં યજ્ઞ વિગેરેથી શુદ્ધ થયેલા યજ્ઞરૂપ ભગવાને જેમનામાં આવેશ કરેલ છે તેવા, ભગવાન સંબંધી પ્રશ્ન કરવામાં મુખ્ય અધિકારીઓ (એટલે) સ્વરૂપથી અધિકારીઓ છે. નેમિ[3] ભાંગે તે નેમિશ, નેમિશ જ નૈમિશ. ઋષિઓનું તપ કરવાનું સ્થાન જણાવવા માટે પ્રજાપતિએ રચેલા મનોમય ચક્રની ''આની નેમિ જ્યાં ભાંગે'' એ વાક્યથી[4] તે સ્થલ ઘણું પવિત્ર હોવાનું કહેલું છે. 'નૈમિશ' એવો પાઠ હોય ત્યારે, જ્યાં માત્ર આંખના પલકારામાં દાનવોનાં બલનો નાશ[5] થયો તે નૈમિશ સર્વદોષનો નાશ કરનારું જાણવું. તે સ્થલનાં દેવતા વિષ્ણુ છે એમ 'અનિમિષક્ષેત્રે' શબ્દથી કહેલું છે. 'અનિમિષઃ' એટલે વિષ્ણુ, તેમના સ્થલમાં, એમ દોષ ન હોવાનું[6] અને ગુણ હોવાનું કહ્યું. મંત્રના જોનારા ઋષિઓ 'શૌનક વિગેરે' હોવાનું ઋષિઓની પરંપરામાં પ્રસિદ્ધ છે. 'સહસ્રસમમ્' એવું જેનું નામ છે તે સત્ર(યજ્ઞ) એક હજાર વર્ષ ચાલે તેવો છે. જ્યાં બધા યજમાનો ઋત્વિજનું જ કામ કરે છે તે 'સત્ર' કહેવાય છે. ત્યાં પહેલા હજાર વર્ષ ચાલે તેવો સત્ર થયેલો ત્યારે ''પહેલા વિશ્વ રચનારાઓ સત્ર કરતા હતા'' વિગેરેથી કહેલ તે સત્રમાં અલૌકિક ભગવાનનો આવિર્ભાવ થયાનો અનુભવ થયેલો. તેવી રીતે અહીં પણ 'સહસ્રસમ'નો આરંભ

કરવામાં આવશે ત્યારે ભાગવતરૂપ ભગવાનનો આવિર્ભાવ થશે એમ જાણીને ઋષિઓએ સત્રનો આરંભ કરેલ એવો અર્થ છે. 'સ્વર્ગાય' સ્વર્ગ ભગવાનના આનંદના અંશરૂપ છે. લોકરૂપ સ્વર્ગ તો મોટો ખંડ (દેશ) છે. તે આ યજ્ઞનું ફલ છે, પરંતુ ''સ્વર્ગીયતે તે સ્વર્ગાયઃ'' એટલે વિષ્ણુ અને તે વિષ્ણુ લોક આ યજ્ઞનું ફલ નથી; કારણ કે તેવો અર્થ કરતાં ''સ્વર્ગલોક[૭] માટે આ હોમાય છે'' એ શ્રુતિનો વિરોધ થાય છે. વળી વિષ્ણુ લોક ઉત્તમ સુખના શરીરવાળો છે. લોકરૂપ સ્વર્ગ અમુક દેવવાળો છે, કારણ કે ''દેવો માટે સ્વર્ગલોક સ્થિર થયો'' એ વાક્યમાં તેવો નિર્ણય કરેલો છે. સત્રમાં સર્વ સ્થળે કૃતિ (યજ્ઞ કરવાનાં કાર્ય) ને 'આસતિ' ('આસત' શબ્દથી જણાવેલ કાર્ય) કહેલ છે. એવી રીતે શૌનક વિગેરે ઋષિઓનાં સ્વરૂપની સરસાઈ કહી.૪.

૩.નેમિ એટલે ચક્રનો પરિઘ, પૈડું.

૪.આ વાયુપુરાણમાં છે.'ભમતા અધર્મચક્રનું જ્યાં પૈડું ભાંગે, તે કર્મથી પ્રસિદ્ધ થયેલું મુનિઓએ પૂજેલું તે નૈમિશ છે.(પ્ર)

૫.વારાહ પુરાણમાં ભગવાને ગૌરમુખ મુનિને કહેલું છે ''આંખના પલકારા (નિમિષ) માં આ દાનવોનું બલ આ અરણ્યમાં નાશ પામ્યું છે, તેથી આનું નામ 'નિમિષારણ્ય' થશે.''(પ્ર)

૬-૭.'નૈમિશે અને નિમિષારણ્યે' એ બે શબ્દોથી અનુક્રમે આ કહેલાં છે.

નીચેના શ્લોકમાં વક્તાનો સમાગમ કહે છે :

**ત એકદા તુ મુનયઃ પ્રાતર્હુતહુતાગ્નયઃ ।**
**સત્કૃતં સૂતમ્ આસીનં પપ્રચ્છુઃ ઈદમ્ આદરાત્ ।।૫।।**

એક સમય પ્રાતઃકાલે હોમેલા અગ્નિઓમાં હોમ કરેલા તે મુનિઓએ તો સત્કાર કરેલા બેઠેલા સૂતને આ આદરથી પૂછ્યું.૫.

આ યજ્ઞ પૂર્ણ થવાનો કાલ, અથવા ક્રિયા કરવાનો સમય હતો. સદા કરવાના અથવા અમુક પ્રસંગે કરવાના સર્વ હોમો કરીને ભગવાનની કથાનું શ્રવણ કરવા ઋષિઓ નવરા થયા એમ 'પ્રાતઃકાલે હોમ કરેલો અગ્નિમાં હોમ કરેલા' વિશેષણથી કહેલું છે. 'એક સમય' શબ્દથી હરિની કથાનાં ગીત ગાવાનો સમય કહેલો છે. તેવા સમયે જ સૂત વિગેરે આવ્યા. 'મુનિઓ' શબ્દથી અલૌકિક જ્ઞાન હોવાનું કહેલ છે, જે જ્ઞાન ને લીધે તેમણે સૂતને ઓળખ્યો. તે સમયે બીજાઓએ પ્રશ્ન કરેલ ન હતો એમ જણાવવા 'તે' શબ્દ યોજેલ છે. પ્રાતઃકાલે જ હોમેલા અગ્નિઓ જ ફરીથી હોમ કરેલા છે જેઓના તે 'પ્રાતઃકાલે હોમેલા અગ્નિઓમાં હોમ કરેલા' ઋષિઓએ પૂછ્યું. આમાં વેદનો વિરોધ હોવાની શંકા ન કરવી. કારણ કે 'તુ' 'તો' શબ્દથી બીજા પક્ષ (મત)નો સ્વીકાર કરેલો[૧] છે. તેમ કરવાનું કારણ મુનિઓનું મનન છે. કારણ કે માનવથી કાલના ઉત્તમ ગુણોનું તેમને જ્ઞાન થયું. તેથી જ 'ભરોસા વિનાના આ કાર્યમાં' (૧।૧૮।૧૨) એમ આગળ કહેશે. સંભાષણ વિગેરેથી અથવા બ્રહ્માસન આપીને તેમણે સૂતનો સત્કાર કર્યો. પુરાણની કથા કહેનાર સૂત 'ઉગ્રશ્રવા[૨]' હતો. કારણ કે બ્રાહ્મણોની સભામાં બીજાઓથી બેસાય

નહીં. વળી ઉભો થયેલ (રહેલ) હોય તે ગભરાય અને તેથી કથામાં અનાદર થાય, તેથી તેવું ન હતું એમ જણાવવા 'બેઠેલા' (વિશેષણ) કહેલું છે. ભગવાનની કથાના રસમાં મન ચોંટેલું હોવાથી 'હું પૂછું-હું પૂછું' એમ બધાએ પ્રશ્ન કરેલ હોવાથી (પપ્રચ્છુઃ) 'પૂછ્યું' શબ્દ બહુવચનમાં યોજેલો છે. સૂતને ભગવાનનો આદર હોવાથી અથવા આદરથી સૂતને પૂછ્યું. ભગવાનની કથામાં સર્વત્ર અંદરનો ભાવ મુખ્ય છે, માત્ર વાક્ય મુખ્ય નથી.૫.

૧.'સૂર્યોદય પછી ૫૫ (ઘડી) નાડિકા જતાં પ્રાતઃ થાય છે. સૂર્યોદય પછી વેદમાં હોમનો નિષેધ કહેલો છે. છતાં વેદનો વિરોધ ન હોવાનું કેમ બને?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. અહીં વૈષ્ણવ વખતનો સ્વીકાર કરેલ છે અને 'પહેલાના કરતાં પાછળનો બલવાન' એ વિનય પ્રમાણે વધારે બલવાન હોવાથી વેદનો વિરોધ થતો નથી.(પ્ર)

૨.ઉગ્ર છે શ્રવઃ કીર્તિ જેની, તેવો હોવાથી બ્રાહ્મણની સભામાં બેસવા યોગ્ય છે એવો ભાવ જણાય છે.

ભગવાન છ ગુણોવાળા હોવાથી અહીં ભગવાનના વિષયમાં છ પ્રશ્નો કરવા જોઈએ. તે કરવા માટે નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકથી વક્તાનું અભિનંદન કરે છે :

**ઋષિઓ કહે છે :**

**ત્વયા ખલુ પુરાણાનિ સેતિહાસાનિ ચાનઘ ।**
**આખ્યાતાન્યપ્યધીતાનિ ધર્મશાસ્ત્રાણિ યાન્યુત ।।૬।।**

હે દોષરહિત! તેં ખરેખર ઈતિહાસ સહિત પુરાણો અને વળી જે ધર્મશાસ્ત્રો છે તેમનું વ્યાખ્યાન કરેલ છે (અને) વળી અધ્યયન કરેલું છે.૬.

'ખરેખર!' શબ્દથી એમ જણાવેલ છે કે આ પ્રશંસા કરી નથી. 'પુરાણો' એટલે જેમાં ભગવાનની અનેક કથાઓ છે[1] તે, અથવા ચાર મૂલ સંહિતાઓ[2], 'ઈતિહાસ' એટલે ભારત. 'ચ' 'અને' શબ્દથી ભગવાન સંબંધી ગીતો વિગેરે બીજી કથાઓ કહેલી છે. સૂત વિદ્યાથી ગુજરાન કરતો નથી તેથી 'હે દોષરહિત' એમ કહેલું છે. 'વ્યાખ્યાન કરેલું છે અને વળી અધ્યયન કરેલું છે' નો એવો અર્થ છે કે પહેલાં અધ્યયન કરીને વ્યાખ્યાન કર્યું, અને પછી ફરી અધ્યયન કર્યું. એમ કરવામાં આવે ત્યારે જ સંદેહ રહેતો નથી. વળી ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરેલું છે. ''બુદ્ધિવાળા પુરુષોના ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. જીવ અને ઈશ્વરના વિચારથી તે બે પ્રકારે વર્ણવેલા છે'' (બાલબોધ-૨). તે પૈકી ઈશ્વરે વિચારેલા ચાર વેદો જ છે. જીવે વિચારેલા તો સ્મૃતિમાં ધર્મ, નીતિશાસ્ત્રમાં અર્થ વાત્સ્યાયન વિગેરેમાં કામ અને સાંખ્યાયન વિગેરેમાં મોક્ષ છે તે જ્યાં સુધી સર્વ જાણવામાં ન આવે ત્યાં સુધી ભગવાન સંબંધી શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી. તેવું જ્ઞાન થયું છે એમ જણાવવા માટે કહે છે કે ધર્મશાસ્ત્રો 'ઉત' અને વળી 'યાનિ' પ્રસિદ્ધ લૌકિક અર્થશાસ્ત્ર વિગેરેનું અધ્યયન તેં કરેલું છે.૬.

૧.એકસો કરોડ વિસ્તારવાળા.(પ્ર)

૨.સાંખ્ય, યોગ, પાશુપત અને વૈષ્ણવ સંહિતાઓ હોવાનું ગણાય છે.(પ્ર) સૂત શૂદ્ર હોઈ તેને વેદનો અધિકાર ન હોવાથી આ ચાર સંહિતાઓ કહી જણાય છે.

સૂતની પરંપરાથી જાણવામાં આવેલાં જ શાસ્ત્રો સૂતે જાણ્યાં છે, પરંતુ બ્રાહ્મણોએ જાણેલા શાસ્ત્રો જાણ્યાં નથી, એવી શંકા દૂર કરવા નીચેના શ્લોક કહે છેઃ

**યાનિ વેદવિદાં શ્રેષ્ઠો ભગવાન્ બાદરાયણઃ ।**
**અન્યે ચ મુનયઃ સૂત પરાવરવિદો વિદુઃ ।।૭।।**

જે શાસ્ત્રો જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ભગવાન બાદરાયણ જાણતા અને હે સુત! જે પર અને અવર ને જાણનારા બીજા મુનિઓ જાણતા તેનું તમે અધ્યયન કર્યું છે. ૭.

ધર્મ અર્થ અને કામ સંબંધી શાસ્ત્રો સૂતની પરંપરાથી પણ જણાય પરંતુ મોક્ષ સંબંધી શાસ્ત્રો તો બ્રાહ્મણો જ જાણે. તે સંબંધી સૂતનું અજ્ઞાન સંભવે, સૂતને તે મોક્ષશાસ્ત્રનું અજ્ઞાન નથી એમ જણાવવા આ શ્લોક કહે છે. 'વિદાં શ્રેષ્ઠઃ' એટલે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ (બાદરાયણ) જે (શાસ્ત્રો) જાણતા શબ્દોથી સર્વમોક્ષસંબંધી શાસ્ત્રોનો સમાવેશ કરેલ છે. 'વ્યાસ તે શાસ્ત્રો સૂતને કેમ કહે?' એવી શંકા થાય તેથી 'ભગવન' શબ્દ યોજેલ છે. ભગવાનમાં સર્વ સંભવે 'છતાં પણ અધિકારી ન હોય તેને તે કેમ કહે?' એવી શંકા થાય, તેથી 'બાદરાયણ' કહેલા છે. બાદરાયણે ઘણું તપ કરેલ હોવાથી તેને અધિકાર પ્રાપ્ત કરાવવાની શક્તિ તેમનામાં હોવાનું કહેલ છે. 'એક ગુરુપાસેથી શિખેલું જ્ઞાન બહુ વધારે હોય નહીં' (૧૧।૧૦।૩૧) એ વાક્ય પ્રમાણે સૂત સર્વજ્ઞ નથી એવી શંકા થાય, તેથી 'અને બીજા મુનિઓ' એમ કહેલું છે. તેઓ મનન કરવાના સ્વભાવવાળા જ્ઞાનીઓ હતા. (સૂત શૂદ્ર છે તેનું) અજ્ઞાન હોવાથી તેને મોક્ષશાસ્ત્રોનો ઉપદેશ કર્યો હશે એમ ન માનવું, કારણ કે સૂત પ્રસિદ્ધ હતો, એમ જણાવવા ફરી તેનું સંબોધન કરેલું છે. 'ત્યારે તેને ઉપદેશ કેમ કર્યો?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે [૧]'જે પર અને અવરને જાણનારા જાણતા' 'પર' એટલે ઉત્તમ બ્રહ્મા વિગેરે, 'અવર' એટલે નીચેના આપણે વિગેરે. અથવા પર અને અવર એટલે ભૂતકાલમાં થયેલા અને ભવિષ્યમાં થનારા તેઓ બધાને તે મુનિઓ જાણતા. ઈશ્વરેચ્છા જ તેવી (સૂતને મોક્ષશાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરાવવાની) હતી અને કાલ તેવો હતો, એમ જણાવવા તેનું વચન કહેલું છે.

૧.'વિત્' '(વિદ જાણનાર)' શબ્દની સંગતિ થતી ન હોવાથી આ બીજો અર્થ કર્યો છે. 'થયેલા અને થનારા બધા પદાર્થોને અને કાલને જાણનારા' એવો અર્થ છે.(પ્ર)

નીચેના શ્લોકથી જે પરિણામ થતું તે કહે છે :

**વેત્થ ત્વં સૌમ્ય તત્ સર્વં તત્ત્વતઃ તદનુગ્રહાત્ ।**
**બ્રૂયુઃ સ્નિગ્ધસ્ય શિષ્યસ્ય ગુરવો ગુહ્યમપ્યુત ।।૮।।**

હે સૌમ્ય! તેઓની કૃપાથી તમે તે સર્વ તત્ત્વથી જાણો છો. વહાલા શિષ્યને ગુરુઓ છૂપું રાખવા યોગ્ય હોય તે પણ કહે જ.૮

'હે સૌમ્ય' સંબોધનથી શિષ્યના ગુણો કહે છે. હે શાંત (શાંતિવાળા)! સેવા વિગેરે શિષ્યના ગુણો સાધારણ(બધાના જેવા) હોવા છતાં પણ, શૂદ્ર અસુર હોવાથી તેનામાં ક્રૂરતા

વિગેરે સંભવે છે. તે જો ન હોય તો, બીજા સારા ગુણો તેને પ્રાપ્ત થયા છે, એવો અર્થ છે. ગયા શ્લોકમાં 'હે સૂત' એવું સંબોધન હોવાથી, 'તે સર્વ' એટલે વેદ સિવાયનું, એમ જાણવું. ઉપર ચોટીઊં જ્ઞાન નથી એમ જણાવવા 'તત્ત્વથી' શબ્દ યોજેલ છે. (ગુરુઓએ) ઉપદેશ કરેલ હોવા છતાં, અધિકારી ન હોય તેને જ્ઞાન કેમ થાય? એવી શંકા થાય તેથી 'તેઓની કૃપાથી' એમ કહેલું છે. ગુરુની કૃપાથી સર્વ જ્ઞાન થાય છે, એવો અર્થ છે. ૮

એવી રીતે સૂતનું સર્વ જાણનાર હોવાપણું કહીને, આરંભમાં નીચેના શ્લોકથી ફલ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**તત્ર તત્રાઽઞ્જસાઽઽયુષ્મન્ ભવતા યદ્ વિનિશ્ચિતમ્ ।**
**પુંસામ્ એકાન્તતઃ શ્રેયઃ તન્નઃ શંસિતુમ્ અર્હસિ ।।૯।।**

હે આયુષ્મન્! તે-તે શાસ્ત્રોમાં સરલપણાથી તમે પુરુષોના જે નિયત કલ્યાણનો નિશ્ચય કરેલો છે તે અમને કહો. ૯

ફલ (પ્રાપ્ત કરવા) માટે સાધન શોધવામા આવે છે, તેથી શું ફલ છે અને શું ફલ નથી એવો વિચાર થાય છે. આબાદી અથવા મુક્તિ ફલ છે કે બીજું કાંઈ? આ સર્વમાં દોષો હોવાનું આગળ કહેવામાં આવશે. તેથી ફલ સંબંધી સંદેહ હોવાથી પ્રશ્ન કરેલ છે. છતાં પણ પ્રમાણના બલના વિચારથી તેનો નિર્ણય કરવો જોઈએ, તે 'અઞ્જસા' 'ગ્રંથોના સરલાપણાથી' એ શબ્દથી. 'કહે આયુષ્માન્!' સંબોધનથી આશીર્વાદ આપ્યા છે, અથવા ભય ન હોવાનું સુચવેલું છે. ગુરુઓમાં પરસ્પર મતભેદ હોય છતાં બુદ્ધિના નિર્મલપણાને લીધે પોતાની મેળે નિશ્ચય કરવાનું સંભવે છે, એમ 'તમે જેનો નિશ્ચય કરેલો છે' શબ્દોથી કહેલું છે. (પુરુષોનું) એટલે સ્વતંત્ર (જીવો) નું 'નિયત કલ્યાણ' એટલે કોઈપણ સમયે સર્વ જીવો વિષે કલ્યાણપણું ન તજતું હોય તેવું કલ્યાણ, એવો અર્થ છે. સ્વર્ગમાં રહેનારાઓનું પુત્રો વિગેરેમાં કલ્યાણ નથી. તેવી રીતે મોક્ષ પામેલાઓનું સ્વર્ગમાં કલ્યાણ નથી, અને ભક્તોનું મુક્તિમાં કલ્યાણ નથી, તેથી અહીં સર્વનું નિયતકલ્યાણ શું છે? એવો અર્થ છે. તે (નિયત કલ્યાણ) અમને કહો. ૯

નીચેના શ્લોકથી આરંભી અઢી શ્લોકોથી બીજો પ્રશ્ન કહે છેઃ

**પ્રાયેણાલ્પાયુષઃ સભ્ય કલાવસ્મિન્ યુગે જનાઃ ।**
**મન્દાઃ સુમન્દમતયો મન્દભાગ્યા હ્યુપદ્રુતાઃ ।।૧૦।।**

હે સભ્ય! આ કલિયુગમાં જન્મેલાઓ મોટે ભાગે અલ્પ આયુષ્યવાળા, આળસુ, ઘણી મંદ બુદ્ધિવાળા, મંદ ભાગ્યવાળા અને પીડાએલા હોય છે. ૧૦

આ પ્રશ્ન સાધનના સંબંધમાં છે. પોતે ઋષિ હોઈ લાંબા સમય સુધી જીવનારા હોવાથી તેમને બાતલ કરીને આ શ્લોક કહેલો છે. આથી એમ સમજાય છે કે ઋષિઓ સિવાયનાઓ માટે આ ઉપાય પૂછેલો છે. પહેલો[1] (નવમો શ્લોક) તો ઋષિઓ સંબંધી હતો,

(અથવા શ્લોકમાં) 'પુસાં નઃ' 'અમો પુરુષોનું' કલ્યાણ કહો એમ એ બે શબ્દો સાથે લેવા. અલ્પ છે આયુષ્ય જેઓનું તે અલ્પ આયુષ્યવાળા, આથી એમ કહેલું છે કે એક હજાર વર્ષ ચાલે તેવા યજ્ઞ વિગેરે તેઓનાં સાધન નથી. ચાલતા[2] વિષયમાં તેનો ઉપયોગ નહીં હોવાથી સૂત કહેશે નહીં, એવી શંકા કરીને 'હે સભ્ય!' એવું સંબોધન કરેલ છે. પ્રશ્નનો ઉત્તર ન આપવો હોય તો સભામાં પ્રવેશ કરવો નહીં, એવો ધર્મ[3] જણાવવા એ સંબોધન કરેલું છે. ઘણા જરૂરી લાંબા કાલથી થઈ શકે તેવું સાધન[4] હોય ત્યારે તે કહેવું ન જોઈએ, એવી શંકા થાય, તેથી કહે છે કે કલિના દોષથી જ અલ્પ આયુષ્યવાળા થયા છે, સ્વભાવથી તેવા નથી. અને વળી કલિના દોષને દૂર કરનારા તેવાં સાધનથી અલ્પ આયુષ્ય પણ વધે છે, એવા અભિપ્રાયથી 'આ કલિયુગમાં' એમ કહેલું. 'તે કલિ ઘણા સમય પછી થવાનો હોવાથી હમણાં ઉપાય કરવો ન જોઈએ' એવી શંકા થાય તેથી 'આ કલિ' એમ કહેલું છે. તે કલિમાં રહેલા પૂજ્ય[5] છે એમ જણાવવા 'યુગ' શબ્દ યોજેલ છે. તેઓ સ્વભાવથી સંસારી નથી એમ જણાવવા 'જનાઃ' 'જન્મેલા' શબ્દ યોજેલ છે. કલિયુગમાં ભગવાનનો પ્રાદુર્ભાવ થવાથી તેઓનું ઉત્તમપણું છે.

૧.'પહેલો' એટલે એક હજાર વર્ષ ચાલે તેવા યજ્ઞરૂપ ઉપર (પ્ર) ઋષિઓ માટે ઉપાય કહેલ જ નથી. પહેલો પ્રશ્ન ઋષિઓએ પોતાના સંબંધી પૂછેલ છે, એવો અર્થ જણાય છે.

૨.(ચાલતા વિષયમાં) એટલે ઋષિઓ પ્રશ્ન કરનારા હોવાથી તેમના સંબંધમાં.

૩.સભામાં પ્રવેશ જેણે કરેલ છે તે પ્રશ્ન થાય તેનો ઉત્તર જાણતો હોવા છતાં ન કહે તો તેને દોષ લાગે છે એવો ધર્મ.(પ્ર)

૪.ઉત્તરમાં કહેવામાં આવે, તે તેવું સાધન હોય ત્યારે.(પ્ર)

૫.'કલિમાં ખરેખર નારાયણમાં ચિત્તવાળા (લોકો થશે)' એ વાક્ય પ્રમાણે તેઓ પૂજ્ય છે. (પ્ર) 'યુગ' શબ્દથી તેઓ પૂજ્ય હોવાનું કહેલું છે એમ કહેલ છે. ભગવાન અને જગત્ એ બે હોય ત્યારે યુગ (યુગલ) થાય. યુગનો ધર્મ જાણવા ભગવાને તેવું રૂપ ધારણ કરવું જોઈએ; જેથી લોકોની પ્રતીતિ થાય. 'કલિ' થવાનો ત્યારે ભગવાને કૃષ્ણ સ્વરૂપ ધારણ કરેલું. તેથી કલિમાંના લોકો પૂજ્ય હોવાનું કહેલ જણાય છે. ૧૦-૮-૧૪ ઉપરમાં સુબોધિની જૂઓ.

એ રીતે અલ્પ આયુષ્યવાળા હોવારૂપ સહજ દોષ કહીને અકસ્માતથી આવેલા દોષ 'આળસુ' વિગેરે ચાર વિશેષણોથી કહે છે ૧.'મન્દાઃ' એટલે આળસુ. આળસ એટલે ચિત્તનું જડપડું. ૨.ઘણી મંદ છે બુદ્ધિ જેઓની, એ જ્ઞાનેન્દ્રિયનો દોષ કહ્યો. ૩.અદષ્ટ કર્મેન્દ્રિયથી થતું હોવાથી 'મંદ ભાગ્યવાળા' વિશેષણથી તેમનો દોષ કહ્યો. ૪.રોગ વિગેરેથી 'પીડાએલા' વિશેષણથી શરીરનો દોષ કહ્યો. એ પ્રમાણે અકસ્માતથી થયેલા દોષો કહ્યા.૧૦

અને બીજા કાર્યમાં રોકાએલા છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**ભૂરીણિ ભૂરિકર્માણિ શ્રોતવ્યાનિ વિભાગશઃ ।।**
**અતઃ સાધોऽત્ર યત્ સારં સમુદ્ધૃત્ય મનીષયા ।।**
**બ્રૂહિ ભદ્રં હિ ભૂતાનાં યેનાત્મા સુપ્રસીદતિ ।।૧૧।।**

વિભાગથી શ્રવણ કરવા યોગ્ય શાસ્ત્રો ઘણાં છે અને તેમાં ઘણાં કર્મો કરવાનાં કહેલાં

છે તેથી હે સત્પુરુષ! આમાં જે સાર હોય તે બુદ્ધિથી કાઢીને કહો કે જેથી ભૂતોનું કલ્યાણ થાય અને ભગવાન ઘણા પ્રસન્ન થાય.૧૧

આ બહારનો દોષ છે. ''કોઈ પણ ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી'' (ભગ.ગીતા ૩।૫) એ વાક્ય પ્રમાણે લૌકિક કર્મમાં રોકાએલા હોય છે. પછી પણ શાસ્ત્રમાં કરવાનાં કહેલાં કર્મમાં રોકાએલા હોય છે. તેમાં પ્રમાણનો વિચાર કરતાં પ્રકરણ પ્રમાણે ધર્મના વિગેરે શાસ્ત્રો જાણવા જોઈએ, અને તેઓ ઘણાં કર્મો કહેલાં છે જેમાં તેવા ઘણા કર્મવાળા છે. વળી માત્ર શ્રવણ કરવાથી કૃતાર્થ થવાતું નથી, પરંતુ તે શાસ્ત્રોમાં કહેલાં કર્મો પણ કરવાં જોઈએ. તેથી બહારનો મોટો દોષ થાય છે. તેથી ત્રણ દોષથી[1] ઘેરાયેલાઓ માટે ઉપાય કહો એમ 'તેથી ...કહો' શબ્દોથી કહેલું છે. પ્રત્યુપકારની તમારે જરૂર નથી એમ જણાવવા 'હે સત્પુરુષ' એવું સંબોધન કરેલું છે. તેનો ભાવ એવો છે કે બીજાઓનું દુઃખ દૂર કરવાનું સત્પુરુષ માટે જરૂરી છે. બીજા પ્રયોજનથી કહેલું અથવા પ્રસંગને લીધે પહેલું સાધન દોષ હોય કહેવાનું નથી એમ જણાવવા 'આમાં' એમ કહેલું છે. 'આમાં' એટલે આવા દોષ હોય ત્યારે કરવાનું સાધન કહો. 'આવા દોષમાં પણ કરવાનાં જો ઘણાં સાધનો હોય તો તેઓનો જે સાર હોય તે કાઢીને કહો. 'યત્' જે અને 'તત્' તે શબ્દો સદાના સંબંધવાળા હોવાથી, 'તત્' શબ્દ અધ્યાહાર રાખ્યાનો દોષ નથી. અથવા 'યત્' એટલે પ્રસિદ્ધ (સાર કહો). 'સાર' એટલે પરંપરાનો અને ફલના વ્યભિચાર[2] ભંગ રૂપ ફોતરાં વગરનો સાર. ('સાર'શબ્દ) એકવચનમાં યોજીને તે અપૂર્વ (અલૌકિક) અને સહેલાઈથી સમજાય તેવો હોવાનું કહેલ છે. જોકે 'પ્રકરણથી શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ સંકળાએલી છે' એ નિયમ પ્રમાણે સર્વ પ્રકરણોમાં સારી રીતે સંકળાએલ છે, છતાં પ્રકરણોમાં તે ધર્મ નથી એમ ન જણાય તે માટે તે-તે સ્થળો પ્રકરણોમાંથી કાઢીને કહો, એમ 'કાઢીને' શબ્દથી કહેલું છે. 'મનીષયા' બુદ્ધિથી જ સાર કાઢવો, કાર્યથી નહીં. મનની ઈર્ષા[3] તે મનીષા, એટલે મનનું ચંચલપણું દૂર કરનારી બુદ્ધિ 'બ્રૂહિ' 'કહો' એ આજ્ઞાર્થ (નું રૂપ) પ્રાર્થનાના અર્થમાં, અથવા કહેવાનો યોગ્ય સમય હોવાનું જણાવવા યોજેલ છે. 'ભદ્રં' 'કલ્યાણ' એટલે ત્રણ પ્રકારનાં દુઃખના નાશ પૂર્વક મહાસુખની પ્રાપ્તિ 'તે ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય' એમ કહેવામાં આવે તો, તે સંબંધમાં 'જેથી ભગવાન ઘણા પ્રસન્ન થાય' એમ કહેલું છે. જે (સાર)ના કારણથી જ 'આત્મા' ભગવાન ઘણા પ્રસન્ન થાય. એનો અર્થ એવો છે કે જો તે ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય તેમ હોય તો તેની રીતે જ કહો. 'ભૂતોનું' શબ્દથી જીવો પિશાચોની પેઠે પરિભ્રમણ કરે છે એમ જણાવી દયા કરવાનું સૂચવેલ છે. ૧૧

૧.શ્લોક ૧૦ માં કહેલ ૧.સહજ દોષ ૨.આગન્તુક દોષ અને શ્લોક ૧૧ માં કહેલ બહારના દોષ એ ત્રણ દોષ.
૨.દ્વન્દ્વ સમાસને અંત આવેલો આ શબ્દ તેના બંને અવયવો સાથે સંબંધવાળો છે.(પ્ર)
૩.'ઈષ્' ધાતુ ગતિ, હિંસા અને દિન અર્થવાળો છે (પ્ર) ચંચલપણાનો નાશ (હિંસા) થાય એમ આથી જણાવેલ છે, એવો ભાવ છે.

એ પ્રમાણે ફલ અને સાધન સંબંધી પ્રશ્ન કહ્યા, તે સંબંધમાં જેમનો આવિર્ભાવ

થયેલ છે તેવા ભગવાન જ ફલ અને સાધન છે એવી શંકા થતાં ભગવાનનો અવતાર લોકના માટે અથવા ભગવાનના પોતાના માટે થાય છે? એવો સંદેહ રહેતો હોવાથી નીચેના શ્લોકમાં ભગવાનનો અવતાર થવાનું પ્રયોજન પૂછે છેઃ

**સૂત જાનાસિ ભદ્રં તે ભગવાન્ સાત્ત્વતાં પતિઃ ।**
**દેવક્યાં વસુદેવસ્ય જાતો યસ્ય ચિકીર્ષયા ।।૧૨।।**

હે સૂત! તમારૂં કલ્યાણ થાઓ. સાત્વતોના પતિ ભગવાન જે કાર્ય કરવાની ઈચ્છાથી વસુદેવની દેવકીમાં જન્મ્યા શું તે તમે જાણો છો? ૧૨.

આ તો ઘણું ગૂઢ કાર્ય હોવાથી કોણ જાણતું હોય? સૂત નથી જાણતો એવા સંદેહથી 'જાણો છો?' એમ પ્રશ્ન કરે છે. મુખની પ્રસન્નતા જોઈને 'તે જાણે છે' એમ જાણીને હર્ષથી 'તમારૂં કલ્યાણ' એમ આશીર્વાદ આપે છે. 'થાઓ' એમ અર્થથી નીકળે છે; કારણ કે ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ થાય ત્યારે આ દક્ષિણા છે.

અમે સાંભળ્યું છે કે શ્રીકૃષ્ણ ભગવાન દેવકીમાં જન્મ્યા તે વિષયમાં સંદેહ થાય છે કે ભગવાન છ ગુણોના ઐશ્વર્યવાળા બ્રહ્મરૂપને કાર્ય કરવા માટે દેહના સંબંધની જરૂર નથી. જીવના ધર્મો[1] તો બ્રહ્મમાં છે જ નહીં; છતાં તેમનો પ્રાદુર્ભાવ થવાનો પ્રકાર તો જીવોના જેવો હતો! તેથી સંદેહ થાય છે. વળી ભગવાન 'સાત્વતોના પતિ' છે. માત્ર સત્વગુણ જ જેમનામાં રહેલો છે તે સાત્વતો, એટલે દેવો અથવા મુક્ત જીવો, તેમને તજી ભગવાનનો આવિર્ભાવ સંસારી મનુષ્યોમાં કેમ થયો? ભગવાન સાત્વતોના પતિ હોવાથી તેમનો ત્યાગ કરે તે અયોગ્ય ગણાય, વળી દેવો અને મુક્ત જીવો[2] (સાત્વતો) પણ બ્રહ્માના દેહમાંથી અથવા મનમાંથી ઉત્પન્ન થયેલા, સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા નથી. તેમાં પણ ભગવાન કોઈકની કન્યા દેવકીમાં ઉત્પન્ન થયા. દેવકી તો દેવકની કન્યા હતી. અને તેથી નારાયણનો અવતાર જલમાં થયો તેમ પણ થયો નહીં. તેમાં પણ વિશેષ 'વસુદેવની' (દેવકીમાં જન્મેલા) વસુદેવની પત્ની પરાધીન ગણાય. ભગવાનના અવતારના સંબંધમાં પત્ની વિગેરે પ્રકારનો સંબંધ હોતો નથી, પરંતુ માત્ર સંબંધ જ હોય છે. તેથી 'વસુદેવની' એમ માત્ર છટ્ઠી વિભક્તિ યોજી છે. તેથી તેવા ભગવાનને તેવો અવતાર લેવાનું શું પ્રયોજન હતું? 'ત્યારે તેમ (અવતાર લેવાનું) નહીં થયું હોય' એવી શંકા થાય, તેથી 'જન્મ્યા' એમ કહેલું છે. કંસ વગેરેના વધ તો બીજાથી પણ થઈ શકત, એવો અભિપ્રાય છે. તેથી જે કાર્ય કરવાની ઇચ્છાથી જન્મ્યા તે અમને કહો, એવો વાક્યનો સંબંધ છે. આથી એમ જણાવ્યું છે કે ભગવાનનો જન્મ લેવાનું પ્રયોજન કોઈ પ્રસંગને લીધે ઉત્પન્ન થયેલું ન હતું, અને તેમણે કરવાનું કાર્ય કાલ વિગેરેથી થઈ શકે તેવું ન હતું. ૧૨.

૧.અવિદ્યા, કામ, કર્મ વિગેરે (પ્ર) વિગેરેથી દેહ ઈંદ્રિય વિગેરેનો સમાવેશ થાય છે.
૨.'મુક્ત જીવો' સનક વિગેરે (પ્ર).

ભગવાનને અવતાર લેવાનું પ્રયોજન છે જ, કારણ કે તેનું કારણ જણાય છે અને યોગીઓ યોગથી તે જાણે છે, એવા વિચારથી નીચેનો શ્લોક કહે છેઃ

**તન્નઃ શુશ્રૂષમાણાનામ્ અર્હસ્યંગાનુવર્ણિતમ્ ।**
**યસ્યાવતારો ભૂતાનાં ક્ષેમાય ચ ભવાય ચ ।।૧૩।।**

હે અંગ(વહાલા)! તે અમો શ્રવણ કરવા ઈચ્છનારાઓને પછી કહો જે ભગવાનનો અવતાર ભૂતોનાં સુખ માટે, અને વળી મોક્ષ માટે થયેલો. ૧૩.

અમો ઘણા છીએ, તેમની શ્રવણ કરવાની ઈચ્છા પૂર્ણ કરવા કહેવું જોઈએ, કારણ કે શ્રવણ કરવાની ઈચ્છા યોગથી મટતી નથી, અને વળી સર્વ યોગ કરી શકતા નથી. વળી ભગવાનના વચન વિના યોગથી ભગવાન સંબંધી પદાર્થ જાણી શકાતો નથી. તેથી જ સાક્ષાત્ અથવા પરંપરાથી ભગવાનના મુખથી કહેવાએલું ગુરુના મુખથી સાંભળેલું હોય તે 'અનુ' (સાંભળ્યા) પછી કહો. કારણ કે મંત્ર વિગેરેના સંબંધમાં પણ ભણેલું પાછળથી કહેવું જરૂરી છે, પણ તે ઉત્તમ અધિકારીને કહેવું જોઈએ. શ્રવણ કરવાની ઈચ્છાવાળઓનું તે કહેવું જ જોઈએ. 'હે અંગ!' એ કોમલ સંબોધન (સૂત) અંગ તરીકે પોતાને સ્વાધીન હોવાનું જણાવવા કરેલું છે. ઉત્તરાર્ધથી આરંભી સાડાત્રણ શ્લોકોથી એમ કહે છે કે ભગવાનને અવતાર લેવાનું સાધારણ પ્રયોજન તો અમે જાણીએ છીએ, પરંતુ અસાધારણ પ્રયોજન પૂછીએ છીએ. તે સાધારણ પ્રયોજન પૈકી ઉત્તરાર્ધથી પ્રથમ અવતારદ્વારા દેહ ધારણ કરવાનું પ્રયોજન કહે છે. જેમનો સામાન્ય રીતે અવતાર (એટલે) દેવ, હલકા જીવો, મનુષ્યો વિગેરેમાં અલૌકિક તેજ મૂકવાનું પણ 'ભૂતોના' (એટલે) સર્વ ઉત્પન્ન થયેલા સ્થાવર જંગમોના 'ક્ષેમાય' આ લોકના સુખ માટે અને 'ચ' શબ્દ હોવાથી સર્વનાં દુઃખ દૂર કરવા. (અને) 'ભવાય' સર્વને મોક્ષ આપવા. (અને બીજો) 'ચ' 'વળી' હોવાથી સર્વની અવિદ્યા દૂર કરવા થાય છે.

અથવા 'ભૂ' ધાતુ સત્તાના અર્થવાળો હોવાથી[1] 'ભવાય' એટલે સર્વ ભૂતોની માત્ર સત્તા માટે ભગવાનનો અવતાર થાય છે. અને 'ચ' શબ્દનો અર્થ બ્રહ્મસૂત્ર ૪।૪।૬ પ્રમાણે બ્રહ્મના ચૈતન્યમાં[2] જીવનો પાછળથી માત્ર ચૈતન્યરૂપે પ્રવેશ થાય છે. ૧૩.

૧.'ભવ' શબ્દનો અર્થ 'સંસાર' પ્રસિદ્ધ છે, વળી તેનો અર્થ સંપવિ પણ બીજાઓએ કરેલ છે, છતાં અહીં તેનો અર્થ પ્રકરણને લીધે મોક્ષ થવાની યોગ્યતા અહીં જણાવી છે.

૨.મોક્ષ થાય એટલે અવિદ્યાતો રહેજ નહીં, તેથી બીજો 'ચ' નિરર્થક થાય, તેથી તેમ ન થાય તે માટે આ કહેલ છે, બ્રહ્મના ચૈતન્યમાં પાછળથી થયેલ પ્રવેશ, એટલે મોક્ષ.(પ્ર) ૪-૪-૬ સૂત્રમાં ઔડુલોપિનો મત દર્શાવેલ છે. ચિદ્રૂપ બ્રહ્મમાં જીવ ચિદ્રૂપ થઈ પ્રવેશ કરે છે અને તેમની સાથે ચિદ્રૂપથી જ ભોગ ભોગવે છે.

એવી રીતે સર્વના સુખ અને મોક્ષ માટે ભગવાનનો અવતાર થાય છે એમ કહ્યું. ભવિષ્યમાં ઉત્પન્ન થનારા જીવોને તો ભગવાનના નામથી પુરુષાર્થ પ્રાપ્ત થાય છે એમ નામનું માહાત્મ્ય નીચેના શ્લોકમાં કહે[1] છે :

**આપન્નઃ સંસૃતિં ઘોરાં યન્નામ વિવશો ગૃણન્ ।**
**તતઃ સદ્યો વિમુચ્યેત યદ્ વિભેતિ સ્વયં ભયમ્ ।।૧૪।।**

ઘોર સંસારને પ્રાપ્ત થયેલો પરવશ થઈ જેમનું નામ-જે નામથી ભય પોતે ભય પામે

છે–ઉચ્ચારતાં તેનાથી તરત મુક્ત થાય છે. ૧૪

સર્પ વિગેરેની યોનિરૂપ અથવા મોટા રોગ વિગેરે રૂપ ઘોર સંસારને પ્રાપ્ત થયેલા જેમના અવતારનું નામ 'વિવશઃ' પરવશ થઈને, અથવા 'વિ' એટલે કાલને વશ થઈને 'ગૃણન્' ઉચ્ચારતાં જ તે સંસારમાંથી તરત મુક્ત થાય છે, કારણ કે મૃત્યુ સમયે કોઈક 'ભય' નામનો કાલનો અધિકારી મૃત્યુના પાશથી બધા એને બાંધે છે, જે અધિકારીનું નિરૂપણ ચોથા સ્કંધમાં ''ભય નામના સૈનિકો'' એ (૪।૨૮।૧) શ્લોકમાં કરશે. તેના પાશથી ભગવાનનું નામ લેનાર તરત જ મુક્ત થાય છે, એવો અર્થ છે.

'ભગવાનનું માત્ર નામ લેવાથી તે પાશમાંથી કેમ છોડી દે?' તે વિષયમાં કહે છે કે 'યત્' જે ભગવાનના નામથી પોતે ભય પામે છે. પોતાના સ્વરૂપનો નાશ થવાથી ભય પામે છે, બહારના પદાર્થનો નાશ થવાથી ભય પામતો નથી. કારણ કે ભગવાનના નામનું માહાત્મ્ય એવું છે કે તે શ્રવણ કરનારાઓને મુક્ત કરે છે. તેથી નામનું શ્રવણ થતાં ભય પણ મુક્ત થાય, એવો અર્થ છે. અથવા સ્વરૂપ થયેલ ભય (ભયનું સ્વરૂપ) પણ દૂર થાય છે, એવો અર્થ છે. ''બીજાથી ખરેખર ભય થાય છે'' એ શ્રુતિ પ્રમાણે (ભય દૂર થાય છે એટલે) દ્વૈતની દૃષ્ટિ જતી રહે છે. તેથી ભવિષ્યમાં ઉત્પન્ન થનારાઓની ભગવાનના નામથી મુક્તિ થાય છે ૧૪.

ભગવાનના નામનો ઉચ્ચાર કરવાની શક્તિ વિનાનાં વૃક્ષો, પશુઓ વિગેરેની શી દશા? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યત્પાદસંશ્રયાઃ સૂત ઋષયઃ પ્રશમાયનાઃ ।**
**સદ્યઃ પુનન્ત્યુપસ્પૃષ્ટાઃ સ્વર્ધુન્યાપોઽનુસેવયા ।।૧૫।।**

હે સૂત! જેમના ચરણનો સારી રીતે આશ્રય કરેલા નજીકમાં સ્પર્શ કરેલા ઋષિઓ અને જ્ઞાનીઓ, નજીકમાં સ્પર્શ કરેલા ગંગાના જલ પેઠે ભગવાનની સેવાને લીધે તરત પવિત્ર કરે છે.૧૫

ભક્તનો સ્પર્શ થતાં તેઓ પણ મુક્ત થાય છે, એવો અર્થ છે. જે ભગવાનના ચરણો જેમના આશ્રય થયેલા છે તેવા ઋષિઓ અને જ્ઞાનીઓ પવિત્ર કરે છે. ભગવાનનો સારી રીતનો આશ્રય જ્ઞાનમાર્ગમાં પણ હોય છે; અને જેમ જ્ઞાનીઓને દેહનો અધ્યાસ ન હોવાથી તેમના સ્પર્શથી નહીં પરંતુ તેમના ઉપદેશથી મુક્તિ થાય છે, તેથી તેમના સ્પર્શથી મુક્તિ થતી નથી એમ જણાવવા 'ચરણ' પદ યોજેલું છે. ચરણનો સારી રીતનો આશ્રય ભક્તિમાર્ગમાં જ થાય છે. ગુરુપણાંના પ્રકારથી આશ્રય કરવાનો નથી. એમ જણાવવા 'સમ્' ઉપસર્ગ યોજેલ છે. 'હે સૂત!' એવું સંબોધન તેને પવિત્રપણાંનો અનુભવ જણાવવા કરેલું છે. જેમ તે સૂત(શૂદ્ર) હોવા છતાં મોટા પુરુષની કૃપાથી બ્રાહ્મણો સાથે યજ્ઞ વિગેરેમાં પણ સારી રીતે વ્યવહાર કરે છે. 'ઋષિઓ' એટલે મંત્ર જોનારાઓ. 'પ્રશમાયનાઃ' એટલે 'પ્રકૃષ્ટઃ' ઉત્તમ 'શમઃ' શાંતિ છે 'અયનં' માર્ગ જેમનો તેવા જ્ઞાનીઓ. તે બંને પણ જેમના ચરણનો સારી રીતે આશ્રય કરેલા પવિત્ર કરે છે, એવી વાક્યની યોજના છે. અથવા ભગવાનના ચરણનો આશ્રય કરેલા ઋષિઓ,

જ્ઞાનીઓ પણ થઈને; જ્ઞાન અને કર્મ પ્રાપ્ત કરી, (ભક્તિ, જ્ઞાન અને કર્મ એ) ત્રણ પ્રાપ્ત કરેલા થઈ સર્વને પવિત્ર કરનારા થાય છે. કારણ કે પોતે શુદ્ધ થઈને બીજાઓને પવિત્ર કરે છે. તેથી તેઓની પોતાની શુદ્ધિ થવામાં જ્ઞાન અને કર્મનો ઉપયોગ છે, પરંતુ તે બેનો બીજાઓને પવિત્ર કરવામાં સીધો સંબંધ નથી.

'નજીકમાં સ્પર્શ કરેલા' નો એવો અર્થ છે કે સમીપમાં રહી માત્ર દેહ સંબંધથી જ પવિત્ર કરે છે, કારણ કે ''ત્રણ વાર સ્વાધ્યાય વેદનું, અથવા ત્રણ રાત્રિ સાવિત્રીનું અધ્યયન કરવું. તે એક વર્ષમાં જ પોતાને પવિત્ર કરે છે'' વિગેરે વાક્ય પ્રમાણે કાલ જવાથી જ સર્વ સ્થળે પવિત્ર થવાનો અનુભવ થાય છે. 'મુનયઃ' એવો પાઠ હોય ત્યારે પણ મનન અથવા કર્મનો સંબંધ હોવાનું જરૂરી છે. ક્રૂરતા વિગેરેથી કરેલો સ્પર્શ પવિત્ર કરતો નથી, એમ જણાવવા 'ઉપ' (નજીકમાં) ઉપસર્ગ યોજેલો છે. અથવા ('ઉપસ્પૃષ્ટઃ'નો) સંબંધ પછીના (શબ્દ 'ગંગાજલ') સાથે લેવો. કારણ કે તે ઓર (ઋષિઓ વિગેરે) તો દષ્ટિ વિગેરેથી પવિત્ર કરે તેવું સંભવે છે. 'સ્વર્ધુન્યાપઃ' ગંગાના જલો 'અનુસેવયા પુનન્તિ' ભગવાનના સેવકોને જ પવિત્ર કરે છે, એવો અર્થ ''વારંવાર કરેલાં પ્રાયશ્ચિતો ભગવાનથી વિમુખ હોય તેને પવિત્ર કરતા નથી'' (૬।૧।૧૮) એ વાક્ય પ્રમાણે લેવો. ''ગંગાજલ તરત પવિત્ર કરે છે'' એ વાક્યથી પણ નારાયણને સન્મુખ કરીને પવિત્ર કરે છે એમ કહેલું છે. અથવા 'નજીકમાં સ્પર્શ કરેલાં ગંગાના જલો તરત પવિત્ર કરે છે' એ દષ્ટાંત જાણવું. ('ऽનુ' માં અવગ્રહ ન લેતાં રહેલ) 'નુ' શબ્દ માન્યતાના અર્થમાં યોજેલ છે. ભગવાનના ભક્તો અને ગંગા પવિત્ર કરે છે, છતાં પણ ભગવાનની સેવા પવિત્ર કરે છે, બીજી રીતે કરતા નથી એવી માન્યતા છે. ઉપર-ઉપરનું પવિત્રપણું અહીં કહેવા ઈચ્છેલું નથી. ઉત્તમ પવિત્રતા તો માયાનો સ્પર્શ ન રહેવાથી થાય. ૧૫

એવી રીતે અઢી શ્લોકથી ભગવાનનાં સ્વરૂપ અને નામના સંબંધવાળાઓનાં માહાત્મ્ય કહ્યાં ત્યારે શંકા થાય છે કે ભગવાનનું શાસ્ત્ર જાણ્યા વિના આ કેવી રીતે જાણ્યું? વળી જો શાસ્ત્ર જાણ્યું હોય તો પ્રશ્ન કરવો અયોગ્ય છે. તેથી નીચેનો શ્લોક કહે છે :

**કો વા ભગવતઃ તસ્ય પુણ્યશ્લોકેડ્યકર્મણઃ ।**
**શુદ્ધિકામો ન શ્રૃણુયાદ્ યશઃ કલિમલાપહમ્ ।।૧૬।।**

પવિત્ર કીર્તિવાળાઓ જેમનાં કર્મની પ્રશંસા કરે છે તે ભગવાનના કલિના પાપનો નાશ કરનાર યશને શુદ્ધિની કામનાવાળો કોણ જ ન શ્રવણ કરે ? ૧૬.

ભગવાનના યશને શ્રવણ કરવાથી અમારા હૃદયમાં પોતાની મેળે જણાયું. તેથી સામાન્ય રીતે જણાયું. વધારે જણાય તે માટે પ્રશ્ન કરેલ છે. જો કે ભક્તિ ન હોવાને લીધે ભગવાનના યશનું શ્રવણ સ્વતઃપુરુષાર્થ તરીકે થતું નથી છતાં પણ સત્પુરુષોના માર્ગમાં રહેનારાઓને શુદ્ધિની જરૂર હોવાથી, તે શુદ્ધિ માટે શ્રવણ કરે છે. ખાસ કરીને કલિમાં શ્રવણ કરે છે, કારણ કે દેશ કાલ દ્રવ્ય કર્તા મંત્ર અને કર્મને[1] કલિકાલ અશુદ્ધ કરે છે. શ્રવણ કરવામાં સ્વાતંત્ર્ય[2] નથી, એમ જણાવવા 'કોણ' એમ કહેલું છે. 'વા' 'જ' શબ્દ તિરસ્કારના

અર્થવાળો છે, કે શ્રવણ ન કરનારા દૈત્યના અંશવાળાઓને ગણેલા જ નથી. પોતાથી ઉત્તમ એવા બ્રહ્મથી જ જીવોની શુદ્ધિ થાય છે, એમ 'ભગવાનનાં' શબ્દથી કહેલ છે. 'તે' શબ્દથી અવતાર લીધેલા, સહેલાઈથી મળી શકે તેવા હોવાથી જણાવેલા છે. લૌકિક શેઠની પ્રશંસા પેઠે અન્ન આપવાની પ્રશંસા કરી નથી એમ જણાવવા 'પવિત્ર કીર્તિવાળાઓ જેમનાં કર્મની પ્રશંસા કરે છે' એમ કહેલું છે. 'પુણ્યા' પવિત્ર છે 'શ્લોકા' કીર્તિ જેઓની તેવાઓ પણ પ્રશંસા કરે છે. જ્યારે કીર્તન કરનારાઓની કીર્તિ પણ સર્વને પવિત્ર કરે છે, ત્યારે કીર્તન સર્વને પવિત્ર કરે તેમાં કહેવું જ શું? અથવા તે પવિત્ર કીર્તિવાળાઓને પણ પવિત્ર કરે છે, અથવા તેઓને પવિત્ર થવાની જરૂર નથી.[3] આથી એમ જણાવ્યું છે કે કીર્તિ પવિત્ર પુરુષોમાં જ રહેલી છે. ભગવાનનું સાધારણ કર્મ કહેલું હોવાથી, સરસાઈ કરાવે તેવાં કર્મો સિવાયના કર્મો પણ પવિત્ર કરનારાં છે એમ કહેલ છે. પવિત્ર કીર્તિવાળા 'કહ્યા, તેથી એમ જણાય છે કે 'ઘણું' કરીને કીર્તિવાળાઓ સાથે સર્વને સંબંધ થાય છે, અને તેઓ ભગવાનનું જ કીર્તન કરે છે તેથી ભગવાનની કીર્તિનું શ્રવણ સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું છે. જ્યારે શ્રવણથી તરત જ શુદ્ધિ થાય છે ત્યારે શુદ્ધિની કામનાવાળો કેમ શ્રવણ ન કરે? આધાર (જેમાં કીર્તિ રહેલી છે તે)ની સરસાઈ કરાવનાર, સર્વલોકોને આનંદ કરાવનાર પ્રસરી રહેતો ગુણ તે કીર્તિ, એટલે[4] યશ. જેમનાં પાપનો નાશ થયેલ છે તેવા સર્વ પુરુષો કલિમાં હોતા નથી, તેથી તેઓથી કલિના દોષ દૂર થતા નથી. ભગવાન તો કાલથી[5] પણ ઉત્તમ હોવાથી, તેમની કીર્તિ પણ કાલથી પર છે, અને તેથી તે કીર્તિ કલિના દોષને દૂર કરનારી છે. ૧૬

૧.આ છ યજ્ઞમાં જરૂરી છે. તે શુદ્ધ હોય તોજ યજ્ઞ થઈ શકે.

૨.સ્વભાવથી જ શ્રવણ ન કરનારાઓને ભાતલ કરનાર આ કહેલ છે.(પ્ર) અહીં વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

૩.જેઓની કીર્તિ પવિત્ર હોવાથી જેઓને પવિત્ર થવાની જરૂર નથી, તેઓને પણ પવિત્ર કરે છે એવો ભાવ છે.

૪.આ યશનું લક્ષણ કર્યું. (માત્ર) પ્રતાપ નથી એમ જણાવવા 'સર્વ લોકને આનંદકરાવનાર' કહેલ છે, સર્વને આનંદ કરાવનાર ચંદ્રના કિરણો નથી એમ જણાવવા 'ગુણ' કહેલ છે. 'પ્રસરી રહેતો' શબ્દથી યશનો સ્વભાવ જણાવેલ છે.(પ્ર)

૫.કાલથી પર હોઈ, કલિથી પણ પર છે, તેથી તેના દોષ દૂર કરનાર છે.

એ પ્રમાણે ભગવાનના અવતારનાં પ્રયોજનનો પ્રશ્ન કહીને, નીચેના શ્લોકથી કર્મ સંબંધી પ્રશ્ન કહે છે કરે છે :

**તસ્ય કર્માણ્યુદારાણિ પરિગીતાનિ સૂરિભિઃ ।**
**બ્રૂહિ નઃ શ્રદ્દધાનાનાં લીલયા દધતઃ કલાઃ ।।૧૭।।**

લીલાથી કલાઓ ધારણ કરનાર ભગવાનનાં ઉદાર કર્મો સૂરિઓએ સર્વ તરફથી ગાન કરેલાં છે તે શ્રદ્ધાવાળાઓને અમને કહો.૧૭.

શ્રવણ કરેલું તેવું પ્રયોજન હૃદયમાં રહે તે માટે આ શ્લોકમાં કર્મોનો જ પ્રશ્ન કરે છે. કર્મોનું શ્રવણ કરવાથી જે ફલ થાય તે ભગવાને દેવાનું છે એવું પણ નથી, અને પાત્ર અને

અપાત્રનો વિચાર કર્યા વિના જ, કર્મ જ બીજાં ફલો નજીવા પુરુષોને પણ ઘણાં આપે છે તેથી તેને 'ઉદાર' કહેલ છે. 'ઉદાર' વિગેરે વિશેષણો બીજા કેટલાકં કર્મ ઉદાર નથી એમ જણાવવા કહેલાં નથી, પરંતુ કર્મને લક્ષમાં રાખીને ઉદારપણું વિગેરે કહેલ છે. [1]કારણ કે વિશેષ્ય (કર્મો) શ્લોકમાં પહેલાં જ કહેલાં છે અને ઉદાર વિગેરે વિશેષણો પછી કહેલાં છે. વચલાં ફલ[2] કર્મથી પ્રાપ્ત થાય તે માટે તેવાં હોવાનું જણાવવા તેમને 'ઉદાર' કહેલાં છે. મુખ્ય ફલ ભગવાનથી જ પ્રાપ્ત થાય. શૌનક વિગેરેને આવું અજ્ઞાન નથી, એમ જણાવવા 'સૂરિઓએ સર્વ તરફથી ગાન કરેલાં' એમ કહેલું છે. સર્વ તરફથી ગાન કરેલા હોવાથી સર્વ સ્થલોથી દૂરથી શ્રવણ થવાનું સંભવ છે. 'સૂરિઓએ' શબ્દથી તે ખોટાં કહેલાં નથી એમ જણાવ્યું છે. 'ત્યારે શૌનક વિગેરેને પણ તે સહેલાઈથી પ્રાપ્ત થાય તેમ હોવાથી (સૂતે) કહેવાનાં નથી' એવી શંકા થાય, તેથી 'શ્રદ્ધાવાળાઓને' એમ કહેલું છે. કારણ કે શ્રદ્ધાથી ફરી-ફરીને શ્રવણ કરવાની ઈચ્છા કહેલી છે. તે કર્મોનું શ્રવણ કરવામાં કોઈ પણ સમયે રુચિ ન હોય તેવું નથી, એવા અભિપ્રાયથી 'લીલાથી કલાઓ ધારણ કરનારના' એમ કહેલું. 'લીલા' એટલે પ્રયાસ વિના હર્ષથી કરવામાં આવતી ક્રિયા તે લીલાથી દરેક ક્ષણે નવી જ કલાઓ જેમ ભગવાન ધારણ કરે છે તેમ તેમના કર્મોને પણ ચંદ્રની પેઠે નવી કલાઓનો સંબંધ થતો હોવાથી તેમનું શ્રવણ કરવામાં કોઈ પણ સમયે અરુચિ થતી નથી. આ વિશેષણ પહેલા[3] કહેલાનું સમર્થન કરનારું છે.૧૭.

૧.ભગવાનનાં બધાંએ કર્મો ઉદાર અને સૂરિઓએ ગાન કરેલાં છે, એવો ભાવ છે.

૨.'વચલું ફલ' એટલે શુદ્ધિરૂપ ફલ. વિચાર કર્યા વિનાજ બધાને શુદ્ધિનું દાન કરતા હોવાથી, ભગવાનના કર્મો ઉદાર છે એમ કહેલ છે.(પ્ર)

૩.'પહેલાં કહેલું' એટલે આ વિશેષણ પહેલાં કહેલ 'શ્રદ્ધાવાળાઓને' શબ્દના અર્થનું સમર્થન કરે છે. જૂદી જૂદી કલાઓ ક્ષણે ક્ષણે ધારણ કરે છે, તેથી શ્રવણ કરવામાં શ્રદ્ધા રહે છે.

એવી રીતે એક આરંભથી (ભગવાનના અવતાર)નાં પ્રયોજન અને કર્મના પ્રશ્ન કર્યા. હવે જૂદા આરંભથી નીચેના શ્લોકથી અવતારની કથા સંબંધી પ્રશ્ન કરે છે :

**અથાખ્યાહિ હરેર્ધીમન્ અવતારકથાઃ શુભાઃ ।**

**લીલા વિદધતઃ સ્વૈરમ્ ઈશ્વરસ્યાત્મમાયયા ।।૧૮।।**

હવે હે બુદ્ધિશાળી! પોતાની માયાથી સ્વચ્છંદપણે લીલા કરતા ઈશ્વર હરિના અવાતરોની શુભ કથાઓ કહો.૧૮

જો કે કેટલાક અવતારો જૂદા-જૂદા ઉપાખ્યાનોમાં અમે શ્રવણ કરેલા છે, છતાં એક આરંભમાં બધા અવતારો તેમના ખાસ ગુણો સાથે જાણવા છે, તેથી ઉત્કંઠાથી જૂદો પ્રશ્ન કરેલ છે. 'અથ' 'હવે' શબ્દ જૂદા આરંભના અર્થમાં યોજાએલ છે. 'હરિના' શબ્દથી એમ કહેલું છે કે સામાન્ય રીતે અવતાર લેવાનું કારણ બીજાના દુઃખો દૂર કરવાનું છે. અવતારનું સ્વરૂપ જાણવું કઠણ હોવાથી તેનું જ્ઞાન સર્વને હોતું નથી, તેથી 'હે બુદ્ધિશાળી!' એવું ખાસ સંબોધન કરેલું છે. 'અવતારોની કથાઓ' એટલે કેવી રીતે અવતાર થયો? કોનો અવતાર થયો? ક્યાં અવતાર

થયો? શા પ્રયોજનથી અવતાર થયો? એવી ચાર પ્રકારની કથાઓ કહેનારને શ્રવણ કરનારને અને કહેવાની પ્રવૃત્તિ કરાવનારને શુભ ફલ આપનારી છે. વાસ્તવિક રીતે પણ લોકમાં પુત્રનો જન્મ થયાની કથાની પેઠે તે કથાઓ શુભ છે. તેઓમાં પણ જે અવતારોમાં ભગવાને પોતાની ઈચ્છાથી લીલારૂપ ક્રીડાઓ કરી હોય તે અવતારો કહો એમ 'લીલા કરતા' શબ્દોથી કહેલું છે. 'સ્વૈરમ્' 'સ્વચ્છંદપણે' એટલે મર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ ક્રીડા કરી હોય તે કહો. તે કરવાનું કારણ 'ઈશ્વર' શબ્દથી કહેલું છે. ભગવાનને સર્વ થવાની શક્તિ માયાને વિપરીત કાર્યનો નભાવ કરવામાં અને તેથી તેમને દોષ ન લાગવામાં કારણરૂપ કહેલી છે. તે માયા ભગવાનની પોતાની હોવાથી બીજાઓથી તે જાણી શકાતી નથી અને ઉલ્લંઘન કરી શકાતી નથી. ૧૮

એવી રીતે ઉત્તમ પ્રકારે સર્વ અર્થ જાણનારાઓની ફરી શ્રવણ કરવાથી શું લાભ? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વયં તુ ન વિતૃપ્યામ ઉત્તમશ્લોકવિક્રમે ।**
**યચ્છૃણ્વતાં રસજ્ઞાનાં સ્વાદુ-સ્વાદુ પદે-પદે ।।૧૯।।**

ઉત્તમ શ્લોકનાં વિક્રમ નું શ્રવણ, જે શ્રવણ કરનાર રસ જાણનારાઓને પદે-પદે સ્વાદ આપનાર અને સ્વાદ આપનાર થાય છે, તેનાથી અમને તો તૃપ્તિ થતી નથી.૧૯

વળી જેઓ ભગવાનની કથાના સ્વરૂપને જાણતા ન હોય, તેઓ કેટલાક સમય સુધી તેનું શ્રવણ કરી અટકી જાય છે, કારણ કે આ વિષયના રસને જાણનારો અટકતો નથી. તેથી જેઓ કથાથી તૃપ્ત થઈ અટકે છે, તેઓ ભલે અટકે. અમે તો વળી તૃપ્ત થતા જ નથી. તેથી કેમ અટકીએ? કથાના શ્રવણથી અટકવાનું ત્રણ પ્રકારે થાય ૧.આથી પણ ઉત્તમ બીજો રસ હોવાનું સંભવતું હોય ત્યારે, અથવા ૨.આ રસ મળતો ન હોય ત્યારે, અથવા ૩.રસનું જ્ઞાન ન હોય ત્યારે. તે પૈકીનાં પહેલાં બે અટકવાનાં કારણો ન હોવાનું 'ઉત્તમશ્લોકનાં વિક્રમ' શબ્દથી કહે છે. ૧.ઉત્તમ બ્રહ્માનંદના અનુભવવાળા મુક્ત જીવો પણ ભગવાનનાં કીર્તિનું ગાન કરે છે તે જેમ (છે) તે "આવા ગુણવાળા હરિ છે" (૧।૭।૧૦) શ્લોકમાં કહેશે. તેથી ભગવાનની કથાના રસથી અધિક રસ કોઈ પણ નથી, કારણ કે બ્રહ્માનંદનો રસ પણ તેથી હલકો છે. ૨.આ શબ્દથી જ ભગવાનની કથાનો રસ દુર્લભ નથી એમ કહેલું છે. ભગવાનનો 'વિશેષેણ' ઉત્તમ પ્રકારે 'ક્રમ' ચરણ મૂકવાનું જ્યાં થાય તે તેમનું પરાક્રમ, એટલે ઉત્તમ પ્રકારે ક્રિયાશક્તિનો આવિર્ભાવ અને તે સર્વ સ્થળે પૂરે પૂરો છે. તેથી તેમની કથાનો રસ ન મળી શકે તેવો નથી. ૩.ઉત્તરાર્ધથી ત્રીજો પ્રકાર ન હોવાનું કહે છે. કથાના રસનું જ્ઞાન તો તેના શ્રવણ કરવાથી જ થાય છે. જેમ લોકમાં રસોઈઆની વિદ્યાઓ હોય ત્યારે જમવાની ઈચ્છા મટતી નથી, પરંતુ ખોરાક મૂર્ત(ઘન) હોવાથી પેટ ભરાતાં તે મટી જાય છે, તેવું શ્રવણમાં પણ છે. ભેદ પણ કહેલો છે, કારણ કે શ્રવણમાં જે ગ્રહણ કરવામાં આવે છે તે મૂર્ત નથી. વળી રસને જાણનાર કોઈ પ્રકારે તે શ્રવણ કરવાથી અટકતા નથી, કારણ કે રસ અટકાવનારો નથી, અને આ રસ ઉત્તમથી પણ ઉત્તમ છે.

વળી તે ‘‘પદે-પદે સ્વાદ આપનાર અને સ્વાદ આપનાર થાય છે’’. અધિકાર પ્રમાણે આ વિષયમાં રસનો આવિર્ભાવ થાય છે. જેમ તાવ ઉતરે ત્યારે અન્નનો સ્વાદ આવે છે તેમ જેમ-જેમ અજ્ઞાન દૂર થતું જાય છે, તેમ-તેમ ભગવાનની કથામાં રસનો સ્વાદ આવે છે. પહેલી વાર કથાશ્રવણ થાય ત્યારે અવિદ્યા ભરપૂર હોવાથી રસનો સ્વાદ થોડો આવે છે. તે પછી પહેલા શ્રવણથી જો થોડી અવિદ્યા દૂર થઈ હો તો બીજા શ્રવણમાં અધિક રસ આવે. એ પ્રમાણે આગળ પણ થયે જાય. સંપૂર્ણ રીતે અવિદ્યાથી મુક્ત હોય તેમને ઉત્તમ રસ પ્રાપ્ત થાય છે. વળી પહેલાં તો વાક્યના સમૂહમાં ભગવાન જણાય છે, પછી દરેક વાક્યમાં, પછી પદમાં પણ જણાય છે. ‘પદ્યતે’ જણાય છે આનાથી તે પદ[1], એટલ પ્રકૃતિ (મૂળ શબ્દ) અને પ્રત્યય તેથી અક્ષરના અર્થ તરીકે જાણેલા ભગવાન ઘણો રસ આપનારા છે, એવો અર્થ છે.૧૯

૧.‘પદ’ શબ્દનો અર્થ અક્ષર થાય છે એમ જણાવવા આ કહેલ છે.(પ્ર)

વળી વિશેષ પ્રકારથી શ્રીકૃષ્ણના અવતારની કથાનું શ્રવણ કરવું છે, એવા અભિપ્રાયથી નીચેના શ્લોક કહે છે :

**કૃતવાન્ કિલ વીર્યાણિ રામેણ સહ કેશવઃ ।**
**અતિમર્ત્યાનિ ભગવાન્ ગૂઢઃ કપટમાનુષઃ ।।૨૦।।**

કપટથી મનુષ્યના દેહવાળા થયેલા છૂપા રહેલા ભગવાન કેશવે ખરેખર બલરામ સાથે મરણને મટાડનાર પરાક્રમો કરેલા (છે). ૨૦

‘ખરેખર!’ શબ્દ પ્રસિદ્ધ જણાવે છે, અહીં આશ્ચર્યથી પ્રસિદ્ધિ થયાનું કહેલ છે, કારણ કે ભગવાને પરાક્રમો કરવાની અવસ્થા અને સાધન ન હોવા છતાં પરાક્રમો કરેલાં છે. તેથી શ્રીકૃષ્ણના અવતારનાં પરાક્રમો ખરેખર અલૌકિક છે. વળી એક જ સ્થળે એક જ સમયે આવેશથી[1] અને અવતારથી[2] પરાક્રમો કરાએલાં નથી હોતાં. અહીં તો ‘બલરામની સાથે’ એમ ઉભય સ્વરૂપથી પરાક્રમો કર્યાનું કહેલું છે. વળી બધા અવતારોમાં ભગવાને બ્રહ્મા અને શંકર ને સુખ આપેલું નથી, કારણ કે બ્રહ્મા અને શંકર ગુણના અધિષ્ઠાતા હોવાથી અવતાર સાથે હરિફાઈ વિગેરે કરવાનું સંભવે. અવતાર તે બે માટે હિતકારિ કૃત્ય ન કરે અને તેમના ભક્તોનો વધ પણ કરે તેવું અહીં કાંઈ પણ નથી એમ ‘કેશવ’ શબ્દથી કહેલું છે ‘કઃ’ બ્રહ્મા અને ‘ઈશઃ’ શંકર (તે) ‘કેશી, કેશયોઃ’ બ્રહ્મા અને શંકરનું ‘વમ્’ અમૃત(આનંદ) છે જેમનાથી તે કેશવ, તે બેને પણ આનંદ આપનારા છે.

‘મરણને મટાડનાર’ વિશેષણથી પરાક્રમોનું ઉત્તમપણું કહેલું છે. મટાડાએલ છે મરણ પામે તેવું શરીર આમનાથી તે ‘અતિમર્ત્યાનિ’ મરણને મટાડનારાં. આનો એવો અર્થ છે કે પરાક્રમોનું શ્રવણ થયા પછી મરણ પામે તેવા શરીરનો સંબંધ રહેતો નથી. અથવા ‘મર્ત્યે’ મૃત્યુલોકનું ‘અતિક્રાન્તાનિ’ ઉલ્લંઘન કરેલાં પરાક્રમો છે, કારણ કે ભગવાન માત્ર આનંદના જ કર ચરણ મુખ ઉદર વિગેરે વાળા છે. તેનું કારણ ‘ભગવાન’ શબ્દથી કહેલું છે. શ્રીકૃષ્ણ

ભગવાનનો અવતાર નથી પણ ભગવાન જ છે, એવો અર્થ છે. 'ત્યારે તેમનું શરીર કેમ દેખાતું હતું? એવો પ્રશ્ન થાય તો તે સંબંધમાં કહે છે કે 'કપટથી મનુષ્યના દેહવાળા' થયેલા છે. કારણ કે આ લોકમાં છૂપા રહી પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રકટ કરતા નથી તેના કારણરૂપ 'કપટથી મનુષ્ય દેહવાળા થયેલા' એ વિશેષણ છે. કપટથી એટલે લોકોની બુદ્ધિને મોહ કરવાના પ્રકારથી મનુષ્યના દેહવાળા થયેલા છે. એવો અર્થ છે કે તે સચ્ચિદાનંદ સ્વરૂપને જ મનુષ્યના દેહ પેઠે દેખાડે છે. તેથી તેમના પરાક્રમો તમારે કહેવાં જોઈએ એમ સિદ્ધ થયું.૨૦

૧-૨.આવેશરૂપ બલરામ, અને અવતારરૂપ શ્રીકૃષ્ણ.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી પોતાનો શ્રવણ કરવાનો અધિકાર કહે છે :

**કલિમ્ આગતમ્ આજ્ઞાય ક્ષેત્રે અસ્મિન્ વૈષ્ણવે વયમ્ ।**
**આસીના દીર્ઘસત્રેણ કથાયાં સક્ષણા હરેઃ ।।૨૧।।**

લાંબા સમય સુધી ચાલે તેવો સત્ર કરવા આ વૈષ્ણવ સ્થલમાં બેઠેલા અમે કલિને આવેલો જાણીને હરિની કથાના શ્રવણમાં ક્ષણ અવકાશવાળા છીએ.૨૧

કલિમાં તો બધાએ ધર્મો અટકી પડે છે, તેથી સૂતકમાં જેમ અવકાશવાળા થઈએ તેમ કલિમાં અવકાશવાળા થયા છીએ. કારણ કે ધર્મ કરવાનો અધિકાર હોય ત્યારે ધર્મના ત્યાગના ભયથી ખેદ થવાનું અથવા ધર્મ કરવાનું સંભવે, વળી મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવે તો ઘણું પાપ થવાથી ભગવાનની કથામાં રુચિ થવાનું જ મટી જાય. તેથી આવા સર્વ દોષ દૂર કરનારો[1] કલિ હોવાથી. તે આવતાં અમે હરિની કથાના શ્રવણમાં અવકાશવાળા થયા છીએ. 'વૈષ્ણવ સ્થલમાં' શબ્દથી એમ જણાવ્યું છે કે ગમે તેવા સ્થલમાં કથાનું શ્રવણ કરવામાં આવે તો દૈત્યો બુદ્ધિનો નાશ કરે તેવું સંભવે છે. તેમ થાય ત્યારે સર્વનાશ થઈ જાય. તેવું નથી થવાનું એમ જણાવવા 'આ વૈષ્ણવ સ્થલમાં' એમ કહેલું છે. વળી આ સત્ર કરવાની વેદી પણ છે, તેથી પણ દૈત્યનો સંબંધ અહીં થાય તેમ નથી એમ જણાવવા 'આ' શબ્દથી દેશ(સ્થલ) કહેલ છે.

કલિકાલ વિગેરે સ્માર્ત હોવાથી વૈદિક વિચારથી કર્મ કરવાનો અધિકાર ન હોવાનું કેમ બને? એવી શંકા થાય તેથી 'લાંબા સમય સુધી ચાલે તેવો સત્ર કરવા બેઠેલા' એમ કહેલું છે. અને તેવી રીતે દીક્ષા લઈ સત્ર કરવા બેઠેલા હોય તેમને વેદ પ્રમાણે બીજું કર્મ કરવાનું હોતું નથી. વળી તે સત્ર પૂરો થાય ત્યારે કર્મનો સંબંધ(બીજું કર્મ કરવાનું) થાય, તેથી લાંબા સમય સુધી ચાલે તેવા સત્રનો આરંભ કરેલો છે. તેથી અમે સંપૂર્ણ રીતે અવકાશવાળા છીએ, એમ 'કથા ના શ્રવણમાં અવકાશવાળા' શબ્દોથી કહેલું છે. જો કથાનો આરંભ થાય તો એક હજાર વર્ષ જેટલો કાલ ક્ષણ થઈ જાય એમ જણાવવા 'ક્ષણ' શબ્દ યોજેલ છે. અમે સર્વ વિષય માટે અવકાશવાળા નથી, પણ હરિની કથા માટે જ અવકાશવાળા છીએ.૨૧

૧.વૈદિક કર્મ કરવારૂપ હરિની કથામાં અટકાવ કરનારા દોષ દૂર કરનારો.(પ્ર)

કથાના શ્રવણમાં એક સામગ્રી ઓછી હતી, તે ભગવાને પ્રાપ્ત કરાવી એમ નીચેના

શ્લોકથી કહે છે :

**ત્વં નઃ સન્દર્શિતો ધાત્રા દુઃસ્તરં નિસ્તિતીર્ષતામ્ ।**
**કલિં સત્ત્વહરં પુંસાં કર્ણધાર ઈવાઽણવમ્ ।।૨૨।।**

જેમ સમુદ્ર તરવા ઈચ્છનારને સુકાનીની પેઠે, દુઃખથી તરી શકાય તેવા સત્ત્વ હરનારા કલિને તરવા ઈચ્છનારા અમને ભગવાને તમને પ્રાપ્ત કરાવ્યા.૨૨

'ધાત્રા' સર્વ કરનાર ભગવાને અથવા કથાના રસને જાણનાર બ્રહ્માએ તમને પ્રાપ્ત કરાવ્યા; અને તમે 'નઃ' અમારા, અમને સ્વાધીન થયા. કથા ન શ્રવણ કરવાની હોય તો કલિ 'દુસ્તર' 'દુઃખેન' દુઃખથી 'તરઃ' તરવાનું થાય જેનું તેવો છે.

કથાના શ્રવણ વિનાના હોવા છતાં ઋષિઓ કલિને તરવાના છે. તમારે તેમનાથી શું ભેદ છે? એવો પ્રશ્ન થાય. તેથી 'સત્ત્વને હરનારા' એમ કહેલું છે. વિવેક, ધૈર્ય અને જ્ઞાનને હરનારો કલિ છે. સત્ત્વગુણ જાય ત્યારે રજોગુણ અને તમોગુણથી લય[1] અને વિક્ષેપ જ થાય. તેથી તેઓનાં સર્વસ્વનો નાશ થતાં, કલિને તરવાનું બનશે નહીં એવો ભાવ છે. સમુદ્રમાં સુકાની વિના ઈચ્છેલા સમયે ઈચ્છેલા પ્રદેશનો સંબંધ થતો નથી, તેમ કથા કહેનાર ન હોય ત્યારે કલિમાં તે તરી ન શકાય અને ભગવત્પ્રાપ્તિ ન થાય.૨૨

૧.'લય' એટલે નાશ. 'વિક્ષેપ' એટલે મુંઝવણ, ભય.

વળી પહેલાં અમે ધર્મ સાથે રહેલા. હવે કથાના શ્રવણનો નિશ્ચય કરેલા અમે તો અહીં ભેગા થયા છીએ. ધર્મના શા સમાચાર છે એવો છટ્ઠો પ્રશ્ન નીચેના શ્લોકથી કરે છે :

**બ્રૂહિ યોગેશ્વરે કૃષ્ણે બ્રહ્મણ્યે ધર્મવર્મણિ ।**
**સ્વાં કાષ્ઠામ્ અધુનોપેતે ધર્મઃ કં શરણં ગતઃ ।।૨૩।।**

બ્રાહ્મણોનું હિત કરનાર, ધર્મના કવચ, યોગેશ્વર શ્રીકૃષ્ણ હમણાં પોતાનાં સ્થાનમાં પધાર્યા ત્યારે ધર્મ કોને શરણ ગયો તે કહો.૨૩

અને આ કહો, કારણ કે ધર્મની ગ્લાનિ થાય ત્યારે ''જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય'' (ભ.ગી.૪।૧૧) એ વાક્ય પ્રમાણે તેનું રક્ષણ કરવા ભગવાન અવતાર લે છે. યોગ પણ ''યોગથી આત્માનું દર્શન કરવું આ ઉત્તમ ધર્મ છે'' એ વાક્ય પ્રમાણે ધર્મનું રક્ષણ કરનારો છે. શ્રીકૃષ્ણ યોગના પણ ઈશ્વર છે. બ્રાહ્મણો પણ ધર્મનું રક્ષણ કરે છે. તે યોગાવતાર બ્રાહ્મણોનું હિત કરનારા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના સ્થાન વૈકુંઠમાં પધાર્યા ત્યારે ધર્મનું શરણ કોઈ હોવાનો સંભવ ન હોવાથી, અને ધર્મનાં કાર્યરૂપ ભગવાનના સંબંધવાળી બુદ્ધિ રહેલી હોવાથી 'ધર્મ છે' એવું જણાય છે; તેથી ધર્મ કોને શરણ ગયો છે? એવો પ્રશ્ન છે.૨૩

**ઈતિ લક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવત સુબોધિનીમાં**
**પહેલા સ્કંધનો પહેલો અધ્યાય (સંપૂર્ણ).**

# ।। અધ્યાય બીજો ।।
# ફલ–સાધનરૂપ ત્રણ કર્મોનો નિર્ણય

**કથાશ્રવણભાવેન મનોરથમહાર્ણવે ।**
**નિમગ્નાન્ સૂતદાનેન હ્યુજ્જહાર ઋષીન્ હરિઃ ।।૧।।**

કથાના શ્રવણ કરવાના પ્રેમથી મનોરથરૂપ મોટા સમુદ્રમાં ડૂબેલા ઋષિઓને સૂતનું દાન કરી હરિએ તેમનો ઉદ્ધાર કર્યો કા.૧

**ફલસાધનરૂપાણાં નિર્ણયઃ કર્મણામપિ ।**
**ત્રયાણાં વક્ષ્યતેઽધ્યાયે દ્વિતીયેઽન્યત્ર શેષિણામ્ ।।૨।।**

ફલ અને સાધનના પ્રકારો અને વળી કર્મો એ ત્રણનો નિર્ણય બીજા અધ્યાયમાં કહેશે. બાકીના[1] પ્રશ્નોનો નિર્ણય ત્રીજા અધ્યાયમાં કહેશે. કા.૨.

૧.'બાકીના' એટલે અવતાર લેવાનું પ્રયોજન, અવતારની કથા અને ધર્મ કોને શરણ ગયો તે (પ્ર). પ્રશ્નના ૧.૨.૪ નો ઉત્તર બીજા અધ્યાયમાં, અને ૩.૫.૬ નો ત્રીજા અધ્યાયમાં કહેશે એવો અર્થ છે.

ઉત્તર કહેવા માટે પ્રથમ દેવતા અને ગુરુને સૂત નમસ્કાર, મંગલ અને પ્રશ્નનું અભિનંદન કરે છે, એમ વ્યાસ કહે છે :

**વ્યાસ કહે છે :**

**ઈતિ સમ્પ્રશ્ન–સમ્પૃષ્ટઃ સ વિપ્રૈ રૌમહર્ષણિઃ ।**
**પ્રતિપૂજ્ય વચસ્તેષાં પ્રવક્તુમ્ ઉપચક્રમે ।।૧।।**

એમ વિપ્રોથી સારા પ્રશ્નો સારી રીતે પૂછાએલા તે રૌમહર્ષણિઓ તેઓના વચનનું પ્રતિપૂજન કરી ઉત્તર કહેવાનો આરંભ કર્યો.૧

એમ પુરુષાર્થમાં પરિણમે તેવા સારા પ્રશ્નો એટલે બ્રહ્મના સંબંધવાળા પ્રશ્નો, સારી રીતે આદરપૂર્વક રૌમહર્ષણિને પૂછાયા. 'વિપ્રોથી' (પ્રશ્નો પૂછાએલા) 'વિશેષણ' ઉત્તમ પ્રકારે વક્તાને અને પોતાને ભક્તિથી 'પૂરયન્તિ' ભરી દે તે વિપ્રો. એટલે તેમનાં વચનનો ઉત્તર અવશ્ય આપવો જોઈએ. રોમહર્ષણનો પુત્ર તે રૌમહર્ષણિ. 'રોમસુ' રૂંવાડાઓમાં સદા 'હર્ષણં' હર્ષ છે જેને તે રોમહર્ષણને સદા ભક્તિ ઘણી હોય, તેવો જ આ રૌમહર્ષણિ છે એમ એ નામથી જણાવે છે. 'પ્રતિપૂજન' એટલે અભિનંદન. અનુક્રમ પ્રમાણે સામાન્ય રીતે તે ગ્રંથની બહાર હોય છે એમ જાણવું. આગળ(શ્લોક પાંચમામાં) અભિનંદન કરશે તે તો સામાન્ય ઉત્તર તરીકે જાણવું. 'કહેવાનો' એટલે પોતાની બુદ્ધિ પ્રમાણે નિર્ણય કરેલો અર્થ અને ભાગવત કહેવાનો આરંભ કર્યો.૧

સૂતે દેવતા અને ગુરુને નમસ્કાર કર્યા તે પૈકી આરંભમાં વૈરાગ્ય અને જ્ઞાન થી ગુરુને નમસ્કાર કર્યાનું કહે છે. તે પૈકી પ્રથમ ગુરુનો વૈરાગ્ય કહે છે :

**યં પ્રવ્રજન્તમ્ અનુપેતમ્ અપેતકૃત્યં દ્વૈપાયનો વિરહકાતર આજુહાવ ।**
**પુત્રેતિ તન્મયતયા તરવોઽભિનેદુઃ તં સર્વભૂતહૃદયં મુનિમાનતોઽસ્મિ ।।૨।।**

જનોઈ લીધા વિનાના, જેમને કાંઈ કાર્ય કરવાનું રહેલ નથી તેવા જતા રહેતા જેમને વિરહને લીધે લાચાર થયેલા દ્વૈપાયને 'પુત્ર' એમ કહી બોલાવ્યા ત્યારે તન્મય હોવાને લીધે વૃક્ષોએ અભિનંદન કર્યું, તે સર્વ પ્રાણીઓના હૃદયને પ્રેરનાર મુનિને હું સર્વ તરફથી નમસ્કાર કરું છું. ૨

જેમ-જેમ વૈરાગ્યવાળો થાય તેમ-તેમ ભાગવતમાં અધિકારી થાય છે, તે વિષયમાં શુક પહેલાના જન્મમાં જ જ્ઞાનવાળા હોવાથી યોગ્ય દેહ પ્રાપ્ત થાય તે માટે તેણે વિષ્ણુસ્વરૂપ વ્યાસ પાસેથી દેહ પ્રાપ્ત કર્યો. તે બંને[1] પ્રાપ્ત થતાં પહેલાનો સંસ્કાર દૃઢ હોવાથી સંગથી જ્ઞાનનો નાશ થવાના ભયથી આ સમયે જનોઈ લીધા વિના જ જતો રહેતો હતો. વ્યાસ અધિકારી હોવાથી તેમને દેહ વિગેરેના ધર્મો હતા. શુકનું જતા રહેવાનું સંન્યાસ આશ્રમરૂપ નથી, પરંતુ માત્ર સંગના ભયથી જ જતા રહેતા હતા. તેમ જવાનું અયોગ્ય જેવું માનીને તેમને પાછા વાળવા વ્યાસ ગયા. ભગવાનના ધર્મો હૃદયમાં પ્રવેશ કરે ત્યારે ભય દૂર થાય છે, અને સર્વથી બલવાનને ભય હોતો નથી,[2] કારણ કે બલ ભગવાનનું જ છે. કોપ વિગેરેથી શુક જતા રહેતા ન હતા એમ 'પ્રવ્રજન્તમ્' માંના 'પ્ર' ઉપસર્ગથી કહેલું છે. શુકને પાછા વળવાનું કારણ 'જનોઈ લીધા વિનાના' વિશેષણથી કહેલું છે. તેમને જવાનું કારણ 'જેમને કાંઈ કાર્ય કરવાનું રહેલ નથી' એ વિશેષણથી કહેલું છે. કારણ કે કાર્ય કરવાનું હોય ત્યારે જનોઈ લેવાની હોય. વિષ્ણુ પાસેથી પ્રાપ્ત થયેલા દેહને ફરી સંસ્કાર થવાની જરૂર નથી. વ્યાસને મોહ થવાનું કારણ 'દ્વૈપાયન' નામથી કહેલું છે. બે તરફ ગએલા છે જલ જ્યાં તે 'દ્વીપ' જેમનું 'અયનં' જન્મનું સ્થાન છે તે દ્વૈપાયન. કારણ કે તે યમુનાના જલમાં તેવી રીતે ઉત્પન્ન થયેલા. પરાશરે ધ્યાન ધરેલા ભગવાનનો તે અવતાર હોવાથી બધું ભવ્ય છે. નારદે કરેલા ઉપદેશ પહેલાં વ્યાસને ભગવાનનું વિસ્મરણ થવાથી તે વિરહને લીધે લાચાર થયેલા. વિરહને લીધે 'કાતરઃ' લાચાર થઈ તેમણે 'હે પુત્ર!' એમ શુકને બોલાવ્યા. પ્રેમને લીધે કંઠ ક્ષીણ થવાથી દીર્ઘ સ્વર થઈ ન શક્યો. પછી સંધિ[3] થઈ.

'તે સર્વ થયા' વાક્ય પ્રમાણે બ્રહ્મનું જ્ઞાન હોય ત્યારે ફલ થવાનું કહેલ હોવાથી શુકને સર્વભાવ(પોતે સર્વ હોવાની સ્થિતિ) સ્ફુરે છે. યોગથી પણ તેમનો સર્વમાં પ્રવેશ થવાનું પણ સંભવ છે.[4] કર્તા મુખ્ય હોવા છતાં પણ 'યમ્' 'જેમને' શબ્દ કર્મ સાથે સંબંધ હોવાથી 'તન્મય'માંના 'તત્' શબ્દથી પણ કર્મ સાથેનો જ સંબંધ કહેલો છે. તેથી 'તન્મય' હોવાને લીધે એટલે શુકમય હોવાને લીધે. વૃક્ષો[5] વિષ્ણુથી ઉત્પન્ન થયેલા છે. ''વનસ્પતિઓ ખરેખર વૈષ્ણવો છે'' એ શ્રુતિ પ્રમાણે તેમનું અને શુકનું ઉપાદાનકારણ એક હોવાથી વૃક્ષો તન્મય(શુકમય) છે. 'અભિનંદન' પડઘારૂપ છે. અથવા[6] ''યજ્ઞ માટે રહેલી વાણી ખરેખર દેવોમાંથી નીકળી. તેણે વનસ્પતિમાં પ્રવેશ કર્યો. તે આ વાણી વનસ્પતિઓમાં બોલે છે'' એ

શ્રુતિ પ્રમાણે વૃક્ષોમાંથી જ શબ્દની ઉત્પત્તિ થઈ. 'સર્વ પ્રાણીઓના હૃદયને પ્રેરનાર' શબ્દથી તે વૃક્ષોને કહેવાનું કારણ કહેતા[૭] શુકનો બ્રહ્મભાવ કહેલો છે. સર્વ પ્રાણીઓના 'હૃત્' હૃદયને 'અયતે' પ્રેરણા કરે છે અથવા સર્વના હૃદયમાં પ્રેરણા કરવા જાય છે એવો તેનો અર્થ છે. અથવા સર્વ પ્રાણીઓમાં હૃદય છે જેમનું એમ પ્રેરણા કરવાની શક્તિ કહેલી છે. જતા રહેતા શુકની શાંત સ્થિતિ ન હતી એમ 'મુનિ' શબ્દથી કહેલું છે. તે બ્રહ્માત્મભાવનું ચિંતન કરતા હતા. 'આ' સર્વ તરફથી તેમને 'નતોઽસ્મિ' નમસ્કાર કરૂં છું. કારણ કે તે સર્વ સ્થલે રહેલા છે.૨

૧.'બંને' એટલે જ્ઞાન અને દેહ.

૨.વ્યાસને દેહના ધર્મો હોવાથી ભય, શુકના હૃદયમાં ભગવાનના ધર્મોનો પ્રવેશ હોવાથી તેમને ભય ન હતો એવો અર્થ જણાય છે.

૩.'પુત્ર' અને 'ઈતિ' શબ્દોની સંધિ થઈ.

૪.'તન્મય' એટલે વ્યાસમય કે વૃક્ષમય? બંનેમાં જ્ઞાન અને યોગ હોવાથી એની શંકા થાય તેવો આ કહેલ છે.(પ્ર)

૫.ઉપર કહેલ અર્થના સમર્થન માટે આ કહેલ છે.(પ્ર)

૬.ઉપર ૨...૨ ભાગથી કરેલ અર્થ પ્રમાણે શુકે જ વૃક્ષરૂપથી ઉત્તર આપ્યો ગણાય. એમ હોય તો શ્લોકમાં વૃક્ષોએ અભિનંદન કર્યાનું કહેલ તેવો વિરોધ થાય. તેથી આ કહેલ છે.(પ્ર)

૭.ઉપર ૩...૩ ભાગથી કહેલ અર્થ લેતાં વૃક્ષોએ અભિનંદન કર્યાનું કહેલ છે, તેવું તેમને કરવાનું કારણ રહેતું નથી. તેથી આ કહેલ છે. 'સૂર્યભૂતહૃદયમ્' શબ્દથી તેઓએ અભિનંદન કરવાનું કારણ સિદ્ધ થાય છે.(પ્ર)

એ પ્રમાણે પ્રથમ શુકનાં જ્ઞાન અને વૈરાગ્ય કહ્યાં. પછી ભક્તિથી ભગવાનનું જ્ઞાન થયું ત્યારે ઉત્તમપણું[૧] પ્રાપ્ત થવાનું નીચેના શ્લોકથી કહે છે :

**યઃ સ્વાનુભાવમ્ અખિલશ્રુતિસારમ્ એકમ્**
**અધ્યાત્મદીપમ્ અતિતિતીર્ષતાં તમોઽન્ધમ્ ।**
**સંસારિણાં કરુણયાહ પુરાણગુહ્યં**
**તં વ્યાસસૂનુમ્ ઉપયામિ ગુરું મુનીનામ્ ।।૩।।**

જેમણે પોતાના પ્રભાવવાળું, અખિલ શ્રુતિઓના સારરૂપ, ઉત્તમ, ગાઢ તમઃ તરવા ઈચ્છનારાઓને આત્મા સંબંધી પ્રકાશ કરનારા દીપરૂપ, પુરાણોમાં છૂપાએલ ભાગવતને સંસારીઓ ઉપરની દયાથી કહ્યું તે મુનિઓના ગુરુ વ્યાસના પુત્રને હું શરણ જાઉં છું.૩

જતા રહેવાથી શુકને સંગનો ભય દૂર થયો. આથી લાંબા સમય સુધી ભગવાનનો તેમનામાં આવેશ થયો ત્યારે તે વ્યાસ પાસે આવ્યા અને ભાગવત ભણ્યા, એમ અર્થથી જણાય છે. ત્યાર પછી ભાગવતરસમાં પરોવાએલ ચિત્તવાળા તે સર્વ સ્થળે મુનિઓને ઉપદેશ કરતા હતા, એમ 'મુનિઓના ગુરુ' શબ્દોથી કહેલ છે. ભાગવતનાં સ્વરૂપની સરસાઈ દર્શાવવા કહેલાં ચાર વિશેષણો અનુક્રમે તેનું ૧.પ્રમેય રૂપપણું ૨.પ્રમાણ રૂપપણું ૩.ઉત્તમપણું અને ૪.ઉત્તમ સાધન રૂપપણું જણાવે છે. તે પૈકી ૧.'પોતાના પ્રભાવવાળુ' વિશેષણથી એમ જણાવેલ છે કે

ભાગવત ભગવદ્રૂપ હોવાથી જેવો ભગવાનનો 'સ્વઃ' પોતાનો ઉત્તમ 'અનુભાવઃ' પ્રભાવ સર્વ ભક્તો ઉપર છે તેવો ભાગવતનો પણ તેનું ચિંતન કરનારા ઉપર છે. વળી ૨.તે અખિલ 'શ્રુતિઓના સારરૂપ' છે. કર્મકાંડ અને જ્ઞાનકાંડ વિગેરેમાં પણ જે કહેલું છે તે ભક્તિના અંગ તરીકે કહેલું હોવાથી, અને ભાગવતમાં સર્વ શ્રુતિઓનું તાત્પર્ય જેમના વિષે છે તેવા ભગવાનનું નિરૂપણ કરેલું હોવાથી, તે સર્વ શ્રુતિઓના સારરૂપ છે. અને દેવ-દૈત્ય વિગેરેના વિષે યોજાએલી શ્રુતિનો ભાગવતમાં તે-તે દેવ-દૈત્યના અભિપ્રાયથી અર્થ કહેવામાં આવે તો ખામીવાળું થાય તેવું થતું નથી, એમ 'અખિલ' શબ્દથી જણાવેલ છે. સમૂહમાં રહેલા સર્વ વેદોના અર્થના રસરૂપ ભાગવત છે એવો અર્થ છે. ૩.'એકમ્' 'ઉત્તમ' એટલે અસાધારણ. તેવું ન હોય તો આને(સૂતને) પણ ભાગવતમાં બીજા રસ હોવાનું સંભવે, કારણ કે ઘણાં પુરાણો તેવા (બીજા રસવાળા) હોવાનો નિર્ણય તેવો થયેલ છે. ૪.'આત્મા સંબંધી પ્રકાશ કરનારા દીપરૂપ'નો એવો અર્થ છે કે બહાર દીવાઓ અને જ્ઞાન આપનારા પુરુષો છે, પરંતુ 'આત્મા' એટલે કે ભગવાન સંબંધી વાણીથી બોધ કરનાર કોઈક જ હોય છે. ભાગવત સિવાય બીજો કોઈ એવો ઉપાય નથી કે જેથી ગુરુના ઉપદેશ, તપ તથા સાધનના વિચાર વિના બધાને ભગવાનનો સાક્ષાત્કાર થાય. જેમ ઘરમાં દીવો મૂકવામાં આવે ત્યારે ઘડો વિગેરે જોવામાં ગુરુની જરૂર હોતી નથી, તેમ ભાગવત હોય ત્યારે કોઈની પણ જરૂર રહેતી નથી. 'ગાઢ તમસ્' (અંધકાર, અજ્ઞાન)તરવા ઈચ્છનારાઓને આત્મા સંબંધી પ્રકાશ કરનાર દીપરૂપ ભાગવત છે, એવી વાક્યની યોજના છે. આત્માને 'અધીત્ય' એટલે આત્મા સંબંધી સર્વ પદાર્થોને પ્રકાશ કરનારો દીપક છે. શુકે માત્ર મુનિઓને જ ભાગવત કહ્યું એમ નથી. દયાથી સંસારીઓને પણ કહ્યું છે. પરીક્ષિતની સભા વિગેરેમાં પણ કહ્યું છે, એવો અર્થ છે. જેમ મેલ કાઢી નાખવામાં આવે ત્યારે વસ્ત્ર વિગેરેમાંથી મેલ દૂર થાય છે અને તેમની શુદ્ધિ થાય છે. અને શુદ્ધ હોય તેઓ તો કર્મ કરવા યોગ્ય જ છે, તેવો સંસારીઓ અને મુનિઓમાં ભેદ છે એવો અર્થ છે. શુક માયાવી ન હતા એમ જણાવવા 'વ્યાસના પુત્ર' કહેલ છે. 'ઉપયામિ' એટલે શરણ જાઉ છું, હમણાં જ તેમની સમીપ જઈ, તેમનાં વાક્યનું સ્મરણ કરીને તમને કહીશ, એવો 'ઉપ'(સમીપ) શબ્દનો અર્થ છે.૩

૧.બીજાઓને પણ જ્ઞાન આપનાર તરીકે ગુરુપણારૂપ ઉત્તમપણું કહે છે.(પ્ર)

અસાધારણ મંગલ કરીને, બધાએ કરવાનું સાધારણ મંગલ નીચેના શ્લોકથી કહે છે :

**નારાયણં નમસ્કૃત્ય નરં ચૈવ નરોત્તમમ્ ।**
**દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમ્ ઉદીરયેત્ ।।૪।।**

નારાયણને અને વળી નરોત્તમ નરને, સરસ્વતી દેવીને અને વ્યાસને નમસ્કાર કરીને પુરાણ વિગેરે કહેવું.૪

**જયો નામ પુરાણાદિઃ કૃષ્ણદ્વૈપાયનેરિતઃ ।**
**અષ્ટાદશ પુરાણાનિ ભારતં તત્પ્રકીર્તિતમ્ ।।**

'જય' એટલે કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે કહેલ પુરાણ વિગેરે. અઢાર પુરાણો અને ભારત તેમણે કહેલ છે. કા.૩

**નારાયણી વ્યાસ ઈતિ વાચ્યવક્તૃસ્વરૂપકઃ ।**
**એક એવ પરો હ્યાત્મા આદાવન્તે નિવેશિતઃ ।।**

નારાયણ વ્યાસ થયેલ હોવાથી, જેમનું નિરૂપણ કરવાનું છે અને નિરૂપણ કરનારના સ્વરૂપવાળા એક જ પર આત્મા (પરમાત્મા)ને શ્લોકના આરંભમાં અને અંતે કહેલા છે. કા.૪

**ઉપસાધક નરશ્ચોક્તઃ ચકારાદ્ ગુરુતાઽપિ ચ ।**
**અવશ્યમ્ એવકારેણ સૂત્રાત્મા ચ નરોત્તમઃ ।।**

અને સમીપમાં સિદ્ધ કરાવનાર નર કહેલ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમનામાં ગુરુપણું પણ છે; અને 'ઈવ' 'જ' શબ્દથી આત્મારૂપ નરોત્તમ અવશ્ય કહેલ છે. કા.૫

**દેવી ભાગ્યાત્મિકા નૃણાં વાક્યરૂપા સરસ્વતી ।**
**સર્વે તે ભગવદ્રૂપાઃ તસ્માદ્ નમ્યા હિ તે સદા ।।**

મનુષ્યોના ભાગ્યરૂપ દેવી સરસ્વતી વાક્યરૂપ છે. તે બધા ભગવદ્રૂપરૂપ છે. તેથી તેઓ સદા નમન કરવા યોગ્ય છે. કા.૬

વ્યાસ આ શ્લોકથી નમસ્કાર કરતા હોય ત્યારે 'વ્યાસ' શબ્દનો ઉપયોગ કરાતો નથી. સરસ્વતી પાસે 'ચ' 'અને' શબ્દ[1] તે (સરસ્વતી-વાક્ય) ના કહેનારને જણાવે છે. તેથી લોકમાં બંને પાઠો વ્યવસ્થાથી જાણવા.૪

૧.વ્યાસ નમસ્કાર કરતા હોય ત્યારે 'વ્યાસં' ને બદલે 'ચૈવ' પાઠ લેવો. તેમાંનો 'ચ' સરસ્વતી (વાક્ય) ને કહેનારને જણાવે છે.

નીચેના શ્લોકમાં પ્રશ્નોનું અભિનંદન કરતાં, તેમનો નિર્ણય કરેલો અર્થ કહે છે :

**સૂત કહે છે :**

**મુનયઃ સાધુ પૃષ્ટોઽહં ભવદ્‌ભિઃ લોકમંગલમ્ ।**
**યત્ કૃતઃ કૃષ્ણસમ્પ્રશ્નો યેન આત્મા સુપ્રસીદતિ ।।૫।।**

હે મુનિઓ! લોકના મંગલરૂપ તમે મને સારો પ્રશ્ન કર્યો. કારણ કે તમે શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્ન કર્યો છે જે પ્રશ્નથી ભગવાન ઘણા પ્રસન્ન થાય છે. ૫

શ્રીકૃષ્ણ જ ફલ છે. સર્વ પ્રાણીઓને આ લોકનું અને પરલોકનું ફલ આપનાર પણ તે જ છે. ભુક્તિ,[1] મુક્તિ અને લીલાઓ અને અવતારો અને ધર્મનું રક્ષણ કરનાર પણ તે જ છે. તેથી છ પ્રશ્નોનો અર્થ પણ તે જ છે.

બીજા પ્રશ્નમાં બીજું ફલ કહ્યું તે પણ આમનાથી[2] જ પ્રાપ્ત થાય છે. હે મુનિઓ! (એટલે) અર્થનો નિશ્ચય કરેલાઓ! જો કે જે પૂછવામાં આવે તેનો જ ઉત્તર દેવો યોગ્ય છે, છતાં પ્રશ્ન જ સારો કર્યો છે. કારણ કે જે શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્ન કર્યો અને જેનાથી ભગવાન

શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે તે જ લોકોના મંગલરૂપ છે. ભગવાનનો અથવા તેમના ધર્મો નો આવેશ થાય ત્યારે અંતઃકરણ[3] પણ પ્રસન્ન થાય છે, આ સામાન્ય ઉત્તર કહ્યો. બીજાં શાસ્ત્રમાં શ્રવણ કર્યા પછી મનન અને નિદિધ્યાસન કરવાથી કાર્યની સિદ્ધિ થાય છે, જ્યારે અહીં ભાગવતમાં તો તે પ્રશ્નોથી જ થાય છે, તેથી પ્રશ્નથી જ શાસ્ત્રની સમાપ્તિ થાય છે.૫

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'ભુક્તિ' (ભોગ) પાઠ છે. તે વધારે સારો લાગે છે, કારણ કે ઉપર આ લોકનું ફલ (ભુક્તિ) આપનાર પણ શ્રીકૃષ્ણ હોવાનું કહેલ છે.

૨.બીજા પ્રશ્નમાં (અધ્યાય ૧ શ્લોક ૧૧ માં) જેનાથી આત્મા પ્રસન્ન થાય એમ કહેલું છે તે બીજું અંતઃકરણની પ્રસન્નતારૂપ 'એભ્યઃ' આ મુનિઓ માટે જ થાય છે.(પ્ર) આમનાથી જ એટલે આ પ્રશ્નોથી જ થાય છે એવો અર્થ જણાય છે, કારણ કે બીજો પ્રશ્ન તો સામાન્ય લોકો માટે કરેલો છે, અને અહીં પણ પ્રશ્નોનું જ મહત્વ જણાવે છે.

૩.આત્માનો આ બીજો અર્થ કરેલ છે. 'આત્મા' એટલે ૧.ભગવાન, ૨.અંતઃકરણ.

હવે ફલ અને સાધનના પ્રશ્નોને ભેગા કરીને, નીચેના શ્લોકથી આરંભી સત્તર શ્લોકોથી પોત પોતાના અધિકાર પ્રમાણે શાસ્ત્રનો અર્થ કહે છે.[1] ભગવાનનો સાક્ષાત્કાર ફલ છે. સાધનની પરંપરામાં પહેલાં ધર્મ છે, છેલ્લી ભગવાનની પ્રસન્નતા છે, અને તે પ્રસન્નતા થોડી-થોડી સર્વ સાધનોમાં હોવાનું કહેવું જોઈએ. તેમ દરેક સાધનમાં થોડી થોડી પ્રસન્નતા થતાં પરંપરાના અંતે ભગવાનની ઘણી પ્રસન્નતા થાય ત્યારે ભગવાન પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે. તે સાધનો પૈકી ભક્તિ ત્રણ પ્રકારની છે અને જ્ઞાન પણ ત્રણ પ્રકારનું છે : ૧.રૂચિ, ૨.શ્રવણ વિગેરે અને ૩.પ્રેમ એવા ત્રણ પ્રકારની ભક્તિ છે. ૧.આત્માનું જ્ઞાન ૨.તત્ત્વોનું જ્ઞાન અને ૩.ભગવાનનું જ્ઞાન એવા ત્રણ પ્રકારનું જ્ઞાન છે. ધર્મ અને વૈરાગ્ય સાધન છે. તેમની[2] પરંપરામાં તેમને યોગ્ય પ્રકારે જણાવવામાં આવશે. તે પૈકી પ્રથમ નીચેના શ્લોકથી આરંભી એક પરંપરા કહે છે[3].

૧.ગયા શ્લોકમાં સામાન્ય રીતે કહેલ તે હવે વિગતથી કહે છે.(પ્ર)

૨.સાધનની પરંપરામાં ધર્મ અને વૈરાગ્યથી યોગ્ય પ્રકારે મૂકવામાં આવે છે.(પ્ર)

૩.બે (૬,૭) શ્લોકોથી કહે છે.(પ્ર)

**સ વૈ પુંસાં પરો ધર્મો યતો ભક્તિઃ અધોક્ષજે ।**
**અહૈતુક્યપ્રતિહતા યયા આત્મા સુપ્રસીદતિ ।।૬।।**

તે જ ખરેખર પુરુષોનો ઉત્તમ ધર્મ છે કે જેનાથી (અધોક્ષજ) ઈંદ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી તેમનામાં ફલનાં પ્રયોજન વિનાની અને અટકે નહીં તેવી ભક્તિ થાય. જે ભક્તિથી ભગવાન સારી રીતે પ્રસન્ન થાય.૬

ધર્મ સાધન છે અને ભક્તિ તેનું ફલ છે. તે ધર્મો પૈકી ધર્મરૂપ શાસ્ત્રમાં કહેલાં શ્રવણ વિગેરે જાણી શકાય તેવા પ્રકારથી જ ભક્તિ પ્રાપ્ત કરાવનારા છે. સ્નાન વિગેરે ધર્મો ન જાણી શકાય તેવા પ્રકારે ભક્તિ પ્રાપ્ત કરાવે છે. તેઓ (સ્નાન વિગેરે)નો બીજાં સાધનમાં પાછળથી પ્રવેશ થતાં તેઓથી વ્યભિચાર(ભક્તિ ન થવાનો) પણ સંભવે છે. તેથી પ્રથમ સ્નાન વિગેરે

ધર્મ નિર્ધાર કરવામાં આવે છે. બંને પ્રકારના ધર્મોમાં પ્રમાણ સરખું હોવા છતાં ફલના બલથી ભેદ થાય છે.

તેથી 'વૈ' (ખરેખર) નિશ્ચયપૂર્વક પુરુષોનો ઉત્તમ ધર્મ તે છે કે જેનાથી શ્રદ્ધારૂપ ભક્તિ થાય છે. સ્વર્ગ વિગેરે પ્રાપ્ત કરાવનાર ધર્મમાં તો ધર્મ હોવાનો અથવા ઉત્તમ હેવાનો સંદેહ છે, તેનો આગળ ઉપર વિચાર કરવામાં આવશે. વળી ધર્મમાં સ્વતંત્રપણું સાહાય્ય કરનારું છે એમ 'પુંસામ્' 'પુરુષોના' એ ધર્મ કરનારના વિશેષણથી કહેલું છે, અને 'ઉત્તમ' ધર્મ કરવાનું કહેલું છે. 'ઉત્તમ' (વિશેષણ, જેનાથી ભગવાનમાં ભક્તિ ન થાય તેવા ધર્મોને) બાતલ કરનારું છે એમ કેટલાક કહે છે. 'અધઃ' હલકું(નકામું) 'અક્ષજં' ઈંદ્રિયોથી થતું જ્ઞાન જેમનાથી તે 'અધોક્ષજઃ' એટલે 'ઈંદ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી તેવા' ભગવાન છે. કારણ કે ઈંદ્રિયોના વિષયોમાં કામ વિગેરેથી જ રૂચિ ઉત્પન્ન થાય છે, ત્યાં ધર્મનું શું ફલ? કારણ કે ધર્મ બલવાન પુરુષાર્થ છે, અને તે ફલપ્રાપ્તિને અટકાવનારા કારણોને દૂર કરી, જરૂરના સાધનો ભેગાં કરી પરિણમતા ફલને ઉત્પન્ન કરે છે. તે પૈકી એ ભગવાનમાં સાધન[1] તરીકે રૂચિ થતી હોય તો પણ તે ધર્મ નથી. અથવા દૂ:સંગ વિગેરેથી ભગવાનમાની રૂચિનો નાશ થાય, તો પણ તે ધર્મ નથી. તે અર્થ 'ફલનાં પ્રયોજન વિનાની' અને 'અટકે નહીં તેવી' વિશેષણોથી કહેલો છે. ફલ ધ્યાનમાં રાખવું તે પ્રયોજન ન હોવું જોઈએ. રોગ વિગેરેથી ભગવાનમાં રુચિનો નાશ થાય તેવી ભક્તિનું પણ ફલ કહે છે કે 'આત્મા' અંતઃકરણના સાક્ષી પ્રસન્ન થાય છે, તેવી ભક્તિ ભગવાનની પોતાની અંદર પરિણમતી હોવાથી ભગવાન તેનાથી 'સારી રીતે' પ્રસન્ન થાય છે.૬

૧.'તેવો' એટલે સ્વર્ગ વિગેરે પ્રાપ્ત કરાવનાર સાધનનો.(પ્ર)

નીચેના શ્લોકમાં ભક્તિનો વિષય અને તેનું પ્રયોજન કહે છે :

**વાસુદેવે ભગવતિ ભક્તિયોગઃ પ્રયોજિતઃ ।**
**જનયત્યાશુ વૈરાગ્યં જ્ઞાનઞ્ચ યદ્ અહૈતુકમ્ ।।૭।।**

ભગવાન વાસુદેવમાં યોજેલો ઉત્તમ ભક્તિયોગ તરત વૈરાગ્ય અને હેતુ રહિત જ્ઞાન ઉત્પન્ન કરે છે.૭

''વસુદેવ નામનું શુદ્ધ સત્ત્વ'' એ વાક્ય પ્રમાણે શુદ્ધ સત્ત્વરૂપ અંતઃકરણમાં વાસુદેવ પ્રકટ થાય છે, અને તે બીજા દેવના સંબંધવાળા ધ્યાન વિગેરે ભેદથી બીજા[1] પણ થાય છે. તેવું ન થવું જોઈએ એમ જણાવવા 'ભગવાન' એમ કહેલું છે. પરંપરા સિદ્ધ થાય તે માટે માત્ર રુચિ રાખવાની નથી એમ જણાવવા 'યોગ' શબ્દ યોજેલો છે. ભક્તિ એ જ યોગ છે. તેનું ઉત્તમપણું એટલે લાંબા સમય સુધી તેમાં પ્રેમ ચાલુ રાખવો તે. તેનું ઉત્તમ ફલ ભગવાનની પ્રસન્નતા હોવાનો સર્વત્ર સંબંધ છે. બીજું પણ ફલ ઉતરાર્ધથી કહેલ છે. (તે) 'આશુ' તરત જ વિષયોમાં વૈરાગ્ય અને ભગવાનનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. અને તે જ્ઞાન હેતુરહિત એટલે અનુમાનથી પ્રાપ્ત થાય તેવું નહીં, પરંતુ સાક્ષાત્કારરૂપ હોય છે.૭

૧.'સાધન તરીકે' એટલે 'ફલ' આપનાર સાધન તરીકે.(પ્ર)

એવી રીતે ધર્મથી આરંભી જ્ઞાન સુધીની એક પરંપરા કહી. તેનો પણ નિશ્ચય કરાવનારી બીજી પરંપરા કહેવા[1] માટે, ધર્મ તે ઉત્પન્ન ન કરે તો અડચણરૂપ થાય છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**ધર્મઃ સ્વનુષ્ઠિતઃ પુંસાં વિષ્વક્સેનકથાસુ યઃ ।**
**નોત્પાદયેદ્ યદિ રતિં શ્રમ એવ હિ કેવલમ્ ।।૮।।**

પુરુષોનો સારી રીતે આચરેલો જે ધર્મ વિશ્વક્સેનની કથાઓમાં જો પ્રેમ ઉત્પન્ન ન કરે તો તે માત્ર શ્રમ જ છે.૮

ધર્મ સાધન છે. કથામાં પ્રેમ (તેથી) પ્રાપ્ત કરવાનો છે. તે પૈકી સ્વરૂપમાં ઉપકાર કરે તેવો ધર્મ આગળ કહેવાનો છે. ન જણાય તેવા પ્રકારે ઉપકાર કરનારા ધર્મોમાં વ્યભિચાર થવાના સંભવથી તેની આ શ્લોકમાં નિંદા કરે છે. સારી રીતે આચરેલો પણ સ્નાન વિગેરે ધર્મ 'વિશ્વક્' સર્વ તરફ 'સેના' અથવા આજ્ઞા જેમની છે તેમનામાં પ્રેમ ઉત્પન્ન ન કરે તો શ્રમ જ છે. આથી કથામાં પ્રેમ ન હોય તો સર્વ નકામું થાય છે એનું કારણ કહ્યું. પ્રસંગને લીધે કથામાં પ્રેમ કરાવે તેવું ન હોવું જોઈએ, એમ જણાવવા 'કથામાં' એમ સાતમી વિભક્તિ યોજેલી છે. અને સામાન્ય કથાઓમાં પ્રેમ ઉપજાવે તેવું જણાવવા બહુવચન યોજેલ છે. વીર્ય વિગેરે ન હોય (તેવી કથાઓમાં પણ પ્રેમ ઉપજાવે તેવું જોઈએ) એમ જણાવવા 'કથા' શબ્દ યોજેલ છે. 'જે' એ ધર્મના વિશેષણથી ધર્મનું ઉપર (શ્લોક.૭માં) કહેલું બળ સૂચવેલું છે. 'રતિ' એટલે પ્રેમ. કથામાં પ્રેમ ઉત્પન્ન ન કરે ત્યારે તે ધર્મનું સ્વરૂપ 'માત્ર શ્રમ જ' શબ્દોથી કહેલું છે. જેમ મલ્લો શરીરના અવયવોને હલાવવા વિગેરે ક્રિયા સદા કર્યા કરે છે, તેવી જ સ્નાન વિગેરે ક્રિયાઓ પણ જાણવી. આવા ધર્મ શ્રમ સિવાય બીજું[2] કાંઈ નથી એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. તેનો અર્થ એવો છે કે તેમનાથી[3] અદૃષ્ટ ઉત્પન્ન થતું નથી. 'હિ' શબ્દથી એમ જણાવ્યું છે કે આવા ધર્મથી ફલ પ્રાપ્તિ થતી ન હોવાથી આ અર્થ યોગ્ય જ છે. શ્રમ કરવામાં આવે ત્યારે મલ્લો વિગેરેમાં બલ વધેલું હોવાનું જણાય છે, તેમ આ વિષયમાં પણ કાંઈક લૌકિક ફલ પ્રાપ્ત થતું હશે એવી શંકા થાય, તેથી 'કેવલમ્' 'માત્ર' શબ્દ યોજેલ છે. કારણ કે બીજું કાંઈ ફલ દેખાતું નથી. સારા પુરુષો તેવા ધર્મો કરનારાઓની પ્રતિષ્ઠા હોવાનું પણ કહેતા નથી. સ્વર્ગ વિગેરે તો ફલ નથી એમ આગળ કહેવાશે, એવી રીતે સાધારણ[4] ધર્મ નકામો હોવાનું કહ્યું.

[5]પુત્ર વિગેરેની ઈચ્છાથી કરવામાં આવતો ધર્મ, ધર્મ જ નથી, કારણ કે તેનું ફલ અવિદ્યાનું કાર્ય હોવાથી દુઃખીરૂપ છે, પરંતુ તે ભીત ચણવા વિગેરે રૂપ (તે) ફલ નિમિત્તથી જ થયેલ હોય છે. તેમા 'યજતિ' 'પૂજા કરે છે' વિગેરે અનુવાદ છે. ચિત્તથી શુદ્ધિ ન હોવાથી પૂજા કરવાનો અધિકાર નથી, તેથી ખોટી રીતે કરવાથી દેવતા તે ક્રિયામાં આવતી ન હોવાથી તે ક્રિયા લૌકિક છે. સામાન્ય રીતે ફલ અને સાધન પહેલાં જ જણાએલ હોય છે, અને તેથી ઓસડની પેઠે ત્રીજી વિભક્તિથી માત્ર (તે) સાધન હોવાનું જણાવેલ છે. પૂજા તો વ્યર્થ છે. તેથી તે ધર્મ નથી.૮

૧.નવમાથી બારમા સુધીના ચાર શ્લોકોથી કહેવા માટે.(પ્ર)
૨.'બીજું કાંઈ નથી' એટલે ધર્મ નથી, સ્વર્ગ વિગેરે પ્રાપ્ત કરનારા ધર્મ નથી એમ જે પહેલાં કહ્યું તે આથી સિદ્ધ કર્યું.(પ્ર)
૩.કર્મ કર્યું એટલે તે પૂરૂં થયું. તેથી તેનું ફલ કોણ આપે ? ફલ આપવા માટે કર્મથી તેનું અદષ્ટ બંધાય છે. આવા ધર્મ ફલ આપતા ન હોવાથી તેમનાથી અદષ્ટ ઉત્પન્ન થતું નથી.
૪.'સાધારણ ધર્મ' એટલે બધાને અવશ્ય નિત્ય કરવાનો ધર્મ.(પ્ર)
૫.શાસ્ત્રમાં કરવાનાં કહેલાં કામ્ય કર્મો પણ ધર્મ નથી એમ આ ભાગથી કહે છે.(પ્ર) સ્વર્ગની ઈચ્છાવાળાએ જ્યોતિષ્ટોમથી 'યજ્ઞ કરવો' એમ બીજી વિભક્તિ સાધન કહેલ છે.

ઈચ્છેલું ફળ પુરુષાર્થ છે, તે પ્રાપ્ત કરાવનાર ધર્મ કેમ ન ગણાય?[1] એવી શંકા થાય તેથી નીચેના શ્લોક કહે છે :

**ધર્મસ્ય હ્યાપવર્ગસ્ય નાર્થોઽર્થાયોપકલ્પતે ।**
**નાર્થસ્ય ધર્મૈકાન્તસ્ય કામો લાભાય હિ સ્મૃતઃ ॥૯॥**
**કામસ્ય નેન્દ્રિયપ્રીતિઃ લાભો જીવેત યાવતા ।**
**જીવસ્ય તત્ત્વજિજ્ઞાસા નાર્થો યશ્ચેહ કર્મભિઃ ॥૧૦॥**

મોક્ષ સુધી કરતા ધર્મનું પ્રયોજન અર્થ પ્રાપ્તિ વિચારાતું નથી. કામ ધર્મ જેનું એક કાર્ય છે તેના લાભ માટે (તરીકે) વિચારેલો નથી. કામનો લાભ ઈંદ્રિઓની પ્રીતિ નથી પણ જેટલાથી જીવાય તે લાભ છે. જીવનો લાભ તત્ત્વોનું શોધન છે, અને અહીં કર્મથી જે પ્રાપ્ત થાય તે અર્થ નથી. ૯-૧૦

'''અર્થ' શબ્દનો પ્રયોગ ૧.કહેવાનું હોય તેમાં, ૨.ધનમાં, ૩.વસ્તુમાં, ૪.પ્રયોજનમાં અને ૫.દૂર કરવામાં થાય છે'' એ કોશ પ્રમાણે 'અર્થ' શબ્દના પાંચ અર્થ છે. આ શબ્દોનું પ્રકરણ[2] ન હોવાથી તે પૈકીનો 'કહેવાનું હોય તે' અર્થ નથી. તેથી પહેલાં કોઈ શબ્દ જોડેલા[3] નહીં હોવાથી તેનો અર્થ 'દૂર કરવાનું' પણ નથી. તેથી ધન, વસ્તુ અને પ્રયોજન બાકી રહ્યા. તે પૈકી ધન પશુઓ પુત્રો વિગેરે 'રૈ' ધનરૂપ છે, તેઓ ધર્મનાં કાર્ય નથી, કારણ કે ધર્મ પ્રેરણા કરવાના લક્ષણવાળો છે. તે ધન વિગેરે લૌકિક હોવાથી વેદની આજ્ઞાનો તેમને સંબંધ ન હોવાથી તે ધર્મ નથી. તેમ ન હોય[4] (તે ધર્મ હોય) તો ઓસડ પીવું વિગેરે પણ ધર્મ થાય. તેવી રીતે તે ધન વિગેરે પ્રાપ્ત કરવામાં અદષ્ટનો[5] અંશ તો નથી જ. વળી આ વાસ્તવિક રીતે અંતઃકરણનો નાશ કરનાર હોવાથી અનર્થો છે[6], અને તેથી જેમ શ્યેન[7] વિગેરે ધર્મો નથી તેમ ધન અર્થ (પશુપુત્ર) વિગેરે પ્રાપ્ત કરાવનારા સાધનો પણ ધર્મ નથી. વળી જે ધર્મો છે તે ધન વિગેરે પ્રાપ્ત કરાવનારા નથી એવો અર્થ છે.[8] અને[9] તેવી રીતે પરમાર્થ વસ્તુરૂપ નથી; અને પ્રયોજનરૂપ[10] નથી.

૧.'વેદથી પ્રયોજનને લક્ષમાં રાખીને કરવામાં આવેલો અર્થ ધર્મ છે' એમ કહેલું હોવાથી ઈચ્છેલું ફલ આપનાર ધર્મ કેમ ન ગણાય? એવો અર્થ છે.(પ્ર)

૨.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'શબ્દપ્રકરણાભાવાત્' પાઠ યોગ્ય લાગવાથી લીધો છે.
૩.'દૂર કરવાનો' એ શબ્દનો અર્થ હોય ત્યારે જેને કરવાનું હોય તે 'અર્થ' શબ્દ પહેલાં મૂકાય. જેમકે 'મશકાર્થો ધૂમઃ' મચ્છરને દૂર કરવા કરેલો ધૂમાડો. અહીં તેવો શબ્દ ન હોવાથી આ અર્થ 'અર્થ' શબ્દનો નથી.
૪.'(શાસ્ત્રના) વાક્યોનં જૂદા-જૂદા ફલને લક્ષમાં રાખી જૂદા-જૂદા યજ્ઞો કરવાનું કહેલ છે તેથી ધન વિગેરે પ્રાપ્ત કરવાનાં વાક્યોને વેદની આજ્ઞાનો સંબંધ કેમ ન ગણાય?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે જો લૌકિક ફલ માટે પણ વેદની આજ્ઞા હોવાનું માનો તો 'ઓસડ પીવું' પણ ધર્મ ગણાય.(પ્ર)
૫.'તે ક્રિયાઓથી અદષ્ટ ઉત્પન્ન થતું હોવાથી તે કેમ ધર્મ ન ગણાય?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. આરોગ્ય, ધન વિગેરે જણાય તેવા ફલનો લાભ થતો હોવાથી ન જણાય તેવું અદષ્ટની કલ્પના કરવી જરૂરી નથી. તેથી અદષ્ટ ઉત્પન્ન થતું નથી.(પ્ર)
૬.'યજ્ઞ કર્યા પછી કેટલાક કાલે ફલ ઉત્પન્ન થતું હોવાથી, તે ક્રિયાથી વચલા સમયમાં અદષ્ટ ઉત્પન્ન થયાનું અવશ્ય માનવું જોઈએ. તેમ ન માનીએ તો ક્રિયા કરી કે તરતજ ફલ થવું જોઈએ, અથવા ન જ થવું જોઈએ. તરત થતું ન હોવાનું પ્રત્યક્ષથી જણાય છે ન જ થતું હોય તો વેદ ખોટો ઠરે. તેથી અદષ્ટ થાય છે જ. તેથી તે ધર્મ કેમ નહીં? એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે.
૭.કોઈને મારી નાખવા વિગેરે માટે શ્યેનયજ્ઞ કરે છે તે.
૮.અહીં સુધીના ભાગથી ધનરૂપ અર્થ ધર્મનું કાર્ય નથી એમ સિદ્ધ કર્યું.(પ્ર)
૯.આ હલકી ક્રિયાઓ હોવાથી પરમાર્થરૂપ વસ્તુ નથી.(પ્ર) (ત્રીજો અર્થ ઘટતો નથી,)
૧૦.'પ્રકર્ષેણ યુજ્યતે' ઉત્તમ પ્રકારે ઉપયોગમાં લેવાય તે, અથવા 'યુજ્યતેઽનેન' આ (જે)નાથી ઉપયોગ થાય તે પ્રયોજન. આવી ક્રિયાઓમાં તે બેમાનું એકે સ્વરૂપ નહીં હોવાથી તે પ્રયોજન પણ નથી (પ્ર) (ચોથો અર્થ ઘટતો નથી).

વળી તે અમુક પ્રકારનો ધર્મ ભલે[૧૧] હોય. 'જેનો અર્થ પુરુષાર્થ બંધ થયેલો છે તેવો મોક્ષ ઇચ્છનાર ધર્મ કરે, તેનો ધર્મ અર્થ માટે કરાતો કેમ હોઈ શકે?' એમ 'આપવર્ગ્યસ્ય' 'મોક્ષ સુધી કરાતા ધર્મનું' શબ્દથી કહે છે. મોક્ષના સંબંધવાળા અથવા મોક્ષ સુધી કરતા એવો તેનો અર્થ છે.

'ધર્મ[૧૨] અર્થ કામ અને મોક્ષ ચાર પુરુષાર્થો છે. તેમાં પહેલા-પહેલાનું પછીનાનાં સાધનરૂપ છે.[૧૩] તેથી ધર્મ અર્થ માટે કરાતો કેમ ન હોય?' તે પ્રશ્નના ઉત્તરમાં ઉત્તરાર્ધ કહે છે. જણાય તેવું (કારણ) ન જણાય તેવાથી વધારે બલવાળું છે.[૧૪] અર્થથી ધર્મ થયાનું જોવામાં આવે છે[૧૫] પણ ધર્મથી અર્થ થયાનું જોવામાં આવતું નથી. ધર્મ જ એક 'અન્તઃ' પરિણમેલું કાર્ય છે જેનું તેવો અર્થ છે. અને તેથી હરકોઈ ઉપાયથી પણ અર્થ પ્રાપ્ત કરીને ધર્મ કરવો, પણ ધર્મથી અર્થ પ્રાપ્ત કરવાનો નથી.

૧૧.''એમ હોય તો કામ્ય કર્મો વેદમાં કહેલ છે તે ધર્મ ન ગણાય, અને તેથી 'સર્વ વેદ ધર્મનું મૂલ છે' વાક્યમાંના 'સર્વ' પદનો વિરોધ થાય.'' એની શંકા થાય, તેથી તેને ગૌણ ધર્મ સ્વીકારી આ કહે છે. તેથી એવી વ્યવસ્થા થઈ શકે કે લૌકિક ફલની આસક્તિથી વેદ તેનું ફલ આપનાર હોવાનો નિશ્ચય કરી કામ્ય કર્મો કરે તો તે શ્યેન વિગેરે પેઠે અનર્થરૂપ હોઈ ધર્મ નથી, અને જો ભગવાનની કૃપા વિગેરેને લીધે તે ઓસડની પેઠે રૂચે તેવા અને ઘણાં બહિર્મુખપણું કરાવનારા જાણી લોકસંગ્રહ માટે કરે, તો તે ગૌણ ધર્મ થાય. તેથી બંને પ્રકારે પુત્ર વિગેરે ધર્મનાં ફલ નથી. એ રીતે ધર્મ અર્થ પ્રાપ્ત કરાવનાર ન હોવાનું સિદ્ધ કર્યું.(પ્ર)

૧૨.અહીંથી આરંભી અર્થ કામ પ્રાપ્ત કરાવનાર નથી, અને ધર્મ પ્રાપ્ત કરાવનાર છે એમ સિદ્ધ કરશે.(પ્ર)
૧૩.ધર્મથી અર્થ અને કામ પ્રાપ્ત થાય છે, કામ ધર્મ અને અર્થનું ફલ છે, કામ મોક્ષ પ્રાપ્ત કરાવનારો છે, (એવો આ પૂર્વપક્ષ છે).(પ્ર)
૧૪.આ વાક્યથી નોટ ૧૦ માં જણાવેલ પૂર્વપક્ષનું દૂષણ કહે છે.
૧૫.હોમ, દાન વિગેરેમાં જોવામાં આવે છે. તેથી ધર્મ અદષ્ટદ્વારા અર્થ પ્રાપ્ત કરાવનારો છે એવો મત મોક્ષની ઈચ્છાવાળાઓને માન્ય નથી, કારણ કે જે જોવામાં આવે છે તેથી તે વિરુદ્ધ છે.(પ્ર)

'ત્યારે અર્થ સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારો ભલે હો, કારણ કે તેનાં કાર્ય તરીકે કામ પણ જોવામાં આવે છે![૧૬] તે સંબંધમાં કહે છે કે કામ[૧૭] તેના લાભ માટે વિચારેલો નથી. 'કામ' એટલે વિષય સુખ,[૧૮] તે ઈંદ્રિયોના વિષયને અધીન છે. ત્યાં[૧૯] વિષયના અંશમાં પણ અર્થનો ઉપયોગ થતો નથી, કારણ કે રૂપ વિગેરે જ વિષયો છે. વળી (અર્થ) રૂપ વિગેરે પ્રાપ્ત કરાવનારો નથી.[૨૦] અર્થથી પ્રાપ્ત થયેલાં રૂપ બીજાનાં હોય છે એમ કહો તો ઉંધું થયું, કારણ કે અર્થ પ્રાપ્ત થાય ત્યારે રૂપ વિગેરે જાય છે અને અર્થ જાય ત્યારે રૂપ વિગેરે પ્રાપ્ત થાય છે. અર્થ[૨૧] અને રૂપ વિગેરેની અદલાબદલી થાય ત્યારે પણ પ્રાપ્ત કરવાનું છે તેને તે (કામ)ને પ્રાપ્ત કરવાનું છે. તે (કામ) પ્રાપ્ત કરાવવાનું સાધનપણું અર્થમાં હોય, એમ કહો તો પણ[૨૨] તેમાં પણ ઉલટાપણું કહેલું છે, અને તેથી[૨૩] વસ્તુઓના અદલાબદલા પેઠે અર્થથી અર્થ પ્રાપ્ત થાય તેની પેઠે કામ (પ્રાપ્ત થતો) નથી. અને એમ પણ ન કહેવાય કે વિષયો જ અર્થરૂપ[૨૪] હોવાથી કામ પ્રાપ્ત કરાવનારા છે. કારણ કે લોકમાં તેવી પ્રસિદ્ધિ નથી.[૨૫] અને તેમ માનીએ તો અર્થ પ્રાપ્ત કરાવનારા સાધનો પણ ધર્મ [૨૬]ગણાય. લોકમાં માત્ર સાથે હોવાપણું હોવાથી જ સાધન હોવાનું જણાય છે.[૨૭] વળી કંજુસ ધનવાળો હોય તો પણ તેને કામ હોતો નથી.[૨૮] અને અર્થ વિનાના પશુઓ વિગેરેમાં પણ કામ જોવામાં આવે છે તેવી રીતે અર્થ વિનાના સંન્યાસીઓને અને આત્મજ્ઞાનીને ''જેમને કામ પ્રાપ્ત થયેલા છે'' શ્રુતિ પ્રમાણે કામ પ્રાપ્ત થયેલા હોય છે. તેથી કોઈક સ્થળે સાથે હોવાપણું જોવાથી પ્રાપ્ત કરવાનું અને પ્રાપ્ત કરાવનારનો ભાવ જણાય છે [૨૯]એવો 'હિ' શબ્દનો અર્થ છે.

૧૬.અને ધર્મમાં કાર્ય અને કારણનો ભાવ ભલે ન હોય પણ કામ અને અર્થમાં તેવો ભાવ હોવાનું ધનવાનોમા જોવામાં આવે છે (પ્ર) એવો પૂર્વપક્ષ છે.
૧૭.અહીંથી નોટ ૧૩ માં જણાવેલ પૂર્વપક્ષનું દૂષણ જણાવે છે.(પ્ર)
૧૮.'ઈંદ્રિયોની પોતપોતાના વિષયોમાં અનુકૂલતાથી પ્રવૃત્તિ તે કામ' એમ કામસૂત્રમાં 'અનુકૂલતાથી' શબ્દથી સુખ જણાવેલ હોવાથી, તે જ કામ છે. તેથી આ (આ કામ અને અર્થનો) કાર્યકારણભાવ પણ પ્રત્યક્ષથી વિરુદ્ધ છે.(પ્ર)
૧૯.'અર્થને વિષય કોટિમાં મૂકેલ હોવાથી અને તે વિષયનું કારણ હોવાનું સ્વીકારેલ હોવાથી તે (અર્થથી કામ પ્રાપ્ત થવામાં) પ્રત્યક્ષનો વિરોધ નથી.' એમ કહે, તેથી આ કહેલ છે. માલા ચંદન સ્ત્રી ધન વિગેરે રૂપ અર્થનો વિષયના અંશમાં પણ ઉપયોગ નથી, તો પછી તેમનું કારણ તો કેમ જ હોઈ શકે? (પ્ર)
૨૦.'અર્થ કામનું સાક્ષાત્ કારણ ભલે ન હોય, પરંતુ માલા ચંદન વસ્ત્રો વિગેરેથી રૂપ ઉત્તમ થાય, તેથી તેની ઉત્તમતા કરાવનાર તરીકે તે કામનું કારણ થાય છે' એવી શંકા થાય, તેથી કહે છે કે 'રૂપ બીજાનું હોય છે.'

અર્થ ૧.પોતામાં રહેલ રૂપ વિગેરે પ્રાપ્ત કરાવી કામ ઉત્પન્ન કરે છે કે ૨.અર્થથી જુદા કોઈમાં રહેલાં રૂપ પ્રાપ્ત કરાવી કામ ઉત્પન્ન કરે છે? ૧.પહેલું તો પ્રત્યક્ષથી વિરુદ્ધ છે. કારણ કે માલા વિગેરે (અર્થ) પોતાના ગુણને ઉત્તમ કરતા નથી. ૨.બીજામાં રહેલાં રૂપ વિગેરેને પ્રાપ્ત કરાવતો હોય, તો ભોગ કરનારમાં રહેલાં રૂપ વિગેરેને પ્રાપ્ત કરાવતો હોય, તો ભોગ કરનારમાં રહેલાં રૂપને પ્રાપ્ત કરાવે છે કે જેનો ભોગ થાય છે તેનામાં રહેલાંને? ભોગ કરાવનારમાં રહેલાને કહો, તો અર્થ પ્રાપ્ત થતાં રૂપ વિગેરે જતાં રહે છે, કારણ કે યુદ્ધ દાન વિગેરેથી અર્થની પ્રાપ્તિ થાય ત્યારે તેવું જોવામાં આવે છે. અર્થ વિષયનો નાશ કરનાર હોવાથી કામનો નાશ કરે છે. જેનો ભોગ થાય છે તેનામાં રહેલાંને કહો, તો પોતાનો અર્થ જેનો ભોગ થાય થે તેને અધીન થાય છે, એટલે અર્થ જાય ત્યારે રૂપ વિગેરે પ્રાપ્ત થાય છે, તેથી, અર્થનો નાશ કરીને વિષયો જ કામ ઉત્પન્ન કરે છે, પણ વિષયોમાં ઉત્તમપણું કરાવી અર્થ કામને ઉત્પન્ન કરતો નથી. તેથી બંને પ્રકારે બધું થાય છે.(પ્ર)

૨૧.'પોતાનો અર્થ જેનો ભોગ કરવાનો છે તેને અધીન થાય, ત્યારે પણ તે (જેનો ભોગ થવાનો છે તે) સ્ત્રી વિગેરે અર્થ પોતાને આધીન થાય છે, અને તેથી સ્ત્રી વિગેરેથી ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. તેથી અર્થથી કામ પ્રાપ્ત થવાનું સાબિત થાય છે' એવી શંકા કરેલી છે.(પ્ર)

૨૨.નોટ ૪ વાળી શંકાનો આથી ઉત્તર આપે છે. સર્વ બીજા અર્થ પ્રાપ્ત કરાવી કામ ઉત્પન્ન કરે છે એમ સ્વીકારીએ તો પણ સ્ત્રીથી પુત્રરૂપ અર્થ પ્રાપ્ત થાય ત્યારે સ્ત્રીના રૂપનો નાશ થતો જોવામાં આવતો હોવાથી વિષયના નાશ દ્વારા કામનો નાશ થયાનું ઉપર કહ્યું તે જ ઉલટાપણું થયું.(પ્ર)

૨૩.આ ભાગથી જે સિદ્ધ થયું તે કહેલું છે.(પ્ર)

૨૪.'અર્થ્યતે' ઈચ્છવામાં આવે તે અર્થ; તેવા અર્થરૂપ એમ વ્યુત્પત્તિથી અર્થ થયો.(પ્ર)

૨૫.રૂઢિ યોગને હટાવે છે, એ નિયમ પ્રમાણે વિષયો અર્થરૂપ નથી.(પ્ર)

૨૬.એવી રીતે અર્થ પ્રયોજક હોવાથી કામ ઉત્પન્ન કરે છે એમ માનીએ તો અર્થ ધર્મ ઉત્પન્ન કરનારો જોવામાં આવતો હોવાથી ધન પ્રાપ્ત કરાવનારા કર, દંડ, ચોરી વિગેરે પણ ધર્મ ગણાય.(પ્ર)

૨૭.'ત્યારે લોકમાં અર્થ કામનું સાધન છે એમ કેમ જણાય છે?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલું છે.(પ્ર). લોકમાં ભ્રાંતિથી આમ જણાય છે.

૨૮.'લોકમાં સર્વને એમ જણાતું હોવાથી તે ભ્રાંતિથી જણાતું હોવાનું કેમ કહેવાય?' એવો પ્રશ્ન થાય, તેથી એમ કહેલ છે.(પ્ર)

૨૯.ઉપરનાં દૃષ્ટાંતોથી અન્વય અને વ્યતિરેકમાં ખામી હોવાથી, લોકમાં જે જણાય છે, તે દેહને આત્મા જણાય છે તેના જેવી ભ્રાંતિથી જણાય છે.(પ્ર)

વળી[૩૦] ''દુર્જનને સંતોષ થાઓ'' એ ન્યાયે અર્થથી કામ ભલે સિદ્ધ થાઓ. તે કેટલો અને કેવો સિદ્ધ થાય? માત્ર જીંદગીમાં પરિણમતો સિદ્ધ થાય છે[૩૧] એમ કહો તો તે બ્રહ્મના ખડના તણખલાં સુધીના સર્વ પ્રાણીઓને પોતાની મેળે જ પ્રાપ્ત થયેલા[૩૨] છે, અર્થથી પ્રાપ્ત કરવાનો હોતો નથી. જો તે ઈંદ્રિયોની પ્રીતિરૂપ હોય તો ''કામ કામના ઉપભોગથી કોઈ સમયે પૂર્ણ થતો નથી'' (૯।૧૯।૧૪) વાક્ય પ્રમાણે અગ્નિની પેઠે, અને (તેવા) અનુભવ પ્રમાણે તે પૂર્ણ થતો નથી. (કોને પૂર્ણ કરવાની) પ્રવૃત્તિ તો ભ્રાંતિથી (થાય છે), અને તે પ્રમાણે કામ એટલે વિષયોનો ભોગ ઈંદ્રિયોની પ્રીતિ કરાવનારો નથી હોતો. 'લાભ' શબ્દનો દેહલીદીપન્યાયે (ઉંબરામાં મૂકેલા દીવા પેઠે) બંનેમાં[૩૩] સંબંધ છે. તેથી સાધનોની પરંપરા નીચે

પ્રમાણે છે. **કામથી અર્થરૂપ જીવન થાય છે, જીવન હોય ત્યારે ધર્મ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને તેથી મોક્ષ પ્રાપ્ત થાય છે,** એવા અભિપ્રાયથી 'જીવનનો લાભ તત્ત્વોનું શોધન છે' એમ કહેલું છે. 'જીવસ્ય' એટલે જીવનનું, 'તત્ત્વોનું શોધન' એટલે ઈચ્છાને પૂર્ણ કરાવે તેવું તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર તત્ત્વો સંબંધી વિચાર. જીવનનો લાભ તત્ત્વોનું શોધન છે, એવો પહેલાંના વાક્ય સાથે સંબંધ છે. કર્મોથી પ્રાપ્ત થાય તેવો જે કામ અથવા અર્થ[૩૪] જીવનનો લાભ નથી. ધર્મ તો માત્ર કર્મોથી પ્રાપ્ત થાય તેવો નથી, પરંતુ શ્રુતિએ જણાવેલાં કર્મોથી પ્રાપ્ત થાય તેવો છે. તેમાં પણ આ લોકમાં કર્મોથી જે ધર્મ પ્રાપ્ત થાય તે, અને દૈવની ગતિથી સંસારના સંબંધવાળો છે. (ધર્મ) પ્રાપ્ત થયો હોય તે પણ પુરુષાર્થ નથી.૯-૧૦.

૩૦.અહીંથીહવે 'કામનો લાભ ઈંદ્રિયોની પ્રીતિથી' એનું વ્યાખ્યાન કરે છે.(પ્ર)

૩૧.'શરીરની સ્થિતિના કારણરૂપ હોવાથી કામો આહારના જેવા ગુણવાળા છે' એ વાત્સ્યાયનના સૂત્ર પ્રમાણે કામ જીવનમાં પરિણમતો છે, કારણ કે ખોરાકના લેવાથી રોગ વિગેરે થતા જોવામાં આવે છે, તેમને દૂર કરી તે માત્ર જીવનમાં પરિણમે છે.(પ્ર)

૩૨.'પોતાની મેળે પ્રાપ્ત થયેલો' એટલે ઈશ્વરે નિર્માણ કરેલો બીજા પ્રમાણે અદષ્ટથી મુકરર થયેલો.(પ્ર)

૩૩.'બંનેમાં' એટલે (દશમા શ્લોકના) પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં.(પ્ર)

૩૪.(તે) 'જીવનનું પ્રયોજન નથી' એટલું અધ્યાહાર છે.(પ્ર)

'તત્ત્વનું શોધન' એમાં એવો સંદેહ છે કે તત્ત્વોનું શોધન અથવા તત્ત્વનું? 'તત્ત્વ' શબ્દના સંબંધમાં પણ સંદેહ છે. 'તેની ભાવના' એ તત્ત્વ, કે બીજાનો આરોપ કર્યા વિનાનું સ્વરૂપ તે તત્ત્વ! 'તેની ભાવના' એ મત પ્રમાણે, (તેની) પહેલાં કાંઈ કહેલ ન હોવાથી, કાંઈ પણ તત્ત્વ ન થાય. 'બધાના સમૂહ(ની ભાવના)' એ મત[૧] પ્રમાણે ભ્રાંતિ વિનાના પુરુષને સર્વનું જ્ઞાન હોવાથી બધુંએ તત્ત્વ જ થાય. 'તત્ત્વોનું શોધન' એવા અર્થ પ્રમાણે તો સાંખ્યમાં કલ્પેલા તત્ત્વોમાંથી એક તત્ત્વનું શોધન પણ કઠણ છે. 'તત્ત્વનું શોધન' એમ લઈએ, તો બધાનું તત્ત્વ એક નથી. કારણ કે શાસ્ત્રો પરસ્પર વિરોધવાળાં છે. તેથી તત્ત્વનું શોધન કેમ થાય? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

૧.'તત્ત્વોનો ભાવ તે તત્ત્વ' એ મત પ્રમાણે.(પ્ર)

**વદન્તિ તત્ તત્ત્વવિદઃ તત્ત્વં યજ્ જ્ઞાનમ્ અદ્વયમ્ ।**
**બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાન્ ઈતિ શબ્દ્યતે ।।૧૧।।**

તત્ત્વ જાણનારાઓ તેને 'તત્ત્વ' કહે છે કે જેનું જ્ઞાન દ્વૈતવિનાનું છે અને જે 'બ્રહ્મ' 'પરમાત્મા' 'ભગવાન' એમ બોલાય છે.૧૧

જો કે બધા પોતપોતાનાં શાસ્ત્રમાં તત્ત્વ જાણનારા તરીકે પ્રસિદ્ધ છે. છતાં પણ પ્રમાણમાં બલના વિચારથી વેદ સર્વને નભાવનાર હોવાથી, વેદને જાણનારાઓ તત્ત્વને જાણનારા છે એમ માનવું જોઈએ. બધા ઋષિઓ હોવાથી બધા વેદના અર્થને જાણનારા છે એ સાચું, છતાં પણ તેમનામાં પરસ્પર વિરોધ હોવાથી થોડાક જ તત્ત્વ જાણનારા છે એમ કહેવું

જોઈએ. તે સંબંધમાં એમ માનવું જોઈએ કે જેઓના મતમાં એક અક્ષર માત્રમાં પણ વેદનો વિરોધ નથી તેઓ તત્ત્વ જાણનારા છે, અને તેઓ (તેવા ઋષિઓ) નથી એમ પણ ન માનવું જોઈએ, કારણ કે વેદ પ્રમાણ હયાત છે. તેઓ શું કહે છે? એવો પ્રશ્ન થાય. તેથી કહે છે કે 'જે તેવા સંબંધી જ્ઞાન[2]' એવું દ્વૈતને મટાડનાર જ્ઞાન તત્ત્વ, એવો અર્થ છે. તત્ત્વજ્ઞાન મોક્ષ હોવાનું સર્વમાં પ્રસિદ્ધ હોવાથી શ્રુતિ સ્મૃતિ અને પુરાણો માં તેવું જુદું-જુદું નામ અનુક્રમે 'બ્રહ્મ' 'પરમાત્મા' 'ભગવાન' બોલાય છે. આમાં માત્ર શબ્દ જ જુદા-જુદા છે, પરંતુ અર્થમાં ભેદ નથી, એવો અર્થ છે.૧૧

૨.'યત્તદ્વિષયકં જ્ઞાનં' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

એ પ્રમાણે તે પદાર્થોનું સ્વરૂપ અને અનુક્રમ કહીને, જે પરિણામ થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**તચ્છ્રદ્દધાના મુનયો જ્ઞાનવૈરાગ્યયુક્તયા।**
**પશ્યન્ત્યાત્મનિ ચાત્માનં ભક્ત્યા શ્રુતિગૃહીતયા ।।૧૨।।**

અને તેમાં શ્રદ્ધા રાખનારા મુનિઓ શ્રુતિથી પ્રાપ્ત કરેલી, જ્ઞાન અને વૈરાગ્ય સાથેની ભક્તિથી આત્મામાં આત્માનાં દર્શન કરે છે.૧૨

'તત્' 'તે હેતુથી' અથવા બ્રહ્મમાં શ્રદ્ધા રાખનારાઓ દર્શન કરે છે. તેમાં અનુક્રમ નીચેની રીતનો છે. જીવનનું ફલ તત્ત્વનું શોધન કહ્યું, અને તે ભગવાનના સાક્ષાત્કારમાં પરિણમ્યું. તે વિષયમાં, જો કે વિચાર સાથેના પ્રમાણથી સંદેહ વિનાનું શબ્દોનું જ્ઞાન થાય છે, છતાં પણ અંતઃકરણના દોષને લીધે ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી.

**સાક્ષાત્કાર થવા માટે પ્રથમ ધર્મ કરવો. તેથી અંતઃકરણની શુદ્ધિ થતાં, વેદ વિગેરે ઉત્તમ પ્રમાણમાં શ્રદ્ધા થાય છે. પછી પ્રમાણના અર્થનું મનન કરવું, પછી નિદિધ્યાસન(અર્થના નિર્ણય)થી સાક્ષાત્કાર જેવું જ્ઞાન થાય. પછી વિષયોમાં વૈરાગ્ય થાય. પછી શ્રવણ વિગેરે સાધન ભક્તિ થાય. પછી ઉત્તમ ફલરૂપ ભક્તિ થાય, તેનાથી સર્વ સ્થલે હૃદયમાં અને બહાર પણ ભગવાનનો સાક્ષાત્કાર થાય એવો અર્થ છે.**

'આત્માનં' એટલે આત્મરૂપ ભગવાનનાં દર્શન થાય છે. તેમાં સઘળાં સાધન થાય ત્યારે સાક્ષાત્કારની સ્થિતિ થાય છે. તે સાધનોમાં જ્ઞાન અને વૈરાગ્ય ભક્તિની સાથે રહેવાના કહેલાં હોવાથી ભક્તિ મુખ્ય છે. તેની સ્થિરતાનું કારણ 'શ્રુતિથી પ્રાપ્ત કરેલી' વિશેષણથી કહેલું છે. તે શ્રુતિથી પ્રાપ્ત થાય છે. જેમ-જેમ ભગવાનના ગુણોનું શ્રવણ થાય, તેમ-તેમ ભક્તિની સ્થિરતા થાય છે. તેનાથી સર્વ સાક્ષાત્કાર થાય છે.૧૨

એવી રીતે બીજા પ્રકારથી જ્ઞાન કહ્યું. તે પૈકી બીજા પ્રકારનાં ધર્મનો સંબંધ નીચેના શ્લોકથી કહે છે :

**અતઃ પુમ્ભિ : દ્વિજશ્રેષ્ઠાઃ વર્ણાશ્રમવિભાગશઃ ।**
**સ્વનુષ્ઠિતસ્ય ધર્મસ્ય સંસિદ્ધિઃ હ્યાત્મતોષણમ્ ।।૧૩।।**

તેથી હે ઉત્તમ દ્વિજો! પુરુષોથી વર્ણ અને આશ્રમના વિભાગ પ્રમાણે સારી રીતે આચરાએલ ધર્મની સંસિદ્ધિ ભગવાનની પ્રસન્નતા છે.૧૩

સામાન્ય ધર્મ સાધન હોવાનું (પરંપરાના) પહેલા પ્રકારમાં કહ્યું. ઉત્તમ ધર્મનું સાધનપણું તો પરંપરાના બીજા પ્રકારમાં કહેલું છે. કારણ કે ભગવાનની પ્રસન્નતા વિના અંતઃકરણની શુદ્ધિ થતી નથી, તેમજ ભગવત્કથામાં રુચિ થતી નથી. તેથી **ધર્મનું મુખ્ય ફલ ભગવાનની પ્રસન્નતા છે.** બીજના સંસ્કારથી શુદ્ધ થયેલા[1] તેવો ધર્મ કરે છે, અથવા[2] ''પ્રાણીઓની સમૃદ્ધિ થાય એવી મારી જ ઈચ્છા છે'' (૬।૪।૪૪) વાક્ય પ્રમાણે ધર્મનું પોષણ કરવાની ભગવાનની ઈચ્છાથી તેવો ધર્મ કરે છે. 'પુરુષોથી આચરાએલા' એ કર્મણિ પ્રયોગથી[3] એમ જણાવ્યું છે કે કર્મનાં આચરણમાં કર્મ જ પુરું થાય છે, કર્તા પૂરો થતો (કર્મ કરતાં અટકતો) નથી. તેમ થાય ત્યારે જ ભગવાનની પ્રસન્નતા થાય છે. તેમ ન થાય તો કર્મથી જ ફલ[4] મળે છે, એવો અર્થ છે. 'દ્વિજશ્રેષ્ઠાઃ' એટલે દ્વિજોમાં શ્રેષ્ઠ, ત્રણ જન્મવાળા.[5] આથી એમ સૂચવેલું છે કે તમે કર્મ કરો છો તેથી ભગવાન પ્રસન્ન થાય છે. 'વર્ણના ધર્મો' એટલે શમ[6] વિગેરે, અથવા કાલયજ્ઞ, દ્રવ્યયજ્ઞ વિગેરે ભેદો,[7] ગુરુની સેવા વિગેરે આશ્રમના ધર્મો છે, અને ('વિભાગશઃ' માંના) 'શસ્' પ્રત્યયથી પરધર્મ ન કરવાનું જણાવેલું છે,[8] અને તેથી ''વિધર્મ અને પરધર્મ...'' (૭।૧૫।૧૨) થી જણાવેલ દોષ દૂર કરેલો છે. 'સારી રીતે આચરાએલા' એટલે કાલ વિગેરે છ શુદ્ધ સાધનોથી જ્ઞાનપૂર્વક આચરાએલા. અથવા 'નહિ તો અધર્મ થાય' એવું વાક્ય હોવાથી તેવી રીતે આચરેલો જ ધર્મ છે. 'સંસિદ્ધિઃ' સારી રીતની સિદ્ધિ એટલે ફલ. જો કે 'ધર્મ આખા જગતની પ્રતિષ્ઠા છે' વિગેરે શ્રુતિ પ્રમાણે ધર્મનાં ઘણાં ફલ છે, છતાં પણ **જો ભગવાન ધર્મથી પ્રસન્ન થાય તો તે સફલ થાય છે. અને જો પ્રસન્ન ન થાય તો ધર્મ વ્યર્થ છે, એવો અર્થ છે. કારણ** કે સર્વ આત્મા માટે છે, અને સર્વના આત્મા ભગવાન છે. 'હિ' શબ્દથી ''જેમના ઉપર ભગવાન પ્રસન્ન થયેલાં નથી'' એ વાક્યનો અર્થ સૂચવેલો છે.૧૩

૧.'બીજના સંસ્કારથી શુદ્ધ થયેલા' એટલે પંચાગ્નિના પ્રકારથી શુદ્ધ થયેલ દેહવાળા.(પ્ર)
૨.નોટ ૧ માં જણાવેલ શરીરવાળા ન હોય તેવા પણ આવો ધર્મ કરે છે તેનું કારણ આ ભાગથી કહેલું છે.(પ્ર)
૩.આવો પ્રયોગ હોય ત્યારે ક્રિયાપદમાં જણાવેલી ક્રિયાથી થતું ફલ કર્મને જ પ્રાપ્ત થાય છે, કર્તાને પ્રાપ્ત થતું નથી.(પ્ર)
૪.કર્તાએ ઈચ્છેલું ફલ.(પ્ર)
૫.જન્મ થાય તે પહેલો જન્મ, જનોઈ તે બીજો જન્મ, અને યજ્ઞની દીક્ષા લે તે ત્રીજો જન્મ.
૬.શમ-દમ-તમ-શૌચ વિગેરે ભગવદ્ગીતામાં કહેલા ધર્મો.(પ્ર) જૂઓ ભગવદ્ગીતા ૧૮.૪૨ થી ૪૪.
૭.અગ્નિહોત્ર વિગેરે કાલયજ્ઞના ભેદો છે. 'દ્રવ્યયજ્ઞો, તપોયજ્ઞો' એ વાક્યમાં કહેલા દ્રવ્યયજ્ઞના ભેદો છે.(પ્ર)
૮.કારણ કે ઘણા ભાગે 'શસ્' પ્રત્યય મંગલવચનમાં જ યોજાય છે.(પ્ર)

તે વિષયમાં એવો સંદેહ રહે છે : ઘણા વર્ણ અને આશ્રમના વિભાગ પ્રમાણે ધર્મો કરે

છે, અને ભગવાનના શાસ્ત્ર પ્રમાણેની ભક્તિ તેઓને પ્રાપ્ત થયેલી જણાતી નથી, તેથી જણાય છે કે ભગવાન તેમના ઉપર પ્રસન્ન થયા નથી; અને તેવી રીતે કર્મ કરવાની અવસ્થામાં ખામી દેખાતી હોવાથી તેવા ધર્મમાં સંદેહરહિત પ્રવૃત્તિ કેમ થાય? તેથી જે ધર્મોમાં ખામી ન હોય તે ખાસ કરી કરવા જોઈએ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તસ્માદ્ એકેન મનસા ભગવાન્ સાત્ત્વતાં પતિઃ ।**
**શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ ધ્યેયઃ પૂજ્યશ્ચ નિત્યદા ।।૧૪।।**

તેથી એક ચિત્તથી સાત્ત્વતોના પતિ ભગવાનનું સદા શ્રવણ કરવું જોઈએ અને કીર્તન કરવું જોઈએ, અને તેમનું ધ્યાન ધરવું જોઈએ અને પૂજન કરવું જોઈએ ૧૪.

બીજા ધર્મોમાં ખામી હોવાનું પણ સંભવે છે તેથી શ્રવણ વિગેરે જ કરવાં જોઈએ. શ્રવણ વિગેરે પણ ''શ્રવણ કરવું, શ્રવણ કરાવવું'' એવી શાસ્ત્રની આજ્ઞાના સંબંધવાળા હોવાથી ધર્મ છે. 'એક ચિત્તથી' એટલે વ્યાકુલતા રહિત ચિત્તથી. શ્રવણમાં ખામી કેવી રીતે નથી તે આગળ કહેશે. અથવા 'એક ચિત્તથી' શબ્દથી બીજા ધર્મોનો ત્યાગ સૂચવેલો છે. 'ભગવાન' શબ્દથી એમ જણાવ્યું છે કે તેમનું શ્રવણ જીવના મુખ્યપણાથી નહીં, પરંતુ સાક્ષાત્ બ્રહ્મના મુખ્યપણાથી કરવું. છતાં પણ 'સાત્ત્વતોના પતિ' શબ્દથી વૈષ્ણવ શાસ્ત્રને અનુસરીને તે જ સૂચવે છે. શુદ્ધ સત્ત્વમાં પ્રકટ થયેલા ભગવાન 'તત્ત્વ' છે. તે જેઓના છે તેઓ 'સાત્ત્વવન્તઃ[1]' (વૈષ્ણવો). તેઓ અલૌકિક છે એમ જણાવવા ''બહુલં છન્દસિ'' એ સૂત્ર પ્રમાણે 'વ' નો લોપ કરેલો છે. ભગવાન તેઓના પતિ છે, તેઓના સર્વનો નિર્વાહ કરનારા છે. પોતે (ઋષિઓ) પણ તેવા થવામાં કાંઈ ચિંતા નથી, એવો ભાવ છે. અથવા શ્રવણ વિગેરે સહેલાઈથી પ્રાપ્ત થાય તેવાં છે એમ જણાવવા 'સાત્ત્વતોના પતિ' શબ્દો યોજેલ છે. કારણ કે પોતાના પતિનું બધાએ શ્રવણ કરે છે અને કીર્તન કરે છે. વળી પ્રકરણને લીધે આ શ્રવણ વિગેરે ધર્મરૂપ છે, ભક્તિરૂપ[2] તો બીજા સ્કંધમાં કહેશે. **ભગવાનને જણાવનારા શબ્દો અને વાક્યો ની શક્તિનાં તાત્પર્યનો નિર્ણય ભગવાન વિષે કરવો તે શ્રવણ. તેમની તેવી શક્તિનાં તાત્પર્યના નિર્ણયનો બીજાને બોધ કરવો તે, અથવા તેવી રીતે જાણેલાં શબ્દો અને વાક્યોનો પોતાની મેળે જ ઉચ્ચાર કરવો તે કીર્તન.** 'ચ' 'અને' શબ્દથી બંનેનો[3] સમાવેશ કરેલો છે, અને તે એક બીજાનો નિર્વાહ કરનાર હોવાનું જણાવેલું છે. આ બે[4] બહારની ઈંદ્રિયોથી કરાય તેવાં છે. 'ધ્યાન કરવું જોઈએ અને પૂજન કરવું જોઈએ' શબ્દોથી અંદરની ઈંદ્રિયોથી કરાય તેવું કહેલું છે. 'ધ્યાન' એટલે ભગવાનમાં ચિત્તને સ્થિર કરવું, અથવા ભગવાનની મૂર્તિનું અનુસંધાન[5] રાખવું તે. 'ચ' 'અને' શબ્દથી બહારની અને અંદરની (એવા) ભેદથી બે પ્રકારની પૂજાનો સમાવેશ કરેલ છે. આ શ્રવણ વિગેરેમાં બીજું કાંઈ અંતરાય ન થાય તે માટે તે 'સદા' કરવાનાં કહેલાં છે. તેથી એમ જણાવ્યું છે કે આ જ સદા કરવાનો મુખ્ય ધર્મ છે.૧૪

૧.સાત્ત્વ જેમનાં છે તે 'સાત્ત્વવત્.' તેમાંથી 'વ' કાઢી નાખતાં 'સાત્ત્વત્' રહે છે.
૨.'ભક્તિરૂપઃ' પાઠ છે ત્યાં 'ભક્તિરૂપમ્' જોઈએ એમ જણાય છે.

છતાં પણ શ્રવણ વિગેરેમાં રુચિ ન હોવાથી તે કેમ થાય? એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**યદનુધ્યાસિના યુક્તાઃ કર્મ ગ્રન્થિનિબન્ધનમ્ ।**
**છિન્દન્તિ કોવિદાસ્તસ્ય કો ન કુર્યાત્ કથારતિમ્ ।।૧૫।।**

જેમનાં ધ્યાનરૂપ તલવાર પ્રાપ્ત કરેલા જ્ઞાનીઓ ગાંઠને બાંધનાર કર્મનો નાશ કરે છે તેમની કથામાં પ્રેમ કોણ ન કરે? ૧૫

સર્વ સ્થલે અલૌકિક પદાર્થોમાં તેમનાં માહાત્મ્યનાં શ્રવણથી પ્રેમ ઉત્પન્ન થાય છે. તે વિષયમાં ભગવાનનું શાસ્ત્ર પ્રસિદ્ધ ન હોય છતાં, યોગ વિગેરે પ્રસિદ્ધ હોવાથી, ભગવાનનું ધ્યાન પ્રસિદ્ધ છે. ભગવાનના અંગભૂત ધ્યાનનું પણ એવું માહાત્મ્ય છે કે તેને માટે 'તલવાર' શબ્દ યોજેલ છે. 'યદ્' જેમનું 'અનુધ્યાન' અનુધ્યાન જ તલવાર છે તેવા ભગવાન છે. વળી તે ધ્યાનથી ભગવાન પ્રસન્ન થતા નથી, પરંતુ તે ધ્યાનરૂપ તલવાર પ્રાપ્ત કરેલા કર્મનો નાશ કરે છે. કર્મ હોય ત્યાં સુધી જન્મ બંધ થતા નથી. અને કર્મ ભોગવાય નહીં ત્યાં સુધી તેમનો નાશ થતો નથી. વળી ભોગવીને તેમનો નાશ કરવામાં આવે ત્યારે તે ભોગનાં કારણે ફરી બીજા કર્મોની પ્રાપ્તિ થતી હોવાથી કર્મનો નાશ કરવો કઠણ છે. તે પણ ધ્યાનથી થાય છે, તેથી 'નાશ કરે છે' એમ કહેલું છે.

જીવનની સ્થિતિ રહેતી હોવાથી માત્ર કર્મના નાશથી શું વળે? એવી શંકા થાય તેથી 'ગાંઠને બાંધનાર' વિશેષણ કહેલું છે. ગાંઠ એટલે અવિદ્યાથી ચેતન તથા જડની ગાંઠ[૧] અને મોહની ગાંઠ. તે સારી રીતે બંધન કરે છે. તેથી કર્મ ગાંઠને બાંધનાર છે. પહેલાં વાસનાના રૂપમાં રહેલી ગાંઠ કર્મથી જ દઢ કરાય છે. તેથી કર્મ ન રહે ત્યારે ગાંઠ પણ જશે, એવો ભાવ છે. 'જ્ઞાનીઓ' એ બહુવચન ઘુણાક્ષરન્યાય[૨] ન હોવાનું જણાવે છે. આ વિષયમાં નિપુણતાની જરૂર છે. કારણ કે ધ્યાનનો ઉપયોગ બીજામાં[૩] થવાનો સંભવ છે. તેથી યોગથી પ્રાપ્ત થતી સિદ્ધિની દરકાર કર્યા વિના જેઓ જ્ઞાનથી અવિદ્યાનો જ નાશ કરે તેઓ નિપુણ છે. તે વિષયમાં ધ્યાન પોતે જ માહાત્મ્ય ઉત્પન્ન કરનારું નથી, કારણ કે વિષયોનું ધ્યાન ઘણું જ બંધન કરાવનારું છે. તેથી ભગવાનના માહાત્મ્યથી જ તે માહાત્મ્યવાળું થાય છે એમ 'તસ્ય' 'તેમની' શબ્દથી કહેલું છે. તેનો અર્થ 'તેવા ભગવાનની' એવો છે. જ્યારે તેમના ગુણ (ધ્યાન)થી પણ કાર્યની સિદ્ધિ થાય છે, ત્યારે, જ્યારે કથાઓથી ભગવાન જ ચિત્તમાં આવે ત્યારે તો તેમાં સંશય જ શું? એવા અભિપ્રાયથી 'કથામાં પ્રેમ કોણ ન કરે' એમ કહેલું છે. જેઓ કથામાં પ્રેમ ન કરે, તેઓને માહાત્મ્યનું જ્ઞાન નથી.૧૫

૧.દેહ (જડ) ને આત્મા (ચેતન) માનવરૂપ આ ગાંઠ કહેલી જણાય છે.
૨.'ઘુણ' એક જાતનો કીડો, તેના પગથી ભૂમિ ઉપર કોઈક વાર અક્ષરો ઉઠે તે ન્યાય. જો એકાદ જ્ઞાની આવી રીતે કર્મની ગાંઠનો નાશ કરે છે તો તે એ ન્યાયે કરેલો ગણાય, પણ ઘણા જ્ઞાનીઓ તેમ કરે છે તેથી તે

ન્યાયથી તેમ થતું નથી.(પ્ર)
૩.'બીજામાં' એટલે યોગથી સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં, એવો અર્થ જણાય છે.

એવી રીતે બીજા પ્રકારની ભક્તિ[1] કહી. એ પ્રમાણે મધ્યમ જ્ઞાન અને ભક્તિ કહીને નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી ઉત્તમ જ્ઞાન અને ભક્તિનું નિરૂપણ[2] કરે છે :

**શુશ્રૂષોઃ શ્રદ્દધાનસ્ય વાસુદેવકથારુચિઃ ।**
**સ્યાદ્ મહત્સેવયા વિપ્રાઃ પુણ્યતીર્થનિષેવણાત્ ॥૧૬॥**

હે વિપ્રો! શ્રવણ કરવા ઇચ્છનાર અને શ્રદ્ધા રાખનારને મહાન પુરુષોની સેવાથી અને પવિત્ર તીર્થનાં ઘણાં સેવનથી વાસુદેવની કથામાં રુચિ થાય છે.૧૬

કારણ કે અહીં જેઓથી ફલ પ્રાપ્ત ન થાય તેવી શંકા પણ નથી, તેવાં ફલ પ્રાપ્ત કરાવનારાં સાધનો કહેવામાં આવે છે, અને વૈરાગ્ય આવાં સાધનો થવાનું કારણ છે. તેઓમાં આ ક્રમ છે :

આરંભમાં ઘરનો ત્યાગ કરી તીર્થોમાં ફરવું, ઘરનો ત્યાગ કર્યો ન હોય તો મહાન પુરુષોની સેવામાં ઉદ્વેગ થાય. પછી મહાન પુરુષોનો સંગ, પછી તેઓની સેવા, પછી ભગવાનની કથાનું શ્રવણ, પછી કથામાં રુચિ. પછી કથામાં અને તે મહાન પુરુષોમાં શ્રદ્ધા, અને પછી તેઓની સેવા એવો ક્રમ છે.

એ પ્રમાણે પોતાનાં સ્વરૂપથી ઉપકાર કરનારા આવા ધર્મથી, ફલ પ્રાપ્ત કરાવે જ તેવી શ્રવણ કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ પરંપરામાં પહેલા પહેલાનાં સાધનો દઢ હોવાથી, પાછળનાં સાધનો અટકતાં નથી. તેવો અધિકાર દુર્લભ હોવાનું સૂચવેલું[3] છે. કારણ કે શુદ્ધ સત્ત્વમાં પ્રકટ થયેલા ભગવાનનું શ્રવણ થાય ત્યારે ચિત્તની પ્રસન્નતા તરત થાય છે, એમ 'વાસુદેવ' શબ્દથી કહેલું છે. આનો અંગીકાર થવા માટે 'મહાન'[4] શબ્દ યોજેલ છે. પુણ્ય પ્રકારનું તીર્થ તે પુણ્ય(પવિત્ર) તીર્થ : કુરુક્ષેત્ર અને ગંગા. તે બેનું ઘણું સેવન, એટલે તેઓનાં જલનું દેવની પેઠે સેવન કરવું, પરંતુ કોઈ પણ પ્રકારે તેમનો અનાદર ન કરવો.૧૬

૧.કામથી આરંભી ભગવાનની પ્રસન્નતા સુધીની શ્રવણ વિગેરે ધર્મની પરંપરા.(પ્ર)
૨.ઘરના ત્યાગથી આરંભી શ્રવણ કરવાની ઈચ્છા સુધીની કહીને નિરૂપણ કરે છે.(પ્ર)
૩.વાક્યથી સૂચવેલું છે.(પ્ર)
૪.'કિરાતહૂણ...' એ ૨-૪-૧૮ વાક્ય પ્રમાણે ભગવાનનો આશ્રય જેમણે કરેલ તે મહાન પુરુષો ભગવાનના આશ્રયવાળા છે, તેમનો આશ્રય કરવાથી શુદ્ધિ થાય છે તેથી તેઓની સેવા કરવાથી આ (સેવા કરનાર) નો પણ અંગીકાર થશે એમ જણાવવા 'મહાન' શબ્દ યોજેલ છે.(પ્ર)

કથામાં રુચિ થવાથી શું ફલ થાય? એવો પ્રશ્ન થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**શ્રૃણ્વતાં સ્વકથાઃ કૃષ્ણઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।**
**હૃદ્યન્તઃસ્થો હ્યભદ્રાણિ વિધુનોતિ સુહૃત્સતામ્ ॥૧૭॥**

જેમનાં શ્રવણ અને કીર્તન પવિત્ર છે, તે સત્પુરુષોના મિત્ર શ્રીકૃષ્ણ પોતાનાં સ્વરૂપરૂપ કથાઓનું શ્રવણ કરતા હોય ત્યારે તેઓનાં હૃદયની અંદર રહીને તેમનાં અભદ્રોને સારી રીતે હચમચાવી દે છે.૧૭

આવાં સાધનોથી શ્રવણ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતાં, કોઈ પણ સમયે શ્રવણ વિગેરે અટકતાં નથી એમ જણાવવા 'શ્રવણ કરતા હોય ત્યારે' એમ કહેલું છે. 'સ્વકથા' એટલે ભગવાનનાં સ્વરૂપરૂપ કથાઓ. આથી એમ જણાવ્યું છે કે 'ભગવાનની પોતાની[1] કથાઓ' હોય, તો ભગવાન સ્વતંત્ર રહેતાં તે કથાઓ કરવાનું સંભવે નહીં, પરંતુ કથાનું પણ પોતાનું જ માહાત્મ્ય હોય ત્યારે તો તે કથાએ જ વશ કરેલા ભગવાન સર્વ કરે. આવી ઘણી કથાઓ શ્રીકૃષ્ણના અવતારની જ છે, તેથી 'શ્રીકૃષ્ણ' એમ કહેલું છે. અને ભક્તિયોગ કરવા (કરાવવા) તેમનો અવતાર થયેલો. સદા ઉત્પન્ન થયેલાં પાપો નાશ પામે તે માટે બીજાં કોઈ સાધનની જરૂર નથી, પરંતુ શ્રવણ અને કીર્તનથી જ તે દૂર થાય, તે માટે ભગવાન શુદ્ધ હૃદયમાં પ્રવેશ કરે છે, એવા અભિપ્રાયથી 'જેમનાં શ્રવણ અને કીર્તન પવિત્ર છે' એ વિશેષણ કહેલું છે. શ્રોતા અને વક્તાના દોષો[2] સાથે શ્રવણ અને કીર્તન સંબંધમાં આવતાં નથી, કારણ કે તે બે પાપનો નાશ કરનારાં છે, અને તેથી શ્રવણ અને કીર્તન ઉત્પન્ન થતાં હોય ત્યારે પાપની સાથે (પાપને રહેવા દઈને) ઉત્પન્ન થતાં જ નથી. સૂર્યોદય થવાનો સંભવ થતાં જ જેમ અંધકારનો નાશ થાય છે, તેમ શ્રવણ થવાનો સંભવ થતાં જ પાપનો નાશ થાય છે, એવો અર્થ છે. બહાર રહેલ હોય તે અંદર કાર્ય કરે તેવું સંભવતું ન હોવાથી, ભગવાન માત્ર પોતાની ઈચ્છાથી પાપનો નાશ કરવાનું કરે તો લોકોને જાણવામાં તે ન આવતું હોવાથી તેઓ ભજન ન કરે તેવું બને તેથી, જણાય તેવો પ્રકાર સંભવતો હોય ત્યારે ન જણાય તેવા પ્રકારની કલ્પના કરવાનું સંભવતું ન હોવાથી, અને સર્વ સ્થલે રહેલા ભગવાનને હૃદયમાં કાર્ય કરવામાં ક્લેશ થતો ન હોવાથી, ભગવાન હૃદયમાં રહીને જ તે કાર્ય કરે છે. કેટલાક પદાર્થો હૃદયની બહાર રહેલા પણ હોય છે, અને કેટલાક અંદર રહેલા હોય છે. તે પૈકી જેઓ વિષે વિસ્મરણ થવાનો સંભવ હોય તે બહાર રહેલા હોય છે. ચાલુ વિષયમાં ભગવાનનું વિસ્મરણ થવાનો સંભવ પણ નથી, તેથી 'હૃદયમાં રહેલા' એમ કહેલું છે. હૃદયમાં રહેલા તેમ કરે તે યોગ્ય છે, એવો ભાવ છે. 'અભદ્રો' એટલે કામ વિગેરે,[3] કારણ કે પાપનો તો પહેલાં (શ્રવણનો સંભવ થતાં) જ નાશ થયેલો છે. 'સારી રીતે હચમચાવવું' એટલે જલનો મેલ કાઢ્યો હોય તે ફરી ભળતો નથી તેની પેઠે ફરી ભળે નહીં તેવી રીતે ઢીલું કરવું, એવો અર્થ છે. અને તેથી આ મત પ્રમાણે સાધનોની પહેલી સાંકળ જીવથી પોતાથી થઈ શકે તેવી, અને બીજી ભગવાનથી થઈ શકે તેવી થઈ. (બીજી ભગવાન કરે) ત્યારે જ. ત્રીજી પોતાની અંદર થાય છે એમ ક્રમથી[4] જણાવેલ છે, કારણ કે કામ વિગેરે ઢીલા ન થાય ત્યાં સુધી ભક્તિ ઉત્પન્ન થતી નથી.

ભગવાનને એમ કરવાનું શું કારણ? એવા પ્રશ્નના ઉત્તરમાં 'સત્પુરુષોના મિત્ર' એમ કહેલું છે. 'સુહૃત્' એટલે સાથે કાર્ય કરનાર, મિત્ર, એવો અર્થ છે. ભગવાનના મિત્રો મહાન

પુરુષો શ્રવણ વિગેરેનો ઉપદેશ કરીને પહેલી સાધનોની પરંપરા કરે, ત્યારે જો ભગવાન બીજી પરંપરા ન કરે, તો મૈત્રીનો ભંગ થાય.૧૭

૧.'સ્વ' નો અર્થ પોતાની થાય છે, તે તજી 'પોતાનાં સ્વસ્વરૂપ' કેમ કર્યો તે જણાવવા આ કહે છે. 'પોતાની' કહેવામાં આવે તો કથાના સંબંધમાં ભગવાન સ્વતંત્ર થાય (કથાઓ તેમને અધીન ગણાય). સ્વતંત્ર થવાથી ભગવાન હૃદયમાં આવે કે ન પણ આવે, અને તેથી અભદ્રોને હચમચાવવાનું પણ સંદેહવાળું રહે, તેથી એવો અર્થ કર્યો છે.(પ્ર)

૨.આ 'પુણ્ય' 'પવિત્ર' શબ્દનો અર્થ છે.(પ્ર) ૩.'વિગેરે' શબ્દથી અવિદ્યા અને કર્મ કહેલાં છે.(પ્ર)

૪.આ ત્રણ પરંપરાઓ ૧૬,૧૭ અને ૧૮ શ્લોકમાં અનુક્રમે કહેલી છે.(પ્ર)

કામ વિગેરે હચમચી જાય ત્યારે જે થાય, તે નીચેના શ્લોકથી કહે છે :

**નષ્ટપ્રાયેષ્વભદ્રેષુ નિત્યં ભાગવતસેવયા ।**
**ભગવત્યુત્તમશ્લોકે ભક્તિઃ ભવતિ નૈષ્ઠિકી ।।૧૮।।**

અભદ્રોનો લગભગ નાશ થાય ત્યારે નિત્ય ભગવાનના ભક્તોની સેવા કરવાથી ઉત્તમ શ્લોક ભગવાનમાં શ્રદ્ધાવાળી ભક્તિ થાય છે.૧૮

કામ વિગેરે (અભદ્રો) હચમચાવેલા જ હતા, તેમનો નાશ કર્યો ન હતો તેથી કોઈ-કોઈ વાર તેઓનું અસ્તિત્વ જણાય છે. તેઓનું અસ્તિત્વ શ્રવણમાં આગ્રહની પેઠે, અડચણમાં ક્રોધની પેઠે, સત્સંગમાં લોભની પેઠે વિગેરેરૂપે તેઓનું અસ્તિત્વ જણાય છે એમ જણાવવા 'પ્રાયઃ' 'લગભગ' શબ્દ મૂકેલો છે. અને તેથી તે અડચણ કરનારા થતા ન હોવાથી ભગવાનની કથાનું નિત્ય શ્રવણ થાય છે અને[1] ભગવાનના ભક્તોની સેવા પણ નિત્ય થાય છે. એમ 'નિત્યં' શબ્દથી કહેલું છે. પહેલાં કથાનું શ્રવણ જ થતું, હવે તેનો દેવની પેઠે આદર થાય છે, એવો 'સેવા' શબ્દથી અર્થ છે. એ પ્રમાણે સેવા કરવામાં આવતાં ભગવાનમાં ઘણો જ પ્રેમ ઉત્પન્ન થાય છે એમ ઉત્તરાર્ધથી કહે છે. અહીં સર્વ સ્થળે 'ભગવાન' શબ્દથી શુદ્ધ પરબ્રહ્મ કહેલ છે. 'ઉત્તમૈઃ' ઉત્તમ પુરુષોથી 'શ્લાધ્યતે' પ્રશંસા થાય છે જેમની, અથવા 'ઉત્તમા' ઉત્તમ છે 'શ્લોકા' કીર્તિ જેમની તે 'ઉત્તમશ્લોક'. સત્પુરુષો અને કથા સાથે રહે ત્યારે ભક્તિ થાય છે, એવો અર્થ છે. અને તેથી ભક્તિ ઉત્પન્ન થાય ત્યાર પછી પણ સત્પુરુષો અને કથાઓ તેનો ત્યાગ કરતા નથી એવો ભાવ છે. ભારે વિઘ્ન આવતા છતાં પણ ચલિત થવું નહીં તે 'નિષ્ઠા'. નિષ્ઠા પ્રાપ્ત કરેલી તે 'નૈષ્ઠિકી'. આવી 'નૈષ્ઠિકી' ભક્તિ થાય ત્યારે કાલ વિગેરેથી થતા ઉપદ્રવો જણાશે નહીં એવો અર્થ છે.૧૮

૧.'ચ' 'અને' શબ્દથી કથાનો પણ સંગ્રહ કરેલો છે.(પ્ર)

આટલા સુધી પુરુષને પ્રયત્ન કરવાનો હોય છે. આગળનું કાર્ય પોતાની મેળે જ થાય છે, એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે :

**તદા રજસ્તમોભાવાઃ કામલોભાદયશ્ચ યે ।**

**ચેત એતૈરનાવિદ્ધં સ્થિતં સત્ત્વે પ્રસીદતિ ।।૧૯।।**

અને ત્યારે કામ લોભ વિગેરે જે રજોગુણ અને તમોગુણ નાં કાર્ય, એમનાથી વીંધાયા વિનાનું ચિત્ત સત્ત્વગુણમાં રહી પ્રસન્ન થાય છે.૧૯

એવી ભક્તિ થાય ત્યારે તો ચિત્તના સ્વરૂપનો નાશ થાય છે. તે ત્રણ ગુણોવાળું છે. ગુણો પોતપોતાનું કાર્ય કરે જ છે, અને તેથી તેવા ચિત્તવાળાનું હૃદય કોઈ પણ સમયે ભગવાનનું આસન થતું નથી. પરંતુ જ્યારે તેવા ચિત્તનાં કારણભૂત રજોગુણ અને તમોગુણ નું સત્ત્વપણું થાય છે ત્યારે, જેમ સ્પર્શમણિના સ્પર્શથી તાંબું અને લોઢું સોનું થાય છે અને તેથી તેમનું બનેલું વાસણ ત્રણથી[1] આખું સુવર્ણ થાય છે, તેવી રીતે જેને ભક્તિનો સંબંધ થયો છે તે ચિત્ત સત્વ ગુણવાળું થાય છે. રજોગુણ અને તમોગુણ નાં કામ-ક્રોધ વિગેરે અને કામ-લોભ વિગેરે સત્ત્વની સાથે ભળીને થયેલાં કાર્યો છે. 'ચ' શબ્દથી બીજા પણ ગુણો ભળીને થયેલાં કાર્યો છે, તે તટસ્થ તરીકે[2] જણાવેલા છે. મોહ વિગેરે જે પ્રસિદ્ધ કાર્યો છે તે બધાં કાર્યો ઘર[3] વિનાના થયેલા હોય તેવા જણાવેલા છે. તેથી શ્લોકના પૂર્વાર્ધમાં ક્રિયાનો સંબંધ (ક્રિયાપદ) નથી.

તે ગુણોનાં કાર્યો અકસ્માતથી આવેલા હોવા છતાં પહેલાંની વાસનાથી ચિત્ત સાથે તેઓનો સંબંધ કેમ ન થાય? એવો પ્રશ્ન થાય તેથી ઉત્તરાર્ધ કહેલો છે. (તેઓનો ચિત્ત સાથે સંબંધ થતો નથી) કારણ કે આ કાર્યો દોરા જેવાં હોઈ, તેમનાં મૂળ બનેલ ગુણોરૂપ સોઈ વિના[4] તે ચિત્તને વીંધવા શક્તિમાન થતા નથી. તેથી ચિત્ત આમનાથી વીંધાયા વિનાનું રહે છે. તેવા સમયે લયની અવસ્થા પ્રાપ્ત કરતું[5] હોવા છતાં પણ, સદા ઉત્પન્ન થતી ભક્તિના સ્વીકારથી તે ભક્તિનું સ્થાન બનેલ સત્ત્વગુણના ચિહ્નવાળું હોઈ, ભગવાનનો તેમાં આવેશ થવાથી પ્રસન્ન થાય છે. પ્રસન્નતા એટલે ચિત્તથી કાર્ય કરનારાઓના સર્વ કાર્યો સિદ્ધ કરાવનાર ઉત્તમ પ્રકારનો પ્રકાશ.૧૯

૧.'ત્રણથી' એટલે તાંબુ, લોઢું અને સ્પર્શમણીથી. તાંબુ અને લોઢું રજોગુણ તથા તમોગુણ જેવા અને ભક્તિ સ્પર્શમણિ જેવી છે, સત્ત્વ સુવર્ણ જેવું છે એવો ભાવ જણાય છે.

૨.કારણ કે તેમને જણાવનાર શબ્દ શ્લોકમાં કહેલ નથી.(પ્ર)

૩.તેમનાં ઘર રજોગુણ અને તમોગુણ છે તે જતાં રહેતાં ઘર વિનાનાં થયા અને પૂર્વાર્ધમાં ક્રિયાપદ મૂકેલું નથી.(પ્ર)

૪(હૃદયમાં) રહેલા ભગવાન અભદ્રોને હચમચાવતા તેમને પણ નિર્બલ કરે છે, તેથી તેઓ સોઈ વિનાના થયા છે એવો ભાવ જાણો.(પ્ર)

૫.રજસ્ અને તમસ્ એ મૂલ ગુણો ભગવાને નિર્બલ કર્યા, ત્યારે સત્વમાં રહેલું ચિત્ત ભગવાનમાં લય પામતું થાય છે, એવો અર્થ છે.

તેથી જે પ્રાપ્ત થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**એવં પ્રસન્નમનસો ભગવદ્ભક્તિયોગતઃ ।**
**ભગવત્તત્ત્વવિજ્ઞાનં મુક્તસંગસ્ય જાયતે ।।૨૦।।**

એવી રીતે પ્રસન્ન મનવાળા થયેલા અને સંગ તજેલા ને ભગવાનની ભક્તિના સંબંધથી ભગવત્તત્ત્વોનું ઉત્તમ જ્ઞાન થાય છે.૨૦

'એવી રીતે' ઉપર કહેલા પ્રકારથી સ્થિર સાધનની પરંપરાથી પ્રસન્ન થયેલું છે મન જેનું તેને જ્ઞાન થાય છે. મન સત્ત્વરૂપ થતાં ''સત્ત્વથી જ્ઞાન થાય છે'' (ભ.ગી.૧૪।૧૭) એ વાક્ય પ્રમાણે સર્વ વસ્તુઓનું તત્ત્વજ્ઞાન થાય છે, પરંતુ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતું નથી, કારણ કે ભગવાન ગુણથી પર હોવાથી ગુણનાં કાર્યથી જણાય તેવા નથી. તેથી 'ભગવાનની ભક્તિના સંબંધથી' એમ કહેલું છે. અંતઃકરણની પ્રસન્નતા ભક્તિ માટે જ છે. ''ભક્તિથી મને જાણે છે'' (ભ.ગી.૧૮।૫૫) એ વાક્ય પ્રમાણે ભગવાનનું જ્ઞાન તો ભક્તિથી જ થાય છે. 'તત્ત્વ' શબ્દથી હું 'જેવો અને જે છું' ના અર્થનો સમાવેશ કરેલ છે. 'વિ' 'ઉત્તમ' શબ્દથી હથેળીમાં રહેલા આમળાનાં જ્ઞાનની પેઠે ઉત્તમ જ્ઞાન કહેવાનું ઇચ્છેલું છે. 'સંગ તજેલાને' વિશેષણથી આમાં સંન્યાસની પણ અંગ તરીકે જરૂર છે એમ કહેલું છે. અંદર અને બહાર થી સંગ તજવો જોઈએ. ''વિષયોમાં જેમનું ચિત્ત પ્રવેશેલું છે તેમને વિષ્ણુનો આવેશ તો દૂર રહ્યો'' એ ન્યાયે પરિત્યાગ વિના ભગવાનનો આવેશ થતો નથી. તેથી સાક્ષાત્કાર થાય નહીં. એવી રીતે સંન્યાસ ઉત્તમ જ્ઞાન પ્રાપ્તિનું કારણ થાય છે.૨૦

એ પ્રમાણે ઉત્તમ જ્ઞાન થાય ત્યારે જે ફલ પ્રાપ્ત થાય છે તે નીચેના શ્લોકથી કહે છે :

**ભિદ્યતે હૃદયગ્રન્થિઃ છિદ્યન્તે સર્વસંશયઃ ।**
**ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ દૃષ્ટ એવાત્મનીશ્વરે ।।૨૧।।**

આત્મામાં ઈશ્વરનો અનુભવ થતાં જ આના હૃદયની ગાંઠ ભેદાય છે, સર્વ સંશયો દૂર થાય છે અને કર્મોનો ક્ષય થાય છે.૨૧

ચેતન અને જડની ગાંઠ અવિદ્યાનું પરિણામ છે, તે જ્ઞાનથી દૂર થાય છે. ''જેનું જ્ઞાન થાય ત્યારે આ સર્વ સારી રીતે જણાય છે'' એ વાક્ય પ્રમાણે સર્વ વસ્તુઓનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે સર્વ સંદેહો દૂર થાય છે. મિથ્યાજ્ઞાનરૂપ જલથી સિંચાએલું આત્મારૂપ ભૂમિમાં કર્મનું બીજ વૃદ્ધિ પામે છે, પરંતુ તત્ત્વજ્ઞાનરૂપ તાપથી જલ સૂકાઈ જવાથી ખરાબો થયેલી ભૂમિમાં તે વૃદ્ધિ પામતું નથી, તેથી તેનાં કર્મોનો પણ ક્ષય થાય છે. આ સર્વ હરકોઈ પ્રકારે પ્રાપ્ત થયેલાં જ્ઞાનનું પરિણામ નથી, પરંતુ બ્રહ્મ અને આત્માની એકતાના અનુભવનું પરિણામ છે એમ 'આત્મામાં ઈશ્વરનો અનુભવ થતાં' શબ્દોથી કહેલું છે. ભગવાનનો આત્મા તરીકે અનુભવ થાય ત્યારે આ પરિણામ થાય. બીજા પ્રકારે થતું નથી એવો 'એવ' શબ્દનો અર્થ છે. કારણ કે આત્મા ઈશ્વર[1] મટી જતાં થયેલાં પદાર્થો, બીજો ઈશ્વર હોવાનું ન જણાએલ[2] હોવા છતાં (આત્મા) ઈશ્વર થતાં દૂર થાય છે, કારણ કે બીજો ઈશ્વર હોવાનું અજ્ઞાન પોતાના સંસારનું કારણ થતું નથી.૨૧

૧.વિચારથી અવિદ્યાનો નાશ થાય છે, તેની પેઠે ફરી અવિદ્યાથી વિદ્યાનો પણ નાશ થાય, એવો સંશય થાય તેથી આ કહેલ છે. બ્રહ્મસૂત્ર ૩।૨।૫ પ્રમાણે જીવપણું થતાં ઉત્પન્ન થયેલા પદાર્થો (ઈશ્વરપણું થતાં દૂર

થાય છે).(પ્ર)
૨.અહીં પ્રકાશમાં 'જાતેડપિ' પાઠ જણાય છે. બીજો ઈશ્વર થાય ત્યારે પણ તે દૂર થતા નથી (ન નિવર્તન્તે) એમ પ્રકાશકાર કહે છે. છપાએલ સુબોધિનીમાં આવો પાઠ નથી.

એ પ્રમાણે આખા પ્રકરણનો અર્થ કહીને, પુરુષના પ્રયત્નનો ક્યાં અંત આવે છ એવો સંદેહ થતાં પુરુષે કઈ બાબતમાં પ્રયત્ન કરવાનો છે તે નીચેના શ્લોકમાં કહે છે :

**અતો વૈ કવયો નિત્યં ભક્તિં પરમયા મુદા ।**
**વાસુદેવે ભગવતિ કુર્વન્ત્યાત્મપ્રસાદનીમ્ ।।૨૨।।**

તેથી જ્ઞાનિઓ નિશ્ચય ઘણા આનંદથી ભગવાનની પ્રસન્નતા કરનારી વાસુદેવ ભગવાનની ભક્તિ નિત્ય કરે છે.૨૨

શુદ્ધ સત્ત્વરૂપ અંતઃકરણમાં પ્રકટ થયેલા ભગવાન ઉપર ઘણો પ્રેમ રાખવો એ પુરુષના પ્રયત્નનો સાર છે. તેનાથી ભગવાનની પ્રસન્નતા અથવા અંતઃકરણમાં ભગવાનનો સાક્ષાત્કાર એ ફલ 'વૈ' નિશ્ચય પ્રાપ્ત થાય છે, એવો પોતાનો નિશ્ચય છે. 'કવિઓ' શબ્દોનાં તાત્પર્યને જાણનારા હોય છે. શબ્દના બલનો વિચાર કરવાથી આવો અર્થ હોવાની ખાતરી થાય છે, એવો ભાવ છે. સાધન પણ સુખરૂપ હોવાથી સદા ભક્તિ કરે છે. ક્ષણે-ક્ષણે ભગવાન પ્રકટ થતા હોવાથી દરેક ક્ષણે ઘણો આનંદ ઉત્પન્ન થાય છે. ભક્તિ તો સત્ત્વગુણમાં પ્રકટ થયેલા ભગવાનની કરવાની હોય છે, અને ભક્તિ જ્ઞાન ઉત્પન્ન કરનારી છે, અને સાધન તરીકે ભક્તિ વિષે પ્રયત્ન કરવાનો[1] છે, એવો શબ્દના બલ પ્રમાણે નિશ્ચય થાય છે, એવો પ્રથમ અધિકાર છે.૨૨

૧.આથી સૂત વિગેરેનો અધિકાર કહેલો છે.(પ્ર)

તેમાં ભક્તિ કોની કરવી તે વિષયમાં એવો સંદેહ છે કે સત્ત્વમૂર્તિ વાળા ભગવાનની જ ભકિત કરવી એવો આ નિયમ કર્યો? રજોગુણ અને તમોગુણવાળાની મૂર્તિની પણ ભક્તિ કરવાથી તેઓ પણ બ્રહ્મ હોવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને તેથી વિષ્ણુની ભક્તિ પેઠે શિવ વિગેરેની ભક્તિ પણ જ્ઞાન પ્રાપ્ત કરાવનારી છે. કારણ કે તેમનામાં વિષ્ણુની સમાન બ્રહ્મપણું છે! એવી શંકા કરીને તેનો નિર્ણય નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી કરે છે :

**સત્ત્વં રજસ્તમ ઈતિ પ્રકૃતેઃ ગુણાઃ તૈઃ યુક્તઃ પરઃ પુરુષ એક ઈહાસ્ય ધત્તે ।**
**સ્થિત્યાદયે હરિવિરઞ્ચિહરેતિ સંજ્ઞાઃ શ્રેયાંસિ તત્ર ખલુ સત્ત્વતનોર્નૃણાં સ્યુઃ ।।૨૩।।**

સત્ત્વ, રજસ્ અને તમસ્ એ પ્રકૃતિના ગુણો છે. તેમનાથી જોડાઈ એક પર પુરુષ અહીં આ જ ગતની સ્થિતિ વિગેરે માટે 'હરિ' 'વિરઞ્ચિ' અને 'હર' એવાં નામ ધારણ કરે છે. તે પૈકી ખરેખર સત્ત્વ દેહવાળાથી મનુષ્યોનાં શુભ ફલો પ્રાપ્ત થાય છે.૨૩

બ્રહ્મમાં પણ[1] ભેદ ન હોવા છતાં પણ, ઉપાધિના[2] ભેદથી ફલમાં ભેદ થાય છે, પરંતુ કેટલાક વૈષ્ણવોના[3] મત પ્રમાણે બ્રહ્મના ચૈતન્યસ્વરૂપમાં ભેદ થતો નથી. વળી તે ગુણો

બ્રહ્મના[૪] નથી. જો બ્રહ્મના હોય તો ઊંચા અને નીચા ગુણો તેને ઉત્પન્ન કરનાર હોવાથી સ્વરૂપ પણ જુદું થાય. કાર્યને લીધે તે ગુણોની જરૂર હોય તેમાં દોષ નથી, કારણ કે એક જ પુરુષ સ્નાન ભોજન અને અંતઃપુર નાં કાર્ય કરતો જોવામાં આવે છે.

૧.આ'પણ' શબ્દ શંકાની નિંદા કરવા યોજેલ છે.(પ્ર) ૨.ઉપાધિ કાર્ય કરનારી હોવાથી.(પ્ર)
૩.મધ્વાચાર્યના સેવકો.(પ્ર)
૪.નિર્ગુણના ત્રણ ગુણો છે એમ બ્રહ્મના ગુણો બીજા સ્કંધમાં કહેલા છે તે નથી.(પ્ર)

'પુરુષ[૫] ત્રણ ગુણવાળો છે, તેથી ગુણોની પ્રેરણાથી જૂદું જૂદું કાર્ય કરે તે સંભવે છે. બ્રહ્મમાં પણ તેવું હોય તો બીજા ગુણોની પરંપરાથી અનવસ્થા (દોષ) થાય, અને તેથી કોઈકમાં ગુણનો સંબંધ કુદરતી હોવાનું કહેવું જોઈએ. તેમ હોય તો સ્વરૂપમાં પણ ભેદ થાય' એમ કહો તો આ વિષયમાં ઘણા વાદીઓ જૂદું જૂદું કહે છે :

સાંખ્યો[૬] તો બ્રહ્મને પ્રકૃતિનો નિત્ય સંબંધ હોવાનું કહે છે. બીજાઓ[૭] તો એમ કહે છે કે તેને પ્રકૃતિનો સંબંધ નથી જ, ભ્રમથી[૮] જ તેવો સંબંધ હોવાનું જણાય છે. ભાગવત સિદ્ધાંત પ્રમાણે તો ભગવાનમાં કર્તાપણું સહજ છે. તેમાં કોઈક[૯] રૂપ પ્રકૃતિ અને પુરુષ ના ભેદથી બે પ્રકારનું થાય છે. જેમ[૧૦] મહાભૂતોના બનેલા પદાર્થોની રચનામાં મહાભૂતોની જરૂર છે, પણ મહાભૂતો રચવામાં તેમની જરૂર નથી, તેમ પ્રકૃતિના બનેલા પદાર્થો રચવામાં કારણ તરીકે પ્રકૃતિની જરૂર છે,[૧૧] આટલાથી[૧૨] સ્વરૂપમાં ભેદો અથવા દોષો થવાનું સંભવતું નથી, તેથી એક જ પુરુષ આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવા માટે ત્રણ ગુણો ધારણ કરનાર બ્રહ્મરૂપ થયેલ પર પુરુષ જ ''સર્વ દ્વન્દ્વ સમાસ વિકલ્પથી એક જેવો થાય છે'' એ નિયમ પ્રમાણે 'હરિ' 'બ્રહ્મા' અને 'હર' એવાં ત્રણ નામ ધારણ કરે છે. અથવા (પાણિનિ ૭।૧।૩૯) પ્રમાણે પ્રથમા વિભક્તિના પ્રત્યયનો લોપ થયેલો છે. અથવા દ્વન્દ્વ સમાસના અંતે મૂકાએલા 'ઈતિ' શબ્દનો દ્વન્દ્વના સર્વ શબ્દો સાથે સંબંધ રહે છે. નામ માત્ર સ્વરૂપરૂપ હોવાથી–જેમ 'દેવદત્તેતિ' 'દેવદત્ત' એવું નામ છે–તેની પેઠે પ્રત્યય મૂકાતો નથી. વળી 'ઈતિ' 'એવા' શબ્દનો અર્થ પ્રકાર થાય છે, તેથી એકના બીજાં પણ ઘણાં નામો છે એવો અર્થ થયો. અને એવી રીતે આ ગુણોને કાર્ય કરવા માટે સાધન તરીકે ગ્રહણ કરેલા હોવા છતાં સદા તેઓને ગ્રહણ કરેલા હોવાથી તે ઉપાધિરૂપ થયા છે. તે કારણે જેમનું (તેમનું) ભજન તે ઉપાધિમાં જ પરિણમતું હોવાથી સત્ત્વ ઉપાધિવાળાની જ સેવા કરવી એમ 'શુભ ફલો સત્ત્વ દેહવાળાથી પ્રાપ્ત થાય છે' એમ કહેલું છે. તે વિષયમાં આવો નિર્ણય છે : સેવક સેવ્યને જેવા રૂપનું જૂએ છે તેવું પોતાનું રૂપ પણ પ્રાપ્ત કરે છે. જો કે તે સાધનો[૧૩] પાપરહિત ભગવાનને અન્યથા (તેમના સ્વરૂપમાં ભેદ) કરવા શક્તિમાન નથી, છતાં પણ જીવને અન્યથા કરે છે જ. તેથી જેવા રૂપથી અથવા સાધનથી પોતાનો અન્યથા ભાવ ન થાય, તેવા રૂપવાળા ઈશ્વરની જ સેવા કરવી, કારણ કે તેથી નાશ થવાનો ભય[૧૪] રહેતો નથી. પણ જો સેવકની[૧૫] બુદ્ધિ તે રૂપની ઉપાધિમાં પરિણમતી ન હોય, તો જેમ બ્રહ્મજ્ઞાનીઓ કરે છે તેમ હરકોઈની સેવા કરવામાં પણ કાંઈ પણ

ચિંતા નથી, કારણ કે ''તેમની જેમ-જેમ ઉપાસના કરે છે'' એ વાક્યથી તેવો નિર્ણય કરેલો છે. 'શ્રેયાંસિ' એટલે શુભ ફલો. 'તત્ર' 'તે પૈકી,' એટલે ભજન કરવારૂપ સ્વરૂપો પૈકી, 'ખરેખર' શબ્દથી સંમતિ દર્શાવેલી છે. તર્કસહિત તે જણાવેલી છે. 'સત્ત્વ દેહવાળા' શબ્દમાંના દેહ શબ્દથી ઉપાધિ દૃઢ હોવાનું કહેલું છે. 'મનુષ્યોનાં' એટલે સાધારણ જીવોના. નિશ્ચિત કરેલા[16] જીવોને તો તે રૂપ સાથે ઉપાધિ[17] રહે છે, તેથી સર્વ યોગ્ય છે.૨૩

૫.ચૈતન્યના સ્વરૂપમાં ભેદ થાય એમ માનનાર આ શંકા કરે છે. 'પુરુષ' એટલે શરીરવાળો.(પ્ર)
૬.સાંખ્યો કાર્યેશ્વરવાદી છે, તેઓનો મત એવો છે કે ઈશ્વરને સદા પ્રકૃતિ સાથે સંબંધ છે.(પ્ર)
૭.'બીજાઓ' એટલે પતંજલિના મત્તવાળા અને માયાવાદીઓ.(પ્ર)
૮.ઉપાધિને લીધે થયેલા ભયથીજ.(પ્ર) ૯.અક્ષરના એક ભાગરૂપ કૂટસ્થ ચૈતન્ય.(પ્ર)
૧૦.'પ્રકૃતિ અને પુરુષ વિના કાર્ય થતું જોવામાં આવતું નથી, તેથી સાધનરૂપ તે બે વિના તે બે બનાવી શકાય નહીં, તેથી તે બે નિત્ય હોવાનું માનવું જોઈએ. તેથી સાંખ્યમત યોગ્ય છે. જો ભ્રમથી તેમનો સંબંધ થવાનું માનો તો માયાવાદીઅનો મત યોગ્ય છે' એવી શંકા દૂર કરવા આ દૃષ્ટાંત કહેલું છે. પુરુષ અને પ્રકૃતિ વિના તે બે બનાવાય છે એમ આ દૃષ્ટાંતથી કહે છે.(પ્ર)
૧૧.પણ પ્રકૃતિ અને પુરુષ રચવમાં તેમની જરૂર નથી એ અધ્યાહાર છે.(પ્ર)
૧૨.'આટલાથી' એટલે તે (બે) ઉત્પન્ન થયા પછી તેમનો સંબંધ હોવાથી.(પ્ર)
૧૩.'તે સાધનો' એટલે સત્ત્વ વિગેરે સાધનો.(પ્ર)
૧૪.સત્વ ઉપાધિ સ્થિતિ કરાવનારી હોવાથી તેવો ભય રહેતો નથી.(પ્ર)
૧૫.આ ભાગથી મુખ્ય પક્ષ કહેલો છે. ૧૬.અમુક ઉપાધિવાળા સ્વરૂપનેજ ભજવા મુકરર થયેલા.
૧૭.જેને ભજે છે, તેમની સાથે તેમની હોય તે જ ઉપાધિ તેમને પણ રહે છે. તેથી તે (સ્વરૂપ) ને ઉપાધિ દૂર થતાં (ભગવાનનું) સાયુજ્ય પ્રાપ્ત થાય, ત્યારે તેને ભજનારની ઉપાધિ પણ દૂર થાય છે, પરંતુ તે પહેલાં દૂર થતી નથી.(પ્ર)

આ અર્થ ગૂઢ હોવાથી[1] નીચેના શ્લોકમાં દૃષ્ટાંત કહે છે :

**પાર્થિવાદ્દારુણોઽધૂમઃ તસ્માદ્અગ્નિઃ ત્રયીમયઃ ।**
**તમસસ્તુ રજસ્તમાત્ સત્ત્વં યદ્બ્રહ્મદર્શનમ્ ।।૨૪।।**

પાર્થિવ કાષ્ઠમાંથી ધૂમાડા રહિત અગ્નિ અને તેમાંથી વૈદિક કર્મમાં ઉપયોગી અગ્નિ ઉત્પન્ન થાય છે. જે તમસ્ (બ્રહ્મ) માંથી રજસ્ (બ્રહ્મ) અને તેમાંથી સત્ત્વ (બ્રહ્મ), જેનાથી બ્રહ્મનો અનુભવ થાય છે તે (ઉત્પન્ન થાય છે).૨૪

પ્રકાશની[2] જેને જરૂર હોય તે તેજ શોધે છે. તેમા[3] પણ અગ્નિથી પ્રાપ્ત થઈ શકે તેવા (તેજો) માટે અગ્નિ શોધાય છે. લોકમાં તે (અગ્નિ) કાષ્ઠોમાં રહેલો છે અને તે કાષ્ઠો વળી પૃથ્વીનાં બનેલાં હોય છે. તેઓનું પૂર્વરૂપ[4] પૃથ્વીનો સંબંધ, એટલે વૃક્ષનું સ્વરૂપ છે. ત્યાં કાપીને સૂકવવાથી કાષ્ઠપણું થાય છે. જલના ભાગથી તે ધૂમાડો ઉત્પન્ન કરે છે, અને તેજના અંશથી અગ્નિ ઉત્પન્ન કરે છે એમ[5] છે. તેમાં[6] પણ અલૌકિક આહવનીય અગ્નિ વિગેરેને દેવતાનો સંબંધ થતાં તે વેદમાં ઉપયોગી જણાવેલ અગ્નિ થાય છે.

૧.સ્વરૂપ એક હોવા છતાં ઉપાધિ જૂદી હોવાથી ફલમાં ભેદ થાય છે એવો અર્થ, ઉપાધિ કાર્ય કરાવનારી ન હોવાથી સંદેહને લીધે જાણી શકાય તેવો નથી. તેથી દૃઢ ઉપાધિ હોવાથી જૂદું જૂદું કાર્ય ઉત્પન્ન થાય છે એ વિષયનું દૃષ્ટાંત કહે છે.(પ્ર)

૨.'પ્રકાશાપેક્ષિણઃ' પાઠ છે ત્યાં 'પ્રકાશાપેક્ષિણામ્' પાઠ હોવો જોઈએ એમ જણાય છે.

૩.'તેમાં પણ' એટલે પ્રકાશ શોધવામાં પણ.(પ્ર) ૪.તેજની દૃઢ ઉપાધિરૂપ કાષ્ઠનું પૂર્વ રૂપ.(પ્ર)

૫.જૂદી જૂદી ઉપાધિ હોય ત્યારે જૂદાં જૂદાં કાર્ય કરે છે.(પ્ર)

૬.જેની ઉપાધિ કાષ્ઠ છે તે અગ્નિમાં પણ એવી રીતે તેજની દૃઢ ઉપાધિ બનેલાં કાષ્ઠ પોતાની અંદરની જૂદી જૂદી ઉપાધિથી વેદમાં ઉપયોગી અગ્નિ સુધીનાં હલકાં મધ્યમ અને ઉત્તમ કાર્ય કરે છે.(પ્ર)

તેમાં[૭] લોકમાં અમુક સમય પછી અગ્નિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય ત્યારે લીલાં ભૂમિના સંબંધવાળાં કાષ્ઠનો સંગ્રહ કરે છે. [૮]તે 'પાર્થિવ' શબ્દથી કહેલ છે. તેમાંથી ધૂમાડારહિત સૂકું કાષ્ઠ થાય છે. ત્યાર પછી તે સળગતાં અગ્નિ થાય છે. ત્યાર પછી પરલોકમાં પ્રકાશ થાય તે માટે વૈદિક કર્મમાં ઉપયોગી અગ્નિ થાય છે. તેથી પહેલાનું[૯] રૂપ માટીના પીંડા સરખું કાષ્ઠ છે, અને છેવટનું આહવનીય અગ્નિ છે.

અથવા જલ[૧૦] હોય ત્યારે અગ્નિના આધાર થવાપણું જ કાષ્ઠ કરાવે[૧૧] છે. ધૂમાડો સૂકવે છે, અગ્નિ પકવે છે. એવી રીતે તેજની જ ઉપાધિના ભેદથી ઘડાને જૂદા-જૂદા ઉપકાર પ્રાપ્ત થાય છે. તેવી રીતે બ્રહ્મ પણ તમોગુણની ઉપાધિથી લોકમાં ભોગ પ્રાપ્ત કરાવે છે. રજોગુણની ઉપાધિથી કર્મ અને સત્ત્વગુણની ઉપાધિથી જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. 'જે બ્રહ્મ' શબ્દથી પહેલાં[૧૨] કહેલું (બ્રહ્મનું) રૂપ કહેલું છે. જે બ્રહ્મ તમસ્ છે, તેમાંથી જે બ્રહ્મ રજસ્ છે તે ઉત્પન્ન થાય છે. તે ઉત્તમ છે. તેમાંથી પણ સત્વ બ્રહ્મ થાય છે. તે તો જ્ઞાનરૂપ જ હોવાથી તેનાથી 'દર્શનમ્' બ્રહ્મનો અનુભવ થાય છે. નજીક અને દૂર[૧૩] (એવા ભાવ) થી આ કહેલું છે. આથી એમ કહેલું છે કે ઉપાધિ સાથેનું બ્રહ્મ પણ જૂદું કાર્ય[૧૪] કરે છે.

ગયા (૨૩મા) શ્લોકમાં જીવના મુખ્યપણાથી ત્રણ પ્રકાર કહ્યા. આ શ્લોકમાં તો બ્રહ્મના મુખ્યપણાથી કહ્યા, એવો ભેદ છે.૨૪

૭.ઉપર પ્રમાણે અર્થ કરતાં ઉપાધિ જ કાર્ય કરે છે, પણ જેની તે ઉપાધિ છે તે કાર્ય કરતું નથી એમ જણાય છે, તેથી અહીંથી જૂદા પ્રકારે અર્થ કરે છે.(પ્ર)

૮.સામાન્ય (કાષ્ઠ)ના અર્થમાં 'તત્' નપુંસકનો પ્રયોગ કરેલ છે.(પ્ર)

૯.'પહેલાનું રૂપ' એટલે અગ્નિનું પ્રાથમિક રૂપ.(પ્ર)

૧૦.ઉપર બીજી રીતે અર્થ કરતાં પણ પ્રાથમિક રૂપ ઉપકાર કરનારું થતું નથી. તેથી અહીંથી ત્રીજી રીતે અર્થ કરે છે.(પ્ર)

૧૧.ઘણું જલ થોડા અગ્નિનો નાશ કરનારું હોવાથી, લીલા કાચા ઘડામાં જલનો ભાર હોવા છતાં, કાષ્ઠ તે ઘડાને અગ્નિના આધારવાળો કરે છે.(પ્ર)

૧૨.'ઉપર કહેલું' એટલે દૃઢ ઉપાધિવાળું રૂપ.(પ્ર)

૧૩.સત્વ ઉપાધિ નજીકથી (થોડા સમયમાં), બીજી દૂરથી (લાંબા સમયે) અનુભવ કરાવે છે, એવો અર્થ જણાય છે. ૧૪.'કાર્ય' એટલે સેવકનું કાર્ય.(પ્ર)

આ વિષયમાં નીચેના શ્લોકથી સદાચારનું પ્રમાણ જણાવે છે :

**ભેજિરે મુનયોઽથાઽગ્રે ભગવન્તમ્ અધોક્ષજમ્ ।**
**સત્ત્વં વિશુદ્ધં ક્ષેમાય કલ્પન્તે યેઽનુ તાન્ ઈહ ।।૨૫।।**

પહેલાં મુનિઓએ પાછળથી ઈંદ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી તેવા વિશુદ્ધ સત્ત્વરૂપ ભગવાનનું ભજન કરેલું. જેઓ તેઓને અનુસરનારા છે તેઓ અહીં કલ્યાણ પ્રાપ્ત કરવા યોગ્ય થયા છે.૨૫

(મુનિઓ) પોતાના માટેના ભજનમાં, ભગવાનનું જ ભજન કરેલું. ('ભેજિરે' ક્રિયાપદ) આત્મનેપદનું બહુવચનમાં છે તેથી દઢ સદાચાર જણાવ્યો છે. 'મુનિઓ' શબ્દથી ભજન કરનારામાં દોષ ન હોવાનું કહેલું છે. મનન સુધીના પદાર્થોનું આચરણથી સત્ત્વ કહેલ[1] છે. 'પાછળથી' શબ્દથી અજ્ઞાનદશામાં તેવું ભજન કર્યું ન હતું એમ જણાવ્યું છે. મુનિઓ થઈને મનન કર્યા પછી ભજન કરેલું એવો અર્થ છે. ''પહેલાં કૃતયુગમાં'' એ વાક્ય પ્રમાણે 'પહેલાં' એટલે સત્યયુગમાં. 'ભગવાન' અને 'અધોક્ષજ'='ઈંદ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી તેવા' એ બે શબ્દોથી બ્રહ્મરૂપપણું અને અલૌકિક રૂપપણું અનુક્રમે કહેલાં છે. ઉપાધિ મુખ્ય છે એમ જણાવવા માટે 'સત્ત્વમ્' એમ એ બે શબ્દો સાથે એક વિભક્તિમાં[2] મૂકેલ છે. 'વિશુદ્ધ' વિશેષણથી બ્રહ્મા વિગેરેમાં રહેલું સત્ત્વ આ નથી એમ જણાવ્યું છે. તેઓને શું ફલ પ્રાપ્ત થયું? એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'તેઓને અનુસરનારા કલ્યાણ પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે' શબ્દથી એમ કહે છે કે તેઓનાં ફલનું શું કહેવું? તેઓના સેવકોને પણ મોક્ષ પ્રાપ્ત થાય છે. જેઓ તેઓને અનુસરનારા છે એટલે જે તેઓના સેવકો છે, અથવા તેમના માર્ગમાં રહેલા છે, તેઓ પણ કલ્યાણ એટલે સ્વરૂપાનંદ[3] પ્રાપ્ત કરવા યોગ્ય થયા છે, એવો અર્થ છે. અને તે પણ 'અહીં' જ, બીજા ભવમાં નહીં. તેથી સત્ત્વરૂપ બ્રહ્મ તરત જ શુભ ફલ પ્રાપ્ત કરાવનારું હોવાથી, તેની જ સેવા કરવી એમ કહ્યું.૨૫

૧.તેનું કાર્ય કહેવાથી, અનુમાનથી જણાવેલું છે, એવો અર્થ છે.(પ્ર)

૨.વિરુદ્ધ અર્થવાળા શબ્દો એક જ અન્વયવાળા હોય ત્યારે એક જ વિભક્તિમાં યોજાય છે. તેથી સત્ત્વ અને 'ભગવાન અને અધોક્ષજ' શબ્દો સાથે એક જ (બીજી) વિભક્તિમાં મૂકેલા છે.(પ્ર)

૩.'સ્વરૂપાનંદ' એટલે જીવાનંદ.(પ્ર)

હવે રજોરૂપ અને તમોરૂપ બ્રહ્મના પણ સેવક, ભજન અને ફલ નું સ્વરૂપ ભેદથી કહેવા માટે નીચેના શ્લોકમાં સત્ત્વરૂપ બ્રહ્મના સ્વરૂપનો અનુવાદ કરે છે. અથવા કાલ મુખ્ય હોવાથી સત્યયુગમાં સત્ત્વરૂપ બ્રહ્મનું ભજન ભલે થતું હોય, ત્રેતા વિગેરે યુગમાં તેમનું ભજન કેમ થાય? એવી શંકા થતાં નીચેનો શ્લોક કહે છે :

**મુમુક્ષવો ઘોરરૂપાન્ હિત્વા ભૂતપતીન્ અથ ।**
**નારાયણકલાઃ શાન્તા ભજન્તિ હ્યનસૂયવઃ ।।૨૬।।**

મોક્ષ ઈચ્છનારાઓ ઘોરરૂપવાળા ભૂતપતિઓને તજીને પછી ઈર્ષ્યારહિત થઈ નારાયણની શાંત કલાઓનું ભજન કરે છે.૨૬

સત્ત્વ ગુણનું ફળ મોક્ષ છે, તે જ્ઞાનથી પ્રાપ્ત થાય તેવો છે અને જ્ઞાન શાંત અંતઃકરણથી પ્રાપ્ત થાય તેવું છે. વળી ભજન કરવાયોગ્ય રૂપનું ધ્યાન કરવું જોઈએ. તે ઘોરરૂપના ધ્યાનથી ચિત્ત પણ તેવું ઘોર થાય છે. તેથી સત્ત્વમૂર્તિના જૂદાં-જૂદાં સ્વરૂપોમાં ભેદ ન હોવા છતાં, સત્ત્વમૂર્તિનાં પણ ઘોર રૂપોનો અને ઘોરરૂપવાળાં સ્વરૂપનો ત્યાગ કરીને શાંત કલાઓને ભજે છે. પહેલાં મોક્ષનાં સાધન તરીકે, કુલાચારથી અથવા શ્રદ્ધાથી રાજસ વિગેરે રૂપનું પ્રાપ્ત થયેલા ભજનને ગુણોના સ્વરૂપનું જ્ઞાન થયા પછી તજીને, પછી જુદા ક્રમથી બ્રહ્માંડની અંદર રહેલા પુરુષરૂપ નારાયણની કલાઓ એટલે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ રૂપ ધર્મના મત્સ્ય વિગેરે અવતારો અથવા રામચંદ્ર વિગેરે સ્વરૂપોનું, બીજાં સ્વરૂપો પ્રતિ દુષ્ટ બુદ્ધિ વિનાના થઈ, ભજન કરે છે એવો અર્થ છે. આ ભક્તિમાર્ગનું ભજન નથી પરંતુ જીવોને પોતાના પુરુષાર્થ પ્રાપ્ત થાય તે માટે ધર્મમાર્ગથી કરેલું ભજન છે. તેમ હોવાથી[1] સદા સંદેહ રહિત (સ્વરૂપ)નું જ ભજન કરે છે[2], નૃસિંહ વિગેરે સ્વરૂપનું ભજન કરતાર નથી. ભક્તિમાર્ગમાં તો વિષયનું[3] પ્રધાનપણું હોવાથી અને પ્રયોજન દુર્બલ હોવાથી બધાંએ રૂપો ભજન[4] કરવા યોગ્ય છે.૨૬

૧.'તેમ હોવાથી' એટલે ધર્મ હોવાથી.(પ્ર) ૨.શાંતપણાના સંદેહથી કરતા નથી, એવો અર્થ છે.(પ્ર)
૩.'વિષયનું' એટલે જેમનું ભજન કરવાનું છે તેમનું, એવો અર્થ જણાય છે.
૪.ભક્તને અભય કરાવનાર હોવાથી ભજન કરવા યોગ્ય છે.

સત્ત્વથી જુદું સ્વરૂપ હોય ત્યારે ભજનના સાધનની વસ્તુ નીચેના શ્લોકમાં કહે છે :

**રજસ્-તમઃ-પ્રકૃતયઃ સમશીલાન્ ભજન્તિ વૈ ।**
**પિતૃ-ભૂત-પ્રજેશાદીન્ શ્રિ યૈશ્વર્યપ્રજેપ્સવઃ ।।૨૭।।**

ધન, સત્તા અને પ્રજા ને ઈચ્છનારા રજોગુણી અને તમોગુણી સ્વભાવવાળાઓ નિશ્ચય પોતાની સમાન સ્વભાવવાળા પિતૃઓ ભૂતો અને પ્રજા ના ઈશ્વરો વિગેરેનું ભજન કરે છે.૨૭

શરીર, ગુણ અને સ્વભાવ ના ભેદથી ગુણો ત્રણ પ્રકારના છે. તે પૈકી સ્વભાવના ગુણો ઉલ્લંઘન થઈ ન શકે તેવા છે. શરીરના ગુણો મૂઢપણાની સ્થિતિમાં જ સર્વથી બલવાન હોય છે અને ધર્મરૂપ ગુણો તો સંગથી અને શાસ્ત્રોથી વધે છે અને ઘટે છે. તેમાં જે સારું-ખરાબ પારખવાની શક્તિવાળા હોવા છતાં, ઉત્તમ શાસ્ત્ર અને સત્સંગ ને જાણવા છતાં પણ સ્વભાવથી રાજસ અને તામસ છે તેઓ રાજસ અને તામસ નું જ ભજન કરે છે, કારણ કે ભજન મૈત્રીમાં પરિણમે છે, અને તે એકસરખા ગુણવાળામાં જ થાય છે. તેથી તેઓ પોતાની સમાન સ્વભાવવાળાને જ ભજે છે એવો નિશ્ચિત[1] અર્થ છે. તે બે (રાજસ અને તામસ)

દેવોના અનુચરો પણ તેવા છે એમ જણાવવા પિતૃઓ, ભૂતો અને પ્રજાઓ, તેઓના ઈશ્વરો એટલે કાલ શિવ અને બ્રહ્મા, જેવા–તેઓ મુખ્ય છે જેઓના–તેવા હલકા દેવોનું ભજન કરે છે. તે પૈકી શ્રાદ્ધ વિગેરેથી પિતૃઓનું ભજન અને શક્તિનું ભજન થાય ત્યારે ધનની પ્રાપ્તિ થાય છે. શિવનું ભજન થાય ત્યારે તો સત્તાની પ્રાપ્તિ થાય છે, પ્રજાના ઈશ્વર બ્રહ્માનું ભજન થાય ત્યારે પ્રજાની પ્રાપ્તિ થાય છે. તેમાં પણ ઈચ્છેલી હોય તેવી જ પ્રાપ્તિ તો દુર્લભ છે કારણ કે પ્રાપ્તિ કરાવનારા તામસ છે.૨૭

૧.આ 'વૈ' 'નિશ્ચય' શબ્દનો અર્થ છે.(પ્ર)

એવી રીતે તર્ક સાથે સત્ત્વમૂર્તિનું ભજન કરવાનું સિદ્ધ કરીને, તે વિષયમાં સર્વ પ્રમાણો અને સાધનોની સમાપ્તિ તે સત્ત્વમૂર્તિમાં જ થાય છે એમ નીચેના બે શ્લોકોથી કહે છે :

**વાસુદેવપરા વેદા વાસુદેવપરા મખાઃ ।**
**વાસુદેવપરા યોગા વાસુદેવપરાઃ ક્રિયાઃ ।।૨૮।।**
**વાસુદેવપરં જ્ઞાનં વાસુદેવપરં તપઃ ।**
**વાસુદેવપરો ધર્મો વાસુદેવપરા ગતિઃ ।।૨૯।।**

દેવો વાસુદેવપરાયણ છે. યજ્ઞો વાસુદેવપરાયણ છે. યોગો વાસુદેવપરાયણ છે. ક્રિયાઓ વાસુદેવપરાયણ છે. જ્ઞાન વાસુદેવપરાયણ છે. તપ વાસુદેવપરાયણ છે. ધર્મ વાસુદેવપરાયણ છે. ફલ વાસુદેવપરાયણ છે.૨૮,૨૯

પ્રથમ અધિકારમાં તર્ક પ્રધાન હોવાથી સર્વ ગુણમય છે એવું જ્ઞાન મુખ્ય છે. તેથી સર્વે સત્ત્વપરાયણ છે એવું જ્ઞાન મુખ્ય છે. તે પૈકી વેદ સાત્ત્વિક પ્રમાણ છે. અને યજ્ઞો સાત્ત્વિક છે. યોગો અને સ્નાન વિગરે ક્રિયાઓ, જ્ઞાન, તપ, આચાર અને સ્વર્ગ સાત્ત્વિક છે. સાત્ત્વિક સિવાય બીજાનું મુખ્યપણું જણાવનારાં શાસ્ત્રો તો પ્રમાણ નથી, પરંતુ રાજસ અને તામસ છે. એવી રીતે સાધનો પણ (બીજાનું મુખ્યપણું જણાવનારાં રાજસ અને તામસ છે). એવી રીતે સર્વ સાત્ત્વિક સ્થિતિવાળાં કરવાં, એવો પ્રથમ અધિકાર છે. આ જ મધ્યમ અધિકારમાં અને ઉત્તમ અધિકારમાં જૂદા પ્રકારનાં કહેવાનાં છે, અને આ બધાં અંતઃકરણને પવિત્ર કરનારાં અને સુખરૂપ ફલ આપનારાં હોવાથી સત્ત્વપરાયણ છે. સુખ સાત્ત્વિક હોવાથી શુદ્ધ અંતઃકરણમાં પ્રકાશેલો બ્રહ્માનંદ પણ સાત્ત્વિક છે. વેદ, સાંખ્ય, યોગ, પશુપતિ અને વૈષ્ણવ નામનાં બધાં પાંચ શાસ્ત્રો મુખ્ય છે, અને ધર્મશાસ્ત્ર બધાનું અંગ થયેલ છે. તે પૈકી આ[1] વૈષ્ણવ શાસ્ત્ર છે. બીજાના મતનું નિરૂપણ કરીને કહેલ પશુપતિ મત તો ઈચ્છેલા સ્વરૂપમાં હોય ત્યારે પ્રમાણ છે, પરંતુ સંપૂર્ણ પ્રકારે પ્રમાણ નથી. છતાં જ્યાં સુધી બીજા[2] ત્રણ શાસ્ત્રો અને ધર્મ શાસ્ત્રો એક અર્થવાળા ન થાય ત્યાં સુધી વૈષ્ણવ શાસ્ત્ર દઢ ન થાય તેથી તે બધાં એક અર્થવાળા હોવાનું કહેવાય છે. તે પૈકી પ્રથમ વેદ અને વેદના અર્થરૂપ યજ્ઞ છે. તેવાં યોગશાસ્ત્ર અને યમ વિગેરે છે. તેવા સાંખ્ય અને તેમાં કહેલ ઉત્તમ સાધન તપ છે, અને તેવું ધર્મશાસ્ત્ર અને તેમાં કહેલ ઊંચું

ફલ સ્વર્ગ છે. તેથી આ સર્વ વાસુદેવપરાયણ[3] છે, એવો અર્થ છે.૨૮-૨૯

૧.'આ' એટલે શ્રીભાગવતશાસ્ત્ર. ૨.વેદ, સાંખ્ય અને યોગ.

૩.ઉપર જણાવેલ પ્રકારે પ્રમાણ, પ્રમેય અને સાધન સત્ત્વગુણવાળા હોવાથી અને ફલ સુખના અંશવાળું હોવાથી બધાનું તાત્પર્ય વાસુદેવ છે.(પ્ર)

એ[1] રીતે તર્કસહિત ફલ અને સાધનનાં સ્વરૂપનો[2] નિર્ણય કર્યો. ત્રીજો શ્રીકૃષ્ણના અવતારના પ્રયોજનનો પ્રશ્ન- શૌનક વિગેરેનો પ્રથમ અધિકાર હોવાથી (શ્રીકૃષ્ણને બીજા) અવતારની સમાન તેઓ માનતા હોવાથી- અહીં ન કહેતાં પછી અવતારોમાં[3] જ કહેશે. પછી ''તેમનાં ઉદાર કર્મો કહો'' એ ચોથો પ્રશ્ન આવ્યો. નીચેના શ્લોકથી આરંભી પાંચ[4] શ્લોકોથી તેનો ઉત્તર કહે છે :

૧.'એ રીતે' એટલે ત્રણ પરંપરાઓથી ફલ અને સાધન જણાવીને, અને ભજન જેમનું કરવાનું છે તે જણાવીને.(પ્ર)

૨.સર્વનું કલ્યાણકારક ફલ વાસુદેવનો સાક્ષાત્કાર, અને તે પ્રાપ્ત કરવાનું સાધન ધર્મથી આરંભી કથામાં પ્રેમ થવા સુધીની આત્માની પ્રસન્નતા છે એવો નિર્ણય કર્યો.(પ્ર)

૩.અવસરની સંગતિથી અહીં કહેવું યોગ્ય ન હોવાથી અવતારો કહેતાં કહેશે.(પ્ર)

૪.પાંચમો(૩૪મો) શ્લોક શ્રીકૃષ્ણના અવતારના પ્રયોજનરૂપ પ્રશ્નનો ઉત્તર છે એવો શ્રીધરનો મત ખોટો હોવાનું આથી જણાવેલ છે, કેમકે એ શ્લોકમાં તો તે સામાન્યરીતેજ કહેલ હોવાથી આકાંક્ષા પૂર્ણ થાય નહીં. (પ્ર)

**સ એવેદં સસર્જાગ્રે ભગવાન્ આત્મમાયયા ।**
**સદસદ્રૂપયા ચાઽસૌ ગુણમય્યાઽગુણો વિભુઃ ।।૩૦।।**

તેમણે જ પ્રથમ આ જગત્ રચ્યું અને ગુણરહિત સર્વશક્તિમાન આ ભગવાને ઊંચા અને નીચા પદાર્થો ગુણવાળી પોતાની માયાથી રચ્યું.૩૦

સગુણ અને નિર્ગુણ ભગવાનમાં ભેદ નથી એમ જણાવવા ૧.સૃષ્ટિ ૨.તેમાં પ્રવેશ ૩.જૂદાં-જૂદાં રૂપ ૪.ભોગ અને ૫.રક્ષા એવી પાંચ પ્રકારની લીલાઓ અનુક્રમે પાંચ શ્લોકોથી કહેવાની છે. 'તેમણે જ' શબ્દથી એમ કહેલું છે કે સૃષ્ટિ તો ગુણરહિત[1] ભગવાને જ રચેલી છે. રજોગુણ સાથે ભળેલા ત્રણે ગુણોથી સૃષ્ટિ રચાય છે તમોગુણ સાથે ભળેલા ત્રણે ગુણોથી સંહાર થાય છે. તેવી રીતે સત્ત્વગુણ સાથે ભળેલા ત્રણે ગુણોથી પાલન થાય છે. શુદ્ધ[2] ગુણો તો તેમના અધિષ્ઠાતા દેવના શરીરરૂપ હોય છે. 'આ' જગત્ દેખાય છે તે બધું જગત્ કાર્ય છે, પરંતુ આકાશ વિગેરે નિત્ય નથી એવો અર્થ છે. 'અગ્રે' એટલે પ્રથમ. ''આમાંથી પ્રાણ મન અને બધી ઈંદ્રિયો, આકાશ, વાયુ, તેજ, જલ અને સર્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે'' એ શ્રુતિ પ્રમાણે ભગવાન પોતે જ સર્વ રચે, એ પહેલી સૃષ્ટિ છે. બીજા પણ સૃષ્ટિના પ્રકારો છે, તે નિબંધમાં કહેલા છે. 'ભગવાન' શબ્દથી એમ જણાવ્યું છે કે આ પ્રથમ સૃષ્ટિ વૈષ્ણવ શાસ્ત્રમાં જ કહેલી છે. વૈદિક શાસ્ત્ર[3] માં તો પોતાના ગુણ, પોતાની શક્તિ, કાલ, કર્મ અને સ્વભાવની સૃષ્ટિ પહેલી સૃષ્ટિ કહેલી છે. તેથી અનંત ગુણોથી પૂર્ણ ભગવાને જ પોતાની સર્વ થવાની શક્તિરૂપ માયા શક્તિથી આ પોતાના સ્વરૂપરૂપ જગત્ રચ્યું. 'ઊંચા અને નીચા પદાર્થોની

મૂર્તિરૂપ' શબ્દથી માયાનું સ્વરૂપ કહેલું છે. કારણ કે તે ઊંચા નીચા સર્વ પદાર્થોની મૂર્તિરૂપ છે તે માયામાં પોતાને 'સંયોજ્ય'[૪] પ્રકટ કરીને ભગવાન જગદ્રૂપ થાય છે. આમ હોવાથી સોનીઓ મૂર્તિઓ વિગેરે બનાવે છે તેની પેઠે સૃષ્ટિ સહેલાઈથી થાય છે, કારણ કે તે માયા ભગવાનની સમીપ રહે છે. નિદ્રા પણ[૫] ભગવાનની શક્તિ છે. તે જીવને ભગવાનની સમીપ લઈ જાય છે. તે પૈકી માયા સુધી જાય ત્યારે સ્વપ્ન થાય છે, ભગવાન સુધી જાય ત્યારે સારી ઉંઘ આવે છે, વળી તે જીવને પોતાના સ્થાને લાવે છે. વિદ્યા તો જીવને ભગવાનની સમીપ લઈ જ જાય છે, પાછો લાવતી નથી. એવી ભગવાનની શક્તિઓ અનંત છે. વેદમાં તો એમ કહેલું છે કે માયાના સાધન વિના જ બ્રહ્મ પોતાની મેળે જ પોતાને જગદ્રૂપ કરે છે. ઘડીને કરેલા[૬] અને પૂરીને કરેલા વાસણોના ભેદ જેવો વૈદિક અને પૌરાણિક જગતમાં ભેદ છે. જગત્ અસત્ય હોવાનો મત તો ખોટો છે. 'ચ' 'અને' શબ્દથી બીજા પણ સૃષ્ટિના પ્રકારો સૂચવેલા છે.

૧.મૂલ સૃષ્ટિ પ્રથમની તેવી છે, કારણ કે ગુણસહિત ભગવાનથી જ સૃષ્ટિ થયાનું કહેવું જોઈએ.(પ્ર)
૨.ઉત્પત્તિ વિગેરે ત્રણે કાર્યો ત્રણે ગુણોથી જ થતા હોઈ શુદ્ધ ગુણો કેમ જણાય? એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે.(પ્ર)
૩.વૈદિક સૃષ્ટિમાં અને વૈષ્ણવ સૃષ્ટિમાં શું ભેદ છે તે જણાવવા આ કહેલ છે, વૈદિક સૃષ્ટિ માયા કરે છે, વૈષ્ણવ સૃષ્ટિમાં તો તે માત્ર સાધન છે.(પ્ર)
૪.'સંયોજ્ય' એટલે પૂરીને (પ્ર). પોતાનું સ્વરૂપ તેમાં મૂકીને અથવા પ્રકટ કરીને.
૫.આથી 'ચ' 'અને' શબ્દનો અર્થ કહેલો છે.(પ્ર)
૬.કુંભાર કરે છે તે વાસણ ઘડીને કરેલાં છે, લાકડાનાં ફર્મા બનાવી તેમાં સીમેન્ટ નાખી જાળીઓ વિગેરે કરે છે તે પૂરીને કરેલાં છે.

ભગવાનના ધર્મો કહેવાથી હૃદયમાં પ્રકાશેલા ભગવાનને (સૂત) બહાર જોતો હોય તેમ 'આ' શબ્દથી આંગળીથી દેખાડે છે. અનંત[૭] ગુણવાળા ભગવાનના પોતાના સ્પર્શથી માયા આકૃતિરૂપ ગુણવાળી થાય છે. તેઓ ઉત્તમ મધ્યમ અને હલકા ના ભેદથી ત્રણ સમૂહવાળા હોવાથી સત્ત્વ, રજસ્ અને તમો ગુણના નામથી ઓળખાય છે, છતાં માયાનો સ્પર્શ થાય ત્યારે ભગવાનમાં ગુણોનું[૮] રૂપ થતું નથી. તેથી ભગવાન 'અગુણઃ' પ્રાકૃત ગુણોરહિત[૯] છે. ભગવાનના પોતાના સંબંધથી જ માયા કેમ ગુણવાળી થાય છે? વળી ભગવાને માયામાં પ્રવેશ કરેલો હોવા છતાં અને તે જગદ્રૂપ થયેલ હોવા છતાં ગુણરહિત કેમ રહે છે? એવા પ્રશ્નો થાય તેથી 'વિભુઃ' 'સર્વ શક્તિમાન' કહેલ છે. સર્વ શક્તિવાળા એવો અર્થ છે.૩૦.

૭.વૈદિક સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલી માયાને ભગવાનનો સ્પર્શ થતાં, તે ગુણવાળી થાય છે.(પ્ર)
૮.પૂરીને બનાવેલા વાસણના નિયમ પ્રમાણે તેવી થાય છે.(પ્ર)
૯.કારણ કે ભગવાનનો સંબંધ થઈ ગયા પછી ગુણો પ્રાકૃત થાય છે.(પ્ર)

એ પ્રમાણે 'સત્' રૂપથી જડ પદાર્થોની સૃષ્ટિ કહીને, નીચેના શ્લોકમાં 'આનંદ' રૂપથી અંતર્યામીની સૃષ્ટિ કહે છે :

**તયા વિલસિતેષ્વેષુ ગુણેષુ ગુણવાનિવ ।**
**અન્તઃ પ્રવિષ્ટ આભાતિ વિજ્ઞાનેન વિજૃમ્ભિતઃ ।।૩૧।।**

તેણે વ્યક્ત કરેલા આ ગુણોમાં ગુણવાનની પેઠે પ્રવેશ કરેલા વિજ્ઞાનથી ઝબકતા ભગવાન સર્વ તરફ પ્રકાશે છે.૩૧

તે માયાએ આકાર અર્પણ કરીને વ્યક્ત કરેલા એટલે ચિત્રેલા દેવ વિગેરેના દેહોમાં અને પ્રાણીઓમાં, 'આ' જે સર્વ તરફ ગુણો દેખાય છે તેમાં, ગુણવાનની પેઠે ભગવાને પ્રવેશ કરેલ છે. કારણ કે જૂદાં-જૂદાંને તેમના તેમનામાં રહી જ પ્રવૃત્તિ કરાવે છે. ખેરના અંગારાની રતાશની પેઠે અંદર પ્રવેશ કરીને તે જ પ્રકાશે છે. લોઢાના ગોળામાં રહેલા અગ્નિની પેઠે બહાર પણ પ્રકાશે છે. 'આ' સર્વ તરફ 'ભાતિ' પ્રકાશે છે. 'ચિત્ અને જડ અંશોની જ્ઞાનશક્તિનો તિરોભાવ થયો છે, તે પ્રમાણે અહીં (અંતર્યામીની જ્ઞાન શક્તિનો પણ તિરોભાવ) થશે' એવી શંકા થાય, તેથી 'વિજ્ઞાનથી ઝબકતા' એમ કહેલું છે. અહીં જીવને સર્વ વિષયમાં પ્રેરણા કરનાર સર્વ જાણનાર અંતર્યામી જીવના જેવા જ્ઞાનવાળા થઈ કાર્યની એકાગ્રતાથી ઝબકવા જેવું કરે તે ઝબકારો[1] તેવા ઝબકારા વાળા, એવો અર્થ છે. ૩૧

૧.'ઝબકારો' એટલે તેમના જ્ઞાનનો પ્રકાશ, આ મત પ્રમાણે જીવની પેઠે ઉપાધિને લીધે એક જ અંતર્યામી જૂદાં જૂદાં રૂપવાળા થાય છે એમ જાણવું.(પ્ર)

એ પ્રમાણે અંતર્યામીની સ્થિતિ કહીને, નીચેના શ્લોકથી જીવની સ્થિતિ કહેતાં ભગવાનની જૂદાં-જૂદાં રૂપવાળા થવાની લીલા કહે છે :

**યથા હ્યવહિતો વહ્નિઃ દારુષ્વેકઃ સ્વયોનિષુ ।**
**નાનેવ ભાતિ વિશ્વાત્મા ભૂતેષુ ચ તથા પુમાન્ ।।૩૨।।**

અને જેમ પોતાના ઉત્પત્તિસ્થાન કાષ્ઠમાં રહેલો એક અગ્નિ જુદો-જુદો હોય તેવો જણાય છે, તેવી રીતે વિશ્વના આત્મા પુરુષ ભૂતોમાં રહેલા જુદા-જુદા જણાય છે. ૩૨

''અવસ્થિતેરિતિ કાશકૃત્સ્નઃ''(બ્ર.સૂ.૧।૪।૨૨) પ્રમાણે કોઈ એક સ્વરૂપથી રહેલા ભગવાન જ જીવ છે, તેથી તેમનું સ્વરૂપ (અહીં) કહેવામાં આવે છે. જેમ કાષ્ઠોમાં અગ્નિ રહેલો છે તેમ મહાભૂતો અને મહાભૂતોના બનેલા પદાર્થોમાં જીવ રહેલો છે, અને તે એક છે. કારણ કે ઉપાધિ વિના તેના પોતામાં જૂદાઈ નથી. જેમ મથન કર્યા વિના કાષ્ઠોમાં અગ્નિ દેખાતો નથી, તેમ યોગ આચર્યા વિના અંતઃકરણમાં જીવ દેખાતો નથી. જેમ કર-ચરણ વિગેરે અવયવો શરીરથી જૂદા નથી, તેમ (આખા) મોટા કાષ્ઠમાં સર્વ સ્થલે અગ્નિ એક જ રહેલા છે, અને જ્યાં-જ્યાં મથન થાય તે સ્થલે દેખાય છે, અને તેવી રીતે જૂદો-જૂદો જણાય છે, અને તે જૂદાઈ સાચી નથી, કારણ કે મોટા કાષ્ઠમાં એક જ અગ્નિ હોવાનું સિદ્ધ થયેલું છે. તેવી રીતે ઘણા કાષ્ઠોમાં પણ એક જ અગ્નિ હોવાનું અનુમાન કરવું જોઈએ એ પ્રમાણે સર્વ દેહોમાં અને ભૂતોમાં સારી રીતે છૂપો રહેલો તે ભગવાન જીવ છે એવો 'હિ' 'નિશ્ચય' શબ્દનો અર્થ છે.

વળી જ્યાં જે પ્રકટ થાય ત્યાં તે રહેલ છે એ નક્કી છે. આ ભગવાન યોગથી અથવા જ્ઞાનથી સર્વ સ્થળે પ્રકટ થાય છે, તેથી તે ભૂતો તેમનાં ઉત્પત્તિસ્થાન છે. કાષ્ઠોમાં એકજ અગ્નિ જૂદો-જૂદો જણાય છે તેમ ભૂતોમાં એકજ ભગવાન જૂદા-જૂદા જણાય છે એવો અર્થ છે. અને વળી ભગવાન વિશ્વના આત્મા છે. 'વિશ્વ' એકવચનમાં યોજેલું હોવાથી વિશ્વનું સ્વરૂપ એકજ છે, તેનો આત્મા અનેક કેમ હોય? ઉપાધિ જૂદી-જૂદી હોવાથી જૂદા-જૂદા હોય તેવા દેખાય છે. 'ચ' 'અને' શબ્દથી મહાભૂતોના બનેલા પદાર્થોમાં જૂદા-જૂદા દેખાતા હોવાનું કહેલ છે. વળી આ પુરુષ છે. બ્રહ્માંડરૂપ દેહવાળા પોતાની મેળે પ્રકાશતા પુરુષ બ્રહ્માંડમાં સર્વ સ્થલે એકજ છે, અને બ્રહ્માંડની અંદર રહેલા મહાભૂતો અને તેમનાથી બનેલા પદાર્થો તેમના અવયવ બનેલા છે. તેઓમાં ભેદ જોવામાં આવે તો પણ પુરુષમાં ભેદ નથી. જેમ કર-ચરણ વિગેરેમાં જૂદા-જૂદા ભેદ હોવાનું જોવામાં આવે છતાં પણ તેમના અધિપતિમાં ભેદ નથી તેવી રીતે બ્રહ્માંડમાં સર્વ સ્થળે રહેલા પુરુષમાં ભેદ નથી; તેથી સર્વ સ્થલે છૂપા રહેલા એકજ પુરુષ જૂદા-જૂદા હોય તેમ દેખાતા 'જીવ' છે એમ કહેવાયું.૩૨

તે રૂપથી જ ભોગલીલા કરે છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**અસૌ ગુણમયૈઃ ભાવૈઃ ભૂતસૂક્ષ્મેન્દ્રિયાત્મભિઃ ।**
**સ્વનિર્મિતેષુ નિર્વિષ્ટો ભુંક્તે ભૂતેષુ તદ્ગુણાન્ ।।૩૩।।**

પોતે બનાવેલા દેહોમાં સારી રીતે પ્રવેશ કરીને દેહ તન્માત્રાઓ ઈંદ્રિયો અને અંતઃકરણરૂપ ગુણવાળા દ્રવ્યોથી તે તેમના ગુણોનો ભોગ કરે છે.૩૩

અંતઃકરણ, ઈંદ્રિયો, તન્માત્રાઓ અને દેહો એવા ચાર પ્રકારની ભગવાનના સદંશની સૃષ્ટિ છે. તેઓ (અંતઃકરણ વિગેરે) ત્રણ ગુણવાળા છે. તેમને ગુણવાળા કહ્યા તેથી પોતાના અંશરૂપ[1] જણાવ્યા. તેમનાથી બનાવેલા દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરેના દેહોમાં સારી રીતે પ્રવેશ કરીને, એટલે અધ્યાસ વિના રહીને વિષયોને ભોગવે છે, એટલે પોતાને અધીન કરે છે. આગળ ભોગ સ્પષ્ટ કરીશું. સાક્ષાત્ સૃષ્ટિ પહેલાં કહેલી હોવાથી અને વળી આ સૃષિટમાં માયા કરણ(સૃષ્ટિ રચવામાં સાધન) હોવાથી આટલાથી ભોગસૃષ્ટિની જૂદાઈ કહેવાઈ. અહીં તો મહાભૂતો વિગેરે ભોગના કરણ અથવા કર્તા[2] થાય છે. પોતાની અંદર બનાવેલા, પોતાના માટે બનાવેલા અથવા પોતાથી (પોતે) બનાવેલા[3] એવા દેહો વિગેરે છે.

ગુણો ત્રણ છે. તેઓ પૈકી અંતઃકરણ સાત્ત્વિક છે, ઈંદ્રિયો સાત્તિવક રાજસ છે, તન્માત્રાઓ રાજસ તામસ છે, અને દેહો તામસ છે દ્ર એવો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારનો પુરુષાર્થ પ્રાપ્ત કરવા માટે ચાર પ્રકારનો ભેદ છે. દેહથી ધર્મ, તન્માત્રાઓથી અર્થ, ઈંદ્રિયોથી કામ અને અંતઃકરણથી મોક્ષ પ્રાપ્ત કરવાના છે. જીવ તે પૈકી એકમાં મુખ્યપણાથી રહેલ હોય ત્યારે બીજા તેનાં અંગ બને છે. તેથી જ ચાર પ્રકારના પુરુષાર્થરૂપ તેમના ગુણોનો ભોગ કરે છે એમ કહેલું છે.૩૩

૧.કારણ કે ગુણો ભગવાનના અંશો છે.(પ્ર)

૨.અહીં 'ઇહ તુ' પાઠ હોય તેમ જણાય છે.(પ્ર) એવો પાઠ યોગ્ય લાગે છે, તે પ્રમાણે અર્થ કરેલ છે.
૩.સપ્તમી અને ચતુર્થી(તત્પુરુષ) હોય ત્યારે કારણ અને તૃતીયા તત્પુરુષના અર્થમાં કર્તા. એવો ત્રણ પ્રકારનો બે સૃષ્ટિઓમાં ભેદ છે.(પ્ર)

એ રીતે ભોગ ગુણવાળી લીલા કહીને, તે થઈ શકે તે માટે નીચેના શ્લોકથી પાલન કરવાના ગુણવાળી લીલા કહે છે :

**ભાવયત્યેષ સત્ત્વેન લોકાન્ વૈ લોકભાવનઃ ।**
**લીલાવતારાનુરતો દેવ-તિર્યઙ્-નરાદિષુ ।।૩૪।।**

લોકનું પાલન કરનાર ભગવાન દેવો, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરેમાં લીલા કરવા માટે કરેલા અવતારોમાં પ્રેમવાળા થઈ સત્ત્વથી લોકોનું નિશ્ચય પાલન કરે છે.૩૪.

જીવરૂપથી જૂદા નહીં એવા આ જ (ભગવાન) 'ભાવયતિ' 'પાલન કરે છે'. પાલન કરવામાં એકલો સત્ત્વગુણજ સાધન છે. 'લોકોનું' એટલે ભુવનોમાં જનરૂપ (લોકો)નું; અથવા 'સત્ત્વેન ભાવયતિ' એટલે લોકોને સત્ત્વગુણવાળા કરે છે, એવો અર્થ છે. બંનેનું પ્રયોજન[૧] 'લીલા કરવા માટે કરેલા અવતારોમાં પ્રેમ રાખી' શબ્દથી કહેલ છે. અવતારોથી દૈત્યોનો વધ કરી સર્વ લોકોનું પાલન કરે છે. અવતારો વડે ચરિત્રો કરી સર્વ લોકોને મુક્તિ પ્રાપ્ત કરાવવા સત્ત્વવાળા કરે છે.

'માત્ર સત્ત્વગુણથી મુક્તિ કેમ થાય અથવા અવતારોથી પાલન કેમ થાય?' એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે તે 'લોકભાવનઃ' છે. 'લોકૈઃ' લોકોથી 'ભાવનં' ચિંતન થાય છે જેમનું, એ મુક્તિનો પ્રકાર થયો. અવતારો રહ્યા ન હોય ત્યારે પણ તેમના ચિંતનથીજ સર્વ દુઃખ દૂર કરી પાલન કરે છે, એવો અર્થ છે. અથવા 'લોકાન્ ભાવયતિ' નો એવો અર્થ છે કે સદા લોકોના ચિંતનથી તેઓનાં જ દુઃખ દૂર કરવા અવતારો કરી તેમનું પાલન કરે છે.

તમઃ સ્વભાવવાળા હલકાં પ્રાણીઓમાં લીલા કેમ સંભવે? એવો પ્રશ્ન થાય, તેથી 'પ્રેમવાળા' એમ કહેલું છે. જેમ જીવો જૂદા-જૂદા શરીરોમાં પ્રેમવાળા હોય છે દ્ર કારણ કે પ્રેમ વિના તેવું શરીર ન હોય દ્ર તેમ તેમની પાછળ ભગવાન પોતે પણ પ્રેમવાળા થાય છે, એવો અર્થ છે. દેવ વિગેરે સત્ત્વ વિગેરે ગુણોના ભેદ છે. 'વિગેરે' શબ્દથી ભેગા થયેલા ગુણોના પ્રકારો કહેલા છે. આથી ન કહેલા હોય તેવા સર્વ પ્રાણીઓમાં પણ ભગવાનના અવતારો થતા જાણવા. 'અવતારો અગણિત છે' એમ આગળ કહેશે. દેવોમાં વામન, હલકાં પ્રાણીઓમાં મત્સ્ય વિગેરે, મનુષ્યોમાં રામ વિગેરે, મિશ્ર ગુણવાળા ઓમાં નરસિંહ એવા અવતારો છે.૩૪.

૧.આથી લીલાઓથી અને અવતારોથી પાલન કરે છે એમ જણાવ્યું, ત્રીજી વિભક્તિ લીલા અને અવતાર શબ્દો જૂદા લઈ બંનેમાં યોજવા. (પ્ર) પાલન કરે છે, અને સત્વવાળા કરે છે એ બેનું પ્રયોજન 'લીલાવતારો' શબ્દથી કહ્યું છે એમ જણાય છે.

**ઇતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવત સુબોધિનીમાં**
**પહેલા સ્કંધનો બીજો અધ્યાય સંપૂર્ણ.**

# ।। અધ્યાય ત્રીજો ।।
# શ્રીભગવાનના અવતારોનું વર્ણન

**નિરૂપિતાઃ પઞ્ચ લીલાઃ ફલ-સાધનનિર્ણયે ।**
**તૃતીયે ત્વવશિષ્ટાનામ્ અવતારાર્થધર્મિણામ્ ।।૧।।**

ફલ અને સાધનના નિર્ણયમાં પાંચ લીલાઓ[૧] કહી. ત્રીજા અધ્યાયમાં તો અવતારો[૨] (અવતાર લેવાનું) પ્રયોજન, અને ધર્મી[૩] સંબંધી નિર્ણય કહેશે. કા.૧.

**કૃષ્ણાવતારકાર્યં હિ ન સૂતો જ્ઞાતવાન્ સ્ફુટમ્ ।**
**અતઃ સાધારણં પ્રોક્તં નિર્ણયશ્ચ તથાઽધિકઃ ।।૨।।**
**ષટ્પ્રશ્નપૂરણં તેન વસ્તુતઃ પઞ્ચપૂરણમ્ ।।**

શ્રીકૃષ્ણના અવતારના કાર્યનું સૂતને સ્પષ્ટ જ્ઞાન ન હતું, તેથી અવતારોનું સાધારણ કાર્ય[૪] કહ્યું, અને તેવો નિર્ણય[૫] અધિક કહ્યો. તેથી[૬] છ પ્રશ્નોના ઉત્તર પૂરા થશે. વાસ્તવિક રીતે પાંચ[૭] પ્રશ્નોના ઉત્તર પૂરા થશે. કા.।।૨।।

૧.બીજા અધ્યાયના શ્લોક ૩૦ થી ૩૪ કહી. ૨.રામ વિગેરે અવતારો.(પ્ર)
૩.ધર્મીએટલે પુરુષ.(પ્ર) ૪.અધ્યાય ૨ શ્લોક ૩૩ માં કહ્યું.(પ્ર)
૫.અધ્યાય ૨ શ્લોક ૩૪ માં કહ્યું.(પ્ર) ૬.'તેથી' એટલે તે નિર્ણયથી.(પ્ર)
૭.કારણ કે શ્રીકૃષ્ણના અવતારનું પ્રયોજન કહેલું નથી.

અવતાર સંબંધી પ્રશ્ન(૧ ।૧।૧૮)થી જૂદો કરેલો હોવાથી નીચેના શ્લોકથી આરંભી છવીસ શ્લોકથી જૂદા અધ્યાયથી અવતારો કહે છે. **'અવતાર' એટલે નીચે આવવુ, વ્યાપિવૈકુંઠમાંથી ભગવાનનું પ્રપંચમાં પધારવું.** તે વિષયમાં જો[૧] કે અક્ષર, કાલ, કર્મ, સ્વભાવ અને તત્ત્વો માં ભગવાનનું નીચે પધારવાનું થાય છે, છતાં પણ તેઓમાં બે પ્રકાર રહેલા હોવાથી તે અવતારો નથી. અથવા 'સ્વચ્છંદપણે લીલા કરતા' એમ પ્રશ્નમાં વધારે કહેલું હોવાથી તે અવતારો નથી, કારણ કે તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે લીલા કરતા નથી.

સાક્ષાત્ અને પરંપરાના ભેદથી ભૂતલીલા બે પ્રકારની છે. બ્રહ્માંડ રચીને કરેલી અને તે રચ્યા વિના કરેલી એમ ભૌતિકલીલા પણ બે પ્રકારની છે. બ્રહ્માંડ રચીને કરેલી લીલામાં પણ, જેમ દશરથના પુત્રોમાં કોઈજ અવતાર છે અને કોઈક નથી[૨] તેમ વિશ્વ રચનાઓ જેમનામાંથી ઉત્પન્ન થાય છે તે વિરાટ કોઈક વાર બ્રહ્મશરીર અને કોઈક વાર જીવશરીર ધારણ કરે છે. તે પૈકી બ્રહ્મશરીર ધારણ કરેલ હોય ત્યારે તે વિશ્વમાં રહેલાઓને સહેલાઈથી મુક્તિ[૩] પ્રાપ્ત થાય છે. તેથી પહેલાં પાંચ શ્લોકથી પુરુષનો અવતાર કહે છે :

**સૂત કહે છે :**

**જગૃહે પૌરુષં રૂપં ભગવાન્ મહદાદિભિઃ ।**

**સમ્ભૂતં ષોડશકલમ્ આદૌ લોકસિસૃક્ષયા ।।૧।।**

આરંભમાં ભગવાને મહત્તત્વ વિગેરેથી બનેલું સોળ કળાઓવાળું પુરુષનું રૂપ લોકોને રચવાની ઈચ્છાથી ગ્રહણ કર્યું.૧

આ[૪] વિષયમાં લોક રચે તેવા અધિકારવાળો જીવ ન હોવાથી ભગવાન પોતે જ પુરુષ થયા. '' 'પુરુષ' નામનાં વિષ્ણુનાં ત્રણ રૂપો છે'' એ વાક્ય[૫] પણ આવા વિષયનું છે. 'પુરુષ' શબ્દની ત્રણ પ્રકારની વ્યુત્પત્તિ છે :

૧. 'પુરિ વસતિ' પુરમાં રહે છે તે

૨. 'પરમ્ ઉષતિ' પુરને બાળે છે તે અને

૩. 'પુરા આસ્તે' પહેલાં હતા તે.

'પુરાસ' માં 'આ' છે તેનો (પાણિનિ ૩.૧.૮૫) પ્રમાણે 'ઉ' થાય છે. આ વ્યુત્પત્તિના મત પ્રમાણે ભગવાનને શરીરનો સંબંધ થતો નથી. પહેલા (પુરિ વસતિ) મતમાં સંપ્રસારણ[૬] થાય છે અને (સ નો) 'ષ' થાય છે. (બીજી વ્યુત્પત્તિમાં) 'ઉષ્' શબ્દ બાળવાના અર્થવાળો છે. પહેલા પ્રમાણે જીવ[૭] પણ હોય, બીજા અને ત્રીજા પ્રમાણે તો ભગવાન જ [૮]હોય. તે પૈકી બીજી વ્યુત્પત્તિનો અર્થ કહે છે. કારણ કે તપેલા લોઢાના ગોળાની અંદરના અગ્નિની પેઠે પુરુષરૂપ બ્રહ્માંડમાંજ[૯] થયેલ હોવાથી બ્રહ્માંડની અંદર જ સર્વ નિર્માણ, સર્વને મુક્તિ આપવા કરે છે. આ[૧૦] બ્રહ્માંડ પુરુષની આકૃતિના આકારવાળું છે, પણ ''મારૂં ઉત્તમ રહેઠાણ'' એ વચન પ્રમાણે પુરુષ નથી. શુદ્ધ સત્ત્વરૂપ શરીરની પેઠે તત્ત્વોએ બનાવેલું પુરુષનું રૂપ ભગવાને પોતે ગ્રહણ કર્યું. આ સૃષ્ટિ રચનાર અધિકારી[૧૧] જ નથી એમ જણાવવા 'ભગવાન' શબ્દ યોજેલ છે. જલની અંદર બીજમાંથી ઉત્પન્ન થયેલું[૧૨] આ બ્રહ્માંડ નથી એમ જણાવવા 'મહત્તત્વ વિગેરેથી બનેલું' એમ કહેલું છે. મહત્તત્વ, અહંકાર અને પાંચ તન્માત્રાઓ એ સાતથી બનેલું અને અગીઆર ઈંદ્રિયો અને પાંચ મહાભૂતો એ સોળ કલાઓવાળું રૂપ ગ્રહણ કર્યું. એ પ્રમાણે પ્રકૃતિથી થયેલ સમૂહ ત્રેવીસ પ્રકારનો છે. આ સૃષ્ટિમાં[૧૩] પ્રકૃતિ અને પુરુષ ભગવાન પોતે જ થાય છે. તેથી કોઈ તત્ત્વ બાકી[૧૪] રહેતું નથી, કારણ કે આ પહેલી સૃષ્ટિ છે, કારણ કે બીજી વિગેરે સૃષ્ટિઓમાં અધિકારી[૧૫] પુરુષો સહેલાઈથી પ્રાપ્ત થાય તેમ છે. 'લોકોને રચવાની ઈચ્છાથી' શબ્દથી અવતારનું પ્રયોજન કહેલું છે. લોકો તો પુરુષના પોતાના ઉદરમાં રહેલા હોય છે. તેઓની સૃષ્ટિ અને પોતાના ઉદરમાં સ્થિતિ એ બે જે પ્રકારે થાય તેમ કરવા માટે ભગવાને બ્રહ્માંડરૂપ દેહ ગ્રહણ કર્યો.૧

૧.અવતારની કથાના પ્રશ્નનો ઉત્તર પુરુષના અવતારથી જ શરૂ કરવાનું કારણ અહીંથી કહે છે. અક્ષર ભગવાનનું પરમ ધામ છે અને વ્યાપિવૈકુંઠરૂપ છે. તેનાં આધ્યાત્મિક અથવા આધિભૌતિક રૂપ પ્રકૃતિ તથા પુરુષને ઉત્પન્ન કરનારાં છે, અને તેમના અંશ કાલ, કર્મ અને સ્વભાવ છે, તેમનાં કાર્યો તત્ત્વો છે 'મહદ્ બ્રહ્મ મારી યોનિ છે, તેમા હું ગર્ભ મૂકું છું', 'કાલરૂપથી અવતરેલો છે' એ વાક્યો પ્રમાણે તેઓમાં પણ ભગવાન અવતરણ કરે છે, છતાં પણ તે યોનિરૂપ અને અધિકારીરૂપ એવા બે પ્રકારનું હોવાથી અવતારો નથી.(પ્ર)

૨.ભારતમાં સભાપર્વમાં યમની સભામાં દશરથના પુત્ર રામ હોવાનું કહેલ હોવાથી, કોઈક કલ્પમાં રામ અવતાર નથી એવો અર્થ છે.(પ્ર)
૩.ભગવાન હોઈ જ્ઞાન વિગેરે આપીને પણ મુક્તિ કરાવે તેથી સહેલાઈથી પ્રાપ્ત થાય.(પ્ર)
૪.પુરુષ બ્રહ્મશરીરવાળા કેમ છે તેનું કારણ અહીંથી દર્શાવે છે.(પ્ર)
૫.આ વાક્યથી પુરુષ બ્રહ્મશરીરવાળા હોવાનું પ્રમાણ કહેલું છે.(પ્ર)
૬.'પુરા અસ્તે' -પુરા+આસ્=પુરાસ્. 'આ' નો 'ઉ' થતાં 'પુરુસ'. 'સ'નો 'ષ' સંધિના નિયમ પ્રમાણે થતાં 'પુરુષ' થાય છે.
૭.પુરિ વસતિ=પુર્+વસ્= 'વ' નો 'ઉ' થાય તે સંપ્રસારણ કહેવાય છે. તેથી પુર્+ઉસ્=પુરુસ. 'સ' નો સંધિ કરતાં 'ષ' થતાં પુરુષ થાય છે.
૮.કારણ કે જીવ પણ 'પુરિ' શહેરમાં (અથવા દેહમાં) વસવાનું સંભવે છે.(પ્ર)
૯.કારણ કે (પુરિ) જગતની ઉત્પત્તિ પહેલાં હોવાનું તથા પુરનેબાળવાનું જીવમાં અસંભવિત છે.(પ્ર)
૧૦.અહીં બીજી વ્યુત્પત્તિ પ્રમાણે જ' પુરુષ' થયેલ છે એમ આથી કહેલ છે. પ્રકરણ પ્રમાણે સર્વને મુક્તિ આપવા જ અવતારની કથા સંબંધી પ્રશ્ન કરેલ હોવાથી, તેવા અર્થવાળો જ ઉત્તર હોવો જોઈએ.(પ્ર)
૧૧.'પૌરુષં' એટલે પુરુષસંબંધી, એટલે પુરુષના જેવું, પણ પુરુષ જ નહીં. જો ત્રીજી વ્યુત્પત્તિ પ્રમાણે પુરુષ થયા હોત, તો અંતર્યામીની પેઠે બ્રહ્માંડમાં પ્રવેશ કરત. અહીં તો પુરુષે સર્વ નિર્માણ કર્યું ભોગ કર્યો, તેથી બીજી વ્યુત્પત્તિ પ્રમાણે જ પુરુષનું રૂપ ગ્રહણ કર્યું છે.(પ્ર)
૧૨.સૃષ્ટિ રચનાર અધિકારી જીવ નથી.(પ્ર)
૧૩.આવા બ્રહ્માંડનું નિરૂપણ ૩-૬-૬ થી ૮ શ્લોકોથી કરેલું છે.(પ્ર)
૧૪.એમ ૨૩ તત્વો થતાં સત્વ વિગેરે ત્રણ ગુણો તથા પુરુષ ન હોવાનું રહે, તે હોવાનું આ વાક્યથી જણાવે છે.(પ્ર)
૧૫.તત્વો ૨૩, ત્રણ પ્રકૃતિના ગુણો, પુરુષ અને પોતે એમ અટ્ઠાવીસ તત્વો થતાં કાંઈ તત્વ બાકી રહેતું નથી, એવો અર્થ છે.(પ્ર)　　૧૬.બ્રહ્મા વિગેરે.(પ્ર)

પુરુષનો દેહ ગ્રહણ કર્યો ન હોત તો શું અયોગ્યતા થાત? કેવા પુરુષ લોકની રચના કર્તા છે? એવા પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છે :

**યસ્યામ્ભસિ શયાનસ્ય યોગનિદ્રાં વિતન્વતઃ ।**
**નાભિહ્રદામ્બુજાદ્ આસીદ્ બ્રહ્મા વિશ્વસૃજાં પતિઃ ।।૨।।**

જલમાં શયન કરતા અને યોગનિદ્રાનો વિસ્તાર કરતા જેમની નાભિરૂપ સરોવરમાંથી નીકળેલા કમળમાંથી વિશ્વ રચનારાઓના પતિ બ્રહ્મા ઉત્પન્ન થયા.૨

આ બ્રહ્માના દિવસે-દિવસે થતા[1] પ્રલયમાં કરેલું શયન નથી, પરંતુ વૈષ્ણવ તંત્રોમાં કરેલું ચતુર્મૂર્તિની સૃષ્ટિના કારણ થયેલ નારાયણનું શયન છે. 'ઉદાર ગુણોના સમુદ્ર હતા' વિગેરે વાક્યોમાં તે કહેલું છે. કારણ કે તે પોતાના ઉદરમાં રહેલા જીવોનું નિર્માણ કરે છે. તે ઉદરમાંથી સંપૂર્ણ રીતે બહાર નીકળે તો સાયુજ્ય[2] સૃષ્ટિની પેઠે અયોગ્ય થાય. તેથી બ્રહ્માંડરૂપ બીજું ભૂમંડલ ઉત્પન્ન કરીને તેમાં સર્વને બનાવે છે.

'શયન કરતાં શયન તજીને સૃષ્ટિ રચે તેમાં ઘણો કલેશ થાય' એવી શંકા થાય તેથી

'જલમાં શયન કરતા' વિશેષણથી એમ કહેલું છે કે શયન કરતા પુરુષમાંથી જ સર્વ ઉત્પન્ન થયું. ભગવાન સૂતેલા જ રહ્યા. 'જલમાં' શબ્દથી શય્યા શીતળ અને કોમળ હોવાનું સૂચવ્યું. 'શયન' એટલે પોતાનાં સ્વરૂપને ભૂલીને માયાની અથવા ભગવાનની સમીપ જવું. તે ભગવાનમાં કેમ સંભવે? એવી શંકા થાય, તેથી 'યોગનિદ્રાનો વિસ્તાર કરતાં' એમ કહેલું છે. કારણ કે ભગવાન વાસ્તવિક રીતે સૂતા નથી, અને (તેમની) યોગ થયેલી કોઈ એક નિદ્રા શક્તિ છે. તે જીવોના દુઃખનો નાશ કરનારી છે, અને પોતાની (ભગવાનની) સમીપ જીવોને લાવે છે, અને છૂપાંને[3] પ્રકટ કરે છે. તે ઝીણી થયેલીનો પોતાનાં સ્વરૂપમાં વિસ્તાર કરીને, સૃષ્ટિ રચવામાં ઉપયોગી થાય તે માટે મોટું કાર્ય કરી શકે તેવી તેને કરે છે. એવો અર્થ છે. તેને[4] માટે પ્રયત્ન કરનારાઓથી જ સૃષ્ટિ રચાય છે એવો ભાવ છે. તેવું ભગવાનમાં પણ થયું એમ ઉત્તરાર્ધથી કહે છે. ઉદરમાં રહેલું છે જગત્ એમ જણાવવા 'નાભિ' શબ્દ યોજેલ છે. કમલ સૂકાય તેવું નથી એમ જણાવવા 'સરોવર' શબ્દ યોજેલ છે. અને કમલ ત્રણ લોકરૂપ છે તેથી ભગવાનનું માહાત્મ્ય પણ સૂચવાયું. બ્રહ્મા પહેલું કાર્ય બનાવેલ પદાર્થ હોવાથી, તેમને 'બ્રહ્મ' શબ્દથી કહેલા છે. પરંતુ જગત્ રચવામાં સ્વતંત્ર છે એમ જણાવવા નરજાતિના કહેલા છે. બ્રહ્મામાંથી મરીચિ વિગેરે પણ ઉત્પન્ન થયા, અને આ (બ્રહ્મા) તેઓને આજ્ઞા કરનાર થયા, એમ 'વિશ્વ રચનારાઓમાં પતિ' શબ્દોથી કહેલું છે. 'પતિ' શબ્દથી એમ સૂચવેલ છે કે તેમની આજ્ઞા ઉલ્લંઘન થઈ શકે તેવી નથી. ૨

૧. બ્રહ્મ કલ્પ (બ્રહ્મના દિવસ) ના અંતે નૈમિત્તિક પ્રલય થાય છે તે. (પ્ર)

૨. સાયુજ્ય થયા પછી જેમનું સાયુજ્ય થયેલું હોય તેમની ફરીથી સૃષ્ટિ થાય તેની પેઠે. (પ્ર)

૩. તે નિદ્રા યોગરૂપ હોવાનું આથી સ્પષ્ટ કરે છે. જેમ યોગ ગુપ્તને પ્રકટ કરે છે તેમ આ (નિદ્રા) સુષુપ્તિમાં પ્રાજ્ઞસંબંધી આનંદ થાય તેને પ્રકટ કરે છે. (પ્ર)

૪. 'તેને માટે' એટલે આનંદ માટે, અથવા યોગ માટે. (પ્ર)

આ બીજા શ્લોકથી એમ કહ્યું કે પોઢેલા ભગવાનમાંથી જ સર્વ લોકો ઉત્પન્ન થયા. 'લોક' શબ્દનો અર્થ ભુવન હોવાથી અને તે ભુવનો જડ હોવાથી પોતાની મેળે ઉત્પન્ન થાય નહીં અને પોઢેલાથી તેમને ઉત્પન્ન કરવાનું અશક્ય છે દ્ર એવી શંકા કરીને તે લોકોનું સ્થાન કહેવા માટે નીચેના શ્લોકથી એમ કહે છે કે પુરુષના શરીરના સ્થૂલ અવયવો જ ભુવનના પ્રકારના થયા :

**યસ્યાવયવસંસ્થાનૈઃ કલ્પિતો લોકવિસ્તરઃ ।**
**તદ્ધ ભગવતો રૂપં વિશુદ્ધં સત્ત્વમ્ ઊર્જિતમ્ ।।૩।।**

જેના અવયવોની સ્થિતિઓથી લોકોનો વિસ્તાર વિચારાએલો છે તે ભગવાનનું રૂપ ખરેખર ખીલી ઉઠેલા વિશુદ્ધ સત્ત્વરૂપ છે. ૩

અને તે[1] નિપુણતાથી મધ્ય સ્થિતિમાં[2] રહેલો છે એમ જણાય છે. વાસ્તવિક[3] રીતે તો તે બીજરૂપ સર્વમાં રહેલ સર્વ કાર્યોમાં પ્રવેશેલ છે. આ દેહ ઊપરના ગોલરૂપ છે. જેવી-જેવી

રીતે રહેલા જે-જે અવયવો થી જે-જે લોકો થયા તે આગળ ''આમના ચરણનું મૂલ પાતાલ છે...'' (૨।૧।૨૬)થી આરંભી કહેશે. શરીરમાં લોકો રચાય ત્યારે લોકો અલ્પ હશે એવી શંકા થાય, તે 'વિસ્તાર' શબ્દથી ખોટી ઠરાવે છે.

એવી રીતે ભુવનો અને જનો નાં નિર્માણથી અવતાર લેવાનું પ્રયોજન કહીને, 'બીજાં બ્રહ્માંડો પેઠે આ પણ માત્ર જડ જ હશે' એવી શંકા થાય તેથી ઉત્તરાર્ધથી ઉપસંહાર કરવા પહેલાં કહેલું ભગવાનનું રૂપ ફરી કહે છે. 'તે' એટલે પહેલાં કહેલું બ્રહ્માંડરૂપ. 'વૈ' 'ખરેખર' શબ્દથી તેની યોગ્યતા[૪] કહેલી છે. તે ભગવાનનું જ રૂપ છે, બીજું કાંઈ નથી, એવો અર્થ છે.

૧.'તે' એટલે વિરાટ્ દેહ.(પ્ર)

૨.વૃક્ષની સ્થિતિમાં અથવા ગર્ભની સ્થિતિમાં એવો અર્થ જણાય છે. બીજ પહેલાંની સ્થિતિ, વૃક્ષ મધ્યની સ્થિતિ અને ફળ છેવટની સ્થિતિ. બીજ-વીર્ય પહેલાંની, ગર્ભ મધ્યની અને દેહ છેવટની સ્થિતિ.(પ્ર)

૩.ગર્ભ અંદર રહેલો હોય છે, તેથી અહીં પણ તેવું જણાય તો 'અવયવોની સ્થિતિથી લોકોનો વિસ્તાર વિચારાએલો છે' એનો વિરોધ થાય, તેથી આ કહેલ છે.

૪.બીજરૂપ હોવાની યોગ્યતા. તેથી ભગવાનનું બીજ હોવાથી તે ભગવાનનું રૂપ છે એવો ભાવ છે.(પ્ર)

ભગવાનને પ્રાકૃત રૂપ જ નથી અથવા તેમનું રૂપ શુદ્ધ સત્ત્વરૂપ હોય તેથી બ્રહ્માંડ તેમનો દેહ હોવાનું કેમ સંભવે? દ્ર એવી શંકા થાય, તેથી 'વિશુદ્ધ સત્ત્વરૂપ' એમ કહેલું છે. આ દેહ શુદ્ધ સત્ત્વરૂપ જ છે, એવો અર્થ છે. 'ઊર્જિતમ્' 'ખીલી ઉઠેલા' 'શબ્દનો એવો અર્થ છે કે તે શાંત નથી, પરંતુ સર્વ કાર્ય કરવા તત્પર છે. હર્ષથી ખીલી ઉઠવું તે 'ઊર્જઃ'. રજોગુણ વિના પણ ભગવાનના આવેશથી તે થાય છે.૩

બ્રહ્માંડનો સ્વીકાર સાધન[૧] તરીકે કરવાનું સંભવે છે, તેથી સંપૂર્ણ પ્રકારે તે દેહ કેમ હોય? એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**પશ્યન્ત્યદો રૂપમ્ અદભ્રચક્ષુષા સહસ્રપાદોરુભુજાનનાદ્ભુતમ્ ।**
**સહસ્રમૂર્દ્ધશ્રવણાક્ષિનાસિકં સહસ્રમૌલ્યમ્બરકુંડલોલ્લસત્ ।।૪।।**

સહસ્ર મસ્તકોમાં શ્રવણ, ચક્ષુ અને નાસિકાવાળું, સહસ્ર મુકુટો વસ્ત્ર અને કુંડલોથી પ્રકાશતું, સહસ્ર ચરણ સાથળ ભુજા અને મુખોને લીધે અદ્ભુત તે રૂપ જ્ઞાનચક્ષુથી જુએ છે.

યોગીઓને યોગથી પ્રાપ્ત થયેલા ગુણથી સાક્ષાત્કાર થાય તે જ ભગવાનના અવતારના સંબંધમાં પ્રમાણ છે. કારણ કે પ્રાકૃત ચક્ષુથી આ જગત્ દેખાય છે, પરંતુ 'તે' પરોક્ષ તરીકે પ્રસિદ્ધ છે તે દેખાતુ નથી, અને તે રૂપ[૨] છે, પણ પૃથ્વી વિગેરે પેઠે માત્ર જડ નથી. વળી યોગીઓને પણ તે સદા દેખાતું નથી, પરંતુ 'અદભ્રચક્ષુષા' ઉત્તમ જ્ઞાનચક્ષુથી દેખાય છે. 'સહસ્ર ચરણ સાથળ ભુજા અને મુખોને લીધે અદ્ભુત' વિશેષણથી એમ કહેલું છે કે ભગવાનની પ્રતિમારૂપ હોવાથી વેદમાં કહેલા સ્વરૂપ સાથે સંબંધ થતાં તે શરીર પણ વેદમાં જણાવેલા સ્વરૂપ પેઠે ધ્યાન કરવા યોગ્ય છે. 'સહસ્ર' એટલે ખરેખર અસંખ્ય. ''અનેક મુખો અને નયનોવાળું'' (ભગ.ગીતા ૧૧।૧૦) એમ ગીતામાં કહેલા સ્વરૂપ પેઠે સહસ્ર ચરણ

સાથળ[3] ભુજા અને મુખોને લીધે તે ઘણું અદ્ભુત છે. આ વિશેષણમાં ગતિ અને સૃષ્ટિની ઉત્પત્તિ અને કૃતિ અને ભાષણ એવી ક્રિયાશક્તિ જેમાં મુખ્ય છે તેવાં ચાર અંગો કહેલાં છે. 'સહસ્ર મસ્તકોમાં શ્રવણ, ચક્ષુ અને નાસિકાવાળું' વિશેષણથી જ્ઞાનશક્તિ જેમાં મુખ્ય છે તેવાં અંગો કહેલાં છે. સહસ્ર મસ્તકોમાં દરેકમાં બે શ્રવણ, બે ચક્ષુ અને બે નાસિકા છે જેને, (તેનું રૂપ છે). બે દેવતાવાળા ત્રણ જ જ્ઞાનનાં અંગો બહાર પ્રસિદ્ધ છે. જીભ ઈંદ્રિય તો અંદર જ રહેલી હોય છે, અને 'મુખ' શબ્દથી જ તેનો સમાવેશ થયો છે. ત્વચા જૂદી જૂદી હોતી નથી.[4] 'સહસ્ર મુકુટો વસ્ત્ર અને કુંડલોથી પ્રકાશતું' એ વિશેષણથી સામગ્રી કહેલી છે. સહસ્ર 'મૌલયઃ' મુકુટો, વસ્ત્રો અને કુંડલો, તેઓથી પ્રકાશતું, ઘણી શોભાવાળું તે રૂપ છે એવો અર્થ છે. સામગ્રી નીચે આવતી હોય તેવા પ્રકારે દેખાતી હોવાથી ક્રમ પ્રમાણે કહેલી છે.૪

૧.લોક રચવામાં સાધન તરીકે, કારણ કે લોકરચના બ્રહ્માંડથી થાય છે. તેથી તે બ્રહ્માંડ પુરુષ નથી, અને અવતાર પણ નથી એવો અર્થ છે.(પ્ર)

૨.કર વિગેરેવાળું રૂપ વ્યવહારયોગ્ય છે, અને આનંદના સંબંધથી તે સાકાર છે. તેથી તે સદાનંદ છે એવો અર્થ છે.(પ્ર)

૩.સાથળ શબ્દથી ગુહ્ય ઈંદ્રિયો સમજાય છે. તેથી તેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ કહેલ છે.(પ્ર)

૪.સ્પર્શ સર્વ સ્થલે થતા હોવાથી 'ત્વચા' એક જ છે.(પ્ર)

''વાણીરૂપ ગાયની ઉપાસના કરવી'' એ વાક્ય પ્રમાણે ઉપાસના કરવાના પ્રકારે જગતનું ભગવાનનાં રૂપ તરીકે ધ્યાન ધરવાનું સંભવતું હોવાથી, તે (બ્રહ્માંડરૂપ) સંપૂર્ણ પ્રકારે અવતાર કેમ હોઈ શકે ? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એતન્નાવતારાણાં નિધાનં બીજમવ્યયમ્ ।**
**યસ્યાંશંશેન સૃજ્યન્તે દેવ-તિર્યઙ્-નરાદયઃ ।।૫।।**

આ જુદા-જુદા અવતારોનું ધામ અને નાશ ન પામે તેવું બીજ છે. જેના અંશના અંશથી દેવો, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરેની સૃષ્ટિ થાય છે. ૫

આનો આવો અર્થ છે : અવતારોનું મૂળ ભગવાન હોય, અથવા મૂળ અવતાર હોય. તે પૈકી આ બ્રહ્માંડરૂપ પુરુષ તત્ત્વોથી બનેલું હોવાથી ભગવાન નથી. તે જો મૂળ અવતારરૂપ પણ ન હોય, તો બીજા અવતારોનું મૂળ પણ ન થાય; અને અવતારોની શ્રેષ્ઠતા પણ ન હોય. તેથી પુરુષ અવતાર હોવાથી સંદેહ નથી. જૂદા-જૂદા મત્સ્ય વિગેરે અવતારોનું 'નિધીયતે' મૂકવામાં આવે છે 'અસ્મિન્' આમાં તે 'નિધાન' એટલે સ્થાન ધામ. 'બીજ' એટલે જેમાંથી નીકળે છે તે મૂળ; અને તે નાશ ન પામે તેવું છે. અંકુર ઉત્પન્ન થાય ત્યારે તેનો કંદની પેઠે નાશ થતો નથી. એવો અર્થ છે. ઉત્તરાર્ધથી સૂચવેલા અવતારનાં પ્રયોજનનો વિસ્તાર કરે છે. તેનો અંશ બ્રહ્મા છે. તે બ્રહ્માનો અંશ મરીચિ વિગેરે અથવા નિતંબ[1] વિગેરે છે. 'દેવ વિગેરે' એટલે જેઓમાં સત્ત્વ વિગેરે ગુણો મુખ્ય છે તેવા જીવો. ૫

૧.આ પણ બ્રહ્માના અંશ છે, કારણ કે તેમનાથીસૃષ્ટિ થાય છે.(પ્ર)

એ પ્રમાણે પુરુષનો અવતાર કહીને, તેમના અંશની સૃષ્ટિમાં પણ તેમની રચનારૂપ અવતારો નીચેના શ્લોકથી આરંભી એકવીસ શ્લોકોથી કહે છે :

**સ એવ પ્રથમં દેવઃ કૌમારં સર્ગમ્ આશ્રિતઃ ।**
**ચચાર દુશ્ચરં બ્રહ્મા બ્રહ્મચર્યમ્ અખણ્ડિતમ્ ।।૬।।**

તેજ દેવ બ્રહ્માએ પ્રથમ કુમારની સૃષ્ટિનો આશ્રય કરીને ન આચરી શકાય તેવું અખંડિત બ્રહ્મચર્ય આચર્યું. ૬

સર્વ સ્થળે અવતારનું નામ અને તે લેવાનું પ્રયોજન કહેલ છે. અવતરણ વૈકુંઠમાંથી નીચે આવવાનું રૂપ આવેશ અને અવતારમાં સમાન હોવાથી તે ભેદ વિના જણાવેલા છે.

**તત્ત્વરૂપશરીરેષુ બ્રહ્મણઃ સંક્રમઃ સ્મૃતઃ ।।૩।।**
**અશુદ્ધ-શુદ્ધભેદેન શરીરાણામ્ અતો દ્વિધા ।**
**કાર્યકાલે સંક્રમમ્ આવેશઃ સર્વદા પરમ્ ।।૪।।**

સત્ત્વરૂપ શરીરોમાં બ્રહ્માની સંક્રાંતિ વિચારેલી છે. શરીરોના અશુદ્ધ અને શુદ્ધ એવા ભેદ હોવાથી તે બે પ્રકારની છે. કાર્ય કરવાનું હોય ત્યારે સંક્રાંતિ થાય તે આવેશ, અને સદાની સંક્રાંતિ તે બીજી (અવતાર) છે.કા.૪

તે સમ્બન્ધમાં વૈષ્ણવતંત્રોમાં નિર્ણય કહેલો છે.

**ક્રિયાશક્ત્યા જ્ઞાનશક્ત્યા ચાવતારં કરોત્યજઃ ।**
**વારાહાદિસ્વરૂપેષુ બલકાર્યં જનાર્દનઃ ।।૫।।**

જન્મરહિત ભગવાન ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિથી પોતાના અવતારો કરે છે. જનાર્દન વારાહ વિગેરે સ્વરૂપોમાં બલનું કાર્ય કરે છે. કા.૫

**દત્તવ્યાસાદિરૂપેષુ જ્ઞાનકાર્યં તથા પ્રભુઃ ।**
**મત્સ્ય-કૂર્મવરાહશ્ચ સિંહ-વામન-ભાર્ગવાઃ ।।૬।।**
**રાઘવઃ કૃષ્ણ-બુદ્ધૌ ચ કૃષ્ણદ્વૈપાયનસ્તથા ।**
**કપિલો દત્ત ઋષભઃ શિશુમારો રુચેઃ સુતઃ ।।૭।।**
**નારાયણો હરિઃ કૃષ્ણઃ તપસો મનુરેવ ચ ।**
**મહિદાઃ તથા હંસઃ સ્ત્રીરૂપો હયશીર્ષવાન્ ।।૮।।**
**તથૈવ વડવાવકત્રઃ કલ્કી ધન્વન્તરિઃ પ્રભુઃ ।**
**ઈત્યાદ્યાઃ કેવલો વિષ્ણુઃ ન વશેષોડત્ર કશ્ચન ।।૯।।**

તેવી રીતે દત્ત વ્યાસ વિગેરે સ્વરૂપમાં રહીને પ્રભુ જ્ઞાનનું કાર્ય કરે છે.કા.૬

મત્સ્ય, કૂર્મ અને વરાહ, નૃસિંહ, વામન અને પરશુરામ, રામચંદ્ર, શ્રીકૃષ્ણ, ? અને બુદ્ધ, તેમજ કૃષ્ણદ્વૈપાયન, કપિલ, દત્ત, ઋષભ, રુચિનો પુત્ર શિશુમાર, ધર્મના પુત્ર નારાયણ હરિ, તાપસ શ્રીકૃષ્ણ, [૧] અને વળી મનુ, મહિદાસ, તેવી રીતે હંસ, મોહિની, હયશીર્ષ, તેવી જ રીતે વડવામુખ, કલ્કિ, ધન્વન્તરિ, પ્રભુ વિગેરે શુદ્ધ વિષ્ણુ છે, આમાં કાંઈ પણ ભેદ નથી.કા.૭-૯

**શ્રી-બ્રહ્મ-રુદ્ર-શેષાશ્ચ વીન્દ્રેન્દ્રા કામ એવ ચ ।**
**કામપુત્રોઽનિરુદ્ધશ્ચ સૂર્યશ્ચન્દ્રો બૃહસ્પતિઃ ।।૧૦।।**
**ધર્મ એષાં તથા ભાર્યા દક્ષાદ્યા મનવઃ તથા ।**
**મનુપુત્રાશ્ચ ઋષયો નારદઃ પર્વતઃ તથા ।।૧૧।।**
**કશ્યપઃ સનકાદ્યાશ્ચ[૨] બ્રહ્માદ્યાશ્ચવ દેવતાઃ ।**
**ભરતઃ કાર્તવીર્યશ્ચ વૈન્યાદ્યાઃ ચક્રવર્તિનઃ ।।૧૨।।**
**ગયશ્ચ લક્ષ્મણાદ્યાશ્ચ ત્રયો રોહિણીનન્દનઃ ।**
**પ્રદ્યુમ્નો રૌક્મિણેયશ્ચ તત્પુત્રશ્ચાનિરુદ્ધકઃ[૩] ।।૧૩।।**
**નરઃ ફાલ્ગુન ઈત્યાદ્યા વિશેષાવેશિનો હરેઃ ।**
**ઈહોક્તિરવિશેષેણ સામાન્યત ઈતિ સ્ફુટમ્ ।।૧૪।।**

લક્ષ્મી, બ્રહ્મા, શંકર અને શેષ, ગરુડ, ઈન્દ્ર, અને વળી કામ, અને કામનો પુત્ર અનિરુદ્ધ, સૂર્ય, ચંદ્ર, બૃહસ્પતિ, ધર્મ, તેમજ એમની પત્નીઓ, તેમજ દક્ષ વિગેરે મનુઓ, અને મનુના પુત્રો, ઋષિઓ, નારદ તેમજ પર્વત (ઋષિ), કશ્યપ અને સનક વિગેરે, અને વળી બ્રહ્મા વિગેરે દેવતાઓ, ભરત અને સહસ્રાર્જુન, વૈન્ય વિગેરે ચક્રવર્તીઓ, ગય, લક્ષ્મણ જેમાં પહેલા છે તે ત્રણ (ભાઈઓ), રોહિણીના પુત્ર, રુક્મિણીના પુત્ર, પ્રદ્યુમ્ન, અને તેના પુત્ર અનિરુદ્ધ[૪], નર અર્જુન વિગેરે હરિના ઉત્તમ આવેશવાળા છે. અહીં ભેદ વિના સામાન્ય રીતે કહેલ છે તે સ્પષ્ટ છે. કા.૧૦-૧૪

બ્રહ્મામાંથી પ્રથમ સનક વિગેરે ઉત્પન્ન થયા. તેઓમાં પુરુષનો આવેશ હતો, અને તેનું પ્રયોજન[૫] બ્રહ્મચર્ય હતું, કારણ કે જીવથી બ્રહ્મચર્ય થાય તેવું સંભવતું નથી કેમકે તે ઈંદ્રિયોવાળો છે. જેમ ભૂખનો અગ્નિ પ્રકટ થાય ત્યારે સહન કરી શકાતો નથી એવી રીતે બીજ (વીર્ય)ના આધારરૂપ કામનો અગ્નિ પણ પ્રકટ થાય ત્યારે સહન કરી શકાતો નથી. તે ભૂખના અગ્નિમાં જેવું જલપાન છે, તેવું અહીં સ્ત્રીનું દર્શન વિગેરે છે. ભૂખનો અગ્નિ જેમ અન્નથી તૃપ્ત થાય છે, તેમ કામનો અગ્નિ સ્ત્રીથી વીર્ય નીકળતાં શાંત થાય છે. તે વિષયમાં મનથી પણ સ્ત્રીનું સ્મરણ કર્યા વિના વીર્ય ધારણ કરી રાખવું તે બ્રહ્મચર્ય. તે ભગવાનના આવેશથી જ થઈ શકે. તેથી પહેલો સનત્કુમારથી અવતાર થયો. તે જ દેવનારાયણ 'કૌમારં' સનત્કુમારરૂપ થયા. જલરૂપ સ્ત્રીઓથી વીર્યની વૃદ્ધિ થતાં યૌવન[૬] થાય છે. તેવું કુમારોને ન હોવાથી તેઓ સદા કુમાર જ રહ્યા. 'કુત્સિતઃ' અધમ છે 'મારઃ' કામદેવ જેનાથી તે 'કુમાર'. લોકમાં આવું આચરણ પ્રસિદ્ધ ન હોવાથી તે આચરી ન શકાય તેવું છે. કુમારોએ તે જેમ અખંડિત રહ તેમ આચર્યું. કારણ કે આવા બ્રહ્મચર્યનો દરેક ક્ષણે નાશ થવાનો સંભવ છે.૬

૧.અવતારોમાં 'શ્રીકૃષ્ણ' નામ બે વાર આવે છે. ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ બંને શક્તિના તે અવતાર હોવાથી બે વાર લખાયું હશે. નિબંધમાં આજ કારિકાઓ છે. તેમની પછી 'જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બંને શક્તિઓવાળા શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન છે' એવી વધારાની કારિકા છે. અહીં શ્રીભાગવતમાં પણ

'શ્રીકૃષ્ણ તો ઉત્પન્ન કરવા શ્રીકૃષ્ણે તપ કરેલ એમ કહેલ છે. (પ્ર)
૨.ભાગવતમાં ન કહેલા પણ પંચરાત્ર વિગેરેમાં કહેલા અવતારો તથા આવેશો ઉપયોગી હોવાથી અહીં કહેલા છે, એમ નિબંધમાં લખેલ છે. નિબંધમાં 'વહ્નથાદ્યા' 'અગ્નિ વિગેરે' પાઠ છે તે વધોરે સારો જણાય છે.
૩.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ છે. ૪.આ બે વ્યૂહરૂપ છે.(પ્ર)
૫.સનક, સનત્કુમાર, સનત્સુજાત અને સનંદન એ ચાર કુમારો બ્રહ્માએ પ્રથમ ઉત્સવ કરેલા.
૬.જેમ જલથી વનસ્પતિ વધે છે તેમ સ્ત્રીરૂપ જલથી વીર્ય વધતાં યૌવન પ્રાપ્ત થાય છે એવો અર્થ જણાય છે.

**દ્વિતીયં તુ ભવાયાસ્ય રસાતલગતાં મહીમ્ ।**
**ઉદ્ધરિષ્યન્ ઉપાદત્ત યજ્ઞેશઃ સૌકરં વપુઃ ।।૭।।**

બીજું વારાહનું શરીર તો આ જગતની સમૃદ્ધિ થાય તે માટે રસાતલમાં ગએલી ભૂમિનો ઉદ્ધાર કરવા માટે યજ્ઞેશે ધારણ કર્યું.૭

સ્વર્ગ વિગેરેમાં જગત્ રચવામાં આવે તો આ પ્રપંચની સમૃદ્ધિ ન[1] થાય તેથી વારાહે ભૂમિનો ઉદ્ધાર કરવા ધારણ કરેલું બીજું અવતરણ છે. આ અવતારોનો વિચાર બીજા[2] સ્કંધમાં કરશે, અહીં તો માત્ર નામથી કહેલા છે. આદિવરાહ[3] કલ્પમાં રચેલી ભૂમિનો વરાહ કલ્પમાં ઉદ્ધાર કર્યો. 'રસાતલમાં ગએલી' શબ્દથી તે કહેલ છે. અને આગળ[4] વિરોધ[5] દૂર કરવામાં આવશે. ઉદ્ધાર કરવા માટે વારાહનું શરીર ધારણ કર્યું. આ પુરુષનો અવતાર નથી, પરંતુ યજ્ઞના અધિષ્ઠાતા ધર્મરૂપ ભગવાનનો અવતાર છે, કારણ કે ક્રિયાની ઉત્પત્તિ તેમનાથી થાય છે. આ અવતાર ક્રોધરૂપ[6] હોઈ ક્ષત્રિયમાં રહેલો હોવાથી બીજો છે.૭.

૧.સ્વર્ગ વિગેરે કર્મભૂમિ ન હોવાથી ન થાય.(પ્ર) ૨.સાતમા અધ્યાયમાં.(પ્ર)
૩.ત્રીજા સ્કંધમાં તેરમા અધ્યાયમાં આ કલ્પની વાત છે. સર્વ કલ્પોનું આધિદૈવિક રૂપ હોવાથી આ 'આદિવારાહ કલ્પ' છે.(પ્ર)
૪.ત્રીજા સ્કંધમાં તેરમા અધ્યાયમાં.(પ્ર)
૫.અહીં વિરાટમાંથી વારાહની ઉત્પત્તિ કહી છે. સ્કં. ૩ અધ્યાય ૧૩ માં બ્રહ્મમાંથી કહી છે, તે વિરોધ.
૬.'જે વરાહ છે તે પશુઓનો ક્રોધ છે' એ શ્રુતિ પ્રમાણે ક્રોધરૂપ છે. અશ્વમેધ વિગેરેમાં તે રૂપથી ક્ષત્રિયોમાં રહેલો છે, તેથી પહેલાં બ્રાહ્મણ (પાછળ શ્લો.૭), પછી ક્ષત્રિય થયા તેથી આ બીજો અવતાર છે.(પ્ર)

**તૃતીયમ્ ઋષિસર્ગં તુ દેવર્ષિત્વમ્ ઉપેત્ય સઃ ।**
**તન્ત્રં સાત્વતમ્ આચષ્ટ નૈષ્કર્મ્યં કર્મણાં યતઃ ।।૮।।**

તેમણે ત્રીજી સૃષ્ટિ તો ઋષિની સૃષ્ટિ પ્રાપ્ત કરી દેવર્ષિપણું પ્રાપ્ત કરીને જેમાંથી કર્મોનું કર્મપણું નષ્ટ થાય તેવું વૈષ્ણવોનું તંત્ર રચ્યું.૮.

નારદમાં ભગવાનનો આવેશ હતો. ઋષિઓ મંત્ર જોનારા છે, અને તેઓ કર્મનાં[1] અંગ થયેલા હોવાથી આ ત્રીજું અવતરણ છે. અથવા દ્રવ્ય દેવતા અને મંત્રના પ્રકારથી[2] આ ત્રીજું છે. તે પુરુષે જ પહેલાં ઋષિની સૃષ્ટિ પ્રાપ્ત કરી, તેમાં અવતારનું કાર્ય કોઈ ન જોતાં દેવર્ષિપણું પ્રાપ્ત કર્યું. એટલે નારદમાં આવેશ કરીને 'સાત્વતં' વૈષ્ણવ 'તંત્ર' પંચરાત્રરૂપ કર્યું.

કારણ કે ભગવાનની સેવાનું નિરૂપણ ભગવાન સિવાય બીજાથી થઈ શકે નહીં. કર્મોની વૃદ્ધિનો તેનાથી[3] નાશ થાય છે, તેથી સેવામાં સર્વ કર્મો તેનાં અંગની સ્થિતિમાં રહે છે. એવા ભગવાનની ભક્તિ હોવાથી બધાએ કર્મો ભગવદ્રૂપ થતાં તેમનાં કર્મપણાનો નાશ થાય છે.૮

૧.અધિકરણ અને કર્મ આ પછી ત્રીજા ઋષિઓ.(પ્ર)

૨.નારદમાં પણ ઋષિ હોવાથી મંત્રો રહેલા હોવાથી તે પણ અધિકરણ છે. તેથી આ બીજો પક્ષ કહે છે.(પ્ર)

૩.'તેનાથી' એટલે પરિચરણથી (સેવાથી).(પ્ર)

**તુર્યે ધર્મકલાસર્ગે નરનારાયણાવૃષી ।**
**ભૂત્વાત્મશમોપેતમ્ અકરોદ્ દુશ્ચરં તપઃ ।।૯।।**

ચોથી ધર્મની કલાઓની સૃષ્ટિમાં નર અને નારાયણ ઋષિઓ થઈને આત્માની શાંતિ સાથેનું ઘણું ગહન તપ કર્યું.૯

નર અને નારાયણ ચોથા સંન્યાસઆશ્રમનો ધર્મ જણાવનારા હોવાથી આ અવતાર ચોથો છે. અથવા બ્રહ્મચર્ય, યજ્ઞ, ભગવાનની સેવા અને આત્માની શાંતિ એ અનુક્રમે આશ્રમોના ધર્મો છે. શ્રદ્ધા[1] વિગેરે ધર્મની કલાઓ છે. તેમની સૃષ્ટિ થઈ ત્યાર પછી દેહ ધારણ કરેલી ધર્મરૂપ મૂર્તિ થઈ. ધર્મનું મૂળ તો વેદ છે તેથી મૂર્તિમાંથી ઋષિના રૂપથી નર–નારાયણ પ્રકટ થયા. કારણ કે સંન્યાસનો ધર્મ બે પ્રકારનો છે. બીજા ગ્રંથમાં સહસ્રકવચનો વધ કરવા પ્રકટ થયાનું કહેલ છે. નારાયણ અવતાર છે. નરમાં ભગવાનનો આવેશ થયેલો. 'આત્માની શાંતિ સાથેનું' વિશેષણથી તેઓનું તપ જ્ઞાન સાથેનું હતું એમ કહેલું છે. આત્માની 'ઉપશમઃ' શાંતિ એટલે જ્ઞાન, અથવા આત્માની શાંતિ જ્ઞાનથી પ્રાપ્ત થઈ શકે તેવી છે. સર્વ સ્થલે ક્રોધ સાથેનું તપ હોય છે. શાંતિ સાથેનું તો લોકમાં દુર્લભ છે તેથી 'ઘણું ગહન' એમ કહેલ છે.૯

૧.શ્રદ્ધા વિગેરે સ્વાયંભૂ દક્ષની પુત્રીઓ ધર્મની પત્નીઓ હતી, અને તેઓ ધર્મની કળારૂપ હતી; કારણ કે ''પોતાની જે પત્ની છે તે અર્ધ આ પુરુષ છે'' એવી શ્રુતિ છે.(પ્ર)

**પઞ્ચમઃ 'કપિલો' નામ સિદ્ધેશઃ કાલવિપ્લુતમ્ ।**
**પ્રોવાચાસુરયે સાંખ્યં તત્ત્વગ્રામવિનિર્ણયમ્ ।।૧૦।।**

કપિલ નામના સિદ્ધોના ઈશ પાંચમા અવતાર થયા. તેમણે તત્ત્વના સમૂહનો જેમાં ઉત્તમ નિર્ણય છે તેવું સમય જતાં નાશ પામેલું સાંખ્ય આસુરિને કહ્યું.૧૦

સાંખ્ય વેદ પછી થયેલું હોવાથી આશ્રમો પછીનું હોવાથી પાંચમું છે, કારણ કે પહેલાં સાંખ્ય પુરાણોમાં પ્રસિદ્ધ હતું. પુરાણોનો પ્રચાર ન થવાથી અને યોગ વિગેરે સાથે ભળી જવાથી, અને તેનું અંગ બનેલ સંન્યાસ ન રહેવાથી સાંખ્યનો સમય જતાં નાશ થયો. 'સિદ્ધોના ઈશ' શબ્દથી ફરીથી સમય જતાં તેનો નાશ થવાની શંકા દૂર કરે છે. સિદ્ધિઓ પ્રાપ્ત કરેલા હોય તે સિદ્ધો. તેઓના મનની સિદ્ધિથી જ સાંખ્યનો ફરી નાશ નહીં થાય એવો તેનો અર્થ છે. આસુરિ ઋષિ હતા. આ સાંખ્યનું જ્ઞાન સ્ત્રીઓને અને શૂદ્રોને સુલભ હોવાથી તેની

પ્રવૃત્તિ કરાવનારનું તેવું[1] નામ છે. સમાન ગુણવાળા વિરુદ્ધ ગુણવાળા તત્ત્વોના પ્રકારરૂપ સંખ્યા પદાર્થોની ભેળસેળ ન થાય તેમ તેમને જણાવનારી છે. 'જેમાં તત્ત્વના સમૂહનો ઉત્તમ નિર્ણય છે' એ વિશેષણથી તે સંખ્યાનું ફલ કહેલું છે. તત્ત્વોના સમૂહનો ઉત્તમ પ્રકારે નિર્ણય કરાવનારું સાંખ્ય છે. ૧૦.

૧.'તેવું' 'કપીન્' વિષયરૂપનો 'લાતિ' અંગીકાર કરે તે કપિલ. સ્ત્રીઓ અને શૂદ્રો પાપયોનિવાળા હોવાથી વિષયરૂપ છે, તેમનો સ્વીકાર કરી તેમનું હિત કરે એમ જણાવવા 'કપિલ' નામ છે.(પ્ર) 'આસુરિ' પછી આ કહેલ હોવાથી, કપિલે સાંખ્ય આસુરિને કહ્યું અને આસુરિએ તેની પ્રવૃત્તિ કરાવી. તેથી આ આસુરિ માટે કહેલ હોય તેમ જણાય છે. સ્ત્રીઓ અને શૂદ્રોને આ જ્ઞાન સુલભ કરાવ્યું તેથી તેનું નામ 'આસુરિ' (અસુર જેવો) કહેલ જણાવેલ છે.

**ષષ્ઠમ્ અત્રેરપત્યત્વં વૃતઃ પ્રાપ્તોઽનસૂયયા ।**
**આન્વીક્ષિકીમ્ અલર્કાય પ્રહ્લાદાદિભ્ય ઊચિવાન્ ।।૧૧।।**

અનસૂયાએ ઈચ્છેલું અત્રિનું પુત્રપણું પ્રાપ્ત કર્યું એ છટ્ઠું અવતરણ. તેમણે આત્મવિદ્યા અલર્કને અને પ્રહ્લાદ વગેરેને કહી.૧૧

'અનસૂયયા' એટલે મારા જેવા પુત્રના બહાનાથી મનેજ પુત્ર તરીકે ઈચ્છ્યો એવી ઈર્ષ્યા વિના અત્રિનું પુત્રપણું પ્રાપ્ત કર્યું. અથવા અનસૂયા માતાએ ઈચ્છેલું અત્રિના પુત્રપણું પ્રાપ્ત કર્યું. 'આન્વીક્ષિકી' એટલે યોગનું જેમાં મુખ્યપણું છે તેવી આત્મવિદ્યા. અલર્ક રાજા હતો, તે રાજસ હતો. તેનામાં શાસ્ત્રશ્રદ્ધા સન્દિગ્ધ હોવાથી પ્રહ્લાદ વિગેરેને તે વિદ્યા કહી. પ્રહ્લાદ તો શ્રદ્ધાવાળો હતો.૧૧.

એ પ્રમાણે છ પ્રકારના બ્રાહ્મણોના અવતાર કહ્યા. બ્રાહ્મણોમાં છ કર્મો પ્રસિદ્ધ છે. ક્ષત્રિયમાં ત્રણ કર્મો પ્રસિદ્ધ છે તે પ્રયોજનથી યજ્ઞ, ઋષભ અને પૃથુ રૂપ ત્રણ અવતારો કહે છે. શત્રુ ઉપર વિજય, ધર્મમાં શ્રદ્ધા અને પ્રજાનું પાલન એ ત્રણ ગુણો તે ત્રણમાં અનુક્રમે રહેલા છે. તેથી જૂદો આરંભ કહેવા 'તતઃ' 'પછી' એમ કહે છે :

**તતઃ સપ્તમ આકૂત્યાં રુચેર્યજ્ઞોઽભ્યજાયત ।**
**સ યામાદ્યૈઃ સુરગણૈરપાત્સ્વાયંભુવાન્તરમ્ ।।૧૨।।**

પછી સાતમા અવતારમાં રુચિથી આકૂતિમાં યજ્ઞ થયા. તેમણે યામ વિગેરે દેવોના સમૂહ સાથે રહી સ્વાયંભુવનું મન્વન્તરનું પાલન કર્યું.૧૨

આકૂતિ મનુની પુત્રી હતી. તે યજ્ઞ રુચિથી જન્મેલ હોવા છતાં પુત્રિકાપુત્ર[1] હતો. બ્રાહ્મણોથી કરાતો યજ્ઞ ક્ષત્રિયને ફલ આપે છે. તેવી રીતે તે યજ્ઞ પણ ચાર પ્રકારનો પહેલા મન્વન્તરના દેવો યામ વિગેરે સાથે રહી તપ કરવા બેઠેલા મનુનું રક્ષણ કરીને પછી તે મન્વન્તરનું પાલન કર્યું, એ અવતાર લેવાનું પ્રયોજન છે. પ્રિયવ્રત વિગેરે તો બીજા કલ્પમાં રાજા થયેલા, પહેલાં રક્ષણ કરવા શક્તિવાળા ન હતા, એમ આગળ જણાવવામાં આવશે.૧૨

૧.કન્યાને પરણાવતી વખતે પિતા સંકલ્પ કરે કે આ કન્યામાં જે પુત્ર થાય તે મારો પુત્ર. પછી પુત્ર થાય તે 'પુત્રિકાપુત્ર' કહેવાય છે. તે તેની માતાના પિતાનો પુત્ર ગણાય. તેથી જ ભાઈ વિનાની કન્યાને પરણવાની શાસ્ત્રમાં મના છે. યજ્ઞ મનુનો પુત્ર ગણાય, તેથી રુચિ બ્રાહ્મણ હોવા છતાં તે ક્ષત્રિય ગણાયો અને તેણે મનુની રક્ષા કરી. આ સંબંધમાં જૂઓ સ્કંધ ૮ અધ્યાય પહેલો.

**અષ્ટમે મેરુદેવ્યાં તુ નાભેર્જાત ઉરુક્રમઃ ।**
**દર્શયન્ વર્ત્મ ધીરાણાં સર્વાશ્રમનમસ્કૃતમ્ ।।૧૩।।**

આઠમા અવતારમાં તો મોટાં ડગ ભરનાર વિષ્ણુ સર્વ આશ્રમોવાળાએ નમસ્કાર કરેલા ધીર પુરુષના માર્ગને દર્શાવતાં નાભિથી મેરુદેવીમાં જન્મ્યા.૧૩

દેશ અને કાલ સ્વસ્થ હોય ત્યારે સર્વ આશ્રમોના ધર્મો પળાય. તેથી યજ્ઞ પછી ઋષભદેવની કથા કહી છે. પહેલાં કહેલો ક્રમ આગળ પણ ઈચ્છેલો હોવાથી 'આઠમામાં' વિગેરે શબ્દ યોજેલ છે. 'મેરુદેવી' મેરુની પુત્રી હતી. 'ઋષભ' માતાના પુત્ર ન હતા એમ જણાવવા, અથવા વિરુદ્ધ[1] પક્ષના હોવાની શંકા દૂર કરવા 'તુ' 'તો' શબ્દ યોજેલ છે આ ઋષભ તો ગુણાવતાર વિષ્ણુનો અવતાર છે, તે 'મોટાં ડગ ભરનાર' શબ્દથી કહેલ છે. ઋષભે કહેલા સંન્યાસ ધર્મમાં મુખ્ય સાધન ધૈર્ય છે. તે સંન્યાસ છેલ્લો આશ્રમ હોવાથી સર્વ આશ્રમવાળાએ નમસ્કાર કરેલો છે, કારણ કે નિવૃત્તિ માર્ગની આ છેવટની(ઉત્તમ) હદ[2] છે, પરંતુ છેવટના આશ્રમવાળા હોવાથી તેમનામાં પાખંડનો સંભવ નથી, તેથી તેમનો માર્ગ નમસ્કાર કરાએલો છે.૧૩

૧.બુદ્ધ અવતારની પેઠે વેદવિરુદ્ધ હોવાની શંકા.(પ્ર)
૨.આથી સર્વ આશ્રમવાળાઓથી નમસ્કાર કરાએલ હોવાનું કારણ કહ્યું.(પ્ર)

**ઋષિભિઃ યાચિતો ભેજે નવમં પાર્થિવં વપુઃ ।**
**દુગ્ધેમામોષધીર્વિપ્રાઃ તેનાયં સ ઉશત્તમઃ ।।૧૪।।**

ઋષિઓથી પ્રાર્થના કરાએલાએ નવમું પૃથુસંબંધી શરીર ગ્રહણ કર્યું. હે વિપ્રો! આને ઓષધિઓનું દોહન કર્યું તેથી આ તે કમનીય છે.૧૪

પૃથુ તો આવેશવાળો હતો, કારણ કે 'પૃથુ સંબંધી શરીર' એમ કહેલું છે. આ પૃથુ તો પુરુષ જ હતો, કારણ કે 'તે' એમ કહેલું છે. ''રાજાઓનો ધર્મ પ્રજાનું પાલન કરવાનો છે'' એવું વાક્ય હોવાથી, અને ભગવાન સર્વરૂપ હોવાથી પૃથુનો ધર્મ કાર્ય સર્વનું હિતકરનારો, અને ઋષભના ધર્મથી પણ ઉત્તમ હતો, તેથી પૃથુ નવમો અવતાર છે.

ત્યારે વેનથી અવતાર કેમ થયો? એવો પ્રશ્ન થાય, તેથી 'ઋષિઓથી પ્રાર્થના કરાએલા' એમ કહેલું છે. તે પણ સાક્ષાત્ નહીં, પણ પૃથુના શરીરમાં અવતાર લેવાની પ્રાર્થના કરેલી. 'દુગ્ધા' એટલે દોહન કરનાર, અથવા દોહન કર્યું. તે કાર્ય અલૌકિક છે એમ જણાવવા છાન્દસ શબ્દપ્રયોગ કર્યો છે. આ પૃથ્વીને અને ઓષધિઓ એમ બે કર્મવાળું ક્રિયાપદ છે, કારણ

કે બંને કર્મો ઈચ્છેલાં છે. એવું બધાંએ બે કર્મવાળાં ક્રિયાપદો માં જાણવું. વિપ્રો 'ઉત્તમ પ્રકારે પૂરનારા' એ સંબોધનથી એમ જણાવેલું છે કે તમોએ જ ઘણું દોહન કરીને સર્વ પૂરણ કરેલું છે. અવતારનું કાર્ય પૃથ્વીનું દોહન જ હતું, કારણ કે તે જીવથી થઈ શકે તેવું ન હતું. તેથી આ પૃથુ 'તે' હતો એટલે તે કારણથી પૃથુ નારાયણ હતો એવો અર્થ છે. 'કમનીય' વિશેષણથી ઉત્તમ ગુણ કહેલો છે. એવી રીતે સર્વ ઉપર ઉપકાર કરનાર બીજા અવતારોમાં પણ દુર્લભ છે, તેથી આ ઘણો કમનીય છે, એવો તેનો અર્થ છે.૧૪

એ પ્રમાણે ક્ષત્રિય ગુણથી ત્રણ જણાવી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી વૈશ્યના ગુણથી ચાર અવતાર કહે છે :

**રૂપં સ જગૃહે માત્સ્યં ચાક્ષુષાન્તરસમ્પ્લવે ।**
**નાવ્યારોપ્ય મહીમય્યામ્ અપાદ્વૈવસ્વતં મનુમ્ ।।૧૫।।**

તેમણે ચાક્ષુષ મન્વન્તર પછી થયેલા પ્રલયમાં મત્સ્યનું રૂપ ગ્રહણ કર્યું અને પૃથ્વીરૂપ નાવમાં વૈવસ્વત મનુને બેસાડી તેનું રક્ષણ કર્યું.૧૫

ઠગીને કાર્ય સિદ્ધ કરવું તે વૈશ્યપણું છે. ''વેપાર તો સાચું અને જૂઠું છે'' એ વચન પ્રમાણે એક[1] ઠગનારું, બીજું તેવું નહીં અને તેથી ઉલટું.[2] ચાક્ષુષ મન્વન્તર પછી પ્રલય થવાનું સંભવે નહીં[3] તેથી કેટલાક[4] તેને માયિક કહે છે. વાસ્તવિક રીતે તો દરેક કલ્પમાં સ્વાયંભુવ વિગેરેના અનુક્રમના ધોરણે ચૌદ મન્વન્તર થતા નથી, કારણ કે તેમ હોય તો અધિકારીઓની[5] મુક્તિ થવાનું સંભવે. તેથી કોઈક વાર ચાક્ષુષ મન્વન્તર પણ ચૌદમો થાય. કલ્પોમાં[6] સાત્ત્વિક વિગેરે ભેદો હોવાથી મુખ્ય મન્વન્તર પહેલા થાય. સાત્ત્વિક મન્વન્તરો ચાર છે, બીજા બે પાંચ-પાંચ છે. તેથી ઘણાં વાક્યો અનુકૂલ હોવાથી, અને તેવી યોગ્યતા પણ સંભવતી હોવાથી પ્રલય માયિક ન હતો. માર્કંડેયે જોયેલ પ્રલય તો માયિક હોવાનું ત્યાંજ સ્પષ્ટ કહેલું હોવાથી આ સાચો હોવામાં દોષ નથી. પૃથ્વી દેવરૂપ હોવાથી નૌકારૂપ પણ થાય અને તે વૈવસ્વત મનુ બીજા મન્વન્તરમાં મનુથી ઉત્પન્ન થયેલો હતો[7] તે જ આ મન્વન્તરમાં અધિકારી થાય છે. તેથી પ્રલય માયિક ન હતો. ભક્તનું પાલન કરવું તે અવતારનો ધર્મ છે. 'વૈવસ્વત મનુ' એ તેનું ભવિષ્યમાં થનારું નામ[8] છે.૧૫.

૧.'એક' રૂપ, બીજું વચન.(પ્ર)
૨.ઉલટું એટલે વૈશ્યથી ઉલટું.(પ્ર) એક એટલે પહેલું વચન, પોતાને ભય રહે છે તેવાં મત્સ્યે વૈવસ્વતને કહેલાં વચન. 'બીજું' એટલે પાછળથી નાવ આવશે તેમાં બેસવા કહેલું વચન. આ. પહેલાં વચનથી ઉલટું, એટલે ઠગવા નહીં પણ હિત કરવા, પાલન કરવા કહેલું એવો અર્થ જણાય છે.
૩.કલ્પ પૂરો થાય ત્યારે પ્રલય થાય. કલ્પમાં ચૌદ મન્વન્તર હોય છે, અને આ છટ્ઠો છે. તેથી છટ્ઠા પછી પ્રલય થવાનું સંભવે નહીં.(પ્ર)
૪.'કેટલાક' શ્રીધર વિગેરે.(પ્ર) ૫.અધિકારીઓ ભક્તો હોવાથી.(પ્ર)
૬.કોઈમાં સાત્ત્વિક, કોઈકમાં રાજસ, કોઈકમાં તામસ મન્વન્તરો પહેલા આવે અને તેઓમાં પણ મુખ્ય હોય

તે પહેલો આવે. તેથી કોઈકવાર ચાક્ષુષ ચૌદમો પણ થાય.(પ્ર)
૭.ઉત્તમ અને તામસ પણ એક મન્વન્તરમાં ઉત્પન્ન થયેલા બીજા મન્વન્તરમાં અધિકારી થયેલા તેમની પેઠે.(પ્ર) જૂઓ સ્કં ૮ અ.૧.
૮.સગપણ થયા પછી વિવાહ ન થયો હોય તો પણ કન્યાને 'સ્નુષા' 'પુત્રની વહુ' કહે છે તેમ.(પ્ર)

**સુરાસુરાણામ્ ઉદધિં મથ્નતાં મન્દરાચલમ્ ।**
**દધ્રે કમઠરૂપેણ પૃષ્ઠ એકાદશે વિભુઃ ।।૧૬।।**

અગીઆરમા અવતારમાં સમુદ્રનું મથન કરતા દેવો અને અસુરોના સંબંધવાળા મંદર પર્વતને શક્તિવાળા ભગવાને કાચબાના રૂપથી પીઠ ઉપર ધારણ કર્યો.૧૬

અમૃત માટે મથન કરવાની પ્રવૃત્તિ કપટથી જ થયેલ હોવાથી, કૂર્મ પણ ઠગનાર અને હિત કરનાર હોવાથી તેમનો પણ અહીં[1] સમાવેશ છે. મત્સ્ય પહેલાના કલ્પમાં થયેલ[2] હોવાથી અનુક્રમ ખોટો નથી. કૂર્મે વધારે ઠગાઈ કરેલી હોવાથી તે અગીયારમો અવતાર છે. એવું આગળ ઉપર પણ જાણવું. સમુદ્રનું મથન કરતા દેવો અને અસુરો ના સંબંધવાળાં મથનના સાધન મંદર પર્વતને ધારણ કર્યો. 'કમઠઃ' એટલે કાચબો-કૂર્મ. આધાર રહિત જલમાં પીઠ ઉપર પર્વત ધારણ કરવાનું ભગવાનના અવતારથી થઈ શકે. શંકા : કાચબાની પીઠ લપસી જવાય તેવી હોવાથી તેના ઉપર ધારણ કરવાનું કેમ સંભવે? એ પ્રશ્નના ઉત્તરમાં 'વિભુઃ' 'શક્તિવાળા' એમ કહેલ છે.૧૬

૧.'અહીં' એટલે વૈશ્યમાં.
૨.'મત્સ્ય અવતાર છટ્ઠા મન્વન્તરમાં પ્રલય થયા પછી થયાનું કહેલ છે અને કૂર્મ ત્યાર પછી છટ્ઠા મન્વન્તરમાં જ કહેલ છે. તેથી મત્સ્યાવતાર જે પ્રલયમાં થયો તે માયિક હોવો જોઈએ' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. કૂર્મ અવતાર પહેલાંના કલ્પમાં થયેલો.(પ્ર)

એક અવતાર બે રૂપવાળો થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ધાન્વન્તરં દ્વાદશમં ત્રયોદશમમેવ ચ ।**
**અપાયયત્ સુરાન્ અન્યાન્ મોહિન્યાઽમોહયત્ સ્ત્રિયા ।।૧૭।।**

બારમું અને વળી તેરમું ધન્વન્તરિનું અવતરણ થયું. દેવોને અમૃતનું પાન કરાવ્યું, બીજાઓને મોહિની રૂપથી મોહ કર્યો.૧૭

અહીં 'દ્વાદશમમ્'માં 'મ' નો પ્રયોગ વૈદિક[1] છે, અથવા ગણત્રીમાં બારમું જણાવે છે. 'ધન્વન્તરિ' શબ્દથી જ આયુર્વેદની પ્રવૃત્તિ વિગેરે સ્પષ્ટ થતું હોવાથી, અને ચાલુ પ્રસંગમાં બીજું પ્રયોજન કહેલું હોવાથી, બારમા અવતારનું પ્રયોજન એમ કહેલું નથી. ધન્વન્તરિનું જ તેરમું અવતરણ પણ થયું. 'એવ' અને 'ચ' 'અને વળી' શબ્દો સંદેહ[2] અને વિરોધ ને દૂર કરનારા છે. 'ધાન્વન્તરં રૂપં' એટલે ધન્વન્તરિના સંબંધવાળું રૂપ. અમૃત દેવોએ કરેલા પાનનું કર્મ હોવાથી. તે ભગવાનનું કાર્ય નથી, તેથી તેને માટે પ્રવૃત્તિ કરાવનાર કર્તા વિગેરે દેવો જ કર્મ

તરીકે કહેલા છે. વાસ્તવિક રીતે અમૃત કર્મ છે.

અહીં 'પાન કરાવ્યું' શબ્દથી અને 'બીજાઓને' એટલે અસુરોને સાધન થયેલ સ્ત્રીથી મોહ કરાવ્યો એમ તેરમા અવતારનું જ ચરિત્ર કહેલું છે. નીચે પ્રમાણે અભિપ્રાય છે : ભગવાનને સર્વ સ્ત્રીરૂપથી જોતા ન હતા.[3] દેવોએ રાહુને સૂચવ્યો[4] તેથી દેવો ભગવદ્રૂપથી જ તેમને જોતા હતા. તેથી વાસ્તવિક રીતે તે ધન્વન્તરિનું જ રૂપ હતું. ભગવાને અસુરોને સ્ત્રી સમાન આકૃતિ દેખાડી તે તો પોતાના સામર્થ્યથી જ. હાથમાં અમૃતવાળું રૂપ નીકળી જતાં, ભેદને લીધે આ સ્ત્રીનાં રૂપનું દર્શન થયું તેથી તે તેરમું અવતરણ છે.૧૭

૧.'દ્વાદશં' ને બદલે 'દ્વાદશમં' કહ્યું છે તે વૈદિક પ્રયોગ છે.
૨.ધન્વન્તરિનું રૂપ જ મોહિનીનું રૂપ પણ થયું. એક જ રૂપ બે કેમ થાય એવો સંદેહ 'એવ' શબ્દથી દૂર થાય છે.
૩.અસુરોને 'મોહ કર્યો' એમ કહેલ હોવાથી દેવોને મોહ કરેલ ન હતો.(પ્ર)
૪.જો સૂર્ય અને ચંદ્રે સ્ત્રીરૂપ જોયું હોત તો સ્ત્રીમાં રાહુને શિક્ષા કરવાની શક્તિ ન હોવાથી તેઓ રાહુને દેખાડત નહીં.(પ્ર)

એવી રીતે ચાર વૈશ્યના અવતાર કહીને, ફરીથી બીજા ઉત્તમ પ્રકારે પરંપરા[1] કહેવા માટે નારાયણ પેઠે નૃસિંહનું નિરૂપણ નીચેના શ્લોકથી કહે છે :

**ચતુર્દશં નારસિંહં બિભ્રદ્ દૈત્યેન્દ્રમ્ ઊર્જિતમ્ ।**
**દદાર કરજૈરૂરાવેરકાંકટકૃદ્ યથા ।।૧૮।।**

ચૌદમું નરસિંહનું રૂપ ધારણ કરી ☐ જેમ સાદડી બનાવનાર એરક ઘાસને ચીરે તેમ ☐ સમૃદ્ધ થયેલા દૈત્યેન્દ્રને સાથળ ઉપર રાખી નખોથી ચીરી નાખ્યો.૧૮

આ પુષ્ટિમાર્ગ છે એટલી પહેલાનાથી ઉત્તમતા છે. પહેલાનો ક્રમ જાળવવાનું ઈચ્છેલ હોવાથી આ ચૌદમો અવતાર છે. 'નરસિંહ રૂપ' એટલે નરસિંહના સંબંધવાળું રૂપ. નરસિંહ બે રૂપવાળા હોઈ અલૌકિક હોવાથી પુષ્ટિરૂપ છે. અહીં પુષ્ટિમાર્ગમાં ભક્તિ જ મુખ્ય છે, કારણ કે ભગવાને પોતાનાને[2] પણ હણીને તેનાનું[3] રક્ષણ કર્યું. દૈત્યેન્દ્રને હણીને દૈત્યનું રક્ષણ કર્યું. 'ઈન્દ્ર' શબ્દથી તે હણી ન શકાય એવો હોવાનું સૂચવેલ છે. 'સમૃદ્ધ થયેલો' એ તેને હણવાનું કારણ હતું. 'કરજૈઃ' નખોથી બ્રહ્માનું વરદાન સાચું ઠરાવવા 'ઊરૌ' સાથળ ઉપર રાખીને ચીર્યો. 'એરકા' સાદડી બનાવવાનું અમુક પ્રકારનું ઘાસ છે. અવગણના કરીને નખોથી ચીરવાનું દૃષ્ટાંત 'જેમ સાદડી બનાવનાર એરકા ઘાસને ચીરે' એમ કહેલું છે. લોકોના હિત માટે તેને હણ્યો એમ આ દૃષ્ટાંતથી સૂચવેલ છે.૧૮

૧.જેમ નારાયણ સાક્ષાત્ ભગવાનના અવતાર છે, તેવા નૃસિંહ પણ છે, એવો અર્થ છે. (પ્ર) નારાયણથી આરંભી પહેલી પરંપરા કહી. નૃસિંહથી આરંભી બીજી કહે છે.(પ્ર)
૨.પેતાના દ્વારપાલને (પ્ર) ૩.તેના પુત્ર પ્રવાહનું.(પ્ર)

એ પ્રમાણે ભક્તિમાર્ગના નવ અવતારો કહેતાં, પ્રહ્લાદનું રક્ષણ કરનાર નૃસિંહ મુખ્ય

હોવાથી પહેલાં મૂલ તરીકે તેમને કહ્યા. પછી ત્રણ અવતારો બ્રહ્મભાવથી, ત્રણ ક્ષત્રિયના ભાવથી, એક વૈશ્યભાવથી, ફરી આગળનું મૂળ સ્વરૂપ એકથી, એમ નવ પ્રકારે ભક્તિમાર્ગના અવતારો કહેલા છે. અટક્યા વિનાની ભક્તિ બંધ પડતી નથી, તેથી સાયુજ્ય થયા પછી સેવાનો આરંભ થાય, તેની પેઠે ભવિષ્યના ભકિતના આરંભમાં કલ્કિ છે એવું મૂલરૂપ કહેવાનું[1] કારણ છે.

**પઞ્ચદશં વામનકં કૃત્વાઽગાદ્ અધ્વરં બલેઃ ।**
**પદત્રયં યાચમાનઃ પ્રત્યાદિત્સુસ્ત્રિવિષ્ટયમ્ ।।૧૯।।**

પંદરમું વામનનું રૂપ કરીને, સ્વર્ગ પાછું લેવાની ઈચ્છાવાળા થઈ ત્રણ પગલાં ભૂમિ માપતા બલિના યજ્ઞમાં પધાર્યા.૧૯

કશ્યપથી અદિતિમાં જન્મેલ વામનરૂપવાળા બ્રહ્મચારી પંદરમો અવતાર છે. વામન ન હોવા છતાં વામનનો દેહ કરીને બલિના યજ્ઞમાં પધાર્યા તેથી ભકતના હિત માટે પોતાના ધર્મને[2] પણ તજ્યો એ પહેલાના[3] કરતાં ઉત્તમપણું છે. 'પાછું લેવું' એટલે આપેલું પાછું મેળવું. યજ્ઞોમાં જવામાં ઈચ્છેલા પદાર્થ પરમાત્માના[4] ત્રણ પગલાં શ્લોકના ઉત્તરાર્ધમાં કહેલો છે. ચરિત્ર તો યજ્ઞમાં જવું એ જ છે.૧૯

૧.સાયુજ્ય થતાં ભગવાનના સ્વરૂપમાં ભળી જવાય, તેથી સેવ્ય અને સેવકની સ્થિતિ રહે નહીં, છતાં ભગવાનની શક્તિથી ફરી તેમનાથી છૂટા પડતાં જેમ સેવા કરવાનો આરંભ થાય છે, તેમ કલિમા સર્વ સાધનો નકામાં થતાં ભગવાનના અંગરાગની સુગંધના માત્ર સંબંધથી જ ફરી કૃતયુગનો આરંભ થાય છે, તેથી તેનું કલ્કિનું સામર્થ્ય જ મૂલરૂપ હોવાનું કારણ છે.(પ્ર)
૨.ઐશ્વર્ય તજી (યાચક થાય).(પ્ર) ૩.નૃસિંહ કરતાં, અથવા પહેલાં કહેલા ચૌદ કરતાં.(પ્ર)
૪.વૃંદાવન પ્રેસવાળી પ્રતે 'પરમાત્મનઃ' પાઠ લીધો છે.

**અવતારે ષોડશમે પશ્યન્ બ્રહ્મદ્રુહો નૃપાન્ ।**
**ત્રિઃસપ્તકૃત્વઃ કુપિતો નિઃક્ષત્રામ્ અકરોન્ મહીમ્ ।।૨૦।।**

સોળમા અવતારમાં બ્રાહ્મણોનો દ્રોહ કરનારા રાજાઓને જોઈને કોપ કરીને એકવીસ (સાત વાર ત્રણ) વખત પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરી.૨૦

ક્ષત્રિય સ્ત્રીમાં જન્મેલ પરશુરામ સોળમા છે. સાત વાર ક્ષત્રિયોને હણ્યા ત્યારે તેઓનું બીજ રહ્યું નહીં. ફરી બ્રાહ્મણોથી ક્ષત્રિય સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલા ઘણા વધ્યા. ફરી સાત વાર હણ્યા. એવી રીતે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરી. તેમના પિતાનો વધ ક્ષત્રિયે કરેલ તે નિઃક્ષત્રિય કરવાનું કારણ હોવા છતાં પણ બ્રાહ્મણોનું રક્ષણ કરવું એ જ પ્રયોજન હતું.૨૦

**તતઃ સપ્તદશે જાતઃ સત્યવત્યાં પરાશરાત્ ।**
**ચક્રે વેદતરોઃ શાખા દૃષ્ટ્વા પુંસોઽલ્પમેધસઃ ।।૨૧।।**

પછી સત્તરમા અવતારમાં પરાશરથી સત્યવતીમાં વ્યાસ જન્મ્યા. પુરુષોને અલ્પ

બુદ્ધિવાળા જોઈને તેમણે વેદવૃક્ષની શાખાઓ કરી.૨૧

પછી ઉપરિચર વસુથી માછલીના ગર્ભમાં ઉત્પન્ન થયેલી માછીમારની કન્યા સત્યવતી અને પરાશરથી વેદવ્યાસ જન્મ્યા. તે સત્તરમા અવતાર છે. ચાલુ પ્રસંગે (ભક્તિના અવતારોમાં) ત્રીજા છે. વેદ વૃક્ષ હોવાનું પહેલાં જણાવેલું છે. **અનંત મૂર્તિવાળા વેદના મુખ્ય ભાગ યજ્ઞની એક મૂર્તિ વેદના જેટલા ભાગથી જણાવેલી છે તે તેની એક શાખા છે.** અને એવી રીતે બીજી શાખાઓ છે. જો કે બ્રાહ્મણોએ આખો વેદ ભણવો જોઈએ, છતાં પ્રમેયબલનો આધાર લઈ, એકજ મૂર્તિ બધી મૂર્તિઓ થાય છે. તેથી ભક્તિ કરવામાટે બીજો સમય જે પ્રકારે બાકી રહે તે પ્રકારે, અલ્પ બુદ્ધિવાળો પુરુષ પણ વેદનું અધ્યયન કરી શકે તેવા પ્રયોજનથી વેદની શાખાઓ કર્યા એવો અર્થ છે.૨૧

**નરદેવત્વમ્ આપન્નઃ સુરકાર્યચિકીર્ષયા ।**
**સમુદ્રનિગ્રહાદીનિ ચક્રે વીર્યાણ્યતઃ પરમ્ ।।૨૨।।**

હવે પછી દેવોનું કાર્ય કરવાની ઈચ્છાથી રાજા થઈને સમુદ્રને અધીન કરવાનું વિગેરે પરાક્રમો કર્યાં.૨૨

જુદો આરંભ થાય તે માટે રઘુનાથ વિગેરે ત્રણ-ત્રણ રૂપો કહેવા 'હવે પછી' એમ કહેલું છે. અહીં ક્ષત્રિયની સ્થિતિ કહેવા ઈચ્છેલી છે. જો કે ચંદ્ર અને સૂર્યના ભાવથી તે બે પ્રકારથી છે, છતાં ચંદ્ર વૃદ્ધિ અને ક્ષય ના ગુણોથી બે પ્રકારનો હોવાથી તે ત્રણ પ્રકારે કહેલી છે. 'નરદેવત્વમ્' એટલે રાજાપણું. રાવણનો વધ કરવાનું દેવોનું કાર્ય હતું. અવતારનું ચરિત્ર તો સમુદ્રને વશ કરવાનું છે. 'આદિ' 'વિગેરે' શબ્દનો અર્થ રણ કરવું, પરશુરામ ઉપરનો વિજય અને વાલિનો વધ છે. 'હવે પછી' એટલે અઢારમા અવતારમાં.૨૨

**એકોનવિંશે વિંશતિમે વૃષ્ણિષુ પ્રાપ્ય જન્મની ।**
**રામકૃષ્ણાવિતિ ભુવો ભગવાન્ અહરદ્ ભરમ્ ।।૨૩।।**

ઓગણીસમા અને વીસમા અવતારોમાં વૃષ્ણિઓમાં રામ અને કૃષ્ણ એવા જન્મો પ્રાપ્ત કરીને ભગવાને ભૂમિનો ભાર હર્યો.૨૩.

બલરામમાં આવેશ હતો. શ્રીકૃષ્ણ અવતાર હતા. તે બે ઓગણીસમા અને વીસમા અવતારો થયા. અહીં 'વિંશતિમે' 'ત' શબ્દનો લોપ[1] વૈદિક પ્રયોગ છે. વાસ્તવિક રીતે ચંદ્ર એક હોવાથી આ બેને એક શ્લોકથી કહેલા છે, 'વાર્ષ્ણેય' એમ કહેવું જોઈએ ત્યાં પાણિનિ ૫।૩।૧૧૯ પ્રમાણે રાજાઓના નામમાં પાણિનિ ૨।૪।૬૨ પ્રમાણે પ્રત્યયનો લોપ કરતાં 'વૃષ્ણિમ્' એમ કહેલું છે. અહીં શ્રીકૃષ્ણનો દેહ [ક]નારાયણના અંશના [ખ]કેશના [ગ]સુતપા વૃષ્ણિ ઉપર પ્રસન્ન થયેલાના અને [ઘ]ભગવાનનો એવા ચાર અવતારોનું સ્થાન છે. તે દેહમાં એક જ દેહે ઘણા વૃષ્ણિઓમાં પ્રાપ્ત કરેલ હોવાનું[૨] કહેવા ઈચ્છેલું છે. બલરામ તો એક જ છે. એવી

રીતે પાંચ અવતારો, અને બે જન્મ થયા. તે 'વૃષ્ણિઓમાં જન્મો પ્રાપ્ત કરીને' શબ્દોથી કહેલ છે; અને તેથી લોકમાં પણ બે નામો પ્રસિદ્ધ થતાં 'રામ અને કૃષ્ણ' શબ્દથી કહેલ છે. જન્મનું મુખ્ય કાર્ય તો ભગવાને જ કર્યું એમ 'ભગવાને ભાર હર્યો' શબ્દથી કહેલું છે. ભૂમિનો ભાર હરવો એ અવતારનું કાર્ય સામાન્ય રીતે લોકમાં પ્રસિદ્ધ છે.૨૩

૧.'વિંશતિતમે' શબ્દ થાય તેને બદલે 'ત' નો લોપ કરી 'વિંશતિમે' કરેલ છે.(પ્ર)

૨.'બહુવૃષ્ણિષુ પ્રાપ્તરૂપત્વેન' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

**તતઃ કલૌ સમ્પ્રવૃત્તે સંમોહાય સુરદ્વિષામ્ ।**
**'બુદ્ધો' નામ્ના જિનસુતઃ કીકટેષુ ભવિષ્યતિ ।।૨૪।।**

પછી કલિની સારી રીતે પ્રવૃત્તિ થતાં દેવોના શત્રુઓને મોહ પમાડવા કીકટમાં બુદ્ધ નામના જીનના પુત્ર થશે.૨૪

જૂદો આરંભ દર્શાવવા માટે 'કલિની સારી રીતે પ્રવૃત્તિ થતાં' એટલે કલિના ગુણોનો પ્રચાર થશે ત્યારે વેદને માનનારાઓમાં ઉત્પન્ન થયેલા દેવોના શત્રુઓ : દૈત્યો અને રાક્ષસો ને વેદનો ત્યાગ કરાવવા કીકટ(=બિહાર) દેશમાં જીન અથવા અજિન ના પુત્ર બુદ્ધ ઉત્પન્ન થશે એવો અર્થ છે.૨૪

**અથાસૌ યુગસન્ધ્યાયાં દસ્યુપ્રાયેષુ રાજસુ ।**
**જનિતા 'વિષ્ણુયશ'સો નામ્ના કલ્કિઃ જગત્પતિઃ ।।૨૫।।**

પછી યુગોની સંધિમાં રાજાઓ મોટા ભાગે લૂંટારા થશે ત્યારે તે જગતના પતિ વિષ્ણુયશાથી કલ્કિ નામથી ઉત્પન્ન થશે.૨૫

'અથ' પછી શબ્દથી મોટો જૂદો આરંભ કરેલો છે. કૂર્મથી આરંભી બુદ્ધ સુધીના અવતારો પુરુષના નથી. કલ્કિ તો પુરુષનો અવતાર છે એમ 'તે' શબ્દથી કહે છે. તે પૈકી કૂર્મ આદિકૂર્મના, ધન્વન્તરિ વિષ્ણુના,[1] નૃસિંહ કાલના, વામન વિષ્ણુના, પરશુરામ વૈશ્વાનરના, વ્યાસ વિષ્ણુની જ્ઞાનશક્તિના, રામચંદ્ર વાસુદેવના, બલરામ સંકર્ષણના, શ્રીકૃષ્ણ ચારના અને બુદ્ધ વાસુદેવના અવતારો હતા.

કલિયુગ અને કૃતયુગ એ યુગોની સંધ્યા થઈ ત્યારે રાજાઓ લૂંટારા થશે. તે સંધિ સમાપ્ત થશે ત્યારે રાજાઓ હશેજ નહીં, ભૂમિ લગભગ રસ વિનાની હશે. છતાં જે રાજાઓ હશે તે પણ લૂંટારા થશે. વિષ્ણુની ભક્તિનો બોધ કરનાર બ્રાહ્મણના સંગને લીધે કોઈક લૂંટારા નહીં હોય એમ જણાવવા 'પ્રાયઃ' 'મોટા ભાગે' શબ્દ યોજેલ છે. તેથી જ 'વિષ્ણુયશ' નામના 'શંભલ' ગામમાં વૈષ્ણવ થશે. તેના ઘેર તેની પત્નીથી કલ્કિ ઉત્પન્ન થશે, એવો અર્થ છે. 'જગતના પતિ' શબ્દથી અવતારનું પ્રયોજન કહેલું છે. જગત્ ક્ષીણ થયેલ હોવાથી તેનો ફરીથી ઉદ્ધાર કરનાર, એવો તેનો અર્થ છે.૨૫

૧.આયુર્વેદ રચનાર હોઈ પાલન કરનાર થવાથી વિષ્ણુનો અવતાર છે એવો અર્થ છે.

નીચેના શ્લોકથી અવતારો એટલા જ નથી એમ જણાવે છે :

**અવતારા હ્યસંખ્યેયા હરેઃ સત્વનિધેર્દ્વિજાઃ ।**
**યથાવિદાસિનઃ કુલ્યાઃ સરસઃ સ્યુઃ સહસ્રશઃ ।।૨૬।।**

હે દ્વિજો! સત્ત્વના નિધિ હરિના અવતારો – જેમ અક્ષય્ય જલવાળા સરોવરમાંથી હજારો નહેરો નીકળે છે તેમ – અગણિત છે.૨૬

'સત્ત્વનિધિ' શબ્દથી અવતારો લેવાનું પ્રયોજન કહેલું છે, કારણ કે પાલન, સમૃદ્ધિ વિગેરે કરવામાં સત્ત્વ જરૂરી છે. 'હે દ્વિજો!' એ સંબોધન તેમની સંપત્તિ મેળવવા કરેલું છે, કારણ કે તેઓ ઘણા સમયથી ઋષિઓ છે. ઉત્તરાર્ધથી અવતારોનું સ્વરૂપ કહેલું છે. 'અવિદાસિનઃ' અક્ષય્ય જલવાળા સરોવરમાંથી 'કુલ્યાઃ' નાના પ્રવાહવાળી નહેરો નીકળે છે તેમ અવતારો અગણિત છે. આવી નહેરો દક્ષિણ દેશમાં પ્રસિદ્ધ છે.૨૬

નીચેના બે શ્લોકોથી બધા અવતારોનાં સ્વરૂપ, પ્રકૃતિ અને ફલ સામાન્ય રીતે કહે છેઃ

**ઋષયો મનવો દેવા મનુપુત્રા મહૌજસઃ ।**
**કલાઃ સર્વે હરેરેવ સપ્રજાપતયઃ સ્મૃતાઃ ।।૨૭।।**
**એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્ ।**
**ઈન્દ્રારિવ્યાકુલં લોકં મૃડયન્તિ યુગે યુગે ।।૨૮।।**

પ્રજાપતિઓ સહિત ઋષિઓ, મનુઓ, દેવો, મનુના પુત્રો, ઘણા બલવાન પુરુષો – બધા હરિની જ કલાઓ મનાએલા છે. આ બધા જ પુરુષના અંશ અને કલાઓ છે. શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન છે. આ બધા ઈંદ્રના શત્રુઓએ પીડેલ લોકને યુગે-યુગે સુખ આપે છે.૨૭-૨૮

અર્યમાં વિગેરે ઋષિઓ, સ્વાયંભુવ વિગેરે મનુઓ, વસુ વિગેરે દેવો, પ્રિયવ્રત વિગેરે મનુના પુત્રો, 'મહૌજસઃ' બીજા પણ ઘણા બલવાન પુરુષો – આ સર્વ રક્ષા કરવા ઈચ્છનાર સત્ત્વમૂર્તિવાળા ભગવાન વિષ્ણુની કલાઓ, એટલે તેમના ગુણના આવેશવાળાઓ છે એવો અર્થ છે. મરીચિ વિગેરે પ્રજાપતિઓ પણ તેવા જ છે. 'એવ' 'જ' શબ્દથી વિષ્ણુ સિવાય બીજાના સંબંધવાળા નથી એમ જણાવેલ છે. 'મનાએલા છે' શબ્દથી પ્રમાણ કહેલું છે.

પહેલાં કહેલ કુમારો વિગેરે તો કેટલાક વિષ્ણુના અંશો અને કેટલાક કલાઓ છે, અને તેઓ અવતાર અને આવેશ ના ભેદથી જણાવેલા છે. 'ચ' 'અને' શબ્દથી ન કહેલા પણ અવતાર અથવા કલાઓ છે. 'પુરુષના' એટલે બ્રહ્માંડ દેહવાળા નારાયણના અંશો અને કલાઓ છે.

સામાન્ય રીતે શ્રીકૃષ્ણ પણ તેવા હોવાનું પ્રાપ્ત થાય છે, તે 'તુ' 'તો' શબ્દથી ખોટું ઠરાવે છે. પુરુષ વિગેરે જેમના અંશો છે તે શ્રીકૃષ્ણ ભગવાન છે, એવો અર્થ છે.

અટ્ઠાવીસમા શ્લોકના ઉત્તરાર્ધથી સામાન્ય રીતે બધાનું પ્રયોજન કહે છે. ઈંદ્રના શત્રુઓ દૈત્યો છે. તેઓથી પીડાએલ જગતને 'મૃડયન્તિ' સુખી કરે છે. વળી દરેક કલ્પમાં ચૌદ

મન્વન્તરો છે તેમ દરેક યુગમાં આ અવતારો થાય છે. તે અગણિત હોવાનું કહેલ હોવાથી જેવું પ્રયોજન હોય તે પ્રમાણે સર્વ સ્થલે અવતાર થાય છે, એમ જાણવું.૨૭-૨૮

શ્રીકૃષ્ણના અવતારનું પ્રયોજન કહેલું નથી, તેથી નીચેના શ્લોકમાં પોતાના અજ્ઞાનરૂપ દોષને દૂર કરતાં અવતારો જાણી ન શકાય તેવા હોવાનું કહે છે :

**જન્મ ગુહ્યં ભગવતા ય એતત્ પ્રયતઃ શુચિઃ ।**
**સાયં પ્રાતઃ ગૃણન્ ભક્ત્યા દુઃખગ્રામાદ્ વિમુચ્યતે ।।૨૯।।**

ભગવાનનો જન્મ ગુપ્ત રાખવા યોગ્ય છે. જે સાવધાન અને પવિત્ર થઈ સાંજે અને સવારે આનો ભક્તિથી પાઠ કરશે તે દુઃખોથી મુક્ત થશે.૨૯

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ 'ગુહ્યમ્' ગુપ્ત રાખવા યોગ્ય છે, અને પ્રગટ થાય તેમ કહેવો ન જોઈએ. તો પછી ઉદ્ધાર કેમ થશે? એવી શંકા થાય, તેથી કહે છે કે 'જે આનો પાઠ કરશે' 'આ' એટલે મેં સામાન્ય રીતે કહ્યું તે અવતારનું સ્વરૂપ જે 'પ્રયતઃ' સાવધાન અને 'શુચિઃ' પવિત્ર થઈ સાંજે અને સવારે ભક્તિથી પાઠ કરશે તે 'દુઃખગ્રામાત્' દુઃખના સમૂહથી સારી રીતે મુક્ત થશે. જન્મના રહસ્યનું જ્ઞાન ન હોવા છતાં કેવલ જન્મનું કીર્તન માત્ર કરવાથી જ સર્વ દુઃખ દૂર થશે એવો અર્થ છે. શ્રદ્ધાથી કીર્તન કરનાર મુક્ત થાય છે જ.૨૯

એવી રીતે પોતાના અંશાવતારો પરિકર સહિત પુરુષનો અવતાર કહીને નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી તે સંબંધી વિચાર[1] કહે છે :

**એતદ્ રૂપં ભગવતો હ્યરૂપસ્ય ચિદાત્મનઃ ।**
**માયાગુણૈઃ વિરચિતં મહદાદિભિરાત્મનિ ।।૩૦।।**

અરૂપ ચૈતન્યરૂપ ભગવાનનું આ રૂપ માયાના ગુણો મહત્તત્વ વિગેરે વડે પોતાની અંદર રચેલો છે.૩૦

આ બ્રહ્માંડાત્મક ભગવાનનું રૂપ સત્ત્વની ઉપાધિવાળા પૂર્ણ બ્રહ્મનું જ છે. કારણ કે દેહ વિના બીજે આત્માનું અસ્તિત્વ પ્રાપ્ત થતું નથી. ''બ્રહ્મ રૂપ વિનાનું જ છે, કારણ કે (તેનું નિરૂપણ કરનારાં વાક્યોમાં) તે પ્રધાન છે'' (બ્રહ્મસૂત્ર ૩।૨।૧૪) એ ન્યાયે બ્રહ્મને પોતાનો દેહ નથી; તેનું કારણ કે તે માત્ર ચૈતન્યરૂપ છે. દેહ જડ જ હોય છે, આકાર વિનાના કેવલ ચૈતન્યને દેહ હોતો નથી એવો 'હિ' 'ખરેખર' શબ્દનો અર્થ છે. ત્યારે બ્રહ્માંડ તેમનો દેહ કેમ છે? એવો પ્રશ્ન થાય તેથી 'માયાના ગુણોએ રચેલો' એમ કહેલું છે. **વૈષ્ણવતંત્રમાં માયા આધિદૈવિકની શક્તિ છે. તેના જ સત્ત્વ રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો[2] છે. તે ગુણોથી જ મહત્તત્વ વિગેરે ઉત્પન્ન થયેલા છે.** તેમણે પોતાના શરીરમાં જ ભગવાનનું શરીર રચેલું છે, એવા પ્રયોજનથી કે આ ભગવાનનું શરીર છે. (અને) અહીં પ્રકટ થયેલા ભગવાન ભજન કરવા યોગ્ય થશે. પછી મહત્તત્વ વિગેરે ઉપરની કૃપાને લીધે ભગવાન અહીં આ દેહથી 'સંનિહિતઃ'

પ્રકટ થયા અને તપેલા લોઢાના ગોળામાં અગ્નિ રહે તેમ રહેલા છે એમ જાણવું.૩૦

૧.શંકા અને તેનો નિરાસ કરી, ઈચ્છેલું સાબિત કરવું તે વિચાર.(પ્ર)

૨.તેનાથી જ ઉત્પન્ન થાય છે પણ તે અહીં ગુણવાળી નથી, એવો અર્થ છે.(પ્ર)

આ જડરૂપ બ્રહ્માંડમાં બ્રહ્મ હોવાનું ભાન કેમ થાય? જો બ્રહ્મરૂપ[૧] હોય તો ચેતન હોવાનું જણાય! અને તેથી[૨] બ્રહ્માંડ દશ્ય (જોવાનો પદાર્થ) હોવાથી અને જડ હોવાથી આમાં ભગવાનનો આવેશ નથી તેથી આ ભગવાનનું શરીર કેમ હોય? એવો પ્રશ્ન થાય તેથી નીચેના શ્લોક કહે છે :

**યથા નભસિ મેઘૌઘો રેણુર્વા પાર્થિવોઽનિલે ।**
**એવં દ્રષ્ટરિ દશ્યત્વમ્ આરોપિતમ્ અબુદ્ધિભિઃ ।।૩૧।।**

જેમ આકાશમાં વાદળાં દેખાય, અથવા વાયુમાં પૃથ્વીની રજ દેખાય, એવી રીતે બુદ્ધિ વગરનાઓએ દ્રષ્ટામાં દ્રશ્યનો આરોપ કરેલો છે.૩૧

આ[૩] દ્રષ્ટા (જોનાર) છે. દેવદત્તની પેઠે ભગવાન સર્વ જૂએ છે. જો કે શરીર પણ જોવાનો પદાર્થ છે, છતાં પણ જોનાર તેમાં રહેલો હોવાથી, તે (જોનાર) વિનાનું જ જોવાનો પદાર્થ છે. તે સંબંધમાં જે મોટા પુરુષો છે તેઓ બધા લોઢાના ગોળામાંના અગ્નિની પેઠે આ બ્રહ્માંડમાં ભગવાનના દર્શન કરે છે, પરંતુ જેઓ મૂઢ છે તેઓ તે જોનારમાં જોવાના પદાર્થનો આરોપ કરે છે.

એક પદાર્થમાં બીજાના ગુણોનો આરોપ કેમ થઈ શકે? એવી શંકા થાય, તેથી 'જેમ આકાશમાં વાદળાંનો સમૂહ દેખાય' એમ દષ્ટાંત સાથે કહેલું છે. વાસ્તવિક[૪] રીતે તો આકાશ અદશ્ય છે, અને તેથી તેના આધારપણામાં વાદળાંઓ કેમ જોવાનાં પદાર્થ બને? વળી જેઓના મત પ્રમાણે આકાશ દશ્ય છે તેઓના મત પ્રમાણે પણ આકાશમાં વાદળાંઓ નથી, પરંતુ વાયુમાં જ છે. તે વિષયમાં જેમ એક સ્થળે વાયુમાં રહેલાં બીજા સ્થળે (આકાશમાં) દેખાય છે તેમ બુદ્ધિ વગરનારઓએ દષ્ટામાં દશ્યનો આરોપ કરેલો છે.

આ પ્રસંગમાં[૧] તેવા પ્રકારનું જેનો આરોપ કરેલો છે તેની સાથેનું તેના ગુણવાળું ભાન થતું નથી, તેથી 'અથવા વાયુમાં પૃથ્વીની રજ દેખાય' એવું બીજું દષ્ટાંત કહેલું છે. જેમ વંટોળીઆમાં તેના ગુણવાળી રજનું ભાન થાય છે તેથી મૂર્ખો રજને વંટોળીઆની માને છે, વાસ્તવિક રીતે તો પૃથ્વીની રજ છે.૩૧

૧.'તેમ (બ્રહ્મા હોય)' એટલે બ્રહ્મ અગ્નિની પેઠે પ્રકટ થયેલ હોય.(પ્ર)

૨.'તેથી' એટલે દેખાય છે તેનો વિરોધ હોવાથી.(પ્ર)

૩.'આ' એટલે આ (બ્રહ્માંડ) શરીરવાળા ભગવાન.(પ્ર)

૪.અદશ્ય આકાશમાં જેમ વાદળાંનો આરોપ થાય છે, તેમ બ્રહ્મના શરીર બ્રહ્માંડમાં જોવાના પદાર્થનો આરોપ કરેલો છે. તેથી જેમ વાદળાં જોનારને આકાશનો ગુણ અવકાશ દેખાતો નથી. તેમ જોનારા મૂર્ખો પ્રાકૃત હોવાથી બ્રહ્માંડનું ચેતનપણું જોતા નથી.(પ્ર)

૫.'આમાં' એટલે કહેલા પહેલા દષ્ટાંતમાં. દષ્ટાંતમાં અદશ્ય આકાશના ગુણનો દશ્ય વાદળામાં આરોપ થાય છે, જ્યારે જેના સંબંધમાં દષ્ટાંત કહેલું છે તેના દશ્ય બ્રહ્માંડના ગુણનો અદશ્ય પુરુષમાં આરોપ થાય છે. તેથી દષ્ટાંત બરાબર ન જણાવાથી બીજાં દષ્ટાંત કહે છે.(પ્ર) 'આમાં' એટલે આ બ્રહ્માંડ સંબંધી પ્રસંગમાં જેમ મેઘો આકાશના અથવા બીજા મત પ્રમાણે વાયુના આધારે રહેલા જણાય છે તેમ બ્રહ્માંડ પુરુષના આધારે રહેલું જણાતું નથી. તેથી દષ્ટાંત બરાબર ન હોવાથી બીજું દષ્ટાંત કહેલ છે, એવો અર્થ જણાય છે.

એવી રીતે જગતમાં જડબુદ્ધિ ભૂલભરેલી છે, ભગવદ્‌બુદ્ધિ મુખ્ય છે એમ કહીને નીચેના શ્લોકથી એમ કહે છે કે જીવમાં પણ ભગવદ્‌બુદ્ધિ મુખ્ય છે, જીવબુદ્ધિ મુખ્ય નથી :

**અતઃ પરં યદ્ અવ્યક્તમ્ અવ્યૂઢગુણબૃંહિતમ્ ।**

**અદષ્ટાશ્રુતવસ્તુત્વાત્ સ જીવો યત્ પુનર્ભવઃ ।।૩૨।।**

આથી જૂદું જે અવ્યક્ત, અપરિણિત ગુણોથી વ્યાપ્ત છે તે ન જોએલી અને ન શ્રવણ કરેલી વસ્તુ હોવાથી જીવ છે, કારણ કે પુનર્જન્મ થાય છે.૩૨

'આ' બ્રહ્માંડના દેહથી સૂક્ષ્મ, બધી ઈંદ્રિયોથી જણાય નહીં તેવું, જેનું બીજું નામ 'અવ્યક્ત' છે તેવું, જેના સ્વાભાવિક કર-ચરણ વિગેરે ગુણો વિસ્તાર પામેલા નથી તેવું છે, એવો સંબંધ છે. ત્યારે તે શું છે? એ જાણવાની ઈચ્છા થતાં, તે જીવજ છે એમ કહે છે. કારણ કે જડ, જીવ અને ભગવાન સિવાય ચોથો પદાર્થ નથી. છતાં પણ તે જીવ કેમ? એવો પ્રશ્ન થાય તેથી 'ન જોએલી અને ન શ્રવણ કરેલી વસ્તુ હોવાથી' એમ કહેલ છે. જો તે જડ હોત તો જોવાય તેવું હોત અને જો ભગવદ્રૂપ હોત તો વેદ વિગેરેમાં તેનું શ્રવણ થયેલું હોત. વળી તે વસ્તુ[1] હોવાથી સસલાનાં શીંગડાં પેઠે તે પોતાની સ્થિતિ વિનાનું નથી. તેથી બાકી રહેલ વસ્તુ હોવાથી તે જીવજ છે.

કેટલાક[2] તો તે જીવની ઉપાધિ હોવાનું માને છે, અને પ્રાપ્ત થયેલ[3] અને ન પ્રાપ્ત થયેલના વિચાર પ્રમાણે ભગવાનથી જૂદો જીવ ન હોવાથી તે કોની ઉપાધિ હોય? તેથી તે જીવજ છે. વળી તેનો પુનર્જન્મ[4] થતો હોવાથી તે જીવ છે. પુરાણમાં અને લોકમાં એમ જોવામાં આવે છે કે પહેલાં આ દેવ હતો અને મનુષ્ય થયો છે. તેથી પુનર્જન્મ બીજી રીતે થવાનું ઘટતું ન હોવાથી એમ માનવું જોઈએ કે કોઈક ભગવાનની ઉપાધિરૂપ[5] સૂક્ષ્મ જીવ છે.૩૨

૧.ચેષ્ટા (ક્રિયા) વિગેરેથી તે વસ્તુ હોવાનું અનુમાન થાય છે.(પ્ર)

૨.શ્રીધર વિગેરે જીવની ઉપાધિ લિંગ શરીર માટે પણ 'જીવ' શબ્દ યોજાતો હોવાથી 'જીવ' નો અર્થ લિંગ શરીર કરે છે.(પ્ર)

૩.અહીંથી તેઓના મતનો દોષ કહે છે. ભગવાન વિષે પ્રસંગ ચાલતો હોવાથી તે પ્રાપ્ત છે, અને જીવનો પ્રસંગ ચાલતો ન હોવાથી તે અપ્રાપ્ત છે. તેમનો વિચાર કરતો આ જીવ છે, લિંગ શરીર નથી એમ માનવું જોઈએ.(પ્ર)

૪."તે બહાર જતાં પ્રાણ તેની પાછળ બહાર નીકળે છે" શ્રુતિ પ્રમાણે લિંગ શરીર દેહની બહાર પહેલું નીકળતું નથી, પણ જીવ નીકળ્યા પછી નીકળે છે. તેથી જીવની પાછળ બહાર નીકળે છે એ ચિહ્નથી પણ અહીં જીવની ઉપાધિ લિંગ શરીર કહેલ નથી પણ જીવજ કહેલ છે.(પ્ર)

૫.ભગવાન અંતર્યામી સ્વરૂપથી 'ઉપ' પોતાની પાસે 'ધીયતે' પોષે છે તે ભગવાનની ઉપાધિ જીવ.(પ્ર)

તેમ તે જીવ હોય તેથી શું? એમ પ્રશ્ન થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**યત્રેમે સદસદ્રૂપે પ્રતિષિદ્ધે સ્વસંવિદા ।**
**અવિદ્યયાઽઽત્મનિ કૃતે ઈતિ તદ્બ્રહ્મદર્શનમ્ ।।૩૩।।**

જ્યારે આ બે સત્ અને અસત્ રૂપો, અવિદ્યાએ આત્મામાં રચેલા છે એવા કારણથી પોતાના જ્ઞાનથી ન હોવાનું જણાય ત્યારે જ બ્રહ્મનો અનુભવ થાય છે.૩૩

વાસ્તવિક રીતે તો સર્વ ભગવાન જ છે, જીવ નથી અને જડ પણ નથી. તે બે દેખાવાનું અવિદ્યાથી થાય છે. પછી જ્યારે પોતાના જ અધિષ્ઠાનમાં આ બે સૂક્ષ્મ અને સ્થૂલ (જીવ અને જડ) બ્રહ્મના અનુભવને લીધે નથી એમ જો જણાય તો બ્રહ્મનો અનુભવ થયો જાણવો. 'અવિદ્યાએ આત્મામાં રચેલા છે' શબ્દોથી ન હોવાનું જણાવાનું કારણ કહેલ છે. બ્રહ્મનો અનુભવ ન હોવાથી આત્મામાં કરેલા, આત્માના સ્થાનમાં તે બે જણાય છે, એવો અર્થ છે. 'ઈતિ' 'એવા કારણથી' શબ્દ કારણ દર્શાવનારો છે. 'તત્' ત્યારે જ 'બ્રહ્મદર્શનં' બ્રહ્મનો અનુભવ થાય છે. એવો અર્થ છે. સર્વ સ્થલે બ્રહ્મ હોવાનું જણાયા કરે છે, જડ અને જીવ જણાતાં બંધ થાય છે, એવો ભાવ છે.૩૩

તેટલાથી શું થાય? આ જડ અને જીવ જણાવાનું ક્યારે બંધ થાય? એવા પ્રશ્ન થાય તેથી તે બે વિષયનું નિરૂપણ નીચેના શ્લોકમાં કરે છે :

**યદ્યેષોપરતા દેવી માયા વૈશારદી મતિઃ ।**
**સમ્પન્ન એવેતિ વિદુઃ મહિમ્નિ સ્વે મહીયતે ।।૩૪।।**

જ્યારે આ ભગવાનના સંબંધવાળી દેવી માયા કાર્ય કરતી બંધ થઈ, મતિ થાય છે ત્યારે જીવ પોતાના ગૌરવને પ્રાપ્ત થયેલો જ સ્વારાજ્ય કરે છે એમ જાણે છે.૩૪

આ માયા નિપુણ ભગવાનના સંબંધવાળી 'દેવી' દેવતારૂપ (પોતાની) પહેલાંની (અવિદ્યાવાળા કરવાની) સ્થિતિથી બંધ થાય છે, છતાં પણ તે પોતાની સ્થિતિ રહિત[1] થતી નથી, પરંતુ તે મતિરૂપ થાય છે. જ્યારે **પ્રવૃત્તિ કરાવવાના ગુણવાળી હોય ત્યારે માયા, અને નિવૃત્તિ કરાવવાના ગુણવાળી હોય ત્યારે મતિ,** એવો ભેદ છે. ત્યારે આ જીવ પોતાના ગૌરવને પ્રાપ્ત થયેલો જ એટલે પોતાના સ્વરૂપને પ્રાપ્ત થયેલો જ 'મહીયતે' સ્વારાજ્ય કરે છે[2] એવો અર્થ છે. એવી રીતે 'સર્વ હરિ છે' એવું જ્ઞાન થાય તે માટે પુરુષનો અવતાર સામગ્રી સાથે કહ્યો. એવી રીતે બીજા અવતારોમાં પણ જાણવું.૩૪.

૧.નાશ પામતી નથી.(પ્ર)　　૨.'એમ તત્ત્વજ્ઞો જાણે છે' એટલું અધ્યાહાર છે.(પ્ર)

આ પ્રમાણે બીજે ઠેકાણે પણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના જન્મ અને કર્મોનું નિરૂપણ

તેઓ ભગવાન છે એમ જણાવવા જ કહેલું છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવં જન્માનિ કર્માણિ હ્યકર્તુઃ અજનસ્ય ચ ।**
**વર્ણયન્તિ સ્મ કવયો વેદગુહ્યાનિ હૃત્પતેઃ ।।૩૫।।**

એવી રીતે જે કર્તા નથી અને જેમને જન્મ નથી તેવા હૃદયના પતિના વેદમાં ગુપ્ત રાખેલા જન્મો અને કર્મો નું કવિઓએ વર્ણન કરેલું છે.૩૫.

'ઉપદેશ અને અતિદેશથી[1] શું ઉત્તમપણું થાય છે?' એવા પ્રશ્ન થાય. તેથી કહે છે કે જેમને જન્મ નથી તેમના જન્મો, અને જે કર્તા નથી તેમનાં કર્મોનું વર્ણન કરેલું છે. વિરુદ્ધ ધર્મો તેમનામાં રહેલા હોવાથી ''આનો મહિમા આટલો છે, આથી પુરુષ મોટા છે'' એ વાક્ય પ્રમાણે માહાત્મ્ય ઉત્તમ છે. કારણ કે કવિઓ આવીજ રીતે વિરુદ્ધ સર્વ ધર્મવાળા તરીકે તેમનું વર્ણન કરે છે. વિરોધ વગરના (તે વિરુદ્ધ ગુણો) કેમ જણાય? એવો પ્રશ્ન થાય, તેથી 'વેદગુહ્યાનિ' એમ કહેલું છે. વેદમાં પણ તે ગુપ્ત રાખેલા છે. મૂર્ખાઓને વિરુદ્ધ જેવા જણાય તે માટે વિરુદ્ધ હોય તેવું વચન છે, વાસ્તવિક રીતે તો સર્વ થવાની શક્તિવાળા બ્રહ્મમાં વિરોધ છેજ નહીં. વળી (તે) 'હૃદયના પતિ' છે બધાનાં હૃદયોને પ્રેરણા કરનાર તે જ છે. ત્યાં જેમ અનેક પ્રકારે પ્રેરણા કરે છે તેમ અનેક પ્રકારના થાય છે એવો અર્થ છે.૩૫

૧.પ્રથમ કહેવું તે ઉપદેશ. એક પ્રસિદ્ધ થયેલ ગુણ કાર્યને લીધે બીજા સંબંધી કહેવો તે અતિદેશ. પુરુષના અવતાર જન્મ વિગેરે કહ્યા તે ઉપદેશ. આ શ્લોકથી બીજા સંબંધી તેવું કહેવું તે અતિદેશ.(પ્ર)

કેવી રીતે (કવિઓ) વર્ણન કરે છે[1]? તેમની લીલા કઈ? સ્વરૂપ શું? કેમ જણાય છે? એ જાણવાની ઈચ્છા થાય તેથી નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી જણાવે છે.[2] અથવા ''હે સૂત તમો જાણો છો?'' (૧।૧।૧૨) એ પ્રશ્નનો આ ઉત્તર છે :

**સ વા ઈદં વિશ્વમ્ અમોઘલીલઃ સૃજત્યવત્યત્તિ ન સજ્જતેઽસ્મિન્ ।**
**ભૂતેષુ ચાન્તર્હિત આત્મતન્ત્રઃ ષાડ્વર્ગિકં જિઘ્રતિ ષડ્ગુણેશઃ ।।૩૬।।**

સદા સફલ લીલાવાળા તે નિશ્ચય આ વિશ્વ રચે છે, તેનું રક્ષણ કરે છે અને તેનું ભક્ષણ કરે છે. આમાં તે આસક્ત થતા નથી અને ભૂતોમાં છૂપાએલા સ્વતંત્ર રહીને તે છ ગુણોના ઈશ છના વર્ગોનો ભોગ કરે છે.૩૬

કાલ વિગેરે તેમનાથી પ્રેરણા કરાતા હોવાથી તે[3] 'વૈ' નિશ્ચય પુરુષોત્તમ છે, 'આ વિશ્વ' શબ્દોથી પ્રપંચનો ભેદ દૂર કરેલો છે. અક્ષર કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ અને પુરુષ જગત્ રચે છે, એમ જે ઘણા પ્રકારે રચાએલ હોવાનું કહેલું છે, તે વાસ્તવિક રીતે ભગવાન જ રચે છે. તેનું કારણ 'સદા સફલ લીલાવાળા' વિશેષણથી કહેલું છે. માત્ર અક્ષર વિગેરે જગત્ કરતા હોય ત્યારે સ્વતંત્ર ભગવાનની તે રચવાની ઈચ્છા ન હોય તો તેઓની ક્રિયા વ્યર્થ થાય, [જકારણ કે] તેઓ કાર્ય કરવામાં રોકાએલા હોય, અને તેમને તે રચવાનું સારી રીતે જણાય નહીં. ભગવાનની તો તે લીલા[5] છે, કારણ કે જગત્ તેમને ભોગ કરવાનો પદાર્થ છે. 'ભક્ષણ(કરે છે)' એમ કહેલ

હોવાથી ચોખાની પેઠે ભગવાન જગત્ રચે છે, તેનું રક્ષણ કરે છે અને તેનું ભક્ષણ કરે છે. બીજાઓ કર્મ કરનારા (ચાકરો) હોવાથી જગત્ રચનારા નથી. જીવો પણ તેવા (ભોગ કરનારા) હોવાથી, 'આસક્ત થતા નથી' શબ્દોથી (તેમનાથી ભગવાનનો) ભેદ કહે છે. તે (કાર્ય અથવા ભોગ) થી થતા મોહ હર્ષ વિગેરે ગુણ અને દોષ 'સંગ' છે. તે ભગવાનમાં નથી. તે વિષયમાં પ્રમાણ કહેતો હોય[૬] તેની પેઠે 'આમાં' શબ્દથી (તે) દેખાડે છે. 'ભૂતોમાં' એટલે મહાભૂતોમાં અને પોતાના અંશ જીવોમાં ભગવાનને સંગ નથી. જીવોમાં અને જડ પદાર્થમાં આસક્તિ ન હોવાનું કહ્યું.

'સર્વ સ્થલે કાર્ય અને કારણ જોવામાં આવે છે, અને ભગવાન દેખાતા નથી તેથી અને જણાય તેવું હોય ત્યારે ન જણાય, તેવાની કલ્પના કરવી એ અયોગ્ય હોવાથી ભગવાન કરે છે એમ કેમ (કહો છો)?' એવો પ્રશ્ન થાય. તેથી 'છૂપાએલા, સ્વતંત્ર' એમ કહેલું છે. ભગવાન છૂપા રહેલા હોવાથી દેખાતા નથી, સ્વતંત્ર હોવાથી દેખાવાનું[૭] સંભવતું નથી, કારણ કે જે દેખાય તે પરતંત્ર હોય છે.

જો સર્વમાં છૂપાએલા અને પાછળથી પ્રવેશ કરેલા ભગવાન ભોગ કરતા હોય તો ભોગ કરવામાં દોષ થાય[૮]. કારણ કે જીવોની સાથે ભોગ થાય અથવા તેઓની પહેલાં જ જો ભોગ કરે તો ભોગ કરવાના પદાર્થો થઈ રહે[૯] એવી શંકા થાય, તેથી 'છના વર્ગોની ગંધ લે છે' એમ કહેલું છે. કારણ કે ભોગ ઈંદ્રિયોથી થઈ શકે તેવો છે. ભગવાનની ઈંદ્રિયો તો પદાર્થના ગુણોને જ ગ્રહણ કરે છે, પદાર્થોને ગ્રહણ કરતી નથી. જીવે કરેલ ભોગમાં એકલાનું ગ્રહણ જીવોથી થઈ શક્તું નથી. તેમની ઈંદ્રિયોને માત્ર એક ક્ષણ સુધી ગુણના એક ભાગ સાથે સંબંધ રહે છે. તેથી પાંચ ઈંદ્રિયોના વિષયોનો ભોગ ભગવાનથી જ થઈ શકે તેવો છે. 'ગંધ લે છે' શબ્દથી એમ જણાવ્યું છે કે ગુણોનું જ ગ્રહણ કરે છે. લોકમાં માત્ર ધર્મનું જ[૧૦] ગ્રહણ સુંઘવાથી જ થાય છે. તેથી એમ કહેલું છે. છ ઈંદ્રિયો પાંચ વિભાગવાળી અવિદ્યાથી વ્યાપ્ત હોવાથી, દરેક ઈંદ્રિય પાંચ પ્રકારની થતી હોવાથી પાંચ પ્રકારવાળા થવું એ વર્ગ છે. તેથી અટ્ઠાવીસ ભેદોવાળાં તત્ત્વો છે, ભોગ કરનાર પોતે અને ભક્તિ એવા ત્રીસ ભેદો થયા. તેઓના રસનો[૧૧] ભગવાન પોતે જ અનુભવ કરે છે એવો અર્થ છે. જ્ઞાન[૧૨] સાથેના રૂપ વિગેરે જીવને સંપૂર્ણ રીતે પોતાનું સમર્પણ કરતા નથી, પણ થોડા ભાગથી અને કોઈ વાર જ કરે છે. તેવું ભગવાન પ્રતિ કરતા નથી એમ 'છ ગુણોના ઈશ' શબ્દથી કહેલું છે. અને ઈશ હોવાથી તેમને વશ રાખનાર હોવાનું[૧૩] કહેલું છે.૩૬

૧.જગતના રચનાર વિગેરે પ્રકારે વર્ણન ન કરે.(પ્ર)

૨.'ગયા અધ્યાયના ૩૦ મા શ્લોકમાં લીલા કહેલી છે તેથી તે ફરી કહેવાનું પ્રયોજન નથી અને તેથી છ પ્રશ્નના ઉત્તર પૂરા થતા નથી' એમ જણાય તેથી આ બીજા પ્રકારે અર્થ કરેલ છે.(પ્ર)

૩.આ શબ્દ પ્રસિદ્ધ અર્થ (ભગવાન) જણાવનારો છે, ચાલતા વિષયને લગતો નથી, એવા અભિપ્રાયથી 'પુરુષોત્તમ' એમ કહેલ છે.(પ્ર)

૪.ફલ પ્રાપ્ત ન થવાથી વ્યર્થ થાય. ભગવાનની પેઠે તે સદા સફલ લીલા કરનાર ન હોવાથી ફલ સિદ્ધ ન થાય.(પ્ર)
૫.તેથી ભગવાનને સારી રીતે જણાય છે.(પ્ર) ૬.સૂત પોતાનો અનુભવ કહે છે એવો અર્થ છે.(પ્ર)
૭.ભગવાન ન દેખાય તેનું કારણ તે અંકુશરહિત છે.(પ્ર)
૮.'ભક્ષણ કરે છે' શબ્દથી ભોગ કહેલો હોવાથી તે જીવ સમાન થાય.(પ્ર)
૯.પદાર્થો થઈ રહે એવી શંકા થાય, તે દૂર કરવા ભોગનો પ્રકાર કહે છે.(પ્ર)
૧૦.એવા કારણથી 'ગંધ લે છે' એમ કહેલું છે. માત્ર ધર્મ જ ગ્રહણ કરાય એવું અનુભવથી જણાય છે. તેથી ધર્મનું જ ગ્રહણ થાય એવું જણાવનારો શબ્દ યોજેલ છે. તેથી અહીં લક્ષણા નથી. 'એષ' 'જ' શબ્દથી જીભ વિગેરે ઈંદ્રિયો માત્ર ધર્મનું ગ્રહણ કરનારી નથી, પણ ધર્મોનું જ ગ્રહણ કરનારી છે એમ જણાવેલ છે.(પ્ર)
૧૧.'રસ' એટલે સાર થયેલ અંશ. તેથી ભોગનો પ્રકાર જૂદો હોવાથી ભગવાન જીવની સમાન નથી. અને બેને ભોગ કરવાની વસ્તુઓ જૂદા પ્રકારની હોવાથી, તે વસ્તુઓ થઈ રહેતી નથી.(પ્ર)
૧૨.જ્ઞાન મુખ્ય રીતે મનથી ગ્રહણ થાય તેવું છે, તેથી રૂપ વિગેરેને અહીં જ્ઞાન સાથેના કહેલાં છે.(પ્ર)
૧૩.આ વૃંદાવન પ્રેસની પ્રત પ્રમાણે પાઠ લઈ અર્થ કર્યો છે. બીજી પ્રતમા 'તદધીનત્વંચ' શબ્દો વધારે છે. તેનો અર્થ 'ભગવાન રસને અધીન છે' એવો પ્રકાશ કરે છે. ભગવાનને અહીં 'ઈશ' કહેલા હોવાથી તે અર્થ યોગ્ય લાગતો નથી. પાઠ હોય તો પણ 'તદનધીનત્વંચ' પાઠ જોઈએ એમ જણાય છે.

એમ ઘણી જ સૂક્ષ્મ દૃષ્ટિથી ભગવાનનું નિરૂપણ કર્યું. વાસ્તવિક રીતે તો તે સારી રીતે જાણવામાં આવતા જ નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**ન ચાસ્ય કશ્ચિદ્ નિપુણેન ધાતુઃ અવૈતિ જન્તુઃ કુમનીષ ઊતીઃ ।**
**નામાનિ રૂપાણિ મનોવચોભિઃ સન્તન્વતો નટચર્યામ્ ઈવાજ્ઞઃ ।।૩૭।।**

અને કોઈ પણ દુષ્ટ બુદ્ધિવાળો અજ્ઞાની જંતુ, નટના આચરણની પેઠે મન અને વાણી સાથે નામો અને રૂપો નો વિસ્તાર કરનારા આ સૃષ્ટિ રચનારની લીલાઓને ઉત્તમ પ્રમાણથી પણ જાણતો નથી.૩૭

આ પ્રમાણે અભિપ્રાય છે. ભગવાન સર્વ રસોનો ભોગ કરે છે એમ કહ્યું; અને તે રસો પોતાથી,[1] આધારને[2] લીધે અથવા અધિકારીના[3] જૂદાપણાને લીધે ઉત્તમ અથવા અધમ હોય છે, અને ભગવાન તેમનો અનુભવ (ભોગ) કરે છે કે નહીં, એવો સંદેહ છે. સર્વ વસ્તુઓમાં રસના રૂપથી ભગવાને જ પ્રવેશ કરેલો હોવાથી તેમના પોતાના પ્રતિ તે રસોનું ઉત્તમપણું અથવા અધમપણું નથી. ભગવાન આધાર અને અધિકારી સર્વરૂપ હોવાથી બીજો પક્ષ[4] પણ નથી. 'ચ' 'અને' શબ્દથી બીજાં પ્રમાણ પણ ન હોવાનું જણાવેલ છે. એવું નિરૂપણ કરતાં ભક્તિથી ભગવાન પ્રકટ થવાથી તેમનાં દર્શન કરતાં 'આમની' એમ કહે છે. 'આમની' એટલે શ્રીકૃષ્ણની લીલાઓ, 'કોઈ પણ' એટલે બ્રહ્મા પણ ઉત્તમ જ્ઞાન કરાવનાર (પ્રમાણથી) પણ જાણતા નથી. 'સૃષ્ટિ રચનાર' શબ્દથી તેનું કારણ કહેલું છે, કારણ કે ભગવાન સર્વને ઉત્પન્ન કરનારને સર્વના ભૂતમયપણાનું જ્ઞાન છે. ભગવાને કોને કયા પ્રયોજનથી કેવી રીતે ઉત્પન્ન કર્યો તે બીજો કેમ જાણે? તે બીજો પણ 'જંતુ' કીડા જેવો, સંશય અને તેનું નિવારણ

કરવાની ચતુરાઈ વિનાનો છે. વળી ભગવાનની ક્રિયાઓ પણ સ્વાભાવિક નહીં, પરંતુ લીલાઓ કેમ જાણે? અને 'ઊતીઃ' એ અનિયમિત રૂપ ભગવાનની લીલાના પેટાભેદો કોઈ જાણતું નથી એમ જણાવવા યોજેલું છે. મન અને વાણી સાથે, નામો એટલે વેદો અને રૂપો એટલે વિષયોનો 'સન્તન્વતઃ' વિસ્તાર કરનારા એ વિશેષણથી સંપૂર્ણ પ્રકારે અજ્ઞાન હોવાનું કારણ કહેલું છે.

**ચતુર્ભિશ્ચ મહારોગૈઃ વ્યાપ્તા ઊતીઃ ન જાનતે ।**
**નટવચ્ચાપિ કરણમ્ અન્યથા પ્રતિભાસનાત્ ।।કા.।।**

અને ચાર મોટા[5] રોગોથી ઘેરાએલા ભગવાનની લીલાઓ જાણતા નથી. અને લીલાઓનું જુદા પ્રકારે ભાન કરાવવા ભગવાન નટની પેઠે આચરણ કરે છે.કા.૧૫

કારણ કે પ્રમાણના બલથી જ્ઞાન થાય. પ્રમાણનો લોપ કરાવવા જ નટના જેવી પ્રવૃત્તિ ભગવાન કરે છે એમ 'નટના આચરણની પેઠે' શબ્દથી કહેલું છે. અજ્ઞાની જરાએ ન જાણે, પુષ્ટિમાર્ગને ન જાણનારો એવો (અજ્ઞાનીનો) અર્થ છે.૩૭

૧.કેરી વિગેરે અને કાકડી વિગેરે પોતાથી જ ઉત્તમ અને હલકાં છે.(પ્ર)
૨.દુધ વિગેરે જેવા વાસણમાં ભર્યા હોય તેવાં ઉત્તમ અથવા હલકાં થાય છે.(પ્ર)
૩.કીડાઓથી ખરાબ થયેલાં થાય છે.(પ્ર)
૪.'બીજો પક્ષ' એટલે ભગવાન અનુભવ કરતા નથી એવો પક્ષ. ભગવાન સર્વરૂપ હોવાથી બીજા રૂપથી અનુભવ કરે છે, પોતાના રૂપથી કરતા નથી.(પ્ર)
૫.'રચનાર' શબ્દથી સૂચવેલ ૧.જીવોનું અર્વાચીનપણું ૨.જંતુપણું ૩.દુષ્ટ બુદ્ધિવાળા હોવાપણું અને ૪.અજ્ઞાનીપણું.એ ચાર મોટા રોગ જણાવેલ છે.(પ્ર)

ત્યારે ઉદ્ધાર કેમ થાય? એવી શંકા થાય તેથી નીચેના શ્લોક કહે છે :

**સ વેદ ધાતુઃ પદવીં પરસ્ય દુરન્તવીર્યસ્ય રથાંગપાણેઃ ।**
**યોऽમાયયા સન્તતયાऽનુવૃત્યા ભજેત તત્પાદસરોજગન્ધમ્ ।।૩૮।।**

જે માયારહિત સદાની અનુવૃત્તિથી ભગવાનના ચરણકમલની ગંધનો આશ્રય કરે છે તે અનંતવીર્યવાળા, રથનું અંગ જેમના હસ્તમાં છે તેવા સૃષ્ટિ રચનારના માર્ગને જાણે છે.૩૮

'સૃષ્ટિ રચનારના' શબ્દનો અર્થ પહેલા[1] પ્રમાણે. ભગવાન તો ન જણાય તેવા સ્વરૂપવાળા હોવાથી તેમનું જ્ઞાન થતું જ નથી. તેમનું કાર્ય તો લૌકિક[2] છે. તેમના માર્ગનું[3] જ્ઞાન થાય ત્યારે સમાગમ થવાનું જાણીને સાથે[4] રહેવાથી કાર્યોનું તત્ત્વ જાણવામાં આવે એવા વિચારથી તેમની ગતિનો માર્ગ જાણવો જોઈએ. લૌકિક અને વૈદિક પ્રમાણોથી તેમનું જ્ઞાન ન થવાનું કારણ 'પર' વિશેષણથી કહેલું છે. તે સર્વ પ્રમાણોથી દૂર રહેલા છે, એવો તેનો અર્થ છે. 'કોઈક સમયે'[5] અશક્તિ થાય ત્યારે તે થોડું ચાલે ત્યારે ત્યાં રહેનારાઓને તે જણાય દ્ર એવી શંકા થાય, તેથી 'અનંતવીર્યવાળા' એમ કહેલું છે. દુષ્ટ છે અતં જેમના વીર્યનો તેવા હોવાથી તેમનું પરાક્રમ કોઈ પણ સમયે પૂરૂં થતું જ નથી. [6]પૂરૂં થાય તો પ્રલય જ[7] થાય તેથી તેનો અંત નથી. પ્રલય થયા પછી તો કોઈ જાણનાર રહેતો જ નથી એવો ભાવ છે.

વળી[8] કાલની પેઠે તેમનું જ્ઞાન થાય અને તે કાલનું ચક્ર જેમના હસ્તમાં છે તેવા ભગવાન છે. કાલને પણ સ્થિર કરીને રહે છે. અથવા બધુંએ જગત્ રથ છે, ચક્ર તેની પણ નીચે હોય છે. તે ચક્ર જેમના હસ્તમાં છે તેવા ભગવાન છે. તેથી હસ્ત ચલાવવાથી જગદ્રૂપ રથ ચાલે છે અને હસ્તના આધારવાળો છે. તે રથ ગાડીમાં[9] બેઠેલાથી કેમ જણાય? તેથી ભગવાનની અનુવૃત્તિજ તેમનું જ્ઞાન થવાનું કારણ છે એમ ઉત્તરાર્ધથી કહે છે. લાંબા સમય સુધીના આદર અને સદાની સેવાથી માયારહિત થવું તે પણ ભગવાનના જ્ઞાનનું અંગ છે, કારણ કે સર્વ લૌકિક અને વૈદિક માયાથી ભગવાનનું ભજન કરે છે. કારણ કે 'આમ કરવામાં આવશે ત્યારે આ અમને આ આપશે' એવી બુદ્ધિથી ભગવાન પાસેથી પદાર્થો લેવા ભગવાનને ઠગવા માટે પ્રયત્ન કરે છે. ભગવાન તો તેથી પણ ચતુર છે. તેથી માયાનો ત્યાગ કરવો જોઈએ. પોતાના ભોગનો[10] વિચાર કરે છે. માયા તેનું બીજું નામ છે. 'સન્તતા' એટલે સદાની. 'અનુ' પાછળ 'વૃત્તિ' રહેવું તે, એમ ભગવાનની ગતિની પાછળ સ્થિતિ કરવાનું કહ્યું, તેથી લાંબા સમયની સેવા અને આદર જણાવેલા[11] છે. માર્ગનું જ્ઞાન થવામાં ચરણનું જ્ઞાન કારણ છે. તે ચરણ જ કમલ છે. તેની ગંધનો આશ્રય કરવો. ભગવાન શયન કરે ત્યારે ચરણ ચાંપતાં, ઉપલો ભાગ ઊંચો રહેલ હોય તેવા ચરણને સૂંઘતાં તેની ગંધનો અનુભવ થાય છે. જેઓના હૃદયમાં ભગવાન પોતાની ઈચ્છાથી શયન કરે છે તેમને તે ગંધનો અનુભવ થાય છે. અને ગંધથી ખેંચાએલી બહારની ઈંદ્રિયો પણ તેમાં જ પ્રવેશ કરે છે અને તે ભગવાનનો માર્ગ જાણે છે, એવો જ્ઞાનનો પક્ષ છે.

ભક્તિના પક્ષમાં[12] તો તે ભગવાનનું ચરણ ભક્તિમાર્ગ[13] છે. તે શુદ્ધ સ્વચ્છ અંતઃકરણમાં પ્રકટ થયેલું કમલ છે. તેમાંની ગંધ એટલે સંત પુરુષો અથવા પ્રેમ, તેનું ભજન એટલે તેનું સદાનું સેવન.૩૮

૧.'પહેલાં પ્રમાણે' ગયા શ્લો. ૩૭ માં કર્યો તે પ્રમાણે.

૨.'રચનાર હોવાથી જ્ઞાન ન થાય તો પણ તેમનાં કાર્યરૂપ ચિહ્નથી તેમનું જ્ઞાન થશે' એમ જણાય તેથી આ કહેલ છે. કાર્ય તો લોકની અંદર થયેલું છે, તેથી તેનાથી જેવું તેવું જ્ઞાન થાય, પણ સંપૂર્ણ જ્ઞાન ન થાય, એવો અર્થ છે.(પ્ર)

૩.તેમના માર્ગનું જ્ઞાન થાય, ત્યારે કાર્યથી જ્ઞાન થાય, એવો અર્થ છે. આથી 'પદવી' શબ્દ મૂકવાનું તાત્પર્ય કહ્યું છે. તેમનો માર્ગ ભક્તિ છે.(પ્ર)

૪.'સાથે રહેવાથી' એટલે ગતિ સાથે રહેવાથી ગતિનો આધાર થયેલ માર્ગ કાર્યરૂપ થયેલ છે, તેથી ગતિનું જ્ઞાન થતાં તેનો આધાર બનેલ કાર્યનું જ્ઞાન અનુમાનથી ધૂમાડાથી અગ્નિનું જ્ઞાન થાય તેમ થાય છે. તેથી માર્ગનું જ્ઞાન જરૂરી છે.(પ્ર)

૫.'વૈકુંઠમાં રહેનારાઓએ ભગવાન સંબંધી ઉપદેશ કરવો જોઈએ' એવી શંકા છે.(પ્ર)

૬.ભગવાનનો ઘણો વેગ હોવાથી, તે સાકાર હોવા છતાં પણ તેમનું જ્ઞાન થતું નથી. અને આપણો અધિકાર ન હોવાથી કોઈ ઉપદેશ કરતું નથી, એવો અર્થ છે.(પ્ર)

૭.જગતને અનુકૂલ ક્રિયા ન હોવાથી પ્રલય થાય.(પ્ર)

૮.'ગતિ કાલ છે એ વાક્ય પ્રમાણે કાલ ગતિ હોવાથી, તેની પેઠે બીજી ગતિનું પણ અનુમાન કરવાથી જ્ઞાન

થવાનું' એવી શંકા થાય, તેથી કાલ પણ જાણી શકાય તેવો નથી, તેથી તેના દષ્ટાંતથી બીજી ગતિનું પણ જ્ઞાન થાય તેમ નથી, તેથી ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનનો ઉપદેશ કરવો જરૂરી છે.(પ્ર)

૯.ગાડું = જગત્(પ્ર)

૧૦.'યુક્તિં' ને બદલે 'ભુક્તિ' પાઠ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં છે, તે લીધો છે.

૧૧.'સદાની' અને 'અનુવૃત્તિ' શબ્દોથી જણાવેલા છે.(પ્ર)

૧૨.આ પક્ષમાં પરોક્ષવાદ હોવાથી લક્ષણા દોષરૂપ નથી.(પ્ર) જુઓ પૂ.૪,કા.૬

૧૩.૧૦।૨।૩૧ માં કહ્યા પ્રમાણે.(પ્ર)

એ પ્રમાણે પ્રસંગને લીધે નીકળેલી કથા કહીને નીચેના શ્લોકમાં જૂદા આરંભથી ચાલતો પ્રસંગ કહે છે :

**અથેહ ધન્યા ભગવન્ત ઈત્થં યદ્વાસુદેવે અખિલલોકનાથે ।**
**કુર્વન્તિ સર્વાત્મકમ્ આત્મભાવં ન યત્ર ભૂયઃ પરિવર્ત ઉગ્રઃ ।।૩૯।।**

હવે આ સંસારમાં તમો (ભગવન્તો) ધન્ય છો, કારણ કે સર્વ લોકના નાથ વાસુદેવમાં આવી રીતે સંપૂર્ણ આત્મભાવ કરો છો, જેથી ભયંકર સંસારમાં ફરી આવવાનું રહેતું નથી.૩૯

તમારા પ્રશ્નથી એમ જણાય છે કે તમો ભગવાનમાં શ્રદ્ધાવાળા છો. આ સંસારમાં ''જે જેમાં શ્રદ્ધાવાળો હોય તે તેજ છે'' (ભ.ગી.૧૭।૩) એ વચન પ્રમાણે તમો ભગવાનો છો. 'ધન્ય' એટલે 'ધન' ભગવાનની ભક્તિ અથવા જ્ઞાન માટે 'અર્હન્તિ' યોગ્ય હોય તે ધન્ય. 'આવી રીતે' એટલે હલકાનું[1] પણ સંબોધન કરીને શ્રવણનો અવસર ન હોય તેને પણ અવસર કરીને તેના મુખથી પણ ઘણો આદર કરીને શ્રવણ કરવું એવા પ્રકારે. 'વાસુદેવ' શબ્દથી બીજા દેવનું ભજન કરતા નથી એમ જણાવ્યું. 'સર્વ લોકના નાથ' શબ્દથી એમ જણાવ્યું છે કે તેમને સર્વના ઈશ્વર અને વેદાન્તોથી જણાય તેવા જાણીને (તેમનામાં આત્મભાવ કરો છો). એવી રીતે માહાત્મ્યનું જ્ઞાન અને ઘણો દઢ સ્નેહ વાસુદેવમાં છે એમ જણાવવા બે વિશેષણો કહીને, જે કારણથી તેમને કથામાં રુચિ છે એમ જણાવવા 'આત્મન્'[2] શબ્દ યોજીને, તેમનામાં 'ભાવં' દેવ તરીકે પ્રેમ કરો છો તેથી ધન્ય છો, એમ પહેલાના 'ધન્ય' શબ્દ સાથે સંબંધ છે. મોટા વમળરૂપ કાલરૂપી સંસારના ચક્રમાં ફરી પડવાનું ન રહે તે આનું ફલ છે. 'પુનઃ' 'ફરીથી' શબ્દનો એવો અર્થ છે કે આ દેહના અંત સુધી જેમ થતું હોય તેમ થાઓ. આ સંસારચક્રનો અનાદર કરતો નથી એમ જણાવવા 'ભયંકર' શબ્દ યોજેલ છે.૩૯

૧.'હલકાનું' એટલે સૂતનું.(પ્ર)

૨.અહીં 'સર્વાત્મકે આત્મનિ' એવો પાઠ લેવો, કારણ કે 'વેદાન્તોથી જણાય તેવા' કહેલા છે. સર્વરૂપ હોય તે જ વેદાન્તથી જણાય, કારણ કે 'આકાશ' વિગેરે શબ્દો વેદાન્તમાં યોજાએલા છે.(પ્ર) આવો પાઠભેદ કરવાનું યોગ્ય જણાતું નથી, કારણ કે 'વાસુદેવ' અને 'સર્વ લોકના નાથ' એ બે વિશેષણોથી માહાત્મ્યનું જ્ઞાન અને સુદઢ સ્નેહ અનુક્રમે જણાવેલા હોવાનું સુબોધિનીમાં કહેલું છે. સર્વલોકના નાથમાં દઢ સ્નેહ થાય.

આ ક્યાંથી કાઢ્યું? એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ઈદં 'ભાગવતં' નામ પુરાણં વેદસમ્મિતમ્ ।**
**ઉત્તમશ્લોકચરિતં ચકાર ભગવાન્ ઋષિઃ ।।૪૦।।**

જેમાં ઉત્તમશ્લોકનું ચરિત છે તેવું વેદતુલ્ય આ 'ભાગવત' નામનું પુરાણ ભગવાન ઋષિએ રચેલું છે.૪૦

ભગવાનના સર્વ સંબંધવાળું હોય તે ભાગવત. 'નામ' શબ્દથી પ્રસિદ્ધિ કહી છે. તે પુરાતન છે, અથવા 'પુરાણ' એ તેની જાતિનો શબ્દ[૧] છે. તે વેદની સાથે સંપૂર્ણ પ્રકારે મળતું આવે છે. બીજા મતોની પેઠે આમાં વેદનો વિરોધ નથી. 'જેમાં ઉત્તમશ્લોકનું ચરિત્ર છે' વિશેષણથી એમ કહેલું છે કે પ્રસંગને લીધે કહેલી કથા પણ પુરુષોત્તમની જ કથા છે. ઉત્તમશ્લોકનું ચરિત્ર છે જેમાં તેવું આ છે. ભગવાન વેદવ્યાસે ઋષિના જ્ઞાન (સમાધિ)થી અનુભવ કરીને આ કહેલું છે.૪૦

૧.પુરાણપણું જાતિ છે, એવો અર્થ છે.(પ્ર)

**નિઃશ્રેયસાય લોકાનાં ધન્યં સ્વસ્ત્યયનં મહત્ ।**
**તદિદં ગ્રાહયામાસ સુતમ્ આત્મવતાં વરમ્ ।।૪૧।।**

લોકોના કલ્યાણ માટે ધન પ્રાપ્ત કરાવનાર કલ્યાણના સ્થાનરૂપ ઉત્તમ પુરાણ રચ્યું (શ્લોક ૪૦). તે આ પુરાણ જિતેંદ્રિયોમાં શ્રેષ્ઠ પોતાના પુત્રને ભણાવ્યું.૪૧

સર્વત્ર રહેલ ભક્ત[૧] લક્ષ્મી શ્રવણ કરતી હોવાથી સર્વની મુક્તિ થાય, સર્વને ધનપ્રાપ્તિ અને કલ્યાણ થાય તે માટે આ ગ્રંથની પ્રવૃત્તિ થયેલી. પોતાથી[૨] ગુણથી અને અર્થથી ઉત્તમ હોવાનું 'ઉત્તમ' વિશેષણથી કહ્યું. સૂતને જ્ઞાન કેવી રીતે થયું તે જણાવવા પરંપરા કહે છે. વ્યાસે શુકને વેદની પેઠે તે જણાવ્યું. છૂપું રાખવા યોગ્ય હોવાથી 'પુત્રને' ભણાવ્યું. જિતેંદ્રિયપણું અને જ્ઞાન આમાં અંગ છે. તે ગુણ ઉત્તમ હોય તો ભાગવત ફલ પ્રાપ્ત કરાવે છે એવા અભિપ્રાયથી જિતેંદ્રિયોમાં શ્રેષ્ઠ 'એમ કહેલું છે.'૪૧

૧.'લક્ષ્મી શ્રવણ કરે તેથી કલ્યાણ કેમ થાય?' તે જણાવવા 'ભક્ત' એમ કહેલ છે. ભક્ત શ્રવણ કરે તેથી ભક્તિથી કલ્યાણ થાય, એવો અર્થ છે.(પ્ર)

૨.'સાર સાર કાઢેલો છે' (૧।૩।૪૨) એમ કહેલ હોવાથી પોતાથી ઉત્તમ છે, વાસ્તવ વસ્તુ તેનાથી જણાય છે (૧।૧।૨), તેથી ગુણથી ઉત્તમ છે, અર્થ ભગવાન હોવાથી અર્થથી ઉત્તમ છે.(પ્ર)

બીજા પ્રમાણ સંબંધી ચિંતા ન કરવી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સર્વવેદેતિહાસાનાં સારં સારં સમુદ્ધૃતમ્ ।**
**સ ચ સંશ્રાવયામાસ મહારાજં પરીક્ષિતમ્ ।**
**પ્રાયોપવિષ્ટં ગંગાયાં પરીતં પરમર્ષિભિઃ ।।૪૨।।**

સર્વ વેદો અને ઈતિહાસો નો સાર-સાર કાઢેલું ભણાવ્યું. અને તેમણે ગંગાના કાંઠે અન્ન તજી મરવા બેઠેલા, ઉત્તમ ઋષિઓથી વીંટાએલા મહારાજ પરીક્ષિતને તે સંભળાવ્યું.૪૨

ત્રણ વર્ણવાળાઓનો ઉદ્ધાર કરવા માટે વેદ છે. સ્ત્રીઓ અને શૂદ્રોનો ઉદ્ધાર કરવા માટે ઈતિહાસ છે. ભાગવતમાં તે બંનેનો સાર કાઢેલ હોવાથી તે સર્વનો ઉદ્ધાર કરનારું છે. 'અને તેમણે...' શબ્દોથી પરંપરા કહે છે. અર્થ સ્પષ્ટ છે. 'પ્રાયઃ' એટલે મરણ સુધી અન્નનો ત્યાગ. 'ગંગાકાંઠે' શબ્દથી દેશનું ઉત્તમપણું કહેલ છે. 'ઉત્તમ ઋષિઓથી વીંટાએલા' શબ્દથી સત્સંગ કહેલ છે.૪૨

ધર્મ કોના શરણે ગયો? એ છટ્ઠા પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકથી કહે છે :

**કૃષ્ણે સ્વધામોપગતે ધર્મજ્ઞાનાદિભિઃ સહ ।**
**કલૌ નષ્ટદશામ્ એષ પુરાણાર્કોડધુનોદિતઃ ।।૪૩।।**

ધર્મ જ્ઞાન વિગેરે સાથે શ્રીકૃષ્ણ પોતાના ધામમાં પધાર્યા ત્યારે કલિમાં ઢંકાઈ ગએલી દષ્ટિવાળાઓ માટે હમણાં આ પુરાણરૂપ સૂર્ય ઉગ્યો છે.૪૩

ધર્મ તો ભગવાનની સાથે જ ગયો. અહીં રહ્યો હોત તો કોને શરણ ગયો તેની ચિંતા રહે. કલિ અંધકાર સમાન છે. તેનાથી જેઓની દષ્ટિ ઢંકાઈ ગએલી છે. પરંતુ જેઓ આંધળા નથી, અને પોતાથી દુષ્ટ નથી, તેઓને ફરી ધર્મ વિગેરેનું જ્ઞાન કરાવવા હમણાં આ પુરાણરૂપ સૂર્ય ઉગ્યો છે. પહેલાં હતો તે જ લોકમાં પ્રકટ થયો છે, એવો અર્થ છે.૪૩

પોતાને ભાગવતની પ્રાપ્તિ થવાનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે :

**તત્ર કીર્તયતો વિપ્રા વિપ્રર્ષેઃ ભૂરિતેજસઃ ।**
**અહં ચાડધ્યગમં તત્ર નિવિષ્ટઃ તદનુગ્રહાત્ ।**
**સોડહં વઃ શ્રાવયિષ્યામિ યથાધીતં યથામતિ ।।૪૪।।**

અને હે વિપ્રો! ત્યાં ઘણા તેજવાળા વિપ્રર્ષિ કહેતા હતા ત્યારે તેમની કૃપાથી ત્યાં બેઠેલો હું તે ભણ્યો. તે હું જેવું ભણ્યો તેવાનું મારી બુદ્ધિ પ્રમાણે તમને શ્રવણ કરાવીશ.૪૪

'હે વિપ્રો!' એ સંબોધનથી એમ જણાવ્યું છે કે શુક સર્વને પૂર્ણ કરનારા હોવાથી પ્રથમ તેમણે પૂર્ણ કર્યો. અને હવે તેનું ફરી સ્મરણ કરાવીને તમે પૂર્ણ કરો છો. શુક લૌકિક ન હતા એમ જણાવવા 'ઋષિ' કહેલ છે. ભવિષ્યમાં તેનો પ્રકાશ થાય તે માટે સંદેહ વિનાનો અર્થ કહ્યો. તેથી 'ઘણા તેજવાળા' એમ કહેલું છે. ઘણો હતો 'તેજઃ' જ્ઞાનનો પ્રકાશ જેમનો તેવા હતા, અથવા સર્વજ્ઞ હતા એમ જણાવવા બ્રહ્મ જાણનાર તરીકે તેમનું ઉત્તમ તેજ જણાવવા 'ઘણાં તેજવાળા' કહેલા છે. પછી ભાગવત સર્વના જાણવામાં આવ્યું એમ 'ત્યાં બેઠેલો હું ભણ્યો' શબ્દોથી કહેલ છે. બધાએ ભણ્યા અને હું પણ ભણ્યો. ત્યાં ઉપદેશ થતો હતો તે સભામાં પ્રસંગને લીધે મેં શ્રવણ કર્યું ન હતું પરંતુ શુકની કૃપાથી ત્યાં બેસીને, તેમની કૃપા પ્રાપ્ત કરીને ત્યાં બેઠેલાએ મેં શ્રવણ કર્યું હતું. ઉપદેશથી જેને ભાગવત પ્રાપ્ત થયું છે તેવો હું 'વઃ' તમને અધ્યયનમાં દોષ ન રહે તેવી રીતે તેની અંદર 'યથામતિ' મારી બુદ્ધિ પ્રમાણે શ્રવણ

કરાવીશ. આ વાક્યથી સૂતને ગર્વ ન હોવાનું જણાવ્યું, અને તેના કહેલાથી પણ અધિક આનો(ભાગવતનો) અર્થ છે એમ જણાવ્યું.૪૪

**ઈતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પહેલા સ્કંધનો**
**ત્રીજો અધ્યાય સમાપ્ત.**

## ।। અધ્યાય ચોથો ।।
## શુકના વૈરાગ્યનું કારણ અને વ્યાસજીની ચિંતા

**એવં ભાગવતાર્થસ્ય નિર્ધારઃ સ્વાધિકારતઃ ।**
**ત્રિભિઃ કૃતો દ્વિતીયે તુ ત્રિભિઃ ત્યાજ્યસમત્વતઃ ।।૧।।**
**મધ્યમાધિકારે યચ્છાસ્ત્રં તદ્ અત્ર વિનિરૂપ્યતે ।**
**નારદસ્યાઽધિકારિત્વાત્ શ્રોતુશ્ચિન્તાકુલત્વતઃ ।।૨।।**

એવી રીતે સૂતે પોતાના અધિકાર પ્રમાણે ભાગવતના અર્થનો નિર્ણય ત્રણ અધ્યાયોથી કર્યો. બીજામાં તો[1] ત્યાગ કરવા યોગ્યપણું સમાન હોવાથી મધ્યમ અધિકારમાં જે શાસ્ત્ર છે તે અહીં નારદ[2] અધિકારી હોવાથી અને શ્રવણ કરનાર ચિંતાથી આકુલ થયેલ હોવાથી અહીં કહેવામાં આવે છે.કા.૧-૨.

**તત્રાધ્યાયે ચતુર્થે તુ વ્યાસચિન્તા નિરૂપ્યતે ।**
**ઉત્તમપ્રક્રિયાયાશ્ચ વક્તુર્હેતુનિરૂપણાત્ ।।૩।।**

તે પૈકી ચોથા અધ્યાયમાં તો વ્યાસની ચિંતા કહી છે, કારણ કે ઉત્તમ પ્રકરણના વક્તા શુક હોવાનું [3]કારણ કહેવાનું છે.કા.૩

૧.ધર્મ ન જણાય તેવી રીતે ઉપકાર કરનારો છે, અને ફલ ચોક્કસ થતું ન હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. તેવો ધર્મ આ બીજા પ્રકરણમાં પણ તેવો જ છે.(પ્ર)

૨.'નારં' નરના સંબંધવાળું જ્ઞાન 'દદાતિ' આપે તે નારદ, એ વ્યુત્પત્તિ પ્રમાણે નારદનો જ્ઞાન આપવાનો અધિકાર છે. આ અધ્યાય પૂરો થતાં તે જણાશે.(પ્ર)

૩.'કારણ' વૈરાગ્ય. આ અધ્યાયના ચોથા અને પાંચમાં શ્લોકથી તે જણાશે.(પ્ર)

ગયા પ્રકરણમાં પોતાના અધિકારને અનુસરીને સૂતે શાસ્ત્રાર્થ કહ્યો. તેમાં મૂલ તરીકે ભાગવત કહ્યું. જે ભાગવતનું શ્રવણ કરવાથી સૂતને આ શાસ્ત્રાર્થ જાણવામાં આવ્યો તેનું જ અમારે પણ શ્રવણ કરવું, એવા અભિપ્રાયથી શૌનક સૂતને પ્રશ્ન કરે છે, એમ વ્યાસ નીચેના શ્લોકથી કહે છે :

**વ્યાસ કહે છે :**

**ઈતિ બ્રુવાણં સંસ્તૂય મુનીનાં દીર્ઘસત્રિણામ્ ।**
**વૃદ્ધઃ કુલપતિઃ સૂતં બહ્વૃચઃ શૌનકોઽબ્રવીત્ ।।૧।।**

એ પ્રમાણે બોલતા સૂતની ઘણી સ્તુતિ કરીને, લાંબા સમય સુધીનો સત્ર કરનાર મુનિઓના કુલપતિ વૃદ્ધ બહુ ઋચાઓ જાણનાર શૌનકે તેને કહ્યું.૧

બધા સ્થલે વક્તાનું વાક્ય પુરૂં થયા પછી શ્રોતા પ્રશ્ન કરે. અહીં તો ઘણી ઉત્કંઠા હોવાથી વક્તાનું વાક્ય પુરૂં થયા પહેલાં જ પ્રશ્ન કરે છે એમ 'બોલતા' શબ્દથી કહેલું છે.

સૂત શાસ્ત્રાર્થ જાણતો હશે. એવા [૨]માત્ર સંભવથી પ્રશ્ન કરવામાં આવતાં, તેણે મૂલ સહિત શાસ્ત્રાર્થ કહ્યો, ત્યારે વક્તામાં ઘણી શ્રદ્ધા થવાથી તેની ઘણી સ્તુતિ કરી એમ 'ઘણી સ્તુતિ કરીને' શબ્દથી કહેલ છે. આ ઘણી સ્તુતિ ગ્રંથની બહાર[૩] છે.

પહેલાં શાસ્ત્રાર્થ જાણવાની ઈચ્છા ઘણી બલવાન હોવાથી બધાઓએ પ્રશ્ન કરેલ. હવે કાંઈક ઉત્તમ છે એમ જાણીને અને મનનથી તેનો નિર્ણય કરીને, અને એક હજાર વર્ષે ભગવાનનો અવતાર થશે એવો નિશ્ચય હોવાથી અને તે માટે જ સત્રનો આરંભ કરેલ હોવાથી કોલાહલ થશે તો સારી રીતે શ્રવણ નહીં થાય એવા વિચારથી સર્વના સાંભળતાં યજ્ઞના સંબંધવાળા દેવતાનાં સ્વરૂપને જાણનાર શૌનકે પ્રશ્ન કર્યો, એવો અર્થ છે.

'વૃદ્ધ' એટલે જ્ઞાનથી વૃદ્ધ. તે કુલનો એટલે ઋષિકુલનો 'પતિ' એટલે નાયક હતો. જ્ઞાનથી વૃદ્ધ થાય ત્યારે બુદ્ધિનો નિર્ણય થાય. ભવિષ્યમાં પ્રચાર કરવા માટે કુલાચાર્યના વચનમાં વિશ્વાસ રહે છે, એમ 'વૃદ્ધ' અને 'કુલપતિ' એ શબ્દોથી જણાવ્યું છે.૧

૧.'કારણ' વૈરાગ્ય આ અધ્યાયના ચોથા અને પાંચમાં શ્લોકથી તે જણાશે.(પ્ર)

૨.અધ્યાય ૧.શ્લોક ૬-૮થી આવો સંભવ જણાય છે.

૩.આ ગ્રંથમાં તે સ્તુતિ જણાવી નથી, એવો અર્થ જણાય છે.

[ક]ભાગવત વિષે [ખ]રચનાર વિષે [ગ]વક્તા વિષે અને [ઘ]શ્રોતા વિષે એવા ચાર પ્રકારનો અહીં પ્રશ્ન છે. તે પૈકી પહેલા પ્રકારનો નીચેના શ્લોકથી કહે છે :

**શૌનક કહે છે :**

**સૂત સૂત મહાભાગ વદ નો વદતાં વર ।**
**કથાં ભાગવતીં પુણ્યાં યદાહ ભગાવન્ શુકઃ ।।૨।।**

હે સૂત! હે સૂત! હે મોટાં ભાગ્યવાળા! હે કથા કહેનારાઓમાં શ્રેષ્ઠ! ભાગવતની પવિત્ર કથા જે શુકે કહી તે અમારા માટે કહો.૨

'હે સૂત! હે સૂત' એમ આદર દર્શાવવા માટે બે વાર કહેલું છે. 'હે મોટાં ભાગ્યવાળા!' સંબોધન એમ જણાવવા કરેલું છે કે તમારું તો મોટું ભાગ્ય છે કે તમે ભાગવતની કથાનું શ્રવણ કરેલું છે. 'નઃ' અમારા માટે કહો. અમે માત્ર શ્રવણ કરનારા નથી પરંતુ અમને

ભાગવત આપો એમ જણાવવા 'નઃ' શબ્દ ચોથી વિભક્તિમાં યોજેલ છે. કથા કહેનારાઓમાં શ્રેષ્ઠ! એ નિર્ણય હોવાથી 'વદતાં વર' શબ્દોનો (પાણિનિ.૨।૨।૨૦) પ્રમાણે સમાસ કરેલો નથી. કથા કહેનારાઓમાં તમે જ શ્રેષ્ઠ છો. જે કથા શ્રવણ થઈ ત્યારે તમે આવો શાસ્ત્રાર્થ કહ્યો, તે જ કથા કહો. 'પવિત્ર' એટલે શાસ્ત્રમાં શ્રવણ કરવાની આજ્ઞા હોવાથી કથા યજ્ઞની પેઠે ધર્મરૂપ છે. 'યત્' જે કારણ કે ભગવાન શુકે તે કહી, એમ શ્રદ્ધા વધારે હોવાનું કારણ કહેલું છે. શુક મુક્ત છે અને 'ભગવાન' હોવાથી પૂર્ણ ગુણવાળા છે.૨

નીચેના શ્લોકથી બીજો પ્રશ્ન કરે છે :

**કસ્મિન્ યુગે પ્રવૃત્તેયં સ્થાને વા કેન હેતુના।**
**કુતઃ સઞ્ચોદિતઃ કૃષ્ણઃ કૃતવાન્ સંહિતાં મુનિઃ ।।૩।।**

આ કથા કયા યુગમાં, કયા સ્થાનમાં અને કયા પ્રયોજનથી પ્રવૃત્ત થઈ? શાથી પ્રેરાએલા મુનિ વ્યાસે સંહિતા રચી?૩

રચનારને સામગ્રીની જરૂર હોવાથી, રચનારના પ્રશ્નમાં સામગ્રીનો પ્રશ્ન પણ કરેલો છે. કાલ, દેશ અને પ્રયોજન સામગ્રી છે અને પ્રવૃત્તિ કરાવનાર સામગ્રી છે. કાલ, દેશ અને પ્રયોજન એ ત્રણમાં આ પ્રવૃત્ત થઈ એવો સંબંધ છે. ૧.આ કયા યુગમાં પ્રવૃત્ત થઈ? ૨.કયા સ્થાનમાં અને ૩.કયા પ્રયોજનથી પ્રવૃત્ત થઈ? અહીં જેમ ચિત્ત વ્યગ્ર રહે છે તેમ ન રહે એ પ્રયોજન છે. અને ૪.કોઈથી મુનિને પ્રેરણા થયેલી હશે, અને શા પ્રયોજનથી પ્રેરણા કરેલી? પ્રવૃત્તિ વિષે ત્રણ પ્રશ્નો કર્યા, અને રચવાના[૧] સંબંધી એક પ્રશ્ન કર્યો. વ્યાસ મુનિ હોવાથી મનનની બંધી કરે તેવી સંહિતા કેમ રચી?૩

૧.આ પ્રેરણા કરનાર સંબંધી પ્રશ્ન છે.(પ્ર)

નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી ત્રીજો પ્રશ્ન કહે છે કરે છે :

**તસ્ય પુત્રો મહાયોગી સમદૃઙ્ નિર્વિકલ્પકઃ।**
**એકાન્તમતિરુન્નિદ્રો ગૂઢો મૂઢ ઈવેય તે ।।૪।।**

તેમના પુત્ર મોટા યોગી, સમદૃષ્ટિવાળા, સંદેહરહિત જ્ઞાનવાળા, એકાંતમાં રહેવાની બુદ્ધિવાળા, નિદ્રારહિત, છૂપા રહેનારા, મૂઢ હોય તેવા જણાતા.૪

શુક વક્તા તરીકે ઉત્તમ હોવાથી, તેમના ભણનાર હોવાના કારણના સંદેહો અહીં કહ્યા નથી, તે આગળ કહેવાના છે. 'મોટા યોગી' એટલે સમાધિમાં રહેનાર હતા. આરંભમાં યોગ દુઃખ આપનારો પણ હોય છે, પરંતુ વૃદ્ધિ પામે ત્યારે સુખ આપનારો થાય છે. તેવા મોટા યોગી કથા કહે તે અયોગ્ય છે, એવો ભાવ છે. વળી તે 'સમદૃષ્ટિવાળા' બ્રહ્મ જાણનાર હતા એવો અર્થ છે. કથા કહેવાનું ઊંચી નીચી બુદ્ધિવાળાઓથી થઈ શકે તેવું છે. વળી તે સંદેહરહિત જ્ઞાનવાળા, સાંખ્યમાં કહેલ જ્ઞાન પ્રાપ્ત કરેલા હતા. 'નિર્ગતાઃ' નીકળી ગયા છે 'વિકલ્પઃ'

પ્રાકૃત સંદેહો જેમના તેવા હતા. વળી 'એકાંતમાં રહેવાની બુદ્ધિવાળા' એકાંતમાં રહેવાની છે બુદ્ધિ જેમની તેવા વૈરાગ્યવાળા હતા. વળી 'ઉન્નિદ્રઃ' જતી રહી છે નિદ્રા જેમની તેવા હોવાથી, સ્વપ્નમાં જણાતાં દુઃખો જતાં રહે એવી જરૂર વિનાના[1] પણ હતા. વળી 'છૂપા રહેનારા' સંગથી બહુ ચિંતા થાય તેવા હતા, અને તેથીજ લોકમાં પ્રસિદ્ધ થયા ન હતા, પરંતુ મૂઢ હોય તેવા 'ઈયતે' જણાતા.૪

૧.આ બ્રહ્મ જાણનાર હોવાનું પોષણ કરનારું છે.(પ્ર)

વળી જેમાં બહારના કોઈ પદાર્થનું ભાન ન રહે તેવી સમાધિમાં રહેનારા શુક બહારના પદાર્થોના ભાન વિનાના હતા એમ કહેવા નીચેના શ્લોકમાં આખ્યાન કહે છે :

**દષ્ટ્વાઽનુયાન્તમ્ ઋષિમાત્મજમ્ અપ્યનગ્નં**
**દેવ્યો હ્રિયા પરિદધુઃ ન સુતસ્ય ચિત્રમ્ ।**
**તદ્વીક્ષ્ય પૃચ્છતિ મુનૌ જગદુસ્તવાઽસ્તિ**
**સ્ત્રીપુમ્ભિદા ન તુ સુતસ્ય વિવિક્તદષ્ટેઃ ।૫।**

પુત્રની પાછળ જતા ઋષિને નગ્ન ન જોવા છતાં દેવીઓએ લજ્જાથી વસ્ત્રો પહેર્યાં, પુત્રની લજ્જાથી ન પહેર્યા, તે અદ્ભુત કાર્ય જોઈને મુનિએ પૂછ્યું ત્યારે તેઓએ કહ્યું કે તમને સ્ત્રી અને પુરુષનો ભેદ જણાય છે, પરંતુ વિવિક્ત દષ્ટિવાળા પુત્રને તેવો ભેદ જણાતો નથી.૫

આ વિષયમાં એવી કથા છે : કોઈક સમયે સરોવરમાં નગ્ન અપ્સરાઓ સ્નાન કરતી હતી. ત્યાં નગ્ન પુત્રની પાછળ જતા વ્યાસને જોઈને તેમણે વસ્ત્રો પહેર્યાં, તેથી વ્યાસને સંદેહ થયો કે મારા જુવાન પુત્રને નગ્ન જોઈને જેમણે વસ્ત્ર પહેર્યાં નહીં તે વસ્ત્ર પહેરેલા એવા મને ઘરડાને જોઈને કેમ આમણે વસ્ત્રો પહેર્યાં? એવા સંદેહને લીધે વ્યાસે તેઓને પૂછ્યું. તેઓએ ઉત્તર એવો આપ્યો કે તમને સ્ત્રી અને પુરુષ નો ભેદ જણાય છે, પણ પુત્રને જણાતો નથી. જો કે વ્યાસને સંદેહ વિનાનું શાસ્ત્રોના શબ્દોનું જ્ઞાન અને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન હતાં, છતાં પણ અધિકારી હોવાથી તેમને બહારનું ભાન હતું. પુત્ર તો સદા સમાધિ ચઢાવી રહેતા હોવાથી તેમને બહારનું ભાન ન હતું. 'વિવિક્ત દષ્ટિવાળા' વિશેષણથી તે કહેલું છે. 'વિવિક્ત' એટલે ભગવાન સિવાયના સ્પર્શ વિનાની દષ્ટિવાળા શુક હતા. એવી રીતે ભગવાનની કથામાં અડચણ કરનારા આઠ[1] ગુણો શુકમાં હોવાથી તેમણે કથા કેમ કહી? એવો પ્રશ્ન છે.૫

૧.શ્લોક ૪ માં કહેલા સાત વિશેષણો જણાવેલા સાત ગુણો, અને વિવિક્ત દષ્ટિવાળા હોવું એ આઠ ગુણો, શુકને કથા કહેવાનું પ્રયોજન ન હતું એમ જણાવે છે. છતાં તેમણે કથા કેમ કહી? એવો પ્રશ્ન છે.

જો કે શુક સંન્યાસીનો ધર્મ આચરતા હોવાથી ''સંન્યાસીએ કીડાની પેઠે પૃથ્વી ઉપર ફરવું'' એ વચન પ્રમાણે તે સમાધિમાંથી ઉઠેલા હોય ત્યારે કોઈ તેમને જોઈને આગ્રહથી પ્રાર્થના કરે તો કહે એમ ન માનવું, કારણ કે 'આ મોટા પુરુષ છે' એમ લોકોને ઓળખાવે એવો ગુણ આમનામાં ન હતો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**કથમ્ આલક્ષિતઃ પૌરૈઃ સમ્પ્રાપ્તઃ કુરુજાંગલાન્ ।**
**ઉન્મત્તમૂકજડવદ્ વિચરન્ ગજસાહ્વયે ।।૬।।**

કુરુજાંગલ દેશમાં આવેલા ગજસાહ્વલમાં ગાંડા મૂંગા અને મૂર્ખની પેઠે ફરતા શુક શહેર વાસીઓથી કેમ ઓળખાયા? ૬.

કુરુજાંગલદેશ એટલે હસ્તિનાપુર દેશ. 'આ' સર્વ તરફથી 'આ શુક છે' એમ શહેરવાસીઓથી કેમ ઓળખાય? કારણ કે શહેરમાં રહેવાથી બુદ્ધિ ઊંધી થાય છે. બહારની સ્થિરતાથી, વચનથી અને સદાચારથી એમ ત્રણ પ્રકારે જ્ઞાન થાય. તે ત્રણ ગુણો શુકમાં ન હતા એ 'ગાંડા મૂંગા અને મૂર્ખ પેઠે ફરતા' શબ્દથી કહે છે. 'ગજેન' હાથીની સમાન 'આહ્વયઃ' નામ છે જેનું તે 'ગજસાહ્વય' હસ્તિનાપુર એ નગરના નામની વ્યુત્પત્તિથી એમ જણાય છે કે ત્યાં રહેનારા મદવાળા હતા. તેથીજ ઓળખવાનો ભય ન હોવાથી અને હસ્તિનાપુર ઉત્તમ તીર્થ હોવાથી શુક ત્યાં ભમતા હતા. ૬

**કથં વા પાણ્ડવેયસ્ય રાજર્ષેઃ મુનિના સહ ।**
**સંવાદઃ સમભૂત્ તાત તત્રૈષા સાત્ત્વતી શ્રુતિઃ ।।૭।।**

અને પાંડુના સંતાન રાજર્ષિને મુનિ સાથે સંવાદ કે જેમાં આ સાત્વતી શ્રુતિ (થઈ) તે કેવી રીતે થયો? ૭

નગરમાં કોઈકે શુકને ભલે ઓળખ્યા હોય, છતાં પણ રાજા સાથે સંવાદ થવો અયોગ્ય છે. રાજા રાજર્ષિ હોવાથી તેને અનાચારવાળાઓમાં શ્રદ્ધા ન હોય; અને શુક તો મુનિ હોઈ સર્વ જાણનાર હોવાથી સંવાદ થવાનો સંભવ હોય ત્યાં જાય નહીં! અને તે સંબંધ ઘણા સમય સુધીનો હોવાનું સંભવ છે 'જેમાં આ સાત્વતી શ્રુતિ થઈ' શબ્દોથી તે કહે છે 'સાત્વતી શ્રુતિ' એટલે વૈષ્ણવોનો વેદ. ૭

**સ ગોદોહનમાત્રં હિ ગૃહેષુ ગૃહમેધિનામ્ ।**
**અવેક્ષતે મહાભાગઃ તીર્થીકુવન્ તદાશ્રમમ્ ।।૮।।**

કારણ કે તે મહાભાગ્યવાળા ગૃહસ્થાશ્રમવાળાના ઘરોમાં તેમના અશ્રમને પવિત્ર કરતા માત્ર ગાય દોહાય તેટલોજ સમય રાહ જૂએ છે. ૮

અથવા સંવાદ ભલે થયો હોય, છતાં પણ ગાય દોહાય તેટલા સમયથી વધારે સમય સુધી સંન્યાસીએ ગૃહસ્થના ઘરમાં રહેવું અયોગ્ય છે. તે રહેવાનું પણ આનંદ માટે નહીં, તેમ (આનંદ માટે રહેવાનું) હોય તો આનંદ પૂર્ણ થાય તે માટે લાંબા સમય સુધી રહેવાનું પણ સંભવે, પરંતુ ગૃહસ્થોના આશ્રમને તીર્થ કરતાં રહેવાનું હોય છે. ઘરમાં[1] 'મેધા' બુદ્ધિ ઘણી પ્રવૃત્તિવાળી હોય છે, અને તેમને જ ભવિષ્યમાં તેવી રીતે સંન્યાસ લેવાના હોય છે. તેમ હોવાથી પહેલાંનો દોષ રહેલો હોવાથી અને સંગમાં[2] દોષને લીધે સંન્યાસનો અધિકાર થતો

નથી. તેથી ગૃહસ્થાશ્રમ તીર્થ નથી તેને પણ સંન્યાસીઓ તીર્થ કરે છે. પછી બંને[3] દોષો દૂર થાય છે એમ આ શ્લોકથી કહે છે. કારણ કે જેમ ગાય ધર્મ કરવા માટે દોહવામાં આવે તેટલો સમય દોહનારના આગ્રહને સહન કરે છે, તેવી રીતે જગતના મિત્રો=સંન્યાસીઓએ પણ સહન કરવો જોઈએ એવો 'હિ' 'કારણ કે' શબ્દનો અર્થ છે. આ સ્થિતિ ઘણાં ભાગ્યથી પ્રાપ્ત થાય છે એમ જણાવવા 'મહાભાગ્યવાળા' વિશેષણ કહેલું છે.૮

૧.આ ભાગથી ગૃહસ્થાશ્રમને તીર્થ કરવાનું પ્રયોજન કહેલું છે.(પ્ર)

૨.'ઘરોમાં' શબ્દથી સૂચવેલો સંગદોષ.(પ્ર) ૩.ઘણી પ્રવૃત્તિ હોવી અને સંગ, એ બે દોષ.(પ્ર)

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી શ્રવણ કરનાર સંબંધી પ્રશ્ન કહે છે કરે છે :

**અભિમન્યુસુતં સૂત પ્રાહુઃ ભાગવતોત્તમમ્ ।**
**તસ્ય જન્મ મહાશ્ચર્યં કર્માણિ ચ ગૃણીહિ નઃ ।।૯।।**

હે સૂત! અભિમન્યુના પુત્રને ઉત્તમ ભક્ત કહે છે. તેનો ઘણો આશ્ચર્યકારક જન્મ અને તેનાં કર્મો અમને કહો.૯

**પિતૃનામ્ના મહત્ત્વં હિ માતૃનામ્ના તુ હીનતા ।**
**ઇતિ સર્વત્ર બોદ્ધવ્યં શ્રીભાગવતેડપિ ચ ।।૪।।**

પિતાના નામથી સરસાઈ, અને માતાના નામથી હલકાઈ કહેવાય છે, એમ સર્વ સ્થલે અને શ્રીભાગવતમાં પણ જાણવું.કા.૪

'અભિતઃ' સર્વ તરફ 'મન્યુઃ' ક્રોધ છે જેને તે અભિમન્યુ, પણ તેને અંદર ક્રોધ નથી. અને આ ક્રોધ ક્ષત્રિયનો ધર્મ છે, તેને અંદર ક્રોધ ન હોવાથી તે વૈષ્ણવ છે. 'હે સૂત!' એ સંબોધનને વૃત્તાન્તનું સંપૂર્ણ જ્ઞાન હોવાનું જણાવવા કહેલ છે. લોકના આચરણનો ત્યાગ કરીને માત્ર ભગવાનમાં જ ચિત્ત પરોવે તે 'ઉત્તમ ભક્ત'. અથવા ''હરિ જેનાં હૃદયનો ત્યાગ કરતા નથી'' ૧૧।૨।૫૫ તે ઉત્તમ ભક્ત. 'કહે છે' શબ્દથી તે સર્વ લોકોમાં તેવો પ્રસિદ્ધ હોવાનું કહેલ છે. પહેલાં જ તેવા ઉત્તમ ભક્તની ભાગવતથી જે ઉત્તમતા થઈ તે જાણવા માટે પહેલાનાં ગુણ સંબંધી ઉત્તરાર્ધથી પ્રશ્ન કરે છે. 'જેમાં ઘણું આશ્ચર્ય છે તેવો તેનો જન્મ હતો', કારણ કે ગર્ભમાંથી મરેલો પડેલો તે ફરી જીવતો થયેલ. ભારત વિગેરેમાં એવી જ કથા છે. તે જન્મ અને કલિને વશ કર્યો તે વિગેરે કર્મો કહો.૯

વૈષ્ણવને મરણ સુધી અન્ન તજવું યોગ્ય નથી એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**સ સમ્રાટ્ કસ્ય વા હેતોઃ પાણ્ડૂનાં માનવર્ધનઃ ।**
**પ્રાયોપવિષ્ટો ગંગાયામ્ અનાદત્યાડધિરાટ્શ્રિયમ્ ।।૧૦।।**

પાંડવોના માનને વધારનાર તે સમ્રાટ રાજાઓની લક્ષ્મીથી પણ અધિક લક્ષ્મીનો અનાદર કરીને કયા પ્રયોજનથી ગંગા કાંઠે મરણ સુધી અન્નનો ત્યાગ કરી બેઠો?૧૦

પરીક્ષિતમાં લૌકિક ઉત્તમપણું પણ હતું. તે 'સમ્રાટ્' ચક્રવર્તી હતો. પાંડવોના માનને

પણ વધારનાર હતો. પાંડવોની કીર્તિથી આની થઈ નથી પણ આની કીર્તિથી પાંડવોની કીર્તિ વધી છે. ગંગાથી જ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય છે, તેથી ગંગા કાંઠે મરણ સુધી અન્નનો ત્યાગ કરી બેસવાથી શું ફલ? તેનો પરાજય થવાનું તો સંભવતું જ ન હતું, કારણ કે રાજાઓની લક્ષ્મીથી પણ અધિક લક્ષ્મી હતી જેની તેવો તે લક્ષ્મીનો પણ અનાદર કરીને ગંગા કાંઠે બેઠો. એ પ્રમાણે લોકે અને વૈષ્ણવે મરણ સુધી અન્નનો ત્યાગ કરી બેસવું અયોગ્ય છે.૧૦

વળી લજ્જા તો સર્વથી મોટી છે, ખાસ કરીને પોતાના જેવાઓમાં. તેથી રાજાઓની મધ્યે મરણ સુધી અન્નનો ત્યાગ કરી કેમ બેઠો? એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**નમન્તિ યત્ પાદનિપીઠમ્ આત્મનઃ શિવાય હાઽઽનીય ધનાનિ શત્રવઃ ।**
**કથં સ વીરઃ શ્રિયમ્ અંગ દુસ્ત્યજાં યુવૈષતોત્સ્રષ્ટુમ્ અહો સહાઽસુભિઃ ।।૧૧।।**

અહો! શત્રુઓ પોતાનાં કલ્યાણ માટે ધનો લાવીને જેમના ચરણના આસનને નમન કરતા હતા તે જુવાનવીરે, હે વહાલા! ન તજી શકાય તેવી લક્ષ્મીનો પ્રાણો સાથે ત્યાગ કરવાની ઈચ્છા કેમ કરી?૧૧

ચરણનાં આસન અથવા પાદુકાઓને દેશમાં સર્વ સ્થલેથી આના સિંહાસને જઈને પોતાના અપરાધને કાઢી નાખવા માટે ધનો લાવીને શત્રુઓ પણ પોતાનાં કલ્યાણ માટે નમન કરે છે, એવો અર્થ છે. 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે. શત્રુઓનો પ્રદેશ તો પહેલાં જ પરીક્ષિતે હરી લીધેલો, અને તેઓ પોતે સંકટમાં પડેલા હોવાથી પોતાનો દેશ પ્રાપ્ત કરવા ધનો આપે છે, એવો અર્થ છે. આ ધન તેનો પુરુષાર્થ ન હતો એમ ન માનવું, કારણ કે તેનામાં વીરરસ હોવાથી તે વીર હતો. વીરને મરણ સુધી અન્નનો ત્યાગ કરી મરવું શરમજનક છે.

વળી લોકમાં ધન માટે અથવા પ્રાયશ્ચિત્ત માટે મરણ સુધી અન્નનો ત્યાગ કરવાનું પ્રસિદ્ધ છે? એ પ્રમાણે અન્નનો ત્યાગ કરવામાં સાર્વભૌમ લક્ષ્મીનો ત્યાગ થતો હોવાથી પરીક્ષિતે ધન માટે તે કરેલ ન હતું, અને ધન માટે તેમ કર્યું હોત તો લક્ષ્મીનો ત્યાગ કેમ કરે? એવો અર્થ છે. અને તે પણ પ્રાણ સાથે ત્યાગ કેમ કરે? અને તેમ કરવાથી મળેલું ધન કોણ ભોગવે? લોકમાં પ્રાણ કરતાં પણ ધન તજવું કઠણ છે, કારણ કે ચોરો વિગેરેમાં તેવો નિર્ણય થયેલ છે. તેમાં પણ જુવાનને તો તેની ઈચ્છા માત્ર થવી પણ દુર્લભ છે ત્યારે તેવું કરે તો કેમજ? પરીક્ષિતે તેવું કર્યું એ સાચી વાત હોવાથી 'અહો' શબ્દથી આશ્ચર્ય દર્શાવિલ છે.૧૧

પ્રાયશ્ચિત વિગેરેથી પરલોક પ્રાપ્ત કરવા માટે તો વૈષ્ણવો મરણ સુધી અન્નનો ત્યાગ (પ્રાયોપવેષ) કરી બેસતા નથી પરંતુ જીવે છે જ એમ નીચેના શ્લોકથી કહે છે :

**શિવાય લોકસ્ય ભવાય ભૂતયે ય ઉત્તમશ્લોકપરાયણા જનાઃ ।**
**જીવન્તિ નાત્માર્થમ્ અસૌ પરાશ્રયં મુમોચ નિર્વિદ્ય કુતઃ કલેવરમ્ ।।૧૨।।**

જે ઉત્તમશ્લોકમાં ચિત્ત રાખનારા પુરુષો છે તેઓ લોકનાં કલ્યાણ માટે, સમૃદ્ધિ માટે

અને સત્તા માટે જીવે છે, પોતાના માટે જીવતા નથી. તેણે નિરાશ થઈને બીજાના આશ્રયરૂપ કલેવરનો શા માટે ત્યાગ કર્યો?૧૨.

**ગફલતથી મોટાં પાપનો સંબંધ થયો હોય ત્યારે પણ વૈષ્ણવે દેહનો ત્યાગ કરવો યોગ્ય નથી. વૈષ્ણવો પોતામાં સેવા કરવાની શક્તિ ન હોય તો પણ તેમને પૂછીને લોકો સેવા કરે તેવું સંભવે છે. તેથી તેઓ જીવે તેજ સર્વનું કલ્યાણ કરનારું છે.**

'શિવમ્' એટલે શાંત સુખ 'ભવઃ' એટલે સમૃદ્ધિ, 'રાજાઓ સદા સફળવીર્યવાળા છે' એ વાક્ય પ્રમાણે લોકમાં પુત્ર પૌત્ર વિગેરેની વૃદ્ધિ 'ભૂતયે' એટલે સત્તા માટે. અણિમા વિગેરે આઠ પ્રકારની સત્તાઓ ભગવાનની સેવામાં 'મહાપુરુષની પૂજાનું ફલ' એ વાક્ય પ્રમાણે પ્રસંગથી એની મેળે જ પ્રાપ્ત થાય છે. તેથી સર્વને પુરુષાર્થ પ્રાપ્ત કરનાર દેહનો ત્યાગ કરવો અયોગ્ય છે.

વળી નિરાશાથી દેહ વિગેરેનો ત્યાગ ''પ્રાણીઓને અભય થાય તેમ કરવું'' એ વાક્ય પ્રમાણે પ્રાણીઓના હિત માટે કરાય અને તે વૈષ્ણવોના સંબંધમાં ઉલટું છે એમ 'નિરાશ થઈને બીજાના આશ્રયરૂપ[1] કલેવરનો ત્યાગ શા માટે કર્યો' એ શબ્દોથી કહેલ છે. નિરાશનાં કારણનો[2] જ ત્યાગ કરવો, પરંતુ કલેવરનો ત્યાગ ન કરવો. કોઈક[3] રાજાનો જ ધર્મ નિરાશા કરાવનારો હોય છે. 'કલે' અસ્પષ્ટ મધુર રસમાં 'વરમ્' ઉત્તમ એવી ('કલેવર'=શરીર) નામની વ્યુત્પત્તિથી શરીર અસ્પષ્ટ મધુર રસ પ્રકટ કરનાર છે. તે ભક્તિરસ છે; કારણ કે બીજો[4] રસ લોક અને વેદ માં પ્રસિદ્ધ છે. તેથી ભક્તિરસ પ્રકટ કરનારા શરીરનો ત્યાગ પરીક્ષિતે કેમ કર્યો એવો અર્થ છે.૧૨

૧.બીજાઓ જેને શરણ આવેલ છે તેવું.(પ્ર)

૨.'રાજાઓની આજીવિકા કર લેવાથી દંડ કરવાથી અને શુલ્ક વિગેરેને લીધે ભયંકર છે' એવા વિચારથી લાંબા યજ્ઞના બાનાથી ત્યાગ કર્યો એ વાક્ય પ્રમાણે નિરાશા (અથવા વૈરાગ્યનાં) કારણનો જ ત્યાગ કરવો.(પ્ર)

૩.'રાજાનો ધર્મ પણ શત્રુઓને ભય ઉત્પન્ન કરનારો હોવાથી નિરાશ થાય જ' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. એવો વિચાર થાય, ત્યારે પણ શસ્ત્રોનો ત્યાગ કરવો યોગ્ય છે. પણ દેહનો ત્યાગ કરવો યોગ્ય નથી.(પ્ર)

૪.બીજા રસો લોક વેદમાં પ્રસિદ્ધ હોવાથી અસ્પષ્ટ નથી. બહુવચનના અર્થમાં એક વચન યોજેલું જણાય છે.

એ પ્રમાણે ચાર પ્રશ્નો કહીને નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**તત્ સર્વં નઃ સમાચક્ષ્વ પૃષ્ટો યદિહ કિઞ્ચન ।**
**મન્યે ત્વાં વિષયે વાચાં સ્નાતમ્ અન્યત્ર છાન્દસાત્ ।।૧૩।।**

જે કાંઈ અહીં પૂછેલું છે તે સર્વ અમને કહો. વેદ સિવાયની વાણીના વિષયનો તમે પાર પામેલા છો એમ માનું છું.૧૩

એક પછી એક પ્રશ્ન પૂછેલ હોવા છતાં પહેલાં પૂછેલા દુર્બળ (ઓછા જરૂરી) નથી, તે 'સર્વ કહો' શબ્દથી કહેલું છે. 'મારો પરિચય તો ભાગવતના અર્થ સાથે છે, બીજા સાથે નથી' એમ ન કહેશો, એમ ઉત્તરાર્ધથી કહેલું છે, પરંતુ ત્રણ વર્ણવાળામાં તમે ન હોવાથી (શૂદ્ર હોવાથી) વેદનો પરિચય તમને નથી, તે 'વેદ સિવાય' શબ્દોથી કહેલ છે.૧૩

પહેલા પ્રશ્નનો બીજા સ્કંધોમાં ઉત્તર અપાશે. ત્રીજો અને ચોથા પ્રશ્નોનો ઉત્તમ પ્રકરણમાં ઉત્તર અપાશે. તેથી કારણ બનેલ રચનાર તથા રચવાના પ્રયોજન સંબંધી બીજા પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**સૂત કહે છે :**

**દ્વાપરે સમનુપ્રાપ્તે તૃતીયે યુગપર્ય્યયે ।**
**જાતઃ પરાશરાદ્ યોગી વાસવ્યાં કલયા હરેઃ ।।૧૪।।**

યુગોના ત્રીજા ફેરામાં દ્વાપર સારી રીતે થયો ત્યારે પરાશરથી વાસવીમાં હરિની કલાથી યોગીનો જન્મ થયો.૧૪

મુખ્ય રીતે ભાગવત[૧] રચવા માટે જ વ્યાસનો અવતાર થયેલો તેથી પ્રથમ તેમનો જન્મ કહે છે. બ્રહ્મકલ્પના પહેલા મન્વન્તરના યુગોના ત્રીજા ફેરામાં વ્યાસનો જન્મ થયો. પહેલો યુગોનો ફેરો સાધન સાથે જ્ઞાન પ્રાપ્તિનો સમય હતો. બીજો ફેરો કર્મ કરવાનો સમય હતો. ત્રીજો ફેરો તો ભક્તિ કરવાનો સમય હતો. છતાં પણ ધર્મો ભક્તિમાં અડચણ કરનારા હોવાથી[૨] કૃતયુગ અને ત્રેતાયુગ માં જન્મ ન થયો; પરંતુ દ્વાપરમાં ધર્મ બે વિષયમાં પ્રીતિ કરાવતો હોવાથી તેમાં સંદેહ થયો ત્યારે જન્મ થયો. 'સમ્' 'સારી રીતે' ઉપસર્ગનો અર્થ એવો છે કે બધાઓને જ[૩] સંદેહ થયો. પરાશર ભક્ત હતો એ બીજા[૪] પુરાણોમાં જ સિદ્ધ થયેલું છે, કારણ કે માર્કંડેયના નમસ્કાર કરવાના પ્રસંગે તેને વયમાં વૃદ્ધ કહેલ છે. વાસવી ઉપરિચર[૫] વસુની પુત્રી હતી. તે માછલીના ગર્ભથી ઉત્પન્ન થયેલી હોય છતાં પણ બીજના[૬] ગુણવાળી જ હતી.

'યોગી' શબ્દથી વ્યાસના અવતારનું પ્રયોજન કહેલું છે. યોગની પ્રવૃત્તિ કરાવવાની હતી, અને તે પણ સર્વ દુઃખ દૂર કરનાર હરિની 'કલયા' જ્ઞાન કલાથી દૂર કરવાની હતી. યોગ તો ભકિતયોગ (તેની પ્રવૃત્તિ કરાવવાની હતી). જ્ઞાનની પ્રવૃત્તિ તો વ્યાસના અવતારથી જ થઈ, તે જ્ઞાનનું ફળ પણ ભક્તિ (કરવાની તે) પ્રયોજન હતું. એવી રીતે ભક્તિની પ્રવૃત્તિ કરાવવા જ અવતાર થયો, એમ કહેવાયું.૧૪

૧.'રચનાર સંબંધી પ્રશ્નના ઉત્તરમાં સામગ્રી સાથે રચનાર કહેવા જોઈએ, પણ તેમનો જન્મ કહેવાની જરૂર નથી' એવી શંકા થાય, તેથી જન્મ કહેવાનું પ્રયોજન આથી કહેલ છે.(પ્ર)
૨.આ બે યુગોમાં ધર્મસંબંધી સંદેહ ન હોવાથી, ધર્મ કરાતો, એટલે ધર્મ ભક્તિ કરવામાં વિઘ્ન કરનારો હતો.(પ્ર)
૩.બધા ઋષિઓને.(પ્ર) ૪.વિષ્ણુપુરાણ વિગેરેમાં.(પ્ર)
૫.વાસવીની માતા ભક્ત હતી એમ જણાવવા આ કહેલ છે. ઉપરિચર ભક્ત હોવાનું મત્સ્ય પુરાણમાં જ કહેલ છે.(પ્ર)
૬.બીજનો ગુણ વૈષ્ણવપણું.(પ્ર)

તેમનું દૈવથી પ્રાપ્ત થયેલું[૧] કાર્ય નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**સ કદાચિત્ સરસ્વત્યા ઉપસ્પૃશ્ય જલં શુચિઃ ।**

**વિવિક્ત એક આસીન ઉદિતે રવિમણ્ડલે ।।૧૫।।**

કોઈ એક સમયે સૂર્યમંડલનો ઉદય થયો ત્યારે સરસ્વતીનાં પવિત્ર જલનું આચમન કરીને તે એકલા એકાંતમાં બેઠેલા હતા.૧૫

'તે' ભક્તિ માટે જ અવતાર લીધેલા કોઈ એક સમયે ત્રણ માર્ગનો નાશ થયો ત્યારે, પોતાને પણ જ્ઞાનનું વિસ્મરણ થતું હતું ત્યારે, સરસ્વતીના પવિત્ર જલનું આચમન કરીને, તેનાથી જેમનું સર્વજ્ઞપણું જાગ્રત થયું તેવા થયા. 'પવિત્ર' વિશેષણથી એમ કહેલું છે કે તે જલ પાપથી આક્રમણ થયું હોય[2] તેવું ન હતું. આથી[3] એમ જણાવ્યું કે જ્ઞાનની કલામાં ધર્મનો[4] અંશ જ પ્રકટ થયો. પછી પોતાના અવતારનું પ્રયોજન વિચારતાં સર્વના હિત માટે તેમણે ધર્મને જોયો એમ ઉત્તરાર્ધથી આરંભી કૃપાથી મુનિએ રચ્યું, (પચીસમા શ્લોક) સુધીથી કહે છે. 'વિવિક્તે' એટલે એકાંત બેઠેલા. આ મનનું સ્થિરપણું જણાવવા કહેલ છે. તે સમયે એકલા બેઠેલા હતા. ભૌતિક, વૈદિક અને પોતાનો એવા ત્રણ દોષ ન હતા એમ કહ્યું. 'સૂર્યમંડલનો ઉદય થયો ત્યારે', શબ્દોથી જરૂરી કર્મનો કરવાનો સમય ન હોવાનું કહેલું છે, અથવા પવિત્ર નક્ષત્ર અને કાલના ગુણો જણાવનારું એ વચન છે.૧૫

૧.અવતારનું કાર્ય.(પ્ર) ૨.'શુચીતિ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

૩.'આથી' એટલે પાપથી આક્રમણ થયા વિનાના સરસ્વતી જલનાં આચમનથી.(પ્ર)

૪.કારણ કે સરસ્વતી ધર્મ કરાવનારી છે. જૂઓ ૩.૯.૨૧ ઉપરનાં સુબોધિની.

**પરાવરજ્ઞઃ સ ઋષિઃ કાલેનાવ્યક્તરંહસા ।**
**યુગધર્મવ્યતિકરં પ્રાપ્તં ભુવિ યુગે-યુગે ।।૧૬।।**

ઉત્તમ અને અધમને જાણનાર તે ઋષિએ ન જણાય તેવી ગતિવાળા કાલથી ભૂતલ ઉપર યુગે-યુગે યુગના ધર્મોની ભેળસેળ થયેલી જોઈ ને... શ્લોક.૧૬

કાલ વિગેરે પર-ઉત્તમ છે, આપણે વિગેરે અવર-અધમ છીએ. તેમણે કરવાના કાર્યમાં કાલ વિગેરે વિઘ્ન કરનારા નથી, અને પ્રાણીઓનું તે કાર્ય થઈ શકે તેવું અદષ્ટ છે એમ તેમણે જાણ્યું, એવો અર્થ છે. આ જાણ્યા પછી તે ઋષિ થયા. કારણ કે ધર્મનો અંશ જ તેમનામાં પ્રકટ થયો હતો. કાલ ભગવાનનો મોટો અધિકારી છે, સર્વ કરનાર અને સર્વનું નિમિત્ત કારણ છે. આમ હોવાથી બીજાનો પ્રયાસ નકામો હોવાથી કાલને વશ રાખનાર ભગવાનનો વ્યાસ અવતાર છે એમ જણાવવા પ્રથમ 'ન જણાય તેવી ગતિવાળા કાલથી....' શબ્દોથી કાલે કરેલ ઉપદ્રવ કહે છે. 'અવ્યક્તેન' અક્ષરથી 'રંહઃ' વેગ છે જેનો, અથવા 'અવ્યક્તેન' પ્રકૃતિમાં 'રંહઃ' વેગ છે જેનો તેવો કાલ છે. પ્રકૃતિ વિગેરે કાલને અધીન હોવાનું કહ્યું. અથવા અક્ષરની કાલના કાર્યમાં સંમતિ જણાવી. અથવા ન જણાય તેવો વેગ છે જેનો, એમ કાલનો વિરોધ ન કરવાનું કારણ કહ્યું. આટલાથી એમ જણાવ્યું કે ભગવાન સિવાયના બધા કાલને અધીન છે, અથવા તેને અનુકૂલ છે.

જે પરિણામ થયું તે ઉત્તરાર્ધથી કહે છે. તપ, યજ્ઞ, વેદનો અભ્યાસ, દાન વિગેરે ચાર

યુગોના ધર્મો છે. તેમનો 'વ્યતિકરઃ' નાશ થયો, અથવા અધિકાર વિનાનાઓમાં પ્રવૃત્તિ[1] થઈ, અને તે વ્યતિકર અકસ્માતથી થયેલો નહીં, પરંતુ નિશ્ચિત છે, ભૂતલ ઉપર જ થયેલ છે. સ્વર્ગમાં થયેલ નથી. અકસ્માતથી થયેલ નથી. પરંતુ યુગે-યુગે થયેલ છે.૧૬

૧.'વ્યતિકર' શબ્દનો અર્થ નાશ થતો નથી; તેથી આ બીજો અર્થ કહેલ છે. અધિકાર વિનાનાઓમાં ભેળસેળ થાય; એટલે નાશ જ થાય.(પ્ર)

કાલથી ધર્મનો નાશ થયાનું કહીને નીચેના શ્લોકમાં પદાર્થનો નાશ થયાનું પણ કહે છેઃ

**ભૌતિકાનાં તુ ભાવાનાં શક્તિહ્રાસં ચ તત્કૃતમ્ ।**
**અશ્રદ્દધાનાન્ નિઃસત્વાન્ દુર્મેધાન્ હ્રસિતાયુષઃ ।।૧૭।।**
**દુર્ભગાંશ્ચ જનાન્ વીક્ષ્ય મુનિર્દિવ્યેન ચક્ષુષા ।**
**સર્વવર્ણાશ્રમાણાં યદ્ દધ્યૌ હિતમ્ અમોઘદક્ ।।૧૮।।**

અને તેણે કરેલ ભૌતિક પદાર્થોની શક્તિનો ઘટાડો, તથા શ્રદ્ધાવિનાના, સત્ત્વવિનાના, બુદ્ધિવિનાના, ટુંકા થયેલ આયુષ્યવાળા અને દુર્ભાગી મનુષ્યોને જોઈને, સદા સફલ દષ્ટિવાળા મુનિએ દિવ્ય ચક્ષુથી સર્વ વર્ણો અને આશ્રમો ને જે હિતકારિ હતું તેનું ધ્યાન ધર્યું.૧૭-૧૮

ભૌતિકો આપણે વિગેરે. 'ચ'-'અને' શબ્દથી જણાવેલ પ્રાણીઓની વેદના. શક્તિહ્રાસ એટલે વેદાભ્યાસ વિગેરે અથવા ખેતી વરસાદ વિગેરે શક્તિનો ઘટાડો. 'તત્કૃતમ્' કાલે કરેલ જોયો. 'અશ્રદ્દધાના'થી કર્તાના એટલે કે ધર્મ કરનારાઓના દોષો કહેલ છે. તેઓ સર્વત્ર શ્રદ્ધા વિનાના સત્ત્વ એટલે બલ અથવા વિવેક વગરના, અને 'દુર્મેધાન્' બુદ્ધિ વિનાના છે. એમ ચિત્ત, બુદ્ધિ અને મનનો નાશ કહ્યો. તેમના અતઃકરણોમાં અહંકાર જ પોષાએલો છે, એવા અર્થ છે. તેથી જ આયુષ્ય પણ ઘટેલ છે એમ 'ટૂંકા થયેલ આયુષ્યવાળા' વિશેષણથી કહેલ છે.૧૭

કર્મથી ભાગ્ય ઉત્પન્ન થાય છે. તે કાર્ય કાલ વિગેરેની શુદ્ધિના ભેદથી મોટું ભાગ્ય ઉત્પન્ન કરે છે. દ્વાપરના આરંભમાં તો છએ દુષ્ટ હોવાથી ભાગ્ય દુષ્ટ નબળું થાય છે. આ બધું વ્યાસે અનુમાનથી જાણેલું નથી પણ ઋષિનાં જ્ઞાનથી જાણેલું છે. તેમ થાય ત્યારે ઉપાયોનું જ્ઞાન થાય, એવો અર્થ છે. પાખંડ ધર્મો પોતાની મેળે જ ઉત્પન્ન થવાના, તેથી તે ન થાય તે માટે. 'સર્વ વર્ણોને અને આશ્રમોને....' એમ કહેલું છે. 'ચ'-'અને' શબ્દથી[1] ગૌણ દેશ વિગેરેના ધર્મો કહેલા છે. આથી એમ જણાવેલ છે કે વર્ણ, આશ્રમ અને દેશ સિવાયના ધર્મો પાખંડ છે. તે પાખંડ વિનાના ધર્મો સંબંધી આ ધ્યાન ધર્યું. વ્યાસ સત્યસંકલ્પવાળા[2] હોવાથી હિતકારિ હોય તે તેમને સ્ફુરે છે, તેથી 'સદા સફલ દષ્ટિવાળા' એમ કહેલ છે.૧૮

૧. ઉત્તરાર્ધમાં 'યત્' ને બદલે 'ચ' પાઠ આચાર્યશ્રીએ લીધેલ હોય તેમ જણાય છે.

૨. 'સત્યસંકલ્પવાળા' એટલે જે તેમના મનમાં વિચારે તે થાય તેવા.

યજ્ઞ જ સર્વ વર્ણો અને આશ્રમો નું હિત કરનારો છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**ચાતુર્હોત્રં કર્મ શુદ્ધં પ્રજાનાં વીક્ષ્ય વૈદિકમ્ ।**
**વ્યદધાદ્ યજ્ઞસન્તત્યૈ વેદમ્ એકં ચતુર્વિધમ્ ।।૧૯।।**

પ્રજાનું ચાર હોતાવાળું શુદ્ધ વૈદિક કર્મ જોઈને યજ્ઞનો વિસ્તાર થાય તે માટે એક વેદને ચાર પ્રકારવાળો કર્યો.૧૯

ઋષિનું જ્ઞાન હોવાથી[1] તેમાં યુક્તિની જરૂર નથી. મુક્તિ[2] તો એવી છે કે ''આ તે વિષ્ણુ નામનો અધિયજ્ઞ છે'' વાક્ય પ્રમાણે આધિદૈવિક કાલ અથવા કાલને વશ રાખનાર વિષ્ણુ ભૌતિક કાલે કરેલા દોષો દૂર કરવાની શક્તિવાળા છે, કારણ કે યજ્ઞ તે બંનેના સ્વરૂપવાળો[3] છે, અને વૈદિક યજ્ઞ વિષ્ણુ[4] છે. વળી બીજાં પ્રમાણો કરતાં વેદ સર્વથી બલવાન છે, 'ચાર હોતાવાળું' શબ્દથી સર્વ વેદ એક અર્થવાળો હોવાનું કહેવા તેનું સ્વરૂપ કહેલું છે. અધ્વર્યુ[5] વિગેરે તે સમૂહના નાયકો 'હોતા' શબ્દથી ઓળખાય છે.

અથવા દશ હોતા, ચાર હોતા, પાંચ હોતા, છ હોતા, સાત હોતા એવા ચાર હોમ કરનારા[6] છે, અને તેઓ અગ્નિહોત્ર વિગેરેનું મૂળ છે. એવું ચાર હોતાવાળું અગ્નિહોત્ર વિગેરે પાંચ પ્રકારનું[7] જે કર્મ ç કર્મ એવું તેનું નામ[8] છે ç તે સાધનો સાથે નિત્ય હોવાથી કાલનો સ્પર્શ તેને ન થવાથી શુદ્ધ છે. 'પ્રકર્ષેણ' ઉત્તમ પ્રકારે 'જાતાનાં' જન્મેલાઓનું તે કર્મ છે. તેમાં વેદ પ્રમાણ છે એમ 'વૈદિક' શબ્દથી કહેલું છે. તે યજ્ઞોનો વિસ્તાર થાય તે માટે વેદને ચાર પ્રકારનો કર્યો એમ ઉત્તરાર્ધ કહેલું છે. ખીચડો ન થાય તેવી રીતે દર્શાવેલ હોવાથી બુદ્ધિના પ્રયાસ વિના યજ્ઞનો વિસ્તાર થયો, અથવા જૂદા ન હતા તેવા યજ્ઞમાં અંશના ભેદની અવસ્થાથી એક વેદને ચાર પ્રકારે કર્યો.૧૯

૧.'કાલે કરેલ દોષને લીધે, કાલને અધીન યજ્ઞ સર્વનું હિત કરનારો કેમ થાય?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. આમાં યુક્તિ (તર્ક) ની જરૂર નથી.(પ્ર)
૨.છતાં મંદબુદ્ધિવાળાઓને સમજાવવા યુક્તિ કહે છે.(પ્ર)
૩.'આ વિષ્ણુ નામનો અધિયજ્ઞ છે. તે ગણત્રી કરનારાઓમાં ઉત્તમ કાલ છે' એ વાક્ય પ્રમાણે યજ્ઞ આ બે સ્વરૂપવાળો છે.(પ્ર)
૪.'યજ્ઞ ખરેખર વિષ્ણુ છે' એ શ્રુતિપ્રમાણે.(પ્ર)
૫.અધ્વર્યુ, હોતા, ઉદ્ગતા અને બ્રહ્મા.(પ્ર)
૬.આ પાંચે પ્રકારના યજ્ઞોના મંત્રો યજ્ઞનાં કારણરૂપ છે અને ચારહોતા (ચાતુર્હોત) શબ્દથી ઓળખાય છે, એવું બ્રાહ્મણ વિભાગમાં દર્શાવેલું છે.(પ્ર)
૭.પાંચ પ્રકારનું કર્મ સર્વનિણય નિબંધ શ્લોક ૨ માં ગણાવેલ છે : અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ.
૮.નામ કર્મ છે, પણ તેનું સ્વરૂપ જૂદા પ્રકારનું હોવાથી લૌકિક કર્મ પેઠે અનિત્ય નથી પણ 'નિત્ય' સદા રહેનારું છે.(પ્ર)

નીચેના શ્લોકમાં વેદના ભેદો કહે છે :

**ઋગ્-યજુઃ-સામાથર્વાખ્યા વેદાશ્ચત્વાર ઉદ્ધૃતાઃ ।**
**ઈતિહાસ-પુરાણં ચ પઞ્ચમો વેદ ઉચ્યતે ।।૨૦।।**

ઋક્, યજુઃ, સામ અને અથર્વ નામના ચાર વેદો જૂદા કર્યા. પુરાણ પાંચમો વેદ કહેવાય છે.૨૦

ઋગ્વેદથી હોતા યજ્ઞ કરે છે, યજુર્વેદથી અધ્વર્યુ, સામવેદથી ઉદ્ગાતા અને ચોથા અથર્વવેદથી બ્રહ્મા યજ્ઞ કરે છે. તે જૂદાં-જૂદાં કર્મ જણાવનાર મંત્રો અને બ્રાહ્મણો ના ભાગો જૂદા કર્યા. તેઓ 'વેદ' શબ્દથી[1] ઓળખાવા લાગ્યા. તેઓ હોતા વિગેરેને આવશ્યક ધર્મ જણાવનાર 'ઈતિહાસ-પુરાણ' નામનો પાંચમો વેદ કર્યો.૨૦

૧.છંદવાળું વાક્ય ઋક્ છે. તેવાં ઋગ્વેદમાં ઘણાં છે. છંદ વિનાનું વાક્ય યજુઃ છે. છંદ અથવા વગર છંદનું ગાન થાય તેવું વાક્ય સામ છે, એ ત્રણ વેદોથી જૂદો અથર્વવેદ છે. તે આ ત્રણમાંથી જ નીકળેલ હોવાથી તેનું જૂદું લક્ષણ પ્રસિદ્ધ નથી.(પ્ર)

જૂદા-જૂદા ઋષિઓમાં વેદના ભાગોનું સ્થાપન કરવા માટે નીચેના શ્લોક કહે છે :

**તત્રર્ગ્વેદધરઃ પૈલઃ સામગો જૈમિનિઃ કવિઃ ।**
**વૈશમ્પાયન એવૈકો નિષ્ણાતો યજુષામ્ ઉત ।।૨૧।।**
**અથર્વાઙ્ગિરસામ્ આસીત્ સુમન્તુઃ દારુણો મુનિઃ ।**
**ઈતિહાસપુરાણાનાં પિતા મે રોમહર્ષણઃ ।।૨૨।।**

તેમાં ઋગ્વેદને ધારણ કરનાર પૈલ, સામનું ગાન કરનાર કવિ જૈમિનિ અને યજુર્વેદના મંત્રોમાં પ્રવીણ એકલા વૈશમ્પ્યપાયન જ થયા. આંગિરસોમાંના દારુણ મુનિ સુમન્તુ અથર્વવેદને અને મારા પિતા રોમહર્ષણ ઈતિહાસ અને પુરાણો ને જાણનાર થયા. ૨૧-૨૨

અહીં તો મંત્રોનો ક્રમ[1] કહેલો છે તેથી વિરોધ નથી. પૈલ વિગેરે ઋષિઓ હતા. અર્થવવેદમાં મારણ કરવાના મંત્રો બહુ હોવાથી સુમંતુને દારુણ કહેલ છે એમ કેટલાક કહે છે. વાસ્તવિક રીતે તો તે સ્વભાવથી દુષ્ટ હોવાથી દારુણ કહેલ છે. કારણ કે ભવિષ્યમાં યજ્ઞોમાં તેનો પ્રવેશ થતો ન હતો. છતાં પણ વેદ ભણાવવાનું કારણ 'મુનિ' શબ્દથી કહેલું છે. ઈતિહાસ અને પુરાણો ના સર્વ અધિકાર જણાવવા 'રોમહર્ષણ' કહેલ છે.૨૧,૨૨

૧.વિભાગ કરતાં ઋક્, યજુષ અને સામ કહ્યા. અહીં ઋક્, સામ અને યજુષ એમ જૂદો ક્રમ કહ્યો, તેમાં વિરોધ નથી, કારણ કે અહીં મંત્રોના ક્રમ પ્રમાણે કહેલ છે.(પ્ર)

તે પાંચેએ પોતાના ભાગના ઘણા વિભાગ કરી તે જૂદા-જૂદા કર્યા એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ત એનમ્ ઋષયો વેદં સ્વં-સ્વં વ્યસન્ અનેકધા ।**
**શિષ્યૈઃ પ્રશિષ્યૈઃ તચ્છિષ્યૈઃ વેદાસ્તે શાખિનોऽભવન્ ।।૨૩।।**

તે ઋષિઓએ પોતપોતાના આ વેદના અનેક પ્રકારે વિભાગો કર્યા. તે વેદો શિષ્યોથી,

તેમના શિષ્યોથી અને તેમના શિષ્યોથી શાખાવાળા થયા.૨૩

તેઓ ઋષિ હોવાથી વિભાગ કરી વિસ્તાર કરે તેમાં દોષ નથી. તેમના શિષ્યો જૂદી-જૂદી શાખાઓના શાખાવાળા થયા.૨૩

ઘણા પ્રકારે વિભાગ થવા છતાં પણ એક શાખા પણ યાદ રાખવી અશક્ય થઈ એમ નીચેના શ્લોકથી કહે છે :

**ત એવ વેદા દુર્મેધૈઃ ધાર્યન્તે પુરુષૈર્યથા ।**
**એવં ચકાર ભગવાન્ વ્યાસઃ કૃપણવત્સલઃ ।।૨૪।।**

બુદ્ધિ વિનાના પુરુષો પણ તે જ વેદો બરાબર યાદ રાખી શકે એવી રીતે દયાળુ ભગવાન વ્યાસે વિભાગ કર્યા.૨૪

'દુર્મેધૈઃ' બુદ્ધિ વિનાનાઓ પણ અર્થનું જ્ઞાન ન હોવા છતાં પણ 'યથા' બરાબર, સમાન વિગેરે[1] લક્ષણોથી લાંબા સમય સુધીના અભ્યાસથી કોઈ પણ પ્રકારે યાદ રાખે, એવો અર્થ છે. ઉત્તરાર્ધથી આ ગૌણ વિષયનો ઉપસંહાર કરે છે. મૂર્ખો યાદ રાખે ત્યાં સુધી વિભાગ કર્યા. તેનું કારણ 'ભગવાન' હતા. ભગવાનની તેવી જ ઈચ્છા કે મૂર્ખ સુધી ફલ પ્રાપ્ત થાય.

ત્યારે વ્રત ન આચરનારા અને અર્થ ન જાણનારા વેદને યાદ રાખે તો વેદો વીર્યવિનાના થવાનો પ્રસંગ આવે, તેથી એવું ન કરવું જોઈએ ᳚ એવો વિચાર થાય, તેથી 'વ્યાસ' એમ કહેલું છે. વ્યાસ[2] હોવાથી તેમણે એમ કર્યું, એવો અર્થ છે. છતાં પણ ઉત્તમ અધિકારીએ પણ ખોટું કરવું યોગ્ય નથી ᳚ એવો વિચાર થાય, તેથી 'ગરીબડા ઉપર પ્રેમ રાખનાર' વિશેષણ કહેલું છે. વેદનો અભ્યાસ પણ પાપનો નાશ કરનાર હોવાથી, માત્ર તેટલાથી પણ કૃતાર્થતા થશે એવા વિચારથી પ્રજા ઉપરની દયાને લીધે એમ કર્યું, એવો અર્થ છે.૨૪

૧.પ્રાતિશાખ્ય ગ્રંથોમાં કહેલા સમાન વિગેરેથી, એવો અર્થ છે.(પ્ર)
૨.'વિભાગ કરવા માટેના અધિકારી હોવાથી.(પ્ર)

નીચેના શ્લોકથી બીજાઓ[1] માટેનો ઉપાય કહે છે :

**સ્ત્રી-શૂદ્ર-દ્વિજબન્ધૂનાં ત્રયી ન શ્રુતિગોચરઃ ।**
**કર્મશ્રેયસિ મૂઢાનાં શ્રેય એવં ભવેદ્ ઈહ ।**
**ઈતિ ભારતમ્ આખ્યાનં કૃપયા મુનિના કૃતમ્ ।।૨૫।।**

સ્ત્રીઓ, શૂદ્રો અને દ્વિજબંધુઓથી વેદનું શ્રવણ થાય નહીં. તેથી કર્મથી પ્રાપ્ત થાય તેવા કલ્યાણમાં મૂઢોનું આ વિષયમાં કલ્યાણ આ પ્રકારે થશે એમ વિચારીને મુનિએ કૃપાથી મહાભારતનું આખ્યાન કર્યું.૨૫

વેદમાં સ્ત્રીઓનો ઉપયોગ યજ્ઞદ્વારા થાય. વીરવિનાની[2] સ્ત્રીઓથી તો તે પણ થતો ન હોવાથી ત્રણ વર્ણવાળાની સ્ત્રીઓને પણ વેદનું શ્રવણ કરવાની મના છે. સ્વતંત્ર શૂદ્રોને પણ

મના છે, પરંતુ જે શૂદ્રો સેવકો હોય તેમને મના નથી, કારણ કે ત્રણ વર્ણવાળા યજ્ઞ કરનારાઓના સેવકો તેમનું અન્ન ખાઈને વેદના કાર્યમાં ઉપયોગી થતા હોય તેઓને ઉપર-ઉપરથી વેદનું શ્રવણ થવાનું જરૂરી છે. 'દ્વિજબંધુઓ' એટલે કુંડો,[3] ગોલકો અને સંસ્કાર વિનાના દ્વિજો ને પણ વેદનું શ્રવણ કરવાનો અધિકાર નથી. 'ગોચર' શબ્દ સદા નરજાતિનો છે. કેટલાક વૈદિક પ્રયોગ હોવાથી 'ગોચરા' એવો પાઠ લે છે. 'કર્મશ્રેયસિ' કર્મથી પ્રાપ્ત થાય તેવાં પુત્ર, સ્વર્ગ વિગેરે રૂપ કલ્યાણમાં 'મૂઢો' સાધનના જ્ઞાન વિનાનાઓનું કલ્યાણ, 'આ પ્રકારે' એટલે મનમાં વિચારેલા પ્રકારથી 'ઇહ' આજ વિષયમાં[4] થશે એમ વિચાર્યું. જો[5] કે અલૌકિક પ્રકારે વેદથી પ્રાપ્ત થાય તેવું ફલ પણ અલૌકિક છે, છતાં પણ બીજાં સાધનથી તે પ્રાપ્ત થતું નથી. તો પણ પુરાણમાં પણ ભટ્ટો[6] માને છે તેમ અર્ધ અલૌકિક ધોરણથી અથવા અલૌકિક ધોરણથી ભારત વિગેરેથી કાર્ય સિદ્ધ થશે એવો ભાવ છે. એવો અભિપ્રાય બાંધીને વ્યાસે જે કર્યું તે 'ભારતનું આખ્યાન કર્યું' શબ્દોથી કહેલ છે. ભરતના વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓના સંબંધવાળું 'ભારત.' 'આખ્યાન' એમ કહેલું હોવાથી તે માત્ર ગ્રંથનું નામ નથી, પરંતુ બીજા[7] માટે કરેલું છે. તેથી ભારતનું શ્રવણ કરવાથી માયા અને મોહ રહેતા ન હોવાથી, ધર્મ વિગેરેના તત્ત્વનું જ્ઞાન સહેલાઈથી થાય તેવું છે એમ મનન કરવાથી જાણીને, બીજાઓનાં દુઃખનો નાશ કરવાની ઈચ્છાથી રચ્યું, એવો અર્થ છે.૨૫

૧.'બીજાઓ' એટલે વેદનું શ્રવણ કરવાના અધિકાર વિનાનાઓ.

૨.'વીરવિનાની' એટલે પતિ અને પુત્ર ન હોય તેવી.(પ્ર) ૩.જાર કર્મથી ઉત્પન્ન થયેલાઓ.

૪.'આજ વિષયમાં' એટલે મનમાં વિચારેલા વિષયમાં.(પ્ર)

૫.આ ભાગથી વ્યાસે મનમાં વિચારેલો વિષય કહેલ છે.(પ્ર)

૬.ભટ્ટોના મત પ્રમાણે લૌકિક ક્રિયારૂપ યજ્ઞ અલૌકિક અપૂર્વરૂપ ક્રિયાવાળો હોવાથી અર્ધ અલૌકિક છે, તેમ પુરાણો અને ભારતના સર્વ અધિકારીઓ હોવાથી અને તે વેદના વ્યાખ્યાનરૂપ હોવાથી અર્ધ અલૌકિક રીતે તે ફલ પ્રાપ્ત કરાવે છે.(પ્ર)

૭.'બીજા માટે' એટલે કહેવા માટે.(પ્ર) વેદનું શ્રવણ કરવાનો અધિકાર વિનાના લોકો માટે એવો અર્થ જણાય છે. આભાસથી પણ આ અર્થ ઘટે છે.

**એવં પ્રવૃત્તસ્ય સદા ભૂતાનાં શ્રેયસિ દ્વિજાઃ ।**
**સર્વાત્મકેનાऽપિ યદા નાऽતુષ્યદ્ હૃદયં તતઃ ।।૨૬।।**
**નાતિપ્રસીદદ્ધૃદયઃ સરસ્વત્યાઃ તટે શુચૌ ।**
**વિતર્કયન્ વિવિક્તસ્થ ઈદં પ્રોવાચ ધર્મવિત્ ।।૨૭।।**

હે દ્વિજો ! એવી રીતે પ્રાણીઓના કલ્યાણ માટે સદા સર્વાત્મકથી પણ પ્રવૃત્તિ કરતાં જ્યારે તેમના હૃદયમાં સંતોષ ન થયો ત્યારે તેનાથી જેમનું હૃદય ઘણું પ્રસન્ન થયેલ નથી તેવા ધર્મ જાણનારાએ સરસ્વતીના પવિત્ર તટ ઉપર એકાંતમાં રહીને વિચાર કરતાં આ પ્રમાણે કહ્યું.૨૬-૨૭

એવી રીતે વ્યાસનો પરોપકાર ગુણવાળો ધર્મ વેદના ભાગ[1] કરવામાં પૂર્ણ થયો, અને ધર્મનું ફલ અંતઃકરણમાં સંતોષ છે તે ફલ પ્રાપ્ત ન થાય તો ધર્મ શ્રમજ છે એમ પહેલાં[2] કહેલું છે. અહીં ધર્મ દુઃખનું કારણ થયો એમ કહેવા, પહેલાં કહેલાંનું સ્મરણ કરાવવા 'હે દ્વિજો !' એવું સંબોધન કરેલું છે. કારણ કે ભણેલા વેદનું સ્મરણ કરવું એ દ્વિજોનો ધર્મ છે. વળી એકલો ધર્મ ફલ પ્રાપ્ત ન પણ કરાવે, જ્ઞાન સાથેનાથી તેવું ન થાય. અહીં તો તેવો (જ્ઞાન સાથેનો ધર્મ) પણ અંતઃકરણને સુખ કરનારો ન થયો એમ 'સર્વાત્મકથી પણ' શબ્દોથી કહેલ છે. 'સર્વત્ર' સર્વ સ્થળે છે 'આત્મા' આત્મા જેનાથી, તે 'સર્વાત્મક' એટલે જ્ઞાન. અથવા[3] સર્વ પ્રકારના ધર્મથી પણ દયાની પેઠે બીજા બધા પ્રકારો કર્યા, એવો અર્થ છે.

અધિકારી[4] હોવાથી ફલ પ્રાપ્ત થયું નહીં એમ 'તેનાથી જેમનું હૃદય ઘણું પ્રસન્ન થયેલ નથી તેવા' શબ્દોથી કહેલ છે. ધર્મથી પોતાને પણ ફલ પ્રાપ્ત ન થયું ત્યારે બીજાને કેમ પ્રાપ્ત થશે, એમ સર્વનાશ થવાથી અસંતોષ થયો. ભગવાનની ઈચ્છા કોઈક જુદા-જુદા પ્રકારની છે એમ જ્ઞાનના અવતાર હોવાથી જાણીને કાંઈક પ્રસન્ન હૃદયવાળા થયા, પણ ઘણા પ્રસન્ન હૃદયવાળા ન થયા. પહેલાંની પેઠે જ્ઞાનનો ઉદય થશે એવા વિચારથી 'સરસ્વતીના તટ ઉપર વિચાર કરતાં' એમ કહેલ છે. 'પવિત્ર' શબ્દથી તે તટને પાપનો સંબંધ ન હોવાનું કહેલ છે. એવી રીતે શુદ્ધ દેશમાં પોતાનાં કાર્ય વિષે ચિંતન કરતાં તર્કથી કાંઈક નિશ્ચય થયો, એમ 'વિચાર કરતાં' શબ્દથી કહેલ છે. મોટા અધિકારી હોવાથી 'વિવિક્તસ્થઃ' એકાંતમાં[5] રહ્યા. 'આ' એટલે નીચે કહેવાશે તે. 'ધર્મ જાણનારા' નો એવો અર્થ છે કે ધર્મનું ફલ થયા વગર રહે જ નહીં તેવું સાધન જાણતા હતા.૨૬-૨૭

૧.'વેદવ્યાસે' એટલે ભારતરૂપ વેદનું વ્યાખ્યાન કર્યું તેમાં.(પ્ર)  ૨.જૂઓ પાછળ.૧.૨.૮.

૩.આ શ્રીધરનું વ્યાખ્યાન લીધું છે. સર્વ પ્રકારે દયા જેમ કરી. તેમ અહીં ન કહેલા ધર્મના પ્રકારો પણ કર્યા, એવી રીતે ધર્મ જ સર્વાત્મક છે એવો ભાવ છે.(પ્ર)

૪.જે-જે વિષયમાં અધિકારી હોય તેને પોતાનું કાર્ય પૂર્ણ થાય ત્યારે સંતોષ થાય. તે પૂર્ણ થયેલ ન હોવાથી ફલ પ્રાપ્ત થયેલ નથી એવો અર્થ છે.(પ્ર)

૫.એકાંતમાં ન રહે તો ધર્મ વિગેરે સંબંધી પ્રશ્ન કરનારા ઘણા આવે અને તેથી વ્યગ્રતા થાય એવો ભાવ છે.(પ્ર)

તે પૈકી પહેલાં નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી ધર્મ આચર્યાનું કહે છે :

**ધૃતવ્રતેન હિ મયા છન્દાંસિ ગુરવોઽગ્નયઃ ।**
**માનિતા નિર્વ્યલીકેન ગૃહીતં ચાનુશાસનમ્ ।।૨૮।।**

વ્રત ધારણ કરેલાએ મેં વેદો, ગુરુઓ અને અગ્નિઓ નું નિષ્કપટતાથી સન્માન કરેલું છે, અને અધ્યાપન કરાવ્યું છે.૨૮

બ્રહ્મચર્યનાં વ્રતો અને વેદનાં વ્રતો ધારણ કરેલાં છે જેણે તેવા મેં 'છન્દાંસિ'-વેદો તેઓનું સન્માન એટલે તેમાં કહેલા અર્થને જાણીને તે પ્રમાણે આચરણ કર્યું છે. ગુરુઓને પણ પ્રસન્ન કર્યા છે. અગ્નિઓમાં સારી રીતે હોમ કરેલા છે. આજ તેઓનું સન્માન છે. 'વ્યલીકં'

એટલે ઈશ્વરની પેઠે લોકની પ્રવૃત્તિ કરાવવા અથવા પાખંડીની પેઠે તેમને ઠગવા કરેલું કપટ. 'અનુશાસનમ્' એટલે અધ્યાપન, ભણાવવાનું કાર્ય.૨૮

ભારત રચ્યું તે પણ ધર્મ માટે જ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ભારતવ્યપદેશેન હ્યામ્નાયાર્થશ્ચ દર્શિતઃ ।**
**દશ્યતે યત્ર ધર્માદિઃ સ્ત્રીશૂદ્રાદિભિરપ્યુત ।।૨૯।।**

અને ભારત કે જેમાં સ્ત્રીઓ અને શૂદ્રો વિગેરેથી પણ ધર્મ પણ જાણવામાં આવે છે, તેના દ્વારા વેદનો અર્થ પણ જણાવ્યો.૨૯

વાસ્તવિક રીતે તો કલ્પસૂત્રની પેઠે ભારત વેદનો અર્થ જણાવનાર જ ગ્રંથ છે. તેને માટે ઈતિહાસ જણાવનાર શબ્દ લખ્યો તે તો માત્ર બહાનું છે. 'ભારત એવું માત્ર બહાનું છે' એમ તે કહેલું છે. તેમ ન કહે તો શૂદ્ર વિગેરેનો અધિકાર ન હોય એવો 'હિ' શબ્દનો અર્થ છે. ''રણમાં પરબ જેવા તમે છો'' વિગેરેની પેઠે વેદમાં[1] દૃષ્ટાંત માટે કહેલો લૌકિક ધર્મ ભારતમાં કહેલો છે; યજ્ઞ વિગેરે કહેલ નથી. તેથી જ વેદમાં જણાવેલ ધર્મ શૂદ્ર વિગેરેથી જાણી શકાય તેવો નથી, ભારતમાં કહેલો તો જાણી શકાય તેવો છે. એમ ઉત્તરાર્ધથી કહેલ છે. ઉપદેશ વિના પણ જાણી શકાય છે એવો અર્થ છે.૨૯

૧.કલ્પસૂત્રની પેઠે મુખ્ય વેદનો અર્થ ભારતમાં જણાવ્યો હોત, તો શૂદ્ર વિગેરેથી તે જાણવામાં ન આવતે, બીજો (વેદ સિવાયનો) ધર્મ જણાવ્યો હોત, તો તે વેદનો અર્થ જણાવનાર ગ્રંથ ન હોત. બંને અનુકૂલ થાય તે માટે ભારતમાં જેવો ધર્મ જણાવ્યો તે આ ભાગથી કહે છે. આમ હોવાથી જ તે અર્ધ અલૌકિક છે.(પ્ર)

એ પ્રમાણે વ્યાસે કર્યા તે ધર્મો કહીને, તેમનાથી ફલ પ્રાપ્ત ન થયું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**અથાપિ બત મે દૈહ્યો હ્યાત્મા ચૈવાત્મના વિભુઃ ।**
**અસમ્પન્ન ઈવાભાતિ બ્રહ્મવર્ચસ્વ્યસત્તમઃ ।।૩૦।।**

અરેરે! અને તેમ છતાં પણ મારા દેહના સંબંધવાળો આત્મા પોતાથી સર્વશક્તિવાળો, બ્રહ્મના તેજવાળો હોવા છતાં સારરહિત હોઈ ફલ પ્રાપ્ત ન કરેલ હોય તેવા જણાય છે.૩૦

ધર્મ કરવામાં થયેલા પ્રયત્નનું સ્મરણ થવાથી 'અરેરે' એમ કહેલું છે. આત્માઓની[1] ઉપાધિના ભેદથી જુદાઈ માને છે. બ્રાહ્મણના દેહમાં રહેલ હોય તે આત્માની જ ''હું બ્રાહ્મણ છું'' એવી બુદ્ધિ થાય છે, બીજા દેહમાં રહેલાને થતી નથી. મનમાં રહેલો[2] આત્મા યોગી થાય છે. મન[3] અન્નમય હોવાથી અથવા નૈયાયિકો પેઠે મન જુદાં હોય છે તેથી, અથવા મનના અધ્યાસથી અથવા અગ્નિની પેઠે મનમાં પ્રવેશ કરવાથી જુદાઈ જણાય છે. તે કહે છે કે આત્મા દેહના સંબંધવાળો છે. તેથી જ દેહના અભિમાનવાળાથી તેની પ્રસન્નતા થતી નથી. 'ચ'

'અને' શબ્દથી તે મનમાં રહેલો હોવાનું જણાવેલ છે. જેમ દેહના અભિમાનવાળો દેહના સંબંધવાળા વિષયો પ્રાપ્ત કરીને પ્રસન્ન થાય છે, તેમ અંતઃકરણના અભિમાનવાળો તેના વિષયો પ્રાપ્ત કરીને પ્રસન્ન થાય છે. તે સંબંધમાં વિષયો નથી એવું નથી, એમ 'સર્વશક્તિવાળો' વિશેષણથી કહેલ છે. આ આત્મામાં બધી શક્તિઓ છે. 'ફલ પ્રાપ્ત ન કરેલ હોય તેના જેવો' એટલે સર્વ વિષયો પ્રાપ્ત કરીને પણ ફલ પ્રાપ્ત કર્યા વિનાનો છે. કોઈ–કોઈ વાર તેનું ફલ સ્ફુરે છે તેથી 'તેના જેવો' એમ કહેલું છે. 'બ્રહ્મના તેજવાળો સારરહિત' શબ્દોથી પોતાની અંદર વિરુદ્ધ ધર્મોનો આભાસ થતો હોવાનું કહે છે, વાસ્તવિક રીતે બ્રહ્મનાં તેજવાળો છે, દેખાય છે સાર વિનાનો, એવો અર્થ છે. બીજા[5] પાઠ લેતાં તો 'બ્રહ્મનાં તેજથી[6] સારવાળો' છે કારણ કે બ્રહ્મનું તેજ જ બ્રાહ્મણોનું ફલ છે, તે પ્રાપ્ત થયેલ હોવા છતાં પણ ફલરહિત જ છે એવી રીતે વિરોધ થાય છે.૩૦

૧.અહીંથી ફલ પ્રાપ્ત ન થયેલ હોવાનું જણાવે છે. 'દેહમાં રહેલા' વિગેરે શબ્દોથી સર્વાત્મભાવ તિરોહિત થયાનું જણાવે છે, તેને લીધે ફલ પ્રાપ્ત થતું નથી.(પ્ર)

૨.'મનમાં સારો' તે 'માનસઃ.' વ્યાસ યોગી હતા, અને યોગીના આત્મા માનસ હોય છે, પણ યોગીઓના મતમાં પણ પુરુષો જુદા જુદા હોવાનો સ્વીકાર થયેલ હોવાથી, તેનાથી પણ સર્વાત્મભાવ થતો નથી.(પ્ર)

૩.યોગીઓના મતમાં પુરુષ વ્યાપક હોવાથી ભેદ રહેતો નથી, તેથી આ કહે છે. વેદ પ્રમાણે વિચાર કરતાં મન અન્નમય હોવાથી અને અન્નના અંશો જુદા જુદા હોવાથી, નૈયાયિકોના મત પ્રમાણે સર્વના મન જુદાં જુદાં હોવાથી તે ઉપાધિઓથી આત્મા જુદા જુદા જણાય છે.(પ્ર)

૪.'અગ્નિની પેઠે પ્રવેશ' એટલે ચિદ્રૂપ આત્મા જુદી જુદી વૃત્તિઓમાં પ્રવેશ કરે. થતાં વૃત્તિઓના ભેદને લીધે તેમાં પ્રવેશ કરેલ આત્મામાં પણ ભેદ જણાય.(પ્ર)

૫.'બ્રહ્મવર્ચસ્યસત્તમઃ' એવો પાઠ લેતાં.

૬.વેદનો અભ્યાસ અને તે ભણાવવાનું વિગેરેનાં ઉત્તમપણાથી ઉત્પન્ન થયેલ ચેતનની કાંતિ તે બ્રહ્મનું તેજ તેના સંયોગથી (સારવાળો).(પ્ર)

કાર્ય થાય ત્યારે તેનું કારણ અવશ્ય હોવું જોઈએ, તેથી ફલ પ્રાપ્ત ન થવાનું કારણ જાણવાની ઈચ્છા થતાં, યોગથી ઉત્પન્ન થયેલા ગુણથી સૂઝેલું કારણ નીચેના શ્લોકમાં કહે છે :

**કિંવા ભાગવતા ધર્મા ન પ્રાયેણ નિરૂપિતાઃ ।**
**પ્રિયાઃ પરમહંસાનાં ત એવ હ્યચ્યુતપ્રિયાઃ ।।૩૧।।**

અથવા શું પરમહંસોને પ્રિય ભગવાનના સંબંધવાળા ધર્મો ઘણા પ્રકારે કહેલા નથી? તેઓજ નિશ્ચય અચ્યુતને પ્રિય છે.૩૧

'ભાગવતાઃ' એટલે પ્રમાણથી, સાધનથી અને ફલથી ભગવાનના સંબંધવાળા ધર્મો. તેમને આચર્યા, પરંતુ કહેલા નથી. મારો અધિકાર નિરૂપણ કરવાનો છે, બધાના બધા ધર્મોનું નિરૂપણ કર્યું, પરંતુ પરમહંસોના પ્રિય ધર્મોનું નિરૂપણ નથી કર્યું. જો કે ચોથા આશ્રમના ધર્મો અને અવધૂતના ધર્મોનું નિરૂપણ કરેલ છે, છતાં પણ તે ધર્મો તેઓને પ્રિય નથી, કારણ કે તે ધર્મોમાં ઘણું દુઃખ અને સાર થોડો છે.

ભારતના આનુશાસનિક પર્વમાં તેઓનું પણ નિરૂપણ કરેલું છે એમ જણાય, તેથી 'ઘણા પ્રકારે' શબ્દ યોજેલ છે. ભગવાનના સંબંધવાળા ધર્મો તો સ્વતંત્ર છે, તેઓને બીજાના પેટાધર્મ તરીકે કહેલા હોય તે ન કહેલાજ છે, કારણ કે આનુશાસનિક પર્વમાં તેઓનું કાલ વિગેરેના પેટાધર્મ તરીકે નિરૂપણ કરેલું છે. પરમના (=ભગવાનના) હંસો, તે પરમહંસો અથવા પરમ(=ઉત્તમ) અને તે હંસો, એવા સમાસ પ્રમાણે પણ તેમનું ઉત્તમપણું ભગવદીયપણાને લીધેજ છે. બીજા ધર્મો પરમહંસપણું પ્રાપ્ત કરાવનારા છે, પરંતુ પરમહંસપણું પ્રાપ્ત થયા પછી ભગવાનના સંબંધવાળાજ ધર્મો પ્રિય થાય છે, કારણ કે ભગવાન પરમાત્મા છે. જેમ ગંગાનું દર્શન થયા પછી ગંગા દેવતાનું દર્શન કરવાની ઈચ્છા થાય છે, તેમ આત્માનું જ્ઞાન થયા પછી પરમાત્માનાં દર્શન કરવાની ઈચ્છા થાય છે. ઈચ્છા ભગવાનના સંબંધવાળા ધર્મોથીજ પૂર્ણ થાય છે.

'છતાં આ ઘણો આગ્રહ શા માટે?' એવો પ્રશ્ન થાય, તેથી 'તેઓ જ અચ્યુતને પ્રિય છે' એમ કહેલું છે. 'તેઓ જ[૧]' એટલે તે ધર્મો જ અચ્યુતને પ્રિય છે. કારણ કે તેઓ ભગવાન સુધી પહોંચાડે છે. જો તેઓ પરમહંસો હોય, તો પણ પરંપરાથી ભગવાનને પ્રિય થતા હોવાથી તેમની પ્રિયતા ગૌણ છે. ભગવાનના સંબંધવાળા ધર્મો ભગવાનને અને ભગવદીયોને પ્રિય છે, એવો અર્થ છે.૩૧.

૧.આથી ભાગવત ધર્મો જ કહેલા છે, પણ આ શબ્દ પાસે જ 'પરમહંસો' શબ્દ હોવા છતાં, આથી પરમહંસો કહેલા નથી, કારણ કે પરમહંસો અક્ષરમાં શ્રદ્ધાવાળા હોવાથી તેમનું પ્રિયપણું ગૌણ છે, મુખ્ય નથી.(પ્ર)

**તસ્યૈવં ખિલમ્ આત્માનં મન્યમાનસ્ય ખિદ્યતઃ ।**
**કૃષ્ણસ્ય નારદોઽભ્યાગાદ્ આશ્રમં પ્રાગ્ ઉદાહૃતમ્ ।।૩૨।।**

તે કૃષ્ણ એવી રીતે પોતાને ન્યૂન માનતા ખેદ કરતા હતા ત્યારે પહેલાં કહેલા આશ્રમે નારદ આવ્યા.૩૨

પાખંડ નથી એમ, અને મુખ્ય ભાગવત ધર્મોમાં દૃઢ વિશ્વાસ છે એમ જણાવવા 'આશ્રમ' શબ્દ યોજેલ છે. આવા[૧] વિષયમાં નારદનો અધિકાર હોવાથી તે પ્રથમ આવ્યા એમ આ શ્લોકથી કહેલ છે. 'ખિલમ્' એટલે ન્યૂન (ઉણપવાળા). વ્યાસ પોતે જ ભગવદ્ધર્મોનું નિરૂપણ કરે તો-તો પહેલાં કહેલા ભારત વિગેરેમાં અને આ નિરૂપણમાં વિરોધ થવાથી, પરસ્પર વિરુદ્ધ વચનો કહેનાર તરીકે તે ખોટા ઠરે. તેથી ખેદ કરતા હતા; પરંતુ નારદના વચનથી તેવું ભગવદ્ધર્મનું નિરૂપણ કરે તો વિરોધ[૨] ન થાય. 'કૃષ્ણ' એવા જેમના ધર્મો કહેવાના છે તેમનાં નામથી વ્યાસ ઉત્તમ વક્તા હોવાનું જણાવેલ છે. અથવા કૃષ્ણના સેવક નારદ એવો સંબંધ લેવો. 'પહેલાં કહેલા' એટલે સરસ્વતીના તટ ઉપરના આશ્રમે આવ્યા.૩૨

૧.'આવા' એટલે યોગ્ય જ્ઞાન આપવાના (પ્ર). પ્રકાશમાં 'યોગ્યાજ્ઞાનદાનરૂપે' બદલે 'યોગ્યજ્ઞાનદાનરૂપે' હોવું જોઈએ એમ જણાય છે.

૨.પાછળથી જ્ઞાન થતાં આ ભગવદ્ધર્મો કહેલ હોવાથી વિરોધ ન થાય.(પ્ર)

ખેદ દૂર કરવાની જીજ્ઞાસાવાળા વ્યાસનું કૃત્ય નીચેના શ્લોકમાં કહે છે :

**તમ્ અભિજ્ઞાય સહસા પ્રત્યુત્થાયાગતં મુનિઃ ।**
**પૂજયામાસ વિધિવદ્ નારદં સુરપૂજિતમ્ ।।૩૩।।**

મુનિએ તેમને ઓળખીને એકદમ ઉભા થઈને ત્યાં આવેલા દેવપૂજ્ય નારદનું વિધિપ્રમાણે પૂજન કર્યું.૩૩

(તેમને આ) નારદ છે અથવા પોતાનું કાર્ય સિદ્ધ કરનાર છે[1] એમ ઓળખીને 'એકદમ' ઉઠવાનો સમય ન હતો તેવા સમયે પણ કસમયના અને ઉઠવાના ગુણ અને દોષને જાણનાર મુનિએ ઉભા થઈને 'વિધિ પ્રમાણે' એટલ ગુરુજનનાં પૂજનનો જે વિધિ છે તે પ્રમાણે, અથવા 'વિધિમિવ' નારદે બ્રહ્માનું પૂજન કરેલ તે પ્રમાણે પૂજન કર્યું. શુદ્ધ સત્ત્વગુણવાળાઓને પણ કાંઈક જાણવા યોગ્ય હોય છે, તેથી જ દેવોએ નારદનું પૂજન કરેલું. તેથી જ વ્યાસે પોતે પણ પૂજન કર્યું. તેથી આમાં[2] કાંઈ અલોકિક નથી.૩૩

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. પ્રકાશમાં નિર્ણયસાગરવાળી પ્રતનો પાઠ લીધો છે અને તે ઘટાવ્યો પણ છે.

૨.'આમાં' ઉપર કહેલા પ્રકારના ખેદમાં (પ્ર). વ્યાસે ભગવાનના અવતાર હોઈ નારદનું પૂજન કર્યું તેમાં, એવો અર્થ જણાવાથી તેમ લખેલ છે.

**ઈતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં**
**પ્રથમ સ્કંધનો ચોથો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય પાંચમો ।।
# ભક્તિનો મહિમા

**ચતુર્થે સર્વધર્માણાં સન્દેહો વિનિરૂપિતઃ ।**
**નિરૂપ્યતે ભક્તિમાર્ગે પઞ્ચમે તસ્ય નિર્ણયઃ ।।૧।।**

ચોથા અધ્યાયમાં સર્વધર્મો સંબંધી સંદેહ[1] કહ્યો, પાંચમા અધ્યાયમાં ભક્તિમાર્ગમાં થતો તેનો નિર્ણય[2] કહેશે.કા.૧.

**ઉટ્ટંકનં મધ્યમત્વાદ્ દષ્ટાન્તસ્ય પ્રદર્શનમ્ ।**
**આદાવન્તે નિર્ણયાર્થં હેતુત્વાદ્ ઉત્તરસ્ય હિ ।।૨।।**

મધ્યમ[3] અધિકારી હોવાથી આરંભમાં વ્યાસના ખેદનો ઉલ્લેખ કર્યો અને અંતમાં નારદે પોતાનું દષ્ટાંત કહ્યું, તે નિર્ણય થાય તે માટે ઉત્તરના કારણરૂપ છે.કા.૨

૧.ધર્મથી ફલ પ્રાપ્ત ન થયું તેથી તે હલકો, અને જે કહેલ રીતે કરવાથી તે ઉત્તમ થાય તેવો સ્વરૂપ સંબંધી સંદેહ.(પ્ર)
૨.(વ્યાસે કરેલ ધર્મ) હલકા હોવાનો નિર્ણય.(પ્ર)
૩.વ્યાસ મધ્યમ અધિકારી હોવાથી આરંભમાં તેમના ખેદનો ૨થી૪ શ્લોકથી ઉલ્લેખ કર્યો અને ૨૩મા શ્લોકથી આરંભી પોતાનું દૃષ્ટાંત કર્યું. તે નારદનો ઉત્તર નિર્ણય કરાવનારો થાય તે માટે કહેલ છે.

ગયા અધ્યાયમાં નારદની પૂજા કરી એમ કહેલું છે તે પ્રસંગે સાચું પૂજન વિગેરે કર્યા વિના નારદ પ્રશ્ન કરે છે એમ જૂદા આરંભથી સૂત કહે છે :

**સૂત કહે છે :**

**અથ તં સુખમાસીન ઉપાસીનં બૃહચ્છ્રવાઃ ।**
**દેવર્ષિઃ પ્રાહ વિપ્રર્ષિં વીણાપાણિઃ સ્મયન્નિવ ।।૧।।**

પછી ઘણી કીર્તિવાળા હાથમાં વીણાવાળા સુખપૂર્વક બેઠેલા દેવર્ષિએ હસતાં હોય તેમ પાસે બેઠેલા તે વિપ્રર્ષિને પૂછ્યું.૧

'તં' 'તેને' એટલે પહેલાં કહેલા ગુણવાળા વ્યાસને ઉત્તરનું સંપૂર્ણ જ્ઞાન હોવાથી ભયરહિત સુખપૂર્વક બેઠેલા દેવર્ષિએ પૂછ્યું. ઉત્તર માટે પ્રશ્ન કરવા પાસે બેઠેલા વિપ્રર્ષિને પૂછ્યું. મોટા પુરુષની હલકાઈ જણાવનારો પ્રશ્ન સાધારણ માણસે કરવો યોગ્ય નથી, તેથી 'ઘણી કીર્તિવાળાએ પૂછ્યું' એમ કહેલું છે. નારદ ઘણી કીર્તિવાળા હોવાથી અથવા નારદે કહેલામાં વ્યાસને વિશ્વાસ રહેશે એમ જણાવવા એ વિશેષણ યોજેલું છે. 'દેવર્ષિ' એટલે દેવોને પણ દેવ બનાવનાર મંત્રોના જોનાર નારદ હતા. તે અલૌકિક જ હોય. 'વિપ્રર્ષિ' એટલે પશ્ચિમ બુદ્ધિવાળા વિપ્રોને ઉપાય કહેનાર; અથવા સર્વને પૂર્ણ કરનાર વિપ્રોને પૂર્ણ કરનાર. ભગવાનના સંબંધવાળા ધર્મોનું ઉત્તમપણું જણાવતા હોય તેમ હાથમાં વીણા રાખી, પોતાનો સમય પ્રાપ્ત કરીને પ્રભાવવાળા વિકસતા મુખવાળા નારદ હસતા હોય તેમ લોકોએ જોયા.

મોટો પુરુષ પણ મોહ પામે છે, એટલે વૃદ્ધિની ઈચ્છા કરતાં મૂલનો પણ નાશ થાય છે, એવા અભિપ્રાયથી નીચેના શ્લોકમાં સ્વાભાવિક કુશલ સંબંધી પ્રશ્ન કરે છે :

**નારદ કહે છે :**

**પારાશર્ય! મહાભાગ! ભવતઃ કચ્ચિદાત્મના ।**
**પરિતુષ્યતિ શારીર આત્મા માનસ એવ વા ।।૨।।**

હે મહાભાગ્યવાળા! હે પારાશર્ય! તમારો શારીર અથવા માનસજ આત્મા કોઈ સ્થલે તમારા પોતાથી સંતોષ પામેલો છે?૨

પરાશર તો મોટા વૈષ્ણવ હતા. તેમના પુત્રને ભગવાનના માર્ગમાં સંદેહ કેમ થાય? એમ પિતાના નામથી સંબોધન કરી તેમનામાં તે પિતા વૈષ્ણવ હોવાની જાગ્રૂતિ કરી, કારણ કે શક્તિવાળો[૧] યોગ્ય હોય ત્યારે તેને ભગવાનના માર્ગનો બોધ થવાનો સંભવ છે. 'હે

મહાભાગ્યવાળા' સંબોધનથી વ્યાસે તેમનું કાર્ય કરેલ હોવાનું કહેલું છે. 'કોઈ સ્થળે' શબ્દથી કોમળ પ્રશ્ન કરે છે. 'શારીર આત્મા' 'આત્મના' તમારાથી, અથવા તો[2] તમારા પોતાનાથી સંતોષ પામેલો? એમ ભેગું લેવું. વિષય પ્રાપ્ત થયા ન હોય તો-તો પોતાથી જ અસંતોષ રહે. તમારે ભગવાનથી તો સંતોષ થવો જોઈએ. આથી[3] લૌકિક અને અલૌકિક સંતોષ ન થવાનું કારણ પૂછાયું. એવી રીતે માનસ આત્મા સંતોષ પામેલો છે? 'એવ' 'જ' શબ્દથી પહેલા પ્રકાર (શારીર આત્મા) ની ગૌણતા સૂચવેલી છે.૨

૧.'માત્ર સંબોધનથી કેમ થાય? એવો પ્રશ્ન થાય તેથી આ વાક્ય કહેલ છે.(પ્ર)

૨.વ્યાસે ચિંતા કરેલી તેમાં 'મારો દેહ સંબંધી (આત્મા)' એમ કહેલું, તેમાં 'મારા' શબ્દથી સંઘાત જણાવેલ તેમ અહીં 'ભવતઃ' 'તમારા' શબ્દથી સંઘાત જણાવેલ છે. આ પક્ષમાં 'તુ' 'તો' શબ્દ યોજ્યો, તેથી પછીના (માનસ આત્મા) માં વિષયની પ્રાપ્તિ થાય ત્યારે સંતોષ થતો નથી એમ જણાવેલ છે.(પ્ર)

૩.બે અર્થનો સંગ્રહ કરાવનાર 'આત્મના' શબ્દથી.(પ્ર)

ઉત્તર આપવા માટે વ્યાસે કરેલ કાર્યનું પૂર્વપક્ષના પ્રકારથી અભિનંદન નીચેના શ્લોકથી કરે છે :

**જિજ્ઞાસિતં સુસમ્પન્નમ્ અપિ તે મહદદ્ભુતમ્ ।**
**કૃતવાન્ ભારતં યસ્ત્વં સર્વાર્થપરિબૃંહિતમ્ ।।૩।।**

અહો! તમો જેમણે સર્વ પુરુષાર્થોના સંબંધવાળું ભારત રચ્યું તે તમારું વિચારાએલું સારી રીતે થયું તે બહુ અદ્ભુત છે.૩

તમારું વિચારેલું સર્વ લોકનાં હિત માટેનું આચરણ સારી રીતે થવું; કારણ કે એક કાર્યથી જ કલ્પ સુધીનું સાધન થયું. 'અપિ' 'અહો!' શબ્દ આશ્ચર્ય દર્શાવનારો છે. ભગવાનને પણ દરેક કાર્ય કરવાની જરૂર રહે છે, તમારે તો તે પણ નથી એમ 'ઈતિ'[1] શબ્દથી કહે છે. તમારું બહુ અદ્ભુત કાર્ય થયું એમ કહ્યું. 'ઈતિ' શબ્દ સમાપ્તિના અર્થમાં યોજેલો છે. અદ્ભુત જ બહુ થયું, ઉત્તરાર્ધથી સારી રીતે થયેલું કાર્ય જ કહેલ છે, કારણ કે એક શાસ્ત્ર એક પુરુષાર્થ જણાવનારું હોય. ભારત તો ધર્મ[2] વિગેરે ચાર પુરુષાર્થ જણાવનારું છે. બધા ધર્મ વિગેરે સાધન સાથેના પુરુષાર્થોના સર્વ તરફથી 'બૃંહિતં' સંબંધવાળું છે, એવો અર્થ છે.૩

૧.'ઈતિ તે મહદદ્ભુતમ્' એવો બીજો પાઠ લીધો છે.(પ્ર)

૨.ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ જણાવનારું છે.

સ્વાભાવિક ધર્મમાં પણ વ્યાસની સરસાઈ નીચેના શ્લોકથી કહે છે :

**જિજ્ઞાસિતમ્ અધીતં ચ બ્રહ્મ યત્ તત્ સનાતનમ્ ।**
**તથાપિ શોચસ્યાત્માનમ્ અકૃતાર્થ ઈવ પ્રભો ।।૪।।**

અતિ પ્રસિદ્ધ સનાતન બ્રહ્મનો તમે વિચાર કર્યો અને અભ્યાસ કર્યા છતાં હે શક્તિવાળા! પોતે અકૃતાર્થ હો તેમ તમે શોક કરો છો.૪

'બ્રહ્મ' એટલે ૧.પરબ્રહ્મ અને ૨.વેદ. તે પૈકી પહેલા-પરબ્રહ્મનો વિચાર કર્યો અને બીજા-વેદનો અભ્યાસ કર્યો. 'ચ' 'અને' શબ્દથી વેદ ભણાવ્યાનું અને ધર્મ કહેલ છે. કારણ કે જૈમિનિએ પણ તેમણે કહેલા અર્થનું નિર્માણ કરેલું છે; અથવા પહેલો વિચાર બ્રહ્મના વિષયનો અને બીજો વેદના[1] વિષયનો. 'યત્ તત્' એટલે અતિ પ્રસિદ્ધ. 'સનાતન' એટલે વિકાર વિનાનું. 'બ્રહ્મ' શબ્દથી માહાત્મ્યજ કહેલું[2] છે. ઉત્તરાર્ધથી ફલ ન પ્રાપ્ત થવા રૂપ દોષ કહે છે. "આત્માને જાણનાર શોકને તરે છે" એ શ્રુતિ પ્રમાણે, અને "ચેષ્ટા[3] ન થવાથી મોહ પામેલો શોક કરે છે" એ શ્રુતિ પ્રમાણે જ્ઞાન અને ધર્મ પ્રાપ્ત થયા હોય ત્યારે શોક ન રહે એવું શ્રુતિથી સિદ્ધ થયેલું છે, અને તે અનુભવથી ખોટું ઠરે છે. વળી આ શોક લૌકિક નથી એમ 'અકૃતાર્થ હો તેમ' શબ્દોથી કહેલ છે. જેમ બ્રહ્મસંબંધી બે[4] વિચારો ન થવાથી પુરુષાર્થ જેને પ્રાપ્ત થયેલો નથી તેવો પુરુષ શોક કરે, તે પ્રમાણે પુરુષાર્થ પ્રાપ્ત થયેલાની સ્થિતિમાં પણ શોક કહે છે એવો અર્થ છે. આ વિષયમાં ઉત્તર કહેવામાં શક્તિ તમારી છે એમ 'હે શક્તિવાળા' સંબોધનથી કહેલ છે.૪

૧.આથી એમ જણાય છે કે વ્યાસે પૂર્વમીમાંસાનાં સૂત્રો પણ રચેલાં(પ્ર)
૨.'સનાત' વિશેષણ નકામું નથી એમ જણાવવા આ કહેલ છે.(પ્ર)
૩.ધર્મ પ્રકટ કરે તેની ચેષ્ટા.(પ્ર) ૪.પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાના વિચારો.

પ્રમાણના બળથી વિચાર કરનારાઓને આનો ઉત્તર સૂઝતો નથી એમ નીચેના શ્લોકથી વ્યાસ કહે છે :

**વ્યાસ કહે છે :**

**અસ્ત્યેવ મે સર્વમ્ ઈદં ત્વયોક્તં તથાપિ નાત્મા પરિતુષ્યતે મે ।**
**તન્મૂલમ્ અવ્યક્તમ્ અગાધબોધં પૃચ્છામહે ત્વાડડત્મભવાત્મભૂતમ્ ।।૫।।**

તમે આ કહ્યું તે સર્વ મારૂં કાર્ય છે જ, છતાં પણ મારા આત્માને સંતોષ થતો નથી. તેનું અપ્રકટ મૂલ આત્માથી ઉત્પન્ન થયેલાના દેહથી ઉત્પન્ન થયેલા અગાધ જ્ઞાનવાળાને તમને પૂછું છું.૫

સાધનથી ફલ પ્રાપ્ત ન થવાનું જે મૂલ કારણ તે 'અવ્યક્તમ્' પ્રકટ નથી, કારણ કે લોકમાં અને વેદમાં તેવું થયેલ નથી. તેથી અગાધ જ્ઞાનવાળાને તમને પૂછું છું. 'અગાધ' એટલે પ્રમાણથી ન જણાય તેવું. તેનું પણ પ્રમેયના બળથી[1] જ્ઞાન થાય. તે 'આત્માથી ઉત્પન્ન થયેલાના દેહથી ઉત્પન્ન થયેલા' શબ્દથી કહેલ. આત્મા નારાયણ, તેમનાથી બ્રહ્મા ઉત્પન્ન થયા, તે બ્રહ્માના 'આત્મનઃ' દેહથી જન્મેલા નારદને પૂછું છું, અથવા 'આત્મભવ' એ સંબોધન લેવું. હે ભગવાનના અવતાર! "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" એ શ્રુતિ પ્રમાણે આત્માને જાણનાર નારદ ભગવાન જ થયા; અથવા સાધન વિના ફલનો સંબંધ[2] થયાનું અથવા "વિષ્ણુના પ્રાણીઓ દેવોએ પૂજેલા છે" એ વાક્ય પ્રમાણે ભગવાનના સેવક હોવાનું સૂચવેલું છે.૫

૧.નારદજી ભગવાનના પૌત્ર હોવાથી, ભગવાનની નિકટ હોવાથી, ભગવાનનાં સ્વરૂપનાં બળથી તેમને જ્ઞાન થાય, એવો અર્થ છે.(પ્ર)
૨.સાધન ન હોવા છતાં ભગવાન સાથે એકતાની પ્રાપ્તિ થયાનું, એવો અર્થ છે.(પ્ર)

નારદનું પ્રમેય બળ નીચેના શ્લોકમાં કહે છે :

**સ વૈ ભવાન્ વેદ સમસ્તગુહ્યમ્ ઉપાસિતો યત્ પુરુષઃ પુરાણઃ ।**
**પરાવરેશો મનસૈવ વિશ્વં સૃજત્યવત્યત્તિ ગુણૈરસંગઃ ।।૬।।**

તે તમો સર્વ છૂપું નિશ્ચય જાણો છો, કારણકે મનથી જ વિશ્વને રચે છે, (તેનું) રક્ષણ કરે છે અને લય કરે છે તે, ગુણોના સંગ વિનાના, ઉત્તમ અને હલકા સર્વના ઈશ્વર પુરાણ પુરુષની તમે ઉપાસના કરેલી છે.૬

સર્વ છૂપું તમો જાણો છો અથવા વેદોનું સર્વ છૂપું તમો છો. બંનેનું કારણ કે 'તમે પુરાણ પુરુષની ઉપાસના કરી છે', ઉત્તમપણું જણાવવા પુરાણપણું કહેલું છે, તેથી કાલ વિગેરેની દરકાર ન રાખનાર[1] પુરુષોત્તમની તમે સેવા કરી છે એમ કહેવાયું. જેમની સેવા કરી તેમનાં સામર્થ્યથી સેવા કરનારમાં સામર્થ્ય આવે છે એમ કહેવા ઉત્તરાર્ધથી ભગવાનના ગુણો કહે છે. તે સર્વના ઈશ્વર, સર્વ કરનાર, દોષરહિત અને માત્ર ચિંતનથી જ કાર્ય કરનારા છે, એવા ગુણો છે.૬
૧.આ વેદનું છૂપું જણાવનાર (ગુણ) છે.(પ્ર)

નારદમાં પોતાથી[1] પણ એવી શક્તિ હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**ત્વં પર્યટન્નર્ક ઈવ ત્રિલોકીમ્ અન્તશ્ચરો વાયુરિવાત્મસાક્ષી ।**
**પરાવરે બ્રહ્મણિ ધર્મતો વ્રતૈઃ સ્નાતસ્ય મે ન્યૂનમલં વિચક્ષ્વ ।।૭।।**

તમે સૂર્યની પેઠે ત્રણ લોકમાં ફરતા રહો છો, વાયુની પેઠે દેહમાં ફરનારા અંતઃકરણના સાક્ષી છો. પરબ્રહ્મ અને અવરબ્રહ્મ માં ધર્મથી અને વ્રતોથી નિષ્ણાત થયેલાની મારી ન્યૂનતાનો પૂરો વિચાર કરો.૭

બહારના અને અંદરના સર્વનું જ્ઞાન છે એમ જણાવવા સૂર્ય અને વાયુ ના બે દૃષ્ટાંતો, અને તે માટે જરૂરી પ્રકાર[2] કહેલો છે. ક્રિયાથી સર્વ લોકમાં જવાનું થાય છે, યોગથી સર્વની અંદર પ્રવેશ અને જ્ઞાનથી સર્વના સાક્ષી થવાય છે. એવી રીતે દોઢ[3] શ્લોકથી ભક્તિ વિગેરેથી સર્વ શક્તિ પ્રાપ્ત થયેલી હોવાનું જણાવી, પોતાના સંદેહ સંબંધી ઉત્તરાર્ધથી પ્રશ્ન કરે છે. વેદાન્તમાં જણાવેલું પરબ્રહ્મ, અને વેદ અવરબ્રહ્મ છે. તેમાં અનુક્રમ પ્રમાણે જ યજ્ઞ વિગેરે કરવાથી ધર્મથી પરબ્રહ્મમાં વિષ્ણાત થયેલા અને વેદમાં કહેલા વ્રતો વિગેરેથી વેદમાં નિષ્ણાત થયેલા એવા બંનેમાં નિષ્ણાત થયેલાની મારી જે ન્યૂનતા હોય તેનો વિચાર કરો. ઉપર-ઉપરથી વિચાર કરેલું જણાયેલ નહિ હોય, એમ 'અલં'-પૂરો શબ્દથી કહેલ છે.૭
૧.ભગવાનના અવતાર હોવાથી (પ્ર). નારદ ભગવાનના અવતાર નથી, પણ આવેશી છે.
૨.વ્યાસને પોતાને ખેદ દૂર કરવા જેવું જ્ઞાન નારદમાં હોવાની જરૂર હોય, તેવા પ્રકારનું જ્ઞાન નારદમાં છે એવો

અર્થ છે.(પ્ર).　　　　૩.છઠ્ઠો શ્લોક અને આ શ્લોકનો પૂર્વાર્ધ મળી દોઢ શ્લોક.

નારદે તો ન્યૂનતા વિચારેલજ હતી, તેથી તેમણે નિર્ણય કરેલો હોય તેવી રીતે[1] નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**નારદ કહે છે :**

**ભવતાઽનુદિતપ્રાયં યશો ભગવતોઽમલમ્ ।**
**યેનૈવાસૌ ન તુષ્યેત મન્યે તદ્દર્શનં ખિલમ્ ।।૮।।**

તમે ભગવાનનો અમલ યશ લગભગ ન કહ્યા જેવો કહેલો છે. તેનાથી જ તે તમારા આત્માને સંતોષ થયો નથી. તે તમારાં જ્ઞાનની ન્યૂનતા હોવાનું માનું છું.૮

અગ્નિહોત્ર, સુવર્ણ, સ્ત્રી નું જ્ઞાન હોવા છતાં પણ જેમ દીવો, સૂર્ય વિગેરે ન હોય ત્યારે તેઓ સંબંધી બહારનો પ્રકાશ થતો નથી, તેમ ભગવાનના યશ વિના અંદરનો પ્રકાશ થતો નથી.[2][3]ભગવાનના ગુણો તો જ્ઞાન વિગેરેથી પ્રકાશ કરવા યોગ્ય નથી. તે ગુણો ઉત્તમ અને ઘણા છે. અને જે વિષયમાં પ્રવેશ કરી રહેલા છે તેનો જ્ઞાન વિગેરેથી પ્રકાશ થતો નથી. જો કે ભારતમાં તમે ભગવાનનો યશ કહેલ છે અને ગીતામાં વિસ્તારથી કહેલ છે, છતાં પણ બીજા વિષયના અંગ તરીકે કહેલ હોવાથી લગભગ ન કહ્યા જેવો છે કારણ કે વ્યામોહ કરનારી લીલા[4] કહેલ હોવાથી પણ હૃદયમાં તેવીજ રીતે આવે ત્યારે ભગવાનનો આવેશ થાય છે. વેદના પૂર્વકાંડના અંગ તરીકે ઉત્તરકાંડ કહેવામાં આવે ત્યારે વેદાન્તો બ્રહ્મને સ્વતંત્ર રીતે જણાવતા નથી, તેવા પ્રકારે ભગવાનનો યશ પણ ગીતા વિગેરેમાં કહેલો છે. તે જ કહેલું[5] છે. અમલ યશ કહ્યો હોય, તેનાથીજ અંતઃકરણના દોષ રહેતા નથી. તેના વિના પણ સર્વ કાર્ય થશે, એવી તમારા જ્ઞાનની ન્યૂનતા છે.૮

૧.હેતુ સાથે તે જ્ઞાનની ન્યૂનતાનું કારણ કહે છે, એવો અર્થ છે.(પ્ર)
૨.જેમ નાના દીવાથી મોટા ઘરમાં બધે પ્રકાશ થતો નથી, તેમ થોડા જ્ઞાનથી ભગવાનના ગુણોનો પ્રકાશ થતો નથી.(પ્ર)
૩.'ભગવાનનો યશ ન કહ્યો હોય, છતાં પણ જ્ઞાન વિગેરેથી અંદરના પદાર્થોનો પ્રકાશ થવાથી ન્યૂનતા ન રહે' એવી શંકા થાય તેથી આ કહેલ છે.(પ્ર)
૪.સારથિપણું કર્યું તે વિગેરે.(પ્ર)　　૫.'લગભગ ન કહ્યા જેવો' શબ્દથી કહેલ છે.(પ્ર)

''તે માધવ બધા પ્રાણીઓના પિતા અને માતા છે. હે ઉત્તમ કૌરવો! શરણ કરવા યોગ્ય તેમને જ શરણે જાઓ. હે અચ્યુત! હે અચ્યુત! હે શત્રુઓનું શોષણ કરનાર! એમ ન કહો, ન કહો. આપ પાંડવોના નાથ છો અને અમે આપનો આશ્રય કરી રહેલા છીએ''. ''આપના વચન પ્રમાણે કરીશ'' (ભ.ગી.૧૮.૭૩) એવા હજારો શ્લોકોથી સ્વતંત્ર પ્રકારે ભગવાનનો યશ કહેલો હોવાથી લગભગ ન કહ્યા જેવો કહેલો કેમ કહો છો? એવો પ્રશ્ન થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**યથા ધર્માદયશ્ચાર્થા મુનિવર્યાનુકીર્તિતાઃ ।**
**ન તથા વાસુદેવસ્ય મહિમા હ્યનુવર્ણિતઃ ।।૯।।**

હે ઉત્તમ મુનિ! જેમ ધર્મ વિગેરે પુરુષાર્થનું વર્ણન કરેલું છે તેવી રીતે વાસુદેવના મહિમાનું વર્ણન કરેલું નથી.૯

સાચું યશ જણાવેલો છે છતાં પણ તેનું પ્રકરણ ન હોવાથી ''શાસ્ત્રનાં વચનોનો પ્રકરણથી નિર્ણય થાય છે'' એ ન્યાય પ્રમાણે તે વાક્યોમાં કહેલા યશનાં વચનો તે પ્રકરણનાં અંગ છે. આનુશાસનિક પર્વમાં પણ ભગવાનના ગુણો ધર્મ પુરુષાર્થ તરીકે કહેલા છે, પણ યશ તરીકે કહેલા નથી તે આ શ્લોકથી કહે છે. જેમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જુદાજુદા પ્રકરણથી જણાવેલા છે તેવી રીતે ભગવાનનો મહિમા જુદા પ્રકરણથી કહેલો નથી, એવો અર્થ છે.૯

યશ [1]જણાવનારાં વચનો ફલ કેમ પ્રાપ્ત ન કરાવે? એનો પ્રશ્ન થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**ન યદ્વચશ્ચિત્રપદં હરેર્યશો જગત્પવિત્રં પ્રગૃણીત કર્હિચિત્ ।**
**તદ્વાયસં તીર્થમ્ ઉશન્તિ માનસા ન યત્ર હંસા નિરમન્ત્યુશિક્ક્ષયાઃ ।।૧૦।।**

જે રમ્ય શબ્દોવાળું વચન કોઈપણ સ્થળે જગતને પવિત્ર કરનારો હરિનો યશ કહેતું ન હોય તેને કાગડાનું તીર્થ કહે છે. તેથી સુંદર રહેઠાણમાં વસનારા માનસ હંસો આનંદ પામતા નથી.૧૦

અહીં કેવું ફલ શોધો છો? કૃતાર્થપણું, અંતઃકરણની પ્રસન્નતા અને પરમાનંદ દ્ર એમ જો કહેતા હો તો આ ભારત તેનું તીર્થ નથી, પરંતુ કાવ્યની પેઠે શૃંગાર વિગેરે રસોમાં જેમનું ચિત્ત ચોટેલું છે તેવા કામી પુરુષોને આશ્ચર્ય ઉત્પન્ન કરનારું છે. કાગડાઓને હોય છે તેના જેવો એઠાંનો ખાડો છે. પ્રમાણનું[2] બળ દુર્બલ છે એમ કહેવા રમ્ય શબ્દોવાળું વિશેષણ યોજેલું છે. અર્થ ઉત્તમ ન હોય ત્યારે શબ્દોનું રમ્યપણું ''શબ્દનું રમ્યપણું અને અર્થનું રમ્યપણું વ્યંગ્ય અર્થ વિનાનું તો હલકું મનાએલું છે'' (કાવ્યપ્રકાશ.૧,૫) એ વાક્ય[3] પ્રમાણે હલકાઈ જણાવનારું છે. અને ઝેરી પતરાળામાં કરેલાં ભોજનની પેઠે તેમાં કહેલું પ્રમેય [4]હરિરૂપ નથી, પણ ઉત્તમ પ્રકારે કહેલું છે. તે અર્થ 'હરિનો યશ[5] કહેતું ન હોય' શબ્દોથી કહેલા છે. 'જગતનેય પવિત્ર કરનારો' વિશેષણથી એમ જણાવેલું છે કે ભારત સાધારણ પુરુષોને પવિત્ર કરે છે પરંતુ પતિતોને અને શુક વિગેરે સરખા પુરુષોને પવિત્ર કરતું નથી, તેથી તે સર્વની ઈચ્છા પૂર્ણ કરનારું નથી. આ ભગવાનનો યશ તો જગતને જ પવિત્ર કરનારો છે. 'વચન' શબ્દથી તે માત્ર શબ્દ હોવાનું કહેલ છે. તેથી સામ ને તેના રાગ[6] વિગેરે પણ નથી એમ કહેલું છે, 'કોઈ પણ સ્થળે' શબ્દથી એમ સૂચવેલું છે કે મુખ્ય,[7] ગૌણી, લક્ષણા, પ્રકરણ વિગેરે પ્રકારો પૈકી એક વિભાગમાં પણ ભગવાનને જણાવનારું હોય તો દોષ નથી. તે ભારત તો કાવ્યની પેઠે પદાર્થને જણાવનારું છે. 'વાયસં તીર્થમ્' કાગડાઓનું તીર્થ એવો અર્થ છે, 'વાયસાઃ' એટલે વૃદ્ધ [8]કાગડાઓ; અને

લોકમાં ચતુર પુરુષો; તેવા રાજાના પુત્રો વિગેરે કામી પુરુષો ભારતમાં શ્રદ્ધાવાળા હોય છે, પરંતુ પરમહંસો તેવા હોતા નથી. 'તીર્થ' એટલે પ્રવેશ કરવાનો માર્ગ અથવા દોષ મટાડનારું. તેઓમાં એંઠવાડના ખાડા વિગેરે કાગડાઓની ભૂખ મટાડનાર છે, પણ બીજાની મટાડતા નથી. વળી કાગડાઓને તેથી વધારે દોષ મટાડવાની ઈચ્છા હોતી નથી, અને તેવા ખાડા બનાવનારની ભૂખ પણ તેથી મટતી નથી, કારણ કે હંસ છે. 'ઉશન્તિ' એટલે કહે છે. 'માનસાઃ' માનસ એટલે મનમાં જ રહેનારા, દેહ વિગેરેમાં ન રહેનારા, અને ભારત દેહનું હિત કરનારું છે. 'હું બ્રહ્મ છું' એવી બ્રહ્માત્મબુદ્ધિ છે. તેવી બુદ્ધિ વાળા પરોક્ષ (છૂપા કથન) માં 'હંસો' કહેવાય છે, તેઓ દૂધ અને જલ નો ભેદ જાણનારાઓ કુદરતથી થયેલાં મિશ્રણને પણ છૂટું પાડે છે, પરંતુ 'ખરેખર, ઉત્તમ બુદ્ધિવાળા પુરુષોનું...' એ વાક્ય પ્રમાણે મિશ્રણ ઉત્પન્ન કરનારમાં આનંદ પામતા નથી. ભગવાનનું ચરિત્ર તેવું છે. 'ઉશક્' સુંદર છે 'ક્ષમઃ' રહેઠાણ જેઓનું તેવા હંસો છે. જેમ-જેમ સ્વરૂપથી અને જ્ઞાનથી સુંદરતા થતી જાય, તેમ-તેમ હંસનું રહેઠાણ થાય. અને તેથી યુક્તિથી અને દૃષ્ટાંતથી ભારત વિગેરે અંતઃકરણને શુદ્ધ કરનારાં નથી.૧૦

૧.બીજાનાં અંગ તરીકે યજ્ઞ જણાવનારાં.(પ્ર)

૨.'ભારતમાં વેદનો અર્થ હોવાથી ભારત તેવું (કાવ્ય જેવું) નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે.(પ્ર)

૩.આવાં ભોજનથી તૃપ્તિ થાય પણ ભવિષ્યમાં અનિષ્ટ થાય, તેમ બીજાના અંગ તરીકે ભગવાનનાં યશનું શ્રવણ કરવાથી માત્ર શ્રવણ કર્યાનું અભિમાન થાય, પણ ભવિષ્યમાં કૃતાર્થતા ન થાય, માત્ર ધર્મ વિગેરે પુરુષાર્થ જ થાય.(પ્ર)

૪.'ભારતમાં ઉત્તમ અર્થ કહેલો કેમ નથી?' એવી શંકા દૂર કરવા આ કહેલ છે.(પ્ર)

૫.ભારતમાં હરિનો યશ કહેલ નથી, પણ વાણીને ધેનુ કહે તેમ હરિના યશ તરીકે જણાવેલ છે.(પ્ર)

૬.સામ ભગવાનને પ્રિય છે, તેના રાગ મોક્ષના માર્ગરૂપ છે, તેવું પણ ભારતમાં નથી, તેથી તે માત્ર શબ્દ જ છે.(પ્ર)

૭.ભરત વંશના રાજાઓને જણાવનારું 'ભારત' એ વ્યુત્પત્તિ પ્રમાણે ભગવાનને જણાવનારું ન હોવાથી, અને ભગવાન તેનો શાસ્ત્રાર્થ ન હોવાથી તે મુખ્ય પ્રકારે ભગવાનને જણાવનારું નથી. તેમાંનું પ્રમેય ભગવાનના પ્રકારનું અથવા તેમના સમાન રૂપવાળું નથી, તેમજ એક સ્થળે મુખ્ય પ્રકારથી જણાવેલ હોય તેની પ્રશંસા કરવા લખાએલ પણ નથી અને તેવા શબ્દોથી કૃતાર્થ થવાય તે માટે ભગવાન જણાવેલ નથી, તેથી ગૌણી લક્ષણાથી કે લક્ષણાથી પણ તે જણાવેલ નથી. જુદું પ્રકરણ કરેલ ન હોવાથી પ્રકરણથી પણ જણાવેલ નથી. 'વિગેરે' શબ્દથી સૂચવેલ વ્યંજના તથા તાત્પર્યથી પણ જણાવેલ નથી.(પ્ર)

૮.'વયસઃ' વયના 'ઈમે' આ છે એ વ્યુત્પત્તિ પ્રમાણે અને રૂઢિ પ્રમાણે આ અર્થ થાય છે.(પ્ર)

જો કે હું વિગેરે તેવા વક્તા નથી અને અમારામાં શબ્દનું રમ્યપણું નથી. ઉલટું કીર્તન કરવા માટે શબ્દોનો ખોટો પ્રયોગ હોય છે, છતાં અમો વિગેરેનું વચન ભગવાનના સંબંધવાળું હોવાથી ઉપર કહેલા પ્રકારનું છે. એમ નીચેના શ્લોકથી કહે છે :

**તદ્ વાગ્વિસર્ગો જનતાઘવિપ્લવો યસ્મિન્ પ્રતિશ્લોકમ્ અવદ્ધવત્યપિ ।**
**નામાન્યનન્તસ્ય યશોંકિતાનિ યત્ શૃણ્વન્તિ ગાયન્તિ ગૃણન્તિ સાધવઃ ।।૧૧।।**

જેની અંદર દરેક શ્લોકમાં વ્યાકરણના નિયમો પળાએલા ન હોવા છતાં, જેનું

સત્પુરુષો શ્રવણ કરે છે, ગાન કરે છે અને ઉચ્ચાર કરે છે તેવાં અનંતના યશના ચિહ્નવાળા તેમનાં નામો છે. તે વાણીની ઉજ્વલતા જનતાનાં પાપોનો નાશ કરનારી છે.૧૧

'તદ્વાગ્વિસર્ગઃ' તે અને તે વાણીની ઉજ્વલતા. 'તે' એટલે પ્રસિદ્ધ હોવાથી ભકતોએ કરેલ ભાષાનાં ગીતો, ગીતગોવિંદ વિગેરે પણ જનતાનાં એટલે પ્રાણિમાત્રનાં પાપનો ઉત્તમ પ્રકારે નાશ કરે છે. 'જેની અંદર (દરેક શ્લોકમાં...)' શબ્દોથી એમ કહેલ છે કે શબ્દોનું બલ ઉત્તેજક નથી. 'જેની અંદર' એટલે જે વાણીની ઉજ્વલતામાં. ભાષામાં લખાયેલા ગ્રંથોના શ્લોકોમાં વ્યાકરણના નિયમોથી વિરુદ્ધ શબ્દોનો પ્રયોગ તે 'અબદ્ધ' અને તાન માટે અથવા મૂર્ખના હૃદયમાં તેનો સ્વીકાર થવાથી અબદ્ધનો પ્રયોગ કરાય છે. તેનું[1] કારણ 'અનંતનાં નામો...'થી કહેલ છે. એકજ અર્થમાં ઘણાં નામોનો પ્રયોગ કરવામાં આવે છે, જેમકે ત્રિભુવન, આત્મભુવન વિગેરે. ભગવાન સર્વ તરફથી અનંત હોવાથી તેમના નામો અનંતજ છે. તે માત્ર નામ જણાવનારાજ નથી, પરંતુ યશના ચિહ્નવાળાં છે તે શ્રવણ કરવાનું કારણ છે. 'યત્' એટલે જે નામો અથવા જે કારણથી વકતા મળે ત્યારે લોક શ્રવણ કરે છે, શ્રવણ કરનાર હોય ત્યારે ગાન કરે છે, તેમ ન હોય ત્યારે ઉચ્ચાર કરે છે, અને આ ઉપર કહેલા હંસો વિગેરેનું કૃત્ય છે. [2]ભગવાનના સંબંધવાળા ગુણો ભગવાનથી જુદા ન હોવાથી, જેમ ગમે તે સ્થળે અવતાર લીધેલા ભગવાનની સેવા કરવામાં આવે છે, તેમ હરકોઈ સ્થળે રહેલાં ભગવાનનાં નામોનું શ્રવણ કરવામાં આવે છે, એમ અર્થબળ જણાવ્યું. એવી રીતે શબ્દોમાં [3]ભગવાનના શબ્દોજ ઉત્તમ છે, બીજા ઉત્તમ નથી એમ જણાવ્યું.૧૧

૧.'તેનું' એટલે પાનનો નાશ કરનાર હોવાનું.(પ્ર)

૨.આ શ્લોકથી સાબિત થયેલ વિષય આ ભાગથી કહેલ છે.(પ્ર)

૩.'ભગવાનના શબ્દો' એટલે મુખ્ય રીતે ભગવાન જણાવનારા શબ્દો.(પ્ર)

હવે [1]અર્થસંબંધમાં વિચાર કરવામાં આવે છે : તેમાં જ્ઞાન સ્વરૂપથી અને ફલથી ઉત્તમ છે. તેવી રીતે યજ્ઞો વિગેરે, તેવીજ રીતે આચાર અને બીજા ધર્મ વિગેરે છે. આ સ્વરૂપથી અને ફલથી ભગવાનની અથવા ભગવદીયોની સાથે હોય તો ફલાકારી છે કે એકલા હોય તો નથી! દ્ર એવો વિચાર થાય છે. તે પૈકી નીચેના શ્લોકમાં પ્રથમ જ્ઞાનની નિંદા કરે છેઃ

**નૈષ્કર્મ્યમપ્યચ્યુતભાવ-વર્જિતં ન શોભતે જ્ઞાનમલં નિરઞ્જનમ્ ।**
**કુતઃ પુનઃ શશ્વદ્ અભદ્રમીશ્વરે ન ચાર્પિતં કર્મ યદપ્યકારણમ્ ।।૧૨।।**

કપટ રહિત જ્ઞાન મોક્ષ પ્રાપ્ત કરાવનારું હોવા છતાં પણ અચ્યુત ઉપરના પ્રેમ વિનાનું હોય તે પુરૂં શોભતું નથી તો પછી સદા અકલ્યાણકારિ અને જે ઈશ્વરને અર્પણ કરેલું ન હોય તે અને જે કામના વિનાનું હોય તે તો શોભે જ કેમ?૧૨.

ભક્તિ સાથે જ્ઞાન વિગેરે હોય ત્યારે ફલ પ્રાપ્ત થતું હોવાથી સંદેહ થાય છે કે ભક્તિનું ફલ છે કે જ્ઞાનનું? તે દૂર કરવા માટે એકલા સંબંધી નિર્ણય કહેવામાં આવે છે. અચ્યુતની ભક્તિ

વિનાનું સાંખ્ય અથવા વૈદિક જ્ઞાન ભક્તિથી શોભાવેલું ન હોવાથી શોભતું નથી. જ્ઞાનની શોભાથી જ્ઞાનીની શોભા થાય છે, અને દીવાની[2] પેઠે જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે. સોનાની [3]પૂતળી પણ અલંકાર કર્યા વિનાની શોભતી નથી. જો કે નિરીશ્વર સાંખ્ય મતમાં ઈશ્વર ન હોવાથી જ ભક્તિ નથી, અને જણાવેલ વિષયમાં[4] માત્ર શ્રદ્ધા રાખવાની છે. ઈશ્વરવાળા [5]સાંખ્યમતમાં પણ ઈશ્વર ગુણવાળા જ છે. વૈદિક મતમાં પણ યજમાન વિગેરેમાં દેવતાનો આવેશ ન થાય ત્યારે તે લૌકિક જ હોવાથી અને સર્વની જરૂર હોવાનું કહેલ હોવાથી, અંતઃકરણ શુદ્ધ થાય તે માટે ભક્તિની જરૂર છે. અને[6] તે ભક્તિ ભગવાનનાં શાસ્ત્ર પ્રમાણેની જ હોવી જોઈએ. જ્ઞાન પણ 'નિરઞ્જનમ્' નીકળી ગએલું છે કપટ જેમાંથી તેવું, અવિદ્યાનો નાશ કરનારું અને કપટ વિનાનું હોવા છતાં શોભતું નથી. વધારે કહેવાથી શું? બધાં શાસ્ત્રોમાં જે જ્ઞાન કહેલું છે તેના સ્વરૂપ અને ફલ ઉપર ઉપકાર કરનારી ભક્તિ છે, તેથી ભક્તિ ન હોય તો તેનું સ્વરૂપ અથવા ફલ સિદ્ધ થાય નહીં, એવો અર્થ છે.

ઉત્તરાર્ધથી કર્મને પણ ભક્તિની જરૂર રહે છે એમ કહે[7] છે. તે સંબંધમાં કર્મ ત્રણ પ્રકારનું છે. [ક]કામનાથી કરાતું [ખ]જ્ઞાનનાં અંગરૂપ અને [ગ]ઈશ્વરની આરાધનારૂપ. તે પૈકી પહેલાંમાં ભક્તિની જરૂર છે, તે 'સદા અકલ્યાણકારિ' શબ્દોથી કહે છે. કર્મ કરવા સમયે અને ફલ આપવાના સમયે દુઃખરૂપ હોવાથી ભક્તિ ન હોય તો પુરુષાર્થરૂપ થતું [8]નથી. બીજામાં ભગવાનને સમર્પણ કર્યા વિના જ્ઞાનનું અંગપણું જ થતું[9] નથી. સમર્પણ જ ભક્તિ છે, અથવા ભક્તિથી થઈ શકે તેવું છે. તે 'જે કર્મ ઈશ્વરને અર્પણ કરેલું ન હોય' શબ્દોથી કહેલ છે. અને તે બીજા પ્રકારનું ભગવાનને અર્પલ કરેલું કર્મ થતું નથી એવો અર્થ છે. 'ચ'-'અને' શબ્દથી ઈશ્વર માટે કરેલા કર્મનો સમાવેશ કરે છે. વળી ૩.જે કામના વિનાનું હોય તે પણ ભક્તિ વિના શોભતું નથી. આ કર્મ લૌકિક કર્મની પેઠે સંસારનું કારણ થતું નથી, તેથી પંચરાત્રમાં કહેલું છે. તેથી સર્વ કાર્યોમાં ભક્તિ ફલ માટે સહકાર કરનારી છે.૧૨

૧.ઉત્તમ શબ્દો ઉત્તમ અર્થને આધીન હોવાથી, અર્થના બલની ચકાસણી કર્યા પછી.(પ્ર)

૨.દીવો ઘરની શોભા કરાવે છે, તેમ જ્ઞાનવાળાને મનની પ્રસન્નતા થતી ન હોવાથી તેની શોભા થતી નથી, તેથી જ્ઞાનની પણ શોભા ન હોવાનું જણાય છે, એવો અર્થ છે.(પ્ર)

૩.'વ્યાસભગવાનના અવતાર હોવાથી, ભક્તિ ન હોય તો પણ તેમની શોભા કેમ ન થાય?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે.(પ્ર) ૪.'જણાવેલ વિષય' એટલે 'કાર્ય ઈશ્વર.'(પ્ર)

૫.સેશ્વર સાંખ્યમાં ઈશ્વરને સદા સાત્વિક દેહ હોવાનું મનાય છે, તેથી તે 'અચ્યુત' નથી. એટલે ધ્યાનરૂપ તેમની ભક્તિ પણ અચ્યુતની ભક્તિ નથી. તેથી તેની પણ શોભા નથી એવો અર્થ છે.(પ્ર)

૬.ઉપાસનારૂપ ભક્તિ કહેલી છે તે સ્નેહરૂપ નહીં હોવાથી ભક્તિ નથી.(પ્ર)

૭.કૈમુતિક ન્યાયથી કહે છે (જ્યારે જ્ઞાન શોભતું નથી તો પછી કર્મની શોભા તો ક્યાંથી જ હોય).(પ્ર)

૮.કારણ કે ભવિષ્યમાં સંસારને ઉત્પન્ન કરાવે છે.(પ્ર)

૯.'જે કાઈ તું કર (તે મને અર્પણ કરે)' એ ભગવદ્ગીતાવાક્યમાં એમ કહેલું છે કે ભગવાનને કર્મ અર્પણ કરવાથી જ તેનાં બંધનથી છૂટાય છે તેથી.(પ્ર)

કેમકે ભક્તિ વિના જ્ઞાન અથવા કર્મ ફલ પ્રાપ્ત કરાવતું નથી, તેથી જરૂરી હોવાથી અને સંક્ષેપ થાય તે માટે મુખ્ય પ્રકારે ભક્તિનો જ ઉપદેશ કરવો જોઈએ. અને તે ભક્તિ શ્રવણરૂપ છે, અથવા પ્રથમ શ્રવણની જરૂરવાળો છે. તેથી શ્રવણ કરવાના વિષય તરીકે ભગવાનનાં ચરિત્રનું ભક્તિમાર્ગ પ્રમાણોના યોગથી થતા ગુણથી સ્મરણ કરીને, તે ચરિત્ર કહો એમ નીચેના શ્લોકથી કહે છે :

**અથો મહાભાગ ભવાનમોઘદક્ શુચિશ્રવાઃ સત્યરતો ધૃતવ્રતઃ ।**
**ઉરુક્રમસ્યાખિલબન્ધમુક્તયે સમાધિનાઽનુસ્મર તદ્વિચેષ્ટિતમ્ ।।૧૩।।**

તેથી હે મોટા ભાગ્યવાળા! સદા સફળ દષ્ટિવાળા, પવિત્ર કીર્તિવાળા, સત્યમાં આનંદ કરનાર, વ્રત ધારણ કરેલા તમે સર્વનાં બંધનો છૂટે તે માટે ઉરુક્રમ (મોટાં ડગ ભરનાર)નું જે ચરિત છે તેનું સમાધિથી અનુસ્મરણ કરો.૧૩

જો કે હું ચરિત જાણું છું, છતાં પણ મને અધિકાર ન હોવાથી હું કહી શકતો નથી. તમારો તો આવા વિષયમાં અધિકાર છે, તેથી ‘હે મહાભાગ્યવાળા!’ એવું સંબોધન કરેલું છે. મનથી વિચારેલ વિષય કોઈક વાર ખોટો થાય એવી શંકા ન કરવી. કારણ કે ‘તમે સદા સફલ દૃષ્ટિવાળા’ છો. સદા સફલ છે દૃષ્ટિ જેમની તેવા છો. વળી તમારૂં કહેલું બીજાઓ સ્વીકારશે નહીં એવી પણ શંકા ન કરવી, એવા અભિપ્રાયથી ‘પવિત્ર કીર્તિવાળા’ વિશેષણ કહેલું છે. ‘શુચિ’ પવિત્ર છે ‘શ્રવ’ કીર્તિ જેમની તેવા છો. લોકમાં આદર કરવા યોગ્ય ગુણ આજ છે. વળી તમને પણ આજ ઘણું પસંદ છે એમ ‘સત્યમાં આનંદ કરનારા’ વિશેષણથી કહેલ છે. સત્યમાં આનંદ કરનાર તમે છો, કારણ કે ભગવાનના ધર્મ સિવાય બીજાઓ અસત્ય છે. વળી જેમ વ્રતનું આચરણ ધર્મ કરાવનારું છે તેવી રીતે ભગવાનના ચરિત્રનું શ્રવણ પણ ધર્મ કરનારું છે એવા અભિપ્રાયથી ‘વ્રત ધારણ કરેલા’ એમ કહેલું છે. વેદનો અભ્યાસ વિગેરે વ્રતો ધારણ કરેલા છે જેમણે તેવા તમે છો. અથવા આ વિશેષણથી ભગવાનના ધર્મો સૂઝવાનું કારણ કહેલું છે. તેવા[૧] ધર્મો ભગવાનમાં નથી એમ ન માનવું, કારણ કે આ ભગવાન મોટાં ડગ ભરનાર છે. ‘ઉરુ’ અધિક છે ‘ક્રમઃ’ ચરણનું ચાલન જેમનું તેવા છે. વામને ક્ષણમાં એક ચરણથી સર્વ લોકનું આક્રમણ કર્યું એમ આગળ વિસ્તારથી કહેવામાં આવશે. બધા જીવો સ્વભાવથી કાલના બંધનથી બંધાએલા છે. તેઓનાં બંધનનો નાશ કરવો એ મોટા ઉપકાર છે, અને તે કાલને વશ રાખનાર ભગવાનનાં ચરિત્રનો આવેશ થવાથી જ થાય છે, એમ ‘સર્વનાં બંધનો છૂટે તે માટે’ શબ્દથી કહેલું છે. ભગવાનનું ચરિત લોક અને વેદ માં પ્રસિદ્ધ ન હોવાથી, ‘સમાધિથી’ શબ્દથી તે જાણવાનો જુદો ઉપાય કહે છે. સર્વનો ઉદ્ધાર કરનાર ભગવાન પોતેજ સમાધિમાં પ્રકટ થશે. ‘અનુ’ પછી તમારે પણ સ્મરણ કરવું. ભગવાનનું ઉત્તમ ચરિત ભક્તિ કરાવનારું છે, પણ મોહ કરાવનારું નથી. તે પણ મોહ કરાવનારું છે એમ જાણવામાં આવે ત્યારે પણ તે ઉત્તમ[૨] ચરિત જ છે.૧૩

૧.તેવા એટલે સર્વની મુક્તિ કરાવનારા.(પ્ર)

૨.‘સમાધિમાં ભગવાન પ્રકટ થશે ત્યારે તે વ્યામોહ કરાવનારા છે તે પણ જણાશે’ એવી શંકા થાય, તેથી આ

કહેલ છે. એવા જણાશે ત્યારે પણ તે ભક્તિ ઉત્પન્ન કરાવશે એવો ભાવ છે. એવી રીતે વ્યાસનો ઉપર જણાવેલ ખેદ દૂર થાય તે માટે ભગવાનના ગુણોનાં સ્મરણરૂપ સાધનનો ઉપદેશ કર્યો.(પ્ર)

તેથી ઉલટું[1] કરવામાં અડચણ થાય તે નીચેના શ્લોકથી કહે છે :

**તતોઽન્યથા કિઞ્ચન યદ્ વિવક્ષતઃ પૃથગ્દશઃ તત્કૃતરૂપનામભિઃ ।**
**ન કર્હિચિત્ ક્વાપિ ચ દુઃસ્થિતા મતિઃ લભેત વાતાહતનૌરિવાસ્પદમ્ ।।૧૪।।**

તેનાથી જુદા પ્રકારનું નિરૂપણ નમાલું છે, જે કહેવા ઈચ્છનાર જુદા પદાર્થ જોનારની મતિ તેણે કરેલાં રૂપ અને નામથી દુષ્ટ પ્રકારે રહેલી હોઈ, વાયુથી ઘુમરી ખવડાવેલી નૌકાની પેઠે કોઈ પણ સમયે કોઈ પણ સ્થળે પ્રતિષ્ઠા પામતી નથી.૧૪

સર્વ વસ્તુઓમાં ઝાંઝવાના જળ પેઠે [2]સ્થિરતા ન હોવાથી તેમનાં નામથી તેમનો નિર્ણય થતો નથી. ભગવાનના [3]ગુણો અનંત હોવા છતાં સ્થિરતાવાળા છે. તેથી ભગવાનનાં ચરિતનાં નિરૂપણનું કાર્ય પૂરું નહીં થાય, એવી શંકાથી પ્રથમથી જ બીજા કાર્યનો આરંભ ન કરવો. વળી બીજા પદાર્થો વિચાર કરવાની દશામાં પણ દુઃખરૂપ હોવાથી તેમનો વિચાર કરનારી બુદ્ધિ પણ દુઃખી થાય છે તે 'તેનાથી જુદા [4]પ્રકારનું નિરૂપણ' શબ્દથી કહેલ છે. 'તેનાથી' એટલે ભગવાનનાં ચરિતથી. જો કે એ બધું ભગવાનનું ચરિત છે છતાં પણ ભગવાનના ચરિત તરીકે વર્ણવેલું ન હોવાથી, તેવું હોવા છતાં પણ તેવું હોતું નથી એમ 'જુદા પ્રકારનું' શબ્દથી કહેલ છે. 'કિઞ્ચન' એ અવ્યયનો સમૂહ છે. 'નમાલું' એવો તેનો અર્થ છે. તે આદર કરવા યોગ્ય નથી, એમ વાક્ય પૂરૂં થાય છે. તે [5]કહીને 'જે કહેવા ઈચ્છનાર....' થી તેનો દોષ કહેલ છે. જુદા પ્રકારનાં નિરૂપણના વચન પછી અથવા વચનથી મધ્યમાં દુઃખ થશે, એમાં તો કહેવું જ શું? તે કહેવાની ઈચ્છા કરતાં જ દુઃખ થાય છે. તેનું કારણ 'જુદા પદાર્થ જોનારની' શબ્દથી કહેલ છે. ભગવાન તરીકે સ્તોત્ર કરવામાં આવે ત્યારે તે ભગવાનપણાંમાં પરિણમતું ન હોવાથી, તેનું જુદા પદાર્થ તરીકે નિરૂપણ કરવું જરૂરી છે, અને તેથી ભગવાનના ધર્મો પ્રકટ થતા ન હોવાથી, અને બીજા પદાર્થમાં ઉત્તમપણું ન હોવાથી, જે નથી તે કહેવાની ઈચ્છા, થતાં બુદ્ધિ દુઃખી થાય છે. વળી 'તેણે કરેલાં' એટલે જુદા પદાર્થનાં દર્શને કરેલાં [6]રૂપો અને નામો ભગવાને કરેલાં નથી, અને તેથી ફલ આપનારાં ન હોવાથી[7] પોતે કરીને પોતે વર્ણવતાં પોતામાં જ પરિણમતાં હોવાથી 'કર્હિચિદપિ' કોઈ પણ સમયે અને કોઈ પણ દેશમાં બુદ્ધિ પ્રતિષ્ઠા પામે નહીં, કારણ કે બધુંએ બુદ્ધિએ જ કરેલું છે. બીજું બીજાની પ્રતિષ્ઠા થતું નથી, અને બ્રહ્મ ન હોવાથી તેને પોતાનો આધાર નથી. 'દુઃસ્થિતા' એટલે દુઃખથી રહેલી અથવા દુષ્ટપણામાંથી રહેલી. તે દોષ સર્વ તારનારી નૌકાને તારવા ન દેતાં વાયુની પેઠે બુદ્ધિને ઈચ્છેલા સ્થળે પહોંચાડતો (પહોંચવા દેતો) નથી એમ 'વાયુથી ઘૂમરી ખવરાવેલી' શબ્દ કહેલ છે. 'આહતા' એટલે ઘૂમરી ખવડાવેલી.૧૪

૧.બીજાં સાધનનો ઉપદેશ કરતાં, ભગવાનનાં ચરિતથી જુદું સાધન કહેવામાં.(પ્ર)

૨.બુદ્ધિએ કલ્પેલું હોવાથી સ્થિરતા ન હોવાથી.(પ્ર)
૩.'ભગવાનના ગુણો પણ અનંત હોવાનું તમે કહેલ હોવાથી તેમાં પણ એ દોષ છે' શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાનના ગુણો અનંત હોવા છતાં બુદ્ધિએ કલ્પેલા નથી, તેથી સ્થિર હોવાથી તેમનું સારી રીતે વર્ણન થઈ શકે છે.(પ્ર)
૪.'જુદા પ્રકારનું' એટલે આનંદરૂપ ભગવાનના ચરિત્રથી જુદા પ્રકારનું.(પ્ર)
૫.જુદા પ્રકારે કહેલું આદર કરવા યોગ્ય નથી એમ કહીને.(પ્ર)
૬.શબ્દની શક્તિનો પ્રવાહમાં આદર કરીને તેને નિત્ય માન્યો, પરંતુ પદાર્થો અનિત્ય છે તેથી તે રૂપો અને નામો ફલ આપનારાં નથી.(પ્ર) ૭.અહીં બધે 'પોતે' શબ્દ બુદ્ધિ માટે યોજાએલ જાણવો.(પ્ર)

એવી રીતે જુદા પ્રકારનું નિરૂપણ ફળમાં પરિણમતું ન હોવાથી અને બુદ્ધિને દુઃખ દેનાર હોવાથી, ભગવાનનાં ચરિત વિના બીજું ન કહેવું, એમ કહ્યું. હવે નીચેના શ્લોકથી એમ કહે છે કે બીજું કહેવું તે છેતરનારાં શાસ્ત્રની પેઠે પાપ કરાવનારું છે :

**જુગુપ્સિતં ધર્મકૃતેऽનુશાસતઃ સ્વભાવરક્તસ્ય મહાન્ વ્યતિક્રમઃ ।**
**યદ્વાક્યતો ધર્મ ઈતીતરઃ સ્થિતો ન મન્યતે તસ્ય નિવારણં જનઃ ।।૧૫।।**

ધર્મ માટે નિંદિત કર્મનો ઉપદેશ કરનારથી સ્વભાવથી તેમાં આનંદ માનનારનો ઘણો ભ્રંશ થાય છે, કારણ કે તેના વાક્યથી ''આ ધર્મ છે'' એમ માની તેનું પાલન કરી રહેલો બીજો જન તેના પ્રતિષેધને ગણકારતો નથી.૧૫

જેમ ન પીવા યોગ્યનું પાન વિગેરે કરવું તે ધર્મ છે એવો બોધ કરનાર નરકમાં પડે છે, તેમ દેહ વિગેરેને આત્મા જાણી તેમનો નિર્વાહ કરવા પ્રયત્ન કરવો જોઈએ એમ કહેનાર નરકમાં પડે છે. 'તે કાર્ય દુષ્ટ હોવાથી લોક પોતેજ તેમાં પ્રવૃત્તિ નહીં કરે, કહેવાથી શું અનિષ્ટ થાય?' એવો પ્રશ્ન થાય, તેથી 'સ્વભાવથી તેમાં આનંદ માનનાર...' એમ કહેલું છે. ''જેમ અણગમવાળો દૂષણો કહે તેમ પ્રેમવાળો ગુણો કહે'' એ નિયમ પ્રમાણે પ્રેમ હોય ત્યારે દોષ જણાતો નથી; અને તે કાર્ય સ્વભાવથી[1] વિરુદ્ધ છે એમ જાણે તો કદાચ તેમાં પ્રવૃત્તિ ન પણ કરે, પણ ધર્મ હોવાનું પણ જાણે તો કોઈ પણ સમયે તે કરતા અટકે નહીં, એમ ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ, અથવા આંધળાને કૂવામાં પાડવાની પેઠે ઘણો ભ્રંશ નહીં થાય.

'બીજો તેને તે કરતાં ભલે અટકાવે, અને તેથી ફલ[2] પ્રાપ્ત થવાથી ભ્રંશ નહીં થાય' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. બીજો પુરુષ પોતે વિચાર કરવાની શક્તિવિનાનો પ્રભુના ઉપદેશ કરનાર ઉપરના વિશ્વાસને લીધે 'આ ધર્મ છે' એવો નિશ્ચય કરેલી બુદ્ધિને લીધે હું વિગેરે બીજાથી પ્રતિષેધ કરવામાં આવે તેને ગણકારતો નથી, કારણ કે તે જન્મ લેવાના ધર્મવાળો, જન્મ થવામાંજ આનંદ માનનારો છે. ઘણા પ્રકારે શ્રવણ કરીને પણ 'સ્ત્રીસંગનો નિષેધ સદા બ્રહ્મચારી રહેનારની પ્રશંસા છે' 'વેદના અધિકાર વિનાના સંબંધમાં કહેલ છે' એમ સરખાં પ્રમાણ હોય ત્યારે પણ વિકલ્પ (ઈચ્છા પ્રમાણે કરવાનું હોય તેમ) માને છે, પણ પ્રતિબિંબ હોવાનું માનતો નથી. અને તેમ આપસ્તંબે ''સદા બ્રહ્મચારી રહેનારની પ્રશંસા છે''

એમ કહેલું છે અને ભટ્ટોએ પણ કહેલું છે કેઃ ''જે આંધળા લંગડા વિગેરે મનુષ્યો ગૃહસ્થાશ્રમ કરવા યોગ્ય નથી, તેઓ સંન્યાસ વિગેરેના અધિકારીઓ છે'' અથવા બંને બ્રાહ્મણમાં કહેલા હોય તેની પેઠે[3] વિકલ્પ છે.૧૫

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીછેલ છે. ૨.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

૩.જે આંધળા, લંગડા વિગેરે મનુષ્યો ગૃહસ્થપણું કરી ન શકે તેમને માટે એવી શાસ્ત્રની આજ્ઞા છે કે તેઓએ સદાનું બ્રહ્મચર્ય અથવા સંન્યાસ અવસ્ય ગ્રહણ કરવા જોઈએ, એવો વિકલ્પ બીજાનો મત ટાંકતા ભટ્ટોએ કહેલ છે.(પ્ર)

છતાં પણ બે મીમાંસાથી બંને માર્ગો નકકી થઈ ગયેલા હોવાથી આ [1]ત્રીજા માર્ગ નું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વિચક્ષણોઽસ્યાર્હતિ વેદિતું વિભોઃ અનન્તપારસ્ય નિવૃત્તિતઃ સુખમ્ ।**
**પ્રવર્તમાનસ્ય ગુણૈરનાત્મનઃ તતો ભવાન્ દર્શય ચેષ્ટિતં વિભોઃ ।।૧૬।।**

કોઈકજ ચતુર પુરુષ આ અંતરહિત પારવાળા પ્રભુનું સુખ નિવૃત્તિથી જાણવા યોગ્ય હોય છે. તેથી જડના ગુણોથી પ્રવૃત્તિ કરનારના સંબંધી તમો પ્રભુનું ચરિત જણાવો.૧૬

આત્માનું સુખ [2]નિવૃત્તિમાર્ગમાં પ્રકટ થાય છે, પરંતુ બ્રહ્મનું સુખ શુકની પેઠે જેણે સર્વનો ત્યાગ કરેલ હોય તેને મળે છે. અને અત્યારના પુરુષોથી વૈરાગ્ય થવાનું સંભવતું નથી. તે વૈરાગ્ય માટે નવો પ્રયત્ન કરતાં, 'તેનાથી શું? તેના મૂળ માટે જ પ્રયત્ન ભલે થાય' એ ન્યાય પ્રમાણે આ સ્વતંત્ર માર્ગ જ ભલે થાય, એવા અભિપ્રાયથી આ શ્લોક કહે છે.

જેના દેહની સર્વ ચેષ્ટા બંધ થઈ ગએલ છે તેવો કોઈક જ ચતુર પુરુષ 'અનન્ત પારવાળા' એટલે દેશ અને કાલની હદ વિનાના આ ભગવાનના સુખનો અનુભવ કરવા યોગ્ય થાય છે. તેટલાથી[3] પણ કાર્ય પતતું નથી એમ 'પ્રભુનું'[4] શબ્દથી કહેલ છે. દેહ વિગેરે જડ પદાર્થોના ગુણો એટલે વિષયોથી પ્રવૃત્તિ કરનારને તે સુખ પ્રાપ્ત થતું નથી, એમ પહેલાંની[5] સાથે સંબંધ છે. 'ન' 'નથી' શબ્દ અધ્યાહાર છે.

અથવા[6] દેહ વિગેરે જડ ગુણોથી પ્રવૃત્તિ કરનાર, તેની નિવૃત્તિથી એટલે તેનો સંગ ન રાખવાથી સુખનો અનુભવ કરવા યોગ્ય થાય છે, પરંતુ તેઓને પણ કૃતાર્થ કરવા શક્તિમાન થતો નથી.

અથવા (દેહ વિગેરે જડના ગુણોથી), પ્રવૃત્તિ કરનાર માટે, અથવા તેના માટે તમે પ્રયત્ન કરતા હોવાથી તેના સંબંધવાળા તમોએ તેના ઉદ્ધાર માટે ભગવાનના ગુણો કહેવા જોઈએ, એવો અર્થ છે. 'પ્રભુ' શબ્દથી તે કાર્ય પૂરું કરાવનાર કહેલા છે.૧૬

૧.ત્રીજા માર્ગનું પ્રયોજન કહે છે.(પ્ર) ૨.નિષ્કામ કર્મ કરવું એવા માર્ગમાં.(પ્ર)

૩.'તેટલાથી' એટલે તેવા સુખના જ્ઞાનથી (પ્ર) તેટલા સુખથી, એવો અર્થ જણાય છે.

૪.પ્રભુ સ્વતંત્ર છે તેથી સુખ જાણવામાં આવે છતાં પણ તેમની ઈચ્છા તે દેવતાની ન હોય તો સુખ મળે નહીં, અને તેથી કાર્ય સિદ્ધ ન થાય.(પ્ર)

૫.'પહેલાંની' એટલે પૂર્વાર્ધમાં કહેલા 'સુખ' શબ્દથી.(પ્ર)
૬.'ન' અધ્યાહાર રાખવો ન પડે તે માટે બીજા પ્રકારે અર્થ કરે છે.(પ્ર)

એવી રીતે (૧૩ થી ૧૬ સુધીના) ચાર શ્લોકથી પ્રારંભ અને ઉપસંહારથી ભગવાનનું ચરિત કહેવાનો પ્રકાર કહ્યો. તે સંબંધી વિચાર નીચેના બે શ્લોકોથી કહે છે :

**ત્યક્ત્વાઽસ્વધર્મં ચરણામ્બુજં હરેઃ ભજન્નપક્વોઽથ પતેત્ તતો યદિ ।**
**યત્ર ક્વ ભદ્રમ્ અભૂદ્ અમુષ્ય કિં કો વાઽથ આપ્તોઽભજતાં સ્વધર્મતઃ ।।૧૭।**
**તસ્યૈવ હેતોઃ પ્રયતેત કોવિદો ન લભ્યતે યદ્ ભ્રમતામ્ ઉપર્યધઃ ।**
**તલ્લભ્યતે દુઃખવદન્યતઃ સુખં કાલેન સર્વત્ર ગભીરરંહસા ।।૧૮।।**

પોતાનો ધર્મ ન હોય તેનો ત્યાગ કરીને હરિના ચરણકમલને ભજતાં જો પરિપૂર્ણ ન હોય તે પછી જો તેનાથી પડે, તો હરકોઈ સાધનથી આનું શું ભલું થાત? અને ભજન ન કરનારાઓએ પોતાના ધર્મથી શું લાભ પ્રાપ્ત કર્યો કે જે ઉપર અને નીચે ભમતાં પ્રાપ્ત થતું નથી. તેનેજ માટે ચતુર પુરુષે પ્રયત્ન કરવો જોઈએ. સર્વત્ર ન જાણી શકાય તેવા વેગવાળા કાલથી દુઃખની પેઠે તે સુખ બીજાઓદ્વારા પ્રાપ્ત થાય છે.૧૭.૧૮.

ભગવાનની કથાનું શ્રવણ કોણે કરવું? ધર્મ કરનારાઓએ, લૌકિક પુરુષોએ અથવા અધર્મ કરનારાઓએ? તે પૈકી પહેલાને શ્રવણ કરવા માટે નવરાશ નથી. બીજો લૌકિક કાર્યમાં પડેલો હોવાથી તેની પ્રવૃત્તિ થતી નથી. ત્રીજાએ (શ્રવણ કરવાનું હોય તો તેનો) અધિકાર દુષ્ટ હોવાથી તે દોષવાળું શાસ્ત્ર ગણાય. સર્વ શ્રવણ કરવાના અધિકારીઓ હોય, તો ભગવાનની કથા નિવૃત્તિ માર્ગમાં રહેલી ન ગણાય,[1] અને તેમ હોય તો તે કહેવી ન જોઈએ દ્ર એવી શંકા થાય, તે સંબંધમાં કહીએ છીએ કે ''હજારો જન્મોમાં'' એ[2] ભગવાનના વાક્ય પ્રમાણે **ધર્મ કરનારાઓએ જ કથાનું શ્રવણ કરવું, પણ ધર્મનો ત્યાગ કરીને કરવું. જેમ નિવૃત્તિમાર્ગમાં ધર્મનો ત્યાગ કરવાનો છે તેમ [3]આમાં પણ ''ત્યાં સુધી કર્મ કરવાં''** (૧૧।૨૦।૯) **એ ભગવાનના વાક્ય પ્રમાણે ભક્તિમાં [4]વિઘ્ન કરનારાં અને લાંબા સમયે થઈ શકે તેવા કર્મોનો ત્યાગ કરવાનો છે, અને તેથી ''કર્મો તજીને'' એવી શાસ્ત્રની આજ્ઞા છે. ''ત્યાગ કરવાની આજ્ઞાઓમાં ધર્મનો ત્યાગ કરવાનાં વચનથી'' એ સ્થળે જે અર્થો કહેલા છે તેનું અનુસંધાન કરવું.** તેનું કારણ એ કે તે 'પોતાનો ધર્મ નથી' પરંતુ દેહ વિગેરેનો ધર્મ છે અથવા તે દેહ વિગેરેના અધિકારથી પ્રવૃત્ત થયેલ છે. **જીવ તો પોતે ભગવાનનો દાસ હોવાથી તેનો ધર્મ તો ભગવાનની સેવાજ છે.** ''કેટલાક માછીમારો બ્રહ્મ છે, ઠગારા બ્રહ્મ છે એમ માછીમારો અને ઠગારા પણ બ્રહ્મ હોવાનું જણાવે છે''. આ વિષયને અમે ''જીવ બ્રહ્મનો અંશ છે, જુદી જુદી સંજ્ઞાને લીધે'' એ (બ્રહ્મસૂત્ર ૨।૩।૪૩) સ્થળે વિસ્તારથી કહેલ છે. **ભક્તિમાર્ગ પ્રમાણે હરિ પરબ્રહ્મ ભગવા–નના ચરણની સેવા જીવોનો સ્વાભાવિક ધર્મ છે. જીવ અંશ હોવાથી પણ તેને અંશીની સેવા મુખ્ય છે. જેઓને આ અંશપણું વાસ્તવિક નથી, તેઓને પણ દેહના ધર્મ કરતાં અન્તરંગ છે.**

આ વિષયમાં 'જો પરિપૂર્ણ ન હોય....'થી 'પછી જો પેડે...'થી જૂદો મત કહી તેના દોષ કહે છે. જીવ દાસ હોવાથી ભગવાનની સેવા તેનો પોતાનો ધર્મ હોવાથી અને ભગવાનના સાયુજ્યનું સાધન હોવાથી તેને પડવાની શંકા જ નથી. [૫]આજ તેનું પરિપૂર્ણપણું છે, કારણ કે તે ફલમાં પરિણમે છે, પરંતુ જો જીવપણું ઉપાધિવાળું હોય, તો અસ્વાભાવિક અધિકારથી કરેલ હોવાથી પરિપૂર્ણપણું ન થાય; છતાં પડવાની શંકા રહેતી નથી, કારણ કે ઉપાધિ (પરમ) [૬]ઉત્તમ છે.

'અથ' 'પછી' શબ્દથી જુદા આરંભથી વિચાર કરવામાં આવે છે કે જેને બ્રહ્મભાવ પ્રાપ્ત થયો હોય તેનો આ (ભગવાનની સેવા) ધર્મ નથી. તેમ હોય (સેવા ધર્મ ન હોય) તો પડે, ફરી જીવની સ્થિતિ પ્રાપ્ત કરે, અને તે પણ ભજન કરવાથી, બીજાથી નહીં, એમ 'તતઃ' 'તેનાથી' શબ્દથી કહેલ છે. એ પ્રમાણે પરિપૂર્ણ ન હોવાથી પડવાનો અને બ્રહ્મભાવથી પડવાનો મત કહીને, સત્તરમા શ્લોકના ઉત્તરાર્ધથી તેના દોષ કહે છે.

સાક્ષાત્ ભગવાનનું સાયુજ્ય કરાવનાર ભગવાનની સેવા કરવામાં આવે ત્યારે પણ જો પતન થાય તો કયા બીજાં સાધનથી તેનું ભલું થશે? કારણ કે સાધન તો બ્રહ્મભાવ થયા પહેલાંની સ્થિતિમાં જ થઈ શકે, 'વા' શબ્દ અનાદર જણાવે છે. કોઈ પણ સાધનથી તેનું ભલું નહીં થાય, એવો અર્થ છે. જ્યારે સ્વાભાવિક ભજન જ્ઞાન વિગેરે પુરુષાર્થમાં પરિણમતા નથી તો પછી બીજા ધર્મોથી તો તેમ થવાનો સંભવ જ નથી, એમ 'ભજન ન કરનારાઓએ પોતાના ધર્મથી શું લાભ પ્રાપ્ત કર્યો?' શબ્દોથી કહેલ છે. ભજન ન કરનારા, ભગવાનના સેવક ન હોય, માત્ર દેહ વિગેરેને આત્મા માનીને પ્રવૃત્તિ કરનારા લૌકિક પુરુષોના અને બ્રાહ્મણપણું વિગેરેના અધિકારથી પ્રવૃત્ત થયેલા વૈદિક પુરુષોના જે ધર્મો છે, તે વાસ્તવિક રીતે સત્પુરુષોના પરધર્મો છે, તેથી બીજાના ધર્મોથી શું લાભ પ્રાપ્ત કર્યો, અને તેમણે પણ શું લાભ પ્રાપ્ત કર્યો એમ 'સ્વ'[૭] પોતાના શબ્દથી કહેલ છે, કારણ કે ભજન ન કરનારને બ્રહ્માંડની અંદર સ્થાન પ્રાપ્ત થવાનું ફલ મળે છે. તે બ્રહ્માંડનો નાશ થાય ત્યારે બ્રહ્મમાં ભળે છે. સ્પર્ધા અદેખાઈ વિગેરે સદા રહે છે. ''વિધર્મ, પરધર્મ અને આભાસ, ઉપમા છલ, આ પાંચ અધર્મની શાખાઓનો ધર્મ જાણનારાએ અધર્મની પેઠે ત્યાગ કરવો જોઈએ'' (૭।૧૫।૧૨) એ વાક્ય પ્રમાણે ભગવાનથી વિમુખ હોય તેઓનો ધર્મ પરધર્મ હોવાથી ત્યાગ કરવા યોગ્યજ[૮] છે 'પછી પડે' એમ જે કહ્યું, તેમાં પણ કોઈ સાધન કરવાથી પડતું નથી, કારણ કે ''ખોદી-ખોદીને થાંભલો કરવાના'' ધોરણથી દૃઢતા થાય છે. તેથી ભગવાનનું ભજન કરવામાં કોઈનો[૯] વિરોધ થતો નથી.

વળી પ્રમાણબલના વિચારથી સાધનની મુખ્યતાથી આ કહ્યું. હવે પ્રમેય બલના વિચારથી ફલની મુખ્યતાથી કહેવામાં આવે છે. તેમાં[૧૦] પદાર્થો આ પ્રમાણે છે. સર્વથી ઉત્તમ પુરુષોત્તમ છે. તેમની પછી તેમનું જ જુદું રૂપ અક્ષર સર્વ કાર્ય કરનારું છે. તે અક્ષરનું જ જુદું રૂપ સર્વના અધિકારવાળો કાલ છે. કર્મ અને સ્વભાવ કાલના અંશ થયેલા છે. વળી અક્ષરનું બીજું રૂપ યજ્ઞો છે. વળી અક્ષરમાંથી રૂપનો ભેદ થતાં પ્રકૃતિ અને પુરુષ થયા. તેમાંથી તત્ત્વો થયાં.

તેમાંથી બ્રહ્માંડ થયું. તેમાં આપણે વિગેરે પુરુષના અંશો છીએ. તેઓ પ્રયત્ન ન કરે તો પણ પ્રલય થાય ત્યારે 'પુરુષ' થવાના વચલા સમયમાં કાલને અધીન રહી ફીણ અને પરપોટા પેઠે જુદી-જુદી સ્થિતિ પ્રાપ્ત કરે છે. તે સંબંધમાં દેવોના પ્રિય મૂર્ખ તમે વિચાર કરો કે ફલ શું છે? તેથી અક્ષર સુધી ના પદાર્થો અનિત્ય હોવાથી તુચ્છ હોઈ, સમય જતાં પણ પ્રાપ્ત થાય તેવા હોવાથી તેમને માટે પ્રયત્ન કરવો ન જોઈએ. ભગવાનનું ભજન તો સમય જતાં પ્રાપ્ત થાય તેવું નથી, અને પુરુષોત્તમ સુધી પહોંચાડનારું છે; કારણ કે પુરુષોત્તમને ઘણા પ્રિય સેવકો જે સેવા કરે છે તે બહારના અધિકારીઓથી પ્રેરાએલી હોતી નથી, કારણ કે કાલથી ત્યાં પહોંચાતું નથી, અને ભગવન્માર્ગમાં સર્વ સ્થળે ભગવાનને જ સાધન તરીકે કહેલા છે. વળી લોકમાં મહારાજાના અતિ પ્રિય સેવકો અધિકારીને અધીન નથી એમ જોવામાં આવે છે.

કાળના પ્રવાહમાં રહેલા દેહ-ઈંદ્રિયો (પુરુષોત્તમના વહાલા સેવકોએ) ધારણ કરેલાં છે તો તેઓ કાલને અધીન કેમ નથી? એવો પ્રશ્ન થાય, તો કહીએ છીએ કે 'પુરુષોત્તમે પોતાના કરેલ હોવાથી'. તેથી 'તસ્યૈવ હેતોઃ' તેનેજ માટે, ભગવાન પોતાના કરે તે માટે જ ચતુર પુરુષે પ્રયત્ન કરવો જોઈએ, મૂર્ખોને જોઈને હરકોઈ ફલ માટે પ્રયત્ન કરવો ન જોઈએ. 'આ વિષયમાં વિધિ[11] (આજ્ઞા) કેમ કહો છો? કારણ કે લોક અને વેદ માં ઈશ્વરનું ભજન કરવાનું કહેલ હોવાથી, ન પ્રાપ્ત થયેલ હોય તેવો કોઈ ભાગ આમાં નથી  એવો પ્રશ્ન થાય, તેથી 'જે ઉપર અને નીચે ભમતાં પ્રાપ્ત થતું નથી' એમ કહેલું છે. ઉપર બ્રહ્મા સુધી, નીચે સ્થાવર પદાર્થ સુધી ભમતા જીવોના જુદાં-જુદાં શરીરથી અથવા જુદા-જુદા શરીરના ગુણથી જે પ્રાપ્ત થતું નથી તેને માટે પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે તે શાસ્ત્રમાં કહેલ વિધિ[12] છે. પ્રયત્ન[13] તો ઉપર કહેલી ભગવાનની સેવા-ધર્મરૂપ[14] સેવા લોક અને વેદ માં કહેલી હોવા છતાં પણ ભક્તિસેવા[15] ત્યાં કહેલી નથી. જો કે જ્ઞાન માટે પણ આવો પ્રયત્ન થાય છે, છતાં તે અક્ષર સુધી પહોંચતું હોવાથી, તેનાથી પુરુષોત્તમની પ્રાપ્તિ થતી નથી. ''અવ્યક્તમાં આસક્ત થયેલાં ચિત્તવાળા'' (ભગગી.૧૨।૫) એ વાક્ય પ્રમાણે અવ્યક્ત સ્વરૂપ ભગવદ્રૂપ અક્ષરની પ્રાપ્તિ જ તેનું ફલ છે.

અદૃષ્ટથી ભક્તિ પ્રાપ્ત કેમ ન થાય? કારણ કે ઉત્પત્તિવાળા સર્વ પદાર્થનું તે નિમિત્ત કારણ છે  એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં કહીએ છીએ કે કાલથી પ્રાપ્ત થઈ શકે તેવામાં જ કર્મ અને સ્વભાવ ની પ્રવૃત્તિ થાય છે, કાળથી પ્રાપ્ત ન થઈ શકે તેવામાં થતી નથી. વળી 'અદૃષ્ટ' એટલે પહેલાના જન્મમાં કરેલ કર્મની (અવાન્તરવ્યાપારરૂપ) થયેલી ક્રિયારૂપ ધર્મ અથવા અધર્મ રૂપ. તે કયા કર્મનું? ભગવાનની પ્રીતિ માટે કરેલાનું અથવા નહીં કરેલાનું? પહેલું તો અદૃષ્ટ ઉત્પન્ન કરતું નથી; કારણ કે જણાય તેવા સાધન થીજ ભગવાનની પ્રીતિ થાય છે. કોઈવાર ફલ પ્રાપ્ત ન થાય તે વિરુદ્ધ[16] નથી. ભગવાનની પ્રીતિ માટે ન કરેલા કર્મનું અદૃષ્ટ થતું નથી, તે ફલરહિત[17] હોવાથી તેને માટે ક્રિયા(અદૃષ્ટ) ઉત્પન્ન કરવાનું સંભવતું નથી. વળી કર્મોનો સ્વભાવ માત્ર વધ્યા કરવાનો જ હોવાથી, તેનાથી છેવટનો[18] જન્મ પ્રાપ્ત કરાવવાનું થઈ શકે નહીં, અને છેવટના જન્મમાં ભગવાનની ભક્તિ થાય છે, કારણ કે ''હે સત્પુરુષ! આ

તે છેલ્લો જન્મ છે'' (૩।૪।૧૨) એ વાક્ય પ્રમાણે ભગવાનની પ્રસન્નતાથી જ પ્રાપ્ત થાય તેવી છે. જાતકમાં પણ શુભ ગ્રહોથી ધર્મરૂપ સેવાનું જ ફલ જાણવામાં આવે છે. તેથી [૧૯]બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થઈ શકે તેવી ન હોવાથી ભગવાનની ભક્તિ માટેજ પ્રયત્ન કરવો જોઈએ અને લૌકિક સુખ માટે અથવા દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન ન કરવો જોઈએ, કારણ કે દુઃખની પેઠે તે કાલથી જ સિદ્ધ થવાનું. તેથી દેહની પ્રાપ્તિ થાય ત્યારે જ તેનો ભોગ સિદ્ધ થયેલ હોવાથી સુખ માટે અથવા દુઃખ દૂર કરવાનો પ્રયાસ દળેલાને દળવારૂપ છે, એમ અઢારમા શ્લોકના ઉત્તરાર્ધથી કહેલ છે. 'બીજાઓ દ્વારા' એટલે પિતા-પુત્ર-પત્ની વિગેરે દ્વારા. તેઓને પણ પ્રેરણા કરનાર કાલ છે, તે કાલ આપણી કૃતિથી વશ થાય તેવો નથી. વળી દેશ સ્વતંત્ર પ્રકારે સાધન થતો નથી, કારણ કે તે પણ કાલને અધીન છે. બંને સમાન હોય તો પણ સદા સાથે રહેનારા છે. તે 'સર્વત્ર' શબ્દથી કહેલ છે. સાચો ઉપાય ન કરવા માટે 'ન જાણી શકાય તેવા વેગવાળા' વિશેષણ કહેલું છે. તેથી ભગવાનનાં ભજન માટે પ્રયત્ન કરવો.૧૮

૧.તેમ હોવાથી હલકી ગણાય તેથી કહેવી ન જોઈએ.(પ્ર)

૨.આ વાક્યમાં ભક્તિ પાપનો નાશ થાય ત્યારે થાય છે એમ કહેલું હોવાથી, અને લૌકિક અધર્મીઓના પાપનો નાશ થયેલ ન હોવાથી, આ વાક્યના અર્થ પ્રમાણે સત્કર્મ કરનારને જ ભક્તિ કરવાનો અધિકાર થાય છે.(પ્ર)

૩.'આ' એટલે શાસ્ત્રમાં કહેલ ભક્તિમાર્ગ.(પ્ર)

૪.વિઘ્ન કરનારાં કામ્ય કર્મો અને સત્ર તીર્થ વિગેરે લાંબા સમયે થઈ શકે તેવાં.(પ્ર)

૫.'આજ' એટલે ભજન કરવાનો ધર્મ, અથવા સાયુજ્ય કરાવનારો ધર્મ.(પ્ર)

૬.'પરઃ' સગુણબ્રહ્મ 'મીયતે' જણાય છે જેનાથી તે 'પરમ' એટલે ઉત્તમ.(પ્ર)

૭.ભજન કરનારને તેમના ધર્મોથી ફલ પ્રાપ્ત થતું નથી, એમ જણાવવા 'સ્વ' 'પોતાના' શબ્દથી લૌકિક અને વૈદિક ધર્મ કહેલા છે.(પ્ર)

૮.દેહ વિગેરેના અધિકારથી કહેલો ધર્મ પણ પ્રમાણથી સિદ્ધ થએલ હોઈ. તેનો ત્યાગ કરવાથી દોષ થવાનું સંભવે એવી શંકા થાય, તેથી (અધિકારી તેના જુદા છે અને) અધિકારી જુદા હોવાથી તેના ત્યાગથી દોષ થતો નથી એમ જણાવવા આ કહેલ છે. આ ધર્મો તથા તેમનાં લક્ષણ સાતમા સ્કંધમાં કહેલાં છે.(પ્ર)

૯.અધિકાર જુદા જુદા હોવાથી કોઈનો વિરોધ નથી.(પ્ર)

૧૦.'તેમાં' એટલે પ્રમેયબલના વિચારમાં.(પ્ર)

૧૧.'પ્રયતેત' 'પ્રયત્ન કરવો જોઈએ' શબ્દથી કહેલ વિધિ.(પ્ર)

૧૨.ફલ અપૂર્વ છે અને તેનાં સાધન પ્રાપ્ત થયેલ નથી, તેથી તેનાં સાધન કરવાં એ વિધિ.(પ્ર)

૧૩.અહીં ધાતુનો અર્થ સંકોચીને વિધિનું સ્વરૂપ કહ્યું.(પ્ર)

૧૪.'તેમનું ભજન કરવું' વિગેરે શ્રુતિનો આ માત્ર અનુવાદ નથી એમ જણાવવા આ કહેલ છે.(પ્ર)

૧૫.'ભક્તિસેવા' એટલે ભક્તિ માટે (કરેલી) સેવા, અથવા ઉપાધિવિનાના પ્રેમથી કરેલ સેવા.(પ્ર)

૧૬.ઈચ્છેલ ન હોય તેવા અદષ્ટનો અંગીકાર તો બીજા જન્મમાં ફલ આપવા કરાય છે. ચાલુ પ્રસંગમાં તો ભગવાનને અર્પણ કરેલું ફલ ભગવાનની પ્રીતિ કરનારું છે. તેમ કરવાથી ભગવાન જ પ્રસન્ન થાય છે, કારણ કે ભગવાને તેમ કર્મ અર્પણ કરવાની આજ્ઞા કરેલી છે. તે આજ્ઞા ભગવાનનો ધર્મ હોવાથી નિત્ય છે, આમ હોવાથી બીજા જન્મમાં તેનાથી જ ફલ પ્રાપ્ત થવાનું. તેથી અદષ્ટ થવાનું. આ બધું પ્રામાણિક નથી અને ગૌરવવાળું છે. તેથી (આ જન્મમાં) ફલ પ્રાપ્ત ન થવાથી વિરોધ થતો નથી.(પ્ર)

૧૭.ભક્તિ તેનું ફલ નથી. તેથી ભક્તિ માટે અદષ્ટ ઉત્પન્ન કરવાનું નથી.(પ્ર)

૧૮.'તે' એટલે કર્મથી થયેલ અદષ્ટ, આ અધ્યાહાર છે.(પ્ર)
૧૯.'તેથી' એટલે કાલ અદષ્ટ વિગેરેથી ભક્તિ ઉત્પન્ન કરાવી શકાય તેમ ન હોવાથી.(પ્ર)

નીચેના શ્લોકમાં તે વિષયનો [૧]તર્ક કહે છે :

**ન વૈ જનો જાતુ કથઞ્ચનાવ્રજેત્ મુકુન્દસેવ્યન્યવદંગ સંસૃતિમ્ ।**
**સ્મરન્ મુકુન્દાઙ્ઘ્ર્યુપગૂહનં પુનઃ વિહાતુમ્ ઈચ્છેદ્ ન રસગ્રહો યતઃ ।।૧૯।।**

અહો! મુકુંદની સેવા કરનાર મનુષ્ય બીજાની પેઠે કોઈ પણ પ્રકારે નિશ્ચય સંસારમાં આવતો નથી. મુકુંદના ચરણનાં આલિંગનનું સ્મરણ કરતાં, ફરી તે તેને તજવાની ઈચ્છા કરતો નથી, કારણ કે રસથી વશ થયેલો છે.૧૯

વૈકુંઠમાં ગએલા જય અને વિજય પણ ફરી આવેલા એવું શ્રવણ થતું હોવાથી, ભક્તિ સદા ફલ પ્રાપ્ત કરાવનારી નથી. વળી ભગવાન પણ અવતાર લે છે, અને તેમની સાથે અવતાર થવાનો સંભવ છે, અને પરાધીન[૨] થવાથી અપરાધ થવાનો સંભવ છે. તેથી ધર્મની પેઠે ભક્તિ પણ ઉત્તમ ફલ આપનારી નથી દ્ઘ એવી શંકા થાય તેથી આ શ્લોક કહેલ છે.

અપરાધ થવાનું સ્વીકારીને [૩]પણ તેનું નિવારણ કરે છે. વાસ્તવિક રીતે તો જય અને વિજય ને ધર્મમાર્ગ પ્રમાણે કૃત્રિમ વૈકુંઠની પ્રાપ્તિ થયેલી. તેથીજ તેજ સ્થળે વર્ણન કરતાં ''જેઓ નિષ્કામ ધર્મથી હરિનું આરાધન કરે છે'' (૩।૧૫।૧૪) ''જેમણે વૈકુંઠ કલ્પેલો છે'' (૮।૫।૫) એમ કહેલું છે. ભગવાનની સાથે આવવાનું તો પરમાનંદરૂપ હોઈ ફલ જ છે. ભગવાનના સેવકો સાધારણ ભક્ત હોય જેવા કે ભરત[૪] વિગેરે તેમનાં પણ દૂષણનો સ્વીકાર કરીને પણ તેનું નિવારણ કહે છે, કારણ કે તે મુકુંદની સેવા કરનાર, સર્વને મોક્ષ આપનાર સેવક છે. 'બીજાની પેઠે' સેવક ન હોય જેવા કે સત્ય બોલનાર બ્રાહ્મણ[૫] તેની પેઠે સંસારમાં આવતો નથી, તેનું કારણ 'મુકુંદના ચરણનાં આલિંગનનું સ્મરણ કરતાં' શબ્દથી કહેલ છે. વાણી અને શરીરથી થઈ શકે તેવી ભક્તિ કરેલી ન હોવા છતાં, જેમ કામી પુરુષ કામિનીનું સ્મરણ કરે તેની પેઠે, પહેલાના જન્મમાં પરમાનંદરૂપ ભગવાનનાં ચરણનું આલિંગન થયેલ, તેનું હમણાં સ્મરણ કરતાં, તે ચરણનો ત્યાગ થાય તેવું સાધન ન કરે કે જેમ હરણ થયેલા ભરતે પોતાની માતા વિગેરેનો ત્યાગ કર્યો પણ ભગવાનનો માર્ગનો ત્યાગ ન કર્યો, અને તેનો ત્યાગ કરવાની ઈચ્છા પણ ન કરી. કારણ કે તે રસથી વશ થયેલ છે. રસે વશ કરેલો છે જેને તેવો તેને કહેલો છે. ભગવાનની કૃપા થઈ ન હોય તો પણ માર્ગનું જ સર્વથી બલવાનપણું છે, તે 'યતઃ' 'કારણ કે' શબ્દથી [૬]કહેલું છે.૧૯

૧.વિઘ્ન દૂર કરનારો તર્ક.(પ્ર) ૨.કાલ વિગેરેને અધીન થવાથી.(પ્ર)
૩.દુર્જન ભલે પ્રસન્ન થાય એ ધોરણે સ્વીકારીને.(પ્ર)
૪.'ભરતના જન્મ જેમ થયા, તેમ પતન થાય' એવી શંકા થાય તેનું નિવારણ કરે છે.(પ્ર)
૫.ઉદ્યોગપર્વમાં તેની કથા છે. કૌશિક સત્યવાદી બ્રાહ્મણને ચોરોએ પુછ્યું કે વેપારીઓનો સંઘ ક્યાં છૂપાયો છે. તેણે તે દેખાડ્યું ત્યારે ચોરોએ તેમને લૂંટ્યા અને મારી નાખ્યા. તેથી એ પ્રમાણે સત્ય બોલવાથી તે નરકમાં

પડ્યો એમ ભગવાને અર્જુનને કહેલ છે. એ પ્રમાણે ભગવાનનો સેવક પણ ભગવાનનો અપરાધ થવાથી ભરતની પેઠે જન્મ લે. ભક્તિ સદા ફલ આપનારી હોય તો ભરતને જન્મ લેવો ન પડત. આ શંકાનું નિવારણ કરનારો તર્ક એવો છે કે ભગવાનનો સેવક જો સંસારમાં આવે તો બીજાઓની પેઠે સંસાર તજવાની ઈચ્છા ન કરે, પણ તે સંસાર તજવાની ઈચ્છા કરે છે તેથી બીજાઓ પેઠે તે સંસારમાં આવતો નથી, અને તેથી ભક્તિ સદા ફલ પ્રાપ્ત કરાવનારી છે.(પ્ર) શંકાનું નિવારણ સુબોધિનીમાં કરેલું છે કે પૂર્વ જન્મમાં ભગવાનનાં ચરણનું આલિંગન કરેલ તેનું સ્મરણ થવાથી અને તે રસને વશ થયેલ હોવાથી તે સંસારમાં આવતો નથી.

૬.ભગવાનનો માર્ગ એવો છે કે તેના રસથી જીવ વશ થાય છે, અને તેથી તેને તજવાની ઈચ્છા પણ કરતો નથી. તેવી રીતે માર્ગ સર્વથી બલવાન હોવાનું જણાવેલ છે.

એવી રીતે તર્ક સાથે ભગવાનના માર્ગની ઉત્તમતા સિદ્ધ કરીને, ભગવાન દુર્લભ હોય[1] ત્યારે તેમનું ચરિત્ર ઘણું હોવાનું અને તે કહેવાનું અશક્ય હોવાથી, ભગવાન કોણ? એ જાણવાની ઈચ્છા પૂર્ણ કરવા, અને ‘‘આચાર્યવાળો પુરુષ જાણે છે’’ એ શાસ્ત્રાર્થ[2] સિદ્ધ થાય તે નીચેના શ્લોકથી ભગવાનનું નિરૂપણ કરે છે :

**ઈદં હિ વિશ્વં ભગવાનિવેતરો યતો જગત્સ્થાન-નિરોધ-સમ્ભવાઃ ।**
**તદ્ધિ સ્વયં વેદ ભગવાંસ્તથાપિ વૈ પ્રાદેશમાત્રં ભવતઃ પ્રદર્શિતમ્ ।।૨૦।।**

આ વિશ્વ નિશ્ચય ભગવાન છે, ભગવાન જેવું છે, ભગવાન વિશ્વથી જુદા છે. તેમનામાંથી જગતની સ્થિતિ, લય અને ઉત્પત્તિ થાય છે તે તમો પોતે નિશ્ચય જાણો છો, છતાં પણ તમને માત્ર ઉત્તમ ઉપદેશ જણાવેલ છે.૨૦

ભગવાનનું સ્વરૂપ અને ચરિત જણાવવાનાં છે. તે બે જુદા હોય તેમ ન જણાવવા. તેમ જુદા જણાવ્યાં હોય તો ચરિત જડ હોવાથી તેનું ચિંતન કરતાં સંસાર પ્રાપ્ત થાય તેથી બંનેનું ભેદ વિના નિરૂપણ કરે છે.

‘આ વિશ્વ ભગવાન છે’. વિશ્વ કહીને તે ભગવાન હોવાનું કહે છે, તેમ હોવાથી સર્વમાં જો ભગવાન હોવાની દૃષ્ટિ થાય તો કૃતાર્થ થાય, તેથી [3]કાર્ય (વિશ્વ)ને ભગવાન તરીકે જણાવેલું છે. ‘હિ’ ‘નિશ્ચય’ શબ્દથી ‘‘આ સર્વ ખરેખર બ્રહ્મ છે, કારણ કે તેમાંથી ઉત્પન્ન થયેલ, તેમાં સ્થિતિ કરનાર અને લય પામનાર છે’’ એ શ્રુતિ સૂચવેલી છે. ઉત્તમ મધ્યમ અને અધમ અધિકારીઓના ભેદથી આ વિષયમાં ત્રણ પ્રકારનું નિરૂપણ કરવું જોઈએ. તે પૈકી ઉત્તમ અધિકારવાળા સંબંધનું નિરૂપણ કર્યું. મધ્યમ અધિકારવાળા માં તો ‘આ વિશ્વ ભગવાન જેવું છે, ભગવાન નથી’ એવું નિરૂપણ કરેલું છે. તેથી આ વિશ્વનું સન્માન વિગેરે કરવું, આસક્તિ ન રાખવી એમ કહ્યું. અધમ અધિકારમાં તો ‘આ વિશ્વ છે, ભગવાન બીજા, આથી જુદા છે’ અને તેથી પ્રપંચમાં દૃષ્ટિ રાખનાર બહિર્મુખ થાય છે એમ કહ્યું. એવી રીતે સર્વ સ્થળે ત્રણ પ્રકારે નિરૂપણ કરવાનું છે.

એક જગતનાં ત્રણ રૂપ કેમ હોય? એવો પ્રશ્ન થાય તેથી ‘તેમનામાંથી જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે’ એમ કહેલું છે. તેથી જગતની સ્થિતિ ભગવાનમાં જ હોવાથી,

ભગવાન જ જગતમાં છે તેથી, ભગવાન પોતાના આધારવાળા હોવાથી, ભગવાનજ જગત છે. મધ્યમ અધિકારમાં તો ભગવાનમાંથી જગતની ઉત્પત્તિ થાય છે. તેથી કાર્ય અને કારણ એકજ હોવાથી, કાર્યના રૂપથી ભેદ અને કારણના રૂપથી અભેદ એમ 'ભેદને સહન કરે તેવો અભેદ છે' એ વચન પ્રમાણે જગત્ ભગવાનના જેવું છે. મૂઢ (અધમ અધિકારવાળા) ને તો ભગવાન પ્રલય કરનારા હોવાથી જગત નાશવાળું છે, અને ભગવાન નિત્ય હોવાથી તેનાથી જુદા છે.

વળી 'ઇદં હિ વિશ્વં ભગવાનિવેતરઃ' શબ્દોથી પહેલાં ભગવાનનું ચરિત્ર કહ્યું. હવે 'તેમનામાંથી જગતની સ્થિતિ લય અને ઉત્પત્તિ થાય છે' એ શબ્દોથી ભગવાનનું નિરૂપણ કરે છે. ''આના જન્મ વિગેરે જેમનામાંથી છે'' (બ્રહ્મસૂત્ર ૧।૧।૨) એ લક્ષણ કહેવાયું, એ પ્રમાણે જુદા અર્થ અને જુદા અધિકારીનું સંક્ષેપથી નિરૂપણ કરીને આ છૂપી કથાનું વિવરણ ન કરવું એમ 'તે તમો પોતે નિશ્ચય જાણો છો' શબ્દોથી કહેલા છે. 'તે' ઉપર કહેલું, તમે પોતે જ જાણો છો, ગુરુની તમારે જરૂર નથી. અથવા તે જગત્ 'સ્વયમ્' તમે છો, એવો અર્થ છે. તેથીજ તમે જાણો છો. ત્યારે[3] બ્રહ્મનો ઉપદેશ કરવો નકામો છે દ્ર એવી શંકા થાય, તેથી 'છતાં પણ માત્ર ઉત્તમ ઉપદેશ જાણાવેલ છે' એમ કહેલ છે. છતાં પણ, તમે બ્રહ્મ હોવા છતાં પણ પ્રમાણના બલને લીધે 'વૈ' નિશ્ચય ગુરુના ઉપદેશની જરૂર રહે છે. તે વિષયમાં જેમ લૌકિક માપમાં વેંત દેખાડવામાં આવે ત્યારે તેથી બમણાં વિગેરે માપનાં હાથ વિગેરે જાણે છે, તેવી રીતે જ્યારે ભગવાન જગતના કર્તા છે એમ જાણવામાં આવે ત્યારે સર્વના ઈશ્વરપણું વિગેરે તેમના ગુણો જાણવામાં આવે છે. અથવા 'પ્રકર્ષેણ' ઉત્તમ પ્રકારે 'આદેશઃ' ઉપદેશ, તેટલો જ શાસ્ત્રાર્થ ગૂઢ રીતે કહેલ, તમારા માટે ઉત્તમ પ્રકારે દર્શાવેલ છે. આથી એવો ઉપદેશ થયો કે આ ગૂઢ ઉપદેશને જ સ્પષ્ટ હોય તેવો કરી જણાવવો.૨૦

૧.કાલ વિગેરેને લીધે ભ્રમણ કરતા (પુરુષો)ને પ્રાપ્ત ન થતા હોય ત્યારે.(પ્ર)

૨.એ શ્રુતિ પ્રમાણે ભગવાન શાસ્ત્રાર્થ સિદ્ધ થાય તે માટે.(પ્ર)

૩.ભગવાનના સમવાય સંબંધવાળું કાર્ય.(પ્ર)૪.'ત્યારે' એટલે વ્યાસ પોતે અને સર્વ ભગવાન છે ત્યારે.(પ્ર)

તમારા પોતાના અવતારનું પ્રયોજન જાણો. તમે શા માટે અવતાર લીધો છે? ભગવાને પોતે અવતાર લઈને સર્વ ભક્તોનો ઉદ્ધાર કરવા માટે પોતાના સ્વરૂપને જણાવવા, પોતાના જ્ઞાનકલારૂપ અંશ તમારો અવતાર કરાવ્યો. ભગવાનનું ચરિત્ર ન કહો તો તમારો અવતાર નકામો થાય, તેથી ભગવાનની ઇચ્છાથી જ તમારા અંતઃકરણમાં શોક થયેલ છે. તેથી ભગવાનની આજ્ઞાનું પાલન કરો અને પોતાના જન્મને સફલ કરો એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ત્વમાત્મનાऽऽત્માનમ્ અવેહ્યમોઘદક્ પરસ્ય પુંસઃ પરમાત્મનઃ કલામ્ ।**
**અજં પ્રજાતં જગતઃ શિવાય તન્ મહાનુભાવાભ્યુદયોऽધિગણ્યતામ્ ।।૨૧।।**

સદા સફલ દષ્ટિવાળા તમે પોતાથી પોતાને પરપુરુષ પરમાત્માની કલા અને જન્મરહિત જગતના શાંત સુખ માટે જન્મેલા જાણો. તેથી મોટા પ્રભાવવાળાનું ચરિત્ર માત્ર સંક્ષેપથી કરો.૨૧

તમે પોતાને પર પુરુષની કલા જાણો. આ ઉપદેશ ''જીવ જ બ્રહ્મ છે'' તેવા ઉપદેશ જેવો નથી, એમ જણાવવા 'કલા' કહેલ છે. તે જ્ઞાનનું સાધન તમારા સ્વરૂપનું જ્ઞાનજ છે. સ્વરૂપ તમને તેમ[1] જણાવશે, એવો અર્થ છે. તેવું જ્ઞાન થવાથી શક્તિ 'સદા સફળ દષ્ટિવાળા' વિશેષણથી [2]કહેલી છે.

બધા જીવો ભગવાનના અંશ અને કલા છે. મારામાં આ શું ઉત્તમપણું છે? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે 'તમે પરપુરુષ પુરુષોત્તમની કલા છો', બીજાઓ તો અક્ષરની અથવા પુરુષની કલા છે.

અક્ષર અને પુરુષ પણ ભગવાન હોવાથી, મારામાં શું ઉત્તમપણું છે? એવો પ્રશ્ન થાય, તેથી 'પરમાત્માની' એમ કહેલું છે. 'પરમઃ' ઉત્તમ અને તે 'આત્મા' (તે પરમાત્મા). ગંગાનું જલ અને ગંગાદેવતા ના જેવો આત્મા અને પરમાત્મા ના સ્વરૂપમાં ભેદ છે, એવો ભાવ છે. પ્રશ્ન : ત્યારે મારી ઉત્પત્તિ કેમ થઈ? એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'તમે જન્મરહિત જન્મેલા' છો. ઉત્પન્ન થયા વિના જ માત્ર આનંદનારૂપ કર-ચરણ-મુખ-ઉદર વિગેરેવાળા તમે વ્યાસરૂપથી અવતરેલા[3] છો, તેથી[4] બધાએ જગતને શાંત સુખ[5] થાય તે માટે મોટા પ્રભાવવાળા ભગવાનનું 'અભ્યુદયઃ' ચરિત્ર અધિક ગણો એટલે માત્ર સંક્ષેપથી કહો. આ ભગવાનનું ચરિત્ર ભક્તોના સંબંધવાળાઓમાં પણ ઘણો પ્રભાવ ઉત્પન્ન કરે છે તેથી ભગવાન ઘણા પ્રભાવવાળા છે. તેમનો અભ્યુદય (ચરિત્ર) મોટાં ઉત્સવરૂપ છે. તે જ્ઞાન વિગેરેથી અધિક થાય છે. તે વાણી અને મનથી જાણાય તેવું ન હોવાથી 'આ આવું છે' એમ તેનું વર્ણન થઈ શકે તેવું નથી. તેથી માત્ર સંક્ષેપથી કહેવું, એવો અર્થ છે. ૨૧

૧.'તેમ' એટલે કલારૂપ.(પ્ર)
૨.તેવું જ્ઞાન થશે ત્યારે જેમ ધર્મ વિગેરે પોતાની મેળે જણાય, તેમ આ પણ જણાશે.(પ્ર)
૩.અહીં વ્યાપિવૈકુંઠમાંથી જગતમાં આવવારૂપ અવતાર જાણવો.(પ્ર)
૪.આ શ્લોકમાંના 'તત્' શબ્દનો અર્થ છે. ૫.આ શ્લોકમાંના 'શિવ' પદનો અર્થ છે.(પ્ર)

ધર્મ સાથે ભગવાનના ચરિત્રનો ઉપદેશ કરવો કે એકલાને? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ઈદં હિ પુંસઃ તમસઃ શ્રુતસ્ય સ્વિષ્ટસ્ય સૂક્તસ્ય ચ બુદ્ધિદત્તયોઃ ।**
**અવિચ્યુતોऽર્થઃ કવિભિઃ નિરૂપિતો યદુત્તમશ્લોકગુણાનુવર્ણનમ્ ।।૨૨।।**

આ જે ઉત્તમશ્લોકના ગુણોનું વર્ણન છે તે પુરુષના તપ, શ્રવણ, સારા યજ્ઞ, અધ્યયન, બુદ્ધિ તથા દાન નું ચલિત ન થાય તેવું ફલ કવિઓએ કહેલું છે. ૨૨

આ ચરિત્ર તપ વિગેરેની સમાન છે. કારણ કે ફલથી સ્વરૂપથી અને સાધનથી તે ભગવદ્રૂપ છે, કેમકે સર્વનાં પણ તે ભગવાન છે. તેમાં ઉત્તમ ધર્મ વર્ણોના આશ્રમોમાં રહેલો છે. તે પૈકી તપ વાનપ્રસ્થો અને સંન્યાસીઓમાં રહેલું છે. 'શ્રુતમ્' એટલે વેદાન્તોનું શ્રવણ, તે સંન્યાસીઓમાં રહેલું છે. સારા યજ્ઞો ગૃહસ્થમાં, 'સૂક્તમ્' અધ્યયન બ્રહ્મચારીઓમાં અને

બુદ્ધિ અને દાન ક્ષત્રિય અને વૈશ્યમાં રહેલાં છે. એ પ્રમાણે એ બધા ધર્મોથી જે પ્રાપ્ત થાય અને તેઓ[1] ચલિત ન થાય તેવું ફલ છે. 'ન' નથી વિચ્યુતઃ= ચલિત થયેલું અર્થઃ=ફલ જેનાથી તેવા છે. 'શાસ્ત્રમાં તેમ સિદ્ધ થયેલ હોય તો પણ લોકમાં સિદ્ધ થયેલું નહીં હોય દ્ર એવી શંકા થાય તેથી 'કવિઓએ કહેલું છે' એમ કહેલ છે. 'નિરૂપિતમ્' માંના 'નિ' શબ્દથી 'નિતરામ્' એટલે યુક્તિ સાથે કહેલું છે. ઉત્તમ શ્લોકના ગુણોનું વર્ણન કહીને તે ચલિત ન થાય તેવું ફલ હોવાનું સાબિત કરેલું છે. તેથી એક ચરિત્રનાં શ્રવણથી જ સર્વ ફલ પ્રાપ્ત થતું હોવાથી, તે જુદાં-જુદાં કર્મો કરવાનાં નથી, તેમ ન કરવાનાં પણ નથી એવો સિદ્ધાંત છે. શાસ્ત્રમાં કરવાની મના કરેલ કર્મ તો ન કરવું.૨૨

૧.'તેઓ' એટલે સ્વરૂપ સાધન અને ફલ.(પ્ર)

એ પ્રમાણે સામાન્ય રીતે ઉપદેશ કરીને, પ્રથમ સાધનથી આરંભી ફલ પ્રાપ્ત થતા સુધી પદાર્થોનો અનુક્રમ કહેવા, દૃષ્ટાંતથી પોતાનું ચરિત્ર નીચેના શ્લોકથી આરંભી સત્તર શ્લોકોથી કહે છે :

**અહં પુરાऽતીત-ભવેऽભવં મુને દાસ્યાસ્તુ કસ્યાશ્ચન વેદવાદિનામ્ ।**
**નિરૂપિતો બાલક એવ યોગિનાં શુશ્રૂષણે પ્રાવૃષિ નિર્વિવિક્ષતામ્ ।।૨૩।।**

હે મુનિ! પહેલાં ગયા ભવમાં હું વેદવાદીઓની કોઈ એક દાસીથી જન્મેલો બાળક હતો ત્યારે ચાતુર્માસમાં રહેનારા યોગીઓની સેવામાં યોજાએલો.૨૩

ઘણા હલકાને ઘણા ઉંચા સ્થાનની પ્રાપ્તિ આ માર્ગમાં જ થાય છે, બીજા માર્ગમાં થતી નથી. એમ જણાવવા, શાપથી શૂદ્ર થયેલો દેવર્ષિ થયાનું કહેવામાં આવે છે. 'અતીતભવે' એટલે ગયા ભવમાં એમ નિકટની વાત હોવાનો ભ્રમ દૂર કરવા કહેલું છે. આ જન્મ જરા અને મૃત્યુ રહિત અમર છે એમ જણાવવા 'પહેલાં' એમ કહેલું છે. સંમતિથી[1] કહેલામાં વિશ્વાસ રહે તે માટે 'મુનિ?' એવું સંબોધન કરેલું છે. પિતાનું નામ તે સમયે[2] જાણેલું ન હતું, અને પિતાની હલકાઈ જણાય તે માટે કહેલું નથી. વાસ્તવિક રીતે તો પિતા બ્રાહ્મણ હતો. તેમ ન હોય તો યોગીઓએ અનુમોદન[3] વિગેરે કર્યા તે સંભવે નહીં[4]. 'કોઈએક' એટલે અપ્રસિદ્ધ દાસીથી જન્મેલો. તેમ ન હોય તો આદર થવાનું સંભવત, અને તેનાથી બંધન થાત આથી એમ જણાવ્યું છે કે આ માર્ગમાં જેમ-જેમ આદર રહિત રહીએ, તેમ-તેમ કાર્ય સિદ્ધ થાય છે. 'વેદવાદીઓ' એટલે વેદમાં પ્રવીણ. આથી તેમને ભગવન્માર્ગનું જ્ઞાન ન હોવાનું કહ્યું. આશ્રમવાળા સંન્યાસીઓનો આ ધર્મ છે કે આઠ માસ કીડાની પેઠે પર્યટન કરીને આષાઢી એકાદશીમાં જ્યાં જાય ત્યાં બ્રાહ્મણ માટે નિર્માણ થયેલાં એકાન્ત સ્થાનમાં રહે. તેવી રીતે દૈવ યોગથી નારદ રહેલ તે ઘરમાં બ્રાહ્મણની પ્રાર્થનાથી અને પરવાનગીથી ભવિષ્યમાં સનક વિગેરે થનારા ચાર પરમહંસો રહ્યા. તેઓના ધર્મ અને સ્વભાવ જુદા ન હોવાથી સાથે રહ્યા. તેઓ યોગ આચરનારા હતા તેથી તેમને સેવા કરનારની જરૂર હતી. તેઓની સેવા કરવા બ્રાહ્મણોએજ મને

યોજ્યો. ''તું આમની જ સેવા કર, બીજું કાંઈ કરીશ નહીં'' એવી યોજના કરી. મારૂં સ્વરૂપ જાણ્યા વિના પણ મને બાલકને જ યોગીઓની સેવા કરવા યોજ્યો. 'અમે ચાર મહિના રહીશું' એ વાક્ય પ્રમાણે ચાર માસ સુધી એકજ સ્થળે સંપૂર્ણ પ્રકારે રહેવા તેઓ ઈચ્છતા હતા. એ પ્રમાણે એક શ્લોકથી સત્પુરુષનો સંબંધ કહ્યો. સેવા માટે 'સત્સંગ' એ પહેલું સાધન થયું.૨૩.

૧.મનનથી જાણેલ મારો જન્મ વાક્ય સાથે મળતો આવે એટલે કહેલા (વાક્ય) માં વિશ્વાસ રહે તે માટે મળતો આવે એવો અર્થ છે.(પ્ર)

૨.'તે સમયે' એટલે તે જન્મમાં, અથવા યોગીઓની સેવા કરવા માંડ્યા પહેલાં.(પ્ર)

૩.જુઓ શ્લો.૨૫. ૪.કારણ કે શૂદ્રને ઉચ્છિષ્ટ આપવાની શાસ્ત્રમાં મના છે.(પ્ર)

પછી તેઓની મારા ઉપર કૃપા થઈ એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તે મય્યપેતાખિલચાપલેઽર્ભકે દાન્તેઽધૃતક્રીડનકેઽનુવર્તિનિ ।**
**ચક્રુઃ કૃપાં યદ્યપિ તુલ્યદર્શનાઃ શુશ્રૂષમાણે મુનયોઽલ્પભાષિણિ ।।૨૪।।**

તે મુનિઓ જોકે સમદષ્ટિવાળા હતા, તો પણ તેઓએ સર્વ ચપળતારહિત, ઈન્દ્રિયો વશ કરેલા, રમકડાં ન રાખેલા, આજ્ઞાંકિત, સેવા કરનારા અને થોડું બોલા બાળક મારા ઉપર કૃપા કરી.૨૪

સત્પુરુષો અને સેવકના ગુણો અને દોષના અભાવ અહીં કહેવામાં આવે છે. કૃપાળુપણું, બ્રહ્મવિદ્યા અને મનન એવા ત્રણ સત્પુરુષોના ગુણો છે. એ ગુણોથી ધર્મ, જ્ઞાન અને સાધન અનુક્રમે કહેલાં છે. જ્ઞાન ચાલુ રહેલ હોવાનું જણાવવા [૧]આગળ સાધન કહેલ છે.

સેવકમાં દોષના અભાવ ચાર અને ગુણો ત્રણ કહેલા છે. ચપળતા દોષ છે. બાળકના દેહ ઈંદ્રિયો અને અંતઃકરણના પ્રયત્ન દઢ ન હોવાથી ચપળતા દોષ કુદરતી છે. આરંભમાં દઢ પ્રયત્નથી તે કાઢી નાખવો જોઈએ. જતી રહેલી છે સર્વ ચપળતાઓ જેનામાંથી, એમ [૨]તે કહે છે. બાળકપણું દીનપણું જણાવનારો ગુણ છે. 'ઈંદ્રિયો વશ કરેલા, રમકડાં ન રાખેલા' વિશેષણોથી ત્યાર પછી બે દોષના અભાવ કહેલા છે. ઈંદ્રિયોને વિષયોની આકાંક્ષા રહિત કરવી તે વશ કરવી. નથી રાખેલાં રમકડાં જેણે તેવો હું હતો, વિષયોનો સંબંધ અને રમતનાં સાધનોનો સ્વીકાર એ બે ઈંદ્રિયો અને કાલે કરેલા સદાના દોષો બાળકનાં હોય છે. તે દૂર થતાં સર્વ દોષો દૂર થાય છે. પછી 'આજ્ઞાંકિત' વિશેષણથી આવશ્યક ગુણ કહેલ છે. એ રીતે પાંચ પોતાની મેળે પ્રાપ્ત થતાં, તે યોગીઓને મારાં દુઃખનો નાશ કરવાની ઈચ્છા થઈ, કારણ કે પારકાનું દુઃખ જોઈને દુઃખી થયેલા દયાળુ પુરુષને દુઃખનાં કારણનો નાશ કરવાની તીવ્ર ઈચ્છા થાય છે.

બ્રહ્મજ્ઞાનીઓનું બીજાઓના દુઃખનો નાશ કરવાનું કૃત્ય અયોગ્ય છે ‌ એમ જણાય તે સંબંધમાં 'જો કે સમદષ્ટિવાળા હતા' એમ કહેલું છે. કારણ કે દોષરહિત 'સમ' બ્રહ્મનું 'તુલ્ય' શબ્દથી નિરૂપણ થાય છે. અથવા બ્રહ્મજ્ઞાને કરેલું પોતાનાં અને બીજાનાં સુખ અને દુઃખ સમાન હોવાનું જ્ઞાન 'તુલ્ય' છે, તેનું દર્શન થયેલ હતું જેમને તેવા તેઓ હતા. બીજાનું

દુઃખ જોઈને તેનો નાશ કરવાની જ ઈચ્છા થઈ. [3]જ્ઞાનમાં ફેરફાર થયો નહીં, એવો અર્થ છે. કારણ કે ઈચ્છાનું મૂળ બનેલ [4]જ્ઞાન દુર્બલ હતું.

કૃપા કાર્ય કરવા શક્તિવાળી થઈ નહીં હોય, કારણ કે કૃપા કરવામાં વિરોધ કરનારું [5]જ્ઞાન હતું ઙ્ગ એવી શંકા થાય, તેથી 'સેવા કરનારા' એમ કહેલું છે. પોતાની ઈચ્છા હોય તેવી સેવાથી જેની સેવા કરાય તે વશ થાય એ પ્રસિદ્ધ છે. ન જરૂર હોય તેવી સેવા વશ કરનારી કેમ થાય? એવો પ્રશ્ન થાય. તેથી 'મુનિઓ' એમ કહેલું છે. મનન કરવામાં થતાં વિઘ્નોનો નાશ કરનારી સેવાની જરૂર હતી જ. બહુ બોલવું અથવા ન બોલવું એ સેવાની સાથે રહેલો દોષ છે. બંને દોષને દૂર કરનારો ગુણ થોડું બોલવારૂપ છે. આથી એમ જણાવ્યું કે દોષરહિત સેવા બીજું [6]સાધન છે.૨૪

૧.(ભગવાનના) ગુણોનું ગાનરૂપ સાધન (પ્ર) શ્લોક ૨૬માં કહેલ છે.

૨.'તે' એટલે તેની મેળે ચપળતા જતી રહેવાનું કહે છે.(પ્ર) ૩.તુલ્ય દર્શનમાં, બ્રહ્મજ્ઞાનમાં.

૪.નારદના દુઃખનું જ્ઞાન, બ્રહ્મજ્ઞાનથી દુર્બળ હતું. ૫.તુલ્યદર્શનજ્ઞાન.(પ્ર)

૬.દોષરહિત આજ્ઞાંકિ રહેવું એ પહેલું સાધન, અને આ બીજું સાધન (પ્ર). ગયા શ્લોકમાં કહેલ સત્સંગ પહેલું સાધન, અને આ બીજું સાધન.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**ઉચ્છિષ્ટલેપાઘનુમોદિતો દ્વિજૈઃ સકૃત્ સ્મ ભુંજે તદપાસ્તકિલ્બિષઃ ।**
**એવં પ્રવૃત્તસ્ય વિશુદ્ધચેતસઃ તદ્ધર્મ એવાત્મરુચિઃ વ્યજાયત ।।૨૫।।**

દ્વિજોની સંમતિ પામેલ મેં ઉચ્છિષ્ટ અને લેપ એક વાર ખાધાં. તેનાથી મારાં પાપનો નાશ થયો. એ પ્રમાણે પ્રવૃત્તિ કરનાર વિશુદ્ધ ચિત્તવાળા મારા મનની રુચિ તેઓના ધર્મમાં જ થઈ.૨૫

પાપનો નાશ અને યોગીઓના ધર્મમાં રુચિ તેનાથી પણ અંતરંગ સાધન છે. 'ઉચ્છિષ્ટ' એટલે ભોજન કરતાં વધેલું. 'લેપ' એટલે પતરાળમાં ચોંટી રહેલું. ચાર યોગીઓના તે (એઠું અને લેપ) ભેગાં કરીને એકવાર ખાધું તે પાપના નાશનું સાધન થયું.

''શૂદ્રને મતિ ન આપવી'', ''ઉચ્છિષ્ટ ન આપવું'', ''હોમ કરેલું ન આપવું'' (મનુસ્મૃતિ ૪।૮૦) વિગેરે મનુનાં વાક્યો હોવાથી યોગીઓએ ઉચ્છિષ્ટ વિગેરે કેમ આપ્યાં? એવો પ્રશ્ન થાય. તેથી 'સંમતિ પામેલાએ' એમ કહેલું છે. નારદનેજ એવી ઈચ્છા ઉત્પન્ન થઈ કે ઘણા પવિત્ર મહાપુરુષના ઉચ્છિષ્ટરૂપ શુદ્ધ સત્ત્વવાળાં અન્નથી હું મને પાવન કરીશ. પછી ઉચ્છિષ્ટ આપી દ્વિજોને આનંદ થયો. તે સંબંધમાં મેં પ્રાર્થના કરતાં તેમણે માત્ર સંમતિ આપી, પરંતુ પોતે ઉદ્યમ કરીને મને ઉચ્છિષ્ટ ન આપ્યું. વળી નારદ બ્રાહ્મણનું બીજ હોવાથી સંપૂર્ણ રીતે શૂદ્ર ન હતો. આ[1] ગૃહસ્થોનો ધર્મ છે, અને તે પણ સાધારણ[2] શૂદ્રો પ્રતિ. વળી પુષ્ટિમાર્ગમાં સેવા સ્નેહ સાથે કરાય છે, અને [3]આ કૃપાનું ફલ[4] હતું. જેમ ઔષધથી અજીર્ણ

મટે છે, તેમ ઉચ્છિષ્ટ અન્નથી પ્રાપ્ત કરેલા દેહથી અન્નમય દેહના દોષના સંતાનનો નાશ થાય છે, એવો અર્થ છે. 'તેનાથી મારાં પાપનો નાશ થયો' શબ્દથી તે કહેલ છે. ઉચ્છિષ્ટ ભોજન ખાવાના એકલા નિયમથી પણ દોષનો નાશ થવાનું લોકમાં સિદ્ધ થયેલું છે એમ 'સ્મ' શબ્દથી કહેલું છે.

રુચિ ઉત્પન્ન કરનાર દ્રવ્યથી અરુચિનો નાશ થાય છે, તેમ સત્પુરુષોના ધર્મમાંની રુચિને અટકાવનાર દોષ દૂર થતાં, રુચિ પોતાની મેળે જ થઈ, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'પ્રવૃત્તિ કરનાર' વિશેષણથી સદા ઉચ્છિષ્ટ વિગેરે ખાવાનું કહેલ છે. તે નિયમથી ચિત્ત શુદ્ધ થયું એમ 'વિશુદ્ધ ચિત્તવાળા' વિશેષણથી કહેલું છે. મિલ્કત ન રાખવી, સંગ ન કરવો અને ભગવાનનું ચિંતન વિગેરે કરવાં, એવો તે યોગીઓનો ધર્મ હતો. તેમાં તેઓની પ્રેરણા વિનાજ મારાં મનની જ રુચિ ઉત્પન્ન થઈ, અને તે વધી એવો અર્થ છે. આ નિયમ પ્રમાણે થયેલું છે એમ કહેવા ('વ્યજાયત' શબ્દમાં) હ્યસ્તન ભૂતકાળનો પ્રયોગ કરેલો છે.૨૫

૧.'આ' એટલે શૂદ્રોને મતિ ન આપવી તે.(પ્ર) ૨.'સાધારણ' એટલે સેવક ન હોય તેવા.(પ્ર)

૩.ઉચ્છિષ્ટ વિગેરે લેવાની સંમતિ આપી તે.

૪.માર્ગના ભેદથી પણ આમાં દોષ ન હતો એમ કહેલ છે.(પ્ર)

એવી રીતે અંદરના દોષ ન હોવાનું અને ગુણ હોવાનું કહીને, નીચેના શ્લોકથી બહારનો ગુણ હોવાનું કહે છે :

**તત્રાન્વહં કૃષ્ણકથાઃ પ્રગાયતામ્ અનુગ્રહેણાશ્રણવં મનોરમાઃ ।**
**તાઃ શ્રદ્ધયા મેऽનુપદં વિશ્રૃણ્વતઃ પ્રિયશ્રવસ્યંગ મમાऽભવદ્ રુચિઃ ।।૨૬।।**

ત્યાં દરરોજ મનને આનંદ આપનારી શ્રીકૃષ્ણની કથાનું ઉત્તમ ગાન કરનારાઓની કૃપાથી હું તે સાંભળતો. હે વહાલા! તે કથાઓનાં પદે-પદનું શ્રદ્ધાથી શ્રવણ કરતાં પ્રિયકીર્તિવાળામાં મારી રુચિ થઈ.૨૬

'દરરોજ' શબ્દનો 'હું સાંભળતો' શબ્દ સાથે સંબંધ છે. અથવા પરમહંસોનો આ સદાનો ધર્મ હતો એમ જણાવવા[1] 'દરરોજ' એમ કહેલું છે. 'શ્રીકૃષ્ણ' શબ્દથી એમ જણાવેલું છે કે આ પરમહંસો પણ ભક્તો હતા. તેઓ ઘણાં પ્રેમને લીધે ગાન કરતા. ઉત્તમ ગાન તે ભગવાન ઉપરના પ્રેમથી કરતા. 'કૃપાથી' શબ્દવડે એમ જણાવ્યું છે કે હું તેઓની આજ્ઞાથી શ્રવણ કરતો, પરંતુ પ્રસંગને લીધે જ કરતો ન હતો. 'કથા' અને 'મનોરમ' એ બે શબ્દોથી એમ જણાય છે કે તેઓ અર્થ અને અભિપ્રાય મને સમજાવતા. તેઓના આગ્રહથી શ્રવણ કરતો ન હતો એમ જણાવવા 'મનને આનંદ આપનારી' કહેલું છે. મનનો આનંદ હતો જેઓમાં તેવી કથાઓ હતી. એવી રીતે એક શ્રવણ ભક્તિ મને પ્રાપ્ત થઈ. તેવું ફલ નારદ થવા સુધીનું થયું. ત્યાર પછી 'કીર્તન' ભક્તિ છે, તેથી હાલ તો કીર્તન કરૂં છું. એવી રીતે ભવિષ્યમાં સ્મરણ વિગેરે વધતાં તેટલા નવ કલ્પોથી નવ પ્રકારની સાધન ભક્તિ પ્રાપ્ત થતાં, પ્રેમ ભક્તિથી

ભગવાનનું સાયુજ્ય થશે, એવો શાસ્ત્રાર્થ છે. તે પૈકી શ્રવણનું [૨]ફલ ઉત્તરાર્ધથી કહેલું છે. શ્રવણ વિગેરે અદૃષ્ટ દ્વારા ફલ પ્રાપ્ત કરાવતા નથી, પરંતુ પોતાનાં સ્વરૂપથી જ પ્રાપ્ત કરાવે છે. ભગવાનનું યથાર્થ જ્ઞાન તેનું ફલ છે. તેવું જ્ઞાન થાય ત્યારે જ કીર્તન કરવાનો અધિકાર થાય છે, કારણ કે પાછળનીના આરંભથી પહેલાની પૂરી થાય છે. તેથી શ્રવણ સદા કરવું જોઈએ. તે કહે છે કે તે કથાઓનું ઘણા આદરથી 'અનુપદમ્' એટલે શબ્દોના અર્થ અને અક્ષરોના અર્થ સાથેના વાક્યથી હું શ્રવણ કરતો. તેનાથી ભગવાનમાં રુચિ થઈ, પણ શ્રવણ દ્વારા થઈ. તે 'પ્રિયશ્રવસિ' શબ્દથી કહેલ છે. પ્રિય છે 'શ્રવઃ' શ્રવણ અથવા કીર્તન જેમને તેવા ભગવાન છે. હું છેતરતો નથી એમ જણાવવા 'હે વહાલા!' એવું કોમળ સંબોધન કરેલું છે. પ્રમાણના બળનો ત્યાગ કરીને ઈન્દ્રિયોના સ્વાભાવિક વિષયનો સ્વીકાર તે 'રુચિ'.૨૬

૧.'દરરોજ' તો સંબંધ 'ઉત્તમ ગાન કરનારા' સાથે લેવાનો, એવો આનો અર્થ છે.(પ્ર)

૨.શ્રવણનું પ્રાથમિક ફલ.(પ્ર)

તેથી શું થયું? એવો પ્રશ્ન થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**તસ્મિંસ્તદા લબ્ધરુચેર્મહામુને પ્રિયશ્રવસ્ય સ્ખલિતા મતિર્મમ ।**

**યયાઽહમેતત્ સદસત્ સ્વમાયયા પશ્યે મયિ બ્રહ્મણિ કલ્પિતં પરે ।।૨૭।।**

હે મોટા મુનિ! તેમનામાં જેને તે સમયે રુચિ પ્રાપ્ત થયેલી એવાની મારી પ્રિય કીર્તિવાળામાં અચલ મતિ થઈ, જેનાથી હું આ સત્ અને અસત્ પોતાની માયાથી પરબ્રહ્મ મારી અંદર કલ્પેલું જોઉં છું.૨૭

રુચિથી ભગવાનના અનુભવ માટે પ્રયત્ન કરવાનું લોકમાં સાબિત થયેલું છે, અને તે પ્રયત્ન જ્ઞાનરૂપ હોવાથી તે કહે છે. રુચિનું ફલ અમુક સમય પછી થયું ન હતું એમ 'તે સમયે' શબ્દથી કહેલ છે. રુચિ દૃઢ હતી એમ જણાવવા 'પ્રાપ્ત થયેલી' કહેલી છે. રુચિ અને મતિ નો નિયમ[૧] જણાવવા 'હે મોટા મુનિ!' એવું સંબોધન કરેલું છે. જેનો પતિ પરદેશ ગયેલ હોય તેવી સ્ત્રી તેનું ધ્યાન ધરે તેના જેવાં ભગવાનના ધ્યાનને અહીં **મતિ** કહેલી છે. અથવા શાસ્ત્રથી યથાર્થ જ્ઞાન થાય તે મતિ. બીજા વિષયનું ભાન થાય, અથવા તેમાં સંદેહ રહે તે તેમાંથી ચળવું. તે [૨]બંને ન હતાં તેથી મતિ અચલ હતી. તેમાં પણ શ્રવણનાં મુખ્યપણાથી તે થયેલી, એમ 'પ્રિય કીર્તિવાળામાં' શબ્દથી કહેલ છે. 'જેની જેનામાં શ્રદ્ધા હોય તે તેજ છે' (ભગ. ગીતા ૧૭।૩) એ વાક્ય પ્રમાણે સફળ રુચિરૂપ ઘણી શ્રદ્ધા ઉત્પન્ન થાય[૩] તેવા થવાનું આવશ્યક છે એમ ઉત્તરાર્ધથી કહે છે. પ્રથમ અધિકાર હોવાનું જણાવવા કહે છે કે જે મતિથી હુંજ બ્રહ્મ છું, મારામાં જ સર્વ ઉત્પન્ન થયેલું છે, પરંતુ માયાથી કલ્પાએલું છે. 'આ' એટલે સ્થૂલ અને સૂક્ષ્મ શરીર, અથવા જગત્ પહેલાં કહેલી[૪] માયાથી કલ્પાયેલું છે. [૫]આ જગત્ દેખાય છે તે બધાનું સ્થાન હું બ્રહ્મ છું, અને માયા તેને બનાવવાનું સાધન છે, એમ મેં જાણ્યું એવો અર્થ છે. પ્રપંચથી જુદા તરીકે બ્રહ્મ અને આત્માનો અનુભવ થયો, એવો અર્થ થાય.૨૭

૧.'નિયમ' એટલે સદાની કાર્ય અને કારણની સ્થિતિ (પ્ર). કારણ અને કાર્યની સ્થિતિ અનુક્રમે થાય. રુચિ કારણ છે, મતિ તેનું કાર્ય છે.
૨.બીજા વિષયનું ભાન અને સંદેહ. ૩.'તેવા થવાનું' (જેમાં શ્રદ્ધા હોય) તદ્રૂપ થવાનું.(પ્ર)
૪.પાછળ ૧।૨।૩૦ માં કહેલી.(પ્ર)
૫.આ ભાગથી પાછળ ૧.૫.૨૦ માં કહેલ ત્રણ અધિકારમાંનો પહેલો અધિકાર પોતાને પ્રાપ્ત થયાનું કહે છે.(પ્ર)

એવી રીતે ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલાનાં મારાં સદા ચાલુ શ્રવણથી જ્ઞાન અને ભક્તિથી મારો ભગવાનમાં ઘણો પ્રેમ થયો, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ઈત્થં શરત્પ્રાવૃષિકાવૃત્ હરેર્વિશ્રૃણ્વતો મેઽનુસરાં યશોઽમલમ્ ।**
**સંકીર્ત્યમાનં મુનિભિઃ મહાત્મભિઃ ભક્તિઃ પ્રવૃત્તાઽઽત્મરજસ્તમોપહા ।।૨૮।।**

આવી રીતે શરદ્ અને વેર્ષા ઋતુઓમાં મહાત્મા મુનિઓથી ગવાતા હરિના શુદ્ધ યશનું હું દરેક સમયે ઉત્તમ પ્રકારે શ્રવણ કરતો હતો ત્યારે અંતઃકરણના રજો અને તમોગુણનો નાશ કરનારી ભક્તિ શરૂ થઈ.૨૮

શ્રવણના બીજા પ્રકારો છે તેમનો નિષેધ કરવા 'આવી રીતે' એમ કહેલું છે. શરદ અને વર્ષા ઋતુ એટલે ચાર અથવા પાંચ માસ. દેહ વિગેરેને પીડાનું ભાન થયું ન હતું, એમ જણાવવા 'હરિના' કહેલ છે. ઉત્તમ પ્રકારે શ્રવણ કરતો હતો એટલે શ્રવણને અનુસરીને રહેતો હતો, ગમે તેની પાસેથી શ્રવણ કરતો ન હતો, કારણ કે તેમ થાય તો શ્રવણ અંગરહિત થવાથી ફલ પ્રાપ્ત ન કરાવે, તેથી 'મહાત્મા મુનિઓથી ગવાતા' એમ કહેલું છે. 'મુનિઓથી' શબ્દથી એમ જણાવ્યું છે કે પોતાને ફલ પ્રાપ્ત થવામાં શ્રવણની પેઠે મનન પણ જ્ઞાનનું સાધન[1] થયેલ. કીર્તનનું ગાન ચાલુ રહે તે માટે 'મહાત્માઓથી ગવાતા' એમ કહેલું છે. ''હે અર્જુન! મહાત્માઓ તો મને ભજે છે'' (ભગગીતા ૯।૧૩-૧૪) એ બે શ્લોકોના અર્થનું અહીં અનુસંધાન કરવું. 'અંતઃકરણના રજો અને તમોગુણનો નાશ કરનારા' વિશેષણથી એમ કહેલું છે કે તે ભક્તિ સ્પર્શમણિરૂપ થઈ, મારું અંતઃકરણ વસુદેવરૂપ થયું, એવો અર્થ છે.૨૮

૧.તે (મુનિ) ઓના જ્ઞાનનું સાધન (પ્ર). મુનિઓનું મનન પણ મારા જ્ઞાનનું સાધન થયેલ, એવો અર્થ જણાય છે, કારણ કે મુનિઓ મનનથી જે જાણે તે પણ મને સમજાવતા.

આ વિષયમાં ભગવાનના આવેશ વિના ભગવાન પ્રકટ થશે નહીં એમ જાણી તેઓની કૃપાથી આવેશ થયો, એમ નીચેના બે શ્લોકોથી કહે છે :

**તસ્યૈવં મેઽનુરક્તસ્ય પ્રશ્રિતસ્ય હતૈનસઃ ।**
**શ્રદ્દધાનસ્ય બાલસ્ય દાન્તસ્યાનુચરસ્ય ચ ।।૨૯।।**
**જ્ઞાનં ગુહ્યતમં યત્ તત્ સાક્ષાદ્ ભગવતોદિતમ્ ।**
**અન્વવોચન્ ગમિષ્યન્તઃ કૃપયા દીનવત્સલાઃ ।।૩૦।।**

એવી રીતે પ્રેમ રાખનાર, વિનયવાળા, પાપરહિત, શ્રદ્ધાવાળા અને જીતેંદ્રિય અવા

બાલ સેવક મને, જે સર્વથી છૂપું રાખવા યોગ્ય જ્ઞાન સાક્ષાત્ ભગવાને કહેલું તે દીન ઉપર પ્રેમ રાખનારાઓએ જતી વખતે કૃપાથી મને કહ્યું.૨૯.૩૦

પહેલાં થયેલાં સાધનો વાસુદેવની પ્રાપ્તિ સુધી ચાલુ રાખવાં જોઈએ, તેથી તે 'પ્રેમ રાખનારા' શબ્દથી આરંભી ફરી કહે છે. 'સેવા' શબ્દથી સેવા સુધીના સાધનોનો સંગ્રહ કરેલો છે. સેવાના ચિહ્નવાળો વિનય જુદા ક્રમવાળો હોવાથી જુદો[1] કહેલ છે. તેવી રીતે પાપનો નાશ પણ જુદો કહેલ છે. દીનતા[2] ઘણો ઉપકાર કરનારી હોવાથી જુદી કહેલ છે. ન કહેલા બધાં સાધનોનો સરવાળો જણાવવા 'ચ' 'અને' શબ્દ કહેલ છે. ફરી કહેવામાં અનુક્રમની જરૂર ન હોવાથી, અનુક્રમથી વિરુદ્ધપણાંથી કહેવામાં દોષ નથી. સર્વ વેદાન્તો અને પંચરાત્ર વિગેરે શાસ્ત્રોમાં જણાવેલું ''આનંદ બ્રહ્મ છે'', ''આકાશ બ્રહ્મ છે'' એ ઉપાખ્યાનમાં કહેલું છે તેવું કાંઈક જ્ઞાન છે, ગુરુના ઉપદેશથી પ્રકટ થાય છે. તે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે પુરુષ બ્રહ્મ જાણનાર, સર્વજ્ઞ અને તેજસ્વી થાય છે. મહોપનિષદમાં જણાવેલું જ્ઞાન દેવોથી છૂપું રાખવા યોગ્ય હોઈ તેથી પણ વધારે છૂપું રાખવા યોગ્ય છે. પુરુષોત્તમે જણાવેલું ''ભક્તિથી મને જાણે છે'' એવા પ્રકારનું તેથી પણ વધારે છૂપું રાખવા યોગ્ય છે. જેનું અનુસંધાન થાય ત્યારે ભગવાનનો આવિર્ભાવ થાય જ તે સર્વથી છૂપું રાખવા યોગ્ય છે. તેવું જ્ઞાન સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે કહેલું. 'જે તે' શબ્દોથી એમ જણાવ્યું છે કે તે પ્રકટ રીતે કહેવા યોગ્ય નથી. તે યોગીઓનાં હૃદયમાં પણ ભગવાનની ઈચ્છાથી નારદને ઉપદેશ કરવા આવેલું. 'અનુ' પછી તેઓએ તે કહ્યું. આ જ્ઞાન છેવટની હદવાળું હતું એમ જણાવવા 'જતી વખતે કહ્યું' એમ કહેલું છે. આ કહેવામાં બીજો કોઈ પ્રશ્ન કે બીજું કાંઈ સાધન ન હતાં, એમ 'કૃપાથી' શબ્દથી જણાવેલ છે. કૃપા થવાનું કારણ પણ 'દીન ઉપર પ્રેમ રાખનારા' શબ્દથી કહેલું છે. 'વત્સં વત્સનો લાતિ' સ્વીકાર કરે તે 'વત્સલઃ' એવો સ્વીકાર કરનાર પ્રેમ, અથવા પ્રેમવાળા. જેમ પિતા પુત્ર ઉપર પ્રેમ રાખે તેમ તેઓ દીન ઉપર પ્રેમ રાખનારા હતા. એવો અર્થ છે.૨૯.૩૦.

૧.'બાળક' શબ્દથી જુદો કહેલ છે. (પ્ર) 'વિનયવાળો' શબ્દથી જુદો કહેલ છે, એમ જણાય છે.
૨.'દીન ઉપર પ્રેમ રાખનારા' શબ્દમાંનો 'દીન' શબ્દ નારદ માટે યોજાએલ છે.

તેનાથી તમને શું ફલ પ્રાપ્ત થયું તે કહો દ્ગ એવું જાણવાની ઈચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**યેનૈવાહં ભગવતો વાસુદેવસ્ય વેધસઃ।**
**માયાનુભાવમવિદં યેન ગચ્છન્તિ તત્પદમ્ ।।૩૧।।**

અહો? જે જ્ઞાનથી જ જગત્ રચનાર ભગવાન વાસુદેવની માયાનો પ્રભાવ મેં જાણ્યો, જેનાથી લોકો તેમનું સ્થાન પ્રાપ્ત કરે છે.૩૧

'ભગવાન વાસુદેવને' એટલે હૃદયમાં રહેલા છે તેમની જ માયાનો પ્રભાવ મેં જાણ્યો. 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે. હૃદયમાં રહેલા પ્રકાશતા હોવા છતાં જણાતા નથી.

એવો માયાનો પ્રભાવ છે. લખવાની[૧] અવસ્થાનું અનુસંધાન કરવું. 'જેનાથી તેમનું સ્થાન પ્રાપ્ત કરે છે.' માત્ર[૨] ક્રમના સાધનથી જ જાણે છે. પરંતુ તે વિષયમાં કાંઈ પણ ક્રિયા માટે પ્રયાસ કરવો પડતો નથી, એવો અર્થ છે.૩૧

૧.જેમ હૃદયમાં રહી વાક્યો પ્રકાશતાં હોય છતાં પણ ચિત્તવિક્ષેપને લીધે તે જણાતાં નથી તેવું અહીં પણ છે એમ જાણવું.(પ્ર)

૨.માયાનું જ્ઞાન જે ક્રમથી થાય છે તે ક્રમથી જ જાણે છે.(પ્ર)

એવી રીતે ભગવાનનાં પ્રાપ્તિ સુધીના પદાર્થો કહ્યા. તેમાં એવો સંદેહ રહે છે કે ''તેઓએ સર્વ ચપળતા રહિત બાળક મારા ઉપર કૃપા કરી'' (શ્લો.૨૪) વિગેરે સાધન કેમ થઈ શકે? કારણ કે કર્મ કાળ વિગેરે વિઘ્ન કરનારા હોય છે. તે પૈકી કાળ વિઘ્ન કરનાર ન થાય તેનો ઉપાય નીચેના શ્લોકથી કહે છે :

**એતત્ સંસૂચિતં બ્રહ્મન્ તાપત્રયચિકિત્સિતમ્ ।**
**યદીશ્વરે ભગવતિ કર્મ બ્રહ્મણિ ભાવિતમ્ ।।૩૨।।**

હે બ્રહ્મન્! આ જે બ્રહ્મ ઈશ્વર ભગવાનને કર્મનું સમર્પણ કરવું તે ત્રણ પ્રકારના દુઃખનું ઔષધ સારી રીતે સૂચવેલું છે.૩૨

કથામાં પ્રેમ ન હોય ત્યારે ભોજન વિગેરે વિઘ્ન કરનારા જણાય છે, અને કર્મ અદષ્ટદ્વારા વિઘ્ન કરે છે. તે અદષ્ટ દ્વારા વિઘ્ન કરવાનું કારણ કાળ છે. તેમાં પ્રથમ, જણાય તેવી રીતે વિઘ્ન કરનારને દૂર કરવો જોઈએ, અને તે ''આનાથી ઉપદ્રવ પામેલો....'' (૪।૨૯।૪૧) વચન પ્રમાણે ત્રણ પ્રકારના દુઃખરૂપ છે. તેમાં પણ જોકે સત્સંગ સાથે કથા સાધન તરીકે કહેલી છે. છતાં, કથામાં ઘણા સાધનોની જરૂર હોવાથી તેજ થાય તેવી નહીં હોવાથી, એક સ્વતન્ત્ર સાધન આ શ્લોકથી કહે છે. આ શ્લોકમાં કહેવામાં આવે છે તે, સારી રીતે સૂચવેલું સાધન છે, સ્પષ્ટતાથી કહેલું નથી અને સંદેહવાળું પણ નથી. તેનું જ્ઞાન વ્યાસને થશે એવા અભિપ્રાયથી 'બ્રહ્મન્!' એમ કહેલ છે. આ ત્રણ પ્રકારના દુઃખનો નાશ કરવા માટેનું ઔષધ છે. જેમ ઝેર સર્વનો નાશ કરનારું હોવા છતાં બીજા દ્રવ્યોની ભાવના આપવાથી સર્વ રોગનો નાશ કરનારું ઔષધ થાય છે, તેમ સર્વ દોષ દૂર કરવા માટે સર્વનો નાશ કરનાર કર્મ પણ ભગવત્સ્વરૂપથી દુઃખ મટાડનારું થાય છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. છ ગુણોનાં ઐશ્વર્યવાળા, ઉત્તમ પદાર્થોથી સુંદર, પાખંડરહિત વેદાન્તોથી જણાય તેવા બ્રહ્મમાં 'ભાવિતં' યોજેલું અથવા ભગવાનને અર્પણ કરેલું કર્મ દુઃખ મટાડનારું થાય છે, એવો અર્થ છે.૩૨

તે સંબંધમાં જ[૧] ખાસ ગુણ નીચેના શ્લોકથી કહે છે :

**આમયો યશ્ચ ભૂતાનાં જાયતે યેન સુવ્રત! ।**
**તદેવ હ્યામયં દ્રવ્યં ન પુનાતિ ચિકિત્સિતમ્ ।।૩૩।।**

હે સુંદર વ્રતવાળા! જેનાથી પ્રાણીઓનો જે રોગ થાય છે, ભાવના આપેલું તેજ રોગ કરનારું દ્રવ્ય રહેતું નથી, પણ તે પુરુષને પવિત્ર કરે છે.૩૩

જે કર્મથી જ નાશનો ભય થતો હોય તે જ કર્મ ભગવાનને અર્પણ કરવું એમ કહે છે. કફ-પિત્ત વિગેરે રોગ અળદ વિગેરે જેનાથી થતો હોય તેને ભાવના આપવી. 'હે સુંદર વ્રતવાળા!' સંબોધનથી એવી પ્રશંસા કરી છે કે તમારે તો તેવું કાંઈ નથી, એવું તમારૂં મોટું ભાગ્ય છે. ભાવના આપેલું તે જ રોગ કરનારું દ્રવ્ય રહેતું નથી, પરંતુ બીજું પહેલાં ભક્ષણ કરેલ જુદાં દ્રવ્યને પણ પવિત્ર કરે છે, તેથી જે કર્મથી બંધ થાય છે, ભગવાનને અર્પણ કરેલું તે જ કર્મ પુરુષને પવિત્ર કરે છે, એવો અર્થ છે.૩૩

૧.ભગવાનને અર્પણ કરેલાં કર્મના સંબંધમાં જ.(પ્ર)

વિઘ્ન કરનારાં કર્મો પહેલાં કરેલાં હોવાથી, અને તેમનાથી ત્રણ પ્રકારનાં દુઃખ ઉત્પન્ન થતાં હોવાથી, ભવિષ્યનું કર્મ અર્પણ કરવાથી શું વળે? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એવં નૃણાં ક્રિયાયોગાઃ સર્વે સંસૃતિહેતવઃ ।**
**ત એવાત્મવિનાશાય કલ્પન્તે કલ્પિતાઃ પરે ।।૩૪।।**

એવી રીતે મનુષ્યોના બધા ક્રિયાયોગો સંસાર કરાવનારા છે. પણ ભગવાનને સમર્પણ કરેલા તે જ પોતાનો નાશ કરનારા થાય છે.૩૪

જેમ ભગવાનના સંબંધમાં આવેલા કર્મથી ત્રણ પ્રકારના દુઃખનો નાશ થાય છે, તેમજ પહેલાંના કર્મો પણ ભગવાનને સમર્પણ કરવાથી તેમનાં સ્વરૂપનો નાશ થતાં (તે) દુઃખ વિગેરે ઉત્પન્ન કરતા નથી. 'મનુષ્યોનાં' શબ્દથી કર્મ કરવાનો અધિકાર જણાવેલો છે. બધાં કર્મો પુરુષ ઉત્પન્ન કરનારાં પણ સંસાર કરાવનારાં છે. તે જ બધા કર્મયોગો ભગવાનને 'કલ્પિતાઃ' સમર્પણ કરેલા, બળતા અગ્નિમાં પડેલા ઘાસ વિગેરેની જેમ પોતાનો નાશ કરનારા થાય છે, પછી તે દુઃખ ઉત્પન્ન કરનાર કેમ થાય એવો અર્થ છે. એવી રીતે સંસાર કરાવનારાં સ્વાભાવિક લૌકિક કર્મો કરેલાં અને કરાતાં હોય તેમની વ્યવસ્થા કહી.૩૪

હવે શાસ્ત્રમાં કરવાના કહેલાં ભગવાનની પ્રીતિ માટે કરાતાં કર્મો નું ફલ શું? એ જાણવાની ઈચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**યદત્ર ક્રિયતે કર્મ ભગવત્પરિતોષણમ્ ।**
**જ્ઞાનં યત્ તદધીનં હિ ભક્તિયોગસમન્વિતમ્ ।।૩૫।।**

ભક્તિ યોગ સાથેનું જે જ્ઞાન છે તે, અહીં જે કર્મ ભગવાનની પ્રસન્નતા માટે કરવામાં આવે છે, તેને નિશ્ચય અધીન છે.૩૫

''જે અમોએ સારું અધ્યયન કર્યું અને ગુરુઓને પ્રસન્ન કર્યા'' (૪।૩૦। ૩૯-

૪૦) એ શ્લોકમાં ''તે ભગવાનની પ્રસન્નતા કરનાર થાઓ'' એવી પ્રાર્થના કરેલી હોવાથી અને કર્મ તેનાં મુકરર કરેલ ફળ આપનારું હોવાથી ''એક દ્રવ્ય બે રૂપવાળું હોય ત્યારે સંયોગથી જુદાપણું હોય છે'' એ નિયમ[૧] પ્રમાણે દહીં વિગેરે પેઠે તે કર્મ બંને ફલ પ્રાપ્ત કરાવનારું થાય. તેમ થાય ત્યારે તે કર્મથી સંસાર થાય, કારણ કે ઉપર કહેલ બંને રૂપવાળું કાંઈ ફળ નથી દ્ર એવી શંકા થાય તે વિષયમાં આ શ્લોકથી કહે છે કે આ વિષયના નિર્ણયમાં જે કર્મ ભગવાનની પ્રસન્નતા માટે કરવામાં આવે છે તે કર્મથી ભક્તિ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી ''જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળી નાખે છે'' (ભગ.ગીતા ૪।૩૭) એ નિયમ પ્રમાણે સર્વ કર્મોનો નાશ થાય છે, એવા અભિપ્રાયથી કહે છે કે 'જે' પ્રસિદ્ધ જ્ઞાન છે, તે ભક્તિયોગ સાથેનું, તેને અધીન એટલે તે કર્મને અધીન છે. 'હિ' 'નિશ્ચય' શબ્દથી 'યજ્ઞ' વિગેરેની શ્રુતિ પ્રમાણે સર્વની જરૂર છે, અશ્વની પેઠે (બ્રહ્મસૂત્ર ૩।૪।૨૫) એ ન્યાય[૨] સૂચવેલો[૩] છે.૩૫

૧.આ નિયમ પૂર્વમીમાંસાસૂત્ર ૪।૩।૫ માં જણાવેલો છે. દહીં નિત્ય કર્મમાં વપરાય છે અને કામ્ય કર્મમાં પણ વપરાય છે. બંને કર્મનાં વાક્યો જુદા છે. તેથી આ બે વાક્યોને લીધે એક જ દહીં નિત્ય ને કામ્ય થઈ શકે છે એમાં વિરોધ નથી.

૨.પુરુષોત્તમનું જ્ઞાન થવામાં કાર્ય, જ્ઞાન, ભક્તિ બધાંની જરૂર છે, વેદ બધોએ પુરુષાર્થમાં પરિણમનારો છે અને ભગવાનની પ્રાપ્તિ એજ પુરુષાર્થ છે. તે જો જ્ઞાનથી જ થતી હોય તો વેદમાં યજ્ઞ વિગેરે કરવાનું કહેલ છે તે નિરર્થક થાય. તેવું ન થાય તે માટે કર્મ પણ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું હોવાનું માનવું જોઈએ. તેથી તે જ્ઞાન પ્રાપ્ત કરનારું હોવાનું માનવું જોઈએ. તે પણ કર્તા નિષ્કામ હોય ત્યારે જ્ઞાન પ્રાપ્ત કારવનારું છે, કારણ કે સકામ કર્મ કરનારને સંસારમાં ફરી આવવું પડે છે. તેનું દષ્ટાંત 'અશ્વપેઠે' શબ્દથી કહેલ છે. પોતાને જ્યાં જવું હોય તે જેટલે દૂર હોય તે પ્રદેશ અશ્વ ઉપર બેસી જવાય છે. તેટલા પૂરતો અશ્વ સાધન છે; પણ ત્યાં જઈ જે કાર્ય કરવાનું હોય તે કરવામાં અશ્વ સાધન નથી તે પ્રમાણે અધિકારવાળાનાં વિઘ્નો દૂર કરવામાં જ કર્મ સાધન થાય છે, પણ ભગવાનની પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત કરાવવામાં સાધન થતું નથી.(પ્ર)

૩.વ્યાસે પોતે એ ન્યાય કહેલ તેનું સ્મરણ કરાવવા સૂચવેલો છે.(પ્ર)

પંચરાત્રમાં કહેલાં કર્મો અને ભગવાનની આજ્ઞાથી અર્જુન વિગેરેએ કરેલાં યુદ્ધ વિગેરે કર્મોનું શું ફલ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**કુર્વાણા યત્ર કર્માણિ ભગવચ્છિક્ષયાઽસકૃત્ ।**
**ગૃણન્તિ ગુણનામાનિ કૃષ્ણસ્યાનુસ્મરન્તિ ચ ।।૩૬।।**

જેમાં ભગવાનની આજ્ઞાથી કર્મો કરતાં, વારંવાર શ્રીકૃષ્ણના ગુણો અને નામો નો ઉચ્ચાર કરે છે અને પછી શ્રીકૃષ્ણનું સ્મરણ કરે છે.૩૬

'જેમાં' જે કર્મના નિર્ણયમાં અથવા કર્મના વિષયમાં ભગવાનની આજ્ઞાથી કર્મ કરતા હોય છે તે કર્મ ભક્તિ ઉત્પન્ન કરનારું થાય છે એમ આ શ્લોકથી કહે છે. ત્યારે આજ્ઞાથી કર્મ કરતા સમયે તે પુરુષો 'અસકૃત્' વારંવાર, શ્રીકૃષ્ણના પાંડવરક્ષક, દ્રૌપદીલજ્જાનિવારક, ગોવર્ધનનોદ્ધાર વિગેરે ગુણો અને નામો નો ઉચ્ચાર કરે છે અને 'અનુ'=પછી શ્રીકૃષ્ણનું સ્મરણ કરે છે. તેથી તે કર્મ તેઓને કીર્તન અને સ્મરણ ભક્તિ કરાવનારું હોવાથી સર્વથી ઉત્તમ

જ છે તેનાથી સંસાર થવાની શંકા પણ રહેતી નથી એવો અર્થ છે.૩૬

વળી જે પંચરાત્રમાં મંત્રથી આરાધન કરવાના પ્રકારથી આરંભની ક્રિયા વિગેરેરૂપ કર્મો કહેલાં છે તેઓનો નિર્ણય નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકો થી કહે છે :

**નમો ભગવતે તુભ્યં વાસુદેવાય ધીમહિ ।**
**પ્રદ્યુમ્નાયાનિરુદ્ધાય નમઃ સંકર્ષણાય ચ ।।૩૭।।**

આપ ભગવાન વાસુદેવને નમસ્કાર. આપનું ધ્યાન ધરીએ છીએ. પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણને નમસ્કાર.૩૭

આ નારદે ઉપાસના કરવાની ભગવાનની ગાયત્રી છે. આમાં ચાર મૂર્તિઓનાં નામ છે. 'ધીમહિ' એટલે ચાર મૂર્તિવાળાનું ધ્યાન ધરીએ છીએ. તે ધ્યાનનું ફલ ચાર મૂર્તિવાળાની પ્રાપ્તિ છે. તે પણ ભોગ માટે નહીં પરંતુ નમન કરવા માટે પ્રાપ્તિ થાય છે. તે પણ પરોક્ષ પ્રકારે નહીં, પરંતુ પ્રત્યક્ષતાથી. ચારે રૂપવાળાનાં ચારેરૂપ પણ ભગવાન છે, અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી હયગ્રીવ વિગેરે બીજાં સ્વરૂપોનો પણ સમાવેશ કરેલો છે.૩૭

નીચેના શ્લોકમાં આ ગાયત્રીનો ઉપયોગ કહે છે :

**ઈતિ મૂર્ત્યભિધાનેન મન્ત્રમૂર્તિમ્ અમૂર્તકમ્ ।**
**યજતે યજ્ઞપુરુષં સ સમ્યગ્દર્શનઃ પુમાન્ ।।૩૮।।**

એવા મૂર્તિના મંત્રથી મંત્રરૂપ મૂર્તિવાળા બીજા પ્રકારની મૂર્તિ વિનાના યજ્ઞના પતિનું જે પૂજન કરે છે તે પુરુષ સારી રીતે દર્શન કરનારો છે.૩૮

એવા પ્રકારના 'મૂર્ત્યભિધાનેન' મૂર્તિ જણાવનાર મંત્રરૂપ સાધનથી, 'મન્ત્રમૂર્તિઃ' મંત્ર જ છે 'મૂર્તિઃ' શરીર જેમનું તેવા મંત્રના અર્થરૂપ, 'અમૂર્તકં' મંત્રમાં કહેલાથી જુદી પ્રાકૃત મૂર્તિવિનાના 'યજ્ઞપુરુષં' યજ્ઞના પુરુષ એટલે પતિ, અથવા યજ્ઞરૂપ પુરુષનું જે જપ, પૂજ, હોમ વિગેરેથી યજન કરે છે, તે સારી રીતે દર્શન કરનારો થાય છે, ભગવાનનો સાક્ષાત્કાર કરે છે, એવો અર્થ છે.૩૮

વ્યાસને સંદેહ ન રહે તે માટે ''આનાં ફલનો મેં જ અનુભવ કર્યો છે'' એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈમં સ્વનિગમં બ્રહ્મન્ અવેત્ય મદનુષ્ઠિતમ્ ।**
**અદાન્મે જ્ઞાનમૈશ્વર્યં સ્વસ્મિન્ ભાવં ચ કેશવઃ ।।૩૯।।**

હે બ્રહ્મન્! આ પોતાની આજ્ઞા મેં પાળેલી જોઈને કેશવે મને જ્ઞાન, ઐશ્વર્ય અને પોતા વિષે પ્રેમ આપ્યાં.૩૯

પોતાનો 'નિગમઃ' વેદ, એટલે આજ્ઞા એવો અર્થ છે. તે આજ્ઞા મેં (નારદે) પાળી.

પંચરાત્રમાં કહેલા માર્ગનું પહેલાના કલ્પમાંજ[1] આચરણ કર્યું ત્યારે ભગવાને મને જ્ઞાન આપ્યું, અને બ્રહ્માને અને શંકર ને આપેલ તેમ ઐશ્વર્ય અને ભક્તિ આપ્યાં. તે 'કેશવ' શબ્દથી કહેલ છે 'ક' બ્રહ્મા અને 'ઈશ' શંકરનું 'વમ્' સુખ થયેલ જેમનાથી તે (કેશવ).૩૯

૧.ગયા ભવમાં, શૂદ્ર હતો ત્યારે.

એવી રીતે સર્વ કર્મોનો નિર્ણય કહ્યો. એમ સર્વસિદ્ધ કરીને નીચેના શ્લોકથી ઉપસંહાર કરતાં નિર્ણય કરેલો ઉપદેશ કહે છે :

**ત્વમપ્યદભ્રશ્રુત વિશ્રુતં વિભોઃ સમાપ્યતે યેન વિદામ્બુભુત્સિતમ્ ।**
**આખ્યાહિ દુઃખૈઃ મુહુરર્દિતાત્મનાં સંક્લેશનિર્વાણમ્ ઉશન્તિ નાન્યથા ।।૪૦।।**

હે ઘણું શ્રવણ કરેલા! જેનાથી જ્ઞાનીઓની જ્ઞાનની ઈચ્છા સમાપ્ત થાય છે તે સમર્થનું ચરિત્ર તમે પણ કહો. (તે) દુઃખથી વારંવાર પીડાએલ જીવોના દુઃખનું નિવારણ (હોવાનું) કહે છે. બીજા પ્રકારે તેનું નિવારણ થતું નથી.૪૦

જેમ મેં ભગવાનની આજ્ઞા પાળી તેમ તમે પણ પાળો. 'હે ઘણું શ્રવણ કરેલા' એ સંબોધનથી એમ કહેલ છે કે આજ્ઞાનું પાલન કરવાની શક્તિ તમને પ્રાપ્ત થયેલી જ છે. 'અદભ્રં' ઘણું વેદ વિગેરેનું શ્રવણ છે જેમનું તેવા તમે છો. સમર્થ (ભગવાન)નું 'વિશ્રુતં' કીર્તિ એટલે ચરિત્ર કહો. વચમાં[1] ચરિત્રનું માહાત્મ્ય કહે છે કે જે ચરિત્રથી 'વિદ્વાન્' જ્ઞાનીઓની 'બુભુત્સિતમ્' ભગવાનના સ્વરૂપના જ્ઞાનની ઈચ્છા, અથવા ''હું જે જેવો અને જેટલો છું'' (ભગ.ગીતા ૧૮।૫૫) એવું જાણવાની ઈચ્છા સમાપ્ત થાય છે, કારણ કે ચરિત્ર ઉત્તમ ભક્તિ ઉત્પન્ન કરીને તે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. તેથી તમે તે ચરિત્ર કહો. વળી સર્વેએ મોક્ષની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. તે દુઃખથી પીડાએલાઓથી થઈ શકે તેવો નથી. તેથી તેઓનું દુઃખ દૂર થાય તે માટે ચરિત્ર કહો. સર્વ પ્રમાણ જાણનારાઓ કહે છે કે ભગવાનનું ચરિત્ર કહેવાથી જ દુઃખથી વારંવાર પીડાએલાના દુઃખનું નિવારણ થાય છે અને આ વિષયમાં દુઃખીઓનાં દુઃખનો નાશ કરનારો બીજો ઉપાય નથી, એમ 'બીજા પ્રકારે થતું નથી' શબ્દથી કહેલ છે.૪૦

૧.'વિશ્રુતં' ચરિત્ર અને 'આખ્યાહિ' કહો એ શબ્દોની વચમાં.

**ઈતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ ભાગવતની સુબોધિનીમાં**
**પ્રથમ સ્કંધનો પાંચમો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય છટ્ઠો ।।
# નારદ ભક્તિનું સ્વરૂપ કહે છે

**મધ્યમેનાધિકારેણ પદાર્થા વિનિરૂપિતાઃ ।**
**શ્રવણસ્ય ફલં ચાન્તર્જ્ઞાનરૂપં પ્રદર્શિતમ્ ।।૧।।**

મધ્યમ અધિકાર પ્રમાણે પદાર્થો કહ્યા, અને શ્રવણનું અંદરના જ્ઞાનરૂપ ફલ દર્શાવ્યું.કા.૧

**ષષ્ઠે તુ બાહ્યં તસ્યૈવ કીર્તનાવધિ વર્ણ્યતે ।**
**બાહ્યાભાવે ત્વાન્તરસ્ય વ્યર્થતેતિ નિરૂપ્યતે ।।૨।।**

છટ્ઠા અધ્યાયમાં તો શ્રવણનું જ બહારનું કીર્તન સુધી ના ફલનું વર્ણન કરવામાં આવે છે. બહારનું[1] ફલ ન હોય તો અંદરનું વ્યર્થ થાય તેથી વર્ણન કરવામાં આવે છે.કા.૨

૧.'બહારનું ફલ' એટલે કીર્તન.(પ્ર)

ગયા અધ્યાયમાં 'મને જ્ઞાન અને ઐશ્વર્ય આપ્યાં' એમ કહ્યું. તેમાં સંદેહ થાય છે કે શ્રવણજ કહ્યું અને અંદરનું જ્ઞાન કહ્યું. ભગવાને તે સમયેજ ઐશ્વર્ય આપ્યું કે અમુક સમય પછી? શ્રવણ કરવાનો વિષય જણાવનારનું[1] ફલ તે કહેશે કે નહીં તે વિષે સંદેહ[2] થાય છે. તેથી વ્યાસ નારદને પ્રશ્ન કરે છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**એવં નિશમ્ય ભગવાન્ દેવર્ષેર્જન્મ કર્મ ચ ।**
**ભૂયઃ પપ્રચ્છ તં બ્રહ્મન્ વ્યાસઃ સત્યવતીસુતઃ ।।૧।।**

હે બ્રહ્મન્! દેવર્ષિના જન્મ અને કર્મ નું એ પ્રમાણે શ્રવણ કરીને સત્યવતીના પુત્ર વ્યાસે તેમને ફરી પ્રશ્ન કર્યા.

નારદે કહ્યું તેનું યથાર્થ જ્ઞાન વ્યાસને થવાનું કારણ 'ભગવાન' શબ્દથી કહેલ છે. 'દેવર્ષિ' શબ્દથી એમ જણાવ્યું છે કે નારદે કહેલું વિચાર વિનાનું ન હતું. હે બ્રહ્મન્ શૌનક! નારદ શાંત રહેવાથી વ્યાસ ફરી પ્રશ્ન કરે છે[3] (કહેલું શ્રવણ કરવામાં) ઘણો આદર હોવાનું જણાય ત્યારે જ વધારે કહેવામાં આવતું હોવાથી, ભગવાનની કૃપાથી આટલું ફલ પ્રાપ્ત થયું એમ કહેલ હોવા છતાં ફરી પ્રશ્ન કર્યો. બહુ પ્રયોજન ન હોય તેવું વ્યાસ પૂછતાં હોવાથી 'સત્યવતીના પુત્ર' એમ કહેલ છે.૧.

૧.શ્રવણ કરવાનો વિષય એટલે ઐશ્વર્યની પ્રાપ્તિ તે કહેનાર નારદ.(પ્ર)
૨.શ્રવણ કરનારને સંદેહ થાય છે.(પ્ર)
૩.મેં કહ્યું તેમાં વ્યાસને આદર છે કે નહીં તે જાણવા નારદ શાંત રહેલા, એવો અર્થ છે.(પ્ર)

નીચેના ત્રણ શ્લોકોથી પ્રશ્ન કરે છે :

**વ્યાસ કહે છે :**

**ભિક્ષુભિઃ વિપ્રવસિતે વિજ્ઞાનાદેષ્ટૃભિઃ તવ ।**
**વર્તમાનો વયસ્યાદ્યે તતઃ કિમ્ અકરોદ્ ભવાન્ ।।૨।।**
**સ્વાયંભુવ કયા વૃત્યા વર્તિતં તે પરં વયઃ ।**
**કથઞ્ચેદ્ અમુદસ્રાક્ષીઃ કાલે પ્રાપ્તે કલેવરમ્ ।।૩।।**
**પ્રાક્કલ્પવિષયામ્ એતાં સ્મૃતિં તે સુરસત્તમ ।**
**ન હ્યેવ વ્યવધાત્ કાલ એષ સર્વનિરાકૃતિઃ ।।૪।।**

તમને જ્ઞાનનો ઉપદેશ કરનારા સંન્યાસીઓ ગયા તે પછી પ્રાથમિક વયમાં રહેલા તમે શું કર્યું? હે બ્રહ્માના પુત્ર! તમારું પાછળનું જીવન કઈ વૃત્તિથી નભ્યું? અને સમય થતાં આ શરીરનો તમે કેવી રીતે ત્યાગ કર્યો? હું ઉત્તમોત્તમ દેવ! પહેલાના કલ્પના સંબંધવાળાં આ તમારાં સ્મરણને કાલે નિશ્ચય નથી જ લોપ્યું. આ સર્વને લોપનારો છે.૨-૩-૪.

[ક]કૃતિ [ખ]શરીરનો ત્યાગ અને [ગ]જ્ઞાનનો નાશ ન થવો તે પૂછેલા છે કારણ કે [ક]બ્રહ્મ જાણનારને કોઈ કર્તવ્ય રહેતું નથી [ખ]યોગથી જ શરીરનો ત્યાગ કરવો તે મોક્ષ છે અને [ગ]કાલ ઉલ્લંઘન કરી શકાય તેવો નથી.

'હે બ્રહ્માના પુત્ર!' એ હાલના જન્મનું સંબોધન છે. 'વૃત્તિ' એટલે શરીરનો નિર્વાહ કરનારી આજીવિકા. 'કેવી રીતે?' શબ્દથી યોગ વિગેરે પ્રકારો પૂછેલા છે. 'ચ' 'અને' શબ્દ શરીર ત્યાગના પ્રકારનો ભેદ જણાવવા યોજેલ છે. તેનો અર્થ તેમ છતાં[૧] એવો છે. સમય થયો ત્યારે કે થયા પહેલાં શરીરનો ત્યાગ કર્યો? એવો પ્રશ્ન છે. 'આ' શબ્દથી શરીર બુદ્ધિથી પાસે રહેલું[૨] જણાવેલું છે. 'વા' 'અથવા' પાઠ હોય ત્યારે તે અનાદર[૩] દર્શાવવા યોજેલ જાણવો; અથવા કાલથી ઉત્પન્ન થયેલું શરીર કાલ ગ્રહણ કરે છે એમ 'સમય થતાં' શબ્દોથી કહેલ છે. આ તમારાં સ્મરણને પહેલાના કલ્પના સંબંધવાળાથી સંસ્કારનો નાશ કરીને કાલે જુદું કેમ પાડ્યું નથી? ત્યારે[૪] આ સ્મરણનો શબ્દથી ઉદ્ભવ થાત, અત્યારે તો પ્રત્યક્ષથી ઉદ્ભવ થાય છે એવો અર્થ છે. ઉત્તમ દેવો અને ભક્તોનાં સ્મરણનો પણ કાલ નાશ કરે છે, તમારાં સ્મરણનો તો નાશ નથી કર્યો, એવા વિચારથી હે ઉત્તમોત્તમ દેવ! એવું સંબોધન આશ્ચર્યથી કરેલ છે. જરા પણ સ્મરણનો નાશ નથી કર્યો એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. સ્મરણનું દર્શન થતું હોવાથી તે યોગ્ય છે એવો 'હિ' 'નિશ્ચય' શબ્દનો અર્થ છે. અને કાલનું માહાત્મ્ય પ્રત્યક્ષથી સાબિત થયેલું છે. કાલ ભગવાન હોવાથી તેનો સાક્ષાત્કાર કરીને, અથવા શાસ્ત્રાર્થ દૃઢ કરવા 'આ' એમ કહેલું છે.૨-૪.

૧.પાછળથી વયમાં જીવન માટે આજીવિકા પ્રાપ્ત થવા છતાં શરીર કેમ તજ્યું? એવો અર્થ જણાય છે.

૨.ગયા કલ્પનું શરીર અત્યારે વિદ્યમાન ન હોવા છતાં વ્યાસની બુદ્ધિથી પાસે રહેલું જોઈ, તે 'આ' શબ્દથી દેખાડે છે એવો અર્થ જણાય છે.

૩.'કથં વેદમુદસ્રાક્ષીઃ' એવો પાઠ હોય ત્યારે.

૪.'ત્યારે' એટલે સંસ્કારનો નાશ થયો ત્યારે? (પ્ર). 'ત્યારે' એટલે ગયા કલ્પમાં એવો અર્થ જણાય છે. સંસ્કારનો નાશ થયાનું કહેલ નથી, અને તેનો નાશ થાય તો સ્મરણજ થાય.

પહેલા પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકથી આરંભી ૨૭ મા સુધીના શ્લોકોથી કહે છે :

**નારદ કહે છે :**

**ભિક્ષુભિર્વિપ્રવસિતે વિજ્ઞાનાદેષ્ટૃભિઃ મમ ।**
**વર્તમાનો વયસ્યાદ્યે તત એતદ્ અકારષમ્ ।।૫।।**

મને જ્ઞાનનો ઉપદેશ કરનારા સંન્યાસીઓ ગયા ત્યારે પ્રાથમિક વયમાં રહેલાએ મેં આ કર્યું.૫

[૧]બ્રહ્મ જાણનારાએ પણ ભગવાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ, અને ભગવાનનાં દર્શન થાય ત્યારે તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ એવો અર્થ છે. ''જ્ઞાન આપનાર સંન્યાસીઓ ગયા ત્યારે પ્રાથમિક વયમાં રહેલા'', એ શબ્દોનો અનુવાદ વ્યાસે સર્વનો નિર્ણય કરેલો હોવાથી તેમના ઉપરની પ્રીતિ જણાવવા કરેલો છે. 'આ' એટલે નીચે કહેવામાં આવશે તે.૫

૧.આ ભાગથી ૫ થી ૨૭ સુધીના ૨૩ શ્લોકોનું તાત્પર્ય કહેલું છે.(પ્ર)

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (૬ થી ૮) શ્લોકથી વિઘ્ન હોવાપણું અને એક (૯ મા) શ્લોકથી તેનો નાશ કહે છે, કારણ કે ભગવાન જો અનુકૂળ હોય તો આગળની અવસ્થા[૧] પ્રાપ્ત કરવી, તેમ ન હોય, તો ન કરવી.

**[૨]અન્યાસક્તિસ્તુ યત્રૈવ તત્ સ્વાર્થે નૈવ યોજયેત્ ।**
**ભગવાન્ વા પ્રતીક્ષ્યોઽત્ર યત્નં વા તાદશં ભજેત્ ।।૩।।**

જેનામાં બીજાની આસકિત હોય જ, તેનો પોતાનાં કાર્ય માટે ઉપયોગ ન જ કરવો. આ વિષયમાં ભગવાનની સાહાય્યની રાહ જોવી. અથવા તેવો[૩] યત્ન કરવો. કા.૩

નારદ તો ભગવાનની રાહ જોઈને એમ ત્રણ શ્લોકથી કહે છે :

**એકાત્મજા મે જનની યોષિન્ મૂઢા ચ કિંકરી ।**
**મય્યાત્મજેઽનન્યગતૌ ચક્રે સ્નેહાનુબન્ધનમ્ ।।૬।।**

એક પુત્રવાળી મારી મા સ્ત્રીઓમાં મૂઢ અને દાસી હતી. બીજા આશ્રય વિનાના પુત્ર મારા ઉપરના સ્નેહથી બંધાએલી રહેતી.૬.

એકજ હતો પુત્ર જેનો તેવી મારી મા હતી. 'મારી મા' શબ્દથી તેની મારામાં ઘણી આસક્તિ હોવાનું કારણ કહેલું છે. પહેલાંની સ્થિતિનું સ્મરણ કરીને 'જન્મ આપનારી' કહેલી છે. સ્ત્રીઓમાં પણ તે મૂઢ હતી. ઉપદેશ કરે તેવી ન હતી એમ જણાવવા તે કહેલ છે. 'કિંકરી'

શબ્દથી તેને ઉપદેશ કરવાનો સમય ન હોવાનું સૂચવેલું છે. 'પુત્ર' અને 'બીજા આશ્રય વિનાના' શબ્દોથી સ્નેહ હોવાનાં સ્વાભાવિક અને ઉપાધિવાળાં કારણો કહેલાં છે. સ્નેહથી 'અનુ' પછી 'આત્મનઃ[૪]' પોતાનું બંધન તે 'સ્નેહાનુબન્ધનમ્' (સ્નેહથી બંધાએલા રહેવું) ૬.

૧.'આગળની અવસ્થા' એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય તે માટે કરવાના પ્રયત્નની અવસ્થા (પ્ર).

૨.ભગવાન અનુકૂલ હોવામાં સંદેહ થાય તો શું કરવું તે આ કારિકાથી કહે છે.(પ્ર)

૩.'તેવો' એટલે ભગવાન અનુકૂલ થાય તેવો.(પ્ર)

૪.'પોતાનું' એટલે મારું (નારદનું) (પ્ર). માતાનું પોતાનું એવો અર્થ જણાય છે.

તે વિષયમાં માતાના સ્નેહનું બંધનજ થયું. પરંતુ તેનું કાર્ય ન થયું. તેમ કાર્ય થયું હોય તો વિષયોથી મારો પણ બંધ થાત, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**સાઽસ્વતન્ત્રા ન કલ્પાઽઽસીદ્ યોગક્ષેમં મમેચ્છતી ।**
**ઈશસ્ય હિ વશે લોકો યોષા દારુમયી યથા ।।૭।।**

તે સ્વતન્ત્ર ન હતી, મારો યોગ અને ક્ષેમ ને ઈચ્છતી (તે કરવા) શક્તિવાળી ન હતી, કારણ કે કાષ્ઠની બનાવેલી સ્ત્રીની પેઠે લોક ઈશ્વરને વશ છે.૭

મારી મા તેના શેઠને અધીન હતી, સ્વતંત્ર ન હતી. તેમજ 'ન કલ્પા' મારાં યોગ-ક્ષેમ વિગેરે કરવા શક્તિવાળી ન હતી. પાણીનું પાત્ર આપવું વિગેરે યોગ[૧], અને જે મળેલ હોય તેને સાચવવું તે ક્ષેમ.

બ્રહ્મ જાણનાર સર્વ દેવોની સન્નિધિમાં રહેતો હોવાથી તેને યોગ અને ક્ષેમ પ્રાપ્ત કેમ ન થાય? ૹ એવો પ્રશ્ન થાય. તેથી 'કારણ કે લોક ઈશ્વરને વશ છે' એમ કહે છે. ''મારામાંથી જ જુદા-જુદા પદાર્થો થાય છે'' એ પ્રમાણ 'હિ' 'કારણ કે' શબ્દથી સૂચવેલું છે. 'ઈશ્વર' એટલે ભગવાન અથવા કાલ. જેમ સ્ત્રીની પ્રતિમા મદારીની ઈચ્છાથી નૃત્ય કરે છે, તેમ સર્વ લોક ભગવાનની ઈચ્છા પ્રમાણે ક્રિયા કરે છે, એવી ભગવનનાં જ્ઞાનવાળાની બુદ્ધિ હોય છે. કાલ ઈશ્વર છે તે મત પ્રમાણે પણ તેમ છે. કર્મથી થયેલા દુષ્ટ પ્રાણીઓ (રાક્ષસો) નો મત તો જુદોજ છે, તે આગળ કહીશું. જેમ સ્ત્રી પુતળીને મદારી પણ સ્વતંત્રતા વિગેરે ગુણવાળી કરતો નથી, તેમ ભગવાન પણ જીવોને તેવા ગુણવાળા કરતા નથી. તે અર્થ કાષ્ઠની બનાવેલી 'સ્ત્રી' શબ્દથી કહેલો છે.૭.

૧.'યોગ' એટલે ન પ્રાપ્ત થયેલાની પ્રાપ્તિ.(પ્ર) આ યોગની વ્યાખ્યા બરાબર છે. સુબોધિનીમાં 'કુણ્ડલાદૌ' શબ્દ છે. 'કુંડ' એટલે પાત્ર વાસણ, 'લા' એટલે આપવું. નારદની મા તેમને પાણીનું પાત્ર આપવાની પણ શક્તિવાળી ન હતી, અને કહેલ હોવાનું જણાય છે.

**અહં ચ તદ્બ્રહ્મકુલે ઊષિવાંસ્તદપેક્ષયા ।**
**દિગ્દેશકાલાવ્યુત્પન્નો બાલકઃ પઞ્ચહાયનઃ ।।૮।।**

અને દિશા, દેશ અને કાલ ને ન જાણનારો પાંચ વર્ષનો બાલક હું તેની રાહ જોઈને તે

બ્રાહ્મણોના ઘરમાં રહેતો હતો.૮

'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે જેમ માતા ઈશ્વરને અધીન હતી. તેમ હું પણ ઈશ્વરને અધીન હતો. હું વિશેષ પ્રકારે ઈશ્વરને અધીન હોવાથી (આ) જુદું કહેલ છે. 'તે બ્રાહ્મણોના ઘરમાં' એટલે માના શેઠ બ્રાહ્મણોના ઘરમાં. આથી મારામાં અન્ન વિગેરેનો દોષ ન હોવાનું કહેલું છે. 'તેની રાહ જોઈને' એટલે માતાથી થયેલ વિઘ્ન ન રહે તેની રાહ જોઈને. પૂર્વ વિગેરે દિશાઓ, પોતાનો દેશ વિગેરે દેશો, દિવસ રાત્રિ વિગેરે કાલને હું જાણતો ન હતો. તેથી ક્યાં રહેવું, ક્યારે નીકળી જવું એવા જ્ઞાન વિનાનો હું હતો. આથી લૌકિક વિષયનું જ્ઞાન ન હોવાનું કહ્યું. તેથી તે લૌકિકના જ્ઞાનથી પણ બંધન અને ભગવાનનું વિસ્મરણ થયાં નહીં. 'બાલક' હતો તેથી વિષયોના સંબંધ વિનાનો હતો. અને પાંચ વર્ષનો હોવાથી બીજા બ્રાહ્મણ શેઠનું પરાધીનપણું ન હતું.૮

ભગવાને પણ મને કાંઈક જ્ઞાન થાય તે માટે તેટલા સમય સુધી વિઘ્ન રાખ્યું. જ્ઞાન થયું ત્યારે તો તેને દૂર કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**એકદા નિર્ગતાં ગેહાદ્ દુહન્તીં નિશિ ગાં પથિ ।**
**સર્પોઽદશત્ પદાસ્પૃષ્ટઃ કૃપણાં કાલચોદિતઃ ।।૯।।**

એક સમયે ઘરમાંથી બહાર ગએલી, રાત્રે માર્ગમાં ગાયને દોહતી તેને કાલે પ્રેરણા કરેલો, પગથી સ્પર્શ કરેલો સર્પ ડસ્યો.૯

'એક સમયે' જ્યારે બધાએ ગૃહસ્થો પોતપોતાના કામમાં રોકાયેલા હતા ત્યારે ઘરમાંથી બહાર ગએલી મારી માને સર્પ ડસ્યો. 'ઘરમાંથી બહાર ગએલી' હોવાથી ઘરમાંથી શ્મશાન લઈ જવાનો ક્લેશ પણ રહેલ નહીં, અને ગાયનો સ્પર્શ થતાં તેની શુદ્ધિ થયેલી. 'ગાયને દોહતી' શબ્દથી તે ઉત્તમ કાર્યમાં રોકાએલી હોવાનું કહ્યું. માર્ગમાં રહેલો સર્પ ભગવાનની પ્રેરણાથી તેની પાસે આવ્યો. ભગવાને આ કરેલું તેમ જણાવવા 'પગથી સ્પર્શ કરેલો' શબ્દોથી તેનો અપરાધ કહ્યો, વાસ્તવિક રીતે તો તેનો પણ દોષ ન હતો અને તે સર્પનો પણ દોષ ન હતો, એમ 'કાલે પ્રેરણા કરેલો' શબ્દથી કહેલ છે. કાલ વિગેરે ભગવાનની ઈચ્છા પ્રમાણે કાર્ય કરનારા છે.૯

મેં પણ ભગવાનનો ઉપકાર છે એમ જાણીને તેમજ કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**તદા તદહમ્ ઈશસ્ય ભક્તાનાં શમભીપ્સતઃ ।**
**અનુગ્રહં મન્યમાનઃ પ્રાતિષ્ઠં દિશમુત્તરામ્ ।।૧૦।।**

ત્યારે ભક્તોનું કલ્યાણ ઈચ્છતા ઈશ્વરની તે કૃપા હોવાનું જાણતો હું ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો.૧૦.

કારણ કે ભગવાન સદા ભક્તોનું કલ્યાણજ ઈચ્છે છે, છતાં વિઘ્નો પણ ભગવદ્રૂપ

હોવાથી કોઈ વાર તેમને દૂર કરતા નથી. જો તે વિઘ્નો દૂર કરવાનું પણ કરે, ત્યારે આ ઘણી કૃપા છે એમ જાણીને, કરવા ઇચ્છેલા કાર્યમાં વિલંબ ન કરવો, એવા અભિપ્રાયથી 'કૃપા હોવાનું જાણતો' એમ કહેલ છે. ''આ નિશ્ચય દેવો અને મનુષ્યોની શાંત દિશા છે'' એ શ્રુતિ પ્રમાણે 'ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો.'૧૦

૧.'તેમજ કર્યું' એટલે ઘરમાંથી બહાર નીકળી ગયો.

ભગવાને કરેલ હોય તેમાં વિઘ્ન થતાં નથી એમ જણાવવા ભૂમિ, જલ અને વૃક્ષો હું ઓળંગી ગયો એમ નીચેના અઢી શ્લોકથી કહે છે :

**સ્ફીતાઞ્જનપદાંસ્તત્ર પુરગ્રામવ્રજાકરાન્ ।**
**ખેટખર્વટવાટીશ્ચ વનાન્યુપવનાનિ ચ ।।૧૧।।**
**ચિત્રધાતુવિચિત્રાદ્રીનિભભગ્નભુજદ્રુમાન્ ।**
**જલાશયાન્ શિવજલાન્ નલિનીઃ સુરસેવિતાઃ ।**
**ચિત્રસ્વનૈઃ પત્રરથૈઃ વિભ્રમદ્ભ્રમરશ્રિયઃ ।।૧૨।।**

ત્યાં સમૃદ્ધ દેશો, શહેરો, ગામો, નેસડાઓ, ખાણો, ખેટો, ખર્વટો અને વાડીઓ, વનો અને બગીચાઓ, હાથીઓએ ભાંગી નાખેલ ડાળીઓવાળાં વૃક્ષોવાળાં જુદી-જુદી ધાતુઓથી વિચિત્ર દેખાતા પર્વતો, શિવ જલવાળાં જળાશયો, જુદા-જુદા સ્વરવાળાં પક્ષીઓ સાથે ઘણું ભમતા ભમરાઓથી શોભતાં અને દેવોના નિવાસવાળી તલાવડીઓ હું ઓળંગી ગયો. ૧૧-૧૨.

તે પૈકી એક શ્લોકથી ભૂમિના પ્રકારો કહે છે. 'સમૃદ્ધ' એટલે ધાન્ય વિગેરેવાળાં માલવા વિગેરે દેશો, નગરથી મોટાં શહેરો, નાના ઘરવાળાં ગામો, ગાયનાં સ્થાન નેસડાઓ, મીઠાં વિગેરેની ખાણો, 'ખેટો' એટલે ખેડૂતોનાં ગામો, 'ખર્વટો' એટલે જેની એક તરફ નદી અને બીજી તરફ પર્વતો હોય તેવાં અગ્નિહોત્ર કરનારના ગામ. 'વાડીઓ' એટલે પુષ્પ વિગેરે વાળી વાડીઓ, વચલા સ્થાનમાં કુદરતી વનો, વાવેલાં વૃક્ષોના બગીચાઓ, 'ચ' 'અને' શબ્દથી જણાવેલ ખલવાડો વિગેરે.૧૧

હવે વૃક્ષો સાથેના પર્વતોનું ઉલ્લંઘન (કર્યાનું) કહે છે. જુદી-જુદી ધાતુઓથી વિચિત્ર દેખાતા પર્વતો, 'હાથીઓએ ભાંગેલી છે ડાળીઓ જેઓની તેવાં વૃક્ષો હતાં જેમના ઉપર' એ તે પર્વતોનુંજ વિશેષણ છે. રાગ અને ભયનાં[1] કારણ કહ્યાં. હવે વિશ્રામનાં પ્રયોજનવાળાં જલ કહે છે. 'જલાશયો' એટલે મોટા કમલવાળા જલ ભરેલા ખાડાઓ. 'શિવ જલવાળાં' તેમનું જ વિશેષણ છે. 'શિવ જલ' એટલે શીતલ, રોગ વિગેરે ઉત્પન્ન ન કરે તેવું જલ. કમલવિગેરેવાળી દેવોએ ખોદેલી તલાવડીઓ. 'દેવોના નિવાસવાળી' એટલે દેવાલય વિગેરેવાળી. આશ્ચર્ય રસ ઉપજાવવા કહે છે કે, જુદા-જુદા સ્વરો છે જેમના તેવા પક્ષીઓ સાથે ઘણા ભમરાઓની શોભા હતી જેઓમાં તેવી તલાવડીઓ હતી.૧૨

૧.ધાતુઓથી વિચિત્ર દેખાતા પર્વતો રાગ(આનંદ) ઉપજાવે તેવા, અને હાથીઓએ ભાંગેલી ડાળોવાળાં વૃક્ષો ભય ઉપજાવે તેવાં હતાં, તેથી અનુક્રમે રાગ અને ભયનાં કારણ હતાં.

એ પ્રમાણે કહીને નીચેના શ્લોકમાં તે ઓળંગ્યાનું કહે છે :

**નલવેણુશરસ્તમ્બ  કુશકીચકગહ્વરમ્ ।**
**એક એવાતિયાતોऽહમ્ અદ્રાક્ષં વિપિનં મહત્ ।**
**ઘોરં પ્રતિભયાકારં વ્યાલોલૂકશિવાજિરમ્ ।।૧૩।।**

ઓળંગેલા એકલાએ મેં બરૂ, વાંસ અને શ્વેતબરૂ ના જથ્થા અને કુશ તથા કીચકથી ગહન, ઘોર, ભયને પણ ભય ઉપજાવે તેવા દેખાવવાળું સર્પ, ઘૂડ અને શિયાળો ના આંગણાંરૂપ મોટું વન જોયું.૧૩

બરૂ, વાંસ અને શ્વેત બરૂના જથ્થા, કુશ અને 'કીચકાઃ' પોલાણવાળા જાડા વાંસો, તેઓથી ગહન મોટું વન હું એકલો ઓળંગી ગયો. અહીં વનના કેટલાક પ્રદેશ ઓળંગ્યાનું કહેવા ઈચ્છેલું છે, અથવા ઉપર કહેલા સ્થળોને હું ઓળંગી ગયો. પહેલાં જુદા-જુદા સ્થળે બીજા મુસાફરો પણ હતા, પરંતુ ઘોર મોટું વન તો મેં એકલાએજ જોયું. તે ભય ઉત્પન્ન કરે તેવું હોવા છતાં પણ મને ભય થયો નહીં એવા અભિપ્રાયથી કહે છે કે વાઘે ફાડી ખાધેલા જનાવરોના માંસ વિગેરેને લીધે તે ઘોર હતું. ભયને પણ સામો ભય કરે તેવો દેખાવ હતો જેનો તેવું હતું. વાઘ વિગેરે પણ તેનાથી ભય પામતા એવો અર્થ છે. 'સૂર્ય, ઘૂડ અને શિયાળોના આંગણારૂપ' શબ્દથી એમ કહે છે કે વચમાં વૃક્ષ વિનાનો પ્રદેશ પણ ભયાનક હતો. 'વ્યાલાઃ' સર્પો; 'ઉલૂકાઃ' ઘૂવડો. 'શિવાઃ' શિયાળો, તેઓનું આંગણું હોવાથી તેઓએ ખાધેલ માંસ વિગેરે વાળું હતું.૧૩.

**પરિશ્રાન્તેન્દ્રિયાત્માऽહં તૃટ્પરીતો બુભુક્ષિતઃ ।**
**સ્નાત્વા પીત્વા હ્રદે નદ્યા ઉપસ્પૃષ્ટો ગતવ્યથઃ ।।૧૪।।**

ઘણું થાકેલ ઈંદ્રિયો અને દેહવાળો, તરસથી અભિભવ પામેલો, ભૂખ્યો થયેલ હું નદીના ધરામાં સ્નાન કરી જલ પાન કરી આચમન કરી દુઃખરહિત થયો.૧૪

પહેલાં ભગવાનનું ચિંતન કરીને ગયેલ હોવા છતાં પણ ઘણું ભયાનક વન જોઈને બહિર્મુખ થતાં 'પરિશ્રાન્તેન્દ્રિયાત્મા' સર્વ તરફથી ઘણું થાકેલ ઈંદ્રિયો અને 'આત્મા' દેહ હતો જેનો તેવો થયો, તેમજ તરસથી અભિભવ પામેલો અને ભૂખ્યો થયો. કોઈ એક નદીમાં પાર્વતીનો કુંડ થયેલ ધરો હતો. તે વૃક્ષ વિગેરેથી શીતલ હતો. ત્યાં સ્નાન કરી અને જલપાન કરીને ફરીથી આત્માનું ચિંતન કરવા 'ઉપસ્પૃષ્યઃ' આચમન કર્યું. માત્ર ચિંતન કરવાથીજ અંતઃકરણનું દુઃખ દૂર થાય, અને દેહ તથા ઈંદ્રિયો નું દુઃખ સ્નાન અને જલ પાન વિગેરેથી દૂર થયું.૧૪

**[1]તસ્મિન્ નિર્મનુજેऽરણ્યે પિપ્પલોપસ્થ આશ્રિતઃ ।**

**આત્મનાऽऽત્માનમ્ આત્મસ્થં યથાશ્રુતમ્ અચિન્તયમ્ ।।૧૫।।**

તે મનુષ્ય રહિત વનમાં પીપળાની છાયાનો આશ્રય કરેલાએ મેં જેવું શ્રવણ કરેલું તે પ્રમાણે આત્માથી આત્મામાં રહેલા આત્માનું ચિંતન કર્યું.૧૫

એવી રીતે સાવધાન થઈને મનુષ્યનો સંબંધ જરા પણ ન હોવાથી કોલાહલ, પાપ વિગેરેના સંબંધ વિનાના ઉત્તમ પ્રદેશ-વનમાં, અને તેમાં પણ પીપળાની છાયાનો મેં આશ્રય કર્યો, એટલે પાછલા ભાગથી વૃક્ષનો સ્પર્શ કરી રહેલાએ મેં આત્માનું ચિંતન કર્યું કે 'હું કોણ છું?' અને તેવી રીતે તેને આત્મા તરીકે જાણવામાં આવતાં, 'હું કોનાથી આવો પ્રકાશું છું?' એ જાણવાની ઈચ્છા થતાં, પોતાથીજ એટલે પોતાના પ્રકાશવાળા આત્માથીજ હું આવો પ્રકાશું છું એમ જાણ્યું. એવી રીતે પોતાના પ્રકાશવાળા આત્માનું જ્ઞાન થયા પછી, ફરીથી ગૂઢ ઉપદેશના સ્મરણથી, જેનો હું આસન થયેલો આત્મા છું તે આ કોણ? એ જાણવાની ઈચ્છા થતાં, આત્મામાંજ પ્રકાશતા ભગવાનનાં મને દર્શન થયાં. તે તો 'જેવું શ્રવણ કરેલું તે પ્રમાણે' શબ્દોથી ચિંતન કરવાથી જણાએલી ભગવાનની માનસી મૂર્તિ હતી.૧૫

૧.કારણ કે આ વનમાં જ તેણે ભગવાનનું ધ્યાન ધર્યાનું કહેલ છે. જુઓ શ્લો.૧૫-૧૬.

**ધ્યાયતશ્ચરણામ્ભોજં ભાવનિર્જિતચેતસા ।**
**ઔત્કણ્ઠ્યાશ્રુકલાક્ષસ્ય હૃદ્યાસીન્ મે શનૈર્હરિઃ ।।૧૬।।**

ભક્તિએ વશ કરેલા ચિત્તથી ચરણકમલનું ધ્યાન ધરતાં ચિંતાથી થોડાં આંસુ આવેલ આંખવાળાના મારા હૃદયમાં ધીરે-ધીરે ભગવાન પ્રકટ થયા.૧૬

તે પ્રાપ્ત કરીને[1] વિચારનો આરંભ કર્યો ત્યારે ભક્તિ ઉત્પન્ન થઈ. તે ઉત્પન્ન થઈ ત્યારે ભગવાનના ચરણકમલના ધ્યાનનો આરંભ કર્યો. પછી ભક્તિએ વશ કરેલા ચિત્તથી ચરણકમલનું ધ્યાન કરતાં ભક્તિનો આનંદ પૂર્ણ થયો. તેથી પ્રેમને લીધે ભગવાનના 'દર્શન' માટેની ચિંતાથી આનંદનાં આંસુ વિગેરે થયાં. પછી ચિંતાથી થોડાં આંસુ થયેલ આંખવાળાના મારા હૃદયમાં બહાર ભગવાનનાં દર્શન ન થતાં હોય ત્યારે ચિંતન ચાલુ રહે તે માટે ભગવાન ધીરે-ધીરે પ્રકટ થયા.

૧.'તલ્લબ્ધ્વા ચિંતાયામારબ્ધાયાયામ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

મનથી કલ્પેલી ભગવાનની મૂર્તિના અંદરના ભાગમાંથી ભગવાન પ્રકટ થયા ત્યારે માનસી મૂર્તિ અને પ્રકટ થયેલ ભગવાન મળી જતાં જે થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**પ્રેમાતિભરનિર્ભિન્ન પુલકાંગોऽતિનિર્વૃતઃ ।**
**આનન્દસમ્પ્લવે લીનો નાપશ્યમ્ ઉભયં મુને ।।૧૭।।**

પ્રેમના ઘણા પૂરથી રોમાંચ બહાર નીકળેલ અંગવાળા, ઘણા સુખી થયેલ આનંદના પૂરમાં ડૂબેલા મેં, હે મુનિ! બંને જોયા નહીં.૧૭

આ ભગવાનનો સાક્ષાત્કાર થયો. એજ પ્રમાણે બ્રહ્મનો સાક્ષાત્કાર પણ થયો. જેમ ગંગાના જલમાં દેવતારૂપ ગંગાનું ધ્યાન કરવામાં આવે ત્યારે જો સાક્ષાત્ ભગવત્પદી ગંગાદેવી પ્રકટ થાય, તેવી રીતે સર્વ આત્માઓના આત્મા થયેલા અને આત્મામાં રહેલા ભગવાનનું ધ્યાન કરવામાં આવે ત્યારે જો સાક્ષાત્ ભગવાન પોતાની મેળે પ્રકટ થાય, ત્યારે તે સ્થિર થયેલ ભગવાનમાં પ્રવેશ થાય તે સાયુજ્ય. જેમ જલ દેવતામાં પ્રવેશ કરે ત્યારે નદી સૂકાઈ જાય છે, તેમ જીવ બ્રહ્મની પ્રાપ્તિ કરે છે. એ પ્રમાણે પ્રકટ થયેલા ભગવાનની સન્નિધિથી ઘણોજ આનંદ થયો, તે આનંદનું 'અતિભરઃ' ઘણું પૂર થયું. સન્નિધિના ચિહ્નો એક પછી એક ઘણાં ઉત્તમ થવાથી તે પૂરથી બહાર નીકળેલ છે 'પુલકાઃ' રોમાંચો જેના તેવો હું થયો. આનંદ રૂંવાડાંના છિદ્રોદ્વારા બહાર નીકળ્યો, એવો અર્થ છે. એ પ્રમાણે બધા અંગો આનંદથી ભરપૂર થયાં ત્યારે હું ઘણો સુખી થયો. શાંત આનંદથી ભરપૂર થયો, એવો અર્થ છે. અને તે[1] ફરી આનંદના પૂરમાં ગંગામાંથીજ બહાર કાઢેલ એક લોટો જલ પાછું ગંગામાં નાખવામાં આવેલું ગંગાજ થાય છે તેમ આનંદના પૂરમાં ડૂબ્યો. ત્યારે મેં મને પોતાને અને ભગવાનને બંનેને જોયા નહીં. 'હે મુનિ!' એવું સંબોધન વ્યાસની સંમતિ મેળવવા કરેલું છે, કારણ કે કોઈક સમયે મુનિઓએ એ પ્રમાણે થાય છે. આનંદમાં પ્રવેશ કરેલ ચૈતન્ય પદાર્થ ચૈતન્ય તરીકે જણાતો નથી, એવો અર્થ છે.૧૭

૧.'તે' શબ્દ નારદ માટે જ યોજાએલ છે. 'હું' એવો અર્થ છે, અથવા નારદનો 'આત્મા' એ શબ્દથી જાણવો.

**રૂપં ભગવતો યત્ તદ્ મનઃકાન્તં શુચાપહમ્ ।**
**અપશ્યન્ સહસોત્તસ્થે વૈક્લવ્યાહુર્મના ઈવ ।।૧૮।।**

ભગવાનનું જે રૂપ મનનું સ્વામી અને શોકનો નાશ કરનારું હતું તેને ન જોતાં પીડાએલ મનવાળાની પેઠે વિકલતાથી હું એકાએક ઉભો થયો.૧૮

પછી ભગવાનની ઈચ્છાથી ભગવાન તિરોહિત થયા ત્યારે મારો પોતાનો આનંદ પણ તિરોહિત થતાં, ભગવાનની માનસી મૂર્તિ પણ તિરોહિત થઈ, કારણ કે બલવાનથી તેમનો પરાભવ થયો. ત્યારે મનના સ્વામી તરીકે પ્રકાશતું, સર્વ દુઃખનો નાશ કરનારું ભગવાનનું રૂપ ન જોતાં 'અહીંથી ભગવાન ક્યાં પધારી ગયા?' એવી બુદ્ધિથી હું એકાએક 'ઉત્તસ્થે' ઉભો થયો. 'અંદર રહેલો પદાર્થ બહાર જવાનું કેમ સંભવે?' એવો પ્રશ્ન થાય, તેથી 'વિકલતાથી' એમ કહેલું છે. વિકલતાને લીધે મને તે સૂઝ્યું નહીં. એવો અર્થ છે, કારણ કે વિકલતા સર્વનું વિસ્મરણ કરાવનારી છે. વળી હું પીડાએલ મનવાળા જેવો થયો. 'દુર્ગતં' પીડાએલ છે 'મનઃ' મન જેનું તેવો થયો. જેમ પોતાના સર્વસ્વનો નાશ થાય ત્યારે સર્વમાં ચોંટી રહેલું ચિત્ત નાશ પામેલ હોય તેવું થાય છે તેમ ભગવાનની મૂર્તિ તિરોહિત થતાં નારદનું ચિત્ત થયું, એમ તે દુષ્ટ થયું.૧૮

ફરી કેટલાક સમય સુધી સમાધિ કરવાથી મેં જાણ્યું કે ભગવાન પ્રકટ થયેલા હોવાથી

તેમનાથી આ સર્વ આનંદ થયેલ તેથી સાવધાન થઈને ફરીથી ભગવાનનાં દર્શન કરવા માટે ધ્યાન કરવાનો આરંભ કર્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**દિદક્ષુઃ તદહં ભૂયઃ પ્રણિધાય મનો હૃદિ ।**
**વીક્ષ્યમાણોઽપિ નાપશ્યમ્ અવિતૃપ્ત ઈવાતુરઃ ।।૧૯।।**

તેનાં ફરીથી દર્શન કરવાની ઈચ્છાવાળાએ મેં મનને હૃદયમાં લગાડીને જોવા છતાં રોગી તૃપ્તિ વિનાનો રહે તેમ દર્શન થયા નહીં.૧૯

તેના પ્રકટ થયેલાં ભગવાનનાં સ્વરૂપનાં દર્શન કરવાની ઈચ્છાવાળાએ મેં તે કાર્યમાં ભગવાનનું ધ્યાન જ સાધન છે એમ જાણીને, ફરીથી મનને ભગવાનની મૂર્તિ જેમાં રહેલી તે હૃદયમાં સ્થિર કર્યું. તેનાથી માનસી મૂર્તિને જોવા છતાં મને ભગવાનનાં દર્શન થયાં નહીં. તે 'જોવા છતાં દર્શન થયાં નહીં' શબ્દોથી કહેલ છે. ત્યારે મને દુઃખ થયું એમ 'રોગી તૃપ્તિ વિનાનો રહે તેમ' શબ્દોથી કહેલું છે. જેમ તાવ વિગેરે રોગવાળો માંદો, કોઈ વાર દ્રાક્ષ વિગેરે આપવામાં આવે તેથી તૃપ્ત ન થતાં ફરી તે માગે ત્યારે તેને તે મળે નહીં, અને તેથી તેના રસમાં આસક્ત થયેલો ઘણું દુઃખ પામે છે, કારણ કે તાપવાળાને ઘણી દ્રાક્ષ સુખકારક નથી, પરંતુ થોડી રુચિ કરાવનારી છે. મારા અનુભવને માર્ગ મળતો આવેલ હોવાથી તે સાચો હોવાના જ્ઞાનથી અને ભગવાન પ્રકટ થયેલ હોવાથી ખાધેલું ઓકેલાની પેઠે કાંઈક તૃપ્તિ તો થઈ જ, છતાં પણ સારી રીતે તૃપ્તિ ન થઈ.૧૯

છતાં પણ મેં પ્રયત્ન તજ્યો નહીં, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવં યતન્તં વિજને મામ્ આહાઽગોચરો ગિરામ્ ।**
**ગમ્ભીરશ્લક્ષ્ણયા વાચા શુચઃ પ્રશમયન્નિવ ।।૨૦।।**

એ પ્રમાણે નિર્જન વનમાં પ્રયત્ન કરતા મને વાણીથી વર્ણન ન થઈ શકે તેવાએ શોકનું શમન કરતા હોય તેમ ગંભીર અને કોમલ વાણીથી નીચે પ્રમાણે કહ્યું.૨૦

'નિર્જન' શબ્દથી એમ જણાવેલ છે કે તે બીજા મનુષ્યની વાણી હોવાનો સંભવ ન હતો. આ કહેનાર કોણ હતા? એ જાણવાની ઈચ્છા થાય તેથી 'વાણીથી વર્ણન ન થઈ શકે તેવા એ' એમ કહેલું છે. ''જ્યાંથી વાણી મનની સાથે પહોંચ્યા વિના પાછી રચે છે'' એ શ્રુતિ પ્રમાણે તે ભગવાનના શાસ્ત્રથી જણાય તેવું સાકાર બ્રહ્મ હતું એવો અર્થ છે. 'ગંભીર અને કોમલ વાણીથી' શબ્દોથી, તેમનું વાક્ય કહેલ. વાણી ગંભીર હોવાથી પડઘો પડતો ન હતો, અને કોમલ હોવાથી તે આકાશ પુરુષની વાણી ન હતી. તે નારદનો શોક આવો હતો : શું મેં ભ્રમથી કે સ્વપ્નમાં કાંઈક અનુભવ્યું હતું? જો તેમ હોય તો શાસ્ત્ર પ્રમાણ ન ગણાય, તેથી અને ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છાથી ઘણું દુઃખ થયેલું. એ પ્રમાણે જુદા-જુદા પ્રકારનો શોક થયેલ. તેનું શમન કરતા હોય તેમ કહ્યું. શોક હતો તેથી શમન કર્યું અને ભવિષ્યમાં તે ઉત્પન્ન થશે, અને અત્યારે રહ્યો નથી. તેથી 'શમન કરતાં હોય તેમ' એમ કહેલું છે.૨૦

નીચેના શ્લોકથી આરંભી ભગવાનનું વચન કહે છે :

**હન્તાઽસ્મિન્ જન્મનિ ભવાન્ મા માં દ્રષ્ટુમ્ ઈહાર્હતિ ।**
**અવિપક્વકષાયાણાં દુર્દર્શોઽહં કુયોગિનામ્ ।।૨૧।।**

અરે! આ જન્મમાં તું અહીં મારાં દર્શન કરવા યોગ્ય નથી. જેમની ઈંદ્રિયોની વૃત્તિઓ પાકેલી ન હોય તેવા કાચા યોગીઓને મારાં દર્શન દુર્લભ છે.૨૧

'અરે!' એ દુઃખી થયેલાનું સ્નેહથી કરેલું સંબોધન છે. આ જન્મમાં અને આ સ્થળે તું મારાં દર્શન ન કરવા યોગ્ય નથી. તેમ[1] કહ્યું ન હોત તો નારદ મરણ સુધી આ સ્થળે જ રહેત. તેથી વૈકુંઠમાં અથવા બીજા સ્થલે બીજા જન્મમાં દર્શન થશે. ઉત્તરાર્ધથી આ સ્થલે દર્શન ન થવાનું કારણ કહેલું છે. ઉત્તમ પ્રકારે રાગ વિગેરે (ઈંદ્રિયોની વૃત્તિઓ) પાકેલ નથી જેના તેવો તું છે. અત્યારે ભક્તિ, જ્ઞાન વગેરે ઉત્પન્ન થયેલાં હોવાથી (રાગ વિગેરે) પરાભવ પામી તિરોહિત થઈ રહેલા છે, પરંતુ સમય જતાં બીજું નિમિત્ત પ્રાપ્ત કરીને જાગ્રત થશે તેથી તેઓને પકવવાનો પ્રયાસ કરવો જોઈએ એમ કહ્યું. ''કર્મો ઈંદ્રિયોની વૃત્તિઓને પકાવનારાં છે'' એ શ્રુતિ પ્રમાણે તેમને પકાવનારાં કર્મો કરવાં જોઈએ, એવો અર્થ છે. ઈંદ્રિયોની વૃત્તિઓ પાકેલી ન હોય ત્યારે પણ જો સાધનોમાં ઘણો આગ્રહ હોય તો કોઈક સમયે દુઃખથી મારાં દર્શન ન પણ થઈ શકે. તે 'મારાં દર્શન દુર્લભ છે' શબ્દથી કહેલ છે. 'કાચા યોગીઓ' એટલે વિઘ્નોથી યોગ કરતાં અટકી ગયેલા તેથી નારદની ઈંદ્રિયોની વૃત્તિઓ પહેલાં પાકેલી ન હતી.૨૧

૧.'અહીં' દર્શન કરવા યોગ્ય નથી, એમ દેશ દર્શાવેલ ન હોત તો.(પ્ર)

એક વાર તો પ્રમેયના બલથી દર્શન થયાં, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સકૃદ્ યદ્ દર્શિતં રૂપમ્ અતત્કામાય તેઽનઘ ।**
**મત્કામઃ શનકૈઃ સાધુઃ સર્વાન્ મુઞ્ચતિ હૃચ્છયાન્ ।।૨૨।।**

હે પાપરહિત! એક વાર જે મારાં સ્વરૂપનું દર્શન કરાવ્યું તે આની કામના થાય તે માટે કરાવ્યું. મારી કામના કરનાર સત્પુરુષ ધીરે-ધીરે સર્વ કામનાઓનો ત્યાગ કરે છે.૨૨

આ સ્વરૂપનાં જે એકવાર દર્શન કરાવ્યાં, તે તારામાં તેની કામના ઉત્પન્ન થાય તે માટે, તે સ્વરૂપના સંબંધી[1] ખાસ ઈચ્છા થાય તે માટે કરાવ્યાં. જે કામના થયા બાદ અહીં સંસારમાં રહી ન શકાય. તેની કામના થવાથી શું થાય? એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. મારામાં કામ (મારી કામના થાય). 'ધીરે-ધીરે' શબ્દથી એમ કહેલું છે કે મારા વિષેના કામદ્વારા જેમ-જેમ હૃદયમાં મારો પ્રવેશ થાય, તેમ-તેમ કામનાઓનો ત્યાગ કરે છે. વળી આરંભમાં સત્પુરુષ થાય છે, કારણ કે સત્પુરુષથી જ હું પ્રાપ્ત થાઉં તેવો છું, અને સંસારમાં રાગ વિગેરેથી સત્પુરુષપણું નષ્ટ થતું હોવાથી સત્પુરુષ થયા પછી બધી રાગ વિગેરે કામનાઓનો ત્યાગ કરે છે.૨૨

૧.વૃંદાવન પ્રેસવાળા પ્રતનો પાઠ લીધેલ છે.

ત્યારે શું સાધન કરવું? એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સત્સેવયાઽદીર્ઘયાઽપિ જાતા મયિ દઢા રતિઃ ।**
**હિત્વાઽવદ્યમ્ ઈમં લોકં ગન્તા મજ્જનતામસિ ।।૨૩।।**

ટૂંકા સમયની પણ સત્પુરુષોની સેવાથી મારામાં દઢ પ્રેમ તને થયો છે. દોષવાળા આ લોકને તજીને તું મારા સેવકપણું પ્રાપ્ત કરીશ.૨૩

સાધન તો તારૂં થયેલ છે, કારણ કે ટૂંકા સમયની પણ સત્પુરુષોની સેવાથી મારામાં દઢ પ્રેમ થયો છે. ત્યારે શું ન્યૂનતા છે? એવો પ્રશ્ન થાય. તે સંબંધમાં 'દોષવાળા આ લોકને તજીને' એમ કહેલ છે. દેહ[1] તો દુષ્ટ છે, તે પડશે ત્યારે મારા સેવકપણું થશે. આ વધતો હોવાથી[2] ભવિષ્યનો દેહ પણ તેવો થશે એવી શંકા થાય, તે સંબંધમાં કહે છે કે, 'મજ્જનઃ' મારો સેવક, 'તત્તા' તે પણું એટલે મારા સેવકપણું પ્રાપ્ત કરીશ. સેવક ન હોવા છતાં પણ સેવકપણું પ્રાપ્ત કરીશ.૨૩

૧.શૂદ્ર હોવાથી.
૨.દેહ કર્મથી પ્રાપ્ત થાય છે, અને કર્મનો સ્વભાવ વધ્યા કરવાનો છે તેથી, એવો અર્થ જણાય છે.

જ્ઞાન વિગેરે સાધન બીજા દેહમાં ન હોવાથી ત્યારે આપનાં દર્શન કેમ થશે? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મતિર્મયિ નિબદ્ધેયં ન વિપદ્યેત કર્હિચિત્ ।**
**પ્રજાસર્ગનિરોધેઽપિ સ્મૃતિશ્ચ મદનુગ્રહાત્ ।।૨૪।।**

મારા સંબંધવાળી આ મતિ અને સ્મરણ મારા અનુગ્રહને લીધે કોઈ પણ સમયે પ્રજાની સૃષ્ટિ અને પ્રલય સમયે પણ નાશ નહીં પામે.૨૪

આજ જ્ઞાન બીજા દેહમાં પણ ચાલુ રહેશે. તેનો નાશ થવાનો ભય નથીજ, કારણ કે તેને મારો ઘણો સંબંધ થયેલો છે. જેમ મારું સાયુજ્ય થાય ત્યારે જીવોનો અવિદ્યાથી તિરોભાવ થતો નથી, તેમ જ્ઞાન વિગેરેનો પણ તિરોભાવ થતો નથી. મારાં[1] જ્ઞાનની પેઠે તે પણ રહેશે એવો મારો અનુગ્રહ છે. તે 'કોઈપણ સમયે' શબ્દથી કહેલ છે. 'પ્રજાની સૃષ્ટિ અને પ્રલય સમયે પણ' શબ્દોથી (જ્ઞાનનો) નાશ કરનાર બે સમયો કહીને, તે જ્ઞાનનો નાશ ન થવાનું કહેલ છે. 'અને સ્મરણ' શબ્દોથી બીજું વરદાન કહે છે. વળી પહેલાં અનુભવ કરેલા સર્વ પદાર્થોના સ્મરણનો પણ નાશ નહીં થાય, એવો અર્થ છે. આથી [2]સદા સાવધાન રહે એમ કહેલું હોવાનું અહીં સિદ્ધ થાય છે. ઈંદ્રિયોની વૃત્તિઓને પકાવવી જોઈએ, અને વિઘ્નોથી અટકવું ન જોઈએ.[3] બીજું તો મેં(ભગવાને) જ કરેલું છે. મારામાં કામના કરવી, વિષયોમાં કામના ન રાખવી. આ દેહ પડશે તે જ સમયે મારા સેવકના શરીરની પ્રાપ્તિ થશે. જ્ઞાનનો નાશ નહીં થાય, અને સર્વ પદાર્થોનું સ્મરણ રહેશે.[4] તેમાં[5] એમ સિદ્ધ થયું કે નિર્વિઘ્નપણે ઈંદ્રિયોની વૃત્તિઓને પકાવવાનો ઉપાય તારે તરતજ કરવો જોઈએ.૨૪

૧.'મારાં' એટલે ભગવાનનાં. જેમ ભગવાનના જ્ઞાનનો નાશ થતો નથી, તેમ તારા (નારદના) જ્ઞાનનો પણ નાશ નહીં થાય. એવો ભાવ છે.
૨.'આથી' એટલે ભગવાનના અનુગ્રહથી ઉત્પન્ન થયેલા પૂર્વજન્મનાં સ્મરણથી.(પ્ર)
૩.આ ભાગથી નારદનું કર્તવ્ય જણાય છે.
૪.આ ભાગથી ભગવાને તેને માટે જે અનુગ્રહથી કરેલ છે તે કહેલ છે.
૫.'તેમાં' એટલે ભગવાનના વાક્યમાં.(પ્ર)

**એતાવદુક્ત્વોપરરામ તન્ મહદ્ભૂતં નભોલિંગમ્ અલિંગમ્ ઈશ્વરમ્ ।**
**અહં ચ તસ્મૈ મહતાં મહીયસે શીષ્ણાંઽવનામં વિદધેઽનુકમ્પિતઃ ।।૨૫।।**

આટલું કહીને તે મહત્ થયેલું, આકાશહેતુવાળું હેતુરહિત ઈશ્વર શાંત રહ્યું. અને દયા કરાએલાએ મેં તે મોટાઓના મોટાને મસ્તકથી સાષ્ટાંગ પ્રણામ કર્યા.૨૫

'આટલું કહીને' ભવિષ્યમાં કરવાનો ઉપાય દયાથીજ પોતાની મેળે જણાશે તેથી તે કહ્યા વિનાજ, ઉપર કહ્યું તેટલું જ કહીને શાંત રહ્યું. કહેલું પ્રમાણ છે એમ જણાવવા કહેનારનું વર્ણન કરે છે. સારી રીતે જણાએલ ન હોવાથી નપુંસક શબ્દોનો પ્રયોગ કરેલો છે. 'તે' શબ્દથી સામાન્ય રીતે કહેલ છે. 'મહત્ થયેલું' શબ્દથી એમ કહેલું છે કે : ''આ મોટા થયેલાનો નિઃશ્વાસ વેદ છે'' એ વાક્ય પ્રમાણે વેદની ઉત્પત્તિનું મૂલ થયેલું, (વેદ) પ્રમાણ થાય તે માટેજ મહત્ થયેલું. 'આકાશ હેતુવાળું' શબ્દથી આકાશ પુરુષ ન હોવાનું જણાવેલ છે. આકાશ તો ભગવાનનું અનુમાન કરાવનારું છે, કારણ કે તે ભગવાનનું પહેલું કાર્ય છે, અથવા તેવા પ્રકારે[1] કહેવાનું કારણ છે. કારણ કે તે કાર્ય પણ તેવા પ્રકારે કહે છે. હેતુ વિનાનું છે. કારણ કે ભગવાનનું અનુમાનથી જ્ઞાન થતું નથી, કેમકે તે આત્મા તરીકે પ્રત્યક્ષ છે. જુદા[2] રૂપનું હોય તોપણ વ્યાપ્તિ વિગેરે ભગવાનનું લક્ષણ જણાવી શકતા નથી. તે 'ઈશ્વર' શબ્દથી કહેલ છે. ભગવાનમાં કરેલું ફેરવી નાખવાની શક્તિ હોવાથી ધૂમ વિગેરે હેતુથી જેમ અગ્નિ વિગેરે સાબિત થાય છે, તેમ ભગવાન સાબિત થતા નથી, એવો અર્થ છે. એ પ્રમાણે ભગવાન સર્વ પ્રમાણથી પર અને સર્વમાં પ્રમાણ છે એમ કહ્યું. મેં પણ તેમણે કહેલ તે કર્યું, એમ ઉત્તરાર્ધથી કહે છે. તે પૈકી વિઘ્ન ન થાય તે માટે તે ભગવાનનેજ નમસ્કાર કરે છે. પહેલાંનો પરિચય હોવાથી 'તે' એમ કહેલું છે. ઈશ્વર ફલનું દાન કરે છે એ મત પ્રમાણે પણ જે પ્રમાણે જે કરવાથી ફલ આપે તે માટે નમન કર્યાનું કહેલ છે. માત્ર નમસ્કાર કરવાથી તે ફલ દાન કેમ કરે? એવી શંકા થાય, તેથી 'મોટાઓના મોટાને' એમ કહેલું છે. બહુ મોટા હોય તેમના પ્રતિ તેટલું નમન કરવું જોઈએ. ભગવાનના શબ્દો બહાર સાંભળેલા, તેથી ભગવાન બહાર રહેલા છે એવા વિચારથી બહાર મસ્તકથી 'અવનામં' સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને આ યોગ્યજ હતું, કારણ કે ભગવાને ઘણી દયા કરેલી તે 'દયા કરાએલાએ' શબ્દથી કહેલ છે.૨૫

૧.'તેવા પ્રકારે' એટલે અદ્રશ્ય સ્વરૂપથી.(પ્ર)
૨.(ભગવાનનું) આત્માથી જુદું રૂપ અનુમાનની જણાય તેવું નથી.(પ્ર)

ઈંદ્રિયોની વૃત્તિઓને પકાવવાનું સાધન હું કરું છું એમ નીચેના શ્લોકથી કહે છે :

**નામાન્યનન્તસ્ય હતત્રપઃ પઠન્ ગુહ્યાનિ ભદ્રાણિ કૃતાનિ ચ સ્મરન્ ।**
**ગાં પર્યટંસ્તુષ્ટમના ગતસ્પૃહઃ કાલં પ્રતીક્ષન્ વિમદો વિમત્સરઃ ।।૨૬।।**

નષ્ટલજ્જાવાળો થઈ અનંતના નામોનો ઉચ્ચાર કરતાં અને તેમનાં છૂપાં રાખવા યોગ્ય કલ્યાણકારક કર્મોનું સ્મરણ કરતાં પૃથ્વી ઉપર ફરતાં સંતુષ્ટ મનવાળો, ઈચ્છા વિનાનો, અહંકાર અને ઈર્ષ્યા રહિત થઈ હું કાલની રાહ જોતો રહ્યો. ૨૬

ઈંદ્રિયોની વૃત્તિઓ ત્રણ પ્રકારની છે. રાગ વિગેરે વસ્તુતઃ તામસ છે. તેઓના પણ વાસનાના પ્રકારો રાજસ છે. અવિદ્યાના પ્રકારો તેઓનાં પણ મૂલ થયેલાં છે અને તેઓનો અનુક્રમે કર્મ ભક્તિ અને જ્ઞાન થી નાશ થાય છે, અને તેઓમાં[1] પણ અધિકારો જુદા-જુદા છે, તેથી એક પુરુષથી એક સમયે તે થઈ શક્તા નથી. તેથી આ ત્રણેનો એક પ્રતિનિધિ કરવો જોઈએ. ભગવાનની કૃપાથી નારદને જે સુઝ્યો તે તેણે કર્યો. ''ચક્રના ચિહ્નવાળાનાં નામોનું સદા સર્વ સ્થળે કીર્તન કરવું'' એ વાક્ય પ્રમાણે ભગવાનના નામ લેવામાં અમુક દેશ અથવા કાલ ની જરૂર નથી, છતાં એક નામ વારંવાર ન લીધા કરવું, કારણ કે બ્રહ્મ જાણનાર બધાંએ સ્વરૂપોથી ભગવાનની સેવા કરવાનું શ્રુતિમાં સિદ્ધ થયેલું છે. એક નામ વારંવાર લેવામાં આવે ત્યારે તે અમુક સ્વરૂપનું હોવાથી, બધાં સ્વરૂપો[2] સર્વ સ્થલે રક્ષણ ન કરે, અને નામ લેનારની અને શ્રવણ કરનારની[3] ભગવાન હદવાળા હોવાની બુદ્ધિ થાય અને પાખંડપણું હોવાની શંકા પણ થાય. તેનું[4] પ્રયોજન 'અનંતના' શબ્દથી કહેલું છે. 'અનંતના' એટલે અનંત સ્વરૂપવાળાના તેમ થાય. અનંતના નામો લેવાય ત્યારે નામોનાં ભગવાનના અનંતગુણોનું સ્મરણ થાય.

લોકમાં અલૌકિક કરનાર તે છૂંપું કરે છે. લોકો મશ્કરી કરે એવા ભયથી અને દેહ કુલ અને અંતઃકરણના ગુણોને લીધે લજ્જા થાય છે, કારણ કે શાસ્ત્રમાં આજ્ઞા કરેલ કર્મ કરવામાં પણ લોક મશ્કરી કરે છે. તેમ હોવાથી લોકથી રક્ષણ કરવાની[5] બુદ્ધિથી ભગવાનમાં શુદ્ધ ભાવ થતો નથી. તેથી ભગવાન તેઓનો[6] ત્યાગ કરાવે છે. 'નષ્ટ લજ્જાવાળો' શબ્દથી એમ જણાવેલ છે કે લજ્જાનો નાશ થયેલ હોવાથી તે ફરી થવાની નથી. ક્રિયા અને કર્મ ની વચ્ચે અધિકારીનો શબ્દ આવેલ હોવાથી[7] નામનો ઉચ્ચાર કરવાના સંબંધમાંજ નષ્ટ લજ્જાવાળો હતો.[8] ઉચ્ચાર કરવો એટલે પોતે અભ્યાસ કરેલ હોય તે નામોના અર્થનાં ભાન સાથે મોટેથી બોલવાં તે. વર્તમાન કૃદંતના પ્રત્યયથી તે સદા કરતો હોવાનું કહેલ છે. ચિત્ત ચંચલ હોવાથી તેનો જુદા પ્રકારનો[9] આશ્રય 'છૂપો રાખવા યોગ્ય' શબ્દથી કહેલ છે. જે ચરિત્રો છૂપાં રાખવા યોગ્ય એટલે લોકમાં સ્પષ્ટ પ્રકારે કહેવા યોગ્ય ન હોય તેવાં દ્રૌપદી અર્જુન વિગેરે પ્રતિ શયન અને સ્થાન વિગેરેમાં પુષ્ટિથી કૃપાથી કરેલા શયન સ્થાન વિગેરે. 'કલ્યાણ કારક' મનને હરે તેવાં અને પોતાને નડે નહીં તેવાં.[10] 'કૃતાનિ' સ્પષ્ટ રીતે કરેલાં કર્મો અથવા કરેલાં અને

ભવિષ્યમાં કરવાનાં કર્મોનું સ્મરણ કરતાં કાલની રાહ જોતો રહ્યો. ભગવાનની કૃપાથી તે (ભવિષ્યમાં કરવાનાં કર્મો) જણાયાં. 'પૃથ્વી ઉપર ફરતાં' શબ્દથી શરીરનું કાર્ય કહેલું છે. ગાઢ સંયોગ (પૃથ્વી સાથેનો હોવાથી તેની) બીજી વિભક્તિ યોજેલ છે. 'યો' શબ્દ યોજેલ હોવાથી ગાયની સેવાની પેઠે આ કાર્ય ધર્મ ઉત્પન્ન કરનારું જણાવેલ છે. 'પર્યટન્' એટલે સર્વ તરફથી ફરવું તે. આથી એમ કહેલ છે કે સીધી રીતે એક માર્ગથી દેશ ઉપર ફરતો ન હતો. સાધનના સાધન તરીકે [૧૧]એક અંગ કહીને 'સંતુષ્ટ મનવાળો' વિગેરે પાંચ અંગો ફલના સાધન તરીકે કહે છે. [ક]જો ભૂમિ ઉપર ફરવાનું બીજાં પ્રયોજનથી થાય તો માત્ર તેટલાથી મનનો સંતોષ ન થાય, તેથી સંતુષ્ટ મનવાળા થવું જોઈએ, ફરવાનેજ ફળ તરીકે જાણવું જોઈએ. [ખ]જો કે તે પ્રમાણે ફરવાથી લૌકિક અને અલૌકિક ફલો[૧૨] પ્રાપ્ત થાય છે, છતાં પણ તેઓની ઇચ્છા ન કરવી જોઈએ તે 'ઇચ્છા વિનાનો' શબ્દથી કહેલ છે. [ગ]હદ વિનાના કર્મો કરી શકાય તેવાં નથી. તેથીજ[૧૩] બીજા અધ્યાયમાં કર્મના પ્રકાર કહેલ છે. તેમને જુદાં પાડનાર હોય અને કાલ છે, અને કર્મને જુદા પાડનાર દેશ અને કાલનો સંબંધ હોય[૧૪] ત્યારે કયું કર્મ કરે? એવો પ્રશ્ન થાય, તેથી 'કાલની રાહ જોતો' એમ કહેલ છે. વર્તમાન કૃદંતનો પ્રત્યય યોજેલ હોવાથી શરુઆતથી આરંભી કાલની રાહ જોવી જોઈએ. તેમ કરવાથી શરીરનાં રક્ષણનાં સાધનો ન હોય ત્યારે અને સંતાપકારક કાર્ય હોય ત્યારે અંતઃકરણમાં દુઃખ થતું નથી. [ઘ]દૈવની ગતિથી સન્માન પ્રાપ્ત થાય ત્યારે પણ અહંકાર ન કરવો જોઈએ, કારણ કે પૂજન થવાથી તેની ઉત્તમતા થતી નથી, ઉલટું તે 'મનુષ્યને માનિતા થયેલા યોગીને યોગની સિદ્ધ પ્રાપ્ત થતી નથી' એ વાક્ય પ્રમાણે વિઘ્નકારક છે. [ઙ]વળી વિષયો પ્રાપ્ત ન થાય ત્યારે ઈર્ષ્યા કરવી નહીં. ઉલટું (તે) કાલ (મૃત્યુ) પ્રાપ્ત કરાવનાર હોવાથી તેઓનો ઉપકાર માનવો જોઈએ. વળી વિઘ્ન ન કરે તેવા વિષયો પ્રાપ્ત કરાવનારા[૧૫] ભગવાનની આજ્ઞા પળાવનાર હોવાથી તેઓ વિષે ઈર્ષ્યાથી ઉલટું (પ્રેમ) ન કરવું. શાસ્ત્રમાં મના કરેલ વિષયો પ્રાપ્ત કરાવનારા વિષે તો વિઘ્ન કરનારાઓ પેઠે સહન કરવું. ૨૬

૧. 'તેઓમાં' એટલે કર્મ વિગેરેમાં. (પ્ર)

૨. 'તે થઈને આમનું રક્ષણ કરે છે' એ શ્રુતિ પ્રમાણે ઉપાસ્ય સ્વરૂપજ રક્ષણ કરે છે. (પ્ર)

૩. 'આ સર્વત્ર બ્રહ્મ જાણતો નથી' એવી શ્રવણ કરનારની બુદ્ધિ થાય છે, અને સર્વત્ર બ્રહ્મ જાણતો ન હોવાથી તે પાખંડી હોવાની શંકા થાય, એવો અર્થ છે. (પ્ર)

૪. 'તેનું' એટલે નામો અનંત હોવાનું. (પ્ર)

૫. લોક મશ્કરી ન કરે તેમ કરવું એ તેમનાથી રક્ષણ કરવું.

૬. 'તેઓનો' એટલે લોકોનો. (પ્ર)

૭. ઉચ્ચાર કરવો તે ક્રિયા (પઠન્) અને નામો (નામાનિ) કર્મ તેમની વચ્ચે અધિકારી નષ્ટ લજ્જાવાળો (હતત્રપઃ) શબ્દ છે તેથી.

૮. પરંતુ વસ્ત્રનો ત્યાગ વિગેરેમાં લજ્જા નષ્ટ થયેલ નથી. (પ્ર)

૯. મોટેથી ઉચ્ચાર કરવાનું નહીં; પરંતુ મનથી સ્મરણજ કરવાનું.

૧૦. ચિત્તમાં વિક્ષેપ ન કરે તેવાં. (પ્ર)

૧૧. ચરિત્રમાં સ્મરણરૂપ અંગ નામનો ઉચ્ચાર કરવાનાં સાધન તરીકે કહીને (પ્ર) ઇંદ્રિયોની વૃત્તિઓને પકાવવી એ ભગવાનનાં દર્શનનું સાધન છે. તે સાધનનાં સાધન તરીકે ભગવાનનાં નામોનો ઉચ્ચાર અને છૂપાં

રાખવા યોગ્ય નામોનું સ્મરણ કરીને, એવો અર્થ જણાય છે.

૧૨.સન્માન, આશ્ચર્યકારક પદાર્થોનું અવલોકન, પવિત્ર દેશોનો અનુભવ વિગેરે.(પ્ર)

૧૩.'તેથીજ' એટલે જીંદગી સુધી અધિકાર પ્રમાણે કર્મ ન થઈ શકવાથીજ.(પ્ર)

૧૪.'પ્રયાગમાં મૂંડાવવું' 'તુલા મકર અને મેષમાં પ્રાતઃ કાલે સ્નાન કરવું' વિગેરે વાક્યોમાં જણાવેલ દેશ અને કાલના સંબંધ હોય ત્યારે.

૧૫.અન્ન વિગેરે પ્રાપ્ત કરાવી જીવન ચાલુ રહેવાથી પર્યટન કરવામાં સાહય્ય કરનારા ઉપર પ્રેમ કરવાથી તેમનામાં મન ચોંટે તે પણ યોગ્ય નથી, એવો અર્થ જણાય છે.

એવી રીતે છ અંગો સહિત (ભગવાનના) નામોનો ઉચ્ચાર કરતાં ભૂમિ ઉપર ફરવાનું ઈંદ્રિયોની વૃત્તિઓને પકાવવાનું સાધન હતું. તે જાણી શકાય તેવી રીતે ઈંદ્રિયોની વૃત્તિઓનું પકાવવાનું સાધન હતું કે ન જાણી શકાય તેવા પ્રકારે? તે જાણવાની ઈચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**એવં કૃષ્ણમતેર્બ્રહ્મન્ અસક્તસ્યાऽમલાત્મનઃ ।**
**કાલઃ પ્રાદૂરભૂત્ કાલે તડિત્ સૌદામની યથા ।।૨૭।।**

હે બ્રહ્મન્! શ્રી કૃષ્ણમાં મતિવાળા, આસક્તિ વિનાના, શુદ્ધ અંતઃકરણવાળા મારો કાલ જેમ સૌદામની વિજળી વર્ષાકાલમાં થાય તેમ સમય થતાં દેખાયો.૨૭

એ પ્રમાણે ફરવાથી શ્રીકૃષ્ણમાં મતિ થાય છે. તે જ સમયે વિષયોમાંથી આસક્તિ જતી રહે છે. જ્યારે શ્રીકૃષ્ણ રુચે કે તરત જ વિષયો ગમતા નથી. 'હે બ્રહ્મન્!' એવું સંબોધન પણ વ્યાસની સંમતિ માટે કરેલું છે. શ્રીકૃષ્ણમાંની મતિથી વિષયોમાંથી આસક્તિ જતી રહી કે તરત જ અંતઃકરણ શુદ્ધ થયું. તે જ સમયે ઈંદ્રિયોની વૃત્તિઓ પાકી ગઈ એવો અર્થ છે. તેમને પકવવાજ શરીરનું રક્ષણ કરેલું હોવાથી જ્યારે તે ઈંદ્રિયોની વૃત્તિ પાકી ત્યારે શરીરનું બીજું પ્રયોજન ન હોવાથી, તેનું ગ્રહણ કરવા કાલ જણાયો. 'સમય થતાં' એટલે શરીરનો આરંભ કરાવનાર અદષ્ટ સમાપ્ત થયું ત્યારે, અથવા મારો શાપ[1] સમાપ્ત થયો ત્યારે. અથવા ('કાલે' શબ્દનો) પાછળના સાથે સંબંધ લેવો. 'સમય થતાં' એટલે વર્ષાકાલમાં, કેટલાક[2] 'તડિત્' એટલે 'તરત' કહે છે, અને સૌદામની એટલે સુદામ પર્વતમાંથી ઉત્પન્ન થયેલી અથવા 'તડિત્સૌદામની' એ એક શબ્દ લેવો. 'વિજળીના જેવા પીણા' [3]વિગેરેમાં એક સ્થલ માટે પ્રયોગ કરેલ છે. જેમ ગર્જનાવાળી વૃષ્ટિ પહેલાંથીજ વિજળી થાય છે તેમ શરીરનો નાશ કરનાર રોગ વિગેરે કરતાં જીવને લઈ જનારો કાળ પહેલાંજ દેખાયો, એવો અર્થ છે.૨૭

૧.બ્રહ્મવૈવર્ત પુરાણમાં બ્રહ્માએ નારદને કહેલ છે કે તું ગૃહસ્થાશ્રમ કર; છતાં નારદે તેમ ન કર્યું બ્રહ્માએ તેને શાપ આપ્યો કે 'તું સ્ત્રીની કામના કરનારો અને દાસીનો પુત્ર થઈશ' તેથી નારદ પહેલાં ઉપબર્હણ ગંધર્વ (સ્ત્રીની કામના કરનારો થયો), અને પછી દાસીનો પુત્ર થયો, તે શાપની સમાપ્તિ થતાં, એવો અર્થ છે.(પ્ર)

૨.વિજયધ્વજ વિગેરે.(પ્ર)

૩.'વિજળી જેવા પીળાં' એ ગીતગોવિંદમાં 'તડિદિવ પીતે' ભગવાનના ઉરઃસ્થલના સંબંધમાં કહેલ છે.

પછી શું થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**પ્રયુજ્યમાને મયિ તાં શુદ્ધાં ભાગવતીં તનુમ્ ।**
**આરબ્ધકર્મનિર્વાણો ન્યપતત્ પાઞ્ચભૌતિકઃ ।।૨૮।।**

તે શુદ્ધ ભાગવત દેહનો મને સંબંધ થતો હતો ત્યારે આરબ્ધ કર્મ જેનાં સમાપ્ત થયેલ તે પંચમહાભૂતોનો બનેલ દેહ પડ્યો.૨૮

દેહના વિયોગથી થતું દુઃખ જણાયુંજ નહીં. પહેલાંજ ભગવાનના સંબંધવાળો શુદ્ધ સત્ત્વના કાર્યરૂપ દેહ સમીપ આવ્યો, અને કાલ મને તરતજ ત્યાં લઈ ગયો. તે દેહમાં મને લઈ જવામાં આવતો હતો ત્યારે કેટલાક અંતર સુધી વિમાન તરફ મુખ રાખી શરીર પણ આવ્યું, પરંતુ મહાભૂતોનું બનેલું હોઈ ભારે હોવાથી પાંચ મહાભૂતોનાં (ભારે હોવામાં) ક્રમથી અથવા વૈકુંઠ જવાનું હોવાથી પડ્યું[1].

યોગમાં બ્રહ્મની પ્રાપ્તિ થાય છે ત્યારે પણ શરીર રહે છે, આ કેમ પડ્યું? એવો પ્રશ્ન થાય તેથી 'આરબ્ધ કર્મ જેનાં સમાપ્ત થયેલ તે' એમ કહેલું છે. જે કર્મને લીધે આ શરીરનો આરંભ થયેલો તેની 'નિર્વાણઃ' સમાપ્તિ થઈ. કર્મની 'સમાપ્તિ' શબ્દ કહ્યો તેથી કર્મ પણ છૂટું થયું; કારણ કે તે હવે પરંપરા ઉત્પન્ન કરનારું ન રહ્યું. વરદાન[2] વિગેરે તો આરંભ કરનાર કર્મરૂપ છે, અને તેની સમાપ્તિ તો માત્ર ભાગવત દેહ ગ્રહણ કરવાથીજ થઈ. તે દેહ તો બ્રહ્માંડરૂપ[3] હતો. તે પડ્યો ન હતો એમ જણાવવા 'મહાભૂતોનો બનેલ' એમ કહ્યું છે.૨૮

૧.ભારે મહાભૂત પહેલાં પડ્યું, પછી તેનાથી હલકું એમ પાંચે પડ્યાં, કારણ કે તે ભારે છે, અને વૈકુંઠ સુધી જઈ શકે નહીં, એવો અર્થ જણાય છે.

૨.આરબ્ધ કર્મ પૂરાં થતાં, 'મારૂં સેવકપણું પ્રાપ્ત કરીશ' એવું ભગવાને વરદાન આપેલું. છતાં આ ભાગવત શરીર કેમ આવ્યું? એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે.

૩.'બ્રહ્માંડપર્યવસાયી' એટલે બ્રહ્માંડરૂપ.(પ્ર)

ત્યારે બ્રહ્મામાંથી તમારી ઉત્પત્તિ કેમ થઈ? એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં નીચેના શ્લોકો કહે છે :

**કલ્પાન્ત ઈદમાદાય શયાનેઽમ્ભસ્યુદન્વતઃ ।**
**શિશયિષોરનુપ્રાણં વિવિશેઽન્તરહં વિભોઃ ।।૨૯।।**
**સહસ્રયુગપર્યન્તમ્ ઉત્થાયેદં સિસૃક્ષતઃ ।**
**મરીચિમિશ્રા ઋષયઃ પ્રાણેભ્યોઽહં ચ જજ્ઞિરે ।।૩૦।।**

કલ્પના અંતે આ જગતને લઈને સમુદ્રના જલમાં શયન કરનારમાં એક હજાર યુગ સુધી શયન કરવા ઈચ્છતાં શક્તિવાળાની અંદર પ્રાણની સાથે મેં પ્રવેશ કર્યો. પછી ઉઠીને આ જગત રચવા ઈચ્છનારના પ્રાણોમાંથી માનનીય મરીચિ વિગેરે ઋષિઓ અને હું ઉત્પન્ન થયા.૨૯-૩૦.

જ્યારે કલ્પ (બ્રહ્માના દિવસ) નો અંત થાય છે ત્યારે પોતે રચેલ બધું ઉદરમાં રાખી

નારાયણ શયન કરે છે. બ્રહ્મા પણ તેમની નાભિદ્વારા તેમના ઉદરમાં પ્રવેશ કરે છે. પછી નારાયણ સાથે એક્તા પ્રાપ્ત કરીને એક હજાર યુગ સુધી શયન કરે છે. મારૂં શરીર નિત્ય હોવાથી તે સમયે હું પણ શયન કરવા બ્રહ્માના નાકના નસ્કોરામાં જતા વાયુની સાથે તેમના દેહની અંદર ગયો. વાયુજ અંદર જાય અને બહાર આવે, હું તો ત્યાં જ રહ્યો. 'શક્તિવાળા' શબ્દથી તેમની અંદર પ્રવેશ કરેલાઓને અંદર રાખવાની બ્રહ્માની શક્તિ કહેલી છે. અંદર રહ્યાનો સમય એક હજાર યુગ સુધીનો હતો. તે સમયે રાજકલ્પમાં ભગવાન તિરોહિત થયાં. બ્રહ્મા તો બહાર નીકળ્યા. બહાર નીકળીને શયનમાંથી ઉઠી આ જગતને પહેલાંની પેઠે રચવાની તેમણે ઈચ્છા કરી. ત્યારે રચવાની ઈચ્છા કરનાર તેમના અવયવોમાંથી મરીચિ જેઓમાં મુખ્ય હતા તેવા ઋષિઓ અને હું ઉત્પન્ન થયા. તે પૈકી ''ખોળામાંથી નારદ ઉત્પન્ન થયા'' એ વચન પ્રમાણે હું ભગવાનનો ભક્ત હોવાથી મને બ્રહ્માએ ખોળામાં રાખેલ. પછી પ્રજાપતિ (બ્રહ્મા)ની અંદર પ્રવેશ કરેલા હોવાથી, બ્રહ્માના પ્રાણરૂપ જુદા-જુદા સ્થાને રહેલા ભગવાનના અંશોમાંથી મરીચિ વિગેરે ઉત્પન્ન થયા, એવો અર્થ છે.૨૯-૩૦.

તે કૃપા થઈ તે મારો જન્મ થયેલ હોવા છતાં પણ તેવીજ ચાલુ છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**અન્તર્બહિશ્ચ લોકાંસ્ત્રીન્ પર્યેમ્યસ્કન્દિતવ્રતઃ ।**
**અનુગ્રહાન્ મહાવિષ્ણોર્ અવિઘાતગતિઃ ક્વચિત્ ।।૩૧।।**

મહાવિષ્ણુની કૃપાથી કોઈ સ્થળે રોકાયા વિનાની ગતિવાળો અને વ્રતનો ભંગ થયા વિનાનો હું ત્રણ લોકની અંદર અને બહાર ફરું છું.૩૧

જેમ બાલક પુત્ર ઘરની અંદર અને બહાર પણ ફર્યા કરે તેમ હું બ્રહ્માંડની અંદર અને બહાર અથવા ત્રણ લોકની અંદર અને બહાર ફરું છું. અથવા સાધારણ નિયમ પ્રમાણે બહાર ફરવાનું સંભવે, તેથી 'અંદર' એમ કહેલ છે. 'વિલોકીમ્' શબ્દ તો ઘણા જ સંયોગને લીધે બીજી વિભક્તિમાં યોજેલ છે. આટલાથી શું લાભ? કારણ કે વાયુ વિગેરે પણ ફરનારા છે! એવો પ્રશ્ન થાય તેથી 'વ્રતનો ભંગ થયા વિનાનો' એમ કહેલું છે. 'નથી ભંગાએલો ભગવાનનાં દર્શન કરવારૂપ વ્રતનો જેમાં' તેવો હું છું. ભગવાન સર્વ સ્થલે હોવાથી અમુક દેશની ઈચ્છા રાખ્યા વિના ભક્તોએ સર્વ સ્થલે તેમના દર્શન કરવાં જોઈએ. અને તેથી જે કોઈ સ્થલે જ ભગવાનનાં દર્શન ન થાય ત્યાંજ વ્રતની હાનિ થાય, એવો અર્થ છે.

મચ્છર વિગેરેના હૃદયમાં પણ ભગવાન રહેતા હોવાથી, તેવા સ્થલમાં તમારી ગતિ કેમ થઈ શકે? એવો પ્રશ્ન થાય, તેથી 'મહાવિષ્ણુની કૃપાથી' એમ કહેલું છે. સર્વ સ્થલે રહેનાર તો દેશ અને કાલની હદ વિનાના હોય છે, મહાવિષ્ણુ તો વસ્તુની પણ હદ વિનાના છે. તેમની કૃપા પણ તેવીજ છે. તેથી જેનો વિઘાત થતો નથી તેવી ગતિ જેની છે તેવો હું છું. 'કોઈ સ્થલે' શબ્દ 'કોઈપણ સ્થલે' ના અર્થવાળો છે.૩૧

એવી રીતે સત્સંગથી આરંભીને સર્વ સ્થલે ભગવાનનાં દર્શન થવા સુધીની એક શ્રવણ ભક્તિ કહી. બીજી ભક્તિનો તો ભગવાનની કૃપાથી આરંભ કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**દેવદત્તામ્ ઈમાં વીણાં સ્વરબ્રહ્મવિભૂષિતામ્ ।**
**મૂર્ચ્છયિત્વા હરિકથાં ગાયમાનશ્ચરામ્યહમ્ ।।૩૨।।**

દેવોએ આપેલી, સ્વરબ્રહ્મથી શોભાવેલી આ વાણીને સ્વરમાધુર્યવાળી કરી, હરિની કથાનું ગાન કરતો હું ફર્યા કરું છું.૩૨

ભક્તિમાર્ગમાં કોઈક સમયે દેવોએ કરેલ વિઘ્ન થવાનું સંભવે એવી શંકા દૂર કરવા કીર્તનનાં અંગભૂત વિણા દેવોએ આપી, તેથી તે 'દેવોએ આપેલી' છે તે નિશ્ચય નાદને પૂર્ણ કરનારી છે. 'સ્વરબ્રહ્મથી શોભાવેલી' શબ્દથી એમ કહેલું છે કે તેના ઉપર આંગળીઓ ફેરવવાનો શ્રમ પણ કરવો પડતો નથી. ષડ્જ[1] વિગેરે સ્વરો છે. નાદબ્રહ્મરૂપ હોવાથી તે જ બ્રહ્મ છે, તેનાથી ઉત્તમ પ્રકારે શોભાવેલી વીણા છે. તેવીને 'મૂર્ચ્છયિત્વા' એટલે સ્વરોની માધુરી સંગીત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે પ્રાપ્ત કરાવીને તેમ કરવાથી રસ પ્રકટ થતો હોવાથી અટક્યા વિના કીર્તન થતું હોવાથી તેમ કરીને હરિની કથાનું ગાન કરતો ફરું છું. સર્વ તરફ ફરવાનું કીર્તનનું પણ અંગ છે.૩૨

૧.સારીગમ વિગેરે સાત સ્વરો નાક, કંઠ, ઉરઃ, તાલુ જીભ અને દાંત એ છનાં સ્પર્શથી તે ઉત્પન્ન થતાં હોવાથી 'ષડ્જ' કહેવાય છે.

પહેલાંના કરતા શું ઉત્તમતા થઈ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**પ્રગાયતઃ સ્વવીર્યાણિ તીર્થપાદઃ પ્રિયશ્રવાઃ ।**
**આહૂત ઈવ મે શીઘ્રં દર્શનં યાતિ ચેતસિ ।।૩૩।।**

સંતો જેમના ચરણમાં છે અને કીર્તિ જેમને પ્રિય છે તે પોતાનાં (તેમનાં) વીર્યોનું ગાન કરનારના મારા ચિત્તમાં બોલાવ્યા હોય તેમ તરત દર્શન આપે છે.૩૩

પહેલાં જેમનાં દર્શન માટે ઘણો પ્રયત્ન કરેલો, તે હવે પોતાની મેળેજ પ્રકટ થાય છે. તેનું કારણ 'પોતાનાં વીર્યોનું ગાન કરનારના' શબ્દથી કહેલું છે. જે પોતાનાં વીર્યોનું ઉત્તમ પ્રકારે ગાન કરે છે તેને ભવિષ્યમાં વીર્ય ન જણાય તેવું ન થાય, તે માટે અને તે વીર્ય જણાય અને બીજા વિષય ચિત્તમાં ન આવે તે માટે ભગવાન પોતેજ તરત તેના ચિત્તમાં આવે છે.

શ્રવણ કરનાર ન હોવાથી અંગ વિનાના કીર્તનથી ફલ કેમ થાય? એવો પ્રશ્ન થાય, તેથી 'સંતો જેમના ચરણમાં છે' એમ કહેલું છે. 'તીર્થાનિ' એટલે સંતો 'પાદે' ચરણમાં છે જેમના તેવા ભગવાન છે. કારણ કે સાયુજ્ય પ્રાપ્ત કરેલા સર્વ સંતો ભગવાનના ચરણમાં રહે છે, અને ભક્તિને લીધે બીજાઓ પણ રહે છે, કારણ કે ભક્તિનો ગુણ તેવો છે. અને નારદ ભગવાનનાં ચરણને હૃદયમાં પધરાવીને ગાન કરે છે, તેથી શ્રવણ કરનાર સંતો હોવાથી કીર્તન અંગરહિત હોતું નથી.

ભગવાન એવી રીતે બધી સામગ્રી કેમ પ્રાપ્ત કરાવે છે? એવો પ્રશ્ન થાય, તેથી

'કીર્તિ જેમને પ્રિય છે' એમ કહેલું છે. 'પ્રિયં' પ્રિય છે 'શ્રવઃ' કીર્તિ જેમને તેવા ભગવાન છે. તે પ્રાપ્ત થાય તે માટે બધું પ્રાપ્ત કરાવે છે, એવો ભાવ છે. ભવિષ્યમાં વીર્ય ન સ્ફુરે ત્યારે ભગવાનનું સ્મરણ તમને બોલાવ્યા હોય તેવું થાય છે, અને હું ભગવાનને પ્રિય હોવાથી બોલાવતાં તે પધારે છે.૩૩

એ પ્રમાણે સામગ્રીસહિત કીર્તનનું નિરૂપણ કરીને લોકમાં સર્વત્ર તે પ્રાપ્ત થઈ શકે તે માટે તમારે (વ્યાસે) તે વિષયનું વર્ણન કરવું જોઈએ એવા અભિપ્રાયથી નીચેના શ્લોકમાં ફરી કહી કીર્તનને દઢ કરે છે :

**એતદ્ ધ્યાતુરચિત્તાનાં માત્રાસ્પર્શેચ્છયા મુહુઃ ।**
**ભવસિન્ધુપ્લવો દૃષ્ટો હરિચર્યાનુવર્ણનમ્ ।।૩૪।।**

વિષયોના સ્પર્શની ઈચ્છાથી પીડાતા ચિત્તવાળાઓનું આ વારંવાર હરિનાં ચરિત્રનું વર્ણન નિશ્ચય ભવસાગર તરવાની નૌકા હોવાનું અનુભવેલું છે.૩૪

વિષયોના સ્પર્શની ઈચ્છાથી પીડાતા ચિત્તવાળાઓનું હરિનાં ચરિત્રનું વર્ણનજ ભવસાગર તરવાની નૌકા હોવાનું અનુભવેલું છે. 'આ' એટલે નારદ પોતે કરે છે તેના સરખું. 'હિ' નિશ્ચય શબ્દથી ઉપર કહેલાં હેતુઓ કહેલા છે. 'માં' માયાનું 'ત્રાયન્તે' રક્ષણ કરે તે 'માત્રાઃ' વિષયો તેઓનો પણ માત્ર સ્પર્શજ ચિત્તને પીડનારો છે. 'સ્પર્શ' શબ્દના સૂચવેલા અર્થથી[1] તે મોટું પાપ હોવાનું સૂચવેલું છે. હરિનાં ચરિત્રનું વર્ણન કરવામાં આવે ત્યારે વિષયોનું શ્રવણ થવાનું નહીં. ચરિત્રનું શ્રવણ કરવાનું ન થાય તો મોટો રોગ થયેલ હોવાથી પરલોકનું સાધન કરવાની પ્રવૃત્તિ થશે નહીં, અને પ્રવૃત્તિ થાય તો પણ તે વિષયોનો સ્પર્શ રોગ ઉત્પન્ન કરનાર થશે. ચરિત્રનું શ્રવણ તો તાવમાં હિતકારક ખોરાકની પેઠે વિષયો પ્રાપ્ત કરાવતું નથી; અને 'વારંવાર' શબ્દથી એમ કહેલું છે કે વિષય પ્રાપ્ત થવા છતાં પણ તેમના માટેની ઈચ્છા રહેલી નહીં હોવાથી તે રોગ કરતા નથી. ચરિત્રનું વર્ણન તો સુખપૂર્વકજ સંસારને તરાવનાર હોવાનો મેં જ અનુભવ કરેલો છે. તે સાધન હોવાનું કહીને 'હરિનાં ચરિત્રનું વર્ણન' શબ્દથી તેનું સ્વરૂપ કહેલું છે.૩૪

૧.'સ્પર્શ' નો સૂચવેલ અર્થ સ્ત્રીસંગ હોવાથી.

નીચેના શ્લોકમાં હરિના ચરિત્રનું વર્ણન જણાય તેવી રીતે ઉપાય હોવાનું કહેતાં, બીજાં સાધનો તેવા ઉપાય નથી એમ કહે છે :

**યમાદિભિઃ યોગપથૈઃ કામલોભહતો મુહુઃ ।**
**મુકુન્દસેવયા યદ્વત્ તથાઽઽત્માઽદ્ધા ન શામ્યતિ ।।૩૫।।**

વારંવાર કામ અને લોભ થી હણાએલું અંતઃકરણ મુકુંદની સેવાથી જેવી રીતે સાક્ષાત્ શાંત થાય છે તેવી રીતે યમ વિગેરે યોગના માર્ગોથી શાંત થતું નથી.૩૫

''ચિત્તની વૃત્તિઓને વશ રાખવી તે યોગ'' એ સૂત્ર પ્રમાણે ચિત્તને સુધારવા માટેજ યોગની પ્રવૃત્તિ થયેલી છે. છતાં પણ ચિત્ત સ્વસ્થ હોય ત્યારે યોગ થાય છે. પ્રાણીઓનું અંતઃકરણ તો મરેલું હોય છે, કારણ કે પ્રાણી કામથી બળેલો અને લોભથી ડૂબેલો હોય છે. તેનું જીવન તો મરેલાને સજીવન કરવાની વિદ્યાથી થાય. વળી યમ વિગેરે યોગના માર્ગો છે. તે માર્ગોમાં જે ચાલી શકે તેને ઈચ્છેલું પ્રાપ્ત થાય, અને આ પ્રાણી વારંવાર હણાએલ હોવાથી કામ અને લોભને પરવશ થયેલો છે. કામ અને લોભ બંનેનું મૂળ અંદર છે, ક્રોધ વિગેરેનું મૂળ બહાર છે. તેથી તે બે કહેલા છે. મુકુંદ સંસારમાં ડૂબેલાઓને મોક્ષ આપનારા હોવાથી મરેલાને સજીવન કરનારા છે. સેવા તો રોગ મટાડનાર છે, અને શ્રવણ કરવાથી ભગવાન દેહની અંદર પ્રવેશ કરે છે. ત્યાં ચિત્ત સેવા ગમાડે છે. તેથી શ્રવણના પ્રકરણમાં પણ સેવા કહેલી છે. જો કે ભગવાનના આશ્રયવાળો યોગ પણ ધીરે-ધીરે તેમ કરે છે, પરંતુ સેવા તો 'અદ્ધા' સાક્ષાત્ (બારોબર તેમ કરે છે), કારણ કે **યોગની સેવા કરતાં પણ યોગેશની સેવા ઉત્તમ છે.** પોતાની જાતના હોય તે તરત શાંતિ કરાવનારું હોવાથી અંતઃકરણ માટે 'આત્મા'[1] શબ્દ યોજેલ છે.૩૫

૧.આત્મા (ભગવાન) આત્મા (અંતઃકરણ) ની તરત શાંતિ કરાવે એમ જણાવવા અંતઃકરણ માટે 'આત્મા' શબ્દ શ્લોકમાં મૂકેલ છે.

આથી પણ કાંઈક રહસ્ય હશે, એવો સંશય રહે, તેથી નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**સર્વં તદિદમ્ આખ્યાતં યત્ પૃષ્ટોऽહં ત્વયા-ऽનઘ ।**
**જન્મ-કર્મ-રહસ્યં મે ભગવતશ્ચાત્મતોષણમ્ ।।૩૬।।**

હે નિષ્પાપ! મારા જન્મ અને કર્મો નું રહસ્ય અને તમારા આત્માને સંતોષ કરનારું તમે મને જે પૂછ્યું તે સર્વ મેં તમને કહ્યું.૩૬

નારદ પોતાથી જ ઉત્તમ છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે, પરંતુ મેં આટલાં દુઃખનો અનુભવ કરેલો છે એનું રહસ્ય છે. તમારા ચિત્તમાં પણ ઉદ્વેગ થયાનું કારણ, 'સર્વનું કારણ ભગવાન છે' એમ મેં કહ્યું. કહેવાનું પ્રયોજન 'આત્મતોષણમ્' ભગવાનની પ્રીતિ કરાવવાનું અથવા તમને અંદરનું સુખ ઉત્પન્ન કરવાનું છે.૩૬

નારદ હજી સુધી પણ સાધન કરવામાં રોકાએલ છે એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**સૂત કહે છે :**

**એવં સમ્ભાષ્ય ભગવાન્ નારદો વાસવીસુતમ્ ।**
**આમન્ત્ર્ય વીણાં રણયન્ યયૌ યાદચ્છિકો મુનિઃ ।।૩૭।।**

એ પ્રમાણે વાસવીના પુત્રને કહીને સ્વતંત્ર મુનિ ભગવાન નારદ તેમની રજા લઈને વીણાને વગાડતા ગયા.૩૭

વ્યાસ સામો ઉપકાર કરે તેની નારદને જરૂર ન હતી એમ જણાવવા તેમને 'ભગવાન' કહેલ છે. વ્યાસે વળાવવા જવાનું વિગેરે ન કર્યું તેથી તેમને 'વાસવીના પુત્ર' કહેલ

છે. ઉપર કહેલું સંભાષણના અંત તરીકે કહીને 'આમન્ત્ર્ય' 'હું જાઉં છું' એમ કહીને, ભક્તિમાર્ગ જ ઉત્તમ માર્ગ છે એમ જણાવવા વીણાને વગાડતા ગયા. 'સ્વતંત્ર' શબ્દથી તે ફરી આવવાનો સંભવ ન હોવાનું કહેલ છે. તે 'મુનિ' હોવાથી સર્વ કાર્ય કરીને ગયા.૩૭

નારદ ગયા ત્યારે વ્યાસના હૃદયમાં પણ ભક્તિમાર્ગ આવ્યો એવા અભિપ્રાયથી નીચેના શ્લોકથી નારદનું વર્ણન કરે છે :

**અહો દેવર્ષિર્ધન્યોઽયં યત્કીર્તિં શાર્ઙ્ગધન્વનઃ ।**
**ગાયન્માદ્યન્ ગિરા તન્ત્ર્યા રમયત્યાતુરં જગત્ ।।૩૮।।**

અહો! આ દેવર્ષિ ધન્ય છે, કારણ કે શાર્ઙ્ગ ધનુષ્યવાળાની કીર્તિનું વાણીથી ગાન કરતાં, વીણાથી આનંદ પામતાં દુઃખી જગતને આનંદ કરાવે છે.૩૮

નારદને જણાય તેવા પ્રકારે ફલ પ્રાપ્ત થયેલ હોવાથી 'દેવર્ષિ' શબ્દથી કહેલ છે. 'ગાન કરતાં, આનંદ પામતાં' શબ્દથી સ્વતંત્ર ભક્તિ જણાવેલી છે. આજ પરોપકાર છે એમ તેમણે જાણ્યું, તે અર્થ 'આનંદ કરાવે છે' શબ્દથી કહેલ છે.૩૮

**ઈતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં**
**પ્રથમ સ્કંધનો છટ્ઠો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય સાતમો ।।
# અશ્વત્થામાના બાણથી પ્રભુ રક્ષણ કરે છે

**એવં ત્રિભિર્મધ્યમસ્ય સ્વાતન્ત્ર્યેણ નિરૂપણાત્ ।**
**નારદ-વ્યાસસંવાદં નિરૂપ્યાથોત્તમાઽભિધા ।।૧।।**

એવી રીતે ત્રણ અધ્યાયોથી સ્વતંત્રતાથી મધ્યમ અધિકારનું નિરૂપણ કરવાનું હોવાથી નારદ અને વ્યાસનો સંવાદ કહીને, હવે ઉત્તમ અધિકાર તેર અધ્યાયોથી કહેવામાં આવે છે.કા.૧

**ત્રયોદશભિરધ્યાયૈઃ સાધકોઽયં પ્રજાપતિઃ ।**
**સ્વતન્ત્ર ઉત્તમસ્યૈવ સાધકોઽયં નિરૂપ્યતે ।।૨।।**

આ પ્રજાપતિ ભગવાન અધિકાર પ્રાપ્ત કરાવનારા[૧] છે. આ સ્વતંત્ર હોઈ ઉત્તમ અધિકાર જ પ્રાપ્ત કરાવનારા જણાવાશે.[૨] કા.૨.

**દ્વાદશાઙ્ગૈશ્ચ સહિતો હ્યધિકારો નિરૂપ્યતે ।**
**હેતુઃ ષડ્ભિર્વિરક્તિશ્ચ તથા સ્વાતન્ત્ર્યમ્ અન્તિમે ।।૩।।**

બાર અંગો સાથેનો અધિકાર કહેવામાં આવે છે. છ અધ્યાયોથી અધિકારનું પ્રયોજન અને તે પ્રમાણે છ અધ્યાયોથી વૈરાગ્ય અને છેલ્લા અધ્યાયમાં સ્વતન્ત્રપણું કહેવાશે .[૩] કા.૩

**હેતુસ્તુ દ્વિવિધઃ પ્રોક્તઃ સામાન્યઃ સ ત્રિધા મતઃ ।**
**વિશેષઃ પઞ્ચધા પ્રોક્તઃ સપ્તમે ત્રિતયં જગૌ ।।૪।।**

પ્રયોજન તો બે પ્રકારનું કહેલ છે. સામાન્ય તે ત્રણ પ્રકારનું વિચારાએલું છે, ઉત્તમ પાંચ પ્રકારનું કહેલ છે. [૪]સાતમા અધ્યાયમાં ત્રણ પ્રકાર કહેલા[૫] છે.કા.૪

૧.અહીં વર્ણન કરવામાં આવશે તે ભગવાન દીનતાને લીધે સાધારણ બનેલી પ્રજાનું પાલન કરનાર હોઈ અધિકાર પ્રાપ્ત કરાવનારા છે. પ્ર

૨.સાતમા અધ્યાયમાં, અથવા સાતમાથી આરંભી છ ૭ થી ૧૨ સુધીના અધ્યાયોમાં. પ્ર

૩.ત્યારે અહીં તેર અધ્યાયો કેમ છે, તે આ કારિકાથી જણાવે છે, અને પેટાપ્રકરણો જુદાં પાડે છે. પ્ર

૪.પ્રયોજન દર્શાવનાર છ અધ્યાયોનો વિભાગ કરે છે, અને સાતમા અધ્યાયનો અર્થ આ કારિકાથી કહે છે. પ્ર

૫.આઠ પ્રકારના આઠ અધ્યાયો હોવા જોઈએ, છ જ કેમ છે? તેનું કારણ આથી જણાવે છે. સાતમા અધ્યાયમાં ત્રણ પ્રકારો કહેલા છે. પ્ર

અહીં સ્વતંત્ર રીતે કથાનાં શ્રવણ અને કીર્તન રૂપ ઉત્તમ અધિકાર કહેવાનો છે, અને તે પ્રયોજન અને વૈરાગ્ય સાથેનો હોય ત્યારે ઉત્તમ થાય છે. ભગવાને ઘણા પરિશ્રમથી ભાગવતનાં શ્રવણ કરનારનું પાલન કર્યું તે પ્રયોજન છે.

જે [ક]સર્વથી ઉત્તમ [ખ]સર્વે શોધવા-પ્રાપ્ત કરવા યોગ્ય [ગ]સર્વને મુક્તિ આપનાર [ઘ]સર્વને જ્ઞાન આપનાર [ચ]સર્વને સર્વ દુઃખોનો નાશ કરીને ભક્તિ આપનાર [છ]અને ભક્તોના મનોરથોને પૂર્ણ કરનાર છે, તે પોતે ઉદ્યમ કરીને જેનું પાલન કરે તે આરંભથી જ ભાગવતનું શ્રવણ કરવાનો મુખ્ય અધિકારી છે, એવું છ ૭ થી ૧૨ અધ્યાયોથી કહેવામાં આવે છે. જેનો[૧] અધિકાર કહેવાનો છે તે પહેલાં કહેવું જોઈએ અને તેનો વકતા કહેવો જોઈએ . તેથી સાતમા અધ્યાયમાં ભાગવતની ઉત્પત્તિ અને પ્રવૃત્તિ અને ભકતોનાં મનોરથો પૂર્ણ કરવાનું[૨] કહેવામાં આવશે. તે પૈકી શૌનક પ્રથમ ભાગવતની ઉત્પત્તિ સંબંધી પ્રશ્ન નીચેના શ્લોકથી કરે છે :

**શૌનક કહે છે :**

**નિર્ગતે નારદે સૂત! ભગવાન્ બાદરાયણઃ ।**
**શ્રુત્વા તુ તદભિપ્રેતં તતઃ કિમકરોદ્ વિભુઃ ।।૧।।**

હે સૂત! નારદ ગયા ત્યારે શક્તિવાળા ભગવાન બાદરાયણે તો તેમનું ઇચ્છેલું શ્રવણ કરીને પછી શું કર્યું?૧.

'ભગવાન' શબ્દથી કુદરતી શક્તિ, અને 'બાદરાયણ' શબ્દથી પ્રાપ્ત થયેલ શક્તિ કરેલી છે. બદરફલ-બોરથી જીવન નભાવે તે 'બાદરાયણ.' નારદનો અભિપ્રાય ભગવાનના ગુણો યથાર્થ જણાવે તેવો ગ્રંથ રચવાનો હતો .૧.

૧.વ્યાસ અને ભગવાન ભગવદ્રૂપ હોવાથી આમાં વિરોધ નથી. પ્ર

૨.અશ્વત્થામાને છોડાવવાથી ભીમ–દ્રૌપદી વિગેરેનાં મનોરથોને પૂર્ણ કરવાનું. પ્ર

નારદના વચન પછી ભગવાનની ઈચ્છા શું છે તેનો નિર્ણય કરવા વ્યાસે સમાધિ કરી. તે સંબંધમાં શુદ્ધ દેશમાં ભગવાન પ્રકટ થાય અને દેવનું પૂજન જ્યાં થતું હોય ત્યાં શુદ્ધિ હોય તેથી વ્યાસને રહેવાનું સ્થાન દેવનાં પૂજનનું સ્થાન હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**બ્રહ્મનદ્યાં સરસ્વત્યામ્ આશ્રમઃ પશ્ચિમે તટે ।**
**'શમ્યાપ્રાસ' ઈતિ પ્રોક્ત ઋષીણાં સત્રવર્ધનઃ ।।૨।।**

બ્રહ્મનદી સરસ્વતીના પશ્ચિમ કિનારે ઋષિઓના યજ્ઞોની વૃદ્ધિ કરનારો 'શમ્યાપ્રાસ' નામનો આશ્રમ હતો.૨

'બ્રહ્મનદ્યામ્' માં સમિપ હોવાના અર્થમાં સાતમી વિભક્તિ નો પ્રયોગ કરેલ છે . બ્રહ્મ દેવતાવાળી સરસ્વતી, એવો અર્થ છે . ત્યાંજ વેદ વિગેરેનું જ્ઞાન કુદરતી થાય છે. 'પશ્ચિમ કિનારે' શબ્દથી એમ જણાવેલ છે કે દેવના પૂજનના સ્થાનમાં સામી નદી હોય છે અને પાસે હવિઃ–હોમવાના પદાર્થ હોય છે, તે દેવપૂજનનું સ્થાન છે. વળી 'શમ્યાપ્રાસ' નામનો હતો. શમીથી[1] નાખવામાં આવે છે જેમાં તે શમ્યાપ્રાસ. તે અગ્નિનું પ્રિયધામ કહે છે. તરતજ અગ્નિ પોતાના સ્થાનમાંથી શમ્યાપ્રાસ સુધી અંગારરૂપે આવે છે, અને જો તે સ્થાનથી દૂર અંગારરૂપે જાય, તો જે સ્થાન માંથી શમીથી નાખવામાં આવે છે તે 'શમ્યાપ્રાસ' કહેવાય છે . 'ઋષિઓના યજ્ઞની વૃદ્ધિ કરનારો' શબ્દથી તે સ્થાનનું બલ કહેલ છે.૨

૧.ગદાના આકારનું લાકડાનું બનાવેલ યજ્ઞનું આયુધ 'શમી' કહેવાય છે. પ્ર

આમ દેવપૂજનનું સ્થાન કહીને, ત્યાં વ્યાસે સમાધિ કરી એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**તસ્મિન્ સ્વ આશ્રમે વ્યાસો બદરીષણ્ડમણ્ડિતે ।**
**આસીનોડપ ઉપસ્પૃશ્ય મનઃ પ્રણિદધૌ સ્વયમ્ ।।૩।।**

બોરડીઓના સમૂહથી શોભતા પોતાના તે આશ્રમમાં બેઠેલા વ્યાસે જલનું આચમન કરીને મનને સમાધિમાં યોજ્યું.૩

પરાધીન ન હોવાથી નિર્ભયતાથી ચિત્તની પ્રસન્નતા રહે તેવા પ્રયોજનથી 'પોતાના આશ્રમમાં' સમાધિ કરી . 'વ્યાસ' નામથી અધિકારી જણાવેલ છે . બોરડી અમૃતની ગુફા રહેવાનું સ્થાન ઘણો આનંદ આપનારી છે. તેનો 'ષણ્ડઃ' અથવા 'ખણ્ડઃ' સમૂહ, તેનાથી શોભતા આશ્રમમાં સમાધિ કરી. આથી એમ સૂચવેલું છે કે તે તપ અને મોક્ષ પ્રાપ્ત કરવાનું સ્થાન હતું. તેમાં બેઠેલાએ સમાધિ કરી. અને ''ત્રણવાર જે આચમન કરે છે, તેથી ઋચાઓ પ્રસન્ન થાય છે'' એ શ્રુતિ પ્રમાણે સર્વ દેવતા પ્રસન્ન થાય તે માટે આચમન કર્યું. યોગમાં નિપુણ થયેલ મનમાં યોગમાં કહેલા માર્ગ વિના સ્વતંત્ર રીતે જે આ વિષયમાં ભગવાને ઈચ્છેલું હશે તે જણાશે, એવી બુદ્ધિથી વ્યાસે પોતે મનને સમાધિમાં સ્થિર કર્યું.૩

પછી સમાધિભાષાના સંબંધવાળા પદાર્થો જણાયા, તેથી તેઓનું વર્ણન કરવા પ્રથમ તેમના આધાર મનનું વર્ણન નીચેના શ્લોકથી કહે છે :

**ભક્તિયોગેન મનસિ સમ્યક્ પ્રણિહિતેઽમલે ।**
**અપશ્યત્ પુરુષં પૂર્ણં માયાં ચ તદુપાશ્રયામ્ ।।૪।।**

ભક્તિયોગથી સારી રીતે સમાધિ કરેલા શુદ્ધ મનમાં તેમણે પૂર્ણ પુરુષ અને તેમના આશ્રયવાળી માયાને જોયાં.૪

મન જો વાયુને લીધે સ્થિર થયું હોય તો યોગમાર્ગ, અને જો ભક્તિમાર્ગથી સ્થિર થયું હોય તો નારદની પેઠે ભગવાન જણાય, તેથી આ શ્લોકથી તે ભગવાન જણાયાનું કહે છે. મન કામના રહિત હોવાથી શુદ્ધ હતું. તેમાં જે જોયું તે ઉત્તરાર્ધથી આરંભી બે શ્લોકો શ્લોકના ૬ ના પૂર્વાર્ધ સુધીથી કહે છે કે :

**સાકારં બ્રહ્મ શુદ્ધં હિ માયા તચ્છક્તિરુત્તમા ।**
**તયા સર્વત્ર સમ્મોહઃ સાક્ષાદ્ ભક્તિશ્ચ મોચિકા ।।૫।।**

સાકાર બ્રહ્મ નિશ્ચય શુદ્ધ છે અને માયા તેમની ઉત્તમ શક્તિ છે, તેનાથી સર્વત્ર મોહ થાય છે અને ભક્તિ સાક્ષાત્ મોક્ષ કરાવનારી છે.**કા.૫**

'પૂર્ણ પુરુષ' એટલે જીવોના સમૂહોથી અથવા કરોડો બ્રહ્માંડોથી ભરપૂર પુરુષોત્તમને અને માત્ર ભગવાનનાં જ શરણવાળી માયાને જોયાં.૪

અને તે માયાનાં કાર્યને જોયું એમ નીચેના શ્લોકથી કહે છે :

**યયા સમ્મોહિતો જીવ આત્માનં ત્રિગુણાત્મકમ્ ।**
**પરોઽપિ મનુતેઽનર્થં તત્કૃતઞ્ચાભિપદ્યતે ।।૫।।**

જેનાથી મોહ પામેલો જીવ પર હોવા છતાં પણ પોતાને ત્રણ ગુણનો બનેલો માને છે, અને તેમણે કરેલું દુઃખ પામે છે.૫

જો કે પ્રપંચ પણ તે માયા નું કાર્ય છે, પરંતુ તેના વિષે સાધન તરીકે તેનો સંબંધ છે. મોહ કરવામાં તો તે સ્વતંત્ર હોવાથી કર્તા તરીકે સંબંધ છે, તે જ આ શ્લોકથી કહે છે. વાસ્તવિક રીતે જીવ પણ બ્રહ્મજ હોવાથી પર–ઉત્તમ હોવા છતાં પણ એટલે પ્રકૃતિને વશ રાખનાર હોવા છતાં પણ પોતાને 'ત્રણ ગુણનો બનેલો' ત્રણ ગુણની સ્થિતિ પ્રાપ્ત કરેલો જડરૂપ[૧] માને છે, અને તે ગુણોએ કરેલું દુઃખ જન્મ–મરણ વિગેરે પ્રાપ્ત કરે છે.૫

૧.દેહ વગેરે રૂપ.

અને સમાધિમાં મોક્ષ પ્રાપ્તિનો ઉપાય પણ જોયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અનર્થોપશમં સાક્ષાદ્ ભક્તિયોગમ્ અધોક્ષજે ।**
**લોકસ્યાજાનતો વિદ્વાન્ ચક્રે સાત્ત્વતસંહિતામ્ ।।૬।।**

ઇંદ્રિયાતીતમાં સાક્ષાદ્ ભક્તિયોગને દુઃખનો નાશ કરનાર જોયો (શ્લોક ૪), અજ્ઞાની લોક માટે વિદ્વાને સાત્ત્વતસંહિતા રચી.૬

જ્ઞાનના દેખાવવાળી માયાથી મોહ થાય છે, તેથી[૧] જ્ઞાનમાં વિશ્વાસ કરી રાખી શકતો નથી. શંકા : સાધનોથી ઉત્પન્ન થયેલ હોય તે જ્ઞાન, અકસ્માત્ ઉત્પન્ન થાય તે માયા એમ જાણવાથી જ્ઞાનમાં સંદેહ નહીં થાય એમ કહેવામાં આવે તો તે ખોટું છે. કારણ કે સાધનો પણ બે પ્રકારનાં છે. સંપૂર્ણ[૨] પ્રકારે પ્રકટ ન થવું વિગેરે ચિહ્નોથી જ્ઞાનનો નિર્ણય થાય, તો પણ તે સાક્ષાત્ દુઃખનો[૩] નાશ કરનારું નથી.[૪] જેમ દર્પણમાં મુખ નથી એવું જ્ઞાન દૃઢ હોવા છતાં પણ દર્પણરૂપ દોષ હોવાથી, કોઈ પણ સમયે મુખ દેખાતું બંધ થતું નથી, અને દર્પણનો અભાવ જ્ઞાનથી પ્રાપ્ત કરાય તેવો નથી, તેવી રીતે દુઃખનું મૂળ બનેલી માયાની હયાતી હોવાથી કોઈ પણ સમયે દુઃખ દૂર થતું નથી. શાસ્ત્રનાં પ્રમાણથી સાધનો સાથે જ્ઞાન જાણવામાં આવે ત્યારે પણ ''જ્ઞાનીનાં ચિત્તોને પણ માયા બલાત્કારથી મોહ પમાડે છે'' એ વાક્ય પ્રમાણે માયાથી મોહ થાય છે. શાસ્ત્ર[૫] તો ભક્તિ દ્વારા જ્ઞાન મોક્ષ પ્રાપ્ત કરાવનારું હોવાનું, અથવા સાક્ષાત્ ભક્તિથી અનર્થ દુઃખ દૂર થાય ત્યારે જ્ઞાન થતું હોવાનું કહે છે.

**'મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે'।**
**એવકારેણ સર્વેષામ્ અનુપાયત્વમ્ આહ હિ ।।૬।।**

'મનેજ જેઓ શરણે આવે છે તેઓ આ માયાને તરે છે' (ભગ.ગીતા ૭।૧૪) આ વાક્યમાં 'એવ' 'જ' શબ્દથી શરણ જવા સિવાયના બધા માયા તરવાના ઉપાય ન હોવાનું કહેલ છે.કા.૬

તેથી સાક્ષાત્ અનર્થનો નાશ કરનાર ભક્તિ જ છે. જોઈ શકાતા પદાર્થની ભક્તિ લૌકિકી અથવા કર્મ તેવાં નથી એમ જણાવવા 'ઇંદ્રિયાતીતમાં' શબ્દ યોજેલ છે. ઇંદ્રિયાતીતમાં ભક્તિ શાસ્ત્રીય[૬] જ થઈ શકે. આથી એમ જણાવ્યું છે કે વાસ્તવિક રીતે પદાર્થો વ્યાસે જોયા તેવા જ પ્રકારના છે. બીજા પ્રકારે પદાર્થોનું કથન તો ઋષિઓની બુદ્ધિના દોષથી થયેલું છે . યોગ પણ રાજસ[૭] વિગેરેથી તેવી દશા પ્રાપ્ત કરેલો હોવાથી વસ્તુઓનું યથાર્થ જ્ઞાન કરાવતો નથી. તેમ ન હોત, વાસ્તવિક જ્ઞાન કરાવતો હોત, તો વિવાદ ન થાત. તેથી ભગવાનનાં વાક્ય સાથે અથવા વેદ સાથે મળતા આવતા યોગથી થયેલ ધર્મજ પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન કરાવે છે, બીજા પ્રકારનો યોગ કરાવતો નથી. તેથી નારદના વાક્ય સાથે અને ફલ સંબંધમાં મળતાં આવતાં ભગવાનનાં વાક્ય સાથે મળતા આવતા યોગથી[૮] નારદે કરેલ ઉપદેશ પ્રમાણ છે એમ જાણીને, અજ્ઞાની લોકોને માટે વ્યાસે પોતે યુક્તિ સાથે જાણીને 'સાત્ત્વતસંહિતામ્' ભગવાને કહેલા પદાર્થો જણાવનારી, વેદરૂપ હોવાથી 'સંહિતા' રચી.૬

૧.'તેથી' એટલે જ્ઞાનનું સ્વરૂપ સંદેહવાળું હોવાથી. પ્ર
૨.'માયા જાણવાનો ઉપાય વ્યાસે સંધ્યાધિકરણમાં કહેલ છે તે' પ્રમાણે માયા જણાય, તેથી તેનાથી જુદું હોય

તે જ્ઞાન પણ જણાય એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પ્ર જૂઓ બ્રહ્મસૂત્ર.૩.૨.૩.
૩.'દુઃખનો' એટલે જન્મમરણ વિગેરેનો. પ્ર
૪.'અર્થ કરાવનાર મોહ ન થાય તો પછી માયા રહે તો પણ કોઈ કરી નહીં શકે, તેમ માનીએ તો જ્ઞાનથી અનર્થ દૂર થવાનું જણાવનારાં શાસ્ત્રો અપ્રમાણ થાય' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. માયા દૂર કરવી જરૂરી છે, એવો અર્થ છે. પ્ર
૫. ત્યારે શાસ્ત્રોની શી ગતિ? એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે.
૬.શાસ્ત્રીય ધર્મમાં જેમ શ્રદ્ધા રહે તેવી રીતે પ્ર 'શાસ્ત્રીયૈવ' અથવા 'શાસ્ત્રીયે ઈવ' પાઠ પ્રકાશે લીધેલ છે. તેવો પાઠ વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં પણ છે.
૭.રાજસ કર્તા સાધનો વિગેરેથી. પ્ર
૮.નારદનું વચન ભગવાનના ગીતામાં ઉપર જણાવેલ વાક્ય સાથે તેમજ વ્યાસે સમાધિમાં જે જોયું તેની સાથે મળતું આવેલ હોવાથી વ્યાસે તે પ્રમાણ જાણીને સાત્ત્વત સંહિતા-ભાગવત રચી.

આ સંહિતાથી શું ફલ થાય? અને પદાર્થોના જ્ઞાનથી પણ શું? સંહિતામાં સાધન કહેલ હોય તો પણ પ્રાણીઓનો તેવો અધિકાર ન હોવાથી સંહિતા નકામી છે એવી શંકા થાય તેથી તેનું ફલ નીચેના શ્લોકથી કહે છે :

**અસ્યાં વૈ શ્રૂયમાણાયાં કૃષ્ણે પરમપુરુષે ।**
**ભક્તિઃ ઉત્પદ્યતે પુંસઃ શોકમોહભયાપહા ।।૭।।**

આનું શ્રવણ થાય ત્યારે પુરુષને પરમપુરુષ શ્રીકૃષ્ણમાં શોક, મોહ અને ભય નો નાશ કરનારી ભક્તિ નિશ્ચય ઉત્પન્ન થાય છે.૭

ભક્તિ ઉત્પન્ન થાય ત્યાં સુધી આનું શ્રવણ કરવું જોઈએ. આ જણાઈ આવે તેવા પ્રકારે ભક્તિ ઉત્પન્ન કરનારી છે. ''જાણવામાં આવે તેવો ઉપાય સંભવતો હોય ત્યારે ન જણાય તેવાની કલ્પના કરવી એ ન્યાયથી વિરુદ્ધ હોવાથી'' આનું શ્રવણ કરવું. અને જે પ્રકારે આવો જણાઈ આવે તેવા પ્રકારનો ઉપયોગ છે તે પ્રથમ શ્લોકમાં[૧] કહેલું છે. 'શ્રીકૃષ્ણમાં' એટલે પ્રકટ થયેલ ભગવાનમાં. 'પરમપુરુષમાં' એટલે સર્વ પ્રમાણોનું તાત્પર્ય જેમનામાં છે તેવામાં, અથવા કાલ વિગેરેને વશ રાખનારમાં સ્વતંત્ર[૨] પુરુષને ભક્તિ ઉત્પન્ન થાય છે. શોક, મોહ અને ભય અનુક્રમે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણનાં કાર્યો છે, તેમનો ભક્તિ નાશ કરે છે, તેથી તેવી તેમનો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે . અનર્થ મટવામાં તો કહેવું જ શું? ગુણોના બધાંએ કાર્યોનો નાશ થાય છે, એવો અર્થ છે.૭

૧.'જન્માદ્યસ્ય' ૧।૧।૧. માં અથવા ગયા શ્લોક ૧।૭।૬ માં પ્ર
૨.આ 'પુંસઃ' 'પુરુષને' શબ્દનો અર્થ છે. અહીં સ્વતંત્રતાનો અર્થ બીજા દેવમાં અથવા બીજા સાધનમાં શ્રદ્ધા ન હોવી જોઈએ, તેવો છે. પ્ર

એ પ્રમાણે ભાગવતની ઉત્પત્તિ કહીને નીચેના શ્લોકથી તેનો પ્રચાર પ્રવૃત્તિ કહે છે :

**સ સંહિતાં ભાગવતીં કૃત્વાऽનુક્રમ્ય ચાત્મજમ્ ।**

**શૃકમ્ અધ્યાપયામાસ નિવૃત્તિનિરતં મુનિઃ ।।૮।।**

તે મુનિએ ભાગવતી સંહિતા રચીને નિવૃત્તિમાં આનંદ કરનાર પુત્ર શુકને અનુક્રમે ભણાવી.૮

'સંહિતા ભાગવતી' એમ ફરીથી એટલા માટે કહ્યું કે વ્યાસે ઘણી સંહિતાઓ રચેલી હોવાથી બીજી ભણાવી નથી. 'અનુક્રમે' શુદ્ધ કરીને, અથવા અનુક્રમથી[1] ભણાવી. આનો પ્રચાર બીજા કોઈથી થઈ શકશે નહીં એમ જાણીને પોતાના જેવા પુત્રને ભણાવી.[2] આનો પ્રચાર દોષવાળાથી થશે નહીં એમ મનનથી જાણીને મુક્ત જીવ શુકને ભણાવી. મુક્ત હોવા છતાં તે ઈશ્વરની પેઠે લોકને અનુસરતા હોય તો[3] તેથી પણ આનો પ્રચાર થશે નહીં એમ જાણીને તે પ્રચાર થાય તે માટે 'નિવૃત્તિમાં આનંદ કરનાર' એમ કહેલું છે. કોઈ પણ સમયે પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ હોય તો તે દોષના સંબંધથી આ ભક્તિ ઉત્પન્ન કરનારી ન થાય, કારણ કે વિષયોનો આવેશ અને વિષ્ણુનો આવેશ એક બીજાથી વિરુદ્ધ છે; અને આ ઘણો વિચાર કરીને મનન કરવાથી વ્યાસે જાણ્યું, ઉપર ઉપરથી જણાયું ન હતું. તે અર્થ 'મુનિ' શબ્દથી કહેલ છે.૮

૧.સમાધિમાં બધી લીલાઓ એક સાથે જણાએલી, તેથી પહેલાં જણાઈ તે પ્રમાણે કહીને પછી યોગ્ય સ્થાને ગોઠવીને ભણાતી એવો અર્થ છે. પ્ર . રચ્યા પછી ભણાવ્યાનું કહેલ હોવાથી આ વિચિત્ર જણાય છે, રચતી વખતેજ અનુક્રમે લીલાઓ ગોઠવેલી હોવી જોઈએ.

૨.બારે સ્કંધો ભણાવેલા હોવાનું જણાય છે; કારણ કે ૧ ।૧।૩ માંજ શુકના મુખમાંથી નીકળેલ હોવાનું કહેલ છે. પ્ર

૩.'ચેત્' અધ્યાહાર છે. પ્ર

વિષયમાં રચ્યો-પચ્યો રહેતો હોય તેને ભાગવતનો અધિકાર નથી, તેથી નિવૃત્તિમાં આનંદ કરનારને પ્રવૃત્તિ કરવા યોજ્યો. તે ભાગવત માટે તેવો નિવૃત્તિમાં આનંદ કરનાર ન હતો, પરંતુ જ્ઞાન માટે તેવો હતો. તેમ હોવાથી જ્ઞાનમાં બધીએ પ્રવૃત્તિઓ વિઘ્ન કરનારી હોવાથી, જેમ લૌકિક પ્રવૃત્તિ તેણે તજવા યોગ્ય હતી તેવીજ ભક્તિમાર્ગને અનુસરનારી ભાગવતની પ્રવૃત્તિ પણ તજવા યોગ્ય હતી; અને તેથી જો કે વ્યાસ પોતાના કાર્યના વિચારથી શુકને તેમાં યોજે તો પણ તે પોતાના કાર્યના વિરોધને લીધે તેમાં પ્રવૃત્તિ કેમ કરે? એવો પ્રશ્ન નીચેના શ્લોકથી કરે છે :

**શૌનક કહે છે :**

**સ વૈ નિવૃત્તિનિરતઃ સર્વત્રોપેક્ષકો મુનિઃ ।**
**કસ્ય વા બૃહતીમ્ એતામ્ આત્મારામઃ સમભ્યસત્ ।।૯।।**

ખરેખર નિવૃત્તિમાં આનંદ કરનાર, સર્વમાં કોઈની અપેક્ષા વિનાના, આત્મામાં રમણ કરનાર તે મુનિએ કયા પ્રયોજનથી આ મોટી સંહિતાનો અભ્યાસ કર્યો?૯

ભાગવતનો પાઠ પ્રવૃત્તિરૂપ છે. નિવૃત્તિમાંજ નિશ્ચિત થયેલ હોવાથી જેમણે નિત્ય ધર્મ જનોઈ, વેદના અધ્યયન નો પણ ત્યાગ કરેલ તે ભાગવતનો અભ્યાસ કેમ કરે? વળી 'પિતાના અથવા ભગવાનના વિચારથી તે પાઠ કરે' એમ પણ કહેવાય નહીં, કારણ કે ફલથી

અથવા સ્વરૂપથી તેમના ઉપકારની તેમને જરૂર હતી. છતાં જ્ઞાનમાં વિઘ્ન કરનારી પ્રવૃત્તિરૂપ ઉપકારની જરૂર ન હતી. તે અર્થ 'સર્વમાં અપેક્ષા વિનાના' શબ્દથી કહેલ છે. 'બ્રહ્મને લીધે જ્ઞાન પ્રાપ્ત કરાવનાર તરીકે ભાગવત ભણ્યા' એમ પણ ન કહેવાય, તે અર્થ 'મુનિ' શબ્દથી કહેલ છે. કારણ કે મનનજ ભગવાનને સાક્ષાત્કાર કરવામાં એક [1]નિયમ તરીકે કહેલું છે. તેથી સંભવે તેવું પ્રયોજન ન હોવાથી, કયા પ્રયોજનથી, સ્વરૂપથી અને અર્થથી મોટી આ સંહિતાનો ભાવ સાથે અર્થના જ્ઞાનપૂર્વક પોતાને અધીન ઉચ્ચાર થાય ત્યાં સુધી તેમણે કેવી રીતે અભ્યાસ કર્યો? ચિત્ત આશ્ચર્યમાં ગરકાવ થયેલું હોવાથી પણ અભ્યાસ કર્યો નથી, કારણ કે તે આત્મામાં રમણ કરનાર હતા.૯

૧.' આત્માનું મનન કરવું' એ શ્રુતિમાં હેતુ તરીકે કહેલ છે. પ્ર

આનો ઉત્તર નીચેના શ્લોકથી કહે છે :

**આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપિ ઉરુક્રમે ।**
**કુર્વન્તિ અહૈતુકીં ભક્તિમ્ ઈત્થંભૂતગુણો હરિઃ ।।૧૦।।**

અને આત્મામાં રમણ કરનાર, બંધન વિનાના મુનિઓ પણ મોટા ઉરુક્રમ(ડગ ભરનાર હરિ)ની પ્રયોજન વિનાની ભક્તિ કરે છે. હરિ એવા પ્રકારના ગુણવાળા છે.૧૦

આશ્ચર્ય, સાધન અને અવિદ્યા ન હોવાપણાથી ગ્રંથ ન ભણવાનું સિદ્ધ થતું નથી, એમ જણાવવા ત્રણ[1] વિશેષણો યોજેલાં છે. 'ચ' 'અને' શબ્દથી એવું ગ્રંથનું અલૌકિકપણું દર્શાવેલું છે કે બીજાઓ નથી ભણતા એમ નથી, પરંતુ તેઓ પણ ભણે છે જ. 'પણ' શબ્દથી ભક્તિમાર્ગમાં રહેલાઓ ભણે છે એમ સૂચવેલ છે. બીજા માર્ગમાં રહેલ[2] શુકમાં તો વિકલપણું ન હોવાથી, તે પ્રચાર કરવાની શક્તિવાળા હોવાથી પ્રચાર કરવા તેમને યોજેલ છે. પરંતુ ભક્તિ માર્ગમાં રહેલ ન હોવાથી અને નિવૃત્તિનું તાત્પર્ય હોવાથી તેમને યોજેલ ન હતા. 'મોટા ડગ ભરનાર' શબ્દથી અલૌકિક શક્તિ જણાવેલી છે . ભક્તિ અલૌકિક[3] કરે છે, એવો અનુવાદ છે. 'હરિ એવા પ્રકારના ગુણવાળા છે' શબ્દોથી તે વિષયની યોગ્યતા કહેલી છે. ભગવાનના ગુણો પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિના સ્વભાવવાળા, પરમાનંદરૂપ અને જ્ઞાનરૂપ છે. તેથી જે કોઈ હરકોઈ ગુણમાં આસક્તિવાળો હોય તે ભગવાનના ગુણોમાં આનંદ કરે છે. કારણ કે ગુણો સર્વના પ્રતિબિંબરૂપ અને જ્ઞાનને વશ કરવાનાં સ્વભાવવાળા છે.૧૦

૧.આત્મામાં રમણ કરનાર, મુનિઓ અને બંધન વિનાના એ ત્રણ વિશેષણો તેમને આશ્ચર્ય, સાધન અને અવિદ્યાના નાશની જરૂર નથી એમ દેખાડનારાં છે.

૨.શુક જ્ઞાનમાર્ગીય હતા. એકાદશ સ્કંધના સુબોધિનીમાં કહેલ છે કે બીજા માર્ગવાળા હોય તે જ ગુરુ થાય, અહીં પણ તેવોજ ભાવાર્થ છે.

૩.'મોટા ડગ ભરનાર' અલૌકિક શક્તિવાળા જણાવેલ હોવાથી, તેમની ભક્તિ અલૌકિક કહી એમ અનુવાદ કરેલ હોવાનું કહેલ જણાય છે.

ભગવાનના ગુણો ભલે તેવા હોય, તેથી ગ્રંથમાં શું લાભ થયો? એવો પ્રશ્ન થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**હરેર્ગુણાક્ષિપ્તમતિઃ ભગવાન્ બાદરાયણિઃ ।**
**અધ્યગાન્ મહદાખ્યાનં નિત્યંવિષ્ણુજનપ્રિયઃ ।।૧૧।।**

હરિના ગુણોથી વશ થયેલ મતિવાળા, જેમને સદા વિષ્ણુજનો પ્રિય છે તેવા ભગવાન બાદરાયણિએ મોટા આખ્યાનનો અભ્યાસ કર્યો.૧૧

ગોઠવેલા ન હોય તેવા ગુણોનું પોતાની બુદ્ધિથી સ્મરણ કરતાં કલ્પના કરવાથી ક્લેશ થાય છે, ગોઠવેલા હોય ત્યારે તો તૈયાર થયેલ હોવાથી સ્મરણ સહેલાઈથી થાય છે, તેથી ભગવાનના ગુણોથી શુક વશ થયેલ મતિવાળા થયા. તેમનાથી મતિ વશ થયેલી હોવાથી બીજા કોઈમાં પ્રવૃત્તિ થતી ન હતી. 'મતિ' શબ્દનું એવું તાત્પર્ય છે કે તેમણે ફલ[1] પ્રાપ્ત કરેલું તેથી બીજા સ્થલે વિષય અને ઈંદ્રિયો નો સંબંધ થવા છતાં પણ તેમાં મતિ થતી ન હતી. આ શુક જીવ છે એવા વિચારથી કહ્યું. **વાસ્તવિક રીતે તો શુક મહાદેવ હતા. તે 'ભગવાન' શબ્દથી કહેલ છે, કારણ કે ભાગવત રચવા અને તેનો પ્રચાર કરવા વિષ્ણુ અને મહાદેવે અવતાર લીધેલા, તે 'બાદરાયણિ' શબ્દથી કહેલ છે.** તેથી આખ્યાન મોટું હોવા છતાં પણ શુકે તેનો અભ્યાસ કર્યો.

બોલાવ્યા વિના શુકે પોતેજ જઈને તેનો કેમ પ્રચાર કર્યો? એવો પ્રશ્ન થાય, તેથી 'જેમને સદા વિષ્ણુજનો પ્રિય છે તેવા' એમ કહેલું છે. સદા વિષ્ણુજનો પ્રિય છે જેમને તેવા શુક હતા . કામ જેમ કામિની પ્રાપ્ત કરાવે તેમ ભગવાનના ગુણો પોતાની પ્રતિષ્ઠા[2] થાય તે માટે ભક્ત પ્રાપ્ત કરાવે છે. તેથી સદા જે ભગવાનના ભક્તો, બનાવટ ન કરેલા સદાના વૈષ્ણવો હોય તે પ્રિય છે જેમને તેવા શુક હતા. કારણ કે સ્નેહને અંગ કરવામાં બીજા પ્રયોજનની જરૂર હોતી નથી.૧૧

૧.વિષય અને ઈંદ્રિયોના સંબંધરૂપ ફલ જ્ઞાન તે ગુણોથી પ્રાપ્ત થયેલું, એવો અર્થ છે. પ્ર ભગવાનના ગુણોથી મતિ વશ થઈ, એજ ફલ હોવાનું જણાય છે.

૨.'પ્રતિષ્ઠા' એટલે ઉત્તમ પ્રકારની સ્થિતિ. પ્ર

એ પ્રમાણે ભાગવતની ઉત્પત્તિ અને પ્રચાર કહીને, તેનું શ્રવણ કરનાર જો સંપૂર્ણ પ્રકારે ભગવદીય ન હોય તો ભાગવતની પ્રતિષ્ઠા ન થાય, તેથી પરીક્ષિતને ગર્ભથી થયેલ સંસ્કારથી આરંભી ભગવાનેજ પોતાના તેજથી તેનું રક્ષણ કરેલું એમ કહેવા તેનો પહેલાનો દેહ બ્રહ્માસ્ત્રથી વળેલ હોવાનું કહેવા, તેવા પ્રકારે રક્ષણ કરવાનું પ્રયોજન[1] પણ તે વૈષ્ણવ હોવાનું જ હતું એમ જણાવવા, તે પાંડવોની બીજી સંતતિનો દાહ થયેલ હોવાનું કહેતો, નીચેના શ્લોકથી આરંભી અધ્યાય પૂરો થતાં સુધી તેની વાત ચાલે છે. પરીક્ષિતનો દાહ થવાનું કારણ કહે છે. અશ્વત્થામાનું ભારે અપમાન તેનો દાહ થવાનું કારણ હતું . પાંડવોના બીજા પુત્રોનો દાહ તો પરીક્ષિતનું રક્ષણ કરવામાં અને અશ્વત્થામાનું અપમાન થવામાં બંનેમાં કારણ હતો.

પૂછ્યા વિનાનું કહેવાય નહીં, તેથી પૂછેલ ફરી કહી નીચેના શ્લોકથી તે કહેવાની પ્રતિજ્ઞા કરે છે :

**પરીક્ષિતોઽથ રાજર્ષેઃ જન્મકર્મવિલાયનમ્ ।**
**સંસ્થાઞ્ચ પાણ્ડુપુત્રાણાં વક્ષ્યે કૃષ્ણકથોદયમ્ ।।૧૨।।**

પછી શ્રીકૃષ્ણની કથા જેમાંથી પરિણમે છે તે રાજર્ષિ પરીક્ષિતનાં જન્મ, કર્મ અને મૃત્યુ, અને પાંડુના પુત્રોની સંસ્થા હું કહીશ.૧૨

'પછી' એટલે ભાગવતનું નિરૂપણ કર્યા પછી તેનું શ્રવણ કરનાર પરીક્ષિતનાં બીજનો સંસ્કાર જણાવવા તેનો જન્મ, ધર્મનું રક્ષણ કરવાનું ભગવાનનું કાર્ય તેણે કરેલ હોવાથી તેનું કર્મ, અને ભાગવતનું શ્રવણ જણાવવા તેનું મૃત્યુ કહીશ. અને તેની મુક્તિમાં પ્રતિબંધ ન થાય તે માટે ત્રણ પુરુષ[૨] (વડવાઓ)ની શુદ્ધિ જણાવવા પ્રથમથી જ પાંડુના પુત્રોની અને 'ચ' 'અને' શબ્દ હોવાથી ધૃતરાષ્ટ્રની પણ સંસ્થા[૩] કહીશ . ધૃતરાષ્ટ્રનો યુધિષ્ઠિરે ત્યાગ કરેલ ન હોવાથી[૪] પાંડુના પુત્રોની સાથે તેની સંસ્થા કહેલી નથી. ''એકથી ઉત્પન્ન થયેલા ભાઈઓ...'' (મનુસ્મૃતિ ૯।૧-૨)માં જણાવેલ અભિપ્રાય પ્રમાણે ધૃતરાષ્ટ્રની મુક્તિ થઈ ન હોય તો તેથી પરીક્ષિતની મુક્તિ થવામાં વિઘ્ન[૫] થાય, અને મુક્તિ પણ તેની કહેવાની હોવાથી 'ચ' 'અને' શબ્દથી તે કહેલ[૬] છે. તેથી[૭] જ 'પાંડુના પુત્રોની' એમ કહેલ છે, 'પાંડવોની' કહેલ નથી. શ્રીકૃષ્ણની કથા જણાવનારા હોવાથી આ કહેલા છે, તેમ ન હોય તો તેમની વાત કહેવી અયોગ્ય થાય. તે 'જેમાંથી શ્રીકૃષ્ણની કથા પરિણમે છે તે' શબ્દથી કહેલ છે. શ્રીકૃષ્ણની કથાનું પરિણામ થાય છે જેમાંથી તેની આ કથા છે. કારણ કે આ ભગવાનનાં ચરિત્રરૂપ કથા નથી, પરંતુ પ્રાસંગિક છે. તેથી શ્રીકૃષ્ણની કથારૂપ પ્રયોજનનું કારણ હોઈ, શ્રીકૃષ્ણની કથામાં સ્વરૂપ ઉપર ઉપકાર કરનારી મૂલ કથા છે; તેથી તે કહેવામાં આવે છે એવો ભાવ છે.૧૨

૧. તેટલા પ્રયોજનનો ભાવ તે તાદર્થ્ય, એવા પ્રકારનું રક્ષણ. પ્ર

૨. પાંડવોની સંસ્થા પૂછેલ ન હોવાથી તે કહેવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. પ્ર

૩.'સંસ્થા' એટલે ૧ સારી સ્થિતિ અને ૨ મૃત્યુ. પ્ર

૪. યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયા પછી તેણે ધૃતરાષ્ટ્રનો ત્યાગ કરેલ ન હતો, પરંતુ વિદુરની ઉપદેશથી ધૃતરાષ્ટ્ર પોતેજ ચાલ્યો ગયો હતો. આ તેરમા અધ્યાયમાં કહેવાશે. તે અધ્યાયમાં અને ચૌદમા અધ્યાયની પહેલી કારિકામાં ધૃતરાષ્ટ્રની મુક્તિ થયાનું જણાવેલ હોવાથી તેની મુક્તિ થઈ ન હતી એમ કહેલું અયોગ્ય છે.

૫. આ મનુસ્મૃતિના વાક્ય પ્રમાણે એકથી ઉત્પન્ન થયેલ ભાઈઓ એક ગણાય, તેથી બધાની મુક્તિ થાય ત્યારે તે વડવાની મુક્તિ ગણાય. તેથી ધૃતરાષ્ટ્ર અને પાંડુ બંનેની મુક્તિ કહેવી જોઈએ. જો કે ધૃતરાષ્ટ્ર અને પાંડુ એક સ્ત્રી થી જન્મેલા ન હતા, છતાં એક પતિની સ્ત્રીઓથી જન્મેલા હોવાથી એકથી જન્મેલા ગણાય. પ્ર

૬.મુક્તિ કહેલ છે પ્ર . ધૃતરાષ્ટ્રનું નામ શ્લોકમાં નથી તેથી 'ચ' શબ્દથી ધૃતરાષ્ટ્ર જણાવેલ છે, એવો અર્થ જણાય છે. તે પાંડુનો ભાઈ હોવાથી, 'પાંડુના પુત્રો' કહેલ છે, પણ પાંડવો કહેલ નથી.

૭.'તેથીજ' એટલે પાંડુની મુક્તિ થયેલ હોવાથી જ. પ્ર પાંડુ અને ધૃતરાષ્ટ્ર એકથી જ ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્પન્ન થયેલા હોવાથી જ, એવો અર્થ જણાય છે. 'એકેન જાતાઃ' એક વ્યાસ થી ઉત્પન્ન થયેલા હોવાથી પણ તેઓ ભાઈઓ ગણાય, અને તેમની મુક્તિ થવાની જરૂર ગણાય.

પાંડવોના બીજા પુત્રોને હણ્યા, એમ કહેવા માટે નીચેના શ્લોકથી તેનું કારણ કહે છેઃ

**યદા મૃધે કૌરવસૃઞ્જયાનાં વીરેષ્વથો વીરગતિં ગતેષુ ।**
**વૃકોદરાવિદ્ધગદાભિમર્ષ-ભગ્નોરુદંડે ધૃતરાષ્ટ્રપુત્રે ॥૧૩॥**

જ્યારે કૌરવો અને સૃંજયોના યુદ્ધમાં પછી વીરો વીરગતિને પામ્યા, અને જ્યારે ભીમે ફેંકેલી ગદાના પ્રહારથી ધૃતરાષ્ટ્રના પુત્રના સાથળરૂપી દંડો ભાંગ્યા.૧૩

સૃંજય વંશમાં ઉત્પન્ન થયેલો ધૃષ્ટદ્યુમ્ન પાંડવોનો સેનાપતિ હોવાથી, પાંડવો પોતે કૌરવ હોવા છતાં પણ વિરોધનું કારણ દ્રૌપદી હતી તેથી અને પાંડવોના પક્ષમાં ધૃષ્ટદ્યુમ્ન આવેલ હોવાથી અયોગ્યતા ન થાય તે માટે 'સૃંજયોના'[1] એમ કહેલું છે. અને ''અહીં બે પ્રકારના મૃત્યુ સારા ગણાએલા છે'' (૬।૧૦।૩૩) એ વાક્ય પ્રમાણે તેમના સંબંધીઓની મુક્તિ થયાનું 'વીરગતિને પામ્યા ' શબ્દથી કહેલું છે. આથી દ્રૌપદીના પુત્રો જ અન્યાયથી મરણ પામ્યા, એવું શોક કરવાનું કારણ સૂચવેલું છે. અને 'અથો' 'પછી' શબ્દથી મધ્યમાં જુદા આરંભ કરનારું વચન કહેલું છે, તેથી ''પાર્થના શસ્ત્રથી પવિત્ર થયેલાઓએ આપના ચરણની પ્રાપ્તિ કરી'' (૩।૨।૨૦) એમ જણાવેલું છે. ઉત્તરાર્ધથી દુર્યોધનનું અયોગ્ય મરણ થવાનું કહેલું છે.

**વૃકો દશવિધો પ્રાણ ઉદરે યસ્ય તિષ્ઠતિ ।**
**સ વૃકોદર ઈત્યુક્તો ભગવત્કાર્યસાધકઃ ॥૭॥**

વૃક એટલે દશ પ્રકરનો પ્રાણ જેના ઉદરમાં રહેલ હોય તે 'વૃકોદર' કહેવાય છે. એને ભગવાનનાં કાર્યને સિદ્ધ કરનારો છે.કા.૭.

એ વાક્ય પ્રમાણે ભીમે ફેંકેલી ગદાના પ્રહારથી ભાંગેલા છે બે સાથળરૂપ જ દંડો જેના તેવો દુર્યોધન થયો. 'દંડ' શબ્દથી પ્રહાર કરવાનું કારણ કહેલું છે. કારણ કે તે દેખાડીને દ્રૌપદીને દુઃખ ઉત્પન્ન કરેલું. 'ધૃતરાષ્ટ્રના પુત્ર' શબ્દથી આંધળાનો પુત્ર હોવાથી તેનું અવિવેકીપણું કહેલ છે.૧૩

૧. કૌરવો અને પાંડવોનું યુદ્ધ ન કહેતાં કૌરવો અને સૃંજયોનું યુદ્ધ કહેવાનાં કારણો અહીં કહેલાં છે.

તેથીજ તેનો સેવક પણ અવિવેકી થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ભર્તુઃ પ્રિયં દ્રૌણિરિતિ સ્મ પશ્યન્ કૃષ્ણાસુતાનાં સ્વપતાં શિરાંસિ ।**
**ઉપાહરદ્ વિપ્રિયમેવ તસ્ય જુગુપ્સિતં કર્મ વિગર્હયન્તિ ॥૧૪॥**

સ્વામીને આ પ્રિય છે એમ જાણીને કૃષ્ણાના સૂતેલા સુતોનાં માથાંઓ દ્રૌણિ લઈ ગયો. તેના તે દુઃખકારક નિંદ્ય કર્મની જ લોકો નિંદા કરે છે.૧૪

'દ્રૌણિ' દ્રૌણના પુત્ર શબ્દથી વેર ચાલુ રહેવાનું મૂલ[1] કારણ કહેલું છે. કૃષ્ણા (માતા)ના પુત્રો હોવાથી તે સૂતેલા હતા. ઘણા પતિઓના પુત્રો હોવાથી માતાનું નામ કહેલ છે. તેથીજ ભગવાને વંશ ચાલુ રાખવા તેઓનું રક્ષણ ન કર્યું. 'કૃષ્ણા' એટલે દ્રૌપદી; તેનાથી માત્ર પ્રસવ થયેલો, પરંતુ તેઓએ તેનો ઉદ્ધાર કરેલ નથી. એમ 'સુતોના' શબ્દથી કહેલ છે.

'કૃષ્ણા' શબ્દથી ''જેની જેનામાં શ્રદ્ધા હોય તે તે જ છે'' (ભગ.ગીતા ૧૭।૩) વાક્ય પ્રમાણે તે કૃષ્ણના ભાવને પ્રાપ્ત કરેલી સૂચવેલી છે. દુર્યોધનને દેખાડવા માટે માથાંઓ લઈ ગયેલ. તેથી અડધાં ધડને જ બાળવામાં આવ્યા તેથી બહુ દુઃખ થયું. દુર્યોધનને પણ તેઓને મારવાનું ઈષ્ટ ન હતું. લોકમાં નિંદા દુર્યોધનની ન થઈ. આ કર્મની તો લોકો નિંદા કરે છે, તેથી તે 'વિપ્રિયં' દુઃખદાયક હોવાનું કહેલું છે.૧૪

૧.દ્રોણ અને દ્રુપદનું વેર મૂલ કારણ હતું.

**માતા સુતાનાં નિધનં શિશૂનાં નિશમ્ય ઘોરં પરિતપ્યમાના ।**
**તદાઽરુદદ્ બાષ્પકલાઽઽકૂલાક્ષી તાં સાન્ત્વયન્ આહ કિરીટમાલી ।।૧૫।।**

શિશુ સુતોનાં મૃત્યુનું શ્રવણ કરીને ઘેર ઘણું દુઃખી થયેલી માતા જ્યારે આંસુઓની કલાઓથી ભરાઈ ગયેલી આંખોવાળી થઈ રડી, ત્યારે તેનું સાન્તવન કરતાં કિરીટમાલીએ નીચે પ્રમાણે કહ્યું.૧૫

માતા દ્રૌપદીને રડવાનું કારણ માતાપણું જ હતું. સુતો બાલક હોવાથી તેમના ઉપર ઘણો સ્નેહ હતો તેથી મૃત્યુનાં શ્રવણથી ઘણું દુઃખ થયું. 'ઘોર' શબ્દથી રાતની સૌષુપ્તિક પર્વતની કથા સૂચવેલી છે. જ્યારે તે 'રડી ત્યારે તેનું સાન્તવન' કરતાં કહ્યું , એવો વાક્યનો સંબંધ છે. 'કિરીટમાલી' એટલે અર્જુન. તે ઘણા પુરુષોની પેઠે યુદ્ધ કરતો હતો તેથી, અથવા તેના વેગને લીધે તેને એક મુકુટ હોવા છતાં ઘણા મુકુટો જણાતા હતા.[૧] સ્ત્રીવશ હોય તેવા ભક્તોનું પણ ભગવાન પાલન કરે છે એમ જણાવવા અર્જુનની પ્રતિજ્ઞા કહે છે, અથવા 'તેનું સાન્ત્વન કરતાં' એવું વચન હોવાથી સાચી પ્રતિજ્ઞા તેણે કરી નથી.૧૫

૧.તેથી તેનું નામ 'કિરીટમાલી' એટલે મુકુટોની માલાવાળો હતું.

સ્ત્રીનો શોક પતિએ દૂર કરવો જોઈએ. તેમાં શાંતપણાથી આંસૂ લૂછવાનું અશક્તોના સંબંધવાળું અને વેર વાળી શકાય નહીં તેવા કાર્યમાં થાય છે. તે સંબંધમાં મરેલાઓને જીવતા કરવાનું થઈ શકે તેવું નથી, પરંતુ હણનારનો વધ થઈ શકે તેવો છે, તેથી તે કરીને તે વિષયમાં આંસુ લૂછવાનું કરવું જોઈએ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તદા શુચસ્તે પ્રસૃજામિ ભદ્રે યદ્બ્રહ્મબન્ધોઃ શિર આતતાયિનઃ ।**
**ગાણ્ડીવમુક્તૈઃ વિશિખરુપાહરે ત્વાક્રમ્ય યત્ સ્નાસ્યસિ દગ્ધપુત્રા ।।૧૬।।**

હે કલ્યાણી! જ્યારે આતતાયી બ્રહ્મબંધુના માથાને ગાંડીવથી છોડેલાં બાણોથી હું લાવીશ, કે જેના ઉપર પગ મૂકીને બાળેલા પુત્રોવાળી તું સ્નાન કરીશ ત્યારે તારા શોકને હું દૂર કરીશ.૧૬

ક્રૂરનાં આંસુ ક્રૂર પ્રકારથી લૂંછાય. 'શોકને' એટલે શોકના આંસુઓને ફરી આંસુ ન આવે તે માટે તે તેમનાં કારણથી જણાવેલ છે. ઉલટું થાય તો શું પરિણામ થાય? એવી શંકા

થાય, તેથી 'હે કલ્યાણી!' એવું સંબોધન કરેલું છે. તેનું તાત્પર્ય એવું છે કે તારામાં વૈરાગ્યનાં ચિહ્ન ન હોવાથી તેવું નહીં થાય. 'બ્રહ્મબંધુના' શબ્દથી એમ જણાવેલ છે કે બ્રહ્મ એટલે બ્રાહ્મણજાતિ, તેનો બંધુજ છે. કોઈ સમયે તેનામાં આવે છે, કોઈ સમયે નથી આવતી. તેથી ''નિશ્ચય દેવના સંબંધવાળો બ્રાહ્મણ વર્ણ છે, અસુરના સંબંધવાળો શૂદ્ર વર્ણ છે'' એ શ્રુતિ પ્રમાણે તેનામાં સદા બ્રાહ્મણપણું રહેતું નથી, કારણ કે તે દેવોનો વિરોધી અને અસુરોના આવેશવાળો છે. વળી તે આતતાયી છે. ''અગ્નિ મૂકનાર ઝેર આપનાર....'' એવું વાક્ય હોવાથી, અને ''આવતા હણવા ઈચ્છતા આતતાયીને તે વેદાન્તનો પાર પામેલ હોય તો પણ હણવો. તેમ કરવાથી બ્રાહ્મણને હણનાર થતો નથી'' એવી સ્મૃતિ હોવાથી તેનો વધ કરવામાં દોષ નથી. બાણોથી જ તેનું માથું કાપીને લાવવાનું છે, તે દુષ્ટ હોવાથી તેનો સ્પર્શ કરવાનો નથી. માથું કાપી લાવવાની શક્તિ 'ગાંડીવથી છોડેલાં બાણોથી ' શબ્દથી કહેલી છે. માથાં ઉપર પગ મૂકીને સ્નાન કરવું એ ક્ષત્રિયનો ધર્મ હોવાથી વેર વાળાના સંબંધમાં કહેલું છે. 'બાળેલા પુત્રોવાળી' શબ્દથી એમ જણાવેલ છે કે સૂતેલા હતા ત્યારેજ બાળેલા, અથવા સંસ્કાર કરવા બાળેલા. પહેલું ઘણો શોક થવાનું કારણ છે, બીજું સ્નાન કરવાનું કારણ છે. જ્યારે તું સ્નાન કરશે ત્યારે તારા શોકને હું દૂર કરીશ. એવો વાક્યનો સંબંધ છે. દ્રૌપદી ક્ષત્રિય હોવાથી બીજાની પેઠે સ્વભાવથી તેને શોક થયો ન હતો. કામમાં રચ્યા-પચ્યા રહેનારાઓને જ તે સ્વભાવથી શોક થાય છે, ક્રોધ કરનારાને થતો નથી.૧૬

**ઈતિ પ્રિયાં વલ્ગુવિચિત્રજલ્પૈઃ સ સાન્ત્વયિત્વાઽચ્યુતમિત્રસૂતઃ ।**
**અન્વાદ્રવદ્ દંશિત ઉગ્રધન્વા કપિધ્વજો ગુરુપુત્રં રથેન ।।૧૭।।**

અચ્યુત જેના મિત્ર અને સારથિ હતા તેણે એવી રીતે મનોહર વિચિત્ર પ્રલાપોથી પ્રિયાનું સાન્તવન કરીને, કવચ પહેરી, ઉગ્ર ધનુષ્ય લઈ, જેની ધજા ઉપર કપિ હતો તેવો તે રથથી ગુરુના પુત્રની પાછળ દોડ્યો.૧૭

એમ કહેવાનું કારણ 'પ્રિયા' શબ્દથી જણાવેલું છે. 'વલ્ગુ' એટલે તેના માથાં ઉપર પગ મૂકીને સ્નાન કરીશુ એવાં મનોહર. 'બાણોથી લાવીશ' એવાં વિચિત્ર પ્રલાપોથી સાન્તવન કર્યુ તે વચનથી તે દ્રૌપદી પણ ક્ષત્રિય હોવાથી તેનું સારી રીતે સાન્તવન થયું. આ કાર્ય થઈ શકવાનું કારણ 'અચ્યુત જેના મિત્ર અને સારથિ હતા' શબ્દથી કહેલું છે. અચ્યુતનો મિત્ર પણ અચ્યુત જ હોય . તેમનાથી અર્જુનનું રક્ષણ થયું. તે સારથિ હોવાથી કાર્ય થઈ શક્યું. અશ્વત્થામા ભાગી જશે એવી શંકાથી 'અનુ' પાછળ દોડ્યો. પાછળ દોડ્યા પછી જ કવચ પહેર્યું અને ધનુષ્ય લીધું, ધનુષ્ય વધ કરવામાં પરિણમતું હોવાથી 'ઉગ્ર' હતું. 'જેની ધ્વજા ઉપર કપિ હતો' શબ્દથી ઘણું સામર્થ્ય સૂચવેલું છે. અથવા કવચ પહેરેલું હોવાથી, ધનુષ્ય ઉગ્ર હોવાથી અને રથની ધજા ઉપર કપિ હોવાથી પોતાનું રક્ષણ થયાનું કહેલ છે . 'ગુરુના પુત્રની પાછળ દોડ્યો' શબ્દથી અનર્થ થાય તેવું કહેલું છે . 'રથથી પાછળ દોડ્યો ' શબ્દથી પોતાની શક્તિ ન હવોનું જણાવેલું છે .૧૭

**તમ્ આપતન્તં સ વિલક્ષ્ય દૂરાત્ કુમારહોદ્વિગ્નમના રથેન ।**
**પરાદ્રવત્ પ્રાણપરીપ્સુરુર્વ્યાં યાવદ્ ગમં રુદ્રભયાદ્યથાર્કઃ ।।૧૮।।**

તેને દોડી આવતો દૂરથી જોઈને, કુમારોને હણનાર વ્યથિત મનવાળો તે પ્રાણોનું રક્ષણ કરવાની ઈચ્છાથી, જેમ રુદ્રના ભયથી સૂર્ય નાઠો હતો તેમ, પૃથ્વી ઉપર જ્યાં સુધી જઈ શકાયું ત્યાં સુધી રથ વડે નાઠો.૧૮

અશ્વત્થામાને જોયો તોપણ અર્જુનની ગતિ ધીરી ન પડી તેથી અશ્વત્થામાએ જાણ્યું કે વધ કરશે, તે 'દોડી આવતો' શબ્દથી કહેલ છે. અશ્વત્થામા અપરાધી હોવાથી તેણે અર્જુનને દૂરથી જ જોયો. ક્ષત્રિયના ધર્મનો જેણે આશ્રય કરેલ હોય તેને યુદ્ધ કરવાનું આવે ત્યારે ઘણો ઉત્સાહ થાય. અશ્વત્થામાએ બાલકોનો વધ કરેલ હોવાથી તેના પાપથી તેના મનમાં પીડા થઈ. 'રથ વડે' શબ્દથી એમ કહેલું છે કે યુદ્ધનું સાધન રથ નાસવાનું સાધન થયો. 'પ્રાણોનું રક્ષણ કરવાની ઈચ્છાથી' શબ્દથી નાસવાનું પ્રયોજન કહેલું છે. જેમના પ્રાણોના રક્ષણ માટે નીચની સેવા, પિતાનો વધ અને અન્યાયી કર્મો કરવાનું સ્વીકાર્યું, તેમનું રક્ષણ કરવા નાસવામાં શું આશ્ચર્ય? એવો તેનો અર્થ છે. પૃથ્વી ઉપર જ્યાં સુધી જઈ શકાય, જ્યાં સુધી નદી વિગેરે આડાં ન આવ્યાં ત્યાં સુધી નાઠો. યોગ, મંત્ર વિગેરેથી બીજા લોકમાં જવાથી પણ છૂટવાનું થઈ શકે તેમ નથી એમ જણાવવા 'જેમ રુદ્રના ભયથી સૂર્ય નાઠો હતો તેમ' એવું દૃષ્ટાંત કહેલું છે. જેમ સૂર્યે વિદ્યુન્માલી રાક્ષસને હણ્યો ત્યારે તે રાક્ષસ પોતાનો ભક્ત હોવાથી રુદ્રને ક્રોધ થયો. પછી શૂલ ઉગામીને રુદ્રે સૂર્યનો વધ કરવાની પ્રવૃત્તિ કરી. પછી સૂર્ય નાસતાં નાસતાં ભૂમિ ઉપર પડ્યો, અને કાશીમાં 'લોલાર્ક' નામથી પ્રસિદ્ધ થયો. તેવી રીતે આ અશ્વત્થામા પણ બીજા લોકમાં ભમતાં પણ પડે, તેથી ભૂમિ ઉપર જ જ્યાં સુધી જઈ શકાયું ત્યાં સુધી નાઠો, એવો અર્થ છે.૧૮

**યદાऽશરણમ્ આત્માનમ્ ઐક્ષત શ્રાન્તવાજિનમ્ ।**
**અસ્ત્રં બ્રહ્મશિરો મેને આત્મત્રાણં દ્વિજાત્મજઃ ।।૧૯।।**

જ્યારે થાકી ગયેલ ઘોડાવાળા પોતાને શરણરહિત જાણ્યો ત્યારે તે બ્રાહ્મણના પુત્રે બ્રહ્માસ્ત્રને પોતાનું રક્ષણ કરનારું માન્યું.૧૯

પછી ભયને લીધે શરણ શોધતાં, તે ભગવાનથી વિમુખ થઈને જતો હોવાથી મહાદેવ વિગેરે કોઈ પણ શરણ થયું નહીં. ઘોડાઓ થાકી ગએલા હોવાથી ભાગવાની શક્તિ રહી ન હતી ત્યારે 'બ્રહ્મશિરઃ' બ્રહ્માસ્ત્ર મારૂં શરણ થશે એમ તેણે જાણ્યું. નથી રહ્યું શરણ જેનું તે શરણરહિત. અને થાકેલા હતા ઘોડાઓ જેના તેવો તે થયો .

**આધ્યાત્મિકં ચાધિદૈવં બ્રહ્માસ્ત્રં દ્વિવિધં મતમ્ ।**
**નિવર્ત્યમ્ અનિવર્ત્યં ચ મન્ત્રયોઃ સુપ્રતિષ્ઠિતમ્ ।।૮।।**

આધ્યાત્મિક અને આધિદૈવિક એવા બે પ્રકારનું બ્રહ્માસ્ત્ર મનાએલ છે, મંત્રોના સંસ્કાર પામેલું તે અનુક્રમે પાછું વાળી શકાય અને પાછું ન વાળી શકાય તેવું છે.કા.૮

દ્રોણાચાર્યે આ અશ્વત્થામા ને બે બ્રહ્માસ્ત્ર આપેલ, પણ પાછા વાળવાનું શીખવેલ ન હતું. કારણ કે શરીર હોય ત્યારે જ તે મૃત્યુથી રક્ષણ કરી શકે. આ બ્રાહ્મણનો પુત્ર હોઈ દીર્ઘ દૃષ્ટિવાળો ન હોવાથી પાછું વાળવાનું જ્ઞાન ન હોવા છતાં આ સમયે તેને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરવાની ઈચ્છા થઈ.૧૯

**અથોપસ્પૃશ્ય સલિલં સન્દધે તત્સમાહિતઃ ।**
**અજાનન્ ઉપસંહારં પ્રાણકૃચ્છ્ર ઉપાગતે ।।૨૦।।**

પછી પ્રાણનું સંકટ આવ્યું ત્યારે પાછું વાળવાનું ન જાણનારે તેણે જલનું આચમન કરી, સાવધાન થઈ તે સાંધ્યું.૨૦

પછી ભાગવાનું તજી, જુદા આરંભથી આચમન કરી, દેવતાની સન્નિધિ થાય તે માટે સાવધાન થઈ, ઉપસંહારનાં જ્ઞાન વિના સાંધવાથી લોકોનો નાશ થવાથી પોતાને ઘણું પાપ થશે એમ જાણવા છતાં, પ્રાણનું સંકટ આવ્યું ત્યારે, અયોગ્ય કાર્ય પણ વિપત્તિમાં કરવું જોઈએ એવી બુદ્ધિથી તેણે તે સાંધ્યું.૨૦

પછી જે થયું, તે નીચેના શ્લોકથી કહે છે :

**તતઃ પ્રાદુરભૂત્ તેજઃ પ્રચણ્ડં સર્વતોદિશમ્ ।**
**પ્રાણાપહમ્ અભિપ્રેક્ષ્ય વિષ્ણું જિષ્ણુરુવાચ હ ।।૨૧।।**

પછી તેજ પ્રકટ થયું. સર્વ દિશાઓમાં પ્રચંડ પ્રાણને હરનારું તે જોઈને, અહો! જિષ્ણુએ વિષ્ણુને કહ્યું.૨૧

'પ્રચંડ' એટલે સામો ઉપાય ન થઈ શકે તેવું. પ્રચંડ વિગેરે જુદું વાક્ય છે. સર્વ દિશાઓમાં અર્જુનની આસપાસ થયું , તેથી જ તે પ્રાણ હરનારું હતું. અશ્વત્થામાનું આ અસ્ત્ર છે એમ જાણ્યા વિના, દૈવયોગથી કાંઈક બીજું જ નાશ કરનારું આવેલ છે એમ જાણી, તેનો નાશ કરવા અને તેનાં સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે ભગવાનને પૂછવા પ્રથમ તેમની સ્તુતિ કરે છે. કારણ કે રક્ષણ કરનાર વિષ્ણુ છે. અને જ્ઞાન થાય ત્યારે તેનો સાચો ઉપાય કરનાર 'જિષ્ણુ' અર્જુન છે. 'હ' 'અહો' શબ્દ એવું આશ્ચર્ય દર્શાવે છે કે તે તેજ જોવામાં આવે ત્યારે મૂર્છા થવી જોઈએ તેમ છતાં તેવા પ્રસંગે ગભરાયા વિના ભગવાનની સ્તુતિ કરે છે.૨૧

ચાર પુરુષાર્થોની સિદ્ધિ થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી અર્જુન ભગવાનની સ્તુતિ કરે છે :

**અર્જુન કહે છે :**

**કૃષ્ણ! કૃષ્ણ! મહાબાહો! ભક્તાનામ્ અભયઙ્કર! ।**
**ત્વમ્ એકો દહ્યમાનાનામ્ અપવર્ગોઽપિ સંસૃતેઃ ।।૨૨।।**

હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મોટા બાહુવાળા! હે ભક્તોનું અભય કરનાર! સંસારથી બળતાઓને આપ એકલા મુક્તિ કરાવનાર છો.૨૨

'હે કૃષ્ણ! હે કૃષ્ણ' એમ બે વાર આદરને લીધે અથવા ભયને લીધે કહેલ છે . મોટા છે બાહુઓ જેમના, અથવા ઈંદ્ર વિગેરે બાહુઓ છે જેમના તેવા આપ છો . આથી ક્રિયાશક્તિ ઘણી હોવાનું અથવા પાલન કરનાર હોવાનું કહેલ છે. સામાન્ય રીતે બધાનું પાલન કરનાર હોવાનું કહ્યું. ભક્તો પ્રતિ તો ઉત્તમ પ્રકારે પાલન કરનાર હોવાનું 'ભક્તોનું અભય કરનાર' સંબોધનથી કહેલ છે. ભય આવે ત્યારે બીજાનું ભગવાન પાલન કરે છે, પરંતુ ભક્તોને તો અભય જ રાખે છે, ભય થવા દેતા નથી. વળી આપનાથી દૂર રહેલા હોય તે બળે છે. દાહમાં પણ જન્મ અને મરણ રૂપ સંસારનો દાહ મોટો છે, તેનો આપ અંત કરનાર છો. સંસારના કારણે બળનારાઓને આપ એકલા મુક્તિ કરાવનાર છો; કારણ કે "હે અર્જુન! બ્રહ્મલોક સુધીના લોકો ફરી-ફરી જન્મ લેનારા છે. હે કુંતિના પુત્ર! મને પ્રાપ્ત કરીને પછી ફરી જન્મ થતો નથી" (ભગ.ગીતા ૮।૧૬) એમ આપે જ કહેલ છે .૨૨

**ત્વમ્ આદ્યઃ પુરુષઃ સાક્ષાદ્ ઈશ્વરઃ પ્રકૃતેઃ પરઃ ।**
**માયાં વ્યુદસ્ય ચિચ્છક્ત્યા કૈવલ્યે સ્થિત આત્મનિ ।।૨૩।।**

આપ [1]આદ્ય પુરુષ [2]સાક્ષાત ઈશ્વર [3]પ્રકૃતિ પર છો. [4]ચિત્ શક્તિથી માયાનો પરિભવ કરીને [5]કેવલ આત્મામાં જ રહેલા છો.૨૩

આ વિષયની યોગ્યતા (૨૩ અને ૨૪ બે શ્લોકોથી) કહે છે. "જેને કોઈ તરફથી ભય ન હોય તે પતિ થાય" એ નિયમ પ્રમાણે પ્રથમ આ શ્લોકથી ભગવાનમાં કોઈ દોષ ન હોવાનું, અને તે પછી શ્લો.૨૪માં બીજાના દોષ દૂર કરવાનું કહે છે. તે સંબંધમાં દોષો [ક]કર્મથી થયેલા, [ખ]કાલથી થયેલા, [ગ]સ્વભાવથી થયેલા, [ઘ]માયાથી ઉત્પન્ન થયેલા અને [ઙ]દેશથી ઉત્પન્ન થયેલા દ્ઘ એવા પાંચ પ્રકારના છે. તે ભગવાનમાં ન હોવાનું અનુક્રમે કહે છે. [ક]કર્મથી પણ ભગવાન 'આદ્ય' પહેલાંના હોવાથી સ્વતંત્ર છે અને તેને આધીન નથી, તેથી તેમનામાં કર્મથી થતા દોષો નથી. વળી [ખ]આ સર્વ વશ રાખનાર અને કાલ છે. કાલ તો પોતાથી ઉત્પન્ન થયેલ શરીર વિગેરે દ્વારા, તે શરીર વિગેરેનો અધ્યાસ થાય ત્યારે વશ કરે છે. ભગવાન તો સાક્ષાત્ વશ કરે છે, આત્માઓને પણ વશ કરે છે. તેથી કાલને પણ વશ રાખનાર છે એમ કહેવાયું. તેથી તેમનામાં કાલથી થયેલ દોષો નથી. [ગ]અને પ્રકૃતિને વશ રાખનાર હોવાથી પ્રાકૃત[1] દોષો પણ નથી. [ઘ]ભગવાનની તો જુદાં-જુદાં કાર્યો કરવા માટે નિર્માણ કરેલી પરસ્પર વિરુદ્ધ ઘણી શક્તિઓ છે. તે પૈકી શક્તિમાં જ આસક્તિને લીધે ક્રીડા કરવામાં આવતાં તેના દોષ થવાનો સંભવ થાય, તે જ સમયે તેનાથી વિરુદ્ધ શક્તિ પ્રકટ કરીને, પહેલાં[2] કહેલાને દૂર કરે છે. તેવી રીતે ભગવાન ચિત્ શક્તિથી માયાનો પરાભવ કરીને રહેતા હોવાથી તેમને માયાથી ઉત્પન્ન

થતા દોષોનો સંબંધ નથી. [૨]ભગવાન સર્વ કોઈપણ ધર્મના સંબંધ વિનાના કેવલજ આત્મામાં રહેતા હોવાથી દેશથી ઉત્પન્ન થતો દોષ તો તેમનામાં હોવાનું સંભવતું જ નથી. તેથી તે પોતે પાંચ પ્રકારના દોષ વિનાના છે.૨૩

૧.'પ્રાકૃત' એટલે સ્વભાવથી થતા. અહીં પ્રકૃતિ અને માયાને જુદાં કહેલ હોવાથી, 'પ્રકૃતિ' શબ્દથી સ્વભાવ જાણવો. પ્ર

૨.'પહેલાં કહેલા' એટલે દોષ તરીકે સંભવતા ગુણો. પ્ર

બીજાના દોષ દૂર કરે તેમાં કહેવું જ શુ? એ ધોરણે બીજાના દોષ દૂર કરવાનું નીચેના શ્લોકથી કહે છે :

**સ એવ જીવલોકસ્ય માયામોહિત-ચેતસઃ ।**
**વિધત્સે સ્વેન વીર્યેણ શ્રેયો ધર્માદિલક્ષણમ્ ।।૨૪।।**

તેજ આપ માયાથી મોહ પામેલા ચિત્તવાળા જીવલોકનું ધર્મ વિગેરે રૂપ કલ્યાણ પોતાનાં વીર્યથી કરો છો.૨૪

'તેજ' એટલે ઉપર કહેલ ગુણવાળા જ. માયાથી મોહ પામેલા ચિત્તવાળા જીવનું એટલે આડા રસ્તે ગયેલા જીવનું કલ્યાણ કરો છો . ભ્રાંતિથી જે કાંઈની પ્રાર્થના કરે છે તેજ આપો છો ત્યારે ભ્રાંતિના દોષનો નાશ કરો તેમાં કહેવું જ શું? આથી એમ કહેલું છે કે જે વાસ્તવિક રીતે ઉત્તમ કે ઉત્તમ ન હોય તેવું જે કાંઈ માગે છે તેને તેજ આપ આપો છો. તેથી સર્વ ઈચ્છેલું આપનારા છો. તેવા ભગવાન ન હોય તો સર્વે ભજન કરવા યોગ્ય ન થાય.૨૪

વળી આ આપનું સ્વરૂપ સામાન્ય રીતે કહ્યું. આપનાં સ્વરૂપનો મુખ્ય પ્રકારે વિચાર કરતાં અમને કાંઈ કરવા યોગ્ય રહેતું નથી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તથાઽયચ્ચાવતારસ્તે ભુવો ભારજિહીર્ષયા ।**
**સ્વાનાઞ્ચાનન્યભાવાનામ્ અનુધ્યાનાય ચાસકૃત્ ।।૨૫।।**

ભૂમિનો ભાર હરવાની ઈચ્છાથી અને પોતાના અનન્ય ભાવવાળા સેવકો વારંવાર ધ્યાન કરે તે માટે લીધેલો આપનો આ અવતાર નક્કી તેવો છે.૨૫

આ આપનો અવતાર નક્કી તેવો છે. જેમ આપ સર્વ દોષ વિનાના અને સર્વ ઈચ્છેલું આપનારા છો, તેવો જ આ અવતાર છે. જેઓના મત પ્રમાણે ભગવાન જ આકારવાળા માત્ર આનંદના કર-ચરણ-મુખ-ઉદર વિગેરેવાળા માયાનો પડદો દૂર કરીને પ્રકટ થયેલા છે, તેઓને કાંઈ કહેવાપણું નથી. પરંતુ જેઓના મત પ્રમાણે પોતાની ઈચ્છાવાળા અમુક શરીરમાં અનંત સૂર્યોના પ્રકાશવાળા ભગવાન જેમ લોઢાના ગોળામાં અગ્નિ પ્રવેશ કરે તેમ પધારે તે અવતાર છે. તેઓના મતથી આ પ્રમાણે કહેલ છે. તે અવતારનાં બે પ્રયોજનો પ્રસિદ્ધ છે : ૧.ભૂમિનો ભાર હરવો અને ૨.વૈષ્ણવ શાસ્ત્ર પ્રમાણે પોતાના અનન્ય ભાવવાળા સેવકો સદા પોતાનું ધ્યાન ધરે તે. બંને અર્જુનનાં ઈચ્છેલાં છે, કારણ કે ભૂમિનો ભાર હરવામાં સાહાય્ય કરનારા

હોવાથી અને અર્જુન ભક્ત હોવાથી આપ બંને પ્રકારે મારૂં હિત કરનારા છો.૨૫

**કિમ્ ઈદં સ્વિત્કુતો વેતિ દેવદેવ! ન વેદ્મ્યહમ્ ।**
**સર્વતોમુખમ્ આયાતિ તેજઃ પરમદારુણમ્ ।।૨૬।।**

હે દેવોના દેવ! આ શું છે? અને ક્યાંથી આવે છે? હું જાણતો નથી. ઘણું ભયંકર તેજ સર્વ તરફથી આવે છે.૨૬

આમ હોવાથી,[1] અકસ્માત પ્રકટ થયેલું આ શું છે તે કહો, એમ અર્જુન કહે છે. સર્વ દિશાઓમાં હોવાથી અને ક્યાંથી આવે છે તે કહો, કારણ કે તેનું મૂળ ક્યાં છે. આપ અવતાર હોવાથી આપથી કાંઈ અજાણ્યું નથી, કારણ કે આપ દેવોનું કાર્ય સાધનાર છો, તે 'દેવોનાદેવ' શબ્દથી કહેલ છે. 'તેવો તું પણ છે' એવું માને તેથી કહે છે કે હું બ્રહ્મ ન હોવાથી હું જાણતો નથી. લૌકિક યુક્તિ તો આ જાણવામાં સંભવતી નથી. કારણ કે સર્વ તરફથી આવે છે. સૂર્ય વિગેરેનું આ તેજ નથી એમ જણાવવા 'ઘણું ભયંકર' વિશેષણ યોજેલ છે.૨૬

૧.'આમ હોવાથી' એટલે આપ ભૂમિનો ભાર હણનાર અને ભક્તોનું હિત કરનાર હોવાથી.

તે સંબંધમાં આ વિષયનું અજ્ઞાન [ક]સ્વરૂપનું અજ્ઞાન અને [ખ]ગુણનું અજ્ઞાન એવા બે પ્રકારનું છે. તે પૈકી સ્વરૂપથી તો તું તે જાણે છે. એમ ભગવાન નીચેના શ્લોકથી કહે છે :

**શ્રીભગવાન કહે છે :**

**વેત્થ ત્વં દ્રોણપુત્રસ્ય બ્રાહ્મમ્ અસ્ત્રં પ્રદર્શિતમ્ ।**
**નૈવાસૌ વેદ સંહારં પ્રાણકૃચ્છ્ર ઉપસ્થિતે ।।૨૭।।**

તું જાણે છે કે દ્રોણના પુત્રને બ્રાહ્મ અસ્ત્ર શીખવાડેલું તે પાછું વાળવાનું જાણતો નથી જ. પ્રાણોનું સંકટ આવતાં તેણે સાધેલ છે .૨૭

અશ્વત્થામા ગુરુનો પુત્ર હોવાથી ગુરુએ આને બ્રહ્માસ્ત્ર તારી સમક્ષ શીખડાવેલું, તેથી તે તું જાણે છે. આ તેજ બ્રહ્માસ્ત્ર છે એમ તું જાણ.

બ્રહ્માસ્ત્રો પણ મેં ઘણાં જોયાં અને સાંધેલાં છે, પણ કોઈપણ સમયે આવું જોએલ નથી દ્ગ એવી શંકા થાય, તેથી 'તે પાછું વાળવાનું જાણતો નથી જ' એમ કહેલું છે. તેથી ન જાણનારે સાંધેલ હોવાથી તે સર્વ તરફથી આવે છે.

ત્યારે તેણે કેમ સાધ્યું? એવો પ્રશ્ન થાય, તેથી 'પ્રાણોનું સંકટ આવતાં' એમ કહેલું છે. ઉત્તરાર્ધના બંને પાદો જુદુ-જુદુ વાક્ય છે.૨૭

ત્યારે મારે શું કરવું? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ન હ્યસ્યાऽન્યતમં કિઞ્ચિદ્ અસ્ત્રં પ્રત્યવકર્ષણમ્ ।**
**જહ્યસ્ત્રતેજ ઉન્નદ્ધમ્ અસ્ત્રજ્ઞો અસ્ત્રતેજસા ।।૨૮।।**

નિશ્ચય બીજાનું કોઈ પણ અસ્ત્ર આનો સાચો ઉપાય નથી. વધી ગએલા અસ્ત્રના તેજને અસ્ત્ર જાણનાર તું અસ્ત્રના તેજથી હરી લે. ૨૮

બ્રહ્માસ્ત્ર સામું બ્રહ્માસ્ત્ર જ સાધવું જોઈએ, બીજું કોઈ અસ્ત્ર તેનો સામનો કરવા યોગ્ય નથી. તેથી અસ્ત્રને જાણનાર તું વધી ગયેલાં બ્રહ્માસ્ત્રનાં તેજને બ્રહ્માસ્ત્રનાં તેજથી જ હરી લે. તે સાંધેલું બ્રહ્માસ્ત્ર પણ આવું જ તેજ થશે, તેનાથી આનો સાચો ઉપાય થશે, એવો અર્થ છે . ૨૮

ભગવાને એમ કહ્યું ત્યારે જે થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**શ્રુત્વા ભગવતા પ્રોક્તં ફાલ્ગુનઃ પરવીરહા ।**
**સ્પૃષ્ટ્વાऽપસ્તં પરિક્રમ્ય બ્રાહ્મ્યં બ્રાહ્મ્યાય સંદધે ।।૨૯।।**

ભગવાને કહેલું સાંભળીને શત્રુઓના વીરોને હરણનાર અર્જુને જલનું આચમન કરી, ભગવાનની પરિક્રમા કરીને બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર સાંધ્યું. ૨૯

'શત્રુઓના વીરોને હણનાર' શબ્દથી અર્જુનનું સામર્થ્ય જણાવેલ છે. 'તેમની પરિક્રમા કરીને' શબ્દોથી કાર્યની સફલતા જણાવી છે. આ બ્રહ્માસ્ત્ર પહેલાંના બ્રહ્માસ્ત્રને હઠાવનારું જ છે, પણ તેના સાધનારને[1] હણનારું નથી એમ 'બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર' શબ્દોથી કહેલું છે. ૨૯

૧. 'તેના સાધનારને' એટલે પહેલું બ્રહ્માસ્ત્ર સાધનાર અશ્વત્થામાને. પ્ર

તેથી જે થયું, તે નીચેના શ્લોકથી કહે છે :

**સંહત્યાન્યોન્યમ્ ઉભયોઃ તેજસી શરસંવૃતે ।**
**આવૃત્ય રોદસી ખં ચ વવૃધાતેऽર્કવહ્નિવત્ ।।૩૦।।**

બાણોને વીંટી રહેલાં બંનેના તેજો પરસ્પર અથડાઈને પૃથ્વી-સ્વર્ગ-અંતરિક્ષને ભરી દઈને પ્રલયના સૂર્ય અને અગ્નિ પેઠે વધ્યાં. ૩૦

બંનેના તેજો પરસ્પર અથડાઈને મૂલ (બાણો) દૃઢ થાય તે માટે બાણોને વીંટી લઈને સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષ ને ભરી દઈને સર્વનો નાશ કરવા સંવર્તક સૂર્ય અને સંકર્ષણના મુખમાંથી નીકળતા અગ્નિની પેઠે વધ્યાં. ૩૦

આ બંને તેજો બંધ થયા, તેનું કારણ નીચેના શ્લોકથી કહે છે :

**દૃષ્ટ્વાऽસ્ત્રતેજસ્તુ તયોઃ ત્રીન્ લોકાન્ પ્રદહન્ મહત્ ।**
**દહ્યમાનાઃ પ્રજાઃ સર્વાઃ સાંવર્તકમ્ અમંસત ।।૩૧।।**
**પ્રજોપપ્લવમ્ આલક્ષ્ય લોકવ્યતિકરં ચ તમ્ ।**
**મતં ચ વાસુદેવસ્ય સઞ્જાહારાર્જુનો દ્વયમ્ ।।૩૨।।**

ત્રણ લોકોને બાળતું તે બે અસ્ત્રોનું ઘણું તેજ જોઈને, બળતી બધી પ્રજાઓએ સાંવર્તક અગ્નિ માન્યો. પ્રજાની આપત્તિ અને લોકોનો તે નાશ, અને વાસુદેવનો મત જાણીને અર્જુને બંને વાળી લીધાં.૩૧.૩૨.

બંને અસ્ત્રોના તેજો ભળી ગએલાં. 'તેજ' શબ્દ એક વચનમાં યોજેલ છે. 'પ્રજાઓએ' એટલે દક્ષ વિગેરેએ અને બીજી પણ પ્રજાઓએ. હવે પછી જો પાછાં વાળવામાં નહીં આવે તો પ્રલય થશે દ્ર એવો ભગવાનનો અભિપ્રાય ભગવાનની સન્નિધિ હોવાથી જાણીને, અને ભૂમિ વિગેરે લોકોનો નાશ જાણીને , સર્વ લોકો ઉપર ઉપકાર કરવા બંનેના ગુરુ એક હોવાથી, પોતાની અંદરજ બંને અસ્ત્રો વાળી લીધાં, એમ 'બંને વાળી લીધાં' શબ્દથી કહેલ છે. 'તે' એટલે ઉપર કહેલ દાહરૂપ નાશ. 'ચ' 'અને' શબ્દ હોવાથી પોતાના પણ દાહરૂપ નાશ વાળી લીધો. અર્જુનને તેજનો લાભ થતો હોવાથી અને ભગવાનનો સંબંધ હોવાથી પણ આ તેણે વિચારેલું એમ 'વાસુદેવનો' મત જાણીને ' શબ્દથી કહેલ છે.૩૧-૩૨.

**તત આસાદ્ય તરસા દારુણં ગૌતમીસુતમ્ ।**
**બબન્ધામર્ષતામ્રાક્ષઃ પશું રશનયા યથા ।।૩૩।।**

પછી ગૌતમીના ક્રૂર પુત્ર પાસે ઝડપથી જઈને જેમ પશુને રાંઢવાથી બાંધે તેમ ક્રોધથી લાલ થયેલ ચક્ષુવાળાએ તેને રાંઢવાથી બાંધ્યો.૩૩

'પછી' એટલે પોતાની અંદર બંને તેજો આવ્યા પછી. 'આસાદ્ય' પાસે જઈને બાંધ્યો. કારણ કે દૂરથી વરુણના બંધન વિગેરેથી બાંધવાથી ઘણો ક્લેશ થાય. સામો ઉપાય કરવાની તેને તક ન મળે તે માટે 'તરસા' ઝડપથી પાસે જઈ બાંધ્યો. 'ક્રૂર' શબ્દથી બાંધવાનું કારણ કહેલું છે. કારણ કે તે અર્જુનને મરણ થાય તેવો શાપ આપે અથવા મારે અથવા ઈશ્વરનું ભજન વિગેરે કરે. ગુરુના પુત્રને કેમ બાંધ્યો? એવી શંકા થાય તેથી 'ગૌતમીનો પુત્ર' કહેલ છે. આ ગુરુનો બહુ માનીતો પુત્ર ન હતો. તેની મા ગૌતમના વંશમાં ઉત્પન્ન થયેલી હોવાથી ગૌતમી હતી. આથી એમ સૂચવેલું છે કે પુત્રના સ્નેહના સંબંધવાળી પત્નીની પ્રાર્થનાથી ગુરુએ રાજા દ્રુપદ સાથે સંબંધ કરેલો અને તેથી તેમનું મરણ થયેલું . 'ક્રોધથી લાલ થયેલ ચક્ષુવાળાએ' શબ્દથી એમ જણાવેલ છે કે અર્જુનને આ કારણે બ્રાહ્મણ્ય વિગેરે જણાયાં નહીં. અવશ્ય બાંધવા યોગ્ય હતો, તેથી 'પશુને બાંધે તેમ' એવું દષ્ટાંત કહેલ છે. કારણ કે પરાજય પામેલા શત્રુને બાંધ્યા વિના છોડી દેવાનો નથી. તેથી ધજાના સ્તંભ સાથે મજબૂત બાંધેલ; અને લઈ જઈને છૂપી રીતે મારવાનું તેણે ઈચ્છેલું.૩૩

તેને છાવણીમાં લઈ જવાનું યોગ્ય ન હોવાથી, ભગવાન તેમ ન કરવા નીચેના શ્લોકથી કહે છે :

**શિબિરાય નિનીષન્તં રજ્જ્વા બદ્ધં રિપું બલાત્ ।**
**પ્રાહાર્જુનં પ્રકુપિતો ભગવાન્ અમ્બુજેક્ષણઃ ।।૩૪।।**

રાંઢવાથી બાંધેલા શત્રુને જબરજસ્તીથી છાવણીએ લઈ જવા ઈચ્છતા અર્જુનને કમલના જેવા નેત્રવાળા કોપાયમાન ભગવાને નીચે પ્રમાણે કહ્યું.૩૪

''સર્પની પેઠે આ સ્પર્શ કરવા યોગ્ય નથી. જો સ્પર્શ કર્યો તો તેને મારીજ નાખવો જોઈએ. તેનો અપકાર કરેલ હોય તો તો હરેક પ્રકારે મારી નાખવો જોઈએ. ત્યાં ગયા પછી મારવાનું નહીં બને, તેથી અહીં જ મારી નાંખવો'' ૹ એવા અભિપ્રાયથી ભગવાન આ કહે છે. નીતિનાં કાર્યનો વિચાર કરવામાં આવે તો મારી નાખવો. ધર્મનો વિચાર કરવામાં આવે તો બાંધવો પણ ન જોઈએ. શત્રુને ઘેર લઈ જવો ન જોઈએ. અને જબરજસ્તીથી ન લઈ જવો જોઈએ, કારણ કે ત્યાં આપણે સાવધાન ન હોઈએ ત્યારે કાંઈક દુઃખ કરે. 'છાવણી' એટલે લશ્કરના પડાવનું સ્થાન. 'ભગવાન' શબ્દથી સર્વના મારનાર સૂચવેલા છે. 'કમલના જેવા નેત્રવાળા' શબ્દથી ભક્તોનું રક્ષણ કરનારા સૂચવેલા છે. તેથી આનો વધ કરવામાં આવે ત્યારે બધું સુખકારક થશે. જો તેમ નહીં કરવામાં આવે, તો ઘણું કરવું પડશે, એવો ભગવાનનો અભિપ્રાય છે.૩૪

નીચેના શ્લોકથી તે જ કહે છે :

**શ્રીભગવાન કહે છે :**

**નૈનં પાર્થાર્હસિ ત્રાતું બ્રહ્મબન્ધુમ્ ઈમં જહિ ।**
**યોઽસાવનાગસઃ સુપ્તાન્ અવધીન્નિશિ બાલકાન્ ।।૩૫।।**

હે પાર્થ! આનું રક્ષણ કરવું યોગ્ય નથી. આ બ્રહ્મબંધુને મારી નાખ. આણે નિરપરાધી સૂતેલ બાલકોનો રાત્રે વધ કરેલો છે.૩૫

પૃથા ભગવાનની સગી અને ભક્ત હતી, તેથી 'હે પાર્થ' એવું સંબોધનનું વચન કહેલ. અશ્વત્થામાને મારવામાં પણ દોષ નથી એનાં બે કારણો 'બ્રહ્મબંધુ' અને 'બાલકોનો વધ કરેલ' શબ્દોથી કહેલ છે. પિતા વિગેરે અપરાધ કરે તો નિરપરાધી પુત્રને બાંધીને લઈ જવો યોગ્ય છે, મારી નાખવો યોગ્ય નથી. સૂતેલા કોઈને પણ મારવો યોગ્ય નથી. રાત્રે ચોર જ મારે, સારો પુરુષ ન મારે. બાલકો ને મારવા તો કોઈ પણ માટે યોગ્ય નથી.૩૫

વિચાર કરવાથી આ વધ કરવા યોગ્ય છે એમ કહેવા, નીચેના શ્લોકમાં વધ કરવા યોગ્ય અને વધ કરવા અયોગ્ય સંબંધી નિર્ણય કહે છે :

**મત્તં પ્રમત્તમ્ ઉન્મત્તં સુપ્તં બાલં જડં સ્ત્રિયમ્ ।**
**પ્રપન્નં વિરથં ભીતં ન રિપું હન્તિ ધર્મવિત્ ।।૩૬।।**

મત્ત, પ્રમત્ત, ગાંડા, સૂતેલા, બાલક, જડ, સ્ત્રી, શરણે આવેલા, રથ વિનાના થયેલા અને ભય પામેલા શત્રુને ધર્મ જાણનાર હણતો નથી.૩૬

શત્રુઓ પણ દશ પ્રકારના હણવા યોગ્ય નથી. 'મત્તઃ' એટલે મદિરા વિગેરેથી મદવાળો, 'પ્રમત્તઃ' એટલે અસાવધાન. 'ઉન્મત્તઃ' એટલે પિશાચ વિગેરેથી ગાંડો થયેલો. 'જડઃ'

એટલે સ્વભાવથી જડ. આ અશ્વત્થામા તો દશમાંના એકે પ્રકારનો નથી. તેથી વધ કરવા યોગ્ય છે. વળી સૂતેલાનો અને બાલકોનો વધ તેણે કરેલ હોવાથી તે અધર્મથી યુદ્ધ કરનારો છે.૩૬

આનો અધર્મ ભલે હોય છતાં વધ કરવા યોગ્ય કેમ ગણાય? કારણ કે બ્રાહ્મણનું શરીર પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું છે. તેથી આના સર્વ પુરુષાર્થોનો નાશ થતાં, મારો પોતાનો અધર્મ થાય દ્ન એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ્વપ્રાણાન્ યઃ પરપ્રાણૈઃ પ્રપુષ્ણાત્યઘૃણઃ ખલઃ ।**
**તદ્ વધઃ તસ્ય હિ શ્રેયો યદ્ દોષાદ્ યાત્યધઃ પુમાન્ ।।૩૭।।**

જે નિર્દય ખલ બીજાના પ્રાણોથી પોતાના પ્રાણોને ઘણા પુષ્ટ કરે છે, તેનો વધ નિશ્ચય તેનું કલ્યાણ કરનારો છે, કારણ કે દોષથી પુરુષ નીચે જાય છે પડે છે .૩૭.

આનો વધ નથી કરતો તેનું શું કારણ છે? 'હણવા ઈચ્છનારને હણવો' એવું પ્રમાણ તો ના પાડતું નથી. બ્રાહ્મણમાં ધર્મ રહેલો છે તેથી આ વધ કરવા યોગ્ય નથી જો એમ માનતો હો તો આનામાં ધર્મ નથી. દયાથી વધ કરવા યોગ્ય નથી એમ જો માનતો હો તો આનો વધ થશે ત્યારે ઘણા પ્રાણીઓ જીવતા રહેશે, વધ નહીં થાય તો આજ જીવતો રહેશે. દેહ વિગેરેથી કોઈક ઉપકાર તેનો થશે દ્ન એમ માનતો હો તો તે પણ નથી. તે 'તેનો વધ નિશ્ચય તેનું કલ્યાણ કરનારો છે' શબ્દોથી કહેલ છે. પ્રાણ અને અપાનથી[1,2] જેનું જીવન છે તે તેમાં પ્રાણોથી પ્રાણનું જીવન કરે તે અયોગ્ય છે. ધર્મમાં[3] તો તે બંનેને તારનાર હોવાથી યોગ્ય છે. એકના પ્રાણનો નાશ અવશ્ય થવાનો હોય તો પોતાનાજ પ્રાણનો નાશ યોગ્ય છે, કારણ કે તે સારું કાર્ય છે. તેમાં પણ બીજાના પ્રાણથી પોતાના પ્રાણને ઘણા પુષ્ટ કરવા તે અયોગ્ય છે. બાલકોને પણ જે હણે છે તે નિર્દય છે. 'ઘૃણા' એટલે દયા, તેનાથી રહિત છે. 'ખલઃ' એટલે દુરાત્મા, દુર્જન એવો અર્થ છે. તેથી દુષ્ટનો વધ કરવો એ પોતાનો ધર્મ છે. કારણ કે તેનો પણ દુષ્ટ શરીરનો નાશ થતાં બીજાં શરીરથી ધર્મ થશે. કેમકે પહેલાંનું જીવન માત્ર અધર્મ જ કરનારું હતું.૩૭

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો આ પાઠ પ્રકાશે લીધેલ છે.

૨.જે પુરુષનું પ્રાણ અને અપાનથી જીવન છે, તે 'તત્ર' 'તેમાં' એટલે જીવનમાં કારણરૂપ પ્રાણ અને અપાન મધ્યે પ્રાણોથી જીવન કરે તે અયોગ્ય છે. પ્ર

૩.યજ્ઞમાં ઉપરના નિયમનો ભંગ થતો હોવાથી તે યોગ્ય નથી, એવી શંકા થાય, તેથી આ કહેલ છે. યજ્ઞમાં થતી હિંસા તો યજ્ઞ કરનારને તેમજ હણાતા પશુને બંનેને તારનારી છે. પ્ર

વળી પ્રતિજ્ઞાનું પાલન કરવું એ મોટા પુરુષોનો ઉત્તમ ધર્મ છે, અને તે પ્રતિજ્ઞા કરેલી એમ નીચેના શ્લોકથી કહે છે :

**પ્રતિશ્રુતં ચ ભવતા પાઞ્ચાલ્યૈ શ્રૃણ્વતો મમ ।**
**આહરિષ્યે શિરસ્તસ્ય યસ્તે માનિનિ પુત્રહા ।।૩૮।।**

અને મારા સાંભળતાં તે પાંચાલીને વચન આપેલ કે ''હે માનિનિ! જે તારા પુત્રને

હણનાર છે તેનું માથું હું લાવી આપીશ''.૩૮.

ઉત્તરાર્ધ અર્થથી આ અધ્યાયના ૧૬ મા શ્લોકનો અનુવાદ છે.૩૮

તેથી સર્વ પ્રકારે આ વધ કરવા યોગ્ય છે એવો ઉપસંહાર નીચેના શ્લોકથી કહે છે :

**તદ્ અસૌ વધ્યતાં પાપ આતતાય્યાત્મબન્ધુહા ।**
**ભર્તુશ્ચ વિપ્રિયં વીર કૃતવાન્ કુલપાંસનઃ ।।૩૯।।**

તેથી પોતાના બંધુઓને હણનાર આ પાપી આતતાયીનો વધ કર. હે વીર! કુલના કલંકરૂપ તેણે પોતાનાં સ્વામીને પણ દુઃખદાયક કર્મ કરેલું છે.૩૯

તેને હણ, કારણ કે તારા પોતાના[1] પુત્રો અને સગાંઓને હણનારો છે. તેના સ્વામીનું પણ હિત તેનાથી થયું નથી એમ ઉત્તરાર્ધથી કહેલ છે. વંશ રહ્યો હોત તો તે દુર્યોધનનું પણ હિત થાત. આ તો બંને[2] કુલને કલંક ઉત્પન્ન કરનારો છે તેથી આનો વધ થતાં કોઈનું પણ બૂરું થવાનું નથી.૩૯

૧.'આત્મા' શબ્દનો અર્થ 'પુત્રો' કરેલ છે. પ્ર ૨.દુર્યોધનનું અને દ્રોણનું. પ્ર

તે પ્રસંગે આ વચનો ધર્મની પરીક્ષા કરનારા છે, એવું સૂતને જ્ઞાન હોવાથી નીચેનો શ્લોક કહે છે :

**સૂત કહે છે :**

**એવં પરીક્ષતા ધર્મં પાર્થઃ કૃષ્ણેન ચોદિતઃ ।**
**નૈચ્છદ્ ગુરુસુતં હન્તું યદ્યપ્યાત્મહનં મહાન્ ।।૪૦।।**

એ પ્રમાણે ધર્મની પરીક્ષા કરતાં શ્રીકૃષ્ણે પ્રેરેલા ઉમદા પાર્થે ગુરુના પુત્રને, જો કે તે પુત્રને હણનારો હતો છતાં પણ, હણવાની ઈચ્છા ન કરી.૪૦

વાસ્તવિક રીતે તો બંધન કરવાનું પણ યોગ્ય ન હતું. ધર્મને સર્વ તરફથી જોનારે પ્રેરણા કરી , અથવા ઈશ્વરના વચનનું ઉલ્લંઘન ન થાય તે માટે અર્જુને એવું જાણ્યું, તેથી તે 'ધર્મની પરીક્ષા કરતાં કહેલું' છે. ધર્મ તો ''કામનાથી બ્રાહ્મણનો વધ કરવાનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેલું નથી'' એવો છે. અહીં ભગવાન, અર્જુન અને અશ્વત્થામા એ ત્રણ હતા. ત્રણેમાં અશ્વત્થામાનો વધ ન કરવાનું એક-એક નીચે જણાવેલ કારણ હતું. ભગવાન પરીક્ષા કરતા હતા, અર્જુન ઉમદા હતો અને અશ્વત્થામા ગુરુનો પુત્ર હતો.૪૦

જુદા પ્રકારે આરંભથી ધીરે-ધીરે ઘેર આવ્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**અથોપેત્ય સ્વશિબિરં ગોવિન્દપ્રિયસારથિઃ ।**
**ન્યવેદયત્ તં પ્રિયાયૈ શોચન્ત્યા આત્મજાન્ હતાન્ ।।૪૧।।**

પછી ગોવિંદ જેના પ્રિય સારથિ હતા તેવા આર્જુને પોતાની છાવણીએ આવી મરેલા પુત્રોનો શોક કરતી પ્રિયાને તે નિવેદન કર્યો.૪૧

કાર્ય સિદ્ધ થવાના કારણનો શબ્દ 'ગોવિંદ' એમ ઉપસંહારમાં પણ કહેલ છે. શત્રુના હાથમાં પડેલ આ તો મરેલો જ છે.[1] તેનો દેહ તો બાણના ઠેકાણે છે. પ્રતિજ્ઞા કરેલ માથું તો લાવ્યો, એમ નિવેદન કર્યું. શોકની વચ્ચેજ દ્રૌપદીને ધર્મનું જ્ઞાન થયું, એમ 'શોક કરતી' વિશેષણથી કહેલું છે. તેને તો પત્નીનું હિત કરવો હતો. તે તેણે કહેલ ન હોવાથી સંદેહને લીધે અર્જુને તેને અહીં જ લઈ આવ્યો. પત્નીની આજ્ઞા થાય તો તેને મારવો, એવો નિવેદન કરવાનો અભિપ્રાય હતો.૪૧

૧.શત્રુના હાથમાં પડેલ મરેલો ગણાય. બાણોથી બાણો સાથે માથું લાવવાની પ્રતિજ્ઞા કરેલી. દેહ બાણના સ્થાને છે અને તે સાથે માથું આણેલ છે તેથી પ્રતિજ્ઞા પૂરી થઈ. પ્ર

દ્રૌપદી ને તો તેવી રીતે લાવવાનું પણ ઈષ્ટ ન હતું, તો પછી મારવાની તો વાતજ ક્યાં રહી? એમ નીચેના શ્લોકથી કહે છે :

**તથાઽહૃતં પશુવત્ પાશબદ્ધમ્ અવાઙ્મુખં કર્મજુગુપ્સિતેન ।**
**નિરીક્ષ્ય કૃષ્ણાઽપકૃતં ગુરોઃ સુતં વામસ્વભાવા કૃપયા નનામ હ ।।૪૨।।**

નિંદ્ય કર્મને લીધે નીચું મુખ રાખેલા પશુની પેઠે રાંઢવાથી બાંધેલા, અપરાધ કરાએલા ગુરુના પુત્રને તેવી રીતે લાવેલો જોઈને મનોહર સ્વભાવવાળી દ્રૌપદીએ, અહો! કૃપાથી નમન કર્યું.૪૨

[1]યુદ્ધમાં બાલકોને માર્યા તે અશ્વત્થામાનું નિંદ્ય કર્મ હતું તેથી મુખ ન દેખાડવાને લીધે નીચું રાખેલું. 'કૃષ્ણા' એટલે દ્રૌપદી. તે સર્વનું હિત વિચારનારી હોવાથી 'વામઃ' મનોહર હતો 'સ્વભાવઃ' સ્વભાવ જેનો તેવી હતી. અશ્વત્થામા મહાન છે એવી બુદ્ધિથી નમન ન કરવા છતાં 'અહો!' દુઃખની વાત છે કે બ્રાહ્મણપણું આવા અશ્વત્થામામાં પડ્યું. એવી કૃપાથી નમન કર્યું. તેનું પણ દુઃખ દૂર કરવાની ઈચ્છા તે કૃપા, નમન આશ્વસનનાં કારણરૂપ હોવાથી તેવું કૃપાથી કરેલું હતું.૪૨

૧.રાત્રિયુદ્ધમાં સૌષુપ્તિકમાં માર્યા, એવો અર્થ જણાય છે.

**ઉવાચ ચાસહન્ત્યસ્ય બન્ધનાનયનં સતી ।**
**મુચ્યતાં મુચ્યતામ્ એષ બ્રાહ્મણો નિતરાં ગુરુઃ ।।૪૩।।**

અને આનું બંધન અને લાવવાનું ન સહન કરતી સતીએ કહ્યું કે ''આ બ્રાહ્મણ, સદાના ગુરુને છોડી દો, છોડી દો''.૪૩

અને તેનું બહારનું દુઃખ દૂર કરવા બોલી. 'ન સહન કરતી' શબ્દથી એમ જણાવેલ છે કે બીજાનું દુઃખ જોઈને પોતે પણ દુઃખી થયેલી દેહના ધર્મ કરતાં ધર્મ ઉત્તમ છે એમ તેની ઘણી કૃપા કહેલી છે. 'સતી' શબ્દથી તેને ધર્મના સ્વભાવવાળી જણાવી છે. કારણ કે ધર્મમાં ગફલત કરે તો પતિને પણ બોધ કરે તેવી હતી.

છ અંગો[1] સાથેનું તેનું ધર્મનું વચન ઉત્તરાર્ધથી આરંભી ૪૮ મા શ્લોક સુધીથી કહે છે. સંદેહ ન રહે અને વિલંબન ન થાય તે માટે 'છોડી દો, છોડીદો' એમ બે વાર કહેલું છે. તેનું કારણ કે 'આ બ્રાહ્મણ' છે. એક ગુણીમાં ઘણા ગુણો રહેલા હોય તો પણ જે ઉત્તમ ગુણ હોય તેનો આદર કરવો જોઈએ. દેહ ધર્મનું ગૌણ અંગ છે, ધર્મ મુખ્ય છે. વળી દેહના વિચારે તે શત્રુ છે, અને બ્રાહ્મણ છે એ ધર્મનું મૂલ છે, તેથી બ્રાહ્મણપણું સર્વથી બલવાન છે. વળી ધર્મનું મૂલ ગુરુ છે, અને તે ગુરુ ભગવાન છે. બ્રાહ્મણ તેમનું મુખ હોવાથી ગુરુ છે. લૌકિક ઉપદેશ કરનાર ગુરુ કરતાં ભગવાનનું મુખ બ્રાહ્મણ ઘણા વધારે ગુરુ હોવાથી, સદાના ગુરુ છે.૪૩

૧.આ છ અંગો શ્લો. ૪૯ માં કહેલા છે. પ્ર આ શ્લોકથી ૪૮ મા શ્લોક સુધીના છ શ્લોકોથી અનુક્રમે તે દરેક અંગ જણાવેલું છે.

ન્યાયના વિરોધવાળો ધર્મ દુર્બલ હોવાથી, ન્યાયનો વિરોધ ન હોવાનું કહેતાં લૌકિક ન્યાય પ્રમાણે પણ અશ્વત્થામા ગુરુ હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**સરહસ્યો ધનુર્વેદઃ સવિસર્ગોપસંયમઃ ।**
**અસ્ત્રગ્રામશ્ચ ભવતા શિક્ષિતો યદનુગ્રહાત્ ।।૪૪।।**

અને બાણો છોડવા અને વાળવાની સાથે મંત્રો સહિત અસ્ત્રોના સમૂહ તમે જેની કૃપાથી શીખ્યા તે દ્રોણ આજ છે. શ્લો.૪૫ ૪૪.

'રહસિ' એકાંતમાં 'ભવઃ' ઉત્પત્તિવાળો 'રહસ્યઃ' એટલે મંત્ર. 'વિસર્ગઃ' અસ્ત્રોને છોડવાનો પ્રકાર. 'ઉપસંયમઃ' અસ્ત્રોને વાળવાનો પ્રકાર. દ્રોણે પુત્ર વિગેરેને પણ તે જણાવેલ નહીં. 'અસ્ત્રગ્રામઃ' બ્રહ્માસ્ત્ર વિગેરેનો સમૂહ. આનું માત્ર ભણવાથી જ્ઞાન થતું નથી, પરંતુ ગુરુની કૃપાથી થાય છે. તે 'જેની કૃપાથી' શબ્દથી કહેલું છે.૪૪

તે દ્રોણ આ નથી એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ એષ ભગવાન્ દ્રોણઃ પ્રજારૂપેણ વર્તતે ।**
**તસ્યાત્મનોઽર્ધં પત્ન્યાસ્તે નાન્વગાદ્ વીરસૂઃ કૃપી ।।૪૫।।**

આ તેજ ભગવાન દ્રોણ પ્રજાના રૂપથી રહેલા છે. તેનો અર્ધ દેહ પત્ની છે વીરને જન્મ આપનારી કૃપી સતી થઈ નથી.૪૫

તે આ અશ્વત્થામાના રૂપથી રહેલ હોવાનું બીજું કારણ 'ભગવાન' શબ્દથી કહેલ છે, કારણ કે બ્રહ્મ જાણનારાઓ પોતાની ઈચ્છાથી દેહનો ત્યાગ કરે છે. તેથી દેહનો ત્યાગ કરવાની દશામાં પુત્રને મરાએલો સાંભળીને, તેવું ન થાય એવા વિચારથી તમારા ઉપર ઉપકાર કરવા માટે તે પુત્રના દેહથી જ હું જીવીશ એવા વિચારથી પોતાનો દેહ તેમણે તજ્યો. તેથી ''પોતે ખરેખર પુત્ર નામવાળો છે'' એ શ્રુતિ પ્રમાણે તે જ દ્રોણ આ અશ્વત્થામા છે, અને પ્રજાના દેહથી રહેલા છે. નિવૃત્ત ધર્મના વિરોધવાળો ધર્મ આચરવા યોગ્ય નથી, તેથી 'તેનો અર્ધદેહ

પત્ની છે' એમ કહેલ છે. દ્રોણના મૂલ દેહમાં પણ તેનો અર્ધ દેહ પત્ની છે. પુત્રના આકારમાં પતિ જીવે છે એવા વિચારથી પુત્રવાળી સ્ત્રીઓ સતી થતી નથી. તેથી પોતાના પુત્રનો વધ થાય ત્યારે તે વિધવા થતી હોવાથી અને વંશ ન રહેવાથી તેને ઘણું દુઃખ થવાથી તેને જોવાથી દયા આવે, તે 'સતી થઈ નથી' શબ્દથી કહેલ છે. તે કૃપાનું રક્ષણ કરનારી દેવતા છે, તેથી તેનું 'કૃપી' એવું નામ છે.૪૫

'વ્યલોકં' કપટ-તે પણ ધર્મમાં અડચણ કરનારું છે, તેથી આને કપટ વિના છોડી દેવો એવું તે વચન નીચેના શ્લોકથી કહે છે :

**તદ્ધર્મજ્ઞ મહાભાગ ભવદ્‌ભિર્ગૌરવં કુલમ્ ।**
**વૃજિનં નાર્હતિ પ્રાપ્તું પૂજ્યં વન્દ્યમ્ અભીક્ષ્ણશઃ ।।૪૬।।**

તેથી હે ધર્મ જાણનાર! હે મોટા ભાગ્યવાળા! પૂજા કરવા યોગ્ય અને વારંવાર વંદન કરવા યોગ્ય ગુરુનું કુલ તમારાથી દુઃખ પામે તે યોગ્ય નથી.૪૬

જો કોઈ પણ પ્રકારે ગુરુના કુલને દુઃખ પ્રાપ્ત થાય તો ગુરુની સેવારૂપ કરેલો ધર્મ કપટવાળો થાય ગણાય . તેથી ધર્મ કરવામાં કપટ છે એમ જાણતો હોવા છતાં જે તેમ કરે તે ધર્મ જાણનાર નથી. તમે તો તેથી ઉલટા પ્રકારના હોવાથી ધર્મ જાણનારા છો. તેથી 'હે ધર્મ જાણનાર!' એવું સંબોધન કરેલું છે. વળી મોટા ભાગ્યથી ગુરુઓની સેવા કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. તેથી શક્તિ પ્રાપ્ત થઈ હોવા છતાં જો સેવા ન કરે તો તે તેનું મોટું અભાગ્ય છે. તમે તો તેથી ઉલટા પ્રકારના છો, તેથી 'હે મોટા ભાગ્યવાળા!' એવું સંબોધન કરેલ છે. વળી બીજાઓથી ગુરુના કુલને દુઃખ થાય ત્યારે તમારે તે દૂર કરવું જોઈએ. તે સંબંધમાં તેથી ઉલટું જોવામાં આવે છે. તમારાથી જ ગુરુના કુલને દુઃખ થાય છે તે યોગ્ય નથી. તે કુલને તેમ થવું યોગ્ય નથી, તેનું કારણ 'પૂજા કરવા યોગ્ય, વંદન કરવા યોગ્ય' વિશેષણોથી કહેલું છે. ગુરુનું કુલ ઉત્તમ પુરુષોએ સર્વ પ્રકારે પૂજા કરવા યોગ્ય જ છે, કારણ કે તેની પ્રસન્નતાથી જ ઉત્તમપણું પ્રાપ્ત થયેલું હોય છે. વળી પૂજા પણ નમ્રતા વિના કરવા યોગ્ય નથી, પરંતુ સદા નમન કરવા યોગ્ય પણ છે, એવો અર્થ છે.૪૬

વળી ધર્મમાં જ્ઞાન ન હોય તે પણ ''જે વિદ્યાથી જ કરે છે તે જ વધારે બળવાન થાય છે'' એ શ્રુતિ પ્રમાણે વિઘ્નકારક છે. તેથી જે પોતાના સુખદુઃખનાં જેવાં બીજાનાં પણ સુખ દુઃખ સરખાં જાણે છે તેણે કરેલ કાર્ય ધર્મ છે. બીજો તો ''જે વિષય બુદ્ધિથી રચાએલ હોય....'' (૬।૧૬।૪૧) વાક્ય પ્રમાણે અધર્મ જેવો છે, તેથી જેમ એક પુત્રના મરણથી રડતાં પ્રાણીઓનો બીજો પુત્ર મરે તેવું આ અશ્વત્થામાનું મૃત્યુ છે એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**મા રોદીદ્ અસ્ય જનની ગૌતમી પતિદેવતા ।**
**યથાऽહં મૃતવત્સાऽऽર્તા રોદિમ્યશ્રુમુખી મુહુઃ ।।૪૭।।**

જેમ મરેલા પુત્રવાળી મુખ ઉપર આંસુવાળી દુઃખી થઈ વારં-વાર હું રડું છું તેમ પતિને દેવ જાણનારી આની માતા ગૌતમી ન રડો.૪૭

[1]તે દુઃખથી હું ઘણી દુઃખી થયેલી છું તેથી જ ' ગૌતમી ન રડો' એવી પ્રાર્થના કરૂં છું. 'ગૌતમી' શબ્દથી એમ સૂચવેલું છે કે તે ઋષિના વંશમાં ઉત્પન્ન થયેલી હોવાથી તે રડે ત્યારે ઘણોજ અનર્થ થાય. સ્વરૂપથી પણ તે ઉત્તમ છે એમ 'પતિને દેવ જાણનારી' વિશેષણથી કહેલું છે. પતિવ્રતાના નયનનું જલ જો ભૂમિ ઉપર પડે તો ભૂમિ વીર્ય વિનાની થાય, એવી પ્રસિદ્ધિ છે.

પતિવ્રતા સર્વ તત્ત્વોને જાણનારી છે તેથી રડશે નહીં દ્મ એવી શંકા થાય, તેથી 'જેમ હું રડું છું ' એમ કહેલું છે. વિષય જ એવો છે. જેમ અગ્નિ બાળનારો છે એમ જાણવા છતાં પણ બાળીએ ત્યારે દુઃખ થાય છે જ, તેમ તત્ત્વજ્ઞાનથી તે દુઃખ અટકતું નથી એવો ભાવ છે.૪૭

૧.'તે દુઃખ' એટલે પુત્રના મરણથી થયેલ દુઃખ, એવો અર્થ જણાય છે.

**યૈઃ કોપિતં બ્રહ્મકુલં રાજન્યૈરજિતાત્મભિઃ ।**
**તત્કુલં પ્રદહત્યાશુ સાનુબન્ધં શુચાઽર્પિતમ્ ।।૪૮।।**

જે ઈંદ્રિયો વશ ન કરેલા ક્ષત્રિયોએ બ્રાહ્મણનાં કુલને કોપાવેલ હોય છે તે બ્રાહ્મણનું કુલ તેમનાં કુલને શોક કરાવી સન્તતિ સાથે તરતજ બાળે છે.૪૮

ધર્મ તો ઈશ્વરના વિરોધ વિનાનો હોય. તે વિષયમાં બ્રાહ્મણો ધર્મની પ્રવૃત્તિ કરાવનારા હોવાથી ઈશ્વરોજ છે. તેમનું કુલ જો બીજા ક્ષત્રિયો વિગેરેથી કોપાવેલું કરવામાં આવે ત્યારે તે બીજાઓના કુલનો સંતતિ સાથે નાશ કરે છે એવા ઉત્તમ પુરુષો ના ઉપદેશથી આ વાક્ય ઉત્તમ છે. અને ઉત્તમ વાક્યોનો વિરોધ ન થાય તેવી રીતે ધર્મ કરવો જોઈએ. તેથી આને તરત છોડી દેવો, એ સિદ્ધ થયેલ છે.૪૮

સૂત તો દ્રૌપદીનાં વાક્યનું અનુસંધાન કરીને સર્વની સંમતિથી તે સાચું છે એમ નીચેના બે શ્લોકોથી કહે છે :

**સૂત કહે છે :**

**ધર્મ્યં ન્યાય્યં સકરુણં નિર્વ્યલીકં સમં મહત્ ।**
**રાજા ધર્મસુતો રાજ્ઞ્યાઃ પ્રત્યનન્દદ્ વચો દ્વિજાઃ ।।૪૯।।**
**નકુલઃ સહદેવશ્ચ યુયુધાનો ધનઞ્જયઃ ।**
**ભગવાન્ દેવકીપુત્રો યે ચાન્યે યાશ્ચ યોષિતઃ ।।૫૦।।**

હે દ્વિજો! ધર્મના પુત્ર રાજાએ, નકુલે અને સહદેવે, યુયુધાને, ધનંજયે, દેવકીના પુત્ર ભગવાને અને જે બીજા પુરુષો અને સ્ત્રીઓ હતાં તેમણે રાણીના ધર્મ પ્રમાણેના, ન્યાય પ્રમાણેના, કરુણાવાળા, કપટરહિત, સમાનતાવાળા અને ઉત્તમ વચનને આવકાર્યું.૪૯-૫૦.

'ધર્મ પ્રમાણેનું' ધર્મથી ડગે નહીં તેવું. એવી રીતે 'ન્યાય પ્રમાણેનું' ન્યાયથી ડગે નહીં તેવું 'નિર્વ્યલીકમ્' 'કપટરહિત,' 'સમાનતાવાળું' સર્વ સમાન હોવાની બુદ્ધિથી કહેલું. 'ઉત્તમ' રાજાની પેઠે કહેલું. એ રીતે વાક્યના છ ગુણો જુદા-જુદા વાક્યમાંજ કહેલા છે. આરંભમાં રાજાએ આવકારવાનું કારણ 'ધર્મના પુત્ર' શબ્દથી કહેલું છે. આ દ્રૌપદી પણ તેની પત્ની હોવાથી તેવું વચન બોલેલી. આમાં સંમતિ આપે તે માટે 'હે દ્વિજો!' એવું શૌનક વિગેરેનું સંબોધન કરેલું છે. નકુલ અને સહદેવે, 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમ આવકારવાનું કર્યું. 'યુયુધાન' અર્જુનનો શિષ્ય સાત્યકિ અને અર્જુને આવકાર્યું . ધર્મનો નિર્ણય તેવોજ છે એમ જણાવવા ગુરુ અને શિષ્ય ની સંમતિ એક સાથે કહેલ છે. ભક્ત ઉપરની કૃપાથી ભગવાને આને આવકાર્યું તે 'દેવકીના પુત્ર' શબ્દથી કહેલું છે. સર્વ સ્થળે 'દેવકીના પુત્ર' શબ્દ ભગવાન ભક્તને વશ હોવાનું જણાવવા યોજાય છે. 'અને જે બીજા પુરુષો અને જે સ્ત્રીઓ હતાં ' શબ્દોથી આ ધર્મ પ્રસિદ્ધ છે એમ જણાવવા સર્વ સ્ત્રી અને પુરુષોની સંમતિ કહેલી છે. 'સ્ત્રી' શબ્દ ઘણું મૂઢપણું જણાવવા યોજેલ છે, તેથી ફરી કહેવારૂપ દોષ નથી.૪૯-૫૦.

[ક]યથાર્થ સ્વરૂપવાળો અને [ખ]પ્રમાણ સાથેનો ધર્મના બે પ્રકારો છે. તે પૈકી પ્રમાણને માનનારાઓ વ્યવહારમાં યથાર્થ સ્વરૂપવાળા ધર્મને ગણકારતા નથી. તે સંબંધમાં પ્રમાણનું મૂલ પ્રમાણ છે, કારણ કે તે નિયમરૂપ છે. તેથી નિયમરૂપ બનેલ વાયુથી જેનો અવતાર થયેલ તે ભીમે દ્રૌપદીએ કહેલ યથાર્થ સ્વરૂપવાળા ધર્મનો સ્વીકાર ન કરતાં પોતે સ્વતન્ત્ર ધર્મનું નિરૂપણ કરીને તેનો વધ કરવાની પ્રવૃત્તિ કરી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તત્રાહાઽમર્ષિતો ભીમઃ તસ્ય શ્રેયાન્ વધઃ સ્મૃતઃ ।**
**ન ભર્તુર્નાઽઽત્મનશ્ચાર્થે યોઽહન્ સુપ્તાન્ શિશૂન્ વૃથા ।।૫૧।।**

તે વિષયમાં ક્રોધી ભીમે કહ્યું કે જેને સૂતેલા નાના બાળકોને સ્વામીનાં કાર્ય માટે નહીં અને પોતાનાં કાર્ય માટે પણ નહીં પરંતુ નકામાજ હણ્યા તેનો વધ ઉત્તમ મનાએલો છે.૫૧

ભીમ અધર્મના [૧]સામા પક્ષવાળો હોવાથી તેને ક્રોધ થયો. પોતાને જોવાથી જ દૈત્યોને ભય ઉત્પન્ન કરે તે ભીમ. તે અશ્વત્થામાનાં રક્ષણ કરતાં તેનો વધજ વધારે સારો છે, કારણ કે આણે રાત્રે કારણ વિનાજ સૂતેલા નાનાં બાળકોને હણેલા છે. એવી રીતે બીજું પણ વિચાર વિનાનું કાર્ય કરશે, તેથી વધજ વધારે સારો છે, એવો અર્થ છે.૫૧

૧.'અધર્મપ્રતિપક્ષત્વાત્' સ્થાને 'અધર્મપ્રતિપક્ષિત્વાત્' જોઈએ, એમ જણાય છે.

ભગવાને તો બંને પ્રકારનો [૧]ધર્મ કહેલો હોવાથી, દ્રૌપદી અને ભીમ નાં વાક્યોનો પરસ્પર વિરોધ થતાં બંનેનું સમાધાન કરવા બે ક્રિયાશક્તિઓ પ્રકટ કરવા તેમણે ભુજાઓ પ્રકટ કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નિશમ્ય ભીમગદિતં દ્રૌપદ્યાશ્ચ ચતુર્ભુજઃ ।**

**આલોક્ય વદનં સખ્યુઃ ઈદમ્ આહ હસન્નિવ ।।૫૨।।**

ભીમે કહેલાં અને દ્રૌપદીનાં વચનનું શ્રવણ કરીને, ભગવાન ચાર ભુજાવાળા થયા. તેમણે મિત્રનું મુખ જોઈને હસતાં હોય તેમ આ નીચે પ્રમાણે કહ્યું.૫૨.

'ચાર ભુજાવાળા થયા' એ જુદું [2]વાક્ય છે. પરસ્પરનો વિરોધ હોય ત્યારે જુદા પ્રકારના વાક્યમાં સ્થિતિ ન કરાય. વિરુદ્ધ વાક્યોથી એકતા પણ ન થાય. અહીં તો માત્ર કહેવામાં જ વિરોધ[3] હોવાથી, પરસ્પર [4]કાર્ય થાય તે માટે પોતે તે વાક્યો નેજ ટેકો આપ્યો. અર્જુન તો સખ્ય સુધી પહોંચેલો હોવાથી તેને જણાવવા તેનું મુખ જોઈને પોતાનો અભિપ્રાય ભગવાને કહ્યો. અર્જુન પણ મોહ પામેલો હોય તેવો થયો, તેથી 'હસતા હોય તેમ' એમ કહેલું છે. તેમ ન હોત તો દ્રૌપદીના વાક્યને આવકારેલ હોવાથી અશ્વત્થામાનું સન્માન કરીને જ તેને છોડી મૂકત, અને તેથી ભવિષ્યમાં થનાર આપત્તિ ન થાત. અથવા ભીમના વાક્યનું શ્રવણ કરીને તેને મારી નાખત, તો પણ આપત્તિ ન થાત. તેથી અર્જુને બંને ન કરેલ હોવાથી ભગવાને મોહ કરતા હોય તેમ તેને નીચે પ્રમાણે કહ્યું.૫૨.

૧.ભગવાને પહેલાં તેને મારી નાખવા કહેલાં વાક્ય, અને દ્રૌપદીનાં વાક્યને આવકારવાથી સૂચવેલ તેને છોડી મૂકવાના વાક્યથી બંને પ્રકારનો ધર્મ કહેલ છે. પ્ર

૨.ભગવાને ચતુર્ભુજ થયાનું વાક્યોનું શ્રવણ કર્યા પછી કહેલ હોવાથી તે જુદું વાક્ય છે એમ જાણવું. પ્ર

૩.'વિરોધઃ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

૪.તે વાક્યો ભેગાં કરીને એક કાર્ય કરાવવા માટે તે બંને વાક્યોના અર્થને ટેકો આપ્યો, એવો અર્થ છે. પ્ર

**બ્રહ્મબન્ધુર્ન હન્તવ્યો હ્યાતતાયી વધાર્હણઃ ।**
**મયૈવોભયમામ્નાતં પરિપાહ્યનુશાસનમ્ ।।૫૩।।**

બ્રહ્મબંધુને હણવો નહીં. આતતાયી વધ કરવા યોગ્ય છે. મેં જ બંને શાસ્ત્રમાં કહેલ છે. મારી આજ્ઞાનું પાલન કર.૫૩

દ્રૌપદી તથા ભીમ બેએ કહેલામાંથી તું એક ન કર, તો બંનેરૂપ કાર્ય કર. પાસ્પર વિરુદ્ધ બંને આજ્ઞાનું પાલન કેમ કરી શકાય? એવો પ્રશ્ન થાય. તે સંબંધમાં 'મેં જ બંને શાસ્ત્રમાં કહેલ છે' એમ કહેલું છે. કારણ કે ભગવાને બંનેરૂપ વસ્તુ જાણીને બંને શાસ્ત્રમાં કહેલ છે. તેમ ન હોય તો ભગવાન અસત્ય કહેનાર હોવાનું અનુમાન થાય. તે જાણીને મેં શાસ્ત્રમાં કહેલું છે. તું મારો મિત્ર હોવાથી તે જાણીને તારે પણ કરવું જોઈએ. તેમ ન કરે તો મિત્રપણું ન રહે, એવા અભિપ્રાયથી 'પરિપાહ્યનુશાસનમ્' મારી આજ્ઞાનું પાલન કર, એમ કહેલું છે.૫૩

એટલાથી સર્વનું ઇચ્છેલું થશે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**કુરુ પ્રતિશ્રુતં સત્યં યત્ તત્ સાન્ત્વયતા પ્રિયામ્ ।**
**પ્રિયં ચ ભીમસેનસ્ય પાઞ્ચાલ્યા મહ્યમેવ ચ ।।૫૪।।**

તેં જે પ્રિયાનું સાન્ત્વન કરતાં વચન આપેલું તે સત્ય કર, અને ભીમસેનનું, પાંચાલીનું અને મારું પ્રિય કર.૫૪

તારી પોતાની પ્રતિજ્ઞા માથું લાવવાની હતી, તે મણિ લઈ લેવાથી પળાશે. ભીમસેનનું પ્રિય વધ કરવાથી થાય તે મુંડવા વિગેરેથી પળાશે. અને દ્રૌપદીનું પ્રિય તેને છોડી મૂકવાથી થશે. તે પણ [1]તેનાથી જ પળાશે, અને મારું પ્રિય તે બંને રૂપ કરવાથી થશે.૫૪

૧.'તેનાથી જ' એટલે છોડી મૂકવાથી જ.

ભગવાનની કૃપાથી અર્જુને એકને સર્વરૂપ જાણીને તેમ કર્યું, એમ નીચેના શ્લોકોથી કહે છેઃ

**સૂત કહે છે :**

**અર્જુનઃ સહસાઽઽજ્ઞાય હરેર્હાર્દમ્ અથાઽસિના ।**
**મણિં જહાર મૂર્દ્ધન્યં દ્વિજસ્ય સહમૂર્દ્ધજૈઃ ।।૫૫।।**
**વિમુચ્ય રશનાબદ્ધં બાલહત્યાહતપ્રભમ્ ।**
**તેજસા મણિના હીનં શિબિરાન્ નિરયાપયત્ ।।૫૬।।**

અર્જુને એકાએક હરિનો અભિપ્રાય જાણીને પછી દ્વિજના માથામાં રહેલો મણિ કેશો સાથે તલવારથી હરી લીધો. દોરડાથી બાંધેલાને છોડીને, બાલકની હત્યાથી કાંતિ વગરના થયેલા અને મણિ તથા તેજ ગૂમાવેલાને છાવણીમાંથી કાઢી મૂક્યો.૫૫-૫૬.

જાણવામાં કૃપા કારણ હોવાથી 'એકાએક' જાણ્યું. 'અથ' 'પછી' તે જાણ્યા પછી તરતજ તેને છૂટો કર્યો. પહેલાં 'અસિના' તલવારથી દ્વિજના માથામાંથી ચૂડામણિ તેની શિખા કેશો સાથે હરી લીધો. કારણ કે આ કાર્ય [1]બંનેરૂપ છે તે [2]આગળ કહેવાશે. બંનેરૂપ કાર્યનાં ત્રણ[3] અંગો હોવાથી છપ્પનમા શ્લોકથી ત્રીજું અંગ કહે છે. પહેલાં તેને રાંઢવાથી બાંધેલો. તે શાંત રહ્યો તેનું કારણ 'બાલકની હત્યાથી કાંતિ વગરના થયેલા' અને 'મણિ તથા તેજ ગૂમાવેલા' શબ્દોથી કહેલું છે. ત્રીજા અંગની સમીપ આ બે ફરી કહેલાં છે. 'શિબિરાત્' પોતાની છાવણીમાંથી કાઢી મૂક્યો. 'કાઢી મૂક્યો' શબ્દથી એમ જણાવેલું છે કે સત્પુરુષોના સ્થાનમાંથી કાઢી મૂકેલ હોવાથી સત્પુરુષોમાં સર્વ કોઈ પણ સ્થલે તેનો પ્રવેશ થશે નહીં.૫૫-૫૬.

૧. [1]આમાંથી મણિ લઈ લીધો, એટલે માથું લાવી આપ્યાનું વચન પળાયું, અને [2]કેશો લીધા એટલે મૂંડ્યો તે મારી નાખવા બરાબર છે. આ બંને રૂપ કાર્ય થયું.

૨.આગળ એટલે ૫૭ મા શ્લોકમાં.

૩.ત્રીજું અંગ દ્રૌપદીની ઈચ્છા પ્રમાણે છોડી મૂકવાનું રહ્યું તે છપ્પનમા શ્લોકથી કહેલ છે.

ભગવાનની આજ્ઞામાં કહેલ સર્વરૂપ હોવાથી તેનું તેવું વિવરણ નીચેના શ્લોકથી કહે છે :

**વપનં દ્રવિણાદાનં સ્થાનાદ્ નિર્યાપણં તથા ।**
**એષ હિ બ્રહ્મબન્ધૂનાં વધો નાન્યોઽસ્તિ દૈહિકઃ ।।૫૭।।**

મુંડન, દ્રવ્ય લઈ લેવું અને સ્થાનમાંથી કાઢી મૂકવો ૹ આ નિશ્ચય બ્રહ્મબંધુઓનો વધ છે. બીજો દેહનો વધ તેનો વધ નથી.૫૭

'હિ' 'નિશ્ચય' શબ્દથી ઉપર કહેલાં પ્રમાણો વિગેરેનું અનુસંધાન કરવાનું જણાવેલ છે. 'બ્રહ્મબંધુઓનો' એટલે દૈત્યના અંશવાળા બ્રાહ્મણોનો. 'દેહનો' એટલે દેહનો છેદ કરવારૂપ.૫૭.

પ્રસંગથી નીકળેલી કથા પૂરી થતાં, ચાલુ વૃત્તાન્તનો નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**પુત્રશોકાર્દિતાઃ સર્વે પાણ્ડવાઃ સહ કૃષ્ણયા ।**
**સ્વાનાં મૃતાનાં યત્ કૃત્યં ચક્રુ નિર્હરણાદિકમ્ ।।૫૮।।**

પુત્રોના શોકથી દુઃખી થયેલા બધા પાંડવોએ દ્રૌપદી સાથે પોતાનાં મરણ પામેલા સગાઓનું શ્મશાન લઈ જવા વિગેરેનું જે કાર્ય હતું તે કર્યું.૫૮

**ઈતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં**
**પ્રથમ સ્કંધનો સાતમો અધ્યાય સમાપ્ત.**

## ।। અધ્યાય આઠમો ।।

## બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતનું રક્ષણ અને કુંતીજીની સ્તુતિ

**એવં હિ સર્વભક્તાનાં ભગવદ્વાક્યનિષ્ઠતા ।**
**સર્વહેતુકથાયૈવ સપ્તમે વિનિરૂપિતા ।।૧।।**

એ પ્રમાણે જ સાતમા અધ્યાયમાં, સર્વના મનોરથ પૂર્ણ કરવાના પ્રયોજનથી કથા[૧] કહેવા માટે, સર્વ ભક્તોની ભગવાનના વાક્યમાં શ્રદ્ધા કહી.કા.૧

**અષ્ટમે યસ્ય વાક્યસ્ય કરણાદ્ યદ્ધિ જાયતે ।**
**દોષશ્ચેત્ તત્સમાધાનં ગુણશ્ચેદ્ આહ પોષણમ્ ।।૨।।**

આઠમા અધ્યાય માં જે વાક્ય [૨]કરવાથી જે થાય, તે જો દોષ હોય તો તેનું સમાધાન અને ગુણ હોય તો તેનું પોષણ કહેલ છે.કા.૨.

૧.સર્વના મનોરથ પૂર્ણ કરવાનું જે ભક્તિરૂપ પ્રયોજન તે કહેવા, અને વળી ભગવાનની પ્રતિષ્ઠાનું કારણ બનેલ પરીક્ષિતનું ભગવદીયપણું, અને તેનું પણ કારણ તેના પૂર્વજોનું વૈષ્ણવપણું તે કહેવા. પ્ર

૨.વૈષ્ણવપણું દઢ થાય તે માટે વાક્ય પ્રમાણે કરવાથી થતું ફલ કહેલ છે. અહીં એમ જાણવાનું છે કે ચોથા અધ્યાયમાં શૌનકે ચાર પ્રશ્નો ૧ ભાગવત સંબંધી ૨ તે રચનાર સંબંધી ૩ તેના વક્તા સંબંધી અને ૪ તેનું

શ્રવણ કરનાર સંબંધી પૂછેલા. તે પૈકી પહેલા પ્રશ્નનો ઉત્તર આગલા ૩ થી ૧૨ સ્કંધોથી કહેશે. બીજાનો ઉત્તર ૧-૪-૧૪ ૧-૭-૮ સુધી આપેલ છે. ત્રીજાનો ઉત્તર શુકે ભણવા સંબંધીનો જ સાતમા અધ્યાયમાં આપેલ છે, અને 'શુકને સદા વિષ્ણુતા જન પ્રિય હતા, ૧-૭-૧૧ વાક્યથી તે કહેવા સંબંધીનો સૂચવેલ છે. હવે ચોથો પ્રશ્ન રહ્યો. તે પરીક્ષિતનો જન્મ, કર્મ, મરણ સુધી અન્નનો ત્યાગ અને પ્રાણત્યાગ સંબંધી ચાર પ્રકારનો છે . જન્મ ઘણો આશ્ચર્યકારક હોવાનું કારણ હવે કહેવાનું છે. પ્ર

ગયા અધ્યાયના અંતે અશ્વત્થામાનું અપમાન થયાનું , વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર નાખવાના કારણ તરીકે કહ્યું. આઠમા અધ્યાયમાં તો ભગવાન અદ્ભુત કર્મ કરનારા છે એમ જણાવવા ચાર પદાર્થો કહેલા છે. [ક]બ્રહ્માસ્ત્રથી થતો દાહ [ખ]તેનું[૧] તેનાથી રક્ષણ [ગ]પછી અદ્ભુત કર્મનો નિર્ણય કરાવનારી સ્તુતિ [ઘ]પછી અદ્ભુત કર્મ. તે પૈકી પ્રથમ બ્રહ્માસ્ત્રનો પ્રસંગ કહે છે :

**સૂત કહે છે :**

**અથ તે સમ્પરેતાનાં સ્વાનામ્ ઉદકમ્ ઈચ્છતામ્ ।**
**દાતું સકૃષ્ણા ગંગાયાં પુરસ્કૃત્ય યયુઃ સ્ત્રિયઃ ।।૧।।**

પછી જલ ઈચ્છતા મૃત પોતાનાં સગાંઓને જલ આપવા સ્ત્રીઓને આગળ કરીને શ્રીકૃષ્ણ સાથે તેઓ ગંગા ગયા.૧

શુદ્ધિ થયા પછી જ સંસ્કાર કરવો જોઈએ. તે શુદ્ધિ બહારની અને અંદરની એવા ભેદથી બે પ્રકારની હોવાથી પહેલાં બે શ્લોકોથી બહારની શુદ્ધિ કહે છે.

મરેલાં પ્રેતપણાથી છૂટે ત્યારે જીવતાંઓની શુદ્ધિ કરાય. તેથી પ્રથમ તેઓને તેમાંથી છોડાવવાની ક્રિયા કહે છે. તેઓને કુરુક્ષેત્રમાં જ અગ્નિસંસ્કાર કરીને, જલ આપવા સર્વ હસ્તિનાપુર ગયા. જેના જલના માત્ર સ્પર્શથી બ્રાહ્મણોના શાપથી હણાએલા પણ મુક્ત થાય છે તો પછી ધર્મયુદ્ધમાં હણાએલા મુક્ત થાય તેમાં કહેવું જ શું! ''પુત્રે આપેલું ત્રણ અંજલિ જલ પ્રેતના તાપને શાંત કરે છે'' એ વાક્ય પ્રમાણે તાપ મટાડવા જલની જરૂર છે. તેથી સંસારના મૂલ બનેલ ત્રણ પ્રકારના તાપનો નાશ કરવા પણ એક સાથે જલ દેવું, એવો નિશ્ચય કરીને ગંગા ગયા એમ કહે છે. 'પછી' વૈરભાવ વિના 'સમ્પરેતાનામ્' સામાન્ય રીતે બધા મરેલાઓને જલ આપવા ગયા. તેમાં પણ ઘણા પુરુષોના સંબંધવાળા અને તે પણ જલ આપનારના સાતમા વડવા પુરુષ સુધીના સંબંધવાળા સગાંઓને, તેઓને મુક્તિ આપવા માટે ભગવાન સાથે ગયા, એમ 'શ્રીકૃષ્ણ સાથે' શબ્દથી કહેલું છે. 'સ્ત્રીઓને આગળ કરીને' શબ્દથી લોકાચાર જણાવેલ છે.૧

**તે નિનીયોદકં સર્વે વિલાપ્ય ચ ભૃશં પુનઃ ।**
**આપ્લુતા હરિપાદાબ્જરજઃપૂતસરિજ્જલે ।।૨।।**

તેઓ બધાએ જલ રેડીને અને ઘણું રડીને હરિના ચરણકમલની રજથી પવિત્ર થયેલી નદીના જલમાં ફરી સ્નાન કર્યું.૨.

'જલ રેડીને' પ્રેતોને જલ આપીને. ''પિતૃઓને રડવું પ્રિય'' હોવાથી રડીને તેઓએ સ્નાન કર્યું . જેઓને ખેદ થયો ન હતો તેઓએ પણ રડવાનું શાસ્ત્રમાં કહેલું હોવાથી બધા રડ્યા. ફરી રડવાનું ન રહે તે માટે 'ઘણું રડ્યા'. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજું પણ કર્તવ્ય કરીને પહેલાં જલ આપવા માટે સ્નાન કરેલું હોવા છતાં પણ સર્વ શુદ્ધિ થાય તે માટે, ભક્તિ પ્રાપ્ત થાય તે માટે અને જ્ઞાન પ્રાપ્તિનો અધિકાર થાય તે માટે ફરીથી તેઓએ ગંગામાં સ્નાન કર્યું, એમ 'આપ્લુતાઃ' 'સ્નાન કર્યું' શબ્દથી કહેલું છે. જો કે ''ભગવાનના ચરણકમલને ધોવાથી લાલ કળીઓથી રંગાયેલી'' એ વચન પ્રમાણે અને ''બ્રહ્માના કમંડલુનું જલ'' એ વચન પ્રમાણે પહેલાં જ બધુંએ ગંગાજલ તેવું પવિત્ર હતું છતાં તે નદી હોવાથી બીજા જલનો તેને સ્પર્શ થવાના સંભવને લીધે, પહેલાં જેમાં સ્નાન કરેલું તે જલ તેવું પવિત્ર હતું કે નહીં તેવો સંદેહ કરીને, ઉપરવાસમાં ભગવાનને રાખીને તેમનાં ચરણનો સ્પર્શ થયેલ જલથી સ્નાન કર્યું, એવો અર્થ છે. આથી તેઓ તેમના ભગવાનના સેવક હતા એમ સંપૂર્ણ પ્રકારે જણાવ્યું. ૨.

એવી રીતે સર્વનું કર્તવ્ય કરાયું, ત્યારે તેઓ પ્રતિ ભગવાનનું જે કર્તવ્ય હતું તે નીચેના બે શ્લોકોથી કહે છે :

**તત્રાऽऽસીન કુરુપતિં ધૃતરાષ્ટ્રં સહાનુજમ્ ।**
**ગાન્ધારીં પુત્રશોકાર્તાં પૃથાં કૃષ્ણાં ચ માધવઃ ।।૩।।**
**સાન્ત્વયામાસ મુનિભિઃ હતબન્ધૂન્ શુચાર્પિતાન્ ।**
**ભૂતેષુ કાલસ્ય ગતિં દર્શયન્નપ્રતિક્રિયામ્ ।।૪।।**

ત્યાં નાના ભાઈ સાથે બેઠેલા કુરુપતિ ધૃતરાષ્ટ્રનું, પુત્રના શોકથી દુઃખી થયેલાં ગાંધારી, કુંતિ અને દ્રૌપદી નું, જેઓના બંધુઓ હણાએલા હતા અને જેઓ શોકમાં પડેલા તેઓનું પ્રાણીઓ પ્રતિ કાલની ન અટકાવી શકાય તેવી ગતિ દર્શાવતાં મુનિઓ સાથે માધવે સાન્ત્વન કર્યું. ૩-૪.

'બેઠેલા' શબ્દ શાંતપણું દર્શાવે છે . 'કુરુપતિ' યુધિષ્ઠિર. 'નાના ભાઈ સાથે' એટલે વિદુર સાથે ધૃતરાષ્ટ્ર , અથવા ભીમ વિગેરે સાથે યુધિષ્ઠિર. વિદુર તીર્થોમાં ફરવા ગયેલો એ કથા જુદા કલ્પની છે. સ્ત્રીઓ બધી પુત્રના શોકથી દુઃખી થયેલી હતી. તેથી 'પુત્રના શોકથી દુઃખી થયેલાં' વિશેષ બધે બધી સ્ત્રીઓના સંબંધમાં લેવાનું છે. 'કૃષ્ણા' એટલે દ્રૌપદી. 'ચ' 'અને' શબ્દથી સુભદ્રા વિગેરે કહેલાં છે. સ્ત્રીઓનું સાન્ત્વન કરવાનું કારણ 'માધવ' શબ્દથી કહેલું છે, કારણ કે તે 'માયાઃ' લક્ષ્મીના 'ધવઃ' પતિ છે, અને બધીએ સ્ત્રીઓમાં લક્ષ્મીનો અંશ છે. વસ્તુનું સત્ય સ્વરૂપ જણાવીને સાન્ત્વન કર્યું. મુનિઓની સંમતિમાટે 'મુનિઓ સાથે' સાન્ત્વન કર્યું. હણાયેલા હતા બાંધવો જેઓના તેઓનું સાન્ત્વન કર્યું. શોક તત્ત્વજ્ઞાનથી દૂર થાય છે. ઈશ્વર સર્વ કરનારા હોવાથી તે સાન્ત્વન કરે તે યોગ્ય નથી દ્ગએવી શંકા થાય તેથી ચોથા શ્લોકના ઉત્તરાર્ધથી એવો સિદ્ધાંત કહે છે કે નીમેલો કાલરૂપ અધિકારી તેના ઘરમાં ઉત્પન્ન

થયેલાઓને શિક્ષા કરે તે ઈશ્વરે પણ અટકાવવા યોગ્ય નથી, કારણ કે સ્ત્રી, પુત્ર વિગેરેને મારવામાં આવે ત્યારે રાજા સજા કરતો નથી. કાલ પણ ભગવાનનો ભક્ત હોવાથી, કોઈ સમયે ભગવાન શિક્ષા કરે ત્યારે બીજા ભક્તોની ઉપેક્ષા કરે છે. 'ભૂતેષુ' એટલે કાલમાં જન્મેલાઓમાં. 'કલયતિ' લઈ જાય છે તે કાલની 'ગતિ પ્રવૃત્તિ ન વિદ્યતે' નથી 'પ્રતિક્રિયા' સામો ઉપાય જેનો તેવી છે.૩-૪.

એવી રીતે પણ, તે સમયે ન કરવામાં આવતું પણ, ભગવાન ભક્તોનું હિત જ કરે છે એમ જણાવવા, લોકની દષ્ટિથી પણ જે ભક્તોનું હિત હોય તે ભવિષ્યમાં કરવાનું હોવા છતાં ભગવાનની ઈચ્છા થતાં થયેલું જ હોય છે, માત્ર લોકમાં પ્રકટ થયેલું હોતું નથી, એવો સિદ્ધાંત જણાવવા, નીચેના બે શ્લોકોથી તે કહે છે :

**સાધયિત્વાઽજાતશત્રોઃ સ્વં રાજ્યં કિતવૈર્હૃતમ્ ।**
**ઘાતયિત્વાઽસતો રાજ્ઞઃ કચસ્પર્શક્ષતાયુષઃ ।।૫।।**
**યાજયિત્વાઽશ્વમેધૈસ્તં ત્રિભિરુત્તમકલ્પકૈઃ ।**
**તદ્ યશઃ પાવનં દિક્ષુ શતમન્યોરિવાતનોત્ ।।૬।।**

અજાતશત્રુને ઠગોએ હરેલું પોતાનું રાજ્ય પ્રાપ્ત કરાવીને, ચોટલાના સ્પર્શથી જેઓનાં આયુષ્યનો ક્ષય થયેલો તેવા દુષ્ટ રાજાઓને હણાવીને, યુધિષ્ઠિરને ઉત્તમ સાધનવાળાં ત્રણ અશ્વમેધોથી યજ્ઞ કરાવીને તેના પવિત્ર યશને ઈંદ્રનાં યશની પેઠે દિશાઓમાં વિસ્તાર્યો.૫-૬.

'અજાતશત્રુ' શબ્દથી નથી થયેલા શત્રુઓ જેના એવો ભક્તિનો ઉત્તમ અધિકાર જણાવેલો છે. રાજ્ય આપવાનું કારણ 'તેવું પોતાનું' શબ્દથી જણાવેલ છે. તેનું પણ કારણ 'ઠગોએ હરેલું' શબ્દોથી કહેલ છે. 'કપટ' જુગારમાં દુર્યોધન વિગેરેએ તે હરેલું. હસ્તિનાપુરનું રાજ્ય પણ તેવીજ રીતે હરેલું, કારણ કે પાંડુ જ રાજા હતો, તેથીજ 'ઠગોએ' એમ બહુવચન યોજેલું છે.

કાલ સામો ઉપાય થઈ ન શકે તેવો હોવાથી, તેઓનું આયુષ્ય હોય ત્યારે તેઓને હણાવવાનું કેમ બને? એવો પ્રશ્ન થાય તેથી પાંચમા શ્લોકનો ઉત્તરાર્ધ કહેલ છે. કારણ કે સર્વ રાજાઓ દુષ્ટ હતા, કેમકે દુઃશાસન સાથે તેઓ ભળેલા હતા. તેણે દ્રૌપદીના ચોટલાનો સ્પર્શ કરેલો તેથી જ બધાનાં આયુષ્યનો ક્ષય થયેલો. નિરપરાધી ભક્ત દ્રૌપદીના પ્રાણ[1] ઉત્તમ હોવાથી અને આયુષ્ય માથામાં રહેલું હોવાથી, સર્વથી બલવાન પ્રાણ નિર્બલ પ્રાણનો ક્ષય કરે તે યોગ્ય જ છે. ''મૃત્યુને તરે છે, પાપને તરે છે, બ્રહ્મહત્યાને તરે છે'' એ શ્રુતિ પ્રમાણે જુદા-જુદા પ્રયોગથી[2] જુદું-જુદું ફલ પ્રાપ્ત થાય છે એ મત પ્રમાણે ત્રણ અશ્વમેઘ યજ્ઞો કર્યા. 'ઉત્તમકલ્પકૈઃ' ઉત્તમ સાધનોથી, અથવા 'ઉત્તમં' ઉત્તમ 'કલ્પયન્તિ' રચે છે, એમ પ્રાયશ્ચિત્તરૂપે કર્યા. ભગવાનની પોતાની સન્નિધિ હોવાથી ત્રણ અશ્વમેઘોથી જ એકસો

[3]અશ્વમેઘની સમાન યશ ઉત્પન્ન થયો. ત્રણ લોકમાં પણ તેનો યશ પ્રસર્યો. આથી એમ જાણવાનું છે કે એક ઉપક્રમ-આરંભથી ત્રણ અશ્વમેઘો કરેલા.૫-૬.

૧.પ્રાણને રહેવાનું સ્થલ માથું હોવાથી પ્રાણનું ઉત્તમ સ્થાન માથું છે. તે પ્રાપ્ત કરી આયુષ્ય પ્રાણને અધીન રહે છે. પ્ર

૨.'આહાર' એટલે આહારણ, પ્રયોગ, જુદા-જુદા ફલ માટે જુદા-જુદા પ્રયોગ કરવાનું પૂર્વમીમાંસામા છે. પ્ર તેથી અશ્વમેઘના ઉપર જણાવેલ શ્રુતિમાં કહેલાં ત્રણ ફલ પ્રાપ્ત કરવા ત્રણ અશ્વમેઘ કર્યા.

૩.'ઈંદ્રના જેવા યશની પેઠે' શબ્દનો આ અર્થ છે.

એવી રીતે ભગવાનનાં આ સ્થલનાં લૌકિક સર્વ કાર્યની સમાપ્તિ સૂચવવા નીચેના દોઢ શ્લોકથી દ્વારકા જવાની પરવાનગી કહે છે :

**આમન્ત્ર્ય પાણ્ડુપુત્રાંશ્ચ શૈનેયોદ્ધવસંયુતઃ ।**
**દ્વૈપાયનાદિભિર્વિપ્રૈઃ પૂજિતૈઃ પ્રતિપૂજિતઃ ।**
**ગન્તું કૃતમતિર્બ્રહ્મન્ દ્વારકાં રથમ્ આસ્થિતઃ ।।૭।।**

હે બ્રહ્મન્! શૈનેય અને ઉદ્ધવ ને સાથે લઈને પાંડુપુત્રોની રજા લઈને પૂજેલા દ્વૈપાયન વિગેરે વિપ્રોએ સામા પૂજાએલા ભગવાન દ્વારકા જવાનો વિચાર કરી રથમાં વિરાજ્યા.૭.

રજા આપનાર સગાંઓ અને ઋષિઓ જુદા કહેલા છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા બધાએ રજા આપેલી. શૈનેય એટલે સાત્યકિ. દ્વૈપાયન વિગેરે વિપ્રો સ્વસ્થ હોવાથી રજા આપવાનું સમાન હોવા છતાં વધારાનું પૂજન કહેલું છે. 'હે બ્રહ્મન્' સંબોધનથી બ્રાહ્મણને ઘણો ક્રોધ હોય છે એમ સૂચવેલું છે. ભગવાન રથમાં વિરાજ્યા ત્યાં સુધીની તેમની પોતાની ક્રિયા હતી. ત્યાર પછીની રથ હાંકનારની અને અશ્વોની ક્રિયા રહી .૭.

ભક્તોનું કાર્ય આવી પડે ત્યારે ભગવાન પોતાનાં આરંભેલા કાર્યનો પણ ત્યાગ કરે છે એમ જણાવવા તે સમયે તેમણે ઉત્તરાને જોઈ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ઉપલેભેઽભિધાવન્તીમ્ ઉત્તરાં ભયવિહ્વલામ્ ।**
**પાહિ પાહિ મહાયોગિન્ દેવદેવ જગત્પતે ।**
**નાન્યં ત્વદ્ અભયં પશ્યે યત્ર મૃત્યુઃ પરસ્પરમ્ ।।૮।।**

ભયથી મુંઝાએલી ઉત્તરાને સામે દોડી આવતી જોઈ, હે મોટા યોગી! દેવોના દેવ! હે જગતના પતિ! રક્ષણ કરો! રક્ષણ કરો! આપ સિવાય બીજા કોઈ જેઓમાં પરસ્પર મૃત્યુ છે તેમને હું અભય જોતી નથી.૮

કારણ કે તે ઉત્તરા ભક્ત હતી. તેથી જ તેને બ્રહ્માસ્ત્રનું પ્રથમ દર્શન થયું. લોઢાના બાણ સાથેના સંબંધવાળું મુખ્ય જ અસ્ત્ર ઉત્તરા તરફ જતું હતું. ત્યારપછી તેમાંથી નીકળેલાં પાંચ બાણો પાંડવો તરફ ગયાં. કારણ કે વંશના મૂલનો છેદ કરવા અધિક ક્રિયા કરેલી. કેમકે તેણે એમ ઈચ્છેલું છે કે કૌરવ વિનાની પેઠે પાંડવો વિનાનું પણ હું જગત કરીશ. ઉત્તરા સામું

મુખ રાખી દોડી આવતી હતી, અને ભયથી મુંઝાએલી હોઈ વસ્ત્ર વિગેરેમાં સાવધાન ન હતી. પ્રારંભ વિગેરે કર્યા વિના, આવતાં જ 'રક્ષણ કરો' એમ વચન કહેલ હોવાથી ' તેણે કહ્યું' વિગેરે કહેલું નથી. 'રક્ષણ કરો, રક્ષણ કરો' શબ્દોથી ભયથી મુંઝાએલીનું તેનું વાક્ય કહેલું છે. કાયા અને વાણીથી એક અર્થ જણાવવા માટે, શબ્દથી 'રક્ષણ કરો'નું કર્મ કહેલું નથી, પરંતુ પોતાને દેખાડતાં 'રક્ષણ કરો' એમ કહેલ હોવાથી 'મારા દેહનું રક્ષણ કરો' એમ [1]કહેવાયું. ભગવાનની શક્તિ અને રક્ષણનો પ્રકાર જણાવતી હોય તેમ 'હે મોટા યોગી' એવું સંબોધન કરેલ છે. 'હે દેવોના દેવ' સંબોધનથી એમ કહેલ છે કે ભગવાન સર્વરૂપ હોવાથી તેમને બાણનો પણ પક્ષપાત હોવા છતાં, હમણાં દેવોનું હિત કરનારા હોવાથી તે બાણનું વારણ કરવું જોઈએ, અને રાજા વિનાનાં રાજ્યમાં રક્ષણ કરનાર ન હોવાથી અને સર્વનું રક્ષણ થાય તે માટે ગર્ભનું રક્ષણ કરવું જોઈએ, તેથી 'હે જગતના પતિ' એવું સંબોધન કરેલ છે.

તારા સસરા વિગેરે હોવા છતાં મારીજ કેમ પ્રાર્થના કરે છે? એવો પ્રશ્ન થાય તેથી 'આપ સિવાય હું અભય જોતી નથી' એમ કહેલ છે. જગતમાં આપ સિવાય કોઈને 'અભયં' ભયરહિત જોતી નથી, કારણ કે મૃત્યુથી ઘેરાએલ છે. ભયરહિત હોય તે શરણ કરવા યોગ્ય છે. વળી સરખા સ્વભાવ અને વ્યસનવાળાઓમાં મૈત્રીની જરૂર છે, ત્યાં પરસ્પર ઘાત કરવાપણું ઘણું આશ્ચર્યકારક છે તેથી જણાય છે કે સર્વમાં રહેલ કોઈક મરાવે છે, તેથી તેઓને શરણ જવાથી પ્રયોજન સરતું નથી, એમ 'જેઓમાં પરસ્પર મૃત્યુ છે' શબ્દોથી કહેલું છે. તેથી શરણ કરવા યોગ્ય આપજ છો એવું તાત્પર્ય છે.૮

૧.જેમ 'બંધ કરો' એમ કહે ત્યારે દ્વાર બંધ કરવાનું અભિનયથી જણાય છે, તેમ અહીં જાણ્યું. પ્ર

નીચેના શ્લોકથી થયેલું કાર્ય કહે છે :

**અભિદ્રવતિ મામ્ ઈશ શરસ્તપ્તાયસો વિભો ।**
**કામં દહેતુ માં નાથ મા મે ગર્ભો નિપાત્યતામ્ ।।૯।।**

હે ઈશ્વર! હે વ્યાપક! તપેલા લોઢાવાળું બાણ મારી તરફ દોડી આવે છે, હે નાથ! મને તે ખુશીથી બાળો, મારા ગર્ભને ન પાડો.૯

સામો ઉપાય કરવામાં 'હે ઈશ્વર!' એવું અને બાણના મૂલનું જ્ઞાન હોવા સંબંધમાં 'હે વ્યાપક!' એવાં બે સંબોધન કરેલાં છે . મૃત્યુ અટકાવી શકાય તેવું નથી એવા મત પ્રમાણે તે મૃત્યુ મને ભલે બાળો, મારો ગર્ભ ન પાડો, યોગના બલથી ગર્ભનું પાલન કરો. આથી એમ જણાવેલું છે કે ભકતની રક્ષા, એટલે ગર્ભસ્થ પરીક્ષિતની રક્ષા મુખ્ય છે, મારી રક્ષા મુખ્ય નથી.૯

**સૂત કહે છે:**

**ઉપધાર્ય વચસ્તસ્યા ભગવાન્ ભક્તવત્સલઃ ।**
**અપાણ્ડવમ્ ઈદં કર્તું દ્રૌણેરસ્ત્રમ્ અબુધ્યત ।।૧૦।।**

તેનાં વચનનો નિશ્ચય કરીને ભક્તો ઉપર પ્રેમ રાખનાર ભગવાને અને પાંડવરહિત કરવા માટે દ્રૌણિનું અસ્ત્ર તેને જાણ્યું.૧૦

'તપેલાં લોઢાવાળું બાણ ખરેખર આવેલ છે' એવાં તેનાં વચનનો 'ઉપધાર્ય' નિશ્ચય કરીને જાણ્યું . નિશ્ચય થવાનું કારણ 'ભગવાન' શબ્દથી કહેલું છે . નિવારણ કરવાનું કારણ 'ભક્તો ઉપર પ્રેમ રાખનાર' શબ્દથી કહેલું છે. ઉત્તરાર્ધથી અપમાન કરાએલા અશ્વત્થામાએ તેમ કરેલ હોવાનું કહેલ છે. આને પાંડવ રહિત કરવા માટે દ્રોણથી જન્મેલાનું અસ્ત્ર હોવાનું જાણ્યું, એવો અર્થ છે. અથવા આ બ્રહ્માસ્ત્રનું જે 'અસ્ત્રત્વં' પ્રયોગ થવાના ગુણવાળું હોવું, તે પાંડવરહિત કરવા માટે હતું, એમ બંને પ્રકારે પાંડવોનો નાશ કરવા માટે અસ્ત્રનો પ્રયોગ કરેલો છે, એમ જાણ્યું, એવો અર્થ છે.૧૦

તે જ સમયે બીજી પણ આપત્તિ આવી; એમ નીચેના શ્લોકથી કહે છે :

**તર્હ્યેવ ચ મુનિશ્રેષ્ઠ પાણ્ડવાઃ પઞ્ચ સાયકાન્ ।**
**આત્મનોઽભિમુખાન્ દીપ્તાન્ આલક્ષ્યાસ્ત્રાણ્યુપાદદુઃ ।।૧૧।।**

અને હે ઉત્તમ મુનિ! તે જ સમયે પાંચ પાંડવોએ પાંચ પ્રકાશતા બાણોને પોતાની તરફ આવતાં જોઈને અસ્ત્રો ઉપાડ્યાં.૧૧

'તર્હ્યેવ ચ' 'અને તે જ સમયે' એ ત્રણ અવ્યયોનો સમૂહ ઘણું આશ્ચર્ય જણાવનારો છે. 'હે ઉત્તમ મુનિ' એ સંબોધન વિશ્વાસને લીધે સંમતિના પ્રયોજનથી કરેલું છે . 'પઞ્ચ' 'પાંચ' શબ્દનો બંને બાજુ સંબંધ છે. તેમ હોવાથી એમ કહેવાયું કે એક-એક બાણ એક-એક પાંડવના સ્થાને આવ્યું. 'આલક્ષ્ય' એટલે જોઈને, અથવા દ્રોણનું બાણ છે એમ જાણીને, 'અસ્ત્રો ઉપાડ્યાં' એટલે પરલોકમાં શુદ્ધિ થાય તે [1]માટે અથવા સામો ઉપાય કરવા માટે ઉપાડ્યાં. 'અસ્ત્રો' એટલે બ્રહ્માસ્ત્ર વિગેરે.૧૧

૧.સામા થઈ યુદ્ધમાં મરવાથી ઉત્તમ ગતિ થાય તે માટે. પાછું ન વળે તેવું બ્રહ્માસ્ત્ર હોવાનું જાણતા હોય તો તે માટે શાસ્ત્રો ઉપાડે. તેવું ન જાણતા હોય તો સામનો કરવા અસ્ત્રો ઉપાડે.

આ સંબંધમાં ભગવાનનું પણ સામો ઉપાય કરવાનું સામર્થ્ય ન હોવાથી, પાંડવોમાં તો તેવું સામર્થ્ય ક્યાંથી જ હોય? એમ કહેવા ભગવાને પોતાના ભક્તોની રક્ષાજ કરી, અસ્ત્રોના સામો ઉપાય ન કર્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**વ્યસનં વીક્ષ્ય તત્ તેષામ્ અનન્યવિષયાત્મનામ્ ।**
**સુદર્શનેન સ્વાસ્ત્રેણ સ્વાનાં રક્ષાં વ્યધાદ્ વિભુઃ ।।૧૨।।**

જેમનાં ચિત્તમાં ભગવાન સિવાય બીજો વિષય ન હતો તેઓનું તે દુઃખ જોઈને, શક્તિવાળાએ પોતાનાં અસ્ત્ર સુદર્શનથી પોતાના ભક્તોનું રક્ષણ કર્યું.૧૨

ન હતો બીજો વિષય ચિત્તમાં જેઓના, તેવા પાંડવો હતા. સ્વભાવથી બધા વિષયો ભલે હોય, પરંતુ તેઓનાં ચિત્તમાં તો ભગવાનનાં નામરૂપ જ વિષય હતો. તેથી ''તેથી તે

[1]થઈને આમનું રક્ષણ કરે છે'' એ વાક્ય પ્રમાણે રાજ્ય માટે જ ભગવાને તેઓનું રક્ષણ કર્યું. તે પ્રસંગે સુદર્શન ચક્ર ઉંબાડીઆની પેઠે બાણ અને પાંડવો ની વચ્ચે સર્વ તરફ ભમવા લાગ્યું. તેથી તેનાથી તેઓનું રક્ષણ કર્યું. 'પોતાના ભક્તો' શબ્દથી તેઓનું રક્ષણ કરવાનું કારણ, અને 'શક્તિવાળા' શબ્દથી તેમ કરવાની શક્તિ કહેલાં છે. 'પોતાના અસ્ત્ર' શબ્દથી સુદર્શને બુદ્ધિપૂર્વક રક્ષણ કર્યાનું સૂચવેલું છે.૧૨

૧.વિષયરૂપથી વિષય રાજ્ય માટે તેઓનું રક્ષણ કર્યું, એવો અર્થ છે. પ્ર

ઉત્તરાના ગર્ભના સંબંધમાં મુખ્યત્વે જુદા પ્રકાર રક્ષણ કર્યાનું નીચેના શ્લોકથી કહે છે :

**અન્તઃસ્થઃ સર્વભૂતાનામ્ આત્મા યોગેશ્વરો હરિઃ ।**
**સ્વમાયયાऽવૃણોદ્ ગર્ભં વૈરાટ્યાઃ કુરુતન્તવે ।।૧૩।।**

સર્વ પ્રાણીઓની અંદર રહેલા, સર્વ પ્રાણીઓના આત્મા યોગેશ્વર હરિએ કુરુઓની પરંપરા ચાલુ રહે તે માટે વિરાટની પુત્રીના ગર્ભને પોતાની માયાથી ઢાંકી દીધો.૧૩.

ગર્ભમાં પ્રવેશ કરેલો પદાર્થ ગર્ભ. તેનું રક્ષણ કરવા ''હે ઓષધિ! આનું રક્ષણ કર'' એની પેઠે માયાથી ગર્ભનાં શરીરને ઢાંકી દીધું. તે વિષયમાં બહાર રહેલાથી ઢાંકવાનું સંભવે નહીં, તે માટે ભગવાનને ચાર પ્રકારની માયાનો સદાનો સંબંધ હોવાનું જણાવનારાં ચાર વિશેષણો કહેલાં છે.

[ક]'અંદર રહેલા' વિશેષણથી એમ કહેલું છે કે સુવર્ણ તેના તેજની પેઠે[1] ગર્ભની અંદર જ રહેલા ભગવાન તેનું રક્ષણ કરે છે. સર્વ પ્રાણીઓની અંદર તે રહેલા છે. [ખ]વળી 'સર્વ પ્રાણીઓના આત્મા' શબ્દથી એમ કહેલ છે કે અન્યનું રક્ષણ અન્યદ્વારા સંપૂર્ણ પ્રકારે સંભવતું ન હોવાથી ભગવાને ગર્ભરૂપ થઈ તેનું રક્ષણ કર્યું. વળી [ગ]બહારથી પણ તેનું રક્ષણ થાય તે માટે 'યોગેશ્વર' એમ કહેલું છે. તેનો અર્થ એવો છે કે યોગના બલથી પોતે તેમાં પ્રવેશ કરીને શરીર અને અસ્ત્ર ની મધ્યે રહીને રક્ષણ કરે છે, કારણ કે તેમ ન કરે તો બ્રહ્માસ્ત્ર અને શરીર નો સંબંધ થતાં શરીરમાં દોષ[2] આવે. એવા પ્રકારે એમ ભગવાન રક્ષણ શા માટે કરે છે? એવો પ્રશ્ન થાય, તેથી [ઘ]'હરિ' એમ કહેલું છે. સર્વનું દુઃખ હરવાના સ્વભાવને લીધે બધાની રક્ષા તેમનાથી થઈ શકે તેમ છે. 'પોતાની માયાથી' એટલે પોતાને અધીન માયાથી. માયા કરોડો બ્રહ્માંડનો ભ્રમ દૂર કરનારા જ્ઞાનરૂપ અગ્નિને ઢાંકી દેનારી હોઈ, તેનાથી ઢાંકવાનું યોગ્ય છે. 'વિરાટની પુત્રી' શબ્દથી એમ સમજાય છે કે તેના સંબંધને લીધે તેના ઉદરને દાહ પણ ન થાય તેવી રીતે રક્ષણ કર્યું. બંને વંશ ભક્ત હોવાથી ઉત્તરાનું રક્ષણ કર્યું, એમ 'કુરુઓની પરંપરા ચાલુ રહે તે માટે વિરાટની પુત્રીના' શબ્દોથી કહેલું છે. 'તન્તુઃ' એટલે પરંપરા અથવા પાલન [3]કરનાર.૧૩

૧.સુવર્ણ તેજરૂપ છે. તેજ કારણ હોઈ અંદર રહેલું હોય છે તેવી રીતે અંદર રહી રક્ષણ કર્યું. પ્ર
૨.બ્રહ્માસ્ત્ર બ્રહ્માનાં માથારૂપ છે, તેનાં સંબંધી શિવને પિશાચરૂપ દોષ થયેલ તેમ દોષ થાય. પ્ર
૩.કુરુઓનું પાલન કરનાર પરીક્ષિત અને તેના વંશના રાજાઓ થવાના તેથી આ ખર્ચ ઘટે છે.

બ્રહ્માસ્ત્રનો ગર્ભ ઉપર પ્રયોગ કરેલો. તેનો સ્વભાવ બાળી મૂકવાનો હોવાથી તેને બાળવાની શક્તિ વિનાનું હોઈ બીજું કેમ ન બાળ્યું? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યદ્યપ્યસ્ત્રં બ્રહ્મશિરઃ અમોઘં ચાપ્રતિક્રિયમ્ ।**
**વૈષ્ણવં તેજ આસાદ્ય સમશામ્યદ્ભૃગૂદ્વહ ।।૧૪।।**

હે ભૃગુના પુત્ર! જો કે બ્રહ્મશિર અસ્ત્ર સદા સફલ અને સામી ક્રિયા થઈ ન શકે તેવું છે, તો પણ વૈષ્ણવ તેજને પ્રાપ્ત કરી શાંત થઈ ગયું.૧૪

સાચું કહ્યું કે આ બ્રહ્માસ્ત્ર સર્વને બાળનારું છે. જેનાથી મહાદેવ પણ પિશાચ થયા તે આ 'બ્રહ્મશિરઃ' બ્રહ્માનું પાંચમું માથું, તેના બે ગુણો છે : [ક]''સદા સફલ' છે. સદા કાર્ય કરે છે એવો અર્થ છે અને [ખ]''અપ્રતિક્રિયમ્' નથી 'પ્રતિક્રિયા' સામી [૧]ક્રિયા અથવા નિવારણ કરવાની ક્રિયા[૨], જેની તેવું છે. છતાં પણ કાંઈક અદ્ભુત થયું એમ ઉત્તરાર્ધથી કહે છે. વાઘ જેમ મન્ત્રના બલથી ગાય થઈ જાય છે તેમ ઘણું જ સાત્ત્વિક વૈષ્ણવ તેજ 'આસાદ્ય' પ્રાપ્ત કરીને, સારી રીતે 'અશામ્યત્' શાતં થયું. પ્રાકૃત દેહને બાળીને ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલ વૈષ્ણવ દેહને બાળવા પ્રવૃત્ત થતાં, વચમાં વૈષ્ણવ તેજ પ્રાપ્ત કરીને, તે વૈષ્ણવ તેજના પ્રકારનું થઈ, તેની સાથે ભળી ગયું એવો અર્થ છે. તેમાં વિશ્વાસ રહે તે માટે 'હે ભૃગુના પુત્ર' એવું સંબોધન કહેલું છે. કારણ કે ભૃગુએ પહેલાં વૈષ્ણવનો નિર્ણય કરેલ. તેમ ન હોય[૩] તો રાજસ એમ તામસ લોક ભક્તિથી ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરીને સાત્ત્વિક થઈ ભગવાનનું સાયુજ્ય કેમ પ્રાપ્ત કરે? ૧૪.

૧. તેનો નાશ કરનારી ક્રિયા. પ્ર ૨. તેને અટકાવનારી ક્રિયા. પ્ર ૩.વૈષ્ણવો એવો નિર્ણય ન થયો હોય તો. પ્ર

[૧]શાસ્ત્રથી સિદ્ધ થયેલ હોવાથી મુક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય જીવો ભલે તેવા[૨] હોય, પરંતુ અચેતન, દેવતાના સ્થાનરૂપ, મંત્રના અધિકારીના ગુણવાળું બ્રહ્મ તેજ ખોટું કેમ થાય? તેમ થાય તો ભગવાને યુદ્ધમાં પ્રયોગ કરેલા બ્રહ્માસ્ત્ર વિગેરે [૨]તેવા ન હોય; અને અહીં પરીક્ષિતનું અને પાંડવોનું રક્ષણ થવાથી આ ઘણું આશ્ચર્યકારક થયું છે દ્ર એવી શંકા થાય તેથી નીચેના શ્લોક કહે છે :

**મા મંસ્થા હ્યેતદ્આશ્ચર્યં સર્વાશ્ચર્યમયેઽચ્યુતે ।**
**ય ઈદં માયયા દેવ્યા સૃજત્યવતિ હન્ત્યજઃ ।।૧૫।।**

સર્વ આશ્ચર્યથી ભરપૂર જન્મરહિત અચ્યુત જે માયાદેવીથી આને રચે છે, રક્ષે છે અને હણે છે તેમનામાં આ આશ્ચર્ય હોવાનું ન માન.૧૫

ભગવાન હર કોઈ કાર્ય કરવા, કરેલું ન કરેલું કરવા અને ફેરવવા શક્તિવાળા હોવાથી આ આશ્ચર્યકારક ન માન. કારણ કે ''અલૌકિક પદાર્થોના સંબંધમાં તર્ક ન કરવો'' એ વાક્ય પ્રમાણે દૃષ્ટાંત, વ્યપ્તિ વિગેરેથી ભગવાનના સંબંધમાં નિર્ણય કરી શકાતો નથી. વળી તે 'સર્વ આશ્ચર્યથી ભરપૂર છે'. વિરુદ્ધ સર્વ ગુણો જેમનામાં રહેલા છે તેવા અલૌકિક સર્વ પદાર્થોથી

ભરપૂર ભગવાનમાં શું આશ્ચર્ય હોય? આ બીજાના સંબંધનું કહેતા નથી. વળી પોતે ચ્યુતિ વિનાના રહી પોતામાંથી જ નીકળેલા [૩]દરેક આત્માને જુદો કરે છે. તેમનામાં શું આશ્ચર્યકારક છે? એવો અર્થ છે. વળી 'માયા' નામની કોઈ એક શક્તિ પહેલાં કહેલી છે, તે દેવતામય સ્વરૂપભૂતા છે. તેનાથી જ ભગવાન વિશ્વને રચે છે, રક્ષે છે અને હણે છે. **એકજ વસ્તુ બીજા કોઈ સાહાય્ય કરનાર વિના એકને જ અનેક પ્રકારનું કરે છે,** એવો અર્થ છે. **વળી ભગવાન જન્મરહિત જ રહી પોતે જન્મ લે છે.** વિરુદ્ધ ગુણનો સંબંધ થાવા છતાં પહેલાના ગુણનો નાશ થતો નથી.૧૫

૧.'તેવા' એટલે સાત્વિક. પ્ર        ૨.'તેવાં' એટલે પોતાનું કાર્ય કરવાની શક્તિવાળાં. પ્ર

૩.'સર્વં ચ્યુતમ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

એ પ્રમાણે ભગવાને સર્વનું રક્ષણ કર્યું. તે સંબંધમાં કુંતી વિગેરેને એવો ભ્રમ ઉત્પન્ન થયો કે અમારું વિષય ભોગવવા માટે રક્ષણ કર્યું. જો તેમ હોય તો રક્ષણ નકામું છે એમ માની 'આ રક્ષણ ભક્તિ કરવા માટેનું થાઓ' એવી પ્રાર્થના કરવા ભગવાનની સ્તુતિ કરવાનો આરંભ કરે છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**બ્રહ્મતેજોવિનિર્મુક્તૈઃ આત્મજૈઃ સહ કૃષ્ણયા ।**
**પ્રયાણાભિમુખં કૃષ્ણમ્ ઈદમ્ આહ પૃથા સતી ।।૧૬।।**

બ્રહ્મના તેજથી છૂટેલા પુત્રો સાથે અને કૃષ્ણા સાથે સતી પૃથાએ પ્રયાણ કરવાની તૈયારી કરતા શ્રીકૃષ્ણને આ નીચે પ્રમાણે કહ્યું.૧૬

પોતાની બેન સુભદ્રાને અને ઉત્તરાને તો ભગવાન પોતે જ કૃતાર્થ કરશે. તેથી દ્રૌપદી સાથે અને પુત્રો સાથે 'પ્રયાણ કરવાની તૈયારી કરતા' અડધું કાર્ય કરીને જતા ભગવાનને, નીચે કહેવાશે તે, કહ્યું. તેમ કહેવાનું કારણ 'સતી' વિશેષણથી કહેલું છે. સત્પુરુષોનો આ ધર્મ છે કે જીવન વિગેરે સર્વ ભકિત માટે જ હોય.૧૬

**સ્વરૂપ-ગુણ-લીલાદિ-દુષ્ટદુર્જ્ઞત્વલક્ષણૈઃ ।**
**જન્મકારણનિર્દ્ધાર-ફલદૈન્યનિજાર્થને ।।૩।।**
**હૃષીકેશં પૃથાઽસ્તૌષીદ્ નમસ્કાર-પુરસ્સરમ્ ।**
**સમ્બન્ધાત્ કૃતહેલાઽજ્ઞા સ્વરૂપાપ્ત્યૈ ભયચ્છિદમ્ ।।૪।।**

સંબંધને લીધે જેણે અપમાન કરેલું છે તેવી અજ્ઞાની પૃથાએ [ક]**સ્વરૂપ,** [ખ]**ગુણ,** [ગ]**લીલા વિગેરે,** [ઘ]**દુષ્ટોથી ન જણાવાપણું,** [ઙ]**લક્ષણ,** [ચ]**જન્મના કારણનો નિશ્ચય,** [જ]**ફલ,** [ઝ]**દીનતા અને** [ઞ]**પોતાના પ્રયોજનથી**[૧] **નમસ્કાર** સાથે, સ્વરૂપની પ્રાપ્તિ કરવા ભવનો નાશ કરનાર હૃષીકેશની સ્તુતિ કરી.કા.૩-૪.

૧.આ નવનું શ્લો.૧૭ થી આરંભી, ૩, ૨, ૩, ૪, ૨, ૪, ૧, ૪, ૨ એમ પચીસ શ્લોકથી અને નમન ૨૬મા શ્લોકથી કરેલ છે. તેથી ૧૭ થી ૪૨ સુધીના ૨૬ સ્તુતિના શ્લોકો છે.

તે પૈકી નીચેના ત્રણ શ્લોકથી હૃષીકેશનું **સ્વરૂપ** કહે છે :

**કુંતી કહે છેઃ**

**નમસ્યે પુરુષં ત્વાદ્યમ્ ઈશ્વરં પ્રકૃતેઃ પરમ્ ।**
**અલક્ષ્યં સર્વભૂતાનામ્ અન્તર્બહિરવસ્થિમ્ ।।૧૭।।**
**માયાજવનિકાચ્છન્નમ્ અજ્ઞાડધોક્ષજમ્ અવ્યયમ્ ।**
**ન લક્ષ્યસે મૂઢદશા નટો નાટ્યધરો યથા ।।૧૮।।**
**તથા પરમહંસાનાં મુનીનામ્ અમલાત્મનામ્ ।**
**ભક્તિયોગવિધાનાર્થં કથં પશ્યેમ હિ સ્ત્રિયઃ ।।૧૯।।**

આપ [૧]પુરુષ, [૨]આદ્ય, [૩]ઈશ્વર, [૪]પ્રકૃતિથી પર, [૫]પ્રાણિમાત્રથી ન જણાઓ તેવા, [૬]પ્રાણિમાત્રની અંદર અને બહાર રહેલા, [૭]માયાના પડદાથી ઢંકાએલા, [૮]ઈંદ્રિયોથી જેમનું જ્ઞાન ન થઈ શકે તેવા, [૯]અવ્યય ને હું અજ્ઞાની નમન કરું છું. જેમ પાત્રનો વેશ ધારણ કરેલ નટ મૂઢ દષ્ટિવાળાથી ઓળખાતો નથી તેમ શુદ્ધ અંતઃકરણવાળા પરમહંસ મુનિઓને ભક્તિયોગ કરાવવા પ્રકટ થયેલા આપ ઓળખાતા નથી ત્યારે મારા જેવી સ્ત્રીઓ કેમ જાણીએ ? ૧૭-૧૯.

'ત્વા' 'આપને' નમન કરું છું. ભાઈના પુત્રને નમસ્કાર કરવા અયોગ્ય હોવાથી 'પુરુષ' વિગેરે **નવ વિશેષણોથી** સ્વરૂપ કહે છે. આવા ભગવાન મારા આત્મા હોવાથી ભેદ જણાવનાર[૧] નમસ્કાર કરવા અયોગ્ય છે દ્વ એવી શંકા કરી તે 'અજ્ઞાની' એમ કહેલ છે. એવી અજ્ઞાની[૨] આપને મારા આત્મા તરીકે જાણવા માટેજ નમસ્કાર કરૂં છું, એવો અર્થ છે. દેખાતાં[૩] સ્વરૂપના વિચારથી આત્મા માનવાનું અયોગ્ય છે એવા વિચારથી સત્ય સ્વરૂપ કહેવામાં ન્યૂનતા રહેશે એમ માનીને, દેખાતું સ્વરૂપ જ પરમાનંદ છે એમ કહેતાં નમસ્કાર કરે છે, એવું તાત્પર્ય છે.

૧-૨. 'આદ્ય' સર્વનું મૂલ, બિંબ છે, એવો અર્થ છે. જડ નથી[૪] એમ 'પુરુષ' શબ્દથી અને જીવ નથી એમ 'આદ્ય' શબ્દથી જણાવેલ છે. આવું સ્વરૂપ સર્વનું કારણ હોવાથી પિતારૂપ[૫] હોવાનું કહેલ છે.

૩. ઈશ્વર અને ૪.પ્રકૃતિથી પર શબ્દોથી પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત થાય તે માટે બે રૂપ કહેલાં છે. 'ઈશ્વર' એ બહારનું ફલ આપનાર, અને 'પ્રકૃતિથી પર' એ અંદરનું ફલ આપનાર છે.

૫. આવા ભગવાન સર્વમાં પ્રસિદ્ધ હોવાથી સર્વની મુક્તિ થવાનું બને અને વેદ વ્યર્થ થાય, તેથી તેવું નિવારવા 'પ્રાણીમાત્રથી ન જણાઓ તેવા' એમ કહેલ છે. પ્રત્યક્ષ પ્રકારે દેખાતા જ નથી. કાર્યદ્વારા[૬] પણ જાણી શકાતા નથી. કારણ કે કાર્ય અને કારણ કોઈ પણ સ્થળે એક સાથે મળતા નથી. તેથી જ સર્વ પ્રાણીઓથી, બ્રહ્મા વિગેરેથી પણ જાણી શકાતા નથી . અથવા 'અઃ'[૭] શ્રીકૃષ્ણ, તેમનાથી 'લક્ષ્યઃ' જણાતા, એટલે પોતાની મેળે પ્રકાશો છો, અથવા ''આચાર્યવાળો પુરુષ જાણે છે'' એ શ્રુતિ પ્રમાણે ગુરુથી જણાવો છો, તેથી વેદ નકામા થતા નથી, અને સર્વની મુક્તિ પણ થતી નથી, એવો અર્થ છે. ''જેણે નિર્ણય કરેલ

નથી તેણે વિચારેલ છે, જેણે વિચારેલ છે તે જાણતો નથી, જાણનારાઓથી જણાએલા નથી, ન જાણનારોઓથી જણાએલા છે'' એ શ્રુતિ પ્રમાણે, અને ''બ્રહ્મ અને ક્ષત્ર બંને જેમનું રાંધેલ અનાજ છે. મૃત્યુ જેમનો ખોરાક છે, તે ક્યાં છે એવું કોણ જાણે?'' 'એ શ્રુતિ પ્રમાણે વાસ્તવિક રીતેજ આ ભગવાન જાણી ન શકાય તેવા છે, બીજાં સાધન ન હોવાથી જાણી શકાય તેવા નથી એમ નથી. તેથી ભગવાન જાણવા એ કઠણ જ છે.

૬. ત્યારે તેમનાં જ્ઞાન માટે પ્રાર્થના કરવાથી શું ફલ? એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'પ્રાણિમાત્રની અંદર અને બહાર રહેલા' એમ કહેલું છે. ભગવાન સર્વ સ્થલે છે. અને તેમનું જ્ઞાન દુર્લભ છે. ભગવાન સર્વ વસ્તુઓમાં વસ્તુ કે સ્વરૂપરૂપ હોવાથી તેમને જણાવનાર જ દુર્લભ છે. જાણનાર ન હોવાનું કહ્યું, તે તો વિરુદ્ધ ધર્મ જણાવવા કહેલ, તેથી સર્વ સ્થલે હોવાથી ભગવાનનું જ્ઞાન સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું છે.

૭. તેમ છે ત્યારે ઘટ વિગેરેની પેઠે ભગવાન સર્વને કેમ દેખાતા નથી? એવો પ્રશ્ન થાય, તેથી 'માયાના પડદાથી ઢંકાએલા' છે એમ કહેલું છે. માયાજ પડદારૂપ ઢાંકી દેનારી છે, અંતઃપટ છે, એવો અર્થ છે, તેનાથી ઢંકાએલા છે. સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ હોવા છતાં પણ માયાથી જુદા પ્રકારે જણાતા હોવાથી દેખાતા નથી, એવો અર્થ છે. તેથી જ હું પણ બહિર્મુખ હોવાથી મને તેમનું જ્ઞાન ન હોવાથી હું અજ્ઞાની છું.

૮. સર્વ સર્વ સ્થલે ભૂલેલ હોતા નથી પણ કોઈકજ કોઈક સ્થલેજ ભૂલેલ હોય છે, કારણ કે ભૂલ દોષવાળી ઈંદ્રિયોથી ઉત્પન્ન થયેલી હોય છે. તેથી કોઈક સમયે દોષરહિત ઈંદ્રિયોથી ઘટની પેઠે ભગવાન જણાય ‌– એવી શંકા થાય, તે સંબંધમાં 'ઈંદ્રિયોથી જેમનું જ્ઞાન ન થઈ શકે તેવા' એમ કહેલું છે, નીચું છે 'અક્ષજં' ઈંદ્રિયોથી થતું જ્ઞાન જેમનાથી તેવા ભગવાન છે. ''બ્રહ્માએ ઈંદ્રિયોને બીજા પાસે જનારી બનાવેલી છે, તેથી બહાર જુએ છે, અંદર આત્માને જોતો નથી. અંદર વાળેલા ચક્ષુવાળા અમૃતપણું ઈચ્છતા કોઈક ધીર પુરુષે અંદરના આત્માને જોએલ છે'' એ શ્રુતિ પ્રમાણે ઈંદ્રિયોથી થતું જ્ઞાન ભગવાનના સંબંધવાળું હોતું નથી, તેથી ભગવાન વસ્તુઓનું સ્વરૂપ હોવા છતાં ઈંદ્રિયોથી જણાતા નથી.

૯. સર્વ વસ્તુઓમાં ભગવાન વસ્તુઓનું સ્વરૂપ હોય તેમ કહી ન શકાય કારણ કે સર્વ વસ્તુઓ નાશ પામે તેવી છે. જો ભગવાન વસ્તુઓનું કારણ હોય તો પણ, આધારપણાનો અને આધેય હોય તો પણ આધેયપણાનો નાશ થાય. તેથી ગુણના સ્વરૂપથી અને ગુણીના સ્વરૂપથી નાશ થવાનો સંભવ હોવાથી તે બ્રહ્મ કેમ થાય? – એવી શંકા થાય, તેથી 'અવ્યય' એમ કહેલું છે. ભગવાન સર્વરૂપ હોવા છતાં તેમનો વિનાશ થતો નથી. કારણ કે તે વિરુદ્ધ સર્વ ગુણોના આશ્રય હોવાનું કહેલ છે. તેથી દોષરહિત અને પૂર્ણ ગુણોવાળા દેહવાળા આપને નમસ્કાર કરૂં છું, એવો અર્થ છે .

તેવાજ´ તે જ મેં અવતાર લીધેલ હોય તો સર્વને પ્રત્યક્ષ થતા મને કેમ ન જાણે? કારણ કે ગુણો પણ પોતાની મેળે પ્રકાશનાર છે! – તેવો પ્રશ્ન થાય, તેથી 'મૂઢ દષ્ટિવાળાથી

ઓળખતા નથી' એમ કહેલું છે. મૂઢ દષ્ટિવાળાથી આપ ઓળખાતા નથી. પ્રત્યક્ષ હોય તે કેમ ન ઓળખાય? એવો પ્રશ્ન થાય, તેથી 'જેમ પાત્રનો વેશ ધારણ કરેલ નટ ઓળખાતો નથી ' એમ કહેલ છે. જેમ સ્ત્રીનું રૂપ પ્રકટ કરનારા નટને, 'આ પુરુષ છે' એમ બહિર્મુખો જાણતા નથી, તેમ મનુષ્યપણું પ્રકટ કરતાં થયેલા ભગવાન 'ભગવાન છે' એમ જણાતા નથી, એવો અર્થ છે.

પ્રાકટ્ય બીજા પ્રકારે ઘટતું ન હોવાથી બધાને મારૂં સ્વરૂપ જણાવવા માટેજ પ્રાકટ્ય કરેલું છે ત્યારે 'આપ જણાતા નથી' એમ કેમ કહો છો? કારણ કે ભગવાન કાંઈ લોકોને ઠગવા કે રસ ઉત્પન્ન કરવા પ્રકટ થયેલા નથી! ૬ એવી શંકા થાય, તેથી ઓગણીસમો શ્લોક કહેલો છે.

ભક્તિયોગ લોક આચરે તે માટે પ્રકટ થયેલા ભગવાન વેદોને અને ઋષિઓને ભૂમિ ઉપર લાવીને તેનાથી સાધનવાળું જ્ઞાન ઉત્પન્ન થાય ત્યાર પછીનું જે કાર્ય તે કરવા માટે થયેલા છે. તે સમયે સંન્યાસ જ્ઞાનનું અંગ છે. કારણ કે ''સંન્યાસના સંબંધથી યતિઓ શુદ્ધ સત્ત્વવાળા થાય છે'' એ શ્રુતિ પ્રમાણે તે અંતઃકરણને શુદ્ધ કરનાર છે, અને અન્ન વિગેરેનો દોષ ઉત્પન્ન કરતું નથી. ત્યાર પછી મનન અંગ થાય છે, કારણ કે શ્રવણ પહેલાંજ થયેલું હોય છે. ત્યાર પછી યોગ આચરેલ ન હોય તેઓનું નિદિધ્યાસન, સતત ધ્યાન, અંગ છે, કારણ કે નિદિધ્યાસન ચિત્તને એકમાંજ પરોવનારું છે, તેમાં ભગવાનનો નિર્ધાર થાય છે. તેનું અન્તરંગ અંગ શુદ્ધઅંતઃકરણ છે. **જ્ઞાનના અધિકારીઓ અને જેઓને જ્ઞાન પ્રાપ્ત થયેલ છે તેઓને ભક્તિયોગ વિના ભગવાનનું જ્ઞાન અથવા સાયુજ્ય થતું નથી તેથી ભક્તિયોગ કરાવવા ભગવાને અવતાર લીધેલ છે, એવો અર્થ છે.** હંસો તો દેહ અને આત્મા ને જુદાં-જુદાં જાણનાર હોય છે. જેઓ માત્ર આત્માનેજ જાણે તે પરમહંસો છે. નૃત્ય તો જો કે બધા જોતા હોય છે છતાં રસ તો રસિકોનેજ ઉત્પન્ન થાય છે, કારણ કે સ્ત્રીના દેખાવથી નૃત્ય કરવામાં આવે ત્યારે નપુંસકોને અને સ્ત્રીઓને તેમાં રસ ઉત્પન્ન થતો નથી, ઉલટું અમારી પોતાની સમાન ગુણ દેખાડીને અમારી મશ્કરી કરે છે એવા વિચારથી તેમને ખેદ થાય છે, તેમ સાધારણ સ્ત્રી, પુરુષોને અને દૈત્યના અંશવાળાઓને ભગવાનના સ્વરૂપમાં રસ ઉત્પન્ન નથી થતો, તે જ પ્રમાણે જ્ઞાન કે ભક્તિ પણ ઉત્પન્ન થતાં નથી. તેથી તેઓને ઠગવા માટે ભગવાન નટની પેઠે લીલા કરે છે, એવું અમે સ્ત્રીઓ કેમ જાણીએ? ઉલટું શરમ, કામ વિગેરે અમારા દોષના કારણરૂપ પ્રાકટ્ય થવાને લીધે ઘણાજ દોષવાળી થઈશું, એવો અર્થ છે.૧૭-૧૯.

૧.નમન કરનાર અને જેને તે નમન કરે છે તે બે જુદા જુદા હોવાનું નમસ્કાર કરવાથી જણાય છે, તેથી નમસ્કાર ભેદ જણાવનાર છે.

૨.આવા આપને શબ્દ વિગેરેથી જાણતી હોવા છતાં, મારા આત્મા તરીકે જાણતી ન હોવાથી અજ્ઞાની છું, એવો અર્થ છે. પ્ર

૩.'દેખાતું' મનુષ્યપણું, ક્ષત્રિયપણું વિગેરે, તેના વિચારથી. પ્ર

૪.પ્રકૃતિ, આકાશ વિગેરે જડ પદાર્થો પણ આદ્ય હોવાથી આ કહેલ છે. પ્ર

૫.'આ જગતનો હું પિતા છું' વિગેરે વાક્યમાં જણાવેલ પિતારૂપ. પ્ર

૬.સર્વ અનુભવો કરતાં, કાર્ય જેમાં હેતુ હોય તેવું અનુમાન સર્વને જણાવનારું હોવા છતાં, ભગવાન દેખાતા

નથી, અને તેમનું કાર્ય તેમની સાથે દેખાતું નથી, તેથી વ્યાપ્તિથી નિશ્ચયે થતો નથી, તેથી કાર્યદ્વારા ભગવાન જાણી શકાતા નથી. પ્ર

૭.'અ' એટલે વિષ્ણુ શ્રીકૃષ્ણ . શંકર શુક શંકરનો અવતાર અને ગુરુ હોવાથી ગુરુ.

૮.અવતાર લીધેલો હું તેવા જ ગુણોવાળો અને તેજ હોઉં તો.

એવી રીતે સ્વરૂપ કહીને, નીચેના શ્લોકથી **ગુણો** કહેતી સર્વ પ્રકારના સંબંધથી નમસ્કાર કરે છે :

**કૃષ્ણાય વાસુદેવાય દેવકીનન્દનાય ચ ।**
**નન્દગોપકુમારાય ગોવિન્દાય નમો નમઃ ।।૨૦।।**

વાસુદેવને શ્રીકૃષ્ણને દેવકીના પુત્રને નંદગોપના કુમારને ગોવિંદને નમન હો, નમન હો.૨૦

'વાસુદેવ' નામથી ભાઈના પુત્ર જણાવ્યા, જે રૂપો નમસ્કાર ન કરવા યોગ્ય છે તે જ રૂપો પોતાના સર્વ સંબંધો આગળ કરીને પોતાના સંબંધીઓને મુક્ત કરવા ભગવાને અવતાર લીધેલો છે એમ જાણવામાં આવે, ત્યારે નમસ્કાર કરવા યોગ્ય થાય છે. જેમ મોટો પુરુષ નબળી દશામાં સેવક થવાથી, લોક વિનયથી તેને નમસ્કાર કરે છે, પણ તેને સેવક માનતા નથી તેમ ભગવાન ભત્રીજા થવા છતાં તેમને કુંતી વિનયથી નમન કરે છે, પણ ભત્રીજો ગણતી નથી.

'શ્રીકૃષ્ણ' શબ્દથી મૂલ સ્વરૂપ કહેલું છે, કારણ કે મૂલ સ્વરૂપ કહીને સંબંધ જણાવવામાં આવે, ત્યારે નમસ્કાર કરવા યોગ્ય હોય છે. 'વાસુદેવ' શબ્દથી ભાઈના પુત્ર કહ્યા, કારણ કે ભાઈને મુક્તિ આપતાં, તેમની બેનને પણ મુક્તિ આપે. તેવીજ રીતે 'દેવકીના પુત્ર' કૃષ્ણ. કારણ કે દેવકીને મુક્તિ આપતાં તેની નણંદને પણ મુક્તિ આપે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલ છે કે પિતાના બનેવી પાંડુને મુક્તિ આપતાં તેની પત્નીને પણ મુક્તિ આપે. ભગવાનને પાંડવો પ્રિય હોવાથી તેમનું સ્વરૂપ નમસ્કાર કરવા યોગ્ય છે. તેવી રીતે દૂરનો સંબંધ હોય ત્યારે પણ મુક્તિ આપે છે એમ જણાવવા 'નંદગોપના કુમારને' શબ્દથી વસુદેવના મિત્રનો સંબંધ કહેલો છે. કુમાર એટલે પાલન કરનારનો પુત્ર; કારણ કે સ્કન્દ પુરાણથી તેમ જણાય છે. ગોપના સંબંધથી પણ મુક્ત કરે તેથી 'ગોપ' શબ્દ યોજેલ છે. સત્પુરુષના માર્ગમાં રહેનારા બધા એને તેમનું ઈચ્છેલું સર્વ આપનાર છે એમ જણાવવા ગાયોના ઈંદ્રને નમસ્કાર કરે છે. ''અમે તમને અમારા ઈંદ્ર તરીકે અભિષેક કરશું'' (૧૦।૨૪।૨૧) એવું વચન હોવાથી 'ગોવિંદને' એમ કહેલું છે.

ગોવિંદ શબ્દ વેદથી સિદ્ધ થાય છે. વેદ, નિરુક્ત અને વ્યાકરણથી ત્રણ પ્રકારે શબ્દ સિદ્ધ થાય છે. ''અને ગોવિંદ એવું નામ આપ્યું'' (૧૦।૨૪।૨૩) એ વાક્ય વેદના સ્થાનવાળું છે. 'વસતીવરી'[૧] પેઠે ગોવિંદ વેદથી સિદ્ધ થયેલો છે.

પ્રેમને લીધે નમન કરવાનું બે વાર કહેલું છે. આ શ્લોકથી સંબંધને લીધે મુક્તિ આપનાર હોવાનો ગુણ પણ કહેલો છે.૨૦

૧.જેમ આ શબ્દ યજ્ઞમાં ઉપયોગમાં આવતા અમુક જળના અર્થવાળો વેદથી સિદ્ધ થયેલો છે, તેમ 'ગોવિંદ' શબ્દ પણ વેદથી સિદ્ધ થયેલો છે . પ્ર

નીચેના શ્લોકમાં બીજો ગુણ કહે છે :

**નમઃ પંકજનાભાય નમઃ પંકજમાલિને ।**
**નમઃ પંકજનેત્રાય નમસ્તે પંકજાંઘ્રયે ।।૨૧।।**

[1]જેમની નાભિમાં કમલ છે તેમને નમસ્કાર, [2]કમલની માલાવાળાને નમસ્કાર. [3]કમલના જેવાં નેત્રવાળાને નમસ્કાર. [4]કમલના જેવાં ચરણવાળાને નમસ્કાર.૨૧.

[1]જગતનું કારણ હોવું [2]શણગારાએલા હોવું [3]કૃપાના આશ્રય હોવું અને [4]સુખથી સેવા કરી શકાય તેવા હોવું દ્ર એવા ચાર ગુણોને લીધે નમસ્કાર કરે છે, કારણ કે સ્વરૂપ અથવા ગુણો ને નમન કરાય છે. લીલા વિગેરેમાં રસનો આવેશ થતો હોવાથી તેને લીધે નમન કરાતું નથી. 'કમલ છે નાભિમાં જેમની' એમ બ્રહ્માના પિતા હોવાનું કહ્યું. 'કમલની માલાવાળા' શબ્દથી લક્ષ્મીના પતિ હોવાનું કહ્યું, કારણ કે વિવાહ સમયે તેણે નવાં કમલોની માલા ભગવાનના ગળામાં નાખેલી. 'કમલનાં જેવાં નેત્રવાળા' શબ્દથી સર્વને વશ કરનાર તરીકે અથવા સર્વ ઉપર અમૃતની વૃષ્ટિ કરવાને લીધે સર્વના પતિ રહેવાનું કહેલું છે. કમલના જેવાં ચરણવાળા શબ્દથી ભક્તિની પ્રવૃત્તિ કરાવનાર કહેલા છે, સર્વને ઉત્પન્ન કરનાર હોવાથી સર્વ ઉત્પન્ન કરીને પણ આપે, ભગવાન આ લોકના અને પરલોકના પદાર્થ અને ભક્તિ આપે છે, એમ ભગવાનના ગુણો કહેલા છે.૨૧

નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકથી ભગવાનની લીલા કહે છે :

**યથા હૃષીકેશ ખલેન દેવકી કંસેન રુદ્ધાઽતિચિરં શુચાર્પિતા ।**
**વિમોચિતાઽહં ચ સહાત્મજા વિભો ત્વયૈવ નાથેન મુહુર્વિપદ્ગણાત્ ।।૨૨।।**

હે ઇંદ્રિયોના ઈશ! જેમ ખલ કંસે કેદ કરેલી અને લાંબા સમય સુધી શોક કરાવેલી દેવકીને આપે છોડાવી તેમ હે શક્તિવાળા! મને પણ પુત્રો સાથે આપ નાથે જ વારંવાર આપત્તિઓથી છોડાવેલી છે.૨૨

'ઇંદ્રિયોના ઈશ' શબ્દથી મુખ્ય લીલા કહેલી છે. સર્વ ઇંદ્રિયો વશ રાખનાર હોવાથી આપ સાથે પતિની પેઠે રમણ કરવાથી આપથી સર્વ ઇંદ્રિયોની પ્રસન્નતાનો અનુભવ કરીને તે રસમાં રચ્યા પચેલા રહેલા કોણ આપને નમસ્કાર ન કરે? એવો અર્થ છે. વળી આ આપની ઉત્તમ[1] લીલા છે કે માતા અને પિતા ને ખલથી બંધન કરાવી, ઘણા સમય સુધી દુઃખનો અનુભવ કરાવીને પછી છોડાવો છો. તેથી તેમના કરતાં અમેજ કૃતાર્થ છીએ, તેથી આપની આ લીલા કહી પણ ન શકાય તેવી છે. ભક્તને છોડાવનાર હોવું એ ગુણ પણ હોવાથી લીલા છૂપી કરી રાખીને ગુણજ તેવી લીલા તરીકે કહેવા યોગ્ય છે. જેમ કંસે દેવકીને કેદ કરેલી તેને

આપે છોડાવી, લાંબા સમય સુધી શોક કરાવેલીને પણ છોડાવી, અને શોક પણ મટાડ્યો, તેમ મને પણ છોડાવી. 'ચ' 'પણ' શબ્દ હોવાથી યશોદા વિગેરેને પણ મુક્ત કરેલાં. વળી મારા સંબંધમાં ઉત્તમપણું પણ છે એમ 'પુત્રો સાથે' શબ્દથી કહેલું છે. આથી એમ કહેલ છે કે મારા પુત્રને પણ છોડાવ્યા. તેના તો આપ જ પુત્ર હતા, તેથી તેને બીજા પુત્રની જરૂર ન હતી. અથવા તેના ઘણા પુત્રો મારી નખાવેલ, મારા તો એકજ પુત્રને મરાવેલ એવું તેનાથી ઉલટાપણું મારા વિષે થયું. એમ કેમ કર્યું? એવો પ્રશ્ન થાય, તેથી 'હે શક્તિવાળા!' એવું સંબોધન કરેલું છે. હે સર્વ કરવાની શક્તિવાળા! એવો તેનો અર્થ છે . વળી 'આપ નાથેજ' છોડાવેલી. આપજ નાથ થઈને છોડાવો છો. અથવા નાથ-પતિ સાથે દેવકીને છોડાવેલી. અહીં મારા સંબંધમાં તો નાથ હોવાથી આપજ નાથ થયેલા એવો અર્થ છે. તમે નાથ થાઓ, અને નાથને છોડાવો એ બેમાં પહેલું જ વધારે સારું છે, તેથી હું દેવકીથી ઉત્તમ છું. લીલામાં વિપરીત[2] કહેવામાં આવે છે તે પણ ઉત્તમ છે. વળી દેવકીને વારંવાર છોડાવી ન હતી, પણ બે વારજ છોડાવેલી, મને તો બાલપણથી આરંભીને વારંવાર છોડાવેલી તેથી હું ઉત્તમ છું . વળી 'વિપદ્ગણાત્' આપત્તિના સમૂહથી મને છોડાવેલી. એક આપત્તિમાં બીજી આપત્તિઓ જથ્થાબંધ આવે છે તે મહાભારતમાં પ્રસિદ્ધ છે.૨૨

૧.આશ્ચર્ય ઉત્પન્ન કરનારી હોઈ જાણવી કઠણ છે. પ્ર

૨.ફોઈ ભત્રીજાને 'નાથ' કહે તે વિપરીત કથન 'નાથ' એટલે 'રક્ષણ કરનાર,' એવો અર્થ પણ છે.

નીચેના શ્લોકમાં તે આપત્તિઓ ગણાવે છે :

**વિષાન્ મહાગ્નેઃ પુરુષાદ્ અદર્શનાદ્ અસત્સભાયા વનવાસકૃચ્છ્રતઃ ।**
**મૃધે મૃધેऽનેકમહારથાસ્ત્રતો દ્રૌણ્યસ્ત્રતશ્ચાસ્મ હરેऽભિરક્ષિતાઃ ।।૨૩।।**

હે હરિ! વિષથી, મોટા અગ્નિથી, રાક્ષસોના દર્શનથી, દુષ્ટોની સભાથી, વનવાસના દુઃખોથી, યુદ્ધે-યુદ્ધે મહારથીઓનાં અસ્ત્રોથી અને દ્રૌણિના અસ્ત્રથી આપથી અમે રક્ષણ કરાએલા છીએ.૨૩

ભગવાન હોઈ સર્વ કરનારા હોવાથી વિષ વિગેરેથી છોડવનાર કહેલ છે. 'વિષથી' એટલે વિષવાળા લાડુથી અને સર્પના વિષથી, લાક્ષાગૃહમાં મોટા અગ્નિથી રક્ષણ કરાએલા. હિડિંબ વિગેરે રાક્ષસો હતા. તેઓએ અમને જોયા ત્યારે પણ અમે રક્ષણ કરાએલા હતા. દુષ્ટોની સભામાં દ્રૌપદીને પકડી લાવ્યા અને તેનાં વસ્ત્રો અને કેશ ખેંચ્યા વિગેરેમાં, દ્રૌપદીનું જયદ્રથે હરણ કર્યું, દુર્વાસાને મોકલ્યા વિગેરે વનવાસના દુઃખમાંથી, વનમાં પણ રાજ્યના જેવું ઐશ્વર્ય આપી અમે રક્ષાએલા. ત્યાર પછી ગાયોનાં હરણથી આરંભી આજ દિવસ સુધીમાં જેટલા સંગ્રામો થાય તે યુદ્ધે-યુદ્ધે અમે રક્ષાએલા. ભીષ્મ વિગેરે ઘણા મહારથીઓ હતા, તેમનાં બ્રહ્માસ્ત્રોથી અમે રક્ષાએલા. ભગવદત્ત,[1] કર્ણ વિગેરે તો સામી ક્રિયા ન થઈ શકે તેવા હતા. ભગવાને ત્યાં પણ રક્ષણ કરેલું. તેમનું દુઃખકારક સ્વરૂપ જાણેલું ન હોવાથી તે રક્ષણ

અમારી પ્રાર્થનાથી કરેલું ન હતું. તેથી 'હે હરિ!' એમ કહેલું છે. હે હરિ, અમે સર્વ તરફથી આપથી રક્ષાએલા છીએ.૨૩

૧.મહાભારતના યુદ્ધમાં ભગદત્ત કૌરવના પક્ષમાં હતો. તે ભૌમાસુરનો પુત્ર હતો. તેણે યુદ્ધમાં અર્જુન ઉપર વૈષ્ણવાસ્ત્રનો પ્રયોગ કરેલો મહાભારત, દ્રૌણપર્વ, અ.૨૯

એ પ્રમાણે જુદા-જુદા પ્રકારથી ભગવાને કરેલું રક્ષણ કહીને તે લીલાથી અદ્ભુત કર્મ કરનારા છે એમ કહેવા, ભૂખ્યાને અન્નનાં ભોજનથી થતું સુખ પ્રાપ્ત થાય તેની પેઠે વિપત્તિથી પીડાએલાઓને દુર્લભ ભગવાનનાં દર્શનનો આનંદ પ્રાપ્ત થતો હોવાથી, રક્ષણ કરતાં વિપત્તિઓજ સારી હોવાથી, લોકોને વિપત્તિઓ દુઃખરૂપ હોવા છતાં ભક્તોને તે ઈચ્છેલું પ્રાપ્ત કરવાનું સાધન હોવાથી નીચેના શ્લોકથી તે વિપત્તિ ઓની જ પ્રાર્થના કરે છે :

**વિપદઃ સન્તુ નઃ શશ્વત્ તત્ર-તત્ર જગદ્ગુરો ।**
**ભવતો દર્શનં યત્ સ્યાદ્ અપુનર્ભવદર્શનમ્ ।।૨૪।।**

હે જગતના ગુરુ! અમને જુદા-જુદા સ્થળે સદા વિપત્તિઓ જ થાઓ, જેનાથી પુનર્ભવનું દર્શન ન થાય તેવું આપનું દર્શન થાય છે.૨૪

આ ભગવાનની એવી ઉલટા પ્રકારની લીલા છે કે આપત્તિઓમાં પરમાનંદ આપે છે અને તે ન હોય ત્યારે પરમાનંદનો તિરોભાવ કરે છે. 'જુદા-જુદા સ્થલે' એટલે જ્યાં પણ અમે રહીએ અને જઈએ ત્યાં. એવો નિર્ણય કેમ કરો છો કે વિપત્તિઓજ થાઓ, આ ક્યાંથી શીખ્યા? તે સંબંધ માં 'હે જગતના ગુરુ!' એવું સંબોધન કરે છે. આપની પાસેથી આ શીખ્યા કે વિપત્તિઓજ સારી. સર્વ પ્રાણીઓને પેઠે આપે અંતર્યામી તરીકે અંદરથી પ્રેરણા કરી અને બહાર પણ યુક્તિ દેખાડી તેથી જાણ્યું . 'જેનાથી આપનું દર્શન થાય છે' શબ્દોથી શીખેલો પ્રકાર કહે છે. વિપત્તિઓમાંથી દર્શન થાય જેમનું તેવા આપ છો. આપનાંજ ફલરૂપ દર્શનમાં અન્વય[1] અને વ્યતિરેક થી આ જાણ્યું. જેનાથી પુનર્ભવનું દર્શન ન થાય તેવું આપનું દર્શન છે. ફરીથી શરીર જોવામાં ન આવે, એવો અર્થ છે. અથવા ફરીથી જેમનો જન્મ થતો નથી, તેવા જીવમુક્તોનું દર્શન જેનાથી થાય તેવું આપનું દર્શન છે. ૨૪.

૧.જ્યારે-જ્યારે વિપત્તિઓ હોય છે, ત્યારે-ત્યારે આપનું દર્શન થાય છે, એ અન્વય, અને જ્યારે-જ્યારે વિપત્તિઓ હોતી નથી, ત્યારે-ત્યારે આપનું દર્શન પણ થતું નથી એ વ્યતિરેક.

એવી રીતે અદ્ભુત લીલાનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી **ભગવાન દુષ્ટોથી જણાય નહીં તેવા** હોવાનું કહે છે :

**જન્મૈશ્વર્યશ્રુતશ્રીભિઃ એધમાનમદઃ પુમાન્ ।**
**નૈવાર્હત્યભિધાતું વૈ ત્વામ્ અકિઞ્ચનગોચરમ્ ।।૨૫।।**

જન્મ, સત્તા, વિદ્યા અને લક્ષ્મી થી જેવો મદ વધતો જાય છે તેવા પુરુષો, અકિંચનને જણાતા આપનું નામ લેવા પણ યોગ્ય નથીજ.૨૫

નવ પ્રકારની ભક્તિનાં કારણરૂપ, સ્વરૂપ ગુણ વિગેરેના પ્રકારથી જુદા-જુદા ભગવાનના નવ[1] જાતના ગુણો જાણવા જોઈએ. તેઓ પૈકી સ્વરૂપ જાણવામાં[2] આવે ત્યારે શ્રવણ ભક્તિ થાય છે. ગુણો જાણવામાં આવે[3] ત્યારે કીર્તન થાય છે. લીલા જાણવામાં આવે[4] ત્યારે સ્મરણ થાય છે. એવો એક સમૂહ થયો.

બીજા સમૂહમાં સમીપ જવાનું થાય ત્યારે ચરણની સેવા, પૂજન, વંદન અને હાસ્ય થાય છે.

ત્રીજા સમૂહ માં સખ્ય અને આત્મનિવેદન છે. તે પૈકી દુષ્ટોથી ન જણાય તેવી હોવાનું વિગેરેનાં કારણ જુદા-જુદા શ્લોકો માં જણાવવામાં આવશે. તે પૈકી પ્રથમ જ્યાં સુધી દુષ્ટોથી ન જણાય તેવાં હોવાનું જાણવામાં ન આવે ત્યાં સુધી દુષ્ટોની ભક્તિમાં વિઘ્ન કરનાર કાયા, વાણી અને મન ની ક્રિયાઓ જોવાથી ભગવાનની સમીપ જાય નહીં, પરંતુ જાણવામાં આવે ત્યારે 'આંધળો જોતો નથી, તેથી આંખવાળાએ પણ જોવું નહીં' તેના જેવી આપણી બુદ્ધિથી ભગવાનની ભક્તિમાં વિઘ્ન જણાય છે, એવા વિચારથી બીજા સમૂહમાં પ્રવૃત્તિ કરે છે. તેથી ભગવાનના ચરણની સેવા થાય તે માટે તે દુષ્ટોથી ન જણાય તેવા હોવાનું જણાવવામાં આવે છે. તે સંબંધમાં સારા કુળમાં જન્મ, રાજ્ય વિગેરેની સત્તા, શાસ્ત્ર વિગેરેની વિદ્યા અને શ્રીલક્ષ્મી આમનાથી વધતો જતો હોય છે મદ જેનો તે નામ લેવા યોગ્ય નથી . તેનો અર્થ આ નીચે પ્રમાણે છે. જેમ ચોખા વિગેરે ભાત થઈને પિતૃઓ, દેવો અને મનુષ્યોને તૃપ્તિ ઉત્પન્ન કરનારા થતા હોવાથી અમૃત થાય છે. છતાં પણ મદ્ય જેને જોઈતું હોય તેને માટે પોતાના મલમાં પરિણમીને મદ ઉત્પન્ન કરનારાં થાય છે, અન્નથી ઉત્પન્ન થયેલું હોવાથી તે નિશ્ચય પીવા યોગ્ય થતું નથી, તેવી રીતે દૈત્યોના અંશવાળા ગર્વની ઈચ્છાવાળા સારા કુલમાં ઉત્પન્ન થતાં તેમનાં કુલના મલ તરીકે પરિણમતા હોવાથી મદ કરાવનારા થાય છે. તેમ હોવાથી સારા કુળમાં ઉત્પન્ન થયેલો હોવાથી તેનો આપનું નામ લેનારમાં સમાવેશ થતો નથી. એવી રીતે પાછળનામાં[5] પણ જાણવું . આજ પેટા-ભેદને મુખ્ય ગણીને ''વિદ્યાનો મદ, ધનનો મદ, ઉંચા કુલનો મદ'' એ વાક્યનો પ્રારંભ થયેલ છે.

'પુરુષ' શબ્દથી એમ કહેલું છે કે સ્વતંત્રતાને લીધે ગુરુઓને અધીન રહેતો નથી; તેથી જ આપનું નામ લેવા યોગ્ય નથી. જેમ પહેલાં બ્રાહ્મણ હોવા છતાં બીજી જાતિ[6] પ્રાપ્ત કરેલો મદિરાથી મત્ત થયેલો વેદનો પાઠ કરવા યોગ્ય રહેતો નથી; અને પાઠ કરે તો પણ તે ગાંડાનો પ્રલાપજ હોઈ તેનું શ્રવણ કરવું ન જોઈએ. ભક્તિ કરવામાં સર્વનો અધિકાર હોવા છતાં પણ કૃત્રિમ મદિરા વિગેરેનો સંબંધ થતાં વેદનો અધિકાર રહેતો નથી તેની પેઠે મદ કરનારના સંબંધવાળાનો ભગવાન શબ્દનો ઉચ્ચાર કરવાનો અધિકાર રહેતો નથી. તેથી તેના આચારથી કોઈ પણ ધોરણ નક્કી ન કરાય.

''જન્મ અને કર્મથી શુદ્ધ હોય'' વાક્યથી તેવા શુદ્ધ પુરુષોને જ વેદનો અધિકાર હોવાનું કહેલ હોવાથી, તેવા જાતિભ્રષ્ટ મદ્યપાન કરનારને વેદનો અધિકાર ખરેખર ન હોય,

પરંતુ ભગવાન સ્વરૂપ હોવાથી, અને ''ચક્રના ચિહ્નવાળાનાં નામો સદા સર્વ સ્થળે લેવાં'' એવી સ્મૃતિ હોવાથી, અને ''પતિત સ્ખલન કરેલ હોય તે પણ ભગવાનનું નામ લેતાં યમનાં દુઃખ પામતો નથી'' એવું વાક્ય હોવાથી, અને મોટા પાપીનાં પણ પ્રાયશ્ચિત્ત તરીકે ભગવાનનું નામ કહેલું હોવાથી, મદવાળાને ભગવાનનું નામ લેવાનો અધિકાર કેમ નહીં? એવી શંકા થાય, તેથી 'અકિંચનને જણાતા' વિશેષણ કહેલું છે. 'અકિંચનો' એટલે ઉપર કહેલા[૭] ગુણ વિનાનાઓ, તેઓને જણાતા, તેઓથી પ્રાપ્ત થાઓ તેવા આપ છો. અર્થ આ પ્રમાણે છે : તેવાને અધિકાર નથી એમ[૮] કહેવાથી તેમનો સ્વરૂપથી અધિકાર ન હોવાનું કહેલ નથી, પરંતુ ફલથી અધિકાર ન હોવાનું કહેલ છે. ભગવાનજ તેમના હૃદયમાં પધારતા નથી. ભગવાનના ગુણો તેમના મુખમાં આવતાં છતાં, જેમ મલત્યાગ માટે જતાં ગંગાજલનો ઉપયોગ થાય તેમ વ્યવહાર તરીકેજ આવે છે, કારણ કે ભગવાનનો સ્વભાવ અકિંચનને જણાવાનો છે. આજ પણ લોકમાં બધાની સાથે બોલવામાં આવે છે, પણ મદવાળા સાથે બોલવામાં આવતું નથી તેથી તેઓની સમીપ કોઈ પણ સમયે ભગવાન પધારતા ન હોવાથી, તેમને અધિકાર નથી એમ કહેલું છે. ૨૫

૧.શ્લોક ૧૭-કા-૩માં કહેલા નવ જાતના ગુણો. પ્ર

૨-૪.શ્લો.૧૭-૧૮-૧૯ માં કહ્યા પ્રમાણે જાણવામાં આવે તે પ્રમાણે પછીનામાં પણ જાણવું. પ્ર

૫.સત્તા, વિદ્યા અને લક્ષ્મીના મદવાળામાં. ૬.મ્લેચ્છ વિગેરે જાતિ. પ્ર

૭.ઉપર કહેલ ચાર પ્રકારના મદ વિનાના. પ્ર

૮.'એમ કહેવાથી' એટલે એમ જણાવતા આ વાક્ય શ્લોક થી. પ્ર

**નમોઽકિઞ્ચનવિત્તાય નિવૃત્તગુણવૃત્તયે ।**
**આત્મારામાય શાન્તાય કૈવલ્યપતયે નમઃ ।।૨૬।।**

અકિંચનો જેમનું ધન છે. જેઓના ગુણોનો નાશ થયેલ છે તેઓમાં ગતિવાળા, આત્મામાં આનંદ કરનારા, શાંત, મોક્ષના પતિને નમસ્કાર. ૨૬

અકિંચનો જેમનું ધન છે તેવા અથવા અકિંચનોનું ધન આપ છો. ધનવાનોનું ધન ધનવાનોના હૃદયમાં અને બહાર પણ રહે છે, તેવી રીતે તે અકિંચનોમાં ભગવાન, અને ભગવાનમાં તેઓ રહે છે. તેથી તેઓજ ભગવાનને જાણે છે, બીજા જાણતા નથી, એવો અર્થ છે. તેનું કારણ 'જેઓના ગુણો નાશ થયેલ છે તેઓમાં ગતિવાળા' શબ્દથી કહેલું છે. નાશ થયેલ છે ગુણોનો જેમના તે નાશ થયેલ ગુણવાળા, તેઓમાં છે ક્રિયા જેમની અથવા તેઓમાં છે ગતિ જેમની. ''હરિ નિશ્ચય નિર્ગુણ'' (૧૦।૮૫।૪) અને ''મારામાં રહેલ નિર્ગુણ કહેલું છે'' (૧૧।૨૫।૨૪) એ ભગવાનનાં વાક્ય પ્રમાણે, ભગવાન તેવા છે. તેથી જેમ ચક્ષુથી જણાય તેવું હોય તે જીભથી જણાતું નથી તેમ નિર્ગુણોથી પ્રાપ્ત થાય તેવા હોવાથી ગુણવાળાઓને પ્રાપ્ત થતા નથી. તેનું કારણ પણ 'આત્મામાં આનંદ કરનાર' શબ્દથી કહેલું છે. આત્મામાંજ છે આનંદ જેમનો તેવા ભગવાન છે. આથી તેમને પોતાને કોઈની જરૂર ન હોવાનું કહ્યું. બીજાને પણ તેમની જરૂર ન હોવાનું 'શાંત' શબ્દથી કહેલું છે. શાંત સ્વરૂપ હોવાથી ક્રૂરોને તેમની જરૂર

નથી એવો અર્થ છે. વળી જેઓને જરૂર છે તેઓને મોક્ષ પ્રાપ્ત કરવા જરૂર છે. કારણ કે તે નિશ્ચિત ફલ છે. બીજું ફલ તો કાગડાને બેસવું અને તાડને પડવું એની પેઠે[1] હરકોઈ પ્રકારે પ્રાપ્ત થાય છે. તેથી **ભગવાન 'મોક્ષના પતિ' હોવાથી મુક્તિના અધિકારીઓએ જ સેવા કરવા યોગ્ય છે, બીજાઓએ સેવા કરવા યોગ્ય નથી,** એવો અર્થ છે.૨૬

૧.કાગડાના બેસવાથી તાડ ન પડે, પણ અકસ્માતથી બંને ક્રિયાઓ સાથે થાય, તેવા અકસ્માતથી પણ બીજાં ફલ પ્રાપ્ત થાય છે, એવો અર્થ છે.

એ પ્રમાણે પ્રસંગને લીધે સ્વરૂપ કહેતી નમસ્કાર કહીને **દુષ્ટોથી ન જણાય તેવા** હોવાપણું ફરીથી જુદા પ્રકારે નીચેના શ્લોકથી કહે છે :

**મન્યે ત્વાં કાલમીશાનમ્ અનાદિનિધનં વિભુમ્ ।**
**સમં ચરન્તં સર્વત્ર ભૂતાનાં યન્ મિથઃ કલિઃ ।।૨૭।।**

કાલ, શાસન કરનાર, આરંભ અને અંત વિનાના, શક્તિવાળા, સર્વ પ્રતિ સમાનતાથી વર્તનાર, જેમને લીધે પ્રાણીઓને પરસ્પર કજીઓ થાય છે તેવા હું આપને માનું છું.૨૭

દુષ્ટો બે પ્રકારના છે : ૧.વિષયોમાં રચ્યા પચ્યા રહેનારા, અને ૨.ઉપર કહ્યા[1] તેવા. તે પૈકી ઉપર કહ્યા તેવાથી ભગવાન જણાતા નથી એમ કહેલું છે, અને આ શ્લોકમાં વિષયમાં રચ્યા-પચ્યા રહેનારથી જણાતા નથી એમ સંભાવનાથી કહે છે. એવું સંભવે છે કે જો વિષયોમાં રચ્યા-પચ્યા રહેનારા ભગવાનને જાણતા હોય તો તેઓ કાલથી ગળાએલાં ન હોય, કારણ કે ભગવાનજ કાલ છે. વળી જો તેઓએ ભગવાનને જાણેલા હોય તો ''જ્ઞાની મને સર્વથી વધારે પ્રિય કહેલો છે'' એ વાક્ય પ્રમાણે કાલ પોતાના પ્રિયનું ભક્ષણ ન કરે તેથી કાલથી ઘેરાએલા હોવાથી તેઓ ભગવાનને જાણતા નથી એમ હું માનું છું.

કાલ ભગવાન કેમ હોઈ શકે? એવો પ્રશ્ન થાય, તેથી 'શાસન કરનાર' એમ કહેલું છે. સર્વ સ્થળે તેનીજ સત્તા છે. તે ભગવાન ન હોય તો આ નિશ્ચય ન બને. વળી ''હે સૌમ્ય આ પહેલાં સત્ જ હતું'' એ વાક્યમાં, અને ''તે સમયે સત્ ન હતું અને અસત્ ન હતું'' એ વાક્યમાં, 'પહેલાં' અને 'તે સમયે' શબ્દોથી કાલ જણાવેલો છે. તે ભગવાન ન હોય તો વાક્યોનો અર્થ ખોટા ઠરે, તેથીજ 'આરંભ અને અંત વિનાનો' હોવાથી કાલ ભગવાન છે. વળી કાલને લીધે સર્વ થાય છે. તેમ ન હોય તો ટાઢ વિગેરેનું [2]શું કારણ હોય? તેથી સર્વ કરવાની 'શક્તિવાળો' હોવાથી કાલ ભગવાન છે. વળી ''બ્રહ્મ નિશ્ચય દોષરહિત અને સમ છે'' એ વચન પ્રમાણે સમાન હોવાપણું ભગવાનનો ગુણ છે, અને તે કાલમાં હોવાથી કાલ ભગવાન છે એમ 'સર્વ પ્રતિ સમાનતાથી વર્તનાર' શબ્દોથી કહેલું છે. સર્વમાં કાલ બ્રહ્માના રૂપથી સમાનતાથીજ પ્રવેશે છે, તે સંબંધી સિદ્ધિ એવી છે કે 'યત્' જે કાલથી ભાઈઓ વિગેરેને પણ 'મિથઃ' પરસ્પર કજીઓ થાય છે. પહેલાં એક જીવવાળા થયેલા હોવા છતાં પણ કાલજ

નિમિત્ત પ્રાપ્ત કરીને કજીઓ કરી મરણ પામે છે, એવો અર્થ છે. એવી રીતે આપજ કાલ છો એમ કાલ ખાઈ જાય છે તેથી જણાય છે. કોઈ પણ આપને જાણતો નથી, એવો અર્થ છે .૨૭

૧.ઉપર ૧-૮-૨૫ માં કહ્યા તેવા. ૨.'વિગેરે' શબ્દથી તાપ, વૃષ્ટિ કહેલાં છે.

હમણાં અવતરેલા આપને તો ભક્તો પણ સારી રીતે જાણતા નથી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ન વેદ કશ્ચિદ્ ભગવચ્ચિકીર્ષિતં તવેહમાનસ્ય નૃણાં વિડમ્બનમ્ ।**
**ન યસ્ય કશ્ચિદ્ દયિતોઽસ્તિ કર્હિચિદ્ દ્વેષ્યશ્ચ યસ્મિન્ વિષમા મતિર્નૃણામ્ ।।૨૮।।**

હે ભગવાન! જેમને કોઈ પણ સમયે કોઈ પણ સ્થળે કોઈ પણ વહાલો નથી, અને દ્વેષ કરવા યોગ્ય નથી, જેમના વિષે મનુષ્યોની પક્ષપાતવાળા હોવાની બુદ્ધિ છે તેવા મનુષ્યોનું અનુકરણ કરવાની ચેષ્ટા કરનાર આપનું કરવા ઈચ્છેલું કોઈ પણ જાણતું નથી.૨૮

ભગવાન શું કરવાનો વિચાર કરે છે તે કોઈપણ જાણતું નથી. 'જે કાંઈ થાય છે તે ભગવાને જ કરવા ઈચ્છેલું હોવાથી, કાર્યનાં દર્શનથી અથવા જ્યોતિઃશાસ્ત્રથી તેમણે કરવા ઈચ્છેલું કેમ ન જાણાય? એવો પ્રશ્ન થાય તેથી 'મનુષ્યોનું અનુકરણ કરવાની ચેષ્ટા કરનાર આપનું' એમ કહેલું છે. મનુષ્યોનું 'વિડમ્બન' અનુકરણ કરવાની ચેષ્ટા કરનારનું કરવા ઈચ્છેલું કોઈ જાણતું નથી, એવો અર્થ છે. સામાન્ય ક્રિયાથીજ કાર્ય થઈ જતું હોવાથી અમુક પ્રકારનું અનુકરણ કયા પ્રયોજનથી કરવું? એવો સંદેહ થાય છે.

આ અનુકરણનું પ્રયોજન પાંડવોનું રક્ષણ અને કૌરવોનો વધ, ભૂમિનો ભાર હરવો અને અર્જુન વિગેરેને યશ આપવો, એવું સ્પષ્ટજ છે દ્ઘએમ કહો તો તે પણ નથી એમ ઉત્તરાર્ધમાં કહે છે. જો ભગવાનને મિત્ર, ઉદાસીન કે શત્રુઓ હોય તો પાંડવોનું રક્ષણ વિગેરે ભેદ જણાવનારું કાર્ય થાય. તેમ હોય તો ભગવાનપણું જ ન રહે. ભગવાનને કોઈ પણ વહાલો નથી, કોઈ પણ સ્થલે વહાલો નથી. એવી રીતે કોઈ પણ કોઈ પણ સ્થલે દ્વેષ કરવા યોગ્ય પણ નથી. 'ચ' 'અને' શબ્દથી ઉદાસીન પણ નથી એમ કહેલું છે .

ત્યારે પાંડવોનું રક્ષણ વિગેરે કાર્ય કેમ જોવામાં આવે છે? કાલથી એમ થાય છે એમ પણ ન કહેવાય, કારણ કે કોઈ પણ સમયે કૌરવનું શ્રવણ થતું નથી! એવી શંકા થાય, તેથી 'જેમના વિષે મનુષ્યોની પક્ષપાતવાળા હોવાની બુદ્ધિ છે' એમ કહેલ છે. જે આપના વિષે પાંડવો વિગેરે મનુષ્યોની 'આ અમારા મિત્ર આ શત્રુ' એવી પક્ષપાતવાળી બુદ્ધિ થાય છે. [1]કળશો વિગેરે વસ્તુઓ ઘરોમાં લઈ જવામાં આવતાં, તેમનાં દર્શનથી શુકન વિગેરે થાય, ત્યારે તેઓના સ્વરૂપમાં ફેરફાર થતો નથી, અને છીપમાં રૂપું વિગેરે દેખાય ત્યારે તેના સ્વાભાવિક ગુણ વિના ભ્રમ થવાનું કાંઈપણ કારણ[2] ન હોય તેમ હોતું નથી. સ્વભાવિક ગુણ જ ભ્રમ કરાવનારો હોય તો બધાઓને જ ભ્રમ થાય. તેથી પોતામાં રહેલા પ્રેમ વિગેરે દોષથીજ આપમાં મિત્ર વિગેરે હોવાની બુદ્ધિ થાય છે, પરંતુ આપમાં તેવો[3] કોઈ પણ ગુણ નથી એવો અર્થ છે.

'તેને અનુસરવાનો ગુણ ભગવાનમાં છે જેનાથી તેનું સર્વ કાર્ય સ્વીકારેલું હોય તેવા ભગવાન થાય છે' દ્રએમ માનો તો તે પણ નથી એમ 'ચ' 'અને' શબ્દથી કહેલું છે. મિત્રની પેઠે અનુસરનાર હોવાનું પણ ભ્રાંતિથી જણાય છે, એવો અર્થ છે.૨૮

૧.અહીં 'ન' શબ્દ વધારે જણાય છે, તે પાછળ.

૨.બીજું ચિહ્ન કર્યું છે ત્યાં લેવો જોઈએ. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૩.મિત્ર અથવા શત્રુ અથવા ઉદાસીન માને તેવો.

એવી રીતે દુષ્ટોથી ન જણાય તેવા હોવાનું કહીને નીચેના શ્લોકથી લક્ષણ કહે છે :

**જન્મ કર્મ ચ વિશ્વાત્મન્ અજસ્યાકર્ત્તુરાત્મનઃ ।**
**તિર્યઙ્નૃષિષુ યાદઃસુ તદત્યન્તવિડમ્બનમ્ ।।૨૯।।**

હે વિશ્વાત્મન્ આપ જન્મરહિતનો જન્મ, અકર્તાનું કર્મ અને વ્યાપકનું હલકાં પ્રાણી, મનુષ્ય ઋષિ અને જલચરો માં જણાવું તે ઘણું ભારે અનુકરણ છે.૨૯

ભગવાનનો સર્વનું અનુકરણ કરવારૂપ ગુણ તેમનું લક્ષણ એટલે અસાધારણ ગુણ છે. નટ વિગેરે પણ થોડાંક બીજા દ્રવ્યના સંબંધથી પોતાના દેહને તેવા[1] દેખાડે છે. ભગવાન તો કેવલજ, વિક્રિયા વગરનાજ, પરમાનંદ સ્વરૂપવાળા જ, પોતાને મનુષ્યના દેહ-ઈંદ્રિયો વિગેરેના આકારથી જોવામાં આવે તેવા દેહથી જણાવે છે. આ ભગવાનનું અસાધારણ[2] લક્ષણ છે. આ જાણવામાં ન હોય, તો કોઈપણ ભગવાનનું પૂજન[3] ન કરે. વળી આ મોહ કરનારું પણ નથી, કારણ કે તે લક્ષણ છે. તેમ ન હોય એટલે કે તે મોહ કરતું હોય તો બધાઓને જ મોહ થાય. તેથી અનુકરણ કરવું એ ભગવાનનું લક્ષણ છે એમ જાણવું. તેમાં જો ભ્રમ થાય તો ઉપર જણાવ્યું તેની પેઠે પોતાના દોષથી જ દોષ થાય છે, ભગવાનનો કોઈપણ દોષ નથી, એવો અર્થ છે.

યુક્તિથી વિરુદ્ધ હોય તેવું વેદ પણ જણાવતો નથી, તેથી ભગવાન અનુકરણ કરે તેવું કેમ સંભવે? એવી શંકા થાય, તેથી 'હે વિશ્વાત્મન્!' એવું સંબોધન કરેલું છે. જેમ જે ભગવાન પોતામાં વિકાર થયા વિનાજ વિશ્વરૂપ થયા, તેમને અનુકરણ કરવામાં શું પ્રયાસ? એવું તાત્પર્ય છે. જન્મરહિતનો જન્મ, અકર્તાનું કર્મ, 'આત્મનઃ' વ્યાપક પુરુષોત્તમનું વરાહ વિગેરે હલકાં પ્રાણીઓમાં, રામ વિગેરે મનુષ્યોમાં, વામન વિગેરે ઋષિઓમાં અને મત્સ્ય વિગેરે જલચરોમાં તેમનાં જુદાં-જુદાં દેહથી જણાવું, તે ઘણું ભારે[4] અનુકરણ છે. પુરુષોત્તમપણું પણ જણાવતાં, મનુષ્ય વિગેરે પણું પણ જણાવે છે. વિશ્વ તો બ્રહ્મ હોવાનું જાણવામાં આવે, ત્યારે તે જગત્ તરીકે જણાતું નથી. તેથી અનુકરણરૂપ ભગવાનનો અસાધારણ ગુણ છે, તેથી આ ગુણ ને લીધે પણ ભગવાન વિષે સંદેહ કરવો યોગ્ય નથી એમ સિદ્ધ થયું.૨૯

૧.'તેવા' નટે જેનો વેશ લીધો હોય તેવા. ૨.'અસાધારણ' બીજા કોઈમાં ન હોય તેવું.

૩.મનુષ્ય વિગેરેના રૂપથી જ જાણતા હોવાથી પૂજન કરે, તેથી તેમનું આ લક્ષણનું જ્ઞાન જ પૂજન કરવાનું કારણ છે. પ્ર

૪.'ઘણું ભારે' એટલે ઘણું આશ્ચર્યકારક. પ્ર

વધારે દર્શન કરવાથી સંદેહ દૂર થશે. તે અનુકરણ કરવાના ગુણવાળા હોવાનું જણાવવાથી શું લાભ? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ગોપ્યાદદે ત્વયિ કૃતાગસિ દામ તાવદ્ યા તે દશાઽશ્રુકલિલાઞ્જનસમ્ભ્રમાક્ષમ્ ।**
**વક્ત્રં નિનીય ભયભાવનયા સ્થિતસ્ય સા માં વિમોહયતિ ભીરપિ યદ્ બિભેતિ ।૩૦**

આપે અપરાધ કરતાં ગોપીએ દામણું લીધું તે સમયે, આંસુ સાથે ભળેલાં અંજનથી વ્યાકુલ થયેલી આંખોવાળું મુખ નીચું રાખીને ભય દર્શાવતા ઉભા રહેલા આપ, જેમનાથી ભય પણ ભય પામે છે, તેમની જે દશા થયેલી તે મને ઘણો મોહ કરે છે.૩૦

ભગવાનનું આવું અનુકરણ હોય છે, જે વધારે દર્શન થવા છતાં પણ ભ્રમ ઉત્પન્ન કરે છે. તે વિષયમાં હું જ દૃષ્ટાંત છું. કોઈ એક સમયે હું આપનાં દર્શન કરવા ગોકુલ ગએલી. તે સમયે ઘંટીના પડથી વાસણ ફોડીને આપે અપરાધ કર્યો ત્યારે ગોપી યશોદાએ દામણું લીધું. 'તદા' તે સમયે તરતજ આપની જે દશા થઈ તે મને મોહ કરે છે. સ્વભાવથીજ તે મારી [1]દશા હશે? એવી શંકા થાય, તેથી 'આંસુ સાથે ભળેલાં અંજનથી વ્યાકુલ થયેલી આંખોવાળું... ઉભા રહેલા' એમ કહે[2] છે. આંસુઓ સાથે ભળેલું જે અંજન તેનાથી સારી રીતે વ્યાકુલતાવાળી બે આંખો હતી જેમાં તેવું મુખ નીચું રાખીને ઉભા રહેલા આપ-એમ ઉપરની સાથે સંબંધ છે. એવી રીતે બધાએ જાણ્યું કે આ આપ સંપૂર્ણ રીતે ભય પામેલ છો.

એમ ભલે હો, તેમાં શું દોષ? એમ કહેવામાં આવે તો તે સંબંધમાં 'જેમનાથી ભય પણ ભય પામે છે' એમ કહેલું છે. જે મૃત્યુરૂપ ભય છે, તેને પણ ભય જેમનાથી એટલે ભગવાનથી થાય છે. ભગવાને ભયવાલા થવું તે ભયના કારણનો નાશ કરનારો ગુણ છે. તે ગુણ હોય ત્યારે કોઈને પણ ભય થવાનું સંભવતું નથી.૩૦

૧.'તવ' છે તે 'મમ' જોઈએ. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'તવ' કે 'મમ' કાંઈ નથી.
૨.'એમ કહે છે' એટલે તે દશા સ્વાભાવિક ન હોવાનું સિદ્ધ કરે છે. પ્ર

એવી રીતે ભગવાનમાં વિરુદ્ધ ગુણો છે અને તેમના સંબંધને લીધે બીજામાં[1] પણ વિરુદ્ધ ગુણો થાય છે એવું લક્ષણ કહ્યું. જન્મનાં કારણનો નિર્ણય નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છે. નમન કરવા માટે જન્મનો નિર્ણય કરવો જોઈએ. દેહ, અંતઃકરણ અને આત્મા એક પછી એક ઉત્તમ છે. તેથી દેહને લીધે નમન કરવા યોગ્ય ન હોવા છતાં પણ, ભગવાનનો અવતાર હોવાનું જણાય ત્યારે નમન કરવા યોગ્ય સિદ્ધ થાય છે. તે સંબંધમાં, તેવા ભગવાનના અવતારનો દેહ નમન કરવા યોગ્ય કેમ નહીં? એવી શંકા થાય, તે સંબંધમાં જુદા-જુદા ઋષિઓના યોગથી પ્રાપ્ત થયેલા ગુણો જુદા-જુદા હોવાથી, અને વાસ્તવિક રીતે ભગવાનની ઈચ્છાનું જ્ઞાન ન હોવાથી ચાર પ્રકારના ઋષિઓ પોત-પોતાની બુદ્ધિ પ્રમાણે દેહના સંબંધનું પ્રયોજન કહે છે :

**વંશકર્તા પિતા ચૈવ મુખ્યૌ દેહનિરૂપકૌ ।**

**દુઃખાભાવશ્ચ મોક્ષશ્ચ દ્વાવર્થાવિહ સમ્મતૌ ।।૫।।**

વંશ કરનાર અને પિતા જ મુખ્ય દેહ સંપાદન કરાવનારા છે, અને આમાં દુઃખનો અભાવ અને મોક્ષ એ બે પ્રયોજનો વિચારાએલા છે.કા.૫

પ્રયોજન અને દ્રવ્યનો[1] વિરોધ હોય ત્યારે પ્રયોજન બલવાન હોવાથી તે વિષયમાં જુદા-જુદા મત છે. પ્રયોજન ગૌણ હોય ત્યારે દેહનાં મુખ્યપણાંથી બે મતો છે. અને પ્રયોજનનાં મુખ્યપણાંમાં બે મત છે. તે પૈકી વંશ કરનાર મુખ્ય અને ઉત્તમ હોવાથી તેના વંશના હોવાનું જણાવવાથી તેમની કીર્તિ થાય એવા ગુણના મુખ્યપણાથી યદુના વંશમાં ભગવાન અવતરેલા છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**કેચિદ્ આહુરજં જાતં પુણ્યશ્લોકસ્ય કીર્તયે ।**

**યદોઃ પ્રિયસ્યાન્વવાયે મલયસ્યેવ ચન્દનમ્ ।।૩૧।।**

કેટલાક કહે છે કે પુણ્યશ્લોકની કીર્તિ થાય તે માટે જેમ મલયની કીર્તિ માટે ચંદન થયું તેમ પ્રિય યદુના વંશમાં જન્મરહિત જન્મેલા છે.૩૧

'જન્મરહિત જન્મેલા છે' એમ ઉપરની પેઠે વિરુદ્ધ ધર્મોના આશ્રયવાળા જણાવેલા છે. પુણ્યશ્લોક યદુ છે. તેથી જ "તે વંશમાં અંશ સાથે અવતરેલા..." (૧૦।૧।૨) વાક્યમાં તેવાજ પ્રકારે શાસ્ત્રાર્થનો નિર્ણય કરેલો છે. યદુ પુષ્ટિમાર્ગવાળો ભકત હોવાથી 'પ્રિય' કહેલ છે. 'મલયની કીર્તિ માટે ચંદન થયું તેમ' નો એવો અર્થ છે કે જેમ 'મલયને જ નમન કરીએ છીએ, કારણકે તેના ઉપર ચંદનનાં વૃક્ષો છે' વાક્યથી મલયનો યશ થયેલ છે તેમ ભગવાનના જન્મથી યદુનો પણ યશ થયેલો છે, કારણ કે તેના વંશમાં ઉત્પન્ન થયેલાઓ ભગવાનની સન્નિધિથી ભગવાનના જેવા રૂપવાળા[2] થયેલ છે.૩૧

૧.દ્રવ્ય એટલે દેહ, અને જન્મ લેવાનું પ્રયોજન.

૨.મલય ઉપરનાં બીજાં વૃક્ષો ચંદનની નજીક હોવાથી ચંદન જેવી સુગંધીવાળા થયાં. તેમ યદુના વંશમાં જન્મેલાઓ ભગવાનની સન્નિધિથી તેમના જેવા રૂપવાળા થયા, એવો અર્થ છે.

વળી દૂરનો સંબંધ સહન ન કરતાં પ્રસંગને લીધે પણ યદુને કીર્તિ પ્રાપ્ત થયેલ હોવાનું સંભવતું હોવાથી, અને વસુદેવે ભગવાન પુત્ર થાય તે માટે પ્રયત્ન[1] કરેલો હોવાથી અને તે દોષરહિત હોવાથી, પ્રયોજન સાથે દ્રવ્યને મુખ્ય ગણી પ્રવૃત્તિ કરનારા બીજા ઋષિઓ એમ કહે છે કે પુત્ર તરીકે યાચના કરેલા ભગવાન વસુદેવના સંબંધવાળાં દેવકીમાં જન્મરહિત જ રહીને જન્મેલા. તે નીચેના શ્લોકથી કહે છે :

**અપરે વસુદેવસ્ય દેવક્યાં યાચિતોઽભ્યગાત્ ।**

**અજસ્ત્વમ્ અસ્ય ક્ષેમાય વધાય ચ સુરદ્વિષામ્ ।।૩૨।।**

બીજાઓ એમ કહે છે કે યાચના કરેલા વસુદેવના સંબંધવાળાં દેવકીમાં આના કલ્યાણ માટે અને દેવોના દ્વેષીઓના વધ માટે આવેલા તે જન્મરહિત આપ છો.૩૨

'તે જન્મરહિત આપજ છો' એવી વાક્યની જુદી રચના છે. ''માતાપિતાના દેખતાં તરત પ્રાકૃત બાલક થયા'' (૧૦।૨।૪૭) વાક્ય પ્રમાણે પ્રાકૃત દેહ દેખાડેલ હોવાથી જન્મ રહિતથી જુદા છો એવી શંકા થાય, તે આથી[૨] દૂર કરેલી છે. તેમ આવવાનું પ્રયોજન 'આના કલ્યાણ માટે...' થી કહેલું છે. 'આના' એટલે જગતના અથવા યુધિષ્ઠિરના. તેથીજ 'કંસનો વધ કરવા જન્મેલા' વિગેરે વાક્યો છે. આથી એમ જણાવેલું છે કે બે પ્રયોજનો જુદાં છે, કારણ કે દેવોનું હિત જુદા પ્રકારે કરેલું છે. 'ચ' 'અને' શબ્દથી તેઓ[૩] પણ કૃતાર્થ થાય તે માટે આવેલા છો; કારણ કે દેવોના દ્વેષી તરીકે તેઓની પોતાની મુક્તિ થવાની ન હતી. આથી[૪] ભગવાનમાં દોષ ન હોવાનું કહેલ છે. તેથી[૫] બંને[૬] ભગવાનનાં કાર્ય છે. તેમ ન હોય[૭] તો ભગવાનમાં પક્ષપાત દોષ થાય.૩૨

૧.તપ કરેલું. પ્ર  ૨.'આથી' જન્મરહિત જ જન્મેલા છે એમ વિરુદ્ધ ગુણો જણાવ્યા તેથી. પ્રરૂ
૩.'તેઓ' દૈત્યો.  ૪.'આથી' દૈત્યોને મુક્તિ આપનાર હોવાનું સૂચવ્યું તેથી. પ્ર
૫.'તેથી' જ દૈત્યોને મુક્તિ આપનાર કહ્યા તેથીજ. પ્ર
૬.'બંને' દેવોનું કલ્યાણ અને દૈત્યનો વધ મુક્તિ .  ૭.દૈત્યોને મુક્તિ આપતા ન હોય તો. પ્ર

વળી વસુદેવનાં તપ વિગેરે ઉપાયો જુદા સમયના[૧] હોવાથી પ્રયોજન બલવાન છે. એ ધોરણને મુખ્ય ગણીને, કામને[૨] મુખ્ય માનનારા બીજા ઋષિઓ ભૂમિનો ભાર હરવા ભગવાન પધારેલા છે, એમ કહે છે. તે નીચેના શ્લોકથી કહે છે :

**ભારાવતારણાયાન્યે ભુવો નાવ ઈવોદધૌ ।**
**સીદન્ત્યા ભૂરિભારેણ જાતો હ્યાત્મભુવાઽર્થિતઃ ।।૩૩।।**

બીજાઓ એમ કહે છે કે બ્રહ્માએ પ્રાર્થના કરેલા ભગવાન સમુદ્રમાં નાવની પેઠે ઘણા ભારથી પીડાતી ભૂમિનો ભાર ઉતારવા જન્મેલા છે.૩૩

ભગવાન સામગ્રી સાથે આવે ત્યારે ભાર વધે, પરંતુ ભાર ઉતરે નહીં. ભાર કરનારાઓમાં અથવા ભૂમિ પર [૩]બલથી પ્રવેશ કરે તો ભારનો નાશજ થાય, પણ ભાર ઉતરે નહીં. ભાર કરનારાઓને નીચે પાડે તો પક્ષપાત થાય. તેમને મુક્તિ આપે તો ઉપર કહેલ[૪] પક્ષથી કાંઈ જુદું નથી થતું; અને સ્વતંત્ર ફલપણું[૫] થાય દ્ર એવી શંકા થાય, તો તે યોગ્ય નથી. આ ભાર દેહના સંબંધનો નથી, પરંતુ ઉદ્ધત ક્રિયાથી થયેલો મનના સંબંધવાળો છે. અને તે પણ ઘણું ચિંતન કરવાથી દેહના સંબંધવાળો હોય તેવો થાય છે. [૬]તે પ્રસંગે ભગવાન ભૂમિ ઉપર પધારે ત્યારે તેમનામાં ચિત્ત જતાં ઉદ્વેગ કરનારાઓનું વિસ્મરણ થવાથી ભાર ઉતરે, કારણ કે ભાર બુદ્ધિથી મુકાએલો[૭] હતો. તરતજ ઉપાય કરવા માટે 'સમુદ્રમાં નાવની પેઠે' એવું દષ્ટાંત કહેલું છે. આથી દુઃખને લીધે કાલ પણ ડુબાડનારો હોવાનું સૂચવેલું છે. જેમ તરંગો વિગેરે નાવના આધાર (સમુદ્ર)નો દોષ છે તેમ ધર્મનો ક્ષય વિગેરે કાલનો પણ દોષ છે તેથી કાલના આધારવાળી

પૃથ્વીને આધાર-કાલ અને આધેય ભાર કરનારા બંનેના દોષનો સંબંધ હોવાથી તરત ઉપાય કરવો જોઈએ, એવો અર્થ છે. તેમ ન કરવામાં આવે તો ફરી ભૂમિનો ઉદ્ધાર કરવો પડે અને સૃષ્ટિ રચવી પડે. તેથીજ બ્રહ્માએ પ્રાર્થના કરેલી એમ 'બ્રહ્માએ પ્રાર્થના કરેલા' શબ્દોથી કહેલું છે. 'આત્મભુવા' પોતાથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા શબ્દનો પોતાને પણ બ્રહ્માની ઉત્પત્તિ કરવી પડે, એવો અર્થ છે. સ્ત્રી(પૃથ્વી) અને પુત્ર (બ્રહ્મા)ની પ્રાર્થનાથી કર્યું (જન્મ લીધો), તેથી તેમની કામના હોવાથી ભગવાને ઈચ્છેલું ન હતું[8] એમ સૂચવેલ છે, અને ગ્લાનિને લીધે ભૂમિનો નાશ થાય તો ફરી કરવી પડે. અને તેવી રીતે એક ભાગ કરવાનો સંભવ ન હોવાથી બ્રહ્માંડ રચવું પડે તેથી ભગવાને એમ[9] કર્યું, એવો અર્થ છે. એમ મનમાં[10] બીજું પ્રયોજન આગંતુક હોવાનું જાણવું. તેમ ન હોય[11] તો જુદાં-જુદાં પ્રયોજનને લીધે જુદા-જુદા અવતાર થાય.૩૩

૧.પહેલાનાં બે જન્મના સંબંધથી જુદા સમયના કહેલા છે. તેથી તેમને માટે જન્મ લીધો હોત તો પહેલાંની પેઠે અંશથીજ અવતાર કરત, પણ પૂર્ણ અવતાર ન થાત. તેથી એ પ્રયોજનથી જન્મ્યા નથી એવો અર્થ છે. પ્ર

૨.'કામને' એટલે ત્રિવર્ગ ધર્મ, અર્ધ અને કામ ને મુખ્ય માનનારા. પ્ર

૩.'બલથી પ્રવેશ કરે' એટલે ભાર કરનારાઓનો સંહાર કરે, એવો અર્થ જણાય છે,

૪.'ઉપર કહેલ' પાછલા શ્લોક ૩૨ માં કહેલ.

૫.'સ્વતંત્રફલપણું' ભારને ઉતારવાનું અધ્યાહાર છે. પ્ર ભાર કરનારને આપે તો તેમને સ્વતંત્રપણાથી ફલ પ્રાપ્ત થાય, એવું અયોગ્ય થાય, એવો ભાવ જણાય છે.

૬.'થાય છે,' તેવો જણાય છે. પ્ર

૭.મૂકનારી બુદ્ધિ ન રહેવાથી ઉતરે, એવો અર્થ છે. પ્ર

૮.ભાર ઉતારવા પોતે અવતરવાનું ઈચ્છેલું નહતું. પ્ર

૯.આ પ્રકારે ભાર ઉતાર્યો. પ્ર

૧૦.દેવનું હિત કરવું વિગેરે પ્રયોજનો હોવાથી કેમ આ ભાર ઉતારવાનું એકજ પ્રયોજન કહો છો? એવી શંકા થાય, તેથી આ કહેલ છે.

૧૧.'તેમ ન હોય તો' એટલે બધાં પ્રયોજનો મુખ્ય હોય, તો જે દોષ થાય તે અહીં કહેલ છે. પ્ર

આ મતો પૂર્વપક્ષ હોવાથી તેમનાથી નિર્ણય કહેલ નથી. વળી કેટલાક ત્રણ વર્ગનાં પ્રયોજનને હલકું ગણીને ભગવાનના વિચારથી ભગવાન જે કાર્ય કરતા તેનાજ પ્રયોજનથી, સર્વને મુક્તિ આપવા માટેજ ભગવાને અવતાર લીધેલો એમ કહે છે તે નીચેના શ્લોકથી કહે છે :

**ભવેઽસ્મિન્ ક્લિશ્યમાનાનામ્ અવિદ્યાકામકર્મભિઃ ।**
**શ્રવણસ્મરણાર્હાણિ કરિષ્યન્ ઈતિ કેચન ।।૩૪।।**

કેટલાક એમ કહે છે કે અવિદ્યા, કામ અને કર્મ થી આ ભવમાં દુઃખથી થનારાઓને શ્રવણ અને સ્મરણ કરવા યોગ્ય ચરિત કરવા માટે ભગવાન અવતરેલો છે .૩૪

પોતાનું [1]ઈચ્છેલું તો સ્વરૂપનું નિરૂપણ કરતાં જ[2] કહેલું છે. મુક્તિના[3] પ્રકરણમાં શ્રવણ વિગેરે ધર્મ છે, ભક્તિ નથી એવો ભેદ છે. 'ભવ' શબ્દથી સદા ઉત્પત્તિ થયા કરે તેવા માર્ગે જવાનું કહેલું છે. 'આ' શબ્દથી અનેક દુઃખો દેખાડીને સંસારમાં રહેવાથી[4] સહન ન થઈ શકે તેવું દુઃખ જણાવેલું છે. 'અવિદ્યા' સ્વરૂપનું અજ્ઞાન, પછી 'કામ' વિષયોની ઈચ્છા થાય

છે. કારણ કે પરમાનંદ પ્રકાશે ત્યારે વિષયોની ઈચ્છા થતી નથી. પછી તે કામના માટે જાત-જાતનાં કર્મો થાય છે. શ્રવણ વિગેરે કર્મો અવિદ્યા, કામ અને કર્મ નો નાશ કરનારાં હોવાનું પાંચમા અધ્યાયમાં[5] કહેલું છે. શ્રવણ અને સ્મરણ ભગવાન સંબંધી હોય ત્યારે પ્રાકૃત પદાર્થોનો બહારનો તથા અંદરનો સંગ ન હોવાથી જન્મનું દુઃખ થતું નથી. અર્થ જાણવાની ઈચ્છાથી કરેલાં હોય ત્યારે સર્વનું ભગવાન તરીકે જ્ઞાન થવાથી દુઃખ જોવાનો ક્લેશ પણ થતો નથી. તેમ ન[6] હોય તો ઘણા દયાળુ ભગવાન આંધળાને કૂવામાં પાડવાના પ્રકારે ત્રણનો[7] સમૂહ પ્રાપ્ત કરાવવા અવતાર ન લેત. સંસારના દુઃખનું દૃઢ મૂલ જણાવવા 'ત્રણ પ્રકારના દુઃખ' શબ્દનો ત્યાગ કરી 'અવિદ્યા' વિગેરે શબ્દો યોજેલ છે. કારણ વિનાનાં દુઃખ દેખાડવામાં આવે ત્યારે તો તે મૂલ વિનાનાં હોવાથી પોતાની મેળે દુઃખનો નાશ થાય, તેથી શ્રવણ વિગેરે વ્યર્થ થાય. તેથી ભગવાને મુક્તિ આપવા માટેજ અવતાર લીધો છે એમ સિદ્ધ થયું.૩૪

૧.કુંતીનું. ૨.પાછળ શ્લોક ૧૯ માં પ્ર

૩.''ત્યાં પણ શ્રવણ વિગેરેજ 'ભક્તિ' શબ્દથી કહેલાં છે, તેથી તેનાથી આમાં શું ઉત્તમપણું છે કે તેને પૂર્વપક્ષ કહે છો?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પ્ર

૪.'ક્લિશ્યમાનાનામ્' 'દુઃખી થતા' વર્તમાન કૃદંતના પ્રયોગથી જણાવેલી સ્થિતિમાં રહેવાથી. પ્ર

૫.શ્લો.૩૪માં. પ્ર ૬.અર્થ જાણીને શ્રવણ વિગેરે કરવાથી દુઃખ જતું ન હોય તો.

૭.ધર્મ, અર્થ અને કામ એ ત્રણ.

એ પ્રમાણે જન્મનાં કારણનો નિર્ણય કહીને નીચેના શ્લોકથી ફલનો નિર્ણય કહે છે :

**શૃણ્વન્તિ ગાયન્તિ ગૃણન્ત્યભીક્ષ્ણશઃ સ્મરન્તિ નન્દન્તિ તવેહિતં જનાઃ ।**
**ત એવ પશ્યન્ત્યચિરેણ તાવકં ભવપ્રવાહોપરમં પદામ્બુજમ્ ।।૩૫।।**

જે મનુષ્યો આપના ચરિત્રનું શ્રવણ કરે છે, ગાન કરે છે, ઉપદેશ કરે છે, વારંવાર સ્મરણ કરે છે અને આનંદ કરે છે તેઓજ ભવના પ્રવાહનો નાશ કરનારાં આપનાં ચરણકમલનાં થોડા જ સમયમાં દર્શન કરે છે.૩૫

દાસ્ય ભક્તિમાં તો ફલનો નિર્ણય કરવો જોઈએ. ધર્મ વિગેરેની પેઠે અનિયમિત ફલ થતું હોય, પરંપરાથી ફલ થતું હોય અથવા ભગવાનના ચરણારવિંદ વિના બીજું ફલ થતું હોય, તો સ્વતઃ[1] સેવા કોણ કરે? જો કે સ્વરૂપનું વર્ણન કર્યું તેથી જ આ[2] સિદ્ધ થાય છે કે ભગવાન પરબ્રહ્મ હોવાથી અને પોતે જીવ હોઈ તેમનો દાસ હોવાથી દાસ્ય પ્રાપ્ત થાય છે, છતાં પણ તેથી દાસ્ય કરવાની માત્ર યોગ્યતા સિદ્ધ થાય, પણ ફલના પ્રધાનપણાથી સિદ્ધ થતું નથી. તેથી જો શ્રવણ વિગેરેથી ચરણનાં દર્શન કરે તોજ દાસ્ય કરે, તેથી ફલ જણાવવું યોગ્ય છે. 'ઈહિતમ્' નો અર્થ એવો છે કે ભગવાનના પ્રયત્નમાત્રથી થયેલું ચરિત્ર. 'આપનાં' એટલે અવતાર લીધેલાનાં. જેમ બધા પદાર્થો જગતમાં જુદા-જુદા સ્થળે પ્રાપ્ત થાય છે, તેમ સંતપુરુષો અને ભગવાનની કથા ગંગાની પેઠે અમુક પ્રદેશમાં સદા હોય છે; અને તથી જેમ 'ગંગામાં સ્નાન કરવું' એનો અર્થ એવો નથી કે ગંગા આવે ત્યારે તેમાં સ્નાન કરવું, પરંતુ પોતે

જ ઉદ્યમ કરીને તીર્થ પસંદ કરીને ઘણા પ્રયત્નથી તેમાં પ્રવેશ કરીને સ્નાન કરવું, એવો અર્થ છે . એવી રીતે અહીં પણ વક્તા મળે ત્યારે શ્રવણ કરવું એવો અર્થ નથી. પરંતુ સત્પુરુષોનાં સ્થાને જઈને, તેઓ જેમ કહે તેવો ઉપાય કરીને મન સાથેની ઈંદ્રિયોથી સારી રીતે શબ્દોના અર્થના તાત્પર્યનો નિર્ણય કરવો, એવો અર્થ છે. નિર્ણય કરવામાં આવે ત્યારે તેનો આનંદ હૃદયમાં પ્રકટ થતાં, રસથી ગાન કરે છે. પછી રસને પરવશ થઈને, બીજા કેટલાકને આગળ રાખીને 'ગૃણન્તિ' ઉપદેશ કરે છે. આમનો[3] કારણ અને કાર્યનો સંબંધ આગળ કહેવાનો છે. પછી બધા પદાર્થો ભગવાનના સંબંધવાળા તરીકે શ્રવણ કરેલા હોવાથી, પહેલો કોઈપણ પદાર્થ જોઈને ભગવાનના ચરિત્રનું જ સ્મરણ કરે છે. પછી તે સ્મરણ સ્વતંત્ર ફલરૂપ અને આનંદ આપનારું હોવાથી પોતેજ આનંદ કરે છે, અંતઃકરણની અંદર આનંદવાળા થાય છે એવો અર્થ છે. એ પ્રમાણે શ્રવણ અને કીર્તન તેમના અધિક ફલ[4] સાથે કહ્યાં.

આથી[5] ઉત્તમ ફલ જણાવવા માટે, અધિક ફલવાળાઓને જ ઉત્તમ ફલ પ્રાપ્તિ થાય છે એમ ઉત્તરાર્ધથી કહેલ છે. 'થોડાજ સમયમાં' શબ્દથી જ ચરણ સાથે સંબંધ ન હોવાનું કાઢી નાખેલ છે. ચરણનો સંબંધ થવામાં કાલ કારણ ન હોવાથી કાલનો વિલંબ નડતો નથી. જેમ કોઈ સમુદ્રમાં પડતાં કિનારાને જૂએ તેમ ભવના પ્રવાહનો નાશ છે જેમાં તેવા કિનારારૂપ ચરણકમલને જૂએ.૨૫

૧.'સ્વતઃ સેવા' એટલે પુરુષાર્થરૂપ સેવા પ્ર 'પોતાની મેળે' એવો અર્થ જણાય છે.
૨.'આ' એટલે સેવારૂપ દાસ્ય. પ્ર ૩.શ્રવણ ગાન અને ઉપદેશનો, અથવા સ્મરણ આનંદ સહિતનો. પ્ર
૪.'અધિક ફલ' સ્મરણ અને આનંદ. પ્ર ૫.'આથી' એટલે શ્રવણ વિગેરેથી. પ્ર

એ પ્રમાણે ફલ જણાવીને નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી દીનતાનું[1] નિરૂપણ કરે છે :

**અપ્યદ્ય નસ્ત્વં સ્વકૃતેહિત પ્રભો જિહાસસિ સ્વિત્સુહૃદોऽનુજીવિનઃ ।**
**યેષાં ન ચાન્યદ્ ભવતઃ પદામ્બુજાત્ પરાયણં રાજસુ યોજિતાંહસામ્ ।।૩૬।।**

હે સેવકોનાં કાર્ય માટે ચેષ્ટા કરનાર! હે પ્રભુ! આપનાં ચરણકમલથી બીજાં કાંઈની જમેને વાંછા નથી અને જેમણે રાજાઓના અપરાધ કરેલા છે તેવા આપના મિત્રો અને સેવકોને અમને આજે આપ શું તજવા ઈચ્છો છો?૩૬

કારણ કે સખ્ય હોય ત્યારે દૈન્ય જતું રહે છે. દૈન્ય અંતઃકરણનો ગુણ છે. તે જ્યારે જેનામાં પ્રકાશે ત્યારે તે દીન થાય છે. અને આપ હો ત્યારે અવસર[2] ન મળવાથી તે પ્રકાશતો નથી, પરંતુ હમણાં અવસર મળતાં આપ જવાના છો તેનો વિચાર થતાંજ તે પ્રકાશે છે. તેથી અમો દીનને તજો નહીં એવી પ્રાર્થના કરે છે. બીજા સમયે ભગવાન કાર્ય બાકી રાખીને જતા. હમણાં કાર્ય પૂરું થવાથી ફરી આવશે નહીં, તેથી ઘણું કરી અમને તજીને જાય છે. 'હે સ્વકૃતેહિત' 'સ્વાનાં' સેવકોનુંજ જે 'કૃતં' કાર્ય, તે માટેજ છે 'ઈહિતં' ચેષ્ટા જેમની તેવા,

ભક્તોનું કાર્ય કરનારા, એવો અર્થ છે. આપ ત્યાગ ન કરો તેજ અમારું કાર્ય છે. તે માટે જ આપની ચેષ્ટા થાઓ, એવું આ સંબોધનનું તાત્પર્ય છે. 'અપિ' શબ્દ સંભાવનાના અર્થમાં યોજેલ છે, 'આજે' નો અર્થ એવો છે કે આ શું અમારા ત્યાગનો દિવસ છે? 'નઃ' અમને, તજવા ઈચ્છો છો? અથવા 'નસ્ત્વમ્' આપ અમારા છો, તેથી ત્યાગ સર્વ પ્રકારે થશે, એમ ન કહો. આપ જવાનું ફેરવી નાખી પણ શકો છો એમ 'હે પ્રભુ' સંબોધનથી કહેલ છે . શું તજવા ઈચ્છો છો? 'સ્વિત્' 'શું' ના અર્થમાં યોજેલ છે આટલા સમયથી અમે શુદ્ધ હૃદયવાળા થયા. સ્વીકાર કરવાની દશામાં ત્યાગ કેમ કરો છો? વળી અમે દાસ થયા છીએ. 'અનુ' પાછળ છે 'જીવઃ' જીવ આવો તે 'અનુજીવી' સેવક . આપ દૂર ગયેલા હશો ત્યારે અમારૂં જીવન જ નહીં રહે એવો અર્થ છે. વળી જે અમોને આપનાં ચરણકમલ વિના બીજાં કાંઈની વાંછા નથી. તેનું કારણ કે અમે બધા રાજાઓના 'યોજિતાંહસામ્' અપરાધ કરેલા છે. હમણાં અમે બધાના શત્રુ થયા છીએ, તેથી આપનાં રક્ષણ વિના અમે જીવશું નહીં, એવો અર્થ છે.૩૬

૧.દીનતા સમયનું કારણ છે, તેથી તે જણાવે છે, એવો અર્થ છે. પ્ર

૨.વિષય એટલે દુઃખ પ્ર ભગવાન હજી પધારી ગયા નથી. તે હોય ત્યાંસુધી દુઃખ સંભવે નહીં, 'વિષય' નો અર્થ અવસર પણ થાય છે, અને તે અર્થ યોગ્ય જણાય છે.

**કે વયં નામરૂપાભ્યાં યદુભિઃ સહ પાણ્ડવાઃ ।**
**ભવતોઽદર્શનં યર્હિ હૃષીકાણામિવેશિતુઃ ।।૩૭।।**

જ્યારે નિયંતા વિનાની ઈંદ્રિયોની પેઠે આપનું દર્શન નહીં થાય ત્યારે અમે યાદવો સાથેના પાંડવો નામ અને રૂપથી કોણ?૩૭

અમે સ્વભાવથી જ ઉત્તમ છીએ એવી શંકા કરવાની નથી, કારણ કે આપના દર્શનથી જ અમારી ઉત્તમતા છે. તેમ આપનું દર્શન ન હોય ત્યારે નામ અને રૂપ થી પ્રખ્યાત થયેલા યાદવો અને અમો પાંડવો કોણ? જ્યારે આપનું દર્શન નહીં થાય ત્યારે અમારાં નામ અને રૂપ જતાં રહેશે એવો અર્થ છે. યાદવપણું અને પાંડવપણું જતાં રહેશે. તેનું કારણ થયેલ દૃષ્ટાંત કહે છે. 'હૃષીકાણાં' ઈંદ્રિયોના 'ઈશિતુઃ' નિયંતા પ્રાણ જતા રહેશે ત્યારે ઈંદ્રિયોનાં નામ અને રૂપ નહીં રહે. એક-એક ઈંદ્રિય વિના આંધળા-બહેરાની પેઠે જીવે છે, પણ પ્રાણ જાય ત્યારે સર્વ જીવન જતું રહે, એવો અર્થ છે.૩૭

**નેયં શોભિષ્યતે તત્ર યથેદાનીં ગદાધર ।**
**ત્વત્પદૈરંકિતા ભાતિ સ્વલક્ષણવિલક્ષિતૈઃ ।।૩૮।।**

હે ગદાધર! આ ભૂમિ જેવી હમણાં પોતાનાં ચિહ્નોથી જણાતાં આપનાં પગલાંઓનાં નિશાનવાળી શોભે છે તેવી તે સમયે શોભશે નહીં.૩૮

વળી દેશ પણ સુખ આપનારો નહીં રહે. હમણાં આપનાં પગલાંનાં નિશાનવાળી ઘણી શોભાવાળી જણાય છે તેવી આ ભૂમિ પછી શોભશે નહીં. પોતાનાં ધજા વિગેરે

અસાધારણ ચિહ્નો છે, તેઓથી ઉત્તમ પ્રકારે જણાતાં આપનાં પગલાંથી શોભે છે. કારણ કે બધી શોભા આપના સંબંધનેજ અધીન છે. 'હે ગદાધર!' સંબોધન છે. ભૂમિને ચરણનો સ્પર્શ થતાં સાત્ત્વિકભાવથી પરસેવો ઉત્પન્ન થતાં કાદવ થાય, અને કાદવવાળાં સ્થલમાં, બધાએ આધાર લઈને જાય છે, તેથી ગદાધર હોવાનું કહેલું છે. આ અલૌકિક મને દેખાય છે તેથી તેવું સંબોધન મેં કરેલ છે.૩૮

વળી શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરીને મેળવેલા સર્વ દેશો અમને સુખ આપનારા નહીં થાય, કારણ કે ભવિષ્યમાં અનાજ વિગેરે નહીં થાય. હમણાં તો અનાજ વિગેરેની સમૃદ્ધિ છે તે આપના દર્શનને અધીન છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**ઈમે જનપદાઃ સ્વૃદ્ધાઃ સુપક્વૌષધિવીરુધઃ ।**
**વનાદ્રિનદ્યુદન્વન્તો હ્યેધન્તે તવ વીક્ષિતૈઃ ।।૩૯।।**

સારી રીતે પાકેલી ઔષધિઓ અને લતાઓવાળા આ ઘણા સમૃદ્ધ દેશો, વનો, પર્તવો, નદીઓ અને સમુદ્રો નિશ્ચય આપની દષ્ટિથી વધે છે.

સારી રીતે પાકેલાં છે ચોખા વિગેરે ઔષધિઓ, દ્રાક્ષ વિગેરે લતાઓ જેઓનાં તેવા આ 'જનપદાઃ' દેશો ઘણા સમૃદ્ધ છે. વનો, પર્વતો, નદીઓ અને સમુદ્રો આપની જ દષ્ટિથી વધે છે. તેથી આપ ત્યાગ કરશો ત્યારે કાંઈ પણ થશે નહીં, એવો અર્થ છે.૩૯

એવી રીતે બહિર્મુખપણાંથી દીનતા જણાવીને અન્તર્મુખપણાંથી જુદા આરંભથી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી બે વસ્તુઓ ની પ્રાર્થના કરે છે :

**અથ વિશ્વેશ વિશ્વાત્મન્ વિશ્વમૂર્તે સ્વકેષુ મે ।**
**સ્નેહપાશમ્ ઈમં છિન્ધિ દઢં પાણ્ડુષુ વૃષ્ણિષુ ।।૪૦।।**

હે વિશ્વના ઈશ! વિશ્વના આત્મા! હે વિશ્વમૂર્તિ! હવે મારાં સગાંઓ પાંડવો અને વૃષ્ણિઓ માં આ મારા દઢ સ્નેહના બંધનને કાપો.૪૦

બેજ[૧] વસ્તુઓ પ્રાપ્ત કરવાની છે ૧.ભગવાન સિવાયનાનો સંગ ન હોવો અને ૨.ભગવાનમાં પ્રેમ. તે પૈકી ભગવાન સિવાયનાનો સંગ ન હોવા સંબંધી વિચાર કરવામાં આવે છે. ભગવાન સિવાયનાં કાંઈ છે કે નથી? જો હોય તો ભગવાન સર્વરૂપ રહેતા નથી. ન હોય [૧]તો કોની સાથે સંગ ન રાખવો? જે દેખાય છે તેની સાથે ન રાખવો દ્ર એમ કહો તો જે દેખાય છે તે ભગવાન છે કે બીજા કોઈ? બંને પ્રકારે ઉપર કહેલો જ દોષ રહે છે.

ભગવાન હોવા છતાં જુદા પ્રકારે દેખાય છે તેની સાથે સંગ ન રાખવો દ્ર એમ કહો તો જો કે તે સંબંધમાં પણ ઉપર કહી તેના જેવી યુક્તિ સંભવે છે, છતાં પણ જ્ઞાનીને સંગ ન કરવાનું રહેતું નથી. તેથી એવા પ્રકારનું એકજ રૂપ કહેલું કે જેથી શાસ્ત્રાર્થ અને ત્યાગ બંનેની યોગ્યતા થાય. તે 'હે વિશ્વના ઈશ! વિશ્વના આત્મા!' શબ્દથી કહેલ છે. વિશ્વ કાર્ય છે.

ભગવાન પોતે સર્વનું કારણ છે, તેથી ઈશ છે. આથી એવો મુખ્ય સિદ્ધાંત જણાવેલો છે કે ભગવાન પોતાના માટે સર્વ રચે છે. તેથી ''પોતાની ક્રીડા માટે રચેલાં'' (૮।૨૨।૨૦) વાક્ય પ્રમાણે ભગવાનના માટે રચેલાં જગતમાં જીવની પોતાની અહંતા-મમતા હોય ત્યારે ભગવાનના વિરોધને લીધે બંધન થાય. તેથી જેમ આંખોમાં ઈંદ્ર અને ઈંદ્રાણીના અને લક્ષ્મી અને નારાયણના રમણ માટે નિદ્રા રચી, તેવીજ રીતે ત્યાગ રચ્યો એવો અર્થ છે.

હવે 'વિશ્વના આત્મા' શબ્દથી ભગવાન સર્વરૂપ હોવાનું સિદ્ધ કરે છે. ભગવાન વિશ્વના આત્મા, વિશ્વનું સ્વરૂપ છે. જે સમયેજ ભગવાન તરીકે જે કાંઈ ન સ્ફુરે તેનો જ ત્યાગ કરવો. વાસ્તવિક રીતે આત્મા હોવાથી, બીજું હોવાનું સ્ફુરે તેથી શું? એવી શંકા થાય, તો તે ખોટી છે; કારણ કે આ ભગવાન આત્મા છે. જે દેખાય છે તે અને જે હોવાનો નિશ્ચય કરેલો છે તેવી સ્થિતિ હોવાથી, જે દેખાય છે તે સ્ફુરે ત્યારે તેનો ત્યાગ કરવો; કારણ કે સર્વ સાધનોનો ઉપયોગ બોધનું તારતમ્ય જાણવામાં જ થાય છે. વળી વિશ્વના આત્મા હોવાપણું ''ભદ્રસેન મારો આત્મા છે'' એવા વાક્ય પેઠે વિનય જણાવવા કહેલું નથી. તે સંબંધ માં 'હે વિશ્વમૂર્તિ!' એમ કહેલ છે. વિશ્વ છે મૂર્તિમાં જેમની, અથવા વિશ્વમાં છે મૂર્તિ જેમની અથવા વિશ્વ છે મૂર્તિ જેમની દ્ર એ ત્રણ પ્રકારે ભગવાન સર્વરૂપ હોવાનું વિનય જણાવવા કહેલું નથી. તેથી પુત્ર વિગેરે દેખાય છે તેવા સ્ફુરતા હોવાથી તેમનો ત્યાગ કરવો જરૂરી છે, [3]અને આપની શક્તિએ[4] તેઓમાં સ્નેહ ઉત્પન્ન કરેલો છે. નિશ્ચય કરવાની સ્થિતિમાં શાસ્ત્રથી સ્નેહ કરવામાં આવે છે, અને વિરુદ્ધ શાસ્ત્રોથી તેનો નાશ થાય છે,[5] પરંતુ માયાએ કરેલો સ્નેહ ''જેઓ મારાજ શરણે આવે છે તેઓજ માયાને તરે છે'' (ભગ.ગીતા ૭।૧૪) એ વાક્ય પ્રમાણે ભગવાન વિના બીજાથી દૂર થતો નથી. કાપવામાં આવે ત્યારે ફરી જોડાય થાય નહીં. 'દઢ' શબ્દથી તે દઢ[6] ગાંઠરૂપ હોવાથી છૂટી શકે તેવો નથી[7] એમ કહેલ છે .૪૦

૧.કારણ કે આત્મનિવેદન કરવામાં આ બેજ કારણરૂપ છે. પ્ર

૨.કારણ કે ભગવાન સિવાય બીજું કોઈ ન હોય તો આવી પ્રાર્થના કરવી નકામી છે. પ્ર

૩.કૌંસમાં મૂકેલ શબ્દો અધ્યાહાર છે. પ્ર ૪.માયાશક્તિ.

૫.શાસ્ત્રથી હું પુત્ર વિગેરેમાં સ્નેહ કરૂં, તે સ્નેહનો પુત્રપણું વિગેરે જણાવનારા વિરુદ્ધ શાસ્ત્રોથી નાશ થાય છે, તેથી તે સ્નેહ અને તેનો નાશ બંને દઢ ન હોવાથી કાંઈ કાર્ય કરવા શક્તિવાળા નથી. પ્ર

૬.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. ૭.જેથી પ્રાર્થના કરૂં છું, એવો અર્થ છે. પ્ર

એવી રીતે જે દેખાય છે તેમાં વૈરાગ્ય પ્રાપ્ત કરાવવાનું કહીને, જેનો નિશ્ચય કરેલ છે તે સાક્ષાત્ અવતાર લીધેલ ભગવાનમાં નીચેના શ્લોકથી સ્નેહ[1] માટે પ્રાર્થના કરે છે :

**ત્વયિ મેઽનન્યવિષયા મતિર્મધુપતેઽસકૃત્ ।**
**રતિમ્ ઉદ્વહતાદ્ અદ્ધા ગંગૈવોઘમ્ ઉદન્વતિ ।।૪૧।।**

હે મધુપતિ! આપ વિષેની બીજાના સંબંધ વિનાની મારી મતિ, જેમ ગંગા તેના પ્રવાહને સમુદ્રમાં લઈ જાય છે તેમ, નિશ્ચય આપ વિષે પ્રેમવાળી રહો.૪૧

જો કે ભાઈના પુત્ર તરીકે અને રક્ષણ કરનાર તરીકે આપમાં સ્નેહ છે જ, પરંતુ તે દેહના સંબંધને લીધે, બીજાના સંબંધવાળો છે. કારણ કે આત્માના સંબંધવાળો બીજાના સંબંધ વિનાનો ગણાય. આ પરમાત્મા આત્માના અધિષ્ઠાતા દેવ છે એવી મતિ ઘણાજ પ્રેમવાળી રહો. જ્ઞાન[2] સાથેની ભક્તિ હો, એવો અર્થ છે. પ્રેમ વિઘ્નોની દરકાર[3] ન કરે, અને ભગવાનથી જૂદાઈ ન રહે. પરંપરાથી સંબંધ થયેલ નથી એમ જણાય તે માટે ગંગાના પ્રવાહનું દષ્ટાંત કહેલું છે. 'ઓઘમ્' પ્રવાહ 'ઉદન્વતિ' સમુદ્રમાં જાય છે તેમ મારો પ્રેમ આપ વિષે રહો.૪૧

૧.સ્નેહ આત્મનિવેદન કરાવનારો હોઈ તેને માટે પ્રાર્થના કરે છે. પ્ર

૨.ભગવાન આત્માના અધિષ્ઠાતા છે એવા જ્ઞાન સાથેની. પ્ર ૩.'દરકાર ન કરે' એટલે તિરસ્કાર કર. પ્ર

એવી રીતે નવ પ્રકારે શાસ્ત્રાર્થ તરીકે ભગવાનની સ્તુતિ કરીને, સ્નેહ થયો, અને માહાત્મ્ય જાણવામાં આવ્યું ત્યારે વારંવાર ભગવાન પ્રકટ થાય તે માટે શું કરવું જોઈએ તે જાણવાની ઈચ્છા થાય ત્યારે માહાત્મ્યનું સ્મરણ કરીને નમન કરવું જોઈએ, એવો સિદ્ધાંત છે. તેથી અહીં સર્વ પ્રકારની સ્તુતિ કરીને ઉપસંહાર કરતાં માહાત્મ્યનું સ્મરણ થાય તે માટે નીચેના શ્લોકથી ઘણા પ્રકારે સંબોધન કરતાં નમન કરે છે :

**શ્રીકૃષ્ણ કૃષ્ણસખ વૃષ્ણ્યૃષભાવનિધ્રુગ્રાજન્યવંશદહનાઽનપવર્ગવીર્ય ।**
**ગોવિન્દ ગોદ્વિજસુરાર્તિહરાવતાર યોગેશ્વરાખિલગુરો ભગવન્ નમસ્તે ।।૪૨।।**

હે શ્રીકૃષ્ણ! કૃષ્ણના મિત્ર! ઉત્તમ વાર્ષ્ણેય! પૃથ્વીનો દ્રોહ કરનાર રાજાઓના વંશને બાળનાર! અવિનાશી વીર્યવાળા! હે ગોવિંદ! ગાયો, દ્વિજો અને દેવોનાં દુઃખ હરવા લીધેલ અવતારવાળા! હે યોગેશ્વર! સર્વના ગુરુ! ભગવન્! આપને નમસ્કાર કરું છું .૪૨.

નવ વિશેષણો છે. 'ભગવન' શબ્દથી વિશેષ્ય જેનાં વિશેષણો છે તે કહેલ છે. તે પૈકી [1]''શ્રીકૃષ્ણ' થી સ્વરૂપ કહેલું છે. '' 'કૃષ' સત્તાના અર્થવાળો શબ્દ છે. અને 'ણ' આનંદ અર્થવાળો છે તે બે એક થતાં પરબ્રહ્મને 'કૃષ્ણ' એમ કહે છે''. 'શ્રીકૃષ્ણ' સાકાર હોવાથી 'શ્રી' શબ્દથી સૌન્દર્ય કહેલું છે [2]''કૃષ્ણના મિત્ર' શબ્દથી ગુણો કહેલા છે. 'કૃષ્ણ' એટલે અર્જુન. તેના મિત્ર. અર્જુન સમાન સ્વભાવ અને વ્યસન કહ્યાં, તેથી ગંભીરતા વિગેરે ગુણો સૂચવેલા છે. [3]''ઉત્તમ વાર્ષ્ણેય' શબ્દથી લીલા કહેલી છે. કપટથી કરેલી મનુષ્યની લીલા સૂચવેલી છે. [4]''પૃથ્વીનો દ્રોહ કરનાર રાજાઓના વંશને બાળનાર' શબ્દથી દુષ્ટોથી ન જણાય તેવા હોવાનું કહેલું છે. કારણ કે ભગવાનનું જ્ઞાન હોય તો આ અવસ્થા ન હોય. [5]''અવિનાશી વીર્યવાળા' શબ્દથી અસાધારણ ગુણ કહેલા છે. નથી નાશ જેનો તેવું વીર્ય છે જેમનું તેવા આપ. કારણ કે આ પુરુષોત્તમનું અસાધારણ ચિહ્ન છે. [6]''ગોવિંદ' શબ્દથી જન્મના કારણનો નિર્ણય કહેલો છે. સત્પુરુષોનું રક્ષણ અવતાર લેવાનું પ્રયોજન જણાવ્યું . [7]''ગાયો, દ્વિજો અને દેવો નાં દુઃખ હરવા લીધેલ અવતારવાળા' શબ્દથી ફલ કહેલું છે. ગાયો, દ્વિજો અને દેવો, તેઓનું દુઃખ હરનાર છે અવતાર જેમનો તેવો આપ. આથી ધર્મની ગ્લાનિનો નાશ કરેલ કહેવાયો. દેવતાનાં

નામ લઈ, મંત્ર સાધનથી હવિષ આપવાનું કહ્યું . તેથી ત્રણ[1] કહેલાં છે, બીજાં ફલોનું મૂલ ધર્મ હોવાથી, તેમને જુદાં કહેલાં નથી. ભગવાનમાં દૈન્ય નથી એમ જણાવવા 'યોગેશ્વર' એમ કહેલું છે. જે યોગથી બધું કરવામાં આવે, પોતાની મેળે કરવામાં ન આવે[2] આ ભારે દૈન્ય છે. 'સર્વના ગુરુ' શબ્દથી પોતાની પ્રાર્થના કહેલી છે. પ્રમાણથી પ્રાપ્ત થાય તે મને આપો એવો અર્થ છે. ઉપર કહેલા ગુણોવાળા સગુણ નથી, પણ ભગવાન છે, તેથી નમસ્કાર કર્યા કરવા એ સત્પુરુષોને શીખવેલું હોવાથી આપને નમસ્કાર.૪૨

૧.દેવોને હવિષ ગાયનું ઘી વિગેરે, ઋષિઓ દ્વિજો મંત્રોથી આપે છે, એમ દેવ, દ્વિજ અને ગાયો ત્રણે કહેલાં છે, એવો અર્થ જણાય છે.

૨.ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવાથી યોગ થાય, તે આચરવામાં મન રોકાએલ હોવાથી તે પ્રસન્ન ન રહે એટલે ઘણી દીનતા થાય, પણ ભગવાન યોગના ઈશ્વર હોવાથી મનની વૃત્તિઓને અટકાવે નહીં, એટલે તેમનું ચિત્ત પ્રસન્ન રહે, તેથી દીનતા ન રહે, એવો અર્થ છે. પ્ર

એવી રીતે સ્તુતિ થઈ ત્યારે ભગવાને જે કહ્યું તે નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**પૃથયેત્થં કલપદૈઃ પરિણૂતાખિલોદયઃ ।**
**મન્દં જહાસ વૈકુણ્ઠો મોહયન્નિવ માયયા ।।૪૩।।**

આવી રીતે મધુર શબ્દોથી પૃથાએ જેમની સર્વ સરસાઈની સ્તુતિ કરી તે વૈકુંઠે-ભગવાને માયાથી મોહ કરતા હોય તેમ મંદ હાસ્ય કર્યું.૪૩

વિષયના ભોગ માટેજ આટલું કર્યું, પરંતુ વૈરાગ્ય અથવા ભક્તિ માટે કરેલ નથી. તેમ કરવું હોત તો વનમાંથીજ તેમ કરત! તેથી માણસ તો ગમે તે માટે પ્રાર્થના કરે પરંતુ ભગવાન તો જે પોતે વિચારેલું હોય તે જ આપે છે. તેથી અદ્ભુત કર્મ પૃથાએ જણાવ્યાં ત્યારે તેને મોહ આપ્યો એમ કહે છે. 'કલપદૈઃ' ગદ્ગદ કંઠથી ઉચ્ચારેલા અસ્પષ્ટ મધુર શબ્દોથી 'પરિણૂતાઃ'[1] સર્વ તરફથી જણાએલી છે સર્વ સરસાઈ જેમની તેમણે મંદ હાસ્ય કર્યું. ત્રણ ગુણો પરસ્પર ભળતાં નવ પ્રકારના થાય છે. અને તેમના અભાવથી એક પ્રકાર થાય[2] છે, એવી રીતે દશ પ્રકાર થાય છે. ''જલમાં દેખાતા ચંદ્રની પેઠે એક પ્રકારે અને દશ પ્રકારે જણાય છે'' એ શ્રુતિનો પણ એવો અભિપ્રાય છે. તેવી રીતે લીલાઓ પણ દશ પ્રકારની છે. 'ણુ' ધાતુ સ્તુતિ કરવાના અર્થવાળી છે, તે 'ઊ' અંતવાળો કવિકલ્પદ્રુમમાં જણાવેલ છે, તેથી 'પરિણૂત' માં 'ણૂ' દીર્ઘ કર્યો છે તે વૈદિક પ્રયોગ[3] નથી. મોહ કરે છે તે પણ ન જણાય તે માટે 'મંદ હાસ્ય કર્યું'. 'વૈકુંઠ' શબ્દથી એમ જણાવેલ છે કે હમણાં ભગવાન રક્ષણ કરવા રહેલા છે, અને જય તથા વિજય નો વૈકુંઠમાંથી પાત કરેલ[4] તેથી 'મોહ કરતા હોય તેમ' એમ કહેલ છે. અદ્ભુત કર્મ કરનારા હોવાથી 'ઈવ' પાત કરતા હોય 'તેમ' એમ કહેલું છે. ભગવાન સ્વરૂપથી કૃતાર્થ કરે છે અને માયાથી ઘણો મોહ કરે છે.૪૩

૧.ભગવાનના ગુણોનો પાર નથી. તેથી તેમની સર્વ સરસાઈથી સ્તુતિ કરી શકાય તેવી નથી. 'ખિલ' એટલે ન્યૂન ઓછી. 'અખિલ' એટલે સર્વ. ભગવાનના ગુણોમાં ન્યૂનતા નથી. તેથી જે સરસાઈ ન જણાઈ તે ન્યૂન, અને જણાઈ તે સર્વ. 'સર્વ તરફથી જણાએલી' એટલે જેટલી પૃથાને જણાઈ તેટલી બધી. એવો અર્થ છે. પ્ર

૨.બધી સરસાઈ ન જણાઈ, છતાં કુંતીએ બધી જણાએલ હોવાનું માન્યું, કારણ કે ગુણો દશ પ્રકારના થાય છે, અને દશ પ્રકારે કુંતીએ સ્તુતિ કરી છે. પ્ર. નવ પ્રકાર શ્લો. ૧૭ ઉપરની કારિકામાં જણાવેલ છે. દશમું નમન.

૩.શ્રીધરનો મત વૈદિક પ્રયોગનો છે તે ખોટો હોવાનું આથી કહેલ છે. પ્ર

૪.તે પ્રસંગે જેમ ભગવાને પોતાનું ઈચ્છેલું જ કરેલ, તેમ અહીં પણ કરેલું છે એમ જણાવવા આ કહેલ છે. પ્ર તે પ્રસંગે ભગવાન દ્વારે પધાર્યા ત્યારે હાસ્ય મોહ કરવા કરેલું તેવું અહીં પણ કરેલ હોવાથી આમ કહેલ હોવાનું જણાય છે. જૂઓ ૩।૧૫।૪૪.

ભગવાનનું અંદરનું કાર્ય કહીને, નીચેના શ્લોકથી બહારનું કાર્ય કહે છે :

**તાં બાઢમ્ ઈત્યુપામન્ત્ર્ય પ્રવિશ્ય ગજસાહ્વયમ્ ।**
**સ્ત્રિયશ્ચ સ્વપુરં યાસ્યન્ પ્રેમ્ણા રાજ્ઞા નિવારિતઃ ।।૪૪।।**

તેને 'બહુ સારૂં' એમ કહી રજા લઈ, હસ્તિનાપુરમાં પ્રવેશ કરી, અને સ્ત્રીઓની રજા લઈ પોતાના નગરે જતાં રાજાએ પ્રેમને લીધે રોક્યા.૪૪

'તેને' એટલે કુંતીને, અથવા જેની[1] પ્રાર્થના કરી તેને. 'બહુ સારૂં' એવું અંગીકાર કરવાનું વચન કહ્યું. એવો અર્થ છે કે જે તમારે કરવાનું અથવા કહેવાનું છે તે મેં પણ ઈચ્છેલું છે, પણ મારે કાંઈ નવું કરવાનું નથી. એવા પ્રકારે રજા લઈ, પહેલાં જવા નીકળેલા ત્યારે શુકન થયા ન હોય એમ જાણીને ફરીથી હસ્તિનાપુરમાં પ્રવેશ કરીને, ત્યાંની સ્ત્રીઓની રજા લઈને, 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજાઓની રજા લઈને દ્વારકા જતા, ભગવાનની ઈચ્છાથી પ્રાકૃત પ્રેમ ઉભરાતાં ભગવાનનું માહાત્મ્ય ભુલી જઈ સ્નેહના સંબંધને લીધે યુધિષ્ઠિરે તેમને જતાં અટકાવ્યા.૪૪

૧.'જેની પ્રાર્થના કરી તેને' એટલે ભગવાન વિષેની રતિને. પ્ર

આ[1] ભગવાનની અદ્‌ભુત લીલા છે કે મુક્તનો બંધ થાય, અને બંધન થયેલાનો મોક્ષ થાય, તેથી[2] યુધિષ્ઠિરનો મોહ (નીચેના શ્લોકથી આરંભી) સાત શ્લોકોથી દર્શાવે છે, કારણ કે વ્યસનો પણ તેટલાં-સાત[3] છે :

**સ્વસ્મિન્ યદૈવ કરણમ્ ઉત્તમસ્યાધમસ્ય ચ ।**
**તદૈવ મોહઃ કૃષ્ણે તુ જ્ઞાનમ્ ઈત્યેષ નિશ્ચયઃ ।।૬।।**

[4]ઉત્તમ અથવા અધમ પુરુષ ને જ્યારે પોતાની અંદર કાર્ય જણાય છે તે જ સમયે મોહ થાય છે. પરંતુ જ્યારે શ્રીકૃષ્ણમાં કાર્ય જણાય છે, ત્યારે જ્ઞાન થાય છે, એવો આ નિશ્ચય છે.કા.૬.

**વ્યાસાદ્યૈરીશ્વરેહાજ્ઞૈઃ કૃષ્ણેનાદ્‌ભુતકર્મણા ।**
**પ્રબોધિતોઽપીતિહાસૈઃ નાબુધ્યત શુચાર્પિતઃ ।।૪૫।।**

ઈશ્વરની ઈચ્છા ન જાણનારા વ્યાસ વિગેરેઓ અને અદ્‌ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણે ઈતિહાસોથી બોધ કરવા છતાં પણ યુધિષ્ઠિરને બોધ થયો નહીં, અને શોકમાં પડ્યો.૪૫

ખરેખર અધિકારીનો મોહ પ્રમાણથી દૂર થાય છે. તે સમયે યુધિષ્ઠિર અધિકારી હતો. જો તેમ ન હોય તો ભવિષ્યમાં પણ તેને જ્ઞાન થાત નહીં. વેદો પ્રમાણ છે અને વ્યાસ, નારદ વિગેરે વક્તા તેને જ્ઞાન આપનારા છે. તેઓએ બોધ કરવા છતાં પણ તેને જ્ઞાન થયું નહીં. ભીષ્મના મુખથી જ આને બોધ કરાવવો એવી ભગવાનની ઈચ્છા હતી. તેથી યોગથી પ્રાપ્ત થતા ગુણથી[૫] અને જ્ઞાનથશક્તિથી[૬] ભગવાનની ઈચ્છા જણાતી નથી. ઈચ્છા જાણવાની ઈચ્છા થતાં તો ચિત્ત ભગવાનમાં પરોવાતાં ઈચ્છાનો વિષય ભૂલાવાથી તે જાણવાનું કારણ ન રહેતાં, જાણવાની ઈચ્છાનો નાશ થાય છે, તેથી સર્વ જાણનારાઓ[૭] અને સત્ત્વના ઢાંકણવાળા ભગવાનના અવતારો[૮] પણ ભગવાનની ઈચ્છા જાણતા નથી ֏ એમ 'ઈશ્વરની ઈચ્છા ન જાણનારા' વિશેષથી કહેલું છે. ભગવાને બોધ કર્યો છતાં બોધ થયો નહીં તેનું કારણ 'અદ્‌ભુત કર્મ કરનારા' વિશેષણથી કહેલું છે. જેમ સર્વ શક્તિવાળા સંધિ કરાવવા પધારેલા વિગ્રહ કરીને આવ્યા. એવી રીતે બોધ કરવા વાક્યો કહેતાં બોધ થવા ન દીધો; એવો અર્થ છે. 'ઈતિહાસોથી' એટલે પહેલાંના વૃત્તાન્તો કહીને. વળી તેઓનાં વાક્યો બોધ ન કરે તેવાં ન હતાં, એમ 'બોધ કરવા છતાં' શબ્દોથી કહેલ છે. બોધ થવો તો દૂર રહ્યો, ઉલટો શોકને 'અર્પિતઃ' સમર્પિત થયો, શોકથી ભક્ષણ કરાયો, એવો અર્થ છે.૪૫

૧.હવે યુધિષ્ઠિરનો પશ્ચાત્તાપ કહેવાનો છે, તે શા માટે કહેવાય છે, તે જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલ છે. દોષનું સમાધાન અને ગુણનું પોષણ કરીને ભગવાન અદ્‌ભુત કર્મ કરે છે, એમ જણાવવા યુધિષ્ઠિરનો પશ્ચાત્તાપ ઉપોદ્‌ઘાતરૂપે કહે છે. પ્ર

૨.'તેથી' એટલે યુધિષ્ઠિર મુક્ત હોવાથી. પ્ર

૩.દ્યૂત, માંસ, દારૂ, વેશ્યા, પાપની વૃદ્ધિ, ચોરી અને પારકી સ્ત્રીનું સેવન વ્યભિચાર. તેથી દ્યૂત વિગેરે વ્યસનોથી મુક્ત થયેલ યુધિષ્ઠિરને પણ શોકરૂપ બંધ થયો, એ ભગવાનનું અદ્‌ભુત કર્મ છે. પ્ર

૪.'દ્યૂત વિગેરે વ્યસનથી ઘણા સમય પહેલાં યુધિષ્ઠિર મુક્ત થયેલ, છતાં હમણાં કેમ બંધ થાય છે?' એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. તેણે અશ્વમેધો કર્યા ત્યારે મેં કર્યા એવું માનવાથી મોહ થયો એવો અર્થ છે. પ્ર

૫-૮.અનુક્રમે નારદ અને વ્યાસનો ઉલ્લેખ કરેલ છે.

તેથી જ શોકથી ઘેરાએલાનું વાક્ય કહેવાનું નીચેના શ્લોકથી કહે છે :

**આહ રાજા ધર્મસુતઃ ચિન્તયન્‌ સુહૃદાં વધમ્‌ ।**
**પ્રાકૃતેનાત્મના વિપ્રાઃ સ્નેહમોહવશં ગતઃ ।।૪૬।।**

હે વિપ્રો! સુહૃદોના વધનું ચિંતન કરતાં પ્રાકૃત દેહથી સ્નેહ-મોહને વશ થયેલા ધર્મના

પુત્ર રાજાએ નીચે પ્રમાણે કહ્યું.૪૬

'રાજા' રજોગુણથી ઘેરાએલા. 'ધર્મસુતઃ' કુંતીની પ્રાર્થનાથી ધર્મથી ઉત્પન્ન થયેલા એ બહિર્મુખનો ધર્મ સ્વીકાર્યો. તેથી જ સુહૃદોના વધનું ચિંતન કરતાં, પહેલાં કરેલાં કાર્યનો શોક કરે છે, તેનાં સારાં અંતઃકરણનો પણ ભગવાને નાશ કર્યો એમ 'પ્રાકૃત દેહથી' શબ્દથી કહેલ છે. દેહને આત્મા જાણવાની બુદ્ધિથી તેણે કહ્યું. ભગવાનના અદ્‌ભુત કર્મનું ચિંતન કરે તે માટે 'હે વિપ્રો!' એવું સંબોધન કરેલું છે. યુધિષ્ઠિરે મરેલા ઉપર સ્નેહ અને જીવનારાઓમાં મોહ કર્યો.૪૬

નીચેના શ્લોકમાં તેની ઉંધી બુદ્ધિનો વિસ્તાર કરે છે :

**અહો મે પશ્યતાજ્ઞાનં હૃત્પ્રરૂઢં દુરાત્મનઃ ।**
**પારક્યસ્યૈવ દેહસ્ય બહ્વ્યો મેઽક્ષૌહિણીર્હતાઃ ।।૪૭।।**

અહો! દુષ્ટ અંતઃકરણવાળા મારા હૃદયમાં જામી ગયેલું અજ્ઞાન જુઓ. પારકા જ દેહને માટે મારી ઘણી અક્ષૌહિણીઓ મરણ પામી.૪૭

દેહથી ભોગ થાય તે માટે ઘણો અન્યાય કરવો તે અજ્ઞાનથી થાય છે. તે અજ્ઞાન મારા હૃદયમાં જામી ગએલું છે, તેનો નાશ કરી શકાય તેવો હતો, તે થયો નહીં. તેનું કારણ મારાં અંતઃકરણની અશુદ્ધિ છે. ઉત્તરાર્ધથી તે જ અજ્ઞાન કહેલું છે. 'પારકા' એટલે કૂતરાઓ અને શીયાળો એ ભક્ષણ કરવા યોગ્ય દેહ માટે 'મે' મારી 'અક્ષૌહિણીઃ' અક્ષૌહિણીઓ મરણ પામી, એવું અજ્ઞાન કહ્યું. વાસ્તવિક રીતે ભગવાને ભૂમિનો ભાર હરવા અથવા લીલાથી તેઓને હણી.૪૭

આથી એમ કહ્યું કે આ લોકનો નાશ થયો, પરલોક પણ મારો નથી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**બાલ-દ્વિજ-સુહૃન્મિત્ર પિતૃ-ભ્રાતૃ-ગુરુ-દ્રુહઃ ।**
**ન મે સ્યાદ્ નિરયાન્ મોક્ષો હ્યપિ વર્ષાયુતાયુતૈઃ ।।૪૮।।**

બાલક, બ્રાહ્મણ, સુહૃદ્, મિત્ર, પિતા, ભાઈ, અને ગુરુ નો દ્રોહ કરનાર મારો અબજ વર્ષે પણ નરકમાંથી છૂટકારો થવાનો નથી.૪૮

અભિમન્યુ વિગેરે બાલકો, દ્રોણ વિગેરે દ્વિજો. શલ્ય વિગેરે સુહૃદો, કર્ણ વિગેરે મિત્રો, ભીષ્મ વિગેરે પિતાઓ, દુર્યોધન વિગેરે ભાઈઓ, અથવા આજ ગુરુઓ અને બીજાઓ નો દ્રોહ મેં કર્યો છે. એક પણ મોટું પાપ જો બુદ્ધિપૂર્વક કરેલું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત નથી. તેથી મહાભૂતોનો લય થાય ત્યાં સુધી મારો નરકમાં વાસ થશે એવો અર્થ છે.૪૮

**નૈનો રાજ્ઞઃ પ્રજાભર્તુઃ ધર્મયુદ્ધે વધો દ્વિષામ્ ।**
**ઈતિ મે ન તુ બોધાય કલ્પતે શાસનં વચઃ ।।૪૯।।**

ધર્મયુદ્ધમાં શત્રુઓનો વધ કરવાથી પ્રજારક્ષક રાજાને દોષ થતો નથી, એવું શાસન

કરનારું વચન મને બોધ કરી શકતું નથી.૪૯

સામું યુદ્ધ કરતા હોય તેમના વધથી શું દોષ થાય? એમ કહો તો સાચું છે કે ''પ્રજાઓનું પાલન જ રાજાઓનું કલ્યાણ કરનારું છે'' એ વાક્ય પ્રમાણે જો પ્રજાનું પાલન કરવા શત્રુઓનો વધ કર્યો હોય તો દોષ નથી. ચાલુ પ્રસંગમાં તો દુર્યોધન પ્રજાનું પાલન કરતો હતો ત્યારે જ મેં મારા પોતાના લોભ માટે જ સર્વને હણ્યા તેથી પ્રજાનો પતિ રાજા ધર્મયુદ્ધમાં શત્રુઓનો વધ કરે તેને દોષ લાગતો નથી, એવું નીતિનું વચન મને બોધ કરી શકતું નથી એવો અર્થ છે.૪૯

પ્રાયશ્ચિત્ત કરો, શોક કરવાથી શું ફલ? એમ કહે, તે સંબંધમાં નીચેનો શ્લોક કહે છે :

**સ્ત્રીણાં મદ્ધતબન્ધૂનાં દ્રોહો યોઽસાવિહોત્થિતઃ ।**
**કર્મભિઃ ગૃહમેધીયૈઃ નાહં કલ્પો વ્યપોહિતુમ્ ।।૫૦।।**

મારાથી હણાયેલા પતિવાળી સ્ત્રીઓનો જે દ્રોહ આ સમયે થયેલ છે તેનું ગૃહસ્થના સંબંધવાળાં કર્મોથી પ્રાયશ્ચિત્ત કરવા હું શક્તિમાન નથી.૫૦

પાપનો નિશ્ચય રોગની પેઠે ઉપાય થાય; અને તે તાજાં ઉત્પન્ન થયેલાનો પ્રથમ કરવો જોઈએ, અને જૂનાનો પાછળથી કરવો જોઈએ. અને દરરોજ હજારો સ્ત્રીઓ મેં હણેલા પતિઓને લઈને શોક કરતી મરે છે તે દ્રોહ હમણાં જ મોટો થયેલો છે. ત્યારે આનું જ પ્રાયશ્ચિત્ત કરો! એમ કહેવામાં આવે તો તેનો ઉત્તર ઉત્તરાર્ધથી આપેલ છે. સર્વનો ત્યાગ અને શરીરનો ત્યાગ આ વિષયનું પ્રાયશ્ચિત્ત છે જ, પરંતુ દ્રવ્યવાળા પ્રાણીઓની હિંસારૂપ ગૃહસ્થના સંબંધવાળા કર્મોથી પ્રાયશ્ચિત્ત થતું નથી.૫૦

જો કે પ્રાયશ્ચિત્ત તરીકે યજ્ઞો કરવાનો વેદ બોધ કરે છે, છતાં પણ તેમાં મારો અધિકાર નથી; કારણ કે તેવાં સાધન મારી પાસે નથી, અને અયોગ્ય સાધનોથી કરેલા યજ્ઞથી[1] તો અજીર્ણ હોય ત્યારે કરેલાં ભોજન પેઠે સર્વનો નાશ કરનારું ફલ થાય, તેથી તેવા યજ્ઞથી ઉદ્ધાર થતો નથી એમ નીચેના શ્લોકથી દૃષ્ટાંત સાથે કહે છેઃ

**યથા પંકેન પંકામ્ભઃ સુરયા વા સુરાકૃતમ્ ।**
**ભૂતહત્યાં તથૈવૈકાં ન યજ્ઞૈર્માર્ષ્ટુમ્ અર્હતિ ।।૫૧।।**

જેમ કાદવવાળા પાણીને કાદવથી, અથવા દારૂએ પાડેલા ડાઘ ને દારૂથી ધૂએ તેવી જ રીતે એક પ્રાણીની હત્યા યજ્ઞોથી કોઈથી દૂર થતી નથી.૫૧

કાદવવાળું જલ ધોવા કરેલો કાદવનો લેપ જેમ ભીંત ઉપરનાં લિંપણની પેઠે વધારે માટીવાળું કરે છે તેમ યજ્ઞોથી હત્યા દૂર કરાતી નથી. આ દૃષ્ટાંત પરલોકનો નાશ કરાવનારું નથી, એવી શંકાથી 'દારૂએ પાડેલા ડાઘ ને દારૂથી' એમ બીજું દૃષ્ટાંત કહે છે. જેમ દારૂના બિંદુનો સ્પર્શ થાય ત્યારે તેને ઘણા દારૂથી ધોવાથી પરલોકનો નાશ થાય છે, એવી જ રીતે એક જ સ્ત્રીની હત્યા પશુઓને હણનારાં ઘણાં યજ્ઞોથી પણ દૂર થતી નથી, એવો અર્થ છે.

વાસ્તવિક રીતે પૂર્વ કાંડનો વિચાર કરનારાઓએ વલોવીને કાઢેલું જ્ઞાન મોહ કરાવનારું જ્ઞાન છે એમ કહેલ છે. એવી રીતે ભગવાન અદ્ભુત કર્મ કરનારા હોવાનું સિદ્ધ થયું.૫૧

૧.આ શબ્દો અધ્યાહાર છે. પ્ર

**ઈતિશ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં**
**પ્રથમ સ્કંધનો આઠમો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય નવમો ।।

# યુધિષ્ઠિર વિગેરે ભીષ્મ સમીપ ગયા. ભીષ્મદ્વારા વિવિધ ધર્મોનો ઉપદેશ, ભીષ્મે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી, ભીષ્મની મુક્તિ

**લોકપ્રતીત્યા કૃષ્ણસ્ય યદા કાર્યસમાપનમ્ ।**
**તદા ભાગવતશ્રોતુઃ દેહરક્ષા નિરૂપ્યતે ।।૧।।**

લોકની દષ્ટિથી જ્યારે શ્રીકૃષ્ણનું કાર્ય પૂરું થશે ત્યારે ભાગવતનું શ્રવણ કરનારના દેહનું રક્ષણ કર્યાનું કહેવામાં આવશે. કા-૧.

**એહિકામુષ્મિકફલે ભક્તાનાં સ્થાનભાર્યયોઃ ।**
**સર્વેષ્ટાપૂરણં ચૈવ ભગવત્કાર્યસંગ્રહઃ ।।૨।।**

ભક્તોનાં આ લોકનાં અને પરલોકનાં ફલ અને વળી દ્વારકાનાં (લોકનું) અને પત્નીનું સર્વ ઈચ્છેલું પૂર્ણ કરવું તે ભગવાનનાં કાર્યનો સંચય છે.[૧]કા.૨

**શ્રીભાગવતશ્રોતૃ રક્ષાપૂર્વક્રિયાઽખિલા ।**
**નિરૂપિતા તતો મધ્યે ભગવત્કાર્યવર્ણનમ્ ।।૩।।**

શ્રીભાગવતનું શ્રવણ કરનારનું રક્ષણ કર્યું તે પહેલાંની સર્વ ક્રિયા કહી[૨], તેથી વચમાં[૩] ભગવાનનાં કાર્યનું વર્ણન કરેલું છે. કા.૩

એ પ્રમાણે પરીક્ષિતના શરીરના રક્ષણના આરંભમાં, રક્ષણની પહેલાંનું કાર્ય માયાથી ગર્ભને વીંટી લેવાનું કહીને, બીજું કાર્ય જણાવવામાં ન આવે તો એકાગ્રતાથી રક્ષણ થવાનું સંભવે નહીં, તેથી વચમાં ભગવાનનાં કાર્યનું વર્ણન કરવું જોઈએ. તે કાર્ય ચાર પ્રકારનું છે : [ક]સર્વ ભક્તોને આ લોકનાં સર્વ ફલ આપીને ભક્તિ આપવી અને આ લોકનાં અને પરલોકના ફલ નો દઢ સમ્બન્ધ થાય તે માટે નિરાશા જણાવવી તે પહેલું કાર્ય. [ખ]જ્ઞાનનો સન્દેશ જણાવીને ઉત્તમ ભક્તિ પ્રકટ કરાવીને મુક્તિ આપવી તે બીજું કાર્ય. [ગ]સર્વ ભક્તોનાં ચિત્તનું સમાધાન કરીને

પોતાનાં સ્થાને પધારવું તે ત્રીજું કાર્ય [ઘ]ત્યાંના લોકોને સર્વ સુખ આપીને કાર્ય પૂરાં કરવાં એ ચોથું કાર્ય. તે પૈકી મુક્તિ આપવાનું તેમનું કાર્ય ઉત્તમ છે અને આ લોકનું ફલ આપવું વિગેરે તેનાં પહેલાંનું અંગ છે, એવો નિશ્ચય કરીને, રક્ષણરૂપ પહેલાંનાં અંગ સાથે એક આઠમા અધ્યાયમાં કહેલું છે. નવમા અધ્યાયમાં બીજું કાર્ય કહેવામાં આવે છે.

**નવમે સ્વસ્ય ભિન્નત્વં પ્રાપ્તસ્યાભાવસંશયે ।**
**સ્વચ્છન્દમૃત્યોસ્તચ્છાન્ત્યૈ મુક્તિર્ભીષ્મસ્ય વર્ણ્યતે ।।૪।।**

નવમા અધ્યાયમાં પોતાથી જુદાપણું પ્રાપ્ત કરેલાની[૪] મુક્તિ નહીં થાય એવો સંશય થતાં, તે સંશયની શાંતિ કરવા પોતાની ઈચ્છા પ્રમાણે મૃત્યુ કરનાર ભીષ્મની મુક્તિનું વર્ણન કરવામાં આવે છે.કા.૪

**પુરસ્કૃતોઽઘમ્ ઉત્સૃજ્ય જહ્યાદ્ દેહમ્ ઈતીરિતઃ ।**
**રાજ્ઞો મોહપ્રસઙ્ગાય નિવૃત્તિશ્ચોપદેશતઃ ।।૫।।**

ભગવાનથી આદર પામેલો અપરાધથી[૫] મુક્ત થઈને દેહ તજે તે માટે, અને રાજાને મોહ થયો[૬] તે પ્રસંગ માટે ભગવાન ભીષ્મ પાસે પધાર્યા, અને રાજાનો મોહ ઉપદેશથી જતો રહ્યો.કા.૫

**ભક્તોઽપિ ભગવદ્દ્રોહમ્ આચરન્ નરકં વ્રજેત્ ।**
**ઈતિ દર્શયિતું ભીષ્મ   શરપઞ્જરસંસ્થિતિઃ ।।૬।।**

ભક્ત પણ જો ભગવાનનો અપરાધ કરે તો નરકમાં જાય, એમ દર્શાવવા ભીષ્મ બાણશય્યામાં રહેલા.કા.૬

**તસ્યાપ્યુદ્ધારકઃ કૃષ્ણો નિજદત્તધિયા સ્તુતઃ ।**
**ઈતિ સ્તુતિસ્તથાપ્યસ્ય તાદગ્રૂપેણ વર્ણ્યતે ।।૭।।**

પોતે આપેલી બુદ્ધિથી સ્તુતિ કરાએલા શ્રીકૃષ્ણ તેનો પણ ઉદ્ધાર કરનારા છે, તેથી સ્તુતિ કરેલી છે, અને તેવા પ્રકારનો[૭] હોવા છતાં આપનું તેવાં સ્વરૂપથી[૮] વર્ણન કરે છે.કા.૭

૧.આ કારિકામાં ભગવાનનું કાર્ય સ્પષ્ટ કરેલ છે.     ૨.આઠમા અધ્યાયમાં કહી

૩.અધ્યાય ૯-૧૦ અને ૧૧માં.

૪.''જે મારા ભક્તોનો દ્વેષ કરે છે તે મારો દ્વેષ કરે છે'' એવું ઉદ્યોગપર્વમાં ભગવાનનું વચન હોવાથી પાંડવોનો દ્વેષ કરવાને લીધે અભગવદીય થએલ ભીષ્મની મુક્તિ નહીં થાય, એવો સંશય થાય. તે સંશયને દૂર કરવા ભીષ્મની મુક્તિનું વર્ણન કરેલ છે.

૫.ભગવાનના દ્રોહરૂપ અપરાધ તજે તે માટે તેનો આદર કર્યો તેથી ભક્ત અપરાધ કરે તોપણ ભગવાન તે અપરાધનો નાશ કરવા પોતેજ ઉદ્યમ કરી તેથી મુક્તિમાં થતું વિઘ્ન દૂર કરે છે.

૬.યુધિષ્ઠિરને મોહ થયો તે પણ ઉપદેશ આપી દૂર કરવાનો હતો, તે માટે પણ ભગવાને ભીષ્મનો આદર કરેલ.

૭.'તેવા પ્રકારનો' એટલે જેનો ઉદ્ધાર કરવાનો હતો તેવો.   ૮.આતતાયીનું ઉદ્ધાર કરનાર હોવાનાં સ્વરૂપથી.

નીચેના શ્લોકથી યોગ્ય સમ્બન્ધ કહે છે જણાવે છે :

**સૂત કહે છે :**

**ઈતિ ભીતઃ પ્રજાદ્રોહાત્ સર્વધર્મવિવિત્સયા ।**

**તતો વિનશનં પ્રાગાદ્ યત્ર દેવવ્રતોઽપતત્ ।।૧।।**

એવી રીતે પ્રજાના દ્રોહથી ભય પામેલ, સર્વ ધર્મો જાણવાની ઈચ્છાથી ત્યાંથી દેવવ્રત જ્યાં પડેલ ત્યાં કુરુક્ષેત્રમાં ગયો.૧

પ્રજાનો દ્રોહ થવા છતાં શું મે કર્યો છે કે મેં નથી કર્યો? તે અધર્મ ઉત્પન્ન કરનારો છે કે નહીં? એવા સન્દેહને લીધે પ્રજાનો દ્રોહ ભય થવાનું કારણ હતો. તેથીજ સર્વ જાણનારથીજ સર્વ સન્દેહો દૂર થાય એવા વિચારથી સર્વ તત્ત્વોનું જ્ઞાન થાય તે માટે સર્વ ધર્મોને જાણવાની ઈચ્છાથી, 'ત્યાંથી' હસ્તિનાપુરમાંથી 'વિનશનં' કુરુક્ષેત્ર ગયો. ત્યાં પણ જ્યાં દેવવ્રત પડેલ હતો ત્યાં ગયો. દેવના વ્રત જેવું વ્રત હતું જેનું તે દેવવ્રત. ભગવાનની પ્રતિજ્ઞા જેવી તેની બ્રહ્મચર્ય વિગેરે પ્રતિજ્ઞા હતી. તે પણ ભગવાન અદ્‌ભુત ચરિત્ર કરનાર હોવાથી પડેલ.૧

તે સમયે ભીષ્મનો આદર કરવા સર્વ ગયા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તદા તે ભ્રાતરઃ સર્વે સદશ્વૈઃ સ્વર્ણભૂષિતૈઃ ।**

**અન્વગચ્છન્ રથૈર્વિપ્રા વ્યાસધૌમ્યાદયસ્તથા ।।૨।।**

ત્યારે તે ભાઈઓ ઉત્તમ અશ્વોવાળા સુવર્ણથી શણગારેલા રથોથી, બીજા સર્વે અને વ્યાસ-ધૌમ્ય વિગેરે વિપ્રો તેવી રીતે તેની પાછળ ગયા.૨

'તે' એટલે જે ભાઈઓએ પ્રજાનો દ્રોહ વિગેરે કરેલ તેઓ, અને બીજા સર્વ ગયા. વિપ્રો પણ ગયા. તે વિપ્રો વેદવ્યાસ તેમજ પાંડવોએ પુરોહિત કરેલા ધૌમ્ય વિગેરે હતા.૨

ભીષ્મને મુક્તિ આપવા ભગવાનને પણ અવશ્ય જવાનું હોવા છતાં, યુધિષ્ઠિરનું પ્રિય કરવા બધાની સાથે જ પધાર્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**ભગવાનપિ વિપ્રર્ષે રથેન સધનઞ્જયઃ ।**

**સ તૈર્વ્યરોચત નૃપઃ કુબેર ઈવ ગુહ્યકૈઃ ।।૩।।**

હે વિપ્રર્ષિ! ભગવાન પણ અર્જુન સાથે રથથી પધાર્યા. જેમ ગુહ્યકો સાથે કુબેર શોભે તેમ તે રાજા તેમનાથી શોભતો હતો.૩

'હે વિપ્રર્ષિ!' એ સંબોધન એમ જણાવવા કરેલું છે કે ભગવાન પાછળ ગયા તે લીલા હોવાથી દોષરૂપ નથી. 'અર્જુન સાથે રથથી પધાર્યા' શબ્દોથી એમ જણાય છે કે ગરુડની ધજાવાળી રથમાં બેસી સારથિ અર્જુન સાથે યુધિષ્ઠિરની પાછળ પધાર્યા. ઉત્તરાર્ધથી એમ કહેલું છે કે તે ભાઈઓ વિગેરે ગયા તો પણ રાજાને બહારથીજ સુખ થયું, અંદર સુખ ન હતું. રાજા હોવાથી માત્ર તેઓથી શોભતો હતો. વાસ્તવિક રીતે તો અંદરથી પ્રસન્નતા ન હતી એમ 'જેમ ગુહ્યકો સાથે કુબેર શોભે' એ દૃષ્ટાન્ત સાથે કહે છે. 'કુત્સિતં' ખરાબ છે 'વેરમ્' નેત્ર જેનું તે

કુબેર. આનો એવો અર્થ છે કે બહારથી ઘણો પ્રકાશ પરન્તુ અંદર તો આંધળા જેવો કુબેર છે, તેમ આ પણ શોકમાં ડુબેલો છે.૩

એ પ્રમાણે સર્વે સાથે જવાનું કહીને, બોલ્યા વિનાજ માત્ર જોઈનેજ નમસ્કાર કર્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**દૃષ્ટ્વા નિપતિતં ભૂમૌ દિવશ્ચ્યુતમિવામરમ્ ।**
**પ્રણેમુઃ પાણ્ડવા ભીષ્મં સાનુગાઃ સહ ચક્રિણા ।।૪।।**

સ્વર્ગમાંથી પડેલા દેવની પેઠે ભૂમિ ઉપર પડેલા ભીષ્મને જોઈને, સેવકો સાથે અને ચક્ર ધારણ કરનાર સાથે પાંડવોએ પ્રણામ કર્યા.૪

પડેલા ભીષ્મની પણ ઘણી કાંતિ હતી, એમ દૃષ્ટાન્ત સાથે કહેલ છે. ભૂમિ ઉપર દેવનો સ્પર્શ થવો જ યોગ્ય નથી, તો પછી પડવાનું તો કહેવું જ શું? તેવી રીતે ભીષ્મનો પરાજય થવો જ અશક્ય હતો, તો પછી આવી સ્થિતિ કેમ જ થાય? 'તેવો'[૧] ભૂમિ ઉપર પડેલો હોય તો પણ દેવ મનુષ્યોએ નમસ્કાર કરવા યોગ્ય છે, તેવી રીતે ભીષ્મ પણ, ભગવાનથી વિરુદ્ધ આચરણ કરેલું હોવા છતાં, નમસ્કાર કરવા યોગ્ય હતો. જેમ દેવ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલો હોવા છતાં તેનામાં બુદ્ધિ વિગેરે હોવાથી બીજાઓએ ભજન કરવા યોગ્ય છે, તેમ ભીષ્મ પણ નીચે પડેલ દેહવાળો હોવા છતાં ઘણા જ્ઞાનવાળો હોવાથી નમસ્કાર કરવા યોગ્ય હતો, એવો અર્થ છે. 'પાંડવો' શબ્દથી ભત્રિજાના પુત્રો હોવાથી નમસ્કાર કરવાની યોગ્યતા સૂચવેલી છે. 'સેવકો સાથે' શબ્દથી એમ જણાવેલું છે કે ભીષ્મે ઉપદેશ કરેલો ધર્મ સર્વ ગ્રહણ કરી પ્રાપ્ત કરે તે માટે ત્યાં આવેલા બધાએ નમન કર્યું.

**આગત્ય નમનં યત્તુ લોકાદ્ ભક્તસ્તથા ન ચેત્ ।**
**વિપરીતત્વમ્ આપન્નઃ કથમ્ એવં ભવેદ્ ઈતિ ।।૮।।**
**સર્વૈઃ સહ નમસ્કારઃ તતો ભગવતા કૃતઃ ।**

આવીને ભગવાને જે નમન કર્યું તે ભક્ત હોવાથી લોકને લીધે[૨], જો ભક્ત ન હોત તો વિપરીતપણું[૩] પ્રાપ્ત કરેલો એવો[૪] કેમ હોય? તેથી સર્વની સાથે ભગવાને પછી નમસ્કાર કર્યા.કા. ૮ ૧/૨

ભગવાન અદ્ભુત કર્મ કરનારા છે એમ જણાવવા, તેમનાં હણનારાં સ્વરૂપનું [૪]જ્ઞાન થાય તે માટે 'ચક્રિણા' 'ચક્ર ધારણ કરનાર' શબ્દ યોજેલ છે.૪

૧.'તેવો' એટલે જેવો તેવો ભૂમિ ઉપર પડેલો હોવાથી જેવો તેવો.
૨.'લોકને લીધે' એટલે સંગ્રહ કરવા માટે.
૩.ભગવાનનો જેણે દ્રોહ કરેલ છે તે, 'એવો' નમસ્કાર કરવા યોગ્ય કેમ હોય? ગમે તેવો ભક્ત હોય તોપણ તે નમસ્કાર કરવા યોગ્ય છે એવો લોકોને બોધ આપવારૂપ લોકસંગ્રહ થાય તે માટે ભગવાને નમસ્કાર કર્યા એવો અર્થ છે.

૪.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ 'જ્ઞાનાય' લીધેલ છે.

સર્વ જાણનાર ઋષિઓ બીજા ધર્મનું ગૂઢ તત્ત્વ કહેશે તેથી આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તત્ર બ્રહ્મર્ષયઃ સર્વે દેવર્ષયશ્ચ સત્તમાઃ ।**
**રાજર્ષયશ્ચ તત્રાસન્ દ્રષ્ટું ભરતપુઙ્ગવમ્ ।।૫।।**

ત્યાં સર્વથી ઉત્તમ બ્રહ્મર્ષિઓ અને દેવર્ષિઓ અને રાજર્ષિઓ ઉત્તમ ભારતને જોવા આવ્યા.૫

ભૃગુ વિગેરે બ્રહ્મર્ષિઓ, નારદ વિગેરે દેવર્ષિઓ, મનુ વિગેરે રાજર્ષિઓ આવ્યા, કારણકે તેઓ ત્રણ પ્રકારના ધર્મના મંત્રોને જાણનારા છે. સંપૂર્ણ પ્રકારે દેહ ઈંદ્રિયો વિગેરેનું સ્વાસ્થ્ય હોય, ત્યારે શુદ્ધ ધર્મ વિગેરે પ્રકટ થાય છે, તેમ ન હોય તો પ્રકટ થતા નથી, એવું ધર્મનું તત્ત્વ જાણીને, ભીષ્મને ધર્મનું પૂરું જ્ઞાન છે કે નહીં, તે જોવા આવ્યા. 'દુષ્યંતનો પુત્ર ભરત માયાને તરી ગયો'' (૯।૨૦।૨૭) એ વાક્ય પ્રમાણે ભરત પાસેથી માયા દૂર થએલી હોવાથી, ભીષ્મ દેહની દષ્ટિથી ધર્મ કહેશે નહીં, કારણકે તે ભરતના વંશમાં જન્મેલાઓમાં શ્રેષ્ઠ છે. વળી તેનામાં સ્વાર્થે[1] જોવાથી સન્દેહ થાય છે. તેથીજ ઋષિઓના મતોમાં એક બીજાથી વિરોધ જોવામો[2] આવે છે.૫.

૧.અંત સમયે મનનો સંગ સ્વાર્થ(પ્ર.). મનની કોઈ વિષયમાં આસક્તિ.
૨.પોતાનો મત સિદ્ધ કરવાની યુક્તિઓ વિગેરે પરસ્પર વિરુદ્ધ જોવામાં આવે છે.

રાજસ વિગેરેજ ભેદોથી આ ભેદો છે તે ઋષિઓનાં નીચેના ત્રણ શ્લોકોથી નામ કહે છે :

**સાત્ત્વિકાઃ પ્રથમં પ્રોક્તા રાજસાસ્તદનન્તરમ્ ।।૯।।**
**તામસા દોષનિર્હારાત્ તુલ્યાસ્તે રાજભિર્મતઃ ।।**

પહેલા સાત્ત્વિકો કહેલા છે. ત્યાર પછી રાજસો અને તામસો કહેલા છે, દોષ નીકળી જવાથી રાજાઓ તેઓને સમાન જાણે છે.કા.૯ ૧/૨

**પર્વતો નારદો ધૌમ્યો ભગવાન્ બાદરાયણઃ ।।**
**બૃહદશ્વો ભરદ્વાજઃ સશિષ્યો રેણુકાસુતઃ ।।૬।।**
**વસિષ્ઠ ઈન્દ્રપ્રમદઃ ત્રિતો ગૃત્સમદોઽસિતઃ ।।**
**કક્ષીવાન્ ગૌતમોઽત્રિશ્ચ કૌશિકોઽથ સુદર્શનઃ ।।૭।।**
**અન્યે ચ મુનયો બ્રહ્મન્ બ્રહ્મરાતાદયોઽમલાઃ ।।**
**શિષ્યૈરુપેતા આજગ્મુઃ કશ્યપાઙ્ગિરસાદયઃ ।।૮।।**

પર્વત, નારદ, ધૌમ્ય, ભગવાન વ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ, શિષ્યો સાથે રેણુકાના

પુત્ર, વસિષ્ઠ, ઇંદ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન, ગૌતમ, અત્રિ, કૌશિક, પછી સુદર્શન, અને હે બ્રહ્મન્! બીજા બ્રહ્મરાત વિગેરે પવિત્ર મુનિઓ, કશ્યપ, આંગિરસ વિગેરે શિષ્યો સાથે આવ્યા.૬-૮

વ્યાસ માત્ર દેવર્ષિ ન હતા, તેથી 'ભગવાન' એમ કહેલું છે. 'રેણુકાના પુત્ર' પરશુરામ, તે પણ શિષ્યો સાથે આવ્યા. આ છટ્ઠા શ્લોકમાં કહેલા સાત સાત્ત્વિક દેવર્ષિઓ છે. સાતમા શ્લોકમાં કહેલા વસિષ્ઠ વિગેરે દશ રાજસ બ્રહ્મર્ષિઓ છે. વાસ્તવિક રીતે તો નવ જ બ્રહ્મર્ષિઓ છે, કારણકે 'અથ' 'પછી' એમ જુદો આરંભ કરીને સુદર્શન ત્યાર પછી કહેલ છે. અને બીજા શ્લોક ૮માં કહેલા જુદા-જુદા રાજર્ષિઓ છે. બ્રાહ્મણો પણ તેવા રાજર્ષિ જણાવેલા છે. 'બ્રહ્મરાત' શુક. તેઓમાં તામસપણું વિગેરે દોષ ન હોવાનું 'પવિત્ર' વિશેષણથી કહેલું છે. તેનો એવો અર્થ છે કે બહારથીજ તેઓ તામસ હતા, પરન્તુ અંદર નિર્ગુણ હતા, તેઓમાં શુક વિગેરે શ્રેષ્ઠ હતા. કશ્યપ વિગેરે મધ્યમ હતા. 'આંગિરસ' એટલે બૃહસ્પતિ.૬-૮

અહીં ઉત્તમ અધિકારવાળાના ધર્મના નિર્ણયમાં ભીષ્મે કહેલામાં હલકા અથવા ઉત્તમ પ્રકારનું જ્ઞાન થાય તે માટે ઋષિઓ વિગેરેની ગણના કરેલી છે. એવી રીતે પાંડવો, ભગવાન અને ઋષિઓ એ ત્રણ આવ્યા. તે પૈકી ઋષિઓ પ્રતિ ભીષ્મે કરેલ તે નીચેના શ્લોકથી કહે છે :

**તાન્ સમેતાન્ મહાભાગ! ઉપલભ્ય વસૂત્તમઃ ।**
**પૂજયામાસ ધર્મજ્ઞો દેશકાલવિભાગવિત્ ।।૯।।**

મોટા ભાગવાળા, ધર્મ જાણનારા, દેશ અને કાલના વિભાગને જાણનારા, ઉત્તમ વસુએ તેમને પાસે આવેલા જોઈને તેમની પૂજા કરી.૯

મોટો હતો ભાગ જેનો તેવો ભીષ્મ હતો. ધર્મ-જ્ઞાન વિગેરેનો સમૂહ તે ભાગ. 'વસુઓમાં ઉત્તમ' ભીષ્મ. વસુઓ નિશ્ચય ભૂમિ ઉપર આનંદ પામે છે. તેવી રીતે બીજાઓ બીજા સ્થલે પોતાના ઘરમાં આનંદ પામે છે. ભીષ્મ પુષ્ટિ ભક્ત નથી એમ જણાવવા 'દેશ અને કાલના વિભાગને જાણનારા' એમ કહેલું છે, અથવા ઋષિઓ પ્રાકૃત હોવાથી ઉત્તમ ન હોવા છતાં, આગળ હોવાથી પ્રથમ તેમનું પૂજન વિગેરે કરવાં એવા દેશ અને કાલના વિભાગોને જાણનાર હતો. 'વિધાનવિત્' 'દેશ અને કાલના નિયમને જાણનાર' પાઠ હોય ત્યારે પણ તે જ અર્થ થાય છે.૯

એવી રીતે ધર્મમાં ઉપયોગી હોવાથી મુનિઓનું મનથી અને વાણીથી પૂજન કરીને, ભગવાનનું પણ તે જ પ્રકારે પૂજન કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**કૃષ્ણં ચ તત્પ્રભાવજ્ઞ આસીનં જગદીશ્વરમ્ ।**
**હૃદિસ્થં પૂજયામાસ માયયોપાત્તવિગ્રહમ્ ।।૧૦।।**

અને માયાથી દેહ ધારણ કરેલા, હૃદયમાં રહેલા આસન લીધેલા, જગતના ઈશ્વર શ્રીકૃષ્ણ નું તેમનો પ્રભાવ જાણનારે પૂજન કર્યું.૧૦

ભગવાનનું કેવા પ્રકારે[1] પૂજન કર્યું? એ જાણવાની ઈચ્છા થતાં 'તેમનો પ્રભાવ જાણનારે' એમ કહેલું છે. ઉપર કહેલા મુનિઓ ઉભા હતા ત્યારે જ માત્ર જોઈનેજ તેમનું પૂજન કરેલું. ભગવાનનું તો આસન લીધેલાનું પૂજન કર્યું. પૂજાનો ચિંતનથી સર્વથી ઉત્તમ પ્રકાર જણાવવા 'જગતના ઈશ્વર' એમ કહેલું છે. 'હૃદયમાં રહેલા' એટલે અંતર્યામી. તેમનું બહાર દેખાવાનું કારણ 'માયાથી દેહ ધારણ કરેલા' વિશેષણથી કહેલું છે. માયા શક્તિથી સ્વીકારેલો છે દેહ જેમણે તેવા ભગવાન છે. જીવો ઈંદ્રિયો વિગેરેના પ્રાકૃત સમૂહથી અને અહંકારથી દેહ ગ્રહણ કરે છે. ભગવાન તો પોતાની શક્તિથી જ દેહ બનાવે પણ છે. માયા હોવાથી જુદા પ્રકારનું, બીજના સમ્બન્ધને લીધે પુત્ર વિગેરે તરીકે ભાન કરાવે છે. કેટલાક એમ કહે છે કે ભગવાને બીજનું જ માયાથી ગ્રહણ કરેલું. એવી રીતે લોકની દષ્ટિ પ્રમાણે અને ભીષ્મની બુદ્ધિ પ્રમાણે તે ભગવાનનું નિરૂપણ[2] કર્યું. વાસ્તવિક રીતે તો જેવા ભગવાન છે તે આગળે[3] જણાવવામાં આવશે.૧૦

૧.'કેવા પ્રકારે' સમ્બન્ધી તરીકે, જ્ઞાતિ તરીકે કે ઈશ્વર તરીકે, એવો અર્થ છે. ૨.સૂતે નિરૂપણ કર્યું.
૩.કૌરવેન્દ્રની સ્ત્રીઓના વાક્યોમાં ૧-૧૦-૨૦ થી ૨૩.

એ પ્રમાણે બંનેનું પૂજન કહીને, પહેલાં કહેલા પાંડવોનું પૂજન કર્યા વિનાજ, પોતે કહેલ વિષય તેમની સમજમાં આવે તે માટે તેમના શોકને પહેલાં દૂર કરીને, પોતાનો દોષ ન હોવાનું કહેવાની સાથે ભગવાનને જણાવીને ફલની પ્રાર્થના નીચેના શ્લોકથી આરંભી ચૌદ શ્લોકોથી કરે છે :

**પાણ્ડુપુત્રાન્ ઉપાસીનાન્ પ્રશ્રયપ્રેમસંગતાન્ ।**
**અભ્યાચષ્ટાનુરાગાસ્ત્રૈઃ અન્ધીભૂતેન ચક્ષુષા ।।૧૧।।**

પાસે બેઠેલા વિનય અને પ્રેમવાળા પાંડુના પુત્રોને પ્રેમના આંસુથી અંધ બનેલાં નયન સાથે ભીષ્મે નીચે પ્રમાણે કહ્યું.૧૧

ભાઈના પુત્ર(પૌત્ર) હોવાથી સ્નેહ કરવા અને બોધ આપવા યોગ્ય હતા. 'પાસે બેઠેલાં' હોઈ ધર્મવાળા હતા. 'વિનય અને પ્રેમવાળા' હતા એ જ્ઞાનનો ઉપદેશ કરવાનું કારણ હતું. કારણ કે વિનયવાળાને અને પ્રેમવાળાને જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવે છે. ભગવાનનું દર્શન થવાથી ભીષ્મનો ક્રૂર ભાવ જતો રહેતાં પ્રેમવાળા ભાવથી કહે છે એમ 'પ્રેમના આંસુથી અંધ બનેલાં નયન સાથે' શબ્દથી કહેલું છે. અંધ બનેલાં ચક્ષુવાળો હતો, અથવા તેવો હોવાથી પ્રેમવાળો હતો. પોતાને કલેશ થવા સાથે બીજાઓને દુઃખ થયું તે રડવાનું કારણ હતું. કારણ કે ભગવાને બધાને ઘણો મોહ કરાવેલો. આ પાંડવો પણ દુઃખ પામ્યા અને અમે પણ દુઃખ પામ્યા એવું તાત્પર્ય છે.૧૧

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી તેઓ પાંડવો નું દુઃખ કહે છે :

**ભીષ્મ કહે છે :**

**અહો કષ્ટમ્ અહોऽન્યાય્યં યદ્ યૂયં ધર્મનન્દનાઃ ।**
**જીવિતું નાર્હથ ક્લિષ્ટં વિપ્ર-ધર્માચ્યુતાશ્રયાઃ ।।૧૨।।**

જે તમો વિપ્ર, ધર્મ અને અચ્યુતના આશ્રયવાળા દુઃખથી જીવવા યોગ્ય નથી તેઓને અહો! દુઃખ અને અન્યાય થયો તે આશ્ચર્યકારક છે.૧૨

'અહો!' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલ છે. તેઓનું વનવાસનું દુઃખ સંભારીને, આ પ્રસિદ્ધ કારણ વિના પ્રાપ્ત થએલું તે અહો! દુઃખકારક છે. અપમાન અને ચોટલાને પકડેલ તેનું સ્મરણ કરીને, અહો! અન્યાય ભરેલું છે એમ ઉપર પ્રમાણે કહેલ છે.

**બીજ-સ્વભાવ-ક્ષેત્રાણાં ધર્માધર્મૈસ્તથા પુમાન્ ।।૧૦।।**
**સુખં દુઃખં ચ લભતે કર્મમાર્ગેણ નાન્યથા ।।**

[૧]બીજ, સ્વભાવ અને ક્ષેત્રના ધર્મો અને અધર્મોથી પુરુષ કર્મમાર્ગ પ્રમાણે સુખ અને દુઃખ પામે છે, બીજા કારણથી પામતો નથી.કા ૧૦ ૧/૨

તેમાં તમોને કલેશથી શરીરનું અને અન્યાયથી મનનું જે દુઃખ થયું, તે કર્મથી થએલું નથી, કારણકે તમો ધર્મના પુત્રો છો. જો કે યુધિષ્ઠિરજ ધર્મનો પુત્ર હતો છતાં પણ તેને મુખ્ય રાખીને રહેલા, તેથી સર્વને ધર્મના પુત્ર કહેલા છે. તેથી બીજનો દોષ ન હોવાથી દુઃખ થવું યોગ્ય ન હતું. વળી તમો વિપ્ર, ધર્મ અને અચ્યુત ના આશ્રયવાળા છો. તમારામાં સ્વભાવનો દોષ નથી, કારણકે સ્વભાવથી દુષ્ટ હોય તેઓ ત્રણ પ્રકારે ધર્મનો આશ્રય કરતા નથી. કારણકે ધર્મ ત્રણ પ્રકારનો છે. [ક]નીતિના વિરોધ વગરનો, [ખ]સ્વભાવથી શુદ્ધ અને [ગ]ઈશ્વરના સમ્બન્ધવાળો. તે પૈકી [ક]વિપ્રોના આશ્રયવાળાઓને નીતિનું સર્વ જ્ઞાન હોવાથી તમારા ધર્મમાં નીતિનો વિરોધ નથી, અને [ખ]પોતાના આશ્રયવાળાનો ધર્મ શુદ્ધ રાખે છે અને [ગ]અચ્યુતનો આશ્રય હોવાથી ઈશ્વરના સમ્બન્ધવાળો ધર્મ તમને જણાય છે. આ ત્રણ પૈકી એક-એકનો આશ્રય કરેલ હોય તે પણ દુઃખ પામતો નથી, તો પછી ત્રણેનો આશ્રય કરેલ હોય તેને દુઃખ ક્યાંથી જ હોય? કારણકે ત્રણેનો સ્વભાવ દુઃખ ન થવા દેવાનો જ છે. વળી આ ધર્મમાર્ગથી થતી વ્યવસ્થા કહી. કાલના માર્ગથી અને ભગવાનના માર્ગથી જુદા પ્રકારની વ્યવસ્થા કહેશે.૧૨

૧.બીજ અને ક્ષેત્ર શબ્દથી અનુક્રમે પિતા અને માતા જણાવેલ છે. પિતાથી અને સ્વભાવથી દુઃખ ન થવું જોઈએ તેનું કારણ આ શ્લોકમાં અને માતાથી ન થવું જોઈએ તેનું કારણ ૧૩મા શ્લોકમાં કહેલ છે.

એ પ્રમાણે સ્વભાવ અને બીજના દોષ ન હોવાનું કહીને નીચેના શ્લોકથી ક્ષેત્રનો દોષ ન હોવાનું કહે છે :

**સંસ્થિતેઽધિરથે પાણ્ડૌ વૃથા બાલપ્રજા વધૂઃ ।**
**યુષ્મત્કૃતે બહૂન્ ક્લેશાન્ પ્રાપ્તા તોકવતી મુહુઃ ।।૧૩।।**

અધિરથ પાંડુ મરણ પામતાં બાલક પ્રજાવાળી બચ્ચાંવાળી વધૂ તમારા માટે વારંવાર વિના કારણ ઘણાં દુઃખ પામી.૧૩.

'સંસ્થિતઃ' એટલે શરીરનો ત્યાગ. 'અધિરથ' શબ્દથી ક્ષત્રિયનો ગુણ શૌર્ય કહ્યું. 'પાંડુ' શબ્દથી રાજા હોવાનું જણાવ્યું. બાલકો હતા જેની તેવી કુંતી હતી. આથી બીજું કોઈ રક્ષણ કરનાર ન હોવાનું સૂચવ્યું. 'વધૂ' શબ્દથી તેણે પોતાના ધર્મનું પાલન કર્યાનું સૂચવ્યું. તેથીજ તમારા માટે ધર્મમાર્ગથી તમારું રક્ષણ કરવા ઘણાં દુઃખ પામી. માદ્રીના બે પુત્રો બચ્ચાં હતાં. જોડકાં જન્મેલાં. ઘણા નાનાં બાલકો પગ હલાવવા પણ અશક્ત હતા. તેથીજ 'વારંવાર' દુઃખ પામી. તેથી સંપૂર્ણ રીતે કુંતીઓ ધર્મનું પાલન કરેલ હોવાથી ક્ષેત્રનો દોષ પણ ન હતો. જણાય તેવાં કારણને પણ ન જણાય તેવાં કારણની જરૂર રહેતી હોવાથી, એમ વિગેરે રૂપ પણ [1]દુઃખનું કારણ નથી, એમ જણાવ્યું.૧૩.

૧.ભીષ્મ કર્ણ દુર્યોધન વિગેરે જણાય તેવાં પણ દુઃખનાં કારણ નથી, કારણકે કર્મ કરેલાં હોય તે અદષ્ટ ઉત્પન્ન કરી ફલ આપે છે. દુઃખરૂપ ફલ મળે તેવું અદષ્ટ ઉત્પન્ન થએલ નથી, તેથી અમારાથી પણ દુઃખ થવું ન જોઈએ, અમે દુઃખના કારણ નથી એવો ભાવ છે.

કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી ન હોવાથી, શું કારણ હશે તે જાણવાની ઈચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**સર્વં કાલકૃતં મન્યે ભવતાં યદ્યદપ્રિયમ્ ।**
**સપાલો યદ્વશે લોકો વાયોરિવ ઘનાવલિઃ ।।૧૪।।**

તમારું જે-જે અપ્રિય થએલું છે તે સર્વ, જેમ વાદળાંઓની હાર વાયુને અધીન છે તેમ, પાલન કરનારા સાથે લોક જેને અધીન છે તે કાલે કરેલું હોવાનું હું માનું છું.૧૪

તમારું મનથી થયેલું વિગેરે મારાથી થએલું અને બીજાથી થયેલું સર્વ દુઃખ કાલે કરેલું. કાલ તેનો કર્તા હોવાનું હું માનું છું. પરન્તુ કાલ માત્ર નિમિત્ત નથી, કારણકે જ્યોતિઃશાસ્ત્રમાં કાલ કર્તા હોવાનું જણાવેલું છે.

દુઃખનાં કારણ ઘણાં હોવાનું કહેલું હોવાથી લોક, કાલ, કર્મ સ્વભાવ અને ઈશ્વર માંથી કાલને જ કેમ કારણ કહો છો? એવો પ્રશ્ન થાય, તેથી 'હું માનું છું' એમ કહેલું છે. મને એમ જણાય છે. જે વિષયોમાં સન્દેહ થાય તેમાં સત્પુરુષોના ''અન્તઃકરણની પ્રવૃત્તિઓ પ્રમાણ છે'' એ વાક્યને લીધે, જ્યોતિઃશાસ્ત્ર સંમત થતું હોવાથી અને લોક અને કર્મકારણ ન હોવાનું કહેલ હોવાથી[1] મેં પોતાનાં મનમાં એવો નિશ્ચય કરેલો છે કે આમના દુઃખનું કારણ કાલ જ છે. જ્ઞાની હોવા છતાં દુઃખ થયું તેથી સ્વભાવમાં જેમનો સમાવેશ થાય છે તે માયા વિગેરે દુઃખનું કારણ નથી. અને ઈશ્વર સાથે પક્ષમાં રહેલા હોવાથી અને તમો તેમના ભક્ત હોવાથી

દુઃખ ઈશ્વરે કરેલું નથી તેથી કાલ બાકી રહેલ હોવાથી કાલે જ દુઃખ કરેલું છે એમ હું માનું છું. 'જે-જે' શબ્દથી જણાવેલી પ્રસિદ્ધિથી એમ સૂચવેલું છે કે તમોએ પહેલાનાં જન્મમાં પણ આવું દુઃખ કરાવે તેવું કર્મ કરેલ નથી. ચાલુ પ્રસંગમાં ઉપયોગી હોવાથી ઉત્તરાર્ધથી કાલની શક્તિ કહે છે. લોકો પોતાના આધાર કાલને વશ હોવાથી અને કાલના માપથી વયની હદવાળા હોવાથી, અને ભોગને લીધે કાલને અધીન છે. બ્રહ્માંડની સ્થિતિ પણ કાલના હદવાળી છે. 'પાલન કરનારા સાથે લોક' એટલે ઈંદ્ર વિગેરે સાથેનો લોક કાલને વશ છે. માત્ર ઉત્પત્તિમાં કાલને વશ છે એમ નથી, પરન્તુ સ્થિતિમાં, કાર્ય કરવામાં અને નાશમાં પણ કાલને વશ છે એમ જણાવવા 'જેમ વાદળાંઓની હાર વાયુને અધીન છે' એવું દષ્ટાન્ત કહેલું છે. જેમ વાદળાંઓની હાર વાયુને વશ છે, એટલે સર્વ મહિનાઓમાં મેઘો અવતાર હોવા છતાં વાયુથી જ ભેગા થાય છે અને વીખરાય છે.૧૪

૧. શ્લોક ૧૨માં 'ધર્મના પુત્ર' શબ્દથી કર્મ અને 'ધર્મનો આશ્રય કરનારા' થી લોક કારણ ન હોવાનું કહેલ છે.

દુઃખ કાલે કરેલું છે અને ઉપર કહેલ કર્મ વિગેરેએ કરેલું નથી એમ જણાવનારો તર્ક નીચેના શ્લોકથી કહે છે :

**યત્ર ધર્મસુતો રાજા ગદાપાણિર્વૃકોદરઃ ।**
**કૃષ્ણોઽસ્ત્રી ગાણ્ડિવં ચાપં સુહૃત્કૃષ્ણસ્તતો વિપત્ ॥૧૫॥**

જ્યાં ધર્મનો પુત્ર રાજા, હાથમાં ગદાવાળો વૃકોદર, અસ્ત્રી અર્જુન, ગાંડિવ ધનુષ્ય અને મિત્ર કૃષ્ણ ત્યાં દુઃખ થયું!૧૫

જણાય તેવી બધી સામગ્રી દુઃખ ન થવાનાં કારણરૂપ છે. ધર્મ પુત્રનું પાલન કરે છે અને તે પુત્ર રાજા છે, પોતે ધર્મથી પાલન થતો બીજાનું પાલન કરે તેવો છે. 'વૃકઃ' દશ પ્રકારનો પ્રાણ 'ઉદરે' ઉદરમાં છે જેના તે વૃકોદર. તે બલનો અધિષ્ઠાતા દેવ, હાથમાં ગદાવાળો હોઈ સાધન સાથે રહેલ છે. 'કૃષ્ણઃ', અર્જુન 'કૃષ્ણ' નામથી ભગવાનની સમાન ગુણવાળો છે. 'અસ્ત્રી' ગાંડિવ ધનુષ્યથી બ્રહ્માસ્ત્ર વિગેરેનો પ્રયોગ કરવાની શક્તિવાળો છે. ધનુષ્ય નાશ ન પામે તેવું હોવાનું તેનાં નામથી સૂચવેલું છે. બીજું ધનુષ્ય તો નાશ પામે તેવું હોય છે અને ભગવાન 'મિત્ર' હિત ઈચ્છનારા હતા. વિચાર કરતાં આ જ દુઃખનાં કારણ થયા, કારણ કે પાંડુએ પહેલાં જ પુત્રને પાસે રાખીને જો રાજ્યનો ત્યાગ કર્યો હોત તો દુઃખ થવાનો ભય ન રહેત; અને ભીમ જો બહુબલવાળો ન હોત તો દુઃખ ન થાત. અર્જુને જો 'મત્સ્યવેધ' વિગેરે કર્યા ન હોત, તો દુર્યોધનને ઈર્ષ્યા ન થવાથી દુઃખ ન થાત; અને અગ્નિએ જો સાધનો આપ્યાં ન હોત તો ઈંદ્ર સાથે કજીઓ ન થવાથી દેવનો અપરાધ ન થાત. ભગવાને જો સાહાય્ય કરી ન હોત તો જેમણે દુઃખ આપેલ તેઓ દીન ઉપરની દયાને લીધે દુઃખ ન દેત. તેથી સુખનાં સાધન તરીકે જેમનો સ્વીકાર કર્યો તેમનાથી જ્યારે દુઃખ થયું ત્યારે તે કાલે કરેલું છે એવો જ નિશ્ચય થાય છે.૧૫

એવું હોય તો કાલ સર્વથી બલવાન હોવાનું સૂચવાયું, અને તે પ્રમાણે કાલ ભગવાનનું ઉલ્લંઘન કેમ કરે? એવા પ્રશ્નના ઉત્તરમાં નીચેનો શ્લોક કહે છે :

**નહ્યસ્ય કર્હિચિદ્ રાજન્ પુમાન્ વેદ વિધિત્સિતમ્ ।**
**યદ્ વિજિજ્ઞાસયા યુક્તા મુહ્યન્તિ કવયોઽપિ હિ ।।૧૬।।**

હે રાજન! આમણે કરવા ઇચ્છેલું પુરુષ કોઈ પણ સમયે જાણતો નથી જ, કારણ કે જે (તે) જાણવાની ઇચ્છાવાળા કવિઓ પણ મોહ પામે છે.

આ ભગવાને કરવા ઇચ્છેલું કોઈપણ જાણતો નથી, જો કે કાલ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તનાર હોવાથી ભગવાનની ઇચ્છા એવી હોય તો પ્રવૃત્તિ કરતો નથી, પરન્તુ ભગવાનની ઇચ્છા જ જાણવી અશક્ય છે. ભગવાન સુખ અથવા દુઃખ કરાવનારા નથી, જો તેમ હોય તો સર્વ સ્થલે સર્વને સુખ અથવા દુઃખ થાય, પરન્તુ ભગવાનની ઇચ્છા તેમ કરાવનારી છે. તે માત્ર તેનાં કાર્યથી અનુમાન થઈ શકે તેવી છે, કાર્ય થયાં પહેલાં જાણી શકાય તેવી નથી.

એમ હોય તો ભગવાન વિશ્વાસ રાખવા યોગ્ય કેમ ગણાય? એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. ભગવાને પાંડવોને શું દુઃખ આપ્યું? અથવા વૈરાગ્ય કરાવવા હમણાં સુખ આપ્યું? અથવા ભગવાને સર્વ તરફથી અમારું પાલન કર્યું છે એવા જ્ઞાનથી ભક્તિ આપી? અથવા કૌરવોનું હિત કર્યું? એનો વિચાર કરવામાં આવે ત્યારે સર્વ વિષયમાં તર્ક સંભવે છે. તેથી જ કવિઓ પણ મોહ પામે છે. 'હિ' 'કારણકે' શબ્દનો એવો અર્થ છે કે વાણી અને મન થી જે જણાય તેવું નથી તેમાં તર્કની પ્રવૃત્તિ થતી નથી.૧૬

ત્યારે હવે પછી શું ઉપાય કરવો? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તસ્માદ્ ઇદં દૈવતન્ત્રં વ્યવસ્ય ભરતર્ષભ! ।**
**તસ્યાનુવિહિતોઽનાથા નાથ! પાહિ પ્રજાઃ પ્રભો ।।૧૭।।**

તેથી હે ઉત્તમ ભારત! આ દૈવને અધીન છે એવો નિશ્ચય કરીને, હે નાથ! તેમની આજ્ઞા માનીને, હે શક્તિવાળા! અનાથ પ્રજાઓનું પાલન કર.૧૭

કારણકે સર્વ કાલને અધીન છે અને તે કાલ ભગવાન છે, અને તે જ 'દૈવ' શબ્દનો અર્થ છે. કાલનું ઉલ્લંઘન થવાનું બીજા પ્રકારથી સંભવતું નથી. તેથી આમની 'અનુવિહિતઃ' આજ્ઞા માનીને, આમની આજ્ઞા ઉઠાવનારો થઈ, અનાથ પ્રજાઓનું પાલન કર. ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાથી અને પોતાના ધર્મ પ્રમાણે ચાલવાથી ભગવાન પ્રસન્ન થાય છે, એવી મર્યાદા છે. જો કે અધિક પ્રમેય બલનો વિચાર કરતાં ભગવાન શાથી પ્રસન્ન થાય છે તે જણાતું નથી, છતાં પણ પ્રમાણ બલનો વિચાર કરીને આ કહેલું છે. પહેલાં દુર્યોધન વિગેરે પ્રજાના નાથો હતા. હમણાં પ્રજાઓ નાથ વિનાની થઈ છે. અથવા તમે નાથ હોવા છતાં નાથપણું અભિમાન ન હોવાથી માત્ર દયાથી, શક્તિ હોવાને લીધે, તે પ્રજાઓનું પાલન કરવું.૧૭

'તેમની આજ્ઞાને અધીન રહીને' શબ્દથી પહેલાં કહેલનું સ્મરણ કરાવેલ હોવાથી, અને પહેલાં 'દૈવને અધીન' એ શબ્દથી કાલ કહેલ હોવાથી, અને તેથી પણ પહેલાં શ્લોક ૧૬ માં શ્રીકૃષ્ણ કહેલા હોવાથી, શ્રીકૃષ્ણની અથવા કાલની કોની આજ્ઞાને અધીન રહેવું? એવો સન્દેહ થતાં, સર્વ કાલને અધીન હોવાનું કહેલ હોવાથી, તેને અધીન રહેવાનું કહીને પ્રજાનું પાલન કરવાનું કહ્યું એવું પરિણામ આવે છે. વળી 'આમનું કરવા ઈચ્છેલું કોઈ જાણતું નથી' શ્લોક ૧૬ વાક્યમાં પહેલાં શ્રીકૃષ્ણ કહેલા હોવાથી, તે કાલને આધીન હોવાનું શ્લોક ૧૭માં જણાવ્યું, તેથી શ્રીકૃષ્ણ કાલને અધીન નથી એમ કહેવા, તેમનાં ઈચ્છેલાં સમ્બન્ધી સન્દેહ જણાવ્યો, તે વિષયમાં શ્રીકૃષ્ણ શું કાલને અધીન નથી એમ જણાવ્યું છે કે પછી સુખ અથવા દુઃખનું કારણ કાલ નથી એમ કહો છો? કે પછી કાલ અને શ્રીકૃષ્ણ ભેગા મળીને દુઃખનાં કારણ થયાં છે એમ કહો છો? ત્રણે મત પ્રમાણે કાલથી શ્રીકૃષ્ણ જુદા હોવાનું પરિણામ આવે છે, અને તેથી કાલ સુખ તથા દુઃખ નું કારણ હોવાનો મત પહેલાના અને પછીના વાક્યોથી વિરુદ્ધ છે, એવી શંકા કરીને તેનો નિરાસ કરવા નીચેના શ્લોકથી કાલ જ શ્રીકૃષ્ણ છે, અને તે ભગવાન છે એમ શ્રીકૃષ્ણ ભગવાન હોવાનું વિસ્તારથી કહે છે :

**એષ વૈ ભગવાન્ સાક્ષાદ્ આદ્યો નારાયણઃ પુમાન્ ।**
**મોહયન્ માયયા લોકં ગૂઢશ્ચરતિ વૃષ્ણિષુ ।।૧૮।।**

આ નિશ્ચય સાક્ષાત્ ભગવાન આદ્ય નારાયણ પુરુષ છે. લોકને માયાથી મોહ કરતાં વૃષ્ણિઓમાં છૂપા રહી ફરે છે.૧૮.

આ શ્રીકૃષ્ણ કાલરૂપ છે. 'વૈ' નિશ્ચય, કલ્પિત ઐક્ય વિના અને ધ્યાનના સાધનથી સાક્ષાત્ ભગવાન જણાય છે.

કાલરૂપ શ્રીકૃષ્ણ ભગવાન હોવાથી શું? એવો પ્રશ્ન થાય તેથી 'આદ્ય, નારાયણ પુરુષ' એમ કહેલું છે. જે 'આદ્ય' પુરુષોત્તમ છે તે જ બ્રહ્માંડ દેહવાળા 'નારાયણ' તે પોતાની મેળે પ્રકાશતા 'પુરુષ' છે. આથી એમ જણાવેલ છે કે કાલ શ્રીકૃષ્ણ છે, શ્રીકૃષ્ણ ભગવાન છે, ભગવાન પુરુષોત્તમ છે, પુરુષોત્તમ નારાયણ છે અને નારાયણ પોતાની મેળે પ્રકાશતા પુરુષ છે. તે પોતાનાં શરીરે ભાર જણાણાં તે દૂર કરવા આવી, યાદવોમાં પ્રવેશ કરી રહેલા છે. જે પ્રકારે પોતાને કોઈપણ ન જાણે તેવી રીતે. 'માયયા' મનુષ્યની ચેષ્ટાઓથી લોકને ઘણો મોહ કરતાં, ભગવાનપણું સંપૂર્ણ પ્રકારે છૂપાવીને સર્વનું ભક્ષણ કરવા ફરે છે, એવો અર્થ છે.૧૮

આ શ્રીકૃષ્ણ એવા કેવી રીતે હોય? અને કોઈપણ કેમ તેમને જાણે નહીં? એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**અસ્યાનુભાવં ભગવાન્ વેદ ગુહ્યતમં શિવઃ ।**
**દેવર્ષિર્નારદઃ સાક્ષાદ્ ભગવાન્ કપિલો નૃપ! ।।૧૯।।**

હે નૃપ! આમનો સર્વથી છૂપો રાખવા યોગ્ય પ્રભાવ ભગવાન શિવ, દેવર્ષિ નારદ

અને સાક્ષાત્ ભગવાન કપિલ જાણે છે.૧૯

આ એવાજ છે. એમનો સર્વનો સંહાર કરવારૂપ સર્વથી છૂપો રાખવા યોગ્ય પ્રભાવ એવો છે તેને શિવ જ જાણે છે, જે શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં સર્વનું ભક્ષણ કરવા છતાં પણ 'શિવઃ' કલ્યાણ રૂપજ રહે છે. તેવી રીતે દેવર્ષિ નારદ સર્વ સ્થલે પ્રવેશ કરીને સર્વને મારતાં સર્વને હિત કરનાર તરીકે જણાય છે, તેવી રીતે સાક્ષાત્ ભગવાન કપિલ, જે પ્રકૃતિ જ કારણ હોવાનું કહીને, પુરુષ કારણ નથી એમ જણાવી, સર્વના કારણરૂપ રહી, પુરુષ ભગવાન સર્વનું કારણ નથી એવો બોધ કરે છે. તેથી સાત્ત્વિક, રાજસ અને તામસો માં ગુણથી પર કહેલા તે ત્રણજ આમનો પ્રભાવ જાણે છે.૧૯

બીજાઓ તો ઘણા પ્રકારે શ્રવણ કરેલ હોવા છતાં પણ તમારી પેઠે જાણતા નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**યં મન્યસે માતુલેયં પ્રિયં મિત્રં સુહૃત્તમમ્ ।**
**અકરોઃ સચિવં દૂતં સૌહૃદાદ્ રથસારથિમ્ ।।૨૦।।**

જેમને તું મામાના પુત્ર, પ્રિય, મિત્ર અને ઉત્તમ સુહૃત્ માને છે તેમને તેં સચિવ, દૂત અને મૈત્રીને લીધે રથના સારથિ કર્યા.૨૦

વસુદેવના ઘેર અવતાર થવાને લીધે તેં મામાના પુત્ર માન્યા. વળી સમ્બન્ધને લીધે અને પોતાના તરીકે 'પ્રિયમ્' પ્રેમ કરવા યોગ્ય, ઉપકાર કરનાર તરીકે મિત્ર અને દ્રૌપદી વિગેરે પ્રાપ્ત કરાવવાને લીધે છૂપી રીતે સદા ઉપકાર કરનાર તરીકે ઉત્તમ સુહૃત્ માન્યા. જે ઉત્તમ પ્રેમ રાખે, કોઈપણ સમયે કપટ ન કરે, ગેરહાજરીમાં અને સ્પષ્ટ જણાય તેમ તેનું હિત જ વિચારે તે સુહૃત્.

તને એવું માત્ર જ્ઞાન જ હતું એટલુંજ નહીં, પરન્તુ તેં ઘણાંએ અયોગ્ય કાર્ય કર્યા, તે ઉત્તરાર્ધથી કહે છે. 'સચિવ' એટલે મંત્રી. પોતાની હલકાઈથી કાર્ય પાર પાડે તે દૂત. વ્યવહારમાં સમાન હોવા છતાં પણ મૈત્રીને લીધે તેમને તે હલકા બનાવ્યા, તેથી જ રથના સારથિ કર્યા. રથનું રક્ષણ કરનાર સાવધાન સારથિ કર્યા, માત્ર રથ હાંકનાર નહીં.૨૦

બીજાઓ ભગવાનને ભલે ન જાણે ભગવાન તો પોતાને જાણતા હોઈ, હલકું કર્મ કેમ કરે! એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સર્વાત્મનઃ સમદૃશો હ્યદ્વયસ્યાનહંકૃતેઃ ।**
**તત્કૃતં મતિવૈષમ્યં નિરવદ્યસ્ય ન ક્વચિત્ ।।૨૧।।**

સર્વમાં આત્માવાળા, સમદૃષ્ટિવાળા, દ્વૈત વિનાના, અહંકાર વિનાના અને પાપરહિત તેમને તેનાથી થતું બુદ્ધિનું વિષમપણું કોઈ સ્થલે અને સમયે થતું નથી.૨૧

સર્વમાં છે આત્મા જેમનો તેવા ભગવાન છે. આથી એમ જણાવ્યું કે બધું પોતાનાં

કાર્ય માટે જ કરે છે, તેથી વિષમપણું કેમ હોય? અને વેદ વિગેરે રચનાર હોવાથી શત્રુ મિત્ર અને ઉદાસીનમાં સમાન બુદ્ધિવાળા છે, તેથી પણ વિષમપણું નથી. વળી ભેદ જોવામાં આવે ત્યારે વિષમપણું થાય. તેમને તો સર્વ સ્થલે પોતાનો આત્મા જ જણાય છે તેથી નથી દ્વૈત જેમને તેવાને વિષમપણું કેમ હોય?

**સ્વરૂપેણ પ્રમાણેન પ્રમેયેણ નિરાકૃતમ્ ।।૧૧।।**
**વૈષમ્યમ્ અવતારે તુ નિરહંક્રિયયા તનૌ ।।**

વિષમપણું નથી એમ સ્વરૂપથી પ્રમાણથી અને પ્રમેયથી જણાવ્યું. દેહમાં અહંકાર ન હોવાથી અવતારમાં વિષમપણું ન હોવાનું જણાવ્યું કા.૧ ૧/૨.

નથી અહંકાર જેમને તેવા ભગવાન છે 'તેનાથી થતું' એટલે ઉત્તમ અથવા હલકાં કર્મથી થતું. કાંઈપણ કરવું જોઈએ તેથી બધુંએ કરે છે, પરન્તુ ઉત્તમ હોવાથી કરતા નથી. હલકું કર્મ કરવા થી દોષ કેમ ન થાય? એવી શંકા થાય તેથી 'પાપરહિત' એમ કહેલ છે. પાપરહિત હોવાપણાને દેશની અથવા કાલની હદ નથી એમ 'ન ક્વચિત્' 'કોઈપણ સ્થલે અને કોઈપણ સમયે વિષમપણું નથી' શબ્દોથી કહેલ છે.૨૧

તેથી આ ભગવાન જ સર્વનું ભક્ષણ કરનાર છે. તેમને તમે જાણતા ન હોવાથી તેમની સાથે એવો વ્યવહાર કર્યો એમ કહ્યું, ત્યારે ભય અને (ભગવાન) સેવા કરી ન શકાય તેવા જણાયા. તે કાઢી નાખવા નીચેનો શ્લોક કહે છે :

**તથાપ્યેકાન્તભક્તેષુ પશ્ય ભૂપાનુકમ્પિતમ્ ।**
**યન્ મેઽસૂંસ્ત્યજતઃ સાક્ષાત્ કૃષ્ણો દર્શનમ્ આગતઃ ।।૨૨।।**

છતાં પણ હે ભૂપ! અનન્ય ભકતો ઉપરની તેમની કૃપા જો. કારણ કે હું પ્રાણ તજું છું ત્યારે સાક્ષાત્ શ્રીકૃષ્ણે મને દર્શન આપ્યાં.૨૨

જો કે એવાજ છે છતાં પણ તેમનામાં એક અસાધારણ ગુણ ભક્ત ઉપરની કૃપારૂપ છે, જે તે ભજન કરવા યોગ્ય હોવાનું કારણ અને ભય ન રાખવાનું કારણ છે, અને તે ગુણનો કોઈ સમયે અભાવ થતો નથી અને તે સદા ફલ આપનારો છે. રાજાઓને પણ કોઈ વાર એવું થાય છે, તેથી તેની સંમતિ લેવા 'હે ભૂપ!' એવું સંબોધન કરેલું છે. કૃપાનો કોઈ સમયે અભાવ થતો ન હોવાનું ઉત્તરાર્ધથી પોતાનાં દૃષ્ટાન્તથી કહે છે, કારણ કે મારા (ભીષ્મ) જેવો તિરસ્કાર કરનાર, ભક્તોનો દ્રોહ કરનાર અને શત્રુના પક્ષમાં રહેનાર, કોઈ પણ અપરાધી નથી, છતાં પણ કોઈવાર મેં ભગવાનનું નામ લીધેલ હોવાથી, ખોટા ડોળવાળી ભક્તિનો આદર કરીને, દુષ્ટ ભકતની મુક્તિ નહીં થાય એવા વિચારથી પ્રાણ તજવાના સમયે પોતે પધારી પોતાનો સાક્ષાત્કાર કરાવી મને કૃતાર્થ કર્યો, એવો અર્થ છે. તેથી બીજા ભકતો કૃતાર્થ થવાના એમાં કહેવુંજ શું? એવું તાત્પર્ય છે.૨૨

ભગવાનનો સાક્ષાત્કાર થવાથી મુક્તિ થવાનું તો ખરેખર દૂર રહ્યું, ભગવાન પ્રકટ

થયા વિના પણ ભગવાનના અંગરૂપ મનમાં કલ્પેલાં તેમનાં રૂપ અને નામ થીજ મુક્તિ થાય છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ભક્ત્યાવેશ્ય મનો યસ્મિન્ વાચા યન્ નામ કીર્તયન્ ।**
**ત્યજન્ કલેવરં યોગી મુચ્યતે કામકર્મભિઃ ।।૨૩।।**

વાણીથી જેમના નામનું કીર્તન કરતાં, ભક્તિથી જેમનામાં મન પરોવીને દેહનો ત્યાગ કરતો યોગી કામકર્મોથી[1] મુક્ત થાય છે.૨૩

'ભક્તિથી' એમ શાસ્ત્રમાં કહેલી ભક્તિના અધિકારી વિષે કહેલું છે. વાસ્તવિક રીતે તો હરકોઈ પ્રકારે ભગવાનમાં મન પરોવવાથીજ મુક્તિ થાય છે. ઈંદ્રિયની ક્રિયા પણ ભગવાનનાં નામથી કરતાં, પહેલાં યોગના અભ્યાસમાં આનન્દ કરતો હોવા છતાં પણ હવે ભક્તિમાર્ગથી શરીરનો ત્યાગ કરતાં, કાયા વાણી અને મનથી તામસ રાજસ અને સાત્ત્વિક કર્મ પણ કરતાં, પહેલાં કરેલાં કામકમાથી[2] મુક્ત થાય છે. અથવા સ્વભાવરૂપ થએલાં તે [3]કર્મો પણ આ કર્મોથી[4] મુક્તિ કરાવનારાં થાય છે, એવો અર્થ છે.૨૩

૧-૨.કામકર્મો એટલે કામનાવાળા કર્મો, અથવા કામ કામનાઓ અને કર્મો.
૩.'તે કર્મો' એટલે કામકર્મો.
૪.'આ કર્મો' એટલે વાણીથી ભગવાનનું નામ લેવારૂપ રાજસ, ભક્તિથી તેમનામાં મન પરોવવારૂપ સાત્વિક, દેહનો ત્યાગ કરવારૂપ તામસ કર્મો.

એવી રીતે ભજન કરવા યોગ્ય ભગવાનના ગુણો કહીને, પોતામાં મનથી ભગવાનની મૂર્તિની કલ્પના કરવાની શક્તિ ન હોવાથી, છેવટના શ્વાસ સુધી ભગવાન ત્યાં રહે એવી પ્રાર્થના નીચેના શ્લોકથી કરે છે :

**સ દેવદેવો ભગવાન્ પ્રતીક્ષતાં કલેવરં યાવદ્ ઈદં હિનોમ્યહમ્ ।**
**પ્રસન્નહાસારુણલોચનોલ્લસન્મુખામ્બુજો ધ્યાનપથશ્ચતુર્ભુજઃ ।।૨૪।।**

હું આ દેહનો ત્યાગ કરું ત્યાં સુધી પ્રસન્ન હાસ્ય અને લાલ નયનોથી શોભતા મુખકમલવાળા, ધ્યાનથી જણાતા, ચાર ભુજાવાળા તે દેવોના દેવ ભગવાન રોકાઓ.૨૪

મારા ઉપરની કૃપાનું, માત્ર આ સમયની ભક્તિ જ નહીં, બીજું પણ કારણ છે. કારણકે વસુ વિગેરે દેવોના તે સદા પૂજ્ય છે. વળી 'ભગવાન' હોવાથી પોતાથી જ પૂર્ણ છે. હું જ્યારે મારું આ શરીર તજું ત્યાં સુધી તે રોકાઓ, પરન્તુ તે દરમ્યાન મારું શરીર લઈ પોતાની અંદર સમાવી ન લો, અથવા મને હણો નહીં. 'આ' એટલે જીર્ણ થએલ. 'હું' શબ્દથી ઈચ્છા થાય ત્યારે શરીર તજવાની શક્તિ કહેલી છે. ''જેઓ મને જેમ ભજે છે તેમને હું તે જ પ્રમાણે ભજું છું'' (ભગ.ગીતા ૪।૧૧) એ વાક્ય પ્રમાણે ન રોકાઓ, પરન્તુ પ્રસન્ન હાસ્ય અને લાલ નયનો, તેમનાથી શોભતું છે મુખકમલ જેમનું તેવા રહી રોકાઓ. હાસ્ય પ્રસન્ન હોવાથી, માયાથી મોહ નહીં થાય. લોચનો લાલ હોવાથી મારાં પાપનો નાશ કરશે. તેઓનું પણ 'પ્રસન્ન' વિશેષણ હોય, ત્યારે મારામાં સર્વ ગુણો મૂકશે. મુખકમલ તેવું હોવાથી મને પોતાનાં સ્થાનની પ્રાપ્તિ કરાવશે.

ધ્યાનથી જણાતા હોવાથી અણિમા વિગેરે સિદ્ધિઓ પ્રાપ્ત કરાવશે. ચાર ભુજાવાળા હોવાથી ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરાવશે. એ પ્રમાણે સર્વ પુરુષાર્થો આપવા માટે સર્વ અંગોનું પ્રકાશન કરતાં, બીજા પદાર્થનો સંચાર મારામાં ન થાય તે માટે પ્રકટ રહો, એવી પ્રાર્થના છે.૨૪

વચ્ચે ભીષ્મ અવકાશવાળા છે એમ જાણીને પોતાનો સન્દેહ દૂર કરવા યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**યુધિષ્ઠિરસ્તદાકર્ણ્ય શયાનં શરપઞ્જરે ।**
**અપૃચ્છદ્ વિવિધાન્ ધર્માન્ ઋષીણામ્ અનુશૃણ્વતામ્ ।।૨૫।।**

યુધિષ્ઠિરે તેનું શ્રવણ કરીને ઋષિઓનાં સાંભળતાં બાણનાં પીંજરા ઉપર સૂતેલા ભીષ્મને જુદી-જુદી જાતના ધર્મો સમ્બન્ધી પ્રશ્ન કર્યા.૨૫

ઉપર કહેલું જાણીને, બધું ભગવાને કરેલું છે એમ સમજીને, પોતે હત્યાનું કારણ ન હોવાથી પોતાથી હણવા વિગેરેનો દોષ થયો નથી એવો નિશ્ચય કરેલ હોવા છતાં પણ યુધિષ્ઠિરે પ્રશ્ન કેમ કર્યા? એવી શંકા થાય, તેથી 'તેનું શ્રવણ કરીને' અને 'બાણનાં પીંજરા ઉપર સૂતેલાને' એમ કહેલું છે. જો ભગવાન જ સર્વ કરતા હોય, તો ભીષ્મ કેમ એવી રીતે બાણના પાંજરા ઉપર પડી રહેલા છે? કારણકે કાર્ય કરેલ ન હોય તેનું ફલ ભગવાન ભોગવાવતા નથી. તેમ હોય તો અતિપ્રસંગ* થાય, અને દુઃખ સર્વને જાણીતું છે અને ભગવાન સર્વ કાર્યોના કર્તા છે એમ શ્રવણ કર્યું, તેથી બધા ઋષિઓને પણ સન્દેહ થયો. તેથી તેઓનો સન્દેહ પણ દૂર થાય તે માટે ઋષિઓનાં પણ સાંભળતાં પ્રશ્ન કર્યા એવો અર્થ છે, ધર્મોજ જુદા જુદા પ્રકારના હોવાથી, રાજાના સેવકો પેઠે તેમનામાં બલવાન અને દુર્બલ હોવાનો પ્રકાર છે કે નહીં એવા સન્દેહથી પણ પ્રશ્ન કર્યો, તે 'જુદી જુદી જાતના' શબ્દથી કહેલ છે.૨૫

* જે કર્મ કરે તે તનું ફળ ભોગવે એવો નિયમ છે. કર્મ ન કરનારને પણ બીજાએ કરેલ કર્મનું ફળ ભીષ્મની માફક ભોગવવું પડતું હોય તો એ નિયમ જ્યાં લાગુ ન પડતો હોય ત્યાં પણ લાગું પાડ્યો, એ અતિપ્રસંગ થયો.

ધર્મો ત્રણ પ્રકારના છે : [ક]વૈદિક [ખ]પૌરાણિક અને [ગ]અન્વય તથા વ્યતિરેક થી સિદ્ધ થતા લૌકિક. તે બધા ભીષ્મે અનુક્રમે કહ્યા, એમ નીચેના ત્રણ શ્લોકોથી કહે છે :

**પુરુષસ્વભાવવિવિહિતાન્યથાવર્ણં યથાશ્રમમ્ ।**
**વૈરાગ્યરાગોપાધિભ્યામ્ આમ્નાતોભયલક્ષણાન્ ।।૨૬।।**
**દાનધર્માન્ રાજધર્માન્ મોક્ષધર્માન્ વિભાગશઃ ।**
**સ્ત્રીધર્માન્ ભગવદ્ધર્માન્ સમાસવ્યાસયોગતઃ ।।૨૭।।**
**ધર્માર્થકામમોક્ષાંશ્ચ સહોપાયાન્ યથા મુને ।**
**નાનાખ્યાનેતિહાસેષુ વર્ણયામાસ તત્ત્વવિત્ ।।૨૮।।**

તત્ત્વ જાણનારે વર્ણ અને આશ્રમ પ્રમાણેના પુરુષના સ્વભાવ પ્રમાણે કરવાના ધર્મો વૈરાગ્ય અને આસક્તિ ઉપાધિ સાથેના શાસ્ત્રમાં કહેલા બંને પ્રકારનાં ધર્મો, વિભાગ કરીને દાનના ધર્મો, રાજાના ધર્મો, મોક્ષના ધર્મો, સંક્ષેપ અને વિસ્તારના પ્રકારથી સ્ત્રીના ધર્મો અને ભગવાનના સમ્બન્ધવાળા ધર્મો, અને હે મુનિ! ઉપાયો સાથે ધર્મ અર્થ કામ અને મોક્ષ બરાબર જુદા-જુદા આખ્યાનો અને ઈતિહાસોમાં વર્ણન કરી કહ્યા.૨૬-૨૮.

તે પૈકી વૈદિકધર્મો ત્રણ પ્રકારના છે [ક]શરીરના અધિકારથી કરાતા, [ખ]વર્ણ અને આશ્રમરૂપ બહારના ધર્મોથી કરાતા, અને [ગ]વૈરાગ્ય વિગેરે અંદરના ધર્મથી કરાતા. તે પૈકી પુરુષના સ્વભાવ પ્રમાણે કરવાના રક્ષણ વિગેરે સ્વતન્ત્ર ધર્મો, જ્ઞાન વિગેરે વર્ણના ધર્મો, વેદનું અધ્યયન વિગેરે આશ્રમના ધર્મો કહ્યા. પૂર્વકાંડમાં કહેલી આસક્તિની ઉપાધિઓ, ઉત્તરકાંડમાં કહેલી વૈરાગ્યની ઉપાધિઓ કહ્યા. દાન વિગેરે પૌરાણિક ધર્મો કહ્યા. ગાયોનું દાન વિગેરે અને તુલાપુરુષનું દાન વિગેરે દાન ધર્મો, ગુપ્તચર વિગેરેથી દરેકનું મૂલ કારણ જાણવું વિગેરે રાજાના ધર્મો, મૌન ક્રિયાનો અભાવ વિગેરે મોક્ષના ધર્મો, અને તેમની અંદરના ભેદો, પતિવ્રતાપણું વિગેરે સ્ત્રીઓના ધર્મો, કાર્તિકનું વ્રત વિગેરે ભગવાન સમ્બન્ધી ધર્મોદ્ર

**સમાસવ્યાસકથનાદ્બુદ્ધિર્ભવતિ વૈ સ્થિરા ।।૧૨।।**

સંક્ષેપ અને વિસ્તારથી કહેવાથી બુદ્ધિ નિશ્ચય સ્થિર થાય છે. કા.૧૨

તેથી દ્ર સંક્ષેપ અને વિસ્તારથી કહ્યા, એમ 'સંક્ષેપ અને વિસ્તારના પ્રકારથી શબ્દથી કહેલું છે.

ચાર પુરુષાર્થોનાં સાધન બનેલા ધર્મો (શ્લોક ૨૮ થી) કહે છે. પુરુષાર્થોનું સ્વરૂપ સાધનો અને પ્રકારો 'યથા' બરાબર કહ્યા. 'હે મુનિ!' સંબોધનથી એમ જણાવેલ છે કે મનન કરવામાં વિઘ્ન કરનારા હોવાથી આ વિસ્તારથી કહેલા નથી. જેમાં શબ્દો મુખ્ય હોય તેવા 'તેમણે એમ કહ્યું' વિગેરે આખ્યાનો છે. 'ઈતિહાસ' એટલે ''તેમણે આમ કર્યું, આમ થયું'' એવા પહેલાં બનેલા બનાવો. આ જૂનાં વાક્યોથી પ્રાપ્ત થએલા લૌકિક છે, માત્ર ભ્રાંતિથી જણાએલા નથી, એવો અર્થ છે. બધાનું તત્ત્વ ભીષ્મ જાણે છે, એ તેમણે શંકા ન રહે તેમ કહેવાનું કારણ છે. આટલાથી બધા સન્દેહો દૂર કર્યા, એમ કહેવાયું. સગુણ કર્મથી બંધ અને નિર્ગુણ કર્મથી મોક્ષ થાય છે. 'લોકમાં કર્મ જ ફલ આપનારું છે એમ જાણવામાં આવો' એવા હેતુથી જેને નીચે અથવા ઉપર લઈ જવા ઈચ્છે છે તેની પાસે ખરાબ અથવા સારું કર્મ કરાવે છે, એમ ઈશ્વર સર્વના કર્તા હોવાનું અને જીવને દુઃખ વિગેરેનો અનુભવ થવાનું કહેવાયું.૨૬-૨૮

ધર્મનું પ્રવચન વિગેરે દેહત્યાગના કાલનો વિલંબ હોવાથીજ કરેલું, પરન્તુ આથી કાંઈ પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો ન હતો, તેથી સમય થયો ત્યારે સર્વ પૂરું કર્યું એમ નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કહે છે :

**ધર્મં પ્રવદતઃ તસ્ય સ કાલઃ પ્રત્યુપસ્થિતઃ ।**

**યો યોગિનશ્છન્દમૃત્યોર્વાઞ્છિતસ્તૂત્તરાયણઃ ।।૨૯।।**

તે ધર્મ કહેતા હતા ત્યારે પોતાની ઈચ્છા પ્રમાણે મૃત્યુ કરનાર યોગીઓનો ઈચ્છેલો ઉત્તરાયણનો સમય થયો. ૨૯

ઉત્તરાયણનો સમય ઉત્તમ હોવા છતાં, તેની પહેલાંનો સમય હલકો હોવાથી તે પહેલાંના સમયના દોષનો સમ્બન્ધ થતાં પોતામાં દુષ્ટતા ન થાય તે માટે તે દુષ્ટતા થઈ નહીં એમ જણાવવા 'ધર્મ કહેતા હતાં ત્યારે' એમ કહેલું છે. યોગીઓની ઊંચી ગતિ નક્કી થએલી હોવાથી, અને સૂર્યમંડલની મધ્યે તે માર્ગ રહેલો હોવાથી ઉત્તરાયણ થાય ત્યારે જ સૂર્ય ઉપર જઈ શકાય છે. 'પોતાની ઈચ્છા પ્રમાણે મૃત્યુ કરનાર' શબ્દથી એમ જણાવેલ છે કે યોગથી ઉત્પન્ન થએલ ગુણથી કાલને પણ વશ કરેલ હોવાથી પોતાની ઈચ્છા થાય ત્યારે મૃત્યુ પામે તેવા હતા. ૨૯

તે સમયે જે કરવા યોગ્ય હતું તે નીચેના શ્લોકથી કહે છે :

**તદોપસંહૃત્ય ગિરઃ સહસ્રણીઃ વિમુક્તસંગં મન આદિપૂરુષે ।**
**કૃષ્ણે લસત્પીતપટે ચતુર્ભુજે પુરઃસ્થિતેઽમીલિતદગ્વ્યધારયત્ ।।૩૦।।**

તે સમયે હજારોના નાયકે વાણી બંધ કરીને આંખનું મટકું માર્યા વિના સંગ તજેલાં મનને (ભીષ્મે) પ્રકાશતાં પીળાં વસ્ત્રવાળા ચારભુજાઓવાળા સામે રહેલા આદિપુરુષ શ્રીકૃષ્ણમાં પરોવ્યું. ૩૦

સર્વ ત્યાગ કરી ભગવાનનું ચિંતન કરવું જોઈએ. તેમ વાણી બંધ કરી, મનનું ચંચલપણું તજી અને ક્રિયારહિત થવાથી થાય છે. તે પૈકી શરીરની ક્રિયા પહેલાંજ બંધ થએલી હતી. 'વાણી બંધ કરીને' શબ્દથી વાણી બંધ કર્યાનું કહ્યું. 'હજારોના નાયક' શબ્દથી યુદ્ધથી અથવા વચનથી હજારો યોદ્ધાઓને 'નયતિ' પોતાને અધીન કરે છે એવી પોતાના ધર્મ ક્ષત્રિયપણાની ઉત્તમતા કહેલી છે. 'સંગ તજેલાં' શબ્દથી મનનો ઉપયોગ કહેલ છે. ઉત્તમ પ્રકારે તજી દીધેલા છે અંદરના અને બહારના સંગો જેણે તેવાં મનને શ્રીકૃષ્ણમાં પરોવ્યું. 'આદિપુરુષમાં પરોવ્યું' એમ કહેતાં મનથી કલ્પેલી પ્રતિમામાં પરોવેલું કહેવાય. તેમ કર્યું ન હતું એમ જણાવવા 'સામે રહેલા શ્રીકૃષ્ણમાં' શબ્દોથી અલૌકિક પ્રકાર કહેલો છે. ''કોઈક ધીર પુરુષે અંદરના આત્માને જોયા'' એમ નયનને અંદર લઈ જઈ તેનાથી જોવા યોગ્ય જૂએ છે. અહીં તો તેથી ઉલટું છે, કારણ કે મનને નયન દ્વારા બહાર લાવીને તેનાથી ભગવાનનાં દર્શન કરે છે. 'શ્રીકૃષ્ણ' પ્રકટ થએલા ભગવાન છે. તે બહાર રહેલ હોવાનું જણાવવા 'પ્રકાશતાં પીળાં વસ્ત્રવાળા ચાર ભુજાવાળા' વિશેષણોથી વસ્ત્રો વિગેરે સાધનવાળો આકાર કહેલ છે, 'પ્રકાશતી પીળાશ' એટલે તાપમાંથી બહાર કાઢેલ સુવર્ણનો રંગ. દેવકીની પ્રાર્થનાથી જે પ્રાકૃત દેહ ધારણ કરેલો, તેને તજી કુદરતી દેહનાંજ દર્શન કરાવ્યાં એવો અર્થ છે. 'સામે રહેલા' હોવાથી કલ્પના કરવાનું દુઃખ થયું ન હતું. 'આંખનું મટકું માર્યા વિના' શબ્દથી આંખ

મીંચાવવી વિગેરે અંતરાય થયા ન હોવાનું કહેલું છે.૩૦.

**વિશુદ્ધયા ધારણયા હતાશુભઃ તદીક્ષયૈવાડડશુ ગતાડડયુધવ્યથઃ ।**
**નિવૃત્તસર્વેન્દ્રિયવૃત્તિવિભ્રમઃ તુષ્ટાવ જન્યં વિસૃજન્ જનાર્દનમ્ ।।૩૧।।**

મનની વિશુદ્ધ પરોવણીથી જેનાં પાપનો નાશ થએલ, તેમની દષ્ટિથીજ જેની આયુધની પીડાનો તરત નાશ થએલ, જેનું સર્વ ઈંદ્રિઓની ક્રિયાઓનું ભ્રમણ અટકી ગએલ તેણે પ્રાકૃત દેહ તજતાં જનાર્દનની સ્તુતિ કરી.૩૧

તે મનની પરોવણી ભગવાનના સર્વ અવયવોમાં સ્થિર થઈ, તેથી જ વિશુદ્ધ હતી. પાપ રહિત પદાર્થ (ભગવાન)માં રહેલી હોવાથી તેનાથી જ ભીષ્મના સર્વ પાપોનો નાશ થયો. ભગવાનના અપરાધ કરવાથી પણ થએલ પાપ, અપરાધોથી થયેલ, અને ઉપાય ન કરવાથી બેદરકારીથી થયેલ પાપ દ્વ તે સર્વનો શુદ્ધ સેવકના ભાવથી નાશ થયો, અને ભગવાનમાં શુદ્ધ પ્રેમ થતાં, ભગવાને પણ કૃપાથી દુઃખ દૂર કર્યું એમ 'તેમની દષ્ટિથી જ જેની આયુધની પીડાનો તરત નાશ થએલ' શબ્દથી કહેલ છે. આથી એમ કહ્યું કે અંદરના અને બહારના દોષ રહ્યા ન હતા. 'જન્યમ્' એટલે પ્રાકૃત સમૂહ. 'જનાં' પ્રકૃતિને 'અર્દયતિ' પીડા કરે તે 'જનાર્દનં'. કારણકે જ્યાં સુધી પ્રકૃતિને પીડવામાં ન આવે ત્યાં સુધી તે પોતાનું કાર્ય બંધ ન રાખે.૩૧

મર્યાદા પ્રમાણે મૃત્યુ સમયે ભગવાન પ્રતિ જે કરવું જોઈએ તે અહીં કહેવામાં આવે છે. [ક]તેમાં આરંભમાં સર્વનું સમર્પણ કરવું. [ખ]પછી માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરી ભગવાનમાં પ્રેમ કરવો. [ગ]પછી આત્મસમર્પણ કરવું. પહેલું અને છેલ્લું એક-એક શ્લોકથી કહેલ છે. વચમાં માહાત્મ્યજ્ઞાનથી થતી ભક્તિના સમ્બન્ધમાં નવ શ્લોકો કહેલા છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી સર્વનું સમર્પણ કર્યાનું કહે છે :

**ભીષ્મ કહે છે :**

**ઈતિમતિરુપકલ્પિતા વિતૃષ્ણા ભગવતિ સાત્ત્વતપુઙ્ગવે વિભૂમ્નિ ।**
**સ્વસુખમ્ ઉપગતે ક્વચિદ્ વિહર્તું પ્રકૃતિમ્ ઉપેયુષિ યદ્ ભવપ્રવાહઃ ।।૩૨।।**

એવી રીતે ઉત્તમ યાદવ, ભૂમાથી પર, પોતાનાં સુખને પ્રાપ્ત થએલા, કોઈ વાર વિહાર કરવા પ્રકૃતિ પાસે જનાર, જેમના જવાથી વિશ્વનો પ્રવાહ ચાલે છે તેવા ભગવાનને મારી લોભરહિત બુદ્ધિ સમર્પણ કરૂં છું.૩૨

'ઈતિ' 'એવી રીતે' શબ્દ સમાપ્તિના અર્થવાળો છે. પરમેશ્વરથી છૂટા પડેલાએ અનન્ત-કરોડો જન્મોમાં જે કરેલ અથવા તેનું જે હતું તે સમ્બન્ધી વિચાર કરતો, 'મેં આ કર્યું' 'આ મારું છે' એવી તે પદાર્થો સમ્બન્ધી બુદ્ધિ જ આપણી છે. પદાર્થો તો બધા ભગવાનના છે. તેથી આપણી બુદ્ધિજ ભગવાનને સમર્પણ કરવી જોઈએ, તે આ શ્લોકથી કહે છે. છેવટના શ્વાસ સુધી મેં જે બુદ્ધિ પ્રાપ્ત કરેલી છે તે ભગવાનને સમર્પણ કરું છું. 'લોભરહિત'

વિશેષણથી એમ કહેલું છે કે ફલ પ્રાપ્ત કરવા માટે સમર્પણ કરતો નથી. જો કે એવી રીતે બુદ્ધિ સમર્પણ કરવાથી કાંઈ પણ ફલ મળવાનું શાસ્ત્રથી સિદ્ધ થએલ નથી, છતાં પણ 'હું આ સમર્પણ કરું છું તેથી મને આ ફલ મળશે' એમ લોભ એની મેળેજ થાય છે, તેથી તે લોભ જ ન થવા માટે આ વિશેષણ કહેલ છે. ભગવાનને એટલે બ્રહ્મને સમર્પણ કરું છું. 'ઉત્તમ યાદવને' એટલે ઉત્તમ યાદવ તરીકે પ્રકટ થએલાને, 'વિગતઃ' નીકળેલા છે 'ભૂમા' ભૂમા જેમાંથી, તેમને, ભૂમા અક્ષરથી પર પુરુષોત્તમને સમર્પણ કરું છું.

ભગવાન પુરુષોત્તમ ઉત્તમ યાદવ કેમ થાય? એવો પ્રશ્ન થાય તેથી 'પોતાના સુખને પ્રાપ્ત થએલા' એમ કહેલું છે. પોતાના પરમાનન્દને પ્રાપ્ત થએલા પરમાનન્દવાળા જ 'ક્વચિત્' કોઈક સમયે અમુક સ્થાનમાં લોકની પેઠે માત્ર લીલા છે એ ન્યાયે વિહાર કરવા સાંખ્ય વિગેરેના ધારા પ્રમાણે વિશ્વને ઉત્પન્ન કરનારી પોતાના જ સ્વરૂપરૂપ પ્રકૃતિ પાસે પોતે જ જાય છે તેવા પિતાને સમર્પણ કરું છું.

તે પણ શા કારણથી બંને? એવો પ્રશ્ન થાય, તેથી 'જેમનાથી વિશ્વનો પ્રવાહ થાય છે' એમ કહેલું છે. જે ભગવાનથી પ્રકૃતિના સમ્બન્ધને લીધે 'ભવસ્ય' વિશ્વના પ્રવાહની બીજમાંથી અંકુર ફુટે તેની પેઠે પરમ્પરા ચાલે છે. ''ઉત્પત્તિ ઘટતી નથી''[1] (૧૦।૮૪।૩૧) નું વિવરણ થયું. તેવી સૃષ્ટિ માટે જેમ કાર્ય કરે છે તેમ મને મુક્તિ આપવા માટે પણ એવી રીતે કર્યું, એવો અર્થ છે.૩૨

૧. પ્રકૃતિ ભગવાનના સ્વરૂપની જ હોય તેવો અભેદ હોવા છતાં શક્તિરૂપ હોવાથી ભેદાભેદ તરીકે પ્રકૃતિનું સ્વરૂપ થયું. તેથી પ્રકૃતિની ઉત્પત્તિ થતી નથી પણ તેના સમ્બન્ધથી બીજાની જ ઉત્પત્તિ થાય છે, એવા આશયથી (૧૦।૮૪।૩૧) કહેલ છે.

હવે નીચેના શ્લોકથી ભગવાનમાં પ્રેમ થવા માટે પ્રાર્થના કરે છે :

**ત્રિભુવનકમનં તમાલવર્ણં રવિકરગૌરવરામ્બરં દધાને ।**
**વપુરલકકુલાવૃતાનનાબ્જં વિજયસખે રતિરસ્તુ મેઽનવદ્યા ।।૩૩।।**

ત્રણ ભુવનોમાં સુંદર, તમાલના જેવા રંગવાળું, સૂર્યનાં કિરણો જેવાં ગૌર ઉત્તમ વસ્ત્રોવાળું, કેશના સમૂહથી ઢંકાએલ મુખકમલવાળું શરીર ધારણ કરનાર વિજયના મિત્રમાં મારો નિર્દોષ પ્રેમ હો.૩૩

કદાચ ભગવાન અંતર્યામી અને જીવથી જુદા ન હોવાથી અંતર્યામીમાં અથવા જીવ[1] માં પ્રેમ માગતો હશે ? એવી શંકા થાય તેથી 'શરીર ધારણ કરનાર' એમ કહેલું છે. જેમને પ્રાકૃત પુરુષો પણ શરીરવાળા જાણે છે, તેવામાંજ મારો પ્રેમ હો. પ્રમાણના બલની દરકાર કર્યા વિના માત્ર પ્રમેયના બલથી જ મારું જે કાર્ય, તે જ થાઓ, એવા વિચારથી માત્ર જોવાથી જેમનો આદર કરવામાં આવે છે, તે જ 'શરીર ધારણ કરનાર' શબ્દથી કહે છે. વિષયના સૌન્દર્યને લીધે ચિત્ત પ્રવેશ કરે તે માટે શરીરનું વર્ણન કરે છે. 'ત્રિભુવને' ત્રણ લોકમાં તે જ 'કમનં' લોકની

દષ્ટિથી સુંદર છે, પરન્તુ શાસ્ત્રના સંસ્કારને લીધે તેવું જણાતું નથી. તેમ શાસ્ત્રના સંસ્કારથી સુંદર જણાતું હોય, તો બુદ્ધિથી ફલ પ્રાપ્ત થાય તે થોડું હોય, લૌકિકમાં તો વસ્તુ શરીરની શક્તિથી ફલ પ્રાપ્ત થાય.

'તમાલવર્ણમ્' તમાલના જેવો રંગ છે જેનો તેવું શરીર ધારણ કરનાર. તમાલવૃક્ષોનો રંગ કુદરતથી સર્વથી સુંદર સદા એક પ્રકારનો શ્યામ છે. આ[2] રંગથી એમ જણાવેલું છે કે સંપૂર્ણ રીતે બીજાઓનું હિત કરનાર છે. 'રવિકરગૌરવરામ્બરમ્' રવિનાં કિરણો જેવું ગૌર સુંદર વસ્ત્ર છે જેનું તેવું શરીર છે. સર્વને મુક્તિ આપવા પ્રકટ થયેલા ભગવાનને પીતાંબર ઢાંકનારું હોવાથી તે ખરાબ હશે એવી શંકા કરીને, તે દૂર કરવા આ વિશેષણ કહેલું છે. સૂર્યનાં કિરણો ઘડા વિગેરે ઉપર પડેલાં તેમનો પ્રકાશ કરે છે જ, તેમને કાંઈ ઢાંકી દેતા નથી, તેવી રીતે પીતાંબર પરમાનન્દનો પ્રકાશ કરે છે જ, પરન્તુ તેને ઢાંકી દેતું નથી. તેવી રીતે વેદ[3] પદાર્થનો પ્રકાશ કરે છે જ. 'ગૌર' એટલે સહેજ લાલ અને પીળો, કારણકે શ્યામ રંગનો બીજો રંગ પ્રકાશ કરે છે, અને વેદોની એવી પ્રાર્થના હતી કે ભગવાન અમારાથી વીંટાએલા રહે. ભગવાને 'તેમ થાઓ' એમ કહ્યું ત્યારે વેદો પીતાંબર બનીને ભગવાનને ઢાંકી રહ્યા, તેથી વસ્ત્ર પીતાંબર વેદરૂપ છે. આથી વ્યાપક સર્વત્ર હોવા પણું અને અપ્રાકૃતપણું પણ કહેવાયાં. અથવા સૂર્યનાં કિરણોને લીધે ગૌર અને ઉત્તમ વસ્ત્ર આકાશ છે. 'શરીર' શબ્દથી ''આકાશ જેનું શરીર છે તેવું બ્રહ્મ છે'' એમ કહેવાયું. આ પહેલાનાં બે વિશેષણો પણ આકાશના સમ્બન્ધમાં સ્પષ્ટ જ છે.

'અલક-કુલાવૃતાનનાબ્જમ્' 'અલકાઃ' છૂટા રાખેલા કેશો, તેઓના સમૂહોથી ઢંકાએલું છે 'આનનાબ્જ' મુખકમલ જેનું તેવું શરીર છે. 'અલમ' ઘણુંજ 'કકુલૈઃ' આનન્દના સમૂહોથી 'આવૃતમ્' 'આ' સર્વ તરફથી વીંટાએલું, કર-ચરણ વિગેરે પ્રકારથી રહેલું, અથવા 'આ' સર્વ બાજુએ 'નનં' સદ્રૂપ 'અબ્જમ્' સૂર્ય ચંદ્ર નક્ષત્ર લક્ષ્મી વીજળી મેઘ વિગેરે પ્રકારનું શરીર છે. આનન્દના અવયવોવાળા, આકાશ જેનું શરીર છે તેવા બ્રહ્મમાં દંત નેત્રની સ્થિતિ પ્રાપ્ત કરેલાં છે સૂર્ય વિગેરે આ શરીરના, એમ કહેવાયું. 'વમ' અમૃત 'પુષ્ણાતિ' સર્વને આપે છે તે 'વપુઃ' શરીર પરમાનન્દ સ્વરૂપ છે. 'અલમ્' ઘણુંજ 'કમ્' સુખ છે જેમનું તે 'અલકાઃ' બ્રહ્મ જાણનારાઓ, તેઓના સમૂહોથી વીંટાએલું મુખકમલ છે જેનું તેવું શરીર છે અથવા તે બ્રહ્મ જાણનારાઓ જ તે 'અલકાઃ' કેશો છે, તેમનાથી વીંટાએલું અગ્નિ અને બ્રાહ્મણ રૂપ 'આનનમ્ અબ્જમ્' અને 'અબ્જમ્' આસનનું કમલ છે જેનું તેવું શરીર છે. કમલના પત્રો ઉપર રહેલા સનક વિગેરે બ્રાહ્મણો, દેવો[4]જ્ઞાન વિગેરેથી વીંટાએલું છે. કમલના મધ્યભાગરૂપ આસન છે જેનું તેવું શરીર છે એમ કહેવાયું. 'અબ્જ' જલમાંથી ઉત્પન્ન થયેલ શબ્દથી સૂર્ય અને ચંદ્ર ના આવરણ સાથેનું કહેલ છે. આવું શરીર ધારણ કરનારમાં મારો પ્રેમ હો. તેવા ભગવાન પણ ભક્તો ઉપર વહાલ રાખનારા છે એમ 'વિજયના મિત્ર' શબ્દથી કહેલ છે. વિજય એટલે અર્જુન. 'વિશિષ્ટઃ' ઉત્તમ છે 'જયઃ' જય જેઓનો તે 'વિજય'. એટલે અન્તઃકરણ વિગેરે ઉપર જય પ્રાપ્ત કરનારાઓ. તેઓ છે મિત્રો જેમના તેવા, અથવા તેઓના

મિત્ર ભગવાન છે. તેમનામાં નિર્દોષ અલૌકિક 'રતિઃ' પ્રીતિ હો. સર્વથી ઉત્તમ અલૌકિક સર્વને દુર્લભ માત્ર ભગવાન વિષેનીજ પ્રીતિ. તેવા ત્યારે જ થાય કે જ્યારે અન્તઃકરણ વિગેરે ઉપર જય પ્રાપ્ત થાય. તેથી આગળના[5] શ્લોક ૩૪ સાથે વિરોધ થતો નથી. એવી રીતે સત્ત્વ સાથે ભળેલી સત્ત્વની અવસ્થા[6] કહી.૩૩

૧.'સ્વરૂપ' એટલે જીવાત્મા. ૨.'આ' એટલે તમાલ વૃક્ષના સમ્બન્ધવાળા

૩.પીતાંબર માયારૂપ હોવાથી પ્રકાશ કરે તેવો સંભંવ ન હોવાથી, વિશેષણના બલથી તેવું સ્વરૂપ થયાનું કહે છે, કારણકે વેદરૂપ સૂર્ય રૂપના પ્રકારથી ઘડા વિગેરે પદાર્થોનો પ્રકાશ કરે છે, તેમ વેદ પણ કરે છે, પીતાંબર વેદરૂપ છે એમ 'વસ્ત્ર વેદરૂપ પીળું છે' એ બારમા સ્કંધના વાક્યમાં કહેલું છે.

૪.'જ્ઞાનીઓ' જોઈએ એમ જણાય છે.

૫.આગળ ૩૪ મા શ્લોકમાં ભગવાનને બાણ માર્યાનું કહે છે, તે આ પ્રેમની પ્રાર્થનાથી વિરુદ્ધ છે એમ જણાય, પરન્તુ બાણ મારેલ ત્યારે અન્તઃકરણ વિગેરે ઉપરનો વિજય પ્રાપ્ત કરેલ ન હતો, તેથી શ્લોક ૩૪ માં બાણ માર્યાનું કહેલ તેનો વિરોધ થતો નથી.

૬.આ સર્વને સુંદર જણાતો, સુખ અને પ્રકાશ કરનારી અવસ્થા હોવાથી સત્વનું કાર્ય કરનારી હોઈ સાત્ત્વિક સાત્ત્વિક અવસ્થા છે.

નીચેના શ્લોકમાં રજો ગુણથી ભળેલી રજો ગુણ વાળી અવસ્થા કહે છે :

**યુધિ તુરગ-રજો-વિધૂમ્ર-વિશ્વક્ કચલુલિત-શ્રમવાર્ય્યલંકૃતાસ્યે ।**
**મમનિશિતશરૈઃ વિભિદ્યમાનત્વચિ વિલસત્ કવચેઽસ્તુ કૃષ્ણ આત્મા ।।૩૪।।**

યુદ્ધમાં અશ્વોએ ઉડાડેલી રજથી ઘણા ધૂસરા થએલા સર્વ તરફના કેશોથી રોળાએલા પરસેવાથી શોભતા મુખવાળા, મારા તીક્ષ્ણ શરોથી ભેદાએલી ત્વચાવાળા, શોભતા કવચવાળા શ્રીકૃષ્ણમાં મારું અન્તઃકરણ રહો.૩૪

ભગવાનની સર્વ અવસ્થાઓમાં તેમના ઉપરના પ્રેમની પ્રાર્થના કરે છે. 'યુધિ' યુદ્ધમાં અશ્વોની ખરીઓના આગલા ભાગથી ઉડાડેલી રજોથી ઘણા 'ધૂમ્રાઃ' ધૂસરા રંગના થએલા 'વિષ્વક્' સર્વ તરફના જ કેશો, તેઓથી રોળાએલ જ પરસેવો, તેનાથી શોભતું મુખ હતું જેમનું તેવા શ્રીકૃષ્ણમાં અન્તઃકરણ રહો. શ્યામ મુખકમલ ઉપર મોતીના જેવા પરસેવાના બિંદુઓ ઘણીજ શોભા કરતા હતા. 'મારાં' એટલે ભીષ્મના શરોથી ભેદાએલી 'ત્વક્' ચામડી વિગેરેવાળા શ્રીકૃષ્ણ. અથવા આ યુદ્ધનુ[1] વિશેષણ લેવું. રાજસ-રાજસ અવસ્થાની ભેદાએલી ચામડીવાળા હોવું તે શોભા જ છે.

અથવા[2] ઈંદ્રિયો વિગેરે સાથે યુદ્ધ કરવા માટે 'તુરગાણાં' અશ્વોનાં એટલે વેદોની અથવા સૂર્ય વિગેરેની 'રજ' કામના અથવા રજોગુણ તેનાથી 'વિધૂમ્રા' ઘણા ધૂસરા થએલા જે કામનાવાળા, કાલને લીધે અથવા વેદને લીધે સકામ કામનાવાળા થએલા. કારણકે અગ્નિ વિગેરે કાલની હદવાળા છે. ''અગ્નિ ખરેખર અશ્વ છે'' વિગેરે શ્રુતિઓ પ્રમાણે તેઓ અશ્વો છે. અને ત્રિપુર-શંકરે બાળ્યા તે પ્રસંગમાં વેદોને અશ્વો કહેલા છે તેઓ અને તે[3] 'વિષ્વકાઃ'

સૂર્ય વિગેરેના માર્ગથી જનારા અથવા તે સમયે તેમનાથી જુદા પડેલા બ્રહ્મ જાણનારાઓ, તેઓનો 'ચઃ'[૪] સમૂહ અથવા એક બીજા સાથે ભળવાનું, તેનાથી 'લુલિતાઃ' ભેગા થયેલા અથવા એકતા પ્રાપ્ત કરેલા તેઓ અને તે 'શ્રમવાર્ય્યલંકૃતાઃ' ગંગાજલથી પવિત્ર થએલા બ્રહ્મા શિવ વિગેરે તેઓ પણ છે 'આસ્યે' મુખમાં[૫] જેમના, અથવા 'આ' સર્વ તરફથી 'સત્'[૬] વાસ્તવિક રૂપમાં છે જેમના તેવા ભગવાનમાં મારું અન્તઃકરણ રહો. આથી ભગવાનનું ઘણું સામર્થ્ય અને કાલસ્વરૂપ હોવાનું સૂચવેલું છે.

વળી 'મમ' મારો ઘણો અહંકાર, તેનાથી જે 'નિશ્' નિશા, તેને 'ઈતાઃ' પ્રાપ્ત થએલા, અહંકારથી અજ્ઞાનને પ્રાપ્ત થએલા, એવો અર્થ છે. તેઓ અને તે 'શરાઃ' બીજાઓને ભેદનારાઓ, તેઓથી 'વિ' ઘણાં 'ભિદ્યમાનાઃ' છૂટા પડતા 'ત્વચઃ' વેદો જેમના અથવા જેમનાથી તેવા ભગવાનમાં મારું અન્તઃકરણ રહો, પાખંડની પ્રવૃત્તિ થાય ત્યારે અથવા કલિકાલ થાય ત્યારે ભગવાન સિવાય બીજું વેદરૂપ ફલ રહેતું ન હોવાથી, અને ભગવાનમાં તે દોષ નથી તેનું કારણ કહેલ છે.

ઘણું પ્રકાશતું હતું ધર્મ વિગેરેરૂપ કવચ જેમનું, આવા શ્રીકૃષ્ણમાં 'આત્મા' મારું અન્તઃકરણ રહો. કારણ કે ભક્તિ અન્તઃકરણથી પ્રાપ્ત થઈ શકે તેવી, અથવા આત્માથી પ્રાપ્ત થઈ શકે તેવી છે. તે બંને જો ભગવાનમાં રહે તો તેમનામાં ભક્તિ થાય છે. તેથી ગયા શ્લોકના અર્થ ભગવાનને બુદ્ધિનું સમર્પણ કરવાનું આ કારણ છે.૩૪

૧.ભક્તને ભગવાનની ત્વચા ભેદાયાનું શ્રવણ કરતાં દુઃખ થાય, તેથી આ બીજા પ્રકારે અર્થ કરેલ છે યુદ્ધનું વિશેષણ લેતાં 'મારા (ભીષ્મ)ના તીક્ષ્ણ બાણોથી જેમાં ત્વચા ભેદાતી હતી તેવા યુદ્ધમાં' એવો અર્થ થાય.
૨.પરોક્ષવાદથી ભગવાન કાલરૂપ છે એમ જણાવવા અહીંથી બીજા પ્રકારે અર્થ કરે છે.
૩.બ્રહ્મવાદીઓ અને કામનાવાળાઓ.
૪.'ચ' અહીં અવ્યય નથી, પણ 'નામ' તરીકે યોજાએલ જાણવો. ૫.જેમનાં ભક્ષ્ય છે એવો અર્થ છે.
૬. 'અલંકૃત+આ' સુધીનો ભાગ આવી ગયો. 'સ્ય' રહ્યું. 'સત્'માંથી 'ત્'નો 'ય્' થયો અને 'સ'માંના 'અ'ની પહેલાં તે મૂકવાથી 'સત્'નું 'સ્ય' થયું તેથી 'સ્ય'નો અર્થ 'સત્' કર્યો.

નીચેના શ્લોકથી ત્રીજી[૧] અવસ્થા કહે છે :

**સપદિ સખિવચો નિશમ્ય મધ્યે નિજપરયોર્બલયો રથં નિવેશ્ય ।**
**સ્થિતવતિ પરસૈનિકાયુરક્ષ્ણા હૃતવતિ પાર્થસખે મતિર્મમાસ્તુ ।।૩૫।।**

મિત્રનાં વચનનું શ્રવણ કરીને પોતાનાં અને શત્રુનાં સૈન્યો વચ્ચે તરત રથ મૂકીને ત્યેં સ્થિત શત્રુના સૈનિકોનાં આયુષ્યને નયનથી હરતા, પાર્થના મિત્રમાં મારી મતિ રહો.૩૫

'સપદિ' એટલે તે જ ક્ષણે. ''હે અચ્યુત! મારા રથને બંને સેનાઓની વચ્ચે મૂકો'' (ભગ.ગીતા ૧।૨૧) એવું મિત્ર અર્જુનનું વચન શ્રવણ કરીને પોતાનાં અને શત્રુનાં સૈન્યો વચ્ચે રથ મૂક્યો. આ ભગવાનનો પક્ષપાત અને એક માટે બીજાને હણાવવારૂપ ત્રીજો ગુણ[૨] કહ્યો. વળી શત્રુઓના સૈનિકોનું આયુષ્ય 'નયનથી' કાલરૂપ દૃષ્ટિથી હરતા હતા, અને કુંતીના

પુત્રના મિત્ર હતા. તેમના વિષે મારી મતિ ઉપર[3] કહ્યું તે પ્રમાણે રહો.૩૫

૧.તામસ-તામસ અવસ્થા. ૨.'ત્રીજો ગુણ' એટલે તમોગુણ.
૩.તેવા પક્ષપાત હોવા છતાં પણ ભક્ત ઉપર પ્રેમ રાખનારા, એવો અર્થ છે.

સત્ત્વ સાથે ભળેલા રજોગુણવાળી અવસ્થા નીચેના શ્લોકથી કહે છે :

**વ્યવહિત-પૃતનામુખં નિરીક્ષ્ય સ્વજન-વધાદ્ વિમુખસ્ય દોષ-બુદ્ધ્યા ।**
**કુમતિમહરદાત્મવિદ્યયા યશ્ચરણરતિઃ પરમસ્ય તસ્ય મેઽસ્તુ ।।૩૬।।**

દૂર રહેલ બે સૈન્યોનાં આગલા ભાગને જોઈને દોષ થવાની બુદ્ધિથી પોતાના સગાંઓના વધ કરવા ન ઇચ્છનારની કુમતિને પોતાની વિદ્યાથી જેમણે હરી તે પરમના ચરણમાં મારો પ્રેમ રહો.૩૬

'વ્યવહિતે' દૂર રહેલાં જે બે સૈન્યો, અથવા 'વિશેષેણ' ઘણાં 'અવહિતાઃ' સાવધાન હતાં, અથવા 'અવ' નકાર અર્થવાળો લેવો, એટલે શત્રુભાવવાળાં, એવો અર્થ થાય. અથવા 'વિહિતાઃ' વ્યૂહમાં ગોઠવાએલી અને 'અવહિતાઃ' સાવધાન એવાં સૈન્યોનાં 'મુખમ્' આગલો ભાગ, તે ભાગમાં સગાંઓજ ઉભા રહેલા. તેમનો વધ કર્યા વિના સાધારણ સૈનિકોનો વધ થવાનું પણ સંભવે નહીં. તેથી સગાંઓનો વધ કર્યા વિના બીજાઓની હિંસા કરવી તે દોષ છે. એવા વિચારથી યુદ્ધ કરતાં અટક્યો. અહીં ''વાળંદથી મૂંડાવવાની પેઠે'' સંશય દૂર કરવાનો છે. ભૂમિના ભારરૂપ થએલા ક્ષત્રિયો દાઢી વિગેરેરૂપ હતા, અને અર્જુન વાળંદરૂપ હતો. 'આત્મવિદ્યા' એટલે ''હું જ કરું છું. અને મને ઉપયોગી છે. તેમનામાંના પણ જડ અંશને જ તેમને મુક્તિ આપવા દૂર કરવાનો છે'' એવા પ્રકારની પોતાની વિદ્યા. તેથી એવા પ્રકારના વધથી દોષ થવાનો નથી. તેથીજ ભગવાન ગુરુ હોવાથી તેમનાં ચરણ ઉપરના પ્રેમની પ્રાર્થના કરે છે. 'પરઃ' ભગવાન 'મીયતે' જણાય છે જેનાથી તે 'પરમઃ' ગુરુ. 'તસ્ય' 'તે' શબ્દથી એમ જણાવેલ છે કે તે જ પર[1] ભગવાન છે; અથવા 'તસ્ય' એટલે તેવી અવસ્થા[2] પ્રાપ્ત કરેલાના ચરણ ઉપર મારો પ્રેમ રહો.૩૬

૧.પર ઈશ્વર હોવા છતાં ગુરુ થએલાં, એવો અર્થ છે.
૨.આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો, અને યુદ્ધ કરાવ્યું તેથી સાત્ત્વિકરાજસ અવસ્થા જાણવી.

નીચેના શ્લોકથી તમોગુણ સાથે ભળેલા રજોગુણવાળી અવસ્થા કહે છે :

**સ્વનિગમમ્ અપહાય મત્પ્રતિજ્ઞામૃતમધિકર્તુમ્ અવપ્લુતો રથસ્થઃ ।**
**ધૃતરથચરણોઽભ્યયાચ્ચલદ્ગુર્હરિરિવ હન્તુમ્ ઈમં ગતોત્તરીયઃ ।।૩૭।।**

પોતાની પ્રતિજ્ઞા તજીને મારી પ્રતિજ્ઞાને સત્ય ઉત્તમ કરવા રથમાં રહેલા નીચે ઉતર્યા, અને રથનું ચક્ર ધારણ કરેલા, જેમનું ઉપરનું વસ્ત્ર પડી ગયું તેવા, પૃથ્વીને કંપાવતા, હાથીને હણવા આવતા સિંહની પેઠે આવ્યા.૩૭

પોતાની 'નિગમઃ' પ્રતિજ્ઞા શસ્ત્રના ત્યાગની હતી. દંતવક્ત્રને તેના ભાઈ સાથે

હણ્યો ત્યારે ભગવાને શસ્ત્રો તજેલાં. ત્રીજા દિવસના અને નવમા દિવસના યુદ્ધમાં ભીષ્મનો વધ કરવા ફરીથી તે ચક્ર ગ્રહણ કરેલું. વળી યુદ્ધમાં આવવાના સમયે પ્રતિજ્ઞા કરેલી કે હું યુદ્ધ ન કરતો એક પક્ષમાં રહીશ; અને ભીષ્મે પ્રતિજ્ઞા કરેલી કે કોઈ પણ પ્રકારે હું શસ્ત્ર ગ્રહણ કરાવીશ, તે સમયે મારી પ્રતિજ્ઞા સત્ય કરવા, રથમાં વિરાજેલા જ ભગવાન નીચે ઉતર્યા, અને પ્રતિજ્ઞાને [1]ઉત્તમ કરી. તેનો એવો અર્થ છે કે શસ્ત્રજ ગ્રહણ કર્યું, પરન્તુ મને હણ્યો નહીં. રથના ચક્રમાં જ સુદર્શનનો આવેશ થયો.[2] ભગવાને પ્રતિજ્ઞાનો ત્યાગ કર્યો ત્યારે ભૂમિ કંપવા લાગી; તે 'પૃથ્વીને કંપાવતા' શબ્દથી કહેલું છે. 'ચલન્તી' કંપતી હતી 'ભૂઃ' ભૂમિ જેમનાં પગલાંથી તેવી રીતે આવ્યા. જેમ 'હરિઃ' સિંહ હાથીને હણવા આવે તેમ એ દષ્ટાન્તથી ભગવાનમાં દોષ ન હોવાનું[3] કહેલું છે. ''બ્રહ્મ અને ક્ષત્ર બંને જેમનો ખોરાક છે'' એ શ્રુતિ પ્રમાણે ભીષ્મને સાયુજ્યનું દાન આપવા (પોતાની અંદર પ્રવેશ કરાવવા) ભગવાને પ્રવૃત્તિ કરી, તેટલામાં તેમનું ઉપરનું વસ્ત્ર, ઉપરથી ઢાંકી દેવા,[4] નીચે પડ્યું. અર્જુનનું રક્ષણ થયું. તે વસ્ત્ર ભૂમિ ઉપર આવી પડ્યું. તેથી ભીષ્મનો વધ ન થયો, એવો અર્થ છે. વળી ઉપરનું વસ્ત્ર ન હોય ત્યારે ભોજન કરવાની મના છે, તે સમયે ભીષ્મ ખરેખર અહંકારવાળો હતો તેથી તેને જ્ઞાન જણાએલ ન હોવાથી, તે સમયે તેને હણ્યો નહીં એવું તાત્પર્ય છે. ભગવાનેજ અહીં પ્રેમનું કાર્ય કરેલ હોવાથી[5] આ શ્લોકમાં પ્રેમ રહેવાની પ્રાર્થના કરેલી નથી.૩૭

૧.'હું ભક્તને પરાધીન છું' એ પ્રકારે ઉત્તમ કરી.

૨.ભારતમાં રથનું ચક્ર અસ્ત્રાની ધાર જેવું તીક્ષ્ણ ટોચવાળું થએલ કહેલું હોવાથી પણ તેમાં સુદર્શનનો આવેશ થએલ હોવાનું જાણવું.

૩.પ્રતિજ્ઞા તજવા છતાં દોષ ન હતો, કારણકે ભક્ષણ કરવા પ્રવૃત્તિ કરી છતાં ફલને કાપવા પેઠે ભીષ્મને માર્યા નહીં. ભગવાનની પ્રતિજ્ઞા યુદ્ધ ન કરવાની હતી તેમણે ચક્ર લીધું પણ તેનો ઉપયોગ કર્યો નહીં અને યુદ્ધ કર્યું નહીં. તેથી ભીષ્મની પ્રતિજ્ઞા સાચી કરી અને પોતાની પ્રતિજ્ઞા પણ તજી ન કહેવાય; એમ જણાય છે. ભીષ્મ ભલે પ્રતિજ્ઞા તજી હોવાનું કહે પણ તજી નથી એમ જણાય છે.

૪.આ ઉપરનું વસ્ત્ર વેદરૂપ નથી. પણ માયારૂપ છે. તેથી ભીષ્મને મુક્તિ આપવાનું ન થતાં અર્જુનનું રક્ષણ થયું.

૫.મુક્તિ આપવાનું કર્યું તેથી ભીષ્મને હણ્યા નહીં તે પ્રેમનું કાર્ય કર્યું એમ જણાય છે.

૬.પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ તામસ અને સામા મારવા આવવું તે રાજસ હોવાથી આ તામસ-રાજસ અવસ્થા થઈ.

નીચેના શ્લોકથી રજોગુણ સાથે ભળેલા તમોગુણવાળી અવસ્થા કહે છે :

**શિતવિશિખહતો વિશીર્ણદંશ ક્ષતજપરિપ્લુત આતતાયિનો મે ।**
**પ્રસભમભિસસાર મદ્વધાર્થં સ ભવતુ મે ભગવાન્ ગતિર્મુકુન્દઃ ।।૩૮।।**

તીક્ષ્ણ પાખંડીઓને હણનાર. જેમાં મચ્છરોનો નાશ થએલ છે તેવા સમયે થયેલા છે ક્ષતો જેમને તેમનાથી સર્વ તરફથી વીંટાએલા હું આતતાયી સામે બલાત્કારથી મારો વધ કરવા જે આવ્યા તે ભગવાન મુકુંદ મારી ગતિ થાઓ.૩૮

આ યુદ્ધના નવમા દિવસનું સ્વરૂપ કહેલું છે. ગયા શ્લોકમાં તો ત્રીજા દિવસનું રૂપ કહેલું તેથી તે જ વિષય ફરી કહેવારૂપ દોષ નથી. 'શિતાઃ' તીક્ષ્ણ 'વિગતશિખા' ચોટલી રહિત પાખંડીઓ 'હતાઃ' હણેલા છે જેમણે તેવા ભગવાન. 'વિશીર્ણદંશક્ષતજપરિપ્લુતઃ' 'વિશીર્ણાઃ' નાશ થએલા 'દંશાઃ' મચ્છરો હોય છે જે સમયમાં, એટલે વર્ષા સિવાયના આઠ માસનો સમય, તેમાં 'ક્ષતાઃ' ક્ષતો ચાઠાં અથવા ઘા 'જાતાઃ' થએલા છે જેમને તે 'ક્ષતજાઃ' સંન્યાસીઓ અથવા ઉત્તમ ક્ષત્રિયો, તેમનાથી 'પરિ' સર્વ તરફથી 'પ્લુતઃ' વીંટાએલા ભગવાન. આ બે વિશેષણોથી ભગવાન અનુક્રમે અધર્મનો નાશ કરનાર અને ધર્મનું રક્ષણ કરનાર હોવાનું કહેલ છે. તેથીજ મને આતતાયી[1] ઘણા પાપીને હણવા માટે બલાત્કારે આવ્યા. યુદ્ધ ન કરનાર સાથે કરેલા યુદ્ધને લીધે પાપી થયેલાને પણ મુક્ત કરવા પ્રવૃત્તિ કરનાર તે ભગવાન મારી ગતિ (મારાથી પ્રાપ્ત થઈ શકે તેવા) થાઓ, કારણ કે તેમણે મને હરવાની પ્રવૃત્તિ કરી ન હતી, પરન્તુ મુક્તિ આપવાની પ્રવૃત્તિ કરી હતી, એમ 'મુકુંદ' શબ્દથી કહેલું છે.૩૮[2]

૧.'આતતાયિનો મે' એ સમ્બન્ધ જણાવનારી છટ્ઠી વિભક્તિ છે. તેથી મારા સમ્બન્ધવાળા હોઈ મારો વધ કરવા આવ્યા એવો અર્થ છે તેમ હોવાથી તીક્ષ્ણ પાખંડીઓને હણવાનું રાજસ અને વધ કરવા આવવું તામસ હોઈ, આ રાજસતામસ અવસ્થા થઈ.

૨.આ શ્લોકનો સામાન્ય અર્થ નીચે પ્રમાણે છે. ''તીક્ષ્ણ બાણોથી ઘવાએલા છિન્નભિન્ન થએલ કવચવાળા, પ્રહારથી થએલ લોહિથી ખરડાએલા જે હું આતતાયી સામે બલાત્કારથી મારો વધ કરવા આવ્યા, તે ભગવાન મુકુંદ મારી ગતિ થાઓ.'' 'વિશીર્ણદંશઃ' પાઠ પણ છે.

નીચેના શ્લોકથી સત્ત્વગુણ સાથે ભળેલા તમોગુણવાળી[1] અવસ્થા કહે છે :

**વિજયરથ-કુટુમ્બ આત્તતોત્રે ધૃતહય-રશ્મિનિ તચ્છ્રિયેક્ષણીયે ।**
**ભગવતિ રતિરસ્તુ મે મુમૂર્ષોર્ યમ્ ઈહ નિરીક્ષ્ય હતા ગતાઃ સ્વરૂપમ્ ।।૩૯।।**

વિજયના રથરૂપ કુટુંબવાળા, ચાબુક પકડેલી, ઘોડાઓની લગામ ધારણ કરેલા, તે સમયની ક્રાંતિથી ઘણા સુંદર જણાતા ભગવાનનાં આ સમયે દર્શન કરીને હણાએલાઓએ તેમનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું. તેમનામાં મરવા તૈયાર થએલાનો મારો પ્રેમ હો.૩૯

અર્જુનનો રથ સંપૂર્ણ રીતે રક્ષણ કરવા યોગ્ય હતો. તેથી જ તેનો રથ હતો કુટુંબ જેનું તેવા ભગવાન હતા. 'વિવિધઃ' જાતજાતનો જય છે જેનો, અથવા જતો રહેલ હતો જય જેનો તે 'વિજય' એટલે અર્જુન. જયદ્રથનો વધ જેમાં થયો તે યુદ્ધમાં અર્જુનનો જય અશક્ય જેવો થયો. તે સમયે ભગવાને પોતે ચાબુક પકડી, અને ઘોડાઓની લગામ ધારણ કરી ઉભા થઈ, કર્ણ વિગેરેનાં અસ્ત્રોને રથ ચલાવીને જ દૂર કરતાં, તે સમયની ક્રાંતિથી 'ઈક્ષણીયઃ' ઘણા સુંદર જણાતા હતા. તેવા ભગવાન માં મારો મરવા તૈયાર થએલાનો જ પ્રેમ હો; પરન્તુ ઉપરની પેઠે મરણ પછી પ્રેમ હોવાનું કહેલ નથી. 'જેમનાં આ સમયે...કર્યું' શબ્દોથી પ્રેમના ફલનું શું કહેવું? એવા ધોરણથી પ્રેમનું ફળ કહેલું છે. 'ઈહ' આ અવસરે મરવાના સમયે જેમનાં

દર્શન કરવા થી જ પુરુષો મુક્ત થયા, તો પછી તેમનામાં મરવાના સમયે પ્રેમ હોય તો કહેવું જ શું? એવો અર્થ છે.૩૯

૧.અતિ સુંદર હોઈ સુખ ઉત્પન્ન કરે તે સાત્વિક અને હણાએલાને સ્વરૂપ પ્રાપ્ત કરાવે તે તામસ કાર્ય તેથી આ શ્લોકમાં સાત્વિકતામસનો અવસ્થા કહી.

નીચેના શ્લોકથી તમોગુણ સાથે ભળેલા સત્ત્વગુણવાળી[1] અવસ્થા કહે છે :

**લલિત–ગતિવિલાસ–વલ્ગુહાસ પ્રણય–નિરીક્ષણ–કલ્પિતોરુમાનાઃ ।**
**કૃતમનુ–કૃતવત્ય ઉન્મદાન્ધાઃ પ્રકૃતિમગન્ કિલ યસ્ય ગોપવધ્વઃ ।।૪૦।।**

લલિત ગતિમાં ચરણોનું ચાલન, મનોહર હાસ્ય અને પ્રેમવાળી દષ્ટિથી જેઓને ઘણું માન થએલું છે, જેમણે ભગવાનના કૃત્યનું અનુકરણ કરેલું તેવી ઘણા મદથી અંધ થયેલી ગોપની સ્ત્રીઓએ નિશ્ચય જેમના સ્વરૂપને પ્રાપ્ત કર્યું (તેમનામાં મારા પ્રેમ રહો). ૪૦.

લલિત જે ગતિ, તેમાં જે 'વિલાસઃ' હંસ અને હાથીની પેઠે ચરણોનું ચાલન, મનોહર હાસ્ય, સ્નેહ સાથેની દષ્ટિ ક્રઅનુક્રમે તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણનાં કાર્યો થયાં. તેમનાથી થયેલો છે 'ઉરુઃ' ભગવાનનાં માહાત્મ્યનો પણ વિચાર કર્યા વિના પ્રવૃત્ત થએલું છે ઘણું માન જેઓનું તેવી ગોપની સ્ત્રીઓએ સ્વરૂપ પ્રાપ્ત કર્યું. વળી માત્ર આ અંદર રહેલોજ દોષ ન હતો પણ બહારથી પણ ત્રિદોષનું કાર્ય કરતી હતી એમ ' ભગવાનનાં કૃત્યનું અનુકરણ કરેલું શબ્દોથી કહેલું છે. 'કૃતં' પૂતનાનાં ધાવણનું પાન વિગેરે ભગવાનનું ચરિત્ર, તેનું અનુકરણ કરતી હતી, એવો અર્થ છે. એમ હતું ત્યારે પણ લૌકિક જ્ઞાન પણ રહ્યું નહીં, એમ 'ઘણા મદથી અંધ થએલી' વિશેષણથી કહેલું છે. વધેલા મદને લીધે ભગવાન ઉપર ચઢવાનો પણ પ્રયત્ન કરતી હતી, એવી બંધ થયેલી હોઈ, કોઈપણ રીતે મટાડી ન શકાય એવા ત્રણ દોષવાળી હતી. અને તેમાં પણ ગોપની સ્ત્રીઓ હોઈ જાતિ અને સ્વભાવથી પણ દોષવાળી હતી. તેઓએ પણ જેમના સમ્બન્ધને લીધે 'પ્રકૃતિમ' ભગવાનનાં સ્વરૂપને પ્રાપ્ત કર્યું. આમાં સન્દેહ ન કરવો. 'કિલ' 'નિશ્ચય' શબ્દ પ્રસિદ્ધિ જણાવે છે.૪૦

૧.'ઘણા મદથી અંધ થએલી' શબ્દથી મોહ ઉત્પન્ન કરનાર તામસ, અને 'પ્રેમવાળી દષ્ટિ'થી સાત્ત્વિક ગુણો કહ્યા, આ શ્લોકમાં કહેલ કાર્ય ઉત્પન્ન કરનાર હોવાથી આ સાત્ત્વિકતામસ અવસ્થા થઈ સાત્ત્વિકતામસ અવસ્થા શ્લોક ૩૯માં કહી છે. અહીં તામસસાત્ત્વિક જોઈએ, એમ જણાય છે.

નીચેના શ્લોકથી રજોગુણ સાથે ભળેલા સત્ત્વગુણવાળી અવસ્થા કહે છે :

**મુનિગણ–નૃપવર્ય્યસંકુલેઽન્તઃ–સદસિ યુધિષ્ઠિરરાજસૂય એષામ્ ।**
**અર્હણમુપપેદ ઈક્ષણીયો મમ દશિગોચર એષ આવિરાત્મા ।।૪૧।।**

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં મુનિઓના સમૂહો અને ઉત્તમ રાજાઓથી ભરપૂર થયેલી સભામાં એમનું પૂજન પ્રાપ્ત કરી દર્શન કરવા યોગ્ય થયા તે મારી દષ્ટિમાં આવેલ છે. તે આ ભગવાન પ્રકટ થયેલા છે.૪૧

મુનિઓના સમૂહો અને ઉત્તમ રાજાઓ, અનુક્રમે સાત્ત્વિક અને રાજસો હતા પરન્તુ તામસો ન હતા. 'અન્તઃસદસિ' સભાની મધ્યે, સર્વથી વચલા સ્થાનમાં, અભિષેક કરવાનો હોય તે દિવસે સભાસદોની પૂજામાં જે સર્વથી ઉત્તમ હોય તેની પૂજા કરવી એમ મેં (ભીષ્મે વિગેરેએ) કહ્યું ત્યારે શ્રીકૃષ્ણને પુરુષોત્તમ જાણીને, એ બધાએનું પૂજન આપણે પ્રાપ્ત કર્યું, કારણ કે બધાએથી માન પામેલા હતા. તેથી બધાનું પૂજન આપણે પોતેજ સ્વીકાર્યું, અને ત્યારે બધાએથી દર્શન કરવા યોગ્ય થાય. તે અત્યારે મારી દૃષ્ટિમાં આવેલા છે, તેમનું તે સૌંદર્ય અત્યારે હું જોઉં છું. 'ભગવાન પ્રકટ થયેલા' શબ્દોથી તે પ્રકટ ભગવાન હોવાનું કહે છે. તે પણ આ જ છે, પરન્તુ દેહની અંદર[૧] રહેલા નથી[૨].૪૧

૧.આ દેહની અંદર રહેલા અંતર્યામી નથી, એવો અર્થ છે.

૨.આ શ્લોકમાં રાજસૂય યજ્ઞ રાજાએ કરેલ હોવાથી રાજસ છે, તેના સમ્બન્ધથી પૂજન યોગ્ય થયા તેથી રાજસ, અને સર્વથી ઉત્તમ હોવાનો નિશ્ચય કર્યો તેથી સાત્ત્વિક છે. તેથી રાજસસાત્ત્વિક અવસ્થા થઈ.

એ પ્રમાણે પોતાની દૃષ્ટિ પ્રમાણે ભગવાનની સર્વ અવસ્થાઓનું વર્ણન કરીને, ગુણથી પર સ્થિતિમાં રહેલા ભગવાનને પોતાના આત્માનું સમર્પણ કરવાનું નીચેના શ્લોકથી કહે છે :

**તમ્ ઈમમ્ અહમ્ અજં શરીરભાજાં હૃદિ હૃદિ ધિષ્ઠિતમ્ આત્મકલ્પિતાનામ્ ।**
**પ્રતિદૃશમિવ નૈકધાऽર્કમ્ એકં સમધિગતોऽસ્મિ વિધૂત ભેદમોહઃ ।।૪૨।।**

તે જન્મરહિત, જેમ એક સૂર્ય અનેક પ્રકારે દરેકની દૃષ્ટિમાં આવે છે તેમ પોતે રચેલા દેહધારીઓના હૃદયે હૃદયમાં રહેલા આમને એકલાને, જેના ભેદ અને મોહ નીકળી ગએલા છે તેવો, હું પ્રાપ્ત થએલો છું.૪૨

ઉપર જેમને સર્વથી ઉત્તમ ગુણવાળા કહ્યા તે જ આ હૃદયથી આરંભીને બહાર સુધી ગાઢ સમ્બન્ધથી રહેલા છે, અને તે દેહ વિગેરે આકારવાળા નથી. તે અર્થ 'જન્મરહિત' વિશેષણથી કહેલો છે. 'દેહધારીઓના હૃદયે હૃદયમાં રહેલા' વિશેષણથી એમ કહેલું છે કે જેમ આ મારી અંદર અને બહાર રહેલા છે તેમ સર્વ પ્રાણીઓની અંદર અને બહાર રહેલા છે. 'શરીરં' દેહને 'ભજન્તે' ધારણ કરે તે દેહધારીઓ એટલે જીવો. તેમને પોતાના જેવી આકૃતિ, એટલે પુરુષના જેવું શરીર પ્રાપ્ત કરાવી, પોતાની સેવા તજાવી તે શરીરની સેવામાં મૂકેલા; અને ત્યાં પણ બીજાનું ભજન ન થાય તે માટે પોતેજ દરેક શરીરમાં પરિણમે તેમ હૃદયે હૃદયમાં 'ધિષ્ઠિતમ્' રહેઠાણ કરી અધિષ્ઠાતા દેવ તરીકે રહેલા છે, પરન્તુ જીવ[૧] પેઠે રહેલા નથી. તે જીવો કયા[૨]? એવો પ્રશ્ન થાય, તેથી 'પોતે રચેલા' એમ કહેલું છે. પોતેજ રચેલા છે. ''રહેલા હોવાથી એમ કાશકૃત્સ્ન કહે છે'' એ (બ્ર.સૂ.૧।૪।૨૨) પ્રમાણે ભગવાનની અમુક અવસ્થા જીવ છે. પ્રાકૃત ભોગ કરવા ભગવાને તે અવસ્થા પ્રાપ્ત કરી છે, એવો અર્થ છે.

એકજ ભગવાન અનેક સ્થાનોમાં ગાઢ સમ્બન્ધથી કેમ દેખાય? એવો પ્રશ્ન થાય,

તેથી 'જેમ એક સૂર્ય અનેક પ્રકારે દરેકની દૃષ્ટિમાં આવે છે' એવું દૃષ્ટાન્ત કહેલું છે. ચક્ષુની અધિષ્ઠાત્રી દેવતા એક જ સૂર્ય દરેકની દૃષ્ટિમાં રહે છે, અથવા બહાર રહેલો જ આ સૂર્ય બધાની દૃષ્ટિમાં ''તેથી બધાએ માને છે કે મારા માટે ઉગેલો છે'' એ શ્રુતિ પ્રમાણે 'આ અમારા માટે જ ઉગેલો છે' એવો જણાય છે તેથી ઉત્તમોના સામર્થ્યનું ચિંતન થઈ શકે તેમ ન હોવાથી આ વિષયમાં સન્દેહ ન કરવો. તેથી એવા પ્રકારના પરમાત્માને હું સારી રીતે 'અધિગતોऽસ્મિ' પ્રાપ્ત થએલો છું, યોગથી હું પોતે તેમની અંદર જોડાએલો છું, એવો અર્થ છે. બધાએ ભગવાનની સમીપ રહે છે, છતાં પણ માયાએ પોતે કરેલાં કાર્યમાંથી જે બે ગુણો મોહ અને ભેદ ઉત્પન્ન થયા, તેઓ વિઘ્ન કરનારા હોવાથી ભગવાન સાથે સર્વ ભળી જતા નથી, તેથી મેં તે બે દૂર કરેલા છે એમ 'જેના ભેદ અને મોહ નીકળી ગએલા છે' એ વિશેષણથી કહેલ છે. અથવા હવે ભગવાનને સારી રીતે પ્રાપ્ત થયા પછી ભેદ અને મોહ જતા રહેલા છે.૪૨

૧.'જીવ પેઠે' એટલે દેહ વિગેરેના અભિમાનવાળા તરીકે. ૨.'કયા' એટલે ભગવાનથી જુદા કે જુદા નહીં?

એ પ્રમાણે પોતાનાં મનમાં સ્ફૂરેલો પ્રેમ કહી, છેવટે પોતે કરેલ આત્મસમર્પણ પણ કહીને ભીષ્મે શરીરનો ત્યાગ કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**કૃષ્ણ એવં ભગવતિ મનોવાગ્દેહવૃત્તિભિઃ ।**
**આત્મન્યાત્માનમ્ આવેશ્ય સોऽન્તઃશ્વાસ ઉપારમત્ ।।૪૩।।**

એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણમાં મન, વાણી અને દેહ ની ક્રિયાઓનો અને આત્મામાં આત્માનો પ્રવેશ કરાવીને અંદર શ્વાસ રાખેલા તેણે દેહનો ત્યાગ કર્યો.૪૩

મૂલના પ્રકટ થએલ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણમાં એવી રીતે કાયા વાણી અને મનની ક્રિયાઓનો સમ્બન્ધ કરાવ્યો. તેઓની સાથે આત્માનો પણ સમ્બન્ધ કરાવ્યો. તેઓને તો જુદી કરીને તેમનો સમ્બન્ધ કરાવ્યો, આત્માનો તો આત્મા ભગવાન માંજ સમ્બન્ધ કરાવ્યો. ''અહીં જ પ્રાણો લઈ જવાય છે'' એ શ્રુતિ નો અર્થ કહેવાયો. 'અન્તઃશ્વાસઃ' અંદરજ શ્વાસ રહ્યો જેનો તેવો તે થયો. 'ઉપારમત્' એટલે દેહનો ત્યાગ કર્યો.૪૩

અને તે સમયે સર્વને તેવું જ્ઞાન થયું એમ નીચેના શ્લોકથી કહે છે :

**સમ્પદ્યમાનમાજ્ઞાય ભીષ્મં બ્રહ્મણિ નિષ્કલે ।**
**સર્વે બભૂવુસ્તે તૂષ્ણીં વયાંસીવ દિનાત્યયે ।।૪૪।।**

ભીષ્મને પૂર્ણ બ્રહ્મને પ્રાપ્ત થતા જાણીને જેમ દિવસના અંતે પક્ષીઓ શાંત રહે છે તેમ તે બધા શાંત રહ્યા.૪૪

અંદર રહેલા ભગવાન પ્રકટ થયા, અને તેમની અંદર આ ભીષ્મ ભળી ગયો. તે સમયે કોઈક ઘણી પ્રભા નીકળી, તેનાથી બધાએ જાણ્યું કે ભીષ્મ બ્રહ્મમાં ભળી ગયો. તે સમયે

'પરમ પુરુષાર્થમાં વિઘ્ન ન થાઓ' એવા વિચારથી બધા શાંત રહ્યા. કારણકે જેમ સારી ઉંઘમાં થાય છે તેમ કાન ખુલ્લા હોવાથી વિષયોથી ઈંદ્રિય કાન દ્વારા મનનું આકર્ષણ થાય અને તે મન દ્વારા જીવનું આકર્ષણ થાય, તેવો સંભવ[1] છે. 'પક્ષીઓ શાંત રહે છે તેમ' શબ્દોથી એમ જણાવેલું છે કે જેમ સાંજની સંધ્યા પૂરી થાય ત્યારે જુદા-જુદા સ્થાનમાં રહેલા પક્ષીઓ આવતી કાલનો વિચાર રાખનારા ન હોવાથી વિચાર વિનાના અને પહેલાં જે થએલ તેનાં ભાન વિનાના હોઈ, ઉંઘ ન આવતી હોય તો પણ શાંત રહે છે, તેમ સર્વ સન્દેહોનો જેનાથી નાશ થયો તેનું શ્રવણ કરીને, અને દૃષ્ટાન્ત જોઈને, કહેવાનું કાંઈ ન હોવાથી બ્રહ્મરૂપ જ થઈ શાંત થઈ ગયા, એવો અર્થ છે.૪૪

૧.ભીષ્મના જીવનું આકર્ષણ એ પ્રમાણે થાય તો તેને પરમ પુરુષાર્થ મોક્ષ પ્રાપ્ત થવામાં વિઘ્ન થાય, એવા વિચારથી શાંત રહ્યા.

**તત્ર દુન્દુભયો નેદુઃ દિવિ દેવપ્રચોદિતાઃ ।**
**શશંસુઃ સાધવો રાજ્ઞાં ખાત્પેતુઃ પુષ્પવૃષ્ટયઃ ।।૪૫।।**

તે પ્રસંગે દેવોએ વગાડેલાં દુદુંભીઓ વાગ્યાં. રાજાઓમાં સારાઓએ પ્રશંસા કરી. આકાશમાંથી પુષ્પની વૃષ્ટિઓ થઈ.૪૫

દેવો સર્વ જાણનારા હોવાથી, 'આપણા વસુની મુક્તિ થઈ' એવા વિચારથી તેમણે વાજીંત્રો વગાડ્યાં એમ કહેલું છે [ક]વાજીંત્રો વગાડવાં [ખ]પ્રશંસા અને [ગ]પુષ્પની વૃષ્ટિઓ અનુક્રમે તામસ, રાજસ અને સાત્ત્વિક રૂપ ઉત્તમ ક્રિયાઓ થઈ. રાજાઓમાં જે સારા હતા તેમણે પ્રશંસા કરી. આથી એમ જણાવેલું છે કે ત્યાં પણ દુષ્ટો હતા.૪૫

''અંતે ભસ્મ થાય છે તેવું શરીર છે'' એ શ્રુતિ પ્રમાણે શરીરનો સંસ્કાર કર્યાનું નીચેના શ્લોકથી કહે છે :

**તસ્ય નિર્હરણાદીનિ સમ્પરેતસ્ય ભારતઃ ।**
**યુધિષ્ઠિરઃ કારયિત્વા મુહૂર્તં દુઃખિતોઽભવત્ ।।૪૬।।**

ભારત યુધિષ્ઠિર તે મરેલાને શ્મશાન લઈ જવાનું વિગેરે કરાવીને મુહૂર્ત સુધી દુઃખી રહ્યો.૪૬

મરેલાં શરીરને 'નિર્હરણમ્' શ્મશાન લઈ જઈ બાળવાનું, ભીષ્મના જીવને લઈ ભગવાન તિરોહિત થયા ત્યારે, ભારત એટલે યુધિષ્ઠિરે કરાવ્યું. યુધિષ્ઠિરને મોહ થયો ન હતો એમ 'ભારત' શબ્દથી જણાવેલું છે. તેણે આ કાર્ય બીજા પાસે કરાવ્યાં, કારણ કે જેનો રાજ્યાભિષેક થએલ હોય તેણે પોતે આ કાર્ય કરવું અયોગ્ય છે. મુહૂર્ત સુધી ખેદ કરવાની શાસ્ત્રની આજ્ઞા છે.૪૬

ભીષ્મે કહેલું અને કરેલું સર્વના હૃદયમાં આવ્યું એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છેઃ

**તુષ્ટુવુર્મુનયો હૃષ્ટાઃ કૃષ્ણં તદ્‌ગુહ્યનામભિઃ ।**
**તતસ્તે કૃષ્ણહૃદયાઃ સ્વાશ્રમાન્ પ્રયયુઃ પુનઃ ॥૪૭॥**

પ્રસન્ન થયેલા મુનિઓએ શ્રીકૃષ્ણની તેમનાં છૂપાં રાખવા યોગ્ય નામોથી સ્તુતિ કરી. પછી શ્રીકૃષ્ણને હૃદયમાં રાખી તેઓ પોતાના આશ્રમોએ ફરી ગયા.૪૭

તેમનાં છૂપાં નામોથી એટલે 'અદ્‌ભુત કર્મ કરનાર' વિગેરેથી સ્તુતિકરી. શ્રીકૃષ્ણને હૃદયમાં પધરાવી બધા ગયા, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. 'ફરી' શબ્દનો એવો અર્થ છે કે કેટલાક ભગવાનનાં દર્શન થાય તે માટે પોતાના આશ્રમે જઈને પણ આવ્યા અને શ્રીકૃષ્ણનાં દર્શન કરીને ફરી ગયા.૪૭

યુધિષ્ઠિરને તો જ્ઞાન થયું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તતો યુધિષ્ઠિરો ગત્વા સહકૃષ્ણો ગજાહ્‌વયમ્ ।**
**પિતરં સાન્ત્વયામાસ ગાન્ધારીઞ્ચ તપસ્વિનીમ્ ॥૪૮॥**

પછી યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ સાથે હસ્તિનાપુર જઈને પિતાનું અને દુઃખી થએલી ગાંધારીનું સાન્ત્વન કર્યું.૪૮

યુધિષ્ઠિર પોતે શોક રહિત થઈ બીજાના શોકને દૂર કરે છે. 'પિતાનું' એટલે ધૃતરાષ્ટ્રનું અને 'તપસ્વિનીમ્' દુઃખી થએલી ગાંધારીનું અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજાઓનું સાન્ત્વન કર્યું ૪૮.

પછી ભગવાનની કૃપાથી તેને રાજ્યની પ્રાપ્તિ થઈ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**પિત્રા ચાનુમતો રાજા વાસુદેવાનુમોદિતઃ ।**
**ચકાર રાજ્યં ધર્મેણ પિતૃપૈતામહં વિભુઃ ॥૪૯॥**

પિતાએ સંમતિ આપેલા, વાસુદેવે અનુમોદન કરેલા શક્તિમાન રાજાએ બાપદાદાનું રાજ્ય ધર્મ પ્રમાણે કર્યું.૪૯

અધિકારવાળા મંત્રીઓએ અને પિતા ધૃતરાષ્ટ્રે રાજ્ય કરવામાં સંમતિ આપી. સ્વભાવથીજ યુધિષ્ઠિર રાજા હતો. મુખ્ય રીતે વાસુદેવે અનુમોદન કર્યું. બાપદાદાનું રાજ્ય હોવાથી તે કરવાનું જરૂરી હતું. 'વિભુઃ' એટલે શક્તિવાળો. આથી રાજ્ય કરવાના સર્વ ગુણો હોવાનું અને દોષો ન હોવાનું કહ્યું.૪૯

**ઈતિ શ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં**
**પ્રથમ સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ.**

# ।। અધ્યાય દશમો ।।
# ભગવાન્ શ્રીકૃષ્ણનું દ્વારકા ગમન

**નૈશ્ચિન્ત્યસિદ્ધયે વિષ્ણોઃ ભીષ્મમુક્તિર્નિરૂપિતા ।**
**ઐહિકે સર્વસૌખ્યં તુ દત્તવાંસ્તન્ નિરૂપ્યતે ।।૧।।**

વિષ્ણુ નિશ્ચિંત થાય[1] તે માટે ભીષ્મની મુક્તિનું નિરૂપણ કર્યું. ભગવાને આ લોકના સંબંધવાળું સર્વ સુખ આપ્યું તે કહેવામાં આવે છે. કા.૧.

**પાણ્ડવાનાં યદૂનાં ચ તદધ્યાયદ્વયેન હિ ।**
**નિરૂપ્યં પ્રથમં તત્ર પાણ્ડવાનાં તદુચ્યતે ।।૨।।**

પાંડવોનું અને યાદવોનું તે સર્વ પ્રકારનું સુખ બે અધ્યાયોથી કહેવાનું છે. તે પૈકી પહેલાં પાંડવોનું તે સુખ કહેવામાં આવે છે.કા.૨.

**કૃષ્ણાધીનં સુખં યસ્ય સ સુખીતિ નિગદ્યતે ।**
**અતઃ કૃષ્ણપરં ચિતં સર્વેષામ્ અત્ર વર્ણ્યતે ।।૩।।**

જેનું સુખ શ્રીકૃષ્ણને અધીન છે તે સુખી હોવાનું કહેવાય છે. તેથી સર્વનું ચિત્ત શ્રીકૃષ્ણમાં પરોવાએલું હોવાનું વર્ણન આ અધ્યાય માં કરવામાં આવે છે.કા.૩.

૧.આથી પ્રથમ સર્વ ભક્તોનું સમાધાન કરીને પોતાના સ્થાને દ્વારકા જવાનું જે ત્રીજું લગાવવાનું કાર્ય કહેલું તેની આ અર્થથી સંગતિ થાય છે. (જૂઓ નવમા અધ્યાયના આરંભનું કથન.)

ગયા અધ્યાયના અંતે યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયાનું કહ્યું તે સંબંધમાં જ્ઞાન અને અજ્ઞાન થી રાજ્ય કરવાનું ઘટતું ન હોવાથી, રાજ્યસ્થિતિ[1] સંબંધી શૌનક પ્રશ્ન કરે છે :

**શૌનક કહે છે :**

**હત્વા સ્વરિક્થસ્પૃધ આતતાયિનો યુધિષ્ઠિરો ધર્મભૃતાં વરિષ્ઠઃ ।**
**સહાનુજૈઃ પ્રત્યવરુદ્ધભોજનઃ કથં પ્રવૃત્તઃ કિમકારષીત્ તતઃ ।।૧।।**

પોતાનાં ધન માટે સ્પર્ધા કરનાર આતતાયીઓને હણીને જેનો ભોગ અટકાવેલ હતો તેવા ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિરે નાના ભાઈઓ સાથે કેમ પ્રવૃત્તિ કરી અને પછી શું કર્યું? ૧

પોતાનાં ધન માટે સ્પર્ધા કરતા હતા, તેથી તેવા સ્પર્ધા કરનારા હતા. 'રિક્થં' એટલે ધન, તેથીજ ધન લઈ જનારા આતતાયીઓ હતા. ન હણવા યોગ્ય સગાંઓનો વધ કરવાનું કારણ તેઓનું આતતાયીપણું હતું. અથવા પોતાનું ધન ન હતું તેને માટે સ્પર્ધા હતી જેમની તેવા તેઓ હતા, આથી[2] એમ જણાવેલું છે કે ધનની ઈચ્છાવાળાઓને હણીને ધન લઈને, તેનાથી રાજ્ય કરવું યોગ્ય નથી. 'પ્રાકૃત પુરુષો એમજ કરે છે' એવો પ્રશ્ન થાય, તેથી ધર્મ ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ' વિશેષણ કહેલું છે. યુધિષ્ઠિરને માત્ર ધર્મનું જ્ઞાન જ હતું અથવા

માત્ર તેની ધર્મવાળી કૃતિ જ હતી, એમ ન હતું, પરંતુ જેઓ ધર્મનોજ સ્વીકાર કરીને રહે છે તેઓમાં તે શ્રેષ્ઠ હતા. 'નાના ભાઈઓ સાથે' શબ્દોનો એવો[3] સંબંધ છે કે શત્રુઓનો વધ કરવામાં, ધર્મનું જ્ઞાન અને રાજ્ય પ્રાપ્ત કરવામાં સર્વમાં ભાઈઓ સાથે કાંઈક મળતા મતવાળા હતો કે નહીં? અટકાવાએલ હતું ભોજન જેનું તેવો તે હતો. 'ભોજન' એટલે પ્રજાનું પાલન અને ખોરાક-ભોગ. પહેલાં આતતાયીઓએ ભોગ અટકાવેલો. અટકાયતનો વિરોધ કરતાં, હમણાંજ ભોગ પ્રાપ્ત થએલ છે, તેથી સર્વ જાણનાર યુધિષ્ઠિરની તુચ્છ રાજ્યમાં પ્રવૃત્તિ કેમ થઈ? અને રાજાએ રાજ્યમાં સંતોષથી રહેવાનું અશક્ય હોવાથી, પછી રાજ્ય પ્રાપ્ત કરીને ફરીથી કજીઓ વિગેરે અથવા બીજું કાંઈ કર્યું? એવો પ્રશ્ન છે.૧.

૧.'રાજ્યસ્થિતિ' એટલે રાજ્યમાં યુધિષ્ઠિરની સ્થિતિનો પ્રકાર.

૨.એવી રીતે વધ કરવામાં દોષ ન હોવાથી રાજ્ય (તેમની પાસેથી પડાવી) કરવાનું દુષ્ટ કેમ હોય? એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલું છે.

૩.એવો સંશય જણાવવા, શત્રુનો વધ વિગેરેમાં સંબંધ કહેલ છે. 'સંબંધ' ને બદલે 'સંદેહઃ' પાઠ હોવો જોઈએ, એમ જણાય છે.

તે સંબંધમાં સ્વેચ્છાથી યુધિષ્ઠિરે કાંઈપણ કરેલું નથી, પણ ભગવાનની ઈચ્છાથી કરેલું છે, તેથી રાજ્ય કરવામાં તેનો ગુણ અથવા દોષ ન હતો, પરંતુ ભક્ત હોવાથી ભગવાનની ઈચ્છાથી તેણે રાજ્ય કર્યું એમ કહેવા, ભગવાન તેને રાજ્ય આપીને પ્રસન્ન થયા એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**વંશાઙ્કુરં વંશદવાગ્નિનિર્હ્રતં સંરોહડયિત્વાડભવભાવનો હરિઃ ।**
**નિવેશયિત્વા નિજરાજ્ય ઈશ્વરો યુધિષ્ઠિરં પ્રીતમના બભૂવ હ ।।૨।।**

વંશના દાવાગ્નિથી બળેલા વંશના અંકુરને ઉગાડીને મોક્ષ આપનાર હરિ ઈશ્વર યુધિષ્ઠિરને પોતાના રાજ્યમાં બેસાડીને પ્રસન્ન ચિત્તવાળા થયા.૨.

બે કાર્યો કરીને ભગવાન પ્રસન્ન થયા : [ક]વંશના અંકુર પરીક્ષિતનું રક્ષણ અને [ખ]યુધિષ્ઠિરને રાજ્યનું દાન. 'તેનું ત્યાં તેવું કામ કરવાનું ભગવાનને શું પ્રયોજન?' એવી શંકા કરીને કહે છે કે પોતાના ભક્તોના વંશનું રક્ષણ સર્વ પ્રકારે કરવું જોઈએ. તેમ ન કરે તો પ્રવૃત્તિ માર્ગમાં રહેવાનું અશક્ય થાય. કારણકે પુત્ર ન હોય તો પિતૃઓનો દેવાદાર રહે અને વિષયોનું સુખ ન થાય. કારણકે દૈત્યના અંશવાળાઓ ભગવદીયોના બે વંશ અને ભોગ કાઢી નાખે છે. તેનો ભગવાનેજ સામો ઉપાય કરવો જોઈએ. યુધિષ્ઠિરથી પોતાથી ઉપાય થાય તેમ ન હતું એમ 'વંશના દાવાગ્નિથી બળેલા' વિશેષણથી કહેલ છે. વંશમાં દાવાગ્નિ થએલો અથવા વંશમાં પરસ્પર[1] ઈર્ષ્યાથી થએલો હતો, વંશના અંકુરને 'સંરોહયિત્વા' 'ઉગાડીને' નવો અંકુર ઉત્પન્ન[2] કરીને પ્રસન્ન ચિત્તવાળા થયા. તેમ કરવાનું પ્રયોજન એ હતું કે ભગવાન 'અભવઃ'

મોક્ષ આપનારા છે. ''ત્રણ ઋણ ચૂકવીને મોક્ષ મેળવવામાં મન રાખવું'' ''અપુત્રને લોકની પ્રાપ્તિ થતી નથી તે બધાને પશુઓ જાણે છે'' એ શ્રુતિ અને સ્મૃતિનાં વાક્યો પ્રમાણે વંશ ન હોય ત્યારે પિતૃઓની રડારોળને લીધે મુક્તિ ન થાય. વળી 'હરિઃ' સર્વ દુઃખ હરનારા છે. પુત્ર ન હોવાથી થતું દુઃખ પણ દૂર કરે છે, એવો અર્થ છે. અથવા ભગવાન 'ભવભાવનઃ' વંશ કરવા નોજ વિચાર કરે છે. સર્વ તરફથી વૃદ્ધિનોજ વિચાર કરનારા છે, એવો અર્થ છે. રાજ્ય તો યુધિષ્ઠિરનું પહેલેથી જ હતું. તેમ ન હોય તો બધાએ ભક્તોને રાજ્ય દેવાનું આવી પડે તેથી રાજ્ય ગાદી ઉપર બેસાડ્યો જ. [૩]તેનું કારણ 'ઈશ્વર' શબ્દથી કહેલું છે. પોતે ઈશ્વર હોઈ બીજાઓને પણ ઈશ્વર કરી સુખી થાય છે. અથવા[૪] 'ઈશ્વર' એટલે શક્તિવાળા. કારણકે શક્તિવાળો ન હોય તે પ્રમાણનું મૂળ વેદ જોનાર સર્વનો ત્યાગ કરાવીને મુક્તિ આપે. આ ભગવાન તો તેવા નથી, એવો અર્થ છે. 'હ' શબ્દ નિશ્ચયના અર્થવાળો છે.૨.

૧.તેથી પોતે કરેલ હોવાથી, પોતાથી ઉપાય થઈ શકે નહીં, એવો અર્થ છે

૨.મહાભારતમાં પરીક્ષિત મરેલો અવતરેલ તેને શ્રીકૃષ્ણે સજીવન કર્યાનું લખેલ છે. અહીં પણ તેના પ્રાકૃત દેહને બળવા દીધો અને નવો ભગવદીય દેહ કરાવ્યો એવું પાછળ આવી ગએલ છે.

૩.તેનું રાજ્ય ન હોત અને તેને આપ્યું હોત, એવો અર્થ છે.

૪.'મોક્ષ આપવા તત્પર થએલા ભગવાને તેને રાજ્ય કેમ આપ્યું?' એવી શંકા થાય તેથી અહીંથી 'ઈશ્વર' શબ્દનો અર્થ બીજા પ્રકારે કરે છે.

ઈશ્વરના ધર્મ પ્રકટ થયા ન હોય ત્યારે પોતાની અંદર તુચ્છપણું જણાવાથી રાજ્ય કરવાથી ભય થાય. તે ભય યુધિષ્ઠિરનાં જ્ઞાનથી દૂર થયું એમ નીચેના શ્લોકથી કહે છે :

**નિશમ્ય ભીષ્મોક્તમ્ અથાચ્યુતોક્તં પ્રવૃદ્ધવિજ્ઞાનવિધૂતવિભ્રમઃ ।**
**શશાસ ગામિન્દ્ર ઈવાજિતાશ્રયઃ પરિધ્યુપાન્તામ્ અનુજાનુવર્તિતઃ ।।૩।।**

ભીષ્મે કહેલું અને પછી અચ્યુતે કહેલું શ્રવણ કરીને ઘણાં વધેલાં જ્ઞાનથી જેના અમુક ભ્રમોનો નાશ થયેલો છે તેવા અજિતના આશ્રયવાળા, નાનાભાઈઓથી સેવાતા યુધિષ્ઠિરે ઈંદ્રની પેઠે સમુદ્રની હદ સુધીની પૃથ્વીનું રાજ્ય કર્યું.૩.

જરૂરી કાર્ય તો કરવું જ જોઈએ, તે કરવાથી કોઈ હાનિ થતી નથી, એવાં ભીષ્મનાં વાક્યનાં શ્રવણથીજ રાજ્યનો ભય જતો રહ્યો. 'અથ'-પછી જુદા આરંભથી ઈશ્વરનો વિચાર કરતાં ''નારાયણ ઉપર આધાર રાખનારા સર્વ કોઈથી ડરતા નથી'' એ નિયમ પ્રમાણે નારાયણ ઉપર આધાર રાખનારાએ ભગવાનનાં વાક્ય પ્રમાણેજ કરવું જોઈએ, પરંતુ વિષયોથી થતા ભયનો વિચાર પણ કરવો ન જોઈએ, એવું અચ્યુતે કહેલું શ્રવણ કરેલ એ પ્રમાણે મર્યાદા અને પુષ્ટિ થી બધોએ શાસ્ત્રાર્થ તેણે જાણ્યો. તેનાથી ઘણાં વધેલાં જ્ઞાનથી 'વિધૂતાઃ' દૂર કરાએલા છે અમુક ભ્રમો જેના તેવા યુધિષ્ઠિર 'ગામ્' પૃથ્વીનું ભગવાનની આજ્ઞા લઈને પાલન કર્યું. 'ઈંદ્રની પેઠે' શબ્દોથી એમ કહેલું છે કે બીજો રાજા દૈવથી વૃષ્ટિ થતાં અનાજ ઉત્પન્ન થાય ત્યારે માત્ર પાલન કરે છે, આણે તો પોતાના ગુણથી વૃષ્ટિ પણ કરાવી,

સર્વને પુષ્ટ કરીને પાલન કર્યું. મનુષ્યની એવી રીતે પાલન કરવાની શક્તિ ‘અજિતના આશ્રયવાળા’ વિશેષણથી કહેલી છે. કોઈથી પણ ન જીતાએલા ભગવાન આશ્રય હતા જેના તેવા તેણે, ‘પરિધિઃ’ સમુદ્ર હતો સીમા ઉપર જેની તેવી પૃથ્વીનું રાજ્ય કર્યું. જો કે બીજા રાજાઓ પણ હતા, છતાં આની આજ્ઞા ઉઠાવનારા હોવાથી તેવું પૃથ્વીનું વિશેષણ કહેલું છે. નાનાભાઈઓથી ‘અનુવર્તિતઃ’, પહેલાં ભાઈઓજ કરતા, પછી પોતે તે કાર્ય કરતો, અથવા ભાઈઓથી સેવાતાએ રાજ્ય કર્યું.૩.

તેના ધર્મથી પુષ્ટ થએલાં રાજ્યના ગુણો નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે :

**કામં વવર્ષ પર્જન્યઃ સર્વકામદુઘા મહી ।**
**સિષિચુઃ સ્મ વ્રજાન્ ગાવઃ પયસોધસ્વતીર્મુદા ।।૪।।**

ઈચ્છા પ્રમાણે વરસાદ વરસતો. પૃથ્વી સર્વ કામનાઓ આપનારી થઈ. આઉવાળી ગાયો આનંદથી નેસડાઓનું દૂધથી સિંચન કરતી હતી.૪.

**આધિદૈવિકસૌખ્યં હિ તથા ચૈવાધિભૌતિકમ્ ।**
**આધ્યાત્મિકં ચ તદ્ રાજ્યે કૃષ્ણેચ્છાતઃ ક્રમોદિતાઃ ।।૪।।**

તેના રાજ્યમાં શ્રીકૃષ્ણની ઈચ્છાથી આધિદૈવિક સુખ અને તેવી રીતેજ આધિભૌતિક અને આધ્યાત્મિક સુખ થતાં એવા અનુક્રમથી ત્રણ શ્લોકો કહેલા છે.કા.૪.

‘કામમ્’ એટલે ઈચ્છા પ્રમાણે અમુક ક્ષેત્રમાં અનાજ ઉત્પન્ન કરવા માટે જરૂર હોય તેટલું વરસતો પૃથુની પેઠે પૃથ્વી સર્વ તરફથી કામનાઓ આપનારી થઈ. ‘આઉવાળી’ મોટાં દૂધ સંગ્રહ કરવાનાં સ્થાનવાળી ગાયો પણ “આ રાજા આપણું પાલન કરનારો ધર્માત્મા થયો” એવા આનંદથી નેસડાઓનુંજ સિંચન કરતી. જ્યાં સુધીમાં દોહનાર અને વાસણ આવે ત્યાં સુધી દૂધ ઘણું હોવાથી ભૂમિનું જ સિંચન કરતી. વરસાદ, પૃથ્વી અને ગાયો દેવતા છે.[૧] ૪.

૧.તેથી આ આધિદૈવિક સુખ થયાનું કહ્યું.

**નદ્યઃ સમુદ્રા ગિરયઃ સવનસ્પતિવીરુધઃ ।**
**ફલન્ત્યોષધયઃ સર્વાઃ કામમન્વૃતુ તસ્ય વૈ ।।૫।।**

નદીઓ, સમુદ્રો, વનસ્પતિ અને લતાઓવાળા પર્વતો અને સર્વ ઓષધિઓ ઋતુ પ્રમાણે તેની ઈચ્છાનુસાર ફલતાં હતાં.૫.

નદીઓ અને સમુદ્રો જલવાળું જોડું થયું અને વૃક્ષો અને લતાઓ બીજું સ્થલ ઉપરનું જોડું થયું. આ બે અન્ન સિવાયનું સર્વ ઉત્પન્ન થવાનું કારણ છે. ચોખા વિગેરે ઓષધિઓ છે. બધાં સજીવ હોવાથી પ્રાણીઓ[૧] છે, ‘કામમ્’ એટલે ઈચ્છાને અનુસરીને, ‘અન્વૃતુ’ ઋતુનું ઉલ્લંઘન કર્યા વિના ફલતાં હતાં.૫.

૧.તેથી આ આધિભૌતિક પ્રાણીઓથી થતું સુખ થયું.

[1]અધ્યાત્મમાં ગુણો પોતાની મેળે જ પ્રાપ્ત થએલા હોય છે તેથી દોષ ન હતા એમ જણાવવા રોગ વિગેરે થતા નહીં એમ નીચેના શ્લોકથી કહે છે :

**નાધયો વ્યાધયઃ ક્લેશા દૈવભૂતાત્મહેતવઃ ।**
**અજાતશત્રાવભવન્ જન્તૂનાં રાજ્ઞિ કર્હિચિત્ ।।૬।।**

અજાતશત્રુ રાજા હતો ત્યારે આધિઓ વ્યાધિઓ અને ક્લેશો દૈવ, ભૂત અને અંતઃકરણથી થતાં દુઃખો પ્રાણીઓને કોઈ સમયે થતા ન હતા.૬.

'આધિ' મનનું દુઃખ, 'વ્યાધિ' શરીરનું દુઃખ, 'ક્લેશો' અવિદ્યા વિગેરે. ઈંદ્રિયોમાંથી પરૂ વિગેરેનું નીકળવું, ગર્ભપાત, વ્યભિચાર વિગેરે દૈવથી, પ્રાણીઓથી અને અંતઃકરણથી થતાં દુઃખો થતાં ન હતાં. કારણ કે રાજાના ગુણથીજ સર્વની શાંતિ થતી. 'કોઈ સમયે' શબ્દથી એમ કહેલું છે કે આરંભમાં મધ્યે અને અંતમાં રાજ્ય એક પ્રકારનું એક સરખું હતું.૬.

૧.''સ્વભાવ અધ્યાત્મ કહેવાય છે'' (ભગ.ગીતા ૮ ।૩) ભગવાન 'સ્વ' પોતે 'ભાવ' જીવના ભાવથી, જીવ થઈ ભોગ કરવા દેહમાં રહે તે અધ્યાત્મ. તેમાં ગુણો તો હોયજ.

એ પ્રમાણે સામાન્ય રીતે સર્વનું સુખ કહીને, ભગવાન ઉપરના પ્રેમથી થતું સુખ કહેવા માટે, નીચેના શ્લોકથી આરંભી અધ્યાય પૂરો થતાં સુધી ભગવાનનાં પ્રસ્થાનનો ઉત્સવ કહે છે :

**ઉષિત્વા હાસ્તિનપુરે માસાન્ કતિપયાન્ હરિઃ ।**
**સુહૃદાં ચ વિશોકાય સ્વસ્વસુઃ પ્રિયકામ્યયા ।।૭।।**
**આમન્ત્ર્ય ચાભ્યનુજ્ઞાતઃ પરિષ્વજ્યાભિવાદ્ય ચ ।**
**આરુરોહ રથં કૈશ્ચિત્ પરિષ્વક્તોઽભિવાદિતઃ ।।૮।।**

મિત્રોનો શોક દૂર કરવા અને પોતાની બેનનું પ્રિય કરવાની ઈચ્છાથી, કેટલાક મહિનાઓ સુધી હસ્તિનાપુરમાં રહીને, રજા લઈને અને રજા અપાએલા, ભેટીને અને નમન કરીને કેટલાકથી ભેટાએલા અને નમન કરાએલા હરિ રથમાં વિરાજ્યા. ૭-૮.

**વૃથૈવ જીવનં લોકે ભક્તિજ્ઞાનોત્સવૈર્વિના ।**
**કૃષ્ણૈકતાનચિત્તત્વં મુક્તેરપ્યધિકં મતમ્ ।।૫।।**

ભક્તિ અને જ્ઞાન થી કરેલા ઉત્સવો વિના લોકમાં જીવવું વ્યર્થ છે, એકલા શ્રીકૃષ્ણમાં પરોવાએલ ચિત્તવાળા હોવું તે મુક્તિથી પણ અધિક વિચારાએલું[1] છે. કા.૫.

'હસ્તિનાપુરમ્' એ ત્રીજી વિભક્તિના પ્રત્યયનો લોપ કર્યા વગર થએલો સમાસ છે. 'હસ્તિના' હસ્તિએ 'નિર્મિતં' રચેલું 'પુરમ્' શહેર, એમાં વચલું પદ 'નિર્મિતં'નો લોપ થવાથી 'હસ્તિનાપુર' શબ્દ થાય છે. હસ્તી રાજા હતો. હસ્તિના સંબંધવાળું તે 'હાસ્તિન.' 'અ'

પ્રત્યય છે. તેથી હાસ્તિન થયું.

**હસ્તિનિર્મિતે પુરે વાસઃ તદ્વંશ્યાનાં વિમુક્તયે ।**
**નિરન્તરસ્થિતિર્યા તુ ભૂમિર્મુક્તિપ્રદેતિ ચ ।।૬।।**

હસ્તીએ રચેલા શહેરમાં તેના વંશજોની મુક્તિ માટે ભગવાને વાસ કરેલો; પણ સદાની સ્થિતિવાળી જે ભૂમિ તે મુક્તિ આપનારી છે.[૨] કા.૬

**કાલસ્યાકારણત્વાય તદંશાઃ પરિકીર્તિતાઃ ।**
**બહુત્વાદ્ ગણનાઽભાવાત્ તેષાં ચાઽહેતુતા મતા ।।૭।।**

કાલ ભગવાન ત્યાં રહ્યા તેનું કારણ નથી, એમ જણાવવા તેનાં અંશો (મહિનાઓ) કહેલા છે. અને તે ઘણા હોવાથી ગણના કરેલ ન હોવાથી તે કારણ મનાએલા નથી[૩] કા.૭.

**સ્થિત્વા શોકાપનોદે તુ ગમને સ્મરણાદ્ ભવેત્ ।**
**સ્નેહસ્તતઃ કૃતાર્થત્વમ્ ઈતિભાવો હરિર્મતઃ ।।૮।।**

રહીને શોક દૂર થાય ત્યારે પધારી જાય તો સ્મરણ થવાથી સ્નેહ થાય, અને તે સ્નેહ કૃતાર્થ થાય એવા આશયવાળા હરિ હોવાનું વિચારાએલું છે.[૪] કા.૮.

અને મિત્રોનો શોક દૂર કરવા, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી રાજાનો શોક દૂર કરવા રહ્યા. પોતાની બેન સુભદ્રાનું પ્રિય કરવા રહ્યા. પુત્રના મૃત્યુનો શોક દૂર કર્યો અને પૌત્રની ઉત્પત્તિ થઈ તેથી ભગવાનનાં રહેવાથી પ્રીતિ વધી. 'રજા લઈને' એ લૌકિક કાર્ય કર્યું. 'ચ' 'અને' શબ્દથી વરદાન વિગેરે કર્યાનું કહેલ છે. સર્વ દોષો દૂર કરવા આલિંગન કર્યું. બહિર્મુખ હોય છતાં પણ દોષ ન રહે તે માટે નમન કર્યું. 'ચ' 'અને' શબ્દ હોવાથી દાન વિગેરે યોગ્ય કાર્ય કર્યું. 'કેટલાકથી' એટલે સખ્ય ભકિત સુધી આવેલાઓથી અથવા પ્રેમથી ભીંજાએલા કેટલાકથી, એમ તેવાઓ દુર્લભ હોવાનું જણાવેલું છે. ૭-૮.

૧.'મુક્તિ અંતે ન થાય તો સર્વ નકામું છે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે, વિષ્ણુના સેવક થવું તેને બુદ્ધિવાળાઓ મોક્ષ કહે છે એવાં વાક્યને લીધે મોક્ષથી અધિક છે.

૨.હસ્તિનાપુર કરતાં મથુરાં વિગેરેમાંની ભગવાનની સ્થિતિ જુદા પ્રકારની હોવાનું જણાવેલ છે.

૩.કાલ ભગવાનને હસ્તિનાપુરમાં રહેવાનું કારણ નથી એમ જણાવવા આ કહેલ છે.

૪.ભગવાન ત્યાં રહેવાથી મુક્તિ કેવી રીતે થાય, તે આથી જણાવેલું છે.

**સુભદ્રા દ્રૌપદી કુન્તી વિરાટતનયા તથા ।**
**ગાન્ધારી ધૃતરાષ્ટ્રશ્ચ યુયુત્સુર્ગૌતમો યમૌ ।।૯।।**
**વૃકોદરશ્ચ ધૌમ્યશ્ચ સ્ત્રિયો મત્સ્યસુતાદયઃ ।**
**ન સેહિરે વિમુહ્યન્તો વિરહં શાઙ્ર્ગધન્વનઃ ।।૧૦।।**

સુભદ્રા, દ્રૌપદી, કુન્તી, વિરાટની પુત્રી અને તેવી રીતે ગાંધારી અને ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, ગૌતમ, યમૌ અને વૃકોદર, અને ધૌમ્ય, મત્સ્યસુતા વિગેરે સ્ત્રીઓ મુંઝાઈ જતાં શાઙ્ર્ગધનુષ્યવાળાનો વિરહ સહન કરી શક્યા નહીં.૯-૧૦.

સુભદ્રા વિગેરે વિરહ સહન કરી શક્યા નહીં, એવો વાક્યનો સંબંધ છે. દેહના સંબંધને મુખ્ય ગણનારો સ્ત્રીઓનો સ્નેહ અધિક છે, તેથી આરંભમાં અને અંતમાં સ્ત્રીઓ કહેલ છે. 'વિરાટની પુત્રી' ઉત્તરા.

**યથા ભર્તા તથા પુત્રો મારણે રક્ષણેઽપિ ચ ।**
**ગાન્ધાર્યા ઉત્તરાયાશ્ચ તથેતિ સમતા મતા ॥૯॥**

હણવામાં અને રક્ષણ કરવામાં જેવો પતિ તેવો પુત્ર છે. ગાંધારી અને ઉત્તરા ને તેવી રીતે થયું તેથી તેમને સમાન ગણેલી[1] છે. કા.૯

રાજા અને અર્જુન ઉત્સવમાં આસક્ત થએલા હોવાથી તેમને વિરહનું ભાન ન થયું. અથવા 'અને ધૃતરાષ્ટ્ર' માંના 'અને' શબ્દથી તેમનો સમાવેશ કરેલો છે. તેમ ન લઈએ તો 'અને' શબ્દ ધૃતરાષ્ટ્રની ભક્તિ જણાવનારો થાય, તેથી તેમ લેવું જોઈએ. કારણકે ધૃતરાષ્ટ્રને ભક્તિ દુર્લભ છે. યુયુત્સુ ધૃતરાષ્ટ્રની રખાતનો પુત્ર હતો. 'ગૌતમ' એટલે કૃપ, કારણકે તે ગૌતમના વંશમાં ઉત્પન્ન થએલો હતો. 'યમૌ' એટલે નકુલ અને સહદેવ. 'અને વૃકોદર' માંના 'અને' શબ્દથી ન કહેલા સર્વ ક્ષત્રિયોનો સમાવેશ કરેલ છે. 'અને ધૌમ્ય' શબ્દોમાં પુરોહિત કહેલ હોવાથી 'અને' શબ્દથી ન કહેલા બ્રાહ્મણોનો સમાવેશ કરેલો છે. 'સ્ત્રીઓ' એટલે ક્ષત્રિયો અને બ્રાહ્મણો ની સ્ત્રીઓ. 'મત્સ્યસુતાં'[2] એટલે સત્યવતી અથવા પહેલાં કહેલી ઉત્તરાને તેનું કાર્ય કરવા માટે ફરી કહેલી છે. 'વિમુહ્યન્ત' 'મુંઝાતાં' શબ્દમાં સ્ત્રીઓ અને પુરુષો બેમાંથી એકને રાખતા નરજાતિનો પ્રયોગ કરેલો છે.[3] 'શાર્ઙ્ગ ધનુષ્યવાળા' શબ્દનો એવો અર્થ છે કે કાલરૂપ ધનુષ્ય શ્રીહસ્તમાં રાખેલું હોવાથી, તેમનો વિરહ થતાં કાલ ખાઈ જશે એવો ભય થતો હતો. ૯-૧૦.

૧.ઉત્તરાના પતિને માર્યો અને પુત્રનું રક્ષણ કર્યું, ગાંધારીના પુત્રોને માર્યા અને પતિનું રક્ષણ કર્યું તેથી એકને મારી એકનું રક્ષણ થવામાં બંને સમાન હતા, તેથી બંનેને એક પ્રકારનું થયું એમ કહેલ છે.
૨.'મત્સ્ય' એટલે માછલીની પુત્રી, માછલીથી જન્મેલી સત્યવતી; મત્સ્ય દેશના રાજાની પુત્રી ઉત્તરા.
૩.'પુમાન્ સ્ત્રિયા' એ પાણીનિસૂત્ર (૧।૨।૬૭) પ્રમાણે એક રાખી, નરજાતિનો પ્રયોગ કરેલ છે.

વિરહ ન સહન કરવો તે કાર્ય સર્વ પ્રકારે લૌકિક નથી,[1] કારણકે અલૌકિક જ્ઞાન હોય ત્યારે ભગવાન અંતર્યામી હોવાથી તેમનો વિરહ થતો નથી દ્ગ એવી શંકા થાય, તેથી જ્ઞાન હોય તો પણ ભગવાન અમુક પ્રકારથી ઉત્તમ સુખ આપનારા હોવાથી તેમનો વિરહ સહન ન થવો યોગ્ય છે એમ નીચેના દોઢ શ્લોકથી કહે છે :

**સત્સઙ્ગાન્ મુક્તદુઃસઙ્ગો હાતું નોત્સહતે બુધઃ ।**
**કીર્ત્યમાનં યશો યસ્ય સકૃદાકર્ણ્ય રોચનમ્ ।**
**તસ્મિન્ ન્યસ્તધિયઃ પાર્થાઃ સહેરન્ વિરહં કથમ્ ॥૧૧॥**

જેમનાં રુચિ ઉત્પન્ન કરનાર કીર્તન કરાતાં યશનું એકવાર શ્રવણ કરીને દુઃસંગ તજેલો બુદ્ધિવાળો પુરુષ સત્પુરુષોના સંગોનો ત્યાગ કરી શકતો નથી તેમની અંદર રાખેલ

બુદ્ધિવાળા પૃથાના પુત્રો તેમનો વિરહ કેમ સહન કરે? ૧૧

ભગવાનના વિરહની વાત તો દૂર રહી, ભગવાનના સેવકોનો વિરહ પણ તજવો કઠણ છે. જ્ઞાનનો ઉપદેશ પણ કરવામાં આવે[૨] અને ભગવાન અંતર્યામી તરીકે જાણવામાં[૩] પણ આવે ત્યારે જે રસ સત્પુરુષોના [૪]સંગથી અથવા બહારના ભગવાનના[૫] સંબંધથી ઉત્પન્ન થાય છે તે જ્ઞાન વિગેરેથી થતો નથી. કારણકે મનથી અને દેહથી થતા સ્ત્રીના સંબંધોમાં ભેદ[૬] છે. અને[૭] સ્ત્રીને પોતાથી સુખ થાય છે. કારણકે સર્વ વસ્તુઓમાં રહેલો રસ પોતાની અંદર રહેલા દોષના ભાનથીજ[૮] પ્રકટ થતો જોવામાં આવે છે. સાયુજ્યનાં જ્ઞાન વિગેરેમાં પણ જે આત્માનું સુખ પ્રકટ થાય છે તેમાં પણ જુદા રહેલ હોવાનું જ્ઞાન અને બ્રહ્મમાં પ્રવેશ કરવાની ઈચ્છા દોષ[૯] છે. તેમ તે દોષ ન હોય તો ફલ સાયુજ્ય પ્રાપ્ત થયા પછી તેમનો નાશ ન થાય. તે બે તો ગુણ છે[૧૦] એમ કહેવામાં આવે[૧૧] તો સાચું છે કારણ કે લોકમાં ખાવાની ઈચ્છા વિગેરેને પણ ગુણ કહેલ છે.[૧૨] તેમ તેને ગુણ ગણ્યો ન હોત તો તેને માટે ઉદ્યમ ન થાય[૧૩] તેથી જૂદા તરીકે બહાર રહેલો પદાર્થજ રસ ઉત્પન્ન કરનારો છે[૧૪] તેથીજ યોગીઓ પણ શ્રીકૃષ્ણ પ્રકટ થાય ત્યારે સમાધિનો ત્યાગ કરી, તેમનાંજ દર્શન કરે છે.[૧૫] બીજા સમયે તે પ્રકટ ન હોય ત્યારે તો સમાધિ રાખે છે.

વળી દેહ વિગેરે દોષ હોવાનું શાસ્ત્રમાં કહેલ હોવાથી, પ્રલય સમયે તે ન હોવાથી મુક્તિ આપવા યોગ્ય જીવોને ભગવાન તેઓનો સંબંધ ન કરાવે. વળી ભગવાન ઘણા કૃપાળુ હોવાથી સૃષ્ટિજ ન રચે. તેથી દોષ પણ કોઈ પ્રસંગે ગુણ થાય છે; અને કોઈ પ્રસંગે દોષ રહે છે. ગુણ પણ તેવી રીતનો કોઈ પ્રસંગે ગુણ અને કોઈ પ્રસંગે દોષ છે. તેથી બહારના વ્યવહારને મુખ્ય ગણીનેજ બધા વેદો અને બધાં શાસ્ત્રોની પ્રવૃત્તિ થએલી છે. બહારનો વ્યવહાર મુખ્ય હોવાથી, જ્ઞાન હોવા છતાં પણ ભગવાનનો વિરહ સહન ન થાય તે અમે યોગ્ય જાણીએ છીએ.

સત્પુરુષોના સંગોનો ત્યાગ કરી શકાતો નથી. એક સંગ હોય ત્યારે પણ, બીજા સંગનો પણ ત્યાગ કરી શકાતો નથી, એમ જણાવવા બહુ વચન યોજેલું છે. સત્પુરુષો પણ ઘણા છે. એક સંગમાં પણ ઘણા પ્રકારે રસ ઉત્પન્ન થતો હોવાથી તેઓ સત્પુરુષોની જ કૃપાથી દુષ્ટોની સાથેનો સંગ જેણે તજેલો છે, અને ત્યારપછી તેઓની કૃપાથીજ જે 'બુધઃ' જ્ઞાન પ્રાપ્ત કરેલો પણ થએલો છે, છતાં પણ પહેલાં પ્રાપ્ત થએલા સત્પુરુષોના સંગોને ચિંતામણી હોય તેમ તે તજવાની ઈચ્છા પણ કરતો નથી, એવો અર્થ છે. જે પ્રયોજનથી[૧૬] આ કહ્યું તે 'કીર્તન કરાતાં યશનું...'શબ્દોથી કહે છે. અથવા તે શબ્દોથી સંગોને ત્યાગ ન થતાં થતો ગુણ કહેલ છે. કેટલાક એમ કહે છે કે બંને પ્રયોજનથી[૧૭] તે શબ્દો કહેલા છે. સત્પુરુષોથી કીર્તન કરાતી જે ભગવાનની કીર્તિનું એકવાર શ્રવણ કરીને સત્પુરુષોના સંગોને તજી શકતો નથી, એવો વાક્યનો સંબંધ છે. કીર્તિ શ્રવણ કરવામાં રુચિ ઉત્પન્ન કરતી હોવાથી, અને સત્પુરુષોનો સંગ કીર્તિનાં શ્રવણનું કારણ હોવાથી, અને ભગવાનનાં યશનું શ્રવણ થવાથી પૃથાના પુત્રોએ

ભગવાનમાં બુદ્ધિ રાખેલી છે. જેમ સારી પેટી જોઈને પોતાની ઉત્તમ વસ્તુ સર્વ તેમાં રાખે છે, તેમ ભગવાનની કીર્તિનું શ્રવણ કરીને ભગવાનમાં બુદ્ધિરૂપ રત્ન રાખેલ છે એવો અર્થ છે. લૌકિક અને વૈદિક સર્વ પ્રકારની બુદ્ધિનો સમાવેશ કરવા સામાન્ય પૂર્ણ બુદ્ધિ કહી. વળી પૃથાના પુત્રો છે. પૃથા પહેલાં[૧૮] કહેલી હોવાથી, તેનાં વચનથી પણ ભગવાનમાં જેમણે બુદ્ધિ રાખેલી છે તેઓ તેમનો વિરહ કેમ સહન કરે? વિરહ સહન ન થવાથી દ્વારકા જાય, અથવા ત્યાં જવામાં વિઘ્ન કરનાર શરીરનો ત્યાગ કરે, તેથી ભગવાન પધારી જાય તે અયોગ્ય છે, એવું તાત્પર્ય છે.૧૧

૧.ભગવાનના પ્રભાવ વિગેરેથી ભગવાન અલૌકિક હોવાનું જાણવામાં આવતાં, વિરહ સહન કરવાનું કાર્ય લૌકિક નથી, એવો અર્થ છે (પ્ર)

૨.'દુસ્ત્યજ્ય' ને બદલે 'દુઃસહઃ', જોઈએ, અથવા 'વિરહઃ' ને બદલે 'સઙ્ગઃ' જોઈએ અથવા 'વિરહ' શબ્દ વિરહથી થતાં દુઃખના અર્થવાળો લેવો જોઈએ આજ અર્થમાં 'વિરહ' યોજાયો હોય તેમ જણાય છે.

૩.ઉપદેશ અને જ્ઞાન રસની ઉત્પત્તિના કારણ કહેલાં છે (પ્ર)

૪.મનથી અને દેહથી થતાં સ્ત્રીસંગમાં ભેદ છે, તેથી તેમનાથી થતાં સુખમાં પણ ભેદ છે તેવો અહીં પણ ભેદ છે. જ્ઞાનથી જે રસ થાય, તે સત્સંગથી થતા રસથી જૂદા પ્રકારનો છે અને અંતર્યામી ભગવાન છે એવું જ્ઞાન હોય ત્યારે પણ બહાર ભગવાન પ્રકટ ન હોવાથી વિરહ થવો યોગ્ય જ છે, એવો અર્થ છે (પ્ર)

૫.'સુખ મનમાં અથવા અંતઃકરણમાં થાય, તેથી તે હોય અને તેમાં અંતર્યામી હોવાનું જ્ઞાન હોય, ત્યારે જ્ઞાત્ર કારણ જૂદું હોવાથી કાર્યમાં ભેદ થવો ન જોઈએ, તેથી જ્ઞાન વિગેરેથી પણ તેવો રસ થવાનું સંભવતું હોવાથી વિરહ થવો યોગ્ય નથી.' એવી શંકા થાય તેથી આ કહેલ છે. 'ચ' 'અને' એટલે પુરુષનું.(પ્ર)

૬.માલા, ચંદન, સ્ત્રી વિગેરેમાં વારાફરતી દ્વેષ ઈચ્છા વિગેરે થતાં દેખાય છે, તેથી તેમાં રહેલા રસનું ભાન પોતામાં રહેલ કામ વિગેરે દોષથી વ્યક્ત થતું જોવામાં આવે છે તેથી તે (સ્ત્રી) ને પ્રબલ કામ હોવાથી. અને તેનામાં કામ સદા રહેતો હોવાથી, તેને સદા પોતાથી જ સખ થાય. તેમ હોવાથી તેને વિરહનું દુઃખ ન થાય. તેથી એમ જણાય છે કે કારણ જૂદું હોય તો કાર્ય પણ જૂદું થાય છે. તેમ હોવાથી બહારના સમ્બન્ધથી ઉત્પન્ન થતો રસ કામ વિગેરે દોષથી જ પ્રકટ થતો હાવાથી, જ્ઞાન વિગેરેથી તે થતો નથી, તેથી વિરહ થવો યોગ્ય છે એવો અર્થ છે.(પ્ર)

૭.'રસ અમુક પ્રકારનું સુખ હોવાથી તે પ્રકટ થવામાં પોતાના દોષનું ભાન કારણ હોવાનું યોગ્ય નથી, કારણકે સાયુજ્ય વિગેરેમાં પ્રકટ થતું સુખ દોષ ચિંતા જ પ્રકટ થાય છે, તેવી રીતેજ ભગવદસ પ્રકટ થાય. તેથી જ્ઞાન વિગેરેથી રસ પ્રકટ થતો હોવાથી વિરહ થવો યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે (પ્ર)

૮.'કાર્ય દુષ્ટ થાય તો કારણમાં દોષ ગણાય. સાયુજ્ય વિગેરેમાં કાર્ય સુખકારક હોવાથી, વિરહનું કારણ જુદા હોવાનું જ્ઞાન વિગેરે ગુણ જ ગણવા જોઈએ, પણ દોષ ન ગણવા જોઈએ' એવી શંકા થાય, તેથી આ કહેલ છે (પ્ર)

૯.૮ આ ભાગથી તે શંકા ખોટી હોવાનું કહે છે. ખાવાની ઈચ્છાને ગુણ કહેવું યોગ્ય હોય, તો 'ભૂખ ખરેખર મનુષ્યનો શત્રુ છે. ભૂખ્યા રહેવાથી મૃત્યુ થાય છે' શ્રુતિ તેને દોષ કહે છે. તેવીજ રીતે 'જે આમાં જરાએ ભેદ કરે છે' એ શ્રુતિ ભેદ હોવાનાં જ્ઞાનને દોષ. તેથી આ બેને ગુણ કહેવા નિરર્થક છે. એવો અર્થ છે (પ્ર)

૧૦.'ખાવાની ઈચ્છાને તો લોકમાં પણ દોષ ગણેલા છે, તેથી તેમાં દષ્ટાંતથી ભેદના જ્ઞાનને ગુણ ન ગણવો યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. લોકમાં તેને દોષ ગણેલ નથી. તેથી જેમ લોકમાં તે ગુણ છે, પણ શાસ્ત્રમાં તેને દોષ ગણેલ છે, તેમ આ (ભેદનું જ્ઞાન અને ભાગવતમાં પ્રવેશ) બે ભક્તિમાં ગુણ છે અને શાસ્ત્રમાં દોષ કહેલ છે.

૧૧.રસ દોષથીજ પ્રકટ થતો હોવાથી, બહાર રહેલ પદાર્થ જ રસ ઉત્પન્ન કરે છે (પ્ર)

૧૨.આવા બહાર રહેલ પદાર્થ જ રસ ઉત્પન્ન કરનારા હોવાથી, શાસ્ત્રીય દશા કરતાં આ દશા ઉત્તમ હોવાનું પ્રમાણ આ વાક્યથી જણાવેલ છે તેથી જ્ઞાનને હઠાવનાર વિરહ થાય તે યોગ્ય જ છે (પ્ર)

૧૩.'ભગવાનનો વિરહ સહન થઈ ન શકે તેવા વિષયમાં સત્સંગ ત્યાગ કરી શકાય નહીં તેવો હોવાનું કહેવાનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે ભાગવતનો તેથી સમ્બન્ધ થતો હોવાથી જ તેનો ત્યાગ કરી શકાતો નથી. (પ્ર)

૧૪.'બંને પ્રયોજન' સત્સંગ અને ભગવાનના યશનું વર્ણન.

૧૫.ગયા અધ્યાયમાં તેણે કરેલ સ્તુતિના આરંભમાં કહેલી (પ્ર)

ત્યારે ભગવાન પધાર્યા ત્યારે શું થયું? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**દર્શન-સ્પર્શનાલાપ શયનાસન-ભોજનૈઃ ।**
**સર્વે તેઽનિમિષૈર્નેત્રૈઃ તમ્ અનુદ્રુતચેતસઃ ।**
**વીક્ષન્તઃ સ્નેહસમ્બદ્ધા વિચેરુસ્તત્ર તત્ર હ ।।૧૨।।**

દર્શન, સ્પર્શ, વાતચિત, શયન, આસન અને ભોજન વડે મટકું માર્યા વિનાના નેત્રોથી જેમનાં ચિત્ત ભગવાનની પાસે ગએલાં છે તેવા સ્નેહના સંબંધવાળા તે સર્વ તેમનાં દર્શન કરતાં જુદા-જુદા સ્થળે ફરતા હતા.૧૨

દર્શન વિગેરે છ ક્રિયાઓ ભગવાનના ઉપયોગની છે. અને પાંડવો ભગવાનની સાથે રહેલા હોવાથી તેઓમાં થએલી વાતચિત[1] વિગેરે તો સાથેજ કરતા. દર્શન અને સ્પર્શ ના તો ભગવાન વિષય[2] પણ થતા. કારણકે સાથે રહેતા ન હોય તો ભગવાન વિષય થવાનું સંભવે નહીં. એ પ્રમાણે સાથે રહેવાના અભ્યાસવાળા આ સર્વથી[3] વશ કરેલા સર્વ પાંડવોએ પોતાનાં ચિત્ત ભગવાનને આપેલાં. અથવા શયન વિગેરેથી આંખનું મટકું માર્યા વિના તેમનાં દર્શન કરતા અને દષ્ટિથી તો ચિત્ત ભગવાનની પાસે ગએલું. એવી કાયા વાણી અને મનની ક્રિયાઓ ભગવાન સંબંધી થવાનું કહ્યું. વિવેક ધૈર્ય વિગેરે ઉત્પન્ન ન થયાં, એવો અર્થ છે.

પછી શું થયું તે 'દર્શન કરતાં જુદા જુદા સ્થલે ફરતા હતા' શબ્દથી કહેલ છે. ભગવાન જવાના છે તેનાં સ્મરણથી વિરહ ઉત્પન્ન થએલો હોવાથી છતાં ભગવાનનાં દર્શન વિગેરેથી ભૂલાઈ ગયો. 'જ્યારે વિરહ થશે ત્યારે તેવું દુઃખ થશે, હમણાં પરમાનંદના અનુભવનો ત્યાગ કરી ચિંતા કરવી નકામી છે' એમ વિચારતા હોય તેમ દેહ ઈંદ્રિયો અને અંતઃકરણની ક્રિયાઓનો ભગવાન સાથે સંબંધ કરાવ્યો. તેમાં નયન સર્વ ઈંદ્રિયોની ક્રિયાઓને જણાવનારું છે. 'સ્નેહના સંબંધવાળા' શબ્દથી અંતઃકરણની ક્રિયાનો સંબંધ કહેલ છે, કારણ કે સ્નેહ ભગવાનને હૃદયમાં પધરાવે છે, અને ભગવાન બહાર રહેલા હોય ત્યારે જીવને તેમની પાસે લાવે છે. બંને પ્રકારે આ સંબંધ થવામાં વિરોધ નથી. 'ફરતા હતા' શબ્દથી શરીરની ક્રિયા કહેલી છે. ભગવાનના પધારી જવાના સંબંધમાં ઉપયોગી કાર્યો કરવા માટે જુદા-જુદા સ્થલે શરીરને ચલાવતા હતા, એવો અર્થ છે.૧૨

૧.વાતચિત, શયન, આસન અને ભોજન સાથે રહીને જ કરતા.

૨.'દર્શન સ્પર્શના ભગવાન વિષય થતા' એટલે ભગવાનનાં દર્શન અને સ્પર્શ કરતા. ભગવાન સાથે રહેતા ન હોય તો તેમનાં દર્શન અને સ્પર્શ થઈ શકે નહીં.

૩.'આ સર્વ' એટલે દર્શન વિગેરે છ ક્રિયાઓ.

હવે પછી જે શરીરની સ્થિતિ થઈ, તે ભગવાનની અદ્‌ભુત કર્મ કરવાની લીલાથી થઈ. તેથી જ જ્યારે ઘણુંજ રડવું જોઈએ ત્યારે ભગવાનની ઈચ્છાથી જરા પણ રડ્યાં નહીં એમ નીચેના શ્લોકથી કહે છે :

**ન્યરુધન્ ઉદ્‌ગલદ્‌બાષ્પમ્ ઔત્કણ્ઠ્યાદ્ દેવકીસુતે ।**
**નિર્યાત્યગારાન્ માઽભદ્રમ્ ઈતિ સ્યાદ્ બાન્ધવસ્ત્રિયઃ ।।૧૩।।**

દેવકીના પુત્ર ઘરમાંથી બહાર પધારે છે ત્યારે અપશુકન ન થાઓ એવા વિચારથી બાંધવોની સ્ત્રીઓએ ચિંતાથી ઉભરાઈ આવતા આંસુઓને રોકી રાખ્યા.૧૩

દેવકીના પુત્ર ઘરમાંથી બહાર પધારે છે ત્યારે 'અભદ્રમ્' અમંગલ અપશુકન સૂચવનારું ન થાય તે માટે પહેલાંની[1] સ્થિતિથી ઉભરાઈ આવતા આંસુને પણ નેત્રોમાંજ રોકી રાખ્યાં. ભગવાનની ઈચ્છા એવી બલવાન થઈ કે જ્યારે પ્રેમને લીધે ભગવાન પધારી જતા હોવાથી થતી ચિંતાને લીધે ઉભરાઈ આવતા આંસુને પણ રોકી રાખે છે તો પછી તેઓ પોતે શરીર વિગેરેનો ત્યાગ કેમ કરશે? 'દેવકીના પુત્ર' હોવાથી ભગવાન જાય તે યોગ્ય જ હતું, કારણ કે ઘણું તપ કરીને દેવકીએ પુત્ર થવાની પ્રાર્થના કરેલી હોવાથી તેના પુત્ર થએલા. તેને મળવા કેમ ન જાય? તેથીજ અમારે અપશુકન ન કરવું જોઈએ, એવું તાત્પર્ય છે. 'ઘરમાંથી' શબ્દનો એવો સંબંધ છે કે અમારા ઘેર ભગવાન પધારેલા અને અમારા ઉપર ઉપકાર કરેલો, તેવા પોતાને ઘેર પધારે ત્યારે અપશુકન કરવું યોગ્ય નથી. એવા કારણથી બાંધવોની સ્ત્રીઓએ આંસુ રોક્યા. તેઓને ભગવાન બધું હોવાનું પણ જણાયું, એવો ભાવાર્થ છે.૧૩

૧.'પહેલાની સ્થિતિ' એટલે વિરહ સહન ન થવાની સ્થિતિ.

ભગવાન પધારી જવાના ઉત્સવમાં દશ પ્રકારનાં વાજાં વાગ્યાં એમ કહે છે :

**મૃદઙ્ગ-શઙ્ખ-ભેર્યશ્ચ વીણા-પણવ-ગોમુખાઃ ।**
**ધુન્ધુર્યાનક-ઘણ્ટાદ્યા નેદુર્દુન્દુભયઃ સમમ્ ।।૧૪।।**

મૃદંગ, શંખ અને ભેરી, વીણા, પણવ અને ગોમુખ, ધુન્ધુરી, આનક અને ઘંટા પ્રકારના અને દુંદુભીઓ એક સાથે વાગ્યાં.૧૪

તેઓ પૈકી મૃદંગ-ભેરી, પણવ-આનક અને દુંદુભિ પાંચ મઢેલાં વાજીંત્રો ના ભેદો છે. શંખ અને ગોમુખ છિદ્રવાળાં વાજીંત્રોના ભેદો છે. એકલી વીણા તંતુ વાજીંત્ર છે. ઘંટા અને ધુન્ધુરી ઘન (ભેદી ન શકાય તેવા) વાજીંત્રો ના ભેદો છે. એ રીતે ચારે પ્રકારનાં વાજીંત્રો વાગ્યાં. આમનાં લક્ષણો વાદ્યના અધ્યાયમાં પ્રસિદ્ધ છે.૧૪

સ્ત્રીઓ દર્શન કરે તેવું વર્ણન ઉત્સવમાં કરવું જોઈએ તેથી નીચેના શ્લોકમાં પુષ્પોની વૃષ્ટિ સાથે તે કહેલું છે :

**પ્રાસાદ-શિખરારૂઢાઃ કુરુનાર્યો દિદક્ષસા ।**

**વવૃષુઃ કુસુમૈઃ કૃષ્ણે પ્રેમવ્રીડાસ્મિતેક્ષણાઃ ।।૧૫।।**

દર્શન કરવાની ઈચ્છાથી મહેલના શિખર ઉપર ચઢેલી કૌરવોની સ્ત્રીઓ પ્રેમ લજ્જા અને સ્મિતવાળી દૃષ્ટિથી જોતી શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતી હતી.૧૫

'શિખર' એટલે ઘરનો સર્વથી ઉપરનો ભાગ. 'કૌરવોની સ્ત્રીઓ' શબ્દથી એમ જણાવેલ છે કે ઉંચા કુલની સ્ત્રીઓ ઘરની બહાર જઈ શકતી ન હતી. પુષ્પોની વૃષ્ટિ થાય તો ભગવાન પોતાને જૂએ એવા વિચારથી તેઓએ પુષ્પોની વૃષ્ટિ કરી. પ્રેમ લજ્જા અને સ્મિત[1] તે ગુણોનાં કાર્યો દૃષ્ટિની સાથે રહેલાં હતાં. પ્રેમ વિગેરે સાથેની દૃષ્ટિ હતી જેઓની તેઓએ ઘણી જાતનાં ભક્તિ, ધર્મ અને જ્ઞાન ના પ્રકારથી ભગવાનનાં દર્શન કર્યા એવો અર્થ છે.૧૫

૧. આ અનુક્રમે ભક્તિ, ધર્મ અને જ્ઞાન જણાવનારાં છે.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી પુરુષોનું કૃત્ય કહે છે :

**સિતાતપત્રં જગ્રાહ મુક્તાદામવિભૂષિતમ્ ।**
**રત્નદણ્ડં ગુડાકેશઃ પ્રિયઃ પ્રિયતમસ્ય હ ।।૧૬।।**

અહો! સર્વથી અધિક, પ્રિયના પ્રિય, ગુડાકેશે મોતીઓની માલાઓથી શોભતું રત્નના હાથાવાળું શ્વેત છત્ર ભગવાન ઉપર ધારણ કર્યું.૧૬

સહેજ લાલ હાથો હતો. શ્વેત છત્ર હતું. મોતીની માળાઓ આસપાસ લટકતી હતી. 'ગુડાકા' નિદ્રા, તેને 'ઈશઃ' વશ રાખનાર હોવાથી, અર્જુનનો ભ્રમ નાશ પામેલ.

**ઉપચારેષુ સર્વેષુ મહારાજત્વમ્ ઉત્તમમ્ ।**
**તસ્ય ચિહ્નં સિતચ્છત્રમ્ અર્જુનસ્તેન બુદ્ધિમાન્ ।।૧૦।।**

સર્વ પ્રકારના માનમાં મહારાજાપણાનું માન ઉત્તમ છે. તેનું ચિહ્ન શ્વેત છત્ર છે. તે ધારણ કરવાથી અર્જુન બુદ્ધિમાન છે. કા.૧૦

'પ્રિય' એટલે જેના ઉપર પ્રીતિ હોય તે. આથી એમ સૂચવેલું છે કે ભગવાને અર્જુન માટે ઘણું કરેલું છે. તેને સર્વથી અધિક પ્રિય ભગવાન હતા. પોતાના ભાઈ યુધિષ્ઠિર કરતાં પણ ભગવાન વધારે પ્રિય હતા. તેથી મહારાજાને યોગ્ય શ્વેત છત્ર પોતાની હલકાઈ દેખાડીને પણ તેણે ભગવાન ઉપર ધારણ કર્યું, એવો અર્થ છે. અર્જુને એ પ્રમાણે લૌકિકનો ત્યાગ કરેલ હોવાથી આશ્ચર્ય દર્શાવનાર 'હ' 'અહો!' શબ્દ યોજેલ છે.૧૬

**ઉદ્ધવઃ સાત્યકિશ્ચૈવ વ્યજને પરમાદ્ભુતે ।**
**વિકીર્યમાણઃ કુસુમૈ રેજે મધુપતિઃ પથિ ।।૧૭।।**

ઉદ્ધવ અને સાત્યકિ એ ઘણા અદ્ભુત પંખાઓ ધારણ કર્યા. પુષ્પોની વૃષ્ટિથી છવાતા મધુપતિ માર્ગમાં શોભતા હતા.૧૭

'વ્યજને' એટલે ચમરીના પંખાઓ. 'ઘણા અદ્ભુત' પોતાની મેળેજ શીતલ અને

સુગંધી વાયુ ઉત્પન્ન કરનારા હતા. ઘર વિગેરેમાં રહેલાઓથી માર્ગમાં પુષ્પોથી છવાતા ભગવાનના 'રેજે' ઘણી શોભાવાળા થયા. બધાંએ પુષ્પો પુષ્પોની વૃષ્ટિમાં આવી ગયાં, તેથી આ ભગવાન વસંતજ પ્રકટ થએલ છે, તેથી 'મધુપતિ' એમ કહેલું છે. અથવા ''વિષ્ણુના ઉત્તમ પદમાં આનંદનો ફુવારો છે'' એ શ્રુતિ પ્રમાણે તે બધાએ વિષ્ણુની પૂજા કરી. નમાલાં કાર્ય માટે પુષ્પોનો ઉપયોગ કરેલો નથી એમ જણાવવા 'મધુપતિ' એમ કહેલું છે. સિંહાસન ઉપર વિરાજેલા હોય તે કરતાં પણ માર્ગમાં અધિક શોભા થઈ.૧૭

એ પ્રમાણે બીજા વર્ણવાળાઓનું કૃત્ય કહીને, નીચેના શ્લોકથી બ્રાહ્મણોનું કૃત્ય કહે છેઃ

**અશ્રૂયન્તાશિષઃ સત્યાઃ તત્ર-તત્ર દ્વિજેરિતાઃ ।**
**નાનુરૂપાનુરૂપાશ્ચ નિર્ગુણસ્ય ગુણાત્મનઃ ।।૧૮।।**

દ્વિજોએ જુદા-જુદા સ્થળે કહેલી નિર્ગુણ અને ગુણવાળાને અયોગ્ય અને યોગ્ય સત્ય આશિષો શ્રવણ કરવામાં આવી.૧૮

બ્રાહ્મણોનો આ જાતિ ધર્મ છે કે મોટા પુરુષ પાસે ન હોય તેવા પદાર્થ તેમને માટે ઈચ્છવારૂપ આશિષો આપવી, ત્યારેજ તેમનું વાક્ય ન પ્રાપ્ત થએલ પદાર્થ પ્રાપ્ત કરાવનારું થવાથી પ્રમાણ થાય. ચાલુ પ્રસંગમાં ભગવાનના સંબંધમાં તો તેમ થાય નહીં, કારણકે આશિષો તો જે પ્રાપ્ત થયેલ છે તે જ કહેનારી હોય. છતાં પણ જેવા જોએલા હોય તેવા પદાર્થ કહેનારી હોઈ, આશિષો સત્ય જ થાય. તેથી જ આશિષોનું શ્રવણજ થયું, ભગવાને સ્વીકારી નહીં. જે પદાર્થ હતા તે કહેવાની ભાગ પૂરતી આશિષો યોગ્ય હતી. ન હોય તેવા પદાર્થો ઈચ્છવારૂપ અયોગ્ય હતી. બંને પ્રકારનો સમાસ 'નાનુરૂપાનુરૂપાઃ' શબ્દમાં કરેલો છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી દરેક પ્રકારની આશિષો સત્ય હતી. દરેક પ્રકારની સત્ય હોવાનું કારણ 'નિર્ગુણ અને ગુણવાળા' શબ્દથી કહેલું છે. નિર્ગુણ સ્વરૂપને અયોગ્ય અને ગુણવાળા સ્વરૂપને યોગ્ય હતી. વળી બીજા જીવો તેમનાથી ઉલટા ગુણવાળા છે. ભગવાન સર્વ થવાની શક્તિવાળા હોવાથી[1] ભગવાનને આપેલી બધીએ આશિષો સત્ય છે તેથી તેમનું શ્રવણ કર્યું, એવો અર્થ છે 'દ્વિજો' શબ્દથી એમ સૂચવેલું છે કે બે જન્મોથી મુંઝાએલા હોઈ નિશ્ચય કરીને વચન કહેવાની શક્તિવાળા ન હતા.૧૮

૧.ભગવાન જીવ પણ થએલા છે, તેની ન પ્રાપ્ત થએલ પદાર્થ પ્રાપ્ત કરાવનારી ઈચ્છા વાળી આશિષો પણ તેમનાં જીવ સ્વરૂપ માટે સત્ય છે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે સર્વનું કૃત્ય કહીને, વિરહ વિગેરેનું સહન, ઉપર જણાવેલી ક્રિયા અને ભગવાનની હાજરીમાં પણ બહિર્મુખપણું ભગવાનની ઈચ્છાથીજ થએલ, અજ્ઞાનથી થએલ ન હતું, એમ કહેવા નીચેના શ્લોકથી આરંભી તે સ્ત્રી ઓનું જ્ઞાન જણાવે છે :

**અન્યોન્યમ્ આસીત્ સઞ્જલ્પ ઉત્તમશ્લોકચેતસામ્ ।**

**કૌરવેન્દ્રપુરસ્ત્રીણાં સર્વશ્રુતિમનોહરઃ ।।૧૯।।**

ઉત્તમ શ્લોકમાં ચિત્તવાળી કૌરવના રાજાના શહેરની સ્ત્રીઓનો સર્વનાં શ્રવણ અને મન ને હરનારો એક બીજી સાથેનો ઉત્તમ વાદ થયો.૧૯

જ્યારે સ્ત્રીઓને આવા પ્રકારનું જ્ઞાન છે ત્યારે બીજાઓનું તો કહેવું જ શું? એવો ભાવ છે. ઉત્તમ વાદ થયો. પોતાના મતને સિદ્ધ કરી બીજાના મતના દોષવાળી વાણીની ગુંથણી તે વાદ. જો કે કથારૂપ વાદમાં મધ્યસ્થની જરૂર રહે છે, છતાં પણ વિચારરૂપ વાદમાં બીજા મધ્યસ્થની જરૂર હોતી નથી, તેથી તે ઉત્તમ છે. ''એકને વક્તા બનાવ્યો અને બીજા સાંભળનાર હતા'' (૧૦।૮૪।૧૧) એ નિયમ અહીં નથી, પરંતુ અન્યોન્ય બધી શ્રવણ કરનારી અને બધી કહેનારી થઈ. આમ કહેવાનું કારણ 'ઉત્તમશ્લોકમાં ચિત્તવાળી' વિશેષણથી કહેલું છે. જેમ લૌકિક પતિમાં ચિત્ત રાખનાર સ્ત્રીઓની તેના ગુણ જાણવામાં નિપુણતા થાય છે, તેમ ભગવાનમાં ચિત્ત રાખનારીઓને ''આ આવું છે'' એવા પ્રકારનું ભગવાન વિષેનું જ્ઞાન થાય તે યોગ્યજ છે. વળી ધર્મ તરીકે સિદ્ધ થએલા મહાપુરુષ કુરુના વંશજો પણ ધર્મપણાંને લીધે જ્ઞાન વાળા હોય. તેમાં પણ આ યુધિષ્ઠિર ઘણું જ ઐશ્વર્ય પ્રાપ્ત કરેલો અને પૂર્ણ જ્ઞાનવાળો હતો. તેના શહેરની સ્ત્રીઓ ભગવાનમાં ચિત્તવાળી હોવાનું યોગ્યજ છે.

''બીજાઓ તો એમ ન જાણતાં બીજાઓ પાસેથી જાણીને ઉપાસના કરે છે'' (ભગ.ગીતા ૧૩।૨૫) એ વાક્ય પ્રમાણે તેઓને જ્ઞાન ભલે હોય, પરંતુ ઉત્તમ વાદ કરી શકે નહીં દ્ભ એવી શંકા થાય, તેથી 'સર્વનાં શ્રવણ અને મનને હરનારો' વિશેષણ કહેલું છે. સર્વ 'શ્રુતીનામ્' વેદોનાં તાત્પર્યને હરે તેવો, અથવા સર્વનાં શ્રવણ અને મનને પોતાને વશ કરે તેવો વાદ થયો. કારણકે આવો ઉત્તમ વાદ જેમ-તેમ હર કોઈથી ન થાય, પરંતુ ભગવાનમાં ચિત્ત રાખેલ હોય તેમનાથી જ થાય ૧૯.

નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી તે ઉત્તમ વાદ કહે છે :

**સ્ત્રીઓ કહે છે :**

**સ વૈ કિલાયં પુરુષઃ પુરાતનો ય એક આસીદ્ અવિશેષ આત્મનિ ।**
**અગ્રે ગુણેભ્યો જગદાત્મનીશ્વરે નિમીલિતાત્મન્ નિશિ સુપ્તશક્તિષુ ।।૨૦।।**

આ નિશ્ચય તે પુરાતન પુરુષ પ્રસિદ્ધ છે, જે જગતના આત્મા ઈશ્વર, ગુણોની પહેલાં જ્યારે જીવો પોતાની અંદર પૂરાએલા હતા અને શક્તિઓ સૂતેલી હતી ત્યારે એકલા વિશેષ વિનાના પોતાના આત્મામાં રહેલા હતા.૨૦

''જેમને જાણવાથી સર્વ જાણાએલું થાય છે'' એ શ્રુતિ પ્રમાણે મૂલ ભગવાનને જાણવા જોઈએ. તે સંબંધમાં, ભગવાન કોણ? એ જાણવાની જરૂર થતાં, જેમની માત્ર સન્નિધિથી, ઉપાસના ઉપદેશ અને વિચાર વિના આપણે સર્વ જાણનારા થઈએ તે ભગવાન. તેથી આ શ્રીકૃષ્ણ જ ભગવાન છે. વળી આ અમારો જ નિર્ણય નથી, પરંતુ સર્વ લોક અને

વેદમાં 'વૈ' નિશ્ચય પ્રસિદ્ધ છે. તે વિષયમાં અમારા પોતાના અનુભવથી તર્ક કહેલો છે.

છતાં પણ વેદ વિગેરે પ્રમાણોથી[૧] ''પહેલાં આ જગત પુરુષ પ્રકારનો આત્માજ હતો'' ''પહેલા હું જ અહીં હતો'' એમ તે પુરુષનું પુરુષપણું કહેલું છે. ''પુરુષ નારાયણે ખરેખર કામના કરી'' વિગેરે શ્રુતિઓમાં પુરુષથી સૃષ્ટિ ઉત્પન્ન થયાનું કહેલ છે, અને ''આ જગતનાં જન્મ વિગેરે જેનાથી થાય છે'' (બ્રહ્મસૂત્ર ૧।૧।૨) પ્રમાણે જે જગતના રચનાર છે તે આત્મા, તે ભગવાન, તે બ્રહ્મ છે. વળી આ પ્રમાણોમાં 'પુરુષ' શબ્દ દેહના અર્થવાળો નથી કે જેથી હાલના[૨] પુરુષો ને તે લાગુ પડે, પરંતુ પુરાતન તરીકે જે કાંઈ મને અને વાણી થી જણાય, તે બધાં કરતાં પણ પુરાતન તે પુરુષ છે. વળી તે પ્રમાણે વ્યાસે સમાધિમાં ''પૂર્ણ પુરુષને જોયા'' (ભાગ.પુરા.૧।૭।૪). તેથી જે સનાતન પુરુષ છે તે ભગવાન, બીજો કોઈ ભગવાન હોઈ શકે નહીં, એવી શંકા કરીને 'આ પુરુષ પુરાતન છે' એમ કહેલું છે. તમે જે પુરાતન પુરુષ કહ્યા, તે આ જ છે. આમણેજ કહેલું કે ''કારણ કે હું ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી હું લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ પુરુષોત્તમ છું'' (ભગ.ગીતા ૧૫।૧૮).

આ વૈકુંઠમાં રહેનારા માયા વિગેરે ઘણા સહકારીવાળા હરકોઈ યુક્તિથી પુરુષ ખરેખર ભલે હોય, છતાં પણ ભગવાન નથી ઢ એવી શંકા થાય, તેથી 'જે એકલા હતા' એમ કહેલું છે. 'યઃ' 'જે' શબ્દ પ્રસિદ્ધિના અર્થવાળો છે. ''હે સૌમ્ય! આ પહેલાં એકલું જ સહાય વિનાનું સત્ જ હતું'' એ શ્રુતિથી જે પોતાની જાતના, જુદી જાતના, તથા પોતાની અંદરના ભેદ વિનાના કહેલ છે, તે પણ આ જ છે, કારણ કે આ જ એકલા હતા.

આ[૩] કેમ સંભવે? કારણકે રહેવાનું સ્થાન, કાલ, ક્રિયા વિગેરેની તેને જરૂર હોય! ઢ એવી શંકા થાય તેથી 'વિશેષ વિનાના, આત્મામાં' એમ કહેલું છે. કારણકે આ કોઈ પણ સમયે બીજામાં રહેલા ન હતા, પરંતુ પિતાના આત્મામાંજ રહેલા.

છતાં પણ આધારપણું વિગેરે ગુણ[૪] સાથે આત્મામાં રહેલા કહેવા જોઈએ, અને તેથી ઉપર જણાવેલો દોષ રહે છે ઢ એવી શંકા થાય, તેથી 'વિશેષ વિનાના' એમ કહેલું છે. આધાર વિગેરે સર્વ ગુણોના વિશેષ ભેદ વિના રહેલા આથી કાલ વિગેરેનું પણ અસ્તિત્વ તે સમયે ન હોવાનં કહ્યું.

'પહેલાં' 'તે સમયે' વિગેરે શબ્દો કાલ જણાવનારા જ છે એમ કહો, તો તે સત્ય છે. તે સમયે પ્રમાણ[૫] ન હતું, વક્તા વિગેરે પણ ન હતાં, તેથી કેવલ અસામાન્ય રૂપનું નિરૂપણ થઈ શકે નહીં. પછી કાલ વિગેરેના નિરૂપણ સાથે તે કેવલ રૂપનું નિરૂપણ થયું, તેથી તે[૬] સમયના વ્યવહારનો આધાર લઈને 'તે સમયે' એમ કહ્યું, પરંતુ કાલ હતો એમ કહેલું. નથી બંને કહેલાં હોય તો જુદાં વાક્ય થઈ જાય.[૭] તેથી પહેલાં[૮] બીજાં પ્રમાણથી કાલ ન હોવાનું સિદ્ધ થતું હોવાથી, કાલ હોવાનું કહેલું નથી; 'એકલું જ સહાય વિનાનું' શબ્દનો વિરોધ થાય અને પોતાની અંદરના વિગેરે ભેદ પણ નથી એમ જણાવતાં[૯] કાલ હોવાનું કેમ કહે? તેથી હાલના

જ્ઞાન કરાવવાના સમયને અનુસરીને વાણીનો વ્યવહાર થતો હોવાથી, લોક જાણી શકે તે માટે સર્વના આધાર તરીકે જણાતા કાલનો રંગ ચઢાવીને 'તે સમયે' એમ કહેલું છે. 'હતું' શબ્દથી જણાવેલી હોવાની ક્રિયા પણ સ્વરૂપજ છે. તેથી 'વિશેષ વિનાના આત્મામાં રહેલા એક જ હતા' એમ બરાબર કહેલું છે.

અમ શ્રુતિના પ્રકારથી નિરૂપણ કરી, ઉત્તરાર્ધથી પુરાણના પ્રકારથી નિરૂપણ કરે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ પ્રકારના ગુણોથી 'અગ્રે' પહેલાં હતા. તે સમયે પોતે ગુણરૂપથી પ્રકટ થયા ન હતા, એવો અર્થ છે. અથવા ''પહેલાંની પેઠે'' (બ્રહ્મસૂ.૩।૨।૨૯) સૂત્રમાં કહેલા સિદ્ધાંત પ્રમાણે ભગવાન પહેલાં પોતાનાં ધર્મરૂપ હોય છે, પછી શક્તિરૂપ અને પછી કાર્યરૂપ થાય છે, તે 'ગુણોથી પહેલાં' શબ્દોથી કહેલું છે. પોતાના ગુણો રચ્યા તે પહેલાં, એવો તેનો અર્થ છે.

અસત્‌ની સત્તા તો તમે સ્વીકારતા નથી તેથી સૃષ્ટિ પહેલાં જગતનાં અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ! – એવી શંકા થાય, તેથી 'જગતના આત્મા[10] એમ કહેલું છે. કાલ ન હતો એમ જણાવવા 'ઈશ્વર'[11] કહેલ છે. જીવો ન હતા એમ જણાવવા 'જીવો પોતાની અંદર પૂરાએલા હતા' એમ કહેલું છે. સંપૂર્ણ રીતે[12] પૂરાએલા, એટલે જીવરૂપથી પ્રકટ ન થએલા આત્માઓ હતા જેમની અંદર તેવા ભગવાન હતા. 'નિમીલિતાત્મન્' સાતમી વિભક્તિના પ્રત્યયનો લોપ થએલો છે. પોતાની શક્તિઓ ન હતી એમ જણાવવા 'શક્તિઓ સૂતેલી હતી' એમ કહેલું છે. શક્તિઓ સૂતેલી હતી ત્યારે, એવો અર્થ છે. આ સંસારનો પ્રવાહ અનાદિ છે, અને મહાપ્રલય એક જ નથી; કારણકે જુદાં-જુદાં બ્રહ્માંડો અને જુદી-જુદી સૃષ્ટિઓ શ્રુતિ વિગેરેથી સાબિત થએલ છે, તેથી હરકોઈ સૃષ્ટિ કહેવી હોય ત્યારે તેનાથી પહેલાંની અવસ્થા કહેવી જોઈએ. 'શક્તિઓ સૂતી હતી' શબ્દોથી એમ જણાવેલું છે કે તેનાથી પણ પહેલાં સૃષ્ટિ હતી. પહેલાંની સૃષ્ટિનો શક્તિઓએ નાશ કર્યો. તેથી બ્રહ્માનો છેવટનો દિવસ પૂરો થયો અને રાત્રિનો સમય થયો ત્યારે બ્રહ્માંડનો નાશ થવાથી તત્ત્વોનો પણ લય થવાથી, દિવસનો ઉદય ન થવાથી અને રાત્રિ પૂરી ન થવાથી, તે સમયને 'રાત' કહેલ છે. શક્તિઓ સૂતેલો જાગે તે નિયમ પ્રમાણે ભગવાનમાંથી નીકળે છે, અને સૂતેલીઓ તો ભગવાન જ છે, તેથી શક્તિઓ સૂએ ત્યારથી આરંભી ગુણો ઉત્પન્ન થાય તે પહેલાં ભગવાન એકલા જ હતા, એમ કહેવાયું.૨૦

૧.'પ્રમાણેન' બદલે 'પ્રમાણે ન' એમ છૂટા શબ્દ લેવા. અને 'પ્રતિપાદ્યતે' અધ્યાહાર લેવું. આ પ્રમાણે લેવાની જરૂર જણાતી નથી, તેમ લીધા વિના જ અર્થ બેસે છે.

૨.'હાલના પુરુષ' એટલે બ્રહ્મા વિષ્ણુ અને શિવ 'શ્રીકૃષ્ણ' કહ્યા હોય તેમ જણાય છે.

૩.'આ' એટલે એકજ હોય તે. ૪.'ધર્મપુરસ્સરઃ' પાઠ વૃંદાવન પ્રેસવાળી પ્રતનો લીધો છે.

૫.સત્ અને અસત્ ન હોવાનું કહ્યું, તેથી પ્રમાણ ન હતું.

૬.પાછળના સમયના વ્યવહારનો આશ્રય કરી, તેનાથી પહેલાંની સ્થિતિ જણાવવા 'તે સમયે' એમ કહેલું છે.

૭.'સત્' હતું, 'પહેલાં હતું' એમ બંનેની સત્તા કહેવાથી જુદાં વાક્ય થાય.

૮.'પહેલાં સત્ જ હતું' શ્રુતિ સર્વથી પહેલાંનો વ્યવહાર જણાવે છે, તે 'એવ' 'જ' શબ્દથી બીજું કાંઈ ન હોવાનું કહે છે. તેથી તે સમયે કાલ ન હતો.

૯. 'અદ્વિતીયમ્' 'સહાય વિનાનું' શબ્દથી તેમ જણાવતા.
૧૦. 'આત્મા' શબ્દથી એમ આરોપ કર્યા વિનાનું અનાગંતુક સ્વરૂપ કહેલ છે ભગવાન જગતનું આરોપ કર્યા વિનાનું અનાગંતુક સ્વરૂપ છે, એવો અર્થ છે.
૧૧. 'પ્રકૃતિ આ જગત નું ઉપાદાન કારણ છે. પર પુરુષ આધાર છે, સતને વ્યક્ત કરનાર કાલ છે. હું તે ત્રણરૂપ બ્રહ્મ છું એ વાક્ય પ્રમાણે બંધનું મૂલ સ્વરૂપ ભગવાન જ છે.
૧૨. 'બધા આત્માઓ બહાર નીકળે છે' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મમાંથી બહાર નીકળ્યા પછીજ તેના અંશો જીવરૂપ થાય છે. તેથી પહેલાં તે હોતા નથી.

એ પ્રમાણે પહેલાંની અવસ્થા કહીને, ભક્તિ સાથેની હાલની સૃષ્ટિની અવસ્થા કહેવા આરંભથી સૃષ્ટિનો પ્રકાર નીચેના શ્લોકથી કહે છે :

**સ એવ ભૂયો નિજવીર્યચોદિતાં સ્વજીવમાયાં પ્રકૃતિં સિસૃક્ષતીમ્ ।**
**અનામરૂપાત્મનિ રૂપનામની વિધિત્સમાનોऽનુસસાર શાસ્ત્રકૃત્ ।।૨૧।।**

તે જ નામ અને રૂપ વિનાના પોતાનાં સ્વરૂપમાં રૂપ અને નામ કરવાની ઈચ્છાવાળા થઈ, પોતાના વીર્યે પ્રેરેલી પ્રકૃતિને સર્જવા ઈચ્છતી પોતાના અંશરૂપ જીવની માયાને ફરી અનુસર્યા, અને શાસ્ત્ર રચનાર થયા. ૨૧

તે જ એટલે ઉપર કહેલા જ. 'ફરીથી' શબ્દથી એમ જાણાવ્યું છે કે તેમણે પહેલાં પણ એવી રીતે સૃષ્ટિ રચેલી તેમાં[૧] પ્રથમ પોતાના વીર્યરૂપ કાલ બનાવ્યો. તે કાલે 'પ્રેરણા કરેલી' સૂતેલી મુખ્ય માયાશક્તિને કાલે પ્રેરણા કરી. તે માયા બે પ્રકારની છે : [ક]પોતાની મૂર્તિ સાથે સંબંધ કરેલા ભગવાનને જગતના આકારવાળા કરે છે અને [ખ]પોતાની[૨] ઈચ્છાથી પ્રકટ થએલા જીવોનો ઘણો મોહ કરે છે. તેમ કરે ત્યારે આ સૃષ્ટિ જીવના પ્રયોજનવાળી થાય છે. તેથી હાલના સમયની માયાનું નામ 'જીવમાયા' છે. 'પ્રકૃતિને સર્જવા ઈચ્છતી' શબ્દોથી તે માયાથી થતી સૃષ્ટિનો પ્રકાર કહેલો છે. જો કે પ્રકૃતિ અને પુરુષ બન્ને રચેલા છે, છતાં પણ પુરુષ ભગવાનના ભાગમાં આવેલ, તેથી 'પ્રકૃતિને સર્જવા ઈચ્છતી' એમ કહેલું છે. તેવી માયાને ભગવાન અનુસર્યા. તેનો અર્થ એવો છે કે તેની ક્રિયા થયા પછી પોતે પિતાની પેઠે તેને અનુકુલ થઈ મળ્યા. આ સૃષ્ટિ રચવાનું ખાસ પ્રયોજન 'નામ-રૂપ વિનાના સ્વરૂપમાં નામ-રૂપ કરવાની ઈચ્છાવાળા' શબ્દોથી કહેલું છે. પહેલાંની સૃષ્ટિમાં ભગવાનનો અવતાર અને નામ તથા રૂપ થયાં ન હતાં. હાલની સૃષ્ટિમાં ભક્તિ મુખ્ય હોવાથી ભગવાનનાં અવતાર, રૂપ અને નામ ની જરૂર છે. તેથી પહેલાં નામ-રૂપ અને સ્વરૂપ વિનાના પોતામાં હવે નામ-રૂપ કરવાની ઈચ્છાવાળા થયા, એવો અર્થ છે. તેથી જીવોનાં [૩]પ્રયોજન માટેજ પોતાનાં પણ નામ અને રૂપ કરે છે, એવો અર્થ છે.

વળી 'શાસ્ત્ર રચનાર' વેદ રચનાર થયા. માત્ર[૪] નામ અને રૂપ કરે તો એક સાથે જ સર્વની મુક્તિ થવાનું બનવાથી સૃષ્ટિનો સમય ઘટી જાય. વેદ ઉત્પન્ન કરવામાં આવે ત્યારે તો સ્વભાવ અને ગુણો ના ભેદને લીધે જુદા-જુદા અર્થવાળા તે વેદથી મોહ થવાથી કોઈકનીજ

મુક્તિ થાય, એમ ધીરે–ધીરે સર્વની મુક્તિ થાય, તેથી સૃષ્ટિનો સમય ઘટે નહીં.[૫] ૨૧.

૧.'તેમાં' એટલે સૃષ્ટિ રચવામાં.

૨.'પોતાની ઈચ્છાથી' એટલે અવિદ્યા, કામ, કર્મ વિગેરેથી ભગવાનની ઈચ્છાથી 'પોતાની' એટલે ભગવાનની ઈચ્છાથી, એવો અર્થ જણાય છે. જીવોનો પાદુર્ભાવ માયાની ઈચ્છાથી નહીં, પણ 'હું એક ઘણો થાઉં' એવી ભગવાનની ઈચ્છાથી થાય છે એમ જણાય છે.

૩.જીવોનું પ્રયોજન પુરુષાર્થ પ્રાપ્ત કરવાનું છે તે માટે

૪–૫.આ ભાગથી વેદ રચવાનું પ્રયોજન કહેલું છે.

એ પ્રમાણે સૃષ્ટિ પહેલાંની અવસ્થા અને સૃષ્ટિ સિદ્ધ કરીને નીચેના શ્લોકથી જે પ્રયોજનથી આ સૃષ્ટિ રચી તે પ્રયોજન સાધનોની પરંપરાના ક્રમથી કહે છે :

**સ વા અયં યત્ પદમ્ અત્ર સૂરયો જિતેન્દ્રિયા નિર્જિતમાતરિશ્વનઃ ।**
**પશ્યન્તિ ભક્ત્યુત્કલિતામલાત્મના નન્વેષ સ ત્વં પરિમાર્ષ્ટુમ્ અર્હતિ ।।૨૨।।**

ઈંદ્રિયોને વશ કરેલા, વાયુ ઉપર જય મેળવેલા કવિઓ જેમનાં ચરણનાં ભક્તિથી ખુલ્લાં થએલા શુદ્ધ અંતઃકરણથી અહીં દર્શન કરે છે તે નિશ્ચય આ છે. હે સખિ! આ તે 'તું' છે. તે આપ પ્રકૃતિનાં કાર્યનો નાશ કરો.૨૨

કેટલાકના મત પ્રમાણે સગુણ બ્રહ્મથી પણ સૃષ્ટિ થાય છે, તે બ્રહ્મ જાણનારાઓએ ઉપાસના કરવા યોગ્ય નથી. તેથી બ્રહ્મ જાણનારાઓથી ઉપાસના કરવા યોગ્ય હોય તે જ બ્રહ્મ છે એવો નિશ્ચય છે. અને તે સમાધિથી ઉપાસના કરવા યોગ્ય અંદરનો આત્મા છે પરંતુ બહારનો કોઈ નથી દ્ગ એવી શંકા થાય, તેથી 'તે જ આ છે' એમ કહેલું છે, તે જ 'વૈ' નિશ્ચય આ છે. આમનામાં બહારના અને અંદરના દોષ નથી એમ પહેલાંજ[૧] કહેલું છે. બ્રહ્મ જાણનારાઓ ઘણા સમય સુધી સમાધિમાં રહી, તેમાં ભગવાન પ્રાપ્ત ન થવાથી, આ ભગવાન ક્યાં પ્રકટ થયા છે તેનો વિચાર કરી, યોગથી થએલા ગુણથી જાણી ભગવાન હમણાં શ્રીકૃષ્ણનાં સ્વરૂપથીજ પ્રકટ થયા છે, બીજે કોઈ સ્થલે પ્રકટ નથી, એવો નિશ્ચય કરી, સમાધિનાં ફલરૂપ ભગવાનનાં ચરણારવિંદનાં અહીં જ આવીને દર્શન કરે છે. તેથી તેમના વાક્યથી[૨] જણાય છે કે આ જ ભગવાન છે.

તેઓએ પૂરાં સાધનો કરેલાં ન હોવાથી સમાધિમાં તેમને ભગવાનનો સાક્ષાત્કાર થયો નહીં હોય દ્ગ એવી શંકા થાય, તેથી 'ઈંદ્રિયોને વશ કરેલા, વાયુ ઉપર જય મેળવેલા કવિઓ' એમ કહેલું છે. કારણકે ઉપનિષદોના અર્થ વિચારપૂર્વક ગુરુના મુખથી સારી રીતે જાણીને કવિઓ થઈ, પછી બ્રહ્મચર્ય વિગેરેથી ઈંદ્રિયોને વશ કરી પાપરહિત થઈ, યમ વિગેરેના ક્રમથી જય મેળવેલો છે વાયુ ઉપર જેમણે તેવા તેઓ છે. તેથી તેઓએ સાધન ન કરેલાં હોય તેવું નથી.

ભગવાન ચક્ષુથી કેમ જણાય? એવો પ્રશ્ન થાય, તેથી 'ભક્તિથી ખુલ્લાં થએલાં અંતઃકરણથી' એમ કહેલું છે. તેઓ ચક્ષુથી ભગવાનનાં દર્શન કરતા નથી, પરંતુ અંતઃકરણથી દર્શન કરે છે. ''જેમ બ્રહ્માએ ઈંદ્રિયોને બહાર જનારી કરેલી છે, તેથી બહાર જૂએ છે, અંદરના

આત્માને જોતી નથી. પાછાં વાળેલ ચક્ષુવાળા અમૃતપણું ઈચ્છનાર કોઈક ધીર પુરુષ અંદરના આત્માને જોયો'' એ શ્રુતિમાં આત્માનો સાક્ષાત્કાર કરવા પાછું વાળી અંદર લઈ ગએલાં હૃદયમાં પ્રવેશ કરેલાં ચક્ષુથી પોતાના આત્માને જૂએ છે, તેમ ભગવાન બહાર રહેલા હોય ત્યારે ભક્તિથી 'ઉત્કલિતેન' ઉંચા થએલાં ખુલ્લાં થએલાં બહાર આવેલા ચક્ષુમાં પ્રવેશેલા અંતઃકરણથી ભગવાનનાં દર્શન કરે છે, એવો અર્થ છે.

છતાં પણ 'તે તું છે' વિગેરે વાક્યોથી જેનો ઉપદેશ કરાએલો નથી તે આત્મા કેમ હોય? એવો પ્રશ્ન થાય, તેથી 'હે સખિ!' 'આ તે તું છે' એમ કહેલું છે. 'નનુ' 'હે સખિ' એવું કોમલ સંબોધન કરેલું છે, આ જ 'તે આત્મા' તરીકે ઉપદેશ કરાએલા છે, એવો અર્થ છે.

એમ કેમ હોય? એવો પ્રશ્ન થાય, તેથી 'તે તું છે' એમ કહેલું છે. 'તે જ તું છે' એવો અર્થ છે. એમ ભગવાનનો જીવાત્મા તરીકે ઉપદેશ કરવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી 'નાશ કરો' એમ કહેલું છે. આત્મામાં પ્રકૃતિના સંબંધથી જે આ જડનો વર્ગ ભળેલો છે તેને 'પરિતઃ' સર્વ તરફથી વાસના સાથે દૂર કરો. આત્મા તરીકે ઉપદેશ કરેલા ભગવાન વાસના સાથે પ્રકૃતિનાં કાર્યનો નાશ કરે છે, એવો અર્થ છે.૨૨

૧.પહેલાં એટલે પાછલા શ્લો. ૨૦ માં, 'જે એકલા હતા' એ શબ્દોથી એવો અર્થ છે.

૨.'બધા ઋષિઓ, તેમજ દેવર્ષિ નારદ, અસિત, દેવલ વ્યાસે આપને કહેલા છે' ભગી ૧૦-૧૩ વાક્યથી.

એવી રીતે સર્વ પ્રકારે આ સાક્ષાત્ ભગવાન જ છે એમ કહેવામાં આવ્યું, ત્યારે પ્રપંચના કર્તા તરીકે તેમને ભોગ કરનાર વિગેરેની સ્થિતિ પ્રાપ્ત થતાં તે જીવની સમાન[૧] થાય! એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ વા અયં સખ્યનુગીતસત્કથો વેદેષુ ગુહ્યેષુ ચ ગુહ્યવાદિભિઃ ।**
**ય એક ઈશો જગદાત્મલીલયા સૃજત્યવત્યત્તિ ન તત્ર સજ્જતે ।।૨૩।।**

હે સખિ! જેમની કથાનું પાછળથી સત્પુરુષોએ ગાન કરેલું છે અને છૂપા રાખવા યોગ્ય વેદોમાં છૂપું રાખવા યોગ્ય કહેનારાઓએ ગાન કરેલું છે, જે ઈશ્વર એકલા પોતાની લીલાથી જગતને સર્જે છે, તેનું રક્ષણ કરે છે, અને લય કરે છે, પણ તેમાં આસક્ત થતા નથી, તે નિશ્ચય આ છે.૨૩

કર્તાપણાં સાથે ભોક્તાપણું કોઈક જ પ્રસંગે હોય છે. જ્યાં સ્વાર્થથી કરવામાં આવતું હોય ત્યાં જ આવું હોય છે. ભગવાન તો જીવો માટે કરે છે, તેથી ભોગવનાર થતા નથી. જીવ સ્વરૂપથી જ ભોગવનાર થાય છે. તે રૂપે દોષનો સંબંધ થાય તેમાં દોષ નથી, કારણકે દાંત-કેશ વિગેરેનો સફેદાઈ વિગેરેનો[૨] સંબંધ થતાં, અંશી દેહને કાંઈ ક્ષતિ[૩] થતી નથી. અંશોમાં તો તે[૪] ગુણ જ છે, દોષ નથી, કારણકે તેમને માટે જ[૫] તેમ થએલું છે. અંશોમાં[૬] તો પાલન કરનારાઓની પેઠે પોતાની મેળે જગત્ રચવાની શક્તિ નથી.

પ્રયોજન લક્ષ્યમાં રાખ્યા વિના મૂર્ખ પણ કાર્ય કરવાની પ્રવૃત્તિ કરતો નથી, તેથી

પોતાનાં પ્રયોજન વિના માત્ર બીજા જીવો માટે ભગવાન કાર્ય કેમ કરે? તેથી 'સખ્યનુગીતસત્કથઃ' એમ કહેલું છે. હે સખિ! 'અનુ' પાછળથી, ચરિત્ર કર્યા પછી, 'ગીતા' રાગ સાથે પ્રકટ કરાએલી છે કે સત્પુરુષોની કથા જેમની તેવા ભગવાન છે. ભગવાનનું પ્રયોજન એવું છે કે તેવું ચરિત્ર કરવામાં આવે ત્યારે સત્પુરુષો તેનું કીર્તન કરે. અથવા 'સખિભિઃ' સખ્ય ભક્તિ સુધી પહોંચેલાએ 'અનુગીતા' ભગવાને કહ્યા પછી રાગ સાથે કહેલી છે 'સદ્રૂપા' ભગવદ્રૂપ 'કથા' કથા જેમની, તેવા ભગવાન છે. જીવોને મુક્તિ આપવા માટે તેમ કરે છે, એવો અર્થ છે. આ અર્થ પ્રમાણે, કૃપાથી બીજાઓનું દુઃખ દૂર કરવા ભગવાનની પ્રવૃત્તિ થાય છે એમ કહ્યું.

આમાં[૭] પ્રમાણ શું? કારણ કે ભગવાન પોતે આવીને કહેતા નથી, પરંતુ કવિઓએ રચેલું કહેનારા જ છે – એવી શંકા થાય, તેથી 'છૂપા રાખવા યોગ્ય વેદોમાં છૂપું રાખવા યોગ્ય કહેનારાઓ' એમ કહેલું છે. છૂપા રાખવા યોગ્ય વેદો ઉત્તમ ઉપનિષદોમાં ''જેમાંથી વ્રતો સ્પષ્ટ દેખાયાં તે વિષ્ણુનાં કર્મો જૂઓ'' ''અરે આત્માનું દર્શન કરવું જોઈએ, શ્રવણ કરવું જોઈએ'' એમ ''અંત વિનાના જલમાં'' એમ જુદા-જુદા પ્રકરણમાં ભગવાનના સર્વ ગુણો કહીને, ''જે આમને જાણે છે તેઓ અમૃત થાય છે'' એમ છેવટે ભગવાનનાં સ્વરૂપનાં ગુણોના જ્ઞાન પછી ભગવાનનું સ્વરૂપ કહેલું છે, અને તેવી રીતે ''ભક્તિથી મને જાણે છે'' (ભગ.ગીતા ૧૮।૫૫) ''શ્રવણ કરે છે ગાન કરે છે'' (૧।૮।૩૫) ''મારાં વીર્યોનો આદર કરે છે'' (૩।૨૫।૩૪) વિગેરે વાક્યોથી છૂપું રાખવા યોગ્ય જ કહે છે, એમ છૂટું-છૂટું કહેલ છે.

જુદા જુદા પ્રકરણોમાં જણાવેલ ભગવાન પ્રકરણના ભેદથી જુદા-જુદા થાય, કારણ કે શબ્દ જુદો-જુદો કહેવામાં આવે તેની પેઠે પ્રકરણ પણ જુદું કરનારું છે – એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. સર્વ પ્રકરણોમાં કહેલા ભગવાન એક જ છે, તેવું ''સર્વ વેદાન્તોથી જેનું જ્ઞાન થાય છે તે બ્રહ્મ છે, કારણકે વિધિનાં વાક્યોમાં ભેદ નથી'' (બ્રહ્મસૂ.૩।૩।૧) માં અને ''સર્વ વેદાંતોમાં પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે'' (ત્યાંજ ૧।૨।૧) માં કહેલું છે. સર્વ સ્થલે એકનો ઉપદેશ કરવાનું પ્રયોજન 'ઈશ્વર' શબ્દથી કહેલું છે, કારણકે સર્વ સેવકો ઈશ્વરનું નિરૂપણ કરે છે. 'પોતાની લીલાથી' શબ્દથી જગત્ રચવામાં ક્લેશ થતો નથી એમ કહેલું છે. 'પોતાની લીલાથી' એટલે ઈશ્વરની લીલાથી. બીજાઓથી તે થઈ શકે તેવું નથી છતાં ભગવાનની તો તે લીલા જ છે. 'અત્તિ' એટલે સંહાર કરે છે અથવા પોતાની અંદર સ્થાપન કરે છે. જો કે ગુણો પાછળથી કહેવામાં આવે તે દ્વારા સંગ કરે છે, પરંતુ તેમાં[૮] આસક્તિ રાખતા નથી. ૨૩.

૧.અહંતા મમતાને લીધે સંસારમાં આસક્તિ થાય, એવો અર્થ છે. ૨.'વિગેરે' શબ્દથી કેશની કાળાશ કહેલી છે.
૩.'ક્ષતિ' એટલે સૌંદર્યની હાનિ. ૪.'તે' એટલે દાંતની સફેદાઈ, કેશની કાળાશ.
૫.જીવોને માટે જ પ્રપંચ ભોગ્ય તરીકે બતાવેલ છે, તેથી ભોગ્યપણાનો પોતાનો સ્વભાવ તે દર્શાવે છે, તે ગુણ જ છે.
૬.જીવો ભોક્તા છે પણ જગતના કર્તા નથી. માત્ર જગતમાં કર્તાપણું અને ભોગવનારપણું સાથે જોવામાં આવે, તેથી બધામાં તેવું હોતું નથી.

૭.'આમાં' એટલે પાછળથી ગાન થાય તેમાં ૮.'તેમાં' એટલે સર્ગ વિગેરેમાં.

એવી રીતે સર્વ પ્રકારે શ્રીકૃષ્ણ ભગવાન હોવાનું જણાવ્યું, ત્યારે 'તેવાને અહીં પધારવાનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યદા હ્યધર્મેણ તમોધિયો નૃપા જીવન્તિ તત્રૈષ હિ સત્ત્વતઃ કિલ ।**
**ધત્તે ભગં સત્યમૃતં દયાં યશો ભવાય રૂપાણિ દધદ્ યુગે યુગે ।।૨૪।।**

કારણકે યુગે-યુગમાં જ્યારે તમોબુદ્ધિવાળા રાજાઓ અધર્મથી જીવન નભાવે છે ત્યારે આ સત્ત્વથી અવતાર ધારણ કરતાં ભગ સત્ય ઋત દયા અને યશ કલ્યાણ માટે ધારણ કરે છે.૨૪

કારણ કે સામાન્ય અને વિશેષ[1] એવા ભેદથી બે પ્રકારની સ્થિતિ ભગવાન કરે છે. તેમાં[2] સત્ત્વ વિગેરે ગુણો અધિકારવાળા છે. તેઓ ''રજોગુણ અને તમોગુણનો અભિભવ કરી સત્ત્વ થાય છે'' (ભગ.ગીતા ૧૪।૧૦) વિગેરેમાં જણાવ્યા પ્રમાણે એક બીજાને દબાવી દઈને જ પ્રકટ થાય છે. તેઓમાં જ્યારે સત્ત્વને ઢાંકી દઈ, રજોગુણ અને તમોગુણ પ્રકટ થાય છે ત્યારે જગતની સ્થિતિ કરવાના અધિકારવાળું સત્ત્વ પોતે દુર્બલ થતાં, ભગવાનને પોતાની સ્થિતિ નિવેદન કરી, રજોગુણ અને તમોગુણ ને તેમનાં કાર્ય સાથે દબાવી દેવા લાવે છે. ત્યારે ભગવાન સત્ત્વગુણથી અવતાર ધારણ કરે છે. સત્ત્વગુણ શરીર સાથે ગાઢ સંબંધવાળો, અથવા શરીર જણાવનારો, અથવા શરીર, અથવા પ્રાદુર્ભાવનું કારણ થાય છે, ત્યારે સત્ત્વના અવયવો પણ જુદાં-જુદાં રૂપો ધારણ કરે છે. સર્વ યુગોમાં એવી વ્યવસ્થા છે. તેથી સત્ત્વને સાહાય્ય કરવા ભગવાન પધારે છે, એવો અર્થ છે. 'જ્યારે' શબ્દથી ભગવાનનું પધારવું નિમિત્તને લીધે થતું હોવાનું કહેલું[3] છે. નિમિત્ત થાય ત્યારે નિમિત્તથી થતું હોય તે થવાનું જરૂરી છે એવો 'હિ'[4] 'કારણકે' શબ્દનો અર્થ છે. ધર્મના પડછાયા રૂપ અધર્મ છે. તે ઘીથી થતી મેશની પેઠે દરરોજ ભેગો થતો સર્વ પ્રજાઓના રાજામાં ઘન ઘડારૂપ થાય છે, અને પછી બુદ્ધિને ઢાંકી દેનાર અધર્મથી ભમતા ચક્ષુથી, દેખાતા ઘડા વિગેરેની પેઠે પાપથી ઘેરાએલી દૃષ્ટિથી વસ્તુઓનું ખરું સ્વરૂપ જણાતું નથી ત્યારે આંધળાની પેઠે માત્ર જીવન નભાવવા માટે પદાર્થોને ગ્રહણ કરે છે. રાજાઓ પાલન કરવામાં ભગવાનના અંશો છે, તેઓ આંધળા તરીકે જીવન નભાવે તે ભગવાનને અહીં પધારવાનું કારણ છે. 'નૄન્' મનુષ્યોનું 'પાન્તિ' પાલન કરે તે 'નૃપાઃ' તેથી તે શબ્દથી પાલન કરાએલાઓ પણ અધર્મમાં રહેલા સૂચવેલા છે. એવી રીતે સર્વ તરફથી અધર્મ પ્રબલ થયો ત્યારે તેનો નાશ કરવા આ જ પરમાત્મા પધારે છે, કારણકે સગુણ અવતારનું તેમાં સામર્થ્ય નથી. 'કિલ' 'ખરેખર' શબ્દથી ''જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે...''[4] (ભગ.ગીતા ૪।૭) વિગેરે વાક્યો પ્રમાણ હોવાનું જણાવેલ છે. અથવા રૂપ (અવતાર) ધારણ કરતાં સત્ત્વથી ભગ (સત્તા) ધારણ કરે છે, અથવા ભગ વિગેરે ધારણ કરતાં રૂપો (અવતારો) ધારણ કરે છે. આ બંને વ્યાખ્યાનોમાં ભગ વિગેરે નકામા કહ્યાં, એમ કહો તો તેમ નથી.

અવતારો ધારણ કરતાં જો ભગ ધારણ ન કરે તો રાજાઓમાં ઉત્પન્ન થએલો ભગ એટલે ઈશ્વરની સ્થિતિ, તે અધર્મ ગ્રહણ કરવાથી ઉલટું ફલ આપનારી, પ્રજાને પીડનારી થાય. અને જો ભગ ધારણ કરીને રૂપો ધારણ ન કરે તો રાજાઓનો વધ ન થાય. કારણકે તેઓ અધર્મના મૂલ બનેલા છે. તેથી અર્ધમનો નાશ કરવા ભગવાન ભગ વિગેરે ધારણ કરે છે, અને રાજાઓનો વધ કરવા અવતારો ધારણ કરે છે. 'ભગ' તો ભગવાનની ઐશ્વર્યવાળી સ્થિતિ છે. ઈશ્વરનો ધર્મ પ્રમેયબલનું પોષણ કરનારો છે.

'ઋત' એટલે આચરવામાં આવતો ધર્મ, વેદના પૂર્વકાંડનો અર્થ પ્રવૃત્તિના સ્વભાવવાળાં પ્રમાણબલનું પોષણ કરનારો છે. 'સત્ય' નિર્ણય કરાવનારો ઉત્તરકાંડનો અર્થ નિવૃત્તિ કરાવનારાં પ્રમાણબલનું પોષણ કરનારો જ્ઞાનરૂપ ધર્મ છે. 'દયા' વ્યવહારનું પોષણ કરનારો લૌકિક ધર્મ છે. 'યશ' તો ભક્તિ પ્રાપ્ત કરાવનાર પુષ્ટિનો ધર્મ છે. આ પાંચ : ભગવાનની ઈચ્છા, ધર્મ, જ્ઞાન, દયા અને ભક્તિ ઢ એવા વિદ્યાના અંશો, ઉપર કહેલા પ્રજાઓનાં કલ્યાણ માટે ભગવાન ધારણ કરે છે.૨૪

૧.'સામાન્ય અને વિશેષના ભેદથી' એટલે લોકની સ્થિતિ અને લૌકિકની સ્થિતિના ભેદથી જગતની અથવા લોકોની સામાન્ય સ્થિતિ અને અધર્મવાળી સ્થિતિ.

૨.'તેમાં' એટલે સ્થિતિ. સૃષ્ટિ અને સંહારમાં ઉપર જણાવેલી બે પ્રકારની સ્થિતિમાં, એવો અર્થ જણાય છે.

૩.'યદા' 'જ્યારે' શબ્દથી અમુક કાલ કહેલ હોવાથી, ભગવાનનું પધારવું નિમિત્તથી થતું હોવાનું કહેલ.

૪.આ વાક્યમાં 'અહં' 'હું' પોતાને સર્જુ છું, અવતાર લઉં છું એમ કહેલ હોવાથી, શ્રીકૃષ્ણનું જ આ કાર્ય છે, સગુણ વિષ્ણુનું કાર્ય નથી, એવો અર્થ છે.

એ પ્રમાણે ભગવાનના અવતારનું પ્રયોજન કહીને, નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી પ્રસંગને લીધે ભગવાનના સંબંધમાં આવેલાઓનું ફલ કહે છે :

**અહો અલં શ્લાઘ્યતમં યદોઃ કુલં અહો અલં પુણ્યતમં મધોર્વનમ્ ।**

**યદેષ પુંસામ્ ઋષભઃ શ્રિયઃ પતિઃ સ્વજન્મના ચંક્રમણેન ચાઽઞ્ચતિ ।।૨૫।।**

અહો! યદુનું કુલ પૂરેપૂરું સર્વથી અધિક પ્રશંસા કરવા યોગ્ય છે. અહો! મધુનું વન પૂરેપૂરું સર્વથી પવિત્ર છે, કારણકે આ ઉત્તમ પુરુષ અને લક્ષ્મીના પતિ, પોતાના જન્મથી અને ફરવાથી તેમનું પૂજન કરે છે.૨૫

કારણકે જે અવતાર લે, તે કોઈક વંશમાં લે, અને કોઈક દેશમાં કોઈક સ્થલે રહે, કેટલાકો સાથે વ્યવહાર કરે, છતાં પણ તે અવતાર લેનારનું તેઓમાં તાત્પર્ય નથી; પરંતુ તેઓ માત્ર ભગવાનના સંબંધથીજ કૃતાર્થ થાય છે. તેઓ પૈકી આરંભમાં જેમાં જન્મ લીધેલ તે વંશ અને સ્થાન ની કૃતાર્થતા કહે છે. 'અહો' શબ્દ આશ્ચર્યના અર્થવાળો છે. ક્યાં પિતાએ શાપ આપેલો અને લોકોએ નિંદેલો યદુ, અને ક્યાં તેની આ સરસાઈ! ભગવાને અવતાર લીધો એટલે તેના વંશના ભગવાનનું સ્મરણ કરીને લોકો નમન કરે છે. 'અલમ્' એટલે પૂરેપૂરું. આ સરસાઈથી જુદી આધિપત્ય, શૌર્ય વિગેરેથી થએલી સરસાઈ કહેવી નહીં. બીજા વંશોનું ધર્મ

વિગેરે માટે કોઈક વાર નિરૂપણ થાય, પણ ભગવાનની તો સર્વને જરૂર હોવાથી તેમનું નિરૂપણ કરવા માટે યદુવંશની સદા પ્રશંસા થાય છે, તેથી તે વંશ સર્વથી અધિક પ્રશંસા કરવા યોગ્ય છે. એવી રીતે મધુનું વન પણ તેમાં સત્પુરુષોનો[1] વાસ ન હોવાથી (પવિત્ર થયાનું કહેલું છે.) મથુરા કહેલ નથી. મધુ દૈત્યનું તે વન, પછી તેના પુત્રો વિગેરેના ભાગ પડેલા. તેથી વૃંદાવન વિગેરે પણ મધુનું જ વન હતા. તે દેશ સર્વથી પવિત્ર હોવા છતાં દૈત્યો ત્યાં ફરેલા હોવાથી અધમ હતો. વન હોવાથી ભયાનક હતો. દૈત્ય અને ભય તેમાં રહેલા હોવાથી ત્યાં ભગવાનનું સ્મરણ થવાનું પણ દૂર રહ્યું તો પછી ભગવાન તો ત્યાં ક્યાંથી જ હોય! 'પૂરેપૂરું સર્વથી પવિત્ર ' શબ્દથી એમ કહેલું છે કે આથી બીજી વધારે સરસાઈ હોવાનું સંભવતું નથી. કારણકે દેવર્ષિ રહેતા હોય તે દેશ સર્વથી પવિત્ર થાય છે, તો પછી જ્યાં સર્વ દેવર્ષિઓના સ્વામી ભગવાન રહેતા હોય તેનું કહેવું જ શું!

તે પૈકી વંશ સર્વથી ઉત્તમ થવાનું કારણ કહે છે કે 'યત્' જે કારણથી ઉત્તમ પુરુષ પોતાનાં જન્મથી 'અઞ્ચતિ' પૂજે છે અથવા પધારે છે. બીજા પુરુષો સ્ત્રીઓના પતિ હોય છે, પુરુષોત્તમ તો પુરુષોના પતિ છે. અને તેથી જગતમાં સર્વ સ્ત્રીઓ સાથેના પુરુષો આમના છે. તેથી તે પુરુષોત્તમ પૂજન કરે ત્યારે સર્વથી[2] પૂજાએલ તે વંશ થયો, અથવા તે એ વંશમાં જાય ત્યારે સર્વ ગએલા થાય ગણાય.

મધુવનના ઉત્તમપણાનું કારણ એ કે જે કારણથી લક્ષ્મીના પતિ ફરવાથી પૂજન કરે છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી પોતાનાં જન્મથી પૂજન કરે છે. વન તો તેમાં સુંદર સુવર્ણ વિગેરે ન હોવાથી પ્રશંસનીય હોતું નથી, પરંતુ ભગવાન ત્યાં પધાર્યા ત્યારે લક્ષ્મી પણ આવી, તેથી તેણે લૌકિક અને અલૌકિક શોભા પ્રાપ્ત કરી, એવો અર્થ છે. ફરવું એટલે લહેરથી ધીરે-ધીરે જવું. 'લક્ષ્મીના પતિ' હોવાથી ગોપીઓ સાથેની ક્રીડા પણ સૂચવેલી છે. ૨૫

૧. 'સત્પુરુષો' એટલે ભગવદીય યાદવો. મથુરામાં યાદવો ન હતા, તેથી તેની સરસાઈ ભગવાનથી મધુવન તથા યદુના વંશની પેઠે થઈ નથી એમ કહેવું યોગ્ય લાગતું નથી. જેમ યદુનો વંશ યદુને શાપ થવાથી અધમ હતો તે ભગવાનના જન્મથી ઉત્તમ થયો, તેમ મધુનું વન જે સત્પુરુષોનું નિવાસસ્થાન ન હોવાથી અને દૈત્યોનાં આક્રમણથી અધમ હતું, તે ભગવાનના ફરવાથી ઉત્તમ થયું એવો અર્થ જણાય છે તેથી "એવં મધોરપિ વનમ્ સતાં નિવાસાભાવાત્. ન મથુરા નિર્દિષ્ટાઃ." એવી રીતે લઈ અર્થ કરેલ છે.

૨. 'સર્વથી' એટલે દેવો અને ઋષિઓથી પ્ર. સર્વ સ્ત્રીઓ અને પુરુષોથી, એવો અર્થ જણાય છે.

આ તો ઘણું આશ્ચર્યકારક છે કે જે કુશસ્થલીની સરસાઈ થઈ! તે નીચેના શ્લોકથી કહે છે :

**અહો બત સ્વર્યશસસ્તિરસ્કરી કુશસ્થલી પુણ્યયશસ્કરી ભુવઃ ।**
**પશ્યન્તિ નિત્યં યદનુગ્રહેષિતં સ્મિતાવલોકં સ્વપતિં સ્મ યત્ પ્રજાઃ ।।૨૬।।**

અહો! આનંદની વાત છે કે કુશસ્થલી સ્વર્ગના યશનો તિરસ્કાર કરનારી અને ભૂમિનો પવિત્ર યશ કરનારી થઈ, કારણ કે તેની  કૃપાથી પ્રેરેલ સ્મિત સાથેની દષ્ટિવાળા પોતાના પતિના નિત્ય દર્શન કરે છે.૨૬.

'અહો!' શબ્દ પહેલાંની પેઠે આશ્ચર્ય દર્શાવનારો છે. 'બત' 'આનંદની વાત છે' શબ્દથી આની ઉત્તમ સરસાઈ જણાવી છે. દેશના છેડે આવેલી ભૂમિ દોષથી ભરેલી અને રેતીવાળી, તે સ્વર્ગના યશનો તિરસ્કાર કરનારી થઈ, તિરસ્કાર કરવામાં મંડી રહી. કારણકે સ્વર્ગમાં દેવો રહે છે, દ્વારકામાં તો દેવોના અધિપતિ દેવ રહે છે. સ્વર્ગમાં તો અપ્સરાઓ છે, અહીં તો લક્ષ્મી છે. ત્યાં સ્વર્ગમાં રહેનારાઓ પડે છે, અહીં દ્વારકામાં રહેનારાઓ મુક્તિ પ્રાપ્ત કરે છે. સભા, પારિજાત વિગેરે તો ત્યાં સ્વર્ગમાં થી જ આણેલા છે, કારણકે હલકા સ્થલમાંથી ઉત્તમ સ્થલમાં લવાય. તેવી વિગેરે અનન્ત પ્રકારની દ્વારકાની ઉત્તમતા છે. વળી દ્વારકા ભૂમિનો પણ યશ કરનારી છે. જેમ દેહના એક ભાગમાં રહેલું હોવા છતાં પણ નયન સર્વ દેહને આ લોકનું અને પરલોકનું ફલ આપે છે, તેમ દ્વારકાના સંબંધવાળી બધીએ ભૂમિ ફલ યશ પ્રાપ્ત કરે છે કે જેમાં દ્વારકા છે તે પૃથ્વી ધન્ય છે.

આ ઉત્તમતા ભલે દૂર રહી, સમાધિવાળા હૃદય કરતાં પણ આ ઉત્તમ છે, તે ઉત્તરાર્ધથી કહે છે. સમાધિમાં કોઈક જ, કોઈક જ સમયે આત્માને જૂએ છે, અહીં દ્વારકામાં રહેનાર સર્વ સદા ભગવાનનાં દર્શન કરે છે. વાયુ અને મન ચંચલ હોવાથી અને ઘણો પ્રયત્ન કરવો પડતો હોવાથી સમાધિમાં રહેવું બહુ કઠણ છે, દ્વારકામાં તો ભગવાનની કૃપાથી રહેવાય છે, અને કૃપા સુખરૂપ સ્થિર છે, તેઓ દર્શન કરે તે માટે જ ભગવાન ત્યાં રહેલા છે. 'સ્મિત સાથેની દૃષ્ટિ' કરતા હોવાથી ભક્તિ અને જ્ઞાન આપનારા, અને સર્વ ઈંદ્રિયોને આનંદ કરાવનારા છે. પોતાના પતિ હોવાથી દ્વારકાના રહીશો ભય રહિત અને દોષ વિનાના છે. 'પ્રજા' શબ્દથી તેઓ પાલન કરવા યોગ્ય જણાવેલા છે, અને 'પતિ' શબ્દથી તેઓના ભગવાન એકલા આધાર હોવાનું કહેલ છે.૨૬

એ પ્રમાણે જડ ભૂમિની સરસાઈ કહી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી ભગવાનની પત્નીઓની સરસાઈ કહે છે :

**નૂનં વ્રતસ્નાનહુતાદિનેશ્વરઃ સમર્ચિતો હ્યસ્ય ગૃહીતપાણિભિઃ ।**
**પિબન્તિ યાઃ સખ્યધરામૃતં મુહુઃ વ્રજસ્ત્રિયઃ સંમુમુહુર્યદાશયાઃ ।।૨૭।।**

હે સખિ! જેમણે આપનો હાથ ગ્રહણ કરેલો છે, અને જેમાં ચિત્ત રાખેલી વ્રજની સ્ત્રીઓ મોહ પામેલી તે અધરામૃતનું જેઓ વારંવાર પાન કરે છે, તેઓએ નિશ્ચય વ્રત સ્નાન હોમ વિગેરેથી ઈશ્વરનું સારી રીતે પૂજન કરેલું.૨૭

સ્ત્રીઓ મર્યાદા અને પુષ્ટિ થી ભગવાનની પત્નીઓ થએલી બે પ્રકારની[1] છે. તે બંને પ્રકારનીઓને જે સર્વ પુરુષાર્થોનો નાશ કરનારું અને અસાધન છે તેજ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારું થયું. એવી રીતે સ્ત્રીઓનાં સ્વરૂપમાં બે ભેદ છે, અને સાધન[2] એક છે. આમનો હાથ જેમણે ગ્રહણ કરેલો છે, તેઓએ નિશ્ચય હરિનું પૂજન કરેલું છે. ગૃહસ્થાશ્રમનું ફલ ધર્મથી પ્રાપ્ત થાય તેવું છે. અને ભગવાનરૂપ ફલ ભક્તિથી પ્રાપ્ત થાય તેવું છે. તે બંને ભેગાં થએલાં છે

તેઓમાં ગૃહસ્થાશ્રમનું ફલ મુખ્ય છે, કારણકે ગોપીઓએ ઈચ્છેલા પદાર્થનો ભોગ તેથી થાય છે. તેથી ધર્મ કરાવનારાં સાધનો મુખ્યપણાંથી કહે છે. વ્રત તામસ છે. સ્નાન રાજસ છે. હોમ સાત્ત્વિક છે. 'વિગેરે' શબ્દથી તેઓના પ્રકારો જણાવેલા છે. પહેલાનાં જન્મમાં આ સાધનો કરીને આ જ શ્રીકૃષ્ણ ભગવાન ઈશ્વરનું સારી રીતે પૂજન કરેલું. 'હિ' શબ્દથી આ અર્થ યોગ્ય હોવાનું જણાવેલું છે. ફલ પ્રાપ્ત થતાં તેના કારણનું અનુમાન યોગ્ય છે. કારણથી કાર્યનું અનુમાન ખોટું પણ પડે. જો કે આ સાધનોથી ભગવાન પ્રસન્ન થાય છે છતાં મહાપુરુષની પૂજાની પૂર્ણતા કરાવનાર આ કાર્યો સાથેની[3] કોઈક પૂજાજ કહેલી છે. અથવા વ્રત વિગેરેમાં પૂજા કરવાનું શાસ્ત્રમાં કહેલ છે. તેમાં વ્રત અંગ તરીકે કરીને પૂજાજ આ પત્નીઓએ મુખ્ય તરીકે કરેલી. તેમાં પૂજા અને વ્રત ધર્મ અને ભક્તિરૂપ હોવાથી ભગવાનનો પતિ તરીકે સંબંધ થયો.

એમ કેમ જણાય કે આ જ ઈશ્વરને પૂજેલા? એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'હે સખીઓ! જેઓ અધરામૃતનું પાન કરે છે', કારણકે અમૃતનું પાન ઈશ્વરનું પૂજન કરીને કરેલા ધર્મનું કાર્ય છે. અધરામૃત તો તેથી પણ અધિક છે, તેનું આગળ વર્ણન કરશું. 'હે સખિ!' એ સંબોધનથી અધરામૃતની ઈચ્છાને લીધે આપણને પણ સમાન દુઃખ થાય છે એમ જણાવેલું છે, અધરામૃતનું આગળ વર્ણન કરશું.

આ ધર્મ અને ભક્તિ નું જ ફલ ભલે હોય, આમના પૂજનનું શું પ્રયોજન? એવી શંકા થાય, તેથી જુદા પ્રકારથી (આમનું પૂજન કર્યા વિના) આ ફલ મળતું નથી એમ 'વ્રજની સ્ત્રીઓ મોહ પામેલી ' શબ્દથી કહે છે. **ગોપીઓએ પણ કાત્યાયનીના વ્રતમાં ભક્તિથી ગાન કરીને વ્રત સ્નાન પૂજન વિગેરે કરેલાં પરંતુ પૂજન કાત્યાયનીનું કરેલું તેથી તેઓની ઈચ્છા પૂર્ણ ન થઈ,** કારણકે જે અધરામૃતમાં ચિત્ત હતું જેઓનું, તેઓને માત્ર મોહ જ થયો. ૨૭.

૧.મર્યાદા અને પુષ્ટિના ભેદથી બે પ્રકારની છે આ શ્લોકમાં મર્યાદા પ્રકારની પત્નીઓ નિરૂપણ છે, કારણકે વ્રત વિગેરે સાધનોથી પ્રભુની પતિ તરીકે પ્રાપ્તિ થઈ છે.

૨.ભગવાને હાથ ગ્રહણ કર્યો તે. ૩.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

આપનું ભાગ્ય ભલે હો. આથી પણ મોટું ભાગ્ય રુક્મિણી વિગેરેનું છે, કારણકે તેઓ કાળને લીધે પ્રવાહમાં પડેલી, બીજે પરણાવવામાં આવતી હોવા છતાં, ભગવાને પોતે ઉદ્યમ કરી બલથી તેમને પોતાની કરી અમૃતનું પાન કરાવ્યું અને પોતાના જેવા પુત્રો આપ્યા. તેઓએ ઈશ્વરનું પૂજન ઉત્તમ કરી એમ નીચેના શ્લોકથી કહે છે :

**યા વીર્યશુલ્કેન હૃતાઃ સ્વયંવરે પ્રમથ્ય ચૈદ્યપ્રમુખાન્ હિ શુષ્મિણઃ ।**
**પ્રદ્યુમ્નસામ્બામ્બસુતાદયોઽપરા યાશ્ચાહૃતા ભૌમવધે સહસ્રશઃ ।।૨૮।।**
**એતાઃ પરં સ્ત્રીત્વમ્ અપાસ્તપેશલં નિરસ્તશૌચં બત સાધુ કુર્વતે ।**
**યાસાં ગૃહાત્ પુષ્કરલોચનઃ પતિઃ ન જાત્વપૈત્યાહૃતિભિર્હૃદિસ્પૃશન્ ।।૨૯।।**

જેઓ વીર્યરૂપ કિંમતથી લાવેલી, સ્વયંવરમાં લાવેલી, શિશુપાલ જેમાં મુખ્ય હતો તેવા પ્રણય કરનારાઓને કચડીને લાવેલી, બીજી જેઓ પ્રદ્યુમ્ન સાંબ અંબ વિગેરે પુત્રોવાળી,

અને જેઓ ભૌમનો વધ કર્યો ત્યારે હજારો લાવવામાં આવેલી, આ સ્ત્રીઓ, જેઓના કમલનયન પતિ તેમના ઈચ્છેલા પદાર્થો લાવી આપી તેમનાં હૃદયમાં સ્પર્શ કરતાં તેમનાં ઘરમાંથી કોઈપણ સમયે જતા ન હતા. તેઓએ જેનાં સૌંદર્યની અવગણના થએલી અને જેમાં પવિત્રતા નથી તેવાં સ્ત્રીપણાંને અરેરે! ઘણું ઉત્તમ કરેલું છે.૨૮,૨૯.

વીર્ય જ હતું કિંમત કાર્ય પાર પાડનારું દ્રવ્ય, તેનાથી લાવેલી. તેથી **રાક્ષસ વિવાહ** કહ્યો. 'સ્વયંવરમાં' લાવેલી થી **ગાંધર્વ વિવાહ** કહ્યો. ''ક્ષત્રિયના ગાંધર્વ અને રાક્ષસ તે બે વિવાહો જ ધર્મ પ્રમાણેના મનાએલા છે'' તે વાક્ય પ્રમાણે મુખ્ય વિવાહથી પરણેલીઓ હતી. બીજાને પરણાવાતી ભગવાન કેમ હરી લાવ્યા? એવો પ્રશ્ન થાય, તેથી 'કચરડીને લાવ્યા' એમ કહેલું છે. 'ચૈદ્યઃ' એટલે શિશુપાલ. તે જેઓમાં મુખય હતો તેવા જરાસંધ વિગેરે 'શુષ્મિણઃ' પ્રણય કરનારા હતા. અર્થ આ નીચે પ્રમાણે છે : ક્ષત્રિયોને યુદ્ધમાં જય થવાથી પણ સત્ત્વ ઉત્પન્ન થાય છે, તેનાથી ધર્મ વિગેરે પણ પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓ ધર્મ અને ભક્તિને યોગ્ય છે, અને શિશુપાલ વિગેરે પોતે દુષ્ટ પ્રણય કરનારા બ્રાહ્મણની પેઠે દાનમાં પ્રાપ્ત કરવા ઈચ્છતા હતા. તેથી ભગવાન હરી લાવ્યા તે યોગ્ય છે એવો અર્થ છે. પ્રદ્યુમ્ન, સાંબ અને અંબ પુત્રો હતા જેઓનાં તે રુક્મિણી, જાંબવતી અને મિત્રવિંદા હતી. 'મહાંસ' જ અંબ. 'મહાન્' મોટો છે 'અંસઃ' ખંભો જેનો, એવો વ્યુત્પત્તિથી થતો જ શબ્દ તે નામમાં સ્વીકારેલો છે. વળી જે સોળ હજાર સ્ત્રીઓ, ભૌમનો વધ કર્યો ત્યારે લાવેલા, તેઓની ગણત્રી ઋષિઓથી જ થાય, બીજાથી થાય નહીં, તેથી 'હજારો' એમ કહેલું છે. તેઓનું ભગવાનને પ્રસન્ન કરવાનું સાધન સ્ત્રીપણું જ હતું, અને તે પણ ભગવાને ભોગ કરવા યોગ્ય ન હતું, કારણકે ભગવાનના સૌંદર્ય કરતાં તેઓ સુંદર ન હતી. શાપને લીધે, કેદખાનાંને લીધે અને બીજાએ પકડેલી હોવાથી તેમનું સ્ત્રીપણું 'નિરસ્તશૌચમ્' શુદ્ધિ વિનાનું હતું. 'બત' 'અરેરે' ખેદ દર્શાવનારો છે. અમો વિગેરેમાં આ અશુદ્ધિ ન હોવા છતાં પણ ભગવાન અમને પ્રાપ્ત થતા નથી. તેથી જેમ ભગવાનની શક્તિ પોતાની ઈચ્છાથી ઘણાં હલકાંને પણ ઘણું ઉત્તમ કરે છે, તેમ આ સ્ત્રીઓ પણ ઘણાં હલકાં સ્ત્રીપણાંને ઘણું ઉત્તમ કરે છે. ઉત્તમપણું સનક વિગેરે સત્પુરુષોમાં છે, તેના કરતાં પણ ઘણું જ ઉત્તમ કરે છે. તેનું કારણ શ્લોક ૨૯ ના ઉત્તરાર્ધથી કહેલું છે, કારણકે સત્પુરુષો કોઈકવાર જ ભગવાનના ઘેર આવી તેમનાં દર્શન કરે છે. આમને તો તેથી ઉલટું છે. ભગવાન આમના ઘેરથી કોઈપણ સમયે જતા નથી, ઉલટું પારિજાત વિગેરે લાવીને તેમના માનને ઉતારે પણ છે.

ત્યારે ભગવાન તેમને દોષ જ પ્રાપ્ત કરાવે છે, ગુણ પ્રાપ્ત કરાવતા નથી. તેથી તેમનું શું ભાગ્ય? એવી શંકા થાય, તેથી 'હૃદયમાં સ્પર્શ કરતાં' એમ કહેલું છે. તેઓનાં હૃદયમાં રહીને ભગવાન તેઓનો સ્પર્શ કરે છે, તેઓનાં હૃદયમાં ભગવાન છે, તેથી તેઓમાં દોષ નથી.૨૮,૨૯.

એ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપનું અને તેમના સંબંધથી થતા ફલનું શ્રવણ કરીને,

સંમતિથી તેઓ સત્ય કહેનારી હતી એમ દઢ કરીને, મંદ હાસ્યથી તેમને વશ કરીને અને ભક્તિ આપીને તેમનું વચન સત્ય કરતાં, ભગવાન દ્વારકા પધાર્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવંવિધા ગદન્તીનાં સ ગિરઃ પુરયોષિતામ્ ।**
**નિરીક્ષણેનાભિનન્દન્ સસ્મિતેન યયૌ હરિઃ ।।૩૦।।**

શહેરની સ્ત્રીઓ એવા પ્રકારની વાણીઓ બોલતી હતી ત્યારે સ્મિત સાથેની દષ્ટિથી તેમનું અભિનંદન કરતાં[૧] ભગવાન પધાર્યા.૩૦

આ એક પ્રકાર કહ્યો. એવા બીજા પણ પ્રકારો હતા. કારણકે સ્ત્રીઓના સમૂહો ઘણા હતા. ભગવાને બધીએ વાણીઓ સાંભળી. 'શહેરની સ્ત્રીઓ'[૨] શબ્દથી મોટેથી કહેવાનું કારણ કહેલું છે. 'સાચું કહ્યું' એવું અભિનંદન ભગવાને કર્યું ૩૦

૧.'શહેરની સ્ત્રીઓ' શબ્દથી ધૃષ્ટતાથી મોટેથી બોલવાનું કારણ જણાવ્યું.
૨.'સત્ય કહ્યું,' એ અભિનંદન કરવાનું કારણ જાણવું.

રાજાને જ્ઞાન કરતાં ભક્તિ વધારે અધિક હતી. એમ નીચેના શ્લોકથી કહે છે :

**અજાતશત્રુઃ પૃતનાં ગોપીથાય મધુદ્વિષઃ ।**
**પરેભ્યઃ શઙ્કિતઃ સ્નેહાત્ પ્રાયુંક્ત ચતુરઙ્ગિણીમ્ ।।૩૧।।**

શત્રુઓની શંકાવાળા અજાતશત્રુએ મધુના શત્રુનાં રક્ષણ માટે સ્નેહથી ચાર અંગોવાળી સેના આપી. ૩૧.

ભગવાનની ઈચ્છાથી 'અજાતશત્રુ' એ પોતાનાં નામથી ઉલટું કાર્ય કર્યું. તેનાં જ્ઞાનની પેઠે સ્વભાવ પણ તેવો થયો. [૧]'ગોપીથાય' એટલે રક્ષણ માટે. 'મધુના શત્રુ' શબ્દથી ભગવાનને ભય ન હોવાનું જણાવેલું છે. 'શત્રુઓની' એટલે જેઓના બંધુઓ યુદ્ધમાં હણાયા હતા તેમની. 'ચાર અંગોવાળી' એટલે હાથી, ઘોડા, રથ અને પાયદળ વાળી.૩૧

૧.ભગવાને મધુને હણેલ, તેથી તેમને ભય ન હોય, છતાં શત્રુઓની શંકાથી રક્ષણ માટે શૈન્ય મોકલ્યું. જ્ઞાનથી વિરુદ્ધ કાર્ય થયું. ભગવાનનું માહાત્મ્ય જાણવા છતાં તેમના ઉપરના સ્નેહથી રક્ષણ કરવા સેના મોકલી, એટલે જ્ઞાનથી ભક્તિ અધિક ગણી એમ તેનો સ્વભાવ જણાવ્યો, એવો અર્થ જણાય છે.

આટલા સમય સુધી કૌરવો અને યાદવો ભેગા મળેલા હતા, હવે બંને જુદા પડ્યા અને પછી ગયા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**અથ દૂરાગતાન્ શૌરિઃ કૌરવાન્ વિરહાતુરાન્ ।**
**સન્નિવર્ત્ય દઢં સ્નિગ્ધાન્ પ્રાયાત્ સ્વનગરીં પ્રિયૈઃ ।।૩૨।।**

પછી દૂર આવેલા, વિરહથી દુઃખી થએલા, ગાઢ સ્નેહવાળા કૌરવોને પાછા વાળી શૌરિ મળતીઆઓ સાથે પોતાની નગરીએ ગયા. ૩૨.

બંનેમાં[૧] કારણ ભગવાન જ હતા. કૌરવો દૂર સુધી આવેલા. 'શૌરિ' શબ્દથી લોકના

વ્યવહારની દઢતા સૂચવેલી છે. 'શૂર' પાંડવોની માનો પિતા અને ભગવાનનો દાદો હતો. તેથી બંને એક જ હતા. કૌરવો દૂર આવવાથી દુઃખી થએલા ન હતા, પરંતુ વિરહથી દુઃખી થએલા છતાં પણ દુઃખી પુરુષો સાથે જવું યોગ્ય નહીં. તેથી દુઃખી થએલાઓને પાછા વાળી મળતીઆઓ સાથે ભગવાન ગયા. કૌરવો પોતાના મનમાં જ 'અમે સાથે નહીં જઈએ' એવા વિચારથી વિરહને લીધે દુઃખી થએલા. તેથી ભગવાને પાછા વાળેલા. 'ઘણા દુઃખી થએલાઓ ઘેર પણ ન જાય' એવી શંકા ન કરવી, કારણકે તેઓ ગાઢ સ્નેહવાળા હતા. કારણકે ગાઢ સ્નેહવાળો તરત નાશ પામતો નથી. ૩૨.

૧. ભેગા મળવામાં અને જુદા થઈ જવામાં (પ્ર.)

માર્ગમાં રહેલા દેશો નીચેના બે શ્લોકોથી જણાવે છેઃ

**કુરુજાઙ્ગલ-પાઞ્ચાલાન્ શૂરસેનાન્ સયામુનાન્ ।**
**બ્રહ્માવર્તં કુરૂક્ષેત્રં મત્સ્યાન્ સારસ્વતાન્ અથ ।।૩૩।।**
**મરુધન્વમ્ અતિક્રમ્ય સૌવીરાભીરયોઃ પરાન્ ।**
**આનર્તાન્ ભાર્ગવોપાગાચ્છ્રાન્તવાહો મનાગ્વિભુઃ ।।૩૪।।**

કુરુજાંગલ, પાંચાલ, શૂરસેન, યમુનાના તીરે આવેલા દેશો, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, મત્સ્ય. સારસ્વત, મારવાડ અને ધન્વનો ઓળંગી સૌવીર, આભીર, તેનાથી દૂરના આનર્ત દેશમાં, હે ભાર્ગવ!, સહેજ થાકેલા ઘોડાવાળા શક્તિમાન પધાર્યા.૩૩.૩૪

કુરુજાંગલ* (દેશ એટલે હસ્તિનાપુર દેશ, પાંચાલ વિગેરે દેશોનો એક ભાગ, કારણ કે તે સમયે એવી રીતે ભાગલાથી માર્ગમાં રહેલ ન હતો. જેઓ માર્ગમાં હતા તેમના નામ કહે છે : 'પાંચાલદેશ' એટલે કમ્પિલા દેશ.) શૂરસેન વટેશ્વર દેશ, મથુરા પાસેનો પ્રદેશ અને બીજા યમુનાના સામા કાંઠે આવેલા યમુનાના તીર ઉપર પ્રદેશો. પછી કુરુક્ષેત્ર દેશ, સરસ્વતી અને દષદ્વતીની વચ્ચેનો દેશ બ્રહ્માવર્ત, મત્સ્ય દેશ એટલે વિરાટનો દેશ. પછી સરસ્વતીના તીર ઉપરના દેશ અંબિકાની આસપાસનો વિગેરે. મારવાડ થોડા જલવાળો દેશ, ધન્વ જલ વિનાનો દેશ. ભૂમિ અને રેતીનો ભેદ જણાવવા વચ્ચે 'અથ' 'પછી' શબ્દ મૂકેલો છે. સૌવીરદેશ સૌરાષ્ટ્ર, આભીરદેશ કુંતીપુરદેશ. તેનાથી પણ દૂર આનર્ત દ્વારકાનો પ્રદેશ. વચ્ચે દેશનાં નામોથી અકળાયેલાનું 'હે ભાર્ગવ!' એવું સંબોધન કરેલ છે. ભૃગુવંશના તેમ અકળાય તે યોગ્ય છે, પરંતુ ભગવાન જ તે દેશોમાં પધારેલા. એક જ દિવસમાં તેટલે દૂર જવા છતાં, તેમના ઘોડા સહેજ જ થાકેલા; પરંતુ પૂરા થાકેલા નહીં. એક જ દિવસમાં કેમ એવી રીતે પધાર્યા? એ વિષયનું કારણ 'શક્તિમાન' શબ્દથી કહેલું છે. ૩૩,૩૪.

* ()કૌસમાં દર્શાવેલ ભાગ વૃન્દાવન પ્રેસ વાળી પ્રતમાં નથી.

મધ્યે જુદા-જુદા સ્થલે ભગવાનની પૂજા થઈ તે નીચેના શ્લોકથી કહે છે :

**તત્ર-તત્ર હ તત્રત્યૈઃ હરિઃ પ્રત્યુદ્યતાર્હણઃ ।**
**સાયં ભેજે દિશં પશ્ચાદ્ ગવિષ્ઠો ગાં ગતસ્તદા ।।૩૫।।**

જુદા-જુદા સ્થલે ત્યાંના વતનીઓથી નિશ્ચય પૂજન કરાએલા હરિ સંધ્યા સમયે પશ્ચિમ દિશાએ પહોંચ્યા ત્યારે સૂર્યે જલમાં પ્રવેશ કર્યો.૩૫

'હ' શબ્દ નિશ્ચય દર્શાવનારો છે. કોઈ પણ દેશ ભગવાનનું પૂજન કર્યા વિનાનો ન રહ્યો, એવો અર્થ છે. 'પ્રત્યુદ્યતં' સામું લાવી રાખેલ હતી. 'અર્હણં' પૂજન સામગ્રી જેમની તેવા ભગવાન હતા. ભગવાન પધારશે તેથી પહેલેથી જ રસ્તામાં જ પૂજાનાં સાધનો લોકોએ રાખેલાં, એવો અર્થ છે. એવી રીતે પૂજા કરાએલા ભગવાન સંધ્યાકાલે 'પશ્ચિમ દિશાએ' પશ્ચિમ સમુદ્રના તીરે પહોંચ્યા. ત્યાં વિશ્રામ કર્યો. કારણકે ગાયો ચરીને પછી આવતાં તેમની રજ ઉડતી હોય ત્યારે નગરમાં પ્રવેશ કરવો યોગ્ય છે. ભગવાન જ્યારે સંધ્યાની રાહ જોઈ રહ્યા ત્યારે સૂર્યે વિલંબ ન કર્યો એમ 'ત્યારે સૂર્યે જલમાં પ્રવેશ કર્યો' શબ્દોથી કહેલું છે. 'ગવિ' સૂર્યનું કિરણ 'અવસ્થિતે' રહ્યું, માત્ર બિંબ દેખાતું હતું એવો અર્થ છે. તેવા સૂર્યે ''સવારે જલમાંથી ઉપર આવે છે, સાંજે જલમાં પ્રવેશ કરે છે'' એ શ્રુતિ પ્રમાણે 'ગાં ગતઃ' જલમાં પ્રવેશ કર્યો. ઉત્તમ મુહૂર્ત થયું, એવો અર્થ છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**દશમો અધ્યાય સમાપ્ત.**

# ।। અગિયારમો અધ્યાય ।।

## દ્વારકાવાસીએએ કરેલું ભગવાનનું અભિનન્દન.
## ભગવાનનો પુરપ્રવેશ.

**એવં કૌરવભક્તાનાં સર્વસૌખ્યં નિરૂપિતમ્ ।**
**દ્વારકાસ્થિતભક્તાનામ્ એકાદશ ઉદીર્યતે ।।૧।।**

એવી રીતે કૌરવભક્તોનું સર્વ પ્રકારનું સુખ કહ્યું, અગીઆરમા અધ્યાયમાં દ્વારકામાં રહેલા ભક્તોનું સુખ કહે છે. કા.૧.

૧.સાત્વિક વિગેરે ત્રણ પ્રકારના ભેદવાળા હોવાથી તેમને પ્રાકૃત પુરુષ જેવો પ્રેમ થયો.

**પ્રવેશે ચ પ્રવિષ્ટસ્ય સ્થિતસ્યાપ્યુત્સવસ્ત્રિધા ।**
**પ્રાકૃતાનામિવ સ્નેહઃ શાસ્ત્રાર્થં જાનતામપિ ।।૨।।**

**કૃષ્ણેચ્છાતસ્તદિત્યુક્ત્વા પ્રત્યાપત્તિર્નિરૂપ્યતે ।**

ભગવાને પ્રવેશ કર્યો ત્યારે, પ્રવેશ કરેલાનો, અને વળી રહેલાનો એમ ત્રણ પ્રકારનો ઉત્સવ કહેશે. શાસ્ત્રાર્થ જાણનારાઓને પણ પ્રાકૃત[1] પુરુષો જેવો પ્રેમ થયો. તે શ્રીકૃષ્ણની ઈચ્છાથી થયું એમ કહી પહેલાનું સુખ ફરી પ્રાપ્ત થયાનું કહેલ છે. કા.૨.

**શંખનાદસ્તથા સ્નિગ્ધદર્શનં સ્તોત્રમેવ ચ ।।૩।।**

**દૂરાન્ મંગલમ્ એતદ્ધિ કલશાદિસ્તથાऽન્તિકે ।**

શંખનાદ, તેમજ પ્રેમવાળી દષ્ટિ અને વળી સ્તુતિ, આ દૂરથી થયેલ મંગલ છે. તેવી રીતે કલશ વિગેરે સમીપમાં થએલ મંગલ છે.કા.૩.

**દુઃખિતે નગરે કૃષ્ણો ન પ્રવેશમ્ ઈહાર્હતિ ।।૪।।**

**અતઃ શંખનિનાદેન સુખિનસ્તાન્ કરોતિ હિ ।**

અહીં દુઃખી થયેલા નગરમાં શ્રીકૃષ્ણ પ્રવેશ કરે નહીં, તેથી શંખનાદથી તેઓને નિશ્ચય સુખી કરે છે. કા.૪.

**દ્વારકા જલદુર્ગં હિ તદન્તે નગરં મહત્ ।।૫।।**

**આનર્તાખ્યં તત્પ્રવેશઃ પૂર્વં પશ્ચાત્ પુરસ્ય હિ ।**

દ્વારકા જલના કિલ્લાવાળી હતી. તેના આગળના ભાગમાં 'આનર્ત' નામનું મોટું નગર હતું. પહેલાં તેમાં પ્રવેશ કર્યો, પછી પુર દ્વારકામાં પ્રવેશ કર્યો. કા.૫.

તેથી ભગવાને આનર્ત નગર પાસે જઈ પાંચજન્ય શંખ વગાડ્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**આનર્તાન્ સ ઉપવ્રજ્ય સ્વૃદ્ધાન્ જનપદાન્ સ્વકાન્ ।**

**દધ્મૌ દરવરં તેષાં વિષાદં શમયન્નિવ ।।૧।।**

પોતાનાં ઘણાં સમૃદ્ધ આનર્ત ગામ પાસે આવી, તેઓના શોકની શાંતિ કરતા હોય તેમ તેમણે ઉત્તમ શંખ વગાડ્યો.૧

'આનર્તાન્' શબ્દમાં બહુવચન છે તે વચલા ગામોના અભિપ્રાયથી મૂકેલું છે. 'સ્વૃદ્ધાન્' એટલે અનાજ ધન વિગેરેથી સારી રીતે સમૃદ્ધ થએલા. 'સ્વકાન્' એટલે પોતાનાં, દ્વારકા રહેવા આવ્યા પછી વસાવેલાં. ''જેનો નાદ દાનવોના અહંકારને હરનારો છે'' વાક્ય પ્રમાણે અમંગલરૂપ દૈત્યોને દૂર કરવા 'દરવરમ્' શ્રેષ્ઠ શંખ પાંચજન્ય વગાડ્યો.૧.

ભગવાનથી વગાડાતા શંખનું કોઈકે વર્ણન કર્યું, તે પણ નીચેના શ્લોકથી કહે છે :

**સ ઉચ્ચકાસે ધવલોદરો દરોऽપ્યુરુક્રમસ્યાધરશોણશોણિમા ।**

**દાધ્માયમાનઃ કરકઞ્જસમ્પુટે યથાऽબ્જષણ્ડે કલહંસ ઉત્સ્વનઃ ।।૨।।**

જેમ કમલના સમૂહમાં મોટો અવાજ કરનારો હંસ શોભે તેમ શ્વેત અંદરના ભાગવાળો પણ મોટાં ડગ ભરનારના અધરની રતાશથી લાલ થએલો, કરકમલોના પોલાણમાં રાખી વગાડાતો તે શંખ ઘણો શોભતો હતો.૨

તે શંખ 'ઊર્ધ્વ' અત્યંત શોભતો હતો. શ્વેત હતું 'ઉદર' અંદરનો ભાગ જેનો, એવો શંખ મોટાં ડગ ભરનાર ભગવાનના અધરના રાતા રંગથી 'શોણિમા' લાલ રંગનો થએલો. બે કરકમલોની મધ્યેના પોલાણમાં, જેમ કમલના સમૂહમાં મોટો અવાજ કરનારો હંસ હોય તેમ શોભતો હતો.૨

પાંચજન્યનો અવાજ સાંભળીને, બધા દેશ અને નગરના વાસીઓ નિશ્ચયપૂર્વક ભગવાન પધારેલા છે એમ જાણીને, પરમાનંદથી સંતોષ પામેલા હોવા છતાં પણ ભગવાનનાં દર્શન કરવા તેમની પાસે ગયા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તમ્ ઉપશ્રુત્ય નિનદં જગદ્ભયભયાવહમ્ ।**
**પ્રત્યુદ્યયુઃ પ્રજાઃ સર્વા ભર્તૃદર્શનલાલસાઃ ।।૩।।**

જગતના ભયને ભય કરનાર તે અવાજ સાંભળીને સ્વામીનાં દર્શન કરવાની ઈચ્છાવાળી બધી  પ્રજા સામે ગઈ.૩.

'જગતના ભયને ભય કરનાર' શબ્દથી એમ કહેલું છે કે જે સાંભળવાથી મૃત્યુનો ભય પણ જતો રહે છે તો પછી બીજા ભયનું તો કહેવું જ શું?

હણવાના સ્વભાવવાળું પાંચજન્ય આયુધ શત્રુઓનો વધ કરવા ઉત્પન્ન કરેલું, તેનો અહીં મંગલ કાર્યમાં ઉપયોગ કેમ થાય? એવી શંકા થાય, તેથી અહીં હણનારનાં સ્વરૂપથી જ તે મંગલ કરનારું થાય છે, એમ જણાવવા 'જગતનો જે ભય, તેને ભય કરનાર છે' એમ કહેલું છે. 'પ્રત્યુદ્યયુઃ' એક બીજાને પ્રતિકૂલ થાય તેવી રીતે 'ઉત્' 'ઊર્ધ્વમ્' આગળ ગયા. 'યા' ધાતુ પહોંચવાના અર્થવાળો છે. એક બીજાને હટાવી દઈને ''હું પહેલો, હું પહેલો'' એવા પ્રકારથી આગળ ગયા, એવો અર્થ છે. 'સર્વાઃ' 'બધી' શબ્દથી એમ જણાવેલ છે કે આ વિષયમાં તેઓને વચલી જાતિઓ અટકાવનારી ન હતી, કારણકે સ્વામીપણું સર્વને સરખું હતું.૩

**તત્રોપનીતબલયો રવેર્દીપમિવાદતાઃ ।**
**આત્મારામં પૂર્ણકામં નિજલાભેન નિત્યદા ।।૪।।**
**પ્રીત્યુત્ફુલ્લમુખાઃ પ્રોચુઃ હર્ષગદ્ગદયા ગિરા ।**
**પિતરં સર્વસુહૃદમ્ અવિતારમિવાર્ભકાઃ ।।૫।।**

જેમ સૂર્યને દીપ ધરે તેમ ત્યાં ભેટ લાવેલા, આદર પામેલા, પ્રેમથી ખીલેલા મુખવાળાઓએ  સદા નિજલાભથી આત્મામાં આનંદ કરનાર જેમની કામના પૂર્ણ છે તેમને, જેમ બાલકો પિતાને સર્વનું હિત કરનારને તથા રક્ષણ કરનારને કહે તેમ  હર્ષથી ગદ્ગદ્ થએલી

વાણીથી નીચે પ્રમાણે કહ્યું.૪.૫.

શાસ્ત્રના અર્થનું સંપૂર્ણ પાલન થાય તે માટે સર્વ હાથમાં ભેટ લઈ આવ્યા. ('સૂર્યને દીવો ધરે તેમ' નો અર્થ શંકા પૂર્વક જણાવે છે). તેઓમાં મોટા અને નાના પણ આપવા આવેલા હોય, તેથી ગરીબો પણ હોવાનું સંભવે છે. તેમની ભેટ ભગવાનને કયા ઉપયોગમાં આવે? એવી શંકા થાય તેથી 'સૂર્યને દીવો ધરે તેમ' એમ કહેલું છે. 'બલિ' એટલે પૂજન કરવાનું દ્રવ્ય. કારણકે ભગવાનથી જુદો થએલો કોઈક ક્રિયાથી તેમની સાથે સંબંધમાં આવે ત્યારેજ તેને પરમ આનંદ થાય. તેમાં દષ્ટિથી ઈંદ્રિયનો સંબંધ થવા છતાં પણ દેહથી સંબંધ થાય તે માટે ભેટ લાવેલા. સૂર્યને લક્ષ્યમાં રાખી દીપનું દાન કરવાનું શાસ્ત્રમાં કહેલું છે. દીપથી સૂર્યનું કાંઈ કાર્ય થતું નથી છતાં પણ 'તમે ન હો ત્યારે અમે આનાથી જીવીએ છીએ' એવી રીતે દીનતા દર્શાવી દયા ઉત્પન્ન કરવું એ દીપ ધરવાનું પ્રયોજન છે. તેવી રીતે ભગવાનને પણ પોતાનું દ્રવ્ય હોય તેની ભેટ કરી તે સમયે ભગવાને સર્વને 'આદતાઃ' આદર કરી સુખી કર્યા. પૂર્ણ થએલા મનોરથવાળાઓનું[૧] તેઓનું જે કાર્ય[૨] ભગવાને કર્યું તે 'આત્મામાં ભગવાનમાં આનંદ કરનાર' શબ્દથી કહેલું છે.

અથવા ભગવાને પહેલાંજ આદર કરેલાઓ આત્મામાં આનંદ કરનાર ભગવાન પાસે ગયા શ્લો.૩ એવો સંબંધ લેવો. સ્તુતિનો આરંભ કરવાનું તો પાંચમા શ્લોકથી થાય છે. ઉત્તમ પુરુષો એ લાવેલી ભેટની પણ ભગવાનને જરૂર નથી, એમ કહેવા 'આત્મામાં આનંદ કરનાર, જેમની કામના પૂર્ણ છે' એવા તેમનાં વિશેષણ કહેલાં છે. જેમને વિષયોની દરકાર જ નથી અને જેમના વિષયો પૂર્ણ પ્રાપ્ત થએલા છે, તે બંનેને વિષયોની જરૂર નથી. તે પૈકી વિષયોની દરકાર ન હોવાનું ''ભગવાનનાં દર્શનથી રસ પણ નાશ પામે છે'' (ભગ.ગીતા ૨ ।૫૯) વાક્ય પ્રમાણે ભગવાન પ્રાપ્ત થાય, ત્યારે થાય છે. ભગવાન તો 'ભગ' પ્રાપ્ત કરેલા, આત્મામાં આનંદ કરનારા છે. તેથી જ ''આત્મામાં રમણ કરનાર, કામ પ્રાપ્ત થએલા'' એ શ્રુતિ પ્રમાણે પૂર્ણ થએલી કામનાવાળાં છે.

અથવા કામ તો પહેલાં સૃષ્ટિ ચાલે તે માટે ભગવાનમાં ઉત્પન્ન થએલો તે સર્વ રચેલા પદાર્થોમાં પ્રવેશ કરીને રહેલો, 'પૂર્ણ' એમ કહેવાય છે. તે જીવોમાં કોઈ પણ સમયે પૂર્ણ થતો નથી, કારણકે વિષયો સર્વ જીવો માટે રચેલા છે. ભગવાનને તો સર્વ પ્રાપ્ત થએલ જ છે તેથી તે પૂર્ણ છે, બંનેમાં[૩] પૂર્ણ હોવાનું કારણ 'નિજલાભથી' શબ્દથી કહેલું છે. 'નિજ' એટલે ભગવાનનું સ્વરૂપ[૪], અથવા 'નિજાઃ' પોતાના સર્વ પ્રપંચના પદાર્થો.[૫] 'સદા' એટલે તિરોભાવની અવસ્થામાં, અને ઉત્પન્ન થએલ ન હોય તેવી દશામાં પણ, કારણ કે આરંભમાં[૬] અને અંતમાં[૭] અવ્યક્ત હોય છે, અને અવ્યક્ત ભગવદ્રૂપ હોવાથી વિષયોના સંબંધમાં 'સદા' એમ કહેલું[૮] છે. અવતાર ધારણ કરેલ સ્થિતિમાં પણ ભગવાન પોતાનાં સ્વરૂપમાં જ રહેતા હોવાથી 'નિત્યદા' 'સદા' એમ કહેલું છે. સ્તુતિ કરવાના પક્ષમાં આવેલા 'દુઃખી હશે' એવી શંકા કરીને, તેવા હોય તો સ્તુતિ કરવાનું સંભવે નહીં, તેથી તેમ દુઃખી થએલ ન હતા એમ

જણાવવા 'આત્મામાં આનંદ કરનાર' વિગેરે કહેલ છે.

સ્નેહ બહાર કાઢતાં સ્તુતિ કરે છે, તેથી 'પ્રેમથી ખીલેલાં મુખવાળાઓ' શબ્દથી ભગવાનની પ્રીતિ થાય તે માટે તેઓનું સ્વરૂપ કહેલું છે. પ્રેમથી મુખ ખીલી ઉઠે તે લોકમાં પ્રસિદ્ધ છે. જેમનાં વિરહથી જેઓનાં મુખ બીડાઈ ગએલાં તેઓનાં મુખ તેમનાં દર્શનથી ખીલ્યાં. કારણકે મુખ ખીલે ત્યારે મુખમાં રહેલું માધુર્ય પ્રકટ થાય છે. તેથી તે માધુર્ય સાથેનાં વાક્યો મીઠાં થાય છે. વળી 'હર્ષથી ગદ્ ગદ્ થએલી વાણીથી' કહ્યું. કારણકે ગાનરૂપ સ્તુતિ વેદમાં પ્રસિદ્ધ છે તે સ્થિર મનવાળાઓને કર્મ કરવામાં ઉપયોગી છે, પરંતુ પ્રેમથી વ્યાકુલ થએલ ચિત્તવાળા ભક્તોને ઉપયોગી નથી. તેથી 'વાણીથી' એમ કહેલું છે. તેમાં પણ જે હર્ષ એટલે આનંદનો ઉદ્ગમ ઉત્પત્તિ તેના વડે ગદ્ગદ્ થએલી વાણીથી. 'ગદ્ગદ્' શબ્દ અનુકરણ જણાવનારો શબ્દ છે, શબ્દમાં તેવો અવાજ થતો હોવાનું કહે છે. 'ગદ્' અસ્પષ્ટવાણીના અર્થવાળો ધાતુ હોવાથી બે વાર કહેલો 'ગદ્' ધાતુ આદર જણાવે છે. એવી રીતે હર્ષ અને આદર સાથે ઉચ્ચારેલી વાણી જેમ-તેમ નીકળે છે. તે શ્રવણ કરનારમાં પણ હર્ષ અને આદર ઉત્પન્ન કરે છે. તે 'ગદ્ગદ્ વાણીથી' શબ્દથી કહેલું છે.

પાંચમા શ્લોકના ઉત્તરાર્ધથી ઉદ્ધતાઈનો દોષ ન હતો એમ કહેલ છે. જેમ બહારગામ ગએલા પિતા આવે ત્યારે તે મહારાજા હોય તેમ તેના પુત્રો તેની પાસે આવે છે, તેમ દ્વારકાવાસીઓ આવ્યા. આ દૃષ્ટાંતમાં તેવું આમના જેવું વિકલપણું નથી તેથી બીજું દૃષ્ટાંત 'સર્વનું હિત કરનાર' શબ્દથી કહેલું છે. ''ગાય ખરેખર સર્વની મિત્ર છે'' એ શ્રુતિ પ્રમાણે ગાય સર્વનું હિત કરનારી છે. તે સાંજે ચરીને આવે ત્યારે જેમ સંધ્યા સુધી ભૂખ્યો રહેલો તેનો વાછડો પોતાની જાતિનો શબ્દ કરતો તેની પાસે દોડી આવે છે તેમ આવ્યા. આ દૃષ્ટાંતમાં પણ સર્વથી અધિક દીનતા ન હોવાથી, 'રક્ષણ કરનાર' શબ્દથી ત્રીજું દૃષ્ટાંત કહેલું છે. જેમ વન વિગેરે ભયવાળા સ્થાનમાં ચોર વિગેરેથી મારાવામાં આવતા છોકરાઓ પહેલાં પરિચયમાં આવેલા રક્ષણ કરવાની શક્તિવાળાને જોઈને તેની પાસે આવે, અને પોતાનું દુઃખ જણાવે તેની પેઠે ભગવાન પાસે આવ્યા એવો અર્થ છે. ૪.૫.

૧.આ શબ્દથી કામના પૂર્ણ થએલી હોય તેવા જણાવેલા, જણાય છે.

૨.ભગવાને કરવાનું જે કાર્ય, એટલે 'નિજ' ભગવાનનો લાભ થવાથી આત્મામાં આનંદ કરનારા અને પૂર્ણ થએલ કામનાવાળા જેમ થાય છે તેમ આદર કર્યો, એવી વાક્યની યોજના કરવી

૩.'બંનેમાં' એટલે ભગવાનમાં અને પ્રજાઓમાં. ભગવાન પોતાના સ્વરૂપમાં રહેનાર હોવાથી પૂર્ણ છે અને પ્રજા' સર્વ પદાર્થો પોતાના થવાથી, 'નિજ' પોતાના પદાર્થોના લાભથી પૂર્ણ છે. ભગવાન સદા પોતાના સ્વરૂપમાં રહે છે, અને પ્રજાના આ પદાર્થો સદા તેમના છે, કારણકે આરંભમાં એટલે ઉત્પન્ન થયા તે પહેલાં પણ અને અંતમાં એટલે નાશ થયા પછી પણ તે પદાર્થો અવ્યક્તમાં રહેલા છે, અને અવ્યક્ત પણ ભગવદ્રૂપ છે, એવો અર્થ જણાય છે. 'આત્મારામમ્' અને 'પૂર્ણકામમ્' એ વિશેષણનો એવી રીતે ભગવાનના અને પ્રજાના સંબંધમાં અર્થ કરેલો છે.

૪..'બંનેમાં' એટલે ભગવાનમાં અને પ્રજાઓમાં. ભગવાન પોતાના સ્વરૂપમાં રહેનાર હોવાથી પૂર્ણ છે અને 'પ્રજા' સર્વ પદાર્થો પોતાના થવાથી, 'નિજ' પોતાના પદાર્થોના લોભથી પૂર્ણ છે. ભગવાન સદા પોતાના

સ્વરૂપમાં રહે છે, અને પ્રજાના આ પદાર્થો સદા તેમના છે, કારણકે આરંભમાં એટલે ઉત્પન્ન થયા તે પહેલાં પણ અને અંતમાં નાશ થયા પછી પણ તે પદાર્થો અવ્યક્તમાં રહેલા છે, અને અવ્યક્ત પણ ભગવદ્રૂપ છે, એવો અર્થ જણાય છે. 'આત્મારામમ્' અને 'પૂર્ણકામમ્' એ વિશેષણનો એવી રીતે ભગવાનના અને પ્રજાના સંબંધમાં અર્થ કરેલો છે.

૫.'બંનેમાં' એટલે ભગવાનમાં અને પ્રજાઓમાં. ભગવાન પોતાના સ્વરૂપમાં રહેનાર હોવાથી પૂર્ણ છે અને 'પ્રજા' સર્વ પદાર્થો પોતાના થવાથી, 'નિજ' પોતાના પદાર્થોના લોભથી પૂર્ણ છે. ભગવાન સદા પોતાના સ્વરૂપમાં રહે છે, અને પ્રજાના આ પદાર્થો સદા તેમના છે, કારણકે આરંભમાં એટલે ઉત્પન્ન થયા તે પહેલાં પણ અને અંતમાં નાશ થયા પછી પણ તે પદાર્થો અવ્યક્તમાં રહેલા છે, અને અવ્યક્ત પણ ભગવદ્રૂપ છે, એવો અર્થ જણાય છે. 'આત્મારામમ્' અને 'પૂર્ણકામમ્' એ વિશેષણનો એવી રીતે ભગવાનના અને પ્રજાના સંબંધમાં અર્થ કરેલો છે.

૬.'બંનેમાં' એટલે ભગવાનમાં અને પ્રજાઓમાં. ભગવાન પોતાના સ્વરૂપમાં રહેનાર હોવાથી પૂર્ણ છે અને 'પ્રજા' સર્વ પદાર્થો પોતાના થવાથી, 'નિજ' પોતાના પદાર્થોના લોભથી પૂર્ણ છે. ભગવાન સદા પોતાના સ્વરૂપમાં રહે છે, અને પ્રજાના આ પદાર્થો સદા તેમના છે, કારણકે આરંભમાં એટલે ઉત્પન્ન થયા તે પહેલાં પણ અને અંતમાં નાશ થયા પછી પણ તે પદાર્થો અવ્યક્તમાં રહેલા છે, અને અવ્યક્ત પણ ભગવદ્રૂપ છે, એવો અર્થ જણાય છે. 'આત્મારામમ્' અને 'પૂર્ણકામમ્' એ વિશેષણનો એવી રીતે ભગવાનના અને પ્રજાના સંબંધમાં અર્થ કરેલો છે.

૭.'બંનેમાં' એટલે ભગવાનમાં અને પ્રજાઓમાં. ભગવાન પોતાના સ્વરૂપમાં રહેનાર હોવાથી પૂર્ણ છે અને 'પ્રજા' સર્વ પદાર્થો પોતાના થવાથી, 'નિજ' પોતાના પદાર્થોના લોભથી પૂર્ણ છે. ભગવાન સદા પોતાના સ્વરૂપમાં રહે છે, અને પ્રજાના આ પદાર્થો સદા તેમના છે, કારણકે આરંભમાં એટલે ઉત્પન્ન થયા તે પહેલાં પણ અને અંતમાં નાશ થયા પછી પણ તે પદાર્થો અવ્યક્તમાં રહેલા છે, અને અવ્યક્ત પણ ભગવદ્રૂપ છે, એવો અર્થ જણાય છે. 'આત્મારામમ્' અને 'પૂર્ણકામમ્' એ વિશેષણનો એવી રીતે ભગવાનના અને પ્રજાના સંબંધમાં અર્થ કરેલો છે.

૮.'કહેલું છે' એટલે વ્યાખ્યાન કરેલું છે.

સર્વ પ્રજા ચાર પ્રકારની છે : પહેલાં તોં સ્ત્રીઓ અને પુરુષોના ભેદથી બે પ્રકારની છે. પુરુષો જ્ઞાની, વિષયી અને ભક્ત ના ભેદથી ત્રણ પ્રકારના છે. તે પૈકી [૧]જ્ઞાનીઓનું વચન નીચેના શ્લોકથી કહે છે :

**નતાઃ સ્મ તે નાથ! સદાંઘ્રિપંકજં વિરિઞ્ચિવૈરઞ્ચ્યસુરેન્દ્રવન્દિતમ્ ।**
**પરાયણં ક્ષેમમ્ ઈહેચ્છતાં પરં ન યત્ર કાલઃ પ્રભવેત્ પરપ્રભુઃ ।।૬।।**

હે નાથ! બ્રહ્મા શંકર દેવો અને ઈંદ્રે નમન કરેલા, અહીં ઉત્તમ કલ્યાણ ઈચ્છનારાઓના આશ્રય થયેલા. અને જ્યાં વાસુદેવ જેના પ્રભુ છે તે કાલની પણ સત્તા ચાલતી નથી તેવા આપના ચરણકમલને અમે સદા નમન કરેલા છીએ.૬

આપનાં ચરણકમલને અમે નમેલા છીએ. ''નમસ્કાર કર્યા કરવા એ એટલું જ ઉત્તમ શિક્ષણ છે'' (ભા.૫।૩।૪) એ સિદ્ધાંત પ્રમાણે ભગવાનનાં દર્શન થાય ત્યારે નમન જ કરવું જોઈએ. કારણકે સર્વ જાણનાર હોવા છતાં આપણને જુદા રાખેલા છે. અને ''આપ ગરુડના

આસનવાળાને શું આસન આપવું?'' એ વાક્ય પ્રમાણે પણ નમન જ કરવું જોઈએ.

શું ફલ પ્રાપ્ત કરવા નમન કર્યું? એવો પ્રશ્ન થાય, તેથી 'હે નાથ!' એમ કહેલું છે. હે પાલન કરનાર પતિ! આમ પોતે જ સર્વ કામનાઓ પૂર્ણ કરનારા હોવાથી આ નમસ્કાર સદાનો છે, કામનાથી કરેલો નથી, એમ 'સદા' શબ્દથી જાણાવેલું છે. આપની અંદર [2]પ્રવેશ કરવાની પણ ઈચ્છા નથી એવો અભિપ્રાય છે.

બ્રહ્મલોક વિગેરેમાં જવાનાં ફલોનો ત્યાગ કરીને, સદા નમન કરતા રહેવાની જ સ્થિતિ માટે કેમ પ્રાર્થના કરો છો? તેથી 'બ્રહ્મ શંકર દેવો અને ઈંદ્રે નમન કરેલા' એમ કહેલું છે. 'વિરિઞ્ચિઃ' બ્રહ્મા 'વૈરઞ્ચયઃ' શંકર 'સુરાઃ' બીજા દેવો અને ઈંદ્ર  એ ચાર પ્રકારના ઉત્તમ દેવોએ પણ નમન કરેલા ચરણકમલ છે. ત્યાં પહોંચેલાઓનું પણ આ જ કાર્ય છે. તેથી દૂર જવા કરતાં દ્વારકામાં નજીક રહીને જ નમન કરવું ઉત્તમ છે.

જો કે જ્ઞાનીઓને આ લોકનાં અને પરલોકનાં ફલની ઈચ્છા હોતી નથી, અને ભક્તિના રસને લીધે ભગવાનમાં ભળી જવાનું પણ ઈચ્છતા નથી, છતાં ભગવાન સાથે જવાની શક્તિ, સ્થાન ગૂમાવવાનાં કારણરૂપ વિઘ્નોનો અભાવ, અને પ્રાપ્ત થએલાં જ્ઞાન વિગેરેનાં રક્ષણની જરૂર છે જ, તેથી તે માટે નમન કેમ કરતા નથી? એવી શંકા થાય, તેથી 'આશ્રય થએલાં' એમ કહેલું છે. 'ઇહ' આ સંસારના પ્રવાહમાં ઉત્તમ કલ્યાણ ઈચ્છનારાઓના જે 'પરાયણમ્' આશ્રય થએલાં રક્ષણ કરનાર છે એવો અર્થ છે. 'અહીં કલ્યાણ ઈચ્છનારાઓનું' એ ત્રણ શબ્દોથી ચરણારવિંદજ સર્વ પ્રાપ્ત કરાવનારું હોવાનું કહેલ છે. તે પૈકી 'કલ્યાણ' શબ્દથી જ્ઞાન વિગેરેનું રક્ષણ, 'અહીં' શબ્દથી સ્થાન ન ગૂમાવવાનું અને 'ઈચ્છનારા' શબ્દથી ભગવાન સાથે જવાની ઈચ્છા થાય ત્યારે તેવી શક્તિનું દાન કહેલાં છે. જો કે વાક્યનો અર્થ તેવો નથી, છતાં પણ શબ્દોનો અર્થ તેવો છે.

દેહ કાલના પ્રવાહમાં ઉત્પન્ન થએલો હોવાથી, નમન થઈ શકે તે માટે પણ દેહ રહે તેવું ઈચ્છવું જોઈએ  એવી શંકા થાય, તેથી 'જ્યાં કાલની પણ સત્તા ચાલતી નથી' એમ કહેલું છે. 'જ્યાં' એટલે નમન કરીને રહીએ ત્યારે નમ્ર રહેતા હોવાથી, ભગવાનના સેવક કાલની સત્તા ચાલતી નથી. 'પરઃ' વાસુદેવ છે 'પ્રભુઃ' પ્રભુ જેના તેવો કાલ છે.૬

૧.'આદ્ય' એટલે પુરુષોમાં પહેલા જ્ઞાનીઓ

૨.પ્રવેશ કરાથી જુદા રહેવાય નહીં, તેથી નમન ન થાય. ભક્તિરસ પણ ન મળે.

વિષય પરાયણ પુરુષોએ નીચેનો શ્લોક કહ્યો :

**ભવાય નસ્ત્વં ભવ વિશ્વભાવન! ત્વમેવ માતાऽથ સુહૃત્ પતિઃ પિતા ।**
**ત્વં સદ્ગુરુર્નઃ પરમં ચ દૈવતં યસ્યાનુવૃત્યા કૃતિનો બભૂવિમ ।।૭।।**

હે વિશ્વનું શ્રેયઃ કરનાર! આપ અમારી સમૃદ્ધિ કરનાર થાઓ. આપ જ માતા, મિત્ર, પતિ અને પિતા છો. આપ અમારા સદ્ગુરુ અને ઉત્તમ દેવ છો, જેમને અનુસરવાથી

અમે કૃતાર્થ થઈએ.૭

હે વિશ્વનું શ્રેયઃ કરનાર! બધાનું આપ વિષયના સંબંધથી 'ભાવયસિ' શ્રેયઃ કરો છો, તેથી અમારી પણ સમૃદ્ધિ કરો.[૧]અથવા 'નસ્ત્વમ્' 'આપ અમારા છો' એવું સમૃદ્ધિ કરવાનું કારણ કહેલું છે, કારણકે આપ અમારા સ્વામી છો. સર્વ વિષયોની પ્રાર્થના કરવામાં અયોગ્યતા ન થાય તે માટે ભગવાનના છ ગુણો 'માતા' વિગેરેથી કહે છે. [ક]આપ જ અમારી માતા છો. કારણકે અમે આપની અંદરથી જ નીકળેલા છીએ. કારણકે ઉદરમાં રહેલા જીવોની જ બહાર સૃષ્ટિ થાય છે અને અત્યારે પણ આપના 'બ્રહ્માંડ' નામના ઉદરમાં રહેલા છીએ. લોકની દૃષ્ટિથી જે માતા છે તે ઓર જેવી અથવા પોષણ કરનાર જેવી છે. તેથી આપજ માતા છો. તેથી રડીને અથવા જબરજસ્તીથી આપનેજ પ્રાર્થના કરવી જોઈએ. [ખ]વળી આપ મિત્ર છો. વિવેક ન હોય તેવી સ્થિતિમાં જેમ આપની પ્રાર્થના કરવી જોઈએ તેમ 'અથ' ત્યાર પછી વિવેકવાળી સ્થિતિમાં પણ આપની જ પ્રાર્થના કરવી જોઈએ, કારણકે આપ ''બે સાથે રહેનાર મિત્ર પક્ષીઓ'' એ શ્રુતિ પ્રમાણે 'સુહૃત્' મિત્ર છો. 'સુષ્ઠુ' સારૂં 'હૃત્' હૃદય છે જેનું તે 'સુહૃત્' મિત્ર. કારણકે એક જ હૃદયમાં બંને રહેલા હોય છે. અથવા સારી રીતે 'હરતિ' આપે તે 'સુહૃત્' મિત્ર આપ છો. કારણકે સર્વ ફલના ભોક્તા છો તેથી આપનાર છો. તેથી આપ સર્વ ફલ આપનારા હોવાથી તર્કથી પણ આપ જ પ્રાર્થના કરવા યોગ્ય છો. વળી [ગ] સેવા ન કરીએ વિગેરે અપરાધને લીધે સજા કરો ત્યારે પણ આપ જ પ્રાર્થના કરવા યોગ્ય છો એમ 'પતિ' શબ્દથી કહેલું છે, કારણકે અમારે બીજો આધાર નથી. જેમ પતિ પોતે અલંકાર ધારણ કરેલો ન હોય તો પણ પત્નીને ઘણા આભરણોથી શણગારે છે, તો જ્યારે અલંકાર ધારણ કરેલો હોય ત્યારે પત્નીને આભરણોથી શણગારે તેમાં સંદેહ જ નથી, તેથી આપ ઉદાર અમને અલંકૃત કરો, એવો અર્થ છે.

વળી [ઘ]આપ અમારા 'પિતા' છો, તેથી માત્ર જન્મ થવાથી જ અમે આપના ભાગદારો છીએ, કારણકે આપ જગત્ રચનારા હોવાનું શાસ્ત્ર જ કહે છે. એ પ્રમાણે આ લોકનાં સર્વ ફલ આપવા માટે ચાર ગુણવાળા હોવાનું કહીને [ઙ]પરલોકનું સર્વ ભગવાન આપે તે માટે 'આપ અમારા સદ્ગુરુ અને ઉત્તમ દેવ છો' એમ કહેલ છે. જુદો પ્રકાર હોવાથી ફરી 'આપ' એમ કહેલું છે. પરલોક તો તેમને[૨] માટે કરેલાં કર્મ, જ્ઞાન અને ભક્તિથી પ્રાપ્ત થાય. તે સંબંધમાં અજ્ઞાનને લીધે, ખોટાં જ્ઞાનને લીધે અને મોહ કરવા માટે જ પાખંડ વિગેરે ઘણા માર્ગો થયેલા છે. તેઓમાં સાચો માર્ગ કહેનાર દુર્લભ છે. અને સંદેહને લીધે વિશ્વાસ રહેતો નથી. ''આપ તો અવિનાશિ જ્ઞાન આપનાર છો''(ભાગ.૮।૨૪।૫૧) એ વચન પ્રમાણે આપ જ ગુરુ છો. જીવો તો સાચા ગુરુ નથી, આપ જ સદ્ગુરુ છો, તેથી ''ગુરુની સેવાથી'' (ભાગ.૧૦।૭૭।૩૪) એ વાક્ય પ્રમાણે આપની સેવા જ શીખવો, એવો અર્થ છે. એવી રીતે કર્મોનું ફલ મળે છે. એવા મત પ્રમાણે ગુરુની સેવાથી જ કૃતાર્થ થવાય છે. [ચ]દેવ ફલ આપનાર છે એ મત પ્રમાણે ''ફલ આ બ્રહ્મથી મળે છે, યુક્તિ હોવાથી'' (બ્રહ્મસૂ.૩।૨।૩૮) એવા બ્રહ્મ

ફલ આપનારું હોવાના મત પ્રમાણે પણ આપ જ ફલ આપનારા છો એમ 'અને ઉત્તમ દેવ છો' શબ્દોથી કહેલું છે. દેવ ફલ આપનારા છે એ મત પ્રમાણે પણ અંગરૂપ દેવો ફલ આપતા નથી, પણ ફલ આપવામાં સાથે રહેનારા હોય છે. તેથી આપ 'ઉત્તમ' દેવ છો એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દ 'પરમં' અને 'દૈવતમ્' ની વચ્ચે હોવાથી, બ્રહ્મ ફલ આપનાર હોવાના મત પ્રમાણે પણ ઉત્તમ દેવ આપ જ છો, કારણકે દેવો આપના અંશો છે. વળી આપ બ્રહ્મરૂપ છો તેથી અમોએ આપનુંજ આરાધન કરવું જોઈએ, બીજું તો એની મેળે થશે, એમ 'આપને અનુસરવાથી અમે કૃતાર્થ થઈએ ' શબ્દોથી કહેલું છે. 'કૃતમ્' કરેલું છે 'અસ્ય' આનું કાર્ય તે 'કૃતી.' ભગવાનને અનુસરવા સિવાયના કરેલા બીજા ધર્મ વિગેરેથી કૃતી થવાનું નથી; કારણકે ''કીર્તન કરવાથી ધર્મનો નાશ થાય છે''[3] ''કૃતઘ્ન [4]માટે પ્રાયશ્ચિત્ત નથી'' તેથી આપને અનુસરીએ તે માટે એવું પ્રાપ્ત કરાવો કે જેથી અમે કૃતી કૃતાર્થ થઈએ, એવો અર્થ છે.૭

૧.આ જ વિષયી પુરુષોની પ્રાર્થના સમજવી.

૨.'તેમને માટે' એટલે ભગવાનને માટે.

૩.યયાતિ પેઠે હરકોઈ પ્રકારે ધર્મ કરેલો કહેવામાં આવે તો તેનો નાશ થાય છે.

૪.'કૃત' એટલે કરેલો ઉપકાર, એવા અર્થ પ્રમાણે પણ ભગવાને કરેલ ઉપકાર ન જાણીએ તો તેનો કરેલ ધર્મનો નાશ થાય. આવી બાબતમાં પ્રાયશ્ચિત્ત નથી.

ભક્તોએ નીચેનો શ્લોક કહ્યો :

**અહો સનાથા ભવતા સ્મ યદ્ વયં ત્રૈવિષ્ટપાનામપિ દૂરદર્શનમ્ ।**
**પ્રેમસ્મિતસ્નિગ્ધનિરીક્ષણાનનં પશ્યેમ રૂપં તવ સર્વસૌભગમ્ ।।૮।।**

અહો! અમે આપથી નાથવાળા થયા. કારણ કે જેનાં દર્શન સ્વર્ગમાં રહેનારાઓને પણ દુર્લભ છે, જેમાં પ્રેમ અને મંદહાસ્ય થી સ્નિગ્ધ દષ્ટિવાળું મુખ છે તેવું આપનું સર્વને કમનીય સ્વરૂપનું અમે દર્શન કરીએ છીએ.૮

'અહો!' શબ્દ આશ્ચર્યના અર્થવાળો છે. અમારા મનોરથો આપની ભક્તિથી જ પૂર્ણ થએલા. હમણાં આપ પણ મળ્યા એ આશ્ચર્યકારક છે. અથવા, અમે થોડી ભક્તિ કરી પરંતુ ફલ ઉત્તમ થયું એ આશ્ચર્ય છે, અમે આપથી નાથવાળા થયા છીએ. ''નારાયણમાં ચિત્ત રાખનાર સર્વ કોઈથી પણ ભય પામતા નથી'' એ ન્યાયે ભક્તોને કોઈ પદાર્થની જરૂર ન હોવાથી, શાસન કરનારની[1] જરૂર નથી. ભગવાનને તો ભક્તિના[2] વિષય તરીકે જ તેઓ સ્વીકારે છે. આમ હોવા છતાં જ્યારે ભગવાન પોતે જ ઉદ્યમ કરીને તેઓનું પાલન વિગેરે કરે છે ત્યારે તેઓ નાથવાળા[3] થાય છે. તે આશ્ચર્યકારક તો છે, અહીં તો અમે[4] આપથી નાથવાળા થયા છીએ. આપ પોતે આવીને અમારા સર્વ કાર્યો પૂર્ણ કરો છો, એવો અર્થ છે. વળી, આ[5] સર્વત્ર પ્રસિદ્ધ છે. ભગવાન પોતે ભક્તોનું કાંઈક કલ્યાણ છૂપી રીતે કરે છે એમ શાસ્ત્રમાં કહેલું છે. અહીં તો તે સાક્ષાત્ સર્વને પ્રસિદ્ધ થાય તેમ અમારું સર્વ કલ્યાણ કરે છે એમ 'સ્મ' શબ્દથી પ્રસિદ્ધિ કહેલ છે. વળી[6] જે રૂપનાં અમે સદા દર્શન કરીએ છીએ તે આશ્ચર્ય છે. કારણકે સર્વને

ભગવાનનો સદા સાક્ષાત્કાર થતો નથી. જો એમ કહો કે, સાત્ત્વિકોને થાય છે, તો તે ખોટું છે. કારણકે ''સ્વર્ગમાં રહેનારાઓને પણ દુર્લભ છે''. 'ત્રિવિષ્ટપે' સ્વર્ગે હોનારા અથવા રહેનારાઓને દુર્લભ છે તેથી તે સંબંધમાં ભૂમિ ઉપર રહેનારાઓને દર્શન થવાની શંકા જ નથી. વળી દેવોનો કોઈવાર દુઃખના સમયમાં કૃપાથી ભગવાનનો સાક્ષાત્કાર થાય, છતાં પણ આવાં સ્વરૂપનાં દર્શન થતાં નથી એ અભિપ્રાયથી 'જેમાં પ્રેમ અને મંદહાસ્યથી સ્નિગ્ધ દૃષ્ટિવાળું મુખ છે' એમ કહેલું છે. પ્રેમ અને મંદહાસ્ય થી સ્નિગ્ધ થએલી જે દૃષ્ટિ, તે સાથેનું મુખ છે જેનું એવાં સ્વરૂપનાં દર્શન થતાં નથી. ''જેઓ મને જે પ્રકારે ભજે છે'' (ભગ.ગીતા ૪।૧૧) વાક્ય પ્રમાણે પ્રેમ રાખનાર ભક્તો ઉપર ભગવાનનો પણ પ્રેમ હોય છે. જ્ઞાનથી મુક્તિ પામેલા હોય તેઓને સમય જતાં પોતાની સેવા કરવા ભગવાન ભક્તો કરે છે, તેથી 'આ મોહ પામેલા જ છે' એવા વિચારથી ભગવાન મંદહાસ્ય કરે છે. અથવા ભગવાનના ભક્તોને મોહ થોડો હોય છે, ભગવનના ગુણો અને સ્વરૂપનો જ મોહ હોય છે, બીજાનો મોહ હોતો નથી તેથી માયારૂપ હાસ્ય મંદ હોય છે, આથી દયા જણાવી. પ્રેમ અને દયા થી સર્વ વસ્તુ સ્નેહવાળી થાય છે. આકૃતિવાળાઓને તેલ વિગેરે સ્નેહ કરાવનારા છે આકૃતિ વિનાના આત્મા સાથે સંબંધવાળાઓને સ્નેહ અને દયા સ્નેહવાળા કરે છે તેથી તે બંનેથી ભગવાનની દૃષ્ટિ ઘણી સ્નેહવાળી થાય છે. આરંભમાં તો ભગવાનનાં દર્શન જ દુર્લભ છે, તેમાં પણ સન્મુખ રહીને દર્શન થવાં. તેમાં પણ ભગવાનની દૃષ્ટિ પોતાની ઉપર પડે તે દુર્લભ છે, કારણકે ભગવાનની દૃષ્ટિએ ગ્રહણ કરેલો ભગવાનમાં પ્રવેશ કરેલો જ થાય છે. તેમાં સ્નેહવાળી દૃષ્ટિથી ગ્રહણ કરેલો કોઈ પણ સમયે છૂટો પડતો નથી. તેમાં પણ પ્રયોજનો સાથે સ્નેહવાળી થએલી દૃષ્ટિથી ગ્રહણ કરેલો. પ્રયોજનોમાં પણ દયા અને તે પણ સ્નેહ સાથે ભળેલી. આથી બીજું કાંઈ પણ ભગવાનના સંબંધી ભગવદીયોનું ઉત્તમપણું નથી. વળી આવું સ્વરૂપ પણ સર્વ સૌભાગ્યવાળું પોતે ઈચ્છેલ સર્વ વિષયરૂપ થાય છે. આટલાથી એમ જણાવેલ છે કે આમાં વિષયોનો ત્યાગ કરવાની પણ જરૂર નથી, કારણકે વિષયરૂપ પણ ભગવાન પોતે જ થએલા છે. તેથી આ મોટું આશ્ચર્ય છે એમ જણાવેલ છે. ૮

૧.પદાર્થોની જેને જરૂર હોય, તે અધિક લઈ લે તેથી તે તેમ ન કરે તે માટે શાસન કરનારની જરૂર છે. ભગવાનમાં ચિત્તવાળાને કોઈ પદાર્થની જરૂર નથી, તેથી તે પદાર્થ લે જ નહીં તેથી શાસન કરનારની જરૂર નથી તેથી તેમને કોઈનો ભય પણ નથી.

૨.'ભક્તિના વિષય તરીકે સ્વીકારે છે' એટલે તેમની ભક્તિ જ કરે છે. ૩.'તેઓ' એટલે ભગવત્પરાયણ ભક્તો. ૪.'અમે' થોડી ભક્તિવાળા. ૫.'આ' બીજું આશ્ચર્ય. ૬.અહીંથી વળી બીજું આશ્ચર્ય કહે છે.

સ્ત્રીઓ અને સ્ત્રીઓને મુખ્ય ગણનારા પુરુષો એ નીચેનો શ્લોક કહ્યો. કારણ કે ભગવાનને અને તેમના ગુણોને જાણતી નથી, પરંતુ પોતાના અનુભવને જાણે છે. તેમાં વસ્તુત। ભગવાનની શક્તિથી જે થયું તે કહે છે :

**યર્હ્યમ્બુજાક્ષાપસસાર નો ભવાન્ કુરૂન્ મધૂન્ વાઽથ સુહૃદ્દિદક્ષયા ।**

**તત્રાબ્દકોટિપ્રતિમઃ ક્ષણો ભવેદ્ રવેર્વિનાડક્ષ્ણામિવ નસ્તવાચ્યુત ।।૯।।**

હે કમલનયન! જ્યારે આપ મિત્રોને જોવાની ઈચ્છાથી કુરુદેશ અને પછી મધુદેશ અમારી પાસેથી ગયા તે સમયે આપના સેવકોની અમારી ક્ષણ, સૂર્ય વિના આંખોની થાય તેમ, હે અચ્યુત! કરોડો વર્ષ જેવી થએલી.૯

હે કમલનયન! ભગવાન દષ્ટિથી જ અમૃતનું પાન કરાવે છે, તેથી સંબોધન કરેલું છે. 'નઃ' અમારો અનાદર કરીને, ''મારું સ્વરૂપ ન જાણનારીઓનું, આમનું શું પ્રયોજન? તેથી જ્યાં મને જાણે છે ત્યાં હું જઈશ'' એવા વિચારથી આપ પધાર્યા. 'ભવાન્'[1] શબ્દથી એમ કહેલું છે કે જવાના સમયે પણ અમારા તરફ મુખ રાખી અમને જોયા નહીં. 'કુરુદેશ' એટલે હસ્તિનાપુર દેશ. 'મધુદેશ' એટલે મથુરાદેશ. 'અથ' 'પછી' જુદા આરંભથી ત્યાંથીજ ભીષ્મ વિગેરેને મળવા કુરુક્ષેત્ર ગયા. 'તત્ર' તે સમયે અમારી એક ક્ષણ પણ કરોડો વર્ષ જેવી થઈ. નરકમાં ભોગવાતા દુઃખમાં એવું કહેલું છે કે એક ક્ષણમાં હજારો વર્ષ કરીને દુઃખનો ભોગ કરાવે છે, તેવો જ અમને અનુભવ થયો.

સુખની બાબતમાં પણ એવું શાસ્ત્રમાં કહેલું છે કે એક ક્ષણમાં કલ્પના ભોગો ભોગવે છે, એ સંબંધમાં 'સૂર્ય વિના આંખોની થાય તેમ' એવું દષ્ટાંત કહેલું છે. જ્યારે પદાર્થનો સંસ્કાર કરનાર તરીકે અને અધિષ્ઠાતા દેવ તરીકે સૂર્ય આંખમાં પ્રવેશ કરે છે ત્યારે આંખ પદાર્થોને જોવાની શક્તિવાળા થાય છે તેવી રીતે જો આપ અમારી અંદર અને બહાર રહો, તો અમે સર્વ કાર્ય કરવાની શક્તિવાળા થઈએ. આ નીચે પ્રમાણે અર્થ છે. જેમ યોગીઓ સમાધિમાં આંખ બંધ કરીને પાછી દેહની અંદર વાળીને, દેવતાને પોતાને વશ રાખી રહે છે, અને ત્યાર પછી ઘણાં કરોડો વર્ષ પછી ચક્ષુ ખુલ્લું કરાવનાર અને બંધ કરાવનાર સૂર્ય ચક્ષુ ખોલે છે. એવી રીતે કરોડો વર્ષ એક પળ થાય છે, તેવી રીતે આપના સેવક અમારી   અમારું આયુષ્ય આપનાં પ્રયોજન માટેનું હોવાથી, આપનું કાર્ય ન હોય ત્યારે   એક ક્ષણ પણ જતી નથી; કારણકે ક્ષણે-ક્ષણે અમને મૂર્ચ્છા થાય છે. જીવન તો 'હે અચ્યુત!' એવા સંબોધનથી નભે છે. જેમ આપ અચ્યુત છો તેમ અમે પણ આ ભાગ પૂરતા અચ્યુત થયા છીએ એમ જણાવેલું છે.૯

૧.'ભવાન્' બીજા પુરુષમાંજ વપરાય છે. તેથી સામે રહેલ ન હોય તેવો અર્થ ગણી આમ કહેલ છે. સામે હાજર હોય તેવા પુરુષને માન આપવાજ આ શબ્દ વપરાય છે, છતાં પણ ત્રીજા પુરુષનો ગણાય છે, તેથી એ પ્રમાણે અર્થ કરેલ જણાય છે.

એ પ્રમાણે ચાર પ્રકારની પ્રજાઓનાં વાક્યનું સત્ય તરીકે સમર્થન કરી, સત્ય વાક્યનાં શ્રવણરૂપ મંગલનો અનુભવ કરી ભગવાને શહેરમાં પ્રવેશ કર્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ઈતિ ચોદીરિતા વાચઃ પ્રજાનાં ભક્તવત્સલઃ ।**
**શૃણ્વાનોડનુગ્રહં દષ્ટ્યા વિતન્વન્ પ્રાવિશત્ પુરીમ્ ।।૧૦।।**

અને તેવી રીતે કહેલી પ્રજાઓની વાણીઓનું શ્રવણ કરતાં, ભક્તો ઉપર પ્રેમ

રાખનારે દષ્ટિથી કૃપા વિસ્તારતાં પુરીમાં પ્રવેશ કર્યો.૧૦

'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા પણ ઘણા પ્રકારનાં વચનોનું શ્રવણ કર્યું. 'પ્રજાજનોની વાણી ' હોવાથી આ વચનમાં દોષ જાણ્યો નહીં. તે સમયે ભગવાનની ઘણી કૃપા થઈ એમ 'ભક્તો ઉપર પ્રેમ રાખનારે' શબ્દથી જણાવેલું છે. જેમ વાછડાંને જોઈને ગાય અધીર થાય છે તેવા ભગવાન થયા, એવો અર્થ છે. 'દષ્ટિથી કૃપા વિસ્તારતાં' શબ્દોથી એમ જણાવેલું છે કે ભગવાનની તેવી કૃપાવાળી દષ્ટિ તેઓના ઉપર પડી. જ્ઞાન વિગેરે સાથે ભગવાને વાસ્તવિક રીતે તેઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો, જેનાથી સુખી થએલી પ્રજા કાંઈ બોલી નહીં. પછી 'પુરીમ્' દ્વારકામાં 'પ્રકર્ષેણ' ઘણા માન સાથે 'અવિશત્' પ્રવેશ કર્યો.૧૦

જેવી વિદ્યા તેવી પુરી છે એમ જણાવવા નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી તે પુરીનું વર્ણન કરે છે :

**અધિષ્ઠાને બહિશ્ચોર્ધ્વમ્ અન્તશ્ચાંગવિભેદતઃ ।।૬।।**
**સુંદરં ભગવદ્યોગ્યં સ્થાનં નાન્યત્ કથંચન ।**

રહેવાનું સ્થાન, બહાર, ઉપર, અંદર અને અંગોના ભેદથી[1], સુંદર ભગવાનને યોગ્ય બીજું સ્થાન કોઈ પ્રકારે નથી. કા.૬

તે પૈકી નીચેના શ્લોકથી તેમાં રહેનારાઓનું વર્ણન કરે છે :[2]

**મધુ-ભોજ-દશાર્હાર્હ કુકુરાન્ધક-વૃષ્ણિભિઃ ।**
**આત્મતુલ્યબલૈર્ગુપ્તાં નાગૈર્ભોગવતીમિવ ।।૧૧।।**

પ્રાણોથી શરીરનું રક્ષણ થાય તેમ આત્માની સમાન બલવાળા મધુ, ભોજ, દશાર્હાર્હ, કુકુર, અંધક અને વૃષ્ણિઓથી રક્ષાતી પુરીમાં પ્રવેશ કર્યો. શ્લો.૧૦-૧૧.

મધુ, ભોજ, દશાર્હાર્હ, કુકુર, અંધક અને વૃષ્ણિ એવા છ પ્રકારના યાદવો હતા. તેઓથી પુરી રક્ષાતી હતી. જ્યારે સત્ત્વરૂપ[3] અંતઃકરણનું છ ઈંદ્રિયોથી રક્ષણ થતું હોય ત્યારે તે ભગવાને પ્રવેશ કરવા યોગ્ય થાય છે. કારણકે ''વિષયોએ આકર્ષણ કરેલી ઈંદ્રિયોથી....'' વાક્ય પ્રમાણે તે ઈંદ્રિયો થીજ તેનો નાશ થયાનું કહેલ છે. ઘરોમાં કજીઓ થાય ત્યારે પુરીનો[4] નાશ થાય છે. 'આત્માની સમાન બલવાળા' એટલે જેવો આત્મા દેહ, તેની સમાન છે બલ જેઓનું તેવા અથવા 'આત્મા' એટલે વાયુ, કારણકે ''હું મનુ થયો અને સૂર્ય થયો'' એ સૂક્તમાં અહંકારની દેવતા વાયુના પ્રકારની કહેલી છે. અને આ સૂક્ત મંડલમાં[5] આવેલું છે. અથવા 'બલ' એટલે સેના આત્મા એટલે ભગવાનની સમાન સેનાઓ. સર્વ યાદવોએ તેમાં પ્રવેશ[6] કરેલ તેમાં દષ્ટાંત 'પ્રાણોથી શરીરનું રક્ષણ થાય તેમ ' શબ્દથી કહેલું છે. 'નાગૈઃ' પ્રાણો શરીરમાં પ્રવેશ કરે તેમ તેઓ દ્વારકામાં રહેલા. 'ભોગવતી' એટલે શરીર. પ્રાણાયામોથી સારી રીતે રક્ષણ કરાએલા યોગીના શરીરમાં જેમ ભગવાન પ્રવેશ કરે છે તેમ યાદવોથી રક્ષાએલી પુરીમાં ભગવાન પ્રવેશ કરે છે. અથવા 'ભોગવતી' એટલે પાતાલમાં વહેતો ગંગાનો પ્રવાહ તેની

નાગો સર્પો રક્ષા કરે છે. રક્ષા કરવામાં ન આવે તો દેવો પણ તેને લઈ જાય.૧૧.

૧.પાંચ શ્લોકમાં કહેલ અર્થનો અનુક્રમે આ કારિકામાં સમાવેશ કરેલો છે 'અંગોના ભેદથી' એટલે દ્વાર વિગેરેના ભેદથી.

૨.નગરી વિદ્યા સમાન છે એમ જણાવવા જેમ વિદ્યા જેમનામાં છે તેઓ શુદ્ધ હોવાથી સ્થિર રહે છે, તેવી નગરી પણ છે એમ જણાવવા તેમાં રહેનારાઓનું વર્ણન કરે છે.

૩.છથી રક્ષણ થતું હોવાથી સ્થિરતા કેમ થાય, તે આ દષ્ટાંતથી જણાવે છે.

૪.જેમ ઈંદ્રિયો રક્ષણ કરે ત્યારે સત્વરૂપ અંતઃકરણનો નાશ થતો નથી તેમ આ છ પ્રકારના યાદવો રક્ષણ કરતા હોવાથી પુરીનો નાશ થાય તેમ નથી.

૫. ઋગ્વેદના દશ મંડલો છે, અને પશુઓમાં દશ પ્રાણો છે' શ્રુતિ પ્રમાણે પ્રાણ પણ દશ છે તેથી પ્રાણ અને મંડલોની સંખ્યા સરખી હોવાથી મંડલ થી વાયુ જણાવેલ છે.

૬.પ્રકાશમાં 'પ્રવેશને' પાઠ લીધેલ છે, તે પ્રમાણે અર્થ કરેલો છે.

નીચેના શ્લોકથી ઉપરની શોભા કહે છે :

**ગોપુરદ્વારમાર્ગેષુ કૃતકૌતુકતોરણામ્ ।**
**ચિત્રધ્વજપતાકાગ્રૈઃ અન્તઃપ્રતિહતાતપામ્ ।।૧૩।।**

શહેરના દરવાજા, બારણાંઓ અને માર્ગો ઉપર જેમાં આનંદ દર્શાવનાર તોરણો બાંધેલા હતા, વિચિત્ર ધજાઓ તથા પતાકાઓના ઉપરના ભાગોથી જેની અંદરના તડકાને અટકાવેલ હતો તેવી પુરીમાં પ્રવેશ કર્યો. શ્લો.૧૦ ૧૩.

ગોપુરમ્ શહેરનો બહારનો દરવાજો, બીજા બારણાઓ અને 'માર્ગાઃ' દુકાનોની વચ્ચેના ઉપરના ભાગો, તેઓ ઉપર બાંધેલા હતાં આનંદ દર્શાવનારાં તોરણો જેમાં, અને વિચિત્ર ધજાઓ અને પતાકાઓ, ગરુડ વિગેરેના ચિત્રવાળી ધજાઓ, જયના લેખ લખાએલી પતાકાઓ તેઓના ઉપરના ભાગો એટલે લંબાતા વિચિત્ર વસ્ત્રોથી અંદર આવતો અટકાવેલ હતો તડકો જેમાં તેવી પુરીમાં પ્રવેશ કર્યો. મધ્યાહ્ન સમયે ધજા વિગેરે છાયા કરે છે તેથી ઉપરના ભાગોથી એમ કહ્યું કે જો કે અંદર આવતા તડકાને અટકાવેલ હતો, છતાં પણ શોભા બહારથીજ થતી. ફલના ભાગ પૂરતું તો આ પછીના શ્લોકનું અંગ[1] છે.૧૩.

૧.પછીના ૧૪ મા શ્લોકમાં જે અંદરની શોભા કહેલી છે તેના અંગરૂપ આ વિશેષણ છે, એવો અર્થ છે.

નીચેના શ્લોકથી અંદરની શોભા કહે છે :

**સમ્માર્જિતમહામાર્ગ  રથ્યાપણકચત્વરામ્ ।**
**સિક્તાં ગન્ધજલૈરુપ્તાં ફલપુષ્પાક્ષતાંકરૈઃ ।।૧૪।।**

સ્વચ્છ કરાએલા છે રાજમાર્ગો, શેરીઓ, બજારો અને આંગણાંઓ જેમાં, સુગંધી જલોથી છંટકાવ કરાએલી, ફલ પુષ્પો અંકુરો અને અક્ષતો નખાએલાં હતાં જેમાં તેવી પુરીમાં પ્રવેશ કર્યો. શ્લો.૧૦ ૧૪.

'મહામાર્ગઃ' એટલે રાજમાર્ગ, બીજી શેરીઓ, 'આપણકઃ' બજારના માર્ગ,

'ચત્વરમ્' આંગણું. આ બધાં સ્વચ્છ કરાએલાં હતાં. સુગંધી જલોથી છંટકાવ કરાએલી, નજીકમાં કહેલાં હોવાથી ઉપર જણાવેલાં સ્થાનોમાં, અથવા ભેદ વિના સર્વ સ્થલોએ છંટકાવ કરાએલી, મંગલ થાય તે માટે ફલો પુષ્પો અક્ષતો અને જવના અંકુરો નખાએલા હતા જેમાં તેવી પુરીમાં પ્રવેશ કર્યો. કેરીઓ સાથેની આંબાની ડાળીઓ ભૂમિમાં ખોડેલી. પુષ્પોના ગુચ્છાઓ ખોડેલા. અક્ષતો જમીન ઉપર નાખેલા. અંકુરો જમીન ઉપર આવેલા તેથી 'ઉપ્તામ્' 'નખાએલી એમ કહેલું છે.૧૪.

નીચેના શ્લોકથી પુરીના અવયવોના અલંકાર કહે છે :

**દ્વારિ દ્વારિ ગૃહાણાં ચ દધ્યક્ષતફલેક્ષુભિઃ ।**
**અલંકૃતાં પૂર્ણકુમ્ભૈઃ બલિભિર્ધૂપદીપકૈઃ ।।૧૫।।**

અને ઘરોના બારણે બારણે દહીં, અક્ષત, ફલ અને શેરડીઓથી, ભરેલાં કુંભોથી, પૂજાનાં સાધનોથી, ધૂપ અને દીપોથી શણગારેલી પુરીમાં પ્રવેશ કર્યો. શ્લો.૧૦ ૧૫.

'ચ' 'અને' શબ્દ હોવાથી સભા, દુકાનો અને નગરના દ્વારોમાં પણ આ પદાર્થોથી શણગારેલી હતી. માર્ગમાં રહેલો ઘર જોઈ ન શકે તેથી તે શણગારેલ નહીં હોય એવી તેને શંકા થાય તે દૂર કરવા 'ઘરો' કહેલાં છે. દહીં વાસણમાં રાખેલ, અક્ષતોના અને ફલોના ઢગલા કરેલ. તેથી આ ફરી[1] કહેલ હોવાનો દોષ નથી. શેરડીઓ બારણાંની બંને બાજુએ મૂકેલી, તેમનાથી અને ભરેલા કુંભોથી શણગારેલી પુરીમાં પ્રવેશ કર્યો. 'બારણે-બારણે શણગારેલી' એટલે પુરીના અવયવો શણગારીને પણ શણગારેલી એમ જણાવેલ છે. ઉત્સવ માટે એવું કરેલું.૧૫

૧.શ્લોક ૧૪ માં અક્ષત અને ફલ કહેલા, પણ ત્યાં જમીન ઉપર છૂટા-છૂટા નાખેલ હોવાનું કહેલું છે અહીં ઢગલા કરી મૂકેલા કહેલા છે તેથી તેનો તે જ અર્થ ફરી કહેવારૂપ દોષ નથી.

અથવા સૂર્યનાં તેજ પેઠે ભગવાનનું તેજ સર્વત્ર પ્રસરેલું હોવાથી પુરીની અંદર રહેનારાઓએ પણ ભગવાનને પોતાની અંદર પધરાવ્યા. તેથી જેઓનાં દર્શન માટે ભગવાન પોતે જાય તે પિતા વિગેરે પોતે જ આવ્યા એમ સગપણ સંબંધના જ્ઞાન કરતાં તેઓના આ ભગવાન છે તેવું જ્ઞાન જ સર્વથી અધિક હતું એમ દર્શાવતાં નીચેના સાડાત્રણ શ્લોકો કહે છે :

**નિશમ્ય પ્રેષ્ઠમ્ આયાન્તં વસુદેવો મહામનાઃ ।**
**અક્રૂરશ્ચોગ્રસેનશ્ચ રામશ્ચાદ્ભુતવિક્રમઃ ।।૧૬।।**
**પ્રદ્યુમ્નશ્ચારુદેષ્ણશ્ચ સામ્બો જામ્બવતીસુતઃ ।**
**પ્રહર્ષવેગોચ્છ્વસિત શયનાસનભોજનાઃ ।।૧૭।।**
**વરણેન્દ્રં પુરસ્કૃત્ય બ્રાહ્મણૈઃ સસુમંગલૈઃ ।**
**શંખતૂર્યનિનાદેન બ્રહ્મપોષેણ ચાદતાઃ ।**
**પ્રત્યુજ્જગ્મૂ રથૈર્બ્રહ્મન્ પ્રણયાગતસાધ્વસાઃ ।।૧૮।।**

હે બ્રહ્મન્! સર્વથી પ્રિયને આવતાં સાંભળીને ઉદાર મનવાળા વસુદેવ અને અક્રૂર અને ઉગ્રસેન અને અદ્ભુત પરાક્રમવાળા બલરામ, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ અને જાંબવતીના પુત્ર સાંબ, ઘણા હર્ષના વેગથી શયન આસન અને ભોજન તજીને, ઉત્સાહવાળા, પ્રણયને લીધે જેમને ભય થએલ છે તેવા થઈ, ઉત્તમ હાથીને આગળ કરીને ઘણાં મંગલ દ્રવ્યો રાખેલા બ્રાહ્મણો સાથે, શંખ અને તૂર્ય ના અવાજ તથા વેદના ઉચ્ચાર સાથે રથોથી સામા આવ્યા. ૧૬-૧૮.

તેથી જ 'સંબંધી' શબ્દ ન કહેતાં 'સર્વથી પ્રિય' એમ કહેલું છે. દેહ વિગેરેને ભૂલીને ભગવાનને પસંદ કરવા એ મનની ઉદારતા છે. ઉગ્રસેન રાજા હતો. ભક્તિ મુખ્ય હોવાથી લૌકિક ઉત્તમપણું ક્રમનું નિયામક નથી. સર્વ સ્થલે 'ચ' 'અને' શબ્દ તેના વર્ગનો સમાવેશ કરાવનારો છે.

બલરામ કેમ સામા આવ્યા? કારણકે ભગવાન તો તેમના જમાઈ વિગેરેનો વધ કરીને પધારતા હતા! એવી શંકા થાય, તેથી કહે છે કે આ બલરામ પ્રાકૃત પુરુષ નથી. ભગવાનની પેઠે આમનું પરાક્રમ પણ અદ્ભુત જ છે. કૌરવો ઉપર સ્નેહ દેખાડતાં, દુર્યોધનને ગદાયુદ્ધ વિગેરેનું શિક્ષણ પણ આપતા, તેમને ગમતું પણ કહેતાં, દુર્યોધન વિગેરેને તેમણે પોતે જ મારેલા, એમ યુદ્ધનું ઉત્તેજન કરવાથી[1] અને કૌરવોને વિરોધ[2] કરવાથી જણાય છે. લોકનું જ્ઞાન તો તેથી ઉલટું હતું, તે યોગ્ય જ છે, એમ 'અદ્ભુત પરાક્રમવાળા' વિશેષણથી કહેલું છે.

'જાંબવતીના પુત્ર' શબ્દથી એમ જણાવેલ છે કે સ્ત્રીઓની પેઠે આને અલંકાર ધારણ કરવાનું પ્રિય હતું તેથી જ્યાં તે તેવા અલંકાર ધારણ કરી જાય છે ત્યાં વ્યાસ તેને તે વિશેષણથી (જાંબવતીના પુત્રથી) ઓળખાવે છે.

**પિતા સમ્બન્ધિનશ્ચૈવ પુત્રાશ્ચ પરિકીર્તિતાઃ ।।૭।।**

પિતા અને વળી સંબંધીઓ અને પુત્રોનાં નામો કહ્યાં.કા.૭

ભગવાન પધારે છે એ સાંભળીને જે હર્ષ થયો, તેનો જે વેગ થયો, તેનાથી ઘણા પ્રયત્નથી 'ઉચ્છ્વસિતાઃ' બહાર નીકળતા શ્વાસની પેઠે તજેલી છે સામા જવા સિવાયની બીજી શયન આસન ભોજન વિગેરે તામસ સાત્વિક અને રાજસ ક્રિયાઓ જેમણે તેવા થયા. મંગલ થાય તે માટે 'વારણેન્દ્ર' શ્રેષ્ઠ હાથીને આગળ કરીને સામા ગયા. 'ઘણા મંગલ દ્રવ્યો રાખેલા બ્રાહ્મણો સાથે' શબ્દોથી એમ જણાવેલું છે કે જેમ આ બધા એક સામા જવામાં ચિત્તવાળા હતા, તેવા બ્રાહ્મણો પણ હતા. ભગવાન સાથે સર્વ વાજીંત્રો પણ આવતા હોતા છતાં, તુરી અને શંખ મંગલ થાય તે માટે સામે લઈ ગયા, પોતાની મોટાઈ જણાવવા લઈ ગયા ન હતા. 'મંગલઘોષઃ' એટલે વેદનાં પાઠ. 'ચ' 'અને' શબ્દ હોવાથી મંગલ અષ્ટક વિગેરે બોલતા હતા. ઉત્સાહવાળા થઈ પહેલાંજ સામા મુખે ગયા. રથના વાહનોથી જવાનું કારણ 'પ્રણયને લીધે જેમને ભય થયો છે તેવા' વિશેષણથી કહેલું છે. 'પ્રણયેન' પ્રણયને લીધે 'આગતં' થયો છે 'સાધ્વસ' ભય જેમને તેવા હતા. લૌકિક પદાર્થો સાથે ભગવાનનું સ્મરણ

થતાં હર્ષ થએલ. પછી માત્ર સ્મરણ[3] થતાં ભય થયો, એવો ભેદ છે.૧૬-૧૮.

૧.સાબે લક્ષ્મણાનું હરણ કરેલ તે સંબંધમાં બલભદ્રનું અપમાન કૌરવોએ કરેલ ત્યારે તેમણે તેમનો વિરોધ કરેલો. ભૂમિનો ભાર ઉતારવા દુષ્ટોનો નાશ કરવાનું સંકર્ષણનું કાર્ય હોવાથી યુદ્ધને ઉત્તેજન આપેલું.

૩.લૌકિક પદાર્થ સાથે આવો સંબંધ છે લૌકિક પદાર્થનું જ સ્મરણ થતાં ભગવાન ઉપરના પ્રેમને લીધે ભય થયો, એવો ભાવાર્થ જણાય છે.

અંદરના અને બહારના ભેદથી માત્ર વિષયના સંબંધવાળું સુખ કરનારા જે જીવો હતા તેઓ ભગવાન સામે આવ્યા એમ નીચેના બે શ્લોકોથી કહે છે :

**વારમુખ્યાશ્ચ શતશો યાનૈસ્તદ્દર્શનોત્સુકાઃ ।**
**લસત્કુણ્ડલ-નિર્ભાત કપોલ-વદનશ્રિયઃ ।।૧૯।।**
**નટ-નર્તક-ગન્ધર્વાઃ સૂત-માગધ-વન્દિનઃ ।**
**ગાયન્તિ ચોત્તમશ્લોક ચરિતાન્યદ્ભુતાનિ ચ ।।૨૦।।**

તેમનાં દર્શનની ઈચ્છાવાળી, શોભતાં કુંડલોથી પ્રકાશતા ગાલ સાથેના મુખની શોભાવાળી વેશ્યાઓ સેંકડોની સંખ્યામાં વાહનોથી આવી. નટો, નૃત્ય કરનારા, ગંધર્વો, સૂતો માગધો અને ભાટો ઉત્તમ શ્લોકનાં ચરિતોનું અને અદ્ભુત ચરિત્રો નું ગાન કરતા હતા.૧૯-૨૦.

વરોનો સમૂહ 'વાર,' તે જ મુખ્ય છે જેઓને તેવી વેશ્યાઓ. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજી પણ લજ્જારહિત સ્ત્રીઓ આવી. તેઓમાં પેટા ભેદો પણ હતા એમ જણાવવા 'સેંકડોની સંખ્યામાં' એમ કહેલું છે. તેઓનાં પણ વાહનો હતાં. 'તેમનાં દર્શનની ઈચ્છાવાળી' વિશેષણથી વાહનોનું પ્રયોજન કહેલું છે. મોટે ભાગે પાલખીઓ હતી. પોતાનાં સ્થાનમાં રહેવાથી પણ દર્શન થવાનું સંભવે, છતાં દર્શનની તીવ્ર ઈચ્છાને લીધે આદર આપવા ગઈ. 'શોભતાં કુંડલોથી પ્રકાશતા ગાલ સાથેના મુખની શોભાવાળી' વિશેષણથી મંગલ જણાવવા તેઓનાં અલંકારોનું વર્ણન કરેલું. શોભતાં કુંડલોથી સંપૂર્ણ રીતે પ્રકાશતી હતી ગાલ સાથેના મુખોની શોભા જેઓની તેવી તેઓ હતી. શાસ્ત્ર પ્રમાણે નૃત્ય કરનારા નટો. લૌકિક નૃત્ય કરનારા 'નર્તકાઃ'. ગાન કરનારા ગંધર્વો. પુરાણ કહેનારા સૂતો. વંશ કહેનારા 'માગધાઃ' માગધો. વંશજોના નામોનો સંગ્રહ કરનારા 'વન્દિનઃ'. ભાટો પ્રસંગને યોગ્ય બોલનારા. બધાએ ગાન કરતા અને 'ચ' શબ્દ હોવાથી સ્મરણ કરતા આવ્યા. અદ્ભુત ચરિત્રો સ્પષ્ટ રીતે લોકમાં કહેવાં યોગ્ય નથી, તેવાનું પણ ગાન કરતા આવ્યા, એવો 'ચ' 'અને' શબ્દનો અર્થ છે. ૧૯-૨૦.

લૌકિક સ્વામીની પેઠે શ્રીકૃષ્ણ સામે જનારાઓમાં અમુક પક્ષવાળાને ફલ મળેલ ન હતું પરંતુ બધાઓજ ફલ પ્રાપ્ત કરેલા થયા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ભગવાંસ્તત્ર બન્ધૂનાં પૌરાણામ્ અનુવર્તિનામ્ ।**
**યથાવિધ્યુપસંગમ્ય સર્વેષાં માનમ્ આદધે ।।૨૧।।**

ભગવાને ત્યાં બંધુઓ, નગરવાસીઓ અને સેવકો ની પાસે વિધિ પ્રમાણે જઈ સર્વને

માન આપ્યું.૨૧.

સમૂહથી સર્વ ત્રણ પ્રકારના હતા : ૧.બાંધવો ૨.નગરવાસીઓ અને ૩.સેવકો. નગરવાસીપણું સામાન્ય બધાને લાગુ પડતું હોવાથી વચ્ચે કહેલું છે.૨૧.

તેઓના તરફ જોઈને જેમ જવું યોગ્ય હતું તેમ ભગવાને કર્યું, એમ કહે છે :

**પ્રહ્વાભિવાદનાશ્લેષ કરસ્પર્શ-સ્મિતેક્ષણૈઃ ।**
**આશ્વાસ્ય ચાઽઽશ્વપાકેભ્યો વરૈશ્ચાભિમતૈર્વિભુઃ ।।૨૨।।**

નમ્રતા, નમસ્કાર, ભેટવું, કરથી સ્પર્શ કરવો, હાસ્ય અને દૃષ્ટિથી, અને ચાંડાલો સુધીનાને ઈચ્છેલા વરદાનથી આશ્વાસન આપીને શક્તિમાને (પુરીમાં પ્રવેશ કર્યો શ્લો.૨૩). ૨૨.

'પ્રહ્વઃ' નમ્રતા, પિતા વિગેરે પ્રતિ, નમસ્કાર બ્રાહ્મણોને, ભેટવાનું મિત્રોને, કરથી સ્પર્શ કરવાનું મુખ્ય સેવકોને, હાસ્ય અને દૃષ્ટિ સર્વને કર્યા. પોતાના વિરહનું દુઃખ દૂર કરીને, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી દુઃખ જણાવ્યું તે દૂર કરીને આશ્વાસન આપ્યું. 'શ્વપાકઃ' એટલે ચાંડાલો. 'વરદાન' એટલે સાધનોથી પ્રાપ્ત થઈ ન શકે તેવા વિષયોનું અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા વિષયોનું દાન. 'શક્તિમાન' વિશેષણથી સર્વનું દાન કરવાનું કારણ કહેલું છે.૨૨

ભગવાને જીવોને વિષયો કેમ આપ્યા? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ્વયં ચ ગુરુભિર્વિપ્રૈઃ સદારૈઃ સ્થવિરૈરપિ ।**
**આશીભિર્યુજ્યમાનોઽન્યૈઃ બન્ધુભિશ્ચાવિશત્ પુરીમ્ ।।૨૩।।**

સ્ત્રીઓ સાથેના ગુરુઓ, વિપ્રો અને વૃદ્ધોથી અને બીજાઓ તથા બંધુઓથી આશીર્વાદથી યોજાતા પોતે પણ પુરીમાં પ્રવેશ કર્યો.૨૩

અને ભગવાનનું પોતાનું પણ તેઓએ સન્માન કર્યું. પોતાનું સન્માન કર્યું તે માટે જ તેઓને વિષયો [1]આપેલા, એવો અર્થ છે. વિપ્રો અને બીજાઓ ગુરુઓ હતા. અને ગુરુઓ અને બીજાઓ વિપ્રો હતા. 'સ્ત્રીઓ સાથેના' વિશેષણ બધાનું છે. 'સ્થવિરૈઃ' એટલે બીજા પણ વૃદ્ધોથી આશીર્વાદ અપાતા ભગવાને પુરીમાં પ્રવેશ કર્યો. કર્તા આશીર્વાદ આપનારો અને કરણ આશીર્વાદની ત્રીજી વિભક્તિઓ છે. બીજા બંધુઓએ પણ સંતોષથી અભિનંદનરૂપ આશીર્વાદ આપ્યા. અથવા નવા સંબંધમાં આવેલા પુત્રોના સાસરાઓ વિગેરેથી આશીર્વાદ અપાતા ભગવાને પુરીમાં પ્રવેશ કર્યો. અહીં ક્રિયાજ સર્વથી ઉત્તમ[2] છે, પહેલાં પ્રવેશ કર્યો ન હતો એમ કહેલ નથી અને માત્ર ભક્તિ મુખ્ય હોવાથી સ્તુતિ અને ભગવાન હોવાપણું[3] વિગેરે કહેલાં.૨૩

૧.વિષયો આપેલા-વિષયો બંધન કરાવનારા ન હોવાથી તેથી દોષ થએલ નહીં.

૨.'પુરીમાં પ્રવેશ કર્યાનું તો પહેલાં શ્લો.૧૦માં કહેલ છે, તો ફરી કેમ કહે છે? એવી શંકા થાય, તેથી આ કહેલ છે આનર્તપુરી અને દ્વારકા બે હોવાથી, પહેલાં આનર્તપુરીમાં અને હવે દ્વારકામાં પ્રવેશ કરે છે તે ક્રિયા ઉત્તમ છે તેથી એમ કહેલ છે. આનર્ત દેશ છે અને દ્વારકા તેની રાજધાની હતી. તેથી બે જુદી પુરીઓ હોવાનું

જણાતું નથી. વળી શ્લો.૧૦માં પુરીમાં પ્રવેશ કર્યાનું કહી શ્લો.૧૫ સુધી તે જ પુરીનું વર્ણન કરી, શ્લો.૨૦ સુધી બધા સામા લેવા આવ્યાનું કહી, શ્લો.૨૨ સુધીમાં બધાનું સન્માન થયાનું કહી શ્લો.૨૩ માં પુરીમાં પ્રવેશ કર્યાનું કહેલ છે. તેથી શ્લો.૧૧ થી ૨૨ સુધી પ્રવેશ સમયના શિષ્ટાચાર જ જણાવી, પુરીમાં પ્રવેશ કર્યાની ક્રિયા મુખ્ય હોવાથી તે ફરી કહેલ છે એમ જણાય છે. શ્લો.૧૦ ઉપરના સુબોધિનીમાં પણ દ્વારકામાં જ પ્રવેશ કર્યાનું કહેલું છે.

૩.'વિગેરે' શબ્દથી પોતે લેવા આવનારાઓએ કરેલ પ્રાર્થના કહેલ છે.

મર્યાદામાં રહેતી[1] સ્ત્રીઓએ જે કર્યું તે નીચેના શ્લોકથી કહે છે :

**રાજમાર્ગં ગતે કૃષ્ણે દ્વારકાયાઃ કુલસ્ત્રિયઃ ।**
**હર્મ્યાણ્યારુરુહુર્વિપ્રાઃ તદીક્ષણમહોત્સવાઃ ।।૨૪।।**

હે વિપ્રો! શ્રીકૃષ્ણ રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે તેમનાં દર્શનરૂપ મહોત્સવ જેમને હતો તેવી દ્વારકાની કુલવાન સ્ત્રીઓ મેડીઓ ઉપર ચઢી.૨૪

સ્ત્રીઓ પણ માર્ગ ઉપર રહેનારી હતી, અને ભગવાન પણ માર્ગ ઉપર આવ્યા, તેથી દર્શન થાય તે યોગ્ય છે એવો અર્થ છે. ભગવાને દ્વારકામાં પણ સર્વ માર્ગોનું રક્ષણ કરેલું એમ જણાવવા 'હે વિપ્રો!' એવું સંબોધન કરેલું છે. ભગવાનનું દર્શન જ મોટો ઉત્સવ હતો જેઓનો તેવી સ્ત્રીઓ હતી. આથી એમ કહેલું છે કે તેઓ સર્વ આભૂષણોથી શોભતી હતી અને બીજાનાં દર્શનથી થતો દોષ તેમને થતો ન હતો.૨૪

૧.પડદામાં રહેતી, એવો અર્થ છે.

દર્શન ઉત્સવરૂપ કેમ[1] હોય? કારણકે તે નિત્ય થતાં  એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**નિત્યં નિરીક્ષમાણાનાં યદપિ દ્વારકૌકસામ્ ।**
**ન વિતૃપ્યન્તિ હિ દશઃ શ્રિયો ધામાંગમ્ અચ્યુતમ્ ।।૨૫।।**

જો કે દ્વારકાના રહીશો લક્ષ્મીનાં ધામરૂપ અચ્યુત અંગનું સદા દર્શન કરતા હતા છતાં તેઓની દૃષ્ટિઓને નિશ્ચય ઉત્તમ પ્રકારે તૃપ્તિ થતી ન હતી.૨૫

ભગવાન સદા ઉત્સવરૂપ[2] હોવાથી ભગવાનનાં દર્શનનું પ્રવાહના જેવું[3] એક સરખું જ્ઞાન થતું નથી, કારણકે તે ક્ષણે-ક્ષણે અલૌકિક પદાર્થ જણાવે છે. પહેલાં પહેલાંનું દર્શન, દર્શન કરવામાં રુચિ જ ઉત્પન્ન કરે છે, પણ દર્શનનો વિષય થતું નથી. કારણકે ભગવાન દર્શનનાં વિષય[4] નથી. રુચિ તો ઓસડની પેઠે પદાર્થની શક્તિથી થાય છે. તેથી જ ભગવાનનાં દર્શન કરતાં કોઈપણ સમયે તૃપ્તિ થતી નથી, પરંતુ જેમ ઘણા દોષ હોય ત્યારે ઓસડ પણ લઈ શકાતું નથી તેમ દોષને[5] લીધે દર્શન થતાં નથી. તેમાં દૃષ્ટિ તેજરૂપ[6] હોવાથી વિષયના દોષથી જ દોષવાળા હોવાનું થાય છે. પરમાર્થનો નિર્ણય થતાં, ધર્મ માર્ગમાં કર્તાના[7] ગુણનો સંબંધ થતાં પણ દોષવાળા થાય છે.

'દ્વારકાના રહીશો' શબ્દથી એમ કહેલું છે કે તે વિષયનો દોષ દ્વારકાના[8] રહીશોમાં નથી. આથી જ સર્વ[9] દોષોનો નાશ થએલો છે. ''બ્રહ્માએ ઈંદ્રિયો બહાર જનારી કરેલી છે'' એવો કુદરતી દોષ ભગવાનનાં દર્શનથી દૂર થાય છે, કારણકે બીજાથી તે દૂર થઈ શક્તો નથી. બીજા દોષો તો દ્વારકા વિગેરેથી દૂર થાય છે એવો નિર્ણય છે.

ભગવાન રસરૂપ હોવાથી અમૃત ઓસડની પેઠે બંને[10] કેમ પ્રાપ્ત કરાવતા નથી? એવો પ્રશ્ન થાય, તેથી 'તૃપ્તિ થતી ન હતી' એમ કહેલું છે. ઉત્તમ પ્રકારે તૃપ્તિ થતી ન હતી. 'હિ' 'નિશ્ચય' શબ્દથી આ અર્થ યોગ્ય હોવાનું કહેલું છે. કારણકે જ્યારે ભગવાનનાં દર્શન થાય છે ત્યારે તૃપ્ત થાય છે. કારણકે પહેલી ક્ષણમાં થએલું દર્શન બીજી ક્ષણમાં દર્શન કરવાની રુચિ ઉત્પન્ન કરે છે. જો કે પદાર્થ જ[11] રુચિ ઉત્પન્ન કરે છે, છતાં પણ જ્ઞાનદ્વારા ઉત્પન્ન કરે છે, તેથી જ્ઞાન મુખ્ય છે. જ્ઞાન તો પદાર્થદ્વારા તૃપ્તિ ઉત્પન્ન કરે છે, તેથી તૃપ્તિ ઉત્પન્ન કરવામાં પદાર્થ મુખ્ય છે. તેથી વિષયથી જ્ઞાન પ્રબલ હોવાથી ઉત્તમ પ્રકારે તૃપ્તિ થતી નથી એવો અર્થ છે.

'દશઃ' 'દૃષ્ટિઓને' એમ ઘણી સ્ત્રીઓ[12] કહેલી હોવાથી, એક ભગવાનનાં સ્વરૂપથી ઉત્તમ પ્રકારની તૃપ્તિ ન થવાનું સૂચવેલું છે. વળી જે એક સ્વરૂપ અનુભવ કરવા યોગ્ય છે તે પણ 'શ્રિયોધામાંગમ્' લક્ષ્મીનાં સ્થાનરૂપ અંગ છે. તેથી તે લક્ષ્મી સાથેના ભગવાન બીજી સ્ત્રીઓને તૃપ્તિ કરનારા થતા નથી. વળી સ્ત્રીઓ પોતાની અંદર પુરુષનો પ્રવેશ થાય ત્યારે તૃપ્ત થાય છે, તે પણ ચાલુ પ્રસંગમાં નથી એમ 'અચ્યુત' શબ્દથી કહેલું છે. 'ન' નથી 'ચ્યુતમ્' સ્ત્રાવ જેનો તે અચ્યુત. તેથી વિષયના વિચાર પ્રમાણે પણ દૃષ્ટિઓની તૃપ્તિ થવાનો સંભવ નથી.૨૫

૧.'ઉત્સવ ઘણોજ આનંદ કરાવનાર છે. દર્શન નિત્ય થતાં હોવાથી બહુ આનંદ ઉત્પન્ન ન કરે, તેથી ઉત્સવરૂપ કેમ થાય? એવી શંકા થાય, તેથી દૃષ્ટિને તૃપ્ત કરનારું ન હોવાથી આનંદ કરાવનારું છે અને ભગવાનનાં અંગો પોતાને અધીન ન હોવાથી દૃષ્ટિ તૃપ્ત થતી નથી. એવો અર્થ છે

૨.ક્ષણે ક્ષણે જુદા જુદા પ્રકારનો આનંદ ઉત્પન્ન કરતું હોવાથી નિત્ય ઉત્સવરૂપ છે

૩.પાછળ પાછળનાં જ્ઞાનથી પહેલાંનાં જ્ઞાનનો તિરોભાવ થતો હોવાથી પ્રવાહની પેઠે એક સરખું જ્ઞાન નથી.

૪.ઈંદ્રિયો બહાર જનારી હોવાથી ભગવાનનું જ્ઞાન પ્રમાણથી થતું નથી, ભગવાનનાં સામર્થ્યથીજ તેમનું જ્ઞાન થતું હોવાથી, 'હું દર્શન કરું છું' એવું માન અભિમાન જ હોય છે. તેથી તૃપ્તિ ન થાય તે યોગ્ય જ છે.

૫.ભગવાનથી વિમુખ રહેવાથી ભક્તિ ન થવારૂપ દોષને લીધે.

૬.દૃષ્ટિ તેજરૂપ છે, અને 'તે તેજ મારું જાણ' એ વાક્ય પ્રમાણે તેજ ભગવાનનું હોવાથી તેમાં દોષ નથી. તેથી તે જે પદાર્થને જૂએ છે તે પ્રાકૃત હોવાથી તેના સંબંધને લીધે જ ચાંડાલના અગ્નિની પેઠે દોષવાળા થાય છે તેથી તેવા પદાર્થ ગ્રહણ કરવાનો સ્વભાવ હોવાથી ભગવાનનાં દર્શન કરવાની શક્તિ નથી.

૭.જીવ અથવા અંતઃકરણ કર્તા છે. તેનો ગુણ ભગવાનને સાધારણ માણસ જાણવાનો હોઈ, તેના સંબંધથી દોષવાળા થવાય છે.

૮.'દ્વારં કાયતિ' કહે તે દ્વારકા, તેમાં વાસ હોવાથી ભક્તિરૂપ સાધનનો ઉપદેશ થતાં ભગવાનમાં પ્રાકૃત પુરુષ હોવારૂપ વિષયનો દોષ અને કર્તામાં અધ્યાસ થવારૂપ દોષનો સંબંધ રહેતો નથી. તેથી દોષ દૂર થાય છે.

૯.'સર્વ' એટલે મોક્ષરૂપ ફલમાં વિઘ્ન કરનારા. ૧૦.દોષનો નાશ અને દર્શનથી થવાની તૃપ્તિ.
૧૧.ભગવાનનું સ્વરૂપ, એવો અર્થ જણાય છે.
૧૨.'દશઃ' 'દૃષ્ટિ' નારી જાતિનો શબ્દ હોવાથી, દૃષ્ટિઓને સ્ત્રીઓ કહેલી જણાય છે.

અન્ય અંગોનું દર્શન કરીને ભલે તૃપ્તિ પામે, કારણકે લક્ષ્મીનું સ્થાન તો માત્ર ભગવાનનું વક્ષસ્થલ છે એમ કહેવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**શ્રિયો નિવાસો યસ્યોરઃ પાનપાત્રં મુખં દશામ્ ।**
**બાહવો લોકપાલાનાં સારંગાણાં પદામ્બુજમ્ ।।૨૬।।**

જેમનું વક્ષઃસ્થલ લક્ષ્મીનું રહેઠાણ અને મુખ દૃષ્ટિઓનું પાન કરવાનું પાત્ર છે. બાહુઓ લોકપાલોના છે અને ચરણકમલ સારંગોનું છે.૨૬

ભગવાનનો કોઈપણ ભાગ એવો નથી કે જે લક્ષ્મી વિગેરેએ ગ્રહણ કરેલો ન હોય. તે પૈકી ઉપરનો ભાગ લક્ષ્મીએ જ રહેઠાણ અને દર્શનથી ગ્રહણ કરેલો છે. તે કહે છે. જેમનું 'ઉરઃ' વક્ષઃસ્થલ લક્ષ્મીનું રહેઠાણ છે. ભગવાનનું મુખ તેની જ દૃષ્ટિઓનું પાન કરવાનું પાત્ર છે. લક્ષ્મી ભગવાનના સ્વરૂપમાં રહેલી હોવાથી, તેની જુદી સ્થિતિ ન હોવાથી તે ભોગ કરનારી નથી. તેથી લક્ષ્મીનાં નયનોમાંથી નીકળેલી દૃષ્ટિઓ જ ભોગ કરનારી થાય છે. તેઓને ભોગ કરવાનાં સાધનની જરૂર હોવાથી, જ્યાં લાવણ્યામૃત રહે છે તે જ સાધન થાય છે. તેમાં ''ચમસનું પોલાણ નીચે છે, ઉપર તળીઊં છે'' એ શ્રુતિ પ્રમાણે મુખ પાન કરવાનું પાત્ર હોવાનું સિદ્ધ થએલું છે. 'પાત્ર' શબ્દ યોજેલ હોવાથી તે શાસ્ત્રમાં કહેલું છે. ઘણાનું એક પાત્ર હોવાથી, તેઓની જ તૃપ્તિ થવી દુર્લભ છે તો બીજાઓને તો તૃપ્તિ ક્યાંથી જ થાય એવું તાત્પર્ય છે.

'ત્યારે બીજાં અંગમાં દૃષ્ટિ રાખો' એવી શંકા થાય, તેથી કહે છે કે આલિંગન કરવા યોગ્ય બાહુઓ છે, પરંતુ બીજા પુરુષોએ કબજે કરેલા છે, અને તેઓ ઘણા છે અને પુરુષો છે, તેથી કાઢી મૂકી શકાય તેમ નથી. જ્યાં એક સ્ત્રી બે સ્થાનોનો કબજો કરી રહેલી છે તેને કાઢી મૂકી શકાતી નથી ત્યાં લોકપાલોને કેવી રીતે કાઢી મૂકી શકાય? વળી તેઓ લોકનું પાલન કરનારા હોવાથી જરૂરી છે.

'ત્યારે તેથી પણ નીચેના અવયવો ઉપર દૃષ્ટિ નાખો' એમ કહેતા હો તો કહે છે કે 'ચરણકમલ સારંગોનું છે'. વચમાં જે અવયવો છે તે વસ્ત્રો વિગેરેથી જ વીંટાએલા હોવાથી દર્શન કરવા યોગ્ય રહેલા નથી. તેથી માત્ર બે ચરણો બાકી રહે છે. તેઓમાંનું પણ ઉપર ગએલું એક ચરણ લોકની સ્થિતિ રહે તે માટે બ્રહ્મા વિગેરેએ જ ગ્રહણ કરેલું છે. ત્યાં ઉપર જ રહેલું અને ગંગાએ ગ્રહણ કરેલું તે ચરણ બ્રહ્માંડના પોલાણમાં રહેલું છે. તેમ તે ન રહે તો બ્રહ્માંડ જલથી પૂરાઈ જવાથી સર્વનો નાશ થાય. પછી એક ચરણ બાકી રહ્યું, અને તેનો ઘણાએ કબજો કરેલો છે.

'સારં' સાર 'ગચ્છન્તિ' પ્રાપ્ત કરે તે 'સારંગાઃ'. એટલે ઉત્તમ આચારવાળા કર્મમાં

શ્રદ્ધાવાળા. અને વળી 'સરતિ' સરે તે 'સર' [1]તેનો સમૂહ 'સારઃ' રસનો સમૂહ એવો અર્થ થયો. અથવા 'સર' ના અક્ષરો ઉલટાવવાથી 'રસ' નો સમૂહ 'સારઃ' થયો. તેઓ'[2] કર્મનાં ફલ ઈચ્છનારા વિષયી પુરુષો, અથવા યોગીઓ છે. વળી 'સારં ગચ્છન્તિ' સાર પ્રાપ્ત કરે તે સારંગો એટલે જ્ઞાનીઓ. વળી 'સારં ગચ્છન્તિ' સારનું ગાન કરે તે સારંગો એટલે ભક્તો. વળી 'અરસહિતં' સુદર્શન સાથેના 'સારં' એટલે ભગવાન અથવા આરા સાથેનું સુદર્શન તેમની પાસે કાલથી ભય પામેલાઓ 'ગચ્છન્તિ' જાય છે અથવા તેમનું ગાન કરે છે તે સારંગો એટલે સાત્ત્વતો. બધા એક પ્રકારના હોવાથી બધા માટે એક શબ્દ 'સારંગ' રાખેલ છે. એવી રીતે ઘણા ઘણા પ્રકારના પુરુષો છે. તેઓનો ચરણકમલ એકલું આશ્રય છે. પદ ચરણ હોવાથી જ તેઓ ત્યાંથી ખસતા નથી, અને સમૂહની[3] શક્તિથી તેઓ જ રસ જાણે છે. ચરણો કમલસ્વરૂપ હોવાથી બધા એ રસ ઈચ્છનારા છે. તેથી દૃષ્ટિને ભગવાનનાં અવયવોમાં કાંઈ સ્વતંત્ર સ્થાન ન હોવાથી તૃપ્તિ ન થાય તે યોગ્ય છે, એવો અર્થ છે.૨૬

૧.'સર' એટલે પ્રવાહી દ્રવ્ય. રસ પ્રવાહી છે. ૨.'તેઓ' એટલે રસના સમૂહને પ્રાપ્ત કરનારાઓ.
૩.કોશમાં 'સારંગ'નો અર્થ ભ્રમર હોવાથી ભ્રમરો રસ જાણે છે.

એ પ્રમાણે સામાન્ય રીતે પુરીનું અને તેમાં રહેલ ભક્તોનું નિરૂપણ કરીને, ભગવાનનું ઉત્તમ પ્રકારે વર્ણન કેમ ન કર્યું તે જાણવાની ઈચ્છા થતાં, 'ઉપમાન ન હોવાથી ન કહ્યું' એમ જો કહેવામાં આવે, ત્યારે ભક્તોની બુદ્ધિથી ન હોઈ શકે તેવી ઉપમાથી વર્ણન કરવું જોઈએ, એવો સિદ્ધાંત કહેવા નીચેનો શ્લોક કહે છે :

**સિતાતપત્ર-વ્યજનૈરુપસ્કૃતઃ પ્રસૂનવર્ષૈઃ અભિવર્ષિતઃ પથિ ।**
**પિશંગવાસા વનમાલયા બભૌ ઘનો યથાઽર્કોડુપચાપવૈદ્યુતૈઃ ।।૨૭।।**

શ્વેતછત્ર અને ચમરીઓથી શોભતા, માર્ગમાં પુષ્પોની વૃષ્ટિઓથી છંટકારાતા પિશંગ રંગના વસ્ત્રવાળા જેમ સૂર્ય ચંદ્રો મેઘધનુષ્ય અને વિજળીથી વાદળું શોભે તેમ વનમાલાથી શોભતા હતા.૨૭.

'સિતાતપત્રમ્' શ્વેત છત્ર અને 'વ્યજને' બે ચમરીઓ, તે શ્વેત છત્ર અને ચમરીઓ. સર્વ તરફથી કરવામાં આવેલી પુષ્પોની વૃષ્ટિઓ, જુદા-જુદા પુરુષોથી કરાતી હોવાથી અથવા જુદાં-જુદાં પુષ્પો હોવાથી બહુવચન યોજેલું છે. પીતાંબર સદાનું વસ્ત્ર હોવા છતાં રૂપવાળા ભગવાનના વર્ણનમાં રૂપનાં કારણ તરીકે કહેલું છે. વનમાલાથી જણાતા અથવા વનમાલા સાથેના ભગવાન શોભતા હતા. અથવા એ પ્રમાણેની સર્વ સામગ્રીઓ હતી ત્યારે વનમાલાથી જ શોભતા હતા. જેમ વચમાં શ્યામ વાદળું હોય, પછી ઉપર સૂર્ય હોય, પડખે ફરતાં બે ચંદ્રો હોય અને કેડ ઉપર સ્થિર વીજળી હોય, અને બે ઈંદ્રધનુષ્ય બંને પડખે ભેગાં થએલ હોય ત્યારે ભગવાન જેવું દૃશ્ય થાય, એવી ન હોઈ શકે તેવી ઉપમા કહી.૨૭

એ પ્રમાણે વર્ણન સમાપ્ત કરીને આ શ્લોકથી આરંભી સંબંધીઓનો ઘણો સ્નેહ કહે છેઃ

**પ્રવિષ્ટસ્તુ ગૃહં પિત્રોઃ પરિષ્વક્તઃ સ્વમાતૃભિઃ ।**
**વવન્દે શિરસા સપ્ત દેવકીપ્રમુખાસ્તદા ।।૨૮।।**

માત-પિતાના ઘરમાં પ્રવેશ કરેલા, પોતાની માતાઓથી ભેટાએલાએ તો તે સમયે દેવકી જેઓમાં મુખ્ય હતી તેવી સાત માતાઓ ને શિરથી નમન કર્યું.૨૮

'ત'' 'તો' શબ્દ પહેલાંનું વર્ણન હવે થતું ન હોવાનું જણાવે છે. 'પિત્રો' એ દ્વિવચનવાળા શબ્દથી બધી માતાઓ એક હોવાનું જણાવેલ છે. કારણકે તેઓના ગુણ અને સ્વભાવ જુદા ન હતા. જુદાઈનું કારણ[1] ન હોવાથી પિતાનું ઘર બધી માતાઓનું એક ઘર હતું. ભગવાનનો પ્રવેશ થતાં તરતજ ભગવાનની ક્રિયા થાય તે પહેલાં, તેઓએ જ ભેટવાનું વિગેરે કર્યા, એમ ' પોતાની માતાઓથી ભેટાએલા ' શબ્દથી કહેલ છે. ''જેઓ મને જે પ્રમાણે ભજે છે'' (ભગ.ગીતા ૪।૧૧) એ વાક્ય પ્રમાણે માતાઓને તે બાલક જ જણાતા. ભગવાનના ગુણ કરતાં લૌકિક ગુણ બહારનું અંગ હોવાથી ભગવાન નમસ્કાર કરે તે પહેલાંજ ભેટવાનું થયું. 'પોતાની માતાઓથી' શબ્દથી એમ જણાવેલ છે કે પિતાની પણ માતાઓ હતી, તેથી 'પોતાની માતાઓથી' એમ કહેલું છે. સાત દેવકી વિગેરે બેનો હતી. બીજી અગીઆર વસુદેવની સ્ત્રીઓ હતી. એકથી ઉત્પન્ન થએલી કન્યાઓ હોય ત્યારે વરના ગુણ અને સ્વભાવ કન્યાઓથી જુદા ન હોય ત્યારે જ એક વરને ઘણી કન્યાઓ પરણાવાય; અને કન્યાઓ પણ ત્યારે જ પત્નીઓ થાય. તેમ ન હોય તો 'જેઓ તમારા સ્વભાવને અનુસરનારી છે' એ વાક્યને લીધે પતિનું અર્ધ ન થાય. ઘણા પતિ હોય ત્યાં પણ આ જ કારણ છે. તેથી જ દેવકી જેઓમાં મુખ્ય હતી તેવી સાત સરખા સ્વભાવવાળી હોવાથી 'માતાઓ' એમ કહેલી છે. એક જ સમયે બધી સાતેને નમન કર્યું. 'શિરથી' શબ્દથી આ ભગવાનનો ગુણ હોવાનું જણાવેલ છે. શબ્દથી બોલીને સર્વને એક સાથે નમન કરવાનું સંભવે, પરંતુ કાયાથી એક જ વખતે સાતને નમન કરવાનું ન સંભવે. તેથી શિરથી (કાયાથી) નમન કર્યું. 'તે સમયે' એટલે ભગવાનનો ગુણ પ્રકટ થાય તે માટે એવી રીતે નમન કર્યું.૨૮

૧.સ્ત્રીઓના ગુણ અને સ્વભાવ જુદા જુદા હોય તો તે જુદા ઘરમાં રહેવાનું કારણ થાય, તેવું ન હતું.

નમસ્કાર કર્યા પછી ભગવાનમાં બાલકપણું જ પ્રકટ થયું, તેથી બાલક પુત્ર પ્રતિ જે કરવું જોઈએ તે તેઓએ કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તાઃ પુત્રમ્ અંકમ્ આરોપ્ય સ્નેહસ્નુત-પયોધરાઃ ।**
**હર્ષવિહ્વલિતાત્માનઃ સિષિચુર્નેત્રજૈર્જલૈઃ ।।૨૯।।**

સ્નેહથી ઝરતાં સ્તનવાળી, હર્ષથી વિહ્વલ થએલ અંતઃકરણવાળી તેઓએ પુત્રને ખોળામાં બેસાડી નેત્રોમાંથી નીકળતાં જલોથી સિંચન કર્યું.૨૯

બધીઓજ પુત્રને ખોળામાં બેસાડી, બાલક ઉપરના સ્નેહને લીધે ઝરતાં સ્તનવાળી થઈ, પરંતુ તે દૂધનો કાંઈ ઉપયોગ થયો નહીં. ભગવાનનું ઉત્તમપણું અને મોટું વય જાણવા છતાં પણ હર્ષથી વિહ્વલ થએલાં અંતઃકરણવાળી થઈ, કારણકે પહેલાંનો સંસ્કાર દઢ હતો.

નેત્રોમાંથી નીકળતા જલોથી ભગવાનના કેશોનું સિંચન કર્યું.૨૯

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી પત્નીઓની અવસ્થા કહે છે :

**અથાવિશત્સ્વભવનં સર્વકામમ્ અનુત્તમમ્ ।**
**પ્રાસાદા યત્ર પત્નીનાં સહસ્રાણિ ચ ષોડશ ।।૩૦।।**

પછી જેમાં સર્વ કામો હતાં, જેનાથી ઉત્તમ કાંઈ ન હતું અને જેમાં સોળ હજાર પત્નીઓના મહેલો હતા તેવા પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.૩૦

વિશ્વકર્માએ પોતાનું ચાતુર્ય જણાવવા એક જ મહેલમાં સોળ હજાર મહેલો કરેલા. તેથી જ તે ‘અનુત્તમ’ હતું. ‘ન’ નથી ‘ઉત્તમમ્’ ઉત્તમ જેનાથી તેવું હતું. સર્વ કામો હતા જેમાં, અથવા સર્વ કામનાઓ પૂર્ણ કરનારા પદાર્થોનું અસ્તિત્વ હતું જેમાં તેવું હતું.૩૦

**પત્ન્યઃ પતિં પ્રોષ્ય ગૃહાનુપાગતં વિલોક્ય સઞ્જાતમનોમહોત્સવાઃ ।**
**ઉત્તસ્થુરારાત્સહસાઽઽસનાશયાત્ સાકં વ્રતૈર્વ્રીડિતલોચનાનનાઃ ।।૩૧।।**

પરદેશમાં રહી ઘેર આવેલા પતિને દૂરથી જોઈને જેઓના મનમાં મોટો ઉત્સવ થએલો છે અને જેમના લોચન અને મુખ લજ્જાવાળાં થયાં છે તેવી પત્નીઓ એકાએક આસન અને અંતઃકરણ થી વ્રતો સાથે ઉભી થઈ ગઈ.૩૧

જેમ માતાઓ પાસે પુત્ર તરીકે ભગવાને પોતે પ્રવેશ કરેલો તેમ પત્નીઓ પાસે પણ પતિ તરીકે પ્રવેશ કર્યો, ઈશ્વર તરીકે પ્રવેશ કર્યો નહીં. તેથી સાધારણ પતિ તરીકે તેઓએ કાર્ય કરવું યોગ્ય હતું. દૂરથી આવતા પતિને જોઈને જેઓના મનમાં સારી રીતે મોટો ઉત્સવ થએલો તેઓ ‘આરાત્’ દૂરથી જ ઉભી થઈ ગઈ. ‘એકાએક’ ઉભી થઈ તેથી સાવધાન થઈ ન હતી, જેવી સ્થિતિમાં હતી તેવીજ ઉભી થઈ ગઈ. દેહ અને અંતઃકરણ અનુક્રમે આસનમાં અને ચિંતામાં પડેલા હતાં, તેથી હવે તેવા બે પ્રકારની સ્થિતિવાળીઓ આસન અને અંતઃકરણથી પણ ઉભી થઈ ગઈ, પરંતુ વ્રતો તો રહેલાં જ હતાં; કારણકે સારાં અલંકાર ધારણ કરેલાં ન હતાં; એવો ભાવ છે. તેથી જ લજ્જાથી અડધાં બીડાએલાં હતાં લોચનો અને મુખ જેમનાં તેવી હતી.૩૧

નીચેના શ્લોકમાં તેઓએ કરેલ ભગવાનનું પૂજન કહેલ છે :

**તમ્ આત્મજૈર્દષ્ટિભિરન્તરાત્મના દુરન્તભાવાઃ પરિરેભિરે પતિમ્ ।**
**નિરુદ્ધમપ્યાસ્ત્રવદમ્બુ નેત્રયોઃ વિલજ્જતીનાં ભૃગુવર્ય વિક્લવાત્ ।।૩૨।।**

તે પતિને પુત્રોથી દષ્ટિઓથી અને અંદર પ્રવેશેલા મનથી, જેમની લાગણીનો અંત ન હતો તેવી પત્નીઓ ભેટી. હે ઉત્તમ ભાર્ગવ! લજ્જા પામતી તેઓનાં નેત્રોમાંથી રોકી રાખેલું હોવા છતાં આંસુ વિકલપણાંને લીધે ખરી પડ્યું.૩૨

તે આવતાને જ તે બધીઓએજ એક સાથે કાયા અને મન થી આલિંગન કર્યું. તે આલિંગનના જુદા-જુદા પ્રકાર 'પુત્રોથી, દષ્ટિઓથી અને અંદર પ્રવેશેલા મનથી' શબ્દોથી કહેલ છે. પુત્રોને ભગવાનના હસ્તમાં આપતી હોય તેની પેઠે સમીપમાં આવી કાયાથી ભેટી. તેવી રીતે 'દષ્ટિઓથી' ભેટી. પોતાની દષ્ટિ ભગવાનની દષ્ટિ સાથે જોડતાં, ભેટવાનો અર્થ બહાર કાઢીને, ક્રિયાહીન, કરચલીવાળી વિગેરે દષ્ટિઓથી ભેટી. અને 'અન્તરાત્મના' ભગવાનમાં પ્રવેશ કરેલાં મનથી ભેટી. તેઓનો મનોરથ ભેટવામાં જ સમાપ્ત થયો, બહારનું કાંઈ કાર્ય કર્યું નહીં. તેનું કારણ 'જેમની લાગણીનો અંત ન થયો હતો' વિશેષણથી કહેલું છે. દુષ્ટ[1] હતો અંત જેનો, તેવી લાગણી તો અંદરની હતી. તે પૂરી થાય ત્યારે બહારની ક્રિયા થાય, અને તે માન ઉતારવામાં આવે ત્યાં સુધી રહેનારી હતી. તેથી વિકલપણાને લીધે માન ઉતરાવાય તે પહેલાં જ આંસુ આવ્યું. તે માનવાળી પત્નીઓએ રોકી રાખ્યું તો પણ 'આસ્રવત્' થોડું ખરી પડ્યું. 'માનવાળી પત્નીઓ માટે આ અયોગ્ય હતું' એવી શંકા થાય તેથી 'હે ઉત્તમ ભાર્ગવ!' એવું સંબોધન કરેલું[2] છે. તેથી એમ કહેવાયું કે ભગવાનનાં માહાત્મ્યને લીધે તેમ થયું. માન ન રહેતાં આંસુ ખરી પડ્યું.૩૨

૧.'દુષ્ટ' એટલે હલકો આવે નહીં તેવો, એવો અર્થ જણાય છે.

૨.ભૃગુએ ભગવાનનાં માહાત્મ્યનો અનુભવ કરેલો. તમે શૌનક તેના વંશમાં મુખ્ય હોવાથી તમને પણ તે માહાત્મ્યનું જ્ઞાન થશે એવા અભિપ્રાયથી સંબોધન કરેલું છે.

એવી રીતે તેઓનો ભગવાનમાં ઘણો પ્રેમ કહીને, ' તે આશ્ચર્યકારક છે' અવી શંકા થતાં તેનું કારણ નીચેના શ્લોકથી કહે છે :

**યદ્યપ્યસૌ પાર્શ્વગતો રહોગતઃ તથાપિ તસ્યાંઘ્રિયુગં નવં નવમ્ ।**
**પદે પદે કા વિરમેત તત્પદાત્ ચલાપિ યચ્છ્રીર્ન જહાતિ કર્હિચિત્ ।।૩૩।।**

જો કે તે સમીપ આવેલા, અને એકાંતમાં આવેલા, છતાં પણ તેમનાં બે ચરણો પગલે-પગલે નવાં-નવાં છે. તેમના ચરણથી કોણ દૂર રહે? લક્ષ્મી ચંચલ હોવા છતાં પણ તેનો કોઈ પણ સમયે ત્યાગ કરતી નથી.૩૩.

જો કે રડવું અયોગ્ય હતું. વસ્તુ પ્રાપ્ત થએલ ન હોય ત્યારે તે રડવાનું થાય અને તે ભગવાન સમીપ આવેલા, અને તે પણ એકાંતમાં[1], કારણકે તેઓની કલ્પના પ્રમાણે જ ભગવાને સમીપ અને એકાંતમાં આવવાનું કરેલ, છતાં પણ તેમનાં બે ચરણ નવાં છે. તેઓનો મનોરથ એવો હતો કે બે ચરણો હૃદય ઉપર પધરાવવાં, અને તે ઘણો જ રસ પ્રકટ થતાં બંધ વિગેરે થાય ત્યારે કરી શકાય; અને પ્રથમ ભક્તિથી, ધર્મથી અથવા લોક રીત થી ચરણને ધોવાનું અને ચાંપવાનું કરવામાં આવે ત્યારે ઉપર કહેલો મનોરથ સિદ્ધ થાય. તે વિષયમાં ભગવાનનું ચરણારવિંદ સદા નવું થતું હોવાથી પહેલી ક્રિયાથી જ જન્મ પૂરો થઈ જાય; તેથી રડવું યોગ્ય હતું એમ કહેલું છે. 'પદે પદે' એટલે ક્ષણે-ક્ષણે અથવા પગલે-પગલે ચરણ નવું

થતું હોવાથી નવિન જ રહે છે; અને તેથી કઈ સ્ત્રી મનોરથ પૂર્ણ ન થવાનાં કારણે એકવાર પણ ચરણથી દૂર રહે. અથવા તેમના ભક્તિ કરવાના પદાર્થની પ્રથમ સેવા કરતાં અટકે? કારણકે ત્યાર પછી પાછળના મનોરથનો આરંભ થાય. તેથી રડવું યોગ્ય હતું, એવું તાત્પર્ય છે. 'લક્ષ્મી ચંચલ હોવા છતાં પણ તેનો ત્યાગ કરતી નથી ' શબ્દોથી આ વિષયનું દષ્ટાંત કહેલું છે. વાસ્તવિક રીતે લક્ષ્મી ચંચલ છે છતાં પણ પૂરું થતું નથી; કારણકે ચરણ નિત્ય નવું હોય છે. તેથી કોઈ પણ સમયે ભગવાનનો ત્યાગ કરતી નથી.૩૩

૧.આથી એમ જણાય છે કે સોળે હજાર મહેલોમાં ભગવાન એક જ સમયે દરેક પત્નીની પાસે એકાંતમાં પધારેલા.

જેમ એવા પ્રકારથી લક્ષ્મીને અને બીજી પત્નીઓને કાર્ય પૂરું કર્યા વિનાની જ રાખે છે, અને તે તેઓ જાણતી નથી, એવી જ રીતે ભૂમિનો ભાર હરવા પ્રવૃત્ત થયેલા ભગવાને વચ્ચે સમાપ્ત થયા વિનાની એક ક્રિયાથી જ કાર્ય સમાપ્ત કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવં નૃપાણાં ક્ષિતિભારજન્મનામ્ અક્ષૌહિણીભિઃ પરિવૃત્તતેજસામ્ ।**
**વિધાય વૈરં શ્વસનો યથાડનલં મિથો વધેનોપરતો નિરાયુધઃ ।।૩૪।।**

એવી રીતે ક્ષિતિના ભારરૂપ જેઓનો જન્મ થયેલ, અને અક્ષૌહિણીઓથી જેઓનું તેજ વધી ગએલ તેવા રાજાઓમાં વેર ઉત્પન્ન કરીને-જેમ વાયુ અગ્નિથી કરાવે તેમ-પરસ્પર વધ કરાવીને, આયુધ વિનાના ભગવાન અટક્યા.૩૪.

જેમ સ્ત્રીઓ પોતે જ કાર્યમાં રોકાએલી રહે છે, બીજી ક્ષણના કાર્ય માટે પ્રાર્થના કરતી નથી, એવી રીતે ભૂમિનો ભાર હરવાના પહેલાં કાર્યનો આરંભ કર્યો ત્યારે છેવટ સુધી તેજ ચાલ્યા કરે છે. જેમ પહેલાં અગ્નિનો સંબંધ થાય ત્યારે સર્વ બળી જાય ત્યાં સુધી તે અગ્નિ પોતે જ ચાલુ રહે છે. એવી રીતે આ ભગવાન અદ્ભુત કર્મ કરનાર છે, લોકના જેવા[૧] નથી. ભૂમિના ભાર માટે જન્મ થએલ જેઓનો, પોતાની મેળે કરવાનું કાર્ય ભૂમિનો ભાર ઉત્પન્ન કરવાનું જેમનું હતું, અને તેમાં પણ 'અક્ષૌહિણીભિઃ' અક્ષૌહિણી સંખ્યાવાળી સેનાઓથી 'પરિવૃતં' બમણું થયેલ હતું તેજ જેઓનું તેવા રાજાઓ હતા. તે સંબંધમાં ભગવાનનું કાર્ય ઉત્તરાર્ધથી કહેલું છે. 'વિધાય વૈરમ્' પરસ્પર વેદ ઉત્પન્ન કરીને વધ કરાવ્યો. તે વેરની શક્તિ 'જેમ વાયુ અગ્નિથી કરાવે તેમ' શબ્દોથી કહેલું છે. વાયુ નિમિત્ત[૨] છે, અગ્નિજ બાળનારો છે. વાંસડાઓના ઘસાવાથી ઉત્પન્ન થએલો તે તો બધું બાળે છે, તેવી રીતે આ ભગવાન પણ રાજાઓનો પરસ્પર વધ થયો ત્યારે અટક્યાં; પરસ્પર વધ કરાવીને અટક્યા એવો અર્થ છે. તેઓ જીવતા રહ્યા હોત ત્યાંસુધી અટકત નહીં, એવો અર્થ છે. 'નિરાયુધઃ' એટલે 'નિગતાનિ' જતાં રહેલાં છે 'આયુધાનિ' આયુધો જેમનાં તેવા ભગવાન હતા. કારણ કે જેમ અગ્નિનું આયુધ બળતણ છે તેમ પરસ્પર રાજાઓ જ તેમનાં આયુધો હતા. એવી રીતે સર્વનો સંહાર કરનાર આ ભગવાન અદ્ભુત કાર્ય કરનાર ઉત્તમ છે. તેમનું સર્વ કાર્ય પૂરૂં થયું.૩૪

૧. 'તેથી કાર્ય પૂરું થતાં સુધી પોતે જ ચાલુ રહે છે' એટલું અધ્યાહાર છે.
૨. 'નિમિત્ત' એટલે સહકારી. બાળવામાં મદદ કરનારો.

હવે ભક્તોનો ઉદ્ધાર કરનાર ભાગવતના અધિકારીને દેહની પ્રાપ્તિ કરાવવાની રહી. તે આગળ બારમા અધ્યાયમાં કહેવામાં આવશે. વચ્ચમાં તે ભગવાન વિરુદ્ધ ધર્મના આધાર છે એમ કહેવા, નીચેના શ્લોકથી આરંભી તેમની શૃંગારલીલા કહે છે :

**સ એવ નરલોકેઽસ્મિન્ અવતીર્ણઃ સ્વમાયયા ।**
**રેમે સ્ત્રીરત્નકૂટસ્થો ભગવાન્ પ્રાકૃતો યથા ।।૩૫।।**

તે જ ભગવાન પોતાની માયાથી આ નરલોકમાં અવતર્યા. અને પ્રાકૃત મનુષ્ય પેઠે ઉત્તમ સ્ત્રીઓના સમૂહમાં રહી તેમણે રમણ કર્યું. ૩૫

તેજ સંહાર કરનાર કાલરૂપ ભગવાન ભક્ષણ કરવાના મનુષ્યોમાં પોતે પણ તેમના દેહથી અવતર્યા. જેમ કોઈ પણ ન જાણે તેમ પોતાની માયાથી હણવાના કારણરૂપ 'સ્ત્રીરત્નકૂટે' સુંદર સ્ત્રીઓના સમૂહમાં પોતે જ રહીને, તેમને વશ થઈને[1] ભગવાને પ્રાકૃત પુરુષની પેઠે રમણ કર્યું. ''જ્યાં સુધી રસમાં પ્રવેશ કરેલ ન હોય ત્યાં સુધી તેનો રસ જાણતો નથી'' એમ કામશાસ્ત્ર કહે છે. પોતાને વશ રહેનારને રસ પ્રાપ્ત થતો નથી. ૩૫

૧. મુંબઈવાળી પ્રતમાં 'ગ' પુસ્તકનો પાઠ જણાવેલ તે લીધો છે.

'અંગીકાર કરેલો ગ્લાનિથી દોષ થતો નથી' એ ધોરણે, એવા પ્રકારના ભગવાનની કૃતિથી ભગવાને રમણ કર્યું, પરંતુ વિષયના નિયમ પ્રમાણે તેમ કરેલ ન હતું, એમ સિદ્ધ કરવા નીચેના શ્લોક કહે છે :

**ઉદ્દામભાવપિશુનામલવલ્ગુહાસ વ્રીડાવલોકનિહતો મદનોઽપિ યાસામ્ ।**
**સમ્મુહ્ય ચાપમજહાત્ પ્રમદોત્તમાસ્તા યસ્યેન્દ્રિયં વિમથિતું કુહકૈર્ન શેકુઃ ।।૩૬।।**

જેઓની ઉચ્છૃંખલ લાગણી સૂચવનાર નિર્દોષ મનોહર હાસ્ય અને લજ્જાવાળી દૃષ્ટિથી ઘવાએલા મદને પણ ધનુષ્ય તજી દીધેલું તે ઉત્તમ સ્ત્રીઓ કપટોથી પણ જેમની ઈંદ્રિયને વશ કરી શકી ન હતી તેવા ભગવાન છે. ૩૬

જો કે સ્ત્રીઓ ઘણી શક્તિવાળી છે, છતાં પણ તેઓ ભગવાનનાં મનને જીતી શકતી ન હતી. તેઓનું સામર્થ્ય કહે છે કે 'ઉદ્દામ' ઉચ્છૃંખલ જે 'ભાવઃ' લાગણી, લજ્જા ભય વિગેરે બંધનો છે. તે ન હોવાથી લાગણી ઉચ્છૃંખલ છે, તેને 'પિશુન્' સૂચવનાર 'અમલઃ' અને 'વલ્ગુઃ' નિર્દોષ અને મનોહર જે 'હાસઃ' હાસ્ય, ન જણાવવા જેવાને કસમયે અને ખોટાં સ્થાને જણાવે તેથી સૂચવનાર કહ્યો એવું હોવા છતાં હાસ્ય નિર્દોષ, સ્વાભાવિક હોવાથી દોષરહિત અથવા સ્વચ્છ છે. કારણકે જેને સૂચવે છે તેનું હિત કરે છે તે સંબંધમાં તેની શક્તિ 'વલ્ગુઃ' 'મનોહર' વિશેષણથી કહેલી છે, કારણકે તે પુરુષનાં મનને હરે છે. આવું હાસ્ય પ્રથમ

પ્રવૃત્તિ કરે છે તે પછી તેનું કાર્ય થયા પછી તે પોતાની મેળે પ્રવૃત્ત થએલ હોવાથી 'વ્રીડા' લજ્જા થાય છે, પછી પોતે ઠગાએલ હોવાનું સૂચવનાર 'અવલોકઃ' દૃષ્ટિ કરે છે, તેનાથી પણ 'નિહતઃ' ઘવાએલો 'મદનઃ' સર્વને મોહ કરવાની પ્રવૃત્તિ કરનારા કામદેવે તે દૃષ્ટિનું બલ જાણીને 'મારું કાર્ય આ સ્ત્રીઓ જ કરશે તેથી મારે ધનુષ્યનું શું પ્રયોજન છે?' એવા, અને 'જ્યારે આ મને પણ મોહ કરે છે, ત્યારે બીજો કોઈ કેમ મોહ નહીં પામે?' એવા વિચારથી પોતે ધનુષ્યને તજી દીધું. એવી રીતે કામદેવથી પણ અધિક કામની સેનાઓ છે. તે જ આ ભગવાનની સ્ત્રીઓ. છતાં પણ તેઓ જે ભગવાનની 'ઈંદ્રિયં' મનને 'વિમથિતું' વશ કરવાનું અનેક પ્રકારનાં કપટોથી પણ કરી શકી નહીં, એવી શક્તિવાળી થઈ ન હતી. માત્ર દૃષ્ટિથી જ કામદેવ ઉપર વિજય મેળવ્યો, અને કપટોથી પણ તે ભગવાનનું મન જીતવા શક્તિવાળી થઈ નહીં, એવો અર્થ છે. ભગવાનની દૃષ્ટિથી[1] તેઓ મોહ પામેલી હોવાથી ભગવાનનાં મનને જીતી ન શકે તે યોગ્ય છે, એવો ભાવ છે.૩૬

૧.'દૃષ્ટિમોહિતત્વાદ્યુક્તમ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

એવી રીતે પોતે પરાજય પામેલી અને અશક્ત હોવા છતાં પણ અજ્ઞાનને લીધે પોતાના [1]ગુણનો ભગવાનમાં આરોપ કરે છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તમ્ અયં મન્યતે લોકો હ્યસંગમપિ સંગિનમ્ ।**
**આત્મૌપમ્યેન મનુજં વ્યાપૃણ્વાનં યતોઽબુધઃ ।।૩૭।।**

મનુષ્યના જેવી ચેષ્ટા કરનાર સંગરહિત હોવા છતાં તેમને આ લોક પોતાની સરખામણીથી સંગવાળા માને છે, કારણકે અજ્ઞાની છે.૩૭

ભગવાન સંગરહિત હોવા છતાં મૂર્ખ લોકો તેમને પોતાનાં દૃષ્ટાંતથી સંગવાળા માને છે. 'ભગવાન સંગવાળા છે, વિષય સાથેના મનવાળા હોવાથી, દેવદત્તની પેઠે' એવાં ઉપાધિ[2] તજી દઈને કરેલાં અનુમાનથી ભગવાનને પણ સંગવાળા માને છે. તે સંબંધમાં વિચાર કરનારાઓ પણ ઉપાધિને તજે છે તેનું કારણ 'મનુષ્યના જેવી ચેષ્ટા કરનાર' વિશેષણથી કહેલું છે. પોતાને[3] જેમ લોક* મનુષ્ય માને તેવી ચેષ્ટા કરનારા ભગવાન છે. તેથી તાત્પર્ય ન જાણવાને લીધે, અજ્ઞાનીપણું વિગેરે જણાવવામાં જીવરૂપ ઉપાધિ હોવાથી, અને તે લોક જાણતા ન હોવાથી તેમ સંગી માને છે તેથી અજ્ઞાની છે, એવો અર્થ છે.૩૭

૧.ભગવાનની સ્ત્રી એવી શક્તિવાળી હોવા છતાં ભગવાનના મતને જીતી શકી નહીં, છતાં લોક અજ્ઞાનને લીધે પોતાનો સંગવાળા હોવાનો ગુણ, ભગવાનમાં પણ હોવાનું માને છે એવો અર્થ જણાય છે.

૨.જીવપણું પોતાનો ખાસ ગુણ છે, તે ભગવાનમાં નથી. જીવપણાંને લીધે પોતે સંગી છે તે વિચાર્યા વિના એવું અનુમાન કરે છે, એવો ભાવ જણાય છે.

૩.'પોતાને' એટલે પોતાના સ્વરૂપને, ભગવાનનાં સ્વરૂપને (પ્ર)

'ભગવાન મનુષ્ય છે એમ જણાવનારી ભગવાનની ક્રિયા જેમ મનુષ્યોમાં અજ્ઞાન

ઉત્પન્ન કરનારી છે તેમ પોતાના આધાર ભગવાનમાં હલકાપણું કરાવનારી પણ છે, કારણકે લોકમાં તેવુંજ સદાનું સાહચર્ય જોવામાં આવે છે. અજ્ઞાનપણું વિગેરે વીરપણાંની સાથે રહેલા હોય છે કારણકે દોષથી ઉત્પન્ન થએલાં છે, મૂર્ચ્છા વિગેરેની પેઠે' એવાં સંદેહરહિત અનુમાનથી ભગવાન જીવ હોવાનું પણ જણાવે છે.

વળી બ્રહ્મ ઉત્પન્ન કરનાર તરીકે ઠગનાર હોવાથી પણ તે જીવ છે. 'જીવ હોય તો પણ ઠગવાનું નકામું થાય' એમ પણ ન કહેવું. કારણકે મુક્ત જીવો પણ તેમ કરે છે (ઠગે છે). પોતાને બંધન થાય એવા ભયથી જ તેઓ તેમ કરતા જોવામાં આવે છે, બીજા પ્રયોજનથી તેમ કરતા નથી એવી શંકા[1] થાય, તેથી ભગવાનમાં જીવથી ભેદ હોવાનું કહેતાં, વિષયનો સંબંધ જીવપણું જણાવનારો નથી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એતદ્ ઈશનમ્ ઈશસ્ય પ્રકૃતિસ્થોઽપિ તદ્ગુણૈઃ ।**
**ન યુજ્યતે સદાઽઽત્મસ્થૈઃયથાઽબુદ્ધિસ્તદાશ્રયા ।।૩૮।।**

આ ઈશ્વરનું ઈશ્વરપણું છે કે પ્રકૃતિમાં રહેલા હોવા છતાં પણ તેમના આશ્રયે રહેલી અબુદ્ધિની પેઠે સદા પોતાની અંદર રહેલા તે પ્રકૃતિના ગુણો સાથે સંબંધમાં આવતા નથી.૩૮

આ ખોટું કહો છો કે વિષયોના સંબંધથી જીવપણું પ્રાપ્ત થાય છે. ભ્રમથી જ[2] વિષયોનો સંબંધ થાય ત્યારે જીવપણું થાય છે. આ ભગવાનનો વિષયો સાથેનો સંબંધ તો ઈશ્વરપણું[3] જણાવનારો છે. કારણકે નિશ્ચિત કાર્ય કરનાર વિષયોનો સંબંધ તેમનામાં કાર્ય કરતો નથી, અને જીવના ગુણો તેનાં કાર્યને અટકાવનારા નથી. મણિ [4]મંત્રો વિગેરે પણ અલૌકિક હોવાથી ભગવાનની શક્તિવાળાં છે. તેથી પ્રકૃતિમાં રહેલા હોવા છતાં વિષયોમાં રમણ કરતા હોવા છતાં પણ, કર્તાને વશ કરવાપણું, સ્વરૂપની હાનિ, દોષ ઉત્પન્ન કરનાર હોવાપણું વિગેરે તે વિષયોના ગુણો સાથે ભગવાન સંબંધમાં આવતા નથી.

'ઉપર-ઉપરથી અગ્નિનો સ્પર્શ થતાં દઝાતું નથી, એવી રીતે પ્રતિબંધિત સંબંધ થતાં પણ દઝાય નહીં, તેવું ભગવાનના સંબંધમાં પણ થતું હશે' એવી શંકા થાય, તેથી 'સદા પોતાની અંદર રહેલા' એમ કહેલું છે. ભગવાન સર્વના આધાર હોવાથી[5] તે પ્રકૃતિના ગુણો સંયોગવાળા સમવાય સંબંધથી[6] સદા પોતાની ભગવાનની અંદર જ રહેલા હોય છે. જો તેઓ પોતાના આધાર ભગવાનમાં પોતાનું કાર્ય કરતા હોય, તો ભગવાનના આધારે રહેલા ન હોય.[7] અથવા 'સર્વના આધાર હોવું' એવો ભગવાનનો ગુણ ન હોય, અને તેથી જેનો આશ્રય કર્યા વિના જ ભ્રમને લીધે તેના તરીકે જણાય છે તે પ્રકૃતિના ગુણો જ, સંગવાળા હોવાનું અથવા જીવપણું જણાવે છે, પરંતુ સદા આધારે રહેલા તેવું જણાવતા નથી. એકના આશ્રયે રહેલ જ બીજામાં દોષ ઉત્પન્ન કરનારા હોવાનું ચોરોમાં અને રોગોમાં લોકમાં[8] પ્રસિદ્ધ છે. 'તેમના આશ્રયે રહેલી અબુદ્ધિની પેઠે' શબ્દોથી આ વિષયનું દષ્ટાંત કહેલું છે. મહારાજાની પાસે રહેલાં શસ્ત્રો બંધનો વિગેરે પોતાના આશ્રય મહારાજાને કાંઈ કાર્ય કરતા નથી, કારણકે

બીજાઓનાં પ્રયોજનથી જ તેમનો સંગ્રહ થએલો હોય છે. ''શ્રી, પુષ્ટિ, વાણી, ક્રાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા થી સેવાતા'' (૧૦।૩૬।૫૫) ''વિદ્યા અને અવિદ્યા મારા તનુ છે'' (૧૧।૧૧।૩) એ વાક્યોમાં 'અમતિ' 'અબુદ્ધિ' એટલે અવિદ્યાને ભગવાનના આશ્રયે રહેલી કહેલી છે. 'મતિ' એટલે વિદ્યા. તેની હરીફાઈ કરનારી શોક 'અમતિ' એટલે અવિદ્યા. જેમ અવિદ્યા ભગવાનમાં પોતાનું કાર્ય કરતી નથી, તેવી જ રીતે આ વિષયો પણ ભગવાનમાં પોતાનું કાર્ય કરતા નથી એવો અર્થ છે. ''હે મહાબુદ્ધિવાળા! એક જ મારા અંશ આ જીવનો જ અવિદ્યાથી અનાદિ બંધ થાય છે, અને વિદ્યાથી બીજો મોક્ષ થાય છે'' (૧૧।૧૧।૪) એ વાક્ય પ્રમાણે વિષયો પોતાના આધારને દુષ્ટતા પ્રાપ્ત કરાવનારા નથી. હાલમાં થતું રમણ તો ઈશ્વરપણું જણાવનારું છે, કારણકે અવિદ્યાની પેઠે અજ્ઞાન વિગેરે પણ દૈત્યોને મોહ કરાવનારાં છે. દોષનો૯ નાશ કરવો એ તો ઉત્તમ ગુણ છે. તેથી દુષ્ટોને છેતરવા તે ઉત્તમ ગુણ જ છે. તેથી હરિ દોષરહિત અને પૂર્ણ ગુણોવાળા છે.૩૮

૧.ઉપર કહેલ અનુમાનથી ભગવાન જ્ઞાની જીવ જેવા હશે, એવી શંકા થાય

૨.વિષયો આનંદ કરાવનારા છે ઉત્તમ છે, એવા ભ્રમથી

૩.તિરસ્કાર કરાએલો વિષયોનો સંબંધ ઈશ્વરનો ગુણ છે કારણકે સદા કાર્ય કરનાર વિષયો નાં કાર્યને થવા દેતો નથી, દત્તે કરેલા સુરાપાનની પેઠે એવો અર્થ છે.

૪.'તિરસ્કાર કરેલો વિષયોનો સંબંધ ઈશ્વરનો ગુણ નથી, કારણકે સદા કાર્ય કરનારનાં કાર્યને તે અટકાવનારો છે મણિ મંત્રો વિગેરેનાં અગ્નિથી થતો દાહ અટકાવવાનો ગુણ છે તેવો તેનામાં ગુણ હોવાથી તે વિષયોનાં કાર્યને અટકાવે છે' એ પણ બરાબર નથી કારણકે મણિ મંત્રોમાં પણ જે દાહને અટકાવવાની શક્તિ તે ઈશ્વરનો ગુણ છે.

૫.બ્રહ્મવાદ પ્રમાણે સ્વરૂપથી અથવા તાદાત્મ્યથી, ભગવાન સર્વના આધાર છે બીજાઓના મત પ્રમાણે સંયોગ વિગેરેથી તેમ છે

૬.જીવાત્મા સાથે મનનો સંયોગ સંબંધ છે, અને સંગ વિગેરેનો મન સાથે સમવાય સંબંધ છે તેથી તે સંયોગવાળા સમવાય સંબંધથી તેઓ સદા ભગવાનમાં રહેલા છે

૭.તેઓનું કાર્ય ભગવાન વિષે કરતા હોય, તો ભગવાનપણું ન રહે. એટલે જીવના આધારે રહેલા હોય અને સર્વ ભગવાનના આશ્રયે રહેલ હોવાથી પોતાનું કાર્ય ન કરે તેવાજ વિષયો ભગવાનમાં રહેલા હોય.

૮.જેમ એકના આશ્રયવાળું ધન સ્ત્રી વિગેરે બીજો લઈ જાય ત્યારે ચોરી, લંપટપણું વિગેરે દોષ થાય છે, જેમ એક કોઢ થએલ હોય તે 'કોઢવાળો જ્યાં સુધી જૂએ છે' એ વાક્ય પ્રમાણે બીજામાં કોઢ ઉત્પન્ન કરે છે, તેમ એકના આશ્રયે રહેલ બીજામાં દોષ ઉત્પન્ન કરનાર થાય છે.

૯.'અજ્ઞાનીઓ ભગવાનનો તિરસ્કાર કરે છે' એ વાક્ય પ્રમાણે ભગવાનનું સ્મરણ કરવારૂપ દોષ

વળી લોકો ભ્રાંત થાય છે જ. સદા ભગવાનના સંબંધવાળી પત્નીઓ પણ ભ્રાંત થએલી એમ નીચેના શ્લોકથી કહે છે :

**તં મેનિરેડબલાઃ મૂઢાઃ સ્ત્રૈણં ચાનુવ્રતં રહઃ ।**
**અપ્રમાણવિદો ભર્તુઃ ઈશ્વરં મતયો યથા ।।૩૯।।**

જેમ મતિઓ ઈશ્વરનું સત્ય સ્વરૂપ જાણતી નથી તેમ મૂઢ પતિનું સત્ય સ્વરૂપ નહીં

જાણનારી અબલાઓ તેમને સ્ત્રીલંપટ અને એકાંતમાં અનુસરનારા માનતી.૩૯

'અબલાઓ' એટલે જ્ઞાન ઉત્પન્ન કરનારી ક્રિયા કરવાની શક્તિ વિનાની. અને તેથી જ 'મૂઢાઃ' જ્ઞાન વિનાનીઓ બીજા માટે ભગવાને કરેલું હોય તે ભગવાન માટે કરેલું માનતી. તે કહે છે. 'સ્ત્રૈણમ્' સ્ત્રીઓમાં લંપટ, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમને સ્ત્રીઓને વશ માનતી. તેનું કારણ 'એકાંતમાં અનુસરનારા' વિશેષણથી કહેલું છે. એકાંતમાં 'અનુ' પાછળ ફરવાનું 'વ્રતમ્' વ્રત હતું જેમનું તેવા માનતી. જ્યાં-જ્યાં એકાંતનું સ્થાન હોય ત્યાં-ત્યાં જ ભગવાન પાસે જ હોય. તેથી સદા એકાંતમાં અનુસરવાના સ્વભાવવાળા હોવાથી તેમને સ્ત્રીલંપટ માનતી. 'એમ જ હોવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'પતિનું સત્યસ્વરૂપ નહીં જાણનારી' વિશેષણ કહેલું છે. હાથી તો આંખોથી જ જોઈ શકાય છતાં જેમ આંધળાઓ હાથીને સ્પર્શથી વિચારે છે તેમ ભગવાનનાં શાસ્ત્રોથી જ ભગવાનને જાણવા જોઈએ, તેમની માત્ર અમુક સ્થિતિવાળી ક્રિયાથી જાણવા ન જોઈએ. ''આ દેહનું સાવધાન રહી રક્ષણ કરો'' એ શ્રુતિ પ્રમાણે ભગવાન તેવું સ્ત્રીઓ પાછળ એકાંતમાં જવાનું કરતા, પણ પતિ હોવાથી. ભગવાન જ શ્રુતિના અર્થને સિદ્ધ કરનારા છે. તેથી પતિ હોવાથી એકાંતમાં અનુસરવાના સ્વભાવવાળા છે. સ્ત્રીઓનું રક્ષણ કરવા ભગવાન તો તેમ કરતા, પરંતુ સ્ત્રીઓ તે જાણતી ન હતી. તે વિષયનું દૃષ્ટાંત 'જેમ મતિઓ ઈશ્વરને જાણતી નથી' શબ્દોથી કહેલું છે.

જેમ મતિઓ એટલે ભગવાને જ પ્રવૃત્ત કરેલાં તત્ત્વવિદ્યાનાં જ્ઞાનો જ્ઞાનીઓ પોતાનાં તર્કથી ભગવાનને જ ખોટી રીતે જાણે છે. કેટલાક[૧] કહે છે કે ઈશ્વર જ નથી. બીજાઓ[૨] પણ તેમ કહે છે. ત્રીજા[૩] યજ્ઞ વિગેરે જ ઈશ્વર હોવાનું કહે છે. ચોથા[૪] ઈશ્વર માત્ર કર્તા છે એમ કહે છે. પાંચમા કેટલાક[૫] ઈશ્વર અમુક જીવ જ હોવાનું કહે છે. આ બધાને મૂલ[૬] પ્રમાણનું જ્ઞાન ન હોવાથી પોતાનાં અનુમાનથી તેવું માનનારા છે. તેવી જ આ સ્ત્રીઓની પણ માન્યતા હતી એવો અર્થ છે.૩૯

૧.નિરીશ્વર સાંખ્યવાદીઓ. ૨.વેદને નહીં માનનારાઓ
૩.જમિતિના પ્રતવાળા પૂર્વમીમાંસા વાળાઓ. ૪.વૈશેષિકો વિગેરે
૫.એક દેશી સાંખ્યમતવાળાઓ ૬.બ્રહ્મસંબંધી મૂલ પ્રમાણ વેદ છે. તેનું જ્ઞાન ન હોવાથી

**ઈતિ શ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પહેલા સ્કંધનો**
**અગીઆરમો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય બારમો ।।
# પરીક્ષિતનો જન્મોત્સવ

**એવમ્ ઐકાગ્ર્યસિદ્ધ્યર્થં સર્વં કાર્યં નિરૂપિતમ્ ।**
**અધુના શ્રોતૃદેહસ્ય રક્ષણં વિનિરૂપ્યતે ।।૧।।**

એવી રીતે[1] એક કાર્યમાં ચિત્ત રહે તે માટે સર્વ કાર્ય કહ્યું. હવે[2] ભાગવતનું શ્રવણ કરનારના દેહનું રક્ષણ કહેવામાં આવશે. કા.૧

**યથા વેદાન્તવિજ્ઞાને પઞ્ચાગ્નૌ દેહસમ્ભવઃ ।**
**તથા ભાગવતજ્ઞાને બ્રહ્માગ્નૌ બોધસંયુતે ।।૨।।**

જેમ વેદાંતોનું જ્ઞાન થવામાં પંચાગ્નિમાં દેહની ઉત્પત્તિ જોઈએ, તેમ ભાગવતનું જ્ઞાન થવામાં જ્ઞાનવાળા બ્રહ્માગ્નિ (બ્રહ્માસ્ત્રના અગ્નિ)માં દેહની ઉત્પત્તિ જોઈએ.[3] કા.૨

**સર્વલક્ષણસમ્પન્નઃ સર્વદોષવિવર્જિતઃ ।**
**બીજસંસ્કારસહિતઃ શ્રોતા ભાગવતે નૃપઃ ।।૩।।**

સર્વ લક્ષણો પ્રાપ્ત કરેલો, સર્વ દોષ વિનાનો, બીજના સંસ્કાર સાથેનો રાજા ભાગવતનું શ્રવણ કરનાર છે. કા.૩

૧.'એવી રીતે' એટલે ૭ થી ૧૧ સુધીના પાંચ અધ્યાયોમાં કહેલા પ્રકારથી
૨.'હવે' એટલે બારમા અધ્યાયમાં.
૩.'બળી ગયા પછી એવી રીતે રક્ષણ કેમ કર્યું?, કારણકે ભગવાનમાં તે બળ્યા પહેલાં પણ રક્ષણ કરવાની શક્તિ હતી' એવી શંકા થાય, તેથી બીજી અને ત્રીજી બે કારિકાઓ કહેલી છે.

**શૌનક કહે છે :**

**અશ્વત્થામ્નોપસૃષ્ટેન બ્રહ્મશીર્ષ્ણોરુતેજસા ।**
**ઉત્તરાયા હતો ગર્ભઃ ઈશેનાજીવિતઃ પુનઃ ।।૧।।**

અશ્વત્થામાએ મૂકેલા ઘણાં તેજવાળાં બ્રહ્માસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ હણાએલો. ઈશ્વરે તેને ફરી સજીવન કરેલો.૧

તમારાં વાક્યોનો સારી રીતે સંબંધ મેળવતાં આમ જણાય છે : અશ્વત્થામા ઉત્તમ બ્રાહ્મણ હોવાથી, અને તેણે પસંદ કરેલું બ્રહ્માસ્ત્ર સદા સફલ હોવાથી ઉત્તરાનો ગર્ભ હણાએલો. પછી ઈશ્વરે તેને સજીવન કર્યો. પહેલાં પણ પોતાનાં સામર્થ્યથી ચિંતન થઈ ન શકે તેવી પોતાની શક્તિઓથી, બીજમાં તેનો પ્રવેશ કરાવી તેને સજીવન કરેલો. હમણાં પણ બળી ગએલા બીજમાં ફરીથી તેનો પ્રવેશ કરાવી તેને સજીવન કર્યો, એવો 'ફરી' શબ્દનો અર્થ છે.૧

કહેલી કથાનો ભાગ કહીને, નીચેના શ્લોકથી શ્રવણ કરવાની કથા નો ભાગ કહે છે :

**તસ્ય જન્મ મહાબુદ્ધેઃ કર્માણિ ચ મહાત્મનઃ ।**
**નિધનં ચ યથૈવાસીત્ સ પ્રેત્ય ગતવાન્ યથા ।।૨।।**

તે ઘણી બુદ્ધિવાળા મહાત્માનો જન્મ અને કર્મો અને જે પ્રકારે જ મૃત્યુ થયું તે અને મરણ પામીને તે જે પ્રકારે બીજે પહોંચ્યો...૨.

'ઘણી બુદ્ધિવાળા' વિશેષણથી એમ જણાવ્યું છે કે ગયા ભવમાં જ તેને જ્ઞાન પ્રાપ્ત થએલું. 'મહાત્મા' શબ્દથી તેનાં કર્મો શુભ હોવાનું કહેલું છે. તે જન્મ અને કર્મો થી શુદ્ધ હોવાથી તેનું મૃત્યુ થવાનું સંભવતું નથી. અને ગર્ભમાં જ મૃત્યુને પાછું વાળેલ હોવાથી પાછળથી કેવા પ્રકારે મૃત્યુ થયું? એવો પ્રશ્ન છે. વળી જેમ પહેલાંના જન્મમાં જ્ઞાન વિગેરે પ્રાપ્ત થએલાં હોવા છતાં આ દેહનો સંબંધ થયો, તેમ ભવિષ્યમાં પણ બીજા દેહનો સંબંધ થશે એવી શંકા કરીને પૂછે છે કે 'તે જે પ્રકારે બીજે પહોંચ્યો (તે કહો' શ્લો.૩). 'પ્રેત્ય' 'મરણ પામીને' શરીર તજીને 'જે પ્રકારે' શબ્દથી પ્રશ્નનો વિષય કહેલો છે. ૨.

**તદ્ ઈદં શ્રોતુમ્ ઈચ્છામિ ગદિતં યદિ મન્યસે ।**
**બ્રૂહિ નઃ શ્રદ્દધાનાનાં યસ્ય જ્ઞાનમદાત્ શુકઃ ।।૩।।**

જો તમે કહેવાનું યોગ્ય માનતા હો તો જેને શુકે જ્ઞાન આપ્યું (તેના સંબંધવાળું) તે અને આ શ્રવણ કરવા હું ઈચ્છું છું. અમને શ્રદ્ધાવાળાને કહો.૩

'તે' એટલે ઉપર કહેલાં ત્રણ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય નામનું. 'આ' એટલે પરલોક પહોંચવાનું. શાસ્ત્રના અર્થમાં સંદેહ હોવાથી શ્રવણ કરવા ઈચ્છું છું. ઘણા સમય સુધીના અમારા આગ્રહથી, ક્લેશ થવા છતાં પણ આ સંપૂર્ણ પ્રકારે કહેવું જોઈએ એમ જો તમે માનતા હો તો શ્રદ્ધાવાળા અમે શ્રવણ કરવાની ઈચ્છા રાખીએ છીએ. ઈચ્છાથી કહે તો એમ જણાય કે આમાં ભગવાનનું ચરિત્ર છે. તેથી જ 'જો તમે કહેવાનું યોગ્ય માનતા હો' એમ કહેલું છે. ભગવાન સિવાયના બીજાની કથા હોવા છતાં પણ તે પરીક્ષિત ભગવદીય હોવાથી શ્રદ્ધા છે. જો તે ભગવદીય ન હોત તો શુક તેને જ્ઞાન આપે તે સંભવે નહીં. તેથી તેનું ચરિત્ર કહો, એવો અર્થ છે.૩

પરીક્ષિતનો જન્મ કહેવા, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી વંશ કાલ અને દેશ ઉત્તમ હોવાનું કહે છે :

**સૂત કહે છે :**

**અપીપલન્ મહારાજઃ પિતૃવદ્રઞ્જયન્ પ્રજાઃ ।**
**નિઃસ્પૃહઃ સર્વકામેભ્યઃ કૃષ્ણપાદાનુસેવયા ।।૪।।**

શ્રીકૃષ્ણના ચરણની સેવાને લીધે સર્વ કામનાઓની ઈચ્છા વિનાનો મહારાજા પિતાની પેઠે પ્રજાને સંતોષ કરાવતાં પાલન કરતો હતો.૪

'અપીપલત્' એટલે પાલન કરતો હતો, એવો અર્થ છે.

**સ્વધર્મ-વિષ્ણુભક્તિભ્યાં મહાન્ સર્વો ન ચાન્યથા ।**
**વિષયેષુ ચ વૈતૃષ્ણ્યં સેવાર્થં ભક્તિસૂચકમ્ ।।૪।।**

પોતાના ધર્મ અને વિષ્ણુની ભક્તિથી બધા ઉત્તમ થાય છે, બીજા પ્રકારે ઉત્તમ થતા નથી. અને સેવા કરવા માટે વિષયોમાં તૃષ્ણા ન રહેવી તે ભક્તિ સૂચવનારું છે.કા.૪

રાજાનો ધર્મ પ્રજાનું પાલન કરવાનો છે. 'પિતાની પેઠે પ્રજાને સંતોષ કરાવતાં' શબ્દોથી જ્ઞાન સાથે પાલન કરતો હોવાનું કહેલું છે. તેમ જો ન હોત તો ભગવાનનું જ્ઞાન ન હોવાથી પ્રજાને સંતોષ ન કરાવત. ' કામનાઓની ઈચ્છા વિનાનો' હોવાથી તેને કામનાઓની જરૂર ન હતી. શાસ્ત્ર પ્રમાણે તેને ફલ પ્રાપ્ત થતું હોવાથી એમ જણાય છે કે શ્રીકૃષ્ણની સેવા તેણે સારી રીતે કરેલી. આથી એમ જણાવેલું છે કે રાજા ઉત્તમ હોવાથી તેનું રાજ્ય, તે કાલ અને વંશ ઉત્તમ હતા, અને રાજાના પ્રકારે જ પ્રજા પણ કરતી હોવાથી તેના રાજ્યમાં સર્વ સ્થલે શ્રીકૃષ્ણની સેવાજ પ્રસરેલી. તેથી દેશ ઉત્તમ હતો. તે સમયે જ્ઞાન, ભક્તિ અને કર્મ ના ઉત્તમ કાર્યો થતાં હોવાથી, કાલ ઉત્તમ હતો.૪

વૈરાગ્યનો શું ઉપયોગ? કારણકે તે અને રાજ્ય પરસ્પર વિરુદ્ધ છે! એવી શંકા થાય. તેથી 'અહીં સાધન તરીકે વૈરાગ્ય ન હતો, પરંતુ ભક્તિ સાથે સ્વાભાવિક હતો, એવું નીચેના શ્લોકથી તેનું નિરૂપણ કરે છે :

**સમ્પદઃ ક્રતવો વિપ્રા મહિષી ભ્રાતરો મહી ।**
**જમ્બૂદ્વીપાધિપત્યં ચ યશશ્ચ ત્રિદિવં ગતઃ ।।૫।।**
**કિં તેઽકામાઃ સુરસ્યાર્હા મુકુન્દમનસો દ્વિજાઃ ।**
**અધિજહ્રુર્મુદં રાજ્ઞઃ ક્ષુધિતસ્ય યથેતરે ।।૬।।**

હે વિપ્રો! સંપત્તિઓ, યજ્ઞો, પટરાણી, ભાઈઓ, ભૂમિ, અને જંબૂદ્વીપનું અધિપતિપણું અને સ્વર્ગમાં પહોંચેલો યશ તેમની કામના ન હતી. જેમ ભૂખ્યાને બીજા પદાર્થો આનંદ કરાવતા નથી તેમ તે દેવોને યોગ્ય ઈચ્છવા યોગ્ય પદાર્થો, હે દ્વિજો!, મુકુંદમાં જેનું મન હતું તેવા રાજાને શું આનંદ કરાવતા હતા? ૫-૬

રાજ્ય, ધન, અશ્વો વિગેરેની સંપત્તિઓ, એટલે શ્રેષ્ઠતા. રાજસૂય વિગેરે યજ્ઞો. 'હે વિપ્રો!' એવું સંબોધન આ વિષયમાં સંમતિ દર્શાવવા કરેલું છે. દ્રૌપદી પટરાણી, ભીમ વિગેરે ભાઈઓ, બધીએ ભૂમિ, રાજા હોવાથી શાસ્ત્ર પ્રમાણે ભૂમિ પ્રાપ્ત થએલી, અને પુરુષાતનથી અધિપતિપણું પ્રાપ્ત કરેલું, એવો ભેદ છે. અર્જુને ઇંદ્રના ઉપર પણ ઉપકાર કરેલો, તેથી સ્વર્ગમાં પહોંચેલો યશ. આ બધા ભગવાનની કૃપાથી પોતાની મેળે પ્રાપ્ત થએલા. તેથી જ તેમની કામના ન હતી. તેના હૃદયમાં આવેલા નહીં, તેથી 'તે[1]' એમ કહેલ છે. વાસ્તવિક રીતે આ પદાર્થો દેવોને યોગ્ય હોઈ મનુષ્યે કામના કરવા યોગ્ય છે, પરંતુ વિષ્ણુના ભકતે કામના

કરવા યોગ્ય નથી જેને મોટા પદાર્થની કામના હોય. અથવા જેને ઘણું પ્રાપ્ત થએલું હોય, તેને હલકા પદાર્થો–પ્રાપ્ત થએલા હોય તો પણ–તેમની કામના હોતી નથી. મુકુંદમાં જેનું મન હતું તેવો યુધિષ્ઠિર હતો. મોક્ષમાં જેનું મન હોય, તેને પણ આ રાજ્ય વિગેરેમાં કામનાનો અભાવ હોય છે, તો પછી તે મોક્ષ આપનારમાં જેનું મન હોય તેને એવી કામનાઓનો અભાવ હોય તેમાં તો કહેવું જ શું? 'હે દ્વિજો!' એવું ઉપરની પેઠે[2] સંબોધન કરેલું છે. આ પદાર્થો યુધિષ્ઠિરને શું આનંદ કરાવતા? ખરેખર ન જ કરાવતા, એવો અર્થ છે. 'જેમ ભૂખ્યાને બીજા પદાર્થો આનંદ કરાવતા નથી ' શબ્દોથી વિષયો પોતાનું કાર્ય ન કરતા હોવાનું દૃષ્ટાંત કહેલ છે. 'બીજા પદાર્થો ' એટલે સ્ત્રી વિગેરે.૫–૬.

૧.'તે' એ ત્રીજા પુરુષનો પ્રયોગ હોવાથી, જાણે તે પોતાની પાસે ન હોય તેવા તેના મનથી હતા, એટલે તેનું ચિત્ત તેઓમાં ન હતું, એવો અર્થ જણાય છે.

૨.'ઉપરની પેઠે' એટલે સંમતિ દર્શાવવા.

એ પ્રમાણે રાજાનું માહાત્મ્ય કહીને, તેના વંશમાં સ્વભાવથી જ આ પરીક્ષિત આવો છે, એમ તેનું અધિક માહાત્મ્ય નીચેના શ્લોકથી કહે છે :

**માતુર્ગર્ભગતો વીરઃ સ તદા ભૃગુનન્દન ।**
**દદર્શ પુરુષં કઞ્ચિદ્ દહ્યમાનોઽસ્ત્રતેજસા ।।૭।।**

હે ભૃગુપુત્ર! માતાના ગર્ભમાં રહેલા અસ્ત્રના તેજથી બળતા તે વીરે તે સમયે કોઈએક પુરુષનાં દર્શન કર્યા.૭

'માતાના ગર્ભમાં ' એ શબ્દનો સમાસ કરેલ ન હોવાથી ઘરમાં રહેલ હોય તેવી જૂદાઈવાળી સ્થિતિ કહેલી છે. તેથી ગર્ભમાં રહેવાથી થતું દુઃખ તેને થતું ન હોવાનું કહેલ છે. પહેલાં જ જ્ઞાન વિગેરેવાળો તે માત્ર ગર્ભમાં જ આવ્યો. 'વીર' હોવાથી તે દોરડાંથી ન બંધાએલો પરાક્રમ સાથે જ ગર્ભમાં રહેલો, કારણકે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાનની દૃષ્ટિ તેના ઉપર હોવાને લીધે દેવોએ દોરડાંથી તેનું બંધન કરેલ ન[1] હતું. આ વિષયમાં ''દેવો ખરેખર રાજાઓથી ભય પામતા હતા'' એ શ્રુતિના અર્થનું અનુસંધાન કરવું. 'તે વીર' હતો એવો વાક્યનો સંબંધ છે. આમાં વિશ્વાસ રહે તે માટે 'હે ભૃગુપુત્ર!' એ સંબોધન કરેલું છે. તે સમયે બ્રહ્માસ્ત્રના તેજથી બાળતાં જ, વીર હોવાથી તેની દરકાર કર્યા વિના, તેણે કોઈ એક પુરુષનાં દર્શન કર્યા. ભગવાન સર્વ કાર્ય પૂરું કરીને, સર્વ કોઈ દૈત્ય પ્રવેશ ન કરે તે માટે તત્ત્વો સાથે તેનું રક્ષણ કરવાનું ઉત્તરાના ઉદરમાં પ્રવેશ કરીને ચક્કર મારતા હતા; અને પોતે ઉપકાર કરે છે તે જણાવવા તેને પોતાનાં દર્શન કરાવ્યાં. વેદમાં જેટલાં રૂપો પ્રસિદ્ધ છે તે પૈકીનાં મૂલ ચિંતન પણ ન થઈ શકે તેવાં સ્વરૂપથી ભગવાન પ્રકટ થએલા હોવાથી ''જેનું શરીર તપેલું નથી તે પામી શક્તો નથી''[2] એ શ્રુતિ પ્રમાણે તપ[3] અને પોતાના ધર્મ[3] સાથેના પરીક્ષિતે તેમનાં દર્શન કર્યા. 'કોઈએક' એટલે વિશેષ પ્રકારથી વર્ણન થઈ ન શકે તેવા.૭

૧.'દેવો બંધન કોઈવારજ કરે છે, તેથી આનું બંધન કરે નહીં તે યોગ્ય છે' એમ કહેવામાં આવે, તેથી આ કહેલ છે દેવોને રાજાઓથી ભય થતો હોવાનું શ્રુતિમાં કહેલ હોવાથી તેઓ બંધન કરે તે યોગ્ય છે.
૨.'અતપ્તતનુર્ન તદાપ્નોતિ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૩.અસ્ત્રથી બળતો હતો તેનો તાપ એ તપ, અને વીરપણું એ તેનો ધર્મ.

નીચેના શ્લોકમાં તે ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરે છે :

**અંગુષ્ઠમાત્રમ્ અમલં સ્ફુરત્પુરટમૌલિનમ્ ।**
**અપીચ્યદર્શનં શ્યામં તડિદ્વાસસમ્ અચ્યુતમ્ ।।૮।।**
**શ્રીમદ્દીર્ઘચતુર્બાહુ તપ્તકાઞ્ચનકુણ્ડલમ્ ।**
**ક્ષતજાક્ષં ગદાપાણિમ્ આત્મનઃ સર્વતોદિશમ્ ।**
**પરિભ્રમન્તમ્ ઉલ્કાભાં ભ્રામયન્તં ગદાં મુહુઃ ।।૯।।**
**અસ્ત્રતેજઃ સ્વગદયા નીહારમિવ ગોપતિઃ ।।**
**વિધમ્ અન્તં સન્નિકર્ષે પર્યૈક્ષત ક ઈત્યસૌ ।।૧૦।।**

અંગુઠાના માપના, સ્વચ્છ, પ્રકાશતા સુવર્ણના મુકુટવાળા, ઘણા સુંદર દેખાવવાળા, શ્યામ, વીજળીના જેવાં વસ્ત્રવાળા, ચ્યુતિવિનાના, લક્ષ્મીવાળા, લાંબા ચાર બાહુવાળા, તપેલાં સૂવર્ણના રંગના કુંડલોવાળા, રુધિરના જેવી આંખવાળા, હસ્તમાં ગદાવાળા, પોતાની સર્વ બાજુઓએ ચક્કર મારતા ઉંબાડીઆના જેવાં, તેજવાળી ગદા વારંવાર ફેરવતા, જેમ સૂર્ય ઝાકળનો નાશ કરે તેમ અસ્ત્રનાં તેજનો પોતાની ગદાથી નાશ કરતા સ્વરૂપને પરીક્ષિતે પોતાની નજીકમાં જોયા. કોણ એમ પરીક્ષા કરી, 'તે' એમ જાણ્યું.૮-૯-૧૦.

'અંગુઠાના માપના' વિશેષણથી એમ જણાવેલું છે કે ''અંગુઠાના માપનો પુરુષ અને અંગુઠાના આશ્રયે રહેલો સર્વ જગતના ઈશ પ્રભુ વિશ્વનો ભોગ કરનાર આનંદ કરાવે છે[1]'' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ હોવાથી જ, 'અમલમ્' ઘણાં સ્વચ્છ છે. ગર્ભમાં રહેલાને તેના મલનો સંબંધ થવાનું સંભવે, તેથી તેવો સંબંધ થયો ન હતો એમ જણાવવા આ વિશેષણ કહેલું છે. 'પ્રકાશતા સુવર્ણનાં મુકુટવાળા' એટલે તાપમાંથી બહાર કાઢેલ સુવર્ણના મુકુટવાળા, આથી ઐશ્વર્ય જણાવેલું છે. 'અપીચ્યદર્શનમ્' ''ઘણો સુંદર સ્ત્રીઓને પ્રિય છે'' એ શ્રુતિ પ્રમાણે ઘણા સુંદર પ્રકારનો દેખાય છે જેમનો તેવા, કારણકે સૌંદર્યની પરીક્ષામાં સર્વ સ્ત્રીઓ જેનું દર્શન કરે તે કસોટી છે. ઘણો સુંદર છે દેખાવ જેમનો, એટલે સર્વથી સુંદર, આથી લક્ષ્મીના આશ્રય હોવાનું સિદ્ધ કર્યું. 'શ્યામમ્' 'શ્યામ' એટલે વૈષ્ણવ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ. આથી ભક્તોના આશ્રય હોવાનું કહ્યું. 'તડિદ્વાસમમ્' સ્થિર વિજળીનાં જેવાં વસ્ત્રવાળા. પહેલાના વિશેષણ શ્યામ સાથેના આ વિશેષણથી સર્વ કામનાઓની વૃષ્ટિ કરનારા હોવાનું સૂચવેલું છે. 'ચ્યુતિવિનાના' વિશેષણથી ચક્કર ફરતા હોવા છતાં પણ સર્વ સ્થલોનાં સંબંધવાળા, અથવા શંખ ચક્ર વિગેરે સાથેના કહેલા છે. આથી રક્ષણ કરવાની શક્તિ જણાવેલી છે.

'શ્રીમદ્દીર્ઘચતુર્બાહુમ્'. 'શ્રીમન્તઃ' લક્ષ્મીવાળા 'દીર્ઘાઃ' લાંબા 'ચત્વારઃ' ચાર 'બાહવઃ' બાહુઓ છે જેમના તેવા. સૂક્ષ્મ સ્વરૂપ હોય ત્યારે આકાર સારી રીતે જણાય નહીં તેવી શંકાથી આમ કહેલું છે. ઢીંચણ સુધીના બાહુઓવાળા હોવાનું કહ્યું. ચાર પુરુષાર્થોનું દાન કરવા ચાર બાહુઓ દેખાડ્યા. ભગવાનનો આશ્રય થાય ત્યાં સુધીની ક્રિયા કરવાની હોવાથી લાંબા બાહુઓ હતા. બંને બાજુના બાહુઓ લક્ષ્મી સાથેના જ કાર્ય નભાવતા હોવાથી લક્ષ્મીવાળા બાહુઓ હતા. આથી આ લોકનાં અને પરલોકનાં ફલનું દાન સૂચવેલું છે. 'તપ્તકાઞ્ચનકુણ્ડલમ્' તપેલાં સુવર્ણના રંગનાં બે કુંડલો હતા જેમનાં તેવા. સાંખ્ય અને યોગ ભગવાનના કુંડલો હોવાથી આ વિશેષણથી સર્વ વિદ્યાઓનું દાન કરનારા હોવાનું સૂચવેલું છે. 'તપેલાં સુવર્ણ' શબ્દથી એમ સૂચવેલું છે કે સારી રીતે તપેલી દુઃખી થએલી અવસ્થામાં જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. 'ક્ષતજાક્ષમ્' 'ક્ષતજવત્' ક્ષતજ જેવી એટલે રુધિર જેવી 'અક્ષિણી' બે આંખો હતી જેમની તેવા. અડચણ કરનારને દૂર કરવા માટે પ્રકટ કરેલા થોડા ક્રોધવાળી આંખો હતી. આથી ભક્તનું રક્ષણ કરવામાં આસક્તિ હોવાનું સૂચવેલું છે. અથવા ઉગ્ર હોવાથી સાવધાન રહેલાં હોવાનું સૂચવેલું છે. હસ્તમાં ગદાવાળા, વિશેષણથી મનનું બલ, ઈંદ્રિયોના બલ અને શરીરના બલ વાળા મુખ્ય તત્ત્વ ગદાનું ધારણકા કરતાં એ વાક્ય પ્રમાણે પ્રાણવાળા કહેલા છે. આથી એમ સૂચવેલું છે કે પરીક્ષિતને પ્રાણ જવાનો ભય રહેલ ન હતો. વળી તેજને ગળી જવા વાયુ તત્ત્વ જ શક્તિવાળું છે.[2] તેથી જ તેજ ગળી જવાય તે માટે ગદારૂપ વાયુને જ હસ્તમાં ગ્રહણ કરી, એવા વિચારથી રહેલા કે તેજ અધિક થશે તો હું તેનો નાશ કરીશ. 'હું સર્વ સ્થલે છું અને રક્ષણ કરીશ' એમ જીવને જણાવવા 'પરીક્ષિતની સર્વ બાજુઓએ ચક્કર મારતા' હતા. ચાલુ પ્રસંગમાં 'ઉંબાડીઆનાં જેવાં તેજવાળી ગદા ફેરવતા' શબ્દથી વધારાનું કહે છે. પોતે તેજનું મૂલ છે એમ દર્શાવતી ગદાએ પોતાની અંદર રહેલાં તેજને પ્રકટ કર્યું. તેથી ઉંબાડીઓનાં જેવાં તેજવાળી દેખાઈ. દૈત્યોને દૂર રાખવા વારંવાર ગદા ફેરવતા હતા.

વળી જન્મ થતાં સુધી જો બ્રહ્માસ્ત્ર રહે તો જન્મ થતા સમયે દૈત્યો વિગેરે વધારે બલવાન થતાં કદાચ બાલકને બાળે, તેથી હમણાં જન્મ થતાં પહેલાં જ સ્વરૂપથી તેનો નાશ કરે છે. અગ્નિની પેઠે નાશ કરે તો પણ તેના અંશરૂપ ભસ્મ રહે, તેથી અંશ ન રહે તેવી રીતે નાશ કરવાનું જણાવવા માટે 'સૂર્ય જેમ ઝાકળનો નાશ કરે ' એમ કહેલું છે. સૂર્ય જેમ ઝાકળનો નાશ કરે તેમ પરીક્ષિતને દર્શન થયાં તે સમયે જ એવું કરતાં દર્શન થએલાં. 'નજીકમાં' શબ્દથી તેના ઉપરનો સ્નેહ જણાવેલો છે. તે સમયે તેને 'આ કોણ છે?' એ જાણવાની ઈચ્છા થઈ. પછી જાણવા માટે પરીક્ષા કરી. તે પરીક્ષાનો વિષય 'કોણ?' શબ્દથી કહેલો છે. 'અસૌ' 'તે' શબ્દથી 'જે તું છે તે તે છે.' એવો[3] નિર્ણય કહેલો છે.૮-૧૦.

૧.આ શ્રુતિનો અર્થ એવો છે કે આટલા અંગુઠાના માપ જેટલા હોવા છતાં અંગુઠાથી કેશ અને નખની ટોચ સુધી વ્યાપી રહેલા છે અને સર્વ તરફ જુદા જુદા સ્થલે કાર્ય કરતાં રહેલ છે.

૨.તેજ વાયુનું કાર્ય વાયુમાંથી નીકળેલું હોવાથી, તેનો લય વાયુમાં જ થવાનો, તેથી વાયુ જ તેને ગળવાની શક્તિવાળો છે.

૩.'તત્ત્વમસિ' 'તે તું છે' એ શ્રુતિ પ્રમાણે આ અર્થ કરેલ હોવાનું જણાય છે.

એવી રીતે સર્વ કાર્ય કરીને પોતાનું ઇચ્છેલું કાર્ય પૂરું થયું ત્યારે વચ્ચે તેને ભોગ થઈ શકે તે માટે ભગવાન અંતર્ધાન થયા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**વિધૂય તદ્ અમેયાત્મા ભગવાન્ ધર્મગુબ્વિભુઃ ।**
**મિષતો દશમાસ્યસ્ય તત્રૈવાન્તર્દધે હરિઃ ।।૧૧।।**

તેને દૂર કરીને જાણી ન શકાય તેવા સ્વરૂપવાળા, ધર્મનું રક્ષણ કરનાર, શક્તિમાન ભગવાન હરિ દશ માસની વયવાળાના તેના જોતાં ત્યાં જ અંતર્ધાન થયા.૧૧

તે તેજને દૂર કરીને અંતર્ધાન થયા. ત્યારે પરીક્ષિતે સાચવી કેમ ન રાખ્યા? એવી શંકા થાય, તેથી 'ન જાણી શકાય તેવા સ્વરૂપવાળા' એમ કહેલું છે. મનથી પણ જાણી ન શકાય તેવાને કોણ સાચવી રાખી શકે? એવો અર્થ છે. તે પ્રાકૃત પુરુષ ન હતા એમ જણાવવા 'ભગવાન' એમ કહેલું છે. ધર્મનું રક્ષણ થાય એ અંતર્ધાન થવાનું પ્રયોજન હતું.

આટલાથી જ સર્વ કાર્ય કેમ સિદ્ધ થશે? એવો પ્રશ્ન થાય, તેથી 'શક્તિમાન' એમ કહેલું છે. સર્વ કરવાની શક્તિવાળા જેવું ઇચ્છે છે તેવું જ કરે છે, એવો અર્થ છે. દશ માસ સુધી રહી, પછી અંતર્ધાન થયા. 'દશમાસસ્ય' અથવા 'દશમાસ્યસ્ય' એવો પાઠ છે. તેના જોતાં અંતર્ધાન થયા, એટલે બીજે ગયા હશે એવી શંકા રહી ન હતી. ભગવાન બીજા સ્થલેથી ગર્ભમાં આવ્યા ન હતા, પરંતુ ત્યાં જ પ્રકટ થયા હતા એમ જણાવવા ત્યાં જ અંતર્ધાન થયા. પરીક્ષિતને પૂર્ણ જ્ઞાન ઉત્પન્ન થાય તો તેના બંધુઓને દુઃખ થાય, તેથી શુકની સમાન જ્ઞાની આ હતો, તેને પ્રાકૃત પુરુષ જેવો કર્યો, એમ 'હરિ' શબ્દથી કહેલું છે.૧૧

એવી રીતે ભવાનની કૃપા પ્રાપ્ત કરીને અધિકારીના મુખ્ય દેહથી તે મહાપુરુષ છે એમ જણાવવા માટે મુખ્ય સમયે તે જન્મ્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**તતઃ સર્વગુણોદર્કે સાનુકૂલગ્રહોદયે ।**
**જજ્ઞે વંશધરઃ પાણ્ડોઃ ભૂયઃ પાણ્ડુરિવૌજસા ।।૧૨।।**

પછી જેના સર્વ ગુણો પાછળથી ફલ આપનારા હતા, અને જેમાં અનુકૂલ ગ્રહોનો ઉદય થએલો તેવા સમયે બલમાં પાંડુની સમાન, પાંડુના વંશને ચાલુ રાખનાર ફરી જન્મ્યો.૧૨

સર્વ ગુણો પાછળથી ફલ આપનારા હતા જેમાં તેવા સમયે જન્મ્યો. કારણકે કાલના ઘણા ગુણો છે, તે કોઈક સમયે ઉપકાર કરે છે. આના ઉપર તો ભવિષ્યમાં ઉપકાર કરશે, એવો અર્થ છે. 'સાનુકૂલગ્રહોદયે' અનુકૂલ લગ્ન સાથેના ગ્રહોનો ઉદય થએલ હતો જેમાં. આથી એમ કહેલું છે કે ગ્રહના ફલ ઉપરથી પણ ભવિષ્યમાં તેને થવાનું સર્વ ફલ જાણી શકાય તેવું હતું. 'વંશને ચાલુ રાખનાર' શબ્દથી એમ જણાવેલું છે કે આને ભવિષ્યમાં પુત્રો થવાના. પાંડુનો વંશ નાશ પામેલો જ નભ્યો, આણે ચાલુ રાખ્યો, તેથી નિત્ય આના ઉપર આધાર રાખતો હોવાથી,

સમાસ થઈ ન શકે તેવા શબ્દોનો સમાસ કરેલો છે. સર્વથી મોટો ધૃતરાષ્ટ્ર આંધળો હોવાથી, રાજ્ય કરવા યોગ્ય હોવાથી જેમ પાંડુ રાજ્ય ચલાવવાની ઈચ્છા હોવાથી જ અવતરેલો, તેમાં પાંડવોને ભગવાન સાથે વૈકુંઠ જવાનું જરૂરી હોવાથી રાજા થવા માટે જ અવતરેલો એવો અર્થ છે. બલમાં પણ આ પાંડુની સમાન હતો.૧૨

નીચેના શ્લોકથી તેનું પ્રસંગને ઉચિત થએલું કાર્ય કહે છે :

**તસ્ય પ્રીતમના રાજા વિપ્રૈર્ધૌમ્યકૃપાદિભિઃ ।**
**જાતકં કારયામાસ વાચયિત્વા ચ મંગલમ્ ।।૧૩।।**

અને પ્રસન્ન મનવાળા રાજાએ ધૌમ્ય કૃપ વિગેરે વિપ્રો પાસે મંગલ વંચાવીને તેનું જાતકર્મ કરાવ્યું.૧૩

જો કે ગર્ભનું અને બીજનું પાપ ન હતું, છતાં પણ જન્મના પ્રસંગે આત્મ સંસ્કાર કરવો જોઈએ એવા મત પ્રમાણે અડતાલીસ સંસ્કારો કહેતાં જાતકર્મ કહેલું છે. જેને માથે રાજા તરીકે અભિષેક થએલ હોય તે પોતે તે કાર્ય કરી શકે નહીં, તેથી 'વિપ્રો' પાસે કરાવ્યું એમ કહેલું છે. ધૌમ્ય પાંડવોનો પુરોહિત હતો. કૃપ પરંપરાથી ચાલ્યા આવતા ગોર હતા. 'જાતકમ્' એટલે કર્મ પ્રમાણે નામ પાડવાનું. 'મંગલમ્' પવિત્ર દિવસ હોવાનું વંચાવવું તે.૧૩

નીચેના શ્લોકથી જન્મનો ઉત્સવ કહે છે :

**હિરણ્યં ગાં મહીં ગ્રામાન્ હસ્ત્યશ્ચાન્નૃપતિર્વરાન્ ।**
**પ્રાદાત્સ્વન્નં ચ વિપ્રેભ્યઃ પ્રજાતીર્થે સતીર્થવિત્ ।।૧૪।।**

તીર્થ જાણનારાઓ સાથે રહેલા રાજાએ પ્રજારૂપ તીર્થમાં વિપ્રોને સુવર્ણ, ગાય, ભૂમિ, ગાયો, હાથી, ઘોડા ઈચ્છિત પદાર્થો અને ઉત્તમ અન્ન આપ્યાં.૧૪

'મહીમ્' એટલે આજીવિકા કરાવનારી ભૂમિ. 'વરાન્' એટલે ઈચ્છેલા પદાર્થો. કાચા ઘઉં વિગેરે ઉત્તમ અન્ન. 'પ્રજાતીર્થે' શબ્દથી એમ કહેલું છે. ''દેવો અને પિતૃઓ...'' એ વાક્ય પ્રમાણે પુત્રનો જન્મ થાય ત્યારે કર્મમાં દેવતાઓ નજીક હોવાથી 'પ્રજારૂપ તીર્થમાં' એમ કહેલું છે.

વૈદિક કર્મમાં જ્ઞાનથી જ ફલ થતું હોવાથી આ પુત્ર જન્મ તીર્થ હોવાનું પ્રસિદ્ધ ન હોવાથી ફલ પ્રાપ્ત નહીં થાય દ્ગએવી શંકા થાય, તેથી 'તીર્થ જાણનારાઓ સાથે રહેલા' એમ કહેલું છે. રાજા તીર્થ જાણનારાઓ સાથે રહેલો , તેથી તેમના ઉપદેશથી તીર્થ હોવાનું જાણીને દાન કર્યું એવો અર્થ છે.૧૪

રાજાને અધિક સંતોષ થાય તે માટે બ્રાહ્મણોએ જ્યોતિષનું ફલ કહ્યું, એમ નીચેના શ્લોકોથી કહે છે :

**તમ્ ઊચુર્બ્રાહ્મણાસ્તુષ્ટા રાજાનં પ્રશ્રયાન્વિતમ્ ।**
**એષ હ્યસ્મિન્ પ્રજાતન્તૌ કુરૂણાં પૌરવર્ષભ ।।૧૫।।**
**દૈવેનાપ્રતિઘાતેન શુક્લે સંસ્થામ્ ઉપેયુષિ ।**
**રાતો વોઽનુગ્રહાર્થાય વિષ્ણુના પ્રભવિષ્ણુના ।।૧૬।।**
**તસ્માન્ નામ્ના વિષ્ણુરાત ઈતિ લોકે બૃહચ્છ્રવાઃ ।**
**ભવિષ્યતિ ન સન્દેહો મહાભાગવતો મહાન્ ।।૧૭।।**

વિનયથી નમ્ર થયેલા તે રાજાને પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ કહ્યું કે હે ઉત્તમ પૌરવ! આ ઉજળો કુરુઓની પ્રજાનો વંશ હટાવી ન શકાય તેવા દૈવથી નાશ પામતો હતો ત્યારે પ્રકટ થવાની ઈચ્છાવાળા વિષ્ણુએ તમારા ઉપર કૃપા કરવા નિશ્ચય આનું રક્ષણ કર્યું. તેથી 'વિષ્ણુરાત' એવા નામથી લોકમાં ઘણી કીર્તિવાળો ઉત્તમ મોટો ભક્ત થશે તેમાં સંદેહ નથી.૧૫-૧૭.

આ બાલકમાં ૧.ભગવાને કરેલી અને ૨.કાલે કરેલી, બંને પ્રકારની ઉત્તમતા છે. તે પૈકી ભગવાને જે કરેલ તે છૂપું રાખવા યોગ્ય વશિષ્ઠ વિગેરે જે સર્વ જાણનારા ઘણાં દાનથી પ્રસન્ન થએલા બ્રાહ્મણો હતા તેમણે વિનયથી નમ્ર થએલા રાજા ને કહ્યું. 'આ' એમ પ્રથમ બાલકને દેખાડે છે. જેમ ''આ સોમ વેચનારી છે'' એમ દેખાડે તેની પેઠે. જેના ગુણો આગળ કહેવાના છે તે 'એષઃ' આ, એમ દેખાડે છે. આ અર્થ 'હિ' 'નિશ્ચય' શબ્દથી જણાવેલ છે. 'અસ્મિન્' 'આ' એમ રાજા બાલક અને કુરુના વંશજોને દેખાડીને 'પ્રજાતન્તૌ' પુત્ર-પૌત્ર વિગેરેરૂપ વંશ નાશ પામતો હતો. 'કુરુઓની' શબ્દથી એમ જણાવેલ છે કે કુરુ ભગવદીય હોવાથી તેના વંશનો નાશ થાય તે યોગ્ય નથી. અને મુખ્યના નામ થી જ વંશ ચાલતો હોય ત્યારે તેના નામથી વંશનો નાશ થયો કહેવાય. 'હે ઉત્તમ પૌરવ!' સંબોધનથી એમ જણાવેલું છે કે પુરુ પિતાનો ભક્ત હોવાથી તેના વંશનો નાશ થાય તે પણ યોગ્ય નથી.

નાશનું કારણ 'દૈવથી' શબ્દથી કહેલું છે. વંશ ઉત્પન્ન કરનારનું વંશ ચાલુ રાખે તેવું અદષ્ટ સમાપ્ત થયું તેથી, અથવા વંશનો નાશ કરે તેવું અદષ્ટ થવાથી, અથવા સંતતિનો જન્મ કરાવે તેવું અદષ્ટ અને નાશ કરાવનારને અટકાવનારું અદષ્ટ ન હોવાથી, વંશનો નાશ અવશ્ય થવાનો.

વંશ રહે તેવું અદષ્ટ નથી અને ભગવાન છે, ત્યારે આમાં શું થશે? એમ જાણવાની ઈચ્છા થતાં, 'હરકોઈ પ્રકારે વંશથી બંનેનું સમાધાન થશે' એવી શંકા થાય, તેથી, તેમ નહીં થાય એમ જણાવવા 'વંશ ઉજળો હતો' એમ કહીને ''દૈવનું બલ બલ છે'' એ વાક્ય પ્રમાણે કાલ વિગેરે અદષ્ટને અનુકૂલ હોવાથી વંશનો અંત આવતો હતો ત્યારે ભગવાને પુષ્ટિમાર્ગનો આશ્રય કરીને, માત્ર તમારા ઉપર 'અનુગ્રહાર્થાય' પહેલાં તમારા ઉપર જે કૃપા કરેલી તેનું 'અર્થઃ' પ્રયોજન ''અપુત્રને પર લોક પ્રાપ્ત થતો નથી'' એ શ્રુતિ પ્રમાણે, આ બાલક હોવાથી, અને ભગવાન અમૃતપણું પ્રાપ્ત કરાવનારા હોવાથી, અને ''પ્રજાની પછી થાય તે ખરેખર

મરણશીલોનું અમૃત છે'' એ શ્રુતિ પ્રમાણે વંશ સામાન્ય અમૃતરૂપ હોવાથી ભગવાને આનું રક્ષણ કર્યું. વળી ભાગવત વિગેરેનાં સ્વરૂપથી ઉત્તમ પ્રકારે પ્રકટ થવાની ઈચ્છાવાળા, સર્વ ભગવાનના ભક્તોમાં ભાગવતદ્વારા પ્રકટ થવામાં જ જેમને રસ છે તેવા ભગવાને પોતાનાં પ્રયોજન માટે પણ આનું રક્ષણ કરેલું. તેથી અર્થ જણાવનારું નામ થાય તે માટે, સંકેતવાળા શબ્દ કરતાં વ્યુત્પત્તિવાળો શબ્દ પોતાના અર્થનો ત્યાગ ન કરતો હોવાથી મુખ્ય છે, તેથી 'વિષ્ણુરાત' એ નામથી લોકમાં પ્રસિદ્ધ[1] થશે, એવો અર્થ છે.

કારણનું ઉત્તમપણું કહીને, 'ઘણી કીર્તિવાળો' શબ્દથી કાર્યનું ઉત્તમપણું કહે છે. તમો યુધિષ્ઠિર વિગેરે કરતાં પણ અધિક કીર્તિવાળો થશો. કારણકે તમો એવી રીતે ભગવાનથી રક્ષાએલા નથી, કારણકે તમારા માટે કાલને અટકાવેલો નથી, તેમજ ભાગવત પણ તમને પ્રાપ્ત થયું નથી.

વંશનો અંત કરાવનાર કાલ વિગેરે વિઘ્ન કરાવનાર હોવાથી એમ કેમ થશે? એવી શંકા થાય, તેથી 'સંદેહ નથી' એમ કહેલું છે. તેનું કારણ 'મોટો ભક્ત' શબ્દથી કહેલું છે. ભગવાનને પ્રિય હોવાથી ભક્ત મોટા થાય છે. તે આ બાલકમાં ચિહ્નો વિગેરેથી જણાય છે. તેથી જ કાલ વિગેરે આને નુકશાન કરશે નહીં. તે આગળ પ્રશ્ન અને ઉત્તર થી કહેવામાં આવશે. વળી 'ઉત્તમ' વિશેષણથી એમ કહેલું છે કે જેમ કાલ વિગેરેને ભગવાને બલ આપેલું છે, તેનાથી પણ આને વધારે બલ આપેલું છે, તેથી આ વિષયમાં શંકા કરવી નહીં. ૧૫-૧૭.

૧. 'ભવિષ્યતિ' શબ્દ એકવાર મુંબઈ પ્રેસવાળી પ્રતમાં વધારે છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં વધારે નથી.

એવી રીતે ઉત્તમ વિપ્રોએ અર્થ જણાવ્યો, ત્યારે 'સર્વ કાલે કરેલું માનું છું' એમ કહેલ હોવાથી, કાલથી ભય માનનારે યુધિષ્ઠિરે કાલ જાણનારાઓને નીચેના શ્લોકથી પ્રશ્ન કર્યો :

**રાજા કહે છે :**

**અપ્યેષ વંશ્યાન્ રાજર્ષીન્ પુણ્યશ્લોકાન્ મહાત્મનઃ ।**
**અનુવર્તિતા સ્વિદ્યશસા સાધુવાદેન સત્તમાઃ ॥૧૮॥**

હે ઉત્તમ પુરુષો! વંશમાં ઉત્પન્ન થયેલા પવિત્ર કીર્તિવાળા મહાત્મા રાજર્ષિઓને આ યશથી અને સાધુ સાથેની વાતચિતમાં અનુસરશે? ૧૮

ભગવાનની કૃપા વિના પણ જેમ કાલે અમારા વંશમાં ઉત્પન્ન થએલાઓનું રક્ષણ કરેલું અને યશવાળા કરેલા, તેવો આ થશે? એવો પ્રશ્ન છે. વંશમાં ઉત્પન્ન થએલાઓમાં પણ જે પુરૂરવા વિગેરે પવિત્ર કીર્તિવાળા, અને તેઓમાં પણ જે કુરુ જેવા મહાત્માઓ થએલા તેવો આ થશે? યશ બધામાં પ્રસિદ્ધ થાય. સાધુ સાથેની વાતચિત સાધુઓ સાથે જ થાય. અથવા 'યશ' અને 'સાધુવાદ' શબ્દોથી ચરિત્રનું ઉત્તમપણું અને સ્વભાવનું ઉત્તમપણું કહેલાં છે. 'ઉત્તમ પુરુષો' એટલે બધોએ વેદોનો અર્થ જાણનારાઓ. ૧૮

તે સમયે બ્રાહ્મણોએ નીચેના શ્લોકથી આરંભી બધીએ કાલે કરેલી શ્રેષ્ઠતા કહી :

**બ્રાહ્મણો કહે છે :**

**પાર્થ પ્રજાવિતા સાક્ષાદ્ ઈક્ષ્વાકુરિવ માનવઃ ।**
**બ્રહ્મણ્યઃ સત્યસંધશ્ચ રામો દાશરથિર્યથા ।।૧૯।।**

હે પાર્થ! મનુના પુત્ર ઈક્ષ્વાકુની પેઠે આ પ્રજાનું સાક્ષાત્ રક્ષણ કરનારો અને દશરથના પુત્ર રામચંદ્ર પેઠે બ્રાહ્મણોનો ભક્ત અને સત્ય પ્રતિજ્ઞાવાળો થશે.૧૯

જો કે ભગવાને એવી રીતે રક્ષણ કરેલાના સંબંધમાં સંદેહ કરવો યોગ્ય નથી, છતાં હે પાર્થ! આ સાક્ષાત્ પોતે જ પ્રજાનું રક્ષણ કરનાર થશે, મંત્રીઓ દ્વારા નહીં કરે. કારણકે પોતે જ પ્રજાનું ઈચ્છેલું વિગેરે કરશે. જો કે મનુને ઘણા પુત્રો થએલા છતાં અંત સુધીનો પૂર્ણ વંશ કરનાર ઈક્ષ્વાકુ જ થએલ. તે જેમ પ્રજાનું પાલન કરતો, એવું આનું પણ થશે. અથવા ઈક્ષ્વાકુ પઠે શત્રુ અને મિત્ર પ્રતિ સમાન રહેશે. (ઈક્ષ્વાકુએ અને પોતાના પુત્ર) શશાદને દેશમાંથી કાઢી મૂકેલો તેથી, અને બ્રાહ્મણો સર્વ જાણનાર હોવાથી તેમ કહે છે. 'માનવઃ' 'વૈવસ્વત' મનુનો પુત્ર હતો. 'બ્રહ્મણ્યઃ' સર્વસ્વનું બ્રાહ્મણોને દાન કરેલું હોવાથી રામચંદ્ર બ્રાહ્મણોના ભક્ત હતા. 'સત્યસંધઃ' વનવાસ જવાથી સત્ય પ્રતિજ્ઞાવાળા હતા. દશરથના પુત્ર રઘુનાથ ભગવાનની ઈચ્છાથી કાલ ભગવાનનો પણ અપરાધ કરે છે એવું જણાવવા ભગવાનનું દૃષ્ટાંત કહેલું છે.૧૯

**એષ દાતા શરણ્યશ્ચ યથા હ્યૌશીનરઃ શિબિઃ ।**
**યશો વિતનિતા સ્વાનાં દૌષ્યન્તિરિવ યજ્વનામ્ ।।૨૦।।**

ઉશીનરના વંશજ શિબિની પેઠે આ દાન કરનાર અને શરણ આવેલાનું રક્ષણ કરનાર થશે. દુષ્યન્તના પુત્રની પેઠે પોતાના સગાંઓના અને યજ્ઞ કરનારના યશને વિસ્તારશે.૨૦

'શરણ્યઃ' શરણ આવેલાનું રક્ષણ કરનાર, 'ચ' અને શબ્દ હોવાથી દરેક કાર્યથી અને કાર્યોનાં સમૂહથી કીર્તિવાળો થશે. શિબિ ઉશીનરના વંશમાં ઉત્પન્ન થએલો. તેથી દાતા અને શરણ્યના સમૂહથી જ ઈંદ્ર અને અગ્નિના સંવાદમાં[1] કીર્તિ પ્રસરેલી. દુષ્યન્તનો પુત્ર ભરત આખાએ સોમવંશને યશ પ્રાપ્ત કરાવનાર અને એકસોથી વધારે અશ્વમેધ[2] કરેલા હોવાથી યજ્ઞ કરનારાઓને પણ યશ પ્રાપ્ત કરાવનાર હતો. 'ચ' 'અને' શબ્દથી સર્વ સ્થલે તે શબ્દની પહેલાં કહેલાંનો સંબંધ દૃષ્ટાંતમાં અને જેના વિષે દૃષ્ટાંત આપેલું હોય તેમાં હોવાનું જાણવું.૨૦

૧.મહાભારતમાં આ કથા છે. ઈન્દ્ર બાજ અને અગ્નિ કપોત થઈ આવેલ. કપોત શિબિના શરણે આવેલ. તેને મળવા આવેલ બાજને પોતાના દેહનું માંસ આપ્યું. પણ કપોતને મારવા ન દીધું.

૨.જૂઓ ૯।૨૦।૨૫.

**ધન્વિનામ્ અગ્રણીરેષ તુલ્યશ્ચાર્જુનયોર્દ્વયોઃ ।**
**હુતાશ ઈવ દુર્ધર્ષઃ સમુદ્ર ઈવ દુસ્તરઃ ।।૨૧।।**

આ ધનુષ્યધારીઓનો નાયક અને બે અર્જુનોની સમાન, અગ્નિ પેઠે ઉલ્લંઘન થઈ

ન શકે તેવો અને સમુદ્ર પેઠે ન તરાય તેવો થશે.૨૧

'ધન્વિનામ્' ધનુષ્યધારીઓનો નાયક આનો દાદો અર્જુન અને કાર્તવીર્ય અર્જુન બેની સમાન અને 'ચ' 'અને' શબ્દ હોવાથી કાલને વશ કરનાર હોવાથી તેમનાથી અધિક થશે. 'હુતાશ' અગ્નિ, 'ધર્ષણમ્' ઉલ્લંઘન, આજ્ઞાનું ઉલ્લંઘન, એવો અર્થ છે. 'દુસ્તરઃ' પાર ન જવાય તેવો. યુદ્ધમાં આની સેનાનો અથવા આનો પોતાનો પરાજય[1] ન થાય તે 'ન તરવું' તેવા ગુણવાળો થશે.૨૧

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

**મૃગેન્દ્ર ઈવ વિક્રાન્તો નિષેવ્યો હિમવાનિવ ।**
**તિતિક્ષુર્વસુધેવાસૌ સહિષ્ણુઃ પિતરાવિવ ।।૨૨।।**

આ સિંહના જેવો પરાક્રમી, હિમાલય જેવો આશ્રય કરવા યોગ્ય પૃથ્વી જેવો સહન કરનાર અને મા-બાપ જેવો ક્ષમા કરનાર થશે.૨૨

'વિક્રાન્તઃ' પરાક્રમી, દેહ કરતાં પણ વધારે કૌશલ્યના બલવાળો. 'મૃગેન્દ્રઃ' સિંહ. 'નિષેવ્યઃ' જેમ મહાદેવ વિગેરેનો આશ્રય હિમાલય છે તેમ દેવો વિગેરેનો પણ આશ્રય થશે. અથવા દોષરહિત સ્થાન હોવાથી હિમાલય આશ્રય છે, તેથી જ ઋષિઓ તેના ઉપર જ રહે છે. સર્વ સ્થલે ગુણોના સંબંધમાં જ દષ્ટાંતો છે. 'તિતિક્ષુઃ' અપરાધ સહન કરનાર. પૃથ્વી સર્વ અપરાધ સહન કરનારી છે. 'સહિષ્ણુ' જેના દોષ કરેલ હોય તે સહન કરવાના સ્વભાવવાળો, પોતાનો અપરાધ કરે તે સહન કરવામાં પૃથ્વી જેવો, અને તે અપરાધ કરનાર નું જ અયોગ્ય વર્તન સહન કરવામાં મા-બાપ જેવો થશે.૨૨

**પિતામહસમઃ સામ્યે પ્રસાદે ગિરિશોપમઃ ।**
**આશ્રયઃ સર્વભૂતાનાં યથા દેવો રમાશ્રયઃ ।।૨૩।।**

સમપણામાં પિતામહ સમાન, વરદાન કરવામાં ગિરિશ જેવો, જેમ દેવ રમાના આશ્રય છે તેમ સર્વ પ્રાણીઓનો આધાર થશે.૨૩

'પિતામહઃ' બ્રહ્મા તેમનું 'સમપણું' એટલે દેવો દૈત્યો અને મનુષ્યો માં સમાન હોવાપણું. 'પ્રસાદે' વિચાર કર્યા વિના વરદાન કરવામાં 'ગિરિશ' મહાદેવ જેવો થશે. 'આશ્રયઃ' આધાર, ટેકો એવો અર્થ છે. સર્વ વિષયોમાં જેમ લક્ષ્મીના આધાર ભગવાન છે તેમ બધાનો આધાર આ થશે. ભગવાન દષ્ટાંત સ્પષ્ટ અર્થવાળું છે તેમની પેઠે આ સર્વનો આધાર થશે કારણકે ધર્મ વિગેરેનું પણ રક્ષાણ કરનાર થશે, એવો અર્થ છે.૨૩

**સર્વસદ્ગુણમાહાત્મ્ય એષ કૃષ્ણમ્ અનુવ્રતઃ ।**
**રન્તિદેવ ઈવોદારો યયાતિરિવ ધાર્મિકઃ ।।૨૪।।**

સર્વ ઉત્તમ ગુણોના માહાત્મ્યમાં આ શ્રીકૃષ્ણના જેવાં વ્રતવાળો, રંતિદેવ જેવો ઉદાર

યયાતિ જેવો ધાર્મિક થશે.૨૪

સત્ય-પવિત્રતા વિગેરે સર્વ ઉત્તમ ગુણો છે, તેઓનું માહાત્મ્ય એટલે ઘણી જ શ્રેષ્ઠતા, તે પ્રાપ્ત કરવા માટે શ્રીકૃષ્ણ ભગવાનની પાછળ વ્રત છે જેનું તેવો, શ્રીકૃષ્ણની ઉપાસના કરવાથી અને કૃપા થવાથી તેમના જેવો થશે, એવો અર્થ છે. રંતિદેવની કથા નવમા સ્કન્ધમાં (૯।૨૧।૩-૧૪) કહેવામાં આવશે. તે તો ચંડાલને જલ આપી પ્રસન્ન થએલો. 'ઉદાર' એટલે અત્યંત દાન કરવાના સ્વભાવવાળો. જેમ યયાતિએ શુક્રની પુત્રી દેવયાની બ્રાહ્મણ હોઈ પત્ની થવા અયોગ્ય હોવા છતાં, પોતાનું મન તો તેમાં લાગેલું છે એમ જાણીને 'આ ધર્મ છે' એવા વિચારથી સ્વીકારી, તેના જેવો ધાર્મિક થશે.૨૪

**ધૃત્યા બલિસમઃ કૃષ્ણે પ્રહ્લાદ ઈવ સદ્ગ્રહઃ ।**
**આહર્ત્તૈષોઽશ્વમેધાનાં વૃદ્ધાનાં પર્યુપાસકઃ ।।૨૫।।**

ધૈર્યથી બલિની સમાન, પ્રહ્લાદની પેઠે શ્રીકૃષ્ણમાં ભક્તિમાન, અશ્વમેધો કરનાર અને વૃદ્ધોની ઉપાસના કરનાર થશે.૨૫

ધૈર્યમાં બલિની સમાન થશે. બલિની કથા આઠમા સ્કંધમાં (અધ્યાય ૧૮ થી ૨૨) કહેવામાં આવશે. 'સદ્ગ્રહઃ' ભક્તિ, અથવા સારી દઢતા વાળો થશે. યજ્ઞ કરનારાઓ પેઠે બીજા યજ્ઞો કરવાથી પણ આ વિષયમાં તેવો યજ્ઞ કરનાર થાય તેવું સંભવે, તેથી અશ્વમેધો કરનાર એમ જુદું કહેલ છે. બધાં કરતાં વધારે ગુણો પોતાના હોવા છતાં પણ તેને અહંકાર નહીં થાય, એમ 'વૃદ્ધોની ઉપાસના કરનાર' શબ્દથી કહેલ છે.૨૫

**રાજર્ષીણાં જનયિતા શાસ્તા ચોત્પથગામિનામ્ ।**
**નિગ્રહીતા કલેરેષ ભુવો ધર્મસ્ય કારણાત્ ।।૨૬।।**

રાજર્ષિઓને ઉત્પન્ન કરનાર, આડા માર્ગે જનારાઓને દંડ કરનાર, અને ભૂમિ અને ધર્મના કારણે કલિનો પરાજય કરનાર થશે.૨૬

'રાજર્ષીણામ્' એટલે જનમેજય વિગેરેને ઉત્પન્ન કરનાર, એમ પુત્ર દ્વારા પણ શ્રેષ્ઠતા કહી. પુત્રને પણ સજા કરે, તેથી તેના પછી દંડ કરવાનું કહેલું છે. વારંવાર મર્યાદાનું ઉલ્લંઘન કરે ત્યારે દંડ કરે. 'શાસનમ્' એટલે શિક્ષાપૂર્વક દંડ. 'નિગ્રહિતા' પરાજય કરશે, અને તે ભૂમિ અને ધર્મના કારણને લીધે. આ પરીક્ષિતના ચરિત્રમાં સ્પષ્ટ થશે.૨૬

છેવટે વૈરાગ્ય તેને તરતમાં ફલ પ્રાપ્ત કરાવનારૂં થશે એમ નીચેના શ્લોકોથી કહે છે :

**તક્ષકાદ્ આત્મનો મૃત્યું દ્વિજપુત્રોપસર્જિતાત્ ।**
**પ્રપત્સ્યત ઉપસૃત્ય ભુક્તસંગઃ પદં હરેઃ ।।૨૭।।**
**જિજ્ઞાસિતાત્મયાથાત્મ્યો મુનેર્વ્યાસસુતાદ્ અસૌ ।**
**હિત્વેદં નૃપ ગંગાયાં યાસ્યત્યદ્ધાઽકુતોભયમ્ ।।૨૮।।**

બ્રાહ્મણના પુત્રે પ્રેરેલા તક્ષકથી પોતાનું મૃત્યુ થશે એમ સાંભળીને વ્યાસના પુત્ર મુનિ પાસેથી આત્માનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરેલો સંગનો ત્યાગ કરેલો આ, હે નૃપ!, ગંગામાં આનો ત્યાગ કરી જેને કોઈ તરફથી ભય નથી તેવા હરિનાં ચરણને નિશ્ચય પ્રાપ્ત થશે.૨૭-૨૮.

'પોતાનું' એટલે દેહનું. 'મૃત્યુમ્' નાશ. બ્રાહ્મણનો પુત્ર શૃંગી. 'ઉપસર્જિતાત્' પ્રેરેલા. મૃત્યુ થશે એમ શ્રવણ કરીને 'સંગ તજેલો' એટલે સંન્યાસ કરેલો. 'હરિનાં સ્થાનને' ગંગાના તીરે એટલે સત્ પુરુષોની સભામાં. કારણકે ભગવાનનું ચરણ ત્યાં પ્રકટ થએલું છે. 'વ્યાસના પુત્ર મુનિ' એટલે શુક. 'જિજ્ઞાસિતઃ' સારી રીતે વિચારપૂર્વક જાણેલો છે 'આત્મનઃ' ભગવાનનો અને પોતાનો જીવાત્માનો 'યાથાત્મ્ય' 'આ આવું છે' એવા પ્રકારનો નિર્ણય જેણે તેવો. 'આ' એમ અંતમાં કહેલ છે તેનો અર્થ બ્રહ્માસ્ત્ર પાછું આવે છે એવો છે. આટલા સમય સુધી વચમાં તેનું પ્રયોજન હોવાથી ભગવાને તેનું રક્ષણ કરેલું. પછી છેવટે બ્રાહ્મણે પ્રેરેલા તક્ષકના આકારવાળા બ્રહ્માસ્ત્રે જ તેને હણ્યો, એવો અર્થ છે. 'આનો' એટલે શરીરનો. યુદ્ધમાં આસક્તિવાળા રાજાઓને શરીરનો મોહ હોતો નથી એમ જણાવવા 'હે નૃપ!' એવું સંબોધન કરેલું છે. 'અદ્ધા' નિશ્ચય. જેને કોઈ તરફથી ભય નથી તેવા ભગવાનના ચરણારવિંદને પ્રાપ્ત થશે.૨૭-૨૮.

**ઈતિ રાજ્ઞ ઉપાદિશ્ય વિપ્રા જાતકકોવિદાઃ ।**
**લબ્ધોપચિતયઃ સર્વે પ્રતિજગ્મુઃ સ્વકાન્ ગૃહાન્ ।।૨૯।।**

જાતક જાણનારાઓએ રાજાને એમ જણાવીને ઉપચિતિ પ્રાપ્ત કરેલા સર્વ વિપ્રો પોતાના ઘરે ગયા.૨૯

'ઉપાદેશનમ્' એટલે એકાંતમાં માત્ર રાજાને જ જણાવવું તે. તેઓને જ્ઞાન હોવાનું કારણ 'જાતક જાણનારાઓ' શબ્દથી કહેલું છે. 'જાતક' જ્યોતિઃશાસ્ત્રનો એક ભાગ છે. ચાલુ પ્રસંગમાં ઉપયોગી હોવાથી આ જાતક કહેલું છે. વાસ્તવિક રીતે જ્યોતિઃશાસ્ત્રના સર્વ ભાગો જાણનારા હતા. 'લબ્ધા' પ્રાપ્ત કરેલ છે 'ઉપચિતિઃ' ઉપકારના બદલામાં ધન વિગેરે જેમણે તેઓ. 'સર્વે' પહેલાં કહેલાં[1] તેઓ અને આ બધા મનોરથ પૂરો થએલ હોવાથી પોતાના ઘેર જ ગયા, બીજે ક્યાંય ગયા નહીં. કાલ વિગેરે ભગવાનના સેવક ભગવાન જેના ઉપર પ્રસન્ન થએલા હતા તેવા પુરુષના વિષે આટલું કરે છે એમ કહ્યું.[2] ૨૯

૧.પાછળ શ્લોક ૧૫ થી ૧૭ કહેનારા. ૨.આ પરીક્ષિતને ભવિષ્યમાં પ્રાપ્ત થવાના ફલની કથાથી કહ્યું.

અનુક્રમે તેઓએ કહ્યું, તેમાં સંમતિ હેવાનું નીચેના શ્લોકથી કહે છે :

**સ એષ લોકે વિખ્યાતઃ પરીક્ષિદિતિ યત્ પ્રભુઃ ।**
**પૂર્વદષ્ટમ્ અનુધ્યાયન્ પરીક્ષેત નરેષ્વિહ ।।૩૦।।**

તે આ લોકમાં 'પરીક્ષિત' એમ પ્રખ્યાત થયેલો છે. કારણ પ્રભુ થએલો પહેલાં દર્શન કરેલાનું અહીં ધ્યાન કરતાં મનુષ્યોમાં પરીક્ષા કરે.૩૦

જેનું ભગવાને રક્ષણ કરેલું તેને હવે ભવિષ્યની કથા માટે 'આ' એમ ફરીથી કહે છે. 'પરીક્ષિત્' એમ પ્રખ્યાત થએલો છે.

સર્વ જાણનાર બ્રાહ્મણોનું વચન હતું કે વિષ્ણુરાત નામથી પ્રસિદ્ધ થશે, તેથી લોકમાં પરીક્ષિત્ નામથી કેમ પ્રસિદ્ધ થયો? એવો પ્રશ્ન થાય તેથી 'કારણકે પ્રભુ થએલો' એમ કહેલું છે. ભગવાને પોતાનું સામર્થ્ય તેને આપેલું હોવાથી ભગવદ્રૂપ થએલો, તેથી ભગવાને પહેલાં કહેલું[1] તે કરતાં પણ હાલનું ભગવાનનું કૃત્ય નજીકના સમયનું હોવાથી આદર કરવા યોગ્ય છે, અને પહેલાનાં કૃત્યનું ફલ છે; તેથી વિષ્ણુરાત નામથી પ્રસિદ્ધ થએલ હોવા છતાં પણ [2]પરીક્ષિત્ તરીકે જ પ્રસિદ્ધ ક્રિયા જણાવનારું છે. ભગવાને પોતાની સંભાળ રાખેલી એવું શ્રવણ કરીને સર્વ તરફ ભગવાનને જૂએ છે. 'પરિતઃ' સર્વ તરફથી 'ઈક્ષામ્' દૃષ્ટિ (સંભાળ) ને 'ઈતઃ' પ્રાપ્ત થએલો તે 'પરીક્ષિત્'. અથવા 'ઈત' એ 'ઈવ' 'જેવો' ના અર્થવાળો અવ્યય હોવાનું "સર ઈન્મુખં તે" 'તારું મુખ સરોવર જેવું છે' (૫।૨।૧૩) વાક્યમાં પ્રસિદ્ધ છે. 'પરિતઃ' સર્વ તરફ 'ઈક્ષ્' દર્શન. આ વિભક્તિના પ્રત્યય વગરનો ધાતુ કહેલો છે. સર્વ તરફથી દર્શનના જેવો આ છે. એમ અંતે 'ત' આવે છે. તેથી એમ જણાવેલું છે કે આના સંગમાં બીજાને પણ સર્વ તરફથી દર્શન થશે. 'નરેષુ' 'મનુષ્યોમાં' શબ્દથી "ઘણા સ્પષ્ટ પ્રકારથી દર્શન કરે છે" એ વાક્ય પ્રમાણે ભગવાનનાં દર્શનનો અધિકાર સૂચવેલો છે.

અથવા 'પરીક્ષિત્' નામથી પ્રસિદ્ધ થયો, તેનું કારણ જણાવે છે કે 'પ્રભુઃ' ભગવાને એમ જાણ્યું કે આ બાલક ભવિષ્યમાં મનુષ્યોમાં પહેલાં જોએલાં સ્વરૂપનું ધ્યાન કરતાં 'પરીક્ષિત્' પરીક્ષા કરે. "યમે જબરદસ્તીથી અંગુઠાના માપના પુરુષને બહાર ખેંચ્યો" એ વાક્ય પ્રમાણે જીવ પણ અંગુઠાના માપનો છે, પરંતુ બીજી સામગ્રી વિનાનો[3] છે. આ ભેદથી જીવના સ્વરૂપથી જુદું ભગવાનનું સ્વરૂપ પરીક્ષિત્ જાણો, એટલા પ્રયોજનથી આ નામ છે, એવો અર્થ છે. 'ઇહ' એટલે સંસારમાં જાણો કારણકે અહીં સંસારમાં આવેલાઓની બુદ્ધિ ઘણા ભાગે નાશ પામે છે.૩૦

૧.'પહેલાં કરેલું' એટલે રક્ષણ

૨.'પરિ+ઈશ્+ઈત્=પરીક્ષિત્' 'ઈત્' શબ્દ 'ઈવ' 'જેવા' ના અર્થવાળો છે. અને અંતે 'ત્' છે.

૩.બ્રહ્મસૂત્ર ૧-૩-૨૪ માં આ સામગ્રી જણાવેલી છે.

શરીર બળેલું હોવાથી નબળો હશે, એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છે :

**સ રાજપુત્રો વવૃધે આશુ શુક્લ ઈવોડુપઃ ।**
**આપૂર્યમાણઃ પિતૃભિઃ કાષ્ઠાભિરિવ સોઽન્વહમ્ ।।૩૧।।**

શુક્લપક્ષમાં કલાઓથી જેમ નક્ષત્રોનો પતિ દિવસે-દિવસે વધે તેમ તે રાજપુત્ર ઝડપથી પિતૃઓથી પૂર્ણ કરાતો વધવા મંડ્યો.૩૧

'શુક્લે' શુક્લપક્ષમાં. 'નક્ષત્રોનો પતિ' શબ્દથી સ્ત્રીઓથી વીંટાએલો હોવાનું

જણાવેલ છે. કારણકે સ્ત્રીઓ જ પોષણ કરવાનું જાણનારી છે. પોતાના ઈચ્છેલા પદાર્થો આપીને પિતૃઓથી પૂર્ણ કરાતો હતો. 'કાષ્ઠાભિઃ' એટલે કલાઓથી, દિવસે-દિવસે કદમાં વૃદ્ધિરૂપ ભેદ દેખાડવા માટે દષ્ટાંત કહેલું છે.૩૧

એવી રીતે તેનું સર્વ ચરિત્ર કહીને, પહેલાં ભગવાનમાં મન રાખીને કરેલો અશ્વમેધ ફરીથી સમય આવતાં માત્ર ભગવાને જ કરાવ્યો, એમ કહેવા નીચેના શ્લોકથી આરંભી તેનો પ્રકાર કહે છે :

**યક્ષ્યમાણોઽશ્વમેધેન જ્ઞાતિદ્રોહજિહાસયા ।**
**રાજાઽલબ્ધધનો દધ્યાવન્યત્ર કરદણ્ડયોઃ ।।૩૨।।**

જ્ઞાતિનો દ્રોહને તજવાની ઈચ્છાથી અશ્વમેધ યજ્ઞ કરવા ઈચ્છતા ધન પ્રાપ્ત ન કરેલા રાજાએ કર અને દંડ સિવાય ધન પ્રાપ્તિના ઉપાયનો વિચાર કર્યો.૩૨

અશ્વમેધ દ્રોહ તજવા માટે કરવાનો હોવાથી કર અને દંડ વિગેરે તો કરવાનું ન હતું. યોગ્ય કર વિગેરે તો રાજ્યને નભાવનારા હતા. તેથી ધન ન પ્રાપ્ત કરેલા રાજાએ 'હું ધન કેમ પ્રાપ્ત કરીશ' એવો વિચાર કર્યો. કર અને દંડનો ઉપયોગ રાજ્ય નભાવવાનો ઉપર કહ્યો. રાજા હોવાથી જ દાન ન લેવાય. મેરુ વિગેરેમાં દેવતા રહેતા હોવાથી ત્યાંથી ધન લેવાય નહીં. પહેલાં(દશમા અધ્યાયમાં) રાજ્યનું વર્ણન કરતાં જે શ્રેષ્ઠતા કહી તે માટે થએલી. રાજા કોઈની પણ પાસે માગે તે યોગ્ય નહીં. તેથી ચિંતા થઈ. ભગવાન પાસે પણ માગ્યું નહીં. નહીંતો માગ્યું હોત તો નવું જ દ્રવ્ય આપત.૩૨

**તદભિપ્રેતમ્ આલક્ષ્ય ભ્રાતરઃ કૃષ્ણચોદિતાઃ ।**
**ધનં પ્રહીણમાજહ્રુઃ ઉદીચ્યાં દિશિ ભૂરિશઃ ।।૩૩।।**

તેનું ઈચ્છેલું જાણીને શ્રીકૃષ્ણે પ્રેરણા કરેલા ભાઈઓ ઉત્તર દિશામાં પડેલું નિંદિત ઘણું ધન લઈ આવ્યા.

પરંતુ તેવું ઈચ્છેલું જાણીને ભાઈઓ જ ધન લઈ આવ્યા. તેઓ પણ ચિંતાથી આકુલ થએલા. તેમને ભગવાને જ પ્રેરણા કરેલી. આથી એમ સૂચવેલું છે કે ભક્તોની થોડી પણ ચિંતા ભગવાન સહન કરતા નથી. 'પ્રહીણમ્' એટલે ઘણું અથવા ઘણું નિંદિત, કારણકે તે બ્રાહ્મણોનું હતું. ભગવાનની પ્રેરણાથી ભાઈઓ લઈ આવ્યા. દ્રોહ[1] એટલે તેઓની પીડા. બ્રાહ્મણો વિગેરેનું દુઃખ દૂર કરવા માટે પ્રવૃત્ત થએલો અશ્વમેધ બ્રાહ્મણોના જ દ્રવ્યોથી કરવો યોગ્ય હતો. 'ઉત્તર દિશામાં' શબ્દથી એવો અર્થ જણાવેલ છે કે મરુત્તના યજ્ઞમાં દક્ષિણા તરીકે પ્રાપ્ત થએલું ધન ભારને લીધે લઈ જવું અશક્ય હતું તે ઘણું ઉત્તર દેશમાં મૂકેલું હતું, તે લઈ આવ્યા.૩૩

૧.આ શ્લોકમાં 'દ્રોહ' શબ્દ નથી. શ્લોક ૩૨ માં છે. તેથી તેની ટીકામાંનો આ ભાગ હોવો જોઈએ, પ્રકાશકાર લખે છે કે 'ગયા શ્લોકમાં વ્યાખ્યાન કરેલું હોવાથી અહીં તેવો અર્થ કહેલ છે.'

**તેન સમ્ભૃતસમ્ભારો ધર્મપુત્રો યુધિષ્ઠિરઃ ।**
**વાજિમેધૈસ્ત્રિભિર્ભીતો યજ્ઞૈઃ સમયજદ્ હરિમ્ ।।૩૪।।**

તેનાથી જેણે સામગ્રી તૈયાર કરેલી છે તેવા ભય પામેલા[૧] ધર્મના પુત્ર યુધિષ્ઠિરે ત્રણ અશ્વમેધ યજ્ઞોથી હરિનું સારી રીતે પૂજન કર્યું.૩૪

તે ધનથી ઘી, પશુઓ, હોમવાના પદાર્થો વિગેરે સામગ્રી જેણે તૈયાર કરેલ છે તેવા યુધિષ્ઠિરે પૂજન કર્યું. 'ધર્મના પુત્ર' શબ્દથી તેણે અયોગ્ય કરેલ ન હોવાનું કહેલું છે, કારણ કે ભૂમિ ઉપર તજેલું રાજાની માલિકીનું થાય છે. યુદ્ધમાં સ્થિર હોવાથી અશ્વમેધ કરી શક્યો, ''યજ્ઞથી યજ્ઞનું દેવોએ પૂજન કર્યું'' એ શ્રુતિના અર્થ પ્રમાણે વર્તન કરેલ છે એમ જણાવવા અશ્વમેધ યજ્ઞોથી જ એમ કહેલું છે. 'હરિનું' એટલે બ્રાહ્મણોનું પણ દુઃખ દૂર કરનારનું પૂજન કર્યું, તેથી ઉપર કહેલાંનો વિરોધ[૨] થતો નથી. 'આહૂતઃ' ' રાજાએ બોલાવેલ ભગવાને.... ' એ બે શ્લોકો ક્ષેપક છે.૩૪

૧.જ્ઞાતિના દ્રોહથી ભય પામેલા. શ્લોક ૩૨.     ૨.બ્રાહ્મણોના દ્રવ્યથી યજ્ઞ કર્યો, તેનો એવો અર્થ જણાય છે.

**ઈતિ શ્રીલક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**અધ્યાય બારમો સંપૂર્ણ.**

# ।। અધ્યાય તેરમો ।।

# વિદુરના ઉપદેશથી ગાંધારી અને ધૃતરાષ્ટ્ર નું વનમાં જવા માટે પ્રસ્થાન

**એવં ભાગવતશ્રોતુઃ દેહોત્પત્તિર્નિરૂપિતા ।**
**પુરુષત્રયમુક્તિર્હિ તન્મુક્ત્યર્થં નિરૂપ્યતે ।।૧।।**

એવી રીતે ભાગવતનું શ્રવણ કરનારના દેહની ઉત્પત્તિ કહી. તેની મુક્તિ થાય તે માટે તેના ત્રણ પુરુષો (વડવાઓ) ની મુક્તિ કહેવામાં આવશે.કા.૧

**પિતા પિતામહશ્ચૈકો ધૃતરાષ્ટ્રઃ તતઃ પરઃ ।**
**પ્રપિતામહમુક્તિર્હિ પૂર્વં તતઃ નિરૂપ્યતે ।।૨।।**

૧.પિતા, ૨.દાદાઓ એક ગણીને, ૩.તેમનાથી ઉપર ધૃતરાષ્ટ્ર એ ત્રણ પુરુષોની મુક્તિ કહેવાની છે તેથી પહેલાં આ અધ્યાયમાં પ્રપિતામહ (દાદાના પિતા ધૃતરાષ્ટ્ર) ની મુક્તિ કહેવામાં આવશે.કા.૨

**તતોऽધ્યાયદ્વયેનૈવ દ્વિરૂપત્વાત્ પિતામહે ।**
**સનિમિત્તાં મુક્તિમાહ હેતુકાર્યવિભેદતઃ ।।૩।।**

પછી દાદાઓના સમ્બન્ધમાં કારણ[૧] અને કાર્યના[૨] ભેદથી મુક્તિ બે પ્રકારની હોવાથી ચૌદમા અને પંદરમા બે અધ્યાયોથી જ નિમિત્ત[૩] સાથેની મુક્તિ કહેશે.કા.૩

**અમુક્તપિતૃકા મુક્તિં નાપ્નુવન્તીતિ વાર્યતે ।**
**અતો નિશ્ચિન્તતાસિદ્ધ્યૈ ચિત્તશુદ્ધિરિહોચ્યતે ।।૪।।**

જેમના પિતાઓ મુક્ત થએલા ન હોય તેઓ મુક્તિ પ્રાપ્ત કરતા નથી, તેથી તેઓની અમુક્તિ રહી ન હોવાનું કહેલ છે. તેથી નિશ્ચિંત થાય તે માટે અહીં[૪] તેઓનાં ચિત્તની શુદ્ધિ કહેલી છે.કા.૪

**તતો દ્વયેનેન્દ્રિયાણાં રાજ્યશૌર્યાદિવર્ણનૈઃ ।**
**તતો વૈરાગ્યસત્સંગાવધિકારઃ ફલોન્મુખઃ ।।૫।।**
**તતો ભવતિ પુષ્ટોऽપિ નાન્યથેત્યગ્રિમા કથા ।**

પછી સોળમા અને સત્તરમા બે અધ્યાયોથી રાજ્ય શૌર્ય વિગેરેનાં વર્ણનથી ઈંદ્રિયોની શુદ્ધિ કહેશે. પછી અઢારમામાં વૈરાગ્ય અને ઓગણીસમામાં સત્સંગ કહેશે. એટલે ફલ પ્રાપ્ત કરાવે તેવો અધિકાર પ્રાપ્ત થશે. તેનાથી જ તે પુષ્ટ થશે. તે વિના[૫] પુષ્ટ ન થાય, એવી આગળની કથા છે.કા.૫ ૧/૨

૧.'કારણ' ભગવાન્ પધારી ગયા તે. ૨.'કાર્ય' પોતાના લયનું ચિન્તન વિગેરે
૩.'નિમિત્ત' ભગવાન્ પધારી ગયા તે સુચવનારાં ઉત્પાતો વિગેરેનું દર્શન વિગેરે
૪.અધ્યાય ૧૩-૧૫ માં રાજા યુધિષ્ઠિર નાં ચિત્તની શુદ્ધિ કહેલી છે, કારણ કે તે મુક્તિ થવામાં ઉપયોગી છે.
૫.'તે વિના' એટલે સત્સંગ વિના.

તે પૈકી પહેલાં ધૃતરાષ્ટ્રની મુક્તિ કહેવામાં આવે છે. તે જ્ઞાનથી પ્રાપ્ત થાય તેવી હોવાથી જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે વિદુરનો પ્રસંગ કહેવામાં આવે છે. વિદુર વચલું કાર્ય કરનાર છે, અથવા ધર્મરાજા હોવાથી ગુરુ[૧] છે. ભગવાને તેનું સ્મરણ કરેલું હોવાથી તેના દોષનો નાશ થએલો.[૨] વિદુર અને મૈત્રેય ની કથા ત્રીજા અને ચોથા બે સ્કન્ધોથી કહેશે તે પછીની કથા પ્રયોજન હોવાથી અહીં નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**સૂત કહે છે :**

**વિદુરસ્તીર્થયાત્રાયાં મૈત્રેયાદ્ આત્મનો ગતિમ્ ।**
**જ્ઞાત્વાऽગાદ્ધાસ્તિનપુરં તયા ચાત્મવિવિત્સિતઃ ।।૧।।**

તીર્થયાત્રામાં મૈત્રેયથી ભગવાન્‌ની ગતિ જાણીને અને તેનાથી ભગવાનનાં સ્વરૂપને જાણેલો વિદુર હસ્તિનાપુર ગયો.૧

તીર્થયાત્રા સમાપ્ત થઈ ત્યારે ચિત્ત શુદ્ધ થતાં, ઉદ્ધવના ઉપદેશથી મૈત્રેય પાસે જઈ,

'આત્મનઃ' ભગવાન્‌ની 'ગતિં' ચેષ્ટા-લીલા એવો અર્થ છે, તેને જાણીને જ્ઞાન પ્રાપ્ત કરેલો વિદુર હસ્તિનાપુર ગયો. ભગવાનની ક્રિયા-લીલાથી જ તેને ભગવાનનું યથાર્થ જ્ઞાન થયું. તે 'અને તેનાથી ભગવાનનાં સ્વરૂપને જાણેલો' શબ્દોથી કહેલું છે. તેનાથી, તે ગતિથી 'વિવિત્સિતઃ' ઉત્તમ પ્રકારે ભગવાનનું સ્વરૂપ જાણેલો ગયો. નીચે પ્રમાણે અર્થ છે. મૈત્રેય પાસે જઈ, પોતે સર્વ જાણનાર થાય તે માટે તેણે ઘણા પ્રશ્નો કર્યા. તેમાં 'જે જાણવામાં આવે ત્યારે આ સર્વ જણાએલું થાય છે' એ નિયમ પ્રમાણે ભગવાનનું ચરિત્ર જાણવામાં આવે ત્યારે સર્વ જણાએલું થતું હોવાથી, તેમનું ચરિત્ર ત્રીજા અને ચોથા એ બે સ્કન્ધોથી જાણ્યું. તેમાં એવો અર્થ જણાયો કે સર્વ ભગવાનને અધીન છે. તે જેમ કરશે તેમ થશે, તેથી માત્ર તેમના આશ્રયે રહેવું. જેમ તે પ્રેરણા કરે તેમ તે કરે છે એવા વિચારથી કરવું. તેમાં વચ્ચે ભગવાનની ઈચ્છાથી ધૃતરાષ્ટ્રની મુક્તિ થાય તે માટે પ્રેરણા કરેલો હોવાથી, પછીનું ભગવાન્‌નું ચરિત્ર[3] જાણ્યા વિના પણ, ફલનું જ્ઞાન થએલું હોવાથી ફરી નગરમાં આવ્યો.૧

૧.આ આગળ શ્લોક ૨૮ થી જણાશે

૨.''વિદુર ધર્મરાજા તો પહેલાં પણ હતો પહેલાં ઉપદેશ કરવાનું પ્રાપ્ત થયું ત્યારે, 'મારો તેવો અધિકાર નથી' એમ કહી ધૃતરાષ્ટ્રને ઉપદેશ ન કર્યો. તે હજી પણ તેવો જ હોવાથી ગુરુ કેમ થાય?'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. ભગવાને મૈત્રેયને આજ્ઞા કરેલી કે વિદુરને તેણે જ્ઞાનનો ઉપદેશ કરવો ૩-૪-૨૬ એ ભગવાને કરેલું તેનું સ્મરણ.

૩.સ્કન્ધ ૫ અને તે પછી કહેલું.

તેથીજ પહેલાં જે ઘણા પદાર્થો પૂછેલા, તેના ઉત્તરનું શ્રવણ કર્યા વિના જ હસ્તિનાપુર આવેલો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**યાવતઃ કૃતવાન્ પ્રશ્નાન્ ક્ષત્તા કૌષારવાગ્રતઃ ।**
**જાતૈકભક્તિર્ગોવિન્દે તેભ્યશ્ચોપરરામ હ ।।૨।।**

ક્ષત્તાએ જેટલા પ્રશ્નો કૌષારવ પાસે કરેલા તેમાંથી જેની ગોવિંદમાં અનન્ય ભક્તિ થએલી છે તેવો તે અટક્યો.૨

'ક્ષત્તા' એટલે અન્તઃપુરનો અધ્યક્ષ વિદુર. આથી તે ઘણો નિપુણ હોવાનું જણાવ્યું. 'કૌષારવ' એટલે કુષારુનો પુત્ર મૈત્રેય. વિદુર ઉત્તમ અધિકારી હોવાથી ભગવાનનાં ચરિત્રના થોડા ભાગનું શ્રવણ કરવાથી પણ તેને ભક્તિ પ્રાપ્ત થઈ તેથી ફલ પ્રાપ્ત થએલ હોવાથી પ્રશ્નોના ઉત્તરનું શ્રવણ કર્યા વિના પણ અટક્યો.૨

એવી રીતે તે જ્ઞાનવાળો હોવાનું જણાવવા પહેલાંના સમયની કથા કહીને આવેલા વિદુરનું પાછળનું કાર્ય કહેતાં, સમયની રાહ જોવા માટે રહેવાનું થઈ શકે તે માટે નીચેના શ્લોકથી આરંભી સર્વ ઈંદ્રિયોની પ્રસન્નતા થાય તે માટે અગીઆર[1] શ્લોકોથી તેનો સત્કાર થયાનું કહે છે :

**તં બન્ધુમ્ આગતં દૃષ્ટ્વા ધર્મપુત્રઃ સહાનુજઃ ।**
**ધૃતરાષ્ટ્રો યુયુત્સુશ્ચ સૂતઃ શારદ્વતઃ પૃથા ।।૩।।**
**ગાન્ધારી દ્રૌપદી બ્રહ્મન્ સુભદ્રા ચોત્તરા કૃપી ।**
**અન્યાશ્ચ જામયઃ પાણ્ડોઃ જ્ઞાતયઃ સસુતાઽઽસ્ત્રિયઃ ।।૪।।**
**પ્રત્યુજ્જગ્મુઃ પ્રહર્ષેણ પ્રાણં તન્વ ઈવાગતમ્ ।**
**અભિસંગમ્ય વિધિવત્ પરિષ્વંગાભિવાદનૈઃ ।।૫।।**
**મુમુચુઃ પ્રેમવાષ્પૌઘં વિરહૌત્કણ્ઠ્યકાતરાઃ ।**
**રાજા તમ્ અર્હયાઞ્ચક્રે કૃતાસનપરિગ્રહમ્ ।।૬।।**

હે બ્રહ્મન્! તે બંધુને આવેલો જોઈને, નાના ભાઈઓ સાથે ધર્મનો પુત્ર, ધૃતરાષ્ટ્ર અને યુયુત્સુ, સૂત, શારદ્વત, કુંતી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા અને ઉત્તરા, કૃપી અને પાંડુની બીજી કુલસ્ત્રીઓ, પુત્રો સાથે અને સર્વ તરફથી સ્ત્રીઓ સાથે જ્ઞાતિના પુરુષોદ્ધ જેમ પ્રાણ આવતાં દેહના અવયવો કરે તેમ દ્ધ હર્ષથી તેની તરફ ગયા. વિધિ પ્રમાણે ભેટીને અને નમસ્કાર કરીને મળ્યા, અને વિરહમાં થએલ ઘણા પ્રેમથી દીન બનેલાઓએ પ્રેમથી આવેલ આંસુઓ પાડ્યા. જેણે આસનનો સ્વીકાર કરેલો છે તેવા તેનું રાજાએ પૂજન કર્યું.૩-૬.

બન્ધન થાય છે આનાથી તે બંધુ. સુખ દુઃખ જ્ઞાન અને મોક્ષ થી અધિકાર પ્રમાણે બંધુપણાંનો નિર્ણય[2] થાય છે. આવેલો જોઈને તેની તરફ ગયા. બીજાના ધૃતરાષ્ટ્રના કાર્ય માટે આવેલ, તેથી દૂરથી જણાવેલું નહીં, જેથી સામા જાય. સૂત=સંજય, શારદ્વત=કૃપ, કારણકે તે શર (બરુ)ના ગુચ્છમાંથી જન્મેલો. 'હે બ્રહ્મન્' એ સંબોધન સ્ત્રીઓની ગણના થતાં વિકાર ન થાય તે માટે કરેલું છે. કૃપી=દ્રોણની પત્ની. 'જામયઃ' એટલે કુલની સ્ત્રીઓ, દિયરની લાજ ન હોય તેથી 'પાંડુની' એમ કહેલું છે. 'જ્ઞાતયઃ' એટલે જ્ઞાતિના પુરુષો. સુતો સાથે અને 'આ' સર્વ તરફથી સ્ત્રીઓ સાથે, એટલે કુટુંબો સાથે જ્ઞાતિના પુરુષો તેની તરફ ગયા. એવો અર્થ છે 'પ્રત્યુજ્જગ્મુઃ' સામું મુખ રાખીને ગયા. 'તન્વ ઈવ' કર-ચરણ વિગેરે દેહના અવયવો પેઠે. 'અભિસંગમ્ય' મળીને. 'વિધિવત્' શાસ્ત્ર પ્રમાણે યોગ્ય હોય તેમ કેટલાકે નમન કર્યું. પ્રેમથી આંસુઓ આવેલ. વિરહમાં 'ઔત્કણ્ઠ્યં' ઘણો પ્રેમ, તેનાથી 'કાતરાઃ' દીન થએલા. પહેલાં જ્યારે તે ગયો ત્યારે જે પ્રેમ થએલો તે ભગવાનના પ્રેમ જેવો આનન્દરૂપ ન હોવાથી[3], તે પ્રેમથી દીન થયેલા, કારણકે વિદુરની પ્રાપ્તિ થએલી નહીં એ પ્રમાણે સર્વ પાસે રહેલા, ત્યારે મુખ્યને પૂજા કરવાનો અધિકાર હોવાથી, રાજાએ તેનું પૂજન કર્યું. આસન આપ્યું ત્યારે સ્વીકારેલું હતું આસન જેણે તેવા વિદુરની પૂજા કરી. આથી એમ સૂચવેલ છે કે તેણે પૂજન કરવાનું કહ્યું ન[4] હતું.૩-૬.

૧.ઈન્દ્રિયો ૧૧ હોવાથી તેમની પ્રસન્નતા થાય તે માટે ૧૧ શ્લોકોથી સત્કાર થયાનું કહે છે.
૨.જ્ઞાન અને મોક્ષથી બન્ધન થાય તે સત્વગુણ જેવું જાણવું, કારણકે તે બે જ્ઞાન અને મોક્ષ પણ ગુરુ તરીકે આસક્તિ કરાવનારાં છે.

૩.મુંબઈ પ્રેસવાળી પ્રતમાં 'ક' પુસ્તકનો પાઠ જણાવેલ તે લીધો છે.
૪.યુધિષ્ઠિર કુલનો ક્ષય કરાવનાર હોવાથી 'હું પૂજન નહીં સ્વીકારું' એમ વિદુર કહે તેવો સંભવ હતો, પણ તેણે તેમ કહેલ નહીં.

'થાક ઉતરી ગયા પછી પ્રશ્ન કરવો' એવું ધર્મશાસ્ત્રમાં કહેલ હોવાથી, નીચેના શ્લોકથી શ્રમ ઉતરવાનું કહે છે :

**તં ભુક્તવન્તં વિશ્રાન્તમ્ આસીનં સુખમાસને ।**
**પ્રશ્રયાવનતો રાજા પ્રાહ તેષાં ચ શૃણ્વતામ્ ।।૭।।**

જમેલા, વિશ્રામ લીધેલા અને સુખપૂર્વક આસને બેઠેલાને તેને વિનયથી નમ્ર થએલા રાજાએ તેઓના સાંભળતાં જ નીચે પ્રમાણે કહ્યું.૭

દરેકને પ્રશ્ન કરવો ન પડે તે માટે 'તેઓના સાંભળતાં જ' એમ કહેલું છે.'ચ' 'જ' શબ્દથી વચલા સમયમાં આવેલા અને પૂજન પછી આવેલાઓનો સમાવેશ કરેલો છે.૭

આરંભમાં નીચેના શ્લોકથી દયા ઉત્પન્ન કરે છે :

**યુધિષ્ઠિર કહે છે :**

**અપિ સ્મરથ નો યુષ્મત્ પક્ષચ્છાયાસમેધિતાન્ ।**
**વિપદ્ગણાદ્ વિષાગ્ન્યાદેઃ મોચિતા યત્ સમાતૃકાઃ ।।૮।।**

તમારા પક્ષની છાયામાં સારી રીતે વધેલા અમને તમે સંભારો છો, કારણકે વિષ અગ્નિ વિગેરે આપત્તિઓમાંથી માતા સાથે તમે અમને મુક્ત કરાવેલ છે.૮

તમારા પક્ષની છાયામાં સારી રીતે વધેલા 'નઃ'=અમને તમે સંભારો છો? 'અપિઃ' શબ્દ સંભારો તેવો સંભવ હોવાના અર્થવાળો છે. પહેલાં અમારું તમે જ પાલન કરેલું. 'પક્ષ' એટલે પક્ષપાત, તેની છાયા એટલે હિત કરવું તે. પક્ષીઓમાં એવી વ્યવસ્થા છે. સમય જતાં માતા-પિતા અથવા પુત્રને તેઓ ઓળખતા નથી, તેવું ન[1] હોવાનું જણાવવા 'પક્ષ' વિગેરે શબ્દો યોજેલ છે. 'આપત્તિના સમૂહમાંથી મુક્ત કારવેલ' શબ્દોથી પાલનનો પ્રકાર જણાવે છે. આપત્તિઓમાંથી મુક્ત કરાવેલ. તે 'વિષ-અગ્નિ વિગેરે' શબ્દથી ગણાવે છે. વિષના લાડુ આપેલ, લાક્ષાગૃહમાં બાળેલ તે અનુક્રમે એકનો અને સર્વનો નાશ કરનાર હતા. 'માતા સાથે' શબ્દથી એમ જણાવેલું છે કે સ્ત્રીનો વધ કરવામાં પણ શત્રુને ગ્લાનિ ન હતી, અથવા રક્ષણ કરનારીની સાથે અમને મુક્ત કરાવેલા.૮

૧.લોકમાં જુદા-જુદા સ્થલે યાત્રા કરનારા પોતે પક્ષીઓ હોવાનું કહે છે. તેમ હોય ત્યારે સગાઓનું સ્મરણ થવાનું સંભવે નહીં, તેથી તેવું તમને નથી એમ કહે છે. અહીં 'અર્થ' શબ્દ 'મશકાર્થ ધૂમઃ' 'મચ્છર ઉડાડવા કરેલો ધૂમાડો' એ વાક્ય પેઠે, યોજાએલ છે.

એવી રીતે દયા ઉત્પન્ન કરીને, ક્લેશથી થએલું દુઃખ કહેવાથી જાય છે, તેથી નીચેના

શ્લોકથી આજીવિકા સમ્બન્ધી પ્રશ્ન કરે છે :

**કયા વૃત્યા વર્તિતં વઃ ચરદ્‌ભિઃ ક્ષિતિમણ્ડલમ્ ।**
**તીર્થાનિ ક્ષેત્રમુખ્યાનિ સેવિતાનીહ ભૂતલે ।।૯।।**

ક્ષિતિમંડલમાં તમે ફરતાં ત્યારે તમારાથી કઈ આજીવિકાથી રહેવાએલું? અહીં ભૂતલ ઉપર મુખ્ય ક્ષેત્રોવાળાં તીર્થોમાં તમે રહેલા છો.૯

'વૃત્તિઃ' વર્ણ અને આશ્રમના વિભાગ પ્રમાણે શાસ્ત્રમાં કહેલી અથવા અકસ્માતથી પ્રાપ્ત થએલી આજીવિકા. 'વઃ' એટલે તમારાથી. જીવન ઈચ્છેલું ન હતું, અને તેના વિષે સ્વતન્ત્રતા ન હતી, તેથી કર્તાના અર્થમાં ત્રીજી વિભક્તિ ભૂમિમાં ફરવાનું તો ઈચ્છેલું હોવાથી, તે સમ્બન્ધમાં કર્તાપણું હતું. તેથી 'વરદ્‌ભિઃ' એમ ત્રીજી વિભક્તિ કહેલ છે. 'ક્ષિતિમણ્ડલમ્' માં અત્યંત સંયોગ હોવાથી બીજી વિભક્તિ યોજેલી છે. તેથી સર્વ સ્થલે એક પ્રકારનું અન્ન ન હોવાથી, જીવનનો ત્યાગ કરવાનો વિચાર કરીને અથવા ત્યાગ ન કરવાનો વિચાર કરીને જીવન રાખેલું? એવો પ્રશ્નનો અર્થ છે. બીજા મત પ્રમાણે જીવન ત્યાગ કરવાનો વિચાર ન હોવાથી હવે પછી અહીં રહેશે એવો રાજાનો મનોરથ હતો. જેમાં ક્ષેત્રો મુખ્ય છે તેવાં તીર્થોમાં તમે રહેલા છો. જેમાં જલ મુખ્ય હોય તે તીર્થ, જેમાં સ્થલ મુખ્ય હોય તે ક્ષેત્ર. પ્રયાગ-વેણી ની જેમ કોઈ સ્થળે બંને ભેગાં પણ હોય છે. તેવામાં અહીં ભૂતલ ઉપર તમે રહેલા છો. મુખ્ય તીર્થ અને ક્ષેત્રો માં રહેલા હોવાથી હવે પછી જવું નહીં, એવું તાત્પર્ય છે.૯.

ફલ પ્રાપ્ત થએલું ન હોવાથી, સારી રીતે ચિત્તની શુદ્ધિ થાય ત્યાં સુધી તીર્થમાં ફરવું જોઈએ ૃ એમ કહે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ભવદ્વિધા ભાગવતાઃ તીર્થભૂતા સ્વયં વિભો ।**
**તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સ્વાન્તઃસ્થેન ગદાભૃતા ।।૧૦।।**

હે શક્તિવાળા! તમારા જેવા ભગવાનના ભક્તો પોતે તીર્થરૂપ હોઈ પોતાની અંદર રહેલા ગદા ધારણ કરનારથી તીર્થોને તીર્થ કરે છે.૧૦

તીર્થમાં ફરવાથી તમને કોઈ પણ લાભ થતો નથી. તેમાં અધિકારવાળા તો બીજાઓ છે. 'મારાં જેવાં પણ તીર્થોમાં ફરે છે' એમ કહે. તેથી કહે છે કે તમારા જેવા ફરે છે તે સત્ય છે, પરન્તુ સ્વાર્થ માટે નહીં, પણ ''તેઓ અંગના સંગથી તીર્થનાં પાપને હરે છે, કારણકે તેઓમાં પાપનો નાશ કરનાર હરિ રહેલા છે'' (૯।૯।૬) એ વાક્ય પ્રમાણે તીર્થ ઉપરની કૃપાને લીધે ફરે છે. તેઓ પોતે જ તીર્થરૂપ હોઈ -પાપીઓના સ્પર્શથી થએલ દોષવાળા તીર્થો છે તેમના- દોષને પોતે ગ્રહણ કરી, પોતે દોષ ગ્રહણ કર્યા પહેલાં તીર્થો ન હતાં તેમને તીર્થ કરે છે.

ત્યારે તેઓની શી સ્થિતિ થાય? એવો પ્રશ્ન થાય. તેથી 'પોતાની અંદર રહેલા ગદા ધારણ કરનારથી' એમ કહેલું છે. તેઓનાં હૃદયમાં ભગવાન્ ગદા ધારણ કરીને પ્રકટ રહે છે. તેથી ગદા આસન્યરૂપ હોવાથી, ભગવાન્ અને સાધન ગદા પાપ નાશ કરનારા છે. જેમ

''તેઓએ આ સત્ય પ્રાણને કહ્યું'' એ વાક્યમાં સર્વ પાપોનો નાશ કહેલો છે, તેમ ચાલુ પ્રસંગ આ ભક્તોમાં પણ થાય છે. તીર્થોનું પાપ પણ ભગવાનની સન્નિધિ પ્રાપ્ત કરવાથી નાશ પામે છે, એવો અર્થ છે. આથી એવું તાત્પર્ય કહેલું છે કે **ભગવાનની આજ્ઞા હોય તો જ તીર્થોમાં ફરવું. તેમ ન હોય તો તે ભગવાન્‌ને પ્રયાસ ઉત્પન્ન કરનારું હોવાથી[1] ન કરવું.** તેથી અહીં જ તમારે રહેવું એવું પરિણામ આવે છે.૧૦

૧.તીર્થોના પાપનો નાશ કરવાનો પ્રયાસ ઉત્પન્ન કરનાર.

એવી રીતે આવેલાને કુશળ પૂછી આ ભગવાનનો ભક્ત હોવાથી ભગવાનનો વૃત્તાંત જાણતો હશે તેથી નીચેના શ્લોકથી તે સમ્બન્ધી પ્રશ્ન કરે છે :

**અપિ નઃ સુહૃદસ્તાત! બાન્ધવાઃ કૃષ્ણદેવતાઃ ।**
**દૃષ્ટાઃ શ્રુતા વા યદવઃ સ્વપુર્યાં સુખમાસતે ।।૧૧।।**

હે તાત! શ્રીકૃષ્ણ જેમના દેવ છે તેવા આપણા–અમારા–મિત્ર બાંધવ યાદવોને તમે જોએલ અથવા સાંભળેલ છે? તેઓ પોતાના નગરમાં સુખરૂપ રહેલા છે? ૧૧

વિદુર સાથે યાદવોને તેવો સમ્બન્ધ ન હોવા છતાં અમારી પાંડવોની સાથે સમ્બન્ધ હોવાથી 'નઃ' 'અમારા' અથવા વિદુરને પણ પોતા તરીકે સ્વીકારીને 'નઃ' 'આપણા' એમ કહેલું છે. 'સુહૃદઃ' એટલે મિત્રો. 'હે તાત!' એવું સંબોધન તે યાદવોમાં પણ સ્નેહ જણાવવા સ્નેહથી કરેલું છે. 'શ્રીકૃષ્ણ જેમના દેવ છે' વિશેષણથી સુખપૂર્વક રહેવાનું કારણ કહેલું છે. તેથી જ 'તમે જોએલ છે?' અને બંધુ તરીકે લજ્જાને[1] લીધે જો જોયા ન હોય તો ભગવદીય હોવાથી સાંભળેલ છે? 'પોતાના નગરમાં' એટલે દ્વારકામાં. કારણકે પોતાના સ્થાનમાં થોડા વિષયથી પણ સુખ થાય છે. 'યાદવો' શબ્દથી એમ જણાવેલ છે કે ભક્તના વંશના હોવાથી સુખ હોવાનું સંભવે છે. આથી ત્રણે પ્રકારેનું દુઃખ ન હોવાનું કહ્યું. શ્રીકૃષ્ણ તેમના દેવ હોવાથી આધિદૈવિક, યદુના વંશના હોવાથી આધ્યાત્મિક અને 'પોતાના નગરમાં' હોવાથી આધિભૌતિક દુઃખ ન હતાં. એવી રીતે તેઓ કુશલ હોવાનું સંભવે છે. તમારા મુખથી તેઓ કુશલ હોવાનો નિશ્ચય થાય ત્યારે અમને સુખ થાય, એવો પ્રશ્ન કરવાનો અભિપ્રાય છે.૧૧

૧.'લજ્જાને લીધે,' અવધૂતનો વેશ લઈ વિદુર ફરતો હોવાથી તેમને મળવામાં લજ્જા થાય, તેને લીધે

**ઈત્યુક્તો ધર્મરાજેન તત્સર્વં સમવર્ણયત્ ।**
**યથાનુભૂતં ક્રમશો વિના યદુકુલક્ષયમ્ ।।૧૨।।**

એવી રીતે સ્મરણથી આરંભી કુશલ સુધીના પ્રશ્નો પૂછવામાં આવેલાએ સર્વનું જ જેવો અનુભવ થએલો તેવું સારી રીતે વર્ણન કર્યું, પરન્તુ મૌસલ[1] વિના.૧૨

૧.યદુકુલનો નાશ મુશલથી થએલ, તે નાશ થયાની હકીકત કહી નહીં. જૂઓ ૧૧-૧-૧૩ થી ૩૩ ૧૧-૩૦-૧૩ થી ૩૩ અને ૧૧-૩૧-૬.

"ન કહેનાર અને ખોટું કહેનાર મનુષ્ય પણ પાપી થાય છે" (૧૦।૪૧।૧૦) તેથી સભારૂપ સમાજમાં ધર્મરાજાએ પૂછ્યું ત્યારે કેમ ન કહ્યું? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**નન્વપ્રિયં દુર્વિષહં નૃણાં સ્વયમ્ ઉપસ્થિતમ્ ।**
**નાઽઽવેદયત્ સકરુણો દુઃખિતાન્ દ્રષ્ટુમ્ અક્ષમઃ ।।૧૩।।**

અપ્રિય અને સહન થઈ ન શકે તેવું ખરેખર મનુષ્યોને પોતાની મેળે જ જણાવાનું, દુઃખી જોવાની શક્તિ વિનાના દયાળુએ તે ન કહ્યું.૧૩

પૂછેલું બધું જ કહેવું, પરન્તુ અપ્રિય ન કહેવું. "સત્ય કહેવું, પ્રિય કહેવું, અપ્રિય સત્ય ન કહેવું, અને પ્રિય અસત્ય ન કહેવું. આ સનાતન ધર્મ છે" એ વાક્ય પ્રમાણે અપ્રિય ન કહેવું. પૂછેલું હોય તોપણ સત્ય પણ અપ્રિય હોય તે ન કહેવું. તેમાં પણ સહન ન થઈ શકે તેવું, જે શ્રવણ કરવાથી શ્રવણ કરનાર પણ મરી જાય. તેથી ધર્મી (શ્રવણ કરનાર)નો નાશ કરે તેવું શ્રવણ ન કરાવવું એવો અર્થ છે.

ત્યારે આગળનું કાર્ય[1] કેમ થશે? એવો પ્રશ્ન થાય, તેથી 'મનુષ્યોને પોતાની મેળે જ જણાવાનું' એમ કહેલું છે. પોતાની મેળે મનુષ્યના મુખથી જ જાણશે, આપણા પોતાના વચનથી જણાવવાનું શું પ્રયોજન? એવો અર્થ છે. વળી દયાળુ જરાએ ન કહો; કારણકે દુઃખીને જોઈને પોતાને પણ દુઃખ થવાનું સંભવે. કેમકે કોઈપણ પોતાને દુઃખ થાય તે માટે પ્રયત્ન ન કરે. તેથી ધર્મશાસ્ત્ર પ્રમાણે અને નીતિશાસ્ત્ર વિગેરેના વચન પ્રમાણે બીજાને દુઃખ થાય તેવું ન કહે, એવો અર્થ છે, કારણકે દુઃખી જોવાની શક્તિ વિનાનો હતો.૧૩.

૧.'કાર્ય' એટલે વિદુરે ઈચ્છેલું કાર્ય. ભવિષ્યમાં અપ્રિય સમાચાર જાણે ત્યારે તેણે કરવાનું કાર્ય, એવો અર્થ જણાય છે. કારણકે પછીના વાક્યથી તે જાણશે એમ કહેલ છે. તેથી જાણશે ત્યારે ત્યાર પછી કરવાનું કાર્ય કરશે એવું તાત્પર્ય જણાય છે.

પોતાનું કાર્ય તેઓ ન જાણે એવી રીતે છૂપો વિચાર રાખી પોતાના સમયની રાહ જોતો ત્યાંજ રહ્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**કઞ્ચિત્કાલમ્ અથાવાત્સીત્ સત્કૃતો દેવવત્સુખમ્ ।**
**ભ્રાતુર્જ્યેષ્ઠસ્ય શ્રેયસ્કૃત્ સર્વેષાં પ્રીતિમાવહન્ ।।૧૪।।**

પછી મોટાભાઈનું કલ્યાણ કરનારો, સત્કાર પામેલો સર્વનો પ્રેમ ઉત્પન્ન કરતો તે દેવની પેઠે કેટલાક સમય સુધી રહ્યો.૧૪

'પછી' એટલે પ્રશ્નોની સમાપ્તિ થયા પછી 'દેવની પેઠે' રહ્યો. જેમ તેઓ કહે અને કરે તેનો આદર કરતો રહ્યો. વિશ્વાસ દેશે તે માટે પોતાનું સુખ જણાવતાં પૂજાતો રહ્યો, એવો અર્થ છે. રહેવાનું પ્રયોજન કહે છે કે મોટાભાઈ ધૃતરાષ્ટ્રનું 'શ્રેયસ્કૃત્' વૈરાગ્ય વિગેરે પ્રાપ્ત કરાવીને મોક્ષ પ્રાપ્ત કરાવનારો હતો. પોતાના ઉપર વિશ્વાસ રહે તે માટે, અથવા સંભવતું હોય તેવું દુઃખ દૂર કરવા માટે[1] 'સર્વને પ્રેમ ઉત્પન્ન કરતો' રહ્યો.૧૪

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

આ અયોગ્ય રીતે જન્મેલો નાનો ભાઈ મોક્ષ પ્રાપ્ત કરાવનારો કેમ થાય? કારણકે તે અધિકાર વિનાનો છે! એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અબિભ્રદ્ અર્યમા દણ્ડં યથાવદ્ અઘકારિષુ ।**
**યાવદ્ દધાર શૂદ્રત્વં શાપાદ્ વર્ષશતં યમઃ ।।૧૫।।**

યમ એકસો વર્ષ જ્યાં સુધી શાપને લીધે શૂદ્ર રહ્યો ત્યાં સુધી પાપીઓને યોગ્ય રીતે શિક્ષા કરવાનું અર્યમાએ રાખેલું.૧૫

પાછળ-પાછળનાંના અજ્ઞાન કરતાં પહેલાં-પહેલાનાનું અજ્ઞાન વધારે બલવાન છે એવી દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અન્તઃકરણ અને આત્માની વ્યવસ્થા છે. તે સમ્બન્ધ માં ‘આ હું છું’ એમ જો આત્મા જાણવામાં આવે, તો બીજા ધર્મો દુર્બલ છે. તેથીજ ભુર્કુટ[1] વિગેરે પણ ઉપદેશ કરનારાં થએલા. ભુર્કુટ પૂર્ણ જ્ઞાનવાળો હોવા છતાં પણ સર્વ સ્થલે, વિચાર કર્યા વિના, અન્ન ભક્ષણ કરેલ હોવાથી અને દેહ તજવાના સમયે પણ કાગડા જેવું આવરણ કરવાથી કાગડો થએલો. તેથી વિદુર ન હતો નાનો ભાઈ કે ન હતો શૂદ્રા, પણ યમ હતો. ‘‘માંડવ્યના શાપથી પ્રજાને શાસન કરનાર ભગવાન્ યમ સત્યવતીના પુત્ર વ્યાસથી ભાઈ વિચિત્રવીર્યની ભોગસ્ત્રીઓમાં જન્મેલો’’ એમ (૩।૫।૨૦) કહેશે. ત્યારે હમણાં યમલોકમાં અધિકારી કોણ છે? એવી શંકા થાય, તેથી ‘શિક્ષા કરવાનું અર્યમાએ રાખેલું’ એમ કહેલ છે. ‘‘વિવસ્વાન અર્યમા પૂષા...’’ (૧૨।૧૨।૩૩ થી ૪૪) વિગેરે બાર આદિત્યો છે, તેઓમાં બીજો અર્યમા છે. યમ માંડવ્યના શાપથી એકસો વર્ષ જ્યાં સુધી શૂદ્ર રહ્યો ત્યાં સુધી અર્યમાએ પાપ કરનારાઓ ઉપર યોગ્ય રીતે અધિકાર કર્યો. એકસો વર્ષ પછી તો વિદુર શૂદ્ર ન હતો, તેથી એકસો વર્ષ પછી તે ઉપદેશ કરે તેમાં દોષ નથી.૧૫

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

યુધિષ્ઠિરને વિદુરનું વિસ્મરણ થાય તે માટે તેણે કરેલ કાંઈક રાજ્યનો ભોગ નીચેના શ્લોકથી કહે છે :

**યુધિષ્ઠિરો લબ્ધરાજ્યો દૃષ્ટ્વા પૌત્રં કુલન્ધરમ્ ।**
**ભ્રાતૃભિર્લોકપાલાભૈર્મુમુદે પરયા શ્રિયા ।।૧૬।।**

રાજ્ય પ્રાપ્ત કરેલો યુધિષ્ઠિર કુલને ચાલુ રાખનાર પૌત્રને જોઈને લોકપાલ જેવા ભાઈઓ સાથે ઘણી લક્ષ્મીથી આનન્દ કરતો હતો.૧૬

રાજ્ય પ્રાપ્ત કરીને, અને રાજ્ય કરવા યોગ્ય પૌત્રને જોઈને ઈન્દ્ર વિગેરે સરખા ભાઈઓ સાથે ઈન્દ્રને પણ દુર્લભ અથવા તપથી પ્રાપ્ત થાય તેના જેવી લક્ષ્મીથી યુધિષ્ઠિર આનન્દ કરતો હતો.

**રાજ્યં વંશો ભ્રાતરશ્ચ ધન ચાજ્ઞાનહેતવઃ ।।૬।।**

રાજ્ય, વંશ, ભાઈઓ અને ધન અજ્ઞાન (વિદુરનું વિસ્મરણ) કરાવનારાં છે. કા.૬.૧૬.

તેથી શું થયું ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એવં ગૃહેષુ સક્તાનાં પ્રમત્તાનાં તદીહયા ।**
**અત્યક્રામદવિજ્ઞાતઃ કાલઃ પરમદુસ્તરઃ ।।૧૭।।**

એવી રીતે ઘરોમાં આસક્ત થએલા, તેના માટેના પ્રયાસથી ગાફલ થએલા હતા, ત્યારે ઘણો તરી ન શકાય તેવો સમય જાણ્યા વિનાનો વહી ગયો.૧૭

તેઓ નિશ્ચય ભગવાન્ હોય ત્યારે જ પૌત્ર મોટી ઉંમરનો થતો ભગવાનને પૂછીને ગાદીએ બેસાડીને, નિરન્તર ભગવાનનું ચિન્તન કરનારા, ભગવાનના યજ્ઞ-ભજનનું વ્રત લેવા યોગ્ય હતા. રાજ્યના દોષને લીધે તેઓ તે કરી શક્યા નહીં, એમ 'એવી રીતે ઘરમાં આસક્ત થએલા' વિશેષણથી કહેલું છે. છત્રીસ[1] વર્ષ સુધી રાજ્ય કર્યું. રાજ્ય પ્રાપ્ત થયું ત્યારથી સોળ વર્ષ પછી જ રાજ્ય કરવા યોગ્ય પૌત્ર થયો. છતાં ઉપર કહ્યું તેવા પ્રકારે ઘરોમાં આસક્ત થએલા, અને ઘરમાં કરવાનાં કાર્યથી ગાફલ થએલ પોતાનું કાર્ય કરવામાં સાવધાન ન હતા ત્યારે જાણ્યા વિનાનો સમય વહી ગયો, તેઓ 'આજ જ રાજ્યમાં ગાદીએ બેઠા છીએ' એમ જાણતા હતા.૧૭

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

આ પાંડવોનું સ્વરૂપ કેટલાક સમય સુધી રહેવાથી વિદુરે જાણ્યું કે પોતાનાં કાર્યમાં ગાફલ થએલા આ કાલના ભોગ થશે. જો તેમ ન થતાં આ ભક્તો રહ્યા હોત તો અયોધ્યાની પેઠે આખું નગર વૈકુંઠ જાત. તેવા સમયે ધૃતરાષ્ટ્રનું કર્તવ્ય બાકી ન રહેત, પણ તે તો નથી થવાનું એવો નિશ્ચય કરીને, કાલનો પ્રવેશ થશે ત્યારે બુદ્ધિનો નાશ થતાં એક-બીજાને મારવાથી ધૃતરાષ્ટ્રને પણ ભીમથી ઘણો ભય થશે એવી શંકા થવાથી, ધૃતરાષ્ટ્રને સમજાવવા તેણે પ્રવૃત્તિ કરી એમ નીચેના શ્લોકથી કહે છે :

**વિદુરસ્તદભિપ્રેત્ય ધૃતરાષ્ટ્રમ્ અભાષત ।**
**રાજન્ નિર્ગમ્યતાં શીઘ્રં પશ્યેદં ભયમ્ આગતમ્ ।।૧૮।।**

વિદુરે તે વિચારીને ધૃતરાષ્ટ્રને કહ્યું. હે રાજન્! તરત નીકળી જાઓ. આ આવેલા ભયને જૂઓ.૧૮

કાલ ઘણો ન તરી શકાય તેવો કહેલો હોવાથી, તેવા કાલના પણ ઘણા અંશો વ્યતીત થએલા હોવાથી, સર્વનો નાશ કરનાર કાલની અંદર ધૃતરાષ્ટ્ર પડેલો છે એમ વિચારીને તેને કહ્યું કે 'હે રાજન્! નીકળી જાઓ'. કારણ કે રાજ્યથી અધર્મ ઘણો થતો હોવાથી રાજાઓ કાલે

તરત ભક્ષણ કરવા યોગ્ય છે. તરત નીકળી જવાનું કારણ 'આ આવેલા ભયને જૂઓ' શબ્દોથી કહેલું છે. જેમ ભગવાનનો અધિકારી કાલ છે, તેમ કાલનો કોઈક 'ભય' નામનો અધિકારી ચોથા સ્કન્ધમાં કહેવાનો છે, તે હમણાં ભગવાન્ પધારી ગએલા છે ત્યારે તેમના સેવકો પોતાની મેળે નીકળી નહીં જાય તો અધિકારી પત્નીઓની પેઠે[1] સર્વનું ભક્ષણ કરશે. અથવા જેઓ પહેલાં કાલના ભક્ષ્ય તરીકે પ્રાપ્ત થએલા, અને ભગવાન્‌ની દૃષ્ટિ તેમના ઉપર હોવાને લીધે કાલે ભક્ષણ કરેલા નહીં, તેમનું ભક્ષણ કરવા હવે આવેલ છે. પ્રવેશ કરવાની વિધિના[2] નિયમ પ્રમાણે ભવિષ્યમાં જ્ઞાન મૂકવાનું સામર્થ્ય હોવાથી, પોતાનાં સામર્થ્યનાં બલથી જ્ઞાન પ્રાપ્ત કરાવવા તેને દેખાડતાં 'આ આવેલા ભયને જૂઓ ' એમ કહે છે.૧૮

૧.કુશની પત્નીઓને અષ્ટાવક્રે શાપ આપેલો, અને ભૌમ તેમને લઈ ગએલો. તેઓનું ભક્ષણ થયાનું પદ્મપુરાણના ઉત્તરખંડમાં પ્રસિદ્ધ છે.

૨.આ વિધિથી ગુરુ પોતામાં રહેલ જ્ઞાન શિષ્યમાં મૂકે છે.

ત્યારે પહેલાંની પેઠે હમણાં પણ તેનો ઉપાય કરવો દ્ગ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**પ્રતિક્રિયા ન યસ્યેહ કુતશ્ચિત્ કર્હિચિત્ પ્રભો ।**
**સ એવ ભગવાન્ કાલઃ સર્વેષાં નઃ સમાગતઃ ।।૧૯।।**

હે પ્રભો! તેનો અહીં કોઈથી પણ કોઈ પણ સમયે ઉપાય નથી. તે જ ભગવાન્ આપણા સર્વના કાલ થઈ આવેલ છે.૧૯

ભગવાન્ પધારી ગયા એટલે બીજા કોઈથી પણ તેનો ઉપાય થાય તેમ નથી. પહેલાં પણ એવી સ્થિતિ હતી એમ 'કોઈ પણ સમયે' શબ્દથી કહેલું છે. 'હે પ્રભો!' એ સંબોધનથી એવી મશ્કરી કરેલી છે કે બીજા સ્થલે[1] પ્રભુપણું ચાલતું, અહીં નહીં ચાલે.

ત્યારે શું આપણું જ ભક્ષણ કરવા આવેલો છે કે બધાનું? છેવટના પક્ષમાં[2] બધા ઉપાય કરતા નથી તેમ આપણે પણ ન કરવો. બજા[3] પક્ષમાં તો બીજાનો આશ્રય કરવો. તેથી ઉપાય કેમ નથી? એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પહેલાં 'શ્રીકૃષ્ણ' નામના તેણે તમારા પુત્રો વિગેરેનો સંહાર કરેલો. તે જ હમણાં તમારો સંહાર કરવા આવેલ છે. વળી તે પધારી ગએલ છે એમ ન માનવું, કારણ કે તે ભગવાન્ છે. પહેલાં બીજા આકારથી રહેલ, હમણાં જુદાં આકારથી આવેલ છે. નામ અને સ્વરૂપ તેના તે જ છે. માત્ર આકૃતિ જુદી થઈ છે, એમ 'કાલ' શબ્દથી કહેલ છે. 'કલયતિ' સર્વને પકડી રાખે છે તે 'કાલ'.

પહેલાં જેમ પાંડવોને બચાવેલા તેમ હાલ પણ બચાવશે, અને તેથી તેઓના આધારે આપણે પણ જીવશું દ્ગ એવી શંકા થાય, તેથી 'આપણાં સર્વના આવેલ છે' શબ્દોથી પહેલાનાથી ભેદ જણાવેલો છે. અત્યારે મને પણ પકડશે, એમ 'નઃ' 'આપણા' શબ્દથી કહેલું છે.૧૯

૧.'બીજા સ્થલે' એટલે પાંડવોને છેતરવા વિગેરેમાં. ૨.બધાનું ભક્ષણ કરવા આવેલ છે તેવા પક્ષમાં.
૩.'બીજા' એટલે પહેલા પક્ષમાં આપણું જ ભક્ષણ કરવા આવેલ છે એ પક્ષમાં.

ત્યારે શું કરવું? એવો સંશય થવાથી, જે દોષથી તે ભક્ષણ કરે છે તે દોષ તજવો જોઈએ એમ કહેવા, અહંતા-મમતાનો ત્યાગ કરવો એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**યેન ચૈવાઽભિપન્નોઽયં પ્રાણૈઃ પ્રિયતમૈરપિ ।**
**જનઃ સદ્યો વિયુજ્યેત કિમુતાઽન્યૈર્ધનાદિભિઃ ।।૨૦।।**

અને જેનાથી પકડાએલો જ આ મનુષ્ય સર્વથી પ્રિય પ્રાણોથી પણ તરત વિખૂટો થાય છે, તો પછી બીજાં ધન વિગેરેથી વિખૂટો પડે તેમાં કહેવું જ શું?૨૦

કાલ તો વાસ્તવિક રીતે આત્માનું ભક્ષણ કરતો નથી, કારણકે તે આત્મા છે પરન્તુ એ આત્મા પોતે ઉત્પન્ન કરેલા દેહ વિગેરેમાં પ્રવેશ કરે તો માંસમાં રહેલા કીડાની પેઠે તેનું પણ ભક્ષણ કરે છે; અને તેથી દેહ-ઈન્દ્રિય વિગેરેમાં અહંતા-મમતાનો ત્યાગ કરવો જોઈએ. આ તો રક્ષણ કરનારા છે, તેમનો ત્યાગ કેમ કરાય? એ પ્રશ્ન થાય, તેથી 'પ્રાણોથી પણ વિખૂટો થાય છે ' એમ કહેલું છે. જ્યાં સુધી તે કાલ આવેલ ન હોય ત્યાં સુધી દેહ વિગેરે રક્ષણ કરનાર હોવાની વ્યવસ્થા છે, પરન્તુ તે આવે ત્યારે સદા રક્ષણ કરનારા પ્રિય પ્રાણોનો પણ ત્યાગ થાય છે. 'ચૈવ' 'અને જ' શબ્દોથી રોગ વિગેરે પ્રાણ જવાની સામગ્રી અને અવશ્ય જવાનું કહેલ છે. સર્વ જેનાં મૂલવાળુ છે તેવા અત્યન્ત પ્રિય પ્રાણો પણ તજી દેવાય છે તો પછી તેઓનો ત્યાગ કરવામાં શું વિચાર? એમ '(તો પછી બીજાં ધન વિગેરેથી વિખૂટો પડે) તેમાં કહેવું જ શું?' શબ્દોથી કહેલ છે. કાલ આવે ત્યારે પહેલાં ઘણાં પ્રયત્નથી પોષણ કરેલા હોવા છતાં પણ આ તજીને જાય છે, એવો અર્થ છે.૨૦

'તજતાં હોય ત્યારે તજવાં' એ નિયમ પ્રમાણે કાલ આવે ત્યારે જ તજવું, વચ્ચે નીકળી જવાથી શું લાભ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**પિતૃભ્રાતૃસુહૃત્પુત્રા હતાસ્તે વિગતં વયઃ ।**
**આત્મા ચ જરયા ગ્રસ્તઃ પરગેહમ્ ઉપાસતે ।।૨૧।।**

તમારા પિતા ભાઈ મિત્ર અને પુત્રો મરાયા. વય ચાલ્યું ગયું. અને ઘડપણે ઝડપેલો દેહ પારકા ઘરમાં પડ્યો છે.૨૧

જેને વિષયો સારા પ્રાપ્ત થએલ હોય તે એમ કહે, તમારે તો જીવન કરતાં મરણ ઉત્તમ છે. ''રોગી, લાંબા સમય સુધી પ્રવાસ ખેડનાર, પારકું અન્ન ખાનાર, પારકા ઘરમાં રહેનાર જે જીવે છે તે તેનું મરણ છે, અને જે મરણ છે તે આનો વિશ્રામ છે'' એ વાક્ય પ્રમાણે તમારે તો હમણાં જ ત્યાગ કરવા યોગ્ય છે. 'શા કારણથી?' તે કહે છે કે પિતા ભીષ્મ, ભૂરિશ્રવા વિગેરે ભાઈઓ, શલ્ય વિગેરે મિત્રો, દુર્યોધન વિગેરે પુત્રો મરાયા. જ્યારે આમાંનો

એક પણ મરે ત્યારે લાજવાળો જીવતો ન રહે, તો પછી બધા મરે ત્યારે તો કેમ જ રહે? 'વયઃ'=આયુષ્ય. 'આત્મા' એટલે દેહ. 'જરા'=ઘડપણ, કાલની કન્યા. એવો હોવા છતાં દેહ પારકાના એટલે શત્રુઓના ઘરમાં કૂતરાની પેઠે પડ્યો રહે છે, એમ ગ્લાનિ દર્શાવે છે.૨૧

નીચેના શ્લોકમાં સામાન્ય વૃત્તાન્ત કહીને, ખાસ વૃત્તાન્ત કહે છે :

**અહો મહીયસી જન્તોઃ જીવિતાશા યયા ભવાન્ ।**
**ભીમેનાવર્જિત પિણ્ડમ્ આદત્તે ગૃહપાલવત્ ।।૨૨।।**

અહો! જન્તુની જીવવાની આશા બલવાન છે, જેનાથી તમે ભીમે આપેલા પિંડને કૂતરાની પેઠે સ્વીકારો છો.૨૨

જેણે તમારા પુત્રનું એટલે તમારું જ લોહી પીધું, તેણે તિરસ્કારથી આપેલ, ખાતાં વધેલ આપવાની પેઠે આપેલો પિંડ, તે પણ બીજા કોઈ આવશે એવા ભયથી 'ગૃહપાલઃ'=કૂતરો તરત ખાય છે, તેની પેઠે તમે સ્વીકારો છો.૨૨

અભિમાન વિનાના માટે આ યોગ્ય છે, એમ કહે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અગ્નિર્નિસૃષ્ટો દત્તશ્ચ ગરો દારાશ્ચ દૂષિતાઃ ।**
**હૃતં ક્ષેત્રં ધનં યેષાં તદ્દત્તૈરસુભિઃ કિયત્ ।।૨૩।।**

અગ્નિ મૂક્યો, ઝેર દીધું, સ્ત્રીનો અપરાધ કર્યો. જેમનાં ક્ષેત્ર અને ધન હર્યા, તેઓએ આપેલા પ્રાણોથી કેટલું પ્રયોજન? ૨૩.

જો તમે અપરાધ કર્યો ન હોત તો તેમ થાત. તેથી શત્રુવટ તમેજ સ્થિર હોવાથી ભીમે કર્યું તે યોગ્ય છે, પરન્તુ તમે કર્યું તે "દ્વેષ રાખનારનું અન્ન ખાવું નહીં, દ્વેષ રાખનારને ખવરાવવું પણ નહીં, કારણકે દ્વેષ રાખનારે જે ખોરાક ખાધો હોય તે આ લોકમાં કે પરલોકમાં લાભકારક થતો " નથી એ સ્મૃતિ પ્રમાણે યોગ્ય નથી. લાક્ષાગૃહમાં તમે અગ્નિ મૂકેલો. સામાન્ય અને વિશેષના[૧] વિચારથી સમયના ક્રમથી ઉલટું કહેલું છે. સ્ત્રી-દ્રૌપદીનો, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી પાંડવોનો વૃક્ષની છાલનાં કપડાં વિગેરે પહેરાવવાથી અપરાધ કર્યો. 'ક્ષેત્ર' એટલે રહેવાનું સ્થાન પણ હરી લીધું. તેથી જ જેમના અપરાધ કરેલ તેઓથી પોતાના જીવનું રક્ષણ કરવું તે લોક અને શાસ્ત્ર થી વિરુદ્ધ છે. 'કેટલું' શબ્દનો એવો અર્થ છે કે તેવાં જીવનથી કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થશે નહીં.૨૩

૧.લાક્ષાઘરમાં માતા સાથે પાંચે પાંડવોનો અપરાધ કર્યો તે સામાન્ય, અને વિષના લાડુ આપી ભીમનો જ અપરાધ કર્યો તે વિશેષ અપરાધ કર્યો. પહેલાં ઝેરના લાડુ આપેલ અને પછી લાક્ષાગૃહમાં અગ્નિ મૂકેલ, તેથી સમયના ઉલટા ક્રમથી કહેલ થયું.

એવી રીતે સર્વના વિરોધથી પણ પોષણ કરેલો દેહ પોતે જ રહેશે નહીં. એમ નીચેના

શ્લોકથી કહે છે :

**તસ્યાપિ તવ દેહોઽયં કૃપણસ્ય જીજીવિષોઃ ।**
**પરૈત્યનિચ્છતો જીર્ણો જરયા વાસસી ઈવ ।।૨૪।।**

કૃપણ જીવવા ઈચ્છનારનો તમારો ઘડપણથી જીર્ણ થએલો આ દેહ તમો ન ઈચ્છતા હોવા છતાં બે વસ્ત્રો પેઠે મરણ પામશે.૨૪

એવી રીતે ગ્લાનિનો અનુભવ કરતા હોવા છતાં દેહ મરણ પામશે. 'કૃપણ' એટલે દીન, અથવા ''જે વિચાર કર્યા વિના[1] યાચે તેને કૃપણ જાણવો'' એ વાક્ય પ્રમાણે ભીમ પાસે માગનાર 'જીજીવિષોઃ' એટલે જીવવા ઈચ્છનારનો દેહ 'પરૈતિ' મરણ પામશે. તેનું કારણ 'ઘડપણથી જીર્ણ થએલો' વિશેષણથી કહેલું છે. પહેરવામાં ન આવેલાં હોય તેવા પણ પહેરવાનું અને ઓઢવાનું એવાં બે[2] જૂનાં થએલાં વસ્ત્રો માત્ર સ્પર્શ કરવાથી ફાટી જાય છે. ધોવાથી પણ નાશ પામે છે, એવો અર્થ છે.૨૪

૧.વસ્તુનો, પ્રાર્થના કરવાનો, પોતાનો અને આપનારનો એમ ચારમાંથી એકનો પણ વિચાર કર્યા વિના જાચે તે કૃપણ.
૨.આથી એવું અનુમાન થાય છે કે આચાર્યશ્રીના સમયમાં ધોતી અને ઉપરણો બે વસ્ત્રો જ પહેરાતાં.

ત્યારે શું કરવું? એવો પ્રશ્ન થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**ગતસ્વાર્થમ્ ઈમં દેહં વિરક્તો મુક્તબન્ધનઃ ।**
**અવિજ્ઞાતગતિર્જહ્યાત્ સ વૈ ધીર ઉદાહૃતઃ ।।૨૫।।**

રાગ વિનાનો, બંધન તજેલો, જેની ગતિ જણાએલી નથી એવો થઈ જે, જેમાંથી સ્વાર્થ જતો રહેલ છે તેવા આ દેહને તજે, તે નિશ્ચય ધીર કહેવાય છે.૨૫

વિષયોના દોષ જાણવાથી વૈરાગ્ય અને વિવેક ઉત્પન્ન થાય ત્યારે, ભવિષ્યમાં વિઘ્ન ન થાય તે માટે, વૃક્ષના જેવા ગુણવાળા થવાય તે માટે, આ દેહને જે સ્થલે તજેલો છે તે કોઈ પણ ન જાણે તેવા સ્થલે તજવો, કારણકે તજેલો ન હોય તેવી સ્થિતિમાં જ આ દુઃખ ઉત્પન્ન કરનારો છે, અને ત્યાગ બીજના ભૂંજાવાની પેઠે અંકુર ઉત્પન્ન થવાનું અટકાવનારો છે. જ્યા સુધી પોતાનું પ્રયોજન પૂરું થાય ત્યાં સુધી આ દેહનું રક્ષણ કરવું. પ્રયોજન પૂરું થાય ત્યારે તજવા યોગ્ય છે, તેથી 'જેનાથી સ્વાર્થ જતો રહેલ છે' એવો કહેલ છે. જેનાથી સ્વાર્થ થઈ ગયો છે, એવો અર્થ છે. અથવા ઉપર કહેલા ત્યાગથી થઈ ગએલ છે જ્ઞાન ધર્મ વિગેરે સ્વાર્થ જેનાથી, અને તેથી દુઃખ કરનાર આ દેહને તજવો. આ દેહમાં રાગનો ત્યાગ કરી, તેની સાંકળરૂપ પુત્ર-પૌત્રથી છૂટો થઈ, આ દેહ દુષ્ટ હોવાથી 'જહ્યાત્' આ દેહને તજવો. સાંકળનો ફરી સમ્બન્ધ ન થાય તે માટે નથી જણાએલી ગતિ જેની તેવા થઈ તજવો.

તેથી શું ફલ થાય? એવો પ્રશ્ન થાય, તેથી 'તે નિશ્ચય ધીર કહેવાય છે' એમ કહેલું છે. ધીર પુરુષનું જે ફલ હોય તે તેને મળે. ''આ લોકમાં બે મૃત્યુ પ્રાપ્ત કરવાં દુર્લભ માનેલાં છે'' (૬।૧૦।૩૩) એવું ધૈર્યનું ફલ છે. તે ફલ પ્રાપ્ત કરવામાં તેવું જ ધૈર્ય હોવું જોઈએ એવો

પ્રશ્ન થાય, તેથી 'વૈ' 'નિશ્ચય' એમ કહેલું છે. જ્યાં ફલ પ્રાપ્ત કરવા માટે ધૈર્યની ગણના કરેલી છે ત્યાં નિશ્ચિત ફલ આપનાર તરીકે આવાં ધૈર્યનું પણ ગણેલું છે. તેથી જેવું ૬ ।૧૦।૩૩ માં જણાવ્યાં તેમાં બે ધૈર્યનું ફલ છે, તેવું આ ધૈર્યનું પણ ફલ છે એવો અર્થ છે.૨૫

એવી રીતે એક પ્રકારથી દેહનો ત્યાગ કરવાનું કહ્યું. નીચેના શ્લોકમાં બીજો પ્રકાર પણ કહે છે :

**યઃ સ્વકાત્ પરતો વાऽપિ જાતનિર્વેદ આત્મવાન્ ।**
**હૃદિ કૃત્વા હરિં ગેહાત્ પ્રવ્રજેત્ સ નરોત્તમઃ ।।૨૬।।**

જે પોતાના સમ્બન્ધીઓથી અથવા શત્રુઓથી પણ વૈરાગ્ય પ્રાપ્ત કરી જિતેન્દ્રિય થઈ હૃદયમાં હરિને રાખી, ઘરનો ત્યાગ કરી જાય. તે મનુષ્યોમાં ઉત્તમ છે.૨૬

પોતાના હિત કરનાર બંધુથી અથવા 'પરતઃ' શત્રુથી, બોલનારના ગુણ અથવા દોષ ના વિચાર વિનાનો થઈ, જે આ શ્લોકમાં કહેલા પ્રયોજનમાં દષ્ટિ રાખેલો થઈ વૈરાગ્ય પ્રાપ્ત કરે છે તે ઉત્તમ છે. દેહ ઈન્દ્રિયો વિગેરેનો અજ્ઞાનને લીધે બીજાં કાર્યમાં ઉપયોગ કરી તેમનાથી સર્વસ્વનો નાશ થતાં તેમનો ત્યાગ કરવો એ પ્રથમ દષ્ટિ છે. પ્રથમથીજ ભોગ માટે તેમનો ઉપયોગ કર્યા વિના, ગમે તેવા વચનોથી પણ લોભ ન થાય તે માટે જેને વૈરાગ્ય ઉત્પન્ન થએલો છે તે તે દેહ વિગેરેથી પરિકર સાથે ભગવાનને જાણીને તેમને હૃદયમાં પધરાવીને, દેહનો ત્યાગ કરવાની ઈચ્છા તજીને, તે દેહથી દુર્લભ ભગવત્સ્મરણ કરતાં, ગૃહ વિઘ્ન કરનારું હોવાથી તેનો સમ્બન્ધ ન રહે તે માટે 'પ્રવ્રજેત્' ઘરનો ત્યાગ કરી જાય, તે 'નરોત્તમઃ' સર્વ પ્રાણીઓથી ઉત્તમ છે.૨૬

ત્યારે મારે શું કરવું? એમ પૂછે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અથોદીચીં દિશં યાતુ સ્વૈરજ્ઞાતગતિર્ભવાન્ ।**
**ઈતોऽર્વાક્ પ્રાયશઃ કાલઃ પુંસાં ગુણવિકર્ષણઃ ।।૨૭।।**

હવે પોતાના સમ્બન્ધીઓને જેની ગતિ જણાએલી નથી તેવા તમે ઉત્તર દિશામાં જાઓ. આ પછીનો કાલ ઘણું કરીને પુરુષોના ગુણનો નાશ કરનારો છે.૨૭

તમારો તો જૂદો જ માર્ગ છે. નથી દેહનો ત્યાગ થવાનો, અને નથી ભગવાન્ સિવાય બીજામાં ઉપયોગ ન કરવાનું થવાનું. તેથી આ સ્થાનનો ત્યાગ કરવો તે જ ઉત્તમ છે. જ્યારે ઉપર કહેલ બંને પ્રકાર થવાના નથી, ત્યારે એવી રીતે સ્થાનનો ત્યાગ કરવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી 'ઉત્તર દિશામાં જાઓ' એમ કહેલું છે. ''દુર્ગુણવાળાના દોષ દૂર થાય તે જ ગુણ છે'' એ ન્યાયે મહાપ્રસ્થાન મૃત્યુ પણ એક માર્ગ કહેલો છે. અહીં રહેવામાં દોષ થવાનો સંભવ છે. ''આ ખરેખર દેવો અને મનુષ્યોની શાંત દિશા છે'' એ વાક્ય પ્રમાણે ઉત્તર દિશા ઉત્તમ હોવાથી ત્યાં રહેવામાં આવે ત્યારે દેવો બુદ્ધિનો નાશ કરતા નથી. પોતાથી બુદ્ધિનો નાશ

થતો નથી, પરન્તુ આ વિષયમાં પોતાના સમ્બન્ધીઓ વિઘ્ન કરનારા હોવાથી, તેઓ જેવી રીતે જાણે નહીં તેવી રીતે જવું જોઈએ. પછી અધિકાર પ્રમાણે શું કરવું તે ભવિષ્યમાં કહીશું એવો અર્થ છે.

દોષ ન રહે તે માટે જ જવાનું હોય, તો અહીં રહીને જ દોષ દૂર કરવો જોઈએ, જવાનું શું પ્રયોજન? કારણકે વિવેક ધૈર્ય સત્સંગ અને ભગવાનનાં ગુણોનું શ્રવણ અહીં જ થવાનું સંભવે છે એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે.

સર્વ સ્થલે પ્રથમ[1] પુરુષ ધૃતરાષ્ટ્રની હલકાઈ દર્શાવવા યોજેલ છે આ સમય જ તમારા દૃષ્ટાન્તથી બધાની બુદ્ધિનો નાશ કરનારો છે. આથી પણ પછીનો જે કાલ આવવાનો છે તે મોટે ભાગે વિવેક વિગેરેવાળા સ્વતન્ત્ર પુરુષોના વિવેકનો પણ નાશ કરનારો છે. તે સમયમાં વિવેકની ઉત્પત્તિ કેમ થાય? એવું તાત્પર્ય છે. કારણકે દેશના સમ્બન્ધધવાળો જ કાલ દોષ ઉત્પન્ન કરનારો છે. તેથી જ ઉત્તર દેશમાં રહેનારા ઋષિઓની બુદ્ધિનો નાશ કલિકાલ વિગેરેથી થતો નથી અને દેશ તજ્યા પછી પણ બુદ્ધિનો નાશ થતો હોય તો દેશનો ત્યાગ કરવાનું નિરર્થક થાય. 'તેજ પ્રયોજનથી...' (૧।૫।૧૮) વાક્યમાં સર્વથી ઉત્તમ ફલ પ્રાપ્ત કરવામાં કાલ સાધન નથી એમ કહેલું છે ત્યાં દેશ પણ કારણ ન[2] હોવાનું કહેલું છે. ''ગાફલને વનમાં પણ ભય થાય'' (૫।૧।૧૭) વાક્યમાં તો ઈશ્વરની ઈચ્છા નિયન્ત્રણ કરનારી હોવાથી એકલા દેશ સાથે વિરોધ નથી. તેથી હમણાં આ સ્થાન તજીને ઉત્તર દેશમાં જવું જોઈએ એમ સિદ્ધ થયું.૨૭

૧.સામાન્ય રીતે આને અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે ત્રીજો પુરુષ કહે છે. 'યાતુ' સંસ્કૃત વ્યાકરણોમાં પહેલા પુરુષનું અને અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે ત્રીજા પુરુષનું રૂપ છે. 'ભવાન્' પણ તેથી જ યોજાએલ છે.

૨.એ વાક્યમાં દેશ અને કાલ ફલ પ્રાપ્ત કરાવનારા નથી એમજ કહેલું છે, પરન્તુ ફલ પ્રાપ્તિમાં વિઘ્ન કરનારા હોવાનું કહેલ નથી  આ વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ છે.

તેથી ધૃતરાષ્ટ્રને તેમજ કર્યું એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવં રાજા વિદુરેણાનુજેન પ્રજ્ઞાચક્ષુર્બોધિતોહ્યાજમીઢઃ ।**
**છિત્વા સ્વેષુ સ્નેહપાશાન્ દ્રઢિમ્નો નિશ્ચક્રામ ભ્રાતૃસન્દર્શિતાધ્વા ।।૨૮।।**

એ પ્રમાણે નાના ભાઈ વિદુરે બોધ કરેલો, બુદ્ધિરૂપ નયનવાળો, ભાઈએ જેને માર્ગ દેખાડેલ તે આજમીઢ રાજા પોતાના સમ્બન્ધીઓમાંના ઘણા દૃઢ બંધનોને કાપી નાખી નીકળી ગયો.૨૮

'રાજા' શબ્દથી તે પ્રમાણે કરવાની શક્તિ જણાવી છે. 'નાના ભાઈ' શબ્દથી તે ઠગનાર ન હોવાનું જણાવ્યું. 'બુદ્ધિરૂપ નયનવાળો' વિશેષણથી ઉત્તમ અધિકારી હોવાનું જણાવ્યું. 'આજમીઢ' એટલે અજમીઢના વંશમાં ઉત્પન્ન થએલો. તેણે હસ્તિનાપુરનો ત્યાગ કરતાં પિતાએ વસાવેલ નગરના ત્યાગથી સર્વ વંશના ગુણોનો ત્યાગ જણાવેલો છે. ઉત્તરાર્ધ તેણે કહેલા પ્રકારથી જ ગયો એમ જણાવવા કહેલ છે 'દ્રઢિમ્નઃ' એટલે ઘણાં દૃઢ ભાઈ વિદુરે

સારી રીતે દેખાડેલ હતો બહારનો અને અંદરનો માર્ગ જેને તેવો ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરથી નીકળી ગયો. કેટલાક[1] આ ધૃતરાષ્ટ્રને પહેલા પક્ષમાં રહેલો માને છે.૨૮

૧.શ્રીધર બોપદેવ વિગેરે પહેલા પક્ષમાં એટલે શ્લોક ૨૫ માં જણાવેલ પક્ષમાં રહેલો ધીર પુરુષ માને છે, એવો અર્થ છે.

પત્નીનો મોહ પણ તેણે તજ્યો જ. છતાં પણ પોતાનો ધર્મ હોવાથી તે ગઈ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**પતિં પ્રયાન્તં સુબલસ્ય પુત્રી પતિવ્રતા ચાઽનુજગામ સાધ્વી ।**
**હિમાલયં ન્યસ્તદણ્ડપ્રહર્ષં મનસ્વિનામિવ સત્સંપ્રહારમ્ ।।૨૯।।**

જેમ સ્થિર મતિવાળા પુરુષો જેમાં સત્પુરુષો સારી રીતે પ્રહાર કરે તેવા યુદ્ધ માં જાય તેમ જેઓએ દંડ તજેલો છે તેવાઓને ઘણો હર્ષ કરનાર હિમાલયે જતા પતિની પાછળ સુબલની પુત્રી સાધ્વી પતિવ્રતા ગઈ.૨૯

સુબલની પુત્રી હોવાથી તેને ક્ષત્રિયોનું અભિમાન હતું. તેથી જાતિના ધર્મ પ્રમાણે પણ પતિની પાછળ ગયાનું કહેલ છે. 'અનુજગામ' 'પાછળ ગઈ' વચનથી ભવિષ્યમાં પણ સતી થવાનું સૂચવેલું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી વિદુર પણ ગયો. 'સાધ્વી' હોવાથી અડચણ કરનારી ન હતી. તે ધૃતરાષ્ટ્ર નું ઘણું ધૈર્ય સૂચવવા 'હિમાલય જવાનું ' એમ કહેલું છે. ઘણું દુઃખ આપનાર સ્થાનમાં ચિત્ત સ્થિર ન રહે તેથી પરલોકની ઈચ્છાવાળા ત્યાં કેમ જાય? એવો પ્રશ્ન થાય, તેથી 'જેઓએ દંડ તજેલો છે તેઓને ઘણો હર્ષ કરનાર' એમ કહેલું છે. 'ન્યસ્તઃ' પ્રાણીઓ ઉપરનો 'દણ્ડઃ' દંડ તજેલો છે જેઓએ, એટલે જેઓ પ્રાણીઓને અભયનું દાન કરનારા છે તેઓને 'પ્રકર્ષેણ' ઘણો 'હર્ષઃ' હર્ષ થાય છે જ્યાં તેવો હિમાલય છે. બીજી બધી ભૂમિ જીવોથી છવાએલી છે. તેમાં રહેલો ઈચ્છા ન હોવા છતાં પણ ઘણા પ્રાણીઓ ને મારે છે તેથી વ્રતનો ભંગ થાય, હિમાલય તો સર્વ જીવોએ તજેલ હોવાથી, પોતાનાં શરીરને પણ કૃમિઓનો સમ્બન્ધ ન હોવાથી પરમહંસોને હિમાલય સ્થાન ઘણું પ્રિય છે. વળી સર્વ તજનાર દેહનો ત્યાગ કરવા પણ તૈયાર થએલો હોય છે. ત્યાં હિમાલય ઉપર તો યુદ્ધની પેઠે દેહનો ત્યાગ કરવાનાં સાધનો સહેલાઈથી પ્રાપ્ત થાય તેવાં હોય છે, સ્થિર મતિવાળા ત્યાં યુદ્ધમાં દેહનો ત્યાગ કરવા ઈચ્છનારાને અથવા ''શસ્ત્ર ધારણ કરનારાઓનું નિશાન બને'' એ સ્મૃતિ પ્રમાણે સત્પુરુષોથી કરવામાં આવતો સારી રીતનો શસ્ત્રનો પ્રહાર જેમાં થાય છે તેવા યુદ્ધમાં હર્ષ થાય છે અથવા વીરરસનો જેમનામાં પ્રવેશ છે તેઓને જેવી યુદ્ધની ભૂમિ છે, તેવા વૈરાગ્ય રસે જેમનામાં પ્રવેશ કરેલો છે તેવાઓનું સર્વ વિષયો વિનાનું હિમસ્થાન હિમાલય છે.૨૯

એ પ્રમાણે ઉત્તરદેશ સુધી જવાનું કહ્યું. ત્યાર પછીનું ધૃતરાષ્ટ્રનું કૃત્ય તો નારદના

કહેવાથી સ્પષ્ટ થશે. વિદુરે ઉપદેશ આપ્યાનું સ્પષ્ટ રીતે કહેવામાં આવે તો મર્યાદાનો વિરોધ[1] થાય.

**યાવત્ કસ્યાપિ હૃદયં યસ્મિન્ સર્વાત્મના ભવેત્ ।**
**હૃદા બન્ધનસદ્ભાવાદ્ ન સ મુચ્યેત કર્હિચિત્ ।।૭।।**

જ્યાં સુધી કોઈનું પણ હૃદય જેનામાં સંપૂર્ણ રીતે હોય ત્યાંસુધી હૃદયથી બંધન હોવાથી તે કોઈપણ સમયે મુક્ત ન થાય.કા.૭

**અતએવેષ્ટવર્ગેચ્છા યથા ગચ્છેત્ તથાચરેત્ ।**
**ધૃતરાષ્ટ્રે તથા બન્ધો મા ભૂદ્ ઈતિ હરેઃ પ્રિયઃ ।।૮।।**
**યુધિષ્ઠિરાદિમોહસ્ય નાશમ્ આહ સ નારદઃ ।।**

તેથી જ ઈચ્છેલા પુરુષોની ઈચ્છા જે પ્રકારે પોતા સમ્બન્ધી જતી રહે તે પ્રમાણે કરવું જોઈએ. ધૃતરાષ્ટ્રને તેવા પ્રકારે મુક્તિમાં વિઘ્ન ન થાઓ, એવા વિચારથી હરિના પ્રિય પ્રસિદ્ધ નારદે યુધિષ્ઠિર વિગેરેના મોહનો નાશ કરવાનું કહેલ છે.કા.૮ ૧/૨

**મોહાભાવસ્તતો નાસ્તિ તસ્યેતિ પ્રાક્કથા તતા ।।૯।।**

તેનો મોહ પોતાની મેળે જતો રહેતો ન હતો તેથી પહેલાની કથા[2] વિસ્તારી કહી છે. કા.૯

એવી રીતે મધરાતે ધૃતરાષ્ટ્ર નીકળી જતાં, સૂર્યના ઉદય પછી એક પ્રહાર પર્યન્ત તેની શોધ ન થઈ તે નીચેના શ્લોકથી કહે છે :

**અજાતશત્રુઃ કૃતમૈત્રો હુતાગ્નિઃ વિપ્રાન્નત્વા તિલગોભૂમિરુક્મૈઃ ।**
**ગૃહં પ્રવિષ્ટો ગુરુવન્દનાય નચાપશ્યત્ પિતરૌ સૌબલીઞ્ચ ।।૩૦।।**

મૈત્ર કરેલા, અગ્નિમાં હોમ કરેલા અજાતશત્રુએ તલ, ગાય, ભૂમિ અને સુવર્ણ થી વિપ્રોને નમન કરીને ગુરુને નમન કરવા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે બે પિતાઓ અને સૌબલીને જોયા નહીં.૩૦

'અજાતશત્રુ' એ નામથી જ કોઈની સાથે વેર ન હોવાનું સૂચવેલું છે. 'મૈત્ર કરેલા' એટલે [ક]દેવો પિતૃઓ ઋષિઓ ને અને પ્રાણીઓને તૃપ્ત કરાવીને સર્વની મૈત્રી કરી. અથવા [ખ]''સૂર્યની આહુતિ મૂકી'' એ મંત્રથી સૂર્યની પૂજા કરવાની હોવાથી, અને કુંડમાંથી અગ્નિ કાઢ્યા પહેલાં સૂર્યનો ઉદય થયો હોય[૩] ત્યારે સૂર્યને આહૂતિ આપવાની હોવાથી પ્રાતઃકાલની સંધ્યાના દેવ સૂર્ય છે તેથી જેણે સંધ્યાવદન કરેલ છે, એવો અર્થ થયો. [ગ]ગુદાના દેવ મિત્ર હોવાથી, જેણે આવશ્યક મલોત્સર્ગ કર્મ કરેલું છે તેવો. ક્રમ[૪] પ્રમાણે ત્રણે જાણવા.

'અગ્નિમાં હોમ કરેલાં' એટલે જેણે અગ્નિહોત્ર કરેલ છે તેવો. રાજાએ દરરોજ દાન કરવાનું હોય છે; અને તેમાં પણ તલ ભરેલા વાસણનું, ગાયનું દાન, ભૂમિનું દાન અને સુવર્ણનું દાન કરવાનાં હોય છે. ઘીમાં મુખ જોવાનું સુવર્ણદાનમાં જ કહેલું છે. ''તલોથી

વિષ્ણુ, ગાયથી રુદ્ર, અને વળી ભૂમિથી બ્રહ્મા, અને સત્પાત્રને સુવર્ણનું દાન આપવાથી સર્વે પ્રસન્ન થાય છે'' તેથી તે દાનો કરીને બ્રાહ્મણોનો નમસ્કાર કરીને, પરમ્પરાથી પ્રાપ્ત થએલાં ઘરમાં પ્રવેશ કર્યો. રાજગૃહ, 'રાજા' શબ્દથી ઓળખવાનું ધૃતરાષ્ટ્રે રાખેલ, તેથી તેના ઘરમાં પ્રવેશ કર્યો. ગુરુ વિગેરેને વંદન કરવાનું પણ દરરોજનું હોય છે. મરેલા ઘોડા અને બળેલા રથના ધોરણે ધૃતરાષ્ટ્રનું પિતાપણું અને યુધિષ્ઠિરનું પુત્રપણું હતાં તેથી તેને નમન કરવા તેના ઘેર ગયો. ગુરુઓમાં માતા મુખ્ય હોવાથી, કુંતીને નમન કરીને, ધૃતરાષ્ટ્ર અને વિદુરને નમન કરવા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે 'ન ચ અપશ્યત્' તે બેને અને સૌબલી ગાંધારી ને જોયા નહીં. નમસ્કાર કરવાનું દૂર રહ્યું. ઘણી ચિંતા થઈ.૩૦

૧.વિદુર અમારા ઉપર પહેલાં પ્રેમ રાખતો, હમણાં અમારામાં તે દોષ જૂએ છે એવો વિરોધ યુધિષ્ઠિરના મનમાં આવે તે યોગ્ય નહીં. કારણકે વિદુરનું તાત્પર્ય બીજામાં ધૃતરાષ્ટ્રનું કલ્યાણ કરવામાં હતું. તેથી નારદે કહ્યું નહીં કે વિદુરે બોધ આપવાથી ધૃતરાષ્ટ્ર અને સૌબલી ગયા છે  આમાં મર્યાદાનો વિરોધ જણાતો નથી. નાનોભાઈ મોટાભાઈને બોધ કરે તેમાં મર્યાદાનો વિરોધ થાય.

૨.'આ અધ્યાયમાં માત્ર ધૃતરાષ્ટ્રની મુક્તિ થયાનું કહેવાનું છે તેમાં પહેલો યુધિષ્ઠિર નારદને પ્રશ્ન કરે છે તે વિરોધ કેમ કહેલ છે?' એવી શંકા થાય તો જાણવું કે પછીના બે ૧૪-૧૫ અધ્યાયોમાં યુધિષ્ઠિરની મુક્તિ કહેવાની છે તેના ઉપોદ્ઘાત તરીકે એમ કહેલ છે વળી ધૃતરાષ્ટ્રની મુક્તિ આ અધ્યાયમાં કહેવાની છે તેમાં પણ એ ઉપયોગી છે. 'પહેલાંની કથા' એટલે યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યા વિગેરે કથા

૩.કુંડમાં ગાર્હસ્પત્ય વિગેરે અગ્નિ કાઢ્યા પહેલાં સૂર્યનો ઉદય થાય ત્યારે તેના પ્રાયશ્ચિત તરીકે આહૂતિ આપવાનું કહેલ છે

૪.પહેલું આવશ્યક, પછી સંધ્યા, પછી તૃપ્તિ કરવાનું, એવા ક્રમથી

**તત્ર સઞ્જયમ્ આસીનં પપ્રચ્છોદ્વિગ્નમાનસઃ ।**
**ગાવલ્ગણે ક્વ નસ્તાતો વૃદ્ધો હીનશ્ચ નેત્રયોઃ ।**
**અમ્બા ચ હતપુત્રાર્તા પિતૃવ્યઃ ક્વ ગતઃ સુહૃત્ ।।૩૧।।**

ચિંતાતુર મનવાળાએ ત્યાં બેઠેલા સંજયને પૂછ્યું : હે ગાવલ્ગણિ! અમારા વૃદ્ધ અને નેત્રહીન પિતા અને પુત્રના હણાવાથી દુઃખી થએલી માતા ક્યાં છે? સુહૃત્ કાકા ક્યાં ગયા? ૩૧

વિચારીને જ[૧] સંજયને પૂછ્યું કે હે ગવલ્ગણના પુત્ર ગાવલ્ગણિ! તારા પિતા વિગેરેની પરમ્પરાથી તું આમનો જ સેવક છે, આજે કેમ ગાફેલ રહ્યો? 'અમારા પિતા' શબ્દોથી પૂજવા યોગ્ય હોવાનું કહ્યું. 'વૃદ્ધ' શબ્દથી પૂજવાનો પોતાનો ધર્મ કહ્યો. 'નેત્ર હીન' શબ્દથી દયા જણાવી. માત્ર સમ્બન્ધ કહેવાની ઈચ્છાથી નેત્રયોઃ શબ્દની છટ્ઠી વિભક્તિ યોજેલી છે. પત્ની સાથે હોવાથી સુખી હશે એમ વિચારી 'અને માતા' એમ કહેલું છે. અને પુત્રના શોકથી અને પતિ સમ્બન્ધી વ્રતો આચરવાથી દુઃખી થએલી ગાંધારી, જતા રહેલા હોવાનો સંભવ ન હોવાથી 'ક્યાં છે?' એમ પૂછેલું છે. 'કાકો' વિદુર, તે પણ 'સુહૃત્' શુદ્ધ અન્તઃકરણવાળો હોવાથી ઠગાઈ ન કરે, એવો અર્થ છે.૩૧

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

જતા ન રહે અને દેખાતા નથી, ઘર ગંગાના તીર ઉપર જ છે, તેથી નીચેના શ્લોકથી ગંગામાં પડ્યા હોવાનો સંશય દર્શાવે છે :

**અપિ મય્યકૃતપ્રજ્ઞે હતબન્ધુઃ સ્વભાર્યયા ।**
**આશંસમાનઃ શમલં ગંગાયાં દુઃખિતોઽપતત્ ।।૩૨।।**

જેણે પુત્રબુદ્ધિ રાખી નથી તેવા મારામાં પાપ હોવાનો ભય રાખનાર હણાએલ બંધુવાળા પોતાની પત્ની સાથે દુઃખી થઈ ગંગામાં તો પડ્યા નહીં હોય? ૩૨

'અકૃતપ્રજ્ઞે' એટલે 'ન કૃતા' નથી રાખી 'પ્રજ્ઞા' પુત્રબુદ્ધિ જેણે તેવો મને વિચારીને ગંગામાં પડ્યા? પહેલાં પુત્રો અને બંધુઓ હણાયા હતા જેના તેવો ધૃતરાષ્ટ્ર, પુત્ર અને બંધુઓ બંને ન હોવાથી યુધિષ્ઠિર પુત્ર હોવા છતાં પુત્ર હોવાનું માનતો નથી તેથી અમારા વિષે શત્રુપણું જ રાખે તેથી કદાચ અમને પણ મારશે એવા 'શમલં' પાપનો ભય રાખનાર થઈ, કમોતોમાં ગંગામાં મરવું ઉત્તમ છે એવા વિચારથી, કમોતથી દુઃખી થએલા, મારે તે કરતાં મરવું ઉત્તમ છે એમ વિચારી ગંગામાં પડ્યા છે? વિદુર તો તે (ગંગામાં પડેલ હોવાથી) લજ્જાને લીધે કહ્યા વગર જ ગએલ એમ એવો ભાવ છે.૩૨

તે પણ સંભવતું નથી, એમ વિચારી નીચેનો શ્લોક કહે છે :

**પિતર્યુપરતે પાણ્ડૌ સર્વાન્નઃ સુહૃદઃ શિશૂન્ ।**
**અરક્ષતાં વ્યસનતઃ પિતૃવ્યૌ ક્વ ગતાવિતઃ ।।૩૩।।**

પિતા પાંડુ મરણ પામ્યા ત્યારે બે કાકાઓએ અમો સર્વ સારા હૃદયવાળા બાળકોને દુઃખમાંથી બચાવેલા તેઓ અહીંથી ક્યાં ગયા? ૩૩

વાસ્તવિક રીતે વિદુર અને ધૃતરાષ્ટ્ર બંનેએ લાક્ષાગૃહમાંથી અને દાસપણામાંથી[૧] બચાવેલા. તેવું બીજું પણ રક્ષણ જાણવું. તે 'દુઃખમાંથી બચાવ્યા' શબ્દોથી કહેલ છે.૩૩

૧.જૂગારમાં પાંચે પાંડવો પંડને હારી ગુલામ બનેલા, તે ગુલામીમાંથી ધૃતરાષ્ટ્રે મુક્ત કરેલા.

સંજય તો યુધિષ્ઠિર આવ્યા પહેલાંજ, તેઓ નથી એમ જાણીને ભયથી જ મૂર્છા ખાઈને જ રહેલો, તેથી તેણે ઉત્તર ન આપ્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**કૃપયા સ્નેહવૈક્લવ્યાત્ સૂતો વિરહકર્ષિતઃ ।**
**આત્મેશ્વરમ્ અચક્ષાણો ન પ્રત્યાહાતિપીડતઃ ।।૩૪।।**

કૃપાને લીધે અને સ્નેહથી થએલા ગભરાટને લીધે વિરહથી દુબળો થયેલ, પોતાના રાજાને ન જોતાં ઘણાં દુઃખી થયેલા સૂતે ઉત્તર ન આપ્યો.૩૪

સંજય દીન હોવાથી તેના ઉપર ધૃતરાષ્ટ્રની કૃપા હતી. સ્નેહ કુદરતી હતો અને કૃપાથી સ્નેહ ઘણો થએલ હોવાથી સંજયને ગભરાટ થયો. 'પોતાના રાજા' શબ્દથી નીતિ ઘણું

દુઃખ થવાનું કારણ હોવાનું કહેલું છે. જો કે યુધિષ્ઠિર રાજા હતો, છતાં સંજયનો રાજા ધૃતરાષ્ટ્ર જ હતો. ઉત્તર ન દેવાનું કારણ ઘણું દુઃખ જ હતું; પરન્તુ તિરસ્કાર વિગેરે ન હતું.૩૪

**વિમૃજ્ય પાણિનાઽશ્રૂણિ વિષ્ટભ્યાત્માનમ્ આત્મના ।**
**અજાતશત્રું પ્રત્યૂચે પ્રભોઃ પાદાવનુસ્મરન્ ।।૩૫।।**

હાથથી આંસુઓ લૂછી, પોતાની મેળે અન્તઃકરણ દ્રઢ કરી, પ્રભુના ચરણોનું સ્મરણ કરતાં અજાતશત્રુને તેણે નીચે પ્રમાણે ઉત્તર આપ્યો.૩૫

છતાં પણ રાજાની સમીપ શાંત રહેવું અયોગ્ય હોવાથી, ''અને ગભરાએલાએ બોલવું નહીં'' એવી સ્મૃતિ હોવાથી, હાથથી આંસુઓ લૂછી, બીજા આંસુ નીકળે નહીં તે માટે અન્તઃકરણને દઢ કરી, બીજો ગુરુ ન હોવા છતાં પણ પોતેજ ગુરુ થઈ ગફલત કહેવામાં આવશે તો પણ દંડ કરશે નહીં એવા અજાતશત્રુને ઉદ્ધતાઈ, ઉદાસીનપણું અવગણના વિગેરે ન થાય તે માટે પ્રભુ ધૃતરાષ્ટ્રના ચરણોનું અથવા દંડ ન થાય તે માટે ભક્તિથી ભગવાન્નાં ચરણોનું સ્મરણ કરતાં 'પ્રત્યૂચે' અણગમતો ઉત્તર આપ્યો.૩૫

**સંજય કહે છે :**

**નાહં વેદાત્મવસિતં પિત્રોર્વઃ કુલનન્દન ।**
**ગાન્ધાર્યાશ્ચ મહાબાહો મુષિતોઽસ્મિ મહાત્મભિઃ ।।૩૬।।**

હે કુલનન્દન! આપના બે પિતાઓએ પોતે કરેલો અને ગાંધારીએ કરેલો નિર્ણય હું જાણતો નથી. હે મહાબાહુવાળા! મહાત્માઓએ મને ઠગેલો છે.૩૬

'હું જાણતો નથી' એમ કહેવાથી રાજાનું પ્રિય થતું ન હતું. અજ્ઞાનનું કારણ 'પોતે કરેલો નિર્ણય' શબ્દથી કહેલું છે. તેમણે કોઈની સાથે મંત્રણા કરી નથી, પરન્તુ પોતાના મનમાંજ 'વસિતમ્=અવસિતમ્' નિર્ણય કરેલો '' 'એવ' અને 'અપિ' ઉપસર્ગ હોય ત્યારે 'અ' નો લોપ ભાગુરિ ઈચ્છે છે'' તેથી 'અવસિતમ્' ને બદલે 'વસિતમ્' છે. 'આપના બે પિતાઓએ' શબ્દથી એમ સૂચવેલું છે કે કદાચ આપના જાણવામાં આવે. આપ તેમના આત્મા હોવાથી અને કુલનન્દન હોવાથી તેમણે ઈચ્છેલું પણ કદાચ આપને સૂચવે. અથવા 'કુલનન્દન' શબ્દનો એવો અર્થ છે કે આપનો તો દોષ નથી. 'હે મહાબાહુવાળા! સંબોધનનું એવું તાત્પર્ય છે કે આપની ક્રિયાશક્તિ અધિક હોવા છતાં જ્યારે આપ જાણતા નથી ત્યારે મારા જાણવામાં ક્યાંથી હોય? 'મહાત્મભિઃ' એટલે 'મહાન્' ઉત્તમ છે 'આત્મા' આત્મા જેમનો અથવા 'આત્મનિ' અન્તઃકરણમાં જેમના તેવા, એટલે પોતેજ ઠગવાની શક્તિવાળા અથવા ભગવદીય હોવાથી તેવી શક્તિવાળા છે. બંને પ્રકારે હું ઠગાએલ છું એવો અર્થ છે.૩૬

એ પ્રમાણે પહેલાંની કથા કહીને, કહેવા ઈચ્છેલી કથાનો આરંભ કરે છે. તે

સમ્બન્ધમાં ગાવલ્ગણિનું વચન સાંભળીને મહામોહમાં ડૂબેલો રાજા ગંભીર ભૂલ[1] જેવું કરે એવી શંકા થવાથી, આવાં કાર્ય સોંપેલો નારદ ત્યાં આવ્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**અથાજગામ ભગવાન્ નારદ સહતુમ્બુરુઃ ।**
**પ્રત્યુત્થાયાભિવાદ્યાહ સાનુજોઽભ્યર્ચયન્નિવ ।।૩૭।।**

પછી ભગવાન્ નારદ તુંબુરુ સાથે આવ્યા. યુધિષ્ઠિર નાના ભાઈઓ સાથે ઉભા થઈ પૂજન કરતો હોય તેમ નમન કરી નીચે પ્રમાણે કહ્યું.૩૭

'અથ' મોહ થયા પછી, તે દૂર કરવા નારદ આવ્યા એવો અર્થ છે. તુંબુરુ બીજા ઋષિ છે, કારણકે શોક દૂર કરવામાં બીજાની જરૂર રહે છે. અધિકારી યુધિષ્ઠિર ચિંતાને અધીન થએલ હોવાથી તે સમયે ગંભીર ભૂલ કરવાનો વિચાર કરતાં નારદને જોઈને 'આનાથી નિર્ણય થશે' એવા વિચારથી ઉઠીને, પહેલાંની સ્થિતિનો ત્યાગ કરી ઋષિને નમન કરીને સ્વાગત વિગેરે પૂછ્યા વિના જ ધૃતરાષ્ટ્ર સમ્બન્ધી પ્રશ્ન કર્યો.૩૭

૧.'ગંભીર ભૂલ જેવું' આપઘાત જેવું

**યુધિષ્ઠિર કહે છે :**

**નાહં વેદ ગતિં પિત્રોઃ ભગવન્ ક્વ ગતાવિવઃ ।**
**અમ્બા ચ હતપુત્રાર્તા ક્વ ગતા સા તપસ્વિની ।।૩૮।।**

હે ભગવન્! મારા બે પિતાઓ અહીંથી ક્યાં ગયા અને પુત્ર હણાવાથી દુઃખી થએલી તપ કરનારી માતા ક્યાં ગઈ તે સ્થાન હું જાણતો નથી.૩૮

અમંગલ મૃત્યુ થયાનો વિચાર અયોગ્ય હોવાથી કહ્યો નહીં. ૩૮

નારદ તરત કહે, તે માટે નીચેનો શ્લોક કહે છે :

**કર્ણધાર ઈવાપારે ભગવાન્ પારદર્શનઃ ।**
**અથાબભાષે ભગવાન્ નારદો મુનિસત્તમ ।।૩૯।।**

પાર વિનાના સમુદ્રમાં સુકાનીની પેઠે આપ ભગવાન્ પાર જાણનારા છો. પછી, હે ઉત્તમ મુનિ!, ભગવાન્ નારદે નીચે પ્રમાણે કહ્યું.૩૯

અમે શોક સમુદ્રમાં ડૂબેલા છીએ. તે સમુદ્રમાં સર્વનું જ્ઞાન હોવું તે નૌકા છે. તે નૌકા ચલાવનાર આપ જ છો. માત્ર નૌકા ચલાવનાર નહીં, પરન્તુ કિનારાને જોનારા છો. જ્યાં જવાનું છે તે પ્રદેશને જૂઓ છો, અંત જાણો છો, એવો અર્થ છે. એ પ્રમાણે ઉપસંહાર કહેલ ન હોવાથી અર્ધ વચન યુધિષ્ઠિર કહી રહ્યા, ત્યારે નારદે તેને ન કહેવાનું કારણ જાણીને, પોતે જ નીચે પ્રમાણે કહ્યું. નારદે જાણવાનું અને પછીથી બોધ કરવાનું કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. 'હે ઉત્તમ મુનિ!' એ શૌનકનું સંબોધન છે. 'મુનિસત્તમઃ' એવો જુદો પાઠ[1] હોય ત્યારે પણ યુધિષ્ઠિરે પ્રકારો કહેલા હોવાથી તેનું પ્રયોજન વિગેરે અનુમાનથી પોતે જ નારદે જાણી લેવાનું

જાણવું. મુનિઓ કૃપાલુ હોય છે, તેથી કૃપાને લીધે નારદે ન પૂછેલું પણ કહ્યું, એવો અર્થ છે.૩૯

૧.આ પાઠ પ્રમાણે 'ઉત્તમમુનિ ભગવાન્' નારદે કહ્યું એવો શ્લોકનો અર્થ થાય.

ભગવાન્ અજ્ઞાની જીવોમાં જે અજ્ઞાન કરે છે રાખે છે, તે ઉતાવળથી કાર્ય ન કરે તે માટે. તેથી તારે પણ ઉતાવળથી કાંઈ પણ ન કરવું. આરંભમાં મોહ દૂર કર, પછી પૂછેલું કહીશ, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**નારદ કહે છે :**

**મા કઞ્ચન શુચો રાજન્ યદ્ ઈશ્વરવશં જગત્ ।**
**સ સંયુનક્તિ ભૂતાનિ સ એવ વિયુનક્તિ ચ ।।૪૦।।**

હે રાજન્! કોઈનો પણ શોક ન કર, કારણકે જગત્ ઈશ્વરને વશ છે; તે પ્રાણીઓને ભેગા કરે છે, અને તે જ તેઓને છૂટા પાડે છે.૪૦

શોક પોતાનાં અહિતનાં જ્ઞાનથી થાય તેવો, પોતાને હલકાઈ પ્રાપ્ત કરાવનારો ન ઈચ્છેલ વિષયના ચાલુ વિચારરૂપ છે. કોઈનો પણ અહિત કરનાર તરીકે વિચાર ન કરવો, એવો અર્થ છે. 'હે રાજન્' એ સંબોધનથી યુધિષ્ઠિર મોટા કુટુંબવાળો હોવાનું કહેલું છે. તેથી મોટા રાજ્યમાં સદા હિત અને અહિત ઉત્પન્ન થતાં હોવાથી, શોક થાય ત્યારે કોઈપણ સમયે રાજ્યનું સુખ પ્રાપ્ત ન થાય તેથી રાજા શોક કરતો નથી.

વળી શોક નિષ્ફળ અને વિરુદ્ધ છે, તેનું કારણ 'કારણકે જગત્ ઈશ્વરને વશ છે' શબ્દોથી કહેલું છે. સર્વ જગત્ ઈશ્વરને વશ છે, કેમકે બધોએ પદાર્થ ભગવાન્ કરે છે, અને તેનું નિયંત્રણ કરે છે. તે કોઈથી વિરુદ્ધ નથી, અને કોઈમાં મિત્ર નથી. તે પોતાને માટે અથવા બીજાના માટે કાર્ય કરે છે. તે પૈકી બીજાને માટે કરે ત્યારે તેનું હિત જ કરે છે એમ નિયમ છે. પોતાના માટે કરે ત્યારે પણ પોતાની લીલા સિદ્ધ થાય તે માટે કરે છે. તે પૈકી બીજાને માટે કરે તે કલ્પનામાં, ભગવાન્ તેનું હિત કરતા હોય ત્યારે તે પોતે જો શોક કરે તો તેમ કરવાની શાસ્ત્રમાં મના છે, અને ભગવાન્‌નો કોપ થાય. ભગવાન્‌ની લીલામાં તો શોક કરવાથી ભગવાનનો ઘણો જ વધારે કોપ થાય અને અયોગ્યતા થાય. પોતાની મમતાના વિષયનો નાશ કરે[૧] ત્યારે પણ ઉપર કહેલો જ નિયમ[૨] છે. તેથી સર્વ ભગવાનને અધીન હોવાથી, પોતાનાં અથવા બીજા કોઈનો પણ શોક ન કર. અગ્નિના જેવા સંયોગથી[૩] અને વિયોગથી દુઃખ ઉત્પન્ન થતું હોવાથી પોતાનાં દુઃખથી શોક થાય દ્રએવી શંકા થાય તે સમ્બન્ધમાં ઉત્તરાર્ધ કહેલો છે. પ્રાણીઓને તે જ ભેગા કરે છે અને છૂટા પાડે છે, તેથી ભગવાનનાં કાર્યની પેઠે સંયોગ=ભેગા થાય, ત્યારે પણ તે જ તર્કનું અનુસંધાન કરવું. બંને પ્રકારમાં[૪] ભગવાન્ સર્વ રીતે હિત કરે છે, એમ જાણવું.૪૦

૧.પોતાનો પુત્ર મરી જાય, ત્યારે ભગવાને હિત કર્યું છે એમ કેમ મનાય?' એવી શંકા થાય તેથી આ કહેલ છે પુત્રમાંથી મમતા દૂર થાય તે માટે તેમ કરેલ હોવાથી હિત જ કરેલું જાણવું.

૨.ભગવાન્ હિત જ કરે છે તેવો. ૩.અગ્નિના સંયોગથી અને સમ્બન્ધીના વિયોગથી એવો અર્થ જણાય છે.
૪. બીજાનું કાર્ય કરે ત્યારે, અને પોતાની લીલા માટે કાર્ય કરે ત્યારે, એ બંને પ્રકારમાં.

ભગવાન્ પોતાનાં કાર્ય માટે કરે છે એ વિકલ્પમાં શોક તજવાનું કેવી રીતે બને? ભગવાન્ તો પોતાની લીલા માટે કરે છે. જીવો તો અયોગ્ય કાર્ય માંમૂકાએલા હોવાથી દુઃખથી શોક કરે છે. ભગવાનની લીલા ઘણાં સમય સુધી લંબાએલી હોવાથી દુઃખની પરમ્પરા થાય એટલે શોક જરૂર થાય ઽ એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**યથા ગાવો નસિ પ્રોતાસ્તન્ત્યાં વદ્ધાઃ સ્વદામભિઃ ।**
**વાક્તન્ત્યાં નામભિર્વદ્ધા વહન્તિ બલિમીશિતુઃ ।।૪૧।।**
**યથા ક્રીડોપસ્કારાણાં સંયોગવિગમાવિહ ।**
**ઈચ્છયા ક્રીડિતુઃ સ્યાતાં તથૈવેશેચ્છયા નૃણામ્ ।।૪૨।।**

જેમ નાકમાં દોરડી પરોવેલા બળદો પોતાનાં રાંઢવાથી બાંધેલા હોય છે તેમ વાણીરૂપ દોરડીમાં નામથી બાંધેલા જીવો ઈશ્વરની આહૂતિ લઈ જાય છે. જેમ આ લોકમાં રમનારની ઈચ્છાથી રમતનાં સાધનો ભેગાં થાય છે અને છૂટા પડે છે તેવી જ રીતે ઈશ્વરની ઈચ્છાથી મનુષ્યોના સંયોગ અને વિયોગ થાય છે.૪૧-૪૨.

''પાંચની સાથે દુઃખ જણાતું નથી'' તેથી, અને તે લીલા માટે જ આપણે સર્જાએલા છીએ તેથી, અને તે માટે જ ઘણા વિષયો સાથે આપણો સમ્બન્ધ કરાવેલ છે તેથી ભગવાન્‌ની ક્રીડાના સમયે સ્વામીનો અપરાધ કરવો યોગ્ય ન હોવાથી, જાણીને દુઃખ સહન કરીને પણ, ભવિષ્યમાં કૃતાર્થ થશું એમ જાણીને ભગવાનની લીલા જ સિદ્ધ કરાવવી જોઈએ. તેમ ન કરીએ[1] તો બહુ દુઃખ આપે એમ જણાવવા [2]બળદોનું દષ્ટાન્ત કહેલું છે. 'નસિ' નાકમાં દોરડી પરાવેલા બળદો હોય છે. કારણકે ત્યારે જ બળદો વશ થાય છે, એવો અર્થ છે. અહંતા-મમતારૂપ દોરડીથી વિષયરૂપ નાકમાં પરોવાએલા ઈંદ્રિય રૂપ રાંઢવાથી બાંધેલા જીવો ભગવાનને વશ રહે છે એવો અર્થ છે. દષ્ટાન્તથી જ સામાન્ય બંધન કહીને 'વાણીરૂપ દોરડીમાં નામથી બાંધેલા' શબ્દોથી જીવોનું પોતાનું દષ્ટાન્ત કહે છે. વેદરૂપ લાંબું રાંઢવું[3] છે. બ્રાહ્મણ-ક્ષત્રિયરૂપ ખોરાક આહૂતિ છે, અને તેનો ભગવાને ભોગ કરવાનો છે, એટલે તેઓએ ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરવાનું છે. તેઓની પ્રાકૃતિક ક્રિયા ફોતરાં છે. બીજ અને યોનિ નો સમ્બન્ધ ઘાસ સાથેનો સમ્બન્ધ છે. ઈંદ્રિયો બળદો છે. વેદ મર્યાદામાં રાખનાર રાંઢવું છે. ભગવાનની ઈચ્છા ખીલો છે. આમ હોવાથી જીવ પોતે ઈંદ્રિયોનો અધ્યાસ[4] રાખે તો બળદ થાય છે. તેમ ન કરે તો પોતે આધાર[5] થાય છે અને ત્રણ પ્રકારના પાપથી છૂટવાનું ફલ પ્રાપ્ત કરે છે. દેવતાઓ જેમાં રહેલ છે તેવી ઈંદ્રિયો[6] તો વૈદિક કર્મમાં પ્રવર્તે છે, તેનાથી પોતાનાં પાપ દૂર થાય છે. પછી સદા સમાધિ કરતાં, પ્રાકૃત ફોતરાં નીકળી જતાં, જ્ઞાનરૂપ અગ્નિથી પાકી ખોરાકરૂપ થાય છે. આ બ્રાહ્મણ, આ ક્ષત્રિય, આ બ્રહ્મચારી, આ ગૃહસ્થ એવાં 'નામથી બાંધેલા' જેઓ જ્યાં

મૂકાએલા હોય તેઓ ત્યાંજ ભમ્યા કરે છે; પરન્તુ પ્રભુનું કાર્ય કરે છે, પ્રેરણા કરનારનું[૭] કાર્ય કરતા નથી. તેથી **ઈંદ્રિયો ભગવાનનું કાર્ય કરવા માટે સર્જાએલી હોવાથી, તેઓ ભગવાનનું કાર્ય કરતી હોય ત્યારે નિરર્થક અધ્યાસ કરીને[૮] શોક કરવો ન જોઈએ, એવો અર્થ છે.**

**વળી ભગવાને જીવોને પોતાની ક્રીડા માટે સર્જેલા છે. જેમ બાલક રમકડાંથી રમે છે, તે પોતાને સુખ થાય તેવી રીતે રમકડાં મૂકે છે, ક્યાંક ભેગા કરે છે અને ક્યાંકથી છૂટા પાડે છે, તેવી રીતે બધા પુરુષો ભગવાનની ક્રીડાના રમકડાં છે, અને તેઓને કોઈકની સાથે ભેગાં કરવામાં આવે છે અને કોઈકથી વિખૂટા કરવામાં આવે છે. તેથી એવી રીતે જાણીને સમ્બન્ધીઓમાં મમતા રાખી શોક અને હર્ષ ન કરવા** એવો સમૂહથી વિવેક જણાવ્યો. પહેલાં તો તત્ત્વોનો[૯] દરેકનો વિવેક કહેલો.૪૧.૪૨.

૧.'તેમ ન કરીએ તો' એટલે ભગવાનની લીલામાં દોષ જોઈએ તો.
૨.'ગાવો' છે ત્યાં 'ગવામ્' જોઈએ એમ જણાય છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'વા દષ્ટાતઃ' છે.
૩.જે દોરડી બળદોને નાકમાં પરોવેલો હોય તે દોરડી સાથે સાંધેલું મોટું રાંઢવું.
૪.'ઈંદ્રિયોનો અધ્યાસ રાખે' એટલે હું અમુક ઈંદ્રિય છુ એવું માને.
૫.પ્રાકૃત ક્રિયારૂપ ફોતરાંનો આધાર, એટલે કાચું અન્ન એવો અર્થ છે.
૬.ઈંદ્રિયોનો અધ્યાસ ન રાખે તો ઈંદ્રિયોની ક્રિયા કેવી રીતે થાય એવી શંકા થાય તેથી આ કહેલ છે.
૭.'પ્રેરણા કરનાર' એટલે ઈંદ્રિયોના અધિષ્ઠાતા દેવ.
૮.દેહ અને તેના સમ્બન્ધીઓમા અહંતા મમતા કરીને એવો અર્થ છે.
૯.પહેલાં તો, એટલે શ્લોક ૪૧ માં દરેક તત્વ વાસ્તવિક સ્થિતિ નો જુદો જુદો નિર્ણય કહેલો છે, અને શ્લોક ૪૨ માં બધાનો ભેગો નિર્ણય કહેલો છે, એવો અર્થ જણાય છે.

એવી રીતે ઈશ્વર માટે સૃષ્ટિ રચેલી છે એ વિકલ્પ પ્રમાણે શોક કરવાનું અયોગ્ય હોવાનું કહ્યું. 'ઈશ્વર નથી' એવા મત પ્રમાણે પણ અને વેદ બહારના મત પ્રમાણે ક્યાંય પણ શોક કરવો એવો શાસ્ત્રાર્થ નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**યન્ મન્યસે ધ્રુવં લોકમ્ અધ્રુવં વા ન ચોભયમ્ ।**
**સર્વથા ન હિ શોચ્યાસ્તે સ્નેહાદ્ અન્યત્ર મોહજાત્ ॥૪૩॥**

જો તું લોકને નિત્ય અથવા અનિત્ય અથવા બંને પ્રકારનો ન હોવાનું અથવા બંને પ્રકારનો હોવાનું માનતો હોય તો પણ તેઓ મોહથી થતા સ્નેહ વિના બીજા કોઈ પ્રકારે શોક કરવા યોગ્ય નથી.૪૩

બધા વાદિઓ ચાર પ્રકારના છે :

૧.સાંખ્ય મતવાળા બધું નિત્ય માને છે. પ્રકટ થવું અને અદશ્ય થવું એ જ અનુક્રમે ઉત્પત્તિ અને લય હોવાનું માને છે.
૨.વેદ બહારના મતવાળાઓ 'બનાવેલું હોવાથી સર્વ અનિત્ય છે' એમ અનિત્ય માને છે.
૩.વેદ બહારના કેટલાક જુદા મતવાળા માધ્યમિક વિગેરે 'ન હતું, નથી, નહીં હોય, તેથી નિત્ય નથી અને અનિત્ય નથી, મિથ્યા છે' એમ માને છે.

૪.નૈયાયિકો નિત્ય અને અનિત્ય બંને હોવાનું માને છે. આકાશ વિગેરે પરમાણુઓ નિત્ય છે, બીજાં અનિત્ય છે એમ માને છે.

ચારે વિકલ્પો પ્રમાણે ધૃતરાષ્ટ્ર, વિદુર અને ગાંધારી કોઈ પ્રમાણે શોક કરવા યોગ્ય નથી. કારણકે નિત્ય હોય તે શોક કરવા યોગ્ય નથી, તેમજ પરપોટા જેવું અનિત્ય હોય તે પણ શોક કરવા યોગ્ય નથી. સસલાના શીંગડા જેવું મિથ્યા હોવાના વિકલ્પ પ્રમાણે તો જરાએ શોક ન થવો જોઈએ. નૈયાયિકના વિકલ્પ પ્રમાણે શોક થવાનું સંભવે છે, તેનો પણ ઉત્તર કહીએ છીએ. શત્રુનું મરણ થાય ત્યારે કેમ શોક કરતો નથી? અને મિત્રનું મરણ થાય ત્યારે શોક કરે છે, તે કેમ થાય છે? એમ પૂછવું. 'સ્નેહને લીધે' એમ કહે તો અનિષ્ટ કરનાર સ્નેહ જ શોકનું કારણ છે, તેનો ત્યાગ કરવો જોઈએ.

કોઈક વાર સ્નેહ સુખ આપે છે તેથી તેનો ત્યાગ કેમ કરી શકાય? એવી શંકા થાય તેથી 'મોહથી થતા' વિશેષણ કહેલું છે. અજ્ઞાનથી ઉત્પન્ન થએલો સ્નેહ સુખ કેમ આપે? કારણકે સન્નિપાતથી થએલી શિતલતા તાપનો નાશ કરતી નથી. તેથી મૂર્ચ્છામાં ઘણું દુઃખ થાય તેથી સુખ[1] માને છે તેમ ન હોય ખરેખર સુખ હોય તો તે ઉતારવા માટે પ્રયત્ન ન કરે.૪૩

૧.મુંબઈ પ્રેસની પ્રતમાં 'ગ'પુસ્તકનો જણાવેલો પાઠ લીધો છે. બીજાઓમાં 'સુખમિવ' 'સુખ જેવું' પાઠ છે.

પરિણામ આવ્યું તે નીચેના શ્લોકથી કહે છે :

**તસ્માજ્ જહ્યંગ વૈકલવ્યમ્ અજ્ઞાનકૃતમ્ આત્મનઃ ।**
**કથં ત્વનાથાઃ કૃપણા વર્તેરન્ વનમ્ આશ્રિતાઃ ।।૪૪।।**
**કાલકર્મગુણાધીનો દેહોઽયં પાઞ્ચભૌતિકઃ ।**
**કથમ્ અન્યાંસ્તુ ગોપાયેત્ સર્પગ્રસ્તો યથા પરમ્ ।।૪૫।।**

તેથી હે વહાલા! અજ્ઞાનથી થએલી અન્તઃકરણની એ મુંઝવણનો નાશ કર કે વનમાં રહેલા ગરીબડા, રક્ષક વિનાના કેમ આજીવિકા કરતા હશે? આ પાંચ મહાભૂતોનો બનેલો દેહ કાલ, કર્મ અને ગુણને અધીન છે. જેમ અજગરે ગળેલો બીજાનું રક્ષણ કરતો નથી તેમ તે બીજાઓનું તો કેવી રીતે રક્ષણ કરે? ૪૪-૪૫.

હે વહાલા! 'વૈકલવ્યમ્' 'ઈંદ્રિયો અને અંતઃકરણની મુંઝવણ' માત્ર પદાર્થોના અજ્ઞાનથી થયેલી હોય છે. પદાર્થોને જાણનારો તું તેનો 'જહિ' નાશ કર, એવો અર્થ છે. એક ભાગથી પણ રહેલી આ મુંઝવણ ફરીથી દુઃખ દેશે એવો ભાવ છે.

વચમાં રાજા શંકા કરે છે કે વનમાં રહેલા ગરીબડા રક્ષક વિનાના કેમ આજીવિકા કરતા હશે? તેઓ રક્ષક વિનાના છે. વનમાં નિશ્ચય રક્ષણની જરૂર રહે છે અને વિષયો ન હોવાથી તેઓ ગરીબડા છે. અને જેનો આશ્રય તેમણે કરેલ છે તે વન નપુંસક અને જડ છે.

શ્લો.૪૫ થી નારદ ઉત્તર આપે છે. શું તુંજ રક્ષણ કરનારો ત્યાં નથી તેથી શોક કરે છે કે રક્ષણ કરનાર કોઈપણ નથી તેથી શોક કરે છે? તે પૈકી પહેલો વિકલ્પ ખોટો ઠરાવે છે. તું

રક્ષણ કરનાર છું એવો વિચાર અયોગ્ય છે, કારણકે 'રાજા' શબ્દનો અર્થ દેહ છે. એક ઘર નિશ્ચય બે ઘરનું રક્ષણ કરી શકતું નથી. વળી વ્યવહાર પ્રમાણે રક્ષણ કરનાર હોવા છતાં પણ બીજાને અધીન હોય તે કેવી રીતે રક્ષણ કરે? આ દેહ કાલને અધીન છે તે કાલની પ્રેરણા વિના રક્ષણ શી રીતે કરે? જો એ કહો કે 'કાલ તો માત્ર નિમિત્ત છે તેથી આ વિચારથી પણ દેહ કર્મને અધીન છે, કારણકે કાલની પ્રેરણાથી જે કર્મ કરેલું, તેનું ફળ ભોગવવાનું તેને માટે જરૂરી છે. જે જણાય છે તેને અધીન હોવાથી કર્મપણ નિમિત્ત જ છે' એમ કહો તો તેમાં પણ જો કર્મ જ જણાય તેવી રીતે સામગ્રી પણ પ્રાપ્ત કરાવનારું હોય, તોપણ ઉપર કહેલો જ દોષ રહે છે. જો તેવી સામગ્રી પ્રાપ્ત કરાવનાર બીજો કોઈ હોય તો તે સ્વભાવરૂપ થએલા ગુણો છે. તેથી ત્રણ[1] દોષથી ઘેરાએલો પોતે પણ પાંચ મહાભૂતોનો વિકાર દેહ કેમ રક્ષણ કરે? મહાભૂતો તો ભક્ષણ કરનારા છે. જેમણે આત્માનુંજ[2] ભક્ષણ કરેલું તેમનો વિકાર બીજાઓનું[3] કેવી રીતે રક્ષણ કરે? બીજાઓ તો દેહ વિગેરેના અધ્યાસ વિનાના છે, અને 'તું' 'તો' શબ્દથી એમ જણાવેલ છે કે કાલનો અધીન ન રહેતાં ભગવદીય થએલો છે.

વળી કાલે ગળેલો કોઈ પ્રકારે રક્ષણ કરતો નથી, તેનું દૃષ્ટાન્ત 'અજગરે ગળેલો....'થી કહેલ છે. અજગરે ગળેલો બહાર રહેલાનું રક્ષણ કરતો નથી તેથી ધૃતરાષ્ટ્ર તારો શોક કરવા યોગ્ય છે, પરન્તુ તું ધૃતરાષ્ટ્રનો શોક કરવા યોગ્ય નથી, એવો અર્થ છે.૪૪.૪૫.

૧.કાલ કર્મ અને ગુણ અથવા સ્વભાવ.

૨.દેહાધ્યાસથી, દેહને જ આત્મા મનાવ્યો છે, એટલે આત્માનું ભક્ષણ થયું.

૩.'બીજાઓ'થી ધૃતરાષ્ટ્ર વિદુર અને ગાંધારી કહેલા જણાય છે.

ખાવાનું નહીં હોય એવી શંકા તો ન કરવી; ભગવાને સર્વ સ્થલે ખોરાક તૈયાર રાખેલ છે એમ કહેતાં, નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી રક્ષણ કરનાર કોઈ નથી એવા વિચારના દૂષણ કહે છે :

**અહસ્તાનિ સહસ્તાનામ્ અપદાનિ ચતુષ્પદામ્ ।**
**ફલ્ગૂનિ તત્ર મહતાં જીવો જીવસ્ય જીવનમ્ ।।૪૬।।**

હાથ વગરના હાથવાળાની, પગ વગરના ચાર પગવાળાની, તેઓમાં નાના મોટાની આજીવિકા છે. જીવ જીવની આજીવિકા છે.૪૬

આરંભમાં સર્જવાના પદાર્થ તરીકે જીવો જ ઉપસ્થિત હતાં. તેઓની સૃષ્ટિ એટલે દેહ રચીને તેમાં પ્રવેશ કરાવવો, તે સંબંધમાં ભવિષ્યમાં વૃદ્ધિ થાય તે માટે અન્ન બનાવવાનું થતાં, જીવ સિવાયનું કાંઈ ન હોવાથી, બધાને અન્ન અને ખાનાર બનાવ્યા. તેમાં સાધારણ અને ઉત્તમ પ્રકાર કર્યા. સાધારણ પ્રકાર લૌકિક છે અને ઉત્તમ પ્રકાર વૈદિક છે. તે પૈકી સામાન્ય પ્રકારમાં કરેલી વ્યવસ્થા આ શ્લોકમાં કહે છે.

હાથ વગરના હાથવાળાની આજીવિકા છે. આ ઉપલક્ષણ છે. બલવાનોનો ખોરાક દુર્બલ છે. બલ ક્રિયાથી થાય, તેથી હાથ અને પગ ક્રિયા કરવાનાં સાધનો હોવાથી તે કહેલાં છે.

હાથવાળાઓ પણ હાથ વગરનાના ખોરાક બને છે, જેમકે મનુષ્યો અજગર વિગેરેના ખોરાક બને છે. મોટા પણ નાનાઓનો ખોરાક બને છે જેમ સર્પો કીડીઓનો ખોરાક બને છે. તેથી આ બલના અભિપ્રાયથી અથવા સામાન્ય રીતે બને તેવા અભિપ્રાયથી કહેલું છે. માછલાં વિગેરે હાથ વગરના છે. ઘાસ વિગેરે પગ વગરનાં છે. વળી જેમાં જીવ રહેલ ન હોય તેવું તે સમયે ન હતું; અથવા હોય તો ઘડાના જેમ ખોરાક થાય તેવું ન હતું. તેથીજ ભગવાને સર્વ સ્થલે ખોરાક તૈયાર રાખેલ હોવાથી ચિંતા કરવી નહીં, કારણકે વનમાં પણ જંગલી ચોખા, ફલ વિગેરે હોય છે.૪૬

ભગવાન્ એમ કેમ કરે છે? પોતે સર્જેલા જીવ ને બીજા જીવ ને ખવરાવે છે એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક[1] કહે છે :

**તદ્ ઈદં ભગવાન્ રાજન્! એક આત્માત્મનાં સ્વદક્ ।**
**અન્તરોઽનન્તરો ભાતિ પશ્ય તં માયયોરુધા ।।૪૭।।**

હે રાજન્! તેથી આ ભગવાન્ છે, એકલા આત્માઓના આત્મા, પોતાની અંદર દૃષ્ટિવાળા છે. અંદર અને બહાર પ્રકાશે છે. માયાને લીધે તેમને ઘણા પ્રકારના તું જો.૪૭

પક્ષપાત અને ઘાતકીપણું ભગવાન્માં નથી, કારણકે તે પોતાને જ જગદ્રૂપે કરે છે. તે કહે છે. આ જગત્ ભગવાન છે. તેનું કારણ 'તેથી' શબ્દથી કહેલું છે. કેમકે સર્વ સર્વનો ખોરાક થાય છે, તેથી એક બીજાનું ભક્ષણ કરવા શક્તિમાન થતો નથી. અન્યાય થાય ત્યારે દંડ કરવાનું જણાવવા 'હે રાજન્!' એવું સંબોધન કરેલ છે. તેથી જો એકબીજાનું ભક્ષણ કરે તો રાજાથી દંડ વિગેરે થાય.

પોતે બનાવે અને પોતે ભક્ષણ કરે તે ભગવાન્ માટે પણ અયોગ્ય છેદ્ર એવી શંકા થાય, તે સમ્બન્ધધમાં 'એકલા' એમ કહેલું છે. જે સર્જવાના છે તેઓ અને સર્જનાર જુદા નથી. સર્જેલા[2] પણ જુદા નથી. 'પોતાનું ભક્ષણ કરે તે પણ અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'આત્મા' એમ કહેલું છે. 'અતતિ' વ્યાપી રહે તે 'આત્મા.' બધુંએ વ્યાપી રહે છે, તેથી બહાર રહેલાનો પોતાની અંદર પ્રવેશ કરાવે છે; અને અંદર રહેલાને બહાર પ્રકટ કરે છે. પોતાની અંદર જ પોતે અંદર અને બહાર રહે છે એવો ભગવાનનો વૃત્તાંત થયો. તેમાં ખોરાક વિગેરે વ્યવહાર તો લૌકિક[3] છે.

અથવા 'આત્' ભક્ષણથી 'મા' [4]નકારરૂપ થાય છે તે 'આત્મા'. જો સર્જેલાનું ભક્ષણ ન કરે તો આત્મા[5] જ બાકી ન રહે. બીજા જીવો જેમાં રહે છે તેમનું [6]ભક્ષણ ભગવાન્ કેમ કરે છે? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'આત્માઓના આત્મા' એમ કહેલું છે. ભક્ષણ કરનારાઓને પણ પોતાની અંદર ખેંચી લેનારા છે, એવો અર્થ છે. અથવા 'જડ પદાર્થોને પોતાની અંદર ખેંચી લે, તો પણ જીવ રહેતા હોવાથી 'એકલા' કેમ રહે?' એવો પ્રશ્ન થાય, તેથી 'આત્માઓના આત્મા' એમ કહેલું છે. આત્માઓનું સ્વરૂપ છે, એવો અર્થ છે.

છતાં પણ જીવો ઉપરની દયાને લીધે તેમનું ભક્ષણ કરવું ન જોઈએ દ્ર એમ કહેવામાં

આવે તેથી 'પોતાની અંદર દૃષ્ટિવાળા' એમ કહેલું છે. પોતાની અંદર જ છે દૃષ્ટિ જેમની તેવા ભગવાન્ છે. બીજાઓને પણ આત્મા પોતાના તરીકે જ જાણે છે અને પોતાના ભોગ માટે બીજાઓને જોતા નથી એવો અર્થ છે.

તે કયાં છે? એવો સંશય થાય, તેથી 'અંદર અને બહાર પ્રકાશે છે' એમ કહેલું છે. અંદર અને બહાર, બહારની અને અંદરની સ્થિતિથી તેજ પ્રકાશે છે એવો અર્થ છે. તે સર્વ સ્થલે ભક્ષાણ કરનાર તરીકે નજીક રહેલા છે, એવો અર્થ છે. ઉપદેશનું ફલ ભેદમાં પરિણમેલ છે એમ માનતાં કહે છે કે 'તેમને તું જો' તે જ સર્વ થએલા છે અને સર્વ સ્થલે પ્રકાશે છે તે જો, એવો અર્થ છે. એક અનેક પ્રકારના કેમ થાય? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધ માં 'માયાને લીધે ઘણા પ્રકારના' એમ કહેલું છે. માયા સામું રૂપ પડે તેવી હોવાનું કહેલ હોવાથી, તેના સમ્બન્ધમાં આવેલા ભગવાન્ જલમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબ પડે અથવા અગ્નિની પેઠે ઘણા પ્રકારે પ્રકાશે છે, એવો અર્થ છે.૪૭.

૧.તેવી શંકા થતાં, ખોરાક અને ખાનાર જુદા નથી એમ કહે છે, એવો અર્થ છે.
૨.પરસ્પર ભેદ ન હોવાને લીધે ભગવાન્થી જુદા નથી એવો અર્થ જણાય છે.
૩.વસ્તુનો વિચાર કરતાં કાચબો પોતાનાં અંગોને પોતાની અંદર પ્રવેશ કરાવે છે તેની પેઠે ભગાન કરતા હોવાથી દોષ નથી.
૪.જેનું ભક્ષાણ કરેલ તેમનો નિષેધ, તે નથી એવો અર્થ જણાય છે.
૫.'આ' સર્વ તરફથી 'અદનાત્' ભક્ષાણ થવાથી આ+અદ્ 'મા' નકારરૂપ થાય છે. જેમનું ભક્ષાણ થયું તે ન રહેતાં ભગવાન્ એકલા રહે છે, એવો અર્થ છે. અનુનાસિકની સંધિ કરવીકે કે ન કરવી તે ગ્રંથકર્તાની ઈચ્છા ઉપર રહેતું હોવાથી 'આત્મન્'નો 'ન્' રાખ્યો નથી.
૬.જીવોના દેહોનું, જડ પદાર્થનું, એવો અર્થ થયો.

એ પ્રમાણે રક્ષાણ કરનાર નથી એવી શંકા કરીને, ભગવાન્ સર્વ સ્વરૂપથી રક્ષાણ[1] કરનાર છે એમ કહીને, તે હમણાં સંહારલીલા કરવામાં તત્પર થયા છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**સોઽયમ્ અદ્ય મહારાજ । ભગવાન્ ભૂતભાવનઃ ।**
**કાલરૂપોઽવતીર્ણોઽસ્યામ્ અભાવાય સુરદ્વિષામ્ ।।૪૮।।**

હે મહારાજા! આ તે પ્રાણીઓનું પાલન કરનાર ભગવાન્ દેવોના શત્રુઓનો નાશ કરવા આ ભૂમિ ઉપર કાલરૂપ અવતરેલા છે.૪૮

'હે મહારાજા!' એ સંબોધનનું એવું તાત્પર્ય છે કે ભય ન રાખવો. કારણકે આથી પણ અધિક સ્વર્ગનું રાજ્ય આપશે. જ્ઞાનદૃષ્ટિથી દેખાડતાં કહે છે કે 'આ તે ભગવાન્' જે દેખાય છે તે ભગવાન્ સિવાય બીજો નથી એમ 'ભગવાન્' શબ્દથી કહેલ છે. 'આવવાનું શું પ્રયોજન છે?' એવો પ્રશ્ન થાય, તેથી 'પ્રાણીઓનું પાલન કરનાર' એમ કહેલું છે. પ્રાણીઓનું 'ભાવયતિ' દોષનો નાશ[2] કરીને પાલન કરે છે, એવો અર્થ છે. પોતે સ્વતન્ત્ર રીતે સંહાર કરનાર હોવા છતાં, કાલ સંહાર કરવામાં ખાસ અધિકારી હોવાથી, ભક્તિ પ્રાપ્ત થાય તે માટે પાલન કરે

છે એમ જણાવવા, કાલના રૂપ જેવું રૂપ કરીને દેવોના શત્રુઓનો નાશ કરવા અવતરેલા છે. વામન નથી[3] એમ જણાવવા 'આ ભૂમિ ઉપર' એમ કહેલું છે.૪૮

૧.'સર્વરૂપથી રક્ષણ કરનાર' એટલે વ્યાપક સર્વત્ર રહેલા હોવાથી ભક્ષણ કરનારનું ભક્ષણ કરનાર તરીકે સર્વ વસ્તુના સ્વરૂપથી રક્ષણ કરનાર, એવો અર્થ છે.

૨.સંહાર કરવાના સમયે પણ પાલન કરવામાં અડચણ થતી નથી એવો ભાવ છે. ભક્ષણ કરનાર દ્વેષીઓનો સંહાર કરીને દેવો તથા સત્પુરુષોનું પાલન કરે છે.

૩.વામન અદિતિ અને કશ્યપથી અવતરેલ, અદિતિ દેવોની માતા હોઈ સ્વર્ગમાં રહેનારી હોવાથી વામન સ્વર્ગમાં અવતરેલ. તેથી આ ભૂમિ ઉપર અવતરેલ હોવાથી વામન નથી એમ જણાવેલ છે.

એવી રીતે શ્રીકૃષ્ણનું ચરિત્ર કહીને, નીચેના શ્લોકથી ઉપસંહાર કરતાં રાજાને ઉપદેશ આપે છે :

**નિષ્પાદિતં દેવકાર્યમ્ અવશેષં પ્રતીક્ષતે ।**
**તાવદ્યૂયમ્ અવેક્ષધ્વં ભવેદ્ યાવદ્ ઈહેશ્વરઃ ।।૪૯।।**

દેવોનું કાર્ય પૂરું કરેલ છે. બાકીનાની રાહ જુએ છે. જ્યાં સુધી ઈશ્વર અહીં રહે ત્યાં સુધી તમે રાહ જુઓ.૪૯

''અહીં મેં દેવોનું સર્વ કાર્ય પૂરું કરેલું છે'' (૧૧।૭।૨) એ વાક્ય પ્રમાણે દેવોનું કાર્ય પૂરું કરેલ છે. પૃથ્વીના ભારને ઉતારનારનો ભાર દૂર કરવાનું બાકી રહેલું છે. યુધિષ્ઠિરને બીજો મોહ ન થાય તે માટે તે પ્રમાણે કહેલું છે. વાસ્તવિક રીતે તો તે પણ થઈ ગએલું જ હતું. 'તાવત્' તેનું શ્રવણ થાય ત્યાં સુધી, તમારે અવશ્ય રહેવાનું હોવાથી, જ્યાં સુધી ભગવાન્ અહીં અટકાવનાર[1] તરીકે આવે ત્યાં સુધી તમે રાહ જુઓ.

અમને રાજ્યમાં બેસાડીને ગયા છે, તે કેમ અટકાવશે? એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' એમ કહેલું છે. તે સર્વ કરવા શક્તિવાળા છે.૪૯

૧.'અટકાવનાર તરીકે' એટલે જેમને રાખવાના છે તેમના મૃત્યુને અટકાવનાર તરીકે, અથવા મોહ અટકાવનાર તરીકે રાજ્ય કરતાં અટકાવનાર તરીકે એવો અર્થ હોવાનું પાછળનો ભાગ જોતાં જણાય છે.

એવી રીતે ભગવાન્નું વૃત્તાંત જણાવીને મોહનો નાશ અને ભય ઉત્પન્ન કરીને નીચેના શ્લોકથી પૂછેલાનો ઉત્તર આપે છે :

**ધૃતરાષ્ટ્રઃ સહ ભ્રાત્રા ગાન્ધાર્યા ચ સ્વભાર્યયા ।**
**દક્ષિણેન હિમવત ઋષીણામ્ આશ્રમં ગતઃ ।।૫૦।।**

ભાઈ સાથે અને પોતાની પત્ની ગાંધારી સાથે ધૃતરાષ્ટ્ર હિમાલયની દક્ષિણે ઋષિઓના આશ્રમે ગયા.૫૦

'હિમવતઃ દક્ષિણેન' એટલે હિમાલયના દક્ષિણ ભાગમાં પહેલાં જ પ્રખ્યાત થએલ ઋષિઓના આશ્રમે ગએલ છે. ગંગાના દક્ષિણ ભાગમાં રહેલા રાજગૃહમાંથી હિમાલયના

દક્ષિણ ભાગમાં ઋષિઓના ઘેર ગયો એમ ઉત્તમપણું જણાવ્યું. ''હાથીની સૂંઢમાંથી પડેલું વાયુએ કરા બનાવેલું ગંગાજલ પવિત્ર દેશમાં પડેલું હોય તેને હે રાઘવ! હિમ જાણ'' એ વાક્ય પ્રમાણે હિમ સામે મુખ રાખી[1] અને ટાઢથી ઘણો પીડાતો રહેલ છે, એવો અર્થ છે.૫૦

૧.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. તેમાં 'તથા' શબ્દ નથી.

નીચેના શ્લોકથી ત્યાં ઋષિઓનો પ્રભાવ અને ગંગા હોવાનું કહે છે :

**સ્રોતોભિઃ સપ્તભિર્યત્ર સ્વર્ધુની સપ્તધા વ્યધાત્ ।**
**સપ્તાનાં પ્રીતયે નામ્ના સપ્તસ્ત્રોતઃ પ્રચક્ષતે ।।૫૧।।**

જ્યાં સાત ઋષિઓને પ્રીતિ કરવા સ્વર્ગની નદીએ સાત પ્રકારે સાત પ્રવાહો કર્યા તે સ્થલ 'સપ્તસૌત્ર' નામથી ઓળખાય છે.૫૧

તે આશ્રમનું 'સપ્તસ્ત્રોત' એવું નામ છે. તે સર્વ અર્થવાળું છે એમ કહે છે કે જે આશ્રમમાં ઋષિઓની શ્રેષ્ઠતા કરવા ગંગા દરેક ઋષિની નજીક પ્રવાહરૂપથી આવી. વાંક વળીને જાય તો ઊંચા નીચાપણું થાય, અને ઋષિઓને ખેદ થાય તેથી 'સાત પ્રવાહો' એમ કહેલું છે. 'વ્યધાત્' એટલે 'થઈ' અથવા 'પોતાને કરી.' 'સ્ત્રોતોભિઃ' એ પાણિનિ (૨।૩।૩) પ્રમાણે કર્મના અર્થમાં ત્રીજી વિભક્તિ યોજેલી છે. તેથી 'પ્રવાહો કર્યા' એવો અર્થ છે. 'સ્વર્ધુની' શબ્દથી એમ જણાય છે કે સ્વતન્ત્રતાથી આકાશગંગા આવેલી. તેથી બીજાં જલનું મિશ્રણ ન થવાથી ઘણું પવિત્રપણું કહેલું છે. 'સપ્તસ્રોત નામથી ઓળખાય છે'. 'નાના' પાઠ હોય ત્યારે, સાત ઋષિઓને પ્રીતિ કરવા જુદા-જુદા સાત પ્રવાહો કર્યા આથી ઋષિઓની સંખ્યા પ્રમાણે પ્રવાહો કર્યાનું જણાવેલ છે.૫૧

ત્યાં તે ધૃતરાષ્ટ્રનું કૃત્ય, તે શાંત પડ્યો રહ્યો ન હતો એમ જણાવવા કહે છે :

**સ્નાત્વાઽનુસવનં તસ્મિન્ હુત્વા ચાગ્નીન્ યથાવિધિ ।**
**અબ્ભક્ષ ઉપશાન્તાત્મા સ આસ્તે વિગતૈષણઃ ।।૫૨।।**

તેમાં ત્રણ સમય સ્નાન કરીને, વિધિ પ્રમાણે અગ્નિમાં હોમ કરીને, જલ ભક્ષણ કરનાર શાંત અંતઃકરણવાળો એષણા રહિત થઈ તે રહે છે.૫૨

સ્નાન વિગેરે નિયમો છે. શાંત થઈ રહેવું વિગેરે યમો છે. 'અનુસવનમ્' એટલે ત્રણ સમય, અથવા આહુતિના સ્થાને ગાર્હપત્ય વિગેરે અગ્નિઓમાં હોમ કરી રહેલ છે. આંધળાએ જેમ ગૃહસ્થ આશ્રમ કર્યો, તેમ હોમ કરે તેમાં દોષ નથી. હોમથી અગ્નિઓનો જ સંસ્કાર થાય[1] છે, તેથી સંસ્કાર થવાનો હોવાથી કર્મ બીજી વિભક્તિમાં છે. અગ્નિઓ રાખીને, એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી અગ્નિ હોમ પણ કરીને 'યથાવિધિ' પાંચ અગ્નિ રાખવાના નિયમનું ઉલ્લંઘન કર્યા વિના જલનું જ ભક્ષણ કરતો એટલે જલ ભક્ષણ કરનાર થઈ રહે છે. વાનપ્રસ્થ આશ્રમમાં ખેડ્યા અને રાંધ્યા વિનાના અન્નથી આરંભી વાયુ ભક્ષણ સુધીના આહાર શાસ્ત્રમાં

કહેલા છે, તેમાં છેલ્લાંથી પહેલાનું જલનું ભક્ષણ છે. 'ઉપ' ભગવાન્‌ની સમીપ અથવા અંદર છે 'શાંતઃ' શાંત 'આત્મા' અન્તઃકરણ જેનું, તેવો જ્ઞાન પ્રાપ્તિ માટે અથવા ભગવાન્‌ના પ્રાકટ્ય માટે થઈ રહેલો છે. 'એષણા' ઈચ્છાઓના ત્યાગથી મુક્તિ પ્રાપ્ત કરવાની યોગ્યતા સૂચવેલી છે. 'આસ્તે' 'રહે છે' શબ્દથી સત્તા રહેવા સિવાયના ગુણ ન હોવાનું સૂચવેલું છે. અહીં લોકની એષણા ખાસ ત્યાગ કરવા જેવી છે.૫૨

૧.ફલ માટે હોમ કરતો નથી એવો અર્થ છે.

એ પ્રમાણે યમ અને નિયમો કહીને, આઠ અવયવોવાળો યોગ કહેવા માટે નીચેના શ્લોકોથી આસન વિગેરે કહે છે :

**જિતાસનો જિતશ્વાસઃ પ્રત્યાહૃતષડિન્દ્રિયઃ ।**
**હરિભાવનયા ધ્વસ્ત  રજઃસત્ત્વતમોમલઃ ।।૫૩।।**
**વિજ્ઞાનાત્મનિ સંયોજ્ય ક્ષેત્રજ્ઞે પ્રવિલાપ્ય તમ્ ।**
**બ્રહ્મણ્યાત્માનમ્ આધારે ઘટામ્બરમિવામ્બરે ।।૫૪।।**
**ધ્વસ્તમાયાગુણોદર્કો નિરુદ્ધકરણાશયઃ ।**
**નિવર્તિતાખિલાહાર આસ્તે સ્થાણુરિવાચલઃ ।।૫૫।।**

આસન ઉપર જય પ્રાપ્ત કરેલા, શ્વાસ ઉપર જય પ્રાપ્ત કરેલા, જેણે છ ઈંદ્રિયો પાછી વાળેલી છે અને હરિના ચિંતનથી રજઃ, સત્વ અને તમો ગુણની અપવિત્રતાનો નાશ કરેલ છે તેવાએ પોતાના આત્માને વિજ્ઞાનાત્મામાં ભેળવીને, તેનો ક્ષેત્રજ્ઞમાં લય કરાવીને, તેનો બ્રહ્મમાં લય કરાવીને, જેમ આકાશમાં ઘડામાંનું આકાશ ભળી જાય તેમ આત્માનો તેના આધારમાં લય કરાવીને, માયાના ગુણોના પરિણામનો નાશ કરીને કરણો અને આશય નો નિરોધ કરેલો છે અને જેણે સર્વ આહાર તજી દીધેલ છે તેવો થાંભલા જેવો અચલ થઈ રહેલ છે.૫૩-૫૫.

અનુક્રમે આસનનો જય, પ્રાણાયમનો જય અને પ્રત્યાહાર કહેલા છે. કર્મેન્દ્રિયોને નિયમમાં જ પાછી વાળેલી (કાર્ય કરતાં અટકાવેલી) હોવાથી બાકીની છ ઈંદ્રિયોને પાછી વાળેલ હોવાનું કહેલ છે. શ્લોક ૫૩ ના ઉત્તરાર્ધથી ધ્યાન કહેલ છે. ધ્યાન અને ધારણાને ભેગા કરીને કહેલ છે, કારણકે એક દેશ અને સમુદાયના ભેદથી[૧] તેઓમાં ભેદ છે. ત્રણે ગુણોની રાગ વિગેરે અપવિત્રતાનો નાશ કરેલ છે જેણે તેવો થયો.૫૩

નિર્વિકલ્પ સમાધિની સ્થિતિ શ્લોક ૫૪માં કહેલ છે. છેવટે તે નિર્વિકલ્પ સમાધિ જ કરવાનો છે. [૨]આમાં એક પછી એક પાંચ આત્માઓ છે :

૧. બ્રહ્મમાંથી બહાર નીકળવાનું સંસારમાં સ્થિતિ અને બ્રહ્મમાં પ્રવેશ કરનાર **જીવ** પહેલો આત્મા. દેહનું અને મનનું અભિમાન રાખનાર તરીકે જુદો જણાતો એકજ છે તે વ્યષ્ટિ (વ્યક્તિ) આત્મા છે.

૨. તેથી ઉત્તમ બ્રહ્માંડના અભિમાનવાળો[3] **વિજ્ઞાનાત્મા** સમષ્ટિ સૂમહનો આત્મા છે.

૩. તેથી ઉત્તમ પ્રકૃતિનો અધિષ્ઠાતા **પુરુષ** છે.

૪. તેનાથી પણ ઉત્તમ **અક્ષર** આત્મા છે અને

૫. તેનાથી ઉત્તમ **પુરુષોત્તમ** છે.

તે પૈકીના પહેલા પોતાના આત્માનો અનુક્રમે લય કરાવીને બ્રહ્મ સુધી પહોંચ્યો એમ કહે છે.

પોતાના આત્માને વિજ્ઞાનાત્મામાં ભેળવીને, અને તેને ક્ષેત્રજ્ઞમાં લય કરાવ્યો. અથવા 'વિજ્ઞાનાત્મા' એટલે ચિત્તમાં પ્રકટ થએલ ચૈતન્યરૂપ મહત્‌તત્ત્વ. તેનો ક્ષેત્રજ્ઞ એટલે પુરુષમાં લય કરાવ્યો. તે પુરુષનો બ્રહ્મમાં એટલે અક્ષરમાં લય કરાવ્યો. 'તે અક્ષર આત્મા ન હોવાથી તેમાં લય કરાવવો વ્યર્થ છે' એમ જણાય, તેથી 'આત્માનમ્' આત્માનો તેના આધારમાં એમ કહેલું છે. પુરુષ અને અક્ષરના સ્વરૂપમાં ભેદ નથી તેથી પુરુષનો અક્ષરમાં લય કરાવવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી 'ઘડામાંનું આકાશ જેમ આકાશમાં ભળી જાય' એમ કહેલું છે. ઘડો ભાંગી જાય ત્યારે તેમાંનું આકાશ જેમ આકાશ થાય તેમ પુરુષનો અક્ષરમાં લય થાય છે. તેથી પ્રકૃતિની અધ્યક્ષતા[4] કાઢી નાખી એવો અર્થ છે[5].

શ્લોક ૫૫ માં ધૃતરાષ્ટ્રમાં અક્ષરના ગુણ પ્રકટ થતાં દોષ દૂર થયા, એમ ઉપસંહાર કરે છે. માયાના ગુણોનું પરિણામ, એટલે મોહથી પ્રકૃતિ સાથે થએલા સમ્બન્ધનો નાશ થયો. 'નિતરાં' સંપૂર્ણ પ્રકારે 'રુદ્ધાઃ' ફરીથી ઉત્પન્ન થવાની શક્તિ વિનાના થએલા છે 'કરણાશયાઃ' ઈંદ્રિયો અને અંતઃકરણ જેનાં તેવો થયો. 'જેણે સર્વ આહાર તજી લીધેલ છે' તેવો થયો, એટલે પ્રાણોની ક્રિયાનું નિવારણ કરેલું. એવી રીતે બીજ થએલી માયાના ગુણ સાથેના દેહ ઈંદ્રિયો પ્રાણ અને અન્તઃકરણ એ ચારની ક્રિયા બંધ થતાં, અક્ષર સ્વરૂપ પ્રાપ્ત કરેલ આત્માની પોતાની ક્રિયા ન હોવાથી થાંભલા જેવા થયો, એમ ' થાંભલા જેવો અચલ થઈ રહ્યો' શબ્દથી કહેલ છે. બહાર રહેલા વાયુ વિગેરે હલાવતા ન હોવા સમ્બન્ધમાં દષ્ટાન્ત કહેલું છે. અને ''એક વૃક્ષની પેઠે સ્તબ્ધ આકાશમાં રહે છે. તે પુરુષે આ સર્વ ભરી દીધેલું છે'' એ શ્રુતિ પ્રમાણે તેની સમાન થયો, એવો અર્થ છે.૫૫

૧.અમુક ભાગમાં મન પરોવવું તે ધ્યાન અને આખામાં મન પરોવવું તે ધારણા એવો તે બેમાં ભેદ છે.

૨.'આમાં' એટલે આત્મા સમ્બન્ધી વિચારમાં.

૩.'હું બ્રહ્માંડ છું' એવા અભિમાનવાળો.

૪.અને તેથી ચોથા આત્મા અક્ષર માં તેનો લય થયો, એવો અર્થ છે.

૫.શ્લોક ૫૨ થી ૫૪ સુધીથી તે યોગમાર્ગે મુક્તિ પામ્યો એમ કહેલું છે. યોગના આઠ અંગો છે. ૧ યમ ૨ નિયમ આ બે શ્લોક ૫૨ માં કહ્યા. ૩ આસન ૪ પ્રાણાયામ અને ૫ પ્રત્યાહાર ૬ ધ્યાન ૭ ધારણા. આ પાંચ શ્લોક ૫૩ માં કહ્યા. ૮ સમાધિ. આ શ્લોક ૫૪ માં કહી શ્લોક ૫૫ માં પરિણામ મુક્તિ કહેલ છે.

ત્યારે એવી રીતે ઘણા સમય સુધી રહેશે એમ વિચારી, સમાધિ બંધ પડે ત્યારે તેને

લઈ આવવો દ્ન એવો સંશય થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તસ્યાઽન્તરાયો મૈવાઽભૂઃ સંન્યસ્તાખિલકર્મણઃ ।**
**સ વા અદ્યતનાદ્ રાજન્ પરતઃ પઞ્ચમેઽહનિ ।।**
**કલેવરં હાસ્યતિ સ્વં તચ્ચ ભસ્મીભવિષ્યતિ ।।૫૬।।**

સર્વ કર્મો ત્યાગ કરેલાને તેને તું વિઘ્નરૂપ ન જ થા. હે રાજન! તે નિશ્ચય આજ પછી પાંચમા દિવસે પોતાના શરીરનો ત્યાગ કરશે અને તે ભસ્મરૂપ થશે.૫૬

પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરવાની સમીપ આવેલા તેને તું વિઘ્નરૂપ ન થા. તને જોવાથી મોહ ઉત્પન્ન થતાં, તેનાં સર્વનો નાશ થશે. વળી તું જઈને તેને વિષયોની પ્રાપ્તિ જ કરાવવાનો, કે જેની સંન્યાસીઓ માટે મના કરેલી છે, એમ કહે છે. સર્વ કર્મોનો ત્યાગ કરેલો છે જેણે તેવો તે છે. આથી કર્મ કરવા માટે પણ તે વિષયો સ્વીકારશે નહીં એમ કહ્યું. 'ત્યારે તેનું રક્ષણ કરવા પ્રયત્ન કરવો જોઈએ' એવી શંકા થાય, તેથી 'તે નિશ્ચય શરીરનો ત્યાગ કરશે ' એમ કહેલું છે. પહેલાં ઘણા સમય સુધી રહેવાનો જ નથી, અને દેહનો ઉપયોગ તેની મેળે નક્કી થએલો છે. આજથી પાંચમે દિવસે શરીરનો ત્યાગ કરશે. 'હે રાજન્!' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે તને જવાની તૈયારી કરવામાં પણ તેટલો સમય વીતી જશે. 'પછી' શબ્દથી એમ કહેલું છે કે આજનો દિવસ તજીને પાંચ દિવસ રહેશે. તેમાં પાંચમાં દિવસે શરીરનો ત્યાગ કરશે. 'દિવસે' શબ્દથી શુક્લપક્ષ વિગેરે હોવાનું પણ સૂચવેલું છે. શરીર ત્યાગ કરવાનું કારણ 'પોતાનાં' શબ્દથી કહેલું છે. કારણકે બળેલાં કપડાંના ધોરણે થોડું અભિમાન રહેલ છે. ''આ શરીરની અંતે ભસ્મ થાય છે'' એ શ્રુતિ પ્રમાણે તેનો ઉપયોગ 'અને તે ભસ્મરૂપ થશે' શબ્દોથી કહેલ છે. બ્રહ્મમાં રહેલ હોવા છતાં થોડા પ્રયત્નથી પ્રાણ-દેહ વિગેરે ધારણ કરીને રહેલો છે. શરીરનો ત્યાગ કરતી વખતે આગ્નેયી ધારણા[1] કરીને ત્યાગ કરશે, તેથી તેની ભસ્મ થશે એવો અર્થ છે.૫૬

૧.અગ્નિનું ચિંતન કરીને, એવો અર્થ જણાય છે.

**દહ્યમાનેઽગ્નિભિર્દેહે પત્યુઃ પત્ની સહોટજે ।**
**બહિઃ સ્થિતા પતિં સાધ્વી તમ્ અગ્નિમ્ અનુ વેક્ષ્યતિ ।।૫૭।।**

ઝુંપડી સાથે પતિનો દેહ બળતો હશે ત્યારે બહાર રહેલી ભલી પત્ની પતિની પાછળ તે અગ્નિમાં પ્રવેશ કરશે.૫૭

''સાચવેલ હોય ત્યાં સુધી અગ્નિઓ યજમાનરૂપ હોય છે''[1] એ શ્રુતિ પ્રમાણે દેહની અંદર રહેલો અગ્નિ પ્રકટ થતાં બહાર રહેલા અગ્નિઓ સાથે પણ તેનો સમ્બન્ધ થતાં, પર્ણશાળા ઝુંપડી પણ બળતાં, ''અથવા અગ્નિમાં પ્રવેશ કરે'' એવા પતિવ્રતાપણાના ધર્મ પ્રમાણે બહાર રહેલી હોવા છતાં અગ્નિનો નાશ ન થાય તે માટે ભલી પત્ની તે જ અગ્નિમાં પતિની પાછળ પ્રવેશ કરશે, એવો અર્થ છે.૫૭

૧.અગ્નિ યજમાનથી જુદા ન હોવાથી તેની સાધારણ ધારણ કરવી જ જોઈએ. એવો અર્થ છે.

એવી રીતે પતિ–પત્નીનું કાર્ય કહીને, નીચેના શ્લોકથી વિદુરનું કાર્ય કહે છે :

**વિદુરસ્તુ તદાશ્ચર્યં નિશામ્ય કુરુનન્દન! ।**
**હર્ષશોકયુતસ્તસ્માદ્ ગન્તા તીર્થનિષેવકઃ ।।૫૮।।**

હે કુરુનન્દન! વિદુર તો તે આશ્ચર્ય જોઈને હર્ષ અને શોકવાળો થઈ ત્યાંથી તીર્થોમાં ફરવા જશે.૫૮

'તુ' 'તો' શબ્દથી તે બેની સ્થિતિ વિદુરને પ્રાપ્ત ન થયાનું કહેલ છે. સાથે આવેલામાંથી બેને જ તેવું ફલ કેમ પ્રાપ્ત થયું અને ત્રીજાને ન થયું? એવી શંકા થાય, તેથી 'તે આશ્ચર્ય' એમ કહેલું છે. પહેલાં તો વિદુરનું ચિત્ત તેઓની ક્રિયામાં જ, 'શું થશે?' એવા વિચારથી ચોંટેલું હતું, પરંતુ કાર્ય થયું ત્યારે તેને તે આશ્ચર્ય તરીકે જણાયું, કર્તવ્ય તરીકે ન જણાયું , કારણકે સર્વ અદ્‌ભુત કરે તેવું સંભવતું નથી. ત્યારે તેણે શું કર્યું? એવો પ્રશ્ન થાય તેથી 'તીર્થોમાં ફરવા જશે' એમ કહેલું છે. 'હે કુરુનન્દન!' સંબોધનથી એમ સૂચવેલું છે કે તું સર્વને આનન્દ કરાવનાર હોવાથી તારે તે તીર્થમાં ફરવાનું કરવાનું નથી. પરલોકના અને આ લોકના વિચારથી વિદુર અનુક્રમે હર્ષ અને શોકવાળો થયો, અને તે સ્થલેથી દહ પડે ત્યાં સુધી તીર્થોમાં ફરવું એ શાસ્ત્રજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરેલી હોવાથી, વચમાં પ્રસંગને લીધે પ્રાપ્ત થએલ[૧] કાર્ય પૂરું કરીને, શરુ કરેલું જ કાર્ય કર્યું, એમ 'તીર્થમાં ફરવા જશે' શબ્દથી કહેલ છે.

૧.ધૃતરાષ્ટ્રની મુક્તિ કરાવવાનું.

આટલાથી રાજાનો શોક દૂર થયો. તેથી નારદ જતાં પહેલાં કહેલ કાર્ય સમાપ્ત થયાનું નીચેના શ્લોકથી કહે છે :

**ઈત્યુક્ત્વાઽથાઽઽરુહત્ સર્વં નારદઃ સહતુમ્બુરુઃ ।**
**યુધિષ્ઠિરો વચસ્તસ્ય હૃદિ કૃત્વાઽજહાત્ શુચઃ ।।૫૯।।**

એમ કહીને પછી નારદ તુમ્બુરુ સાથે સ્વર્ગમાં ગયો. યુધિષ્ઠિરે તેનું વચન હૃદયમાં ધારણ કરીને શોકોનો ત્યાગ કર્યો.૫૯

'અથ' 'પછી' શબ્દ હોવાથી જુદા આરંભથી પૂજાએલ પ્રસન્ન હૃદયવાળો નારદ ગયો. હવે પછી ભૂમિ ઉપર તેનું કાર્ય ન હતું એમ 'સ્વર્ગમાં ગયો' શબ્દોથી જણાવેલું છે. તુંબુરુ બીજી કથા સૂચવશે એવી શંકાથી 'તુંબુરુ સાથે' ગયો. ઉત્તરાર્ધથી ઉપાખ્યાનનું ફલ કહેલું છે. 'શુચઃ' એટલે શોકો. નારદનું વાક્ય શોકનો નાશ કરનારું હોવાથી વાક્ય દ્રઢ થતાં શોકો નીકળી ગયા, એવો અર્થ છે.૫૯

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**તેરમો અધ્યાય સમાપ્ત.**

# અધ્યાય ચૌદમો
# અપશુકન દેખાતાં યુધિષ્ઠિરને ચિન્તા અને દ્વારકાથી અર્જુનનું આગમન

**એવં હિ ધૃતરાષ્ટ્રસ્ય મુક્તિમ્ ઉક્ત્વા ત્રયોદશે ।**
**પાણ્ડવાનામ્ અતો દ્વાભ્યાં હેતુપૂર્વમ્ ઉદીર્યતે ।।૧।।**

એવી રીતે ધૃતરાષ્ટ્રની મુક્તિ થયાનું તેરમા અધ્યાયમાં કહીને, પછી બે અધ્યાયોથી પાંડવોની મુક્તિ, તેનું કારણ કહીને કહેવામાં આવે છે.કા.૧

**તેષાં નેષ્ટો બ્રહ્મભાવઃ સાયુજ્યં પરમ્ ઈપ્સિતમ્ ।**
**તન્ન સ્યાદ્ ભૂતલે કૃષ્ણે સખિભાવેન બાધનાત્ ।।૨।।**

તેઓનો બ્રહ્મભાવ ઈચ્છેલ ન હતો, ઉત્તમ સાયુજ્ય ઈચ્છેલું. શ્રીકૃષ્ણ ભૂતલ ઉપર હોય ત્યાં સુધી સખિભાવ તેમાં અડચણરૂપ હોય તે થઈ ન શકે.કા.૨

**અતશ્ચતુર્દશે હેતું ભગવદ્ગમનં મહત્ ।**
**યો વદેત્ તસ્ય સન્દર્શઃ પ્રશ્નશ્ચ વિનિરૂપ્યતે ।।૩।।**

તેથી ચૌદમા અધ્યાયમાં પાંડવોનાં સાયુજ્યના કારણરૂપ ઉત્તમ[1] ભગવાનનું પધારી જવું જે કહે તેનો મેળાપ અને તેને કરેલ પ્રશ્ન કહેવામાં આવે છે.કા.૩

૧.'ઉત્તમ' ભૂમિના ત્યાગરૂપ. તે પ્રયોજનથી અહીં કહેલું છે.

**સમ્ભાવનાયા હેતુત્વં નિશ્ચયે કિમુતેતિ ચ ।**
**ભગવદ્ગમનં તસ્માદ્ ઉભયત્રોચ્યતે દ્વિધા ।।૪।।**

ભગવાન પધારી ગયા હોવાનો સંભવ પાંડવોના વૈરાગ્યનું કારણ છે, અને તેનો નિશ્ચય થાય ત્યારે તો કહેવું જ શું? તેથી બંને અધ્યાયોમાં બે પ્રકારે ભગવાનનું પધારી જવાનું કહેવામાં આવે છે.કા.૪

એવી રીતે ગયા અધ્યાયમાં 'ત્યાં સુધી તમે રાહ જુઓ' (શ્લોક ૪૯) એવાં નારદનાં વાક્યથી ભગવાન અવશ્ય પધારી જવાના એવું શ્રવણ કરીને, ધૃતરાષ્ટ્ર ગયો તેના દુઃખને તજીને, પોતે જવાનાં કારણરૂપ ભગવાન પધારી જવાના સમ્બન્ધમાં ચિંતાતુર થઈ યુધિષ્ઠિર વિચાર કરે છે એમ કહેવા તેનો ઉપોદ્ઘાત નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**સમ્પ્રસ્થિતે દ્વારકાયાં જિષ્ણૌ બન્ધુદિદક્ષયા ।**
**જ્ઞાતું ચ પુણ્યશ્લોકસ્ય કૃષ્ણસ્ય ચ વિચેષ્ટિતમ્ ।।૧।।**
**વ્યતીતાઃ કતિચિન્ માસાઃ તદા પાણ્ડુસુતો નૃપઃ ।**

**દદર્શ ઘોરરૂપાણિ નિમિત્તાનિ કુરૂદ્વહઃ ।।૨।।**
**કાલસ્ય ચ ગતિં રૌદ્રાં વિપર્યસ્તર્તુધર્મિણઃ ।**
**પાપીયસીં નૃણાં વાર્તાં ક્રોધ-લોભાવૃતાત્મનામ્ ।।૩।।**
**જિહ્મપ્રાયં વ્યવસિતં શાઠ્યમિશ્રં ચ સૌહૃદમ્ ।**
**પિતૃમાતૃસુહૃદ્ભ્રાતૃ  દમ્પતીનાં ચ કલ્કનમ્ ।।૪।।**
**નિમિત્તાન્યત્યરિષ્ટાનિ કાલે ત્વનુગતે નૃણામ્ ।**
**લોભાદ્યધર્મપ્રકૃતિં દૃષ્ટ્વોવાચાનુજં નૃપઃ ।।૫।।**

બંધુઓને મળવાની ઈચ્છાથી અને પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણનું કાર્ય જાણવા માટે અર્જુન દ્વારકા જવા નીકળ્યો, તેને કેટલાક મહિના થયા ત્યારે પાંડુના પુત્ર ઉત્તમ કૌરવ રાજાએ ઘોર પ્રકારનાં અપશુકનો અને બદલાઈ ગએલા ઋતુઓના ગુણોવાળા કાલની ક્રૂર ગતિ, ક્રોધ અને લોભથી ઘેરાએલાં અન્તઃકરણવાળા મનુષ્યોની પાપવાળી આજીવિકા, અપ્રમાણિક પ્રયત્ન, ઠગાઈવાળી મૈત્રી અને પિતા-માતા-મિત્ર ભાઈ અને પતિ-પત્નીના કજીઆ, મોટા ઉત્પાત સૂચવનારા ચિહ્નો જોયાં. કાલ અનુકૂલ થતાં મનુષ્યોનો લોભ વિગેરે અધર્મવાળો સ્વભાવ જોઈને રાજાએ નાનાભાઈને નીચે પ્રમાણે કહ્યું.૧-૫.

યાદવોને શાપ થયાં પહેલાં ભગવાન શું કરે છે તે જાણવા અર્જુનને દ્વારકા મોકલેલો. તે ગયાને પણ ઘણા મહિના થયા, તેથી કારણ વિના આવવામાં વિલંબ થતાં, અને અપશુકનો જોવાથી ચિંતા થઈ. તે પૈકીનું પહેલું પહેલા બે શ્લોકો થી કહે છે. દ્વારકા ગએલાને જવા આવવાના નિર્ણયથી કાંઈ પણ ચિંતા ન થાય; અને તે પણ સાસરાના ઘેર આમંત્રણ થવાથી સારી રીતે ગએલો, અને તેમાં પણ અર્જુન પોતે 'જિષ્ણુઃ' જય કરવા ના સ્વભાવવાળો, અને તેમાં પણ બંધુઓને મળવા ગએલો, કજીઓ કરવા નહીં, તેમાં પણ સર્વ અનિષ્ટનો નાશ કરનાર શ્રીકૃષ્ણનાં ઉત્તમ ચરિત્ર રૂપ કાર્ય જાણવા ગએલો. તેથી ચિંતા ન જ થાય. ૧.

તેને ગયાને 'કેટલાક' સાત મહિના થયા. છતાં જ્યારે ન આવ્યો[૧] ત્યારે 'પાંડુનો પુત્ર' હોઈ દીર્ઘ દષ્ટિવાળા, અને વિચાર કરવાનું જરૂરી હોય તેવા રાજાએ અર્જુનના આવવામાં ઘોર હતો પ્રકાર જેઓનો તેવાં અપશુકનો જોયાં. ફલથી ભય ઉત્પન્ન કરે એ વાત તો દૂર રહી, તેઓને જોવાથી જ ભય થયો, એવો અર્થ છે. વળી માત્ર તેટલું જ હતું એમ નહીં; પરન્તુ તે અપશુકનો ઉત્પાત સૂચવનારાં હતાં; કારણ કે શકુનના શાસ્ત્રમાં તેમ કહેલું છે. 'ઉત્તમ કૌરવ' શબ્દથી એમ કહેલું છે કે યુધિષ્ઠિર મહાપુરુષોના વંશમાં ઉત્પન્ન થએલો હોવાથી તેને પોતાની મેળે જ્ઞાન થવાનું પણ સંભવે છે.૨.

જ્યોતિઃશાસ્ત્રથી કલિએ પ્રવેશ કરેલ હોવાથી કાલની ગતિ પણ ક્રૂર થઈ. વળી બદલાઈ ગએલા હતા ઋતુઓના ધર્મો જેમાં તેવો કાલ થયો. આથી પણ કાલની ગતિ દુષ્ટ હોવાનું જણાયું. આપત્તિ ન હોવા છતાં પણ પ્રાણિઓની 'વાર્તા'=આજીવિકા 'પાપવાળી'=સત્પુરુષોથી નિંદાએલી થઈ. આજીવિકા કરનારાઓના ગુણોમાં ક્રોધ અને લોભ

જ પ્રકટ થયા. જે કાંઈ કાર્ય કરવામાં આવે તેના અધિકારી કરનારા ઓમાં આ બે ગુણો જોવામાં આવ્યા. તે બેથી ઘેરાએલું હતું અન્તઃકરણ જેમનું તેવા માણસો થયા. આ શ્લોકમાં કાલના અને કાલમાં રહેલા પુરુષો ના ગુણો કહ્યા.૩.

શ્લો.૪થી વ્યવહારમાં બુદ્ધિના દોષ કહે છે. બુદ્ધિ બે પ્રકારની સારી ૧.પ્રમાણિકપણાં વાળી અને ૨.સર્વ પ્રાણીઓમાં મૈત્રી ઉત્પન્ન કરનારી. તે બંનેમાં કુટિલતા અને ઠગાઈ પ્રવેશ્યાં. બુદ્ધિનું બહારની ક્રિયાથી અનુમાન થાય અને કુટિલ પુરુષની તે બહારની ક્રિયા જાણી શકાય[2] નહીં, અને ઠગનારની મૈત્રી[3] જાણી શકાય નહીં તેથી આ[3] બે લોકમાં ઝલક્યાં એવો અર્થ છે.૪.

લૌકિક ગુણમાં દોષ કહે છે. પિતા વિગેરે સાથે કજીઓ જોવામાં આવ્યો. જેમની સાથે કુદરતી સ્નેહ ધર્મરૂપ છે તેમની સાથે કજીઓ થાય. પિતા વિગેરેને સમ્બન્ધીઓ[4] સાથે કજીઓ અને પતિપત્નીમાં પરસ્પર કજીઓ થયા.૪.

એ પ્રમાણે આ અપશુકનો અને બીજાં મોટા ઉત્પાત સૂચવનારા જોયા. અને તે મૂલવાળા હતા એમ 'કાલ અનુકૂલ થતાં' શબ્દોથી કહેલ છે. કાલ દોષોને અનુકૂલ થયો. વળી 'નૃણામ્' સર્વ પ્રાણિઓમાં દોષ જોયા. પહેલાના યુગોમાં બ્રાહ્મણોમાં જ્ઞાન વિગેરે હતા તેની પેઠે લોભ વિગેરે સ્વાભાવિક ગુણો થયા. સ્વભાવરૂપ થએલ હોવાથી નિંદા પણ થતી નહીં એવો ભાવ છે. 'અનુજઃ' નાનાભાઈ ભીમને કહ્યું.૫.

૧.શ્લોકમાં 'વ્યતીતાઃ' 'થયા' વીતી ગયા શબ્દનો આ અર્થ છે. ૨.અનુમાનથી જાણી શકાય નહીં.
૩.અપ્રમાણિકપણું અને ઠગાઈ. ૪.પિતા અને માતાનો પુત્ર સાથે, ભાઈઓના ભાઈઓ સાથે.

આસન્ય પાપરહિત છે. તેથી કાલ વિગેરેના દોષથી તેને ભ્રમ થતો ન હોવાથી તેની સાથે વિચાર કરવો યોગ્ય હોવાથી આસન્યરૂપ ભીમ સાથે યુધિષ્ઠિર વિચાર કરે છે તે નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**યુધિષ્ઠિર કહે છે :**

**સમ્પ્રેષિતો દ્વારકાયાં જિષ્ણુર્બન્ધુદિદક્ષયા ।**
**જ્ઞાતું ચ પુણ્યશ્લોકસ્ય કૃષ્ણસ્ય ચ વિચેષ્ટિતમ્ ।।૬।।**

બંધુઓને મળવાની ઈચ્છાથી અને વળી પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણનું કાર્ય જાણવા માટે અર્જુનને દ્વારકા મોકલેલ.૬

'ચ' 'અને' શબ્દથી શ્રીકૃષ્ણનો અભિપ્રાય જાણવા અને બીજો 'ચ' 'વળી' શબ્દ હોવાથી બીજા કાલ વિગેરેનો પણ અભિપ્રાય જાણવા મોકલેલ.૬.

**ગતાઃ સપ્તાધુના માસા ભીમસેન તવાનુજઃ ।**
**નાયાતિ કસ્ય વા હેતોઃ નાહં વંદેદમ્ અઞ્જસા ।।૭।।**

તેને હમણાં સાત માસ થયા. હે ભીમસેન! તારો નાનો ભાઈ કયા કારણને લીધે આવતો નથી. આ હું બરાબર જાણતો નથી.૭.

અર્જુનને પોતાથી અનિષ્ટ થાય તેમ નથી એમ કહે છે. 'ભીમા' ભયંકર 'સેના' સૈન્ય જેનું તેવા ભીમસેનની 'અનુ' પછી અર્જુન જન્મેલો હોવાથી તે પણ તેવો છે. જાણવા ઈચ્છેલા વિષયમાં સંદેહ હોય તો પણ નહીં આવવાનું કારણ ન હોવાથી કેમ આવ્યો નથી, એમ કહેલ છે.૭.

યુધિષ્ઠિર શુદ્ધ અન્તઃકરણવાળો હોવાથી, પોતાને જ વિચાર કરતાં જે કારણ સૂઝ્યું તે નીચેના શ્લોકથી કહે છે :

**અપિ દેવર્ષિણાદિષ્ટઃ સ કાલોઽયમ્ ઉપસ્થિતઃ ।**
**યદ્ આત્મનોઽઙ્ગમ્ આક્રીડં ભગવાન્ ઉત્સિસૃક્ષતિ ।।૮।।**

દેવર્ષિએ કહેલો તે સમય નજીક આવેલ છે? જેમાં ક્રીડાનું સાધન પોતાનું અંગ ભગવાન તજવા ઈચ્છે છે?૮.

'આઃ' સર્વ તરફથી 'ક્રીડં' ક્રીડાનું સાધન અથવા 'મા' લક્ષ્મીનું 'ક્રીડં' ક્રીડાનું સાધન પોતાનું શ્રીઅંગ તજવા ઈચ્છે છે? તેમ ન હોય તો આમ ન થાય, એવો ભાવ છે.૮

તેનું કારણ નીચેના શ્લોકથી કહે છે :

**યસ્માન્ નઃ સમ્પદો રાષ્ટ્રં દારાઃ પ્રાણાઃ કુલં પ્રજાઃ ।**
**આસન્ સપત્નવિજયો લોકાશ્ચ યદ્ અનુગ્રહાત્ ।।૯।।**

જેમનાથી આપણને સંપત્તિઓ, રાજ્ય, સ્ત્રી, પ્રાણો, કુલ અને પ્રજા પ્રાપ્ત થયાં, અને જેમની કૃપાથી શત્રુઓ ઉપર વિજય અને લોકો આપણને પ્રાપ્ત થયાં (તે અંગ તજવા ઈચ્છે છે શ્લોક ૮) ૯.

લોકો એટલે સ્વર્ગ વિગેરે, રાજસૂય વિગેરે કર્યા તેથી તે પ્રાપ્ત થયાનું જણાય છે.૯.

**પશ્યોત્પાતાન્ નરવ્યાઘ્ર દિવ્યાન્ ભૌમાંશ્ચ દૈહિકાન્ ।**
**દારુણાન્ શંસતોઽદૂરાદ્ ભયં નો બુદ્ધિમોહનમ્ ।।૧૦।।**

હે નરવ્યાઘ્ર! ઉત્તમ નર આપણી બુદ્ધિને મોહ કરનાર ભયને જણાવનારા દિવ્ય ભૂમિના સમ્બન્ધવાળા અને દેહના સમ્બન્ધવાળા ભયંકર ઉત્પાતો જો.૧૦

'હે નરવ્યાઘ્ર' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે તને માત્ર ઉત્પાતો જોવાથી ભય નહીં થાય, 'ઉત્પાતો' એટલે દુઃખને સૂચવનારાં ચિહ્નો, ત્રણે પ્રકારના ઉત્પાતો પોતેજ ક્રૂર છે તેથી નજીકમાં જ ભય આવવાનું સૂચવે છે. ભય બુદ્ધિથી દૂર કરી શકાય, પરન્તુ આ ભય બુદ્ધિને જ મોહ કરનારો છે.૧૦.

તે પૈકી નીચેના શ્લોકથી આધ્યાત્મિક ચિહ્ન કહે છે :

**ઊર્વક્ષિબાહવો વામાઃ સ્ફુરન્ત્યંગ પુનઃ પુનઃ ।**
**વેપથુશ્ચાપિ હૃદયે આરાહાસ્યતિ વિપ્રિયમ્ ।।૧૧।।**

ડાબા સાથળ, આંખ અને બાહુ વારંવાર ફરકે છે અને વળી હૃદયમાં કંપ થાય છે. તે નજીકમાં દુઃખ આપશે.૧૧

પ્રાણીના અંગો હોવા છતાં દોષ જણાવવા માટે જુદા સ્વભાવવાળા થઈ એક સરખી સ્થિતિના નથી, 'વેપથુઃ'=કંપ, 'ચ'='અને' શબ્દથી ચિંતા વગેરે કહેલાં છે. 'આરાત્' નજીકમાં થોડા સમયમાં થશે. ૧૧.

નીચેના શ્લોકથી આરંભી ભૌતિક પ્રાણીઓથી થતાં અનિષ્ઠ કહે છે :

**શિવૈપોદ્યન્તમ્ આદિત્યમ્ અભિરૌત્યનલાનના ।**
**મામ્ અંગ સારમેયોઽયમ્ અભિરોદિત્યભીતવત્ ।।૧૨।।**

આ અગ્નિમુખી શિયાળવી ઉગતા સૂર્ય તરફ ગોળ ફરતી રડે છે. હે વહાલા! આ કૂતરો બીતો ન હોય તેની પેઠે મારી આસ-પાસ ભસે છે.૧૨

'આ' હમણાં પણ દેખાતી 'અનલાનના' સ્વભાવથી જ અગ્નિમુખી શિયાળવી 'અમિતઃ રૌતિ' ગોળ ફરતી રડે છે. 'સારમેયઃ' કૂતરો 'અભિ' આસપાસ 'રૌતિ' દુષ્ટ શબ્દ કરે છે, ભસે છે. મારાથી ભય થવાનું માનતો નથી.૧૨.

**શસ્તાઃ કુર્વન્તિ માં સવ્યં દક્ષિણં પશવોઽપરે ।**
**વાહાંશ્ચ પુરુષવ્યાઘ્ર! લક્ષયે રુદતો મમ ।।૧૩।।**

સારા પશુઓ મારી ડાબી બાજુએ અને બીજા જમણી બાજુએ જાય છે. હે ઉત્તમ પુરુષ! મારા અશ્વોને હું રડતાં જોઉં છું.૧૩

અશ્વો વિગેરે સારા પશુઓ , બીજા ગધેડા વિગેરે અનુક્રમે ડાબી અને જમણી બાજુ જાય છે. 'વાહાઃ' એટલે અશ્વો, 'ચ' 'અને' શબ્દ હોવાથી ગાયો વિગેરેને રડતાં જોઉં છું. 'હે ઉત્તમ પુરુષ' સંબોધન તે ભીમસેન ને ભય નથી એમ સૂચવનારું છે. મારા પણ અશ્વો સર્વ પ્રકારના સુખથી રહેતા હોવા છતાં રડતાં હોય તેવા જણાય છે.૧૩.

**મૃત્યુદૂતઃ કપોતોઽયમ્ ઉલૂકઃ કમ્પયન્ મનઃ ।**
**પ્રત્યુલૂકશ્ચ કુહ્વાનૈઃ અનિદ્રૌ શૂન્યમ્ ઈચ્છતઃ ।।૧૪।।**

આ કપોત મૃત્યુનો દૂત છે. આ ઘુવડ અને કાગડો મનને કંપાવતા ઉંઘ ન આવે તેવી રીતે ખરાબ અવાજ કરતાં વસતી વિનાનું ઈચ્છે છે.૧૪

આ કપોત મૃત્યુનો દૂત, મૃત્યુ નજીક બોલાવવા આવેલ છે. દક્ષિણ દેશમાંથી આવીને

અવાજ કરતો હોવાથી એવો નિર્ણય થાય છે. 'આ કપોત' એ તદ્દન જુદું વાક્ય છે. 'ઉલૂકઃ' 'ઘુવડ'થી આરંભી જુદું વાક્ય છે. 'પ્રત્યુલૂકઃ' એટલે કાગડો અથવા ઘૂવડની અમુક જાતિ. 'ચ' 'અને' શબ્દથી બીજાં પણ પક્ષીઓ જેઓમાં સદાનું વેર છે તેવા કહેલા છે. 'કુહ્વૈઃ' એટલે ખરાબ શબ્દોથી. 'ન' નથી આવતી 'નિદ્રા' ઉંઘ જે બેને લીધે તે બે 'અનિદ્રો' તે બે જગતને વસ્તી વિનાનું ઇચ્છે છે.૧૪

નીચેના શ્લોકથી આરંભી આધિદૈવિક ઉત્પાતો કહે છે :

**ધૂમ્રા દિશઃ પરિધયઃ કમ્પતે ભૂઃ સહાદ્રિભિઃ ।**
**નિર્ઘાતશ્ચ મહાંસ્તાત! સાકં ચ સ્તનયિત્નુભિઃ ।।૧૫।।**

ધૂમાડાવાળી દિશાઓ, ક્ષિતિજો છે. ભૂમિ પર્વતો સાથે કંપે છે. હે વહાલા! ઘણી વિજળી ગર્જના સાથેની થાય છે.૧૫.

ધૂમાડાવાળી દિશાઓ જ ક્ષિતિજ છે. ત્રણ લોકની મધ્યે બળતો અગ્નિ છે એવો અર્થ છે. 'નિર્ઘાતઃ' એટલે વાદળાં વિના વિજળીનું પડવું અને વાદળાં વિનાની ગર્જનાઓ સાથે પણ વીજળીનું પડવું થાય છે.૧૫.

**વાયુર્વાતિ ખરસ્પર્શો રજસા વિસૃજંસ્તમઃ ।**
**અસૃગ્વર્ષન્તિ જલદા બીભત્સમિવ સર્વતઃ ।।૧૬।।**

ધૂલથી અંધકાર ઉત્પન્ન કરતો તીક્ષ્ણ સ્પર્શવાળો વાયુ વાય છે. વાદળાંઓ સર્વ તરફથી ઉદ્વેગ કરાવે તેના જેવી લોહીની વૃષ્ટિ કરે છે.૧૬.

'ખરઃ' તીક્ષ્ણ છે 'સ્પર્શઃ' સ્પર્શ જેનો તેવો વાયુ 'રજસા' ધૂળની વૃષ્ટિથી 'તમઃ' અંધકાર ઉત્પન્ન કરતો વાય છે. 'અસૃક્' એટલે લોહી. 'બીભત્સમિવ' વિષ્ઠાના પ્રકાર જેવું વરસાવે છે. ૧૬.

**સૂર્યં હતપ્રભં પશ્ય ગ્રહમર્દં મિથો દિવિ ।**
**સુસંકુલૈર્ભૂતગણૈઃ જ્વલિતે ઈવ રોદસી ।।૧૭।।**

પ્રભા હણાએલા સૂર્યને અને આકાશમાં ગ્રહોના પરસ્પર યુદ્ધને જો. સારી પેઠે ભળેલા ભૂતોના સમૂહોથી પૃથ્વી અને આકાશ બાળેલાં જેવાં છે.૧૭.

'જો' એટલે આમાં કાંઈ છુપાએલું જેવું નથી. શુક્ર વિગેરે ગ્રહોનું 'મર્દ્દં' યુદ્ધ જો. 'પશ્ય' 'જો' શબ્દનો બંને બાજુએ સમ્બન્ધ છે. 'દિવિ' આકાશમાં યુદ્ધ જો, માત્ર શાસ્ત્રમાં નહીં. સારી રીતે ભળેલા ભૂત પ્રેત પિશાચ વિગેરેના સમૂહોરૂપ કારણોથી આકાશ અને પૃથ્વી બળેલાં જેવાં છે. કારણકે તે હત્યા કરનારા રુદ્રના ગણો વચમાં રહીને ઉપર અને નીચે સળગાવતા હોય તેવું જણાય છે એવો અર્થ છે.૧૭.

**નદ્યો નદાશ્ચ ક્ષુભિતાઃ સરાંસિ ચ મનાંસિ ચ ।**
**ન જ્વલત્યગ્નિરાજ્યેન કાલોઽયં કિં વિધાસ્યતિ ।।૧૮।।**

નદીઓ, સમુદ્રો, સરોવરો અને મનો ખળભળેલાં છે. અગ્નિ ઘીથી સળગતો નથી. આ કાલ શું કરશે? ૧૮.

નદીઓ સમુદ્રો સરોવરો વાયુ વિગેરે, કારણ ન હોવા છતાં પણ ખળભળેલા, કાદવવાળા અને ઘુમરીખાતા જલવાળા છે. આપણે વિગેરેનાં મનો ખળભળેલાં છે. અગ્નિ જલથી ન સળગે તેવી રીતે ઘીથી સળગતો નથી. એવી રીતે સર્વ અવળું કરનારો કાલ શું કરશે તે જણાતું નથી, એવો અર્થ છે.૧૮.

નીચેના શ્લોકથી આરંભી તે ચિહ્નોનું વચ્ચે થયેલું ફલ કહે છે :

**ન પિબન્તિ સ્તનં વત્સા ન દુહ્યન્તિ ચ માતરઃ ।**
**રુદન્ત્યશ્રુમુખા ગાવો ન હૃષ્યન્ત્યૃષભા વ્રજે ।।૧૯।।**

વાછડાં ધાવતા નથી અને માતાઓ દૂધ આપતી નથી. મુખ ઉપર આંસુવાળી ગાયો રડ્યા કરે છે. નેસડામાં આખલાઓને હર્ષ થતો નથી.૧૯.

ભૂખ્યા હોવા છતાં વાછડાં ધાવતા નથી એવો અર્થ છે. 'માતાઓ' એટલે ગાયો, કારણકે તેમના દૂધથી સર્વનું જીવન થાય છે. તેઓ 'ન દુહ્યન્તિ' દોવા દેતા નથી એવો અર્થ છે. આંસુઓ છે મુખ ઉપર જેઓનાં તેવી છે. 'ઋક્ષભા' એટલે પુષ્ટ આખલાઓ.૧૯.

**દૈવતાનિ રુદન્તીવ સ્વિદ્યન્તિ હ્યુચ્ચલન્તિ ચ ।**
**ઈમે જનપદા ગ્રામાઃ પુરોદ્યાનાકરાશ્રમાઃ ।**
**ભ્રષ્ટશ્રિયો નિરાનન્દાઃ કિમઘં દર્શયન્તિ નઃ ।।૨૦।।**

પ્રતિમાઓ રડતી હોય તેવી છે. તેમને પરસેવો થાય છે અને ચાલવા માંડે છે. આ લોકો ગામો શહેરો બગીચા અને ઉત્તમ આશ્રમો કાંતિવિનાના આનન્દરહિત હોઈ આપણને શું પાપ દર્શાવે છે? ૨૦.

'દૈવતાનિ'=પ્રતિમાઓ 'સ્વિદ્યન્તિ'=પરસેવાવાળી થાય છે અને 'ઉચ્ચલન્તિ'=બીજા દેશમાં જાય છે. કાંતિ નાશ પામેલી છે જેમની, જતો રહેલ છે આનન્દ જેઓમાંથી તેવા લોકો વિગેરે 'નઃ' આપણને શું 'અઘમ્' દુઃખ ઉત્પન્ન કરનારૂં પાપ દર્શાવે છે? ૨૦.

આ બધાંનાં કારણનું નીચેના શ્લોકમાં અનુમાન કરે છે :

**મન્ય એતૈર્મહોત્પાતૈઃ નૂનં ભગવતઃ પદૈઃ ।**
**અનન્યપુરુષશ્રીભિઃ હીના ભૂર્હતસૌભગા ।।૨૧।।**

આ ઉત્પાતોથી હું માનું છું કે જેનું સૌભાગ્ય નાશ પામેલું છે તેવી ભૂમિ ખરેખર બીજા કોઈ પુરુષોમાં નથી તેવી શોભાવાળા ભગવાનનાં પગલાંઓ રહિત થએલી છે.૨૦

મોટા ઉત્પાતોરૂપ કારણોથી ભૂમિ ભગવાનનાં પગલાંઓ રહિત થએલી છે એમ હું માનું છું. 'ન' નથી 'અન્યપુરુષેષુ' બીજા પુરુષોમાં 'શ્રીઃ' ધજા વજ્ર વિગેરેરૂપ શોભા જેઓની તેવાં પગલાં રહિત થએલી છે. એવી રીતે અન્વય અને વ્યતિરેકથી એમ જણાવ્યું કે ભગવાનના સમ્બન્ધથી સર્વ સારું હતું, અને તેમની સન્નિધિ ન રહી ત્યારે સર્વ અનિષ્ટ થયું.૨૧.

દુઃખ સૂચવનારાં તરત ફલ આપનારાં થયાં, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**સૂત કહે છે :**

**ઈતિ ચિન્તયતસ્તસ્ય દૃષ્ટારિષ્ટેન ચેતસા ।**
**રાજ્ઞઃ પ્રત્યાગમદ્ બ્રહ્મન્ યદુપુર્યાઃ કપિધ્વજઃ ।।૨૨।।**

અરિષ્ટ જાણેલા ચિત્તથી તે રાજા એવી રીતે વિચારતો હતો ત્યારે, હે બ્રહ્મન્, દ્વારકાથી કપિધ્વજ પાછો આવ્યો.૨૨

જાણેલું છે વિચાર કરવાથી અરિષ્ટ જેણે તેવા ચિત્તવાળો રાજા ત્યારે 'યદુપુર્યાઃ' દ્વારકાથી અર્જુન આવ્યો. 'કપિધ્વજ' શબ્દથી તરત આવેલ હોવાનું સૂચવેલું છે. 'પ્રત્યાગમત્' માંના 'પ્રતિ' ઉપસર્ગથી વિરુદ્ધ પ્રકારથી આવેલ હોવાનું સૂચવેલું છે.૨૨.

**તં પાદયોર્નિપતિતમ્ અયથાપૂર્વમ્ આતુરમ્ ।**
**અધોવદનમબ્બિન્દૂન્ મુઞ્ચન્તં નયનાબ્જયોઃ ।।૨૩।।**
**વિલોક્યોદ્વિગ્નહૃદયો વિચ્છાયમ્ અનુજં નૃપઃ ।**
**પૃચ્છતિ સ્મ સુહૃન્ મધ્યે સંસ્મરન્ નારદેરિતમ્ ।।૨૪।।**

પહેલાનાં કરતાં જુદા પ્રકારે પગમાં પડેલા, દુઃખી, નીચે મુખ રાખેલા, નયન કમલોમાંથી આંસુના ટીપાં પડતા, કાંતિરહિત તે નાનાભાઈને જોઈને દુઃખી હૃદયવાળા રાજાએ નારદે કહેલાનું સ્મરણ કરતાં સુહૃદોની મધ્યે નીચે પ્રમાણે પૂછ્યું.૨૩-૨૪.

આવીને વચન વિગેરે કહ્યા વિના જ પગમાં પડ્યો. સદા જેમ આવતો તેમ આવેલ નહીં, તેથી 'પહેલાનાં કરતાં જુદા પ્રકારે' આવેલો. તે દુઃખી 'કાંતિ[૧] રહિત' દુબળો હતો. તેણે દુઃખ પ્રકટ કરેલ ન હોવા છતાં લાંબા સમયના અભ્યાસથી આંસુનાં ટીપાંઓ પોતાની મેળેજ નેત્રકમલોમાંથી પડતાં હતાં. 'કમલ' શબ્દ જલનું ઢાંકણું હોવાનું સૂચવે છે.૨૩.

જતી રહેલી છે કાંતિ જેની તેવો હતો. આવાની સાથે બોલવું યોગ્ય ન હોવા છતાં પણ નાનો ભાઈ હોવાથી રાજાએ પૂછ્યું. યુધિષ્ઠિર રાજા હોવાથી ઘણું શુકનોનું જ્ઞાન હતું. તેથી અર્જુનને માત્ર જોવાથી જ ભવિષ્યમાં થનારી સ્થિતિના નિશ્ચયવાળું જ્ઞાન થયું[૨], તેથી પ્રશ્ન કરે છે. 'સુહૃદોની મધ્યે' એટલે એકાન્ત સમાન સ્થાનમાં પ્રશ્ન કરે છે. જે ઉત્પાતો જોએલ અને

જે નારદે કહેલું સાંભળેલ તેથી દુઃખ થવાના ભયવાળો હતો. આથી એમ કહેવાયું કે આ પણ અર્જુનની સમાન દુઃખી હતો. 'સ્મ' શબ્દ પ્રસિદ્ધિના અર્થવાળો છે. આથી એમ કહેલું છે કે તે ભગવાનમાં ચિત્તવાળો હોવાનું સર્વત્ર પ્રસિદ્ધ હતું. ૨૪

૧. અહીં ''વિચ્છાયં'' શબ્દ વધારે લખાઈ ગએલ હોવાનું જણાય છે, કારણકે 'આતુર' શબ્દનો અર્થ દુબળો કરેલ છે, અને 'વિચ્છાય' શબ્દનો પછી શ્લોક ૨૪ માં છે ત્યાં અર્થ કરેલ છે.

### યુધિષ્ઠિર કહે છે :

**કચ્ચિદ્ [1]આનર્તપુર્યાં નઃ સ્વજનાઃ સુખમ્ આસતે ।**
**મધુ-ભોજ-દશાર્હાર્હ સાત્વતાન્ધક-વૃષ્ણયઃ ।।૨૫।।**

દ્વારકામાં આપણા સમ્બન્ધીઓ મધુ ભોજ દશાર્હાર્હ સાત્ત્વત અન્ધક અને વૃષ્ણિઓ સુખપૂર્વક રહેલા છે ને? ૨૫

'આનર્તપુરી' એટલે દ્વારકા. પહેલાં જે છ પ્રકારના રક્ષણ કરનારા કહેલા તે સુખી છે ને? તેઓ જો સુખી હોય તો મૂલ ભગવાન સ્વસ્થ હોવાનું એની મેળે જ જણાશે, એવા વિચારથી પ્રશ્ન કરેલો છે. ૨૫

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે. મુંબઈ વાળી પ્રતમાં 'ન' વધારે છે.

સામાન્ય રીતે તેઓ સમ્બન્ધી પ્રશ્ન કરી, નીચેના શ્લોકથી આરંભી એક-એક સમ્બન્ધી પ્રશ્ન કરે છે :

**શૂરો માતામહઃ કચ્ચિત્ સ્વસ્ત્યાસ્તે વાઽથ મારિષ ।**
**માતુલઃ સાનુજઃ કચ્ચિત્ કુશલ્યાનકદુન્દુભિઃ ।।૨૬।।**

અને હે આર્ય! માના પિતા શૂર કુશલ છે ને? મામા આનકદુંદુભિ વસુદેવ નાના ભાઈ સાથે કુશલ છે ને? ૨૬

'મારિષઃ'=શૂર; અથવા હે આર્ય! એવું સંબોધન છે. 'વા' શબ્દથી એમ સૂચવેલું છે કે તે વૃદ્ધ હોવાથી કુશલ ન હોય તો પણ ચિંતા નહીં. તેથી જ પહેલા તેનાથી બીજાઓનું જુદાપણું દર્શાવવા 'અથ' શબ્દ યોજેલ છે. તેનો અર્થ એવો છે કે પછીનાઓ કુશલ હોવાથી જરૂર છે જ. 'આનકદુંદુભિ' શબ્દથી તે ભાગ્યવાન હોવાનું સૂચવેલું છે. ૨૬.

**સપ્ત સ્વસારસ્તત્પત્ન્યો માતુલાન્યઃ સહાત્મજાઃ ।**
**આસતે સસ્નુષાઃ ક્ષેમં દેવકીપ્રમુખાશ્ચ તાઃ ।।૨૭।।**

અને દેવકી જેઓમાં મુખ્ય છે તેવી તેની પત્નીઓ સાત બહેનો આપણી મામીઓ પુત્રો સાથે અને પુત્રની વહૂઓ સાથે કુશલ છે ને?

'સહાત્મજાઃ' આખો એક શબ્દ છે, પરન્તુ 'સહ' ને બદલે 'સ' મૂકેલ નથી. ૨૭.

**કચ્ચિદ્ રાજાઽઽહુકો જીવત્યસત્પુત્રોઽસ્ય ચાનુજઃ ।**
**હૃદીકઃ સસુતોઽક્રૂરો જયન્તગદસારણાઃ ।।૨૮।।**
**આસતે કુશલં કચ્ચિદ્ યે ચ શત્રજીદાદયઃ ।।**

દુષ્ટ પુત્રવાળો રાજા આહુક જીવે છે? અને આનો નાનો ભાઈ, પુત્રો સાથે હૃદીક અને અક્રૂર, જયંત ગદ અને સારણ અને જે શત્રુજીત્ વિગેરે છે તે કુશલ છે ને?૨૮

'આહુક' એટલે પિતાના નામથી જણાવેલ ઉગ્રસેન; જેનો પુત્ર દુષ્ટ હતો અથવા 'અસન્' જેનો પુત્ર નથી તેવો ઉગ્રસેન. તેથી જ તેનું દુઃખ દૂર કરવા તેને રાજ્યમાં અધિકાર આપેલો રાજા બનાવેલો. હૃદીક અને અક્રૂર પણ પુત્ર સાથે કુશલ છે? જયંત વિગેરે શ્રીકૃષ્ણના ભાઈઓ. બધા નવમા સ્કંધમાં સ્પષ્ટ જણાશે.૨૮

**કચ્ચિદ્ આસ્તે સુખં રામો ભગવાન્ સાત્ત્વતાં પ્રભુઃ ।।૨૯।।**
**પ્રદ્યુમ્નઃ સર્વવૃષ્ણીનાં સુખમ્ આસ્તે મહારથઃ ।।**
**ગમ્ભીરરયોઽનિરુદ્ધો વર્દ્ધતે ભગવાન્ ઉત ।।૩૦।।**

યાદવોના પ્રભુ ભગવાન બલભદ્ર સુખપૂર્વક રહે છે ને? સર્વ વૃષ્ણિઓમાં મહારથી પ્રદ્યુમ્ન સુખપૂર્વક રહે છે ને? ગંભીર વેગવાળા ભગવાન અનિરુદ્ધ સમૃદ્ધ થાય છે ને?૩૦

'રામઃ'=બલભદ્ર, સર્વનાં સુખનું મૂલ તે ત્રણમાં રહેલ હોવાથી તે ત્રણ બલભદ્ર પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ સ્વતંત્રપણાંથી જુદા પ્રકારે અનુક્રમે 'ભગવાન' 'મહારથી' અને 'ભગવાન' શબ્દોથી જણાવેલા છે.૩૦

**સુષેણશ્ચારુદેષ્ણશ્ચ સામ્બો જામ્બવતીસુતઃ ।**
**અન્યે ચ કાર્ષ્ણિપ્રવરાઃ સપુત્રા ઋષભાદયઃ ।।૩૧।।**
**તથૈવાનુચરાઃ શૌરેઃ શ્રુતદેવોદ્ધવાદયઃ ।**
**સુનન્દ-નન્દશીર્ષણ્યા યે ચાન્યે સાત્ત્વતર્ષભાઃ ।।૩૨।।**
**અપિ સ્વસ્ત્યાસતે સર્વે રામકૃષ્ણ-ભુજાશ્રયાઃ ।**
**અપિ સ્મરન્તિ કુશલમ્ અસ્માકં બદ્ધસૌહૃદાઃ ।।૩૩।।**

સુષેણ, ચારુદેષ્ણ અને જાંબવતીનો પુત્ર સાંબ. અને ઋષભ વિગેરે જેમને શ્રીકૃષ્ણના પુત્રો મુખ્ય છે તેવા બીજાઓ પુત્રો સાથે, અને તેવી જ રીતે શૌરિના શ્રુતદેવ ઉદ્ધવ વિગેરે સેવકો, અને જેઓમાં સુનન્દ અને નન્દ મુખ્ય છે તેવા બીજા ઉત્તમ યાદવો, બધા બલભદ્ર અને શ્રીકૃષ્ણ ની ભુજાઓના આશ્રયવાળા હોઈ કુશલ છે ને? પ્રેમ રાખેલા તેઓ આપણું કુશલ સંભારે છે? ૩૧-૩૨-૩૩.

સુષેણ વિગેરે ભગવાનના પુત્રો છે. 'કાર્ષ્ણિપ્રવરાઃ' એટલે શ્રીકૃષ્ણના પુત્રો મુખ્ય છે જેમને તેવા, પ્રદ્યુમ્ન વિગેરેના મિત્રો, અથવા ઋષભ વિગેરે શ્રીકૃષ્ણના પુત્રોમાં મુખ્ય છે.

'શૌરિના' એટલે ભગવાનના, સુનન્દ અને નન્દ મુખ્ય છે જેઓમાં તેવા સેવકો. ભગવદીયો હોવાથી તેઓના સમ્બન્ધી પ્રશ્ન કરે છે, એમ અભિપ્રાયથી 'તેઓ પણ કુશલ છે?' એમ કહેલું છે. શ્લોક ૩૩ માં 'રામ બલભદ્ર ' શબ્દ તેમનામાં શ્રીકૃષ્ણનો આવેશ હોવાના અભિપ્રાયથી અથવા કીર્તિના અભિપ્રાયથી યોજેલ છે. જેમ આપણે તેઓનાં કુશલનું સ્મરણ કરીએ છીએ તેવી રીતે તેઓ પણ આપણું કુશલ સંભારતા હશે એવો વિચાર જણાવેલ છે. આથી પોતે ઘણા કુશલ હોઈ બીજાનાં કુશલનું સ્મરણ કરે છે એવાં પરિણામ સાથેનું કુશલ પૂછાયું.૩૧-૩૩.

ભગવાન સમ્બન્ધી કુશલ પ્રશ્ન કરવો અયોગ્ય[1] હોવા છતાં, ઘણાંઓનું રક્ષણ કરવાનું આવી પડેલ હોવાથી, આરાધના કરવા યોગ્ય બ્રાહ્મણો કાલને લીધે અવળા માર્ગવાળાનું રક્ષણ કરવામાં રોકાએલા હોવાથી, ભક્તો પણ તેવા થએલા હોવાથી, શત્રુનો વધ કરવા ભગવાન બીજે પધારેલ હોવાનું સંભવતું હોવાથી, અને બહિર્મુખ યાદવોમાં પરસ્પર ઝઘડા થવાનો સંભવ હોવાથી, શ્રીકૃષ્ણ ભગવાન હોવા છતાં તેમના સમ્બન્ધી નીચેના શ્લોકથી ખાસ પ્રશ્ન કરે છે :

**ભગવાનપિ ગોવિન્દો બ્રહ્મણ્યો ભક્તવત્સલઃ ।**
**કચ્ચિત્ પુરે સુધર્માયાં સુખમ્ આસ્તે સુહૃદ્વૃતઃ ।।૩૪।।**

બ્રાહ્મણોનું હિત કરનારા, ભક્તો ઉપર પ્રેમ રાખનારા ભગવાન ગોવિંદ પણ સુહૃદોથી વીંટાએલા શહેરમાં સુધર્મામાં સુખપૂર્વક છે ને?૩૪

આપણે વિગેરેના ઈંદ્ર 'ગોવિંદ', 'બ્રહ્મણ્યઃ' બ્રાહ્મણોનું હિત કરનારા, ભક્તો ઉપર પ્રેમ રાખનારા, શહેર દ્વારકામાં સુધર્મા સભામાં 'સુહૃદ્વૃતઃ સુખમાસ્તે' સુહૃદોનો સુખ ઉત્પન્ન કરતાં સુખપૂર્વક રહે છે ને? સ્યમંતક મણિના પ્રસંગની પેઠે [2]અસુખ થવાનો સંભવ હોવાથી, એવો પ્રશ્ન કરેલ છે.૩૪.

૧.ભગવાન હોવાથી જ તેમના કુશલ સમ્બન્ધી પ્રશ્ન અયોગ્ય છે.
૨.પ્રશ્નમાં 'સુખમ્' શબ્દ હોવાનું પ્રયોજન આથી કહેલું છે.

આ પ્રશ્નનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મંગલાય ચ લોકાનાં ક્ષેમાય ચ ભવાય ચ ।**
**આસ્તે યદુકુલામ્ભોધાવાદ્યોઽનન્તસખઃ પુમાન્ ।।૩૫।।**

લોકોનાં મંગલ, કલ્યાણ અને સમૃદ્ધિ માટે યાદવોનાં કુલરૂપ સમુદ્રમાં અનંતના સખા આદ્ય પુરુષ રહેલા છે.૩૫.

ભગવાન જે દ્વારકામાં વસે છે તે સર્વ પ્રાણિઓના અને ખાસ કરીને દ્વારકાના રહેવાસીઓના મંગલ માટે, ત્યાં રહેલાઓના સ્થાનનું રક્ષણ કરવા અને તેઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરાવવા રહેલા છે. જો તેઓનું ભાગ્ય મંગલ ઉત્પન્ન કરે તેવું ન હોય, તો ભગવાન ત્યાં

રહેવાથી શું ફલ? એવી શંકા થાય, તેથી 'આદ્ય' એમ કહેલું છે. ભગવાન મૂલ કારણ છે, એવો અર્થ છે. ''કાલ, કર્મ અને સ્વભાવ'' એ વાક્ય પ્રમાણે સૃષ્ટિના સમયે ભગવાને કાર્ય કરવા કાલ વિગેરેને સ્વીકારેલા છે. ત્યાર પછી જીવોને રચી તેઓને અદષ્ટરૂપ કર્મના ભાગ પાડી આપેલ છે. તેથી તે દ્વારકાના રહેવાસીઓ મંગલ થાય તેવા જ છે. અથવા જેમ પહેલાં ભગવાને ભાગ પાડી આપેલ, તેમ હમણાં પણ પોતાની ઈચ્છાથી ભાગ પાડી આપે છે, [1]કારણકે તે જ ભાગ પાડનાર છે.

પોતાના સ્થાનમાં રહેલા સર્વને કાલ નીચે પછાડે છે તેથી ભગવાનથી કલ્યાણ કેમ થશે? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'અનંતના સખા' એમ કહેલું છે. અનંત એટલે કાલ, તેના ભગવાન મિત્ર છે. આથી એમ કહેલું છે કે ભગવાને ઈચ્છેલાનાં સ્થાનને કાલ નીચું પાડતો નથી.

પ્રાકૃત પુરુષોની સમૃદ્ધિ પ્રકૃતિના પરિણામ પહેલાંથી જ નક્કી થએલી છે, હવે સમૃદ્ધિ કેવી રીતે થાય? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધ માં 'પુરુષ' એમ કહેલું છે. પુરુષના રહેવાથી જ નિત્ય પ્રકૃતિ તેવી રીતે પરિણમે છે. તે હમણાં પણ દ્વારકામાં હોવાથી, પ્રકૃતિ સમૃદ્ધિ કરાવશે, એવો અર્થ છે. તેથી ભગવાનની સ્થિતિ આ કાર્ય માટે હોવાથી, તે કાર્ય કરતાં રહેલ છે કે નહીં, એવો પ્રશ્ન છે. ''આમનું કરવા ઈચ્છેલું કોઈપણ સમયે કોઈ જાણતું નથી'' (૧-૯-૧૬) વાક્ય પ્રમાણે બીજો વિકલ્પ (દ્વારકામાં સ્થિતિ નથી) અને સ્થિતિ હોય તો દુઃખ ન હોય એમ ધ્વનિથી સૂચવેલ છે. 'સમુદ્રમાં અનંત શેષના સખા રહેલા છે ' શબ્દોનો શેષ ઉપર શયન કરનાર સમુદ્રમાં રહેલા છે દ્વારકામાં નથી, એવો અર્થ છે.૩૫

૧.મંગલ ઉત્પન્ન કરે તેવું અદષ્ટ ન હોય તોપણ તેવું કરાવવાની ભગવાનની શક્તિ છે એવો અર્થ છે.

આ વિષયમાં પુરુષો અને સ્ત્રીઓનું દષ્ટાત નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી અનુક્રમે કહે છે :

**યદ્ બાહુદણ્ડગુપ્તાયાં સ્વપુર્યાં યદવોઽર્ચિતાઃ ।**
**ક્રીડન્તિ પરમાનન્દં મહાપૌરુષિકા ઈવ ।।૩૬।।**

જેમના બાહુરૂપ દંડથી રક્ષાએલી પોતાની નગરીમાં પૂજાએલા યાદવો ઘણા પુરુષાતનવાળા હોય તેની પેઠે ઘણો આનન્દ થાય તેમ ક્રીડા કરે છે.૩૬

દ્વારકામાં બધા યાદવો ચોરની દષ્ટિ અને શત્રુઓનો ભય ન હોવાથી સારી પેઠે પૂજાએલા જ રહે છે. દેશનો ભય નથી એમ જણાવવા 'પોતાની નગરીમાં ' એમ કહેલ છે. બીજું કાંઈ કામ ન હોવાથી ક્રીડા કરે છે. ભોજન શયન વિગેરે પણ ક્રીડા તરીકે કરે છે. જેમ ઘણો આનન્દ થાય તેમ ક્રીડા કરે છે. જેમ ક્રીડા કરનારાઓનું સ્વરૂપ ક્રીડામાં પરસ્પર ઉપયોગમાં આવે છે, તેમ એક-બીજાના કાર્યમાં પરમાનન્દનો ઉપયોગ કરે છે, એવો અર્થ છે. ભગવાનમાં પોતાના હોવાપણું દઢ હોવાથી, ભગવાને કરેલું હોય તે પોતે જ કરેલું માનતાં ઘણાં પુરુષાતનવાળા હોય તેવી રીતે ભયરહિત થઈ ક્રીડા કરે છે, એવો અર્થ છે.૩૬

નીચેના શ્લોકમાં સ્ત્રીઓ પણ તેવી હોવાનું કહે છે :

**યત્પાદ-શુશ્રૂષણ-મુખ્ય-કર્મણા સત્યાદયો દ્વ્યષ્ટ-સહસ્ર-યોષિતઃ ।**
**નિર્જિત્ય સંખ્યે ત્રિદશાંસ્તદાશિષો હરન્તિ વજ્રાયુધ-વલ્લભોચિતાઃ ।।૩૭।।**

જેમના ચરણની સેવારૂપ મુખ્ય કર્મથી સત્યભામા વિગેરે સોળ હજાર સ્ત્રીઓ યુદ્ધમાં દેવોને જીતીને વજ્ર આયુધવાળાની સ્ત્રીને યોગ્ય તેમના ઈચ્છેલા પદાર્થો લઈને આવેલ છે.૩૭

ભગવાનનાં ચરણની સેવા જ સ્ત્રીઓનું મુખ્ય કર્મ હતું. બીજું[૧] તો લૌકિક કર્મ હતું. લૌકિક કર્મ કરતાં શાસ્ત્રમાં કહેલું કર્મ જ મુખ્ય તરીકે કરતી હોવાથી, સ્વર્ગનો ભોગ કરવાનો હતો ત્યારે 'ધર્મના ત્યાગથી ભોગ ન થાઓ' એવા વિચારથી વિષયના[૨] બલથી સ્વર્ગને અહીં દ્વારકામાં જ લાવેલી. 'સત્યા' એટલે સત્યભામા. તે ભગવાનને પ્રિય હોવાનું પ્રસિદ્ધ હોવાથી તેનો પ્રકારજ બીજીઓ શીખતી હોવાથી, 'સત્યભામા વિગેરે' એમ કહેલું છે. બે આઠ અને હજાર શબ્દો જોડેલા છે. સ્ત્રીપણું કહેવા ઈચ્છેલું ન હોવાથી 'ઈ' પ્રત્યય લગાડેલ નથી. પોતેજ 'દેવોને જીતીને' એમ પોતાની સત્યભામાની ઈચ્છાથી ગરુડને કરેલી પ્રેરણાથી જણાય છે. સ્વર્ગનોજ સ્ત્રી ભોગ કરે, તે સ્ત્રીઓનું ઈચ્છેલું હોય છે, તેથી 'વજ્ર આયુધવાળાની સ્ત્રીને યોગ્ય' એમ કહેલું છે. વજ્ર આયુધવાળા ઈંદ્રની 'વલ્લભા' સ્ત્રી ઈંદ્રાણી, તેને યોગ્ય પારિજાત વિગેરે લઈ આવેલ.૩૭

૧.'બીજું' એટલે ભોગ પ્રકારનું વિગેરે.     ૨.જેમની સેવા કરતી તે વિષય એટલે ભગવાન.

એવી રીતે આ લોકના અને પરલોકના ભોગ એક સાથે સ્ત્રીઓ ભોગવતી એમ કહ્યું. પુરુષોના તો પરલોકના ભોગ કહેલ ન હોવાથી, સત્યભામા વિગેરે પેઠે ભેગા કરીને ભોગ કરવાનું અસંભવિત હોવાથી, નીચેના શ્લોકમાં પુરુષોના પરલોકના ભોગ જુદા કહે છે :

**યદ્બાહુદણ્ડાભ્યુદયાનુજીવિનો યદુપ્રવીરા હ્યકુતોભયા મુહુઃ ।**
**અધિક્રમન્ત્યંઘ્રિભિરાહૃતાં બલાત્ સભાં સુધર્માં સુરસત્તમોચિતામ્ ।।૩૮।।**

જેમના બાહુરૂપ દંડની શ્રેષ્ઠતા ઉપર નભનારા ઉત્તમ યાદવો, કોઈપણ તરફથી ભય વિનાના થઈ, બલથી આણેલી ઉત્તમ દેવોને યોગ્ય સુધર્મા સભાનું વારંવાર પગોથી આક્રમણ કરે છે.૩૮

બીજો સ્વર્ગની સમાન પદાર્થ એની મેળે પ્રાપ્ત થએલો હતો, પરન્તુ સભા સ્વર્ગ કરતાં ઓછી હતી, તેથી તેનો ભોગ આ શ્લોકથી કહે છે. જેમના બાહુરૂપ દંડની 'અભ્યુદયઃ' સર્વથી શ્રેષ્ઠતા, તેના લીધે હતું જીવન જેઓનું તેવા યાદવો હતા. ઉત્તમ યાદવો હોવાથી તેઓ નિર્ભય ન હતા, પરન્તુ ભગવાનના સેવકો હોવાથી નિર્ભય હતા; કારણકે સ્વર્ગમાં દેવો એકવાર સ્નાન કરીને, તે સભામાં પગનો સ્પર્શ થવા દીધા વિના એકવાર બેસતા, તેવી સભાનું યાદવો વારંવાર પગોથી આક્રમણ કરતા, અને તે પણ બલથી. કારણકે એકસો અશ્વમેઘ યજ્ઞો કરે તેને પ્રાપ્ત થાય તેવી તે સભા હોવાથી લૌકિક ક્રિયાથી પ્રાપ્ત થાય તેવી ન હતી. તે 'ઉત્તમ દેવોને

યોગ્ય' વિશેષણથી કહેલું છે. ઈંદ્ર વિગેરે ઉત્તમ દેવો છે.૩૮

એ પ્રમાણે સર્વ નું કુશલ પૂછી અર્જુનને પ્રાપ્ત થએલ મુંઝવણનાં કારણોનો નીચેના શ્લોકથી આરંભી વિચાર કરે છે :

**કચ્ચિત્ તેઽનામયં તાત! ભ્રષ્ટતેજા વિભાસિ મે ।**
**અલબ્ધમાનોઽવજ્ઞાતઃ કિં વા તાત! ચિરોષિતઃ ।।૩૯।।**

હે વહાલા! તું નિરોગી છે? તું મને તેજ રહિત જણાય છે. માન ન મળ્યું અથવા લાંબો સમય રહેવાથી શું તિરસ્કાર થયો? ૩૯

'અનામયમ્' આરોગ્ય છે? રોગથી પણ આવું તેજ રહિત હોવાનું થાય છે. વળી તારું તેજ પણ જતું રહેલું હોવાનું જણાય છે. તે વિષયમાં મારી દષ્ટિજ પ્રમાણ છે એમ 'મને જણાય છે' શબ્દથી કહેલ છે. તેજનો નાશ અંદરના શોકથી અને પાપથી થાય છે. તે પૈકી આરંભમાં અંદરના શોકનાં કારણોનો વિચાર 'માન ન મળ્યું' શબ્દથી કરે છે. સાસરાના ઘેર માન ન મળે તે અંદરનું દુઃખ થવાનું કારણ છે. અને તિરસ્કાર ઘણું વધારે કારણ છે. તિરસ્કાર થવાનું કારણ 'લાંબો સમય રહેવાથી' શબ્દથી કહેલ છે. સાસરાના ઘેર ઘણો સમય રહેવાથી તિરસ્કાર થાય. 'અથવા શું તિરસ્કાર થયો?' એવો વાકયનો સમ્બન્ધ છે. અથવા લાંબો સમય રહેવું એ જ શોકનું કારણ છે.૩૯

એવી રીતે અન્તઃકરણ અને શરીર ના થએલ દોષથી દુઃખ થવાનું કહ્યું. નીચેના શ્લોકમાં ઈંદ્રિયોથી થએલ દોષ કારણ હોવાનું કહે છે :

**કચ્ચિન્નાઽભિહતોઽભાવૈઃ શબ્દાદિભિરમંગલૈઃ ।**
**ન દત્તં યુક્તમ્ અર્થિભ્ય આશયા યત્ પ્રતિશ્રુતમ્ ।।૪૦।।**

તું ભાયડાને કોઈ નિર્દય પુરુષોએ શબ્દ વિગેરે અમંગલોથી પ્રહાર કરેલ છે? આશા માટે જેનું વચન આપેલ હોય તે યોગ્ય પદાર્થ માનનારને તે આપેલ નથી? ૪૦

'અભાવૈઃ' એટલે સ્નેહ વિનાના નિર્દય પુરુષોએ શબ્દો વિગેરેથી અથવા 'અમંગલૈઃ' ગાળો આપીને પ્રહાર કરેલ છે? 'આદિ' 'વિગેરે' શબ્દથી [1]પાંચે કહેલ છે. હવે ઉત્તરાર્ધથી અધર્મ કર્યાનો વિચાર દર્શાવે છે. 'આશા માટે જેનું વચન આપેલ' તે આપેલ નથી? ''છંદમાં વારંવાર વિભક્તિનો ભેદ હોય છે'' ''બહુલં છંદસિ'' સૂત્ર પ્રમાણે 'આશયા' શબ્દમાં ચોથીને બદલે ત્રીજી વિભક્તિ યોજેલી છે. 'હું આપીશ' એવી આશા થાય તે માટે જેને વચન આપેલું હોય તે આશાનો ભંગ કરનારું ન આપવાનું કાર્ય, ''સર્વ ઈચ્છેલું આપેલું પસંદ કરે છે'' એ શ્રુતિ પ્રમાણે તેજ હરનારું થાય છે.૪૦

૧.પાંચે ઈંદ્રિયોના કાર્યો, એવો અર્થ જણાય છે.

દાન[1] અને શરણે આવેલાનું રક્ષણ[2] ક્ષત્રિયનું મુખ્ય કાર્ય છે. શરણે આવેલાઓમાં

પણ તે આમનું નીચેના શ્લોકમાં કહેલાનું રક્ષણ નથી કર્યું? એમ કહે છે :

**કચ્ચિત્ ત્વં બ્રાહ્મણં બાલં ગાં વૃદ્ધં રોગિણં સ્ત્રિયમ્ ।**
**શરણોપસૃતં સત્ત્વં નાત્યાક્ષીઃ શરણપ્રદઃ ।।૪૧।।**

શરણ આપનારે તે શરણે આવેલ બ્રાહ્મણ બાલક ગાય વૃદ્ધ પુરુષ રોગી સ્ત્રી તથા પ્રાણી નો ત્યાગ તો કર્યો નથી?૪૧

બ્રાહ્મણ અને સ્ત્રીઓનું સર્વ અવસ્થાઓમાં પાલન કરવું જોઈએ. બીજા વૃદ્ધ પુરુષો, બાલકો, રોગી, અને બીજા પણ હરણ વિગેરે પ્રાણી શરણે આવેલ હોય તેનો 'નાઽત્યાક્ષીઃ' તે ત્યાગ તો નથી કર્યોને? બીજાઓથી તેમને પીડા થતી હોય ત્યારે તેમને તે પીડામાંથી છોડાવ્યા નથી? એવો અર્થ છે.૪૧

૧.દાન સમ્બન્ધી પ્રશ્ન શ્લોક ૪૦માં કર્યો, રક્ષણ સમ્બન્ધી પ્રશ્ન આ શ્લોકમાં કરે છે.

નીચેના શ્લોકમાં ઉત્તમ ધર્મ ન હોવાનું કહે છે :

**કચ્ચિત્ ત્વં નાઽગમોઽગમ્યાં ગમ્યાં વાઽસત્કૃતાં સ્ત્રિયમ્ ।**
**પરાજિતો વાઽથ ભવાન્ નોત્તમૈર્નાસમૈઃ પથિ ।।૪૨।।**

તે ભાયડાએ સમ્બન્ધ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે સમ્બન્ધ કર્યો છે? અથવા સમ્બન્ધ કરવા યોગ્ય સ્ત્રીનો તિરસ્કાર કર્યો છે? અથવા માર્ગમાં ઉત્તમ નહીં અને સમાન નહીં તેવાથી તારો પરાજય થયો છે? ૪૨.

તું 'ના'=ભાયડો થઈને સમ્બન્ધ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે તેં સમ્બન્ધ કર્યો? કામને વશ થઈને સમ્બન્ધ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે સમ્બન્ધ કર્યો? અથવા સમ્બન્ધ કરવા યોગ્ય સ્ત્રીનું 'અસત્કૃતામ્' અપમાન કરીને સમ્બન્ધ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે સમ્બન્ધ કર્યો? શત્રુથી પરાજય થાય તે પણ આ મુંઝવણનું કારણ હોવાથી ઉત્તરાર્ધથી તે કહે છે. આ કારણ ઉપર કહેલા બેમાંથી એકે પ્રકારનું ન હોવાથી 'અથ' એમ કહેલું છે. 'નોત્તમૈઃ' શબ્દમાં 'ન' સાથે 'ઉત્તમૈઃ' શબ્દનો સમાસ છે. 'સમાન નહીં તેવા' એટલે અધમ. તારી સમાન અથવા તારાથી અધમ પુરુષોથી તારો પરાજય થયો છે? એવો અર્થ છે.૪૨.

ભિખારીઓને અથવા બાલકોને મિષ્ટાન્ન વિગેરે આપ્યા વિના ભોજન કરવાથી પણ એમ મુંઝવણ થાય છે, તેથી તે લૌકિક કાર્ય સમ્બન્ધી નીચેના શ્લોકથી શંકા કરે છે :

**અપિસ્વિત્પર્યભુંક્થાસ્ત્વં સમ્ભોજ્યાન્ વૃદ્ધબાલકાન્ ।**
**જુગુપ્સિતં કર્મ કિઞ્ચિત્ કૃતવાંશ્ચ યદક્ષમમ્ ।।૪૩।।**

સારી રીતે જમાડવા યોગ્ય વૃદ્ધ અને બાલકોને તજી તેં ભોજન કરેલું છે? અને જે સહન થઈ ન શકે તેવું કોઈપણ નિંદા કરાવે તેવું કર્મ તેં કરેલ છે?૪૩

' પર્યભુંક્થાઃ' શબ્દમાંનો 'પરિ' ઉપસર્ગ તજવાના અર્થવાળો છે. સારી રીતે ભોજન

કરાવવા યોગ્ય વૃદ્ધ અને બાલકોને તજીને તેં ભોજન કરેલું છે શું? કારણ કે તેઓ સારી રીતે જમાડવા યોગ્ય છે. 'ભોજ્યા વૃદ્ધબાલકાન્' એવો પાઠ હોય ત્યારે 'ભોજ્યાઃ' એટલે ભોજન કરાવવા યોગ્ય સ્ત્રીઓ. અથવા 'સમ્ભોજ્ય' લેવું. ''પદના આરંભમાં અથવા અંતે વિભાગ કરતાં દીર્ઘનો હ્રસ્વ લેવો'' એ ન્યાયે હ્રસ્વ સ્વર લેવો. અથવા ભોજન કરાવવા યોગ્ય 'આવૃદ્ધબાલકાન્' વૃદ્ધથી આરંભી બાલક સુધીઓના ને તજી ભોજન કરેલું છે? બીજું પણ 'જુગુપ્સિતં' પાછળથી નિંદા કરાવે તેવું અને 'અક્ષમમ્' પાછળથી સહન ન થઈ શકે તેવું કર્મ કરેલ છે? ૪૩

નીચેના શ્લોકમાં મુખ્ય કારણનું અનુમાન કરે છે :

**કચ્ચિત્ પ્રેષ્ઠતમેનાઽથ હૃદયેનાત્મબન્ધુના ।**
**શૂન્યોઽસિ રહિતોઽનિત્યં મન્યસે તેઽન્યથા ન રુક્ ।।૪૪।।**

સર્વથી અધિક પ્રિય, આત્માના રૂપથી બંધુ, અંતર્યામી વિનાનો થએલો તું નિરાશ થએલો છે, અને પોતાને અનિત્ય માને છે? તેમ ન હોય તો તને દુઃખ ન થાય.૪૪

'હૃત્' હૃદયમાં 'અયતે' પ્રવેશ કરે છે તે 'હૃદયઃ', એટલે કે અંતર્યામી. 'અથ' શબ્દ પહેલાં કહેલા તર્કો સાચા ન હોવાનું જણાવવા યોજાએલ છે. આત્માના રૂપથી બંધુ, 'રહિતઃ' તેવા વિનાનો થએલો તું નિરાશ છે. પોતાને અનિત્ય માને છે, કારણ કે આત્મા જાય ત્યારે દેહની સ્થિતિ ન જ રહે. તને ઘણો શોક થવાનું આ જ કારણ છે. તેમ ન હોય તો તને દુઃખ ન થાય. બીજા કોઈ વિવેક વગરનાને જેવા તેવાથી પણ ચિંતા થાય. તારી ચિંતાનું તો આ જ કારણ છે, એવો અર્થ છે.૪૪

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**ચૌદમો અધ્યાય સમાપ્ત.**

# ।। અધ્યાય પંદરમો ।।

# અર્જુન પાસેથી યદુકુળ સંહાર અને ભગવાનનું તિરોધાન સાંભળી પાંડવોનું હિમાલયમાં મહાપ્રયાણ

**એવં ચતુર્દશે હેતું સમ્ભાવ્યાઽથ વિનિશ્ચયાત્ ।**
**કૃતકાર્યઃ શાસ્ત્રરીત્યા મુક્તોઽભૂદ્ ઈતિ વર્ણ્યતે ।।૧।।**

એવી રીતે ચૌદમા અધ્યાયમાં કારણનો વિચાર કરી પછી નિશ્ચય થતાં કાર્ય કરીને શાસ્ત્રની રીતે યુધિષ્ઠિર મુક્ત થયો એવું વર્ણન પંદરમા અધ્યાયમાં કરવામાં આવે છે.કા.૧.

**ભાર્યાભ્રાતૃભિરત્રૈવ સહિતો મુક્તિમેયિવાન્ ।**
**પઞ્ચદશે મહારાજઃ કૃષ્ણભક્ત્યેતિ રૂપ્યતે ।।૨।।**

મહારાજાએ પત્ની અને ભાઈઓ સાથે શ્રીકૃષ્ણની ભક્તિથી મુક્તિ[૧] પ્રાપ્ત કરી એમ અહીં પંદરમા અધ્યાય માંજ કહેવામાં આવશે.કા.૨

૧.''આ લોકને તરી જઈને સ્ત્રી સાથે પશુ સાથે સ્વર્ગલોકમાં જાય છે'' એ વાક્ય પ્રમાણે પરિકર સાથે યજ્ઞ કરનાર યજમાનને સ્વર્ગલોક પ્રાપ્ત થાય છે તેમ અહીં ભક્તિથી મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલ છે.

**પ્રેમોપકારજ્ઞાનાનિ જિષ્ણૌ રાજાર્થમ્ આહ હિ ।**
**એનં દૃષ્ટ્વૈવ રાજાઽપિ તથૈવાભૂદ્ યતઃ પરઃ ।।૩।।**

અર્જુનમાં પ્રેમ ઉપકાર અને જ્ઞાન રાજા યુધિષ્ઠિર માટે કહેલાં [૨]છે. અર્જુનને જોઈનેજ રાજા પણ તેના જેવો જ થયો, કારણકે ઉત્તમ ભક્ત હતો.કા.૩.

૨.'કહેલાં છે' સૂતે કહેલાં છે.

આરંભમાં અર્જુનને ભગવાન ઉપરના પ્રેમને લીધે થએલી ચિંતા પહેલા ત્રણ શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**એવં કૃષ્ણસખઃ કૃષ્ણો ભ્રાત્રા રાજ્ઞા વિકલ્પિતઃ ।**
**નાનાશંકાસ્પદં રૂપં કૃષ્ણવિશ્લેષકર્શિતઃ ।।૧।।**
**શોકેન શુષ્યદ્વદન હૃત્સરોજો હતપ્રભઃ ।**
**વિભું તમેવાનુધ્યાયન્ નાશક્નોત્ પ્રતિભાષિતુમ્ ।।૨।।**

શ્રીકૃષ્ણનો સખા. જેના વિષે ભાઈ રાજા યુધિષ્ઠિરે એવી રીતે જુદી જુદી શંકાઓની સ્થિતિવાળી મૂર્તિ હોવાનો સંશય કરેલો, જે શ્રીકૃષ્ણના વિયોગથી દુબળો થએલો, શોકથી જેનું મુખ અને હૃદયકમલ સૂકાએલાં હતાં. અને જેની કાંતિ નાશ પામેલી હતી તેવો કૃષ્ણ તે જ શક્તિમાનનું ધ્યાન કરતાં ઉત્તર આપી શક્યો નહીં.૧-૨.

એવી રીતે જુદી-જુદી શંકાસ્પદ રૂપને કલ્પવા છતાં 'કૃષ્ણઃ' અજુર્ન ઉત્તર આપી શક્યો નહીં, એવો વાક્યનો સમ્બન્ધ છે. તે ભગવાન શ્રીકૃષ્ણનો સખા હતો. કારણકે સખિ=મિત્ર શ્રીકૃષ્ણનાં સ્મરણથી જ દુઃખી થએલો અથવા આ અર્જુન દ્વારા[૧] ભગવાન આ બધાને ખેંચી લેવા આવેલા છે એમ જણાવવા અર્જુન માટે 'કૃષ્ણ' શબ્દ યોજેલ છે. તેથીજ તે શ્રીકૃષ્ણનો સખા છે. જો તેમ ન હોત તો [૨]ત્યાંથી જ જવું યોગ્ય થાત. ''અર્જુન સાથે બધા ઈંદ્રપ્રસ્થ જજો'' (૧૧।૩૦।૪૮) એવું ભગવાનનું વાક્ય હોવાથી પણ [૩]ત્યાંથીજ જવું યોગ્ય હતું. ''ત્યાં સુધી તમે રાહ જૂઓ'' (૧।૧૩।૪૯) એ નારદનું વાક્ય પણ સત્ય [૪]થાત, અને

"ઉત્તમ યાદવ અને કૌરવ ભૂમિનો ભાર ઉતારવા હમણાં પૃથ્વી ઉપર અવતરેલા છે" (૮।૧।૫૯) એ પણ સત્ય થાત. [૫]અર્જુનની આવી અવસ્થા પ્રકટ કરી તે તો તેને વિશ્વાસ રહે [૬]તે માટે ભગવાને જ કરેલી લીલા છે. તેમ ન કર્યું હોત, તો ભગવાન અધૂરું કાર્ય કરનારા થાત[૭] ગણાત. અને અર્જુનના તેજ સમ્બન્ધી શોક [૮]અયોગ્ય થાત. તેથીજ[૯] શ્રીકૃષ્ણજ અર્જુનમાં પ્રવેશ કરીને આવેલા છે તેથી યુધિષ્ઠિરની મુક્તિ થાય તે યોગ્ય છે.

ઉપર કહેલી જુદી-જુદી શંકાઓની મૂર્તિ હોવા સમ્બન્ધી અર્જુન વિષે સંશય કરેલો. અથવા તે શંકાઓની મૂર્તિજ અર્જુન છે, અથવા અર્જુન ઉત્તર આપી શક્યો નહીં, એવો વાક્યનો સમ્બન્ધ છે.

શ્રીકૃષ્ણનો જે 'વિશ્લેષઃ' વિયોગ અથવા 'વિશેષેણ' ઘણો જ 'શ્લેષઃ' સમ્બન્ધ, તેનાથી 'કર્શિતઃ' દુબળો થએલો. આ વિશેષણથી ઉત્તર ન આપવામાં જણાઈ આવે તેવું કારણ કહ્યું 'શોકેન' શોકથી 'શુષ્યત્'=સૂકાતું હતું 'હૃત્સરોજં'=હૃદયરૂપ કમલ અને 'વદનસરોજં'=મુખ કમલ જેનું તેવો, અને તેથીજ નાશ પામેલી કાંતિવાળો અર્જુન થએલો, કારણકે અંદરના તાપથી બહારની કાંતિનો નાશ થયાનું જોવામાં આવે છે. યુધિષ્ઠિરને આપવાનો ઉત્તર અને ભગવાનનું ધ્યાન એક સાથે પ્રાપ્ત થએલ હોવા છતાં, તેમનું જ ધ્યાન ધરતાં ઉત્તર આપી શક્યો નહીં, તેનું કારણ 'શક્તિમાન' શબ્દથી જણાવેલું છે. કારણકે ઉત્તરના કરતાં જેમનું ધ્યાન ધરતો હતો તે શક્તિમાન છે.૧-૨.

૧.ભગવાન જનાર્દન અને કાલરૂપ હોવાથી મુક્તિ સમયે અને દેહ તજવામાં તેમની જરૂર હોવાથી 'સખિ' શબ્દનો અર્થ સાથે હોવાનું કરી, આ કહેલ છે. 'કૃષ્ણના સખા' એટલે કૃષ્ણ સાથેના, એવો અર્થ છે.

૨.જો ભગવાન સાથે અર્જુન આવેલ ન હોત, તો પહેલાં ગીતામાં કહેલ ઉપદેશનું અત્યારે સ્મરણ કરે તેમ તે વખતે પણ થઈ શકત. તેથી ત્યાં દ્વારકામાં જ દેહનો ત્યાગ કરત.

૩.'વજ્ર વિગેરેને ઈંદ્રપ્રસ્થ અર્જુન લઈ જાય તેવી ભગવાનની આજ્ઞા હોવાથી દ્વારકામાં દેહત્યાગ તે કરી શકત નહીં' એમ કહેવામાં આવે, તો તે ઈંદ્રપ્રસ્થમાંજ દેહત્યાગ કરી શકત, પરન્તુ હસ્તિનાપુર ન આવત.

૪.'બાકીનું કામ કરી ભગવાન આવે ત્યાંસુધી રાહ જોવાનું નારદે યુધિષ્ઠિરને કહેલું. મુસલ સમ્બન્ધી કાર્યજ બાકી રહેલું. એમ સ્વીકારીએ તો પણ તે થઈ ગએલું હોવાથી તે વાક્ય ખોટું ઠરે, પણ અર્જુનમાં પ્રવેશ કરી શ્રીકૃષ્ણ પણ આવ્યા છે એમ માનવાથી તે પણ સત્ય થાય

૫.અશ્વિનીકુમારો પેઠે નર અને નારાયણ સદા સાથે રહેતા હોવાથી આ વાક્ય પણ સત્ય થાય.

૬.'સર્વત્ર ભગવાનનાં તેજથીજ કાર્ય સિદ્ધ થાય છે' એવો અર્જુનને વિશ્વાસ થાય તે માટેજ ભગવાને કરેલી આ લીલા છે.

૭.જો ભગવાન તેવી લીલા ન કરે તો અર્જુનને ગર્વ થવાથી તેની મુક્તિ ન થાય, અને તેથી ભગવાનનું કાર્ય અધુરું રહે.

૮.અર્જુનનો અહંકાર થાય તો તેને પોતાના તે જ સમ્બન્ધી જે શોક થયો તે અયોગ્ય થાય. તેથી ભગવાનનાં તેજથીજ સર્વ કાર્ય થાય છે એવો તેને વિશ્વાસ રહે તે માટેજ ભગવાને એવી લીલા કરેલી.

૯.'તેથીજ' એટલે ઘરમાં આસક્ત થએલા હોવા છતાં મુક્તિ પ્રાપ્ત કરાવવાની હોવાથીજ.

શોક સાથેનું ધ્યાન થતું હતું તેથી શોકને દૂર કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**કૃચ્છ્રેણ સંસ્તભ્ય શુચઃ પાણિનાઽઽમૃજ્ય નેત્રયોઃ ।**
**પરોક્ષેણ સમુન્નદ્ધ  પ્રણયૌત્કણ્ઠ્યકાતરઃ ।।૩।।**
**સખ્યં મૈત્રીં સૌહૃદં ચ સારથ્યાદિષુ સંસ્મરન્ ।**
**નૃપમ્ અગ્રજમ્ ઈત્યાહ બાષ્પગદ્ગદયા ગિરા ।।૪।।**

ઘણા પ્રયાસથી શોકને રોકી, બે નેત્રને હાથથી સ્વચ્છ કરી, ઈંદ્રિયોથી પરથી આવિષ્ટ થએલા અને પ્રેમથી થએલ ચિંતાથી આકુલ થએલાએ સારથિપણું વિગેરેમાં થએલ સખ્ય મૈત્રી અને સૌહૃદનું સ્મરણ કરતાં આંસુઓથી ગદ્ગદ વાણીથી મોટાભાઈ રાજાને આ પ્રમાણે કહ્યું.૩-૪.

શોક તો સ્મરણ કરાવનારો છે, તેથી સ્મરણ થતું હોય ત્યાં સુધી શોક દૂર કરી શકાય નહીં; છતાં પણ તેવા ગુણવાળા[1] ભગવાનને તે ગુણોથી જુદા કરી, પહેલાનાં ગુણો સાથે યોજી શોક દૂર કર્યો, તેથી 'ઘણા પ્રયાસથી' એમ કહેલું છે. 'શુચઃ'='શોક' એટલે શોકના આંસુઓ. દેહની અંદર નીકળતા, તેમને ત્યાંજ રોકી રાખ્યા. નેત્રમાંથી આવેલાને તો હાથથી 'આમૃજ્ય' 'આ' સર્વ તરફથી 'મૃજ્ય' સ્વચ્છ કરી કહ્યું. એમ કર્યું ત્યારે ઉપર કહેલા ગુણો યોજવાથી ભૂતકાલ સાથેના 'પરોક્ષ' શબ્દથી ઓળખાતા ભગવાને અર્જુનની અંદર પ્રવેશ કર્યો એમ 'પરોક્ષથી આવિષ્ટ થએલા ' શબ્દથી કહેલું છે. 'ઈંદ્રિયોથી પર ઉત્તમ' તે 'પરોક્ષ.' પોતાની [2]ઈચ્છાથીજ પહેલાં ઈંદ્રિયોથી જણાતા હોવા છતાં, હમણાં તેવી ઈચ્છા[2] ન હોવાથી પરોક્ષજ રહ્યા. તેમનાથી 'સન્નદ્ધઃ'=આવિષ્ટ થએલો, સારી પેઠે લોઢાના ગોળો અગ્નિના સમ્બન્ધવાળો થાય તેમ તેમના સમ્બન્ધવાળો થયો. આથી અંદર કહેવાનું બલ પ્રાપ્ત થયાનું કહ્યું. પહેલાં પ્રવેશ કરેલી ભક્તિએ પણ પોતાનું કાર્ય કર્યું એમ 'પ્રેમથી થએલ ચિંતાથી આકુલ થએલાએ' વિશેષણથી કહેલું છે. 'પ્રણયેન' પ્રેમથી જે 'ઔત્કણ્ઠ્યં'=ઉંચું ગએલ કંઠપણું, કંઠપણાનો અભાવ, કંઠનું બંધ થવું એવો અર્થ છે. તેનાથી 'કાતરઃ' ક્યારે હું કહીશ એમ આકુલ થયો.૩

ભગવાન કહે છે કે કહેવું જોઈએ. ભક્તિ કહે છે કે ન કહેવું. આમ થતાં ભગવાનનું સ્મરણ ઘણું બલવાન હોવાથી, ભક્તિનાં કારણરૂપ ભગવાનના સ્મરણથી ભગવાન પુષ્ટ થતાં, તેમના તેજથી કંઠનું બંધ થવું અટકી પડતાં, નીકળેલાં આંસુથી કંઠ ગદ્ગદ થઈ. તેનું વ્યાખ્યાન પહેલાં[3] કરેલું છે. પછી ભક્તિને દૂર કરી, ભગવાનનો સ્વીકાર કરી, ભગવાનના પહેલાંના ગુણોના સમ્બન્ધને લીધે તેમનું સ્મરણ કરતાં મોટાભાઈને કહ્યું એમ ચોથા શ્લોકથી કહે છે.

'સખ્ય' એટલે સરખા સ્વભાવ અને સરખી પરાયણતા. છૂપું રાખવા યોગ્ય હોય તે છૂપું રાખવું, ગુણ પ્રકટ કરવા, આપત્તિમાં પડેલાનો ત્યાગ ન કરવો વિગેરે ગુણોવાળું હોવું તે મૈત્રી. સારથિપણું વિગેરેમાં ભગવાને આ બે કરેલાં. અને 'સૌહૃદ્' એટલે સારા હૃદયનો ભાવ, સત્પુરુષોના જેવું કૃત્ય અથવા બંધુનું કૃત્ય. આ પણ ભગવાને પ્રકટ કરેલ. 'ચ' 'અને' શબ્દ હોવાથી સ્વામીપણું અને ગુરુપણું પ્રકટ કરેલો. 'આદિ' 'વિગેરે' શબ્દથી સાહાય્ય કરવાપણું,

સેવા, દૂતપણું, યુદ્ધભૂમિમાં અનુસરવું વિગેરે કહેલાં છે. જુદું-જુદું સ્મરણ થાય તે માટે સમાસ કરેલો નથી. 'આ' એટલે નીચે કહેવામાં આવશે તેવા પ્રકારનું વાણીથી કહ્યું, પણ અભિનયથી કહેલ નથી. શોક હોય ત્યારે તે અભિનય કરવાનું પણ સંભવતું હોવાથી વાણીથી કહ્યું એમ કહેલ છે. ૪.

૧.તેવા ગુણવાળા એટલે શોક કરાવે તેવો ગુણવાળા સ્વધામ પધારેલા, એવો અર્થ જણાય છે.

૨.'ભગવાન નિત્ય અને વ્યાપક છે, એવો અર્જુનને અનુભવ હોવાથી તેને ભગવાન પરોક્ષ ન થાય છતાં કેમ પરોક્ષ કહેલ છે?' તેથી આ કહેલ છે. પહેલાં પ્રત્યક્ષ થવાની ઈચ્છા હતી હવે પરોક્ષ થવાની ઈચ્છા થઈ, તેથી તેમ કહેલ છે. એવો અર્થ છે.

૩.૧।૧૧।૫ ઉપરના સુબોધિનીમાં.

રાજાએ બે પૂછેલ : ૧.યાદવોની કુશલતા અને ૨.અર્જુનના શોકનું કારણ. તે પૈકી શોકનું કારણ નજીકમાં પૂછેલું હોવાથી અને ભક્તિ તિરોહિત થએલી હોવાથી, શોકનું કારણ જ નીચેના શ્લોકથી આરંભી ''ભસ્મમાં હોમેલા, ઠગને પ્રસન્ન કરવા વાપરેલ અને ખરાબામાં વાવેલ પેઠે'' શ્લોક ૨૧ સુધીથી કહે છે :

**અર્જુન કહે છે :**

**વઞ્ચિતોઽહં મહારાજ હરિણા બન્ધુરૂપિણા ।**
**યેન મેઽપહૃતં તેજો દેવવિસ્માપનં મહત્ ।।૫।।**

હે મહારાજા! બંધુરૂપ હરિથી હું વિખુટો પડેલ છું. જેથી દેવોને વિસ્મય પમાડનારું મારું ઘણું તેજ નાશ પામેલું છે.૫

ભગવાનથી વિખૂટા પડેલાની મારી આ સ્થિતિ થઈ છે, એવો અર્થ છે. ઉત્તરાર્ધથી વિખૂટા થવાનો ખાસ ગુણ કહે છે. પરમ કૃપાલુ ભગવાન કેમ વિખૂટો કરે? એવો પ્રશ્ન થાય તેથી 'હરિ' એમ કહેલું છે. તે સર્વ દુઃખ હરનારા છે. જો હમણાં અર્જુનનું તેજ હરે નહીં, તો યાદવોની પેઠે કાલને લીધે આ પણ ઉદ્ધત થતાં સર્વનાશ થાય. આની મુક્તિ ન થાય. તેથી સર્વનું રક્ષણ કરવા તેજ હરી લીધું, એવો અર્થ છે. તેજ હરવાના કારણરૂપ પાસે રહેવાનું કેમ કરેલ? એવી શંકા થાય, તેથી 'બંધુરૂપ' એમ કહેલું છે. બંધુરૂપ આનું છે તે મામાના પુત્ર જેવા બંધુરૂપ. તેથી લૌકિક વ્યવહારથી સમીપ ગયો ત્યારે તેજ હરી લીધું, એવો અર્થ છે.

તેજ હતું ત્યારે પણ દેવો રક્ષણ કરનાર હતા, તેથી આ તેજ જવાથી શું હાનિ? એવો પ્રશ્ન થાય તેથી 'દેવોને વિસ્મય પમાડનારું' એમ કહેલ છે. દેવોને મારું તેજ વિસ્મય પમાડે તેવું હતું. 'ઓછું થઈ થોડું રહેલું છે તેથી ભય નથી' દ્ર એમ કહે, તેથી 'ઘણું' એમ કહેલું છે. ઘણું નાશ પામેલું છે.૫

તેજ ગયું તો પણ મંત્રો વિગેરે હોવાથી તને શું ચિંતા? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યસ્ય ક્ષણવિયોગેન લોકો હ્યપ્રિયદર્શનઃ ।**
**ઉક્થેન રહિતો હ્યેષ મૃતકઃ પ્રોચ્યતે યથા ।।૬।।**

જેના એક ક્ષણના વિયોગથી લોક અપ્રિય દેખાય છે, કારણકે પ્રાણ વિનાના આ મડદાં જેવો કહેવાય છે.૬.

જે તેજના એક ક્ષણના વિયોગથી સઘળોએ લોક અપ્રિય દેખાય છે, અપ્રિય છે દર્શન જેનું તેવો થયો છે. તેજ જતાં જગત્ જોવું પણ ગમતું નથી. તો પછી ભૂખ ન હોય ત્યારે અન્નની પેઠે, કામ ન હોય ત્યારે કામિનીની પેઠે મંત્ર વિગેરેનું શું પ્રયોજન? તેજ વગરનો આ મારા જેવો પુરુષ 'ઉક્થેન' પ્રાણથી રહિત થએલ છે, કારણકે પ્રાણનું કાર્ય બલ છે, તે તો જતુંજ રહ્યું. તે જતાં વૃક્ષ વિગેરે પેઠે પ્રાણ કાંઈ ઉપયોગનો નથી, એવો અર્થ છે. વળી લોકની દૃષ્ટિથી પણ હું તેવોજ થએલો છું તે 'મડદાં જેવો કહેવાય છે' શબ્દોથી કહેલ છે. જેમ મડદાં વિષે લોકો કહે છે કે આને અહીં રાખવું નથી, બાળી નાખવું, નાશ કરવો, તેમ મારા જેવા માણસને પણ લોકો કહે છે, એવો અર્થ છે. એ પ્રમાણે તેજ જવાથી હું મરેલા જેવોજ થયો છું, એમ કહ્યું.૬.

આ વિખૂટા થશે એમ જાણ્યું હતું તો સખ્ય કેમ કર્યું, અને શાસ્ત્રથી તે ભજન કરવા યોગ્ય કેમ હોય? એવી શંકા થાય, તેથી હમણાં જ વિખૂટા થયા છે, પહેલાં થયા ન હતા, એમ નીચેના શ્લોકથી આરંભી ''તે ભૂમા પુરુષથી હું આજે વિખૂટો થયો છું'' (શ્લોક ૧૩ સુધીથી) કહે છે :

**ગુણ-સ્વભાવ-ભેદેન કૃષ્ણેનોપકૃતા વયમ્ ।**
**ગુણૈસ્તુ નવધા યોગાત્ સ્વભાવેન ત્રિધા પુનઃ ।।૪।।**

ગુણો અને સ્વભાવના ભેદથી શ્રીકૃષ્ણે અમારા ઉપર ઉપકાર કરેલ છે. ગુણોથી તો પરસ્પરના સમ્બન્ધથી[1] નવ પ્રકારે અને વળી સ્વભાવથી[2] ત્રણ પ્રકારે ઉપકાર કરેલ છે.કા.૪

**એવં દ્વાદશધા કૃષ્ણઃ કૃતાર્થીકૃત્ય સામ્પ્રતમ્ ।**
**અવઞ્ચયદ્ ઈતિ હ્યેકં તેનાન્યસ્ય ચ સંક્ષયઃ ।।૫।।**

એવી રીતે બાર પ્રકારે શ્રીકૃષ્ણ કૃતાર્થ કરીને હમણાં વિખૂટા થયા તેનો એક શ્લોક અને તે વિખૂટા થવાથી બીજા તેજ નો નાશ એકથી કહેલ છે કા.૫

**એવં ચતુર્દશશ્લોકૈઃ પાણ્ડવેષુ હરેર્ગુણાઃ ।**
**તાવદ્ભિરેવ સ્વજ્ઞાતૈઃ ચતુર્દશગતિં યયુઃ ।।૬।।**

એવી રીતે ચૌદ શ્લોકોથી હરિના ગુણો પાંડવો પ્રતિ તેમણે પોતે જાણેલા તેટલા ગુણોથી જ ચૌદ પ્રકારના થયા છે.કા.૬

તે પૈકી પ્રથમ સત્ત્વગુણના ભેદો કહેવા, રજોગુણ સાથે ભળેલા સત્ત્વગુણથી ભગવાને જે ઉપકાર કર્યો, રજોગુણના ભળવાથી દૂર રહેલાએ જે ઉપકાર કર્યો તેનું ફલ સ્ત્રીની

પ્રાપ્તિ હોવાથી, તે નીચેના શ્લોકથી કહે છે :

**યત્ સંશ્રયાદ્ દ્રુપદગેહમ્ ઉપાગતાનાં રાજ્ઞાં સ્વયંવરમુખે સ્મરદુર્મદાનામ્ ।**
**તેજો હૃતં ખલુ મયાઽભિહતશ્ચ મત્સ્યઃ સજ્જીકૃતેન ધનુષાઽધિગતા ચ કૃષ્ણા ।।૭।।**

જેમના આશ્રયને લીધે સ્વયંવરના આરંભમાં દ્રુપદને ઘેર આવેલા કામને લીધે દુષ્ટ મદવાળા રાજાઓનું તેજ મેં ખરેખર હર્યું અને સજ્જ કરેલા ધનુષ્યથી મત્સ્યને વીંધ્યુ, અને કૃષ્ણા પ્રાપ્ત કરી તે પુરુષથી હું વિખૂટો થયો છું. શ્લોક ૧૩ ૭.

'અમે શ્રીકૃષ્ણના છીએ' એવા સારી રીતના આશ્રયથી તેજ હર્યું . ઈંદ્રિયોથી પરના આશ્રય વિના ઈંદ્રિયોથી જણાય નહીં તેવા પદાર્થનું જ્ઞાન ન થાય. આપણે એકચક્ર નગરમાંથી નીકળી જઈને દ્રુપદના ઘેર સ્વયંવરમાં બ્રહ્મચારીના સ્વરૂપથી રહેલા ત્યાં દ્રૌપદીના સ્વયંવરના આરંભમાં દેખાય નહીં તેવા રાધાવેધની પ્રતિજ્ઞા આપણે પ્રાપ્ત થઈએ તે માટે જ ભગવાને કરેલી, ત્યારે આપણું તેજ પ્રકટ થાય તે માટે ભગવાનેજ સર્વ રાજાઓ ને બોલાવેલા. તે સમયે તેમની કૃપાથી ત્રણ પ્રાપ્ત થયાં : ૧.રાજાઓનું તેજ ૨.વિંધવાના નિશાનનું જ્ઞાન અને ૩.દ્રૌપદી. તેનું નામ 'કૃષ્ણા' હોવાને લીધે પોતાનાં નામની સમાન માનતાં તેમણે આપણે મિત્રો સાથે તેનો સમ્બન્ધ કરાવ્યો. ઈંદ્રિયોથી જાણી ન શકાય તેવાં મત્સ્યનું જ્ઞાન કરાવ્યું. અને રાજાઓનું તેજ પોતાનું હોવાથી તે પણ આપ્યું. તેથી પહેલાં તેમણેજ તેજ આપેલું. છેવટે તેમણે જ હરી લીધું. તેથી તેજ હતું ત્યારે સર્વ હતું, અને તે હરી લેવાથી સર્વનો નાશ થયો. આ સ્વયંવરના આરંભમાં થયું, કારણકે તે સમયે સર્વ ભેગા થાય.

પરબ્રહ્મરૂપ ભગવાનનો આશ્રય થયો ત્યારે પ્રાણીઓનું અનિષ્ટ કેમ કર્યું? એવો પ્રશ્ન થાય, તેથી 'કામને લીધે દુષ્ટ મદવાળા' એમ કહેલું છે. કામને લીધે દુષ્ટ હતો મદ જેઓનો તેવા રાજાઓ હતા. તેથી તેઓનું તેજ હરતાં તેમના દોષરૂપ મદ હરીને તેમના ઉપર ઉપકારજ કરેલો છે. 'ખલુ' 'ખરેખર' શબ્દથી આમાં રાજા યુધિષ્ઠિરની સંમતિ જણાવેલી છે. 'વીંધ્યુ પણ' એટલે જાણ્યું અને વીંધ્યું પણ. ધનુષ્ય સજ્જ કરવાનું પણ જાણ્યું. તેથી 'સજ્જ કરેલા' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી ઈંદ્રપ્રસ્થનું સ્થાન પણ પ્રાપ્ત કર્યું .૭.

૧.સત્ત્વ, વિગેરે ગુણો એક બીજા સાથે ભેગા થતાં નવ ગુણો થાય છે (પ્ર)
૨.'સ્વભાવ' એટલે અર્જુનની પ્રકૃતિ.

સત્ત્વ સાથે ભળેલા સત્ત્વથી થએલો ઉપકાર નીચેના શ્લોકથી કહે છે :

**યત્ સન્નિધાવહમુ ખાણ્ડવમ્ અગ્નયેઽદામ્ ઈન્દ્રઞ્ચ સામરગણં તરસા વિજીત્ય ।**
**લબ્ધા સભા મયકૃતાદ્ભુતશિલ્પમાયા દિગ્ભ્યોઽહરન્નૃપતયો બલિમ્ અધ્વરે તે ।।૮।।**

જે સમીપ હોવાને લીધે ઈંદ્રને દેવોા સાથે ઝડપથી જીતીને અગ્નિને ખાંડવ આપ્યું, મયે જેમાં અદ્ભુત કારીગરી અને માયા કરેલી તે સભા પ્રાપ્ત કરી, અને તમારા યજ્ઞમાં દિશાઓમાં રાજાઓ ભેટો લઈ આવેલા. ૮.

સત્ત્વના સાથે સત્ત્વ ભળવાથી ભગવાન સમીપ હોવાનું થયું. હું ક્યાં અને મારું તે કામ

ક્યાં? એવો વિચાર દર્શાવવા 'ઉ' શબ્દ યોજેલ છે. સર્વ ઔષધિ સાથે ખાંડવવન માગનાર અગ્નિને આપ્યું. ઈંદ્રનું વન હોવાથી તેને જીતીને આપ્યું. રાજસૂય સભા જેમાં દુર્યોધનને મોહ થએલો તે સભા પ્રાપ્ત કરી. ખાંડવવનમાં રહેલ મયના પ્રાણનું રક્ષણ કર્યું, તેથી પોતાના પ્રાણના બદલારૂપ સર્વ માયાથી ભરપૂર અને અદ્‌ભુત કારીગરીની રચનારૂપ કાર્ય સભા તેણે આપી. વિશ્વકર્મા કારીગરી જ જાણતો, મય તો માયા પણ જાણતો. અહીં પણ ત્રણ પ્રાપ્ત થયાં : ૧.દાન કરવાની શક્તિ ૨.ગાંડીવ વિગેરે ઈંદ્રનું તેજ અને ૩.સભા. પછી તમને પણ લાભ થયો એમ 'તમારા યજ્ઞમાં દિશાઓથી ભેંટ લઈ આવ્યા' શબ્દોથી કહેલ છે. તમારા રાજસૂય યજ્ઞમાં 'બલિમ્' પૂજા એટલે ભેંટરૂપ દ્રવ્ય લઈ આવ્યા. ૮.

વચમાં ઘુસાડી દીધેલો સમ્બન્ધ વિનાનો નીચેનો શ્લોક છે, તેનું પણ વ્યાખ્યાન કરવામાં આવે છે :

**યત્ તેજસા નૃપશિરોંઘ્રિમહન્મખાર્થમ્ આર્યોઽનુજસ્તવ ગજાયુતસત્ત્વવીર્યઃ ।**
**તેનાહૃતાઃ પ્રમથનાથમખાય ભૂપા યન્ મોચિતાસ્તદનયન્ બલિમ્ અધ્વરે તે ।।૯।।**

જેમના તેજથી દશ હજાર હાથી જેટલા ધૈર્ય અને બલવાળા તમારા નાના ભાઈ આર્યે રાજાઓના મસ્તક ઉપર જેનો પગ હતો તેને યજ્ઞ માટે હણ્યો. તેણે પ્રમથનાથના યજ્ઞ માટે કેદ કરેલા રાજાઓને છોડાવ્યા. તેથી તેઓ તમારા યજ્ઞમાં ભેંટ લાવેલા.૯

જે ભગવાનના તેજથી 'નૃપશિરોંઘ્રિમ્' રાજાઓના મસ્તક ઉપર પગ હતો જેનો તે જરાસંધને તમારા યજ્ઞ માટે, 'આર્ય' મારા મોટા ભાઈ અને તમારા નાનાભાઈ ભીમ, જે 'ગજાયુતસત્ત્વવીર્યઃ' દશ હજાર હાથીના ધૈર્ય અને બલવાળો છે તેણે હણ્યો, અને તે જરાસંધે 'પ્રમથનાથમખાય' મહાભૈરવને બલિદાન કરવાના પ્રયોજનથી 'આહૃતાઃ' કેદ કરેલા રાજાઓને છોડાવ્યા. તેઓ છોડાવેલા હતા, તેથી તમારાં યજ્ઞમાં ભેંટ 'અનયન્' લાવેલા. મારી પેઠે ભીમે પણ ભગવાન સમીપ હોવાને લીધે આ શ્લોકમાં કહેલું ફલ પ્રાપ્ત કર્યું, એવો અર્થ છે.

તમોગુણ સાથે ભળેલા સત્ત્વગુણથી ઉપકાર કર્યો તે નીચેના શ્લોકથી કહે છે :

**પત્ન્યાસ્તવાઽધિમખક્લૃપ્તમહાભિષેક શ્લાઘિષ્ઠચારુકચરં કિતવૈઃ સભાયામ્ ।**
**સ્પૃષ્ટં વિકીર્ય પદયોઃ પતિતાશ્રુમુખ્યા યસ્તત્સ્ત્રિયોઽકૃત હતેશવિમુક્તકેશાઃ ।।૧૦।।**

જેમણે તમારી પત્ની, જેના યજ્ઞમાં કરેલા મહાભિષેકથી પ્રશંસાપાત્ર થએલા સુંદર અંબોડાનો સભામાં ઠગારાઓએ સ્પર્શ કરેલો અને જે તે અંબોડાને વિખેરી મુખ ઉપર આંસુવાળી પગમાં પડેલી, તેઓની સ્ત્રીઓને જેમણે મરેલા પતિથી છુટા મૂકેલા કેશવાળી કરી.૧૦

રજોગુણથી ઉત્પન્ન થએલાનો તમોગુણથી નાશ થવો યોગ્ય છે, છતાં સત્ત્વગુણે તેનું દુઃખ કાર્ય કરનારની સ્ત્રીઓને આપ્યું. તેમ કરવાનું કારણ કહે છે કે 'અધિમખે' રાજસૂય યજ્ઞમાં મહાભિષેક કરવાના આરંભમાં યજમાનની પત્નીનો જે આ મહાભિષેક કર્યો, તેનાથી

'શ્લાઘિષ્ઠમ્' આખી સભામાં પ્રશંસાપાત્ર અને 'ચારુ' મનોહર, લોક અને વેદમાં ઉત્તમ થએલ જે અંબોડો, તે દોષવાળા જુગારમાં હોડમાં મૂકાએલ ન હોવા છતાં 'કિતવૈઃ' ઠગારાઓએ હોડમાં મૂકેલ હોવાનું ગણાવી, ભીષ્મ વિગેરે જેમાં હતા તે સભામાં પાપ પ્રકટ કરવા તેનો જેમણે સ્પર્શ કરેલો, તેમની સ્ત્રીઓને મરેલા પતિથી છૂટા મૂકેલા કેશવાળી કરી. 'હતઃ' મરેલો છે 'ઈશઃ' પતિ તે મરેલા પતિથી 'વિમુક્તાઃ' છૂટા મૂકાએલા હતા 'કેશાઃ' કેશ જેઓના તેવી કરી. ભગવાનને એવું કરવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી 'વિખેરી મુખ ઉપર આંસુવાળી પગમાં પડેલી' એમ કહેલું છે. દુષ્ટના સ્પર્શથી અંબોડાનો દોષનો સમ્બન્ધ થવાથી, તે દોષનો નાશ કરવા ગાઢ ભક્તિવાળા હૃદયથી ''હા દ્વારકામાં વસનાર નાથ!'' એવા પ્રકારથી ભગવાનનું સ્મરણ કરતાં, તે જ સમયે સમીપ પધારેલા ભગવાનનાં, બીજાઓ ઘણા પાપી હોવાથી, માત્ર દ્રૌપદીને જ દર્શન થયાં, ત્યારે દુષ્ટે સ્પર્શ કરેલા અંબોડાને વિખેરી ભગવાનના ચરણમાં પડેલી જે મુખ ઉપર આંસુવાળી તેની પાસે ભગવાન તે સમયે દ્વારકાથી આવી તેની પાસે ઉભા રહ્યા. દ્રૌપદીએ પણ તેમને જોઈ, તેમના પગમાં પડી, આંસુ સાર્યા તેથીજ તેમણે 'દ્રૌપદીનું રક્ષણ કરવામાં ત્વરા કરી ' એ વાક્ય ઘટે છે. એવી રીતે છૂપી રીતે પણ સદા સર્વ કાર્ય ભગવાન કરે છે એમ જાણવું.૧૦

રજોગુણ સાથે ભળેલા તમોગુણથી જે ઉપકાર કર્યો, તે નીચેના શ્લોકથી કહે છે :

**યો નો જુગોપ વનમેત્ય દુરન્તકૃચ્છ્રાદ્ દુર્વાસસોઽરિવિહિતાદ્ અયુતાગ્રભુગ્યઃ ।**
**શાકાન્નમુષ્ટિમુપયુજ્ય યતસ્ત્રિલોકીં તૃપ્તામમંસ્ત સલિલે વિનિમગ્નસંઘઃ ।।૧૧।।**

જેની પહેલાં દશ હજાર શિષ્યો જમતા, તે શત્રુએ મોકલેલા દુર્વાસાથી થએલ પાર ન કરી શકાય તેવા સંકટમાંથી જેમણે વનમાં આવી એક મુઠી શાકાન્ન આરોગીદ્ધ જેનાથી જલમાં પડેલા સમૂહે ત્રણ લોકને ધરાએલા માન્યાદ્ધ આપણું રક્ષણ કર્યું.૧૧.

આખ્યાયિકા એવી નીચે પ્રમાણે છે :

કોઈ એક સમયે છ માસના ઉપવાસ કરેલા દુર્વાસા પારણાના દિવસે સર્વ દૈત્યોની પ્રાર્થનાથી દુર્યોધનને ઘેર ગયા. અને દશ હજાર શિષ્યો સાથે તેણે પરોણાગતથી સંતોષ પમાડેલાએ કહ્યું કે 'વર માગ'. ત્યારે ભગવાને મોહ પમાડેલા દુર્યોધને 'એકાએક પાંડવોનો વધ કરવો અશક્ય છે' એમ માની, કોઈક બાનાથી પાંડવોનો વધ થાય તેવું માંગીશ એમ વિચારી એવો વર માગ્યો કે 'જેમ મારા ઘેર શિષ્યો સાથે આપ આવ્યા તેવી જ રીતે મારા મોટા ભાઈ યુધિષ્ઠિરને ઘેર જવું, પરન્તુ દ્રૌપદીએ ભોજન કર્યા પછી જવું, નહિ તો તે દુઃખી થાય'. પછી 'તેમ કરીશ' એમ કહી, દુર્વાસા તેવી જ રીતે યુધિષ્ઠિરને ઘેર ગયા. વળી પાંડવોને અરણ્યમાં અન્ન ન

મળતાં ભગવાનના ઉપદેશથી તેમણે સૂર્યની પ્રાર્થના કરતાં, સર્વ અન્નથી ભરેલી થાળી આપતાં સૂર્યે કહ્યું કે દ્રૌપદી ભોજન કરશે ત્યાં સુધી અન્ન ખૂટશે નહીં. તે સમયથી દ્રૌપદી ઋષિઓને આવવાનો સમય વિતાડી ભોજન કરતી. આમ થયું ત્યારે પ્રહર રાત્રિ વીત્યા પછી, દ્રૌપદીએ ભોજન કરી લીધું હશે એમ યોગથી જાણી, દશ હજાર શિષ્યો સાથે દુર્વાસા આવ્યા. તે સમયે પાંડવો અને દ્રૌપદીએ પોતાનો સંપૂર્ણ નાશ થવાનું માન્યું. તે સમયે ધ્યાન ધરેલા શ્રીકૃષ્ણ પધાર્યા અને બહારથી જ, દ્રૌપદીને જોયા વિના જ, ઋષિને કહ્યું કે ''પાક તૈયાર થયો છે, સ્નાન કરો''. 'ભલે' એમ કહી દુર્વાસા આવશ્યક કર્મ કરવા ગયા ત્યારે અંદર પ્રવેશ કરેલા ભગવાને દ્રૌપદીની મુંઝવણ જોઈને, થાળીમાં પણ માત્ર એક કોળીઓ ભોજન બાકી રહેલું ત્યારે તેટલું શાક સાથે ભળેલું અન્ન આરોગીને ત્રણે લોકને તૃપ્ત કર્યા, તે આ શ્લોકથી કહેલ છે.

જે ભગવાને વનમાં આવી 'નઃ' આપણું રક્ષણ કર્યું. દુર્વાસા ભયનું કારણ થએલ હોવાથી, તેમને માટે પાંચમી વિભક્તિ યોજેલી છે. પાર ન કરી શકાય તેવું સંકટ જેનાથી થએલ તેવો શત્રુએ પ્રેરણા કરેલ જે દુર્વાસા, જેની પહેલાં દશ હજાર બ્રાહ્મણો ભોજન કરતા તે આવેલ. શાક સાથે ભળેલું એક મુઠી અન્ન, અને પ્રથમથી જ તે ભગવાન માટે રાખેલું, કારણકે તે સદાનું કૃત્ય હતું. તે અન્ન 'ઉપયુજ્ય' સ્વીકારી–આરોગીને રક્ષણ કર્યું, એવો વાક્યનો સમ્બન્ધ છે. એટલાથી કેમ રક્ષણ થાય? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં કહે છે કે જેનાથી જલમાં પડેલા ઋષિઓએદ્ધ જે પહેલાં આવશ્યક કર્મ કરવા ગએલ તે જલમાં પડેલ તેમણેદ્ધ જલમાંથી નીકળતા સમયે ત્રણે લોકને તૃપ્ત થએલાં માન્યાં, તો પછી પોતાને તો માને તેમાં આશ્ચર્ય શું એવો અર્થ છે.૧૧

સત્ત્વગુણ સાથે ભળેલા તમોગુણથી કરેલ ઉપકાર નીચેના શ્લોકથી કહે છે :

**યત્ તેજસાડથ ભગવાન્ યુધિ શૂલપાણિઃ વિસ્માપિતઃ સગિરિજોડસ્ત્રમદાન્ નિજં મે**
**અન્યેડપિ ચાહમ્ અમુનૈવ કલેવરેણ પ્રાપ્તો મહેન્દ્રભવને મહદાસનાર્દ્ધમ્ ।।૧૨।।**

પછી જેમના તેજથી પાર્વતી સાથે યુદ્ધમાં વિસ્મય પમાડેલા ભગવાન શૂલપાણિએ મને પોતાનું અસ્ત્ર આપ્યું અને બીજાઓએ પણ અસ્ત્રો આપ્યાં, અને આજ દેહથી મેં ઈંદ્રના ભવનમાં ઉત્તમ આસન અડધું પ્રાપ્ત કર્યું.૧૨

'અથ'–'પછી' શબ્દ જુદો આરંભ દર્શાવે છે. પાછળના ૧૦–૧૧ બે શ્લોકથી દ્રૌપદીના કારણે કરેલ રક્ષણ કહેલું હોવાથી અને પોતાનુંદ્ધ અર્જુનનું તેમાં પુરુષાતન ન હોવાથી, તે તજી માત્ર પોતાનાં પુરુષાતનથી કરેલું ચરિત્ર કહેવાનું હોવાથી જુદો આરંભ કરે છે.

'ભગવાન' શબ્દથી સંતોષ થતાં વરદાન આપવાનું કારણ, અને 'શૂલપાણિ' શબ્દથી વિપરીત સંતોષ ન થતાં મારી નાખવાનું કારણ કહેલ છે. એવા ભયંકર મહાદેવને પણ જેમના તેજથી વિસ્મય પમાડ્યા, કારણકે જીવની શક્તિથી ભગવાનને વિસ્મય ન થાય તેમાં પણ 'સગિરિજઃ' પાર્વતી સાથે આવેલા. આ શબ્દથી એમ સૂચવેલું છે કે પર્વતની પુત્રી પર્વતથી પણ અધિક પદાર્થથી વિસ્મય પામે. અહીં પણ કિરાત અને અર્જુન ની કથા ધ્યાનમાં રાખવી.

અર્જુનની પરીક્ષા કરવા આવેલ મહાદેવ સર્વ વ્રતો પૂર્ણ કરવારૂપ ચિહ્ન સાથેના અર્જુનનું ચિહ્ન દેખાડવા પાર્વતીને પણ લાવેલા. તે પ્રસંગે શસ્ત્રોથી અસ્ત્રોથી, મુક્કીઓથી અને બાહુઓથી થએલા યુદ્ધો પૂરાં થતાં મલ્લયુદ્ધથી મહાદેવ પોતે ભૂમિ ઉપર પડ્યા. અને પોતાના ઉપર પડેલા અર્જુનની પીઠ ઉપરનું ચિહ્ન પાર્વતીએ જોયું ત્યારે પતિ-પત્નીનું હાસ્યવાળું મુખ જોઈને ભય પામેલા અર્જુને સ્તુતિ કરી. તે સમયે પ્રસન્ન થએલા મહાદેવે પાશુપત અસ્ત્ર 'મે' મને આપ્યું.

બીજા ઈંદ્ર વિગેરેએ પણ તે સમયે આવીને પોતાનાં અસ્ત્રો આપ્યાં. મને 'ચ'-'અને' શબ્દ હોવાથી શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવાનું આપ્યું. વળી તે અસ્ત્રનો અનુભવ પ્રાપ્ત થાય તે માટે મહેન્દ્ર પાસેથી આવેલા માતલિની પ્રાર્થનાથી તેણેજ મહેન્દ્રના ભવનમાં લાવેલાએ મેં પાંચ વર્ષ સુધી બીજા શરીરથી ભોગવવા યોગ્ય અડધું ઈંદ્રાસન, 'મહત્' ઈંદ્ર બેસતો તે ભાગથી વધારે, આ તેજસ્વી શરીરથી જ પ્રાપ્ત કર્યું, એવો અર્થ છે. અહીં પણ ત્રણ પ્રાપ્ત થયાં : ૧.મહાદેવનો સંતોષ ૨.અસ્ત્રોની પ્રાપ્તિ અને ૩.ઈંદ્રાસનની પ્રાપ્તિ.૧૨

તમોગુણ સાથે ભળેલા તમોગુણથી કરેલો ઉપકાર નીચેના શ્લોકથી કહે છે :

**તત્રૈવ મે વિહરતો ભુજદણ્ડયુગ્મં ગાણ્ડીવ-લક્ષણમ્ અરાતિવધાય દેવાઃ ।**
**સેન્દ્રાઃ શ્રિતા યદનુભાવિતમાજમીઢ! તેનાહમ્ અદ્ય મુષિતઃ પુરુષેણ ભૂમ્ના ।।૧૩।।**

ત્યાં જ હું રહેતો હતો ત્યારે, હે આજમીઢ! જેમના પ્રભાવવાળા ગાંડીવના ચિહ્નવાળા મારા બે હાથરૂપ દંડનો ઈંદ્ર સાથે દેવોએ શત્રુઓના વધ કરવા આશ્રય કરેલો, તે ભૂમા પુરુષથી આજ હું વિખૂટો થએલો છું.૧૩.

'ત્યાંજ' સ્વર્ગમાંજ હું રહેતો હતો ત્યારે મારા બે હાથરૂપ દંડનો દેવોએ આશ્રય કરેલો. દેવો પોતે ચાર હાથવાળા, કેટલાક તેથી વધારે હાથવાળા, અને કેટલાક તેમનાથી પણ વધારે હાથવાળા હતા છતાં મારા હાથનો આશ્રય કરેલો. આશ્રય કરવાનું કારણ 'ગાંડીવના ચિહ્નવાળા' વિશેષણથી કહેલું છે. 'ગાણ્ડીવં' ગાંડીવ હતું 'લક્ષણ' ચિહ્ન જેનું તેવા મારા હાથ છે. આથી બંને હાથ ચિહ્નવાળા હોવાનું કહેલું છે. યુદ્ધમાં ધનુષ્યનો ટંકાર અને તેને સજ્જ કરવાના કાર્યમાં બંને હાથ સદા રોકાએલા રહેતા એમ જણાવેલું છે. અને આટલાથી

કાર્ય થઈ શકે નહીં. હું ઈંદ્રનો પુત્ર હોવાથી, બલ વાયુથી પ્રાપ્ત થતું હોવાથી અને ગાંડીવ અગ્નિનું ધનુષ્ય હોવાથી, તેટલાથી દેવોના શત્રુઓનો વધ ન થાય, કારણ કે આમનાં મૂલરૂપ ઈંદ્ર વિગેરે દેવો જ ત્યાં હતા, તેથી મારા હાથનો આશ્રય કરવાનું બીજું કારણ હોવાનું કહેવું જોઈએ. તે જાણવાની ઈચ્છા થાય તેથી 'જેમના પ્રભાવવાળા' વિશેષણ કહેલું છે. 'હે આજમીઢ' સંબોધન યુધિષ્ઠિરનો ગભરાટ ન થાય તે માટે કરેલું છે, કારણકે ત્રણ પુરુષો સાથે અજમીઢની મુક્તિ થએલી. તમોગુણ સાથે ભળેલા તમોગુણથી જ વિખૂટા પડવાનું સ્વીકારાએલું હોવાથી, ઉપકાર કહેવાની સમાપ્તિ થયાં પહેલાંજ કારણના ગુણનું[1] નિરૂપણ કરેલું હોવાથી 'તે ભૂમા પુરુષથી હું વિખૂટો થએલો છું' એમ કહેલું છે. વિખૂટા થવાનું કારણ 'પુરુષ' શબ્દથી કહેલું છે. કારણકે તે બ્રહ્માંડરૂપ[2] દેહવાળા છે. રોગનો નાશ થતાં ઓસડનો ત્યાગ થાય તેની પેઠે મારું તેજ હરી લીધેલું[3] હોવા છતાં ભગવાન સર્વ સ્થલે રહેલા હોવાથી જ્ઞાનદ્વારા મોક્ષ આપશે, તેથી મિત્રપણું જતું નથી એમ 'ભૂમા' શબ્દથી કહેલું છે.

વાસ્તવિક[4] રીતે તો શ્લોક ૯ ની પેઠે શ્લોક ૧૦ અને ૧૧ પણ ઘુસાડી દીધેલા છે, કારણકે તે અર્જુનના સમ્બન્ધના નથી અને સંગતિ બરાબર થતી નથી. તેથી ૮-૭-૧૨ એ ત્રણ શ્લોકોમાં જણાવેલા સત્ત્વ, રજઃ અને તમો ગુણથીજ ભગવાનનું ચરિત્ર કહીને, વિખૂટા પડવાનું ચોથા ૧૩મા શ્લોક માં કહેલું છે. કારણકે ત્રણ લોકનો[5] જય જ ઈચ્છેલો છે. દૈત્યો ઉપરનો[6] જય સાધન પ્રાપ્ત કરવાથી જણાવવા જેવો હોવા છતાં, તેમાં ભોગ મુખ્ય હોવાથી તે ભોગ જ કહેલો છે. અર્થથી[7] કહેલો હોવા છતાં ઉપસંહાર કરતાં ફરી કહેલા વિખૂટા થવાના અંગ તરીકે કહેલો છે, કારણકે ''માયા તે અસુરો છે'' એ શ્રુતિ પ્રમાણે દૈત્યોમાં તેનું પ્રાધાન્ય છે. વળી આગળ જે ભગવાનનું ચરિત્ર કહેવાનું છે તે અવતારનું કાર્ય હોવાથી, તેનાથી અર્જુન ઉપર ઘણો[8] અનુગ્રહ થતો નથી; કારણ કે ભૂમિની ભાર હરવાનું કાર્ય ભગવાનનું પોતાનું ઈચ્છેલું છે, અને ''મેં જ આમને પહેલાંજ હણેલા છે. હે અર્જુન! તું માત્ર નિમિત્ત થા'' (ભગ.ગીતા ૧૧ ।૩૩) એવું ભગવાનનું વાક્ય છે. તેથી ભગવાનના અર્જુન ઉપર ત્રણ ઉપકારોજ ગુણરૂપ છે અને દોષ ન ગણવારૂપ ઉપકાર આગળ શ્લોક ૧૭ થી આરંભી ત્રણ શ્લોકોથી કહેશે.

**કારણં કરણં ચૈવ પ્રતિબન્ધશ્ચ કથ્યતે ।**
**સ્વકૃતત્વજ્ઞાપનાય માહાત્મ્યજ્ઞાપનાય તત્ ।।૭।।**

પોતાનું કરેલું છે એમ જણાવવા કારણ,[9] કરણ[9] અને પ્રતિબંધ[9] કહેવામાં આવે છે અને તે[10] માહાત્મ્ય જણાવવા માટે છે. કા.૭

**દોષાભાવેન સહિતં દૈન્યેનાપિ વિમિશ્રિતમ્ ।**
**કૃષ્ણમાહાત્મ્યવિજ્ઞાનં સર્વથા મુક્તિદાયકમ્ ।।૮।।**

દોષના અભાવ સાથેનું અને દૈન્યથી પણ સારી રીતે ભળેલું શ્રીકૃષ્ણનાં માહાત્મ્યનું જ્ઞાન સર્વ પ્રકારે મુક્તિ આપનારું છે. કા.૮

એવો નિશ્ચય છે. તેથી ત્રણ શ્લોકોથી માહાત્મ્ય જણાવેલું છે, અને ત્રણથી દોષ ન હોવાનું, અને બેથી અંદરનું[11] અને બહારનું[11] સાધન હરવાથી થએલી દીનતા કહેલાં છે, એવું અમે યોગ્ય માનીએ છીએ.૧૩

૧.'આજમીઢ' શબ્દથી મોક્ષ થવાનું જણાવેલ હોવાથી, અને તેથી બે કારણોથી પરોક્ષપણું અને મોક્ષ આપનાર હોવાપણું કહેવા વિખૂટા પડેલ હોવાનું કહેલ છે.
૨.આ સ્વરૂપથી પરોક્ષપણાંથી મોક્ષ આપનાર હોવાનું કહેલ છે, એવો અર્થ છે.
૩. તેજથી કરવાનાં કાર્ય કર્યા પછી તેજ હરી લીધેલ હોવા છતાં, એવો અર્થ છે એવી રીતે સર્વ ટીકાકારોના મતોને સંમત થઈ, વચ્ચે વિખૂટા થવાનું કહ્યું.
૪.અહીંથી સિદ્ધાંત પ્રમાણે વચમાં વિખૂટા થએલ હોવાનું દૃઢ કરે છે.
૫.મનુષ્ય, દેવ અને દૈત્યોરૂપ ત્રણ લોકનોજ જય અર્જુને ઈચ્છેલો.
૬.શ્લોક ૧૨માં દૈત્ય ઉપરનો જય કહેવા યોગ હતો. છતાં પણ તેમાં ભોગ કરવાનું મુખ્ય હોવાથી, તેજ ત્યાં કહેલ છે, એવો અર્થ છે.
૭.અર્ધ આસનની પ્રાપ્તિ દૈત્યોના વધથી જ થએલ હોવાથી, તે આસન પ્રાપ્તિ કહી તેથીજ અર્થથી દૈત્યો ઉપરનો જય કહેવાયો, છતાં પણ શ્લોક ૧૩માં તે ભગવાનથી વિખૂટા થવાના અંગ તરીકે ફરી કહેલ છે.
૮.ઉપર ઉપરથી ભગવાનનો અનુગ્રહ જણાય છતાં, તે શ્લોકમાંથી અત્યન્ત અનુગ્રહ થયાનું સિદ્ધ થતું નથી.
૯.બીજાઓનો સંહાર અર્જુન દ્વારા કરાવવો; પોતે તે કરવો, અને અર્જુનનો સંહાર થવા ન દેવો, એ ત્રણ ભગવાને શાંત રહીને પણ કરેલા છે એમ જણાવવા ૧૭ થી ૧૯ સુધીના શ્લોકો કહેલા છે, એવો અર્થ છે.
૧૦.'તે' એટલે ઉપર કહેલ ત્રણ કાર્યો ભગવાને કરેલ હોવાનું જણાવવું તે.
૧૧.'અંદરનું સાધન' બળ, અને 'બહારનું સાધન' ધનુષ્ય વિગેરેની શક્તિ.

તમોગુણ સાથે ભળેલા રજોગુણથી કરેલું ચરિત્ર નીચેના શ્લોકથી કહે છે :

**યદ્બાન્ધવઃ કુરુબલાબ્ધિમનન્તપારમ્ એકો રથેન તતરેઽહમનાર્યસત્ત્વમ્ ।**
**પ્રત્યાહૃતં પુરુધનં ચ મયા પરેષાં તેજસ્પદં મણિમયં ચ હૃતં શિરોભ્યઃ ।।૧૪।।**

જેમનો બાંધવ હું એકલો પાર વિનાના અનાર્ય પ્રાણીઓવાળા કૌરવોનાં સૈન્યરૂપ સાગરને રથથી તરી ગયો, અને શત્રુઓનું ઘણું ધન પાછું લાવ્યો. અને માથાઓમાંથી મણિમય તેજનું સ્થાન મેં હરી લીધું.૧૪.

'જેમનો બાંધવ' શબ્દ આ શ્લોકમાં જણાવેલ પરાક્રમના મૂલ તરીકે અથવા કારણ હોવાનું જણાવેલ છે. જે ભગવાનનો બાંધવ હું હતો, ભગવાનનો બંધુ હોવાથીજ ભજન અને ભગવાનનું સામીપ્ય ન હોવા છતાં પણ હું કૌરવોનાં સૈન્યરૂપ સમુદ્ર તરી ગયો. સૈન્ય સદા તાજું થતું હોવાથી સમુદ્ર કહેલું છે. 'પારવિનાના' એટલે દેશ અને કાલની હદ વિનાના, તે સૈન્યમાં રહેલા વધ કરી શકાય તેવા ન હોવાથી, સૈન્ય કાલની હદ વિનાનું હતું, અને ઉલ્લંઘન થઈ શકે તેવા નહીં હોવાથી દેશની હદ વિનાનું હતું. તે પ્રસંગે હું એકલો સાહાય્ય કરનાર વિનાનો હતો, કારણકે કુમાર ઉત્તર ગાયો પાછી લાવ્યો ત્યારે ભય પામેલા ઉત્તરને માત્ર કૌરવોને દેખાડવાંજ રાખેલો. 'રથથી' શબ્દથી નમન કરીને (ગાયો પાછી મેળવી હોવાથી) શંકા દૂર કરી છે, તેથી છૂપો રહીને ગયો ન હોવાનું જણાવેલ છે. કર્ણ વિગેરે અનાર્યો હતાં. તેજ 'સત્ત્વાનિ' જલમાં

ફરનારા પ્રાણીઓ હતા જે સૈન્યરૂપ સમુદ્રમાં. આથી એમ સૂચવેલું છે કે તેમાં પડેલો તેઓને લીધે પાછો આવતો નહીં, તો પછી તરે તો ક્યાંથીજ? એવો ભાવ છે. હું માત્ર તરી ગયો એટલું જ નહીં, પરન્તુ તેમાં રહેલાં રત્નો પણ લઈ આવ્યો, એમ 'અને ઘણું ધન પાછું લાવ્યો' શબ્દોથી કહેલું છે. વાસ્તવિક રીતે તો તે ધન અર્જુનનું જ હતું કારણકે તે રાજ્યનો માલિક હતો. પરન્તુ તેઓએ બલથી લઈ લીધેલું, તે પછી પાછું લાવ્યો, એવો 'પ્રત્યાહૃતમ્' માંના 'પ્રતિ' ઉપસર્ગનો અર્થ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી વસ્ત્રો પણ લાવ્યો. 'તેજસ્પદમ્' એટલે તેજનું સ્થાન, તેના બાનાંથી[1] તેજ પણ હરી લીધું એવો અર્થ છે. 'મણિમય' એટલે અમૂલ્ય, અથવા સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારું. આથી એમ જણાવેલ છે કે તેમનું સર્વ ધન અને સર્વ પુરુષાર્થો હરી લીધા. 'ચ' 'અને' શબ્દ હોવાથી માથામાં રાખેલ રત્ન અને કુદરતી રત્નો પણ હરી લીધા. 'માથાઓમાંથી' શબ્દનો એવો અર્થ છે કે તે માથામાં રાખેલ રત્નનાં બાનાંથી માથાંઓજ હરી લીધાં. સંમોહન અસ્ત્રથી મોહ કરાવીને સર્વ હરી લીધું. આ કાર્ય કરવામાં ભગવાન બંધુ હતા તે જ કારણ છે.૧૪

૧.રત્ન તેજનાં જેવાં હોવાથી, રત્નનાં બાનાંથી તેજ હરી લીધું. એવો અર્થ જણાય છે.

સત્ત્વગુણ સાથે ભળેલા રજોગુણથી કરેલ ઉપકાર નીચેના શ્લોકથી કહે છે :

**યો ભીષ્મ-કર્ણ-ગુરુ-શલ્યચમૂષ્વદભ્ર રાજન્યવર્ય-રથમણ્ડલ-મણ્ડિતાસુ ।**
**અગ્રેચરો મમ વિભોરથયૂથપાનામ્ આયુર્મનાંસિ ચ દશા સહ ઓજ આર્ચ્છત્ ।।૧૫।।**

ઘણા ઉત્તમ રાજાઓના રથોથી શોભિતી ભીષ્મ કર્ણ ગુરુ અને શલ્ય ની સેનાઓમાં જેમણે મારી આગળ ચાલીને, હે સમર્થ!, રથના સમૂહોના પતિઓની અન્તઃકરણની અને ઈંદ્રિયોની શક્તિ સાથે આયુષ્ય અને મનો દૃષ્ટિથી હરી લીધાં.૧૫.

પહેલાં પાંડવો છે કે નહીં તે જાણવા વિરાટનગર પરીક્ષા કરવા ગએલા હોવાથી સાવધાન રહ્યા વિના ગએલા. હવે યુદ્ધ કરવા માટે શસ્ત્ર-અસ્ત્ર વિગેરે સાથે મંત્ર વિગેરેવાળા કવચ વિગેરે પહેરીને, કાલ પણ મારી ન શકે તેવા, કાલ કામ પરશુરામ વિગેરે ઉપર વિજય પ્રાપ્ત કરનારા, જીતવા અશક્ય છે એમ માનીને ભગવાને પોતે આગળ ચાલનાર થઈ તેઓનાં આયુષ્ય મનો અને ઉત્સાહ શક્તિઓ અને 'ચ' 'અને' શબ્દથી જણાવેલ વિવેક ધૈર્ય વિગેરે 'દશા' માત્ર દૃષ્ટિથીજ 'આર્ચ્છત્' હરી લીધાં. 'સ ઓજઃ' ઈંદ્રિયોની શક્તિ સાથે હરી લીધાં એવો અર્થ છે. અથવા 'સહઃ' એટલે અન્તઃકરણની શક્તિ, 'ઓજઃ' એટલે ઈંદ્રિયોની શક્તિ, તે પણ હરી લીધાં એવો અર્થ છે. 'ગુરુ'=દ્રોણ. તે કૌરવોની સેનામાં ચારજ સેનાપતિઓ થએલા. ભીષ્મ અને ગુરુની વચ્ચે કર્ણ કહ્યો, તે તેનું ઘણું સામર્થ્ય જણાવવા કહેલો છે. ઘણા જે ઉત્તમ રાજાઓ, ક્યાંય પણ હણવા માટે જેમનામાં છિદ્ર ન હતું તેઓના રથોના સમૂહો તેમનાથી શોભતી સેનાઓ હતી. આથી એમ સૂચવેલું છે કે તેમાં પ્રવેશ કરેલો તેમના વશ થાય. એવી રીતે ચારે સેનાઓમાં ભગવાનેજ સર્વ કરેલું મે કરેલ નહીં એમ કહેલું છે. આથી ભગવાને પોતે કરેલું હોવાનું કહ્યું.૧૫

રજોગુણ સાથે ભળેલા રજોગુણથી કરેલો ઉપકાર નીચેના શ્લોકથી કહે છે :

**યદ્ દોઃષુ માં પ્રણિહિતં ગુરુભીષ્મકર્ણ દ્રૌણિત્રિગર્તશલસૈન્ધવબાહ્લિકાદ્યૈઃ ।**
**અસ્ત્રાણ્યમોઘમહિમાનિ નિરૂપિતાનિ નોપાસ્પૃશન્નૃહરિદાસમિવાસુરાણિ ।।૧૬।।**

જેમના હસ્તો મધ્યે રાખેલા મને ગુરુ ભીષ્મ કર્ણ ત્રિગર્ત શલ સૈન્ધવ બાહ્લિક વિગેરેએ નાખેલા નિષ્ફલ ન થાય તેવા મહિમાવાળા અસ્ત્રોએ જેમ અસુરના અસ્ત્રોએદ્ઘ નૃસિંહના દાસનો સ્પર્શ કર્યો ન હતો તેમ દ્ઘ મારો સ્પર્શ કર્યો નહીં.૧૬.

'પ્રણિહિતમ્' એટલે રાખેલો. દ્રૌણિ=અશ્વત્થામા, ત્રિગર્ત=સુશર્મા, શલ=શૈલ્ય સૈન્ધવ=જયદ્રથ. નિષ્ફલ ન થાય તેવો મહિમા હતો જેમનો તેવાં. 'નિરૂપિતાનિ' મારો વધ કરવા નાખેલા હોવા છતાં 'નોપાસ્પૃશાન્' તે અસ્ત્રોએ મારી સમીપમાં મારા રથ વિગેરેનો પણ સ્પર્શ ન કર્યો. 'નોપાસ્પૃશન્' એવો પાઠ છે. નૃસિંહનો દાસ પ્રહ્લાદ તેનું દષ્ટાન્ત પ્રસિદ્ધ છે. દાસ્ય ભક્તિ શાસ્ત્રમાં કહેલી ભક્તિ હોવાથી પ્રમેયબલમાં પ્રમાણબલનું દષ્ટાન્ત[1] આપેલ છે. 'જેમના હસ્તો મધ્યે' શબ્દથી પ્રમેયબલ કહેલું છે 'આસુરાણિ' એટલે અસુરે પ્રયોગ કરેલા શૂલ વિગેરે અસ્ત્રો.૧૬

૧.અર્જુનનો અસ્ત્ર સ્પર્શ ન કરી શક્યાં તેનું કારણ તે ભગવાનના હસ્તો મધ્યે રહેલ તે છે. તે ભગવાનના પ્રમેયબલથી થયું. પ્રહ્લાદ નૃસિંહનો દાસ હોવાથી તેતો સ્પર્શ અસ્ત્રો કરી ન શક્યાં તે તેની દાસ્ય ભક્તિના બલથી, એટલે શાસ્ત્રનાં પ્રમાણનાં બલથી.

ગુણોથી ભગવાને કરેલા ઉપકાર કહીને, મારા સ્વભાવથી કરેલા કર્મોમાં નીચેના શ્લોકથી એમ કહે છે કે નીચ કર્મ કરાવતાં તે અપરાધ સહન કર્યો :

**સૌત્યે વૃતઃ કુમતિનાઽઽત્મદ ઈશ્વરો મે યત્પાદપદ્મમભવાય ભજન્તિ ભવ્યાઃ ।**
**સંશ્રાન્તવાહમ્ અરયો રથિનો ભુવિષ્ટં ન પ્રાહરન્ યદનુભાવનિરસ્તચિત્તાઃ ।।૧૭।।**

જેમના ચરણકમલને સત્પુરુષો મોક્ષ પ્રાપ્ત કરવા ભજે છે તે આત્માનું દાન કરનાર ઈશ્વરને દુષ્ટ બુદ્ધિવાળા મેં સારથિ થવા પસંદ કર્યા. તેમના પ્રભાવથી જેઓનું જ્ઞાન નાશ પામેલું તેવા રથમાં બેઠેલા શત્રુઓએ થાકેલા અશ્વવાળા ભૂમિ ઉપર રહેલા મને માર્યો નહીં.૧૭

ભગવાનને મેં સૂતકર્મમાં રાખ્યા તેનું કારણ હું દુષ્ટ બુદ્ધિવાળો છું. કારણકે ફલરૂપ ભગવાનનો મેં નમાલા કાર્યના સાધન તરીકે ઉપયોગ કર્યો. તેમણે તે સહન કર્યું તેનું કારણ કે તે 'આત્માનું દાન કરનાર છે'. કારણકે પ્રસન્ન થએલા તે પોતાના આત્માનું પણ દાન કરે છે. તેથી તે જીવ તેમનો ગમે ત્યાં ઉપયોગ કરે, કારણકે તે પ્રાપ્ત થએલા છે, એવો અર્થ છે. ત્યારે તેમ કરવામાં શું દોષ? એવો પ્રશ્ન થાય, તેથી 'ઈશ્વર' એમ કહેલું છે. જો કે આત્માનું દાન કરનાર છે, છતાં પણ કરવાની, ન કરવાની અને કરેલું ફેરવવાની શક્તિવાળા ઈશ્વર છે. આનો એવો અર્થ છે કે મારું તેજ હરી લીધું તે તો થોડું જ[1] થયું. 'મે' એટલે મેં અથવા મારા માટે સારથિ કર્યા, કારણકે સારથિપણાંથી કોઈ કાર્ય ન થાય, પણ માત્ર પ્રતિષ્ઠા થઈ. 'જેમના ચરણ

કમલને ભજે છે’ શબ્દોથી પોતે દુષ્ટ બુદ્ધિવાળો હોવાનું જણાવે છે. ‘ભવ્યાઃ’ એટલે સત્પણાંમાં રચ્યા-પચ્યા રહેનારા, સત્પુરુષો એવો અર્થ છે. ‘અભવાય’ એટલે મોક્ષ પ્રાપ્ત કરવા. ‘ચરણ’ શબ્દથી ભક્તિમાર્ગથી મોક્ષ પ્રાપ્ત કરવાનું જણાવેલ છે. ‘કમલ’ શબ્દ સુખથી સેવા કરવા યોગ્ય અને રસ પ્રાપ્ત કરાવે તેવા હોવાનું જણાવે છે. ‘ભજન્તિ’ એટલે ભજે છે, સેવા કરે છે. ‘‘જેમના હાથમાં રાખેલ મને’’ એ શ્લો.૧૬ માં ‘‘શસ્ત્રો વિગેરેએ મારો સ્પર્શ કર્યો ન હતો’’ એમ કહેલું હોવા છતાં, લોકની રીત પ્રમાણે તેનો સ્પષ્ટ વિચાર ન આવે તેથી ફરીથી એમ કહે છે કે જયદ્રથનો વધ કરવાના સમયે મધ્યાહ્નને થાકેલા અશ્વોને વિશ્રાંત કરવા ઉતરેલા મને માર્યો નહીં. ‘થાકેલા અશ્વવાળા’ વિશેષણથી સાધન ન હોવાનું અને ‘શત્રુઓ’ શબ્દથી મારવાનું જરૂરી હોવાનું સૂચવેલ છે. ‘રથમાં બેઠેલા’ ‘ભૂમિ ઉપર રહેલા’ શબ્દોથી શત્રુઓને સાધન હોવાનું અને મારો સાધન ન હોવાનું, અને ‘શત્રુઓએ’ એ બહુવચનથી અને ‘મને’ એ એકવચનથી શત્રુઓને ઈચ્છા કરે તેથી પણ દુર્લભ સ્થિતિ પ્રાપ્ત થએલી સૂચવેલી છે. જે ભગવાનના ‘અનુભાવેન’ અલૌકિક સામર્થ્યથી નાશ પામેલું હતું ‘ચિત્તમ્’ ‘આ મારવા યોગ્ય છે’ એવું જ્ઞાન જેઓનું તેવા શત્રુઓ થયા. આથી એમ સૂચવેલું છે કે મેં અપકાર કર્યો છતાં પણ તેના સમ્બન્ધવાળું આવું ફલ પ્રાપ્ત થયું.૧૭

૧.‘થોડું જ’ એટલે થોડું જ ફલ (પ્ર) મારૂં તેજ હરી લીધું તે તો મારા અપરાધ માટે નજીવી જ શિક્ષા થઈ, એવો અર્થ જણાય છે. અહીં પ્રકાશકારે ‘ફલ’ શબ્દ શિક્ષાના અર્થમાં યોજેલ જણાય છે.

વળી આવા અપકાર કરનાર ઉપર પણ મશ્કરી કરવાની સ્થિતિમાં પણ વચનથી પણ ભગવાને અપકાર કર્યો નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**નર્માણ્યુદારરુચિરસ્મિતશોભનાનિ હે પાર્થ! હેઽર્જુન! સખે! કુરુનન્દનેતિ ।**
**સઞ્જલ્પિતાનિ નરદેવ હૃદિસ્પૃશાનિ સ્મર્તુર્લુઠન્તિ હૃદયં મમ માધવસ્ય ।।૧૮।।**

ઉદાર અને રુચિર સ્મિતથી શોભતાં, હે પાર્થ! હે અર્જુન! હે સખા! હે કુરુનન્દન! એવાં સારી રીતે કહેલાં, હૃદયનો સ્પર્શ કરનારાં માધવના મશ્કરીનાં વચનો, હે નરદેવ!, સ્મરણ કરનારનાં મારા હૃદયમાં ઘૂમે છે.૧૮

ભગવાને અપરાધ કરેલ ન હોવા છતાં પણ પોતાનું સ્મરણ મારાથી થાય તે માટે સર્વ સ્થિતિઓમાં સ્મરણ કરાવે તેવાં-તેવાં વચનો ભગવાને મને જેમ હૃદયમાં પ્રવેશ કરીને હૃદયમાં ‘લુઠન્તિ’ ઘૂમે તેમ કહેલાં. અથવા ‘લુનન્તિ’ ‘ભેદે’ એવો પાઠ છે. ‘નર્માણિ’ એટલે સુખ કરે તેવાં મશ્કરીનાં વચનો. અર્થનું ભાન ન હોય તો પણ સ્વરૂપથી જ સુખ કરે તેવાં, એમ કહેલ છે. ઉદાર અને રુચિર જે સ્મિત સર્વ પુરુષાર્થોનું દાન કરવા માટે ઉદાર, રસ ઉત્પન્ન કરવા માટે રુચિર, કારણકે રસ ઉત્પન્ન ન થાય તો પુરુષાર્થો પણ અયોગ્ય[1] થાય. ‘સ્મિત’ શબ્દથી થોડો મોહ કર્યાનું સૂચવેલ છે. સ્વભાવથી સુંદર વચનોની સ્મિતથી ઘણી શોભા થાય તે વશ કરવાના પ્રયોજનવાળી છે. તે સ્મિતથી હું વશ ન થએલો હોઉં તેવું જોઈને, ‘હે પાર્થ’ એવું મારું

સંબોધન[2] કરતા. મને જડ જોઈને અર્જુન શબ્દનો અર્થ વૃક્ષ થતો હોવાથી 'હે અર્જુન!' એમ કહેતા. છેતરતો અથવા અપકાર કરતો મને જોઈને 'હે સખા' એમ કહેતા. ચતુરાઈ મારામાં ન જૂએ ત્યારે કુરુએ પવિત્ર સ્થલ વસાવેલ હોવાથી 'હે કુરુનન્દન!' એમ કહેતા. તેથી જ ભગવાનનાં વાક્યો સારી રીતે કહેલાં હોવાનું કહેલ છે. 'હે નરદેવ!' એ સંબોધન ગૂઢ અર્થ જણાવવા કરેલું છે. વચનો ગૂઢ અર્થવાળાં ઘણાં અસરકારક હોવાથી હૃદયનો સ્પર્શ કરનારા કહેલાં છે. મારું હૃદય સ્પર્શતાં. મારા હૃદયમાં આપણા સ્વામી માધવનાં સારી રીતે કહેલાં વચનો ઘૂમે છે એવો વાક્યનો સમ્બન્ધ છે.૧૮.

૧.'અયોગ્ય' એટલે અપુરુષાર્થરૂપ. ૨.વસ કરવા માટે સમ્બન્ધી તરીકે સંબોધન કરતા.

એવી રીતે અપરાધનો નાશ કરવા ભગવાને ઉપાય કર્યો, ત્યારે તે કારણથી મેં બીજા અપરાધો કર્યા તે પણ ભગવાને દૂર કર્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**શય્યાસનાટનવિકત્થનભોજનાદિ ષ્વૈક્યાદ્ વયસ્ય ઋતવાનિતિ વિપ્રલબ્ધઃ ।**
**સખ્યુઃ સખેવ પિતૃવત્તનયસ્ય સર્વં સેહે મહાન્ મહિતયા કુમતેરઘં મે ।।૧૯।।**

શય્યા, આસન, ફરવાનું બડાઈ મારવાનું, ભોજન વિગેરેમાં એકપણાંને લીધે, 'વયસ્ય' 'સત્યવાળા' એવી મશ્કરી કરાએલા ઉત્તમે, જેમ મિત્ર મિત્રનો, પિતા પુત્રનો સર્વ અપરાધ સહન કરે તેમ પોતાનાં ઉત્તમપણાને લીધે દુષ્ટ બુદ્ધિવાળાનો મારો અપરાધ સહન કર્યો.૧૯

શય્યામાં સૂવાની બાબતમાં અને આસન વિગેરેની બાબતમાં એકપણું થએલ. શય્યા આસન અને ફરવાનું તામસ વિગેરે ગુણોવાળી સ્થિતિઓ છે. 'બડાઈ મારવાનું' પોતાની પ્રશંસારૂપ સન્નિપાત, બધા ભેગા થએલા ગુણોનું, કાર્ય છે. 'ભોજન વિગેરે' જરૂરી લૌકિક કાર્યો છે. તેઓમાં 'ઐક્યાત્' એકપણાંની સ્થિતિ હોવાથી મેં મશ્કરી કરેલી. કારણકે કોઈપણ સમયે કોઈપણ પોતાની જ શંકા કરતો નથી. એકપણું કરવું એ ભગવાનનો ઉપકાર હતો. હું દુષ્ટને મદ થવાથી 'વિપ્રલબ્ધઃ' આડું બોલીને મેં મશ્કરી કરેલી. તે સમ્બન્ધો મશ્કરીના શબ્દો 'હે વયસ્ય!' શબ્દથી કહેલ છે. વયમાં આપણે બે સરખામાં તમારું ઉત્તમપણું ક્યાંથી અને કેવી રીતે? અથવા મિત્ર કેવી રીતે? વળી 'ઋતવાન્' 'સત્યવાળા' તે અસત્ય કરે છે એમ માનીને હું તેમ કહેતો. 'સહન કરતા' તે મનમાં રોષ રાખ્યા વિના. સહન કરી શકાય તેવા દોષમાં મિત્રનું દૃષ્ટાન્ત, અને સહન કરી ન શકાય તેવા દોષમાં તો પિતાનું દૃષ્ટાન્ત કહેલ છે. પિતા પણ સહન ન કરી શકાય તેવા દોષનો સમાવેશ કરવા 'સર્વં' એમ કહેલું છે. સહન કરાવનારું સ્વરૂપ 'ઉત્તમ' શબ્દથી કહેલું છે. કારણકે કીડી વિગેરે અપરાધ કરે તેને હાથી ગણકારતો નથી. નજરાણું વિગેરે મેં અપરાધ ક્ષમા કરાવવા કરેલ ન હતું એમ 'ઉત્તમપણાંને લીધે' શબ્દથી કહેલું છે. પોતાનાં ઉત્તમપણાંને લીધે જ ભગવાન સહન કરતા. બીજું ભગવાનને સહન કરવાનું કારણ 'દુષ્ટ બુદ્ધિવાળા' શબ્દથી[1] કહેલું છે.૧૯

૧.હું દુષ્ટ બુદ્ધિવાળો હતો તે સહન કરવાનું બીજું કારણ હોવાનું કહેલું છે.

એવી રીતે ભગવાનનું સર્વ ચરિત્ર કહીને, સર્વનો ઉપસંહાર કરવા તેમણે કરેલી લીલાનું નીચેના શ્લોકથી સ્મરણ કરે છે :

**સોઽહં નૃપેન્દ્ર રહિતઃ પુરુષોત્તમેન સખ્યા પ્રિયેણ સુહૃદા હૃદયેન શૂન્યઃ ।**
**અધ્વન્યુરુક્રમપરિગ્રહમ્ અંગ! રક્ષન્ ગોપૈરસદ્ભિરબલેવ વિનિર્જિતોઽસ્મિ ।।૨૦।।**

હે ઉત્તમ રાજા! પુરુષોત્તમ સખા પ્રિય સુહૃદ વિનાનો, હૃદયથી નિરાશ થએલો હું માર્ગમાં મોટા ડગ ભરનારની સ્ત્રીઓનું રક્ષણ કરતાં, હે વહાલા! અબલાની પેઠે નમાલા ગોપોથી પરાજય પામેલો છું.૨૦

'હે ઉત્તમ રાજા!' એ સંબોધન આનો વિચાર તમારે અવશ્ય કરવો, એવો આ અર્થ જણાવવા માટે કરેલું છે. પુરુષ વિનાની થયેલ સ્ત્રી સર્વ કાર્ય કરવામાંથી બાતલ થાય છે, તો પછી પુરુષોત્તમ વિનાના થએલાના સમ્બન્ધમાં તો કહેવાનું જ શું હોય? આથી ઉત્તમ કાર્ય કરવામાંથી બાતલ થએલ હોવાનું જણાવ્યું. 'સખા વિનાનો ' શબ્દથી મધ્યમ કાર્યમાંથી બાતલ થએલ હોવાનું જણાવ્યું. 'પ્રિય વિનાનો' શબ્દથી તેથી છેવટનો અધમ કાર્યથી બાતલ થએલ હોવાનું જણાવ્યું. કારણકે પ્રિય માણસ પ્રિયનું હલકું કાર્ય પણ કરે છે. એવી રીતે પોતામાં રહેલ કાર્ય ન કરવાનાં કારણો કહીને, ભગવાનમાં રહેલું કાર્ય ન કરવાનું કારણ 'સુહૃદ વિનાનો' શબ્દથી કહે છે. તે સુહૃદ વિનાના થવાનું ફલ 'હૃદયથી નિરાશ થએલો' વિશેષણથી કહેલું છે. ઉત્તમ ગુણો તેમની સાથે રહેવાથી પ્રાપ્ત થએલા, તે જતાં રહેતાં સર્વ ગુણો જતા રહ્યા, તેથી નિરાશા થઈ. હૃદય શૂન્ય થયું એવો અર્થ છે. તેથી બીજું પણ કાર્ય થયું એમ કહેતાં 'અથવા તારો પરાભવ થયો છે?' (અ.૧૪.શ્લો.૪૨) એ તમારું અનુમાન સાચું થએલ છે એમ ઉત્તરાર્ધથી કહે છે. 'પરિગ્રહઃ' એટલે સ્ત્રીઓનો સમૂહ. 'હે વહાલા!' એ સામનો કરવાનો નથી એમ જણાવવા કરેલું કોમલ સંબોધન છે. 'અબલા' એટલે સ્ત્રી.૨૦

તેથી ભગવાનથી વિખૂટો થવાથી સર્વનો નાશ થયાનું નીચેના શ્લોકથી કહે છે :

**તદ્ વૈ ધનુસ્ત ઈષવઃ સ રથો હયાસ્તે સોઽહં રથી નૃપતયો યત આનમન્તિ ।**
**સર્વં ક્ષણેન તદભૂદ્ અસદીશરિક્તં ભસ્મન્ હુતં કુહકરાદ્ધમિવોપ્તમૂષ્યામ્ ।।૨૧।।**

ખરેખર તે ધનુષ્ય, તે બાણો, તે રથ, તે અશ્વો, તે હું રથી કે જેનાથી રાજાઓ સર્વ તરફથી નમન કરતા હતા તે સર્વ ઈશ વિનાનું થતાં એક ક્ષણમાં ભસ્મમાં હોમેલા, ઠગની આરાધના અને ખરાબમાં વાવેલા, ની પેઠે નકામું થયું.૨૧

ગાંડીવરૂપ ધનુષ્ય કહેલું છે. 'અર્જુનનાં આ બાણો' એમ પ્રશંસા પામેલા તે બાણો. ઉલ્લંઘન થઈ ન શકે તેવો રથ. સર્વ સ્થલે જનારા અશ્વો, ભીષ્મ વિગેરેને મારનાર હું રથી. જે સાધનોથી રાજાઓ સર્વ તરફથી નમન કરતા. અથવા 'આમનન્તિ' એવો પાઠ હોય ત્યારે

'માન આપતા' એવો અર્થ થાય. તે સમ્બન્ધમાં, જેમ અંગારાઓમાંથી અગ્નિ જતી રહે ત્યારે રાખ થાય, તે સમયે અગ્નિનું સ્વરૂપ દેવપણું બાળવાનો ગુણ બધુંએ જતું રહે છે તેવી રીતે ઉપર કહેલા સાધનોમાં ઈશ્વરે પ્રવેશ કરેલો ત્યારે તે સર્વ કાર્ય થયું. ઈશ્વર નીકળી જતાં સર્વનો નાશ થયો. એવી રીતે 'અન્વય' ભગવાનનો પ્રવેશ અને 'વ્યતિરેક' ભગવાનનું નીકળી જવું થી જે પ્રાપ્ત થયું અને જે પ્રાપ્ત ન થયું, તેનો વિચાર કરવાથી સર્વ ભગવાને કરેલું એમ સાબિત થાય છે; કારણકે માત્ર અન્વય ભગવાનનો પ્રવેશ હતો ત્યારે સર્વ કાર્ય થયું. તેથી ખાસ કરીને એકલા તેથી જ કાર્ય થયું એવો નિશ્ચય ન થાય. હમણાં તો તે ઈશ્વર નો આધાર ન હોવાથી તે સાધનો નકામાં થયાં છે એવા અભિપ્રાયથી 'સર્વ નકામું થયું' એમ કહેલું છે. ઈશ્વર વિનાનું સર્વ નકામું થયું, એવો અર્થ છે. કાર્ય કરતું ન હોવાથી નકામું થયું, અથવા ફલ પ્રાપ્ત કરાવવું તે જ તેમનું સ્વરૂપ હોવાથી, તે તેમનું સ્વરૂપ રહેલ નથી, કારણકે તે ફલ પ્રાપ્ત કરાવવાથી જ તેમની પ્રસિદ્ધિ હતી.

આ વિષયમાં ફલ પ્રાપ્ત ન કરાવવાપણામાં લોક અને વેદના ભેદથી બે દૃષ્ટાન્ત કહે છે. લોકમાં પણ પોતાનો ધંધો અને સેવા ના સમ્બન્ધથી બે દૃષ્ટાન્તો છે. વેદમાં તો તે બે ભેગાં કરીને એક દૃષ્ટાન્તમાં જ બે કહેલાં છે. તેથી ત્રણ દૃષ્ટાન્તો કહે છે. તે પૈકી વૈદિક દૃષ્ટાન્ત 'ભસ્મમાં હોમેલા' શબ્દથી કહેલું છે. જો પહેલી આહુતિ હોમવામાં આવે ત્યારે યજમાનનું મૃત્યુ થાય, તો દક્ષિણ તરફથી ઠંડી ભસ્મમાં પછીની આહુતિ લઈ જાય અથવા તેનો ભસ્મનો સમૂહ કરે એમ ભસ્મમાં હોમ કરવાનું કહેલ છે. તે હોમ જેવી બાકી રહેલી તેમાં કરેલ હોવાથી, તેનો નકામા કાર્યમાં ઉપયોગ થાય છે. તેવી રીતે મેં ધનુષ્ય વિગેરેનો ગોપોમાં ઉપયોગ કર્યો તે નકામો થયો એવો અર્થ છે. ન થયું ઈશ્વરનું આરાધન અને ન થયો ધર્મ. લોકમાં ઈશ્વર–રાજાનું આરાધન થાય છે, તેનાથી કાર્ય સિદ્ધ થાય છે. તે કાર્ય ઈશ્વરથી સિદ્ધ થએલું કહેવાય છે. ઈશ્વર–રાજા જો ઠગ હોય તો તેનું ફલ અડદના દાનની પેઠે ખરાબ થાય. આથી એમ કહેલું છે કે અધિષ્ઠાતા દેવો ઉલટું ફલ આપે તેથી કાર્ય નકામું થાય. એવી રીતે ફલ નકામું થએલ[૧] હોવાનું કહીને, 'ખરાબામાં વાવેલાની પેઠે' શબ્દોથી સાધન નકામું થયાનું[૧] કહે છે. 'ઊષી' એટલે ખારરૂપ પૃથ્વી. 'ઊષ' ને 'ઈ' પ્રત્યય લાગવાથી પાણિનિ.૪–૧–૪૧ પ્રમાણે 'ઊષી' થએલ છે. તે બીજની શક્તિને બાળનારી છે. તેમાં પહેલાં બીજનો સ્વરૂપથી જ નાશ થાય છે તેવી રીતે અહીં પણ મારા લૌકિક રથીપણાંનો પણ નાશ થયો, એવો અર્થ છે.૨૧.

૧.સ્ત્રીઓની રક્ષા ન થઈ તે દેવનું નકામા થવું, રક્ષણ ન થવું તે સાધ્ય નકામું થયું ધનુષ્ય વિગેરે કામ ન કરી શક્યાં તે સાધન નકામું થયું.

એ પ્રમાણે બીજા પ્રશ્નનો ઉત્તર કહીને, નીચેના શ્લોકથી આરંભી પહેલા પ્રશ્નનો ઉત્તર કહે છે :

**રાજંસ્ત્વયાऽનુપૃષ્ટાનાં સુહૃદાં નઃ સુહૃત્પુરે ।**
**વિપ્રશાપવિમૂઢાનાં નિઘ્નતાં મૃષ્ટિભિર્મિથઃ ।।૨૨।।**

**વારુણીં મદિરાં પીત્વા મદોન્મયિતચેતસામ્ ।**
**અજાનતામ્ ઈવાઽન્યોન્યં ચતુઃપઞ્ચાઽવશેષિતાઃ ।।૨૩।।**

હે રાજન્! મિત્રના નગરમાં આપણા મિત્રો વિષે તમે પૂછેલું, તેઓ વિપ્રના શાપથી ઘણા મૂઢ થઈ, વારુણી મદિરાનું પાન કરીને મદથી પીડાએલ ચિત્તવાળા થઈ ન જાણતા હોય તેની પેઠે એક-બીજાને પરસ્પર મુક્કીઓથી મારતાં, તેઓમાંના ચાર-પાંચ જ બાકી રહેલા છે.૨૨-૨૩.

મિત્રના નગરમાં મિત્રોનું જે કુશલ પૂછ્યું, તેનો ઉત્તર કહું છું. તેમને શાપ થયો. તે વિપ્રના શાપથી ઘણા મૂઢ થએલા બીજા પ્રદેશ-પ્રભાસમાં જઈ મુક્કીઓથી મારવા લાગ્યા. પરસ્પર યુદ્ધ કરવાનું કારણ 'વારુણી મદિરાનું પાન કરીને' શબ્દોથી કહેલું છે. અમૃતનું મથન કરેલ તેમાંથી વારુણી મદિરા નીકળેલી તે તાડ વિગેરેમાં રહી. તાડમાંથી ઉત્પન્ન થએલી 'વારુણી' કહેવાઈ. તેના મદથી પીડાએલ ચિત્તવાળા વિવેક ગૂમાવેલાઓમાંના ચાર-પાંચ બાકી રહેલા છે, એવો વાક્યનો સમ્બન્ધ છે. ચાર સાથે ભળેલા પાંચ તે ચારપાંચ નવ[1] દ્રવ્યો યાદવોના શરીરોમાં સંઘાતોમાં પ્રવેશેલાં. તેઓમાંના ચાર પ્રકારનાનાં પરમાણુઓ સાથે આકાશ વિગેરે પાંચ દ્રવ્યો બાકી રહ્યાં.

સ્નેહ તેમ થતાં અટકાવનારો હોવાથી એમ કેમ થયું? એવો પ્રશ્ન થાય, તેથી 'ન જાણતા હોય તેની પેઠે' એમ કહેલું છે. યુદ્ધ કરવાનું જ્ઞાન હતું, બીજાં કાર્યનું જ્ઞાન ન હતું, એવો અર્થ છે.૨૨-૨૩.

૧.પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો છે. તેમાંના પહેલા ચાર અનિત્ય છે, પણ તેઓનાં પરમાણુઓ નિત્ય છે તે બાકી રહ્યા બાકીના પાંચ નિત્ય હોવાથી બાકી રહ્યા એવો અર્થ છે.

નીચેના શ્લોકમાં આ વિષયમાં કર્તા સમ્બન્ધી અનુમાન કરે છે :

**પ્રાયેણૈતદ્ ભગવત ઈશ્વરસ્ય વિચેષ્ટિતમ્ ।**
**મિથો નિઘ્નન્તિ ભૂતાનિ ભાવયન્તિ ચ યન્ મિથઃ ।।૨૪।।**

પ્રાણીઓ જે પરસ્પર હણે છે અને પરસ્પર રક્ષણ કરે છે. આ ઘણું કરીને ભગવાન્ ઈશ્વરનું કાર્ય છે.૨૪

ભગવાન્ સર્વનાં કર્તા અને રક્ષણ કરનાર હોવાથી ભગવાન્ આ કાર્યનાં કર્તા હોવાનો નિશ્ચય થાય છે. કાલે કરેલું હોવાનું પણ સંભવે છે, તેથી 'ઘણું કરીને' એમ કહેલું છે. તે કાલમાં પણ ભગવાન રહેલા હોવાથી ભગવાન કરે છે એ વધારે સારો વિકલ્પ છે. જે વિષય જોવામાં આવે છે તેને જુદા પ્રકારે જણાવતાં, સર્વ સ્થલે લોક કરે છે તે કાર્યના કર્તા ભગવાન છે એમ ઉત્તરાર્ધથી કહે છે. સરખે સરખા મારે અને રક્ષણ કરે તે પ્રેરક અંતર્યામીનું કાર્ય છે, કારણકે તેઓ પોતામાં કોઈ મોટો અથવા નાનો નથી. 'ચ' 'અને' શબ્દથી ઉત્પન્ન કરે છે તે પણ

ભગવાનનું કાર્ય હોવાનું જણાવેલ છે. પુત્રના ઘરમાં પોતે ઉત્પન્ન થએલો પિતા પુત્ર થાય છે.૨૪

યાદવોના નાશમાં ભગવાનનું કાર્ય કેમ હોઈ શકે, કારણકે વેદમાં તે કહેલ નથી! એવી શંકા થાય તેથી નીચેના શ્લોક કહે છે :

**જલૌકસાં જલે યદ્વન્ મહાન્તોઽદન્ત્યણીયસઃ ।**
**દુર્બલાન્ બલિનો રાજન્ મહાન્તો બલિનો મિથઃ ।।૨૫।।**
**એવં બલિષ્ઠૈર્યદુભિઃ મહદ્ભિરિતરાન્ વિભુઃ ।**
**યદૂન્ યદુભિરન્યોન્યં ભૂભારાન્ સંજહાર હ ।।૨૬।।**

હે રાજન્! જલમાં જેમ જલચરોમાંના મોટા નાનાને, બલવાન દુર્બલોને અને મોટા બલવાળાઓ પરસ્પર એક બીજાને ખાય છે, તેમ શક્તિવાળા ભગવાને બલવાન મોટા યાદવોથી બીજાઓનો અને ભૂમિના ભારરૂપ થએલા યાદવોનો એક-બીજાથી સંહાર કર્યો.૨૫-૨૬.

જેમ અગ્નિના શાપથી મૂઢ થયેલાં માછલાં એક-બીજાને મારે છે તેથી મોટા નાનાને મારે એવો માછલાઓનો ન્યાય છે. તેવી રીતે અહીં બલવાન યાદવોએ દુર્બલને હણ્યા. 'હે રાજન્!' એ સંબોધન યુધિષ્ઠિરની સંમતિ માટે કરેલું છે. મોટાઓ તો પરસ્પર એક-બીજાને મારવાથી મૂઆ. શ્લો.૨૬ થી ઉપસંહાર કરે છે. બલવાન મોટા યાદવોથી બીજા બલ વગરના નાના યાદવોને હણાવ્યા. બધા ભગવાને મારવાના હતા, તેઓ અન્યોન્ય કેમ મરણ પામ્યા? એવો પ્રશ્ન થાય, તેથી 'શક્તિવાળા' એમ કહેલું છે. ભગવાન સર્વ કરવાની શક્તિવાળા છે. તેઓથી જ તેમને હણાવ્યા. મહાપુરુષ સાધનોથી કાર્ય કરે છે, વધારે મહાન હોય તે આજ્ઞાથી કરે છે, અને સર્વ શક્તિમાન ઈચ્છાથી કરે છે. 'એક- બીજા યાદવોથી' નો એવો અર્થ છે કે જેમ વિવાહમાં અને ઉત્સવ વિગેરેમાં એક-બીજાને પીરસે છે તેમ એક બીજાને હણવાનું થયું.૨૫-૨૬.

એવી રીતે સામાન્ય રૂપથી સંક્ષેપથી કથા કહીને, વિસ્તારથી કહે એવી ઈચ્છા થતાં, પહેલાં મૂકી દીધેલ ગુણોવાળા[1] ભગવાનનાં સ્મરણથી મુંઝવણ થતાં મારાથી બોલી શકાતું નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**દેશકાલાર્થયુક્તાનિ હૃત્તાપોપશમાનિ ચ ।**
**હરન્તિ સ્મરતશ્ચિત્તં ગોવિન્દાભિહિતાનિ મે ।।૨૭।।**

દેશ અને કાલ ની વાસ્તવિક સ્થિતિવાળાં અને હૃદયનાં તાપની શાંતિ કરનારાં ગોવિંદનાં વાક્યો સ્મરણ કરનારનું મારું ચિત્ત હરે છે.૨૭

[ક]દેશ અને કાલ થી જે વાસ્તવિક સ્થિતિ થએલી તે સ્થિતિ વાળાં નીતિનાં વાક્યો, [ખ]હૃદયનાં તાપની શાંતિ કરનારાં અને 'ચ'-'અને' શબ્દથી જણાવેલાં [ગ]ભગવાનનું માહાત્મ્ય

દર્શાવનારાં દ્વ એવા ત્રણે પ્રકારનાં વાક્યોનો પહેલાં જ મને ભગવાને બોધ કરેલો. દેશ અને કાલ ને અનુસરીને સર્વ કરવું એ નીતિ. આત્મામાં શ્રદ્ધા રાખી બહારના ધર્મોનો ત્યાગ કરવો. ભગવાનનાં માહાત્મ્યનાં જ્ઞાનથી ભગવાન સમ્બન્ધી મોહ તજવો. તે ભગવાને કહેલાં વાક્યોનું હમણાં સ્મરણ કરું છું ત્યારે તે મારા ચિત્તને હરે છે, કારણકે તેમનાં અર્થનું ભાન થતાં તે ભગવાનનાં વાક્યો હોવાથી શોક દૂર કરવાનાં સ્વરૂપથી જ શોક ઉત્પન્ન કરે છે. તેથી શબ્દનાં ઘણાં બલથી શોક થતાં હું શાંત[2] રહું છું.૨૭

૧.પાછળ શ્લો. ૩ ઉપરનાં સુબોધિની જૂઓ.

૨.આ શ્લોકમાં શાંત રહેવાનું સ્પષ્ટ કહેલ ન હોવા છતાં શ્લો.૨૮માં ચિંતનથી થએલ હોવાનું કહેલ છે, તેના અંગ તરીકે આ જાણવું.

એવી રીતે ગુણના મુખ્યપણાંથી સ્મરણ કરેલા ભગવાનથી ભક્તિ ઉત્પન્ન થતાં અને ભક્તિથી ભગવાનનાં ચરણકમલનું સ્મરણ થતાં દઢ પ્રેમ ઉત્પન્ન થતાં, જીવ અને ભગવાન નજીક થતાં, સત્ત્વગુણનો આવેશ થવાથી અને પરમાનન્દ પ્રકટ થવાથી રજોગુણ અને તમોગુણ થી થતા દોષો દૂર થતાં બુદ્ધિ શાંત અને સ્વચ્છ થઈ. સત્ત્વગુણથી શાંત થઈ, બીજા બે રજોગુણ અને તમોગુણ દૂર થતાં સ્વચ્છ થઈ. બુદ્ધિ હોવાથી સ્વભાવથી જ જ્ઞાનરૂપ હતી. આ સર્વ થયું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત ઉવાચ :**

**એવં ચિન્તયતો જીષ્ણોઃ કૃષ્ણપાદ-સરોરુહમ્ ।**
**સૌહાર્દેનાऽતિગાઢેન શાન્તાऽऽસીદ્ વિમલા મતિઃ ॥૨૮॥**

એવી રીતે અર્જુન ઘણા ગાઢ સ્નેહથી શ્રીકૃષ્ણના ચરણકમલનું ચિંતન કરતો હતો ત્યારે તેની બુદ્ધિ શાંત અને સ્વચ્છ થઈ.૨૮

સુષુપ્તિમાં થાય છે તેમ ઉપરથી શોક દૂર થયેલ હોવા છતાં, સંપૂર્ણ રીતે દૂર થયેલ ન હતો તેથી જ્ઞાનનો પ્રકાશ થયાનું કહે છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન અનુક્રમે પ્રમાણ અને વસ્તુને[1] અધીન હોવાથી તે થવામાં ઉપદેશની જરૂર નથી, પરન્તુ પ્રમાણ અને વસ્તુના ઢાંકણ દૂર કરવાં જોઈએ. તે પૈકી પ્રમાણનું ઢાંકણ રજોગુણ અને તમોગુણ દૂર થઈને સત્ત્વગુણ પ્રકટ થવાથી દૂર થએલા જેવું છે. જીવાત્માનું ઢાંકણ માયા છે. ભગવાનનું ઢાંકણ ભગવાનની ઈચ્છા છે. તે પૈકી જીવનું ઢાંકણ ભક્તિ સાથેનાં જ્ઞાનથી દૂર થાય છે. ભગવાનનાં માહાત્મ્યનાં જ્ઞાન સાથે ભગવાન ઉપરનાં ઘણાં પ્રેમથી ભગવાનની સેવા થાય ત્યારે ભગવાનનું આવરણ દૂર થાય છે. તેમ થાય ત્યારે નિર્મલ દષ્ટિવાળાને સૂર્યના પ્રકાશનો સાક્ષાત્કાર થાય છે તેમ ભગવાનના બે સ્વરૂપનો[2] મનથી સાક્ષાત્કાર થાય છે. તે સમ્બન્ધ માં અર્જુનને બંને થયાં એમ નીચેના બે શ્લોકોથી કહે છે :

૧.વસ્તુ એટલે ભગવાન એવો અર્થ જણાય છે. ૨.બે સ્વરૂપ એટલે જીવ અને પરમાત્મા એવો અર્થ છે.

**વાસુદેવાંધ્ર્યનુધ્યાન પરિબૃંહણરંહસા ।**
**ભક્ત્યા નિર્મથિતાશેષ કષાયધિષણોઽર્જુનઃ ।।૨૯।।**
**ગીતં ભગવતા જ્ઞાનં યત્તત્ સંગ્રામમૂર્દ્ધનિ ।**
**કાલકર્મતમો રુદ્ધં પુનરધ્યગમદ્‌વિભુઃ।।૩૦।।**

વાસુદેવનાં ચરણનાં ધ્યાનથી કરેલા આલિંગનરૂપ વેગવાળી ભક્તિથી જેની બુદ્ધિની સર્વ ક્ષીણતા નાશ પામેલી તેવા સમર્થ અર્જુને, ભગવાને જે જ્ઞાન યુદ્ધના મોરચે કહેલું અને કાલ કર્મ અને તમોગુણે અટકાવી રાખેલું તે ફરીથી પ્રાપ્ત કર્યું.૨૯-૩૦.

બુદ્ધિ શાંત હોવા છતાં વાસનાવાળી હોવાથી, ફરી વાસનાની ઉત્પત્તિ ન થાય તે માટે વાસુદેવના ચરણનાં ધ્યાનનું જે 'પરિબૃંહણ'=આલિંગન, તે જ હતો વેગ જેનો તેવી ભક્તિએ 'નિર્મથિતાઃ' સાર વિનાની કરેલી અથવા સ્વરૂપથી નાશ કરેલી હતી સર્વ ક્ષીણતા જેની; તેવી બુદ્ધિ હતી જેની, તેવો અર્જુન થયો, એવો અર્થ છે. આથી એમ કહેલું છે કે બુદ્ધિનું ઢાંકણ વાસના સાથે દૂર થયું.૨૯

જીવનું ઢાંકણ દૂર કરવાનો ઉપાય ત્રીસમા શ્લોકથી કહે છે. શુદ્ધ અન્તઃકરણમાં પ્રમાણે ઉત્પન્ન કરેલું જ્ઞાન આવરણને દૂર કરે છે. તે જ્ઞાન પહેલા જ ભગવાને ઉપદેશ કરેલા ગીતાથી પ્રાપ્ત થએલું જ હતું, પરન્તુ ત્રણ ગુણ પ્રકારના કાલ, કર્મ અને તમોગુણ થી જ્ઞાન સાથેની બુદ્ધિ ઢંકાએલી હતી. તે જ્ઞાન હવે ઢાંકણ દૂર થવાથી પોતાની મેળે જ પ્રાપ્ત થયું એમ ત્રીસમા શ્લોકથી કહે છે. ગીતામાં ભગવાને જે જ્ઞાન કહેલું તે ફરી પ્રાપ્ત કર્યું, એવો વાક્યનો સમ્બન્ધ છે.

ક્રિયારૂપ જ્ઞાન ત્રણ ક્ષણ રહેનારું[1] હોવાથી કારણ સાથે પોતે તિરોહિત થએલું હોવાથી, ગૂમાવેલું કેવી રીતે પ્રાપ્ત કર્યું? એવો પ્રશ્ન થાય, તેથી 'સમર્થ' એમ કહેલું છે. સમર્થ હોવાથી જ્ઞાનના તિરોભાવને દૂર કર્યો[2] એવો અર્થ જણાય છે.૩૦.

૧.બીજાઓના મત પ્રમાણે પૂર્વપક્ષ તરીકે આ કહેલ છે, કારણકે મૂલ ગ્રંથ માં તેને 'અટકાવેલું' કહેલ હોવાથી તે લાંબા સમય સુધી રહે તેવું હોવાનું ઈચ્છેલું છે.
૨.કારણકે ફરી પ્રાપ્ત થવાનું કહેલું છે.

પછી[1] જે પ્રકારે આત્માનું ઢાંકણ દૂર થયું તે ક્રમથી નીચેના શ્લોકથી કહે છે :

**વિશોકો બ્રહ્મસમ્પત્યા સઞ્છિન્ન-દ્વૈતસંશયઃ ।**
**લીનપ્રકૃતિનૈર્ગુણ્યાદ્ અલિંગત્વાદ્ અસમ્ભવઃ ।।૩૧।।**

બ્રહ્મની પ્રાપ્તિથી શોકરહિત થએલો, જેના દ્વૈતસમ્બન્ધી સંશયોનો નાશ થએલો છે તેવો, લય પામેલી પ્રકૃતિને લીધે નિર્ગુણ થવાને લીધે લિંગ રહિત થવાથી દોષની ઉત્પત્તિ ન થાય તેવો થયો.૩૧

''બ્રહ્મ જાણનાર બ્રહ્મજ થાય છે'' એ શ્રુતિ પ્રમાણે જ્ઞાન થતાં બ્રહ્મની પ્રાપ્તિ થઈ.

વિષય પ્રાપ્ત ન થવાથી શોક થાય છે. બ્રહ્મરૂપ થવાથી સર્વ વિષયોની પ્રાપ્તિ થતાં શોક રહે નહીં, તેથી સર્વ વિષયોની પ્રાપ્તિ થયાનું 'જેના દ્વૈત સમ્બન્ધી સર્વ સંશયોનો નાશ થએલો છે' વિશેષણથી કહેલ છે. 'સમ્યક્' સારી રીતે 'છિન્નાઃ' નાશ પામેલા છે દેહ વિગેરે દ્વૈતપ્રપંચના સમ્બન્ધવાળા 'સંશયાઃ' સંશયો જેના તેવો થયો. કારણકે પોતેજ સર્વના રૂપવાળો થતાં કોઈ પણ સન્દેહ રહેતો નથી. અથવા દ્વૈતમાં સર્વ સ્થલે આત્માનો પ્રવેશ થવાથી વિભાગવાળી સ્થિતિ હોવાથી આ આત્માનાં સ્વરૂપનો નાશ થવાના સંશયો સર્વમાં રહેલા તે આત્માએ બ્રહ્મરૂપ થઈ સર્વની અંદર પ્રવેશ કરવાથી બહારના સમ્બન્ધવાળા સર્વ સન્દેહો બંધ થઈ ગયા, એવો અર્થ છે.

બહારનો વિષય રહેલો હોવાથી ફરી તેનો સમ્બન્ધ થતાં સન્દેહો થશે ? એવી શંકા થાય તેથી 'લય પામેલી પ્રકૃતિને લીધે નિર્ગુણ થવાને લીધે લિંગ રહિત થવાથી' એમ કહેલું છે. લય પામેલી જે પ્રકૃતિ તેને લીધે જે 'નૈર્ગુણ્ય' નિર્ગુણ સ્થિતિ થઈ, તેને લીધે લિંગ શરીર ન રહેવાથી મૂલદોષો દૂર થવાથી 'અસમ્ભવઃ[2]' ફરી તેમની ઉત્પત્તિ થશે નહીં, એવો અર્થ છે. તેથી ઉત્પત્તિ ન થવાથીજ, અને લિંગ શરીર રહેલ નહીં હોવાથી સમ્બન્ધ થશે નહીં. એવી રીતે સર્વ દોષો દૂર થવાની સાથે બ્રહ્મભાવ થતાં શોકો દૂર થયા એવો અર્થ છે.૩૧

૧.'પછી' એટલે જ્ઞાન ફરી પ્રાપ્ત થયા પછી.

૨.નથી થવાની સંશયોની ઉત્પત્તિ જેમાં તે 'અસમ્ભવઃ' એવો બહુવ્રીહિ સમાસ છે.

એવી રીતે અર્જુન કૃતાર્થ થયાનું કહીને, રાજા કૃતાર્થ થવાનું કહેવા માટે, નીચેના શ્લોકથી તેનો નિર્ણય કહે છે :

**નિશમ્ય ભગવન્માર્ગં સંસ્થાં યદુકુલસ્ય ચ ।**
**સ્વઃપથાય મતિં ચક્રે નિભૃતાત્મા યુધિષ્ઠિરઃ ।।૩૨।।**

ભગવાનનો માર્ગ અને યદુકુલનું મૃત્યુ જાણીને દઢ અન્તઃકરણવાળા યુધિષ્ઠિરે સ્વર્ગના માર્ગે જવાનો નિશ્ચય કર્યો.૩૨

ભગવાન વૈકુંઠ પધાર્યા એવા ભગવાનનો માર્ગ અને યદુકુલનું 'સંસ્થામ્' મૃત્યુ જાણીને 'નિભૃતાત્મા' દઢ અન્તઃકરણવાળા યુધિષ્ઠિરે સ્વર્ગના માર્ગે એટલે દેવોના માર્ગે જવાનો નિશ્ચય કર્યો એવો અર્થ છે.૩૨

**પૃથાઽપ્યુપશ્રુત્ય ધનઞ્જયોદિતં નાશં યદૂનાં ભગવદ્ગતિં ચ તામ્ ।**
**એકાન્તભક્ત્યા ભગવત્યધોક્ષજે નિવેશિતાત્મોપરરામ સંસૃતેઃ ।।૩૩।।**

કુંતિએ પણ ધનંજયે કહેલ યદુઓનો નાશ અને ભગવાનની પ્રસિદ્ધ સ્થિતિનું શ્રવણ કરીને અનન્ય ભક્તિથી અધોક્ષજ ભગવાનમાં અન્તઃકરણ રાખી સંસારનો અંત આણ્યો.૩૩

ક્રમથી મુક્તિ કહેવા આ શ્લોકથી કુંતીની મુક્તિ કહે છે. કુંતીએ તરતજ ઉપર કહેલું

સાંભળીને ભગવાનમાં ચિત્ત રાખેલી થઈ, પરમપ્રેમને લીધે પ્રકટ થએલા ભગવાનમાં સાયુજ્ય પ્રાપ્ત કર્યું, શરીર તજ્યું, એવો અર્થ છે.૩૩

ભગવાને શા માટે એમ કર્યું? એવો પ્રશ્ન થાય, તેથી ભગવાને યાદવોનો નાશ કર્યો તેમાં ભગવાન યાદવોના આત્મા હોવાથી દોષ નથી,[૧] એમ કહેવા નીચેનો શ્લોક કહે છે :

**યયાઽહરદ્ ભુવો ભારં તાં તનું વિજહાવજઃ ।**
**કંટકં કંટકેનેવ દ્વયં ચાઽપીશિતુઃ સમમ્ ।।૩૪।।**

જેમ કાંટાથી કાંટાને કાઢે તેમ જેનાથી ભૂમિનો ભાર હર્યો તે દેહને જન્મરહિત ભગવાને તજ્યો. અને બંને ઈશ્વરને સમાન હતા.૩૪

જે સાહાય્ય માટે આણેલા યાદવરૂપ દેહથી ભૂમિનો ભાર હર્યો, તે દેહનો ત્યાગ[૨] કર્યો. તેમ કરવામાં ભગવાનને કલેશ થયો ન હતો એમ જણાવવા 'જન્મરહિત' એમ કહેલું છે. કારણકે ભગવાન તે દેહથી જન્મ્યા ન હતા. 'કાંટાથી કાંટાને કાઢે' શબ્દથી તે સમ્બન્ધમાં દૃષ્ટાન્ત કહેલું છે. આ વડે યાદવોમાં સર્વથા આત્મીયતાનો અભાવ સૂચિત કર્યો. છતાં, દેહમાં અભિમાન રાખનાર જીવોને દુઃખ થતું હોવાથી એમ કેમ કર્યું? એવો પ્રશ્ન થાય, તેથી 'બંને ઈશ્વરને સમાન હતા' એમ કહેલું છે. વશ રાખનારને બંને[૩] સમાન હતા.૩૪

૧.'આત્મત્વાત્ દોષાભાવઃ' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૨.કાર્ય પુરું થયું, એટલે પ્રયોજન ન રહેવાથી તજ્યું, એવો અર્થ છે.
૩.ભૂમિના ભારરૂપ દેહ દુષ્ટ રાજાઓ વિગેરે, અને યાદવોનો દેહ.

નીચેના શ્લોકથી ભગવાનના સમ્બન્ધ માં જુદો પ્રકાર કહે છે :

**યથા મત્સ્યાદિરૂપાણિ ધત્તે જહ્યાદ્ યથા નટઃ ।**
**ભૂભારક્ષપિતો યેન જહૌ તચ્ચ કલેવરમ્ ।।૩૫।।**

અને જેમ મત્સ્ય વિગેરે દેહો નટની પેઠે ધારણ કરે છે અને તજે છે તેમ જેનાથી ભૂમિનો ભાર ઉતાર્યો તે કલેવરનો ત્યાગ કર્યો.૩૫

જેમ નટ પોતાના દેહને જ જુદા-જુદા પ્રકારની ક્રીડા કરવા સ્ત્રી વિગેરેના આકારથી દેખાડે છે, અને કાર્ય પુરું થાય ત્યારે તે આકારોને બંધ કરે છે, એવી રીતે આ પણ છે, એવો અર્થ છે.૩૫

નીચેના શ્લોકમાં આ કહેવાનો ચાલુ પ્રસંગમાં ઉપયોગ કહે છે :

**યદા મુકુન્દો ભગવાન્ ઈમાં મહીં જહૌ સ્વતન્વા શ્રવણીયસત્કથઃ ।**
**તદાઽહરેવાપ્રતિબુદ્ધચેતસામ્ અભદ્રહેતુઃ કલિરન્વવર્તત ।।૩૬।।**

જેમની ઉત્તમ કથા શ્રવણ કરવા યોગ્ય છે તેવા ભગવાન મુકુન્દે જ્યારે આ પૃથ્વીનો

પોતાના દેહ દ્વારા ત્યાગ કર્યો તે જ દિવસે જેમનાં ચિત્ત જાગ્રત થએલાં નથી તેઓનું અકલ્યાણ કરનાર કલિ આવ્યો.૩૬

સર્વનો મોક્ષ આપવા અવતરેલા ભગવાન જ્યારે મોક્ષ આપીને પધારી ગયા ત્યારે કલિના ગુણો મોક્ષ પ્રાપ્તિમાં વિઘ્ન કરનારા કહેલા હોવાથી તે ગુણો જ્યારે ભૂમિ ઉપર આવેલા હોય ત્યારે ત્યાં રહેલાને મોક્ષ પ્રાપ્ત ન થાય, તેથી નીકળી જવું એ જ શરણ છે એવું વિચારી, ભગવાન સિવાય મોક્ષ કરાવનાર ભાગવત વિગેરે નહીં હોવાથી, કલિકાલે ઘેરેલો ન હોય તેવા દેશમાં ભગવાન સાથેજ જવું એવો યુધિષ્ઠિરે નિશ્ચય કર્યો એમ આ શ્લોકથી કહે છે :

**કલિ કાલમલં સર્વં કાલસ્વામી તુ માધવઃ ।**

**યતો નિવર્તતે તત્ર વહ્નાવિવ નિકૃષ્ટતા ।।૯।।**[1]

કાલનો સર્વ મલ કલિ છે, કાલના સ્વામી તો માધવ છે. જ્યાંથી માધવ નીકળી જાય છે ત્યાં અગ્નિ નીકળી જવાની પેઠે અધમતા થાય છે.કા.૯

**દારૌ તુ ન તથા તેન દેશાન્તરગતિર્મતા ।**

**અગ્નિભાવેઽપિ કાષ્ઠેન સ સાધ્ય ઈતિ નિશ્ચયઃ ।।૧૦।।**[1]

કાષ્ઠમાં તો તેમ અધમપણું નથી થતું, તેથી બીજા સ્થલે જવાનું વિચાર્યું. કાષ્ઠમાં અગ્નિ હોવા છતાં પણ તે મથન કરવાથી પ્રાપ્ત કરવાનો હોવાથી તેવો નિશ્ચય કર્યો કા.૧૦.

'ભગવાન મુકુન્દ' એમ કહેલું હોવાથી, ભગવાનનો અવતાર મુક્તિ આપવા માટેજ થએલો એવો સિદ્ધાન્ત છે. જો કે ભગવાનનો સમ્બન્ધ સદાનો હોવાથી, કોઈ પણ સ્થલનો ભગવાને ત્યાગ કરેલ નથી, છતાં પણ પરમાનન્દ પ્રકટ કરેલું સ્વરૂપ હદવાળું દર્શાવેલ હોવાથી 'તન્વા' ત્યાગ કર્યો, તે હદવાળા દેહદ્વારા ત્યાગ કર્યો, એવો અર્થ છે. ભગવાને ભૂમિનો ત્યાગ કર્યાનું પહેલાં કહેલું નથી[2], અને નટની પેઠે દેહનો ત્યાગ કર્યાનું કહેલું[3] હોવાથી જેનો ત્યાગ કર્યો તે વસ્તુ નથી, તેથી અપૂર્વવિધિમાં[3] અથવા અનુવાદમાં[3] 'સાથે'ના અર્થમાં ત્રીજી વિભક્તિ હોવાનું સંભવતું નથી.

ભવિષ્યમાં ઉત્પન્ન થનારા ભક્તોનો ઉદ્ધાર કેવી રીતે થશે? એવી શંકા થાય, તેથી 'જેમની ઉત્તમ કથા શ્રવણ કરવા યોગ્ય છે' એમ કહેલું છે. 'તદા' એ 'તેમાં'ના અર્થવાળો અવ્યય છે. 'અહર્' 'દિવસ' એ સાતમી વિભક્તિના લોપવાળો શબ્દ છે, અથવા અવ્યય છે. સમ્પ્રદાય જાણનારો કહે છે કે પ્રાતઃકાલે ભગવાન પધારી ગયા; તરતજ પ્રાતઃકાલે કલિનો આરંભ થયો.

ભગવાને કૃપાની દૃષ્ટિ જેમના ઉપર કરેલી છે અને જેઓ ભગવાનના માર્ગને અનુસરે છે તેવા ભૂમિ ઉપર હોવાથી કલિનો આરંભ કેમ થયો? એવો પ્રશ્ન થાય, તેથી 'જેમનાં ચિત્ત જાગ્રત થએલાં નથી તેઓનું અકલ્યાણ કરનાર' એમ કહેલું છે. સર્વ માટે તે આવેલ નથી. જેમને બીડાઈ જવાનો સંભવ નથી તેવાં સારી રીતે ખીલેલાં કમલોને સૂર્ય અસ્ત થાય તો પણ કોઈ હાનિ થતી નથી, બીજાઓમાં તો સૂર્ય અસ્ત થતાં કીડાઓનો વાસ થાય જ. જ્ઞાનથી ખીલવણી થાય અને ભક્તિથી બીડાવાનો સંભવ ન[4] રહે.

૧.આ કારિકાઓથી આ અને ૩૭મા શ્લોકનું તાત્પર્ય કહેલું છે. જેમ અગ્નિ નીકળી જાય ત્યારે કાષ્ઠની ભસ્મ થઈ જતાં તે અધમ થાય છે, કારણ ભસ્મ અગ્નિની વિષ્ઠા હોવાનું શ્રુતિમાં કહેલ છે. બીજા પ્રદેશમાં શુદ્ધિ રહે, કારણકે ત્યાં કાષ્ઠ હોય તેમાં અગ્નિ રહેલો છે તેથી તે અધમ નથી. યુધિષ્ઠિર ભક્ત હતો, તેથી કાષ્ઠમાં અગ્નિ હોય તેમ તેનામાં ભગવાન હતા, છતાં કાષ્ઠમાંના અગ્નિને મથન કરી પ્રકટ કરવાનો રહે છે, તેમ બીજા સ્થલે જવાથી ભગવાનનો પ્રકાશ થાય તેવા હેતુથી તેણે એવો નિશ્ચય કર્યો.

૨.કેટલાક 'પોતાના દેહ સાથે ભૂમિનો ત્યાગ કર્યો' એવો અર્થ કરે છે, તે અર્થ ખોટો હોવાનું જણાવે છે, કારણકે 'અહૌ' ત્યાગ કર્યો શબ્દથી વિધિ કહી નથી, તેમ અનુવાદ પણ કરેલો નથી  શ્લો. ૩૪માં યાદવના દેહનો ત્યાગ કર્યાનું કહેલ છે, ભૂમિનો ત્યાગ કરવાનું કહેલ નથી, તેથી અહીં અનુવાદ કહેલું હોય તે ફરી કહેલ નથી. તેથી અનુવાદના અર્થમાં 'તન્વા' શબ્દની ત્રીજી વિભક્તિ 'સાથેના' અર્થમાં યોજેલી નથી.

૩.દેહનો ત્યાગ નટની પેઠે કર્યાનું કહે છે. નટ જેમ વેષ લઈને વેષ તજી પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરે છે તેથી જે વેષ લીધેલ તે વસ્તુ નથી. તેમ ભગવાને જે દેહ તજ્યો તે વસ્તુ નથી તેથી 'જહૌ' શબ્દથી અપૂર્વ વિધિ જણાતી નથી. તેથી 'તન્વા' શબ્દથી ત્રીજી વિભક્તિ સાથેના અર્થમાં યોજેલી નથી એવો અર્થ જણાય છે. 'અપૂર્વ વિધિ' એટલે તદન નવાજ પ્રકારની શાસ્ત્રની આજ્ઞા.

૪.તેથી જ્ઞાન અને ભક્તિવાળા ઉપર કલિની અસર થતી નથી એમ જણાવેલ હોવાનું જણાય છે.

યુધિષ્ઠિરને પોતાને કોઈ ચિંતા ન હતી દ્ર એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**યુધિષ્ઠિરસ્તત્પરિસર્પણં બુધઃ પુરે ચ રાષ્ટ્રે ચ ગૃહે તથાऽऽત્મનિ ।**
**વિભાવ્ય લોભાનૃતજિહ્મહિંસના  દ્યધર્મચક્રં ગમનાય પર્યધાત્ ।।૩૭।।**

જ્ઞાની યુધિષ્ઠિરે લોભ અસત્ય કુટિલતા હિંસા વિગેરે અધર્મનો સમૂહ જેમાં છે તેવા તે કલિનો પ્રસાર શહેર રાજ્ય ઘર અને દેહમાં થતો વિચારીને જવાનો નિર્ણય કર્યો.૩૭

મુંઝવણ વિગેરે થયા વિના દઢ સ્થિતિ હોય તેને કાલ વિકાસ-ખીલવણી વિનાનો માને છે. તે તો યુધિષ્ઠિર વિગેરેને પણ તેવા[1] માનતો. તેથી તેના દેશમાં પણ મોટું-નાનું વિગેરેના પ્રકારે જુદા પડેલા રાજ્ય નગર ઘર દેહ વિગેરેમાં તેણે પ્રવેશ કર્યો, અને યુધિષ્ઠિરનો થોડો વિકાસ થએલ હોવાથી તેણે તે જાણ્યું એમ 'જ્ઞાની' શબ્દથી કહેલું છે. તે સમ્બન્ધમાં પણ તેને વિચાર થયો કે આ કાલ રહેવા આવેલ છે કે જોવા? તે સમ્બન્ધમાં પણ યુધિષ્ઠિરનો નિશ્ચય થયો એમ ઉત્તરાર્ધથી કહેલ છે. સામગ્રી સાથે આવેલ હોવાથી કલિ અહીંથી જવાનો નથી. તેની સામગ્રી આરંભમાં સર્વ દોષોના આધારરૂપ અન્તઃકરણનો ગુણ લોભ છે, વાણીનો દોષ અસત્ય મોટે ભાગે સ્વરૂપનો નાશ કરનારો છે, કારણકે તેનાથી સ્વરૂપને નભાવનાર ઉત્તમ પ્રમાણિકપણાનો નાશ થાય છે. કુટિલતા બુદ્ધિનો દોષ છે. હિંસા શરીરનો દોષ છે. આ વિષયમાં ક્રમથી બાકી રહેલ દોષ પોતાની મેળે વિચારી લેવા. 'આદિ' 'વિગેરે' શબ્દથી રોગ વિગેરે પણ કહેલા છે. હિંસા વિગેરે અધર્મનો સમૂહ વિચારીને ઉપર કહેલો જ જવાનો નિશ્ચય કર્યો, એવો અર્થ છે.૩૭

૧.યુધિષ્ઠિરમાં જ્ઞાનનો વિકાસ થયો નથી એમ માનનાર કલિએ યુધિષ્ઠિર વગેરે પાંડવોને પણ ભગવાનની કૃપાદષ્ટિ વિનાના માનેલ, એવો અર્થ છે.

શક્તિવિનાનાએ ત્યાગ કરવો ન જોઈએ, કારણ કે ત્યાગ કરનારાઓમાં વાસનાઓ ઉત્પન્ન કરનારો છે. તેથી કલિના ભયથી યુધિષ્ઠિર ત્યાગ કરે તે યોગ્ય નથી, એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહેલા છે :

**સ સ્વપૌત્રં વિનયિનમ્ આત્મનોઽનવમં ગુણૈઃ ।**
**તોયનીવ્યાઃ પતિં ભૂમેઃ અભ્યસિઞ્ચદ્ ગજાહ્વયે ।।૩૮।।**
**મથુરાયાં તથા વજ્રં શૂરસેનપતિં તતઃ ।**
**પ્રાજાપત્યાં નિરૂપ્યેષ્ટિમ્ અગ્નીન્ અપિબદ્ ઈશ્વરઃ ।।૩૯।।**

તેણે પોતાથી ગુણોમાં ઉતરે નહીં તેવા પોતાના વિનયવાળા પૌત્રનો હસ્તિનાપુરમાં જલરૂપ વસ્ત્રવાળી ભૂમિના પતિ તરીકે અભિષેક કર્યો, મથુરામાં તેવી રીતે વજ્રનો શૂરસેનના પતિ તરીકે અભિષેક કર્યો. પછી પ્રજાપતિના સમ્બન્ધવાળો યજ્ઞ કરી, શક્તિવાળાએ અગ્નિનું પાન કર્યું.૩૮-૩૯.

કલિનો વિરોધ કરવાની શક્તિ વિનાનો યુધિષ્ઠિર ગયો ન હતો કારણકે તેનો વિરોધ કરવા પૌત્રને તેણે રાખેલો, પરન્તુ શાસ્ત્ર પ્રમાણ હોવાને લીધે તેણે ત્યાગ કરેલો દ્વ એવા અભિપ્રાયથી આ શ્લોક કહેલ છે. ''એકથી ઉત્પન્ન થએલા ભાઈઓ માંના એકના પુત્રથી સર્વ પુત્રવાળા છે'' એ ધોરણે અને પરીક્ષિતને પોતાનું રાજ્ય આપેલું હોવાથી 'પોતાના પૌત્રને' એમ કહેલું છે. પુત્રનું નામ રાખવા 'પૌત્ર' એમ કહેલું છે. તે પૌત્ર ભગવદીયપણું વિગેરે ગુણોથી પોતાથી 'અનવમ્' ન્યૂન ન હતો. આથી એમ કહેવાયું છે કે દોષ ન હોવા, એ તેનામાં વધારે હતું. હલકાને ગાદીએ બેસાડે તો પ્રજાનો શાપ થાય. 'તોયનીવ્યાઃ' એટલે સમુદ્રરૂપ (આવરણ) વસ્ત્રવાળી. 'નીવી' 'વસ્ત્ર' શબ્દથી એમ સૂચવેલું છે કે બીજા રાજાઓ તો વસ્ત્રરહિત[1] સ્ત્રીથી પોતાના ચરણ ચાંપવે છે એટલા માત્રથી પોતાને પતિ માને છે. ભગવાને જ પરીક્ષિતને પૃથ્વીનો પતિ થવા માટેજ રક્ષેલો હોવાથી 'પતિ' શબ્દથી અનુવાદ[2] કરેલ છે. 'પતિ થવા માટે' એવો અર્થ કરીએ તો લક્ષણા[3] થાય, તેથી યુધિષ્ઠિરે પોતે માત્ર અભિષેક કર્યો. એવીજ રીતે વજ્રને પણ અભિષેક કર્યો. વજ્ર અનિરુદ્ધનો પુત્ર હતો. તે શૂરસેન દેશનો પણ પતિ હતો એમ જણાવવા 'શૂરસેનના પતિ' એમ કહેલું છે. આથી એમ કહેલું છે કે મર્યાદામાં જેટલો દેશ હતો તેટલો આપ્યો. 'પછી' તેઓએ રાજ્ય સ્વીકાર્યા પછી પ્રજાપતિના સમ્બન્ધવાળો યજ્ઞ કરી તેણે સંન્યાસ લીધો એમ કહેલું છે. અગ્નિના સમ્બન્ધનો અથવા પ્રજાપતિના સમ્બન્ધવાળો યજ્ઞ પોતાની ઈચ્છા પ્રમાણે કરવાનું શાસ્ત્રમાં કહેલ છે. 'ઈશ્વર' શબ્દથી તેમ કરવાની શક્તિવાળો હોવાનું કહેલું છે.૩૮-૩૯.

૧.'વસ્ત્રરહિતા' ને બદલે 'વસ્ત્રરહિતાયાઃ' પાઠ હોવો જોઈએ એમ જણાય છે તેથી એવો છટ્ઠી વિભક્તિવાળા પાઠ પ્રમાણે અર્થ કરેલ છે.

૨.'સિચ' ધાતુ બે કર્મવાળો નથી. તેથી પૌત્રં અને પતિમ્ એવાં બે કર્મો ન હોય, તેથી આ અનુવાદ હોવાનું કહેલ છે.

૩.અનુવાદ ન ગણીએ તો જે દોષ થાય તે આથી કહેલ છે. બીજીને બદલે ચોથી વિભક્તિવાળો અર્થ

વ્યાકરણના નિયમવિરુદ્ધ કરવાથી, ધાતુ બે કર્મવાળો હોવાની કલ્પના થાય.

યુધિષ્ઠિરે શાસ્ત્ર પ્રમાણે ત્યાગ કરેલો હોવાથી, ઘરમાંજ સર્વનો ત્યાગ કરવાનું કહેલ હોવાથી અને અમુક ભાગનો ત્યાગ કરવાનું શાસ્ત્રમાં કહેલ ન હોવાથી, સર્વનો ત્યાગ કર્યો એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**વિસૃજ્ય તત્ર તત્ સર્વં દુકૂલવલયાદિકમ્ ।**
**નિર્મમો નિરહંકારઃ સચ્છિન્નાશેષબન્ધનઃ ।।૪૦।।**

વસ્ત્ર કડાં વિગેરે જે હતું તે સર્વનો ત્યાં ત્યાગ કરીને, મમતા રહિત અહંકાર રહિત સર્વ બંધનો સારી રીતે કાઢી નાખેલો થયો.૪૦

દેહ સિવાયનાના ત્યાગ સહેલાઈથી જાણી શકાય તેવો છે, તે કહે છે. 'આદિ'- 'વિગેરે' શબ્દથી વસ્ત્ર અને કડાં હોવાથી તે કહેલાં છે, બાકી રહેલાંનું અનુમોદન કરવાનાં પરિણામરૂપ કહેલાં નથી. 'ચીંથરા પહેરેલો' એમ જે આગળ શ્લો.૪૩માં કહેવામાં આવશે તે ત્યાગ સમાન હોવાથી તે ત્યાગ જણાવવા કહેવાશે. તજેલા પદાર્થો પોતાની મિલ્કત નથી એમ 'મમતા રહિત' વિશેષણથી કહેલ છે. ત્યાગ કર્યાનું અભિમાન નથી અથવા અંદરથી ત્યાગ કરેલો છે એમ જણાવવા આ કહેલું છે. મિલ્કતનો ત્યાગ અને ત્યાગ કરેલ હોવામાં અભિમાનનો ત્યાગ બંને કરવાનાં હોવાથી તે એક-બીજાનાં કારણ અને કાર્ય ની સ્થિતિવાળાં છે. 'અહંકાર રહિત' વિશેષણથી સામગ્રી સાથે દેહનો ત્યાગ કહેલો છે. દેહમાં હું પણાનો ત્યાગ કર્યો. મમતાનો સ્વરૂપથી નાશ થતાં અહન્તાની અંદર દેહ વિગેરે રહ્યાં, 'સર્વ બંધનો સારી રીતે કાઢી નાખેલો' વિશેષણથી તેના ત્યાગનો પ્રકાર કહેલો છે. બહારનાં આવરણો સારી રીતે કાઢી નાખ્યાં એમ 'સચ્છિન્ન' 'સારી રીતે કાઢેલાં' શબ્દથી કહેલ છે. પુત્ર વિગેરે ઉપકાર કરનારા છે એવી બુદ્ધિ હવે ન રહી. તેથીજ મુક્તિ થવામાં વિઘ્ન કરનાર ન રહ્યું.૪૦

હવે બાકી રહેલ શરીરનો જ્ઞાન અને કર્મ થી લય થવાનું કહેવા માટે, અધ્યાસ અજ્ઞાનથી થતો હોવાથી તે દૂર કરવા માટે પ્રથમ જ્ઞાનથી લય થયાનું કહે છે. તત્ત્વો વિગેરેના પ્રકારથી જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી, તે પ્રકારથીજ અધ્યાસ દૂર કરે છે. ભગવાને અધ્યાસ કરેલો છે એવા મત પ્રમાણે તેમની આજ્ઞાથી તેનો ત્યાગ થાય. તેમાં[૧] પણ જે ક્રમથી ભગવાને તે પ્રાપ્ત કરાવેલું તે ક્રમ ચિત્તમાં જ્ઞાન કરાવવા કહેવો યોગ્ય છે. તે નીચેના શ્લોકોથી કહે છે[૧] :

**વાચં જુહાવ મનસિ તત્પ્રાણ ઈતરે ચ તમ્ ।**
**મૃત્યાવપાનં સોત્સર્ગં તત્પઞ્ચત્વે હ્યજોહવીત્ ।।૪૧।।**
**ત્રિત્વે હુત્વા ચ પઞ્ચત્વં તચ્ચૈકત્વેઽજુહોન્ મુનિઃ ।**
**સર્વમ્ આત્મન્યજુહવીદ્ બ્રહ્મણ્યાત્માનમ્ અવ્યયે ।।૪૨।।**

[ક]વાણીનો મનમાં હોમ કર્યો, [ખ]મનનો પ્રાણમાં અને [ગ]તેનો અપાનમાં, [ઘ]તજવાના

પદાર્થ સાથે અપાનનો મૃત્યુમાં, [ઙ]તેનો પાંચપણામાં હોમ કર્યો [ચ]અને પાંચપણાનો ત્રણપણામાં હોમ કરીને [છ]તેનો મુનિએ એકપણામાં હોમ કર્યો [જ]સર્વનો આત્મામાં હોમ કર્યો અને [ઝ]આત્માનો અવ્યય બ્રહ્મમાં હોમ કર્યો. ૪૧-૪૨.

પુરંજનના ઉપાખ્યાનમાં તેમ કહેલું હોવાથી વાણીના સમ્બન્ધથી શરીરનો સમ્બન્ધ થાય છે, કારણકે વાણી મનની સ્ત્રી છે. તે પ્રાકૃત[૨] છે. બ્રહ્મની વાણીઓ છે તેમને પ્રાકૃત વાણી સાથે સમ્બન્ધ હોવાથી જુદી કહેલી નથી.[૩] આ પ્રાકૃત વાણી અટકશે ત્યારે તે પોતાની મેળેજ પોતામાં રહેલી હશે. તે રહેલી હોવાનું આગળ ''વશ કરેલ વાણીવાળો'' (શ્લો.૪૩) એ શબ્દથી કહે છે. કારણકે ઈશ્વરે[૪] કરેલા અધ્યાસમાં લય થવાનું મુખ્ય છે.

તેમાં ''તું મનની દૂતિજ છે'' એ શ્રુતિ પ્રમાણે વાણી મનને અધીન છે. ખરેખર સર્વ વાણીઓમાં રહેલી કોઈક દેવતા છે. તે અભિમાનવાળી છે. જે કોઈ તેને હલકી માને તેનાથી પ્રજાપતિની પેઠે તે દૂર થાય છે. તેવી રીતે આ યુધિષ્ઠિર થી પણ દૂર થશે એવો[૫] અર્થ છે.

તેવી રીતે મન પણ પ્રાણને અધીન છે, કારણકે તે પ્રાણ પાસેથી જઈને પાછું આવતું હોવાનું કહેલ છે.[૬] જો કે પ્રાણનો નિરોધ કરવામાં મન સાધન છે, છતાં પણ પાછળથી પ્રાણનો નિરોધ થયા પછી પ્રાણ મનનો નિરોધ કરનાર થતા હોવાથી, અને પ્રાણના નિરોધથી મનનો નિરોધ થતો હોવાથી મન પ્રાણને આધીન છે. [૭]તેવી રીતે મન દેહને બંધન કરનાર મટે છે, તેથી જ[૮] યોગશાસ્ત્રમાં મન દેહનું મૂલ[૯] હોવાનું કહેલું છે.

'અને તેનો બીજામાં' બીજામાં એટલે અપાનમાં 'ઈતરસ્મિન્' એમ કહેવાનું હતું ત્યાં 'ઈતરે' એમ કહ્યું, તે એમ જણાવે છે કે આ સર્વનામ નથી. તેથી એમ સૂચવેલું છે કે આગળ મલ તરીકે તેનો ત્યાગ કરવાનું કહેલ હોવાથી તેને ભગવદ્રૂપ જાણવું અયોગ્ય હોવાથી, તે પ્રાણનું મૂલ હોવા છતાં પણ ભગવદ્રૂપ હોવાથી દષ્ટિ કરવી નહીં. તેમાં હોમ કરવાનું કહ્યું તે તો પંચાગ્નિવિદ્યાથી પ્રાપ્ત કરેલ શરીરવાળાને બ્રહ્મવિદ્યાનો અધિકાર પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય તે માટે. પ્રકૃતમાં યુધિષ્ઠિરનું શરીર તેવું ન હોવા છતાં, પૂજામાં[૧૦] અધિકારવાળું શરીર બનાવવામાં આવે છે તેની પેઠે ભાવનાથી મુક્તિ પ્રાપ્ત કરવાના અધિકારવાળું બનાવવા માટે કહેલું છે. પ્રયત્નથી ઉંચા લાવેલ વાયુની[૧૧] સાથે ઉંચા આવેલ પ્રાણને અપાન પાછો ખેંચી જાય છે, તેથી પ્રાણ અપાનને આધીન છે. પ્રાણની સાથે સમ્બન્ધમાં આવેલ વાયુ તો શ્વાસથી બહાર નીકળી જાય છે. તેમ અપાન પ્રાણનો પાછો ખેંચી જતો ન હોત, તો પ્રાણ પણ બહાર નીકળી જાય. અપાનની ગતિ તો પ્રયત્નને અધીન[૧૨] છે.

અપાનને વશ કરનાર મૃત્યુ જ છે, તેથી 'અપાનનો મૃત્યુમાં' શબ્દોથી મૃત્યુમાં તેનો લય કર્યાનું કહેલ છે. કારણકે મૃત્યુ જ[૧૩] તેને ઉપર લઈ જાય છે, કેટલાક[૧૪] વળી યોગથી પ્રાણને બલવાન કરીને, અપાન પ્રાણને નીચે ખેંચે ત્યારે પ્રાણને ઉપર ખેંચતાં અપાન સાથે તેને ઉપર ખેંચે છે, અને એક-બીજા બલવાન હોવાથી બહાર નીકળી ન જાય તે માટે બંનેની ગતિને રોકે

છે.[૧૪] તે પ્રકાર ફલ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતો હોવાથી તે ચાલુ પ્રસંગમાં કહેલો નથી. તેથી કુદરતી અસુરભાવવાળા અપાનમાં પ્રાણનો હોમ કર્યો અને અપાનનો તો મૃત્યુમાં હોમ કર્યો.

તે પ્રકારે અપાનને મૃત્યુ ગ્રહણ કરે ત્યારે દુર્ગતિ થતી હોવાનું શાસ્ત્રમાં કહેલ હોવાથી, એવી રીતે કેમ હોમ કર્યો? એવો પ્રશ્ન થાય, તેથી 'તજવાના પદાર્થ સાથે' એમ કહેલું છે. કારણકે દુર્ગતિ થાય તેમાં મૃત્યુ અને અપાન તજવાના પદાર્થ વિષ્ઠા અને મૂત્ર માં જાય છે. હોમમાં તો તજવાના પદાર્થ સાથે અપાનનો મૃત્યુમાં હોમ થતો હોવાથી, તે માર્ગથી મૃત્યુ થતું નથી. તેથી તે અનિષ્ટ આપનારું કરનારું નથી. ''મૃત્યુ જેનો ખોરાક છે'' શ્રુતિ પ્રમાણે મૃત્યુનો પણ અહીં ભગવાનમાં જ લય થાય છે. દેહ ભાત છે, અને મૃત્યુ ઘી છે. તેથી ''ભૂખથી મૃત્યુજ થાય છે'' એ શ્રુતિ પ્રમાણે મૃત્યુનો પણ અહીં ભગવાનમાં જ લય થાય છે. તે મૃત્યુ સર્વ પ્રાણીઓમાં રહેલું છે. આહાર આપીને અને મલને કાઢી નાખીને તેને આરામ આપનાર પ્રાણ અને અપાન છે. પ્રાણ અને અપાન ને જો ત્યાં[૧૫] રોકી રાખવામાં આવે તો તે મૃત્યુ કરે છે. ત્યારે તેને વશ રાખનાર પાંચ મહાભૂતો તેને રોકી રાખે છે. તેથી[૧૬] યોગીનો દેહ નથી વધતો કે નથી ઘટતો.

એવી રીતે પાંચ મહાભૂતોને અધીન મૃત્યુ મહાભૂતોમાં પ્રવેશ કરેલા ભગવાનનું કાર્ય હોવાથી, શું પ્રાપ્ત થએલ છે અને શું પ્રાપ્ત થએલ નથી તેના વિચારથી[૧૭] ધર્મી મહાભૂતોના અંશને તજી દઈ, તેઓમાં પ્રવેશ કરેલા[૧૮] એક ભગવાન પાંચ થએલ હોવાથી, તેનો પાંચપણામાં હોમ કર્યો. ઉપર કહેલ તર્ક 'હિ' શબ્દથી જણાવેલ છે.

એ પ્રમાણે ત્યાં પણ ભગવાનને પાંચપણું ન હોવાથી, ત્યાંથી પોતાની મેળે[૧૯] બહાર નીકળી, બે પગલાનુંજ પોતાથી ઉલ્લંઘન થઈ શકે તેમ હોવાથી પોતાની અને કાલની અંદર પ્રવેશ કરતાં, પોતાની ઈચ્છાથી ગરુડનું ઉલ્લંઘન કરીને લક્ષ્મીમાં આવતાં, ત્રણપણું પ્રાપ્ત કર્યું. અથવા કાલનું ઉલ્લંઘન કરી પ્રકૃતિમાં આવતાં ત્રણપણું પ્રાપ્ત કર્યું. તેથી એ પ્રમાણે આપણે વિગેરેનાં મૃત્યુને લક્ષણ કરનાર પાંચપણાંરૂપ મહાભૂતરૂપ ભગવાનનો ત્રણગુણરૂપ ભગવાનમાં હોમ કર્યો, કારણકે મહાભૂતો તેમને ત્રણ ગુણોને અધીન છે.

ત્યાં[૨૦] પણ ત્રણ ગુણોમાં રહેલા ભગવાનનો પ્રકૃતિના સ્વરૂપમાં[૨૧] હોમ કર્યો, કારણકે તે પ્રકૃતિ પરમ્પરાથી સર્વકાર્યપ્રકારની થાય છે. તેમાં સર્વ પ્રવાહો પ્રવેશ કરે છે, તેથી તે 'સર્વ' શબ્દથી ઓળખાય છે.

એકપણાંના સ્વરૂપવાળા ભગવાનનો પુરુષરૂપ આત્મામાં હોમ કર્યો અને પુરુષનો કાલ વિગેરેને વશ રાખનાર અક્ષર બ્રહ્મમાં હોમ કર્યો. કારણકે 'તેની માયાના ફલ રૂપથી' એ વાક્ય પ્રમાણે પુરુષ અક્ષરને અધીન છે. 'અવ્યય' શબ્દથી વેદ બ્રાહ્મણની જાતિ અને બ્રહ્મા માં હોમ કર્યો નથી એમ જણાવેલું છે અથવા તે અક્ષરબ્રહ્મમાં પણ પ્રકૃતિ અને પુરુષના સ્વરૂપથી ફેરફાર થવાનો સંભવ હોવાથી અવ્યય ભગવાનમાં અક્ષરનો હોમ કર્યો એવો અર્થ છે. એવી રીતે

ભગવાનના માર્ગમાં નવ આહુતિઓ અને નવ અગ્નિઓ છે.૪૧-૪૨.

૧.'ભલે આજ્ઞાથી અધ્યાસનો ત્યાગ કરવાનો હોય, છતાં પણ અધ્યાસ ન રહે તે માટે દેહ વિગેરેના લયનું ચિન્તન કરવું જોઈએ, વળી અગ્નિનું પાન કરેલ હોવાથી યજ્ઞની જરૂર છે. ગીતામાં સ્ત્રોત વિગેરે ઈંદ્રિયોનો સંયમરૂપ અગ્નિમાં હોમ કરવાનું કહેલ છે. ગીતામાં કહેલ હરકોઈ પ્રકારે હોમ કરવો જોઈએ, છતાં અહીં વાણી વિગેરેનો હોમ કરવા કેમ કહેલ છે?' એવી શંકા થાય, તો જાણવું કે અગ્નિનું પાન કરેલ હોવાથી યજ્ઞ કરવાનું જરૂરી હોવા છતાં ગીતામાં જુદા જુદા પ્રકારો કહેલ છે. તેમાં વશ થનારનું વશ કરનારમાં હોમ કરવાનું સર્વત્ર સિદ્ધ છે. તેથી તેમાં કહેલ પ્રકારો મરજી પ્રમાણે કરવાના હોવાથી હરકોઈ પ્રકારે હોમ કરવાથી ભગવાનની આજ્ઞા પળાય છે, એવા અભિપ્રાયથી આ કહેલ છે. જેને જેના સમ્બન્ધવાળું કહેલ હોય તેવો તેમાં હોમ કરવાનો હોય આ ક્રમ કહેલો છે.

૨.આ પ્રાકૃત વાણી મનની પત્ની છે, દૈવી વાણી તેથી જુદી છે. ૩.આહુતિ તરીકે જુદી કહી નથી.

૪.ઈશ્વરે કરેલો અધ્યાસ છે અને તેમની આજ્ઞાથી તે દૂર કરવાનો છે એ મત પ્રમાણે પણ જેને જે અધીન હોય તેનો તેમાં લય કરવો મુખ્ય છે અને તેનું સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે એમ આથી કહેલ છે.

૫.ભગવાન દૂર કરશે. તે આહુતિ હોવાથી સર્વ વાણીઓ તેની સાથે આહુતિઓ થઈ દૂર થશે એવો અર્થ છે.

૬.'તે સૂત્રથી બાંધેલ પક્ષી જેમ જુદી જુદી દિશાઓમાં ઉડીને બીજે સ્થાન ન મળવાથી બન્ધનનોજ આશ્રય કરે છે, તેમ હે સૌમ્ય! મન જુદી જુદી દિશાઓમાં જઈ આશ્રય ન મળવાથી પ્રાણનોજ આશ્રય કરે છે, કારણકે મન પ્રાણના બન્ધનવાળું છે' એ છાંદોગ્યથી શ્રુતિ મન પ્રાણને અધીન હોવાનું કહે છે.

૭.'ચ' 'અને' નિશ્ચય કરાવવાના અર્થવાળો છે. પ્રાણના નિરોધથી મનનો નિરોધ થાય એજ દેહનો સમ્બન્ધ જતો રહેવાનું થાય છે.

૮.'તેથીજ' એટલે પ્રાણનો નિરોધ થતાં દેહનો સમ્બન્ધ ન રહેવાથીજ.

૯. આ પરિણામજ એવો નિશ્ચય કરાવે છે. તેથી મન પ્રાણનો નિરોધ કરવાનું સાધનજ છે, પણ પ્રાણ મનને અધીન નથી, એવો અર્થ છે.

૧૦.શરીર પૂજા કરવા યોગ્ય થાય તે માટે ભાવનાથી માત્ર ચિદ્રૂપ દેહ બનાવવામાં આવે છે તેની પેઠે, એવો અર્થ છે.

૧૧.'વાયુ' એટલે તેનો વાયુ અપાનનો વાયુ.

૧૨.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે. ઉપર 'પ્રયત્નથી ઉંચા લાવેલ વાયુ' એમ કહેલ છે. તેથી અપાનની ગતિ પ્રયત્નને અધીન હોવાનું જણાય છે. મુંબઈવાળી પ્રતમાં 'ન' વધારે છે.

૧૩.પ્રાણને ખેંચી લેવા માટે મૃત્યુ અપાનને ઉપર લઈ જાય છે.

૧૪.પ્રાણ કુદરતથીજ અપાનને અધીન છે એમ જણાવવા આ ભાગથી અમુક યોગીઓનો મત કહેલ છે.

૧૫.'ત્યાં' એટલે દેહમાં. ૧૬.'તેથી' એટલે ભક્ષણ અને પોષણ ન થવાથી.

૧૭.પાંચ મહાભૂતો સંખ્યા પાંચ હોવા ને લીધે મૃત્યુને વશ કરનાર થતા નથી એમ જણાય તેથી તેના સ્વરૂપનો નિર્ણય કરાવનાર 'મૃત્યુ આમનો ખોરાક છે' શ્રુતિથી ભગવાન જ તેને વશ કરનાર છે એમ પ્રાપ્ત થાય છે, અને મહાભૂતો તેને વશ કરનાર નથી એમ પ્રાપ્ત થાય છે તેના વિચારથી.

૧૮.તેવી વ્યવહારને કરાવનાર પાંચની સંખ્યાના રૂપથી પ્રવેશ કરેલા.

૧૯.પાંચ મહાભૂતો ક્રમથી ઉત્પન્ન થતા હોવાથી, અને તે પહેલાં ભગવાન પોતે પાંચરૂપ થએલ ન હોવાથી, તેને વશ રાખનાર તે પહેલાની સ્થિતિ કહેવી જોઈએ, અને વિચાર કરતાં તે ત્રણપણું પ્રાપ્ત કરેલ ભગવાન જ છે. બે પદ ગરુડ અને કાલ, તેમનું ઉલ્લંઘન જ થઈ શકે તેમ હોવાથી, પોતે કાલ અને લક્ષ્મી વડે ત્રણપણું પ્રાપ્ત કરેલા, અથવા પોતે ગરુડ અને પ્રકૃતિ વડે ત્રણપણું પ્રાપ્ત કરેલા ભગવાન જ ઉપર જણાવ્યો તેવા વિચાર પ્રમાણે પાંચપણાને વશ કરનાર કોઈ અગ્નિપણું પ્રાપ્ત કરેલા છે એવો અર્થ છે.

૨૦.અહીંથી ત્રણપણાંનો હોમ એકપણામાં કર્યાનું કહે છે.
૨૧.'પ્રકૃતિના સ્વરૂપમાં' એટલે તેવા પ્રકારથી એકપણું પ્રાપ્ત કરેલ ભગવાનમાં.

તેમાં પોતાનાં સર્વનો ક્રમથી હોમ કરી, સર્વ ભગવાનને સમર્પણ કરી, જેનો મલનો અંશ તજેલો છે તેવા દેહનો વનમાં ત્યાગ કરવા તેની નગરની બહારની સ્થિતિ કહે છે :

**ચીરવાસા નિરાહારો બદ્ધવાઙ્ મુક્તમૂર્ધજઃ ।**
**દર્શયન્ આત્મનો રૂપં જડોન્મત્તપિશાચવત્ ।।૪૩।।**
**અન્વેક્ષમાણો નિરગાદ્ અશૃણ્વન્ બધિરો યથા ।**
**ઉદીચીં પ્રવિવેશાડડશાં ગતપૂર્વાં મહાત્મભિઃ ।**
**હૃદિ બ્રહ્મ પરં ધ્યાયન્ આડડવર્ત્તેત યતો ગતઃ ।।૪૪।।**

ચીંથરા પહેરેલા, આહાર વિનાના, વશ કરેલ વાણીવાળા, છૂટા મૂકેલ કેશવાળા, દેહનું મૂર્ખ ગાંડા અને પિશાચ જેવું રૂપ દેખાડતા, આડું-અવળું ન જોતાં, બહેરાની પેઠે ન સાંભળતાં, પહેલાં મહાત્માઓ જ્યાં ગએલા તે ઉત્તર દિશામાં પ્રવેશ કર્યો. જ્યાં ગએલો પાછો ફરતો નથી ત્યાં પરબ્રહ્મનું હૃદયમાં ધ્યાન ધરતાં ગયો.૪૩-૪૪.

હવે પછી જો આનો દેહ ઉત્પન્ન થશે તો પાંચ અગ્નિમાં બ્રહ્મવિદ્યામાં ઉપયોગી દેહની પેઠે પાર્ષદ જેવો ઉત્પન્ન થશે. આમ[1] કરવાની શક્તિ વિનાનાએ શાંત રહી કરેલો પરિત્યાગ તેનાં સર્વનો નાશ કરનારો થાય. બજારમાં પડેલાં વસ્ત્રો ચીંથરાના વસ્ત્રો હોય. આવા વસ્ત્રોમાં પણ રક્ષણ થાય, તેથી ત્રણ સંયમો કહે છે. 'આહાર વિનાના' વિશેષણથી ૧.પ્રાણનો સંયમ, 'વશ કરેલ વાણીવાળા' વિશેષણથી ૨.વાણીનો સંયમ અને 'છૂટા મૂકેલ કેશવાળા' વિશેષણથી ૩.દેહનો સંયમ અથવા ભ્રાંતપણું જણાવાતું હોવાથી ૩.ચિત્તનો સંયમ કહેલો છે. આથી એમ સૂચવેલું છે કે બીજનો[2] અનાદર થતાં તે અંકુર ઉત્પન્ન કરશે નહીં. આવો[3] સર્વ સાધન અને સાધ્યવાળો યુધિષ્ઠિર અહીં કહેલા પ્રકારથી દેહનો ત્યાગ કરે તો સર્વ દોષો આવે તેથી કિનારાઓને પાડી નાખે તેવા પ્રવાહમાં પડેલી નૌકાથી પ્રવાહને તરવાની પેઠે દેહથી તરવું જોઈએ. તેથી તે પ્રકાર 'દેહનું મૂર્ખ ગાંડા અને પિશાચ જેવું રૂપ દેખાડતા' શબ્દથી કહેલ છે. 'આત્મનઃ' એટલે દેહનું. 'જડઃ' મૂર્ખ એટલે જડભરતની પેઠે અન્તઃકરણના વિવેક વિનાનો. 'ગાંડો' એટલે મદિરાથી ગાંડો થએલ જેવો ઈંદ્રિયોની ખામીવાળો 'પિશાચ' એટલે ભૂતના વળગાડવાળો, દેહમાં ખામીવાળો. એવી રીતે દેહ, ઈંદ્રિયો અને અન્તઃકરણ નું જેમ બીજાઓ આક્રમણ ન કરે તેવાં તેમને કરવાં જોઈએ. તેવાં ન કરે તો બીજાં કાર્યમાં પ્રવૃત થએલાં તે બીજની સ્થિતિ પ્રાપ્ત કરે.

'અનવેક્ષમાણઃ' એટલે આડું-અવળું ન જોતાં પોતામાં જ ચિત્ત રાખેલો. સ્વભાવથી જ બીજાનું વચન ન સાંભળતાં સંપૂર્ણ રીતે પોતામાં જ ચિત્ત રાખેલો હોવાનું જણાવવા

'બહેરાની પેઠે ન સાંભળતાં' એમ કહેલું છે. બળેલાં કપડાની પેઠે તેનામાં જવાનો સંસ્કાર[4] રહ્યો. બ્રહ્મ જાણનારાઓ બહાર ઈંદ્રિયોથી પદાર્થોનું ગ્રહણ ન કરે ત્યારે તેમની આ જ અવસ્થા હોય છે. શુકના જેવી તે હોવાનું કહેલ છે. 'ઉત્તર દિશામાં પ્રવેશ કર્યો' શબ્દથી જ્યાં જવાનું હતું તે સ્થાન કહેલું છે. જો કે સર્વ હરકોઈ સ્થાનમાં આનો નાશ થવાનો ન હતો છતાં પણ મર્યાદા પ્રમાણે ત્યાંજ ગયો. 'મહાત્માઓ જ્યાં ગએલા' શબ્દનું એવું તાત્પર્ય છે કે આ યુધિષ્ઠિર કરતાં પણ તેઓ ઉત્તમ હતા, તેથી તેઓની પાછળ યુધિષ્ઠિરે જવું યોગ્ય હતું. 'પરબ્રહ્મનું હૃદયમાં ધ્યાન ધરતાં' શબ્દોથી એમ જણાવેલું છે કે તે ઉદાસીનની પેઠે ગએલો ન હતો. જો કે બ્રહ્મ પ્રકટ થયાની સ્થિતિમાં ધ્યાન કરવાની જરૂર નથી, કારણકે તે પોતાની મેળે જ સ્ફુરે છે, છતાં પણ બ્રહ્મ પ્રકટ થએલ ન હોય તેવી સ્થિતિમાં ધ્યાન કરવું જોઈએ; કારણકે શાંત રહેવું યોગ્ય નથી. કેટલે દૂર ગયો? તે જાણવાની ઈચ્છા થાય, તેથી કહેલ છે કે ગએલ પ્રાણી જ્યાંથી પાછો આવતો નથી, એટલે કંઠ સુધી બરફ અથવા જલ થાય, ત્યાં સુધી દૂર ગયો.૪૩-૪૪.

૧.'આમ કરવાની' એટલે આ શ્લોકમાં કહ્યા પ્રમાણે કરવાની, એવો અર્થ જણાય છે.

૨.સંસાર થવાનું બીજ, પ્રાણ વિગેરે. ૩.'આવો' એટલે બીજ વિગેરે વિનાનો.

૪.દેહ વિગેરેનો અધ્યાસ ન હોય તો 'ગયો' એમ કહ્યું તે કેમ થઈ શકે? એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. બળેલાં વસ્ત્રમાં પણ વસ્ત્ર જાતિ છે તેમ દેહનું અભિમાન ન હોવા છતાં પણ સંસ્કારરૂપ ગુણ રહે છે. તેથી જાય છે, એવો અર્થ છે.

બીજાઓ નીકળી ગયા તેનો પ્રકાર નીચેના શ્લોકોથી કહે છે :

**સર્વે તમનુ નિર્જગ્મુઃ ભ્રાતરાઃ કૃતનિશ્ચયાઃ ।**
**કલિના-ઽધર્મમિત્રેણ દૃષ્ટ્વા સ્પૃષ્ટાઃ પ્રજા ભુવિ ।।૪૫।।**
**તે સાધુકૃતસર્વાર્થા જ્ઞાત્વાઽઽત્યન્તિકમ્ આત્મનઃ ।**
**મનસા ધારયામાસુઃ વૈકુણ્ઠચરણામ્બુજમ્ ।।૪૬।।**

ભૂમિ ઉપર અધર્મના મિત્ર કલિએ સ્પર્શ કરેલી પ્રજાઓને જોઈને નિશ્ચય કરેલા સર્વ ભાઈઓ તેની પાછળ નીકળી ગયા. જેમણે સર્વ પુરુષાર્થો સારી રીતે કરેલા છે તેવા તેઓએ પોતાનું સદાનું સાધન જાણીને વૈકુંઠનાં ચરણકમલને મનથી ધારણ કર્યું.૪૫-૪૬.

આજ પ્રકારથી સર્વ ગયા એમ શ્લો.૪૫ થી કહે છે. 'નિશ્ચય કરેલા ભાઈઓ' શબ્દોથી અનુક્રમે શાસ્ત્રીય અને લૌકિક સંમતિ કહેલી છે. ભાઈઓમાંથી હરકોઈ એક જે કરે તે સર્વ કરે છે એમ લોક કહે છે. શાસ્ત્રમાં તો નિશ્ચય કરેલું કરે છે એમ કહેલું છે.

''મુખ્ય શાસ્ત્રાર્થ પ્રમાણે કરે તેવો સંભવ છે'' એ ન્યાયે, જો બધા શાસ્ત્રાર્થ પ્રમાણે કરતા હોવાનો સંભવ હોય તો બધા મુખ્ય થાય. તેથી લોકની પેઠે વેદમાં પણ તે નાના ભાઈઓ મોટાને અધીન જ છે, તેથી યુધિષ્ઠિરની કૃતિ તેમને કેમ લાગુ પડેલી છે? એવી શંકા થાય, તેથી શ્લો.૪૫ ના ઉત્તરાર્ધથી એમ કહેલું છે કે તેમણે શાસ્ત્રાર્થનો તેવો નિર્ણય કરેલ ન હોવા છતાં પણ સ્થૂલ પ્રકારથી તેમનો પણ નિશ્ચય થયેલો હતો. વિષયો ભગવાનના ભક્તોને વિઘ્ન કરતા

ન હોવા છતાં પણ દુઃસંગવાળા ભક્તોને વિષયો વિઘ્ન કરે તેવા હોવાથી, કલિમાં દોષ થવાનો સંભવ હોવાથી, અધર્મના મિત્ર કલિએ ભૂમિ ઉપર સર્વ પ્રજાઓનો સ્પર્શ કરેલો છે તે જોઈને તેમણે પણ જવાની બુદ્ધિ કરી.૪૫.

શ્લોક ૪૬થી તેઓનાં વૈરાગ્યનું સાધન કહેલું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ઋ ચાર પુરુષાર્થો સારા થાય તેવી રીતે કર્યા. ચાર પુરુષાર્થો જેમ પોતાનાં સાધનથી પ્રાપ્ત થાય તેવા છે તેમ ભગવાનની સેવાથી પણ પ્રાપ્ત થાય તેવા છે. તેમાં ભગવાનની સેવાથી પ્રાપ્ત કરેલા સન્દેહ વિના ઉત્તમ હોય છે. તેથી તેમણે સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કર્યા.

અથવા 'સાધુષુ' સારા પુરુષોમાં રહીને 'કૃતાઃ' સિદ્ધ કરેલા છે 'સર્વાર્થાઃ' સર્વ પુરુષાર્થો જેમણે તેવા હતા. સાધુઓના સંગથી જ તેમણે સર્વ પુરુષાર્થો સિદ્ધ કરેલા. તેથી દુષ્ટો તેમના વિરોધી હોવાથી દુષ્ટોનો સંગ તજવો, એવો પહેલાં ૪૫ મા શ્લોકના ઉત્તરાર્ધ સાથે સમ્બન્ધ છે.

અથવા ભક્તિ પાંચમો પુરુષાર્થ છે. ચારનો તેમણે અનુભવ કર્યો, અને ભક્તિ પાંચમો છે. તેઓના ભેદનો વિચાર કરવામાં આવતાં ભક્તિ જ અત્યંત સુખ અને સુખનાં કારણરૂપ છે. તેથી સદાનું સુખનું સાધન જાણીને શ્રીકૃષ્ણનાં ચરણારવિંદને જ મનથી ધારણ કર્યું, પરન્તુ બીજું ખરાબ સૃષ્ટિ કરાવે તેવા પ્રકારનું કાંઈ મનમાં રાખ્યું નહીં.૪૬

તેથી શું ફલ થયું? એવો પ્રશ્ન થાય, તેથી નીચેના શ્લોકો કહેલા છે :

**તદ્ધ્યાનોદ્રિક્તયા ભક્ત્યા વિશુદ્ધધિષણાઃ પરે ।**
**તસ્મિન્ નારાયણપદે એકાન્તમતયો ગતિમ્ ।।૪૭।।**
**અવાપુર્દુરવાપાં તે અસદ્ભિર્વિષયાત્મભિઃ ।**
**વિધૂતકલ્મષાઃ સ્થાનં વિરજેનાऽऽત્મનૈવ હિ ।।૪૮।।**

તેના ધ્યાનથી ઉભરાએલી ભક્તિથી શુદ્ધબુદ્ધિવાળા નારાયણ જેમનું પદ છે તેવા પુરુષોત્તમમાં અનન્ય મતિ રાખનારા તેઓએ વિષયમાં ચિત્તવાળા દુષ્ટોથી પ્રાપ્ત થઈ ન શકે તેવી ગતિ પ્રાપ્ત કરી અને પાપરહિત થઈ શુદ્ધ આત્માથી જ સ્થાન પ્રાપ્ત કર્યું.૪૭-૪૮.

તે ચરણકમલનાં ધ્યાનથી 'ઉદ્રિક્તા' ઉભરાએલી જે ભક્તિ, તે આખા અંગમાં ભરપૂર થઈ બહાર પણ નીકળી. બહાર નીકળવાથી અન્તઃકરણના દોષો દૂર કર્યા તેથી તેઓ શુદ્ધ બુદ્ધિવાળા થયા. પછી 'તસ્મિન્' પ્રસિદ્ધ 'નારાયણપદે' બ્રહ્માંડરૂપ નારાયણ જેમનું પદ છે તેવા 'પરે' અદ્વિતીય શબ્દથી જણાતા પુરુષોત્તમમાં અનન્ય મતિ રાખનારા થયા. આથી એમ જણાવેલ છે કે શાસ્ત્રાર્થરૂપ પુરુષોત્તમમાં અનન્ય મતિવાળા થયા, કારણકે દોષથી જ બુદ્ધિ બીજામાં જાય છે. તેવા થઈ 'ગતિમ્' ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત કરી અથવા તે સ્થાન પ્રાપ્ત કર્યું.

પહેલાના યુધિષ્ઠિરના શાસ્ત્રથી સાધનો કહ્યાં, ફલ ન કહ્યું. નાના ભાઈઓનું તો ફલ

પણ કહ્યું. અથવા જ્ઞાનમાર્ગથી રાજાને ફલ મળ્યું, બીજાઓને ભક્તિમાર્ગથી ફલ મળ્યું. અથવા લોકમાંથી તિરોભાવ થતાં સુધીનું જવાનું જુદું કહીને, પછી બધાનાં એક સરખાં ગમન સાધન અને ફલ કહ્યાં. તેથી બધાએ શાસ્ત્રના માર્ગનો ત્યાગ કરીને માત્ર વિષયોમાં અન્તઃકરણ-વાળાઓને પ્રાપ્ત થઈ ન શકે તેવું ફલ પ્રાપ્ત કર્યું તેથી સર્વને ભગવાનની પ્રાપ્તિરૂપ ફલ મળ્યું. 'દુષ્ટોથી' શબ્દથી આચાર વિનાના હોવાનું કહેલ છે. જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે પણ અભિમાન બાકી રહેતું હોવાથી, તેણે કરેલા દોષ થાય જ. 'વિષયમાં ચિત્તવાળા' વિશેષણથી અન્તઃકરણનો દોષ કહેલો છે. આ વિશેષણથી પાખંડી વિષયો તેમનામાં નથી એમ જણાવવા દરેક જુદા ન જવાનું કારણ કહેલું છે. પછી ગતિ પ્રાપ્ત કરીને તેની સમીપ જતાં ક્રમથી તત્ત્વોના અંશોનું ઉલ્લંઘન કરતાં, જ્યારે બધા અંશોનું ઉલ્લંઘન થયું ત્યારે પાપરહિત થયા. કારણકે આત્માના વિચારથી બીજું બધુંએ પાપરૂપ છે સ્થાન અને પોતે એક પ્રકારના થયા તે 'વિરજેન' 'શુદ્ધ' શબ્દથી કહેલું છે. 'હિ' શબ્દથી આ વિષય યોગ્ય હોવાનું કહેલ છે, કારણકે શુદ્ધ ન હોય તેઓ શુદ્ધ સ્થાનમાં જવા યોગ્ય નથી. અને શુદ્ધ હોય તેમનું સ્થાન અશુદ્ધ ન હોય. તેથી યોગ્યતા પ્રમાણે સ્થાન પ્રાપ્ત કર્યું, એવો અર્થ છે.૪૭-૪૮.

''ભગવાને અધિકાર ચલાવવા પોતાના જે ગુણો આપેલ હોય તે અધિકાર હોય ત્યાં સુધી રહે છે'' (બ્રહ્મસૂ.૩।૩।૩૨) એ નિયમ પ્રમાણે અધિકારી ભક્તોને પણ ભગવાનની પ્રાપ્તિ થતી નથી, પરન્તુ પોતાનાં સ્થાનનીજ પ્રાપ્તિ થાય છે. તેથી નીચેના શ્લોકથી વિદુરના સમ્બન્ધમાં તે કહે છે :

**વિદુરોઽપિ પરિત્યજ્ય પ્રભાસે દેહમ્ આત્મવાન્ ।**
**કૃષ્ણાદેશેન તચ્ચિત્તઃ પિતૃભિઃ સ્વક્ષયં યયૌ ।।૪૯।।**

દેહધારી વિદુર પણ શ્રીકૃષ્ણની આજ્ઞાથી તેમનામાં ચિત્ત રાખી, પ્રભાસમાં દેહ તજીને પિતૃઓ સાથે પોતાના સ્થાને ગયો.૪૯.

પ્રભાસ અધિકારનાં સ્થાનમાં જવાનો માર્ગ છે. 'આત્મવાન્' ઇંદ્રિયો વિગેરે સાથેનો અથવા પહેલાના દેહ સાથે વિદુર પોતાનાં સ્થાને ગયો. મોક્ષ માટે તેણે આગ્રહ ન કરવાનું કારણ 'શ્રીકૃષ્ણની આજ્ઞાથી' શબ્દથી કહેલું છે. ભગવાનની આજ્ઞાથી તેમનામાં જ ચિત્ત રાખીને અધિકાર ચલાવીશ એવા વિચારથી, બોલાવવા આવેલા પિતૃઓ સાથે પોતાનાં સ્થાન વૈવસ્વતપુરમાં ગયો. 'ક્ષય' શબ્દ તો ત્યાં ગએલાનો નાશ થાય છે એમ જણાવવા યોજેલો છે.૪૯.

દ્રૌપદીની ગતિ નીચેના શ્લોકથી જુદી કહે છે :

**દ્રૌપદી ચ તદાજ્ઞાય પતીનામ્ અનપેક્ષતામ્ ।**
**વાસુદેવે ભગવતિ હ્યેકાન્તમતિરાપતત્ ।।૫૦।।**

અને પતિઓને પોતાની જરૂર નથી તે જાણીને ભગવાન વાસુદેવમાં અનન્ય

બુદ્ધિવાળી દ્રૌપદી તેમની અંદર ગઈ.૫૦

તે પહેલાંથી જ ભગવદીય હતી. ભગવાનનાં ચરણમાં પ્રવેશ કરવા તત્પર હોવા છતાં ભગવાને પતિઓને આપેલી હોવાથી, તેમનું હિત થાય તે માટે રહેલી. અને તેઓને પોતાની જરૂર નથી એમ જાણીને, ભગવાનમાં અનન્ય ગતિવાળી હોવાથી, દેહ ઈંદ્રિયો વિગેરેના સમૂહમાંથી નીકળી પોતાનાં હૃદયમાં જ પ્રકટ થએલા ભગવાનમાં ગઈ, એવો અર્થ છે.૫૦.

એ પ્રમાણે ૧૩ થી ૧૫ ત્રણ અધ્યાયો પરીક્ષિતના મોક્ષના સમ્બન્ધવાળા હોવાનું જણાવવા પાંડવોના ચરિત્રનાં શ્રવણનું ફલ નીચેના શ્લોકથી કહે છે :

**યઃ શ્રદ્ધયૈતદ્ ભગવત્પ્રિયાણાં પાણ્ડોઃ સુતાનામ્ અભિસમ્પ્રયાણમ્ ।**
**શ્રૃણોત્યલં સ્વસ્ત્યયનં પવિત્રં લબ્ધ્વા હરૌ ભક્તિમ્ ઉપૈતિ સિદ્ધિમ્ ।।૫૧।।**

જે શ્રદ્ધાથી ભગવાનના પ્રિય પાંડુના પુત્રોનું આ પૂરાં કલ્યાણના સ્થાનરૂપ, પવિત્ર સારા પ્રકારના પ્રયાણનું શ્રવણ કરે છે તે હરિમાં ભક્તિ પ્રાપ્ત કરી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.૫૧

સર્વ અંશો સાથેના ભગવાનનું સર્વ શ્રવણ કરવાથી સર્વ ફલ થાય, તેથી અંશનું શ્રવણ થાય ત્યારે થોડા ભાગથી ફલ થવાનું કહે છે. કોઈક પ્રસંગે પહેલાનાં ફલ સાથે ફલ થાય છે, તેથી બીજું નકામું નથી. પાંડવો વૈષ્ણવો હોવાથી તેઓમાં શ્રદ્ધા કહેલી છે. તેઓમાં પોતાથીજ સ્વાતન્ત્ર્ય વિગેરે ગુણો હતા, એમ જણાવવા 'પાંડુના પુત્રો' એમ કહેલું છે. 'કલ્યાણના સ્થાનરૂપ' શબ્દથી આ લોકનું ફલ કહેલું છે. 'પવિત્ર' વિશેષણથી ઈચ્છેલાંની પ્રાપ્તિ અને દુઃખનો નાશ કહેલ છે. પરલોકનું તો સાધન ભક્તિ અને ફલ ભગવાનની પ્રાપ્તિ કહેલાં છે. ન મળી શકે તેવો લાભ પ્રાપ્ત થાય તે માટે 'સિદ્ધિ' એમ કહેલું છે.૫૧

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**પંદરમો અધ્યાય સંપૂર્ણ.**

# મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવતાર્થપ્રકરણ

## સોળમાથી ઓગણીસ સુધીના ચાર અધ્યાયોનો અર્થ :

ફલ મુક્તિ પ્રાપ્ત કરાવે તેવું સાધન પરીક્ષિતે કરેલું એમ સોળમાંથી ઓગણીસમા સુધીના ચાર અધ્યાયો પરીક્ષિતનો અધિકાર દર્શાવનારા છે. રાજ્ય અને તેનો ત્યાગ એવા બે આ અધ્યાયોના વિભાગ છે. સોળમા અને સત્તરમા અધ્યાયમાં તેના રાજ્યનું અને અઢારમા તથા ઓગણીસમા અધ્યાયમાં તેના ત્યાગનું નિરૂપણ કરેલું છે. લૌકિક અને અલૌકિક એવા બે પ્રકારનું તેનું સામર્થ્ય અનુક્રમે દર્શાવવા રાજ્યનું બે અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. સોળમા અધ્યાયમાં સર્વભૂમિના જયરૂપ લૌકિક સામર્થ્યનું અને સત્તરમા અધ્યાયમાં કાલ(કલિ) ઉપરના વિજયરૂપ અલૌકિક સામર્થ્યનું નિરૂપણ કરેલું છે. સોળમા અધ્યાયમાં ધરણી અને ધર્મ નો સંવાદ (શ્લો.૧૮-૩૫) કહ્યો, તે સત્તરમા અધ્યાયમાં કલિ ઉપરનો વિજય કહેલ છે તેના અંગરૂપ છે. કારણ કે ધરણી અને ધર્મ બંનેને કલિથી ભય પામેલા કહેલા છે અને તેમને ભય પમાડનાર કલિને રાજા સત્તરમા અધ્યાયમાં વશ કરે છે.

અથવા પરીક્ષિતે સર્વત્ર આધિભૌતિક અને આધ્યાત્મિક ધર્મનું સ્થાપન કર્યું એમ ધરણી અને ધર્મ ના સંવાદથી જણાવેલું છે. અને સત્તરમા અધ્યાયમાં આધિદૈવિક ધર્મના વિરોધી કલિનો નિગ્રહ કરી તે ધર્મનો ભય પણ દૂર કર્યો એવી રાજાની સરસાઈ જણાવેલી છે [૧૧૮-૧૨૦]

આ પ્રકરણ બીજા પ્રકારે પણ શ્રીભાગવતનું મહાત્મ્ય દર્શાવે છે. ધરણી અને ધર્મ નો આ પ્રકરણમાં પ્રસંગ છે. ધરણી ઉપર રહેનારાઓ ધર્મથી જ કૃતાર્થ થાય. તેવાને પણ કલિએ નિરાશ કર્યા. ભગવાન્ ભૂતલ ઉપરથી પધારી ગયા પછી જેણે કલિને પણ વશ કરી તે ધરણી ઉપર રહેનારાઓનું રક્ષણ કર્યું તે પરીક્ષિત ઉત્તમ પુરુષ જ હતો એવો સોળમા તથા સત્તરમા અધ્યાયનો અર્થ થયો. આથી એમ સૂચવેલું છે કે ભૂમિ ઉપરનાં તીર્થો, દેવો અને ચાલુ સમય(કલિકાલ)માં કરવામાં આવતો ધર્મ નમાલા છે. કાલ ઉપર વિજય પ્રાપ્ત કરનારાઓ અને મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરનારાઓ પણ ભગવાન્‌થી એટલે ભગવાનની કથાથી અથવા શ્રીભાગવતથી જ મોક્ષ પ્રાપ્ત કરે છે, બીજું કોઈ તેઓને પણ મોક્ષ આપવા સમર્થ નથી તો પછી બીજાને તો શ્રીભાગવત વિના મોક્ષ ન મળે એમાં કહેવું જ શું ? [૧૨૧-૧૨૧।।]

શંકા : પાંડવો ઉપર ભગવાનની કૃપાદૃષ્ટિ હોવા છતાં તેઓએ કલિને તાબે કરેલો નહિ. તેથી કલિને વશ કરનાર પરીક્ષિત પોતે જ ઉત્તમ પુરુષ હોવો જોઈએ, તેથી શ્રીભાગવતની પ્રતિષ્ઠા થાય તે માટે જ શુકે ઉત્તમ પુરુષને ભાગવતનું શ્રવણ કરાવેલું છે એવી શંકા ન કરવી.

સમાધાન : કારણ કે પાંડવો ભગવાન્ ઉપર પ્રેમવાળા હોવાથી, ભગવાન્ પધારી જતાં તેઓ શક્તિવાળા હોવા છતાં ચાલ્યા જ ગયા. તેથી પરીક્ષિતનું જે સામાર્થ્ય હતું તે તેનું પોતાનું ન હતું પરંતુ પાંડવો પાસેથી તેને મળેલું હતું.

શંકા : શ્રીભાગવત જો મોક્ષ આપવાની ઘણી શક્તિવાળું હોય તો તેનું ગમે તેને શ્રવણ કરતાં મોક્ષ

આપે, પરીક્ષિતનું જ શું પ્રયોજન ?

સમાધાન : જેઓ કલિના દોષથી ઘેરાઈ ગયેલા છે તેઓને ભગવાનનું ગુણગાન કરવામાં શ્રદ્ધા હોતી નથી. પરીક્ષિતને શ્રીભાગવતમાં શ્રદ્ધા હતી એમ જણાવવા જ તેના અધિકારનું નિરૂપણ કરેલું છે. પરન્તુ શ્રવણ કરનારને અધિકાર હોવાની ભાગવતને જરૂર નથી. જો શ્રીભાગવતને તેનું શ્રવણ કરનારને મોક્ષ આપવામાટે તેનામાં શ્રવણ કરવાનો અધિકાર હોવાની જરૂર હોય તો ''દેહ વગેરે જડ પદાર્થોના ગુણોમાં પ્રવૃત્તિ કરનારનો ઉદ્ધાર થાય તે માટે ભગવાનના ગુણો કહો'' એમ ૧।૫।૧૬ માં કહેલું છે તેનો વિરોધ થાય. તેથી જેને શ્રીભાગવતમાં ઘણી શ્રદ્ધા હોય તે જ તેનું શ્રવણ કરવાનો અધિકારી છે. કલિને પરીક્ષિતે ભય પમાડેલો હોવાથી ભગવાનના ભક્તોને નડતો નથી [૧૧૨-૧૨૨।।]

**કલિ :**

શંકા : પરીક્ષિતને પણ કલિએ દુર્બુદ્ધિ ઉત્પન્ન કરી. તેની પાસે ઋષિના ગળામાં મરેલો સર્પ નખાવ્યો અને તેથી તેનું સર્પદંશથી મૃત્યુ કરાવ્યું. તો પછી બીજાઓની મુક્તિ શ્રીભાગવતનાં શ્રવણથી પણ તે કેમ થવા દે?

સમાધાન : એવી શંકા પણ ન રાખવી. કારણ કે પરીક્ષિતને એ દુર્બુદ્ધિ કલિએ ઉત્પન્ન કરી ન હતી, પરન્તુ ભગવાને જ ઉત્પન્ન કરેલી એવો નિર્ણય થાય છે. પરીક્ષિતે કલિને રહેવાનાં સ્થાન આપ્યાં(૧૭।૩૭।૩૯) તેથી બ્રાહ્મણનું અપમાન કરવાની તેની બુદ્ધિ થઈ. દુષ્ટ કલિને સ્થાન આપ્યું તેથી ઋષિના ગળામાં મરેલો સર્પ નાખવારૂપ તામસ કર્મ કરવાની તેની બુદ્ધિ થઈ. તેથી તેવી બુદ્ધિ અધર્મને લીધે જ થયેલી. જ્ઞાનરૂપ અગ્નિથી બળેલા તેના દેહનો લૌકિક દાહ થાય તે યોગ્ય નહિ તેથી ભગવાને બ્રાહ્મણના શાપના બહાનાથી તક્ષકના વિષરૂપ અગ્નિને તેને બાળવા પ્રેરણા કરી અને તે રાજર્ષિનો દેહ સ્વર્ગલોકના દેખતાં તક્ષકના વિષરૂપ અગ્નિથી તરત જ બળી ગયો(૧૨।૬।૧૩).

શંકા : કલિ કાલરૂપ હોઈ આકૃતિરહિત અને સદા રહેનારો છે. તેને વશ શી રીતે કરાય અને રહેવાનું સ્થાન પણ કેવી રીતે અપાય ? એવો પ્રશ્ન ઉદ્‌ભવે

સમાધાન : કલિ કલિયુગના અભિમાનવાળો દેવ છે. પરીક્ષિતના સમયમાં તે કાલના ધર્મોની પ્રવૃત્તિ ન થવી, એટલે કલિનો અધિકાર પરીક્ષિતના સમયમાં ન રહે એ જ કલિને વશ કરવાનું થયું અને તેનાં સ્વરૂપનું પરીક્ષિતે રક્ષણ કર્યુ (તેને હણ્યો નહિ) તે જ તેને રહેવાનું સ્થાન આપ્યું [૧૨૩-૧૨૫]

અધર્મરૂપ કલિને સ્થાન આપ્યું અને તેથી તેનાથી ઋષિનું અપમાન થયું. તેવા કાર્યથી પણ પરીક્ષિતને મોક્ષ થયો, કારણ કે કલિ અત્યન્ત દુષ્ટ નથી. યજ્ઞ વગેરે ધર્મ કરવામાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મ એ છયે શુદ્ધ હોવા જોઈએ, પણ તેઓની શુદ્ધિ દેશ અને કાલ પ્રમાણે કરવાની

હોય છે. કલિમાં એ શુદ્ધ હોવાની જરૂર નથી. મરણ સમયે જેમ રોગ થાય છે તેમ જો કલિમાં ભગવાનનું સ્મરણ થાય તો મનુષ્ય ઉપર જણાવેલાં છયે સાધનો વિના પોતાની મેળે જ શુદ્ધ થાય છે. તેથી ધર્મ પ્રાપ્ત કરવામાં કોઈ સહાય કરનાર ન હોવા છતાં, કલિ શૂરો હોવાથી, તેના સ્વરૂપનું રક્ષણ પરીક્ષિતે કરવાથી ધર્મની વૃદ્ધિ થઈ. તેથી પરીક્ષિતના તામસ કર્મથી પણ તેને મોક્ષની પ્રાપ્તિ થઈ.

શંકા : એમ હોય તો એવા ઉત્તમ કલિનું રક્ષણ સાત્ત્વિક કર્મ જ ગણાય. તેવા કર્મથી ઋષિનું અપમાન કરવાની પરીક્ષિતની બુદ્ધિ કેમ થઈ અને સર્પથી તેનું મૃત્યુ કેમ થયું ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : કલિમાં ધર્મ થતો ન હોવાથી રાજાની તેવી બુદ્ધિ અને તે પ્રકારે મૃત્યુ થયાં. જો કલિમાં ધર્મ થતો હોય તો ધર્મ પ્રાપ્ત કરાવવામાં કોઈની સહાય વિના પણ કલિ શૂરો હોવાથી તેનું રક્ષણ સાત્ત્વિક કર્મ ગણાય; પરન્તુ તે કાલમાં ધર્મ થઈ શકતો ન હોવાથી, કલિના રક્ષણથી રાજાને એવું ફળ મળ્યું. વળી કલિ તામસ છે. ચાર યુગોમાં કૃતયુગ સાત્ત્વિક છે, ત્રેતા રાજસ અને સાત્ત્વિક છે, દ્વાપર રાજસ અને તામસ છે, અને કલિ પૂરો તામસ છે. તામસનું રક્ષણ પણ તામસ કાર્ય હોવાથી રાજાને તેવું ફળ મળ્યું. વળી કલિમાં કરેલા ધર્મથી ચિત્તની શુદ્ધિ થતી નથી પરન્તુ માત્ર સ્વર્ગ વગેરે ફલ મળે છે. તેવા ધર્મથી અનુમોદન ન થઈ શકે તેવું જ ફળ મળે છે, આદર કરી શકાય તેવું ફળ મળતું નથી. જેમ કચરાવાળા જલના પૂરથી ધોવામાં આવેલ કોઈ પદાર્થ શુદ્ધ થતો નથી તેમ કલિમાં કરેલા ધર્મથી ચિત્તની શુદ્ધિ થતી નથી. પાપ કરેલ ન હોય છતાં કલિમાં કરેલ ધર્મથી ચિત્તની શુદ્ધિ થતી નથી કારણ કે મલિન લોકમાં મલિનતા જ હોય, પ્રિય લાગે તેવું કંઈ ન હોય. આ મલિનતા દુર્ભાગ્ય છે. તે નરકમાં નાખતી નથી પરન્તુ પાપને લીધે આ લોકમાં જ દુઃખ પ્રાપ્ત કરાવે છે. તે દુઃખ તામસ છે. તીવ્ર વેદનારૂપ નથી, પરન્તુ મૂઢ (બીજાને ન જણાય તેમ આકુલતા કરાવનારું) હોવાથી સહન કરવું પડે છે. વળી તે અલૌકિક એટલે જેથી લોકમાં નિન્દા વગેરે ન થાય તેવું હોય છે. એ પ્રકારે કલિમાં સારા ગુણ હોવાનું કહ્યું. કલિનો ઉત્તમ ગુણ તો એ છે કે તેમાં ''શ્રીકૃષ્ણનું કીર્તન કરવાથી જ મનુષ્ય બન્ધનથી મુક્ત થઈ ભગવાનને પ્રાપ્ત કરે છે''(૧૨।૩।૫૧). પરન્તુ શ્રીભાગવતશાસ્ત્રની પ્રવૃત્તિ થાય તો શ્રીકૃષ્ણનાં કીર્તન વગેરે થાય. તેવી પ્રવૃત્તિ થાય નહિ ત્યાં સુધી કીર્તન વગેરેમાં આદર હોતો નથી. અને કીર્તનનો આદર ન હોય તો એ પ્રમાણે ભગવાનની પ્રાપ્તિ થતી નથી. તેથી અહીં પહેલા સ્કન્ધમાં ભાગવતની પ્રવૃત્તિ થયા પહેલાંનો વૃત્તાન્ત હોવાથી કલિનો ઉત્તમ ગુણ કહેલો નથી. આગળ બારમા સ્કન્ધમાં તેની કથા કહેવાની છે ત્યાં તેના તે ઉત્તમ ગુણ કહેશે. આ જ કલિનો ઉત્તમ ગુણ છે એવો સિદ્ધાન્તનો સાર જાણવો [૧૨૬-૧૨૯]

શંકા : મહાભારતમાં પરીક્ષિત ઉત્તમ હોવાનું કહેલું નથી. તેવા માટે થયેલી ભાગવતની પ્રવૃત્તિ ઉત્તમ કેમ ગણાય ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : તો જાણવું કે મહાભારતમાં અને ભાગવતમાં જુદા-જુદા કલ્પની કથા કહેલી હોવાથી શ્રીભાગવતની કથા મહાભારતની કથાથી વિરુદ્ધ નથી [૧૨૯।।]

**શ્રીભાગવતના શ્રવણમાટે ઋષિઓનું આગમન :**

ઋષિઓ સર્વજ્ઞ હતા, તેથી તેઓ જાણતા હતા કે ક્યાં અને ક્યારે શ્રીભાગવતનું શ્રવણ શુક પરીક્ષિતને કરાવશે. તેથી તેઓ યોગ્ય સમયે જ્યાં કથા થવાની હતી ત્યાં પોતાની મેળે આવ્યા, રાજાની દયાથી આવ્યા ન હતા. વ્યાસ અને નારદ મધ્યમ અધિકારવાળા હોવા છતાં શ્રીભાગવતની ઉત્પત્તિના કારણરૂપ હોવાથી આવ્યા નહિ હોય એમ લાગે, પરન્તુ શ્રીભાગવતની પ્રવૃત્તિ થતી જોવાની ઈચ્છાથી તે બે પણ આવ્યા(અ.૧૯।૧૦). તેમને વૈરાગ્ય નહિ હોવાથી તેઓ મધ્યમ અધિકારવાળા હતા અને તેથી તે પ્રવૃત્તિ જોવાની તેમની ઈચ્છા થઈ. પરશુરામ તો ભગવાનની ક્રિયાશક્તિના અવતાર હોવાથી ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ બન્ને શક્તિવાળા શ્રીકૃષ્ણનું નિરૂપણ કરનાર શ્રીભાગવતનું શ્રવણ કરવા આવે તે યોગ્ય જ છે(અ.૧૯।૯) [૧૩૦-૧૩૧]

**શુક શંકરનો અવતાર :**

શંકા : સર્વ કરતાં ભગવાન્ ઉત્તમ છે, તેથી અમુક પુરુષમાં અલૌકિક ધર્મો વધારે અથવા ઓછા છે એવો વિચાર શા માટે કરવો ? ભગવાન્ સર્વથી ઉત્તમ હોવાથી ભગવાનના અંશો અવતરેલા હોય તે બધા શુકથી ઉત્તમ જ છે. તેથી શુક વક્તા થાય અને વ્યાસ કેમ ન થાય ?

સમાધાન : એવી શંકા થાય તો જાણવું કે શુક એ શિવ છે. તે પણ ભગવાનના ગુણાવતાર હોવાથી ઉત્તમ છે. વળી તે બ્રહ્મવિદ્(બ્રહ્મના જ્ઞાનવાળા) હોવાથી તેમનામાં લૌકિક સરસાઈ પણ છે. વળી તેમના વક્તા થવાનું બીજું એ પણ પ્રયોજન છે કે ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરેલું જ્ઞાન સારી રીતે ટકે છે, બીજું (ઈશ્વર ન હોય તેમની પાસેથી પ્રાપ્ત કરેલું) જ્ઞાન માયા વગેરેથી જતું રહે છે. આથી એમ સૂચવેલું છે કે ‘‘સૂર્ય પાસેથી આરોગ્યની ઈચ્છા કરવી’’ એ શ્લોકમાં જણાવેલ ચારે પદાર્થોની આ જ મુખ્ય વ્યવસ્થા છે.

શિવે શુક તરીકે શ્રીભાગવતની પ્રવૃત્તિ કરાવવા જ અવતાર લીધો છે. ભગવાન્ શ્રીકૃષ્ણે સર્વને મુક્તિ આપવા અવતાર લીધેલો. તે જ્યારે ભૂતલ ઉપરથી પધારી ગયા ત્યારે પોતાના સ્થાને શિવને મૂકતા ગયા. તેથી શ્રીભાગવતની પ્રવૃત્તિ કરાવવા જ શિવનો શુક તરીકે અવતાર થયો છે. કાશીમાં રહીને શિવ જ્ઞાનનો ઉપદેશ કરે છે જ, છતાં પોતે ‘વૃષધ્વજ’ થવા શુક તરીકે અવતાર લીધો છે. ‘વૃષ’ એટલે ધર્મ. ધર્મ છે ધજા જેમની તે ‘વૃષધ્વજ’. તેથી ધર્મના પ્રકારે સર્વને મુક્તિ પ્રાપ્ત કરાવવા આ અવતાર તેમણે લીધેલ છે. કૂર્મપુરાણમાં ‘‘શુક શિવનો અવતાર છે’’ એવું વાક્ય પણ છે, છતાં લક્ષણોથી પણ શુક મહાપુરુષ હોવાનું જણાય છે. તે બત્રીસ લક્ષણવાળા અને ભક્તોના કલ્પવૃક્ષ છે. આવા શુક જ્યારે રાજાએ મરણ સુધીના ઉપવાસ આદર્યા ત્યારે તેની પાસે ગંગાના તીરે પધાર્યા. તે સમયે રાજાએ તેમને બે પ્રશ્ન પૂછ્યા. ૧. મનુષ્યે સદા શું કરવું જોઈએ અને ૨. મરણ સમયે મનુષ્યે શું કરવું જોઈએ ? (અ.૧૯।૩૭) [૧૩૨-૧૩૩]

# ।। અધ્યાય સોળમો ।।
# પરીક્ષિતને રાજ્યલાભ, તેનો દિગ્વિજય તથા તેનું ભૂમિધર્મ સંવાદનું શ્રવણ

**મુક્તિર્નિરૂપિતા પૂર્વમ્ અધિકારનિરૂપણે ।**
**પારલૌકિકબન્ધસ્ય નિવૃત્યૈ પિતૃહેતુતઃ ।।૧।।**

પિતાઓના કારણથી પરલોક સમ્બન્ધી બન્ધન ન રહે તે માટે પરીક્ષિતની મુક્તિના અધિકારનું નિરૂપણ કરતાં પહેલાં[1] પિતાઓની મુક્તિ કહી.કા.૧

**એહિકસ્યાऽપિ બન્ધસ્ય નિવૃત્તિરઘુનોચ્યતે ।**
**અધિકારસ્ય સમ્પ્રાપ્ત્યા લોકતો બન્ધસમ્ભવ ।।૨।।**

હવે[2] આ લોકનું બન્ધન પણ દૂર થયાનું કહેવામાં આવે છે. અધિકાર પ્રાપ્ત થએલ હોવાથી લોકથી બન્ધન થવાનો સંભવ છે.કા.૨

**કલિદોષાચ્ચ તેનાત્ર ક્રમેણૈવ નિવાર્યતે ।**
**પ્રથમં ષોડશાધ્યાયે સ્વાધિકારેણ યદ્ ભવેત્ ।।૩।।**
**ભૂધર્મરક્ષા સર્વાપિ સામાન્યેન વિશેષતઃ ।**
**નિરૂપ્યતેऽન્યથા સ્વસ્ય દોષઃ સ્યાદ્ દ્વિવિધોऽપિ હિ ।।૪।।**

કલિના દોષથી આ લોકનું બન્ધન સંભવે છે. તેથી અહીં અનુક્રમેજ બે અધ્યાયોથી તે બન્ધન દૂર કરવામાં[3] આવે છે. પ્રથમ સોળમા અધ્યાયમાં પોતાના અધિકારને લીધે જે થાય[4] તે ભૂમિ અને ધર્મનું બધુંએ સામાન્ય પ્રકારથી અને વિશેષ પ્રકારે રક્ષણ કહેવામાં આવે છે. જો તેમ રક્ષણ ન કરે તો બંને[5] પ્રકારનો દોષ નિશ્ચય થાય.કા.૩-૪.

**અતઃ પુત્રાન્ સમુત્પાદ્ય ધર્મરક્ષા નિરૂપ્યતે ।**
**આધિદૈવિકરક્ષાર્થં કલિનિગ્રહ ઈર્યતે ।।૫।।**

તેથી પુત્રોને ઉત્પન્ન કરીને ધર્મનું રક્ષણ કર્યાનું કહેશે. આધિદૈવિકનાં રક્ષણ માટે કલિને વશ કર્યાનું કહેશે.કા.૫.

**સ્વભાવતઃ સ્થાપિતોऽપિ મૂલદોષાત્ ન વર્દ્ધતે ।**
**મૂલનિર્હરણં તસ્માત્ કર્તવ્યમ્ ઈતિ નિશ્ચયઃ ।।૬।।**

સ્વભાવથી ધર્મ સ્થાપિત કરેલો હોવા છતાં, મૂલના[6] દોષને લીધે વૃદ્ધિ ન પામે. તેથી મૂલ કાઢવું જોઈએ, એવો નિશ્ચય છે.કા.૬.

**આધિદૈવિકરૂપાણાં સાક્ષાત્કારો યદા ન હિ ।**
**ભગવચ્ચરિતસ્યાપિ દૈવિકત્વાત્ સ નૈવ હિ ।।૭।।**

આધિદૈવિક[7] સ્વરૂપોનો જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ભગવાનનું ચરિત્ર

પણ આધિદૈવિક હોવાથી તેનો પણ તે સાક્ષાત્કાર ન જ થાય.કા.૭.

**અતોઽધિકારસિદ્ધ્યર્થં દૈવિકાનાં નિરૂપણમ્ ।**
**અનુગ્રહો નિગ્રહશ્ચ વરદાનં તથૈવ ચ ।।૮।।**

તેથી ભગવાનનાં ચરિત્રનો સાક્ષાત્કાર કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે આધિદૈવિક[૭] કહેલા છે અને તેવી જ રીતે અનુગ્રહ પરાભવ અને વરદાન[૮] કહેલાં છે કા.૮.

૧. પરીક્ષિતની મુક્તિ થવાનું પહેલું અંગ હોઈ પહેલાં કહી. ૨.'હવે' એટલે આ પ્રકરણમાં.
૩. અધિકારથી થતું અને કલિના દોષથી થતું એવા બે પ્રકારનું બન્ધન હોવાથી બે અધ્યાયોથી તે દૂર કરવામાં આવે છે.
૪.ભૂમિનું રક્ષણ સામાન્ય રીતે અને ધર્મનું રક્ષણ અશ્વમેધ કરવા વિગેરે વિશેષ પ્રકારથી કહેશે.
૫.લૌકિક પ્રકારનો અને વૈદિક પ્રકારનો. ૬.ધર્મનું મૂલ કાલ છે. કારણકે કાલમાં ધર્મ કરાય છે.
૭.ભૂમિ ધર્મ અને કલિના આધિદૈવિક સ્વરૂપો.
૮.ભૂમિ અને ધર્મ ઉપર અનુગ્રહ અને કલિનો પરાભવ અને તેને સ્થાનોનું દાન.

એવી રીતે પરીક્ષિતને પાંડવોથી મુક્તિમાં થતું વિઘ્ન ન રહે તે માટે તેઓની મુક્તિ થયાનું કહીને ''આને કોઈ આશ્ચર્ય પેઠે જૂએ છે'' એ ન્યાયે અને ''શ્રવણ કરવા છતાં પણ કોઈ આને જાણતું નથી'' (ભગ.ગીતા ૨।૨૯) એવો નિર્ણય હોવાથી પરીક્ષિતનું ભાગવતનું શ્રવણ તેવું ન થાય, તે માટે પહેલાં આધિદૈવિકનો સાક્ષાત્કાર થવાનું વિગેરે કહેવા માટે, તેનું જાતકમાં સૂચવેલું સ્વરૂપ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**તતઃ પરીક્ષિદ્ દ્વિજવર્યશિક્ષયા મહીં મહાભાગવતઃ શશાસ હ ।**
**યથા હિ સૂત્યામ્ અભિજાતકોવિદાઃ સમાદિશન્ વિપ્રમહદ્ગુણસ્તથા ।।૧।।**

પછી વિપ્રો પ્રતિ જેનો ઉત્તમ ગુણ હતો તેવા મહાભાગવત પરીક્ષિતે, અહો! જેવી રીતે જન્મસમયે જાતકમાં પ્રવીણોએ કહેલું તેવી રીતે ઉત્તમ દ્વિજોના ઉપદેશ પ્રમાણે પૃથ્વી ઉપર રાજ્ય કર્યું.૧.

''જે ધર્મ ઈચ્છાથી કરેલો છે તે આભાસ છે'' (૭।૧૫।૧૨) એ વાક્યને લીધે પરીક્ષિતે રાજ્યનું રક્ષણ પણ પોતાની ઈચ્છાથી ન કર્યું એમ 'ઉત્તમ દ્વિજોના ઉપદેશ પ્રમાણે' શબ્દોથી કહેલું છે. ભગવાનના ભક્ત બ્રાહ્મણો હોય તે ઉત્તમ દ્વિજો છે. ''નારાયણમાં ચિત્તવાળા વિપ્રો ઉત્તમ ગુહ્ય ધર્મને જાણે છે'' એ વાક્ય પ્રમાણે તેઓને જ ધર્મનું સૂક્ષ્મ જ્ઞાન હોય છે. તેમણે ઉપદેશ કરેલ તે પરીક્ષિતના હૃદયમાં ઉતરતો એમ જણાવવા 'મહાભાગવત' એમ કહેલું છે. ભગવાનના ભક્તોમાં પણ તે ઉત્તમ હતો. આથી નીચેનાં ત્રણ સૂચવેલાં છે : ૧.સર્વ સ્થલે ભગવાનનું ભજન ચાલુ થએલું ૨.ભૂમિ ભગવાનની પત્ની હોવા છતાં પણ હરકોઈ કારણને લીધે તેનું પાલન કરનાર બીજો હોય ત્યારે તેને કાઢીને ભગવદ્ધર્મ ચાલવવામાં મચ્યા રહેવાનું અને ૩.ભગવદીય હોવાથી ધર્મનું પાલન કરવું. 'હ' 'અહો!' શબ્દ આશ્ચર્ય

દર્શાવે છે. કારણકે ભગવાનના ભક્તો કાર્ય કરવામાં મચ્યા રહે તે યોગ્ય નથી. ભગવાનનું કાર્ય કરવાં, એવું વાક્ય હોય તો પણ તેઓ સ્વરૂપમાંજ મસગુલ રહે છે; અને જો તેવા કાર્ય કરવામાં મચ્યા રહેનારા હોય તો મોટા ભક્ત ન હોય. તેથી અહીં પરીક્ષિતમાં કાર્ય કરવાનું અને મોટા ભક્ત હોવાનું બને છે તે આશ્ચર્ય છે. આશ્ચર્ય દૃઢ કરવા, આ કાલે કરેલું છે, ભગવાનની પ્રેરણાથી પરીક્ષિતે કરેલું નથી, એમ ઉત્તરાર્ધથી કહેલ છે. 'સૂત્યામ્' એટલે જન્મ સમયે. 'અભિજાતમ્' એટલે જાતક જન્મોત્રી, તેમાં 'કોવિદાઃ' પ્રવીણોએ કહેલું તેમ રાજ્ય કર્યું. વિપ્રો પ્રતિ ઉત્તમ ગુણ હતો જેનો તેવો પરીક્ષિત હતો. બ્રાહ્મણોનું હિત કરનાર હોવાપણું એવો અર્થ છે. તેથી કાલે તેને શુભ ફલ પ્રાપ્ત કરાવેલ.૧.

તેણે કરેલ ભૂમિનું રક્ષણ ભવિષ્યમાં ચાલુ રહેવાનું થઈ શકે તે માટે તેણે પુત્રો ઉત્પન્ન કર્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**સ ઉત્તરસ્ય તનયામ્ ઉપયેમ ઇરાવતીમ્ ।**
**જનમેજયાદીંશ્ચતુરઃ તસ્યામ્ ઉત્પાદયત્ સુતાન્ ।।૨।।**

તે ઉત્તરની પુત્રી ઇરાવતીને પરણ્યો. તેમાં તેનાથી જનમેજય વિગેરે ચાર સુતો ઉત્પન્ન કર્યા.૨

મામાની કન્યાને પરણવાનું લોકમાં કહેલું છે, સ્મૃતિમાં તેમ કરવાની મના કરેલી છે. લૌકિક ધર્મોનું દૃષ્ટાન્ત આપવાના પ્રસંગે ''મામાની કન્યા ભાગરૂપ સ્ત્રી છે'' એમ કહેલું છે. અને ''મામાની દીકરીને, તેવીજ રીતે માતાના ગોત્રવાળીને, અને વળી સમાન પ્રવરવાળીને પરણીને, તજીને (જો પરણ્યા હોય તો તેને તજીને) ચાંદ્રાયણ વ્રત કરવું'' એવી સ્મૃતિ છે. તેથી માત્ર ધર્મ કરવા માટે તેવો વિવાહ કરવો ન જોઈએ, પરન્તુ લૌકિક બલ શૌર્ય વિગેરેની જરૂર હોય તો કરવો જ જોઈએ. તેથી પોતાની સમાન બલ પુત્રને પ્રાપ્ત થાય તે માટે મામા ઉત્તરની પુત્રી ઇરાવતીને પરણ્યો. 'ઇરાવતી' નામથી[1] તે વૈષ્ણવ હોવાનું સૂચવેલું છે. તે આખી પૃથ્વીના રસવાળી હોવાથી, તેમાં ઉત્પન્ન થએલ પુત્રને બલ, અને તેના ઉપભોગથી પોતાને બલ અને અલૌકિક સુખ મળવાનું સૂચવેલ છે. અને શ્રુતિમાં સ્વર્ગ અને પૃથ્વી કહેલ હોવાથી ભગવાનથી તેનું પાલન થવાનું સૂચવેલું છે. તેને ચાર પુત્રો થયા. 'સુતાન્' 'સુતો' શબ્દથી પોતાથી ઉત્પન્ન થએલા હોવાનું જણાવેલું છે. ચાર દિશાઓમાં રક્ષણ અને ચાર પ્રકારના પુરુષાર્થોની પ્રાપ્તિ તેટલાથી જ થશે એવા વિચારથી વધારે પુત્રો ઉત્પન્ન ન કર્યા.૨

૧.ભગવાનની બાર શક્તિઓ ૧૦।૩૬।૫૫ માં કહેલી છે તેમા 'ઇલા' ઇરા શક્તિ છે. તેથી તે વૈષ્ણવ હોવાનું 'ઇરા' નામથી સૂચવેલું છે.

આધિદૈવિક પ્રકારથી અશ્વમેધો કર્યાનું પહેલાંની[1] પેઠે નીચેના શ્લોકથી કહે છે :

**આજહારાશ્વમેધાન્ ત્રીન્ ગંગાયાં ભૂરિદક્ષિણાન્ ।**

**શારદ્વતં ગુરું કૃત્વા દેવા યત્રાક્ષિ-ગોચરાઃ ।।૩।।**

શારદ્વતને ગુરુ કરીને ગંગામાં ઘણી દક્ષિણાવાળા ત્રણ અશ્વમેધો કર્યા જેમાં દેવો પ્રત્યક્ષ થએલા.૩

ત્રણે પ્રકારનો દોષ ત્રણ અશ્વમેધોથ ીજ નીકળી ગયો, તે કારણે વધારે ન કર્યા. 'ગંગાયામ્' એટલે ગંગાના વચલા ભાગની ભૂમિમાં. પત્ની સાથેના યજ્ઞો પુષ્ટ થાય છે એમ જણાવવા 'ઘણી દક્ષિણવાળા' એમ કહેલું છે. ધૌમ્યમાં માત્ર પાંડવો જ શ્રદ્ધાવાળા હોવાથી, કુલના આચાર્ય કૃપને જ આણે[૨] ગુરુ તરીકે સ્વીકાર્યો એમ 'શારદ્વતને ગુરુ કરીને' શબ્દથી કહેલું છે. કૃપ=શર(રાડાં)ના સમૂહમાં ઉત્પન્ન થએલો. એવી રીતે ઘણી દક્ષિણાથી બ્રાહ્મણોને સંપત્તિ પ્રાપ્ત થતાં યજ્ઞ આધિદૈવિક થયો એમ 'જેમાં દેવો પ્રત્યક્ષ થએલા' શબ્દોથી કહેલું છે. હોમેલ પદાર્થના ભાગનો ભોગનારા ભગવાનના અંશરૂપ દેવો આધિદૈવિક છે, વૈદિક મન્ત્રમાં તેઓ જ કહેલા છે. મન્ત્રનું પ્રાધાન્ય હોય તેવા પક્ષમાં દેવો આધ્યાત્મિક હોય છે. જ્ઞાન વિનાનાઓથી કરતા તે જ યજ્ઞો કર્મના અંગરૂપ હોઈ, મહાભૂતોનો સંસ્કાર કરનારા આધિભૌતિક છે. ઉત્તમ યજ્ઞો તો ભગવાનના અંશરૂપ હોઈ ભગવાન પેઠે તેમાં દેવો પ્રત્યક્ષ થાય છે.૩

૧.'પહેલાંની પેઠે' એટલે જાતકમાં કહેલા કાલના ગુણને લીધે. ૨.'આણે' એટલે પરીક્ષિતે.

એવી રીતે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ કહીને, આધિદૈવિકપણું જણાવવા માટે ધર્મના વિરોધીનો પરાભવ કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**નિજગ્રાહૌજસા વીરઃ કલિં દિગ્વિજયે ક્વચિત્ ।**
**નૃપલિંગધરં શૂદ્રં ઘ્નન્તં ગોમિથુનં પદા ।।૪।।**

વીરે દિગ્વિજયમાં કોઈક સ્થલે પગથી ગાયની જોડીને મારતા, રાજાનું ચિહ્ન ધારણ કરેલા શૂદ્ર કલિનો બલથી પરાભવ કર્યો.૪

જો તેમ ધર્મના વિરોધીનો પરાભવ કરેલ ન હોત તો પાંડવોની પેઠે આણે પણ નીકળી જવું યોગ્ય થાત. કલિથી ભય પામેલા પાંડવો નીકળી ગયા હતા. આણે તો કલિનો પણ પરાભવ કર્યો એ પાંડવોના કરતાં તેનું ઉત્તમપણું છે. 'કોઈક સ્થલે' એટલે કુરુક્ષેત્રમાં. કલિની અવસ્થાનો પ્રકાર 'રાજાનું ચિહ્ન ધારણ કરેલા પગથી ગાયની જોડીને મારતા શૂદ્રનો' શબ્દથી કહેલ છે. કલિના ત્રણ રૂપો છે : [ક]પાપ [ખ]શૂદ્ર અને [ગ]તે બંનેવાળો રાજા. તે પૈકી તે બંને વાળો રાજા આધિદૈવિક રૂપ છે, તે 'રાજાનું ચિહ્ન ધારણ કરેલા' વિશેષણથી કહેલ છે. ''માનો પણ ભોગ કરે છે'' એ શ્રુતિ પ્રમાણે પશુઓમાં વાછરડાં સાથેની ગાય પણ 'જોડી' કહેવાય છે. તેથીજ કલિએ સ્પર્શ કરવા યોગ્ય રૂપ હોવાનું જણાવેલું છે. ગાડામાં બેસી, ગાય અને બળદ ને જોડી, લંબાવેલા પગથી મારતો, અથવા વિજય પ્રાપ્ત કરીને ગાય અને બળદની જોડીને પોતાના દેશમાં લઈ જતા રાજાનો પરાભવ કર્યો. કલિમાં પાપ હોવાથી તેણે ધર્મ અને ભૂમિ ના વાક્યો સાંભળ્યા નહીં. પરીક્ષિતે તો તે સાંભળ્યા અને તેમને જોયા; તેથી તેનો પરાભવ કરવાની શક્તિ

તેનામાં હતી. અત્યારના લોક પેઠે ગાય વિગેરેની ભાષાનું જ્ઞાન ન હોવા છતાં, તેમને કલિએ જોયાનું અને નિયન્ત્રણ કર્યાનું સંભવે છે.૪

આ વાક્યમાં શૌનકને સન્દેહ થયો કે કલિ અને શૂદ્ર તો જુદાં-જુદાં, અથવા શૂદ્રમાં કલિએ પ્રવેશ કરેલો તેથી મારતો હતો, અથવા જેણે અન્યાય કરેલ તેને મારતો હતો! શ્લો.૪માં 'ચ' 'અને' શબ્દ ન હોવા છતાં પણ કલિ અને શૂદ્ર એ બે પદાર્થો કહ્યા ત્યારે તેમનો એક પરાભવ કરવાની ક્રિયામાં સમાવેશ થયેલો તેને જણાયો. તેથી નીચેના શ્લોકથી આરંભી પ્રશ્ન કરે છે :

**શૌનક કહે છે :**

**કસ્ય હેતોર્નિજગ્રાહ કલિં દિગ્વિજયે નૃપઃ ।**
**નૃદેવચિહ્નધૃક્ શૂદ્રઃ કોઽસૌ ગાં યઃ પદાઽહનત્ ।।૫।।**

રાજાએ દિગ્વિજયમાં કલિનો પરાભવ કયા પ્રયોજનથી કર્યો? જે પગથી ગાયને મારતો હતો તે રાજાનું ચિહ્ન ધારણ કરનાર શૂદ્ર કોણ હતો? ૫.

કારણકે દિગ્વિજયમાં રાજાઓને જીતવાના હોય છે, પરન્તુ કાલ પોતાનો આધાર હોવાથી તેને જીતવાનો હોતો નથી, અને કલિનો પરાભવ કરવો તો નકામો છે, કારણકે કાલ સર્વ ક્રિયાઓનું સાધારણ કારણ છે, કાલનો તેવા જ પ્રકારનો નિર્ણય થએલો છે. અને કાલના કારણે પરીક્ષિતને રાજ્ય પ્રાપ્ત થએલું છે તેથી કલિનો પરાભવ કરવાનું પ્રયોજન ન હોવાથી અને દેહને કબજામાં લેવાથી કાલનો પરાભવ થતો ન હોવાથી તે થઈ શકે તેમ નથી, તેથી પ્રશ્ન કરેલ છે. તેમાં પણ 'નૃપઃ' પરીક્ષિત કાલની હદવાળો રાજા છે. તે કલિ ના વિશેષણ તરીકે શૂદ્રને જાણતો ન હોવાથી ઉત્તરાર્ધ કહે છે. શૂદ્રનો એવો રાજાનો વેશ ક્યાંથી? તેણે ક્યાંથી પ્રાપ્ત કર્યો? તેવા વેશવાળો થએલો પગથી ગાયને કેમ મારતો હતો? ૫.

તેથી સન્દેહ દૂર કરવા તે કહો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તત્ કથ્યતાં મહાભાગ! યદિ કૃષ્ણકથાશ્રયમ્ ।**
**અથવાઽસ્ય પદામ્ભોજ મકરન્દલિહાં સતામ્ ।**
**કિમન્યૈરસદાલાપૈઃ આયુષો યદ્ અપવ્યયઃ ।।૬।।**

હે મોટા ભાગ્યવાળા! જો તે બાબત શ્રીકૃષ્ણની કથાને લગતી હોય અથવા એમનાં ચરણકમલના રસનો સ્વાદ લેનારા સત્પુરુષોને લગતી હોય તો કહો. બીજા દુષ્ટોની વાતચિતો જેનાથી આયુષ્યનો ખોટો વ્યય થાય તેમનું શું પ્રયોજન? ૬

બીજી વાત ન કરવા માટે 'હે મોટા ભાગ્યવાળા!' એવું સંબોધન કરેલ છે. તમારું ભાગ્ય મોટું છે કે તમે ભગવાનની કથા કહેવામાં રોકાએલા છો અને તે જાણનારા છો. તેથી સ્વાર્થથી વિરુદ્ધ ન હોય તો કહેવું, નહીં તો ન કહેવું, એમ 'જો શ્રીકૃષ્ણની કથાના આધારવાળું હોય' શબ્દોથી કહેલું છે. શ્રીકૃષ્ણની કથાનો તેને આધાર હોય, જો તે કથામાં ભગવાનની કથા

આવતી હોય, તો કહો. ભગવાનની કથાનો આધાર તેને ન હોય, તો પણ વાસ્તવિક રીતે જે ભગવદીયો છે, તેમના સમ્બન્ધવાળી બીજી જે કથા હોય, તેનો આધાર હોય તો પણ કહો, એમ તેમના સમ્બન્ધવાળી બીજી જે કથા હોય, 'અથવા એમનાં...તો કહો' શબ્દોથી કહેલું છે. ભક્તિના રસનો સ્વાદ લેનારા એવા કહ્યા, તેથી ભક્તિરસનો સ્પર્શ જેમાં ન હોય તેવી કથા રહિત તેઓ કહે છે, એમ સૂચવેલું છે. 'સત્પુરુષો' શબ્દથી મોહ કરવા માટેની પણ બીજી કથા ન કરવાનું જણાવેલું છે.

પુરુષનું સુખ, બ્રહ્મનું સુખ અને ધનનું સુખ આપે તે 'મકરન્દ'[1]. પાણિની "ગમશ્ચ" (સૂત્ર ૩-૨-૪૭) પ્રમાણે 'અ' પ્રત્યય અને તેની પહેલાનો અનુસ્વાર થએલ છે. તે મકરન્દ માત્ર ભગવાનના ચરણારવિન્દમાં જ રહેલો, પ્રેમથી કરેલી સેવામાં તેનું સ્વરૂપ પ્રકટ થાય છે, માત્ર ભક્તોએ જ ભોગ કરવા યોગ્ય છે, અને તેનું સારી રીતે વર્ણન થઈ ન શકે તેવો છે. બધાએ ભક્તિમાર્ગ અને શાસ્ત્ર જેને પ્રાપ્ત કરવા માટે છે તેનો આસ્વાદ લેનારાઓની કથાથી શાસ્ત્રના અર્થનું સંપૂર્ણ જ્ઞાન થાય છે. તેથી પ્રમાણની કથા અથવા પ્રમેયની કથા જો તેમના આધારવાળી હોય તો કહેવી, તેવી ન હોય તો આ કથા પણ સન્દેહ કરાવનારી હોઈ ખરાબ છે. ખોટી વાતચિત અથવા દુષ્ટોની વાતચિત છે. બંનેના બંને પ્રતિ યોગી[2] છે. તેવાથી શું પ્રયોજન સરે? ઈચ્છેલી વાતચિત પુષ્ટિ કરનારી હોવાથી સમય વ્યતિત થાય તે જ યોગ્ય છે, એમ કહેવામાં આવે, તેથી 'જેનાથી આયુષ્યનો ખોટો વ્યય થાય' એમ કહેલું છે. કરોડો સુવર્ણના સિક્કાઓથી પણ જે એક ક્ષણ જેટલું આયુષ્ય પણ પ્રાપ્ત થઈ શકે તેવું નથી, તેવા આયુષ્યનો ખોટો વ્યય થાય. તેથી તે આયુષ્યનો વ્યય કરનારી હોવાથી ન કહેવી. ૬.

૧.મ,ક,ર, એટલે અનુક્રમે પુરુષ, બ્રહ્મ અને ધન તે. 'દદાતિ દ' આપે તે મકરંદ.

૨. ભગવાનની કથા અને ભગવાનના ભક્તોની કથા એ બંનેની ૧.ખોટી કથા અને ૨.દુષ્ટોની કથા બંને વિરોધી છે.

યજ્ઞનો આરંભ તો આયુષ્યની વૃદ્ધિ થાય તે માટે જ કરેલો છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ક્ષુદ્રાયુષાં નૃણામ્ અંગ મર્ત્યાનામ્ અમૃતેચ્છતામ્ ।**
**ઈહોપહૂતો ભગવાન્ મૃત્યુઃ શામિત્ર-કર્મણિ ।।૭।।**

હે વહાલા! હલકા મરણ પામે તેવા અમૃતને ઈચ્છનારા મનુષ્યો માટે અહીં પશુ હિંસાના કર્મમાં ભગવાન્ મૃત્યુને બોલાવેલ છે.૭.

થોડાં આયુષ્યવાળા પ્રાણીઓ જેમનું મરણ જરૂર થવાનું છે, તેવાઓનું મરણનું દુઃખ દૂર થાય તે માટે અમૃત ઈચ્છનારાઓ માટે અહીં મૃત્યુને બોલાવેલ છે, એવો વાક્યનો સમ્બન્ધ છે. અથવા 'થોડાં આયુષ્યવાળાને બીજી ખોટી વાત-ચિતથી શું પ્રયોજન?' એવા પહેલાંના શ્લોક સાથે આનો સમ્બન્ધ છે. એક હજાર વર્ષ ચાલે તેવા યજ્ઞમાં અમૃત પ્રકટ થાય છે એવો નિશ્ચય[1] છે. પુરુષોને મૃત્યુ પીડા કરનાર છે. તે આધિદૈવિક છે તેથી યજ્ઞના ભાગનો ભોગ

કરવા તેને અહીં બોલાવેલ છે. કારણકે ''આ જે પશુ છે તેને મૃત્યુ માટે લઈ જવામાં આવે છે'' એ શ્રુતિ પ્રમાણે અવસ્થાના ભેદથી[2] પશુઓ તે મૃત્યુનો ભાગ છે. ''ગાયમાં રુદ્રનો ભાગ છે'' એ ન્યાયે મૃત્યુ જુદી અવસ્થાથી[3] પણ હવિમાં ભાગદાર છે. 'શામિત્રમ્' એટલે પશુની હિંસા. તે કર્મમાં દેવતાની જરૂર હોવાનું સૂચવેલું છે. મૃત્યુ અધર્મના વર્ગમાં નથી એમ જણાવવા 'ભગવાન' એમ કહેલ છે.૭

૧.વિશ્વ રચનારાઓનાં પહેલા યજ્ઞ માં સુવર્ણપક્ષીના સ્વરૂપથી બ્રહ્મ પ્રકટ થયેલું તેથી એવો નિશ્ચય થાય છે.

૨.જે પશુઓને યજ્ઞ માટે લઈ જવામાં આવે છે તે અવસ્થાવાળા પશુઓ મૃત્યુનો ભાગ હોવાથી પશુયજ્ઞમાં મૃત્યુનો પ્રવેશ થાય છે.

૩.ઘી સર્વ યજ્ઞોમાં વપરાય છે. મૃત્યુ રુદ્રના રૂપમાં અને ગાય ઘીના રૂપમાં હોવાથી બધા યજ્ઞોમાં આવી રીતે અવસ્થાના ભેદથી મૃત્યુ હવિમાં ભાગદાર છે.

જો એમ હોય તો તેથી શું? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ન કશ્ચિન્ મ્રિયતે તાવદ્ યાવદ્ આસ્ત ઈહાઽન્તકઃ ।**
**એતદર્થં હિ ભગવાન્ આહૂતઃ પરમર્ષિભિઃ ।**
**અહો નૃલોકે પીયેત હરિલીલામૃતં વચઃ ।।૮।।**

જ્યાં સુધી અહીં મૃત્યુ રહેલ છે ત્યાં સુધી કોઈ પણ મરશે નહીં, કારણકે આ પ્રયોજનથી મોટા ઋષિઓએ ભગવાનને અહીં બોલાવેલ છે. અહો! મનુષ્યલોકમાં હરિલીલારૂપ અમૃતવાળા વચનનું પાન કરાય છે.૮.

જ્યાં સુધી અહીં મૃત્યુ રહેલ છે ત્યાં સુધી કોઈ પણ મરશે નહીં તેથી પણ શું? આ પ્રયોજનથી ભગવાનને અહીં બોલાવેલ છે. લોકમાં કોઈ પણ ન મરો. અમારા યજ્ઞથી પ્રકટ થએલાં અમૃતનું પાન કરીને સર્વે અમર જ થાઓ. વચલા સમયમાં પણ ન મરો ‒ એવો ભવિષ્યના પ્રયોજનનો નિશ્ચય કરીને, તે નભે તે માટે ભગવાનને બોલાવવાની શક્તિવાળા મોટા ઋષિઓએ ભગવાનને અહીં બોલાવેલ છે; અને તે જોઈ ન શકાય તેવા કથાના સ્વરૂપથી આવેલા છે. તેથી જ 'અહો!' શબ્દથી આશ્ચર્ય દર્શાવેલ છે, કારણકે લોકમાં હરિની લીલારૂપ અમૃતવાળા વચનનું પાન થાય છે.

અર્થ આ પ્રમાણે છે. અમે પોતાની અપકીર્તિ દૂર કરવા યજ્ઞનો આરંભ કર્યો. ''જે યજ્ઞ માટે આગુરણ કરે છે''[1] એ શ્રુતિ અને ''આ યજ્ઞ કરનારાઓ[2] કેમ?'' એ શ્રુતિ પ્રમાણે સત્રનો આરંભ થતાં સર્વ મરે છે. તેથી તે દોષ દૂર કરવા ઋષિઓએ એવું વિચાર્યું કે અહીં ભગવાનને બોલાવવા, યજ્ઞ તેમને સમર્પણ કરવા, મૃત્યુને હિંસાના કર્મમાં બોલાવવું, અને તેમ કરવાથી આપણી અપકીર્તિ દૂર થશે. તે સમયે ભગવાને તેમજ કર્યું. પોતે પધાર્યા. તમારી મારફત કથારૂપથી પધારેલા છે. આ તો આશ્ચર્યકારક છે. તેથી જાણી શકાય તેવી રીતે જ પ્રાણીઓને અમૃત પ્રાપ્ત થશે. ભગવાન પધાર્યા ન હોત, તો જાણી ન શકાય તેવી રીતે તે અમૃતની પ્રાપ્તિ થાત. તેથી આશ્ચર્ય થએલું હોવાથી ભગવાનનું ચરિત્ર જ કહેવું, બીજું ન કહેવું

એવો અર્થ છે.૮

૧.આ શ્રુતિમાં આગુરણ કહેલું છે. દેવતા માટે સર્વના પ્રાણ આપે છે એવો આ શ્રુતિનો અર્થ છે.

૨.જેઓ યજ્ઞ કરે છે તેઓ બધી પ્રજાના પ્રાણોથી જીવે છે. તેથી પૂછે છે કે આ યજ્ઞ કરનારાઓ કેમ એમ કરે છે? એવી આ શ્રુતિ છે. આ શ્રુતિઓ પ્રમાણે યજ્ઞ કરનારની અપકીર્તિ થાય તે સ્પષ્ટ છે.

તેઓ પોતાની મેળે જ પોતાનાં મૃત્યુને અટકાવશે. તમારે પ્રયાસ કરવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**મન્દસ્ય મન્દપ્રજ્ઞસ્ય વયો મન્દાયુષશ્ચ વૈ ।**
**નિદ્રયા હ્રિયતે નક્તં દિવા ચ વ્યર્થકર્મભિઃ ।।૯।।**

આળસુ, ઓછી બુદ્ધિવાળા અને ઓછાં આયુષ્યવાળાનું વય ખરેખર રાત્રે ઉંઘથી અને દિવસે નકામા કર્મોથી વ્યતિત થાય છે.૯

'મન્દસ્ય' 'આળસનું' શબ્દથી કર્મ ન કરવાનું સૂચવેલું છે. 'મંદા' ઓછી છે 'પ્રજ્ઞા' બુદ્ધિ જેની, એ શબ્દથી જ્ઞાન ન હોવાનું અને ઓછું છે આયુષ્ય જેનું એ શબ્દથી ભક્તિ ન હોવાનું સૂચવેલું છે. તેનું 'નક્તં વયઃ' રાતના સમ્બન્ધી આયુષ્ય ઉંઘથી વ્યતિત થાય છે, અને દિવસના સમ્બન્ધી આયુષ્ય નકામાં કર્મોથી વ્યતિત થાય છે. તેથી બધાંએ આયુષ્યનો બીજાં કાર્યમાં ઉપયોગ થતો હોવાથી તેમનામાં મૃત્યુને અટકાવવાની શક્તિ નથી.૯.

કલિના પરાભવને ભગવાનની કથાનો આધાર છે એમ માનીને સૂત નીચેના શ્લોકથી આરંભી તે કહેવાનો આરંભ કરે છે :

**સૂત કહે છે :**

**યદા પરીક્ષિત્ કુરુજાંગલે-ઽવસત્ કલિં પ્રવિષ્ટં નિજચક્રવર્તિતે ।**
**નિશમ્ય વાર્તામ્ અનતિપ્રિયાં તતઃ શરાસનં સંયુગશૌણ્ડિરાદદે ।।૧૦।।**

જ્યારે પરીક્ષિત્ કુરુજાંગલમાં રહેલ ત્યારે પોતાનાં સૈન્યથી રક્ષાએલમાં કલિએ પ્રવેશ કરેલ હોવાની બહુ પ્રિય નહીં તેવી વાર્તા સાંભળીને પછી યુદ્ધ કરવામાં શૂરવીરે શરાસન લીધું.૧૦

જ્યારે પરીક્ષિત કુરુજાંગલ દેશદ્ધહસ્તિનાપુરમાં રહેલ, ત્યારે પોતાનાં સૈન્યથી રક્ષાએલમાં કલિએ પ્રવેશ કરેલ હોવાનું સાંભળીને શરાસન લીધું, તેવો વાક્યનો સમ્બન્ધ છે. 'વસન્' 'વસતાં' એવો પાઠ હોય, ત્યારે 'ભવતિ' અથવા 'અભૂત્' 'હતો' એમ ઉમેરવું. રાજ્ય પાંડવોએ જ પ્રાપ્ત કરેલું હોવાથી, ભય વિનાના રાજ્યમાં પોતે બેઠેલો હોવાથી માત્ર નામથી જ રાજા હતો એવું તેના હૃદયમાં દુઃખ રહેતું. પછી કલિએ પ્રવેશ કર્યાનું સાંભળ્યું ત્યારે ખાસ બોધ કરવાનું આવ્યું તેથી ઘણો ઉત્સાહ થયો. છતાં પણ રાજ્યમાં અધર્મનો પ્રવેશ થયો તેથી તે વાર્તા બહુ પ્રિય ન હતી. રાજાની આજ્ઞા પ્રમાણે લોક ન કરે તો કલિ તેમ કરાવનારા હોવો જોઈએ. પોતાની મેળે જ લોક તે રાજાની આજ્ઞા પ્રમાણે વર્તવાનું ન કરે તો તેઓજ મારવા

યોગ્ય થાય. પણ દૈત્યના પક્ષપાત વિના તેઓમાં હૃદયપૂર્વક આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની શક્તિ ન હોવાથી તેમ ન થઈ શકે. તેથી દૈત્યનો વધ કરવામાં દોષ ન હોવાથી 'સંયુગશૌણ્ડિઃ' યુદ્ધ કરવામાં શૂરવીરે દૂરથી જ તેઓને મારીશ એવા વિચારથી શરાસન લીધું.૧૦

**સ્વલંકૃતં શ્યામતુરંગ-યોજિતં રથં મૃગેન્દ્રધ્વજમ્ આસ્થિતઃ પુમાન્ ।**
**વૃતો રથાશ્વદ્વિપપત્તિયુક્તયા સ્વસેનયા દિગ્વિજયાય નિર્ગતઃ ।।૧૧।।**

સારી રીતે શણગારેલા, શ્યામ અશ્વો જોડેલા, સિંહની ધજાવાળા, રથમાં બેઠેલો રથી, અશ્વો, હાથીઓ અને પાયદયવાળી પોતાની સેનાથી વીંટાએલો પુરુષ દિગ્વિજય કરવા નીકળ્યો.૧૧.

દેવના અશ્વોનું દૈત્યના સામા રહેવું સંભવશે નહીં એવા વિચારથી શ્યામ અશ્વો જોડેલા રથમાં તે બેઠો. તે રાજા હોવાનું જણાવવા રથને સારી રીતે શણગારેલ, રત્નો વિગેરેથી જડેલ હતો. 'સિંહની ધજાવાળા' વિશેષણથી પોતાનું ખાસ ચિહ્ન કહેલું છે. અને કલિ હાથીના પ્રકારનો અથવા ગધેડાના પ્રકારનો છે. સિંહરૂપ નૃસિંહ ભગવાને દૈત્યોના રાજા હિરણ્યકશિપુનો વધ કરેલ હોવાથી સિંહની ધજા રથ ઉપર રાખેલી. 'પુરુષ' હોવાથી, કોઈ સાહાય્ય કરનાર વિના પણ શૂરવીર હતા. 'પુરાત્' 'શહેરમાંથી' એવો પાઠ હોય ત્યારે નગરમાંથી યુદ્ધ કરવા માટે જ નીકળ્યો, પરન્તુ વિચાર ન કર્યો, એવો અર્થ થાય. દિગ્વિજય થશે ત્યારે બીજું વચ્ચે કરવાનું કાર્ય એની મેળે જ થશે, તેથી 'દિગ્વિજય કરવા' એમ કહેલ છે.૧૧.

**ભદ્રાશ્વં કેતુમાલં ચ ભારતં ચોત્તરાન્ કુરૂન્ ।**
**કિમ્પુરુષાદીનિ સર્વાણિ વિજીત્ય જગૃહે બલિમ્ ।।૧૨।।**

ભદ્રાશ્વ અને કેતુમાલ, ભારત, ઉત્તર, કુરુ, કિંપુરુષ વિગેરે સર્વને જીતી કર લીધો.૧૨.

આ પરીક્ષિત જંબુદ્વીપનો અધિપતિ હતો. તેના નવ ખંડો છે. તેઓમાં પ્રથમ ચારે બાજુએ ભમ્યો. તેમાં પશ્ચિમ ભાગમાં 'ભદ્રાશ્વ' નામનો ખંડ છે, પૂર્વ ભાગમાં કેતુમાલ છે, દક્ષિણે ભારત છે અને ઉત્તરના ભાગમાં ઉત્તર કુરુ છે. બીજા કિંપુરુષ વિગેરે ખંડો વચ્ચે રહેલા છે. નવ ખંડો જીતી લઈને પોતાની આજ્ઞા પ્રસારી. તેનું પ્રમાણ 'કર લીધો' શબ્દથી જણાવેલ છે.૧૨.

કલિ તો લોકના અન્તઃકરણની અંદર રહેલો હતો એમ જણાવવા, પહેલાં ત્યાં ભગવાનની ભક્તિ પ્રાપ્ત થઈ એમ નીચેના શ્લોકોથી કહે છે :

**તત્ર તત્રોપશૃણ્વાનઃ સ્વપૂર્વેષાં મહાત્મનામ્ ।**
**પ્રગીયમાનં ચ યશઃ કૃષ્ણમાહાત્મ્યસૂચકમ્ ।।૧૩।।**

**આત્માનઞ્ચ પરિત્રાતમ્ અશ્વત્થામ્નોઽસ્ત્રતેજસા: ।**
**સ્નેહં ચ વૃષ્ણિપાર્થાનાં તેષાં ભક્તિં ન કેશવે ।।૧૪।।**
**તેભ્યઃ પરમસન્તુષ્ટઃ પ્રીત્યુજ્જૃમ્ભિત-લોચનઃ ।**
**મહાધનાનિ વાસાંસિ દદૌ હારાન્ મહામનાઃ ।।૧૫।।**

સ્થલે-સ્થલે પોતાના ઉદાર મનવાળા વડવાઓના શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સૂચવનારા ગાવામાં આવતા યશનું, અને અશ્વત્થામાના તેજથી પોતાનું રક્ષણ થએલું તેનું યાદવો અને પાર્થોના સ્નેહ અને તેઓની કેશવ પ્રતિ ભક્તિનું શ્રવણ કરતાં, તેઓ ઉપર ઘણા પ્રસન્ન થએલા, પ્રેમથી ખીલી ઉઠેલા નયનવાળા ઉદાર મનવાળાએ તેઓને ઘણાં કિંમતી વસ્ત્રો અને હારો આપ્યા.૧૩-૧૫.

જ્યાં-જ્યાં ગયો ત્યાં-ત્યાં જ અર્જુનના રથની ગતિ તેણે સાંભળી. ત્યાંના લોકોએ શ્રીકૃષ્ણના દર્શન કરેલાં અને તેમનાં માહાત્મ્યનું ગાન કરતા હતા. પાંડવો અને ભગવાનનો સમ્બન્ધ જાણતા હતા. તે સર્વનું ગાન કરતા હતા. તેથી બ્રહ્માસ્ત્રથી ભગવાને રક્ષણ કરેલા આ પરીક્ષિતને પણ તેઓ જાણતા હતા. પાંડવો અને યાદવો નો સ્નેહ અને ભક્તિ જેટલું જાણતા તે સર્વનું ગાન કરતા. તેથી જે ગવાતું હતું તેનું શ્રવણ કરતાં ઘણું પ્રસન્ન થઈ તેઓને વસ્ત્રો અને હાર આપતો, એવો વાક્યનો સમ્બન્ધ છે. આથી પ્રાપ્ત થએલાં ધનનો ત્યાંજ ઉપયોગ કર્યાનું કહેલ છે. દ્વેષ ન હોવાનું અને પહેલાના જેવા ધર્મનું સ્થાપન કહેલાં છે. ‘પ્રેમથી ખીલી ઉઠેલા નયનવાળા’ વિશેષણથી તેઓનો અપરાધ સહન કરવાનું પણ સૂચવેલું છે, અને ‘ઉદાર મનવાળા’ શબ્દથી પોતાનું કૃતાર્થપણું સૂચવેલું છે.૧૩-૧૫.

**સારથ્ય-પારષદ-સેવન-સખ્ય-દૌત્ય-વીરાસનાનુગમન-સ્તવન-પ્રણામમ્ ।**
**સ્નિગ્ધેષુ પાણ્ડુષુ જગત્પ્રણિં ચ વિષ્ણોર્ભક્તિં કરોતિ નૃપતિશ્ચરણારવિન્દે ।।૧૬।।**

વિષ્ણુએ સ્નેહવાળા પાંડવો પ્રતિ સારથિપણું, સભ્યપણું, સેવન, મૈત્રી, દૂતપણું, વીરાસન, પાછળ જવાનું, પ્રશંસા અને પ્રણામ કરેલા તે અને વિષ્ણુને જગને પ્રણામ કરેલ તે સાંભળીને રાજાએ ભગવાનના ચરણારવિંદમાં ભક્તિ કરી.૧૬

એવી રીતે શ્લો. ૧૩ થી ૧૫ સુધીમાં કહ્યું તે પ્રમાણે પરીક્ષિત રહેતો હતો ત્યારે તે સ્થલે કાંઈક આશ્ચર્ય થયું તે શ્લો. ૧૭ થી આરંભી કહેશે. વચમાં આ શ્લોક ઘણું કરીને ઘુસાડેલો છે. તેનો કેટલાક ‘સાંભળીને’ શબ્દ અધ્યાહાર કરીને ‘કરોતિ’ શબ્દનું ‘કરી’ એવું વ્યાખ્યાન કરીને સમ્બન્ધ કરાવે છે, અને ‘જગતે કરેલા પ્રણામને સાંભળીને’ એવી રીતે સમ્બન્ધ કરાવે છે, અથવા ‘જગતે પ્રણામ કરેલા’ એવો પાઠ લે છે.૧૬

એવી રીતે કલિના કાર્યને દૂર કરી, જગતમાં ધર્મ અને વિષ્ણુભક્તિનું સ્થાપન કરી, કલિનો પરાભવ થાય તે માટે આધિદૈવિક ધર્મ ઉપર તેણે ઉપકાર કર્યો, તે નીચેના શ્લોકથી

આરંભી કહે છે :

**તસ્યૈવં વર્તમાનસ્ય પૂર્વેષાં વૃત્તમ્ અન્વહમ્ ।**
**નાતિદૂરે કિલાશ્ચર્યં યદાસીત્ તન્ નિબોધ મે ।।૧૭।।**

વડવાઓના આચરણને તે એવી રીતે અનુસરતો હતો ત્યારે તેની નજીક જે આશ્ચર્ય થયું તે મારી પાસેથી સાંભળો.૧૭

તે એવી રીતે આચરણ કરતો હતો ત્યારે તેની સમીપમાં જે કાંઈક થયું તે સાંભળો, એવો વાક્યનો સમ્બન્ધ છે. અથવા, તે રીતે આચરણ કરનારથી બહુ દૂર નહીં, એમ ક્રિયાના કરતાં દેશનું નજદીકપણું કહેલું છે. કાલનું નજદીકપણું તો કહેલું જ છે.૧૭.

રાજાને જણાવવા માટે જ તેવા બળદ અને ગાય નાં સ્વરૂપથી આવેલા ધર્મ અને પૃથ્વી એક-બીજાના મુખથી પોતપોતાની સ્થિતિ કહે છે, અને કલિનાં આધ્યાત્મિક સ્વરૂપનો નાશ થતાં, પોતાનાં સ્થાનની પ્રાર્થના કરવા કલિ તે શૂદ્રના સ્વરૂપથી પ્રકટ થએલો. રાજાને શોધવા માટે જ પ્રવૃત્તિ કરનારા ધર્મ અને પૃથ્વી માર્ગની મધ્યે મળ્યાં એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ધર્મઃ પદૈકેન ચરન્ વિચ્છાયામ્ ઉપલભ્ય ગામ્ ।**
**પૃચ્છતિ સ્માऽશ્રુવદનાં વિવત્સામિવ માતરમ્ ।।૧૮।।**

એક પગથી ચાલતા ધર્મે ગાયને નિસ્તેજ જોઈને વાછડાં વિનાની આંસુવાળા મુખવાળી માતાને પૂછ્યું.૧૮

ધર્મ એક પગથી ચાલતો હતો. એક ભાગથી ચાલતો હતો એવું વ્યાખ્યાન શાસ્ત્રીય નથી. દેવના સ્વરૂપવાળો હોવાથી એક પગે ચાલે તેમાં લૌકિક અયોગ્યતા નથી. પગોનો નામથી, સ્વરૂપથી, યુગથી અને કલ્પના ભેદથી નક્કી કરવો. 'વિચ્છાયામ્' એટલે નિસ્તેજ. પુરુષની નીચે પગ છાયાવાળો રહે છે, પુરુષ ન હોય તો છાયા વગરનો જ હોય. 'ગામ્' 'ગાય' એટલે ગાયરૂપ પૃથ્વી. કેટલાક ખેતી વિગેરે થતી ન હોવાથી અથવા કાલને લીધે દુબળી થએલી હોવાથી છાયા વગરની હોવાનું કહે છે. 'અશ્રુવદનામ્' આંસુઓ છે મુખ ઉપર જેના તેવી, આ વિશેષણથી અંદરની પીડાવાળી કહેલી છે. ભૂમિ ઉપર બાષ્પનું[૧] જલ જ જલ હતું, વરસાદનું જલ ન હતું. જેમ વાછડાં વિનાની ગાય માત્ર પિતૃઓના જ ઉપયોગની હોય છે તેમ પૃથ્વી પણ મરણ માટે જ ઉપયોગમાં આવે, જીવવા માટે ઉપયોગમાં ન આવે, એવું 'માતા' શબ્દનું વ્યાખ્યાન કરેલું છે.૧૮.

૧.બાષ્પ એટલે ૧.પૃથ્વીમાંથી નીકળતી વરાળ ૨.આંસુ. તાપ પડવાથી વરાળ નીકળે તે જ જલ હતું. વૃષ્ટિ થતી નહીં, એવો અર્થ જણાય છે.

ધર્મ પૃથ્વીનો રોગ જાણવા છતાં વ્યવહારને અનુસરી તેને નીચે પ્રમાણે પ્રશ્ન કરે છે :

**કચ્ચિદ્ ભદ્રે-ऽનામયમ્ આત્મનસ્તે વિચ્છાયાऽસિ મ્લાયતેષન્મુખેન ।**
**આલક્ષયે ભવતીમ્ અન્તરાધિં દૂરે બન્ધું શોચસિ કચ્ચનાऽમ્બ ।।૧૯।।**

હે ભદ્રે! તારો દેહ નિરોગી છે? તું તેજરહિત છે. સહેજ કરમાએલા મુખથી તું મનની પીડાવાળી હોવાનું હું અનુમાન કરું છું. હે મા! દૂર રહેલા કોઈ બંધુનો તું શોક કરે છે? ૧૯

પરીક્ષિત રક્ષણ કરનાર છે એમ જણાવવા 'હે ભદ્ર!' એવું સંબોધન કરેલું છે. જો કે તું ભગવાનની પત્ની હોઈ, વૈકુંઠમાં સુખથી રહે છે, છતાં પણ પૃથ્વીરૂપ તારો દેહ નિરોગી છે? તને રોગ તો નથી ને! મનની પીડા હોવાનું સંભવે છે, તે કહે છે. કારણકે સહેજ કરમાએલા મુખથી તું તેજરહિત છે. તેથી તું અંદરની મનની પીડાવાળી હોવાનું હું અનુમાન કરું છું. 'અન્તરા' અંદરની 'આધિઃ' પીડા છે જેની, તેવી તું છે. તે સમ્બન્ધમાં પીડાનાં કારણોનું અનુમાન કરે છે. દશ ઈંદ્રિયો અને ચાર અન્તઃકરણો. તેમનાથી ચૌદ શોકના કારણો હોવાનું 'દૂર રહેલા કોઈ બંધુનો શોક કરે છે ' વિગેરેથી અનુમાન કરે છે. (૧)હે મા! દૂર રહેલા બંધુ તારા પતિ વરાહ નો શોક કરે છે?૧૯

**પાદૈર્ન્યૂનં શોચસિ મૈકપાદમ્ ઉતાઽઽત્માનં વૃષલૈર્ભોક્ષ્યમાણમ્ ।**
**અહો સુરાદીન્ હૃતયજ્ઞભાગાન્ ઉત સ્વિન્મઘવત્યવર્ષતિ ।।૨૦।।**

ત્રણ પગો વિનાના એક પગવાળા મારો શોક કરે છે? અથવા શૂદ્રોથી ભોગવાતા તારા દેહનો શોક કરે છે? જેમનો યજ્ઞનો ભાગ ગૂમાવેલો છે તેવા દેવો વિગેરેનો અથવા વરસાદ વરસતો ન હોવાથી પ્રજાનો શોક કરે છે?૨૦

હે મા! (૨) અથવા મારો-પુત્રનો શોક કરે છે? શોક કરવાનું કારણ 'પગો વિનાના' વિશેષણથી કહેલું છે. અથવા (૩) 'આત્માનં' પૃથ્વીરૂપ તારા શરીરનો શોક કરે છે? આમાં શોકનું કારણ રસ છે. 'વૃષલૈઃ' શૂદ્રોથી ભોગવાતા શરીરનો શોક કરે છે? (૪) જેમનો યજ્ઞનો ભાગ ગૂમાવેલો છે તે દેવો બાહુઓ છે. (૫) વરસાદ ન વરસવાથી અન્ન વિનાની રહેલી પ્રજા પગો છે.૨૦.

**અરક્ષ્યમાણાઃ સ્ત્રિય ઉર્વિ બાલાન્ શોચસ્યથો પુરુષાદૈરિવાઽઽર્તાન્ ।**
**વાચં દેવીં બ્રહ્મકુલે કુકર્મણ્યબ્રહ્મણ્યે રાજકુલે કુલાગ્ર્યાન્ ।।૨૧।।**

હે ઉર્વિ! રક્ષણ ન કરાતી સ્ત્રીઓનો અથવા રાક્ષસો જેવાથી દુઃખી થએલ બાલકોનો શોક કરે છે? કુકર્મ કરનારા બ્રાહ્મણના કુલોમાં રહેલી વાણી દેવીનો, અથવા બ્રાહ્મણોનું અહિત કરનાર રાજાઓના કુલમાં રહેલા કુલના ઉત્તમ પુરુષોનો શોક કરે છે? ૨૧

(૬) રક્ષણ ન કરાતી સ્ત્રીઓનો અને (૭) બાલકોનો શોક કરે છે? 'હે ઉર્વિ!' સંબોધનથી સંતોષ ન હોવાથી મનની મુંઝવણ અને મલનો ત્યાગ કહેલાં છે. 'પુરુષાદૈઃ' રાક્ષસો જેવાથી 'આર્તાન્' દુઃખી થએલા બાલકોનો શોક કરે છે? (૮) વેદરૂપ વાણી દેવીનો શોક કરે છે? આ ચક્ષુ છે. કુકર્મ કરનારા બ્રાહ્મણના કુલોમાં રહેલી હોવાથી શોક કરે છે? બ્રાહ્મણોનું અહિત કરનારા રાજાઓના કુલોમાં રહેલ હોવાથી શોક કરે છે? 'કુલાગ્ર્યાન્' કુલના

ઉત્તમ બ્રાહ્મણોનો શોક કરે છે? આ શ્રોત્ર કાન રૂપ છે.૨૧

**કિં ક્ષત્ર-બન્ધૂન્ કલિનોપસૃષ્ટાન્ રાષ્ટ્રાણિ વા તૈરવરોપિતાનિ ।**
**ઈતસ્તતો વાઽશન-પાન-વાસસ્નાન-વ્યવાયોન્મુખ-જીવલોકમ્ ।।૨૨।।**

કલિએ ગ્રહણ કરેલા અધમ ક્ષત્રિયોનો અથવા તેઓએ ઉજ્જડ કરેલા રાજ્યોનો અથવા જ્યાં-ત્યાં ખાન, પાન, વાસ, સ્નાન અને મૈથુન કરવામાં તત્પર થએલા જીવલોકનો શોક કરે છે ?૨૨.

(૧૦) કલિએ ગ્રહણ કરેલા સર્વ દોષવાળા 'ક્ષત્રબન્ધૂન્' અધમ ક્ષત્રિયોનો શોક કરે છે? આ નાકરૂપ છે. (૧૧) તેઓએ 'અવરોપિતાનિ' ઉજ્જડ કરેલાં રાજ્યોનો શોક કરે છે? દેશો વાણીરૂપ છે. (૧૨) જ્યાં-ત્યાં વિધિ અને નિષેધ સાચવ્યા વિના ભોજન પાન સ્થિતિ સ્નાન અને મૈથુન કરવામાં તત્પર થએલ જીવલોકનો શોક કરે છે? આ જીવલોક બુદ્ધિરૂપ છે.૨૨

આ બધા પૂર્વપક્ષ હોવાનું પણ સંભવે છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**યદ્વા-ઽમ્બ તે ભૂરિ-ભરાવતાર  કૃતાવતારસ્ય હરેર્ધરિત્રિ ।**
**અન્તર્હિતસ્ય સ્મરતી વિસૃષ્ટા કર્માણિ નિર્વાણવિલમ્બિતાનિ ।।૨૩।।**
**ઈદં મમાચક્ષ્વ તવાઽઽધિમૂલં વસુંધરે યેન વિકર્શિતાઽસિ ।**
**કાલેન વા તે બલિનાં બલીયસા સુરાર્ચિતં કિં હૃતમ્ અદ્ય સૌભગમ્ ।।૨૪।।**

અથવા હે મા! હે પૃથ્વી! તારા ઘણા ભારને ઉતારવા જેમણે અવતાર લીધેલો તેમનાથી તજાએલી તું, અદૃશ્ય થએલા હરિના મોક્ષ થવા માં વિલંબ કરનારાં કર્મોનું સ્મરણ કરતી શોક કરે છે ?૨૩

હે વસુંધરા! જેનાથી તું દુબળી થએલી છે તે તારા મનની પીડાનું કારણ આ હોવાનું તું મને કહે કે બળવાનોથી વધારે બળવાન કાલે દેવોએ વખાણેલાં તારાં સૌભાગ્યને હમણાં હરી લીધું છે.૨૪

(૧૩) તારા ઘણા ભારને ઉતારવા જેમણે અવતાર લીધેલો તે ભગવાન્ વાસુદેવ સર્વનાં દુઃખ હરનાર, હે પૃથ્વી! હાલમાં અદૃશ્ય થએલા હોવાથી તેમનાથી જ તજાએલી-તેમનાં 'કર્માણિ' 'કર્મો' ઉદાર ચરિત્રો મોક્ષના અધિકારી ન હોય તેવામાં રહેલાં, મોક્ષ થવામાં વિલંબ કરાવનારાં, મોક્ષ આપ્યા વિના શાંત રહેલાં, ચિત્તરૂપ છે, તેઓનું સ્મરણ કરતી તું મોક્ષના અધિકારી નથી તેઓનો શોક કરે છે?૨૩

(૧૪) આ જે હવે કહું છું તે તારા મનના દુઃખનું કારણ છે જ, તે વિષયમાં સંમતિ જ કહે. સર્વ રત્નો વિગેરે સાથેની, શૃંગાર જેને પ્રિય છે તેવી હે વસુંધરા! જેમના વિના તું દુબળી થએલી છે તે જ તારાં દુઃખનું કારણ છે. તે ધર્મ પોતે જ કહે છે કે જે બલવાન કલિકાલે દેવોએ વખાણેલાં ભગવાનની ભૂમિ ઉપરની સ્થિતિરૂપ તારાં સૌભાગ્યને હરી લીધું છે, કારણકે કાલે

ભગવાનનાં પગલાંના ચિહ્નોને પણ હરી લીધાં છે.૨૪.

તે સમ્બન્ધમાં ધર્મે કહેલ બધાંએ કારણનો સ્વીકાર કરીને, સર્વનું કારણ ભગવાન્ પધારી ગયા. તે હોવાથી જે-જે ભગવાન રહિત છે તે સર્વનો જ હું શોક કરું છું, એમ પૃથ્વી નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**પૃથ્વી કહે છે :**

**ભવાન્ હિ વેદ તત્ સર્વં યન્ માં ધર્માઽનુપૃચ્છતિ ।**
**ચતુર્ભિર્વર્ત્તસે યેન પાદૈર્લોકસુખાવહૈઃ ।।૨૫।।**

હે ધર્મ! તું મને જે પૂછે છે તે સર્વ તું જાણે છે. જેમના લીધે લોકને સુખ કરનાર ચાર પગોથી તું રહેલ હતો.૨૫

યુક્તિ કહેલી જ છે. ધર્મનું જ્ઞાન પણ પ્રમાણ-સાચું છે. તેણે અનુમાન કરેલ તે પણ તેણે જાણેલું જ છે, કારણકે પોતાની અંદર અનુભવેલું છે. તેથી તે ઉત્તરાર્ધથી કહે છે. દ્વાપરના અંતે સ્વભાવથી જ ત્રણ પગો જતા રહે છે. તે સમયે પણ તું જે ભગવાનને લીધે ચાર પગોથી રહેલો તે પગો સર્વને સુખ કરનારા હતા. તે ભગવાન વિના સર્વ તારી પેઠે શોક કરવા યોગ્ય છે.૨૫.

શોકનું[1] અને હર્ષનું[1] કારણ ગુણો જ છે, તે ભગવાનમાં રહેલા છે, અને તેમના સમ્બન્ધથી જ બીજામાં હોય છે. તે ગુણના ધામ વિનાના થએલા સર્વનો જ હું શોક કરું છું એમ કહેવા, નીચેના શ્લોકોથી ભગવાનના ગુણોને ગણાવે છે :

**સત્યં શૌચં દયા ક્ષાન્તિઃ ત્યાગઃ સન્તોષ આર્જવમ્ ।**
**શમો દમસ્તપસ્સામ્યં તિતિક્ષોપરતિઃ શ્રુતમ્ ।।૨૬।।**
**જ્ઞાનં વિરક્તિરૈશ્વર્યં શૌર્યં તેજો બલં સ્મૃતિઃ ।**
**સ્વાતન્ત્ર્યં કૌશલં કાન્તિઃ ધૈર્યં માર્દવમેવ ચ ।।૨૭।।**
**પ્રાગલ્ભ્યં પ્રશ્રયઃ શીલં સહ ઓજો બલં ભગઃ ।**
**ગામ્ભીર્યં સ્થૈર્યમ્ આસ્તિક્યં કીર્તિર્માનોઽનહંકૃતિઃ ।।૨૮।।**
**ઈમે ચાન્યે ચ ભગવન્ નિત્યા યત્ર મહાગુણાઃ ।**
**પ્રાર્થ્યા મહત્ત્વમ્ ઈચ્છદ્ભિઃ ન વિયન્તિ સ્મ કર્હિચિત્ ।।૨૯।।**
**તેનાઽહં ગુણપાત્રેણ શ્રીનિવાસેન સામ્પ્રતમ્ ।**
**શોચામિ રહિતં લોકં પાપ્મના કલિનેક્ષિતમ્ ।।૩૦।।**

સત્ય શૌચ દયા ક્ષાન્તિ ત્યાગ સંતોષ આર્જવ શમ દમ તપ સામ્ય તિતિક્ષા ઉપરતિ શ્રુત જ્ઞાન વૈરાગ્ય ઐશ્વર્ય શૌર્ય તેજ બલ સ્મૃતિ સ્વાતન્ત્ર્ય કુશલતા કાંતિ ધૈર્ય મૃદુતા પ્રાગલ્ભ્ય પ્રશ્રય શીલ સહ ઓજ બલ ભગ ગાંભીર્ય સ્થિરતા આસ્તિક્ય કીર્તિ માન અહંકારનો અભાવ.

આ અને વળી બીજી ઉત્તમપણાંની ઈચ્છા રાખનારાઓએ માગવા યોગ્ય મોટા ગુણો જેમનામાંથી કોઈ પણ સમયે ઘટતા નથી તે લક્ષ્મીના રહેઠાણરૂપ ગુણોના ધામ વિનાના હમણાં થએલા પાપી કલિએ જોએલા લોકનો હું શોક કરું છું.૨૬-૩૦.

**સત્ય** = જેવું હોય તેવું કહેવું, **શૌચ**=શુદ્ધિ, બીજાનું દુ:ખ સહન ન કરવું તે **દયા.** ક્રોધ આવે ત્યારે ચિત્તને કાબુમાં રાખવું તે **ક્ષાન્તિ,** માગનારાઓ પ્રતિ છૂટો હાથ રાખવો તે **ત્યાગ**. 'બહુ થયું' એવી બુદ્ધિ રાખવી તે **સંતોષ**. કુટિલપણું ન રાખવું તે **આર્જવ**. મનની દૃઢતા તે **શમ**. બહારની ઈંદ્રિયોની દૃઢતા તે **દમ**. પોતાનો ધર્મ પાળવો તે **તપ**. શત્રુ અને મિત્ર ન હોવા તે **સામ્ય**. બીજાના અપરાધ સહન કરવા તે **તિતિક્ષા**. લાભ પ્રાપ્ત થતાં ઉદાસીન રહેવું તે **ઉપરતિ**. શાસ્ત્રનો વિચાર તે **શ્રુત**. આત્માનું જ્ઞાન તે **જ્ઞાન**. તૃષ્ણા ન હોવી તે **વૈરાગ્ય**. બીજાને વશ રાખવાપણું તે **ઐશ્વર્ય**. સંગ્રામમાં ઉત્સાહ રાખવો તે **શૌર્ય**. **તેજ** એટલે પ્રભાવ. **બલ** એટલે ચતુરાઈ. કરવાના કાર્યનું ભાન રાખવું તે **સ્મૃતિ**. બીજા કોઈને અધીન ન રહેવું તે **સ્વાતન્ત્ર્ય**. ક્રિયા કરવામાં પ્રવીણતા તે **કૌશલ**. કાંતિ એટલે **સૌંદર્ય**. વ્યાકુલ ન થવું તે **ધૈર્ય,** ચિત્ત કઠણ ન રાખવું તે **મૃદુતા,** ઘણાં તેજસ્વી હોવું તે **પ્રાગલ્ભ્ય, પ્રશ્રય** એટલે વિનય, સારો સ્વભાવ હોવો તે **શીલ, સહ ઓજ** અને **બલ** તે અનુક્રમે મન ઈંદ્રિયો અને શરીર ની શક્તિઓ છે. ભોગનો આધાર તે **ભગ**. ખળભળાટ ન થવાપણું તે **ગાંભીર્ય,** ચંચલતા ન હોવી તે **સ્થૈર્ય,** આસ્તિક્ય એટલે **શ્રદ્ધા, કીર્તિ** એટલે યશ. પૂજ્યતા હોવી તે **માન,** ગર્વ ન હોવો તે અહંકારનો અભાવ, અને બીજા બ્રાહ્મણોનું હિત કરનાર હોવું, ભક્તો ઉપર પ્રેમ રાખવો વિગેરે ગુણો ભગવાનમાં નિત્ય એટલે કુદરતી છે.

'આ અને વળી બીજાં' એમ 'અને અને વળી' એવા બે 'ચ' શબ્દો, સમ્બન્ધથી થતા દોષો ન હોવાનું જણાવવા યોજેલા છે. 'મોટા ગુણો' એટલે સર્વથી ઉત્તમ જ્ઞાન, સર્વથી ઉત્તમ બલ એવા ઉત્તમ સ્થિતિવાળા ગુણો. જગતમાં એક ગુણ પ્રાપ્ત થાય તોપણ જીવ મોટાઈ પ્રાપ્ત કરે છે તે ગુણ વિના કોઈ પ્રકારે મોટાઈ થતી. નથી ભક્તિ તો ભગવદ્રૂપ છે, તેથી તેનાથી[2] અપવાદ થતો નથી. તેથી જ બધાએ આ ગુણો માગવા યોગ્ય છે. તેઓ ભગવાનમાં કોઈપણ સમયે ઘટતા જ નથી, જરા પણ ઓછા થતા નથી.૨૬-૨૯.

એવી રીતે ગુણો કહેવાનું પ્રયોજન ત્રીસમા શ્લોકથી કહે છે. બધા ગુણો એક તરફ, અને લક્ષ્મી બીજી તરફ. તેથી 'લક્ષ્મીના રહેઠાણરૂપ' શબ્દથી લક્ષ્મીનું જુદી રીતે નિરૂપણ કરે છે. ભગવાન પધારી જતાં, બધા ભગવાનના ગુણો લક્ષ્મી અને તેના ગુણો જતા રહ્યા. તેથી હું શોક કરું છું એમ ઉત્તરાર્ધથી કહે છે. વળી તે ગુણોના વિરોધી બધા દોષો આવેલા છે, એમ 'પાપી કલિએ જોએલા' શબ્દોથી કહે છે. સર્વ પાપોનું કારણ બનેલ કલિએ 'આ મારો છે' એમ લોકને જોયા.૩૦

૧.હમણાં શોક થાય છે તેનું, અને પહેલાં હર્ષ થતો તેનું, એવો અર્થ છે.
૨.'લોકમાં ભક્તિ સર્વથી મોટો ગુણ છે, તે તો ભગવાનમાં નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ જણાય છે.

તે કલિએ જોએલા કોણ છે? તે જાણવાની ઈચ્છા થાય, તેથી તે ધર્મ કહેલા બધાએ તેણે જોએલા છે એમ જણાવવા નીચેના શ્લોકથી તેઓને ગણાવે છે :

**આત્માનં ચાનુશોચામિ ભવન્તં ચામરોત્તમ! ।**
**દેવાન્ ઋષીન્ પિતૃન્ સાધૂન્ સર્વાન્ વર્ણાંસ્તથાઽઽશ્રમાન્ ।।૩૧।।**

હે ઉત્તમ દેવ! હું મારો અને તારો, દેવોનો ઋષિઓનો પિતૃઓનો સત્પુરુષોનો સર્વ વર્ણોનો તથા આશ્રમોનો શોક કરું છું.૩૧.

હે 'અમરોત્તમ' દેવોમાં ઉત્તમ ધર્મ! અથવા બીજી વિભક્તિના પ્રત્યયવાળો પાઠ 'અમરોત્તમમ્' લેવો. દેવો ઋષિઓ અને પિતૃઓનો શોક કરું છું, કારણકે તેમનું દેવું ભરપાઈ કરનાર કોઈ નહીં હોય. કાલ વિગેરે ધર્મ કરાવનારા નહીં હોવાથી સારા આચરણવાળા કોઈ રહેશે નહીં, તેથી સત્પુરુષોનો શોક કરું છું. વર્ણો અને આશ્રમો રહેશે નહીં, કારણકે તેમના ધર્મો નહીં રહે.૩૧.

આ બહુ કહેવાની જરૂર નથી. મુખ્ય રીતે તો હું મારો પોતાનો જ શોક કરું છું, એમ નીચેના બે શ્લોકોથી કહે છે :

**બ્રહ્માદયો બહુતિથં યદપાંગમોક્ષ કામાસ્તપઃ સમચરન્ ભગવત્પ્રપન્નાઃ ।**
**સા શ્રીઃ સ્વવાસમરવિન્દવનં વિહાય યત્પાદસૌભગમલં ભજતેઽનુરક્તા ।।૩૨।।**
**યસ્યાઽહમ્ અબ્જકુલિશાંકુશ-કેતુકેતૈઃ શ્રીમત્પદૈર્ભગવતઃ સમલંકૃતાંગી ।**
**ત્રીન્ અત્યરોચમ્ ઉપલભ્ય તતો વિભૂતિં લોકાન્ સ માં વ્યસૃજદુત્સ્મયતીં તદન્તે।।૩૩।।**

બ્રહ્મા વિગેરેએ જેની દૃષ્ટિ પોતાની ઉપર પડે તેવી ઈચ્છાવાળા હોવાથી ભગવાનને શરણે જઈ ઘણા સમય સુધી તપ કર્યું તે લક્ષ્મી પોતાનાં રહેઠાણ કમલના વનને તજી પ્રેમવાળી થઈ જેમનાં ચરણનાં સૌભાગ્યનો સંપૂર્ણ આશ્રય કરે છે, જે ભગવાનનાં કમલ વજ્રઅંકુશ અને ધજાનાં ચિહ્નોવાળાં લક્ષ્મીયુક્ત પગલાંઓથી સારી રીતે શણગારાએલી હું તેનાથી ગૌરવ પ્રાપ્ત કરી ત્રણ લોકથી અધિક શોભતી હતી તેવી અહંકારવાળી થએલ મને તેમના અંતે તેમણે તજી.૩૨-૩૩.

આ વિષયમાં કેટલાક એમ કહે છે[૧] કે આ ગુણો પ્રકૃતિના ગુણોના પરિણામરૂપ હોઈ ગુણોના સમ્બન્ધથી જ ભગવાનમાં રહેલ છે, કુદરતી નથી. તેઓને પૂછ્યું કે આ ગુણો કોના? સત્ત્વ વિગેરે ગુણોના છે કે ભગવાનના છે? પહેલાં વિકલ્પમાં સ્વાતન્ત્ર્ય વિગેરે તેમના હોય તો તેમનું ગુણપણું જ નહીં રહે,[૨] અથવા બ્રહ્મપણું થશે. [૩]સંયોગથી ઉત્પન્ન થએલા હોય[૪] તો પણ જે પ્રાપ્ત થએલ છે અને જે પ્રાપ્ત થએલ નથી તેના વિચારથી ગુણોના સમ્બન્ધથી જો સંયોગ કરેલો હોય, તો ગુણોનો જ સંયોગ થાય. ગુણો ઉત્પન્ન[૫] થએલ હોવાનો મત તો વૈનાશિક પ્રક્રિયા બુદ્ધોનો સિદ્ધાન્ત સ્વીકારેલ ન હોવાથી ઘટતો નથી; અને શ્લો.૨૯ માં ગુણોને 'નિત્ય' કહેલ છે તેનો વિરોધ થાય. ભગવાન ગુણવાળા છે એ મત તો ખોટો ઠરાવેલ છે અને

ખોટો ઠારાવવામાં આવશે. વળી જે અયોગ્યતા દૂર કરવા ભગવાનમાં સત્ત્વ વિગેરે ગુણો હોવાની તેઓ કલ્પના કરે છે, તે સમ્બન્ધમાં પૂછવું કે સત્ત્વ વિગેરેમાં કઈ શક્તિ છે કે જેનાથી તેઓ ભગવાનમાં રહેલી અયોગ્યતાને પણ દૂર કરે ? હવે જો તેઓ એમ માનતા હોય કે જેટલો પદાર્થ અમે બ્રહ્મમાં હોવાનું કહીએ છીએ તેટલો ગુણોમાં અથવા માયામાં છે, તો ''માયા છે તે અસુરો છે'' એ મતથી તેઓ જુદા પડતા નથી, તેથી આ બાબતનો વધુ વિસ્તાર નથી કરતા.

'બહુતિથમ્' એટલે ઘણા સમય સુધી. ભગવાને કરેલો ત્યાગ ઘણું મોટું અનિષ્ટ છે એવો શાસ્ત્રાર્થ છે. તે શું સ્વભાવથી જ અનિષ્ટ છે કે પ્રયોજનથી એવો વિચાર કરવામાં આવે છે. તે સમ્બન્ધમાં ભગવાન ત્યાગ કરે તે ભગવદીયોને[૬] સર્વ દુ:ખ આપનારો છે; કારણ કે ભગવાનના કરતાં બીજાઓ હીન છે, અને દેહમાં પ્રવેશ થએલ હોવાથી બીજાની જરૂર રહે છે. હીનની ઈચ્છા રાખતાં ભગવદીયપણાંનાં સ્વરૂપનો નાશ થાય.

તેથી[૭] ભગવદીયોમાં સર્વથી મુખ્ય લક્ષ્મી, પોતે શક્તિવાળી[૮] હોવા છતાં તેની શક્તિ નમાલી હોવાથી [૯]તેને નભાવવા માટે પોતાનાં કાર્ય અને કારણ માં ઉદાસીન રહી ભગવાનનું જ ભજન કરે છે. બીજા[૧૦] ભગવદીયો તો તેના[૧૧] સેવકો છે, અને હું તેની શોક(સપત્ની) છું. તેથી ભગવાન ત્યાગ કરે ત્યારે ઘણું દુ:ખ થાય છે એમ કહેવા લક્ષ્મીનું કૃત્ય કહે છે. તેનાં કાર્યનો વૃત્તાંત[૧૨] પણ કહેવામાં આવે છે.

'યદપાંગમોક્ષકામા:' 'યસ્યા:' જે લક્ષ્મીનો 'અપાંગ:' કટાક્ષ દષ્ટિ, તેનું 'મોક્ષ:' પોતા ઉપર પડવું, તેની 'કામા:' ઈચ્છાવાળા બ્રહ્મા વિગેરે છે. અહીં 'કટાક્ષ' શબ્દથી ભગવાનમાં રહેલ પ્રેમ સાથેની, ભગવાનના સમ્બન્ધવાળા કામભાવ સાથેની, પોતાનાં સમર્પણના ભાવને બહાર કાઢવા સાથેની અર્ધ દષ્ટિ કહેલી છે. તેથી તે દષ્ટિમાં [ક]ભગવાન [ખ]ભગવાન સમ્બન્ધી કામ [ગ]ભગવાન ઉપરનો સ્નેહ [ઘ]લક્ષ્મી અને [ઙ]સૃષ્ટિ દ્ન એવા પાંચ પદાર્થો હોય છે. તે એક સ્થલે ભેગા થએલા મળવા કઠણ છે તેથી[૧૩] પોતાની ઉપર દષ્ટિ પડે તે માટે 'ભગવત્પ્રપન્ના:' ભગવાનના શરણે ગયા. ભગવાનને હૃદયમાં પધરાવીને, એવો અર્થ છે. તેવા[૧૪] થઈ તપ કરે છે. લક્ષ્મીના આવા કટાક્ષો ક્ષણે-ક્ષણે હજારો થાય છે. આવા મહાત્મ્યવાળી પણ તે લક્ષ્મી ભગવાનનાં ચરણારવિંદનો આશ્રય કરે છે, કારણકે ભગવાન્ ત્યાગ ન કરે તેનું કારણ તે ચરણારવિંદનો આશ્રય જ છે. તેને પણ ભગવાનનું ચરણ દુર્લભ છે. સેવા કરવા માટે તો ચરણની પ્રાપ્તિ થવી ઘણીજ દુર્લભ છે.

એવી રીતે તેનું કાર્ય કહીને, 'પોતાનાં રહેઠાણ કમલનાં વનને તજી' શબ્દોથી કારણનો ત્યાગ કર્યાનું કહેલ છે. **એકસોમા ભાગથી પણ બીજામાં આસક્તિ થાય ત્યારે ચરણની સેવા મળવી દુર્લભ થતી હોવાથી, પોતાના જન્મના સ્થાન કમલનાં વનને તજીને** 'વન' શબ્દથી આશ્રય ન કરવા યોગ્ય હોવાનું સૂચવેલું છે દ્ન **ચરણનાં સૌભાગ્યનો આશ્રય કરે છે.** ભક્તિમાં તરબોળ રહે છે, એવો અર્થ છે. આટલાનું એવું તાત્પર્ય છે કે મારા ઉપર ચરણ

હોવાથી તે લક્ષ્મી પણ મારી સેવા કરે છે તેથી હું ભગવદીયોમાં ઉત્તમ છું. ચરણનું સૌભાગ્ય પ્રાપ્ત કરવા ની ઈચ્છાવાળી લક્ષ્મી તે; પ્રાપ્ત થાય તે માટે અથવા તદ્રુપ ચરણરૂપ થવા માટે મારી સેવા કરે છે. 'પ્રેમથી ચરણ ઘણું ઈચ્છેલું હોવાનું જણાવે છે.૩૨

તે ચરણ મારા ઉપર સર્વત્ર રહેલું છે એમ શ્લોક ૩૩ થી કહે છે. ચરણનું માહાત્મ્ય કહીને ફરી જે ભગવાનનું નામ[૧૫] કહ્યું છે તે ભગવાને પણ મને શણગારેલી એમ કહેવા માટે કહ્યું છે. 'કમલ વજ્રઅંકુશ અને ધજાનાં ચિહ્નોવાળા' એ વિશેષણથી ચરણનું સ્વરૂપથી ઉત્તમપણું કહેલું છે. ભગવાનના ચરણમાં **કમલ**ની આકૃતિવાળી રેખાઓ એક ભાગને કમલ બનાવનારી છે. તેથી એમ સૂચવેલું છે કે ત્યાં મકરન્દરૂપ અમૃત ફલ સદા રહેલું છે. તેના જરાએ દોષ ન હોય તેવા અધિકારીઓ દુર્લભ છે. દેહમાં રહેનારાઓ માટે તે ફલ પ્રાપ્ત થવાનું સંભવતું નથી. તે[૧૬] માટે જ ભગવાનનાં ચરણારવિંદમાં જ પાપના પર્વતોનો નાશ કરનારી **વજ્ર**ના આકારની રેખા છે. તેથી તેની સેવા થતાં આરંભમાં સર્વ પાપોનો નાશ થાય છે. વળી મન નિશ્ચલ થાય ત્યારે આ સર્વ સંભવે છે. અને યોગ વિગેરેથી તે મનની નિશ્ચલતા પ્રાપ્ત કરવામાં બહિર્મુખતા થાય તેથી ભગવાનના ચરણારવિંદમાં જ મનને વશ કરવા માટે **અંકુશ**ના આકારની રેખા છે. તેથી ભગવાનનાં ચરણારવિંદનાં માહાત્મ્યને લીધે જ તેમના સેવકોનું મન ચરણારવિંદથી માર્ગના વિરોધને લીધે પણ ખસતું નથી.

આ સર્વ ભજન પછી થાય. કાલ કર્મ અને સ્વભાવ થી ભય થવાનો સંભવ હોવાથી ભજનનો આરંભ જ દુર્લભ છે. જીવો સદા ભયમાં રહેલા હોવાથી ક્યાંય પણ તેમને ચેન પડતું નથી દ્ગ એવી શંકા થાય, તેથી ભગવાનનાં ચરણારવિંદમાં જ 'અહીં માત્ર આવવાથી જ ક્યાંયથી ભય થવાનો નથી' એમ સૂચવનારી અભયની **ધજા**રૂપ રેખા છે. આ જ 'કેતાનિ' ચિહ્નો છે જેમના તેવા ભગવાનનાં પગલાં છે. તેમાં લક્ષ્મી પણ છે. તેની સાથે તેના કટાક્ષો અને બ્રહ્મા વિગેરે છે. તે 'લક્ષ્મીયુક્ત પગલાંઓથી' શબ્દથી કહેલું છે. અહીં આવેલાને બીજામાં પ્રેમ થવાનો નથી એમ જણાવવા 'ભગવાનનાં' એમ કહેલું છે. વૈષ્ણવોને ચક્ર વિગેરે ચિહ્નોથી જ સંપૂર્ણતા પ્રાપ્ત થાય છે. મને ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ થતાં, સાત્ત્વિક ભાવને લીધે તેટલા ભાગમાં પરસેવો થવાને લીધે રેખાઓ સાથે ચરણ સ્પષ્ટ ઉઠે છે એવી રીતના શૃંગાર સાથેની હું ત્રણ લોક અને ત્રણપણાંવાળા બીજાઓ[૧૭] શણગારાએલા ન હોવાથી તેમનું ઉલ્લંઘન કરીને કાંતિવાળી થએલી. વળી ભગવાન પાસેથી પણ ગૌરવ પ્રાપ્ત કરીને શોભતી હતી. ભગવાન મારા ઉપર શયન કરતા, બેસતા, ભોજન કરતા, ક્રીડા કરતા અને સત્તા ચલાવતા. એવી રીતે પહેલાં સર્વ સૌભાગ્યવાળી થએલી હું, તેનો હમણાં ત્યાગ કરેલ છે. ત્યાગ કરવાનું કારણ 'અહંકારવાળી થએલ' વિશેષણથી કહેલું છે. ભૂમિ ઉપર રહેલા યાદવોને ભૂમિથી ઉત્પન્ન થએલ અન્નું ભોજન કરવાથી ગર્વ થએલ જોવાથી, અન્નનાં કારણ મારામાં ગર્વ હોવાનું અનુમાન કર્યું, કારણકે અન્નથી જ સર્વ મનના વિકારો ઉત્પન્ન થાય છે. તેથી તેમનો લોક=યાદવોનો નાશ થયો ત્યારે મારા ગર્વનો નાશ કરવા મને તજી દીધી, એવો અર્થ છે.૩૩

૧.ઉપર ગુણો કહ્યા તે ગુણોવાળા ભગવાન ન હોવાથી શોક થાય છે, તેથી તે ગુણો કુદરતી છે એમ કહેવું જોઈએ. તે દઢ થાય તે માટે અહીંથી બીજાના મત જણાવી તેમાં દોષ હોવાનું કહેશે. આ માયાવાદીઓનો મત કહેલ છે.
૨.સ્વાતન્ત્ર્ય તમોગુણ છે, કૌશલ વિગેરે રજોગુણ છે. રજોગુણ અને તમોગુણ તજવા યોગ્ય છે, તેથી આ ગુણો જ ન કહેવાય ભગવાનનો દેહ સાત્વિક હોવા છતાં તેમાં તમોગુણ અને રજોગુણનો પ્રવેશ થાય નહીં. તેથી પણ તે ભગવાનના ગુણો ન હોઈ શકે, એવો અર્થ છે.
૩.સત્ત્વ વિગેરે અસત્ છે તેમ આ સ્વાતન્ત્ર્ય વિગેરે પણ અસત્ હોઈ તેમાં રહી ન શકે તેથી ભગવાન ગુણરહિત બ્રહ્મ જ હોઈ શકે પણ ઈશ્વર ન હોય, એવો અર્થ છે અથવા તે ગુણો સત્ અને અસત્થી જુદા હોય તો, 'તે સત્ નથી અસત્ નથી' એમ બ્રહ્મ વિષે ગીતામાં કહેલ હોવાથી પણ તે બ્રહ્મ જ થાય. પણ ગુણ ન હોય, એવો અર્થ છે.
૪.'આ ગુણો તો ભગવાનમાં આવી પડેલા છે, આરોપ કરેલા નથી તેથી તે નિર્ધર્મક બ્રહ્મ નથી પણ ઈશ્વર છે' એમ કહો તો પણ વસ્ત્રના લાલ રંગ પેઠે તે ભગવાનમાં જણાતા હોવા છતાં ગુણોના જ ગુણ હોય, ભગવાનના નહીં.
૫.'ઘી અગ્નિથી ઓગળે છે તેમ તે ગુણો ભગવાનમાં આવે છે, તેથી તે ભગવાનના ગુણો છે' એમ કહેવામાં આવે, તો તેમની ઉત્પત્તિ થવાથી નાશ પણ થવો જોઈએ વૈનાશિક બુદ્ધના મતનો સ્વીકાર કરતાં નથી તેથી તે ઘટતું નથી. અવતાર હોય ત્યાં સુધી જ ગુણો રહે છે એમ કહેવું યોગ્ય નથી, કારણકે કોઈપણ સમયે ઘટતા નથી' એમ શ્લો. ૨૯ ના ચોથા પાદમાં કહ્યું તેનો વિરોધ થાય.
૬.વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. ૭.'તેથી' એટલે ઉપર કહેલ સર્વનો વિચાર કરવાથી.
૮.બીજાઓનું હલકાપણું દૂર કરવાની શક્તિવાળી.
૯.'અને' શબ્દથી પોતાનું ભગવદીયપણું પણ નભાવવા માટે ભજન કરે છે. ૧૦.'બીજા' બ્રહ્મા વિગેરે.
૧૧.'તેના' એટલે ભગવાનના 'લક્ષ્મીના' એવો અર્થ જણાય છે. આગળ ધરણી પોતે તેની શોક હોવાનું કહે છે, એટલે તે લક્ષ્મીની શોક છે. બ્રહ્મા લક્ષ્મીની દષ્ટિ પોતા ઉપર પડે તે માટે તપ કરતા હોવાથી તેના સેવક છે એ સ્પષ્ટ છે.
૧૨.તે પોતાનાં સર્વ કાર્યમાં ઉદાસીન રહે છે એમ જણાવવા પહેલા તેનો આ વૃત્તાંત કહે છે.
૧૩.'તેથી' એટલે આ દુર્લભ પદાર્થો લક્ષ્મીની દષ્ટિથી પ્રાપ્ત થાય તેથી.
૧૪.'તેવા' એટલે લક્ષ્મીના કટાક્ષવાળી દષ્ટિ પોતા ઉપર પડે તેવી કામનાવાળા ભગવાનને હૃદયમાં સ્થાપન કરેલા, એવો અર્થ જણાય છે.
૧૫.'તતો વિભૂતિં' એમ ઉત્તરાર્ધમાં કહેલ 'તત્તતઃ' શબ્દથી કહ્યું. પૂર્વાર્ધમાંજ 'ભગવતઃ' શબ્દથી કહેલ છે.
૧૬.'તે માટે' એટલે દેહમાં રહેલાઓને અમૃત પ્રાપ્ત કરવા નો અધિકાર થાય તે માટે.
૧૭.બ્રહ્મા વિગેરે બ્રહ્મા વિષ્ણુ અને શંકર , અને બીજા સત્વાદિ ગુણોના ભેદવાળા ભક્તો.

એ પ્રમાણે ભગવાને પોતાનો ત્યાગ કર્યો તેનાં મૂલ કારણ બનેલ સમ્બન્ધી તર્ક બે શ્લોકોથી કહીને, નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી લૌકિક તર્ક કહે છે :

**યો વૈ મમાતિભરમ્ આસુરવંશરાજ્ઞામ્ અક્ષૌહિણીશતમપાનુદદાત્મતન્ત્રઃ ।**
**ત્વાં દૂઃસ્થમૂનપદમાત્મનિ પૌરુષેણ સમ્પાદયન્ યદુષુ રમ્યમબિભ્રદંગમ્ ।।૩૪।।**

જેમણે ખરેખર સ્વતન્ત્ર રહી અસુરોના વંશના રાજાઓની એકસો અક્ષૌહિણી સેનારૂપ મારા ઘણા ભારનો નાશ કર્યો, અને ખરાબ સ્થિતિમાં રહેલા ઓછા પગવાળા તારા

દેહમાં પ્રવેશ કરી પુરુષાતનથી તેને પગો પ્રાપ્ત કરાવ્યા, તે યાદવોમાં રમણ કરવા યોગ્ય અંગ ધારણ કરતા હતા.૩૪

મારા ઘણાભાર રૂપ એકસો અક્ષૌહિણીનો ભગવાને નાશ કર્યો. ભૂમિ ઉપર ઉત્પન્ન થએલા તે ભારરૂપ હોવાનું કારણ 'અસુરોના વંશના રાજાઓની એકસો અક્ષૌહિણી' શબ્દથી કહેલું છે. 'વંશ' શબ્દથી એમ જણાવેલું છે કે તેઓનાં ગોત્રો અહીં છે. 'સ્વતન્ત્ર' શબ્દથી ભગવાનને પોતાને સાધનની જરૂર ન હોવાનું કહેલું છે. આથી યાદવરૂપ ભાર પણ ઉતાર્યાનું પણ સૂચવેલું છે. ઉત્તરાર્ધથી પુત્ર ધર્મ ઉપરનો ઉપકાર કહેલો છે. રોગ વિગેરેના ઘેરાવાની પેઠે અધર્મથી ઘેરાવાથી ધર્મની ખરાબ સ્થિતિ હતી. કાલને લીધે તેના પગો ઓછા થએલા. 'આત્મનિ પૌરુષેણ' શબ્દોથી એમ કહેલું છે કે ભગવાને પોતે ધર્મના દેહમાં પ્રવેશ કરીને પોતાનાં પુરુષાતનથી તેના ગૂમાવેલા ભાગોને સારી રીતે પ્રાપ્ત કરાવ્યા. 'તને પ્રાપ્ત કરાવ્યા' એવો વાક્યનો સમ્બન્ધ છે, કારણકે તું પહેલાંથી પૂર્ણ ચારે પગવાળો હતો, તારા માટે અને મારા માટે જ ભગવાને યાદવોમાં આપણા બેને જ રમણ કરતાં યોગ્ય દેહ ધારણ કરેલો. ભગવદીયો અને ધર્માત્માઓ જ રમણ કરે છે.૩૪

નીચેના શ્લોકથી પરિણામ કહે છે :

**કા વા સહેત વિરહં પુરુષોત્તમસ્ય પ્રેમાવલોકરુચિરસ્મિતવલ્ગુજલ્પૈઃ ।**
**સ્થૈર્યં સમાનમહરન્ મધુમાનિનીનાં રોમોત્સવો મમ યદંઘ્રિવિટંકિતાયા ।।૩૫।।**

જેમણે પ્રેમવાળી દૃષ્ટિ, સુંદર સ્મિત અને મનોહારિ વાતચિતથી મથુરાની સ્ત્રીઓનાં માન સાથે સ્થિરપણાંને હરી લીધું, અને જેમના ચરણનાં ચિહ્નોવાળી મને રોમાંચ થતાં તે પુરુષોત્તમનો વિરહ કઈ સ્ત્રી સહન કરે? ૩૫

'વા' શબ્દ તિરસ્કાર દર્શાવે છે. જે ભગવાનનો વિરહ સહન કરે છે તે સ્ત્રી નમાલી, એવો અર્થ છે. માત્ર પુરુષનો વિરહ પણ સહન થઈ શકે તેવો નથી, તો પછી પુરુષોત્તમનો વિરહ તો કેમ જ સહન થઈ શકે? તેમણે કરેલ ઉપકારનો વિચાર દૂર રહ્યો, કામને લીધે પણ વિરહ સહન થાય નહીં, એમ 'પ્રેમવાળી દૃષ્ટિ સુંદર સ્મિત....હરી લીધું' શબ્દોથી કહેલું છે. ત્રણ સાધનોથી સાત્ત્વિક, રાજસ અને તામસ સર્વ સ્ત્રીઓ ને વશ કરેલી છે. તે પૈકી સાત્ત્વિકીઓને પ્રેમવાળી દૃષ્ટિથી વશ કરી, તામસીઓને 'સુંદર સ્મિત'થી એટલે મન હરે તેવું મોહન કરીને, અને રાજસીઓને તો 'વલ્ગુજલ્પૈઃ' મનોહર વાક્યોથી વશ કરી, સાત્ત્વિકીઓને ભક્તિ અને જ્ઞાન આપીને વશ કરી, તામસીઓને મોહ દૂર કરી અને જ્ઞાન આપીને, અને રાજસીઓને તર્ક અને પ્રમાણ આપીને વશ કરી. તેથી જ 'મધુમાનિનીનામ્' મથુરાની સ્ત્રીઓનાં માન સાથે સ્થિરપણાંને હરી લીધું. જે માનને લીધે કામમાં અથવા માર્ગમાં સ્થિર રહેલી હતી અથવા વેદ અને જ્ઞાન થી આત્મામાં રહેલી, તે માન અને સ્થિરપણાં ને હરી લીધાં અથવા 'મધુ' શબ્દ જુદો લેવો, માનિનીઓનાં રસ અને સ્થિરપણું વિગેરે હરી લીધો. વળી જેમનાં ચિહ્નવાળી મને પણ

સદા રોમાંચ થતો હતો.૩૫.

એવી રીતે ભગવાનના વિરહથી દુઃખી થએલાનો સંવાદ થતો હતો ત્યારે, નજીકમાં તે સાંભળીને દેવતા, પૃથ્વી અને ધર્મ સમીપ હોવાનું જાણી વિશ્વામિત્રના આશ્રમની પૂર્વે કુરુક્ષેત્રમાં વહેતી સરસ્વતીમાં ઋષિ હોવાથી આવશ્યક કાર્ય કરવા પરીક્ષિત ગયો એમ નીચેના શ્લોકથી કહે છે :

**તયોરેવં કથયતોઃ પૃથિવીધર્મયોસ્તદા ।**
**પરીક્ષિન્નામ રાજર્ષિઃ પ્રાપ્તઃ પ્રાચીં સરસ્વતીમ્ ।।૩૬।।**

પૃથિવી અને ધર્મ બન્ને એ પ્રમાણે કહેતા હતા ત્યારે પરીક્ષિત નામનો રાજર્ષિ પૂર્વ તરફ વહેતી સરસ્વતીએ આવી પહોંચ્યો.૩૬.

'ત્યારે' એટલે સંવાદના સમયે જ. રાજાની પ્રસિદ્ધિને લીધે તે બે પૃથ્વી અને ધર્મ અદશ્ય ન થયા તે યોગ્ય છે એમ સૂચવેલું છે.૩૬.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**અધ્યાય સોળમો સંપૂર્ણ.**

## ।। અધ્યાય સતરમો ।।

# પરીક્ષિત અને ધર્મનો સંવાદ અને તેણે કરેલો કલિનો નિગ્રહ

**તતઃ સપ્તદશે ધર્મ પૃથિવીસાન્ત્વનં વિદઃ ।**
**ભીતસ્ય સ્થાનદાનં ચ કલેઃ શિક્ષા ચ રૂપ્યતે ।।૧।।**

પછી સત્તરમા અધ્યાયમાં જાણનાર રાજાએ ધર્મ અને પૃથ્વીનું સાન્ત્વન કર્યું અને ભય પામેલા કલિને સ્થાન આપ્યું અને શિક્ષા કરી તે કહેવામાં આવે છે.કા.૧

**પ્રથમં મારણે ભીતિઃ તયોઃ સ્વાસ્થ્યસ્ય ચ ક્ષયઃ ।**
**અતઃ સાન્ત્વનમ્ અગ્રે ચ સ્થાનદાનં વિચારતઃ ।।૨।।**

પ્રથમ પૃથ્વી અને ધર્મ ને માર પડશે એવો ભય અને તેમનાં સ્વાસ્થ્યનો ક્ષય, અને પછી સાન્ત્વન કહ્યાં, અને પછી વિચારીને[1] કલિને સ્થાનનું દાન કહ્યું કા.૨

**વિવેકસ્થાપનાયૈવ ધર્મવાક્યં તતોઽસ્ય હિ ।**
**સર્વસામર્થ્યસમ્બોધો વૈરાગ્યં વક્તુમ્ અદ્ભુતમ્ ।।૩।।**

ધર્મનું વચન રાજામાં વિવેકનું સ્થાપન[2] કરવા કહેલું છે, કારણકે તેનાથી રાજાને તેનું

અદ્‌ભુત વૈરાગ્ય કહેવા માટે સર્વ સામર્થ્યનું જ્ઞાન થાય છે.કા.૩

**મૂર્તિભૂતાસ્ત્રયો રાજ્ઞે સ્વખેદખ્યાપનાય તૌ ।**
**વેષાન્તરેઽપિ તત્પીડા ખ્યાપનાય સ મારકઃ ।।૪।।**

રાજા પાસે ત્રણ પ્રત્યક્ષ[3] થયા, ધર્મ અને પૃથ્વી પોતાનું દુઃખ જણાવવા અને તે મારનાર કલિ જુદા વેષમાં હોવા છતાં તેઓની પીડા જણાવવા આવેલ છે કા.૪

**સન્ધાનં વસ્તુભૂતસ્ય કૃતં તેનાઽસ્ય ચ સ્વયમ્ ।**
**કૃતં ભૂમેસ્તુ હેતૂનાં શોકસ્ય વિનિવારણાત્ ।।૫।।**

વસ્તુ થએલ ધર્મના પગોનું સંધાન[4] કર્યું. તેથી ધર્મનું સાન્ત્વન પોતે કર્યું, ભૂમિનું સાન્ત્વન તો શોકના કારણોને દૂર કરવાથી કર્યું.કા.૫

૧.આ અધર્મનો બંધુ છે. તેથી આને તેવાં જ સ્થાન આપવાં. સારાં સ્થાન આપીશ તો ત્યાં પણ અધર્મ થશે, અને તેથી ઘણો અનર્થ થશે એમ વિચારીને.

૨.જુદાં-જુદાં વાક્યોથી જ મોહ થાય તેનો નાશ કરનાર અધિકારી વિવેકનું સ્થાપન કરવા.

૩.રાજાનું અલૌકિક સામર્થ્ય જાણવા પ્રત્યક્ષ થયા.

૪.રાજાને જ્ઞાન થયા પછી તેનામાં ધર્મનો પ્રચાર કરવાની શક્તિ હોવાનું જણાવવા આ પગોનું સંધાન કર્યાની કથા કહેલી છે.

પૂર્વ તરફ વહેતી સરસ્વતીમાં સ્નાન કરવા પરીક્ષિત ગયો એમ એ ગયા અધ્યાયના અંતે કહેલું છે. પછી ત્યાં ગએલાએ તેણે અધર્મ જોયો એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**સૂત કહે છે :**

**તત્ર ગોમિથુનં રાજા હન્યમાનમ્ અનાથવત્ ।**
**દણ્ડહસ્તં ચ વૃષલં દદૃશે નૃપલાઞ્છનમ્ ।।૧।।**

ત્યાં રાજાએ અનાથ માર ખાતું ગાયનું જોડું અને રાજાના ચિહ્નવાળા હાથમાં દંડાવાળા શૂદ્રને જોયા.૧

'ગાયનું જોડું' એટલે જોડું હોય તેવા દેખાતા બળદ અને ગાયને જોયા. 'અનાથવત્' માં 'વત્' પ્રત્યય બીજી વિભક્તિના અર્થમાં યોજેલ છે, એટલે જેનો નાથ નથી તેવું જોડું જોયું, કારણ ભગવાન-નાથ પ્રકટ ન હતા. 'વૃષલમ્' એટલે શૂદ્રને જોયા, કારણકે મોટા પુરુષો વ્યક્તિને જોતાં જ તેની જાતિ જાણે છે. તેણે ચિહ્નો તો રાજાનાં ધારણ કરેલાં. રાજાના ચિહ્ન જેવું ચિહ્ન હતું જેનો તેવો તે શૂદ્ર હતો, અને એવી રીતે પાખંડ ધર્મવાળાને જોયો એવો અર્થ છે.૧

જોડું દીન હતું એમ જણાવવા નીચેના બે શ્લોકોથી તેનું વર્ણન કરે છે. તેમ દીન ન હોય તો રાજાને પક્ષપાત રૂપ દોષ લાગે :

**વૃષં મૃણાલધવલં મેહન્તમિવ બિભ્યતમ્ ।**
**વેપમાનં પદૈકેન વેપન્તં શૂદ્રતાડિતમ્ ।।૨।।**

**ગાઞ્ચ ધર્મદુઘાં દીનાં ભૃશં શૂદ્રપદાહતામ્ ।**
**વિવત્સાં સાઽશ્રુવદનાં કૃશાં યવસમ્ ઈચ્છતીમ્ ।।૩।।**

કમલના તાંતણા જેવા ધોળા, ભય પામતો હોય તેમ મૂત્ર કરતા, એક પગથી ધ્રૂજતા-કંપતા, અને શૂદ્રથી મારવામાં આવતા બળદને અને ધર્મ દોહનારી, દીન, શૂદ્રના પગથી ઘણો માર ખાતી વાછડાં વિનાની, મુખ ઉપર આંસુવાળી દુબળી ઘાસ ઈચ્છતી ગાયને જોયાં. શ્લો. ૨-૩.

પ્રથમ બળદનું વર્ણન કરે છે. 'કમલના તાંતણાં જેવા ધોળા' એટલે કમલ વિગેરેના જેવી કાંતિવાળા ધોળા. આ વિશેષણથી તે સ્વભાવથી શુદ્ધ હોવાનું કહ્યું. બીજા પાંચ અંગો ખોડવાળાં હતાં એમ કહે છે. તેમાં દરરોજ બહારનો[૧] ક્ષય થતો. [ક]'મેહનમ્' એટલે મૂત્ર. આ કર્મનો ક્ષય[૨] કહ્યો. [ખ]'ભય પામતો હોય તેમ' શબ્દથી ભય હોવા થી જ્ઞાન ન હોવાનું કહ્યું, કારણકે 'ઈવ' 'જેમ' શબ્દથી અનુકરણ કરતો હોવાનું કહેલ છે. અથવા મૂત્ર નીકળવાનાં સ્થાનથી જુદાં સ્થાનોમાંથી મૂત્રના જેવું નીકળતું હતું. તેથી રોગ[૩] સૂચવેલો છે. [ગ] 'એક પગથી ધ્રૂજતો' હતો. ધ્રૂજારી બે પ્રકારની છે : પગ ન હોવાથી અને અજ્ઞાનથી થતી. તેમાં એક પગ હોવાના કારણથી ધ્રૂજતો હતો. ચાર પગવાળાના ત્રણ પગો જાય ત્યારે એક પગ ઉપર ઉભો રહેતાં ધ્રૂજે જ. જ્ઞાન સાથે તપ વિગેરે પણ ન હોવાથી, માત્ર સત્ય ઉપર જ ધર્મની સ્થિતિ ચંચલ[૪] હોય છે. [ઘ] અજ્ઞાનથી કંપતો હતો. પદાર્થનું જ્ઞાન ન હોવાથી ધર્મનું કાર્ય કંપ વિનાનું થતું નથી. [ઙ]શૂદ્રથી મારવામાં આવતો હતો. કાલને લીધે શૂદ્ર કરે તે ધર્મ પાખંડીનો હોવાથી ધર્મને દુઃખ થાય તે માર. દંડાથી બળદને મારતો, અને પૃથ્વીને પગથી મારતો. કલિ ભૂમિનો વધ કરવા રહે છે, અને પાખંડ માર્ગોથી ધર્મને પીડા કરે છે. શ્લો. ૧ માંના 'જોયા' શબ્દ સાથે સમ્બન્ધ છે.૨

ગાયનું વર્ણન કરે છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી આને પણ ભય અને ધ્રૂજારી થતાં હતાં. 'ધર્મ દોહનારી' વિશેષણથી સ્વભાવથી તે ઉત્તમ હતી એમ કહેલું છે. અગ્નિહોત્ર વિગેરે ધર્મ આપતી હતી એવો અર્થ છે. 'ધર્મદુહામ્' એવો પાઠ હોય ત્યારે પ્રવર્ગ્ય સોમમાં કરવાની ક્રિયામાં ઉપયોગી દુધ આપતી હતી એવો અર્થ થાય. આ છ અંગોમાં ખામીવાળી હોવાનું કહે છે. [ક]દેશ વિગેરેની સંપત્તિવાળી ભૂમિ પુષ્ટ હોય છે. તે ન હોય તો ખામીવાળી હોય છે. [ખ] ઉત્તમ દેશોમાં દુષ્ટો રહેલા હોવાથી તે 'દીન' હતી. [ગ]પાખંડોથી પ્રેરાતી હોવાથી કાલથી પણ પીડાએલી હતી. કલિનો પહેલો પાદ ચોથો ભાગ હોવાથી 'પદા' 'પગથી' એમ એક વચન યોજેલું છે. એવી રીતે દેશ અને કાલના દોષો કહ્યા. [ઘ]'વાછડાં' વિનાની વિશેષણથી દોહન કાર્યમાં કર્તા ન હોવાનું કહેલ છે. પોતપોતાના ધર્મમાં મુખ્ય વાછડાંઓ પૃથુએ પૃથ્વીનું દોહન કર્યું તેમાં કહેલા છે. તેઓ હાલ નથી તેથી જ [ઙ] 'મુખ ઉપર આંસુવાળી' હતી. આંસુઓ સાથેનું હતું મુખ જેનું તેવી હતી. આથી મન્ત્રો ન હોવાનું કહેલું છે. તે મન્ત્રો હર્ષરૂપ છે. અપશબ્દો આંસુઓ છે.

[ચ]દ્રવ્ય ન હોવાથી 'દુબળી' હતી. જ્યાં યજ્ઞ થતો ત્યાં યજ્ઞ કરવાનાં દ્રવ્યો ન હતાં. [છ]'ઘાસ ઇચ્છતી' એટલે યજ્ઞ વિગેરેમાં ભાગ મળવાનું ઇચ્છતી હતી. આથી કર્મ થતાં નહીં. એમ કહેલું છે. એવી રીતે આ છ અંગોમાં ખામીવાળી હોવાનું સૂચવેલું છે. અહીં પણ પહેલાં (શ્લો.૨) પેઠે ક્રિયા (શ્લો. ૧ માં ના 'જોયાં' શબ્દ) નો સમ્બન્ધ છે.૩

૧.પાંચ અંગોની ખોડમાં બહારના ધર્મનો ક્ષય સૂચવેલ છે, એવો અર્થ છે.

૨.મૂત્ર વિસર્ગરૂપ હોવાથી અને કર્મેન્દ્રિયથી થતું હોવાથી બહારના આચાર વિગેરે રૂપ કર્મનો ક્ષય કહેલ છે.

૩.ખરાબ કર્મોનો ભોગ સૂચવેલ હોવાથી રોગ સૂચવેલ છે. આથી પણ બહારના ધર્મનો ક્ષય કહ્યો એવો અર્થ છે.

૪.ફલ પ્રાપ્ત કરવા માં ઉપયોગી ન હોવાથી, તેનો ક્ષય કહ્યો, એવો અર્થ છે.

એવી રીતે જોઈને મારનાર નવો હોવાથી તેને મારવા પ્રશ્ન કરે છે. તેમ ન કરે તો વિચાર્યા વિના કાર્ય કરનાર થાય. તેથી જ સામગ્રી સાથે રહેલો નીચેના શ્લોકથી પ્રશ્ન કરે છે :

**પપ્રચ્છ રથામઉ આરૂઢઃ કાર્તસ્વરપરિચ્છદમ્ ।**
**મેઘગમ્ભીરયા વાચા સમારોપિતકાર્મુકઃ ।।૪।।**

સુવર્ણની સામગ્રીવાળા રથમાં બેઠેલા, ધનુષ્ય ઉપર બાણ ચઢાવેલા તેણે મેઘના જેવી ગંભીર વાણીથી નીચે પ્રમાણે પૂછ્યું.૪

સુવર્ણની સામગ્રી રાજા હોવાનું જણાવનારી છે. 'કાર્તસ્વરમ્' એટલે સુવર્ણ. તેની સામગ્રી હતી જે રથની તેમાં બેઠેલો. આથી એમ સૂચવેલું છે કે તે મોટો પુરુષ હોવાના જ્ઞાનથી વિચાર કર્યા વિના દુઃખ નહી દે. તેની વાણી દુઃખીઓ ઉપર કૃપાની વૃષ્ટિ કરનારી હોવાથી મેઘના જેવી ગંભીર હતી. ગંભીર હોવાથી શબ્દનું શ્રવણ થતાં જ શત્રુઓને ઉદ્વેગ થતો. એવી રીતે તેના વાક્યમાં શત્રુને શિક્ષા કરવાનું અને સારા પુરુષોનું પાલન કરવાનું સૂચવેલ છે. 'ધનુષ્ય ઉપર બાણ ચઢાવેલા' વિશેષણથી એમ જણાવેલું છે કે માત્ર અયોગ્ય વચન બોલે એટલે તેને પાપી તરીકે જાણીને મારવો.૪.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી અજ્ઞાન અને નિશ્ચય ના ભેદથી પ્રશ્ન કરે છે, અથવા બીજો છટ્ઠો શ્લોક તેનો તિરસ્કાર કરવા કહેલ છે :

**કસ્ત્વં મચ્છરણે લોકે બલાદ્ હંસ્યબલાન્ બલી ।**
**નરદેવોઽસિ વેષેણ નટવત્ કર્મણા-ઽદ્વિજઃ ।।૫।।**

મારા શરણે રહેલા લોકમાં, નિર્બલોને બલથી મારનાર બલવાન તું કોણ? વેષથી નટના જેવો રાજા છે, પણ કર્મથી શૂદ્ર છે.૫

હું છું શરણ એટલે રક્ષણ કરનાર જેનો તેવા લોકમાં 'બલાત્' શાસ્ત્રની આજ્ઞા વિના 'અબલાન્' શત્રુ ન હોય તેવા દીનને મારનાર તું કોણ? 'બલવાન' શબ્દથી તેને આપત્તિ ન હોવાનું સૂચવેલું છે. 'ચિહ્નોથી જ તું જાણ' એમ કહેવામાં આવે તેથી કહે છે કે માત્ર વેષથી તું રાજા છે. ખરેખર તું રાજા નથી. કારણકે રાજાની સામગ્રી નથી અને તું રાજા હોવાની પ્રસિદ્ધિ

નથી. 'નટના જેવો' શબ્દથી એમ કહેલું છે કે રાજાઓની મશ્કરી કરવા તેવું રૂપ લઈને ધર્મ અને ભૂમિનું રક્ષણ કરવું જોઈએ ત્યારે તું તેથી ઉલટું કરે છે, છતાં પણ રાજા નથી. કર્મથી તું 'અદ્વિજઃ' શૂદ્ર છે, કારણકે દ્વિજો ગાયને પગથી મારે નહીં. 'અદ્વિજઃ' શબ્દનો એવો અર્થ છે કે બીજો જન્મ થાય ત્યારે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી તેનું જ્ઞાન થાય, તે ન હોવાથી પગથી પણ મારે છે.૫.

**કસ્ત્વં કૃષ્ણે ગતે દૂરં સહ ગાણ્ડીવ-ધન્વના ।**
**શોચ્યોઽસ્યશોચ્યાન્ રહસિ પ્રહરન્ વધમ્ અર્હસિ ।।૬।।**

ગાંડીવ ધનુષ્યવાળા સાથે શ્રીકૃષ્ણ દૂર ગયા ત્યારે નિરપરાધીઓને એકાન્તમાં મારનાર તું કોણ દુષ્ટ છે? તું વધ કરવા યોગ્ય છે.૬

છતાં પણ માર્યા કરનારને ધમકાવે છે. 'તું કોણ?' શબ્દો તિરસ્કારના અર્થમાં યોજેલા છે. 'હું આવો જ છું' એમ કહે, તેથી કહે છે કે શ્રીકૃષ્ણ અને અર્જુન હતા ત્યારે કેમ દેખાયો ન હતો? તેથી ધર્મ કરનાર અને કરાવનાર ગયા ત્યારે તું કોણ? દુષ્ટ જ છે. તેઓ ગયા પછી 'હું રાજા છું' એવી રીતે આવેલો ચોર જ છે. કારણકે તેઓએ રાજ્યમાં નીમેલો નથી. બલથી જો રાજા થવા ઈચ્છતો હોય તો દુષ્ટ છો, અપરાધી છો. વળી 'અશોચ્યાન્' નિરપરાધીઓને એકાન્તમાં મારતો હોવાથી ઘણો જ અપરાધી છે. તેથી વધ કરવા યોગ્ય છે, બીજી સજા કરવાની નથી એવો અર્થ છે.૬.

એવી રીતે મારવાનો વિચાર કરતાં, શૂદ્રે ઉત્તર આપ્યો નહીં, તેથી તે બે બળદ અને ગાય અપરાધી હશે એવી શંકા થતાં તેમનું સાન્ત્વન કરવા તેમને નીચેના શ્લોકથી આરંભી પ્રશ્ન કરે છે :

**ત્વં વા મૃણાલધવલઃ પાદૈર્ન્યૂનઃ પદા ચલન્ ।**
**વૃષરૂપેણ કિં કશ્ચિદ્ દેવો નઃ પરિખેદયન્ ।।૭।।**

અને તું કમલના તાંતણા જેવો ધોળો ત્રણ પગો વિનાનો, એક પગે ચાલતો, અમને ખેદ કરાવતો બળદના રૂપવાળો શું કોઈક દેવ છે?૭

પ્રાકૃત બળદમાં કાંતિ સાથે ધોળા હોવાપણું અને એક પગે ચાલવાપણું દુર્લભ છે. પ્રાકૃત પશુમાં આવું અસંભવિત હોવાથી તું શું કોઈક દેવ જ છો? કારણકે દેવો આવા પશુના આકારવાળા હોતા નથી. ત્યારે શું બળદના રૂપથી અમને ખેદ કરાવનાર તું શું દેવ છો? એમ સાંભળ્યું છે કે પહેલાં પણ 'આ રાજા અમને કેમ જાણશે?' એવા વિચારથી શિબિ વિગેરે પાસે અગ્નિ વિગેરે દેવો જુદું રૂપ લઈને ગએલા.૭.

પગથી બળદ ભૂમિનો સ્પર્શ કરતો હોવાથી, આ દેવ નથી એવો નિશ્ચય કરીને નીચેનો શ્લોક કહે છે :

**ન જાતુ કૌરવેન્દ્રાણાં દોર્દણ્ડપરિરમ્ભિતે ।**
**ભૂતલેઽનુપતન્ત્યસ્મિન્ વિના તે પ્રાણિનાં શુચઃ ।।૮।।**

કૌરવ રાજાઓના બાહુરૂપ દંડોથી આલિંગન કરાએલી આ ભૂમિ ઉપર તારા સિવાય પ્રાણીઓનાં શોકના આંસુઓ પડેલાં નથી.૮

તારા સિવાય બીજો કોઈ અમારા રાજ્યમાં સાંભળ્યો કે જોયો નથી કે જેનાં શોકનાં આંસુઓ ભૂમિ ઉપર પડ્યાં હોય. અને તેમાં પણ 'કૌરવેન્દ્રાણામ્' કુરુવંશના રાજાઓના 'દોર્દણ્ડપરિરમ્ભિતે' બાહુરૂપ દંડોથી આલિંગન કરાએલી આ ભૂમિ ઉપર તો પડ્યાં જ નથી. કારણ કે મહારાજા જેનો ભોગ કરતા હોય તે ભૂમિ દુઃખી ન હોય. તારું સ્વરૂપ તો જણાતું નથી એવો અર્થ છે. અથવા આ વાક્ય થી રાજાના ખેદનું વિવરણ કર્યું.૮.

રાજાઓ આમ કહે તે યોગ્ય નહીં, એવા વિચારથી નીચેનો શ્લોક કહે છે :

**મા સૌરભેયાનુશુચો વ્યેતુ તે વૃષલાદ્ ભયમ્ ।**
**મા રોદીરમ્બ ભદ્રં તે ખલાનાં મયિ શાસ્તરિ ।।૯।।**

હે સૌરભેય! શોક ન કર. શૂદ્રથી તારો ભય દૂર થાઓ. હે મા! તું રડ નહીં. દુષ્ટોને શિક્ષા કરનાર હું છું ત્યારે તારું કલ્યાણ થાઓ.૯

હે 'સૌરભેય' સુરભિના પુત્ર! આથી આ દેવ નથી અને પ્રાકૃત પ્રાણી પણ નથી પરન્તુ કામધેનુનો પુત્ર, ઉત્તમ બળદ છે દ્ન એવી આની મધ્યમ સ્થિતિ જણાવી. તેથી તું શોક ન કર. શૂદ્રથી તારો ભય દૂર થાઓ. હું શૂદ્રને મારીશ, એવો અર્થ છે.

એ પ્રમાણે બળદનું સાન્ત્વન કહીને, ઉત્તરાર્ધથી સુરભિ ગાયનું સાન્ત્વન કહે છે. હે મા! સદા તારું દૂધ પીએ છીએ તેથી, અથવા સ્નેહને લીધે 'મા' કહે છે. તારું કલ્યાણ થાઓ. મારા આવવાથી તારું કલ્યાણ છે એવો અર્થ છે. તેથી જ તું રડ નહીં. ત્યારે આટલા સમય સુધી મારું કલ્યાણ કેમ ન જણાયું? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધ માં 'દુષ્ટોને શિક્ષા કરનાર હું છું' એમ કહેલું છે. જ્યારે હું આને શિક્ષા કરીશ ત્યારે તારું કલ્યાણ થશે. પહેલાં આને મારવાનું કારણ ન હોવાથી તારું કલ્યાણ થએલું નહીં, એવો ભાવ છે.૯.

અમારા કારણે તારે આને શા માટે મારવો? એવો પ્રશ્ન થાય, તેથી કહે છે :

**યસ્ય રાષ્ટ્રે પ્રજાઃ સર્વાઃ ત્રસ્યન્તે સાધ્વ્યસાધુભિઃ ।**
**તસ્ય મત્તસ્ય નશ્યન્તિ કીર્તિરાયુર્ભગો ગતિઃ ।।૧૦।।**

હે ભલી ગાય! જેના રાજ્યમાં દુષ્ટોથી બધા ત્રાસ પામે છે તે પ્રમાદવાળાનાં કીર્તિ, આયુષ્ય, ભાગ્ય અને ગતિ નાશ પામે છે.૧૦

આ મારો અપરાધ કરનારો હોવાથી, મારા પોતાના માટે જ આને મારવાનો છે. તેથી તેનો અપરાધ કહે છે. હે ભલી ગાય! જેના રાજ્યમાં દુષ્ટોથી પ્રજાને ત્રાસ થાય છે, તેના

ચારનો નાશ થાય છે. નાશનું તેને ભાન ન રહેવાનું કારણ 'પ્રમાદી' શબ્દથી કહેલું છે. 'કીર્તિ'થી આરંભી ચારને ગણાવે છે. 'ભગઃ' એટલે ભાગ્ય. 'ગતિઃ' એટલે પરલોક અથવા જ્ઞાન.૧૦.

વળી આનું રક્ષણ ન કરવાથી દોષ થાય તે માટે જ માત્ર આનું રક્ષણ કરવાનું નથી. જો તેમ હોય તો તે રક્ષણ કામ્ય કર્મ થાય, પરન્તુ આનું રક્ષણ કરવાની શાસ્ત્રની આજ્ઞા હોવાથી તે નિત્ય કર્મ છે. તેથી ચોક્કસ શાસ્ત્રાજ્ઞાએ જણાવેલ હોવાથી જ હું તે રક્ષણ કરીશ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એષ રાજ્ઞઃ પરો ધર્મો હ્યાર્તાનામ્ આર્તિનિગ્રહઃ ।**
**અત એનં વધિષ્યામિ ભૂતદ્રુહમ્ અસત્તમમ્ ।।૧૧।।**

આ દુઃખીઓનાં દુઃખનો નાશ કરવો તે રાજાનો ઉત્તમ ધર્મ છે. તેથી પ્રાણીઓનો દ્રોહ કરનાર ઘણા જ દુષ્ટ આનો હું વધ કરીશ.૧૧

'આ' એમ આંગળીથી દેખાડે છે. આવા દુઃખીઓનું રક્ષણ રાજાનો ઉત્તમ ધર્મ છે. પ્રજાનાં રક્ષણ કરતાં આ જ ઉત્તમ ધર્મ છે કે દુઃખીઓનાં દુઃખનો નાશ કરવો. દુઃખીઓને દાન આપવા કરતાં પણ તેમનાં દુઃખનો નાશ કરવો તે ઉત્તમ ધર્મ છે.

તેથી શું? એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. મારા પોતાના ધર્મનું પાલન કરવા જ હું આનો વધ કરીશ. વધ કરવાથી સાક્ષાત્ અધર્મ થશે, પ્રજાનું રક્ષણ કરવાથી ધર્મ પરમ્પરાથી થશે. તેથી કેમ મારશો? એવો પ્રશ્ન થાય, તેથી 'પ્રાણીઓનો દ્રોહ કરનાર' એમ કહેલું છે. બધા પ્રાણીઓનો દ્રોહ કરે છે તેથી આનો વધ થતાં પ્રાણીઓ જીવતાં રહેશે. આનો વધ નહીં થાય તો ઘણાનું મરણ થશે. તેથી સૌકર્યને લીધે એકનું જ મરણ થાય તે સારું. 'આ વધ કરવો તે સાક્ષાત્ મના કરેલ આજ્ઞાનો વિષય છે, બીજા તો તમોએ પોતે કરેલ હિંસાના વિષય નથી. [1]તેથી ઘણાંનું મરણ થશે એ નમાલું છે ह એવી શંકા થાય તેથી 'ઘણા જ દુષ્ટનો' એમ કહેલું છે. આનો વધ કરવામાં અધર્મ નથી. કારણકે દુષ્ટોનો વધ કરવો વિગેરે શાસ્ત્રની આજ્ઞા છે. તેથી આનો વધ થતાં ત્રણ કાર્યો થશે. ૧.દુષ્ટોનો વધ કરવાની આજ્ઞાનું પાલન ૨.પ્રાણીઓનો દ્રોહ ન કરવાની શાસ્ત્રની આજ્ઞાનું પાલન અને ૩.દુઃખીઓનાં દુઃખનો નાશ કરવાની શાસ્ત્રની આજ્ઞાનું પાલન.૧૧

૧.આનો વધ કરવાથી તમે પોતે 'હિંસા ન કરવી' એ શાસ્ત્રની આજ્ઞાનો અનાદર કરેલ થશે. જ્યારે આ કલિ બીજાઓનો વધ કરશે તે તમે વધ કરેલ નહીં ગણાય. તેથી આનો વધ કરવાધી ઘણાના પ્રાણની રક્ષા થશે એ તમારું કહેવું યોગ્ય નથી. એવો અર્થ છે.

ગાયનું સાન્ત્વન કરવાના આરંભમાં તેનો વધ કરવાનું કહીને, 'બળદના માટે પણ તેનો વધ થાઓ' એવા વિચારથી તેને નીચેના શ્લોકથી આરંભી ફરી પ્રશ્ન કરે છે :

**કોડવૃશ્ચત્ તવ પાદાંસ્ત્રીન્ સૌરભેય ચતુષ્પદ ।**
**મા ભૂવંસ્ત્વાદશા રાષ્ટ્રે રાજ્ઞાં કૃષ્ણાનુવર્તિનામ્ ।।૧૨।।**

હે ચાર પગવાળા બળદ! તારા ત્રણ પગો કોણે કાપ્યા? શ્રીકૃષ્ણના સેવક રાજાઓનાં રાજ્યમાં તારા જેવા ન થાઓ.૧૨

તારા ત્રણ પગોને કોણે 'અવૃશ્ચત' કાપ્યા? અપરાધ પ્રમાણે શિક્ષા કરવી જોઈએ. આણે ગાયને માત્ર મારી જ છે. તે કાર્ય અટકાવવા સાથે આને મારવાથી પણ તેનો ઉપાય થાય. તારા ત્રણ પગ કાપેલ હોય તો તો આના પણ બે પગ અને એક હાથ કાપવા જોઈએ, તેથી કહે, એવો અર્થ છે. 'હે ચાર પગવાળા' સંબોધનથી એમ જણાવેલું છે કે પહેલાં જરૂર ચાર પગ હતા. 'તેના પણ પગ કાપવાથી મારો શું પુરુષાર્થ થાય' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જેમ તું એક પગવાળો થયો તેવા આના જીવતાં બીજા પણ ન થાય તે માટે આને સજા કરવી જોઈએ.

રાજ્યમાં ત્રણ પ્રકારના પ્રાણીઓ હોય. આને હરકોઈ પ્રકારે મારવો એવો આ શો આગ્રહ? એવો રાજ્યમાં ભલે ખોડવાળા હોય. ભગવાનના સેવકોના રાજ્યમાં તેવા હોવા યોગ્ય નથી, કારણકે અહીં રહેનાર બધાએ જ ભગવાનની સેવા કરવી જોઈએ, અને ઈંદ્રિયોની ખોડવાળા તો સેવા કરવા યોગ્ય નથી. તેથી તેવા આ રાજ્યમાં રહેવા યોગ્ય નથી.૧૨

તેથી તારા પગ કોણે કાપ્યા તે સર્વથા કહેવું જોઈએ એમ નીચેના શ્લોકથી કહે છે :

**આખ્યાહિ વૃષ ભદ્રં વઃ સાધૂનામ્ અકૃતાગસામ્ ।**
**આત્મવૈરૂપ્યકર્તારં પાર્થાનાં કીર્તિદૂષણમ્ ।।૧૩।।**

હે બળદ! તમારું કલ્યાણ હો. નિરપરાધી સારા પ્રાણીઓના દેહને બેડોળ કરનાર, પાંડવોની કીર્તિને કલંક લગાડનારને જણાવ.૧૩

બળદ હોવાથી તારી અયોગ્યતા નથી. હું કહીશ તો મને અથવા મારા સમ્બન્ધીઓને શૂદ્ર મારશે, એવો ભય ન રાખીશ, એમ 'તમારું કલ્યાણ હો' શબ્દોથી કહેલ છે. તમારું કલ્યાણ જ થશે. આ જીવતો હોય ત્યારે કલ્યાણ કેમ થાય? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'નિરપરાધી સારા પ્રાણીઓના દેહને બેડોળ કરનારને જણાવ' એમ કહેલું છે. આને બોધ[1] આપવા સજા કરવાના મત પ્રમાણે પણ ધર્મમાર્ગ પ્રમાણે વર્તનારા નિરપરાધીઓના દેહને બેડોળ કરવાનું યોગ્ય નથી. 'છતાં તેને મારવાનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધમાં 'પાંડવોની કીર્તિને કલંક લગાડનાર' એમ કહેલું છે. પાંડવોનો આ શૂદ્ર જ અધિકારી સર્વને સજા કરે છે એવી લોકમાં અપકીર્તિ કરાવવાથી પહેલાં પ્રાપ્ત કરેલી નિષ્કલંક કીર્તિને કલંક લગાડે છે. તેથી આ જણાવીશ તો તેને પણ કીર્તિનું સ્થાપન કરવારૂપ ધર્મ થશે.૧૩

૧.આવું કાર્ય કરવું ન જોઈએ, એવો બોધ આપવા સજા કરીશ. બોધ થવાથી તને અથવા તારા સમ્બન્ધીઓને પીડા નહીં કરે. એવો ભાવ જણાય છે.

અને મારી પ્રતિજ્ઞા પણ પળાશે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**જનેઽનાગસ્યઘં યુઞ્જન્ સર્વતોઽસ્ય ચ મદ્ભયમ્ ।**
**અનાગસ્સ્વિહ ભૂતેષુ ય આગસ્કૃન્નિરંકુશઃ ।**

**આહર્તાઽસ્મિ ભુજં સાક્ષાદ્ અમર્ત્યસ્યાપિ સાંગદમ્ ।।૧૪।।**

અને નિરપરાધી પુરુષનો અપરાધ કરનાર આને સર્વ તરફથી મારાથી ભય છે. જે અંકુશ વિનાનો રહી નિરપરાધી પ્રાણીઓનો અહીં અપરાધ કરે છે તે દેવ હોવા છતાં પણ તેના બાજુબંધ સાથેનો હાથ હું સાક્ષાત્ કાપી નાખીશ.૧૪

નિરપરાધી પુરુષનો અપરાધ કરનાર સર્વ તરફથી મારાથી ભય પ્રાપ્ત કરે છે. દેહ, ધન આલોક અને પરલોક ના પ્રકારથી ભય પ્રાપ્ત કરે છે. 'પ્રાપ્ત કરે છે' શબ્દ અધ્યાહાર ન લઈએ, તો 'જે નિરપરાધી પુરુષનો અપરાધ કરનાર થાય છે, તેને સર્વ તરફથી મારાથી ભય થાય છે' એમ 'ભવતિ' 'થાય છે' બે વાર અધ્યાહાર લેવું પડે છે. વાસ્તવિક રીતે તો આ માત્ર અર્ધ શ્લોક પહેલાંના જેવો ક્ષેપક છે, કારણકે તેનો અર્થ પછીના શ્લોકમાં કહેલો છે.

હું જણાવીશ ત્યારે તમે શું કરશો? એવો પ્રશ્ન થાય, તેથી બાકીનો શ્લોક કહેલો છે. તે પણ અધિકારી છે, તેને તમો કેમ મારશો? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધમાં 'અંકુશ વિનાનો' એમ કહેલું છે. વશ રાખનાર વિનાનો છે. તેથી જ ઉંધા માર્ગે જનારો છે. કેમ મારી શકાશે? એવો પ્રશ્ન થાય તેથી 'હાથ કાપી નાખીશ' એમ કહેલું છે. દેવના ઈંદ્રનો પણ હાથ કાપી નાખીશ એવો અર્થ છે. 'સાક્ષાત્' શબ્દથી એમ કહેલ છે કે હું જાતે જઈને કાપી નાખીશ, પરન્તુ હિંસા કરવાના મન્ત્રના પ્રયોગથી નહીં કાપું. 'બાજુબંધ સાથેનો' શબ્દથી એમ કહેલ છે કે બાજુબંધ વિગેરે આભરણો સાથેનો, સર્વે પૂજેલો હોવા છતાં કાપીશ. ૧૪.

આ કામ તમને સોંપેલું નથી. તેથી સોંપેલ કામને અનુસરીને રક્ષણ કરવું જોઈએ. અમે તો જ્યાં-ત્યાંથી તમારા રાજ્યમાં આવેલા છીએ, તમારી રૈયત નથી દ્ગ એમ કહેવામાં આવે તેથી નીચેનો શ્લોક કહે છે :

**રાજ્ઞો હિ પરમો ધર્મઃ સ્વધર્મસ્યાનુપાલનમ્ ।**
**શાસતોઽન્યાન્ યથાશાસ્ત્રમ્ અનાપદ્યુત્પથાનિહ ।।૧૫।।**

આપત્તિ ન હોય ત્યારે આ લોકમાં ઉંધે રસ્તે જનારા બીજાઓને શાસ્ત્ર પ્રમાણે સજા કરનાર રાજાનો ઉત્તમ ધર્મ પોતાના ધર્મનું પાલન કરવાનો છે.૧૫

રાજાના બે ધર્મ છે. ૧.કુદરતી ધર્મ અને ૨.અધિકારથી પ્રાપ્ત થએલ ધર્મ. કુદરતી ધર્મ તો દુઃખીઓનાં દુઃખનું નાશ કરવાનો છે. તે મુખ્ય ધર્મ છે. બીજો તો તેથી હલકો છે. તેમાં પોતાનાં રાજ્યમાં રહેનાર હોવાનો વિગેરે નિયમ નથી. પત્નીને મારનારને પણ અટકાવવો જોઈએ, પરન્તુ શક્તિ ન હોવાથી લોક શાંત રહે. રાજાને તો શક્તિ ન હોવાનું ન હોવાથી તે મુખ્ય ધર્મ પોતાના ધર્મનું પાલન જ છે. 'બીજાઓને' એટલે પોતાના ધર્મથી રહિત, આપત્તિ ન હોય ત્યારે ઉંધા માર્ગે જનારાને સજા કરનાર રાજાનો તે ધર્મ છે, પરન્તુ વિરક્ત(ધર્મ), રાજ્ય કરવાનું તજી[1] દીધેલ હોય તેનો તે ધર્મ નથી. તેથી દુઃખનો નાશ કરવો તે મારો સ્વધર્મ છે. તેથી તારા પગ કાપનારને તારે જણાવવો જોઈએ.૧૫.

૧.'ત્યક્તશાસનસ્ય' એટલે પ્રાણીઓને અભય આપેલ હોય તેનો 'શાસન' નો અર્થ રાજ્ય કરવું થતો હોવાથી 'રાજ્ય કરવાનું તજી દીધેલ હોય તેનો' એવો અર્થ કરેલ છે. વૈરાગ્ય થતાં રાજાઓ રાજ્યનો ત્યાગ કરે છે.

કલિને સજા કરવાનું બહિર્મુખથી અને ભગવદીય ન હોય તેનાથી થઈ શકે તેવું નથી. જો કે આ તે બેમાંથી એકે પ્રકારનો નથી છતાં અભિમાનને લીધે તેવો જણાય છે. તેથી તેને અંતર્મુખ કરવો જોઈએ, એવા અભિપ્રાયથી ઉત્તર કહેવા પ્રથમ તે ભગવદીય છે એમ જાણવા નીચેના શ્લોકથી તેનામાં ઉત્સાહ ઉત્પન્ન કરે છે :

**સૂત કહે છે :**

**એતદ્ વઃ પાણ્ડવેયાનાં યુક્તમ્ આર્ત્તાભયં વચઃ ।**
**યેષાં ગુણગણૈઃ કૃષ્ણો દૌત્યાદૌ ભગવાન્ કૃતઃ ।।૧૬।।**

દુઃખીઓને અભય આપનારું તમો પાંડવોના વંશજોનું આ વચન યોગ્ય છે, જેમના ગુણોને લીધે ભગવાન શ્રીકૃષ્ણે તેમનું દૂતપણું વિગેરે કરેલ.૧૬

બીજાઓનું દુઃખ દૂર કરવાનું કાર્ય તમારા જેવા ઘણા કૃપાલુઓને યોગ્ય જ છે. દુઃખીઓને જેનાથી અભય પ્રાપ્ત થાય તેવું તમારું વચન છે. જો કે આ વચન અભિમાન સૂચવનારું છે, છતાં પણ બીજાનું દુઃખ દૂર કરવા કહેલું છે, પરન્તુ પોતાનું ઉત્તમપણું જણાવવા કહેલું નથી. કલિને મારવાનું કાર્ય તો અયોગ્ય જ છે, એવું તાત્પર્ય છે, કારણ કે બીજાને પીડા કરીને કરેલ પદાર્થ ધર્મ નથી. દુઃખ દૂર કરવારૂપ ભગવાનના ગુણનો આદર કરવાથી ભગવાન વશ થએલા. આવા ગુણો તમારામાં હજારો છે, જેમને લીધે સાક્ષાત્ પુરુષાર્થરૂપ, સર્વ પ્રમાણોના અર્થરૂપ,[૧] પરમાનન્દ તમને વશ થએલા. આ વાક્યથી એવું પણ સૂચવેલું છે કે તમે ભ્રાંત છો. તેથી બહિર્મુખના ધર્મમાં ઘણી શ્રદ્ધા ન રાખવી એવો ભાવાર્થ છે.૧૬.

૧.આ 'ભગવાન્' શબ્દનું વ્યાખ્યાન છે.

એવી રીતે ભગવાન્‌માં ચિત્ત રાખવાનો ઉપદેશ કરીને, નીચેના શ્લોકથી આરંભી ધર્મના સૂક્ષ્મપણાનો ઉપદેશ[૧] કરે છે :

**ન વયં ક્લેશબીજાનિ યતઃ સ્યુઃ પુરુષર્ષભ! ।**
**પુરુષં તં વિજાનીમો વાક્યભેદવિમોહિતાઃ ।।૧૭।।**

હે ઉત્તમ પુરુષ! જુદાં-જુદાં વાક્યોથી મોહ પામેલા અમે, દુઃખનાં કારણો જેનાથી થાય છે તે પુરુષને જાણતા નથી.૧૭

અર્થ-આમ છે : [૨]* આ ત્રણે પગો એક સાથે એકે જ નાશ કરેલા નથી, પરન્તુ સત્ય વિગેરેએ પોતે-પોતે નીકળી જઈને જ નાશ કરેલા છે, કારણકે તેઓ ધર્મના પગ ઉપર નભનારા હોઈ, પોતે નીકળી જતાં ધર્મનો એક-એક પગ લઈ નીકળી જાય છે. દ્વાપરમાં ધર્મ બે

પગવાળો થયો, કારણ કે પ્રમાણો બે પ્રકારનાં[3] હતાં. તેથી નિર્ણય કરાવનારું પ્રમાણ ન હોવાથી, વાસ્તવિક રીતે કોઈએ પણ પગ કાપવાનું કરેલ ન હોવાથી અથવા કાલે કે ભગવાને કરેલ હોવાથી, તેવા સ્વભાવવાળો[4] ધર્મ તેમણે કરેલ હોવાથી, ઉત્તર આપવો યોગ્ય નથી, કારણકે આ રાજા કાલ અથવા ભગવાનને કાંઈ પણ કરી શકવાનો નથી. તેથી પ્રમાણ જણાવવામાં આવતાં, તેના પોતાના અધિકાર પ્રમાણે પદાર્થોને જાણીને તે પ્રમાણ કરશે, પરન્તુ ઉત્તર ન દેવો અથવા સ્પષ્ટ કહેવું યોગ્ય નથી.*

હે ઉત્તમ પુરુષ! ''ધીર પુરુષો મને પુરુષપણામાં....'' (૧૧-૭-૨૧) એ ન્યાયે બધે પુરુષો માટે ભગવાન્‌માં દૃષ્ટિ રાખવી યોગ્ય છે. તમે તો ઉત્તમ પુરુષ છો. વળી દુઃખનાં કારણો પાપો અથવા ભગવાનના અપરાધો છે. તે ક્યાંથી ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરવો જોઈએ. તેનું સમવાયિકારણ પુરુષ જ[5] અથવા અન્તઃકરણ[5] અથવા મહાભૂતોનો સંસ્કાર કરવાના મત પ્રમાણે શરીર,[5] અથવા બીજાં કારણો[6] છે. તેમનું નિયમન કરનારનો વિચાર કરવો જોઈએ. કોણે નિયમન કરેલી સામગ્રી દુઃખનાં કારણને ઉત્પન્ન કરે છે તેનો નિશ્ચય ન થવાનું કારણ છે. કારણકે તે નિયમન કરનાર પુરુષ હોય, કેમકે બીજું કાંઈ નિયમન કરનાર ન હોઈ શકે, અને **વ્યષ્ટિ, સમષ્ટિ, પુરુષ, કાલ** અને **પુરુષોત્તમ** એવા તે પાંચ પુરુષો છે. તેઓમાંનો કોણ નિયમન કરનાર છે તેનો નિશ્ચય થતો નથી, કારણકે વિચાર કરનારનું અન્તઃકરણ જુદાં-જુદાં વાક્યોથી મોહ પામેલ હોય છે. 'અમે' શબ્દથી એમ જણાવેલું છે કે બધાએ આ વિષયમાં વિચાર કરી શકતા નથી. એકજ વાક્યનો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે અનેક પ્રકારે અર્થ કરે છે. તેવાં વાક્યો જુદાં-જુદાં છે; અને સર્વમાં તર્ક સાહાય્ય કરનાર હોય છે.૧૭

૧.પરોક્ષ તરીકે ઉપદેશ કરે છે.

૨.ઉપદેશ કરવા માટે ધર્મે પોતાના મનમાં વિચાર કર્યા તે આ ભાગથી જણાવેલ જણાય છે.

૩.શ્રુતિ અને સ્મૃતિના ભેદથી બે પ્રકારના. ૪.'તેવા સ્વભાવવાળો' એટલે ઘટતા જવાના સ્વભાવવાળો.

૫.ન્યાય-વૈશેષિકના મત પ્રમાણે પુરુષ, સાંખ્ય અને પતંજલિના મત પ્રમાણે અન્તઃકરણ, ધર્મશાસ્ત્ર પ્રમાણે શરીર દુઃખનું સમવાયિ કારણ છે.

૬.દેશ, કાલ, દ્રવ્ય, મન્ત્ર અને કર્મ બીજાં કારણ છે.

નીચેના શ્લોકમાં જુદાં-જુદાં વાક્યોથી નિર્ણય કરેલા પદાર્થો કહે છે :

**કેચિદ્ વિકલ્પવસના આહુરાત્માનમ્ આત્મના ।**
**દૈવમ્ અન્યે પરે કર્મ સ્વભાવમ્ અપરે પ્રભુમ્ ।।૧૮।।**

કેટલાક અજ્ઞાનરૂપ વસ્ત્રવાળા આત્માથી આત્માને, બીજાઓ દૈવને, બીજા કર્મને, બીજા સ્વભાવને તો કોઈક પ્રભુને દુઃખનું કારણ કહે છે.૧૮

તે સમ્બન્ધમાં કેટલાક માયાવાદી વિગેરે વ્યક્તિને જ[1] દુઃખનું કારણ માને છે. તે માટેની સર્વે કલ્પનાઓ 'માયા' કહી ઢાંકે છે. તેઓ વિકલ્પરૂપ વસ્ત્રવાળા છે. વિકલ્પમાં છે વસ્ત્ર જેમનું તેવા છે. અથવા જુદી-જુદી જાતની કલ્પનારૂપ અજ્ઞાન છે વસ્ત્ર જેમનું તેવા છે.

તેઓ ''આત્મા જ આત્માનો બંધુ છે'' (ભગ.ગીતા ૬।૫) એ વાક્ય પ્રમાણે આત્મા જ નિયમન કરનાર હોવાનું માને છે. આત્મા કારણ થાય તેમાં[2] પણ આત્મા સિવાય બીજું કારણ હોવાનું માનતા નથી, પરન્તુ આત્માથી જ[3] કારણ થવાનું માને છે.

વળી બીજા સમષ્ટિને[4] કારણ હોવાનું કહેનારા જ્યોતિઃશાસ્ત્રની સાહાય્યવાળા પૌરાણિકો પુરુષના શરીર બ્રહ્માંડને કારણ માની, તેમાં ગતિ કરનાર, કાલચક્રનો સ્વીકાર કરી, તેના બુધ વિગેરે અવયવોથી તેની અંદર રહેલ સર્વનું જ્ઞાન થતું હોવાથી, ગ્રહો સાથેના સમષ્ટિને જ કારણ માને છે.

તેથી પણ જુદા પુરુષને કારણ કહેનારા[5] પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષને[6] કારણ માને છે, અને તેને સાહાય્ય કરનાર કર્મ નિયમન કરનાર હોવાનું સ્વીકારે છે. તેમ ન સ્વીકારે તો પ્રકૃતિ અને પુરુષ નિત્ય હોવાથી અને કાલ નિત્ય હોવાથી, બીજા કોઈની સૃષ્ટિ કરવામાં જરૂર ન હોવાથી સૃષ્ટિ થયા જ કરે અથવા ન જ થાય. તેથી અને ''દૈવે જેનાં કર્મને જાગ્રત કરેલું છે'' એ વાક્ય પ્રમાણે નિયમન કરનાર કર્મની જરૂર રહે છે. જો કે કાલ અને સ્વભાવ હોય છે, છતાં પણ તેઓ નિયમન કરનાર હોવાનું સંભવતું નથી, કારણકે તે જુદા છે અને સર્વને સાધારણ છે. તેથી કર્મ સાથેનો પુરુષ દુઃખ ઉત્પન્ન કરનાર કારણ છે.

બીજાઓ વળી[7] કાલને જ કારણ અને સાધન તરીકે સ્વભાવને માને છે. કારણકે કાલ પ્રકૃતિ વિગેરેને પ્રેરણા કરે છે. તેઓમાં સ્વભાવને લીધે ફેરફાર થાય છે. સ્વભાવથી જ અને કાલરૂપ ભગવાનનાં 'સુખ અને દુઃખ' એ કાલરૂપ ભગવાનના વાક્ય પ્રમાણે કાલ પ્રેરણા કરે છે. જો કે તે વાક્ય કહેનાર પુરુષોત્તમજ છે, છતાં પણ પુરુષોત્તમ સર્વરૂપ હોવાથી તે પ્રકરણમાં કાલરૂપ જણાવ્યું તેથી અને ''જેમ વાદળાંઓની હાર વાયુને વશ છે તેમ જેને વશ લોક છે તે કાલ'' (૧।૯।૧૪) એ વાક્ય પ્રમાણે તેમનાં વાક્યો કાલના અંગના છે.

બીજાઓ તો પુરુષોત્તમને દુઃખનું કારણ માને છે, કારણકે તે સર્વમાં પ્રવેશ કરી સર્વ કરે છે. કાલ વિગેરેમાં પણ તેમણે જ પ્રવેશ કરેલો છે. જો કે કાલની સર્વ ઉપર સત્તા ચાલે છે છતાં પણ તે તેનું કાર્ય પોતાથી થતું નથી, પરન્તુ ભગવાનની પ્રેરણાથી થાય છે. તેમ ન હોય તો કાલ સર્વનો આત્મા ન હોવાથી, તેનામાં પક્ષપાત અને ઘાતકીપણાંના દોષ થાય. કાલ અને આત્માનું વિવેચન, અને તે કાલ નિયમન કરનાર જ છે, સર્વરૂપ નથી તે આગળ કહેશું.૧૮

૧.'વ્યક્તિને' એટલે આપણ વિગેરેના શરીરમાં રહેલ જીવ ને જ પોતાનાં દુઃખનું કારણ માને છે એવો અર્થ છે.

૨.વૃંદાવન પ્રેસવાળીપ્રતનો પાઠ લીધો છે. મુંબઈવાળી પ્રતમાં 'ન' અધિક છે.

૩.અહીં સાધનના અર્થમાં ત્રીજી વિભક્તિ છે. પાછળના બીજા મતોમાં 'સાથે'ના અર્થમાં છે. તેથી દૈવ કર્મ સ્વભાવ બધામાં 'આત્મા' શબ્દ લેવાનો છે.

૪.'સમષ્ટિ' એટલે બ્રહ્માંડરૂપ દેહના અભિમાનવાળાને 'કારણ' એટલે વ્યક્તિના દુઃખનું કારણ માને છે.

૫.પતંજલિના અનુયાયીઓ અને કેટલાક પૌરણિકો. ૬.તત્ત્વરૂપ પુરુષને. ૭.અમુક પૌરાણિકો.

ત્યારે સર્વમાં પ્રવેશ કરેલા ભગવાન સર્વ કાર્ય કરતાં કેમ જણાતા નથી? એવી શંકા

થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અપ્રતર્ક્યાદ્ અનિર્વાચ્યાદ્ ઇતિ કેષ્વપિ નિશ્ચયઃ ।**
**અત્રાઽનુરૂપં રાજર્ષે વિમૃશ સ્વમનીષયા ।।૧૯।।**

તર્ક કરી શકાય તેવું ન હોવાથી અને કહી શકાય તેવું ન હોવાથી ઉપર જણાવેલ મતભેદો છે. કોઈકે નિશ્ચય કરેલો છે. હે રાજર્ષિ! આમાં જે યોગ્ય હોય તે પોતાની બુદ્ધિથી વિચારો.૧૯

જો કે શાસ્ત્ર પ્રમાણ હોવાને લીધે, સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ ભગવાન છે એવો ઉપર–ઉપરથી તર્ક કરાય છે. તત્ત્વ જાણનારાઓ તો જાણે છે, છતાં પણ ખરેખરો સ્પષ્ટ રીતે તર્ક થઈ શકતો નથી. ત્યારે જાણનાર એમ કેમ નથી કહેતો કે આ આવું છે? એવો પ્રશ્ન થાય, તેથી 'કહી શકાય તેવું ન હોવાથી' એમ કહેલું છે. સાકર વિગેરેની મીઠાશ પ્રમાણે માત્ર અનુભવથી જ જણાય તેવું, સ્પષ્ટ રીતે કહી ન શકાય તેવું છે. કારણકે ખાસ શબ્દ ન હોવાથી અને તે સમ્બન્ધી સંકેત ન હોવાથી વ્યવહાર કરી શકાય તેવું નથી. તેથી જો કે સારી રીતે કહી શકાય તેવું અને અનુમાન કરી શકાય તેવું નથી, છતાં પણ શાસ્ત્ર અને અનુભવથી, તેનો નિશ્ચય થાય છે. તેવા નિર્ણય કરનારા થોડા જ હોય છે, એમ 'કોઈકોએ' શબ્દથી કહેલ છે. આ પાંચ વિકલ્પોમાં અધિકાર પ્રમાણે ગોઠવણ[1] કરવાની હોવાથી તમારો પણ જેવો અધિકાર હોય તે પ્રમાણે ગોઠવણ કરો એમ ઉત્તરાર્ધથી કહે છે. 'હે રાજર્ષિ!' એ સંબોધનથી રાજા હોવાથી વિચાર કરનાર હોવાપણું અને ઋષિ હોવાથી મન્ત્ર જાણનાર હોવાનું જણાવેલ છે. તેથી એમ જણાવેલું છે કે વેદ અને હૃદય થી વિચાર કરી નિર્ણય કરો. આ વિષયમાં મારી સંમતિ હોવાનું પૂછ્યું નહીં, કારણકે દુઃખનું કારણ એક પ્રકારનું ન હોવાથી પોતાના અધિકાર પ્રમાણે કહેવાનો પ્રસંગ છે. તેથી તમારી પોતાની બુદ્ધિથી જ વિચારો.૧૯.

૧.'વ્યવસ્થાત્વાત્' ને બદલે 'વ્યવસ્થાપ્યત્વાત્' પાઠ હોવો જોઈએ એમ જણાય છે.

એવા પ્રકારનું ધર્મનું વાક્ય સાંભળીને, જે કહેવાનું છે દુઃખનું કારણ, વૃષનાં વચન અને વક્તા વૃષ સમ્બન્ધી તેણે નિર્ણય કર્યો એમ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**એવં ધર્મે પ્રવદતિ સ સમ્રાડ્ દ્વિજસત્તમ ।**
**સમાહિતેન મનસા વિખેદઃ પર્યચષ્ટ તમ્ ।।૨૦।।**

હે ઉત્તમ દ્વિજ! ધર્મે એ પ્રમાણે કહ્યું ત્યારે તે ચક્રવર્તીએ ખેદ તજી સાવધાન મનથી તેને નીચે પ્રમાણે કહ્યું.૨૦

ધર્મ વિના બીજો કોઈ આમ કહી શકે નહીં, અને તે ચક્રવર્તી હોઈ વિચાર કરનારો હતો. 'હે ઉત્તમ દ્વિજ!' એ સંબોધન સૂક્ષ્મ દષ્ટિમાં સંમતિ લેવા કરેલું છે, તેને એવો નીચે પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો. વ્યવહારને અનુસરી મેં પ્રશ્ન કર્યો ત્યારે આણે જે બીજા પ્રકારે ઉત્તર આપ્યો તેનું પ્રયોજન શું? ૧.મારી પરીક્ષા લેવા પરોક્ષ ન સમજાય તેવી રીતે કહ્યું?

અથવા ૨.તે પોતે વ્યવહાર કરી ન શકાય તેવો છે? કે ૩.ઠગ છે? કે ૪.અજ્ઞાની છે? એ પ્રમાણે ચાર વિકલ્પોનો વિચાર કરવાનો ચિત્તે આરંભ કર્યો. તે પૈકી જે કહેવાનું હતું અને તેનાં વચનનું જ્ઞાન ન હોવા છતાં પણ, કહેનારનો અને તેના અભિપ્રાયનો નિર્ણય તીક્ષ્ણ બુદ્ધિવાળો હોવાથી તેણે તરત જ કર્યો; અને બુદ્ધિ મંદ ન હતી. પાંચ વિકલ્પો ગમે તેવો હો અને તેમનો નિર્ણય ગમે તે હો, છતાં પણ મારનાર આ શૂદ્ર છે. આણે જ આને મારેલો છે. છતાં પણ આ જે કહેતો નથી, અને કલ્પના કરીને બીજું કહે છે, તેથી આ ધર્મ જ છે, કારણકે યુગના નિરૂપણના આરંભમાં મેં પહેલાંની યુગોની વ્યવસ્થાનું શ્રવણ કરેલું છે. તેથી પોતાનાં પ્રયોજન અને અવસરનો વિચાર કરીને, જેનો નિર્ણય કરેલો તે વિષય કહે છે, એવો અર્થ છે.૨૦

તે વૃષનું સ્વરૂપ જ નીચેના શ્લોકથી કહે છે :

**રાજા કહે છે :**

**ધર્મં બ્રવીષિ ધર્મજ્ઞ ધર્મોઽસિ વૃષરૂપધૃક્ ।**
**યદ્ અધર્મકૃતઃ સ્થાનં સૂચકસ્યાપિ તદ્ ભવેત્ ।।૨૧।।**

હે ધર્મ જાણનાર! તું ધર્મ કહે છે. બળદનું રૂપ ધારણ કરનાર તું ધર્મ છે. જે અધર્મ કરનારનું સ્થાન છે તે તેને દેખાડનારનું પણ થાય.૨૧

તું તો ધર્મ છે, કારણકે ધર્મ જાણનારો છે, કેમકે એક બીજાનું સ્વરૂપ જાણતો નથી. હેતુ સ્વરૂપાસિદ્ધ[1] હોવાની શંકા થાય, તેથી 'આ ધર્મ છે, કારણકે ધર્મ કહે છે' એમ કહે છે. વળી 'બળદનું રૂપ ધારણ કરનાર' છે. અલૌકિક પદાર્થોમાં ધર્મ જ બળદનું રૂપ ધારણ કરનારો છે.[2] ઉત્તરાર્ધથી તે ધર્મ કહેનાર હોવાનું દૃઢ કરે છે. જે અધર્મ કરનાર છે તેનું તો જે નરક વિગેરે સ્થાન છે તે તેને દેખાડનારનું[3] પણ થાય છે. એટલે અધર્મનું સ્થાન તેને પણ પ્રાપ્ત થાય છે. તેથી ધર્મનું સૂક્ષ્મ જ્ઞાન હોવાને લીધે નરકમાં પડવાના ભયથી ધર્મ કહે છે તેથી તે ધર્મ છે.૨૧.

૧.હેતુ પક્ષમાં ન હોય તે સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે. 'પર્વતમાં અગ્નિ છે' વાક્યમાં 'પર્વત' પક્ષ છે. 'ધૂમવત્ત્વાત્' ધૂમાડાવાળો હોવાથી, આ હેતુ છે. 'સરોવરમાં અગ્નિ છે' માં સરોવર પક્ષ છે, 'ધૂમાડાવાળું હોવાથી' આ ધૂમાડો હોવો તે હેતુ છે તે સરોવરમાં ન હોય. તેથી હેતુ સ્વરૂપાસિદ્ધ થયો. તેવી રીતે બળદ ધર્મ જાણનાર ન હોય તો હેતુ સ્વરૂપાસિદ્ધ થાય.

૨.બળદ હોવા છતાં, બીજું કાંઈ મનુષ્યની વાણી બોલાવનાર ન હોવા છતાં મનુષ્યની વાણી બોલે છે, તેથી અલૌકિક છે અને અલૌકિક પદાર્થોમાં ધર્મ જ બળદનું રૂપ લે છે, તેથી પણ તું ધર્મ જ છે.

૩.અધર્મ કરનાર ને દેખાડનારનું પણ તે સ્થાન થાય છે. 'આણે અધર્મ કરેલ છે' એમ સ્પષ્ટ રીતે કહેનારનું પણ તે સ્થાન પ્રાપ્ત થાય છે એવો અર્થ છે.

આ વિચાર બરાબર નથી, કારણકે હાલના મીમાંસકોની પેઠે વાક્યોનો પોતાનો અર્થ તેમાં મૂકી દીધેલો છે તેથી વાક્યોનો અર્થ ધ્યાનમાં લઈ વિચાર કરવો જોઈએ દ્ર એવી જરૂર જણાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અથવા દેવમાયાયા નૂનં ગતિરગોચરા ।**
**ચેતસો વચસશ્ચાપિ ભૂતાનામ્ ઈતિ નિશ્ચયઃ ।।૨૨।।**

અથવા દેવની માયાની ગતિ ખરેખર પ્રાણીઓના ચિત્ત અને વાણી થી પણ જણાય તેવી નથી એવો નિશ્ચય છે.૨૨

આ બળદે જે કહ્યું કે 'અમે જાણતા નથી' તે ખરું જ છે કારણકે ''મારી માયાને ગ્રહણ કરીને બોલનારોઓને શું અશક્ય છે?'' (૧૧।૧૨।૪) એ વાક્ય પ્રમાણે તર્કો નિર્ણય કરી ન શકે તેવા હોવાથી, નિર્ણય થવાનું અશક્ય છે. 'માયા અથવા તેની પ્રવૃત્તિનો પ્રથમ વિચાર કરે, પછી બીજું જણાશે' એવી શંકા થાય તેથી કહે છે કે દેવની માયાની એટલે ભગવાન સાથેની, ભગવાને પ્રેરેલી અથવા ભગવાનની શક્તિ હોવાથી ભગવાનની સમાન માયાની 'ગતિઃ'=પ્રવૃત્તિ સાધારણ પુરુષોથી પોતાના અનુભવથી જણાય તેવી નથી અને વેદનાં વાક્યોથી જણાય તેવી નથી. તે 'પ્રાણીઓનાં ચિત્ત અને વાણીથી પણ જણાય તેવી નથી' શબ્દથી કહેલ છે.૨૨

એ પ્રમાણે આ ધર્મ છે, આ ગાય પૃથ્વી છે, આ શૂદ્ર કલિ છે એવો ત્રણેનો નિશ્ચય કરીને તેઓને યોગ્ય કાર્ય કરવાના વિચારથી ધર્મની નજીક નીચે પ્રમાણે કહે છે :

**તપઃ શૌચં દયા સત્યમ્ ઈતિ પાદાઃ કૃતે કૃતાઃ ।**
**અધર્માંશૈસ્ત્રયો ભગ્નાઃ સ્મય-સંગ-મદૈસ્તવ ।।૨૩।।**

તપ શૌચ દયા અને સત્ય એવા તારા પગો કૃતયુગમાં કરેલાં. અધર્મના અંશો ગર્વ દુઃસંગ અને મદે ત્રણ ભાંગી નાખેલા છે.૨૩

જુદા-જુદા યુગને અનુસરી ધર્મ જુદા-જુદા પ્રકારનો હોવાથી, તે સમયના પગો ગણાવે છે. બારમા સ્કન્ધમાં પગોનું જુદા પ્રકારે[1] નિરૂપણ કરેલું છે, તેનું પ્રયોજન ત્યાંજ કહેવામાં આવશે. ૧.શરીરની પીડા વિગેરે **તપ** છે. ૨.**શૌચ** એટલે સંપૂર્ણ શુદ્ધપણું, તે કરાવનાર આચાર છે. ૩.બીજાનાં દુઃખનો નાશ કરવાની ઈચ્છા[2] **દયા** છે અને ૪ **સત્ય** બોલવું તે. આ ચાર ગુણોથી ધર્મ જણાય છે. દરેક ગુણ કૃત વિગેરે યુગમાં મુખ્ય હોય છે. તે ધર્મનો વિરોધી અધર્મ છે. તેના પણ ચાર પગો છે, અને તે ગધેડાના આકારવાળો છે. વળી તે એક ખરીવાળો છે. ધર્મ બે ખરીવાળો છે. ધર્મમાં પ્રમાણ અને પ્રવૃત્તિ હોય છે, પરન્તુ અધર્મમાં પ્રમાણ નથી; છતાં તેનાથી દૂર રહેવા માટે[3] તેની નિન્દા કરવા જણાવેલ છે. તેમ ન કરે તો વાક્યનો ભંગ[4] થાય. બધી ભૂમિ[5] બેમાંથી એકને રહેવા યોગ્ય છે, કારણકે બંને ભૂમિના જેટલા વિસ્તારવાળા છે. કાલ તો બંનેને સમાન છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિના પ્રકારથી બંનેનું સ્થાપન કરનારો છે. કારણકે યુગના આરંભમાં ધર્મ અને પૂરો થતાં અધર્મનું સ્થાપન કરે છે. તેથી કાલને લીધે ધર્મના ત્રણ પગોને કાઢી નાખી, અધર્મે પોતાના ત્રણ પગોનું સ્થાપન કર્યું એમ ઉત્તરાર્ધથી કહે છે. **ગર્વ, દુઃસંગ, મદ** અને **અસત્ય** રૂપ ચાર અધર્મના પગો છે. આ અમુક સ્થિતિમાં

ધર્મમાં[6] પ્રવેશ કરતા હોવાથી 'અંશો' શબ્દ યોજેલો છે.૨૩

૧.'સત્ય દયા તપ અને દાન' એમ બારમા સ્કન્ધમાં કહેલા છે.

૨.આ દયાનું રક્ષણ નથી, કારણકે 'બીજાનું દુઃખ સહન ન કરવું તે દયા' એવું રક્ષણ પાછળ અ.૧૨-૨૬ સૂ.માં કહેલું છે, અને અગીઆરમા સ્કન્ધની સુબોધિનીમાં પણ તેમ કહેલ છે.

૩.'હિંસા ન કરવી' વિગેરે શ્રુતિઓ અધર્મ પણ જણાવે છે, તેથી તેનું પ્રમાણ કેમ નથી?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે.

૪.અધર્મ પણ પ્રમાણના વાક્યોનો અર્થ છે એમ માનવાથી, એક અર્થ થતો ન હોવાથી વાક્યનો ભંગ થાય, તેથી ન કરવા માટે જ અધર્મની નિન્દા કરેલી છે એમ જ સ્વીકારવું જોઈએ.

૫.'ભૂમિ' એટલે કર્મ કરવાની ભૂમિ.

૬.ભગવાનના દાસ હોવાનું અભિમાન ગર્વ, સત્સંગ, ભગવાનના ગુણોના ગાન વિગેરેથી થતો ઘણો હર્ષ, અને ગાય બ્રાહ્મણો માટે બોલવામાં આવતું અસત્ય વચન ગુણરૂપ થાય છે.

કલિનો દોષ કહેવા નીચેનો શ્લોક કહે છે :

**ઈદાનીં ધર્મ પાદસ્તે સત્યં નિર્વર્ત્તયેદ્ યતઃ ।**
**તં જિઘૃક્ષત્યધર્મોઽયમ્ અનૃતેનૈધિત કલિઃ ।।૨૪।।**

હે ધર્મ! હવે તારો પગ સત્ય તારો પ્રચાર કરે તેથી અસત્યે પુષ્ટ કરેલો આ અધર્મરૂપ કલિ તેને ગ્રહણ કરવા ઈચ્છે છે.૨૪

હે ધર્મ! હવે તારો એક પગ સત્ય જ પોતાને 'નિર્વર્ત્તયેત્' સારી રીતે સાચવે, પોતાનો પ્રચાર કરે, અથવા સમ્બન્ધી તરીકે નજીક રહેલ હોવાથી તારો પ્રચાર કરે, તેથી કલિ તેને ગ્રહણ કરવા ઈચ્છે છે. તેને બદલે 'સ્વામ્' કરી વિભક્તિ ફેરવવાથી અધ્યાહાર કરવાનો દોષ રહેતો નથી.[1] તે પગ એટલે સત્યનાં મૂલ અથવા અન્તઃકરણને અધર્મ ગ્રહણ કરવા ઈચ્છે છે. અધર્મ ગ્રહણ કરવા ઈચ્છે છે તેમાં કલિનો શું અપરાધ? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધમાં 'આ કલિ અધર્મરૂપ છે' એમ કહેલ છે.

[2]કાલ હદ વિનાનો છે. કૃત વિગેરે શબ્દોનો પ્રયોગ તેની હદ બાંધનાર તરીકે કહેવો જોઈએ. **માત્ર ધર્મ જ જેની હદ બાંધે છે તે કૃત યુગ. માત્ર અધર્મ જેની હદ બાંધે છે તે કલિ યુગ. ભાગથી બંને જેની હદ બાંધે છે તે ત્રેતા યુગ અને સરખા ભાગે બંને જેની હદ બાંધે તે દ્વાપર યુગ એવા વિભાગ છે.** કાલ બીજી રાશિની[3] હદ બાંધવા આવે ત્યારે ધર્મના અંશનું પણ ઉલ્લંઘન કરીને આવતો હોવાથી, તેમાં અધર્મના અંશનો પ્રવેશ થાય[4] છે. ''જે ચાર સ્તોમ યજ્ઞો છે તે કૃત છે, અને જે પાંચ છે તે કલિ છે''[5] એ શ્રુતિમાં ચાર સ્તોમરૂપ જ્યોતિષ્ટોમ વિગેરેને કૃત કહેલા હોવાથી, કૃત યુગ ધર્મની હદવાળો છે. પછી તે સિવાયનો પાંચરૂપ જે કાલ, આ ચાર ના અભાવરૂપ ચાર અને તેથી જુદો તે કલિ છે. તેથી તેનું પાંચપણાનો પ્રસંગને[6] લીધે ''સમાન દિવસમાં પાંચ પવિત્ર નક્ષત્રો છે'' એ શ્રુતિમાં નિર્ણય[6] કરેલો છે. તેથી જેમ આકાશની હદ બાંધનાર ઘડો વિગેરે છે, તે ઘડામાં રહેલ આકાશ દેખાડતાં વચલા[7] ભાગથી ઘડોજ દેખાડવામાં

આવે છે, તેવો આ કલિ છે, એવો અર્થ છે. પહેલાં[8] કૃતની સાથે સમાનતા અથવા હીનતા હતાં. હવે ત્રણ પગોનો પ્રવેશ થવાથી સરસાઈ છે. તેમાં પણ સારી રીતે અસત્યથી 'એધિતઃ' પુષ્ટ થએલો પોતાના શત્રુ ધર્મનો પગ ગ્રહણ કરવા ઈચ્છે છે, કારણકે શત્રુનું બાકી રહેલ હોય તે રક્ષણ કરવા યોગ્ય નથી, તેથી જ વેદમાં બેનાં[9] જ નામ છે. કૃતના પેટાનો ત્રેતાયુગ છે. દ્વાપરયુગ કલિના પેટાનો છે.૨૪.

૧.વિભક્તિનો ફેર ન કરવામાં આવે, તો 'સ્વાત્માનમ્' શબ્દ અધ્યાહાર લેવો પડે.

૨..... ધર્મ અધર્મનો કાલ સાથે સમ્બન્ધ દેખાડી, કાલના વિભાગ થાય તે આ ભાગથી દર્શાવેલ છે.

૩.'બીજી રાશિ' એટલે અધર્મની રાશિ.

૪.હદ બાંધનાર કાલમાં પ્રવેશ થાય છે. તેથી જેમ વર્ષના સ્વરૂપથી કાલ ફરતાં બધાને પોતાની અંદર રાખે છે તેમ અધર્મના અંશને પણ રાખે છે. તેથી તેવા વિભાગ થાય છે એવો અર્થ છે.

૫.કૃત અને કલિ એવા વિભાગ હોવાનું પ્રમાણ આ શ્રુતિથી કહેલ છે.

૬.'સવિતા દેવનું પ્રાતઃ' એ અનુવાકમાં પ્રાતઃ, સંગવ, મધ્યાહ્ન, અપરાહ્ણ અને સાયમ્ એ પાંચ સમયના અનુક્રમે સવિતા મિત્ર બૃહસ્પતિ ભૃગુ વરુણ દેવતા હોવાથી તે સમયો પવિત્ર હોવાનું કહી, તેમાંના ચારના સમ્બન્ધવાળા અગ્નિષ્ટોમ ઉકથ્ય ષોડશી અને અતિરાત્ર કરીને બલવાન થએલ હોવાનું કહી, ચાર ખરાબ હોવાનું કહેતાં આ ચારના અભાવરૂપ ચાર કાલના અવયવો ખરાબ હોવાનો નિર્ણય કરેલ છે.

૭.ઘડાની અંદર અને બહાર આકાશ હોય છે અને વચ્ચે ઘડો હોય છે તેવી રીતે બંને બાજુ કાલ અને વચ્ચે અધર્મ છે.

૮.'પહેલાં' એટલે ત્રેતા અને દ્વાપરયુગમાં ત્રેતામાં કૃત સાથે સમાનતા અને દ્વાપરમાં હલકાઈ.

૯.કૃત અને કલિનાં બેનાં જ નામ છે.

એવી રીતે ધર્મનું સ્વરૂપ કહીને, નીચેના શ્લોકથી ભૂમિના સ્વરૂપનું જ્ઞાન પ્રકટ કરે છે :

**ઈયં ચ ભૂર્ભગવતા ન્યાસિતોરુભરા સતી ।**
**શ્રમદ્‌ભિસ્તત્પદન્યાસૈઃ સર્વતઃ કૃતકૌતુકા ।।૨૫।।**

અને ભગવાને જેનો ઘણો ભાર ઉતારેલો તેવી આ સતી પૃથ્વી તેમનાં લક્ષ્મીવાળાં પગલાંનાં સ્થાપનથી સર્વ તરફથી આનન્દવાળી હતી.૨૫

'ચ' 'અને' શબ્દથી કલિ જુદો હોવાનું, અને તે ખાસ આમાં ન હોવાનું જણાવેલ છે. આના ત્રણ ગુણો છે અને ત્રણ દોષો છે, કારણકે આ છ ભાગવાળી છે. ૧.પહેલાં ભગવાને 'ન્યાસિતઃ' ઉતારેલો હતો 'ઉરુઃ' ઘણો 'ભારઃ' ભાર જેનો, એ ભગવાને કરેલ ઉપકારરૂપ ગુણ છે. ૨.તે સતી હોઈ માત્ર ભગવાનમાં જ શ્રદ્ધાવાળી છે અને ૩.ભગવાને જ પોતાના અંશોથી શોભાવેલી છે, તે ઉત્તરાર્ધથી કહેલ છે. 'ન્યાસઃ' એટલે સ્થાપન. સર્વ તરફથી થએલો છે આનન્દ જેને તેવી હતી. આથી શૃંગારરસવાળી હોવાનું સૂચવેલું છે.૨૫.

નીચેના શ્લોકમાં તેના દોષો કહે છે :

**શોચત્યશ્રુકલા સાધ્વી દુર્ભગેવોજ્ઝિતાઽધુના ।**

**અબ્રહ્મણ્યા નૃપવ્યાજાઃ શૂદ્રા ભોક્ષ્યન્તિ મામ્ ઈતિ ।।૨૬।।**

હાલ તજાએલી ભલી આંસુવાળી તે દુર્ભાગ્યવાળીની પેઠે શોક કરે છે કે અબ્રહ્મણ્ય, રાજાનું ખોટું નામ રાખનારા, શૂદ્રો મારો ભોગ કરશે.૨૬

૧.ભગવાને ત્યાગ કરવાથી થએલ શોક ૨.દુર્ભાગ્યવાળી હોવું અને ૩.અબ્રહ્મણ્યોના ભોગને લીધે પહેલાંની સ્થિતિનો ત્યાગ દ્ગએ ત્રણ દોષ છે. 'અશ્રૂણિ' આંસુઓ 'કલયતિ' ધારણ કરે છે તે 'અશ્રુકલા' આંસુવાળી. તેણે પોતે દોષ કરેલ નથી એમ 'સાધ્વી' 'ભલી' શબ્દથી કહેલું છે. ભાગ્ય ન હોવું એજ ભગવાને કરેલ ત્યાગનું કારણ છે, તે 'દુર્ભાગ્યવાળી' વિશેષણથી કહેલ છે. 'હાલ' શબ્દથી ત્યાગ સમીપમાં થોડા સમય પહેલાં થએલ હોવાનું સૂચવેલું છે. રાજાઓ ભગવદ્રૂપ હોવાથી તેઓ ભોગ કરે તેમાં શું દોષ? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધ માં 'અબ્રહ્મણ્ય' વિશેષણ કહેલું છે. 'અબ્રહ્મણ્ય' શબ્દથી ભગવાનના ગુણથી ઉલટાપણું સૂચવેલું છે. નૃપપણું ગૌણ કહેવાનું જ છે, કારણકે તેનો યોગ[1] નથી. 'શૂદ્રો' શબ્દથી ''શૂદ્ર આસુરી છે'' એ શ્રુતિથી ભગવાનના વિરોધી હોવાનું જણાવેલ છે. તેઓ ભોગ કરશે એવા વિચારથી શોક થાય છે અને રડે છે. આથી એવો ભાવ સૂચવેલ છે કે ભૂમિ પોતાનો રસ પ્રકટ કરશે નહીં, તેથી તેઓને ભોગ પ્રાપ્ત થશે નહીં.૨૬

૧.'યોગ' એટલે વ્યુત્પત્તિથી થતો અર્થ. 'નૃપ' શબ્દનો વ્યુત્પત્તિથી 'મનુષ્યોનું રક્ષણ કરનાર' એવો અર્થ થાય છે. તે ગુણ આ રાજાઓમાં ન હોવાથી તેઓ નામના રાજાઓ છે.

નીચેના શ્લેકથી ઉપસંહાર કરે છે :

**ઈતિ ધર્મં મહીશ્ચૈવ સાન્ત્વયિત્વા મહારથઃ ।**
**નિશાતમ્ આદદે ખંગં કલયે-ऽધર્મહેતવે ।।૨૭।।**

એવી રીતે ધર્મ અને પૃથ્વી નું સાન્ત્વન કરીને મહારથીએ અધર્મના કારણરૂપ કલિનો નાશ કરવા તીક્ષ્ણ તલવાર લીધી.૨૭

'ચ' 'અને' શબ્દ ઉપર કહેલાંના[1] સરવાળાના અર્થવાળો છે. 'એવ' 'જ' શબ્દ કલિને સાન્ત્વનમાંથી બાતલ કરવાના અર્થવાળો છે. 'મહારથી' શબ્દ નાશ કરવાની શક્તિ સૂચવે છે. કલિ દેવતા હોવાથી તીક્ષ્ણ તલવારથી તેનું માથું કાપવું યોગ્ય નથી દ્ગ એવી શંકા થાય, તેથી 'અધર્મના કારણરૂપ' એમ કહેલું છે. તે અધર્મના કારણ રૂપ છે. 'કલયે'માં ચોથી વિભક્તિ 'મચ્છરો માટે ધૂમાડી' એ વાક્યની પેઠે નાશ કરવાના અર્થમાં યોજાએલી છે.૨૪

૧. ધર્મ અને પૃથ્વીનું સ્વરૂપ અને તેઓનાં દુઃખનું જ્ઞાન એના સરવાળાના અર્થવાળો.

કલિને અદશ્ય થઈને ભાગી જવાનું પ્રયોજન ન હતું, અને તેમ કરવાથી છૂટકારો થાય તેમ ન હતું. ધર્મના વચનો સાંભળવાથી અને તેના અર્થનો વિચાર કરવાથી રાજાનાં અભિમાન વિગેરે પોતાનું[1] કુટુંબ છે એમ જાણીને, પોતાનો નાશ થવાનો ભય તજી કલિ તેને શરણ ગયો એમ નીચેના શ્લોકથી કહે છે :

**તં જિઘાંસુમભિપ્રેત્ય વિહાય નૃપલાઞ્છનમ્ ।**
**તત્પાદમૂલં શિરસા સમગાદ્ ભયવિહ્વલઃ ।।૨૮।।**

તેને મારવાની ઈચ્છાવાળો જાણીને રાજાનાં ચિહ્નનો ત્યાગ કરી ભયથી ગભરાએલો કલિ મસ્તકથી તેના ચરણ સમીપ પડ્યો.૨૮

રાજાનાં ચિહ્ન છત્ર વિગેરેનો ત્યાગ કરી, એટલે લોકમાં આજ્ઞા કરવાનું તજી, એવો અર્થ છે. 'ચરણ સમીપ પડ્યો' એટલે પોતે રાજાનો તાબેદાર હોવાનું, ''હું શરણે આવેલો તમારો સેવક છું'' એમ જણાવ્યું. 'ભયથી ગભરાએલો' વિશેષણથી એમ જણાવેલું છે કે જો ધર્મ એવી પ્રેરણા કરશે તો મને મારશે, અથવા મારું કપટ જાણશે તો મારશે એવા વિચારથી ભય થએલો. ચરણમાં પડવાનો છલથી રાજાનો પણ સ્પર્શ કર્યો, જેને લીધે તેને પણ ભવિષ્યમાં દુર્બુદ્ધિ ઉત્પન્ન થશે. ધર્મ નજીક હોવાથી રાજા આ અર્થ જાણશે. એવા વિચારથી ભય થએલો.૨૮.

૧.'પોતાનું કુટુંબ' એટલે કલિનું કુટુંબ.

ચરણમાં પડ્યા પછી જે થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**પતિતં પાદયોર્વીરઃ કૃપયા દીનવત્સલઃ ।**
**શરણ્યો નાડવધીચ્છ્લોક્ય આહ ચેદં હસન્નિવ ।।૨૯।।**

દીન ઉપર પ્રેમ રાખનાર, શરણ કરવા યોગ્ય, કીર્તિવાળા વીરે કૃપાથી પગોએ પડેલાનો વધ ન કર્યો અને હસતો હોય તેમ આ નીચે પ્રમાણે કહ્યું.૨૯

'પગોએ પડેલા' શબ્દથી રાજાની ગતિનો નાશ થયાનું સૂચવેલું છે, તે પણ ધર્મબુદ્ધિવાળાને ઉપકાર કરનારું થશે, કારણકે તેને આ લોકમાં જ ભગવાનનું સાયુજ્ય થવાનું છે. 'વીર' શબ્દથી તેને પોતાના ક્ષત્રિયના ધર્મનું ભાન રહ્યું, ચાલુ પ્રસંગનો વિચાર ન રહ્યો એમ કહેલું છે. ધર્મ સમીપ હોવાથી દયા વિગેરેનો તેમાં પ્રવેશ અધર્મ સમીપ હોવાથી તેનામાં[1] થયો. તે 'કૃપાથી' શબ્દથી કહેલ છે. 'દીન ઉપર પ્રેમ રાખનાર' વિશેષણથી આ દયા લૌકિક હોવાનું કહેલ છે. 'વત્સં' વાછડાને 'લાતિ' ઉપાડી લે તે પશુ હોય છે. દીનના સમ્બન્ધમાં વિચાર ન કર્યો એવો અર્થ છે. વડવાઓની કીર્તિનું રક્ષણ કરવાની આની બુદ્ધિ ન થઈ, પરન્તુ પોતાનો ધર્મ સાચવવામાં જ થઈ, તેથી 'શરણ કરવા યોગ્ય' એમ કહેલું છે. લોકમાં નિન્દા થવાના ભયથી પણ માર્યો નહીં, તે 'કીર્તિવાળા' વિશેષણથી કહેલું છે, અને 'આ' નીચે કહેવામાં આવે છે તે કહ્યું, સંકટનો નાશ કર્યો અને ઈચ્છેલું આપશે, એવો અર્થ છે. 'હસતો હોય તેમ' શબ્દથી રાજાના મુખની પ્રસન્નતા અને થોડા ગર્વનો સમ્બન્ધ જણાવેલા છે.૨૯.

૧.'તત્ર' તે પ્રસંગે, મારવાના સમયે. કલિપર દયા આવી એવો અર્થ જણાય છે.

કલિને ધ્રૂજતો જોઈ 'વખત જતાં મને મારશે એવો આને ભય છે' એવું અનુમાન

કરી, તે ભય દૂર કરવા નીચેનો શ્લોક કહે છે :

**ન તે ગુડાકેશ-યશોધરાણાં બદ્ધાઞ્જલેર્વૈ ભયમ્ અસ્તિ કિઞ્ચિત્ ।**
**ન વર્તિતવ્યં ભવતા કથઞ્ચન ક્ષેત્રે મદીયે ત્વમ્ અધર્મબન્ધુઃ ।।૩૦।।**

ગુડાકેશનો યશ ધારણ કરનારાઓને નમસ્કાર કરેલા તને ખરેખર કાંઈપણ ભય નથી. મારા ક્ષેત્રમાં કોઈપણ અંશથી તારે રહેવું નહીં. તું અધર્મનો બંધુ છે.૩૦

'ગુડાકા' નિદ્રા તેનો 'ઈશઃ' ઈશ અર્જુન હતો. આથી એમ સૂચવેલું છે કે અમને માયાનો મોહ ન હોવાથી તારાથી ભય થવાનો નથી. 'યશ ધારણ કરનારાઓ' શબ્દનું એવું તાત્પર્ય છે કે યશને લીધે લજ્જાથી પણ અમે અધર્મ નહીં કરીએ, અથવા અમારી પ્રતિજ્ઞા સાચી છે. હું તો અર્જુનનો પૌત્ર જ છું. બીજા પણ જે કોઈ અર્જુનનો યશ ધારણ કરનારા છે તેઓને પણ નમસ્કાર કરેલા તને કાંઈ પણ ભય નથી. ઈંદ્ર વિગેરે પણ ભય ઉત્પન્ન કરવાની શક્તિવાળા નથી એવો અર્થ છે. પરન્તુ તારે અમારી આજ્ઞા પાળવી, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'કથંચન' કોઈપણ અંશથી તારે મારા ક્ષેત્રમાં રહેવું નહીં. 'ક્ષેત્ર' શબ્દથી પોતાનું જંબુદ્વીપનું રાજ્ય નાના જેવું હોવાનું અથવા તે ઉત્પત્તિનું સ્થાન હોવાનું જણાવેલ છે. તેથી તેમાં જે કોઈ બીજ પડશે તે જ ઉગી નીકળશે, તેથી તારે તેમાં રહેવું નહીં. તેનું કારણ 'અધર્મનો બંધુ' શબ્દથી કહેલું છે. અધર્મને અટકાવવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે આ કલિ અપકાર કરશે એમ સૂચવેલું છે. તેથી જ હાલના સમયમાં પાખંડીઓનો વિરોધ કરવામાં આવે ત્યારે વિરોધ કરનારને ભય થાય છે.૩૦

રાજાનું આ જ કાર્ય છે કે પ્રજાને બોધ આપવો અને સજા કરવી. તેથી લાભ કરનાર મને શા માટે રોકો છો? એમ કલિ કહે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વાં વર્તમાનં નરદેવદેહે ષ્વનુપ્રવૃત્તોઽયમ્ અધર્મપૂગ ।**
**લોભોઽનૃતં ચૌર્યમ્ અનાર્ય્યમંહો જ્યેષ્ઠા ચ માયા કલહશ્ચ દમ્ભઃ ।।૩૧।।**

રાજાઓના દેહોમાં રહેલા તારી પાછળ લોભ, અસત્ય, ચોરી, અનાર્ય, અંહઃ, જ્યેષ્ઠા અને માયા, કજીઓ અને દંભ આ અધર્મનો સમૂહ પ્રવેશ કરે છે.૩૧

જો રાજાઓને તું તજી દેતો હોય તો તેઓને લાભ થાય. તેઓ પણ અધર્મી થતાં સ્વરૂપનો નાશ થવાથી લાભનું શું પ્રયોજન? રાજા પોતે પણ અનુમોદન કરવાથી તેવો થતો હોવાથી નુકશાન થાય. તેથી જ રાજાઓના દેહોમાં રહેલાની તારી પાછળ અધર્મના સમૂહે પણ પ્રવેશ કરેલો છે; અને તે પ્રત્યક્ષ મારામાં પણ રહેલો છે એમ 'આ' શબ્દથી દેખાડે છે. તે અધર્મના સમૂહને જ ઉત્તરાર્ધમાં ગણાવે છે. તેના નવ પ્રાણો છે :

૧.પારકાના દ્રવ્યની ઈચ્છા તે લોભ.
૨.તે થઈ શકે તે માટે ''તેં ખોટું જ કરેલું છે'' એવી નિન્દા કરાવનારૂં અસત્ય
૩.વિરોધી બલવાન હોય ત્યારે ચોરી-છૂપી રીતે તેનું ધન લઈ લેવું.

૪.નિર્બલ હોય ત્યારે તેના દેખતાં જ તેનાં સ્ત્રી રત્ન વિગેરે લઈ લેવા તે અનાર્ય, આર્યથી વિરુદ્ધ આચરણ હોવાથી તે અનાર્ય છે.

૫.તેમ કરવાની તેની અશક્તિ હોય ત્યારે અગ્નિથી બાળવું વિગેરે અપરાધ કરવા તે અંહઃ.

૬.પછી તેને દરિદ્ર બનાવવો તે 'જ્યેષ્ઠા'.[૧] 'ચ' 'અને' શબ્દથી પોતે પણ દરિદ્ર હોવાનું જણાવેલું છે.

૭.વચનની ચતુરાઈ તે માયા. ૮.કજીઓ અને ૯.ફરી વિશ્વાસ બેસે તે માટે દંભ.

અને બીજા 'ચ' 'અને' શબ્દથી કજીઆ પછી મારવાનું કહેલ જાણવું.૩૧

૧.પુરાણમાં દરિદ્રને લક્ષ્મીની મોટી બેન જ્યેષ્ઠા કીધેલી હોવાથી, 'દારિદ્ર' એ નામથી પ્રસિદ્ધ છે.

નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**ન વર્તિતવ્યં તદધર્મબન્ધો ધર્મેણ સત્ત્વેન ચ વર્તિતવ્યે ।**
**બ્રહ્માવર્તે યત્ર યજન્તિ યજ્ઞૈઃ યજ્ઞેશ્વરં યજ્ઞવિતાનવિજ્ઞાઃ ।।૩૨।।**

તેથી હે અધર્મના બંધુ! યજ્ઞનો વિસ્તાર કરવાનું જાણનારા જ્યાં યજ્ઞોથી યજ્ઞના ઈશ્વરનું પૂજન કરે છે ત્યાં ધર્મ અને સત્યે રહેવાના બ્રહ્માવર્તમાં તારે રહેવું નહીં.૩૨

હે અધર્મના બંધુ! તે કારણથી તારે ન રહેવું. સ્થાન તેના વિરોધવાળું છે એમ 'ધર્મ અને સત્યે રહેવાના ' શબ્દથી જણાવે છે. કાયાથી કરવાનો ધર્મ, વાણીથી આચરવાનું સત્ય 'ચ' 'અને' શબ્દથી મનથી કરવાનો ધર્મ કહેલ છે. કાયા વાણી અને મન થી જેઓ ધર્મ કરનારા છે તેઓએ જ રહેવા યોગ્ય સ્થાન છે. તેમાં પણ ઉત્તરાર્ધથી ઉત્તમ દેશ જણાવે છે. કારણકે બ્રહ્માવર્ત ધર્મનું સ્થાન છે, ત્યાં કોઈપણ સમયે ધર્મ ન હોય તેવું થતું નથી. દેવોનાં પૂજનનું સ્થાન હોવાથી સદા ત્યાં દેવોના પણ યજ્ઞો થવાનું સંભવે છે. તે 'જ્યાં યજ્ઞોથી પૂજન કરે છે' શબ્દોથી કહેલું છે. તેમાં પણ મુખ્ય ધર્મના પ્રકારથી પૂજન કરે છે, એમ 'યજ્ઞેશ્વર' શબ્દથી કહેલું છે. આ વિષયમાં ''દેવોએ યજ્ઞોથી યજ્ઞનું પૂજન કર્યું'' એ શ્રુતિ લક્ષમાં રાખવી. 'હું પણ એક ભાગમાં રહીશ' એમ કલિ કહે, તેથી 'યજ્ઞનો વિસ્તાર કરવાનું જાણનારા' એમ કહેલું છે, 'યજ્ઞાવિતાનઃ' એટલે યજ્ઞનો વિસ્તાર, સ્તુતિ વિગેરેના મન્ત્રો. તે સારી રીતે જાણનારાઓ પૂજન કરે છે. આથી એમ સૂચવેલ છે કે તું પ્રવેશ કરીશ ત્યારે તેઓ તરત જાણશે, તેથી યજ્ઞનો વિસ્તાર નહીં કરે.૩૨

યજ્ઞોનું શું પ્રયોજન? આ લોકના ઈચ્છેલા પદાર્થો તમારે જ પ્રાપ્ત કરાવવાના, પરલોક તો વિચાર કરવા યોગ્ય છે ઙ્ગ એમ કહેવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યસ્મિન્ હરિર્ભગવાન્ ઈજ્યમાન ઈજ્યાત્મમૂર્તિઃ ભજતાં શં તનોતિ ।**
**કામાન્ અમોઘાન્ સ્થિરજંગમાનામ્ અન્તર્બહિઃ વાયુરિવૈષ આત્મા ।।૩૩।।**

જ્યાં પૂજન કરનારાઓના આત્મા અને મૂર્તિ રૂપ હરિ ભગવાન પૂજાતાં ભજન

કરનારાઓનું કલ્યાણ કરે છે, અને વાયુની પેઠે અંદર અને બહાર રહી સ્થાવર અને જંગમોની કામનાઓ પૂર્ણ કરે છે. આ આત્મા છે.૩૩

જે દેવપૂજનના સ્થાનમાં પૂજા કરવામાં વિચારાએલા યજ્ઞપુરુષ વિષ્ણુ જ સાક્ષાત્ ભગવાન છે. ઈંદ્ર વિગેરે દેવોનું જ ત્યાં પૂજન થાય છે! એવી શંકા થાય, તેથી 'પૂજા કરાતાઓના આત્મા અને મૂર્તિ' એમ કહેલું છે. આ ભગવાન પૂજા કરાતા દેવોના આત્મા અને મૂર્તિ છે. તેથી શું થાય? એવો પ્રશ્ન થાય, તેથી 'ભજન કરનારાઓનું કલ્યાણ કરે છે' એમ કહેલું છે. આ ભક્તિમાર્ગ પ્રમાણેના આધિદૈવિક યજ્ઞો છે. કારણકે તેમાં અદૃષ્ટદ્વારા ફલ મળતું નથી, પરન્તુ પ્રસન્ન થએલ દેવતા ફલ આપે છે, અને પૂજન કરવામાં દેવો વિચારાએલા નથી, અને ભગવાન તેવા વિચારાએલા છે. તેથી ફલપ્રાપ્તિનું દ્વાર પ્રીતિ જ છે. આધ્યાત્મિક યજ્ઞોમાં અદૃષ્ટદ્વારા, આધિભૌતિકોાં મહાભૂતોના સંસ્કારદ્વારા ફલ મળે છે. અથવા સર્વ યજ્ઞોમાં ફલ આપનાર "આમનાથી ફલ પ્રાપ્ત થાય છે, ઉપપત્તિ હોવાથી" (બ્રહ્મસૂ.૩-૨-૩૮) પ્રમાણે ભગવાન્ છે. તે 'ભજન કરનારાઓનું કલ્યાણ કરે છે' શબ્દોથી કહેલું છે. ધર્મ માટે[૧] યજ્ઞ કરવામાં આવતા હોય તેમાં યજ્ઞનો વિસ્તાર થતો નથી, અને કામનાઓ સફળ થતી નથી, અને સ્થાવર જંગમ પ્રાણીઓને ફલનો સમ્બન્ધ થતો નથી. તેથી વેદ પ્રમાણે યજ્ઞ કરવાનું અને ફલ પ્રાપ્ત થવાનું અહીં જ છે. વળી યજ્ઞથી સંતોષ પામેલા ભગવાન્ જ્ઞાન પણ આપે છે અને દેહની અંદર અને બહાર પ્રકટ થાય છે એમ 'અંદર અને બહાર રહી' શબ્દોથી કહેલ છે. 'વાયુની પેઠે' શબ્દથી એક જ બંનેરૂપ હોવાનું દૃષ્ટાંત સાથે કહેલું છે. 'પ્રાણ' અને 'વાયુ' શબ્દો જુદા હોવા છતાં જેમ તે એકજ પદાર્થ છે તેમ અંદર અને બહારના પદાર્થ તરીકે વ્યવહાર કરાતા હોવા છતાં ભગવાન પણ એક જ છે એવો અર્થ છે.

ભગવાન સર્વરૂપ હોવાથી દૃષ્ટાંત પ્રમાણે જ તેવા[૨] ભલે હોય! એમ કહેવામાં આવે, તેથી 'આ આત્મા છે' એમ કહેલું છે. આ માત્ર પ્રાણ નથી, પરન્તુ આ આત્મા ભગવાન છે. 'આ' શબ્દથી ભક્તિથી જણાતા ભગવાનને દેખાડે છે.૩૩

૧.ધર્મથી જ અદૃષ્ટદ્વારા ફલ પ્રાપ્ત થાય છે એ મત પ્રમાણે 'કલ્યાણ કરે છે' શબ્દોથી જે સુખનો વિસ્તાર કહ્યો તે થતો નથી. કારણકે ફલ તેના અદૃષ્ટથી થાય છે.

૨.'તેવા' એટલે એક અંદર અને બહાર વાયુ પેઠે રહેલા એકજ ભલે હોય.

એ પ્રમાણે જીવનું અભય પ્રાપ્ત કરેલો વધારે પ્રાર્થના કરવા માટે ફરી નમ્રતા દેખાડી ઠગવાનો આરંભ કરે છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**પરીક્ષિતૈવમ્ આદિષ્ટઃ સ કલિર્જાતવેપથુઃ ।**
**તમુદ્યતાસિમાહેદં દણ્ડપાણિમિવોદ્યતમ્ ।।૩૪।।**

એ પ્રમાણે પરીક્ષિતે આજ્ઞા કરેલા ધ્રૂજતા તે કલિએ તલવાર ઉગામેલા રાજા

કરનારાની પેઠે તૈયાર થઈ રહેલાને આમ કહ્યું.૩૪

'આદિષ્ટઃ' આજ્ઞા કરેલો. પરીક્ષિત તેની પ્રતિજ્ઞા સત્ય કરશે અને તેથી મારે જવું પડશે એવા વિચારથી કલિ ધ્રૂજતો હતો. 'તલવાર ઉગામેલા' શબ્દથી એમ કહ્યું છે કે જવામાં વિલંબ કરવાનું અથવા શાંત રહેવાનું અશક્ય હતું. 'સજા કરનારા' શબ્દથી એમ જણાવેલું છે કે પહેલાં અપરાધ કરેલાને પરીક્ષિત અવશ્ય સજા કરનારો છે. 'તૈયાર થઈ રહેલા' વિશેષણથી એમ કહેલું છે કે એકવાર અપરાધ સહન કર્યો. હવે પછી મારશે.૩૪.

નીચેના શ્લોકોથી કલિએ કરેલી વિજ્ઞપ્તિ કહે છે :

**કલિ કહે છે :**

**યત્ર ક્વ ચાઽથ વત્સ્યામિ સાર્વભૌમ તવાજ્ઞયા ।**
**લક્ષયે તત્ર તત્રાપિ ત્વામાત્તેષુ શરાસનમ્ ।।૩૫।।**
**તન્ મે ધર્મભૃતાં શ્રેષ્ઠ સ્થાનં નિર્દેષ્ટુમ્ અર્હસિ ।**
**યત્રૈવ નિયતો વત્સ્ય આતિષ્ઠંસ્તેઽનુશાસનમ્ ।।૩૬।।**

હે સાર્વભૌમ! હવે હું ગમે ત્યાં તમારી આજ્ઞાથી રહું ત્યાં-ત્યાં પણ બાણ ચઢાવેલ ધનુષ્યવાળા તમને જોઈશ. તેથી હે ધર્મનું પાલન કરનારાઓમાં શ્રેષ્ઠ! મને સ્થાન કહો કે માત્ર જ્યાં હું તમારી આજ્ઞા પાળતો સદા રહું.૩૫-૩૬.

હે સાર્વભૌમ! બધી ભૂમિ તમારી જ છે. હું પણ તમારો છું. તેથી મારે રહેવાની ભૂમિના પણ ઈશ્વર તમે છો એમ જણાવેલું છે. પહેલાં હું સ્વતન્ત્ર હતો, હવે મારે તમારી આજ્ઞામાં જ રહેવાનું છે એમ કહે છે. 'અથ' 'હવે' શબ્દ જુદા આરંભના અર્થવાળો છે. તમારી આજ્ઞા પ્રમાણે હું હરકોઈ સ્થલે રહીશ. ત્યાં મારા રહેવામાં સન્દેહ નથી, પણ તમારે ક્રોધ ન કરવો. મારે ક્યાંક જીવતાં રહેવાનું છે, અને જીવન તમે જ આપેલ છે. તેથી તમારી સ્પષ્ટ આજ્ઞા ન હોય તો પણ જીવનનું તમે રક્ષણ કર્યું એટલે તમે આજ્ઞા આપેલીજ છે, અને મારું કાર્ય જોઈને તમે ક્રોધ કરવાના એમ શ્લો. ૩૫ ના ઉત્તરાર્ધથી કહેલ છે. જ્યાં હું રહીશ તેજ સ્થલે તમને ધનુષ્ય ધારણ કરેલા જોઈશ. તેથી જ્યાં રહીને તમને ધનુષ્ય ધારણ કરેલા ન જોઉં તેવું સ્થાન આપો એમ શ્લોક ૩૬ થી કહે છે. ચતુરાઈથી માગેલ છે કે તમને ધનુષ્ય વિનાના જોઉં. તેથી મને જોવામાં આવતાંજ તમારે ધનુષ્ય મૂકી દેવું એવો અર્થ છે. 'ધર્મનું પાલન કરનારાઓમાં શ્રેષ્ઠ!' સંબોધનથી માગેલું દાન કરવાનું અને આપેલાનું પાલન કરવાનું સૂચવેલું છે. જો કે હું ત્યાં રહીશ તો પણ તમે સ્થાન જણાવો. જો તમારી આજ્ઞાથી રહેવાનું થાય તો મારે રહેવાનું નિશ્ચિત થાય અને તમારી આજ્ઞાનું પાલન થાય. આ વચનમાં પણ ઠગાઈ છે. શાસ્ત્રનું ફલ પ્રવૃત્તિ કરાવનારને મળે છે દ્વ એ નિયમ પ્રમાણે તેનું પાપ તમને જ થશે, એવું તાત્પર્ય છે. 'નિયતઃ' 'સદા' એ વચનથી એમ જણાવેલું છે કે ધર્મ માટે પણ કરવામાં આવતા જૂગાર વિગેરેમાં પણ મારો વાસ હશે.૩૫-૩૬.

પરીક્ષિતે તે તેમજ કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તત્ તથાઽભ્યર્થિતસ્તસ્મૈ સ્થાનાનિ કલયે દદૌ ।**
**દ્યૂતં પાનં સ્ત્રિયઃ સૂના યત્રા-ઽધર્મશ્ચતુર્વિધઃ ।।૩૭।।**

તેવી રીતે તેની પ્રાર્થના કરાએલાએ તે કલિને જેમાં ચાર પ્રકારનો અધર્મ છે તે જૂગાર, પાન, સ્ત્રીઓ અને હિંસા સ્થાનો આપ્યાં.૩૭

આને અવશ્ય સ્થાન આપવું જોઈએ, આ અધર્મનો બંધુ છે. અને જો જૂગાર વિગેરે અધર્મ છે તેથી બીજા સ્થાનો આપવામાં આવશે તો તે પણ અધર્મનાં સ્થાન થશે એવો વિચાર કરીને જૂગાર વિગેરે જ સ્થાનો આપ્યાં, એમ ઉત્તરાર્ધથી કહેલ છે. જૂગાર એટલે પાસાની રમત. 'પાન' એટલે અગ્ન્યાધાન વિનાનું મદિરાનું પાન. 'સ્ત્રીઓ' એટલે બહુવચન હોવાથી વેશ્યાઓ. 'સૂના' એટલે હિંસા. આમાં જ્યાં અધર્મ થાય તે આ કલિનું સ્થાન; પરન્તુ જ્યાં સ્વભાવથી અથવા શાસ્ત્રથી આ થાય છે તે કલિનાં સ્થાનો નથી. વળી ''બ્રહ્મહત્યા, દારુનું પાન, ચોરી અને ગુરુની સ્ત્રી સાથે ગમના'' એવો ચાર પ્રકારનો અધર્મ છે. જૂગારનો ચોરીમાં સમાવેશ થાય છે તેથી તે મોટું પાપનું સ્થાન છે. આ ચાર કલિનું સ્થાન છે, એવો અર્થ છે. જે આ કરે છે તેને જ કલિ પકડે છે. 'યત્ર' 'જેમાં' શબ્દથી એમ જણાવેલું છે કે અધર્મ વિચારેલો જ વિષય હોવો જોઈએ.૩૭

શ્રુતિમાં મારા પાંચ સ્થાનો જણાવેલાં છે તેથી એક વધારે સ્થાન આપો — એવી કલિની ઈચ્છા થતાં નીચેના શ્લોક કહે છે :

**પુનશ્ચ યાચમાનાય જાતરૂપમ્ અદાદ્ વિભુઃ ।**
**તતોઽનૃતં મદઃ કામો રજો વૈરઞ્ચ પઞ્ચમમ્ ।।૩૮।।**
**અમૂનિ પઞ્ચસ્થાનાનિ હ્યધર્મપ્રભવઃ કલિઃ ।**
**ઔત્તરેયેણ દત્તાનિ ન્યવસત્ તન્નિદેશકૃત્ ।।૩૯।।**

ફરીથી માગનારને શક્તિવાળાએ સુવર્ણ આપ્યું. તેથી અસત્ય, મદ, કામ, રજ અને પાંચમું વૈર — એ પાંચ ઉત્તરાના પુત્રે આપેલાં સ્થાનોમાં તેની આજ્ઞા પ્રમાણે વર્તનાર, અધર્મ ઉત્પન્ન કરનાર, કલિ વસ્યો.૩૮-૩૯.

એકવાર ચાર સ્થાનો આપ્યાં. ફરીથી માગનારને 'જાતરૂપમ્' સુવર્ણ આપ્યું. ચોરીમાં સામાન્ય પ્રકારે સુવર્ણ આવેલું હવે સુવર્ણની ચોરી તરીકે અને સ્વરૂપથી સુવર્ણ કલિનું સ્થાન થયું. આ મોટો અનર્થ થયો. સુવર્ણ તેને કેમ આપ્યું? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધમાં 'શક્તિવાળાએ' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલું છે કે માગેલાં સ્થાનો સ્વતન્ત્રપણાંથી આપ્યાં. સ્વતન્ત્રતાથી[1] પ્રાપ્ત થએલાં આ સ્થાનો સ્વરૂપથી કલિનાં સ્થાન નથી, પરન્તુ પરિણામથી કલિનાં સ્થાન છે, તેથી તે પરિણામો શ્લો.૩૮ ના ઉત્તરાર્ધથી અનુક્રમે ગણાવે છે. જેમાંથી અધર્મ થાય છે 'અધર્મપ્રભવઃ' એ સાથે કહેલું છે. તેથી અસત્યરૂપ

જૂગાર, મદરૂપ મદિરાનું પાન, કામરૂપ સ્ત્રીઓ, રજઃ એટલે ક્રોધ અને તે પ્રકારની હિંસા, વૈરરૂપ સુવર્ણ, 'ચ' 'અને' શબ્દથી બંને પ્રકારના વૈરનો સમાવેશ કરેલ છે; કારણકે સુવર્ણમાં પણ વૈર છે અને હિંસામાં પણ વૈર છે. તે પાંચમું છે. આ પાંચ કલિનાં સ્થાનો છે. 'અધર્મપ્રભવઃ' એટલે અધર્મને ઉત્પન્ન કરનાર. 'ઔત્તરેયઃ' એટલે ઉત્તરાનો પુત્ર. આ શબ્દથી તે વિવેકવગરનો હોવાનું સૂચવેલું છે. તે સ્થાનોમાં કલિ વસ્યો. 'તન્નિદેશકૃત્' એટલે પરીક્ષિતની આજ્ઞા પ્રમાણે વર્તનાર.૩૯

૧.'પુનઃ પ્રાપ્તાનામ્' એટલે સ્વતન્ત્રતાથી પ્રાપ્ત થએલાં (પ્ર)

એ પ્રમાણે કલિનાં સ્થાનો દેખાડીને, પ્રસંગને લીધે ધર્મ પ્રમાણે વર્તનારાઓને નીચેના શ્લોકથી ઉપદેશ કરે છે :

**અથૈતાનિ ન સેવેત બુભૂષુઃ પુરુષઃ ક્વચિત્ ।**
**વિશેષતો ધર્મશીલો રાજા લોકગુરુઃ પતિઃ ।।૪૦।।**

હવે સમૃદ્ધિની ઈચ્છા રાખનાર પુરુષે અને ખાસ કરીને ધર્મ આચરનાર રાજા લોકના ગુરુ અને પતિએ કોઈ પણ સમયે આમનું સેવન ન કરવું.૪૦

અસત્ય વિગેરેરૂપ આ પાંચને સેવ્યા નહીં. 'બુભૂષુઃ' એટલે સમૃદ્ધિની ઈચ્છા રાખનારે. 'ક્વચિત્' કોઈપણ સમયે, પ્રમાદથી પણ સેવવાં નહીં. પ્રસંગથી થતો દોષ પણ દૂર કરવો જોઈએ તેથી પદાર્થના આગ્રહથી[1] સેવવામાં આવે તો કોઈકવાર કલિનું સ્થાન પણ સેવે. તેથી મોટો અનર્થ થાય. તેથી આ પાંચે કલિના સ્થાન હોવાની શંકાથી દૂરથી જ તજવાં. પરન્તુ જ્યાં[2] કલિનાં સ્થાન ન હોવાનો નિશ્ચય થાય ત્યાં સેવન કરવાની નથી આજ્ઞા કે નથી મના. આ સેવન કરવાનું રાજામાં સંભવતું હોવાથી ઉત્તરાર્ધથી તેમને ખાસ મના કરે છે. રાજા ધર્મ આચરનાર છે. કારણકે તે અધર્મનો વિરોધી છે. લોકનો ગુરુ બીજાઓને ઉપદેશ કરનારો છે, કારણકે શિષ્યો તેનો આચાર શીખે છે. 'પતિ' એટલે પાલન કરનાર. તેણે સેવન ન કરવું કારણ કે પ્રજા રાજાના ગુણોવાળી થાય છે.૪૦

૧.'પદાર્થના આગ્રહથી' એટલે પદાર્થના સ્વરૂપનો વિચાર કર્યા વિના, ઉપર ઉપરથી પદાર્થ જણાતો ન હોવાથી, એવો અર્થ છે.
૨.પોતાની સ્ત્રીનું સેવન વિગેરેમાં.

એ પ્રમાણે કલિને રવાના કરીને રાજાએ જે કર્યું તે નીચેના શ્લોકથી કહે છે :

**વૃષસ્ય નષ્ટાંસ્ત્રીન્ પાદાન્ તપઃ શૌચં દયામ્ ઈતિ ।**
**પ્રતિસન્દધ આશ્વાસ્ય મહીઞ્ચ સમવર્દ્ધયત્ ।।૪૧।।**

તપ, શૌચ અને દયા એ બળદના ગૂમાએલા ત્રણ પગો સાંધ્યા, અને પૃથ્વીનું સાન્ત્વન કરીને તેને સમૃદ્ધ કરી.૪૧

કાલે ઉપર કહેલા ધર્મના ત્રણ પગો જે ગૂમાવેલા તે કહીને પછી સાંધ્યા. સારી રીતે

સાંધ્યા, ચારે પ્રકારનો ધર્મ ફેલાવ્યો, એવો અર્થ છે. 'પૃથ્વીનું સાન્ત્વન કરીને' શબ્દથી પૃથ્વીનું સાન્ત્વન કહેલું છે. સર્વ સ્થલે ભક્તિમાર્ગના પ્રચારથી અને ખેતી વિગેરેથી અને પાખંડનો નાશ કરીને પૃથ્વીને સમૃદ્ધ કરી. 'ચ' 'અને' શબ્દ હોવાથી ધર્મને પણ સમૃદ્ધ કર્યો.૪૧

તે મરી ગએલ હોવા છતાં પણ તેની કીર્તિ અને પ્રભાવ હોવાથી, 'અથવા ચાલુ સમયની સમીપનું હોય તે ચાલુ જેવું છે' એ નિયમ પ્રમાણે ઘણી શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે, દૂરના સમયની કથા નથી એમ જણાવવા નીચેના શ્લોકથી તે હયાત હોય તેમ કહે છે :

**સ એષ એતર્હ્યધ્યાસ્તે હ્યાસનં પાર્થિવોચિતમ્ ।**
**પિતામહેનોપન્યસ્તં રાજ્ઞાઽરણ્યં વિવિક્ષતા ।।૪૨।।**

આ તે અરણ્યમાં પ્રવેશ કરવા ઈચ્છતા દાદા રાજાએ આપેલાં રાજાને યોગ્ય આસન ઉપર અત્યારે પણ બેઠેલો છે.૪૨

ભગવાનનું સાયુજ્ય જેણે પ્રાપ્ત કરેલ તે સર્વ સ્થલે ભગવાનની પેઠે જણાતો હોવાથી, 'આ' શબ્દથી તેને દેખાડે છે. તેથી જ 'એતર્હિ' અત્યારે પણ રાજાને યોગ્ય આસન ઉપર બેઠેલો છે. જનમેજય તે સ્થાને તે આસન ઉપર બેસતો નથી. તે પરીક્ષિત જ ભગવદ્રૂપ થઈ ત્યાં બેસે છે. 'હિ' શબ્દથી સર્વને તેવું જણાતું હોવાનું કહેલ છે. તેથી જ 'પાર્થિવોચિતમ્' રાજાને યોગ્ય આસન ઉપર અત્યારે પણ બેઠેલો છે, એવો અર્થ છે. તેમ ન હોય તો 'રાજાને યોગ્ય' એ શબ્દ નકામો થાય. બીજા કોઈ સિંહાસન ઉપર બેઠેલો નથી, પરન્તુ દાદા રાજા યુધિષ્ઠિરે વનમાં પ્રવેશ કરતાં ત્યાગ કરીને આપેલા સિંહાસન ઉપર બેઠેલો છે.૪૨

આ શું આદર દર્શાવવા કહે છે? એવો પ્રશ્ન થાય, તેથી તેમ નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**આસ્તેઽધુના સ રાજર્ષિઃ કૌરવેન્દ્રશ્રિયોલ્લસત્ ।**
**ગજાહ્વયે મહારાજઃ ચક્રવર્તી બૃહચ્છ્રવાઃ ।।૪૩।।**

કૌરવ રાજાઓની લક્ષ્મીથી શોભતો ઘણી કીર્તિવાળો ચક્રવર્તી મહારાજા તે રાજર્ષિ અત્યારે હસ્તિનાપુરમાં છે.૪૩.

અત્યારે પણ તેવી જ રીતે રહે છે. બીજો દેહ પ્રાપ્ત કરીને રહે છે? એમ કહે તેથી કહે છે કે એમ નથી 'તે રાજર્ષિ' તેજ રાજર્ષિજ રહે છે. 'કૌરવ રાજાઓની લક્ષ્મીથી શોભતો' વિશેષણથી તેના જેવો બીજો કોઈ હશે એવો ભ્રમ ન હોવાનું જણાવેલ છે. કૌરવ રાજાઓની 'શ્રિયા' રાજ્યલક્ષ્મીથી જે પ્રકારે શોભે તે પ્રમાણે રહે છે. અથવા કૌરવ રાજાઓની રાજ્ય લક્ષ્મીથી શોભતાં આસન ઉપર છે. તે પણ હસ્તિનાપુરમાં છે. 'મહારાજઃ' શબ્દથી એમ કહેલું છે કે રાજ્યલક્ષ્મીથી યુક્તજ છે અને 'ચક્રમ્' રાજ્ય ચલાવે છે અને આજ્ઞાઓ કરે છે. તેવીજ રીતે ઘણી છે કીર્તિ જેની તેવો ભાટોથી સ્તુતિ કરાતો રહે છે.૪૩.

એ પ્રમાણે ભગવાનની કૃપાથી અને ભાગવતથી અજર અને અમર થઈ બ્રહ્મરૂપ જ થઈ ભગવાનની પેઠે આનન્દ કરે છે એમ કહીને, તેને જોવાની ઈચ્છા ન થાય તે માટે, તેનું અલૌકિક રૂપ જ કહેલું છે પરન્તુ લૌકિકરૂપ કહેલું નથી એવા અભિપ્રાયથી નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**ઈત્થંભૂતાનુભાવોડયમ્ અભિમન્યુ-સુતો નૃપઃ ।**
**યસ્ય પાલયતઃ ક્ષોણીં યૂયં સત્રાય દીક્ષિતાઃ ।।૪૪।।**

આ અભિમન્યુનો પુત્ર રાજા-જે પૃથ્વીનું પાલન કરતો હતો ત્યારે તમે સત્રની દીક્ષા લીધેલી-તે આવા પ્રભાવવાળો છે.૪૪.

મરેલો પણ જીવતો રહેલો છે એવા પ્રકારના પ્રભાવવાળો અથવા કલિનો પરાભવ વિગેરે કરવાના પ્રભાવવાળો છે. 'અભિમન્યુનો પુત્ર' શબ્દથી ઘણો શૂરવીર હોવાનું કહ્યું. ઉત્તરાર્ધથી એમ કહે છે કે તેના રાજ્યમાં જ તમે સત્રનો આરંભ કરેલો. તેમ ન હોત તો તમે પણ ભાગવતનું શ્રવણ કરવા જાત. તમે સંવત્સરની દીક્ષા લીધેલી હોવાથી ''જ્યાં સુધી અહીં મૃત્યુ છે ત્યાં સુધી કોઈ મરતું નથી'' (૧।૧૬।૮) એ વાક્યનો વિરોધ[1] નથી; કારણ કે અગ્નિ અને સોમના સમ્બન્ધવાળાથીજ હિંસા કરવાનું કહેલ છે. પરીક્ષિત પૃથ્વીનું પાલન કરતો હતો ત્યારે 'સત્રાય' એક હજાર વર્ષ ચાલે તેવા સત્રનીજ તમે દીક્ષા લીધેલી. તેમ તે પાલન કરતો ન હોત તો નાના રાજાના સમયમાં મોટાં કર્મનો આરંભ કરવાનું બને નહીં. આથી કલિમાં મોટો યજ્ઞ ન કરવાનું પણ દ્રઢ થયું.૪૪

૧. તમે લીધેલી દીક્ષામાં હિંસા કરવાની ન હોવાથી મૃત્યુને બોલાવેલ નથી. તેથી તમારો સત્ર ચાલતાં પરીક્ષિતનું મૃત્યુ થયું તેમાં વિરોધ નથી.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીસુબોધિનીમાં પ્રથમ સ્કન્ધનો**
**અધ્યાય સત્તરમો સંપૂર્ણઃ**

# ।। અધ્યાય અઢારમો ।।

# પરીક્ષિતને થયેલો મુનિકુમારનો શાપ

**અથાધ્યાયદ્વયેનાસ્ય વૃત્તમ્ ઉત્તરમ્ ઈર્યતે ।**
**શાપાત્ પ્રાયસ્તતો રાજ્યે શાપો વૈરાગ્યબોધકઃ ।।૧।।**

હવે બે અધ્યાયોથી પરીક્ષિતનું ત્યાર પછીનું ચરિત્ર કહેવામાં આવશે. શાપને લીધે તે નીકળી ગયો, તેથી શાપ રાજ્યમાં થએલ વૈરાગ્ય જણાવનારો છે.કા.૧

**સંક્ષેપ-કથનં પૂર્વં શ્રોતૃ-પ્રીત્યનુસારતઃ ।**
**વિસ્તારોક્ત્યૈ તયોઃ શ્રદ્ધા શ્લાઘા ચાન્યોઽન્યમીર્યતે ।।૨।।**

પહેલાં ટૂંકાણથી કહ્યું, પછી શ્રવણ કરનારની પ્રીતિને અનુસરી વિસ્તારથી કહેવા માટે તેઓની શ્રદ્ધા થઈ અને પરસ્પર વખાણ કર્યા.કા.૨

**તાદૃશં ફલવન્ નાન્યદ્ ઈતિ સ્થાપયિતું દ્વિજાત્ ।**
**શાપસ્તુ હરિણા પ્રોક્તઃ તક્ષકાગ્નેરલૌકિકાત્ ।।૩।।**
**જ્ઞાનિનો દેહનાશાય નાન્યથામૃતવર્ષણાત્ ।**
**યાદવેભ્યસ્તથોત્કર્ષઃ શાપમુગ્ધેભ્ય ઈર્યતે ।।૪।।**

[1]ભાગવતનાં શ્રવણ જેવું બીજું કોઈ ફલવાળું નથી એમ સિદ્ધ કરવા અલૌકિક તક્ષક અગ્નિથી જ્ઞાની પરીક્ષિતના દેહનો નાશ કરવા શાપ તો દ્વિજદ્વારા હરિએ[2] જ કહેલો. તેમ ન કર્યું હોય તો અમૃતની વૃષ્ટિ થએલી હોવાથી[3] તેના દેહનો નાશ ન થાત. તેવી રીતે શાપથી મૂઢ થએલા યાદવો કરતાં પરીક્ષિતનું ઉત્તમપણું કહેલું છે.કા.૩-૪.

૧.'તેના જેવું' એટલે શ્રદ્ધાથી કહેલ અને શ્રવણ કરેલ ભાગવત જેવું.
૨.શાપ અધર્મ જણાવનારો નથી, કારણકે હરિએ કહેલો. બ્રાહ્મણ ભગવાનનું મુખ હોવાથી બ્રાહ્મણે કહ્યો. તે હરિએ કહેલો જાણવો.
૩.શાપ થયો ન હોત, તો ભાગવતની કથારૂપ અમૃતની વૃષ્ટિ થએલી હોવાથી જ્ઞાની પરીક્ષિતના દેહનો નાશ ન થાત. તેથી આ અમૃતની વૃષ્ટિ થએલી હોય તેના દેહનો સામાન્ય રીતે નાશ થતો નથી એમ જણાવવા શાપ કહેલ હોવાથી તેનાથી હલકાઈ થતી નથી, એવો અર્થ છે.

એ પ્રમાણે પરીક્ષિતની રાજ્યમાં સ્થિતિ કહીને, નીચેના શ્લોકથી આરંભી તેની પાછળની સ્થિતિ ટૂંકાણથી કહે છે :

**સૂત કહે છે :**

**યો વૈ દ્રૌણ્યસ્ત્રવિપ્લુષ્ટો ન માતુરુદરે મૃતઃ ।**
**અનુગ્રહાદ્ ભગવતઃ કૃષ્ણસ્યાઽદ્ભુતકર્મણઃ ।।૧।।**
**બ્રહ્મકોપોત્થિતાદ્ યસ્તુ તક્ષકાત્ પ્રાણવિપ્લવાત્ ।**
**ન સમ્મુમોહોરુભયાદ્ ભગવત્યર્પિતાશયઃ ।।૨।।**
**ઉત્સૃજ્ય સર્વતઃ સંગં વિજ્ઞાતાજીતસંસ્થિતિઃ ।**
**વૈયાસકેર્જહૌ શિષ્યો ગંગાયાં સ્વં કલેવરમ્ ।।૩।।**

જે અદ્ભુત કર્મ કરનાર ભગવાન શ્રીકૃષ્ણની કૃપાને લીધે માતાના ઉદરમાં અશ્વત્થામાના અસ્ત્રથી બળેલો ખરેખર ન મર્યો, અને અન્તઃકરણ ભગવાનને સમર્પણ કરેલો જે ઘણો ભય કરનાર પ્રાણોનો નાશ કરનાર બ્રહ્મના કોપથી ઉદ્યમ કરનાર તક્ષકથી મોહ ન પામ્યો, અજિતની વ્યવસ્થા જાણનારા તે વૈયાસકિના શિષ્યે સર્વ તરફથી સંગનો ત્યાગ કરી ગંગામાં પોતાના દેહનો ત્યાગ કર્યો.૧-૩.

જે ભગવાને પહેલાં પરીક્ષિતનું રક્ષણ કરેલું તેમણેજ હવે તેનો સંહાર કર્યો એમ 'અદ્ભુત કર્મ કરનાર' વિશેષણથી કહેલું છે. કારણકે બળેલો ન મર્યો અને અમૃતરૂપ ભાગવત શ્રવણનું પાન કરીને મૂઓ! 'ભગવાન્ શ્રીકૃષ્ણ' શબ્દોથી બ્રહ્મનાં પ્રકટ અને અપ્રકટ[1] નામો કહેલાં છે. માતાના ઉદરમાં ન મર્યો પરન્તુ ગંગામાં મરણ પામ્યો, એવું ભગવાનનું અદ્ભુત કર્મ છે. ૧.

હમણાં મરણ પામ્યો તેનું ઉત્તમપણું બીજા શ્લોકથી કહે છે. તક્ષક પણ પરીક્ષિતને બાળ્યા વિના રહેવા અશક્ત[2] હતો. બ્રહ્માસ્ત્ર પરીક્ષિતના દેહમાં આવી અત્યારે સફલ થયું એમ જણાવવા 'બ્રહ્મ' શબ્દ યોજેલો છે. પ્રાણોનો નાશ જેમાંથી થાય તેવો તક્ષક હતો. જેમનો ભગવાનમાં નિરોધ થએલો છે તેઓનો અગ્નિમાં પ્રવેશ થવાથી ઘણો ઉપદ્રવ થાય. સર્વ સ્થલે[3] પ્રાણોને અગ્નિનો સ્પર્શ થતો નથી, અને અહીં પરીક્ષિતના સમ્બન્ધમાં સ્પર્શ થતાં નાશ થયો, તેથી ઘણો ભય થાય તેવો તક્ષક હતો. પરીક્ષિતને મોહ ન થવાનું કારણ 'અન્તઃકરણ ભગવાનને સમર્પણ કરેલો' વિશેષણથી કહેલું છે. અન્તઃકરણનું તક્ષક ગ્રહણ ન કરે તે માટે તેણે તે ભગવાનને સમર્પણ કરેલું. ૨.

ત્રીજા શ્લોકથી તેણે કરેલ દેહના ત્યાગનો પ્રકાર કહે છે. આરંભમાં સંગનો ત્યાગ, પછી ગુરુની કૃપા, તે ગુરુ ઉત્તમ સમ્પ્રદાયના હોવાથી પરીક્ષિતને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થયું અને પછી ગંગામાં દેહનો ત્યાગ કર્યો —એવી ઉત્તમ પ્રકારે જાણેલી છે અજિત ભગવાનની 'સંસ્થિતિઃ' સારા પ્રકારની સ્થિતિ એટલે વ્યવસ્થા જેણે તેવા પરીક્ષિતે દેહનો ત્યાગ કર્યો. ૩.

૧. પ્રકટ કાલરૂપ નામ ભગવાન અને અપ્રકટ સદાનન્દ નામ શ્રીકૃષ્ણ.

૨. આ વાક્યથી શ્લોકમાંના 'કોપ' શબ્દનું તાત્પર્ય કહેલું છે.

૩. સામાન્ય રીતે પ્રાણ ગયા પછી શબને બાળવામાં આવે છે, તેથી અગ્નિ પ્રાણનો સ્પર્શ કરતો નથી. તક્ષકાગ્નિએ તેના પ્રાણનો સ્પર્શ કર્યો જેઓ અગ્નિથી બળી મરે છે, તેઓના પણ અગ્નિનો સ્પર્શ થતાંજ પ્રાણ જતા નથી.

પરીક્ષિતને મોટો ભય થવા છતાં ગભરાટ કેમ ન થયો? તે જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છે :

**નોત્તમશ્લોકવાર્તાનાં જુષતાં તત્કથામૃતમ્ ।**
**સ્યાત્સંભ્રમોઽન્તકાલેઽપિ ભજતાં તત્પદામ્બુજમ્ ।।૪।।**

ભગવાનની વાર્તા કરનારા, તેમની કથારૂપ અમૃતમાં આનન્દ કરનારા અને તેમના ચરણકમલને ભજનારાઓને અંતકાલે પણ ગભરાટ થતો નથી. ૪

ઉત્તમ શ્લોકનીજ વાર્તા છે જેઓની, લૌકિક વાર્તા પણ જેઓની ભગવાનના સમ્બન્ધવાળી છે તેમનીજ —રચેલી સત્પુરુષોથી કહેવાતી —કથારૂપ અમૃતમાં જેઓ આનન્દ કરનારા છે, અને વળી ભગવાનનાં ચરણકમલને જેઓ ભજનારા છે તેઓને ગભરાટ થતો નથી. ગભરાટ[1] તો સન્નિપાતનું પરિણામ છે. દોષો[2] અને ગુણો ભેગા થઈને જ્યારે એકપણું પ્રાપ્ત કરે છે, ખીચડો થાય છે, ત્યારે સન્નિપાત થાય છે. ''હે ઉદ્ધવ! હું અને મારું એવી મતિ

સન્નિપાત છે[૩]'' (૧૧।૨૫।૬) અને વ્યવહાર[૩] સન્નિપાત છે. તેથી જીવે ત્યાં સુધી સન્નિપાતથી વ્યવહાર કરે છે. મરણ સમયે પણ તેનું કાર્ય ગભરાટ પ્રાપ્ત કરે છે. દેહ,[૪] ઈંદ્રિઓ અને અન્તઃકરણ થી ભગવાન સમ્બન્ધી કાર્ય કરવામાં આવે ત્યારે પહેલાંનો સન્નિપાત જતો રહે છે.

તેમાં[૫] લૌકિક વાર્તા તામસી[૬] છે. આવશ્યક વાર્તા રાજસ છે અને ભજન સાત્ત્વિક છે. અને તેથી[૭] ઉલટું છે. 'જેનું મનથી ધ્યાન કરે છે' એ શ્રુતિ પ્રમાણે પહેલું[૮] માનસિક છે. તેથી સદા કાયા ઈંદ્રિયો અને અન્તઃકરણથી બીજ સાથે દોષ દૂર કરવામાં આવે ત્યારે કાયા ઈંદ્રિયો અને મન એ ત્રણનો સ્વભાવ ફરી જતાં, જેમ સ્પર્શમણિના સ્પર્શથી લોઢું બદલાઈ સુવર્ણ થાય છે તેની પેઠે સર્વ બીજાની સાથે ભળ્યા વિના ભગવાનના સ્વરૂપમાં આસક્ત થવાથી ગભરાટ ઉત્પન્ન કરતાં નથી એવો અર્થ છે.[૮] જોકે મરણ સમયે દેહ ઈંદ્રિયો અને અન્તઃકરણ માં ગભરાટ થવાનું સંભવે છે, છતાં તેઓનો કાલ મૃત્યુ રૂપ હોતો નથી અને મૃત્યુના સમ્બન્ધવાળો હોતો નથી, કારણકે તેઓ અમૃતનું પાન કરી નિત્ય[૯] થએલા છે એવો ભાવ છે.૪.

૧.મૃત્યુ સમયે બધાને ગભરાટ થતો હોય છે, છતાં ભગવાનની વાર્તા કરનારાઓને તે નથી થતો, તેનું કારણ અહીંથી આરંભી કહે છે.

૨.સન્નિપાત કયો અને કેવો છે તે અહીંથી કહેલ છે. રજોગુણ અને તમોગુણના કાર્યો દોષો છે. સત્ત્વગુણના કાર્ય ગુણો છે. તે બધા ભેગા થઈ એકપણું પ્રાપ્ત કરે છે ત્યારે તે પીંડો સન્નિપાતદ્ન જેમકે વૈદકમાં પહેલાં વાત પિત્ત અને કફ ત્રણ દોષ થાય છે અને તેથી સન્નિપાત થાય છે તેમ આ દ્ન થાય છે.

૩.આ ભગવાનના વાક્ય પ્રમાણે ૧ .હન્તામમતારૂપ, અને ૨.વ્યવહાર એવા બે પ્રકારનો સન્નિપાત છે.

૪.ભગવદીઓને ગભરાટ ન થવાનું કારણ આ વાક્યોથી કહે છે. પહેલાંનો સન્નિપાત દૂર થવાથી તેમને ગભરાટ થતો નથી એવો અર્થ છે.

૫.સન્નિપાત કેમ દૂર થાય છે. તે અહીંથી કહેલ છે આ સાધારણ પુરુષો સમ્બન્ધી કહેલ જણાય છે.

૬.'તામસી' સ્વભાવથી કરવામાં આવતી હોવાથી તામસી.

૭.ભગવદીયોનો સ્વભાવ સાત્ત્વિક હોવાથી, ભગવાનના સમ્બન્ધવાળીજ લૌકિક વાર્તા કરે છે. તેથી તે સાત્ત્વિક છે, અને દઢ આગ્રહથી કરવામાં આવતું હોવાથી સેવારૂપ ભજન તામસ છે. કથાનું સેવન તો રાજસ જ છે. આ ભગવદીયો સમ્બન્ધી કહેલ જણાય છે.

૮.'પહેલું' એટલે વાર્તા કરવાનું. તે પાછળ કહેલ શ્રુતિથી ઘટે છે. 'જેનું મનથી ધ્યાન કરે છે તે વાણીથી કહે છે' એ શ્રુતિ વાણીની પહેલાં મનનું કાર્ય હોવાનું કહે છે તેથી.

૯.તેમના દેહ વિગેરે કાલને અધીન નથી. તેથી મહાભય સમયે પણ તેમને ગભરાટ થતો નથી, એવો અર્થ છે.

ભગવદીયો કાલને વશ કેમ રાખી શકે? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તાવત્ કલિર્ન પ્રભવેત્ પ્રવિષ્ટોઽપીહ સર્વતઃ ।**
**યાવદ્ ઈશો મહાનુર્વ્યામ્ આભિમન્યવ એકરાટ્ ।।૫।।**

અહીં કલિએ સર્વ તરફથી પ્રવેશ કરેલ હોવા છતાં જ્યાં સુધી પૃથ્વી પર અભિમન્યુનો પુત્ર મહાન ચક્રવર્તી ઈશ હતો ત્યાં સુધી કલિનો પ્રભાવ ચાલ્યો નહીં.૫.

તેના રાજ્યને પણ કાલનો સમ્બન્ધ થયો ન હતો, તો પછી તેનાં આયુષ્યને તો સમ્બન્ધ કેમ થાય? કારણકે આ કલિ આધિદૈવિક હતો. ગુણવાળા કરતાં ગુણો[1] હલકા છે તેથી ભગવાને કરેલા કાલનો આણે પરાભવ કેવી રીતે કર્યો? એવી શંકા થાય, તેથી 'પ્રવેશ કરેલ હોવા છતાં' એમ કહેલું છે. જેમ મણિથી અગ્નિ રોકાઈ જાય છે, તેમ રાજા હતો ત્યાં સુધી કલિ રોકાઈ ગયો. ભગવદીયપણું કલિ અને પરીક્ષિત માં સમાન હોવા છતાં પણ કાર્યની ગણનામાં ગુણો[2] ઉત્તમ હોવાથી, રાજાએ કલિને માત્ર અટકાવ્યો, પરન્તુ પોતાના દેશમાંથી કાઢી ન મૂક્યો. તે 'અહીં સર્વ તરફથી પ્રવેશ કરેલ હોવા છતાં' શબ્દોથી કહેલ છે. આથી કાલના દેશની હદ બાંધી ન હતી એમ કહેલું છે.

ભગવાને કરેલ કાલનો અટકાવ પણ કેમ કરી શકાય? એવો પ્રશ્ન થાય, તેથી 'ઈશ' એમ કહેલું છે. ભગવાને પરીક્ષિતમાં પ્રવેશ કરેલ હોવાથી અથવા તેને ઐશ્વર્ય આપેલું હોવાથી તે ઈશ હતો. કારણકે તે કરવાને, ન કરવાને અને કરેલું ફેરવવાને શક્તિમાન હતો. વળી ભગવાને કાલને અને રાજાને પણ અધિકાર આપેલ પરન્તુ તે બેમાં રાજાને 'મહાન' બનાવેલો તેથી તે કલિને અટકાવે તે યોગ્ય જ છે. વળી આ પરીક્ષિત ભાણેજનો પુત્ર હોઈ વ્યવહારમાં આદર કરવા યોગ્ય હતો. કલિ તો વાહનરૂપ હતો. તેથી પણ આ મહાન હતો. વળી કલિ અમુક દેશમાં અંશથી રહેલો હતો, કારણકે બીજા આઠ દેશોમાં ત્રેતાયુગની સમાન કાલ હતો એવું વચન છે. આ ચક્રવર્તી રાજા હતો. તેથી અમુક ભાગના પ્રાંતનો અધિપતિ મોટા દેશના ઈશ્વરથી અટકાવવામાં આવેજ.૫

૧.રાજામાં રહેલા ગુણો, ગુણવાળા ભગવાન કરતાં હલકા છે.
૨.રાજાના ગુણો અને ૧૨-૩-૫૧ માં કહેલા કલિના ગુણો.

"જે ક્ષણ ઉત્તમ શ્લોકની વાર્તામાં વીતાડ્યો તે સિવાયનું પુરુષોનું આયુષ્ય ઉગતાં અને આથમતાં સૂર્ય હરે છે"(૨।૩।૧૭) એ વાક્ય પ્રમાણે કલિએ કાલમાં પ્રવૃત્તિ કરી ન હતી, એમ કેમ સ્વીકારતા નથી? સૂર્યની ગતિથી ગણના કરતાં, કાલની હદ બાંધવામાં કૃતયુગ વિગેરેનો વ્યવહાર થએલ છે. તેથી જેની કથા ચાલે છે તેનું ઉત્તમપણું કહેવાના નિયમ પ્રમાણે પરીક્ષિતના આયુષ્યે[1] અને ભગવાને કાલનેજ ઉત્તમ કરેલો, એમ કેમ કહેતા નથી? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યસ્મિન્ અહનિ યર્હ્યેવ ભગવાન્ ઉત્સસર્જ ગામ્ ।**
**તદૈવેહાઽનુવૃત્તોઽસા વધર્મપ્રભવઃ કલિઃ ।।૬।।**

જે દિવસે જે સમયે ભગવાને પૃથ્વી તજી તે જ સમયે અહીં અધર્મની જેમાંથી ઉત્પત્તિ થાય છે તે કલિ ચાલુ થયો.૬

એ સાચું છે કે ભગવાન્ અને પરીક્ષિત નું આયુષ્ય કાલને ઉત્તમ કરી શકે, પરન્તુ તેમ કરેલું નહીં. તેમાં દ્વાપરના અંતમાં ભગવાનનો અવતાર થયો, અને કલિએ પ્રવેશ કરેલો ન

હતો; અને તે પ્રકારે ભગવાનને લીધે સૂર્યની ગતિ ઉત્તમજ[2] હતી. પછી ભગવાન પધારી ગયા ત્યારે સૂર્યની ગતિને, કાલને ઉત્તમ કરનાર કોઈ ન હોવાથી અને પરીક્ષિતને રાજ્યનો અધિકાર ન હોવાથી કલિએ પ્રવેશ કર્યો. તે પછી જો પ્રવેશ કરેલાનો છેદ કરવામાં આવે તો મર્યાદાનોજ ભંગ થાય, અને દેશમાંથી કાઢી મૂકવામાં આવે તો પાછળથી આવી તેનો સમય હોય તેટલો સમય ભોગવે, અને તેથી કલ્કિ અવતારના સમયને નુકશાન કરે (ઘટાડે). તેથી ભગવાનની સમાન આ પરીક્ષિતનું બલ ન હોવાથી, તેવાથી કાલ ઉત્તમ થયો નહીં, એવા અભિપ્રાયથી આ શ્લોક કહેલો છે.

જે દિવસે જે ક્ષણે ભગવાને પૃથ્વી તજી, તે જ ક્ષણે આ કલિ ચાલુ થયો. તે ભગવાન પધારી જવાની રાહ જોઈ રહેલોજ હતો. ભગવાન પધારી ગયા ત્યારે પોતે આવી ગયો. તે આવ્યો કે તરત સર્વ અધર્મો શરૂ થયા.૬

૧.ભગવાનની વાર્તાનું શ્રવણ કરનારા રાજાના આયુષ્યે.

૨.કાલના દોષ ભગવાનથી દૂર થયાનું (૧૦।૭૯।૩૦) માં કહેલું છે. તેથી ભગવાનમાં તેવી શક્તિ છે જ એવો અર્થ છે.

છતાં પણ દુષ્ટ હોવાથી તેને મારવો અથવા કાઢી મૂકવો યોગ્ય હતું, અને ભગવાનને પ્રાર્થના કરવી હતી. તેથી સર્વ ઉપર ઉપકાર થાત! એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**નાનુદ્વેષ્ટિ કલિં સમ્રાટ્ સારંગ ઈવ સારભુક્ ।**
**કુશલાન્યાશુ સિદ્ધ્યન્તિ નેતરાણિ કૃતાનિ યત્ ।।૭।।**

સાર ભોગવનાર ભમરાની પેઠે ચક્રવર્તીએ કલિનો દ્વેષ કર્યો નહીં, કારણકે પુણ્યો કલિમાં તરત ફલ આપે છે, કરેલાં જુદાં પાપો તરત ફલ આપતા નથી.૭.

જો કે રાજા સર્વ કરવાની શક્તિવાળો હતો, છતાં તેણે કલિનો દ્વેષ ન કર્યો. જોકે ધર્મ તેનો દ્વેષ કરે છે, પરન્તુ રાજાએ પોતે ધર્મની પાછળ દ્વેષ કર્યો નહીં. તેનું કારણ 'ચક્રવર્તી' શબ્દથી કહેલું છે. પ્રાંતના ભાગના અધિપતિઓ એક-બીજાનો દ્વેષ કરે છતાં તેમને અનુસરીને ચક્રવર્તી દ્વેષ કરતો નથી. 'કલિ અધર્મ ઉત્પન્ન કરતો હોવાથી દ્વેષ કરવો યોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'સાર ભોગવનાર' એમ કહેલું છે. ચોખા ઉપર ફોતરાં હોય છે. તેથી તે ચોખા નાખી દેવાતા નથી; પરન્તુ ફોતરાંથી છૂટાં કરી તે ખાવામાં આવે છે. તેવી રીતે આ રાજા પણ સારનો જ ભોગ કરતો, અને સાર પણ જો અસારથી વીંટાએલ હોય તો જ હોય છે. તેથી રાજાએ કોઈપણ અંશથી કલિનો દ્વેષ ન કર્યો.

ઝેર અને મધ સાથે ભળેલાં અન્નના ત્યાગની પેઠે, ગુણ અને દોષ સરખા હોવાથી અને દોષ ગુણથી અધિક હોવાથી ત્યાગ કેમ ન કરવો? એવી શંકા થાય, તેથી 'ભમરાની પેઠે' એમ કહેલું છે. 'સારં' સારનું 'ગાયતિ' ગાન કરે તે 'સારંગઃ' ભમરો. કારણકે તે મધથી મદવાળો થાય છે. તેમાં બહાર કાંટાઓથી વીંટાએલ કેતકી વિગેરેમાં મકરન્દ ઘણો હોવાથી ત્યાં આનન્દ કરે છે; કારણકે તેનાથીજ તેનું જીવન થાય છે. તેવી રીતે રાજાએ પણ ''કલિમાં

ખરેખર નારાયણમાં ચિત્ત રાખનારા રાજાઓ થશે'' (૧૧।૫।૩૮) એ વાક્ય પ્રમાણે ભગવાનના ગુણો અને ભક્તો આ કાલમાં સહેલાઈથી મળી આવતા હોવાથી, અને પોતાનું પણ જીવન તે જ હોવાથી, ભક્તિ થઈ શકે તે માટે કલિનો દ્વેષ ન કર્યો, એવો અર્થ છે. અધર્મના (કલિના) ભાગનો નાશ કરવાનું તો તેને અટકાવવાથી પણ થશે એવો અર્થ છે. વળી કૃત યુગ અને કલિ સમાન છે. તેથી પણ તેનો દ્વેષ ન કર્યો એમ ઉત્તરાર્ધથી કહે છે. **''કૃતયુગમાં પાપ તે જ ક્ષણે ફળે છે, ત્રેતામાં બારમા દિવસે, દ્વાપરમાં એક માસે અને કલિમાં વર્ષે ફળે છે, અને તેથી ઉલટા પ્રકારે ધર્મ ફલ આપે છે''** તે કહે છે. 'કુશલાનિ' એટલે પુણ્યો. 'ઇતરાણિ' બીજા એટલે પાપો. 'કૃતાનિ' 'કરેલાં' વિશેષણથી એમ જણાવેલું છે કે ઘણા ભાગે કલિમાં સમ્બન્ધથી થતાં પાપો હોતાં નથી, 'યત્' કારણકે કરેલાંજ પાપો હોય છે. તેથી લોક ઉપર ઉપકાર કરવા માટે પણ રાજાએ કલિનો દ્વેષ કર્યો ન હતો.૭.

વળી આ કલિ દેશમાં કાર્ય કરતો નથી, પરન્તુ પુરુષોમાં, અને તેઓમાં પણ ગાફલ રહેનારાઓમાં કાર્ય કરે છે. તેથી તે શિક્ષક તરીકે રહેલો હોવાથી તેની ઉપેક્ષા જ કરી, દ્વેષ ન કર્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**કિં તુ બાલેષુ શૂરેણ કલિના ધીરભીરુણા ।**
**અપ્રમત્તઃ પ્રમત્તેષુ યો વૃકો નૃષુ વર્તતે ।।૮।।**

પરન્તુ બાલકોમાં શૂરવીર, ધીર પુરુષોથી ભય પામતો કલિ જે સાવધાન રહી ગાફલ પુરુષોમાં વરુની પેઠે કાર્ય કરે છે તેનાથી શું થવાનું ?૮

'તુ' 'પરન્તુ' શબ્દથી દેશમાં રહેવારૂપ પૂર્વપક્ષ ખોટો ઠરાવેલો છે. બાલકો ધર્મ માટેની પ્રવૃત્તિ કરે ત્યારે ફલ તરતજ પ્રાપ્ત થતાં જગતનો નાશ થાય, કારણકે ધર્મથી અન્તઃકરણ શુદ્ધ થતાં જ્ઞાનનો ઉદય થવાથી તેઓ સર્વનો ત્યાગ કરવાનું બને. તેથીજ ધર્મ થતો અટકાવવામાં કલિ શૂરવીર છે. પરન્તુ જે ધીર પુરુષો મોક્ષના અધિકારીઓ છે, તેઓથી તો તે ભય પામે છે. વળી આ કલિ વૈરાગ્ય કરાવનારો છે, કારણકે આયુષ્યનો ક્ષય કરતો હોવાથી ગાફલ પુરુષોમાં સાવધાન રહે છે. તેથી જ કલિમાં લોક ટૂંકા આયુષ્યવાળા હોય છે.

અનો સ્વભાવ એવો કેમ છે? એવો પ્રશ્ન થાય, તેથી 'જે વરુની પેઠે કાર્ય કરે છે' એમ કહેલું છે. આ વરુના જેવો છે. વરુ રાત્રે સૂઈ રહેલા અરણિત બાળકોને જ પકડે છે, વાઘની પેઠે સર્વને ખાઈ જતો નથી, તેથીજ તેનો વધ કરવા મોટા પુરુષો ઉદ્યમ કરતા નથી. 'વૃકઃ' વરુ શબ્દના એક વચનથી તે સાહાય્ય કરનાર વિનાનો હોવાનું સૂચવેલું છે તેમાં પણ ભેદ છે. મનુષ્યોમાં કાર્ય કરે છે, ઉત્તમ મનુષ્યોમાં અને બીજા ઋષિઓમાં કાર્ય કરતો નથી. તેથી ઉપેક્ષા કરવા યોગ્ય છે, એવો અર્થ છે.૮

એ પ્રમાણે પ્રસંગને લીધે કલિનું સ્વરૂપ જણાવી, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**ઉપવર્ણિતમ્ એતદ્ વઃ પુણ્યં પારીક્ષિતં મયા ।**
**વાસુદેવકથોપેતમ્ આખ્યાનં યદ્ અપૃચ્છત ।।૯।।**

વાસુદેવની કથા સાથેનું આ પવિત્ર પરીક્ષિતનું આખ્યાન જે તમે પૂછેલું તે મેં તમને કહ્યું.૯.

એવી રીતે ભાગથી કહેલું ભગવાનની કથામાં ઉપયોગી ન હોવાથી 'પવિત્ર' એમ કહેલું છે. જેમ ગંગામાં સ્નાન કરવું વિગેરે ધર્મ છે, તેવીજ રીતે આ પરીક્ષિતના સમ્બન્ધવાળું ઉપાખ્યાન પણ ધર્મ છે. કહેવાનું કારણ 'વાસુદેવની કથા સાથેનું' વિશેષણથી કહેલું છે. વળી જે આખ્યાન તમે પૂછેલું, તે કહો (૧।૧૬।૬) એ વાક્યથી પૂછેલું હોવાથી મેં ઉત્તર આપ્યો. જો તેમ પૂછેલ ન હોત તો માત્ર ભગવાનની જ કથા કહેત, કારણકે 'તે હું તમને કહીશ' (૧।૩।૪૪) એમ તે કહેવાનીજ પ્રતિજ્ઞા કરેલી, અને ટૂંકાણથી તે કથા કહી છે.૯

જો સાક્ષાત્ ભગવાનની કથા જણાવનારી ન હોવાથી અમારો પ્રશ્ન અયોગ્ય હતો, તો અમને તે સમયેજ કેમ અટકાવ્યા નહીં? પ્રસંગવાળાં આખ્યાન નું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યા યાઃ કથા ભગવતઃ કથનીયોરુકર્મણઃ ।**
**ગુણકર્માશ્રયાઃ પુમ્ભિઃ સંસેવ્યાસ્તા બુભૂષુભિઃ ।।૧૦।।**

જેમનાં ઘણાં કર્મો કથા કરવા યોગ્ય છે તેવા ભગવાનના ગુણો અને કર્મો ના આધારવાળી જે-જે કથાઓ હોય તે સમૃદ્ધિ ઈચ્છનારા પુરુષોએ શ્રવણ કરવા યોગ્ય છે.૧૦.

આ કથા ભગવાનની કથાના આધારવાળી હોવાથી બહુ ઉપયોગ વગરની નથી. ઉત્તમનો આધાર હોય તેજ અધિકારવાળું છે. તેથી જે કોઈ કથાઓ ભગવાનના 'ગુણકર્માશ્રયાઃ' ગુણો અને કર્મો ના આધાર રાખીને થએલી છે તે શ્રવણ કરવા યોગ્ય છે. તેનું કારણ 'જેમના ઘણાં કર્મો કથા કરવા યોગ્ય છે' વિશેષણથી કહેલું છે. કથા કરવા યોગ્ય છે 'ઉરુ' અધિક કર્મો જેમના તેવા ભગવાન છે. ભગવાનની કથાનું અધિકપણું તેમનાં કાર્યો જણાવનારી કથા હોવાથી થાય છે. તેવી કથાઓ હોય ત્યારેજ ભક્તિ ઉત્પન્ન થાય છે. તેમ ન હોય તો કથા સહસ્રનામના પાઠની પેઠે ધર્મમાં ઉપયોગી થાય. 'કથનીયાનિ' કહેવા યોગ્ય 'ઉરુ' અધિક જે પ્રકારે થાય તેવા 'કર્માણિ' કર્મો છે જેમનાં તેવા ભગવાન છે. ભગવાનનાં કર્મો જણાવીને જ[૧] કહેવા યોગ્ય નથી, પરન્તુ સાધારણ[૨] કર્મો પણ પ્રતિષ્ઠા[૩] સાથે કહેવા યોગ્ય છે, એવો અર્થ છે. 'પુરુષોએ' એટલે સ્વતન્ત્ર અને તેમાં પણ 'બુભૂષુભિઃ' જીવવા ઈચ્છનારા, સમૃદ્ધ થવા ઈચ્છનારાઓએ શ્રવણ કરવા યોગ્ય છે, કારણ કે ઘી સાથેનું અન્નજ પોષણ કરનારું છે.૧૦

૧.'જણાવીને' એટલે લૌકિક બુદ્ધિમાં આવે તે પ્રમાણે કહીને. ૨.'સાધારણ' એટલે લૌકિક સમાન જણાતાં. ૩.તેવાં કર્મો પણ તેમની કીર્તિ થાય તેવી રીતે કહેવાય યોગ્ય, એવો અર્થ છે.

એવી રીતે સૂતને કથા કહેતાં અટકેલો જાણીને, પોતાનાં ઈચ્છેલા પદાર્થનું જ્ઞાન થાય તે માટે બધા ઋષિઓ નીચેના શ્લોકથી તેને ઉત્સાહ કરાવે છે :

**ઋષિઓ કહે છે :**

**સૂત જીવ સમાઃ સૌમ્ય શાશ્વતીર્વિશદં યશઃ ।**
**યસ્ત્વં શંસસિ કૃષ્ણસ્ય મર્ત્યાનામ્ અમૃતં હિ નઃ ।।૧૧।।**

હે સૂત! હે સૌમ્ય! તમો શાશ્વત વર્ષો જીવો, કારણ કે તમો મર્ત્યોનાં અમૃતરૂપ શ્રીકૃષ્ણનો નિર્મલ યશ અમને કહો છો.૧૧

બ્રાહ્મણો સંતોષથી દાન કરે તેમાં આશિષોજ દાન કરેલું દ્રવ્ય હોય છે, તે કહે છે. હે સૂત! તમો શાશ્વત વર્ષો જીવો. તમોને મારા જીવનનો શું ઉપયોગ? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધ માં કહે છે કે હે સૌમ્ય[૧] હે બુધ! બુધનું જ્ઞાન અને ચતુરાઈ જન્મથીજ ઉત્તમ છે. તેથી તમે ઘણો સમય જીવો, તેમાં અમારું ઉત્તમ કાર્ય થાય, એવો ભાવ છે. 'સમાઃ' એટલે વર્ષો 'શાશ્વતીઃ' એટલે નિત્ય. નિત્ય વર્ષો બ્રહ્મનાં અથવા બીજા નિત્ય પદાર્થના હોય છે, આથી એમ કહેવાયું કે હદ વગરના સમય સુધી જીવો. એવો આશિર્વાદ આપવાનું પ્રયોજન કહે છે, કે કારણકે તમે શ્રીકૃષ્ણનો નિર્મલ યશ કહો છો. 'પ્રઉગ'[૨] સ્તોત્ર વિગેરે કહેવાની પેઠે આ માત્ર કર્મમાં ઉપયોગી નથી, પરન્તુ તે અમારું અમૃત છે; અમારાં મરણનો નાશ કરનારું સુખ આપનારું અને પરમાનન્દરૂપ છે. 'શ્રીકૃષ્ણનો નિર્મલ યશ' શબ્દોથી તેવું હોવાના કારણો કહેલાં છે. 'વિશદમ્' એટલે નિર્મલ. અથવા 'વિષં' વિષનો 'દ્યતિ' નાશ કરે તેવો, સંસારમાં પ્રવેશ થવાનું દૂર કરે તેવો યશ છે. આથી મરણ પાછું વાળેલું છે, યશ બધાને સુખ ઉત્પન્ન કરનારો છે. શ્રીકૃષ્ણ પરમાનન્દ છે, કારણકે તે સદાનન્દ અર્થવાળું નામ છે. '' 'કૃષ્' ધાતુ સત્તાના અર્થવાળો છે અને 'ણ' આનન્દના અર્થવાળો છે અને સદાનન્દ ભગવાન 'શ્રીકૃષ્ણ' કહેવાય છે'' આથી શ્રીકૃષ્ણ પરમાનન્દ છે.૧૧

૧.સૌમ્ય એટલે ૧.ભલા માણસ ૨.બુધ ગ્રહ, બુધ જન્મથી જ્ઞાની અને ચતુર હતો.
૨.'પ્રઉગ' અમુક શસ્ત્ર છે. 'પ્રઉગ' 'કહે છે' એ શ્રુતિ પ્રમાણે અહીં તે શસ્ત્ર ગીત અને મન્ત્રોથી થઈ શકે તેવી સ્તુતિ જાણવી.

જ્યારે માત્ર પરીક્ષિતની કથાના પ્રશ્નથી ઉદાસીન થયો ત્યારે અમારી કર્મમાં પ્રવૃત્તિ જોઈને ભગવાનની કથા કહેશેજ નહીં દ્ન એવીં શંકા કરી, નીચેનો શ્લોક કહે છે :

**કર્મણ્યસ્મિન્ અનાશ્વાસે ધૂમધૂમ્રાત્મનાં ભવાન્ ।**
**આપાયયતિ ગોવિન્દ પાદપદ્માસવં મધુ ।।૧૨।।**

આ આનન્દરહિત કર્મમાં ધૂમાડાથી કાળા થયેલા દેહવાળાઓને તમે ગોવિંદના ચરણકમલના મીઠા રસનું પાન કરાવો છો.૧૨

આ 'યજ્ઞ'નામના કર્મમાં ''કોણ તે જાણે છે કે તે લોકમાં છે કે નથી?''

''દિશાઓમાં ઘણી શોભાઓ કરે છે'' એ શ્રુતિઓ પ્રમાણે ફલનો નિશ્ચય નહીં હોવાથી તેમાં આનન્દ નથી. જેમ તે સન્દેહ વિનાનામાં સન્દેહનું વચન છે તેમ અહીં પણ[1] છે, એવો અર્થ છે. તેથી 'ધૂમધૂમ્રાત્મનામ્' 'ધૂમેન' ધૂમાડાથી 'ધૂમ્રઃ' કાળો થએલ છે 'આત્મા' દેહ જેઓનો તેવા તે પાન કરાવો છો. યજ્ઞે કરેલો દેહ મલિન કરવાનો દોષ સ્પષ્ટ છે. ગુણ તો સન્દેહવાળો છે. આવા ભારે દુઃખમાં ગોવિંદના ચરણકમલના મધુર રસનું પાન તમે કરાવો છો. એક હજાર વર્ષના યજ્ઞથી કોઈપણ રસનો અનુભવ થયો નથી. અને તમે રસનો અનુભવ કરો છો તેથી યજ્ઞ કરતાં તમેજ આદર કરવા યોગ્ય છો. 'આ' સર્વતરફથી 'પાનમ્' પાન, હૃદયમાં પ્રવેશ થાય ત્યાં સુધીનું પાન કરાવો છો. 'ગોવિંદ' શબ્દથી શ્રવણ કરનારનું રક્ષણ કરનાર કહેલા છે, 'ચરણકમલ' શબ્દથી ભક્તિમાર્ગનો પ્રચાર જણાવેલો છે. આથી ભવિષ્યમાં પણ પાન થવાનું સૂચવેલું છે. 'આસવ' 'રસ' શબ્દથી દેહનું વિસ્મરણ કરાવનાર હોવાનું જણાવેલ છે. આથી જ્ઞાનનું ફલ આની સાથે ચાલ્યું આવતું હોવાનું જણાવેલ હોવાથી, આનું જ્ઞાનથી ઉત્તમપણું સૂચવેલું છે. 'મધુ' એટલે મીઠું, શબ્દથી સ્વરૂપથી પણ પાન કરવાની યોગ્યતા કહેલી છે.૧૨.

૧.મનુષ્યલોકમાં ફલ પ્રત્યક્ષ થતું હોવાથી તે ઉત્તમ છે એમ કહેવા, જેમ દેવલોકના ફલ વિષે સન્દેહનું વચન કહેલું છે, તેવી રીતે અહીં ભગવાનની લીલાની કથાનો રસ ઉત્તમ છે એમ જણાવવા કર્મ આનન્દવગરનું હોવાનું કહેલ છે, પણ તે કર્મની નિન્દા કરવા કહેલું નથી, એવો અર્થ છે.

એ પ્રમાણે કથામાં ઘણો આદર હોવાનું કહીને, સૂતમાં પણ ઘણો આદર હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**તુલયામ લવેનાપિ ન સ્વર્ગં નાઽપુનર્ભવમ્ ।**
**ભગવત્સંગિસંગસ્ય મર્ત્યાનાં કિમુતાઽઽશિષઃ ।।૧૩।।**

ભગવાનના સંગવાળાના સંગના થોડા ભાગની પણ બરાબર અમે સ્વર્ગને કે મોક્ષને ગણતા નથી તો પછી મર્ત્યોની આશિષોને કેમ જ ગણીએ?૧૩

ભગવાન સાથે જેમને સંગ થએલો છે તેનો જે સંગ, તેના એક ભાગની પણ બરાબર અમે સ્વર્ગને ગણતા નથી. જેમ તમારા સંગથી કથારૂપ અમૃતનું પાન થતાં સુખ થયું તેવું સ્વર્ગે થશે એવો વિચાર અમે રાખતા નથી. તેવો વિચાર રાખીએ તો જે સમાન ન હોય તેને સમાન ગણવાથી અનાદર થાય. કારણકે ''જે દુઃખ સાથે ભળેલું નથી'' એ વાક્ય પ્રમાણે સ્વર્ગ દુઃખ સાથે ન ભળેલું અમુક પ્રકારનું સુખ છે, અને તે જીવે ભોગ કરવા યોગ્ય, જીવાત્માના આનન્દથી હલકું[1] છે. તે જીવનો જ જીવરૂપ[2] આવરણ દૂર થવારૂપ મોક્ષ છે, કારણકે તે જીવ ફરી જન્મતો નથી; અને તે મોક્ષ મનુષ્યના આનન્દ કરતાં ઉત્તમ હોવા છતાં બ્રહ્માનન્દ કરતાં હલકો છે, અથવા તે બ્રહ્માનન્દ જ છે. બંને પ્રકારે આનન્દરૂપ ભગવાનની સમાન નથી, કારણકે સંખ્યાથી[3] તે હદવાળો હોવાનું કહેલ છે. ભગવાનનો આનન્દ હદ વિનાનો અને જુદા પ્રકારનો છે. તેમ ન હોત તો જીવ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરે છે, અને બ્રહ્મ થએલો ભગવાનમાં

પ્રવેશ કરે છે એમ ન કહેવાત; કારણકે દ્રોણ જેટલો ખોળ ખાવામાં આવે તોપણ મુઠી જેટલી સાકરના રસનો અનુભવ થતો નથી, અને બ્રહ્માનન્દ[૪] હોવા છતાં બ્રહ્મનાં પૂરાં જ્ઞાનવાળા સનક વિગેરેને પણ ભગવાનના આનન્દની ઈચ્છા થાય છે. તેથી ભગવાન સાથે સ્વર્ગ અને મોક્ષ ની સરખામણી ન થાય.[૫] સાધનના વિચારથી પણ સરખામણી ન થાય, કારણકે ''બ્રહ્મ થએલ પ્રશાંત[૬] આત્મા મારી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કરે છે'' (ભગ.ગીતા ૧૮।૫૪) એ વાક્ય પ્રમાણે મોક્ષ પ્રાપ્ત કરેલ હોય તે ભગવાનને પ્રાપ્ત કરવાનો અધિકારી થાય છે. ભક્ત પણ ભક્તિ ઉત્પન્ન કરે છે. ભક્તિ પ્રાપ્ત કરવામાં મોક્ષ સ્વરૂપ પોતાના ઉપર ઉપકાર કરનારું અંગ છે. ભક્તિનો અધિકાર હોવાનું જણાવવા દ્વારા મોક્ષ સ્વરૂપ ઉપર ઉપકાર કરનારો છે[૭] ''મુક્ત થએલ સિદ્ધોમાં પણ'' (૬।૧૪।૫) એ વાક્ય પ્રમાણે બધા મુક્તોને ભગવાનનો આનન્દ પ્રાપ્ત થતો નથી. ભગવાનના સંગવાણાનો સ્વતન્ત્ર[૮] અને પ્રસંગને લીધે પ્રાપ્ત થતા આનન્દોની સરખામણી ન થાય*[૫]. મૂર્ખ હોય તે ભલે સરખામણી કરે, અમે તો સરખામણી ન કરીએ. 'મર્ત્યોની આશિષો' પુત્ર વિગેરેની આશિષો. 'આશિષઃ' એ બીજી વિભક્તિના બહુવચનનું રૂપ છે તેમની સરખામણી ન હોવાનું લૌકિક અભિપ્રાયથી કહેલું છે. કારણકે લૌકિક પુરુષોનો તેમાં ઘણો આદર હોય છે. લૌકિક અને વૈદિક માર્ગ કરતાં પુષ્ટિમાર્ગ ઉત્તમ છે એમ કહેવાયું.૧૩

૧.સ્વર્ગનું સુખ હલકું છે કારણકે તેની ઉત્પત્તિ થાય છે, અને તે પારકું ઈંદ્રને અધીન છે.
૨.અહીં 'જીવ' શબ્દ લિંગદેહ માટે યોજેલ છે. તે ત્યાગ કરવા યોગ્ય છે.
૩.આનન્દમીમાંસામાં સંખ્યા જણાવેલી છે.
૪.બ્રહ્માનન્દ કેમ ભગવાનના આનન્દથી હલકો છે તે આ વાક્યથી જણાવેલ છે.
૫.વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં આ ભાગ નથી. ૬.ગીતામાં 'પ્રસન્નાત્મા' પાઠ છે.
૭.કૌંસમા મૂકેલા શબ્દો અધ્યાહાર છે.
૮.ભગવાનનો આનન્દ સદા સ્વતન્ત્ર છે, તેની સરખામણી પ્રસંગથી પ્રાપ્ત થતા સ્વર્ગ અને મોક્ષ સાથે ન કરાય, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે વક્તા સૂતને ઉત્સાહ કરાવવાનું કહી, નીચેના શ્લોકથી પોતાને કથામાં ઘણો પ્રેમ હોવાનું જણાવે છે :

**કો નામ તૃપ્યેદ્ રસવિદ્ કથાયાં મહત્તમૈકાન્ત-પરાયણસ્ય ।**
**નાઽન્તં ગૃણાનામ્ અગુણસ્ય જગ્મુઃ યાગેશ્વરા યે ભવપાદ્મમુખ્યાઃ ।।૧૪।।**

સર્વથી ઉત્તમોના સદાના શ્રેષ્ઠ પ્રાપ્ત કરવાના સ્થાનની કથાથી રસ જાણનાર કોણ જ તૃપ્તિ પામે? ભવ અને બ્રહ્મા જેઓમાં મુખ્ય છે તેવા જે યોગેશ્વરો છે તેઓ પણ ગુણરહિતના ગુણોનો અંત પામ્યા નથી.૧૪.

કારણકે આવાં અમૃતથી કોઈને તૃપ્તિ થતી નથી. તૃપ્તિ ન થવાનો પ્રકાર તો પહેલાં (૧।૧।૧૯ માં) કહેલો છે. કારણકે તે[૧] રસ હોવા છતાં તેની ઈચ્છા કરાવનાર હોવાનું કહેલું છે.

તેથી ઓસડની પેઠે તે તૃપ્તિ કરાવનાર નથી. તે માત્ર રસ ઉત્પન્ન કરનાર નથી, પણ રસ પણ છે, તેથી પોતાની અંદર જ રુચિ ઉત્પન્ન કરે છે. જો કે સાધારણ રીતે બધા શ્રવણ કરનારાને રસ ઉત્પન્ન કરે છે, છતાં મોટા સંસારના રોગથી ઘેરાએલાની અંદર પ્રવેશ કરતું ન હોવાથી, તેને એકવાર પણ રસનું જ્ઞાન થતું ન હોવાથી, તેને રુચિ ભલે ન થાય, પરન્તુ જે રસને જાણનાર છે, તેને તેનાથી તૃપ્તિ કેમ થાય? એવો અર્થ છે. તેમાં પણ કથાથી તૃપ્તિ કેમ થાય? કથાનો રસ તો લોકમાં પણ તૃપ્તિ ન કરાવતો હોવાનું પ્રસિદ્ધ છે. 'કર્મ અને જ્ઞાનમાં શ્રદ્ધાવાળાને તૃપ્તિ થાય છે' એમ કહેવામાં આવે, તે સમ્બન્ધમાં 'સર્વથી ઉત્તમોના સદાના શ્રેષ્ઠ સ્થાનની કથાથી' એમ કહેલું છે. 'મહત્તમાઃ' સર્વથી ઉત્તમો ભક્તિ સાથેના જ્ઞાનવાળાઓ, તેઓનું 'એકાન્તેન' સદાનું નિયમ પ્રમાણેનું જે 'પરં' જે ઉત્તમ 'અયનમ્' જે પ્રાપ્તિનું સ્થાન, ફલરૂપ એવો અર્થ છે. તે[2] ભગવાનની કથાથી કોણ તૃપ્તિ પામે? જો કે માત્ર કર્મ કરનારા અને જ્ઞાનીઓ 'રસ જાણનાર' શબ્દથી જ તૃપ્તિ ન થવામાંથી બાતલ કરેલા છે, છતાં લોકની દૃષ્ટિમાં સાધન[3] તરીકે તેઓ પણ રસ જાણનારા છે. જ્યારે તેમનાથી પણ ઉત્તમો કથા ફલરૂપ હોવાથી તેનાથી અટકતા નથી, ત્યારે તે તેને અનુસરનારા કેમ અટકે? અહીં અટકવાનું માત્ર રસનું જ્ઞાન ન હોવાથી જ બને, બીજા કારણ થી ન બને એમ સિદ્ધ થયું.

ઉત્તરાર્ધથી તે વિષયમાં સંમતિ જણાવે છે. ગુણરહિતના ગુણોનો 'અંત' જાણી શક્યા નથી. જેમ કથામાં રુચિ કથાએ જ કરેલી સદાની છે, તેમ ગુણો પણ હદવાળા નથી; તેથી 'ઘણું શ્રવણ કર્યું' એવી બુદ્ધિ કરાવતા નથી. ઈચ્છેલું હદવાળું હોય ત્યારે જ તે મળતાં અટકી જાય છે. તેથી પ્રમાણ અને પ્રમેય નિત્ય હોવાથી, બીજું કાંઈ ઈચ્છેલું ન હોવાથી, અને અટકાવનારું કાંઈ ન હોવાથી 'ઘણું શ્રવણ કર્યું' એવી બુદ્ધિ થવાનું સંભવતું નથી, એમ કહેલું છે. 'ગુણરહિતના ગુણો' એ વિરુદ્ધ જણાતા શબ્દોથી[4] અસંખ્ય ગુણો હોવાનું સૂચવેલું છે, કારણ કે જે ગુણવાળો હોય તેના ગુણો દેવદત્ત વિગેરેની પેઠે હદવાળા ગણાય તેટલા જ હોય છે. ગુણરહિતના ગુણો તો પર્વતના શિખર ઉપરથી વહેતી નદીનાં જલની[5] પેઠે હદ વગરનાજ હોય છે. તે ખોટા નથી, કારણકે રસનો અનુભવ થાય છે, અને જાણનારાઓની તેમનું શ્રવણ કરવાની પ્રવૃત્તિ થાય છે. વળી તે ભગવાન ગુણવાળા નથી, કારણકે તેમ હોય તો અદ્વૈત ન રહે. તેથી ભગવાન જ, સ્વરૂપથી જ, વિકાર પામ્યા વિના જ, તેવા ગુણરૂપ થાય છે, તેથી ગુણોનું કારણ નિત્ય હોવાથી ક્ષણે-ક્ષણે થતા ગુણો અનંત જ છે, અને ગણનારાઓ ગણવાનો અંત પામતા ન હોવાથી ગુણો અનંત જ છે. તે 'યોગેશ્વરો અંત પામ્યા નથી' શબ્દથી કહેલું છે. ભગવાનના અલૌકિક ગુણો લૌકિક પ્રમાણથી જણાય નહીં. તેથી જે પણ સાધારણ યોગથી જણાતા નથી, પરન્તુ ભગવાનના સમ્બન્ધવાળા યોગથી જણાય, તેથી 'યોગેશ્વરો' એમ કહેલું છે. 'ભવ' એટલે મહાદેવ. 'પાદ્મઃ' એટલે ભગવાનની નાભિમાંથી નીકળેલ કમલમાંથી ઉત્પન્ન થએલ બ્રહ્મા. તે બે મુખ્ય છે જેઓમાં. ભક્તિ અને યોગ માં મહાદેવ મુખ્ય હોવાથી પહેલાં તેમને કહેલા છે. પ્રમાણમાં મુખ્ય હોવાથી તેમને 'ભવ' કહેલા છે. પ્રમેયનાં

મુખ્યપણાંથી 'પાદ્મઃ' બ્રહ્મા કહેલા છે'. "વેદ શિવ છે, શિવ વેદ છે"[6] એ વાક્ય પ્રમાણે, 'ભવતિ' એ શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે, પ્રકટ થએલું બ્રહ્મનું રૂપ, વેદનું રૂપજ 'ભવ' નું સ્વરૂપ છે. બ્રહ્મા ભગવાનની નાભિમાંથી નીકળેલા કમલમાંથી ઉત્પન્ન થએલા હોવાથી તે ભગવાન થી ઉત્પન્ન થએલા હોવાથી તદ્રૂપ[7] છે.૧૪

૧.'તે, એટલે કથાનું સ્વરૂપ. ૨.'તે' એટલે ઉત્તમ ફલરૂપ.

૩.કર્મ પૂર્ણ કરવાના અને જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધન તરીકે ભગવાનની કથામાં તેમને રસ છે, પણ ફલરૂપ તરીકે રસ નથી, તેથી તેમને બાતલ કરેલા છે, એવો અર્થ છે.

૪.વિરુદ્ધ જણાતા શબ્દોથી ગુણો અસંખ્ય કેવી રીતે જણાય છે તે દર્શાવે છે.

૫.બ્રહ્મગિરિ ઉપરથી પડતી ગોદાવરીના પ્રવાહનો ભેદ ક્યાંય કોઈકવાર થતો નથી અને હદવગરનાં જલવાળી છે, તેની પેઠે.

૬.આ વાક્ય પ્રમાણે શિવ મુખ્ય પ્રમાણરૂપ છે.

૭.'તદ્રૂપ' એટલે મુખ્ય પ્રમેયરૂપ. જો કે વેદો પણ ભગવાનથી જ ઉત્પન્ન થએલા હોવાથી વેદરૂપ શિવ પણ મુખ્ય પ્રમેયરૂપ હોવાનું સંભવે, પણ પ્રમાણરૂપથી તે પ્રબલ છે અને મૂલ શ્લોકમાં પાદ્મ-બ્રહ્માનો ઉલ્લેખ કરેલો છે તેથી શિવને પ્રમાણરૂપ જ ગણેલા છે.

પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા[1] અનંતપણાને લીધે યોગ્ય હોવાથી ભગવાનના ગુણો કહો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તન્ નો ભવાન્ વૈ ભગવત્પ્રધાનો મહત્તમૈકાન્તપરાયણસ્ય ।**
**હરેરુદારાચરિતં વિશુદ્ધં શુશ્રૂષતાં નો વિતનોતુ વિદ્વન્ ।।૧૫।।**

હે વિદ્વન્! જેને નિશ્ચય ભગવાન મુખ્ય છે એવા અમારા તમે મોટા ભક્તોના એકજ ઉત્તમ ફલરૂપ હરિનું ઉદાર અને વિશુદ્ધ ચરિત શ્રવણ કરવા ઈચ્છતા અમને વિસ્તારથી જણાવો.૧૫

અને તમારું આ જ કૃત્ય છે, કારણકે તમે 'વૈ' નિશ્ચય ભગવદીઓની અંદર 'પ્રધાનઃ' મુખ્ય છો. 'પ્રધાન' શબ્દ પ્રકૃતિના અર્થમાં જ સદા નપુંસક[2] જાતિનો છે. અથવા ભગવાન છે 'પ્રધાનમ્' મુખ્ય[3] જેને તેવા તમે છો. વળી 'મહત્તમાનામ્' ભગવાનના ભક્તોનું 'એકાન્તતઃ' એકજ 'પરાયણમ્' ઉત્તમ પ્રાપ્ત કરવા યોગ્ય ફલ હરિનું ચરિત કહો. તેથી તમને પણ ઉત્તમપણું પ્રાપ્ત થાય તે માટે ભગવાનના ગુણો કહેવાનું આવશ્યક છે એમ કહ્યું. 'હરિનું' શબ્દથી એમ કહેલ છે કે કહેવામાં ક્લેશ પણ થવાનો નથી. ભગવાન વિના પણ તેમના ગુણો જ સર્વ પુરુષાર્થો આપે છે તેથી 'ઉદાર ચરિત' એમ કહેલું છે. 'વિશુદ્ધ' શબ્દથી એમ જણાવેલું છે કે શુદ્ધિ માટે જ સર્વ પ્રવાસો અને સર્વ સંસ્કારો કરવામાં આવે છે, અને ઉત્તમ પ્રકારથી શુદ્ધિ થાય છે જેનાથી તેવું ભગવાનનું ચરિત છે. 'શ્રવણ કરવા ઈચ્છતા' વિશેષણથી પોતે શ્રવણ કરનારા હોવાનું કહેલું છે. સારી રીતે 'તનોતુ' વિસ્તારીને કહો. પ્રાર્થનાના અર્થમાં આજ્ઞાર્થનો પ્રયોગ કરેલો છે. 'હું વિદ્વન્!' સંબોધનથી સૂતની વક્તા તરીકેની યોગ્યતા કહેલી છે.૧૫.

૧.જેનાથી જ્ઞાન થાય તે પ્રમાણ, જેનું જ્ઞાન થવાનું તે પ્રમેય અને જેમને જ્ઞાન થવાનું તે પ્રમાતા છે.
૨.સુહત્‌ના અર્થવાળો 'મિત્ર' શબ્દ સદા નપુંસક લિંગનો છે તેવી રીતે 'પધાન' શબ્દ પ્રકૃતિના અર્થવાળો હોય ત્યારે નપુંસક લિંગનો છે.
૩.છતાં ભગવાન બદલે તેમના સમ્બન્ધી ભગવદીયો લેવા પડે છે, તેથી ક્રોશ પ્રમાણે નપુંસક લિંગનો ગણી બીજી રીતે અર્થ કરેલ છે.

એ પ્રમાણે સામાન્ય રીતે કહેવા માટે પ્રાર્થના કરીને, જે શ્રવણ કરવાનું છે તે કહેવાની ખાસ પ્રકારે નીચેના શ્લોકોથી પ્રાર્થના કરે છે :

**સ વૈ મહાભાગવતઃ પરીક્ષિદ્ યેનાઽપવર્ગાખ્યમ્ અદભ્રબુદ્ધિઃ**
**જ્ઞાનેન વૈયાસકિશબ્દિતેન ભેજે ખગેન્દ્રધ્વજપાદમૂલમ્ ।।૧૬।।**
**તન્નઃ પરમપુણ્યમ્ અસંવૃતાર્થમ્ આખ્યાનમ્ અત્યદ્‌ભૂતયોગનિષ્ઠમ્**
**આખ્યાહ્યનન્તાચરિતોપપન્નં પારીક્ષિતં ભાગવતાભિરામમ્ ।।૧૭।।**

તે ઘણી બુદ્ધિવાળા મોટા ભક્ત પરીક્ષિતે જે શુકે કહેલા જ્ઞાનથી નિશ્ચય મોક્ષ કહેવાતા ગરુડની ધજાવાળાના ચરણના મૂલને પ્રાપ્ત કર્યું તે ઘણું પવિત્ર, ખુલ્લા અર્થવાળું, ઘણી અદ્‌ભુત યોગની સ્થિતિવાળું, અનંતના ચરિત સાથેનું, ભક્તોને આનન્દ કરનારું, પરીક્ષિતનું આખ્યાન અમને કહો.૧૬-૧૭.

જેમાં સાધન અને ફલ માં અનિયમિતતા થતી ન હોય તે સાંભળવું જોઈએ. તેનું શ્રવણ કરનાર અધિકારીનું 'મોટા ભક્ત' એ વિશેષણ છે. ભગવાનનો ભક્ત તે ભાગવત. પરન્તુ જેને ભગવાને ભાગવત તરીકે સ્વીકારેલો હોય તે ફલ પ્રાપ્ત કરવામાં મુખ્ય મહાભાગવત, ભગવાને ઘણી કૃપા દષ્ટિથી નીરખેલો મુખ્ય શ્રવણ કરનારો છે એમ કહેવાયું. તે તેવો હોવાનું કારણ 'પરીક્ષિત' નામથી કહેલું છે. ''પહેલાં જોએલાનું ધ્યાન કરતો'' (૧।૧૨।૩૦) એવી વ્યુત્પત્તિથી તે પરીક્ષા કરનારો છે. તેણે જે ઉપદેશથી ગરુડની ધજાવાળાનાં ચરણનાં મૂલને પ્રાપ્ત કર્યું તે કહો, એમ આગળના શ્લો.૧૭ માંના શબ્દ સાથે સમ્બન્ધ છે. બીજાં શાસ્ત્રમાં જે સ્વરૂપને 'બ્રહ્મ' 'મોક્ષ' કહેલું છે, તેજ અમારા શાસ્ત્રમાં ''તે વિષ્ણુનું ઉત્તમ ચરણ છે'' શ્રુતિ પ્રમાણે 'વૈકુંઠ' નામનું ચરણનું આસન છે. મોટા ભક્તનું પણ ભગવાનના ચરણારવિંદ પ્રાપ્ત કરવાનું જે સાધન તેનું અવશ્ય શ્રવણ કરવું જોઈએ. જેના વિના મોટાઓનું કાર્યપણ સિદ્ધ થતું નથી, તે સાધન મુખ્ય છે એવો નિશ્ચય થાય છે.

તે જ્ઞાન હશે અને તે પ્રસિદ્ધ જ છે તેથી તે કહેવાનું શું પ્રયોજન? એવી શંકા થાય તેથી 'ઘણી બુદ્ધિવાળા' એમ કહેલું છે. 'અનલ્પા' ઘણી હતી 'બુદ્ધિઃ' બુદ્ધિ જેની તેવો પરીક્ષિત હતો. પહેલાં જ તેને બુદ્ધિ હતી. તેથી બુદ્ધિરૂપ જ્ઞાન સાધન ન હતું. પરન્તુ શુકે કહેલા જ્ઞાનથી ચરણનું મૂલ પ્રાપ્ત કર્યું. તે જ્ઞાન તો સદા પ્રકાશતું જ છે. 'વૈયાસકિના' શુકે માત્ર શબ્દથી 'ભાગવત' નામનું ચૈતન્યરૂપ જ્ઞાન કહ્યું. 'ખગેન્દ્રઃ' એટલે ગરુડ, તે જેમની ધજા ઉપર છે, એટલે ''હવે તે ગરુડ કાલરૂપ હતો'' એ વાક્ય પ્રમાણે કાલ જેમનું ચિહ્ન થએલ ''તે

વિષ્ણુનું ઉત્તમ ચરણ છે'' એ શ્રુતિ પ્રમાણે આ કહેલું છે. ''તે પ્રાપ્ત કરેલા પાછા આવતા નથી'' એમ જણાવવા, અથવા ''જેમના ચરણના મૂલમાં વાસ કરેલ પુરુષ'' એ વાક્ય પ્રમાણે ભુવનરૂપ વૃક્ષમાંથી તે ચરણના મૂલમાં પ્રવેશ કરવા માટે 'મૂલ' શબ્દ યોજેલો છે.૧૬.

તે કહો એમ શ્લો. ૧૭થી કહે છે. ધર્મ અર્થ કામ મોક્ષ અને ભક્તિ માં શ્રદ્ધાવાળા સર્વેએ આ આખ્યાનનું શ્રવણ કરવું જોઈએ. તે પૈકી ધર્મમાં શ્રદ્ધાવાળાઓએ તે પવિત્ર હોવાથી શ્રવણ કરવું જોઈએ. 'ન' નથી 'સંવૃતઃ' છૂપો રાખેલ 'અર્થઃ' અર્થ જેમાંથી અથવા જેમાં, તેવું હોવાથી આનું શ્રવણ થતાં અર્થ પણ પ્રાપ્ત થાય છે. અદ્‌ભુત હોવાથી કામ પ્રાપ્ત થાય છે. ઘણી અદ્‌ભુત છે યોગની સ્થિતિ જેમાં તેવું છે આથી એમ કહેલું છે કે મોક્ષ ઈચ્છનારાઓએ તેનું શ્રવણ કરવું જોઈએ. 'આખ્યાન' એટલે તેનો વૃત્તાંત જણાવનાર શબ્દોની રચના. વળી 'અનંતના ચરિત સાથેનું' અનંતના જે અનંત ચરિતો છે તે સાથેનું. તે આખ્યાનનાં આ કરવાનું કાર્ય જણાવનારા વિશેષણો છે. જો આખ્યાન કહેવાનાં વિશેષણો હોય તો આખ્યાન નવું ન હોવાથી તેની કથા કહેવા માટેનું આકર્ષણ અયોગ્ય થાય. એવી રીતે[૧] તમે કહેલું આખ્યાન પરીક્ષિતનું હોવાનું પ્રસિદ્ધ થશે, અને ભક્તોને આનન્દ કરનારું થશે. અથવા 'પરીક્ષિતનું આખ્યાન' એ કહેવાનો ભાગ છે, બીજું બધું કરવાનું છે, અથવા 'ભાગવતાઃ' ભક્તો 'અભિતઃ' સર્વ તરફથી 'રમન્તે' આનન્દ કરે છે આમાં (તેવું થશે).૧૭.

૧.એ પ્રમાણે કહેવાનાં વિશેષણો લેતાં થતો દોષ કહીને, કરવાનાં વિશેષણ લેવાથી થતો ગુણ આ વાક્યથી કહેલ છે.

**સૂત કહે છે :**

**અહો વયં જન્મભૃતોઽદ્ય હાસ્મ વૃદ્ધાનુવૃત્યાઽપિ વિલોમજાતાઃ ।**
**દૌષ્કુલ્યમ્ આધિં વિધુનોતિ શીઘ્રં મહત્તમાનામ્ અભિધાનિયોગઃ ।।૧૮।।**

અહો! અમે આજે વિલોમથી ઉત્પન્ન થએલા હોવા છતાં પણ વૃદ્ધોની સેવાથી સફલ જન્મવાળા થયા છીએ. ઘણા મોટા પુરુષોની કથા કહેવાની આજ્ઞા દુષ્કુલમાં થએલા જન્મની મનની પીડાને તરત જ દૂર કરે છે.૧૮

અહીં 'હું ધન્ય છું' એની પેઠે બીજાની સ્તુતિ કરવા પોતાનાં વખાણ કરે છે. 'અહો!' શબ્દ આશ્ચર્યના અર્થવાળો છે. 'અમે' શબ્દ વખાણ કરવા કહેલો છે. 'જન્મભૃતઃ' એટલે સફલ જન્મવાળા. 'આજે' શબ્દથી ન મળી શકે તેવો લાભ થયાનું કહેલું છે. 'હ' શબ્દથી લાભનું અદ્‌ભુતપણું કહેલું છે 'સ્મ' શબ્દ પ્રસિદ્ધિના અર્થવાળો છે. અકસ્માત્ અમારો જન્મ સફલ થયો; કારણકે ખરાબ જન્મવાળાને સારું ફલ મળતું નથી. તેથી જન્મ ઉત્તમ પણ થયો તે આશ્ચર્ય છે; કારણકે અસત્ પુરુષથી ઉત્પન્ન થએલો સારો જન્મ થએલો હોતો નથી. એકની ઘણા સારા પુરુષો પ્રાર્થના કરતા નથી, તેથી ઘણાઓ ઉપર ઉપકાર કરવાથી એકનું ઘણાએ જણાવેલું બહુપણું અથવા બહુની સમાનતા થઈ, એવાં વખાણ કરેલાં છે. પ્રસંગને લીધે જન્મ થાય ત્યારે ''કોઈક ક્યારેક તરે છે'' (૧૦।૩૫।૫) એ વાક્ય પ્રમાણે

દૈવને લીધે ઘણું કરી ફલનો સમ્બન્ધ થાય છે. અમે તો ફલ પ્રાપ્ત કરવા માટે જ જન્મ લીધો છે. કારણકે સૂત ન હોત તો આ બ્રાહ્મણો પ્રાર્થના કરે તે બનત નહીં. બ્રહ્મકલ્પમાં આવી વ્યવસ્થા[1] હતી, અહીં હમણાં જ થઈ. પહેલાં કોઈ સમયે ન હતી. વળી આ વિષય તર્કથી ખોટો ઠરે છે, તેથી સ્મરણ કરનારને વિસ્મય ઉત્પન્ન કરનારો છે. નિન્દિત સર્વની જાણ પ્રમાણે ઉત્તમ થાય તે ઘણું આશ્ચર્યકારક છે. કારણકે ભગવાનના છ ગુણો પેઠે ભગવાનની કૃપાથી મારામાં છ ગુણો[2] થયા. ‘‘બ્રાહ્મણીમાં ક્ષત્રિયથી સૂત જન્મે છે’’ (યાજ્ઞ.સ્મૃ.૧।૪।૯૩) એ વાક્ય પ્રમાણે વિલોમથી જન્મેલ હોવા છતાં વૃદ્ધોની સેવાથી એવા ઉત્તમ થયા. તેથી વૃદ્ધોની સેવા સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી છે. વળી દોષ પણ દૂર થયો. અમે ખરાબ કુલમાં જન્મેલા હોવાથી ભગવાનની કૃપાથી કેવી રીતે ઉત્તમ કુલમાં આવીએ, એવી જે મનની પીડા હતી તે પણ ગઈ. ઘણા મોટાની આજ્ઞા ભગવાનના ગુણો કહેવાની થઈ. ‘નિયોગઃ’ ભગવાનના ગુણો કહેવા માટે આજ્ઞા થઈ. તેણે તરત જ મનની પીડા દૂર કરી. તેથી તમારી સેવા અને આજ્ઞા મને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારા થયાં.૧૮

૧.બ્રહ્મકલ્પમાં પૃથુના યજ્ઞમાં બૃહસ્પતિના હવિષમાં ગફલતથી ઈંદ્રનું હવિષ પડ્યું, તેમાંથી સૂતની ઉત્પત્તિ થઈ, તેનો મુખ્ય ધંધો પુરાણ કહેવાનો, બીજા થોડાઓની દવા કરતી વિગેરે હલકા ધંધા હતા.

૨.આ શ્લોકથી આરંભી ૬ શ્લોકોમાં કહેલા ૬ ગુણો.

હવે પછી ઉત્તર આપીશ ત્યારે શું થશે તે હું જાણતો નથી. આ ફલ તો પ્રશ્નથી જ પ્રાપ્ત થયું એમ નીચેના શ્લોકથી કહે છે :[1]

**કૃતઃ પુનર્ગૃણતો નામ તસ્ય મહત્તમૈકાન્ત-પરાયણસ્ય ।**
**યોऽનન્તશક્તિઃ ભગવાન્ અનન્તો મહદ્ગુણત્વાદ્ યમ્ અનન્તમ્ આહુઃ ।।૧૯।।**

તો પછી ઘણા ઉત્તમ પુરુષોના એકજ ઉત્તમ પ્રાપ્ત કરવાના સ્થાનરૂપ તેમનું નામ કહેનારાનું તો કહેવું જ શું? જે ભગવાન અનન્ત શક્તિવાળા અનન્ત છે અને જેમના ઘણા ગુણો હોવાથી જેમને અનન્ત કહે છે.૧૯

તેમનું નામ લેનારની ખરાબ કુલના સમ્બન્ધવાળી મનની પીડા કેમ જ રહે? એવો વાક્યનો સમ્બન્ધ છે. આ તો પોતાના સમ્બન્ધમાં કહેલું નથી, નહીં તો પોતાના સમ્બન્ધી કહેલ હોય તો પોતાનાં વખાણ થતાં ગર્વ થાય. તેથી સારા કુળ વિનાનાઓના ઉદ્ધાર માટે અને કુલીનોને ગર્વ ન થાય તે માટે, માત્ર નામનો ઉચ્ચાર કરનારાને પ્રાપ્ત થતું ફલ કહેલું છે, અને એકવચનથી[2] કહેલું હોવાથી પોતાના સમ્બન્ધમાં કહેલું નથી. ‘ઉત્તમ પુરુષોના એક જ ઉત્તમ સ્થાનરૂપ’ શબ્દથી નામનું માહાત્મ્ય કહેલું છે. ઉત્તમ પુરુષોને પણ તેમનાં નામનો ઉચ્ચાર કરવામાં, પોતાનો ઈચ્છેલું સ્થાન પ્રાપ્ત થતું હોવાથી, નામનો ઉચ્ચાર કરનારાની જરૂર[3] ઘણા ભાગે આ મારાં ઈચ્છેલાં સ્થાનને જાણે છે એવા વિચારથી રહે છે. તેથી તેઓ ઉત્તમ પુરુષો પણ નામનો ઉચ્ચાર કરનારને અનુકૂલ થશે, એવો ભાવ છે. એવી રીતે સર્વે આદર કરવા યોગ્ય

નામના ઉચ્ચારનું માહાત્મ્ય કહીને, ભગવાનનું કેટલું બધું માહાત્મ્ય હોવું જોઈએ એમ જણાવવા ભગવાનનું માહાત્મ્ય કહે છે. તેથી ઉત્તમ પુરુષો, ભગવાનનું નામ અને ભગવાન એ એક પછી એક ઉત્તમ છે. તેથી તેમનામાં શ્રદ્ધા રાખવાથી તેવું જ ફલ પ્રાપ્ત થાય છે એમ જણાવવા ભગવાનનું માહાત્મ્ય કહે છે. તેમ ન હોત તો નામના ઉચ્ચારથી જ શાસ્ત્ર સમાપ્ત થાત, અને તેથી ભાગવતનો આરંભ કરવાનું ન રહેત.

તેથી ઉત્તરાર્ધથી ભગવાનનું માહાત્મ્ય કહે છે. જેમનું નામ આવું છે તે અનન્ત શક્તિવાળા છે એમ કહેવામાં[૪] આવે ત્યારે નામનાં મુખ્યપણાંથી ભગવાનનું માહાત્મ્ય કહેલું થાય, તેથી ઉલટા પ્રકારથી[૫] કહેતાં, પછીના વાક્ય ઉત્તરાર્ધ માં જ[૫] 'યત્' 'જે' શબ્દ યોજેલો છે. 'મહતઃ' ઉત્તમની 'ભાવઃ' સ્થિતિ તે માહાત્મ્ય, અને દેશ અને કાલની હદ વિનાના તથા વસ્તુની હદ વિનાના હોવાથી માહાત્મ્ય થાય છે. તેવાં ત્રણે પ્રકારની હદ વિનાનાં ભગવાનનાં તે ત્રણ : શક્તિઓ, સ્વરૂપ અને ગુણો  સ્વરૂપથી કાર્યથી અને ફલથી થએલાં છે. તેથી ભગવાનમાં નવ પ્રકારનું[૬] અનન્તપણું થાય છે. તે 'યોઽનન્તશક્તિઃ' એમ કહેલું છે. સર્વ તરફથી [ક]અનન્ત શક્તિઓ છે જેમની અથવા [ખ]અંતવિનાની શક્તિ છે જેમની અથવા [ગ]અંત વગરનાઓમાં છે શક્તિ જેમની તેવા ભગવાન છે. પાછળનામાં[૭] પણ એવી રીતે લેવું. અને ભગવાન અનનત છે. આથી સ્વરૂપનું અનન્તપણું કહ્યું. 'ન' નથી 'અન્તઃ' અંત, જેમનો, જેમનામાંથી અથવા જેમનામાં તેવા છે. તેમનામાં શ્રદ્ધાવાળાઓનો પણ અંત ન હોવાનું સૂચવેલું છે. વળી ગુણોનું અનન્તપણું બે પ્રકારનું છે. [ક]ઉત્તમપણાંને લીધે અને [ખ]ગુણ હોવાને લીધે. ગુણો સ્વરૂપથી અનન્ત છે અને તેમનું ઉત્તમપણું અનન્ત છે. એક-એકે ગુણમાં પણ ઉત્તમપણાંની હદ નથી. 'ચ' 'અને' શબ્દથી ભગવાનની પેઠે ગુણોના પણ પેટા-ભેદો છે. એવી રીતે હદ ન હોવાના એક પ્રકારથી માહાત્મ્ય કહ્યું, અને એમ પણ સૂચવેલું છે કે માહાત્મ્યો અનન્ત છે.૧૯

૧.ઉત્તર આપીશ ત્યારે અધિક ફલ પ્રાપ્ત થશે એમ કૈમુતિક ન્યાયથી કહે છે.

૨.પોતાના માટે શ્લો. ૧૮ માં 'વયમ્' 'અમે' એમ બહુવચન પોતાનાં વખાણ કરવા યોજેલ, અહીં 'ગૃણતઃ' નામ 'ઉચ્ચાર કરનારને' શબ્દ એકવચનમાં યોજેલ છે. તેથી પોતાના માટે યોજેલ નથી.

૩.સ્વીકારવા તરીકે જરૂર રહે છે. ૪.'વક્તવ્યે' એટલે કહેવામાં આવેલ હોય ત્યારે.

૫.ભગવાન કહીને પછી નામનું માહાત્મ્ય કહેતાં  જેમનું નામ આવા ગુણવાળું છે તે ભગવાન ગુણવાળા છે એમ કહેવાથી નામના મુખ્યપણાંથી ભગવાનના ગુણો થયા ગણાય, તેથી ઉલટા પ્રકારે કહેલ છે. જે ભગવાન અનન્ત શક્તિવાળા છે તેમના ગુણો પણ કેટલા ઉત્તમ છે એમ જણાવવા 'જે' શબ્દ ઉત્તરાર્ધમાં મૂકેલ છે. ભગવાનના માહાત્મ્યથી તેમના ગુણોનું માહાત્મ્ય છે, એવો અર્થ છે.

૬.ભગવાનના સ્વરૂપનું ત્રણે પ્રકારની હદ વિનાનું તેમની શક્તિનું કાર્ય અને ગુણોનું ફલ, સર્વ વસ્તુઓમાં સદા, સર્વ સ્થલે જોવામાં આવતાં હોવાથી, શક્તિનું સર્વ ત્રણ પ્રકારની હદ વિનાનું અને ગુણોનું ફલ ત્રણ પ્રકારની હદ વિનાનું થાય છે. તેથી ભગવાનમાં નવ પ્રકારનું અનન્તપણું થયું.

૭.ઘણા ગુણોવાળા, શબ્દથી જણાવેલ ગુણોમાં પણ, એવો અર્થ છે.

હવે ભગવાનનું બીજું માહાત્મ્ય ઉત્તમ પ્રકારે કહો, એવી ઋષિઓની ઈચ્છા થતાં નીચેનો શ્લોક કહે છે :

**એતાવતાऽલં નનુ સૂચિતેન ગુણૈર્ અસામ્યાન્ અતિશાયનસ્ય ।**
**હિત્વેતરાન્ પ્રાર્થયતો વિભૂતિઃ યસ્યાંઘ્રિરેણું જુષતેऽનભીપ્સોઃ ।।૨૦।।**

બીજા પ્રાર્થના કરનારાઓને તજીને ગુણોથી જેમની સમાન તથા અધિક કોઈ નથી તેવા ન ઈચ્છનારના પણ ચરણની રેણુને લક્ષ્મી ભજે છે તેમનું હે ઋષિઓ! આટલું સૂચન ઘણું થઈ ગયું.૨૦

સ્વભાવથી ભગવાનનાં માહાત્મ્યો કહી શકાતાં જ નથી, માત્ર સૂચન કરવું જોઈએ. નહીં તો મહારાજાધિરાજનું સ્વરૂપ સ્પષ્ટ પ્રકારે કહેવાથી અપરાધ થાય. સૂચન પણ બહુ ન કરવું, તે કહે છે કે આટલું સૂચન ઘણું થઈ ગયું. આટલું સૂચન પણ ન કરવું જોઈએ, એવો અર્થ છે. 'નનુ!' હે ઋષિઓ, એ સંબોધન અન્તઃકરણની જ સંમતિ દર્શાવવા કરેલું છે, અને માહાત્મ્યના રસમાં પડેલો કહે છે. માહાત્મ્ય થોડું વધારે પ્રકારથી કહેવું જોઈએ, તે તેમની જાતના તેવા પુરુષ હોય ત્યારે સંભવે. તેવું ભગવાનના વિષે સંભવતું નથી, એમ 'ગુણોથી જેમની સમાન તથા અધિક કોઈ નથી' એ વિશેષણથી કહેલ છે. સરખામણીના કારણરૂપ ગુણોથી કોઈ તેમની સરખું અથવા અધિક નથી. એવી રીતે સ્વરૂપથી અને શક્તિઓથી કોઈ તેમની સમાન અથવા અધિક નથી. છતાં પણ કાંઈક માહાત્મ્ય સૂચવું છું એમ ઉત્તરાર્ધથી કહે છે. 'તેના વિના દેવપણું ક્યાં છે?'[1] એ વિગેરે વાક્યોના ધોરણે સર્વનું મૂલ લક્ષ્મી છે, અને તે વિચાર કરનારી છે. એવી રીતે સ્વરૂપથી અને બુદ્ધિથી ઉત્તમ લક્ષ્મી જો સર્વને તજીને ભગવાનને ભજતી હોય તો ભગવાન સર્વથી ઉત્તમ હોવાનું વિવેચન કરી કહેવાનું રહેતું નથી; કારણકે સર્વથી ઉત્તમ લક્ષ્મી જો પોતાની મેળે રહી શકતી હોત, તો શું કરવા ભજત? જો ભોગ કરવા માટે ભજતી હોત તો પ્રાર્થના કરનારા બીજાઓને પણ તજી ન ઈચ્છનારને શા માટે ભજત? અને તે પણ ન ઈચ્છનારના ચરણની રેણુને કેમ ભજત? તેથી ભગવાનના ચરણની રેણુથી પણ તે હલકી છે, અને તેના કરતાં બીજાઓ હલકા છે. તેથી માહાત્મ્યનું નિરૂપણ ન કરવું જોઈએ, કારણકે રાઈના દાણાથી મેરુ મોટો છે એમ કોઈપણ કહેતું નથી.૨૦

૧.આ વાક્ય વિષ્ણુપુરાણમાં ઈંદ્રે કરેલી લક્ષ્મીની સ્તુતિમાં છે.

અથવા આ લક્ષ્મી પ્રકૃતિરૂપ અથવા સ્ત્રીરૂપ હોવાથી બુદ્ધિવગરની ભલે હોય અને તેથી ભગવાનનું માહાત્મ્ય સૂચવવા માટે ઉત્તમ પુરુષે વિચારપૂર્વક કરેલું ભજન કહેવું જોઈએ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અથાऽપિ યત્પાદનખાવસૃષ્ટં જગત્‌વિરિઞ્ચોપહૃતાર્હણામ્ભઃ ।**
**સેશં પુનાત્યન્યતમો મુકુન્દાત્મકો નામ લોકે ભગવત્પદાર્થઃ ।।૨૧।।**

છતાં પણ જેમના ચરણમાંથી નીકળેલું બ્રહ્માએ સમર્પણ કરેલું પૂજનનું જલ શંકર

સહિત જગતને પવિત્ર કરે છે તે મુકુન્દથી જુદો લોકમાં ભગવાન્ પદાર્થ કયો છે?૨૧

જો કે ભગવાનની વિભૂતિ હોવાથી લક્ષ્મીમાં સ્ત્રીપણું વિગેરેથી થતો દોષ હોવાનું સંભવતું નથી અને તર્ક[1] પણ કહેલો છે. છતાં પણ 'દુર્જનને સંતોષ થાઓ' એ ધોરણે જુદા પ્રકારે માહાત્મ્યનું સૂચન કરવામાં આવે છે.

બ્રહ્મા વિષ્ણુ અને શંકર ત્રણ ઉત્તમ છે. તે પૈકી બ્રહ્મા ભગવાનનાં ચરણ ધોનારા છે, અને શંકર ચરણોદક ધારણ કરનારા છે. આમનાથી જુદો કોણ ઉત્તમ હોય? તે કહે છે. 'વિરિઞ્ચેન' બ્રહ્માએ 'ઉપહૃતમ્' સમર્પણ કરેલું. 'અર્હણામ્ભઃ' પૂજનનાં સાધનનું જલ. જેમના ચરણકમલમાંથી નીકળેલું પૂજનનાં સાધનનું જલ, એટલે ગંગા એવો અર્થ છે, તે 'સેશં' મહાદેવસહિત જગતને પવિત્ર કરે છે. અથવા 'નખાવસૃષ્ટમ્' એ[2] જુદું પદ લેવું. તેનાથી બ્રહ્માંડ તૂટવાથી જ્યારે ચરણનું જલ આવ્યું, ત્યારે તે પણ અલકનન્દારૂપથી ભેગું થએલું. અથવા 'નખમાંથી નીકળેલું' શબ્દથી ભગવાન કરતાં જલ ઘણું હલકું હોવાને જણાવેલ છે. કારણકે નખમાંથી નીકળેલ જલ ઘણું હલકું હોય છે. શંકરનું તેનાથી થએલું પવિત્રપણું આગળ[3] કહેવામાં આવશે. 'શેષં પુનાતિ' 'બાકીનાને પવિત્ર કરે છે' એવો પાઠ હોય ત્યારે ભગવાન સિવાયનું બધું બ્રહ્માથી આરંભી ખડનાં તણખલાં સુધીનું બધું પવિત્ર કરે છે એવો અર્થ થાય. જ્યારે બીજાઓને નખમાંથી નીકળેલા જલથી થતાં પવિત્રપણાંની ઇચ્છા થાય છે, ત્યારે 'ભગવાન' શબ્દના અર્થવાળો બીજો કોણ હોય?

'ભલે કોઈ બીજો ન હોય, કારણકે અક્ષરથી ઉત્તમ હોય તેજ ભગવાન હોઈ શકે' એમ કહેવામાં આવે તે સમ્બન્ધ માં કહે છે કે, 'લોકમાં બીજો કોણ? ' વેદમાં તો તે ભગવાન છે જ. લોકમાં પણ પ્રસિદ્ધ ભગવાન કહેવા જોઈએ. લોક તો માત્ર બ્રહ્માંડને જૂએ છે. તેથી બ્રહ્માંડમાં જે પ્રભુ તે ભગવાન એમ કહેવાયું. 'ભગવાન' શબ્દનો અર્થ, જેનાથી કોઈ અધિક નથી તેવું બ્રહ્મ છે.૨૧

૧. લક્ષ્મીમાં જો દોષ હોત, તો તે ભગવાનનું ભજન ન કરત, તેવો તર્ક

૨.પાદ ચરણ માંથી નીકળેલું અને નખમાંથી નીકળેલું, એમ 'નીકળેલું' શબ્દનો સમ્બન્ધ ચરણ અને નખ બંને સાથે લેવો.

૩.ત્રીજા સ્કન્ધમાં કપિલના વચનમાં, અને નવમા સ્કન્ધમાં શુકના વચનમાં.

એવી રીતે તર્કથી અને પ્રમાણથી ભગવત્પણું સાબિત કરીને, નીચેના શ્લોકમાં પ્રભાવથી પણ ભગવાનપણું હોવાનું કહે છે :

**યત્રાऽનુરક્તાઃ સહસૈવ ધીરા વ્યપોહ્ય દેહાદિષુ સંગમૂઢમ્ ।**
**વ્રજન્તિ તત્ પારમહંસ્યમ્ અન્ત્યં યસ્મિન્ અહિંસોપરમઃ સ્વધર્મઃ ।।૨૨।।**

જેમનામાં પ્રેમવાળા ધીર પુરુષો દેહ વિગેરેમાં વધેલા સંગને તરતજ દૂર કરી, જેમાં અહિંસા અને શાંતિ પોતાનો ધર્મ છે તે છેવટનાં પરમહંસનાં સ્થાનને પ્રાપ્ત કરે છે.૨૩

જેમ બીજાના નખનું જલ સર્વ પુરુષાર્થનો નાશ કરનારું છે, તેજ ભગવાનના નખનું જલ સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું છે, તેમ બીજામાં પ્રેમ હોય તે અન્તઃકરણનો નાશ કરનાર છે, પરન્તુ ભગવાનમાં થોડો પણ પ્રેમ હોય તો તે સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારો છે. તે આ શ્લોક માં કહે છે. 'યત્ર' જે ભગવાનમાં હરકોઈ પ્રેમવાળા હોયદ્ગ બ્રાહ્મણ વિગેરે હોવો જોઈએ એવો નિયમ નથી અને બીજાં સાધનની જરૂર નથી, તે 'તરત જ' શબ્દથી કહેલું છે. દ્ગ તે છેવટનું સ્થાન પ્રાપ્ત કરે છે. આમાં કામના અથવા બલથી પ્રાપ્ત થતો વિષયોનો ભોગ વિઘ્નકારક છે, તે દૂર કરવા 'ધીર પુરુષો ' એમ કહેલું છે. કામના વિગેરે ઉપર-ઉપરથી સુખ પ્રાપ્ત કરાવનાર જણાય છે. તેથી વિવેકથી ધૈર્ય કરવું રાખવું જોઈએ. અથવા ભગવાનમાં પ્રેમવાળા ધીર પણ થાય[1] છે. પ્રેમ જ બીજા કોઈની સાહાય્ય કરનાર વિનાનો જરૂરી સાધન અને પ્રાપ્ત કરવાનું ફલ પ્રાપ્ત કરાવે છે, એવો અર્થ છે; કારણકે રાગ અન્તઃકરણનો ગુણ છે. તે પોતાના સોબતીઓને પુષ્ટ કરે છે, પોતાના સોબતીઓનો નાશ કરતો નથી, પરન્તુ ભગવાનનો સમ્બન્ધ પ્રાપ્ત કરીને ભગવાનથી પવિત્ર થએલો પોતાના સોબતીઓ બધાનો એ નાશ કરે છે. તેથી જે પ્રેમ વિઘ્નકારક સંસારનું કારણ થએલ, તેજ પોતાના સર્વ સોબતીઓનો નાશ કરી ભગવાનનું સ્થાન પ્રાપ્ત કરાવે છે, એ પ્રમાણે પ્રેમ ચિહ્ન તરીકે કહેલો હોવાથી દ્વેષ વિગેરેથી અપવાદ થતો નથી. દેહ વિગેરેમાં વધેલો સંગ અહન્તા-મમતારૂપ છે. તેવા વધેલા સંગને દૂર કરી છેવટનું સ્થાન પ્રાપ્ત કરાવે છે. 'વધેલા' શબ્દથી વેદથી પણ જણાવેલ સંગ સૂચવેલો છે. જેમ પરણેલી સ્ત્રી ત્યાગ કરવા યોગ્ય નથી તેની પેઠે દેહ વિગેરે ઉપરના સંગ પ્રેમનો ત્યાગ ન કરવો, એવી ''દેહનું સદા રક્ષણ કરવું'' ''શરીર ખરેખર પ્રથમ ધર્મનું સાધન છે'' ''દેહ પુરુષને સર્વ પુરુષાર્થ આપનારો છે'' આવા પ્રકારના વાક્યોએ ઉત્પન્ન કરેલી બુદ્ધિનો પણ ''જ્યારે ભગવાન કૃપા કરે છે ત્યારે તે લોકમાં અને વેદમાં ઘણી દઢ થએલી મતિનો ત્યાગ કરે છે'' (૪।૨૯।૪૬) એ વાક્ય પ્રમાણે ત્યાગ કરાવે છે. જ્ઞાનમાં તો એવી બુદ્ધિનો ત્યાગ જ પુરુષાર્થ છે. આ માર્ગમાં તો તે વચલી ક્રિયા છે એમ ઉત્તરાર્ધથી કહે છે. જેમનામાં પ્રેમવાળા 'મારા ભકતો વળી મને પ્રાપ્ત કરે છે' એ વાક્ય પ્રમાણે, તે સ્થાન પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે.

આ હલકું ફલ હશે દ્ગ એવી શંકા થાય, તેથી 'પરમહંસ્ય' એમ કહેલું છે. પરમહંસોએ પ્રાપ્ત કરવા યોગ્ય ફલ છે. ક્રમથી થનારી મુક્તિમાં તેઓ વૈશ્વાનર વિગેરે લોકને પણ પ્રાપ્ત કરે છે, તેની પેઠે આ પણ વચલું સ્થાન હશે દ્ગ એવી શંકા થાય, તેથી 'છેવટનું' એમ કહેલું છે. ''આનન્દમય થઈ છેવટનો આનન્દ પ્રાપ્ત કરે છે'' એ વાક્યમાં કહેલું સ્થાન પ્રાપ્ત કરે છે. આથી ઉત્તમ પ્રાપ્ત કરવા યોગ્ય બીજું સ્થાન નથી, એવો અર્થ છે. 'આ ધર્મ કરાવનાર ન હોવાથી, વેદમાં કહેલું ન હોવાથી પ્રમાણ વિનાનું છે. તેથી ઉપર જણાવ્યું તે સત્પુરુષોનો માર્ગ નથી' એવી શંકા થાય, તેથી 'જેમાં અહિંસા અને શાંતિ પોતાનો ધર્મ છે' એમ કહેલું છે. પૂર્વકાંડમાં ધર્મ જણાવેલો છે. ઉત્તરકાંડમાં જ્ઞાનથી પ્રાપ્ત કરવાની અવિદ્યાની શાંતિ જણાવેલી

છે. આ બે ભગવાન ઉપરના પ્રેમનો, જેમ જલનો રસ ગુણ છે તેવો, સ્વાભાવિક ગુણ છે. તેથી સર્વ વેદાન્તો ભક્તિ જણાવનારા હોવાથી, ભક્તિમાં વેદનો વિરોધ હોવાની શંકા ન કરવી. 'અહિંસા' શબ્દથી મુખ્ય ગુણ કહેલો છે. યજ્ઞ માટે પશુને મારવું એ હિંસાના અર્થવાળું નથી એમ અમે કહેલું છે તેથી અહિંસા અને અવિદ્યાની શાંતિ ભગવાન ઉપરના પ્રેમને કુદરતી હોવાથી ભક્તના સમ્બન્ધમાં વેદની આજ્ઞાની શક્તિ જ[2] મંદ થઈ ગએલી છે, પરન્તુ તેનો વિરોધ નથી, એવો અર્થ છે. આટલાથી એમ કહેલું છે કે ભગવાનનું માહાત્મ્ય અનન્ત છે અને કોઈએ પણ કહેવું યોગ્ય નથી.૨૨

૧.પ્રેમથી જ ધીર થાય છે, એવો અર્થ છે.

૨.કારણ કે તે કાર્ય કરે તે પહેલાં જ તેણે જણાવેલ કાર્યમાં ભગવાનમાં પ્રેમવાળાની પ્રવૃત્તિ થઈ હોય છે.

ત્યારે તમે કેમ કહેશો? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અહં હિ પૃષ્ટોઽર્યમણો ભવદ્ભિઃ આચક્ષ આત્માવગમોઽત્ર યાવાન્ ।**
**નભઃ પતન્ત્યાત્મસમં પતત્રિણઃ તથા સમં વિષ્ણુગતિં વિપશ્ચિતઃ ।।૨૩।।**

હે સૂર્ય જેવા તેજસ્વીઓ! કારણકે તમે મને પૂછ્યું તેથી આ વિષયમાં મારું જેટલું જ્ઞાન છે તેટલું હું કહીશ. પક્ષીઓ પોતાની શક્તિ જેટલાં આકાશમાં ઉડે છે તેમ જ્ઞાનીઓ વિષ્ણુનું ચરિત્ર પોતાની યોગ્યતા જેટલું જાણે છે.૨૩

'અર્યમણઃ' =હે સૂર્ય જેવા તેજસ્વીઓ. આ સંબોધનથી એમ જણાવ્યું છે કે તમે જ ભગવાનના ગુણોનો પ્રકાશ કરેલો છે, મને સ્મરણ કરાવ્યું છે. અને તમારા પોતાનાં માહાત્મ્યથી મને જણાવેલા છે, તે તમને મારે કહેવાના છે તેથી હું કાંઈ નવું કહેનારો નથી પણ કહેલું ફરી કહેવાનો છું, તેથી બ્રાહ્મણોને ઉપદેશ કરવાથી થતો દોષ મને લાગશે નહીં. તેથી જ 'હિ' 'કારણકે' એમ કહેલું છે. 'મને પૂછ્યું', તમોએ જ મને ભગવાનના ગુણોનું વર્ણન કરવાની આજ્ઞા કરી તેથી તમને કહીશ. 'ભવદ્ભિઃ' શબ્દનો તમે પૂછ્યુંદ્ર તમને કહીશ એમ બંને બાજુ સમ્બન્ધ છે, પરન્તુ મારી પોતાની બુદ્ધિ પ્રમાણે કહીશ. 'આ વિષયમાં મારું જેટલું જ્ઞાન છે' શબ્દોથી તે કહેલું છે. જો કે 'અર્થ જાણીને ખરેખર વાક્યની રચના થાય' એ નિયમ પ્રમાણે વાક્યનું જ્ઞાન આવી જાય છે જ, છતાં પણ વેદના પાઠની[1] પેઠે હું નહીં કહું, કારણકે તેમ કહેવામાં આવે ત્યારે અર્થ જણાય નહીં.

આટલાથી શું થાય? કારણકે ભગવાનના સર્વ ગુણો કહેવાશે નહીં? એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. ગરુડ વિગેરે પક્ષીઓ 'નભઃ' આકાશ પોતાની શક્તિ જેટલું જ ઉડે છે, પરન્તુ આકાશની વિશાલતા પ્રમાણે ઉડતા નથી, છતાં આકાશમાં ઉડનારા પ્રસિદ્ધ થાય છે, તેવી રીતે હું પણ ભગવાનના ગુણો કહેનારો પ્રસિદ્ધ થઈશ, એવો અર્થ છે. 'દષ્ટાન્ત અયોગ્ય છે. ક્રિયા તો હદવાળી જ હોય, જ્ઞાન તો હદ વિનાના પદાર્થ સમ્બન્ધી હોય છે' એવી શંકા થાય, તેથી 'તેમ જ્ઞાનીઓ પોતાની યોગ્યતા જેટલું જાણે છે' એમ કહેલું છે. 'વિપશ્ચિતઃ'

જ્ઞાનીઓ પણ ‘વિષ્ણોઃ’ સર્વત્ર રહેલા ભગવાનનું ‘ગતિમ્’ ચરિત્ર પોતાની યોગ્યતા પ્રમાણે જ જાણે છે. તેમ ન હોય તો થોડું જાણનાર ન કહેવાય, અને ભગવાનની સમાન થાય. ‘ગતિમ્’ ‘ચરિત્ર’ એ એકવચનથી એમ કહેલું છે કે બધાએ ગુણ આકાશની સમાન હોવાથી, એક ગુણનું પણ કોઈને પણ સારી રીતે જ્ઞાન હોતું નથી. તેથી આ માત્ર મારોજ દોષ છે એવું નથી, પરન્તુ વિષય જ તેવો છે એવો અર્થ છે.૨૩

૧.‘વેદના પાઠની પેઠે’ એટલે હાલના સમયના વેદના પાઠ પેઠે.

એ પ્રમાણે અધૂરું કહેનાર હોવાનો દોષ દૂર કરી, નીચેના શ્લોકથી આરંભી પૂછેલાનો ઉત્તર કહે છે :

**એકદા ધનુરુદ્યમ્ય વિચરન્ મૃગયાં વને ।**
**મૃગાનુગતઃ શ્રાન્તઃ તૃષિતો ક્ષુધિતો ભૃશમ્ ।**
**જલાશયમ્ અચક્ષાણઃ પ્રવિવેશ તમ્ આશ્રમમ્ ।।૨૪।।**

એક દિવસે ધનુષ્ય ખેંચીને વનમાં મૃગયા કરતાં મૃગોની પાછળ દોડતાં થાકેલા, તરસ્યા થએલા અને ઘણું ભૂખ્યા થએલાએ જલાશય ન જોતાં તે આશ્રમમાં સત્તાથી પ્રવેશ કર્યો.૨૪

રાજાના દોષથી શાપ થયો એમ કહેવા, સ્વભાવથી કરેલી ક્રિયા દુઃખ કરાવનારી થાય છે એમ જણાવે છે. ‘ધનુષ્ય ખેંચીને’ શબ્દોથી વધ કરવામાં ચિત્ત હોવાનું સૂચવેલું છે. વનમાં પારધિની પેઠે મૃગયા કરતાં દોડતો મૃગોની પાછળ પડ્યો. ૧.મૃગોના સંગને લીધે ‘‘અરણ્યના નાના પશુઓ શોકથી ઘેરાએલાં હોય છે’’ એ શ્રુતિ પ્રમાણે તેમનો શોક આ રાજામાં પણ ઉત્પન્ન થયો. તેથી જ ૨.તે થાકી ગયો, અને ૩.તરસ્યો અને ભૂખ્યો પણ થયો. ત્રણ દોષો ઉત્પન્ન થયા એવો અર્થ છે. તેમ ન હોય તો સદા યુદ્ધ કરવા છતાં પણ જેનું બલ ઘટતું ન હતું તેવા મોટા વીરને થાક વિગેરે કેમ થાય? તેથી દુષ્ટોની પાછળ જવું ન જોઈએ. ‘ઘણું ભૂખ્યા’ શબ્દથી સહન ન થઈ શકે તેવી ભૂખ કહેલી છે. દોષથી ઉત્પન્ન થએલા શ્રમ વિગેરે દોષ જ ઉત્પન્ન કરનારા છે પણ ગુણ ઉત્પન્ન કરનારા નથી એમ કહેવા, તેવા રાજાનો બીજો પણ દોષ થયો એમ ‘જલાશય ન જોતાં’ શબ્દથી કહેલ છે. ‘અચક્ષાણઃ’ એટલે ન જોતાં. જલાશયો પણ દેવરૂપ હોવાથી તેના વિગેરે તેઓ પણ અદૃશ્ય થયા, એવું તાત્પર્ય છે. ‘સત્તાથી પ્રવેશ કર્યો’ એટલે પૂછ્યા વિના, રજા વિના પ્રવેશ કર્યો. તેથી ઋષિના સ્થાન સુધી ગયો. ‘તે’ એટલે પ્રસિદ્ધ, પરાભવ પામેલા અશ્વત્થામાનું મન્ત્રણા કરવાનું સ્થાન હતું.૨૪

દોષથી ઘેરાએલ રાજાને પોતાને સત્પુરુષનાં દર્શન થયાં ત્યારે પણ સારી બુદ્ધિ ઉત્પન્ન ન થઈ, જેમ સન્નિપાતથી ઘેરાએલો ઘીથી પણ મરણ પામે તેવું થયું એમ નીચેના શ્લોકથી આરંભી સાડા ત્રણ શ્લોકથી કહે છે. તેનો દોષ અધિક જણાય તે માટે તેમાંના નીચેના

બે શ્લોકોથી મુનિનું વર્ણન કરે છે :

**દદર્શ મુનિમ્ આસીનં શાન્તં મીલિતલોચનમ્ ।**
**પ્રતિરુદ્ધેન્દ્રિયપ્રાણ મનોબુદ્ધિમ્ ઉપારતમ્ ।।૨૫।।**
**સ્થાનત્રયાત્ પરં પ્રાપ્તં બ્રહ્મભૂતમ્ અવિક્રિયમ્ ।**
**વિપ્રકીર્ણજટાચ્છન્નં રૌરવેણાડજીનેન ચ ।।૨૬।।**

બેઠેલા, શાંત, નયન મીંચેલા, ઈંદ્રિયો પ્રાણ મન અને બુદ્ધિને રુંધેલા, આનન્દ કરતા, ત્રણ સ્થાનથી ઉપર પ્રાપ્ત થએલા, બ્રહ્મરૂપ થએલા, વિકાર રહિત, વીંખરાએલી જટાથી ઢંકાએલા, રુરુમૃગના અને કૃષ્ણમૃગના ચામડાં ઓઢેલા મુનિને જોયા.૨૫-૨૬.

'મુનિ' શબ્દથી એમ જણાવેલું છે કે તેને બ્રહ્મના સમ્બન્ધવાળાં શ્રવણ અને મનન પ્રાપ્ત થએલાં. 'બેઠેલા' એટલે કે તે નિદિધ્યાસનમાં રોકાએલા હતા, અને યોગમાં આસન ત્રીજું અંગ છે. તેથી પહેલાંના બે યમ અને નિયમ વાસ્તવિક રીતે કહેવાયાં. 'શાંત' વિશેષણથી પ્રાણાયમથી મનને વશ કરેલ હોવાનું કહ્યું. 'નયન મીંચેલા' શબ્દથી પ્રત્યાહાર[1] કહ્યો. ધારણા અને ધ્યાન કહેવા માટે 'ઈંદ્રિયો પ્રાણ મન અને બુદ્ધિનો રુંધેલા' શબ્દથી પ્રત્યાહારને જ સ્પષ્ટ કરે છે. અથવા 'નયન મીંચેલા' શબ્દથી વિષયો વિઘ્ન ન કરતા હોવાનું સૂચવેલું છે. ઉલટી રીતે રાખેલા એટલે અંદર વાળેલા હતા ઈંદ્રિયો પ્રાણ મન અને બુદ્ધિ જેણે તેવા મુનિ હતા. એવી રીતે બહારના વિષયો અને અંદરના વિષયો દૂર કર્યા પછી તે પોતાના દેહમાં રહેલા ભગવાનમાં 'આ' સર્વ તરફથી 'રતઃ' આનન્દ કરતો હતો તે દેહથી ભગવાનનો સેવક થયો એમ કહ્યું. આથી ધ્યાન અને ધારણા પણ સૂચવાયા. 'ત્રણ સ્થાનથી ઉપર પ્રાપ્ત થએલા' વિશેષણથી સમાધિ કહેલી છે. જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અને સમાધિ પ્રકારનાં જીવનાં ચાર સ્થાનો છે. તેમાં ભગવાનનાં બે[2] કાર્ય : ગુણો અને સ્વરૂપ અનુક્રમે પ્રકટ થએલાં જણાય છે. તેથી ત્રણ સ્થાનથી ઉપર સમાધિ પ્રાપ્ત કરેલાને આને ભગવાનનું સ્વરૂપ જણાય છે, એવો અર્થ છે. માત્ર સ્વરૂપ જણાતું હતું એટલું જ નહીં, પરન્તુ "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" એ શ્રુતિ પ્રમાણે ફલ પણ પ્રાપ્ત થએલું એમ 'બ્રહ્મરૂપ થએલાં' વિશેષણથી કહેલું છે. અસમ્પ્રજ્ઞાત[3] સમાધિ જણાવવા 'વિકારરહિત' એમ કહેલ છે. તે સર્વ હરકોઈ વિકાર વિનાનો હતો. આથી દેહ અને આયુષ્યનાં વૃદ્ધિ અને ક્ષય પણ થતાં ન હતાં. મનની ક્રિયા પણ રહી ન હતી. માત્ર સ્વરૂપથી જ ભગવાનની સેવા કરતો હતો એમ કહેવાયું. બહારનાં સમાધિમાં વિઘ્ન કરનારની અવગણનાનો પ્રકાર તેણે પહેલાં જ કરેલો એમ 'વીખરાએલી જટાથી ઢંકાએલા' વિશેષણથી કહેલું છે. ઘણાં શીંગડાવાળું હરણ 'રુરુ' કહેવાય છે. રુરુના ચામડાંથી અને કાળા હરણના ચામડાંથી ઉપરથી ઢંકાએલો હતો. આટલાથી બહારની અને અંદરની વ્યવસ્થાથી તે સર્વ કોઈ પણ પ્રકારે પ્રાર્થના કરવા યોગ્ય ન હતો એમ સૂચવેલું છે.૨૫-૨૬.

૧.'પ્રત્યાહાર' એટલે પાછું ખેંચવું. નયનોને પાછા ખેંચી અન્તઃકરણ તરફ વાળેલાં હતાં.
૨.'બે કાર્ય' એટલે બહારનાં અને અંદરનાં કાર્ય જાગ્રત સ્થિતિમાં બહારનાં કાર્ય અને સ્વપ્નમાં અંદરના કાર્ય

જણાય છે. સુષુપ્તિમાં ગુણો અને સમાધિમાં સ્વરૂપ જણાય છે.
૩.જેમાં બહારના વિષયોનું ભાન ન રહે, માત્ર ભગવાનનું ભાન થાય તેવી સમાધિ.

તેવાની પણ રાજાએ યાચના કરી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**વિશુષ્યત્ તાલુરુદકં તથાભૂતમ્ અયાચત ।**
**અલબ્ધતૃણભૂમ્યાદિઃ અસમ્પ્રાપ્તાર્ઘ્યસૂનૃતઃ ॥**
**અવજ્ઞાતમિવાઽઽત્માનં મન્યમાનશ્ચુકોપ હ ॥૨૭॥**

સૂકાઈ જતા તાળવાવાળાએ તેવી રીતે રહેલા પાસે જલ માગ્યું. તૃણ ભૂમિ વિગેરે જેને મળેલ નથી, પૂજન અને મીઠી વાણી જેને પ્રાપ્ત થયાં નહીં તેવાએ પોતાને તિરસ્કાર કરેલા જેવો માનતાં, અહો, ક્રોધ કર્યો.૨૭

ઘણું જ સૂકાઈ જતું હતું તાળવું જેનું તેવો રાજા હતો. શોકથી જ તાળવું સૂકાતું હતું. 'તેવી રીતે રહેલા' એટલે ઉપર કહેલા ગુણવાળા મુનિ પાસે જલ માગ્યું ૫.માગવું પણ દોષ જ હતો. ૬.તે દોષથી બીજો પણ દોષ થયો એમ 'તૃણ ભૂમિ વિગેરે જેને મળેલ નથી' વિશેષણથી આરંભી કહે છે. ''તૃણ ભૂમિ જલ અને ચોથી મીઠી વાણી ϖ આ પણ સત્પુરુષોના ઘરમાં ક્યારે નાશ પામતાં નથી'' એવો ઉત્તમ ધર્મ છે. અને તે સદ્ધર્મ તેનામાં ન જોઈને અને પોતે શિક્ષક હોવાનું સ્મરણ કરીને, તેને શિક્ષણ આપવા માટે કરતો હોય તેમ કોપ કર્યો. નથી મળેલ તૃણ ભૂમિ, વિગેરે શબ્દથી જણાવેલ જલ, તૃણ અને ભૂમિ છે આરંભમાં જેના તેવું જલ, એવો અર્થ છે. જલની જરૂર હોવાથી જલ માગ્યાનું કહેલ છે. રાજા હોવાના કારણથી વધારાનો ધર્મ પૂજન વિગેરે આપવાનો હતો. નથી પ્રાપ્ત થયેલાં પૂજનથી આરંભી મીઠી વાણી સુધીના જેને તેવો રાજા હતો. બ્રાહ્મણોએ રાજાના પગ ધોવાનું કરવાનું ન હોવાથી પૂજન કહેલું છે ૭.તે પ્રાપ્ત ન થતાં દોષને લીધે બીજું કારણ હોવાની રાજાએ કલ્પના કરી એમ 'તિરસ્કાર કરેલા જેવો માનતાં ' શબ્દોથી કહેલું છે, અને મુનિએ જલ આપવાની ના પાડેલી ન હોવાથી 'ઇવ' 'જેવો' શબ્દ યોજેલો છે. જો રાજા પોતે જ જલ વિગેરે લેત, તો પણ દોષ ન થાત, કારણકે તે આપત્તિનો ધર્મ હતો, પરન્તુ અભિમાનને લીધે તે પણ તેણે ન કર્યું. તે 'પોતાને તિરસ્કાર કરેલા જેવો માનતાં' શબ્દોથી કહેલું છે ૮.દોષથી દૃષ્ટિ રુંધાઈ ગયેલી હોવાથી મુનિના સ્વરૂપનો વિચાર કર્યા વિના જ માત્ર કોપ કર્યો. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવનારો છે.૨૭

ક્રોધ તો જણાવવા માટે પણ થાય. અહંકારથી થએલો ક્રોધ તો દ્વેષવાળોજ હોય. તે સમયે તેને બીજા બે દોષો થયા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**અભૂતપૂર્વઃ સહસા ક્ષુત્તૃડ્ભ્યામ્ અર્દિતાત્મનઃ ।**
**બ્રાહ્મણં પ્રત્યભૂદ્ બ્રહ્મન્ મત્સરો મન્યુરેવ ચ ॥૨૮॥**

હે બ્રહ્મન્! ભૂખ અને તરસથી પીડાએલા અન્તઃકરણવાળાને એકદમ બ્રાહ્મણ પ્રતિ પહેલાં કોઈવાર ન થએલ તેવો અમર્ષ અને મન્યુ પણ થયા.૨૮

૯.બ્રાહ્મણ પ્રતિ અમર્ષ એવો દોષ તો કોઈપણ સમયે ઉત્પન્ન થએલો ન હતો. 'એકદમ' શબ્દથી વિચારની પણ ઉત્પત્તિ ન થએલ હોવાનું જણાવેલ છે. 'ભૂખ અને તરસથી પીડાએલા અન્તઃકરણવાળાને' શબ્દથી એમ કહેલું છે કે દેહના ધર્મો જ બલવાન થયા. ભૂખ અને તરસથી પીડાએલ હતું 'આત્મા' અન્તઃકરણ જેનું તેવો રાજા હતો. એવી રીતે બ્રાહ્મણનો તિરસ્કાર થયાનું શ્રવણ કરીને શૌનકમાં ખળભળાટ ન થાય તે માટે 'હે બ્રહ્મન્' એવું સંબોધન કરેલું છે. બ્રાહ્મણ ઉપર જ અમર્ષ અને ૧૦.મન્યુ થયા, બીજાની સરસાઈ સહન ન કરવી તે અમર્ષ. એવી રીતે રાજામાં દશ દોષો ઉત્પન્ન થયા, તેનો સરવાળો 'ચ' 'અને' શબ્દથી કરેલો છે.૨૮

ઉપસંહાર કરવા નીચેના શ્લોકથી દોષોનું ફલ કહે છે :

**સ તુ બ્રહ્મઋષેરંસે ગતાસુમુરગં રુષા ।**
**વિનિર્ગચ્છન્ધનુઃકોટ્યા નિધાય પુરમ્ આગતઃ ।।૨૯।।**

તે તો જતાં-જતાં ક્રોધથી બ્રહ્મઋષિના ખભા ઉપર ધનુષ્યના છેડાથી મરેલા સાપને મૂકી શહેરમાં આવ્યો.૨૯

'તુ' 'તો' શબ્દથી પહેલાંનો ક્રોધ તેનું કાર્ય થવાથી નીકળી ગયાનું કહેલ છે. કલિને સ્થાન આપવાથી બ્રાહ્મણનો તિરસ્કાર કરવાની બુદ્ધિ તેને થએલી. બ્રહ્મ થએલ ઋષિ હોવાથી તે પ્રમાણ અને પ્રમેય બંનેના બલવાળો હોવાનું સૂચવેલ છે. તે બલ સદાનું હતું. 'ખભા ઉપર' શબ્દથી એમ જણાવેલ છે કે તે લઈ જતો હતો તે સર્પ, ઋષિનું માથું સાક્ષાત્ બ્રહ્મ રૂપ હોવાથી, તેમના ખભા ઉપર જ પડ્યો, અથવા તે રાજાનો હાથ ખભાથી ઉપર તેમના ખભા ઉપર ચાલ્યો નહીં. સર્પને મારી નાખી, મરણ પછી મરેલાને તેને ઉપાડી જતાં, ધનુષ્યના છેડાથી ઉપાડી ઋષિના ખભા ઉપર મૂકી પોતાના શહેરમાં આવ્યો. મૃગયા કરવા ગએલો તે ધનુષ્યનું અને પોતાનું કાર્ય કરીને આવ્યો. જો ત્યાં જ ઋષિની નજીક રહ્યો હોત, તો તેના પુત્રનું સાન્ત્વન પણ કરત.૨૯

તેમ કરવામાં રાજાનો શું અભિપ્રાય હતો? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**એષ કિં નિભૃતાશેષ  કરણો મીલિતેક્ષણઃ ।**
**મૃષાસમાધિરાહોસ્વિત્ કિં નુ સ્યાત્ ક્ષત્રબન્ધુભિઃ ।।૩૦।।**

જેનાં સર્વ કર્મો શાંત થએલાં છે તેવા આણે શું નયનો મીંચેલા છે, અથવા ક્ષત્રબંધુઓથી શું થાય તેમ છે એવા વિચારથી ખોટી સમાધિ કરેલી છે?૩૦

શાંત થએલાં છે સર્વ કર્મો જેનાં, તેવો થઈ આણે શું નયનો મીંચેલા છે? અથવા મને ઠગવા ખોટી સમાધિ જણાવવા નયનો મીંચેલા છે? એવો વિચાર થયો. ખોટી સમાધિ

જણાવવાનું શું પ્રયોજન હોય? એવો પ્રશ્ન થાય. તે સમ્બન્ધમાં 'ક્ષત્રબંધુઓથી શું થાય તેમ છે?' એમ કહેલું છે. 'નુ' શબ્દ વિચારના અથવા નિશ્ચયના અર્થવાળો છે. ક્ષત્રબંધુઓ આવેલ અથવા ગએલ હોય તેથી શું થાય? રાજા ક્ષત્રબંધુ છે એવું જ્ઞાન તેને યોગથી થએલું. જો કે ખોટી સમાધિ કરેલી હોય તોપણ આ ઋષિથી કાંઈ પણ કરી શકાય તેમ ન હતું, છતાં પણ ચિત્તનું સમાધાન થાય તે માટે રાજાને એવો વિચાર ઉત્પન્ન થયો, એવો અર્થ છે.૩૦

એ પ્રકારના વિચાર વિના કરેલાં કૃત્યનું પરિણામ દુ:ખમાં થયું, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**તસ્ય પુત્રોઽતિતેજસ્વી વિચરન્ બાલકોઽર્ભકૈઃ ।**
**રાજ્ઞાઽઘં પ્રાપિતં તાતં શ્રુત્વા તત્રેદમ્ અબ્રવીત્ ।।૩૧।।**

તેના ઘણા તેજસ્વી બાલક પુત્રે બાલકો સાથે ફરતાં રાજાએ તાતને પાપ પ્રાપ્ત કરાવેલું છે એમ સાંભળીને આ પ્રમાણે કહ્યું.૩૧

'પુમ્' નામના નરકમાંથી 'ત્રાયતે' બચાવે તે પુત્ર. પિતાને જો આનાથી ન બચાવાય તો પુત્રપણું જ ન રહે; અને તે ઘણો તેજસ્વી હતો. આથી તેની શાપ આપવાની શક્તિ જણાવેલી છે. અવિવેક કર્યાનું કારણ પણ કહે છે કે બાલકો સાથે તેણે પણ બાલકે જ આશ્રમના છેડે ફરતાં રાજાએ પિતાને અપરાધ અથવા પાપ પ્રાપ્ત કરાવેલ હોવાનું શ્રવણ કરીને આ કહ્યું. મરેલા સર્પનો સ્પર્શ થતાં પણ પાપ થાય છે અને પાપથી મરણ થાય તેથી અથવા આશ્રમમાં રહેલા સર્પના વધથી મરણ પ્રાપ્ત કરાવેલ છે. અપરાધ અર્થ લઈએ ત્યારે રાજાએ કરેલો અપરાધ મુનિને ફળ્યો એમ સાંભળ્યું , 'તાત' એ સ્નેહનું ચિહ્ન છે. 'ત્યાં' એટલે જ્યાં શ્રવણ કરેલ તે જ સ્થલે કહ્યું.૩૧

ભવિષ્યમાં સજા કહેવા માટે નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી સજા કરવાની યોગ્યતા કહે છે. અધર્મ અને સ્વામિનો દ્રોહ એ સજા કરવાનાં કારણ રાજામાં રહેલાં છે અને સજા કરવાની શક્તિ પોતામાં રહેલી છે તે પૈકી પ્રથમ રાજાનો દોષ નીચેના શ્લોકથી કહે છે :

**અહો અધર્મઃ પાલાનાં પીવ્નાં બલિભુજામિવ ।**
**સ્વામિન્યઘં યદ્ દાસાનાં દ્વારપાલે શુનામિવ ।।૩૨।।**

પુષ્ટ થએલા બલિ ખાનારાઓની પેઠે પાલન કરનારાઓને અધર્મ આશ્ચર્યકારક છે, દાસો જે સ્વામીનો અપરાધ કરે છે તે દ્વારને સાચવનારા કૂતરાઓના અપરાધ જેવો છે.૩૨

'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવનારો છે. ધર્મનું પાલન કરનારા અધર્મનો નાશ કરે છે, પરન્તુ અધર્મ કરતા નથી. તેથી પાલન કરનારાઓનો અધર્મ આશ્ચર્યકારક છે. આશ્ચર્યમાં ગરકાવ થએલાએ ધ્યાન કરતાં, આ આશ્ચર્ય નથી, એમ જાણ્યું. તેથી અધર્મનું કારણ કહેતાં, અમુક સ્થાન પ્રાપ્ત કરીને તે અધર્મ કરાવનાર હોવાનું જણાવતાં 'પુષ્ટ થએલા બલિ

ખાનારાઓની પેઠે ' શબ્દથી દૃષ્ટાન્ત કહે છે. સ્થૂલપણું જ અધર્મ કરવાનું કારણ છે. નીચ પુરુષોએ રાજ્યથી પુષ્ટ થઈ અધર્મ કર્યો, એવો અર્થ છે. જેમ કૂતરાઓ એઠું ખાઈને પુષ્ટ થએલા એઠું આપનારનેજ કરડે છે અથવા તેના ઘરમાં ઘૂસે છે તેના જેવો પાલન કરનારાનો આ અધર્મ છે.

સ્વારાજ્ય અને બહારનું રાજ્ય એવા બ્રાહ્મણોના બે રાજ્યો છે. બહારનું રાજ્ય પોતાથી ભોગ થાય તેવું ન હોવાથી, સ્વારાજ્યને પ્રાપ્ત કરાવનાર સાધન તરીકે તેમણે તેનો ઉપયોગ કર્યો. તેથી જ બહારનું રાજ્ય કરવા ક્ષત્રિયો રાખ્યા. ભૂમિ બ્રહ્માએ બનાવી અને કશ્યપે આપી. તેવી રીત પરશુરામે અને રઘુનાથે બ્રાહ્મણોને આપેલી. છતાં પણ બ્રાહ્મણોએ જે બહારનું રાજ્ય ન કર્યું, તે દેહની અંદર તે કરવા માટે. તે 'દાસો જે સ્વામીનો અપરાધ કરે છે' શબ્દોથી કહેલ છે. દાસો જે સ્વીમીનો 'અધમ' અપરાધ કરવાનું પાપ કરે છે, તે કૂતરાઓના અપરાધ પેઠે જાતિના દોષથી અથવા અવિવેકથી થએલ હોય છે. 'દ્વારપાલે' દ્વારનું પાલન કરવા અથવા દ્વારનું પાલન થાય તે માટે જે કૂતરાઓ રાખેલ હોય તેઓ જેમ અજ્ઞાનથી સ્વામીને જ કરડે છે અથવા ઘરમાં ઘૂસે છે, તેવી રીતે સમાધિ થઈ શકે તે માટે જ રાજાને રાજ્ય કરવા રાખેલ, એવા હેતુથી કે તે સમાધિ ભલે ન કરે, પણ અમારું પૂજન કરે. આટલાથી[1] રાજાને કૂતરા જેવો કહ્યો.૩૨

૧.'આટલાથી' એટલે પૂજન ન કરવાથી, અને સમાધિમાં વિધ્ન કરવાથી.

દૃષ્ટાન્ત બરાબર[1] નથી એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છે :

**બ્રાહ્મણૈઃ ક્ષત્રબન્ધુર્હિ દ્વારપાલો નિરૂપિતઃ ।**
**સ કથં તદ્ગ્રહે દ્વાઃસ્થઃ સભાણ્ડં ભોક્તુમ્ અર્હતિ ।।૩૩।।**

કારણકે બ્રાહ્મણોએ ક્ષત્રબંધુને દ્વારપાલ રાખેલ છે. દ્વારે રહેનારો તે તેઓના ઘરમાં વાસણમાં રાખેલું ખાવાયોગ્ય કેમ થાય?૩૩.

આ શ્લોકથી રાજાએ સ્વામીનો દ્રોહ કરેલ હોવાનું દૃઢ કરે છે. 'હિ' 'કારણકે' શબ્દથી ચાર પ્રકારે દ્રોહ કરેલ હોવાનું જણાવેલ છે ૧.શરીર વિગેરે બહારનો પદાર્થ દ્વાર[2] છે. વાસ્તવિક રીતે આ વિષયમાં રાખનારા ભૃગુઓ હતા. તેથી જેઓએ રાખેલ તેઓનાજ ઘરમાં 'સભાણ્ડમ્' ભોજન પકાવવાના વાસણમાં રહેલું અન્ન 'દ્વાઃસ્થઃ' સદા દ્વારનું પાલન કરનારો ખાવા યોગ્ય છે? ૨.બ્રાહ્મણને રાજા આજ્ઞા કરવા યોગ્ય નથી[3] કારણકે તેઓની કૃપાથી જ તે રાજ્ય કરે છે. ૩.કારણકે બ્રાહ્મણનું ઘર બ્રહ્માંડ છે. તેમાં સર્વ પુરુષાર્થોના ઉપભોગના કારણરૂપ બ્રાહ્મણો છે. તેમાં વિધ્ન કરનારાઓને હટાવવા દ્વારનું પાલન કરનાર રાજા છે. રાજ્ય બલિને ઠેકાણે છે. ખેડૂતની પેઠે બ્રાહ્મણને પણ કર આપનારાઓમાં રાજા મૂકે છે, તે વાસણમાં રાખેલું ખાવા બરાબર છે. ૪.સમાધિમાં રહેલ ઋષિનો અપરાધ કર્યો તે ઘરમાં ઘૂસીને વાસણમાં રાખેલું ખાવા બરાબર છે.૩૩

૧.પુરુષવિધ બ્રાહ્મણમાં 'ક્ષત્રથી ઉત્તમ કાંઈ નથી, તેથી બ્રાહ્મણ ક્ષત્રિયનું નીચે રહી પૂજન કરે છે' એ શ્રુતિ પ્રમાણે દૃષ્ટાન્ત બરાબર નથી.
૨.'દ્વાર' એટલે સમાધિનું દ્વાર. તેથી તેનું રક્ષણ કરનાર હોવાથી રાજા દ્વારપાલ છે.
૩.કશ્યપ વિગેરે બ્રાહ્મણોને રાજ્ય આપેલ હોવા છતાં, તેઓએ તે ક્ષત્રિયોને આપ્યું. તેથી બ્રાહ્મણની કૃપાથી જ ક્ષત્રિયો રાજ્ય કરે છે.

એવી રીતે રાજાનો અપરાધ દઢ કરીને, પોતાની સજા કરવાની શક્તિ હોવાનું કહેતાં નીચેના શ્લોકથી બીજો પ્રકાર સજા ન થાય તેવું નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**કૃષ્ણે ગતે ભગવતિ શાસ્તર્યુત્પથગામિનામ્ ।**
**તદ્‌ભિન્નસેતૂન્ અદ્યાઽહં શાસ્મિ પશ્યત મે બલમ્ ।।૩૪।।**

અવળા માર્ગે જનારાઓને સજા કરનાર ભગવાન શ્રીકૃષ્ણ પધારી ગએલા છે. તેથી આજે હું મર્યાદાનો ભંગ કરનારાને સજા કરૂં છું. મારું બલ જૂઓ.૩૪

સદાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણ પોતાનો અનુભવ કરાવવા માટે જ બ્રાહ્મણોને રાખી પોતાનાં સ્થાનમાં પધારેલા છે. તે ભગવાન હોવાથી પોતાનો અનુભવ પ્રાપ્ત કરાવવા પહેલાં બ્રાહ્મણોના વિરોધિઓને સજા કરતાં હતા. પાલન કરનારા તેવા બ્રાહ્મણના વિરોધી થાય ત્યારે બ્રાહ્મણોએ જ તેમને સજા કરવી જોઈએ, કારણકે ભગવાને બે[1] વર્ગ જ રાખેલા છે. તેથી બે[2] કાર્ય અમારે જ કરવાનાં છે એમ 'મર્યાદાનો ભંગ કરનારાને સજા કરું છું ' શબ્દથી કહે છે. 'ભિન્નાઃ' ભંગ કરેલો છે 'સેતવઃ' મર્યાદાઓનો જેમણે તેમને સજા કરું છું. આથી સજા કરવામાં પોતાનો પ્રયોજનનો ત્યાગ કર્યાનું કહેલ છે. 'કોઈ સમયે પણ મર્યાદાનો ભંગ સાંભળેલ નથી' એવી શંકા થાય તેથી 'આજે' એમ કહેલ છે. આજે જ મર્યાદાનો ભંગ થયો, આજે જ સજા કરવી જોઈએ, એવો અર્થ છે. પોતાનું તેવા પ્રકારનું સામર્થ્ય છે એમ 'મારું બલ જૂઓ' શબ્દથી બાલકોને જણાવે છે. પોતામાં પ્રકટ થએલું બ્રહ્મતેજ પોતે જોતાં, પોતાના મિત્રો હોવાથી તેમને પણ દેખાડે છે.૩૪.

૧.પાલન કરવા યોગ્ય અને પાલન કરનારા એવો બે વર્ગ. ૨.મર્યાદાનું રક્ષણ, અને તેનો ભંગ કરનારને શિક્ષા.

એવો નિશ્ચય કરીને જે કર્યું, તે નીચેના શ્લોકથી કહે છે :

**ઈત્યુક્ત્વા રોષતામ્રાક્ષો વયસ્યાન્ ઋષિબાલકાઃ ।**
**કૌશિક્યાય ઉપસ્પૃશ્ય વાગ્વજ્રં વિસસર્જ હ ।।૩૫।।**

મિત્રોને એમ કહીને ક્રોધથી લાલ આંખવાળા ઋષિના બાલકે કૌશિકીનાં જલનું આચમન કરીને વાણીરૂપ વજ્રનાખ્યું.૩૫

રાજા છે એવા વિચારથી પાલન કરનાર હોવાના અધ્યાસથી ક્રોધ થયો. તેનાથી લાલ થએલી હતી બે આંખો જેની તેવો થયો. આથી એમ જણાવેલું છે કે ફરી તેણે જુદો વિચાર ન કર્યો. 'કૌશિકી' નદી છે. તેનાં 'આપઃ' જલનું 'ઉપસ્પૃશ્ય' આચમન કરીને પોતાની બ્રહ્મની

સ્થિતિ પ્રકટ કરીને 'ષટ્, ફટ્, મારી નાખ' વિગેરે મન્ત્રો ભણીને વજ્ર નાખ્યું. તે વૃત્રાસુરનો પ્રાણ લેનારું વજ્ર દધીચિના હાડકાંનું બનેલું હતું, આ તો બ્રાહ્મણોનાં મૂલરૂપ વાણીનું વજ્ર નાખ્યું.૩૫

તે વાણીરૂપ વજ્રનો અર્થ નીચેના શ્લોકથી કહે છે :

**ઇતિ લંઘિતમર્યાદાં તક્ષકઃ સપ્તમે-ઽહનિ ।**
**ધક્ષ્યતિ સ્મ કુલાંગારં ચોદિતો મે પિતૃદ્રુહમ્ ।।૩૬।।**

એવી રીતે મર્યાદાનું ઉલ્લંઘન કરેલા મારા પિતાનો દ્રોહ કરનાર કુલાંગારને સાતમા દિવસે મારો પ્રેરેલો તક્ષક બાળી ભસ્મ કરશે.૩૬

એવા પ્રકારે મર્યાદાનું ઉલ્લંઘન કરેલાને તક્ષક સાતમા દિવસે 'ધક્ષ્યતિ' બાળીને ભસ્મ કરશે. 'સ્મઃ' શબ્દ પ્રસિદ્ધિ દર્શાવનારો છે. સર્વને પ્રસિદ્ધ થાય તેવી રીતે ભસ્મ કરશે, એવો તેનો અર્થ છે. આથી એમ સૂચવેલું છે કે તેનો સાચો ઉપાય થશે નહીં. ''માથામાં રહેલા સાત પ્રાણો છે'' એ શ્રુતિ પ્રમાણે માથાનું રક્ષણ કરેલું[1] હોવાથી, શાપ પ્રાણનો નાશ કરનારો હોવા છતાં પણ તેટલા સમય સુધી જીવવાનું કહેલ છે. જો માથા ઉપર સર્પ મૂક્યો હોત તો તે સમયે શાપ આપ્યો ત્યારે જ મરત.

પાંડવોના કુલમાં ઉત્પન્ન થએલાને તક્ષક કેમ બાળશે? એવો પ્રશ્ન થાય તે સમ્બન્ધમાં 'કુલાંગાર' કહેલ છે. જો હમણાં બાળવામાં ન આવે તો આવો બીજો અપરાધ કરે ત્યારે યાદવોની પેઠે આખાં કુળનો નાશ કરશે. તેથી પાંડવો ઉપર ઉપકાર કરવા માટે જ તક્ષક તેને બાળશે, એવો અર્થ છે. પરીક્ષિત પ્રાર્થના કરશે તેથી નહીં બાળે ᳚ એવી શંકા થાય, તેથી 'મેં' પ્રેરેલો' એમ કહેલું છે. મેં પ્રેરેલો બીજું નહીં કરે, બાળ્યા વિના નહીં રહે, એવો અર્થ છે. તેમ નહીં કરે તો તેને પણ હું બાળીશ એવો ભાવ છે. તક્ષકને આજ્ઞા કરવાનું કારણ 'પિતાનો દ્રોહ કરનાર' વિશેષણથી કહેલું છે. મારા પિતાનો તેણે અપરાધ કરેલો છે એવો અર્થ છે.૩૬

૧.માથા ઉપર સર્પ મૂકેલ નહીં હોવાથી, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે શાપ આપીને, તે શાપમાં તેજ શાંત થતાં મનુષ્યની સ્થિતિથી ઘેર આવીને રડ્યો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તતોઽભ્યેત્યાઽઽશ્રમં બાલો ગલેસર્પકલેવરમ્ ।**
**પિતરં વીક્ષ્ય દુઃખાર્ત્તો મુક્તકણ્ઠો રુરોદ હ ।।૩૭।।**

પછી બાલક આશ્રમમાં આવી પિતાને ગળા ઉપર સર્પના શરીરવાળા જોઈ દુઃખથી પીડિત થઈ નિશ્ચય મોટા અવાજે રડ્યો.૩૭

'ગલેસર્પકલેવરમ્' એ વિભક્તિના પ્રત્યયનો લોપ થયા વિનાનો સમાસ છે. બાલક હોવાથી સર્પ મરેલો હતો કે જીવતો હતો તે તેણે જાણ્યું નહીં. તેવા ગળાં ઉપર સર્પના

શરીરવાળા પિતાને જોઈને દુઃખથી પીડા પામ્યો. 'મુક્તકણ્ઠઃ' એટલે મોટા અવાજે. પિતા તો 'સર્પકંઠ' ગળા ઉપર સર્પવાળાં અને પોતે 'મુક્તકંઠ' ગળું છૂટું મૂકી મોટા અવાજે રડનારો. 'હ' શબ્દ નિશ્ચયના અર્થવાળો છે.૩૭

પછી શું થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**સ વા આંગિરસો બ્રહ્મન્ શ્રુત્વા પુત્રવિલાપનમ્ ।**
**ઉન્મીલ્ય શનકૈર્નેત્રે દૃષ્ટ્વા ચાંસે મૃતોરગમ્ ।।૩૮।।**
**વિસૃજ્ય પુત્રં પપ્રચ્છ વત્સ કસ્માદ્ હિ રોદિષિ ।**
**કેન વાઽપકૃતં સર્વમ્ ઈત્યુક્તઃ સ ન્યવેદયત્ ।।૩૯।।**

હે બ્રહ્મન્! અંગિરસના કુલમાં ઉત્પન્ન થએલાએ પુત્રનું રડવું સાંભળીને, ધીરે-ધીરે આંખો ઉઘાડીને ખભા ઉપર મરેલા સર્પને જોઈ, તેને કાઢી નાખી પુત્રને પૂછ્યું : ''હે પુત્ર! તું કેમ રડે છે? કોણે તારો અપરાધ કર્યો છે!'' એમ કહેલા તેણે સર્વ જણાવ્યું.૩૮-૩૯.

'આંગિરસઃ' એટલે અંગિરસના કુલમાં ઉત્પન્ન થએલો. આ શબ્દથી સહન કરનાર હોવાપણું અને કુલિનપણું સૂચવેલ છે. 'હે બ્રહ્મન્' સંબોધનથી બીજી કોઈ શંકા ન હોવાનું કહેલ છે, કારણકે બ્રહ્મરૂપ હોય તે ખોટું કાંઈ કરે નહીં. મોટો અવાજ કાને અથડાવાથી સમાધિ સ્વપ્નની પેઠે તૂટી ગઈ ત્યારે ધીરે-ધીરે નેત્રો 'ઉન્મીલ્ય' ઉઘાડીને અને ખભા ઉપર સર્પને જોઈને, સ્વભાવ પ્રમાણે પ્રથમ તેને કાઢી નાખ્યો. પુત્ર હોવાથી બીજા પ્રકારે સર્પને ખભા ઉપરથી કાઢી નાખ્યા વિના કહેવું સંભવતું ન હતું. 'હે પુત્ર'થી આરંભી 'કર્યો છે' સુધીના શબ્દોથી પ્રશ્ન જ કહેલ છે. 'તું કેમ રડે છે?' 'કોણે તારો અપરાધ કર્યો છે?' એવાં પ્રશ્નના બે વાક્યો છે. વિશેષ કહેવાનું પ્રયોજન નહીં હોવાથી સંક્ષેપથી કહેલ છે કે પુત્રે સર્વ કહ્યું. ૩૮-૩૯.

ત્યારે શમીકે શૃંગીનું વચન સાંભળી, વિચાર કરીને 'તે સારું કર્યું નથી' એમ કહ્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**નિશમ્ય શપ્તમતદર્હં નરેન્દ્રં સ બ્રાહ્મણો નાઽઽત્મજમભ્યનન્દત્ ।**
**અહો બતાંઽહો મહદજ્ઞ તે કૃતમ્ અલ્પીયસિ દ્રોહ ઉરુર્દમો ધૃતઃ ।।૪૦।।**

શાપ આપવા યોગ્ય નહીં એવા રાજાને શાપેલ સાંભળીને બ્રાહ્મણે પુત્રનું અનુમોદન ન કર્યું. અહો! અરેરે! હે અજ્ઞાની! તે મોટું પાપ કર્યું. નાના અપરાધની ભારે સજા કરી.૪૦

શાપ આપવો અયોગ્ય હોવાનું કારણ 'રાજા' શબ્દથી કહેલું છે. પુત્રે અપરાધીને સજા કરી તેનું અનુમોદન કેમ ન કર્યું? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધ માં 'તે બ્રાહ્મણે' એમ કહેલું છે. ''બ્રાહ્મણો ક્ષમાથી પૂજન કરવા યોગ્ય થયા છે'' ક્ષમા ન હોય તો બ્રાહ્મણપણું જ જતું રહે એવું તાત્પર્ય છે. જેમ રાજા ઉપેક્ષા કરવા યોગ્ય હતો તેમ આની પણ ઉપેક્ષા કેમ ન કરી? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'પુત્ર' એમ કહેલું છે. આ ઉપેક્ષા કરવા યોગ્ય ન હતો,

કારણકે પુત્ર હતો. 'જેનો નિષેધ કર્યો ન હોય તે મંજુર કરેલું છે' એ નિયમ પ્રમાણે શમીક શાંત રહે, અથવા શૃંગીના શાપનો સ્વીકાર કરે તો ''બ્રહ્મના દંડથી બળેલાની'' (૩।૧૪।૪૨) એ ન્યાયે રાજાના પરલોકનો પણ નાશ થાય. તેથી પિતાની અનુમતિથી કરેલ ન હોવાથી માત્ર શબ્દના અર્થ પુરતો શાપ સત્ય થશે પણ પરિણામે પરલોક ન પ્રાપ્ત થવામાં સત્ય નહીં થાય, અને રાજાને ફલ પણ પ્રાપ્ત થશે. શમીક પુત્રના ક્રોધનો પણ તર્કથી ત્યાગ કરાવે છે. જો તે તેમ ન કરે તો રાજાનું મરણ પણ બગડે જ. તેથી જેમ આ શૃંગી ને પશ્ચાત્તાપ થાય તેવાં વચનો ઉત્તરાર્ધથી આરંભી કહે છે.

રાજાને શાપ આપ્યો તે પાંચે પુરુષાર્થોથી વિરુદ્ધ છે. તેથી શાપ આપનારને પોતાને પાંચે પુરુષાર્થોની હાનિ થશે, એવો ભય દેખાડીને તેને પશ્ચાત્તાપ ઉત્પન્ન કરે છે. ૧.પ્રથમ તો અધર્મ કર્યો એમ કહે છે. 'અહો' શબ્દ આશ્ચર્ય અને 'બત' 'અરેરે!' શબ્દ ખેદ દર્શાવે છે. 'તે કૃતં મહદંહઃ' તે મોટું પાપરૂપ કાર્ય કરેલું છે, પરન્તુ અજ્ઞાનને લીધે કરેલું છે. જો તેમ અજ્ઞાનથી કરેલું ન હોત તો પ્રાયશ્ચિત પણ ન થાત. તે કાર્ય જ કહે છે કે નાના 'દ્રોહે' અપરાધની ભારે સજા કરી. પરિણામનો વિચાર કરતાં, આપણો નાનો અપરાધ રાજાએ કરેલ. [અ]આશ્રમમાં રહેલા એક સર્પને માર્યો [આ] સ્નાન કરવાના કારણ રૂપ સર્પનો સ્પર્શ કરાવ્યો. અને [ઈ]તને શૃંગીને ભય ઉત્પન્ન કર્યો. [અ]તેના તો તેં પ્રાણ જ હરી લીધા. રાજાની બરોબરી સર્પ સાથે ન થાય. [આ]સર્પનો સ્પર્શ તેનું વિષ પ્રસરી રહે તેની સમાન નથી. [ઈ]ઉપર-ઉપરનો જણાતો ભય નજીકમાં પ્રાપ્ત થએલ પ્રાણ હરનારા મોટા ભયની સમાન નથી. તેથી અપરાધના પ્રમાણમાં સજા કરેલી ન હોવાથી અધર્મ છે.૪૦

મેં તો અપરાધની સમાનજ કાર્ય કર્યું છે. તેણે સર્પ માર્યો, તેથી મેં તેને મારવાનું, સર્પનો સ્પર્શ કરાવ્યો તેથી સર્પનો સ્પર્શ કરાવવાનું, મને ભય કર્યો તેથી તેને ભય કરાવવાનું કર્યું! દ્ર એમ શૃંગી કહે તે સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**ન વૈ નૃભિર્નરદેવં પરાખ્યં સમ્માતુમ્ અર્હસ્ય વિપક્વબુદ્ધે ।**
**યત્ તેજસા દુર્વિષહેણ ગુપ્તા વિન્દન્તિ ભદ્રાણ્યકૃતોભયાઃ પ્રજાઃ ॥૪૧॥**

હે કાચી બુદ્ધિવાળા! પર ગણાતા રાજાને તું મનુષ્યોની સમાન ગણીશ નહીં. કારણકે તેના સહન ન થઈ શકે તેવા તેજથી રક્ષણ કરાએલી પ્રજા કલ્યાણો પ્રાપ્ત કરે છે અને કોઈ તરફથી ભય પામતી નથી.૪૧

હે કાચી બુદ્ધિવાળા! પદાર્થો સમાન હોતા નથી. રાજા મનુષ્યોની જ સમાન નથી, તો પછી તુચ્છ જીવોની સમાન તો કેમ જ હોય? ''કૂતરામાં અને ચંડાલમાં પંડિતો સમાન દ્દષ્ટિવાળા છે'' (ભગ.ગીતા ૫।૧૮) એવું વાક્ય હોવાથી બ્રહ્મ જાણનારાઓએ એવું કહેવું યોગ્ય નથી દ્ર એવી શંકા થાય તેથી 'પર ગણાતા' એમ કહેલું છે. આ વાક્યમાં તો અક્ષરના વિચારથી જીવોમાં બ્રહ્મ સમાન હોવાનું કહેલ છે, પરન્તુ જીવો ભગવાનની સમાન હોવાનું

કહેલું નથી, કારણકે ''સ્થાનમાં પછી ધર્મ યજ્ઞ, મનુ દેવ અને રાજા ભગવાનના અવતારરૂપ છે'' (૨।૭।૩૯) અને ''પૃથ્વીપતિ મનુષ્ય વિષ્ણુ છે'' એ વાક્યો પ્રમાણે રાજા ભગવાનના ગુણનો અવતાર છે. આ વાક્ય તો રાજાના સન્માન માટે કહેલું ગૌણ છે દ્ગ એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જે રાજાના સહન થઈ ન શકે તેવા, ચોર વિગેરે સહન ન કરી શકે તેવા તેજથી રક્ષણ કરાએલી પ્રજા કોઈ પણ તરફથી ભય વિનાની થઈને કલ્યાણો પ્રાપ્ત કરે છે. જીવો સર્વત્ર સમાન હોવાથી, રાજામાં જે તેજ અને આજ્ઞા કરવાની શક્તિ, માત્ર સ્વરૂપથી જ સર્વના ભયનો નાશ કરનારું તેજ છે, આ જીવના ગુણો નથી. તેથી ઉપર કહેલ શાસ્ત્રનાં વચન ગૌણ નથી; એવો અર્થ છે.૪૧.

એ પ્રમાણે તે અધર્મ કરીને ધર્મનો વિરોધ કર્યો એમ કહ્યું. નીચેના શ્લોકથી (૨)અર્થ પુરુષાર્થનો વિરોધ કર્યાનું કહે છે :

**અલક્ષ્યમાણે નરદેવનામ્નિ રથાંગપાણાવયમ્ અંગ લોકઃ ।**
**તદા હિ ચૌરપ્રચુરો વિનંક્ષ્યત્યરક્ષ્યમાણોઽવિવરૂથવત્ક્ષણાત્ ।।૪૨।।**

હાથમાં ચક્ર ધારણ કરનાર 'નરદેવ' નામવાળો રાજા જોવામાં ન આવે તો હે વહાલા! આ લોકમાં ઘણા ચોર થાય અને તેનું રક્ષણ ન થતાં ઘેટાંના ટોળાંની પેઠે થોડા સમયમાં નાશ પામે.૪૨

જો એક દિવસ પણ રાજા જોવામાં ન આવે તો લોકનો નાશ થાય. 'નરદેવ રાજા' તો માત્ર નામ છે. વાસ્તવિક રીતે તો તેના હાથમાં ચક્ર છે, તે કહેલ છે. આ પુત્રને પદાર્થોનું જ્ઞાન થાય, એવો આગ્રહ તજીને, તે શ્રવણ કરે તે માટે 'હે વહાલા' એ કોમલ સંબોધન કરેલું છે. રાજા માત્ર જોવામાં ન આવે તો પણ લોકમાં ઘણા ચોર થઈ જાય. મોટા ભાગે સર્વ ચોર જ થાય અને નાશ પામે, અને તેમની બુદ્ધિ ભ્રષ્ટ થાય એમ કહેલ છે. રક્ષણ કરનાર કોઈ ન હોય ત્યારે ઘેટાનાં ટોળાંની પેઠે સર્વ તરફ ભટકી થોડા જ સમયમાં નાશ પામે એવો અર્થ છે. તેથી સર્વના અર્થનો નાશ થવાથી અર્થનો વિરોધ થાય.૪૨.

લોકના અર્થનો નાશ થાય તેથી આપણને શું હાનિ? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધ માં નીચેનો શ્લોક કહે છે :

**તદ્ અદ્ય નઃ પાપમ્ ઉપૈત્યનન્વયં યન્નષ્ટનાથસ્ય વસોર્વિલુમ્પકાત્ ।**
**પરસ્પરં ઘ્નન્તિ શપન્તિ વૃઞ્જતે પશૂન્ સ્ત્રિયોઽર્થાન્ પુરુદસ્યવો જનાઃ ।।૪૩।।**

જેના નાથનો નાશ થયો છે તેવા લોકનું ધન ચોરથી હરાતાં હવે આપણને કારણ વિનાનું પાપ થશે. જેઓમાં ચોર ઘણા છે તેવા મનુષ્યો પરસ્પર હત્યા કરશે, ગાળો દેશે અને પશુ, સ્ત્રીઓ અને ધન હરશે.૪૩

તે કારણથી હવે આપણને કારણ વિનાનું પાપ થશે. કારણ વિનાનું, આપણે નહીં

કરેલું જ પાપ લાગશે. કારણ વિનાનું પાપ કેવી રીતે લાગે? તેમ લાગતું હોય તો સદાએ લાગે! એવી શંકા થાય તેથી 'જેના નાથનો નાશ થયો છે તેવા લોકનું ધન ચોરથી હરાતાં' એમ કહેલું છે. કારણકે આપણાં કારણથી જ લોકના નાથનો નાશ થયો તે લોકનું જે ધન, તે 'વિલુમ્પકાત્' ચોરોથી હરાશે. જો કે આપણે પોતે પાપ કરેલું નથી, છતાં પણ આપણે કરેલાં કાર્યથી તેમ થયું તેથી આપણને પાપનો સમ્બન્ધ થશે. માત્ર અર્થનો નાશ થશે એટલું જ નહીં, પરન્તુ (૩)કામ પુરુષાર્થનો પણ નાશ થશે એમ ઉત્તરાર્ધથી કહે છે. લોક એક-બીજાને 'ઘ્નન્તિ' મારી નાખશે, 'શપન્તિ' ગાળો દેશે અને સ્ત્રી વિગેરે પદાર્થો 'વૃઞ્જતે' હરશે.૪૩.

પશુ, સ્ત્રી અને ધન એ ત્રણ પ્રાણીઓનું સર્વસ્વ છે. ભૂમિ વિગેરે આ પ્રાપ્ત કરાવનારાં છે. આ ત્રણ ન રહેતાં, કામથી ભોગ કરવા યોગ્ય બધાંનો નાશ થાય છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તદાર્ય-ધર્મશ્ચ વિલીયતે નૃણાં વર્ણાશ્રમાચાર-યુતસ્ત્રયીમયઃ ।**
**તતોઽર્થકામાભિનિવેશિતાત્મનાં શુનાં કપીનામિવ વર્ણસંકરઃ ।।૪૪।।**

અને ત્યારે વર્ણ, આશ્રમ અને આચારના સમ્બન્ધવાળા, વેદથી ભરપૂર મનુષ્યોના આર્યધર્મનો નાશ થાય છે. પછી ધન અને કામમાં ચોંટેલ ચિત્તવાળા મનુષ્યથી કૂતરાં અને વાંદરાઓની પેઠે વર્ણસંકર પ્ર થાય છે.૪૪.

આર્યો સત્પુરુષોનો સામાન્ય પ્રકારનો ધર્મ આચારરૂપ છે. તે જ વર્ણ અને આશ્રમ સાથેનો ધર્મ ઉત્તમ પ્રકારનો છે. વળી ત્રણ વેદોમાં જણાવેલ તે જ ધર્મ યજ્ઞરૂપ છે. આટલાથી ધર્મનો નાશ થતો એમ કહ્યું. ધર્મનો નાશ થયો હોય તેથી શું? એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ લોકના ધર્મ અર્થ અને કામ નામના ત્રણ જ પુરુષાર્થ છે. તે પૈકી ધર્મનો નાશ થાય ત્યારે લોક અર્થ અને કામમાં ચિત્તવાળા થાય છે, અને તેથી અધર્મ કરનાર વર્ણસંકર પ્રજા થાય છે. લોકનો ભોગ શરમવિનાનો અને દુઃખ વિગેરેથી ઘેરાએલો થતો હોવાથી કૂતરાનું દૃષ્ટાન્ત કહેલું છે. તેમના વંશની પ્રસિદ્ધિ ન હોવાથી બે પુરુષો પણ એક વંશના ન હોય, અને તેથી વર્ણસંકરના ધર્મો પણ નહીં રહે. વળી વૃક્ષ ઉપર આજીવિકા કરી જીવનારા વાંદરાઓ મા-બેન વિગેરેના વિવેક વિનાના, બુદ્ધિવાળા હોવા છતાં પણ એક વાંદરીનો સેંકડો ભોગ કરે છે. તેથી એક પુરુષમાં પણ વર્ણપણું હોતું નથી. ગામના અને વનના પશુઓના ચિહ્નરૂપ બે દૃષ્ટાન્તો કહ્યાં તેથી મૂલ સહિત કામનો નાશ થાય છે એમ કહ્યું.૪૪.

એવી રીતે પરમ્પરાથી થતો દોષ કહી, શાપ આપવાથી સાક્ષાત્ દોષ થયો તે નીચેના શ્લોકથી કહે છે :

**ધર્મપાલો નરપતિઃ સ તુ સમ્રાડ્ બૃહચ્છ્રવાઃ ।**
**સાક્ષાન્ મહાભાગવતો રાજર્ષિર્હયમેધયાટ્ ।**

**ક્ષુત્તૃટ્શ્રમયુતો દીનો નૈવાઽસ્મત્ શાપમ્ અર્હતિ ।।૪૫।।**

તે નરપતિ તો ધર્મનું પાલન કરનાર, સાર્વભૌમ, ઘણી કીર્તિવાળો, મોટો ભક્ત, રાજર્ષિ, અશ્વમેઘ યજ્ઞ કરનાર, ભૂખ તરસ અને થાકવાળો, લાચાર થએલો હતો. તે શાપ આપવા યોગ્ય ન હતો.૪૫

રાજાનો એક-એક ગુણ આપણે સંપૂર્ણ પ્રકારે પૂજા કરવા યોગ્ય છે. આ રાજામાં તો સર્વ ગુણો છે. તે આ શ્લોકથી કહે છે. 'નરપતિ' હોવાથી નીતિના માર્ગથી પણ પૂજા કરવા યોગ્ય છે. 'સાર્વભૌમ' હોવાથી કામ પ્રાપ્ત કરવા માટે પણ પૂજા કરવા યોગ્ય છે, કારણકે સામ્રાજ્યની લક્ષ્મીવાળો હોઈ સર્વ આપવા શક્તિવાળો છે. પ્રસિદ્ધિ પણ પૂજા કરવાનું કારણ છે, તે 'ઘણી કીર્તિવાળો' વિશેષણથી કહેલ છે. 'બૃહત્' ઘણી છે 'શ્રવઃ' કીર્તિ જેની તેવો છે. 'સાક્ષાત્ મોટો ભક્ત' હોવાથી ભક્તિમાર્ગથી પણ આ પૂજન કરવા યોગ્ય છે. બીજા તો ગુરુદ્વારા ભગવાને અંગીકાર કરેલો મોટા ભક્તો હોય છે. આના તો ભગવાન જ ગુરુ છે. તેથી આ સાક્ષાત્ મોટો ભક્ત છે. વેદના અર્થનું પાલન કરનાર અને મન્ત્રનો દ્રષ્ટા હોવાથી વૈદિક વિચારથી પણ આ પૂજા કરવા યોગ્ય છે તે 'રાજર્ષિ'[1] શબ્દથી કહેલ છે. 'અશ્વમેઘ યજ્ઞ કરનાર' હોવાથી કર્મને લીધે પણ આ પૂજા કરવા યોગ્ય છે. તેણે અશ્વમેઘ યજ્ઞ કરેલા. વળી ધર્મ વિગેરેના વિચાર વિના પણ માત્ર લૌકિકના વિચારથી પણ આ પૂજા કરવા યોગ્ય હતો. તે 'ભૂખ તરસ અને થાકવાળો' વિશેષણથી કહેલું છે. તે [2]ઉપર કહેલા શમીકે યોગથી જાણેલા સૂકાતાં તાળવાંને લીધે 'લાચાર થએલો' હતો. એવી રીતે સર્વ પ્રકારે પૂજા કરવા યોગ્ય શાપ આપવા યોગ્ય ન હતો. તેથી પૂજા કરવા યોગ્યની પૂજા ન કરવાથી આપણને અધર્મ થયો, અને માત્ર તેના દોષ જોવાથી આપણે નીચ થયા છીએ એવો અર્થ છે.૪૫

૧.'રાજા' હોવાથી વેદના અર્થનું પાલન કરનાર અને 'ઋષિ' હોવાથી મન્ત્રનો દ્રષ્ટા.

૨.તે ભૂખ તરસ વિગેરે ઉપર શૂતે શૌનકને કહેલા, એવો અર્થ છે. આ શૃંગી પણ જાણતો ન હતો અને તેથી તેણે શમીકને કહેલા નહીં, પણ શમીકે ભોગથી જાણ્યા.

વળી ભક્તનો અપરાધ થાય ત્યારે ભગવાન ક્રોધ કરે છે. તેથી સર્વનો નાશ થશે એમ ભય પામી, નીચેના શ્લોકથી ભગવાનની પ્રાર્થના કરે છે :

**અપાપેષુ સ્વભૃત્યેષુ બાલેનાઽપક્વબુદ્ધિના ।**
**પાપં કૃતં તદ્ ભગવન્ સર્વાત્મા ક્ષન્તુમ્ અર્હસિ ।।૪૬।।**

પાપરહિત પોતાના સેવકોનો કાચી બુદ્ધિવાળા બાલકે અપરાધ કર્યો. તે હે ભગવન્! સર્વના આત્મા આપ ક્ષમા કરો.૪૬

હે ભગવન્! 'પોતાના સેવકો' એટલે આપના સેવકો અથવા આપે પાલન કરવા યોગ્ય સેવકો, જે વિચાર કરતાં 'પાપરહિત' હતા, તેમનો 'અપક્વબુદ્ધિના' 'કાચી બુદ્ધિવાળા' દૂર નહીં જોનાર બાલકે અપરાધ કર્યો. 'બાલકો ખરેખર ગુણ તથા દોષનું સ્થાન

નથી' એમ જણાવવા 'બાલકે' એમ કહેલું છે. અપરાધ શાપ આપવા રૂપ કર્યો છે. ક્ષમા કરવાનું કારણ 'સર્વના આત્મા' શબ્દથી કહેલું છે. બધાના જ આપ આત્મા છો. તેથી મારું અને પારકું ના વિચારથી થતો પક્ષપાત આપમાં નથી. બ્રાહ્મણોને ભય શો? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'ભગવન્' એમ કહેલું છે. આથી (૪) મોક્ષ પુરુષાર્થનો વિરોધ થયાનું કહ્યું.૪૬

ભક્તિનો વિરોધ કહેતો રાજા પણ શાપ આપે ત્યારે સરખી પતાવટ થઈ જશે, એવી શંકા નીચેના શ્લોકથી દૂર કરે છે :

**તિરસ્કૃતા વિપ્રલબ્ધા શપ્તાઃ શિપ્તા હતા અપિ ।**
**નાઽસ્ય તત્પ્રતિકુર્વન્તિ તદ્ભક્તાઃ પ્રભવોઽપિ હિ ।।૪૭।।**

ભગવાનના ભક્તો તિરસ્કાર કરાએલા, ઠગાએલા, શાપ અપાએલા, અપમાન કરાએલા અને મારેલા હોય તોપણ શક્તિવાળા હોવા છતાં પણ સામો બદલો લેતા નથી.૪૭.

ગાળો વિગેરેથી તિરસ્કાર કરાએલા હોવા છતાં, આડું બોલીને 'વિપ્રલબ્ધાઃ' ઠગાએલા, હમણાંજ શાપ અપાએલા, 'ક્ષિપ્તાઃ' અપમાન કરાએલા, 'હતાઃ' મારેલા એ પ્રમાણે અનુક્રમે ગુણ, ક્રિયા, સ્વરૂપ અહંકાર અને દેહનો નાશ કરવામાં આવે ત્યારે પણ સામો બદલો લેતા નથી, તો પછી પોતે જ પ્રતિકૂલ થઈ અનિષ્ટ કરે તે તો બને જ નહીં. તેનું કારણ 'તેમના ભગવાનના ભક્તો' શબ્દથી કહેલું છે. તેથી જ તેઓ સામો બદલો લેવાની શક્તિવાળા પણ હોય છે. 'હિ' શબ્દથી આ વિષય યોગ્ય હોવાનું કહેલું છે. કારણકે શક્તિ હોય ત્યારે ક્ષમા કરવી યોગ્ય છે.૪૭

એ પ્રમાણે પિતાનો પશ્ચાત્તાપ કહીને, રાજા દોષરહિત હોવાનું જણાવી, દોષવાળાનું અનુમોદન દોષવાળો જ કરે એવી આ શંકા દૂર કરવા સૂત નીચેના શ્લોકથી ઋષિની સ્તુતિ કરે છે :

**સૂત કહે છે :**

**ઈતિ પુત્રકૃતાઘેન સોઽનુતપ્તો મહામુનિઃ ।**
**સ્વયં વિપ્રકૃતો રાજ્ઞા નૈવાઽઘં તદ્ અચિન્તયત્ ।।૪૮।।**

એ પ્રમાણે પુત્રે કરેલા અપરાધથી દુઃખી થએલા તે મહામુનિએ પોતે રાજાથી તિરસ્કાર કરાએલ હોવા છતાં તે અપરાધ વિચાર્યો જ નહીં.૪૮

બીજાએ કરેલા પાપથી પણ તે દુઃખી થયો, તેનું કારણ કે તે 'મહામુનિ' હતો. ભગવાને પણ શૃંગીનું કાર્ય અયોગ્ય જાણ્યું છે એવા ભગવાનનાં હૃદયનું જ્ઞાન થવાથી તે મહામુનિ હતો. વળી સર્પ મૂકીને રાજાએ પેતાનો તિરસ્કાર કરેલો તે અપરાધનું મનથી પણ તેણે સ્મરણ ન કર્યું તેથી પરમ્પરાથી પણ થતા પાપનો ભય હોવાથી, ભગવાનનાં હૃદયનું જ્ઞાન હોવાથી અને દોષ જોનાર ન હોવાથી તે મહામુનિ હતો.૪૮.

મુનિ અને રાજા બંને સમાન હોવાનું જણાવતાં નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**પ્રાયશઃ સાધવો લોકે પરૈર્દ્વન્દ્વેષુ યોજીતાઃ ।**
**ન વ્યથન્તિ ન હૃષ્યન્તિ યત આત્માઽગુણાશ્રયઃ ।।૪૯।।**

લોકમાં બીજાઓએ દ્વન્દ્વોનો સમ્બન્ધ કરાવેલા સત્પુરુષો મોટે ભાગે દુઃખી થતા નથી અને હર્ષ પામતા નથી, કારણ કે આત્મા ગુણોનો આધાર નથી.૪૯

ચાલુ પ્રસંગમાં રાજા અને મુનિ 'સત્પુરુષો છે'. સામાન્ય રીતે તો સર્વ સત્પુરુષોના સમ્બન્ધમાં કહેલું છે. લોકમાં સર્વ સ્થલે 'બીજાઓએ' એટલે દુષ્ટોએ તે સમયે તે રાજા અને મુનિના બાલકે, સામાન્ય રીતે તો બીજા દુષ્ટોએ સુખ દુઃખ વિગેરે દ્વન્દ્વોનો સમ્બન્ધ કરાવેલા, દુઃખનો સમ્બન્ધ કરાવેલ હોય ત્યારે દુઃખી થતા નથી, અને સુખનો સમ્બન્ધ કરાવ્યો હોય ત્યારે હર્ષ પામતા નથી. તેથી રાજા અને મુનિ ને પાછળથી જે ઉદ્વેગ ન થયો તે યોગ્ય જ છે. 'કારણકે આત્મા ગુણોનો આધાર નથી' શબ્દોથી તે વિષયની યોગ્યતા કહેલી છે. હર્ષ વિગેરે ગુણો છે. તેમનો આધાર અન્તઃકરણ જ છે, પરન્તુ આત્મા તેમનો આધાર નથી. તેથી તે સત્પુરુષો ને અન્તઃકરણનો અધ્યાસ ન હોવાથી ઉદ્વેગ ન થાય તે યોગ્ય છે એવો અર્થ છે.૪૯.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પ્રથમ સ્કંધનો**
**અધ્યાય અઢારમો સંપૂર્ણ.**

# ।। અધ્યાય ઓગણીસમો ।।

# પરીક્ષિતનું ગંગાતટે પ્રાયોપવેશન, ઋષિઓનો સમાગમ, શુકનું આગમન અને રાજાનો પ્રશ્ન

**સર્વદોષનિવૃત્તિસ્તુ પૂર્વાધ્યાયે નિરૂપિતા ।**
**પ્રમાદેઽપીશ્વરેચ્છાતો વ્યામોહાભાવવર્ણનાત્ ।।૧।।**

ગયા અધ્યાયમાં ભૂલ થવા છતાં પણ ઈશ્વરની ઈચ્છાથી મોહ ન થયાનું દર્શાવ્યું તેથી સર્વદોષોનો નાશ થયાનું તો કહ્યું[૧]. કા.૧

૧.ગયા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહેલું છે.

**અધુના પૂર્ણગુણતા વૈરાગ્યજ્ઞાનભક્તિષુ ।**
**યશઃકર્મસમાજશ્રી  ભાવેષુ ચ નિરૂપ્યતે ।।૨।।**

અને હવે વૈરાગ્ય જ્ઞાન અને ભક્તિમાં તથા યશ કર્મ સમાજ અને શોભાના વિષયોમાં

પરીક્ષિત પૂર્ણ ગુણવાળો હોવાનું કહેવાશે. કા.૨

**એકોનવિંશે વૈરાગ્યાત્ પ્રાયે મુનિગણાગમઃ ।**
**તત્ર પૃષ્ટાર્થસન્દેહે શુકાગમ ઈતીર્યતે ।।૩।।**

ઓગણીસમા અધ્યાયમાં એમ કહેલ છે કે વૈરાગ્યને લીધે પરીક્ષિતે મરણ સુધી અન્ન-જલનો ત્યાગ કર્યો ત્યારે મુનિઓનો સમૂહ ત્યાં આવ્યો, તેમને પૂછેલા વિષયમાં સન્દેહ થતાં પ્રશ્ન કર્યો ત્યારે શુક આવ્યા. કા.૩

**મુનયો ભગવદ્ભક્ત યાનં દ્રષ્ટું હરેઃ કથામ્ ।**
**શ્રોતુઞ્ચ ભાવિતજ્ઞાનાદ્ વિવાદસ્તુ શુકોન્નતૌ ।।૪।।**
**વૈરાગ્યસ્ય પ્રકર્ષેણ પ્રકર્ષોઽત્ર વિવક્ષિતઃ ।**
**જ્ઞાને તુલ્યેઽપિ દેવર્ષેઃ ત્યાગાભાવાદ્ ન વક્તૃતા ।।૫।।**

મુનિઓને ભવિષ્યમાં થનારા વિષયોનું જ્ઞાન હોવાથી ભગવાનનો ભક્ત જાય તે જોવા અને હરિની કથાનું શ્રવણ કરવા આવેલા. શુકની ઉન્નતિ (મુખ્ય આસને રહેવા) સમ્બન્ધીની ઉપપત્તિ[૨] તો એવી છે કે વૈરાગ્યનાં ઉત્તમપણાંથી અહીં ઉત્તમપણું કહેવા ઈચ્છેલું છે. દેવર્ષિને જ્ઞાન શુકની સમાન હોવા છતાં પણ તેમનામાં ત્યાગ ન હોવાથી તે કથાના વક્તા થયા નહીં. કા.૪-૫.

૨.શુક પરમ્પરાથી ભગવાનનો અવતાર છે, જ્યારે નારદ પરશુરામ અને વ્યાસ સાક્ષાત્ ભગવાનના અવતાર છે. તેથી તેઓને મૂકી શુક કેમ વક્તા થયા તેની ઉપપત્તિ જણાવી છે.

**ભાર્ગવસ્યાઽપિ રામસ્ય વ્યાસસ્યાપિ હરેસ્તનોઃ ।**
**ગુરુણૈવ સ્વરૂપાપ્તિ જ્ઞાનદાનાદ્ ન વક્તૃતા ।।૬।।**

ભાર્ગવ (પરશુરામ) અને હરિના અવતાર વ્યાસ પણ વક્તા ન થયા કારણ કે ગુરુથીજ[૩] સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર જ્ઞાનનું દાન થાય. કા.૬

૩.જ્ઞાન આપવામાં ગુરુને ઈશ્વરે શક્તિવાળા કહેલા છે તેથી ગુરુ જ્ઞાન આપે ત્યારે સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. તેથી સાક્ષાત્ અવતારો વક્તા થયા નથી, એવો અર્થ છે.

**દ્વાત્રિંશલ્લક્ષણોપેતઃ શુકએવ તતો ગુરુઃ ।**
**એતદર્થં હિ ભગવાન્ અવતીર્ણો વૃષધ્વજઃ ।।૭।।**
**બીજાધાનોત્તરં રક્ષા વિષ્ણોરન્તે શિવાત્મના ।**

તેથી બત્રીસ લક્ષણવાળા શુક જ ગુરુ થયા; કારણ કે આ પ્રયોજનથી ભગવાન વૃષધ્વજ શિવે અવતાર લીધેલ. વિષ્ણુએ ગર્ભાધાન પછી રક્ષણ કરેલું, અંતે શિવરૂપ[૪] શુકે જ્ઞાન આપી ભક્તિ કરાવી રક્ષણ કર્યું મુક્તિ પ્રાપ્ત કરાવી. કા.૭ ૧/૨

૪.સંહાર કરવાનો અધિકાર શિવને આપેલ હોવાથી સંહાર થતા સમયે તેમણે રક્ષણ કર્યું.

ગયા અધ્યાયમાં રાજાને શાપ થયાનું કહ્યું. હવે અદ્ભુત કર્મ કરનાર ભગવાન્ પાસેથી ગંગા, સત્સંગ અને જ્ઞાન એવું શાપનું ફલ મળ્યાનું કહે છે. તે પૈકી આરંભમાં ચાર શ્લોકોથી પશ્ચાત્તાપરૂપ તપ સાથે વૈરાગ્ય જેનું બીજું નામ છે તે ઉદાસીનપણું થયાનું કહે છે :

**કૃતે પાપેऽનુતાપો વૈ યસ્ય પુંસઃ પ્રજાયતે ।।૮।।**
**પ્રાયશ્ચિત્તં સ્મૃતં તસ્ય હરિસંસ્મરણં પરમ્ ।**

પાપ થાય ત્યારે જે પુરુષને ખરેખર પશ્ચાત્તાપ થાય છે તેનું ઉત્તમ પ્રાયશ્ચિત્ત હરિનું સંસ્મરણ શાસ્ત્રમાં કહેલું છે. કા.૮ ૧/૨

**સૂત કહે છે :**

**મહીપતિસ્ત્વથ તત્કર્મ ગર્હ્યં વિચિન્તયન્ આત્મકૃતં સુદુર્મનાઃ ।**
**અહો મયાऽમીવમ્ અનાર્યવત્કૃતં નિરાગસિ બ્રહ્મણિ ગૂઢતેજસિ ।।૧।।**

પછી રાજા તો પોતે કરેલાં તે નિન્દ્ય કર્મનો વિચાર કરતાં ખુબ દુઃખી થયો. અહો! નિરપરાધી ગૂઢ તેજવાળા બ્રાહ્મણોને મેં અનાર્યની પેઠે અપરાધ કર્યો.૧

આશ્રમમાંથી આવી થાક ઉતાર્યા પછી જ્યારે રાજ્યનો વિચાર કરવા રાજા સિંહાસન ઉપર બેઠો, 'અથ' તે જ સમયે બ્રાહ્મણના ગળા ઉપર સર્પ મૂકવારૂપ પહેલાં કરેલા કર્મનું તેને સ્મરણ થયું. 'તુ' 'તો' શબ્દથી પહેલાંની સ્થિતિ દૂર થયાનું કહેલું છે. 'નિન્દ્ય' એટલે શાસ્ત્રે ન કરવાનું કહેલું હોવા છતાં અપકીર્તિ કરનારું, બંને લોકનો નાશ કરનારું, એવો અર્થ છે. બીજા વિચાર તજી દઈને ઉત્તમ પ્રકારથી તેનો જ વિચાર કરતાં દુઃખી મનવાળો થયો. જો કે સજા વિગેરેના પ્રકારથી ચોરનો વધ કરતો, ત્યારે પણ બીજા મારફત કરાવતો, પોતે કરતો નહીં. આ કર્મ તો પોતે જ કર્યું તેથી દુઃખી મનવાળો થયો. મન શોક કરાવતું હોવાથી દુષ્ટ હતું. શોકમાં ભગવાનનું સ્મરણ થતું હોવાથી તે સારું હતું. તેમ ન હોય તો મૂર્છા જ થાત.

ઉત્તરાર્ધથી તેના પશ્ચાત્તાપના શબ્દો કહેલા છે. 'અહો!' શબ્દ આશ્ચર્ય દર્શાવનારો છે. મેં ભગવાનના ભક્તે પાલન કરનારાએ 'અમીવમ્' અપરાધરૂપ પાપ ભય વિના 'અનાર્યવત્' સ્વભાવથી દુષ્ટ પુરુષ પેઠે કર્યું. સ્વભાવથી દુષ્ટ હોય તે પણ આવાનો અપરાધ કરતો નથી, એમ જણાવવા જેનો અપરાધ કરેલ તે 'નિરપરાધી ગૂઢ તેજવાળા બ્રાહ્મણનો' શબ્દોથી કહે છે. પ્રમાણના વિચાર પ્રમાણે અને લોકના વિચાર પ્રમાણે નિરપરાધીને સજા કરાતી નથી. પ્રમેયના વિચાર પ્રમાણે પણ જીવને જ સજા થાય. બ્રાહ્મણને ન થાય. નીતિના વિચાર પ્રમાણે પણ જ્યાં જેને સજા કરવાથી સર્વનો નાશ થવાનું સંભવે નહીં, તેને સજા થાય, પરન્તુ સર્વનો નાશ કરનાર ગૂઢ તેજવાળાને સજા ન થાય. તે જ ગૂઢ હોવાથી, તે જ સમય હું બળ્યો નહીં, તેમ હોત તો તે જ સમયે હું બળી જાત.૧

ત્યારે શું કરવું જોઈએ? તે જાણવાની ઈચ્છા થતાં, વિષય (બ્રાહ્મણનો મેં કરેલ અપરાધ જ) કરશે, મારે કાંઈ કરવાનું નથી એમ નીચેના શ્લોકથી કહે છે :

**ધ્રુવં તતો મે કૃતદેવહેલનાદ્ દુરત્યયં વ્યસનં નાતિદીર્ઘાન્ ।**
**તદસ્તુ કામં હ્યઘનિષ્કૃતાય મે યથા ન કુર્યાં પુનરેવમદ્ધા ।।૨।।**

મેં દેવનો તિરસ્કાર કર્યો તેથી નિશ્ચય ન મટાડી શકાય તેવું દુઃખ થોડા સમયમાં થશે. હું ફરી એવું સાક્ષાત્ ન કરું તેવી રીતે મારા પાપનો નાશ કરવા તે સંપૂર્ણ પ્રકારે થાઓ. ૨

'વૈષ્ણવને કાંઈ પણ નહીં થાય' એવી શંકા થાય, તેથી 'દેવનો તિરસ્કાર કર્યો' એમ કહેલું છે. ઋષિ દેહની અંદર રહેલા ભગવાનનું જ ધ્યાન કરતો હતો, તે ઋષિ તો દેવાલયરૂપ હતો. તેથી દેવાલયનો તિરસ્કાર થાય, ત્યારે દેવનો જ તિરસ્કાર થએલો હોય છે. તેથી 'ભગવાનનો અપરાધ કરનાર ભક્ત પણ નરકમાં પડે છે' એ નિયમ પ્રમાણે નિશ્ચય દુઃખ થશે. દુઃખ એટલે પ્રાપ્ત કરવા ઈચ્છેલા સર્વ પુરુષાર્થમાં વિઘ્ન સાથેની પોતાની ક્રિયા સાથે ચિત્તનું વ્યાકુલપણું અને તે ૧.પોતાનો આધાર દેહ વિગેરેનો નાશ કરનારું અને ૨.ઉપાય કરવાથી દૂર થાય તેવું એવા બે પ્રકારનું છે. તે પૈકી ન ફીટાડી શકાય તેવું દુઃખ પોતાના આધાર દેહનો નાશ કરનારું છે. 'દુઃખેન' દુઃખથી 'અત્યયઃ' અંત આવે જેનો તેવું તે હોવાથી દુઃખરૂપ ફલ આપીને શાંત થાય છે, એવો અર્થ છે. ઘણું ઉગ્ર હોવાથી તરત જ તે થશે એમ 'થોડા સમયમાં' શબ્દથી કહેલું છે. તે જ સમયે ન થયું એમ 'નાતિદીર્ઘાન્' માંના 'અતિ' શબ્દથી જણાવેલું છે.

ઉપાય કર્યા પછી જ સર્વ દુઃખ ઉપાયથી મટે નહીં તેવા હોવાનું જણાય, તેથી ઉપાય કરવો[1] એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જેને દેહ વિગેરે પ્રિય હોય, જેને ભગવાનનો અપરાધ થવા છતાં પણ દેહ વિગેરે રક્ષણ કરવા યોગ્ય હોય, તે ઉપાય કરવાનો પ્રયત્ન કરે. 'મારે જ કરવું જોઈએ તે એની મેળે જ થાય છે ' એ નિયમ પ્રમાણે મારું તો તે દુઃખ ઈચ્છેલું જ છે. તેથી ઉત્તરાર્ધથી તે દુઃખ થવાની પ્રાર્થના કરે છે. દુઃખ ઓછું ન થાઓ; કારણકે દેહ વિગેરેનો નાશ મેં જ ઈચ્છેલો છે. તેની પ્રાર્થના કરવાનું પ્રયોજન 'પાપનો નાશ કરવા' શબ્દથી કહેલું છે. પાપનો નાશ થાય તે માટે 'મે' એટલે સાક્ષાત્ મને જ દુઃખ થાઓ.

અપરાધ ગુણ[2] છે. તેના કારણથી ગુણવાળા દેહનો નાશ થવા દેવો યોગ્ય નથી, કારણકે તે બે સરખા નથી ઢ એવી શંકા થાય, તેથી હું ફરી સાક્ષાત્ 'એવું ન કરું તેવી રીતે' એમ કહેલું છે. શરીર હોય તો સાક્ષાત્ એવો અપરાધ ફરી કરવાનું સંભવે. શરીર વિગેરે ન હોય ત્યારે તો રાજ્ય અથવા પુત્ર વિગેરે દ્વારા તેમ કરવાનું સંભવે. તેથી[3] 'અદ્ધા' સાક્ષાત્ મને જ દુઃખ થાઓ, એવો અર્થ છે.૨૨

૧.દુઃખ ઉપાય કરવાથી મટે તેવું નથી એવી પરીક્ષા કરવા ઉપાય કરવો.
૨.ધર્મ ક્રિયારૂપ હોવાથી ધર્મી ગુણવાળા કરતાં હલકો છે એવો અર્થ છે.
૩.'તેથી' એટલે મેં સાક્ષાત્ અપરાધ કરેલો હોવાથી.

સંસારમાં ઘણી આસક્તિવાળા પણ એમ કહે તે સંભવે છે, તેથી હું તેવો નથી એમ જણાવવા અને વિકલ્પથી[1] થતો દોષ પણ દૂર કરવા નીચેનો શ્લોક કહે છે[2]:

**અદ્યૈવ રાજ્યં બલમૃદ્ધકોશં પ્રકોપિત-બ્રહ્મકુલાનલો મે ।**
**દહત્વભદ્રસ્ય પુનર્ન મેઽભૂત્ પાપીયસી ધીર્દ્વિજ-દેવ-ગોભ્યઃ ।।૩।।**

કોપાવેલ બ્રહ્મકુલરૂપ અગ્નિ મારાં દુષ્ટનાં રાજ્ય સૈન્ય અને સમૃદ્ધ ખજાના ને હમણાં જ બાળો, જેથી ફરી દ્વિજો, દેવો અને ગાયો પ્રતિ મારી બુદ્ધિ પાપવાળી ન થાય.૩

બાકીનાનું[3] રક્ષણ થાય તે માટે દેહ વિષે પ્રાર્થના કરી ન હતી, પરન્તુ મારો સાક્ષાત્ સમ્બન્ધ ન રહે તે માટે કરેલી. તેથી બ્રાહ્મણના અપરાધનાં કારણે દેહના નાશની પ્રાર્થના કરેલી. સાક્ષાત્ કોપાવેલ બ્રહ્મકુલરૂપ અગ્નિ રાજ્ય સૈન્ય અને ધન નો નાશ કરો. સાત્ત્વિક રાજસ અને તામસ સત્કૃત્યના અનુક્રમે આ ત્રણ ફલ છે. તેથી તેમનાં કારણરૂપ અદષ્ટ પૂરું થએલું હોવાથી, નિઃશંક રીતે બાળે. તે બાળવાનું કરાવનાર 'અભદ્રસ્ય' 'દુષ્ટના' શબ્દથી કહેલું છે. 'ન' નથી રહ્યું! 'ભદ્રમ્' કલ્યાણ જેનું તેવો હું છું; કારણકે કલ્યાણ કરનારું અદષ્ટ જાગ્રત રહેલું હોય ત્યારે પાપવાળી બુદ્ધિ ન થાય. તેથી 'દોષ ન રહે તે જ દોષવાળાનો ગુણ છે' એ નિયમ પ્રમાણે પુણ્ય રહેલ ન હોય ત્યારે રાજ્ય વિગેરે દોષ કરવનારાં હોવાથી, તે ન રહે તેવી પ્રાર્થના યોગ્ય છે એમ 'ફરી મારી પાપી બુદ્ધિ ન થાઓ' શબ્દોથી કહેલ છે. એકવાર જે અપરાધ થયો તેનો, તેવાં કારણરૂપ રાજ્ય વિગેરેને બાળવામાં ઉપયોગ થાઓ. તેથી તેમ થતાં 'સારું થયું' એવા વિચારથી હું નિશ્ચિંત થાઉં, એવો આ પહેલા ત્રણ શ્લોકનો અર્થ છે.૩

૧.દેહ વિગેરે હોય ત્યારે તેમના અધ્યાસથી કદાચ ફરી એવો અપરાધ થાય તે વિકલ્પથી થતો દોષ.

૨.વિલંબ ન થવાની પ્રાર્થના કરે છે.

૩.'એવી ગ્લાનિ પહેલાં થતાં પોતાના દેહનો નાશ થાય તેવું દુઃખ માગેલું, હવે બીજી પ્રાર્થના શા માટે કરે છે?' એવી શંકા થાય, તેથી આ કહે છે. પહેલાં જે દુઃખ ઘણું થાય એવી દેહ સમ્બન્ધી પ્રાર્થના કરી તે બીજા પદાર્થો નું રક્ષણ કરવા નહીં પરન્તુ કુરુજાંગલ સિવાયના પ્રદેશ સાથે પોતાનો સાક્ષાત્ સમ્બન્ધ ન રહે તે માટે. તેથી તેમનું કલ્યાણ રહે તે માટે આ પ્રાર્થના હોવાથી નકામી નથી, એવો અર્થ છે દેહના નાશની પહેલાં પ્રાર્થના કરેલી તે રાજ્ય વિગેરેનાં રક્ષણ માટે નહીં, પણ મારે તેમનો સાક્ષાત્ સમ્બન્ધ ન રહે તે માટે. કુરુજાંગલ સાથે પણ સમ્બન્ધ રાખવાનો પરીક્ષિતનો વિચાર હોય તેમ જણાતું નથી.

ઉત્તમ પુરુષોને ફલ પ્રાપ્ત થવામાં, ઇચ્છા ન હોવી તે જ વિલંબનું કારણ છે. તેથી પરીક્ષિતને ઇચ્છા થતાં, તે ફલ ક્યારે પ્રાપ્ત થશે એમ વિચારતાં, 'અથ' તે પછી તરત જ તેણે શાપ થયાનું સાંભળ્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સ ચિન્તયન્ ઇત્થમ્ અથાऽશૃણોદ્યથા મુનેઃ સુતોક્તો નિર્ઋતિસ્તક્ષકાખ્યઃ ।**
**સ સાધુ મેને ન ચિરેણ તક્ષકા નલં પ્રસક્તસ્ય વિરક્તિ-કારણમ્ ।।૪।।**

તે આ પ્રમાણે વિચારતો હતો કે તરત જ જેમ મુનિના પુત્રે તક્ષકનાગનું મૃત્યુ કહેલું તેમ સાંભળ્યું. તેણે આસક્તિવાળાના વૈરાગ્યના કારણરૂપ તક્ષકઅગ્નિને તરત જ પ્રિય માન્યો.૪

'આ પ્રમાણે' એટલે ઉપર કહેલા પ્રકારે. શમીકે મોકલેલા બ્રાહ્મણના મુખથી તક્ષક નાગમનું મૃત્યુ થવાનું છે એમ સાંભળ્યું. જો કે 'ઇતિ' 'એવું' શબ્દ નથી, અને 'તથા' 'તેમ' શબ્દ નથી, છતાં પણ 'યથા' 'જેમ' શબ્દના સમ્બન્ધવાળો શબ્દ હોવાથી, 'જેમ મૃત્યુ કહેલું

તેમ સાંભળ્યું' એવો અર્થ છે. સ્વરૂપથી પદાર્થ મૃત્યુ જાણેલ હોવાથી તેના પ્રકારનું જ અજ્ઞાન હોવાથી જાણેલ વિષય જાણનાર તરીકે પ્રકાર જ શ્રવણ કરવાનો હતો. કારણકે ''આના બધાએ મૃત્યુઓ ઈચ્છેલાં છે'' એ શ્રુતિ પ્રમાણે બીજું મૃત્યુ થવાનું ન હોવાથી, તક્ષક મૃત્યુનું કારણ ન હતો, પણ મૃત્યુ જ હતો, તેથી 'તક્ષકનામનું મૃત્યુ' એમ કહેલું છે. એ પ્રમાણે સાંભળીને તેણે જ કર્યું તે ઉત્તરાર્ધથી કહે છે. 'તેણે' એટલે ઉપર કહેલ[1] રાજાએ. તેમ ન હોય તો હવે વિચાર કરવાનો હોય તો તરત શાપ પ્રિય માનવાનું સંભવે નહીં, અને તેથી શું કરવું તેનો નિર્ણય ન થવાથી નિશ્ચિત થએલા સમયમાં વિલંબ થાત. તે 'તરતજ' શબ્દથી કહેલું છે. તેણે તે લાંબા સમયે પ્રિય ન માન્યું, પરન્તુ તરત જ પ્રિય માન્યું એવો અર્થ છે. તક્ષક અગ્નિ પ્રિય માનવાનું કારણ 'આસક્તિવાળાનાં વૈરાગ્યનાં કારણરૂપ' શબ્દોથી કહેલું છે. વિષયોમાં આસક્તિવાળાના વૈરાગ્યનાં કારણરૂપ હોવાથી પ્રિય માન્યો. વિષયોનો ભોગ વૈરાગ્યનું કારણ નથી એમ જણાવતાં સમાસ કરેલ નથી. કાર્ય સદા કારણ ઉપર આધાર રાખતું હોવાથી[2] આસક્તિવાળા અને વિરક્તિ વૈરાગ્ય નો સમાસ અયોગ્ય થાય.૪

૧.જે ઉપર જણાવ્યા પ્રમાણે પોતાના દેહનો નાશ, અને રાજ્ય વિગેરેનો નાશ ઈચ્છતો હતો તે રાજાએ. જેણે મૃત્યુનો વિચાર કરી રાખેલ તે રાજાએ.

૨.કારણ જણાવનાર શબ્દ નિત્ય કાર્ય ઉપર આધાર રાખતો હોવાથી, અને અહીં કાર્ય વૈરાગ્ય હોવાથી, 'આસક્તિવાળા હોવું અને વૈરાગ્ય' એ બે કારણ અને કાર્ય ન હોવાથી સમાસ અયોગ્ય થાય.

એ પ્રમાણે ઉદાસીનપણું જણાવીને, નીચેના શ્લોકથી કર્તવ્ય તરીકે સંન્યાસરૂપ વૈરાગ્ય હોવાનું કહે છે :

**અથો વિહાયેમમ્ અમુઞ્ચ લોકં વિમર્શિતો હેયતયા પુરસ્તાત્ ।**
**કૃષ્ણાંઘ્રિસેવામ્ અધિમન્યમાન ઉપાવિશત્ પ્રાયમ્ અમર્ત્યનદ્યામ્ ।।૫।।**

પછી પહેલાં જ તજવા યોગ્ય વિચારેલા આ લોક અને પરલોકને તજીને, શ્રીકૃષ્ણના ચરણની સેવાને અધિક માનનારે અમર્ત્યનદીના કાંઠે અનશન વ્રત લઈ બેસવાનો વિચાર કર્યો.૫

આલોક અને પરલોકના પદાર્થ અને ફલના ભોગમાં વૈરાગ્ય, જ્ઞાન પ્રાપ્ત કરવા માટે થયો ન હતો, પરન્તુ ભગવાનની સેવા કરવા થએલ એમ જણાવવા 'શ્રીકૃષ્ણના ચરણની સેવાને અધિક માનનારે' એમ કહેલું છે. તેથીજ[1] 'લોક' શબ્દ યોજેલ છે; પરન્તુ લોકમાં ભોગનો ત્યાગ કહેલો નથી, કારણકે ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાનની સેવા એકલા શરીરથી થઈ શકે તેવી છે.

પરીક્ષિત શાપને લીધે એવી રીતે ત્યાગ કરે છે તેથી આ ભક્તિ કેમ ગણાય? એવી શંકા થાય, તેથી 'પહેલાં જ તજવા યોગ્ય વિચારેલા' એમ કહેલું છે. ભગવાનની સેવા થઈ શકે તે માટે પહેલાં જ તજવા યોગ્ય વિચારેલા. માત્ર શરીરથી ભગવાનની સેવા કરવાનું વિચારી, તે શરીરનો બીજી ક્રિયામાં ઉપયોગ ન થાય તે માટે, અનશન ખોરાક લેવાનું બંધ કર્યું એમ

'અનશન વ્રત લઈ બેસવાનો વિચાર કર્યો' શબ્દોથી કહેલું છે. 'પ્રાયમ્' એટલે અનશન વ્રત. સંપૂર્ણ રીતે અન્નના ત્યાગરૂપ અનશન, ભગવાનના વ્રત તરીકે પસંદ[2] થએલું હોવાથી, અનશન કર્મ બીજી વિભક્તિમાં મૂકેલું છે. નહીં તો તે અર્થમાં ચોથી વિભક્તિ હોય. શરીર અન્નમય હોવાથી, અન્ન ન લેવાતાં વ્યાકુલતા થવાથી સેવા થઈ નહીં શકે, એવી શંકાથી ગંગા અમર્ત્ય (દેવો)ની નદી હોવાથી ગંગાની સમીપ બેસવાનો વિચાર કર્યો. 'ન' નથી 'મર્ત્યમ્' મરવાનું જેમને તેવા દેવો છે, તેમની નદી ગંગા છે. દરરોજ અન્ન ખાવાથી દેહનું વૃદ્ધિ અને ક્ષય થતા હોવાથી, પહેલાં સેવાના સાધન તરીકે સ્વીકારેલા દેહનો નાશ થવાથી અને બીજો દેહ સેવા કરાવનાર થવાના સન્દેહને લીધે, અને ગંગા જેવી હતી તેવી જ વસ્તુને રાખનારી હોવાથી, ગંગાના કાંઠે અનશન વ્રત લઈ બેસવાનો વિચાર કર્યો. અમર્ત્યપણું નદીએ જ કરેલું, કારણકે તેના કાંઠે જન્મેલા અમર્ત્ય થાય છે. તેથી આ શરીર પણ વધારે તેજથી પૂર્ણતા પામતું ગંગાના સમ્બન્ધથી અમર્ત્યપણું પ્રાપ્ત કરી, ભગવાનની સેવામાં ફલ પ્રાપ્ત કરવાના અધિકારવાળું થશે એવા વિચારથી તેવો પ્રયત્ન કરવા વિચાર્યું. હાલના જીવોના દેહો[3] આધિભૌતિક હોવાથી, આધિભૌતિક સ્વરૂપથી પ્રકટ થએલી તે ગંગા તે ફલ પ્રાપ્ત કરાવતી નથી. ૫.

૧.'તેથીજ' એટલે ત્યાગ ભગવાનની સેવા કરવા માટે જ કરેલો હોવાથી.

૨.'બીજું પક્ષી ખાધા વિના જૂએ છે' એ શ્રુતિ પ્રમાણે અનશન ભગવાને પસંદ કરેલું વ્રત છે.

૩.'ગંગા અમર્ત્યપણું પ્રાપ્ત કરાવતી હોય, તો હાલના જીવો કેમ તેનાથી અમર્ત્યપણું પ્રાપ્ત કરતા નથી' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે.

એવી રીતે યોગ્ય દેહ પ્રાપ્ત કરાવનાર તરીકે ગંગાનો પરમ્પરાથી ઉપયોગ કહીને, નીચેના શ્લોકથી ભક્તિમાં[1] સાક્ષાત્ ફલરૂપ તેનો ઉપયોગ કહે છે :

**યા વૈ લસચ્છ્રીતુલસીવિમિશ્ર  કૃષ્ણાંઘ્રિરેણ્વભ્યધિકામ્બુનેત્રી ।**

**પુનાતિ લોકાનુભયત્ર સેશાન્ કસ્તાં ન સેવેત મરિષ્યમાણઃ ।।૬।।**

જે નિશ્ચય લક્ષ્મીને સમર્પણ કરેલી પ્રકાશતી તુલસી સાથે ભળેલી શ્રીકૃષ્ણના ચરણની રેણુ જેમાં ઘણી વધારે છે તેવાં જલને વહેનારી ઈશ સાથે લોકોને બંને બાજુએ પવિત્ર કરે છે તેનો મરવા પડેલ કોણ આશ્રય ન કરે ? ૬

અધિકારવાળું શરીર પ્રાપ્ત કરીને ભગવાનની સેવા કરવામાં આરંભમાં ચરણક્ષાલન[2] કરવાનું હોય છે. ભાવનાથી તે સેવા કરવામાં આવે, ત્યારે ચરણ ક્ષાલન થયું એમ જણાવનારી[3] ગંગા છે. તેનું તે જણાવનારું સ્વરૂપ કહે છે. બ્રહ્મસદનમાં બ્રહ્માએ કરેલ ચરણક્ષાલન પહેલાં, નિત્ય કરાતી પૂજામાં લક્ષ્મીએ સમર્પણ કરેલ જે તુલસી ભગવાનના ચરણારવિન્દમાં રહેલી તેની સાથે ભળેલ શ્રીકૃષ્ણનાં ચરણની રેણુ ગંગા વહે છે.

અથવા ભક્તનું કાર્ય કરવામાં[4] રોકાએલ ભગવાનનું ચરણ ભક્તના દેહના

મહાભૂતોનો સંસ્કાર કરે છે એ મતનો આધાર લઈને,[૫] યજ્ઞ કરનાર જીવને મોક્ષરૂપ મુખ્ય ફલ પ્રાપ્ત થાય તે પહેલાં યોગ્ય શરીર પ્રાપ્ત થાય તે માટે તેવાં શરીરનાં કારણરૂપ સંસ્કાર પામેલા મહાભૂતો સાથે ભળેલો જ તે જાય છે (બ્ર.સૂ.૩-૧-૧) એ નિયમ પ્રમાણે પ્રાણીઓ પ્રતિ પુણ્યનો ઢગ જેણે કરેલો છે તેના સમ્બન્ધીઓ ભક્ત થતાં, તેઓને ભગવદીય શરીર પ્રાપ્ત કરાવવા, ગંગા ભગવાનનાં ચરણનો સમ્બન્ધ પ્રાપ્ત કરી, ભક્તોને તેનો સમ્બન્ધ થાય ત્યારે તેનું શરીર પ્રાપ્ત કરાવવા રહેલા ચરણની પ્રાપ્તિ થાય તે પહેલાં જ તે પ્રાપ્ત કરાવવાનું ગંગા સાધન થાય છે એમ 'શ્રી કૃષ્ણનાં ચરણની રેણુ જેમાં ઘણી વધારે છે તેવાં જલને વહેનારી' શબ્દોથી કહેલું છે. લક્ષ્મીએ સમર્પણ કરેલી તુલસી સાથે ભળેલો જે ચરણનો રેણુ તે ગંગા વહેનારી છે. આથી તે ભક્તનાં શરીરને ભક્તપણાંનો[૬] અને ભક્તિનો[૬] સહજ સમ્બન્ધ થવાનું કારણ કહ્યું. ભૂમિ ઉપર રહેલા ઘણા ભક્તોને તેવું શરીર પ્રાપ્ત થાય તે માટે શ્રીકૃષ્ણના ચરણના રેણુઓજ સર્વ તરફ અધિક છે જેમાં તેવું જલ ગંગા લાવે છે, તેથી તે તેવું જલ વહેનારી છે. ગંગાનું જલ હદવાળું અને કમંડલનું જલ હદવાળું અને ચરણના રેણુઓ હદ વિનાના હોવાથી જલ સારી રીતે પ્રક્ષાલન કરવા પૂરતું હોતું નથી. તેથી તેમાં રેણુઓ જ અધિક છે. હાલના ગંગાના જલમાં પણ ભક્તને જ ગંગા તે પ્રકટ કરે છે, બીજાને પ્રકટ કરતી નથી, એમ 'વહેનારી' શબ્દથી સૂચવેલું છે. તેના પ્રસંગથી થતાં બે ફલ 'લોકોને બંને બાજુએ પવિત્ર કરે છે' શબ્દોથી કહેલ છે. ત્રણે લોકને અંદરથી અને બહારથી બંને બાજુએ સિંચનથી પવિત્ર કરે છે. અથવા 'સેશાન્' પાલન[૭] કરનાર મહાદેવ સાથે પવિત્ર કરે છે. આથી ભૂમિ ઉપર ઉત્પન્ન થએલા ભક્તોને અધિક દોષનો સમ્બન્ધ થવાનો નથી એમ સૂચવેલું છે. તેથી જ જે મરવા પડેલ હોય, પહેલાના દેહનો ત્યાગ કરવા ઈચ્છતો હોય, તેવો કોણ જ તેવું શરીર ઉત્પન્ન કરાવનારી ગંગાનો આશ્રય ન કરે? ૬.

૧.ગંગામાં શ્લો. ૫ માં કહ્યું તેવું સામર્થ્ય ક્યાંથી આવ્યું તે જણાવવા આ શ્લોક કહેલ.
૨.ગંગા ચરણક્ષાલન કરાવનારી હોવાથી તેનો ફલરૂપ ઉપયોગ છે.
૩.'જણાવનારી' એટલે સ્મરણ કરાવનારી ભાન કરાવનારી.
૪.અહીંથી સેવામાં ઉપયોગી શરીર પ્રાપ્ત કરાવવાનું ગંગાનું સામર્થ્ય કહે છે.
૫.કરવાની ક્રિયા વિના સાયુજ્ય વિગેરે મુક્તિ જ પ્રાપ્ત થાય, પણ ક્રિયા હોય તો સેવા કરવા યોગ્ય શરીર પ્રાપ્ત કરાવવારૂપ બીજા ભક્તોનું કાર્ય પણ થઈ શકતું હોવાથી, તેવો દેહ પ્રાપ્ત કરાવનાર મહાભૂતોના સંસ્કારના પક્ષનો આધાર લઈને.
૬.શાસ્ત્રમાં કહેલી અને ન કહેલી પ્રેમ લક્ષણા ભક્તિનો ભક્ત તુલસી સમર્પણ કરનાર લક્ષ્મી અને ચરણક્ષાલન કરનાર બ્રહ્માનો, અને ભક્તિનો એટલે ભગવાનના ચરણારવિન્દનો સહજ સમ્બન્ધ થાય છે એવો અર્થ જણાય છે.
૭.'ઈશ સાથે પવિત્ર કરે છે' એવો પાઠ લઈએ ત્યારે બંને બાજુએ એટલે સ્થિતિની દશામાં અને સંહારની દશામાં પવિત્ર કરે છે એમ જાણવું.

એવી રીતે ગંગાના તીરે અનશન વ્રત લઈ બેસવું એવો તર્કથી નિશ્ચય કરી, પોતે

ભક્ત ન હોય તો સર્વ નિરર્થક થાય[1] તેથી નીચેના શ્લોકથી પાંડવના પુત્ર તરીકે તે દોષ દૂર કરતાં ભવિષ્યનું કર્તવ્ય કહે છે :

**ઈતિ વ્યવચ્છિદ્ય સ પાણ્ડવેયઃ પ્રાયોપવેશં પ્રતિ વિષ્ણુપદ્યામ્ ।**
**દધ્યૌ મુકુન્દાંઘ્રિમ્ અનન્યભાવો મુનિવ્રતો મુક્તસમસ્તસંગઃ ।।૭।।**

વિષ્ણુપદીમાં અનશન વ્રત લઈ બેસવાનો એ પ્રમાણે નિશ્ચય કરીને, બીજા કોઈમાં ભાવ ન રાખનારા, મુનિવ્રતવાળા, સર્વ સંગ તજેલા પાંડવના પુત્રે મુકુંદના ચરણનું ધ્યાન ધર્યું.૭

બીજા વિકલ્પોને પડતા મૂકીને ઉપર કહેલા પ્રકારથી વિષ્ણુપદી ગંગામાં અનશન વ્રત લઈ બેસવાના આ વિકલ્પનો ઉત્તમ પ્રકારે 'અવચ્છિદ્ય' નિશ્ચય કરીને મુકુંદના ચરણનું ધ્યાન ધર્યું, એવો વાક્યનો સમ્બન્ધ છે. કારણકે તે પાંડવનો પુત્ર હતો. કોઈ સમયે આધ્યાત્મિક[2] બલવાન થાય ત્યારે ઉપર કહેલું[3] થશે નહીં એવા વિચારથી ઉપર કહેલાંને સાહાય્ય કરનાર તરીકે મુકુંદનાં ચરણનું જ ધ્યાન ધર્યું. મોક્ષ આપનાર તરીકે સ્વતન્ત્ર પ્રકારથી ધ્યાનનો ઉપયોગ કર્યો ન હતો. 'ચરણ' શબ્દથી જણાવેલી એકપણાંની સંખ્યા[4] ખજાનાની પેઠે પાછળથી બીજાં ચરણનો ઉપયોગ થઈ શકે તે માટે ઈચ્છેલી નથી. તેથી નજીકમાં હોવાથી પહેલાનાં[5] અંગ તરીકે હોવાનું પ્રાપ્ત થાય છે.

અનન્યભક્તિ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી હોવાથી, તે કહેવા 'બીજા કોઈમાં ભાવ ન રાખનારા' એમ કહેલું છે. 'ન' નથી 'અન્યસ્મિન્' બીજા કોઈમાં 'ભાવઃ' ભાવ જેનો, તેવો હતો. અનશનવ્રત અને ગંગાની તેને જરૂર[6] હોવાથી તેમની સ્વતન્ત્રતા ન થાઓ એમ જણાવવા આ કહેલું છે. આથી મનનો સંયમ પણ કહ્યો. અને 'મુનિવ્રતવાળા, સર્વસંગ તજેલા' વિશેષણોથી અનુક્રમે વાણીનો અને શરીરનો સંયમ કહેલા છે. મુનિના જેવું વ્રત હતું જેનું તેવો હતો. નકામી વાતચિત ન કરવી તે; અથવા મુનિઓ સિવાયના સાથે બોલવું નહીં તે મૌન. તેમ ન કરે અથવા મુનિઓ સિવાયના સાથે બોલે તો સ્વીકારેલાં વ્રતનો ત્યાગ થાય. તજેલા છે સર્વ સંગો જેણે તેવો થયો. પુત્ર મિત્રો વિગેરે સાથેના સંગોનો મનથી ત્યાગ કર્યો. આજ્ઞા કરીને શરીરથી પણ દૂર રાખેલા. ૭.

૧.આધિદૈવિક સ્વરૂપ પ્રકટ ન થવાથી, પોતે વિચારેલાં કાર્યમાં ઉપયોગી ન થાય (પ્ર)
૨.અંતઃકરણમાં રહેલ પાપ.(પ્ર)   ૩.'ઉપર કહેલું' એટલે અનશન વ્રત લઈ બેસવાનું (પ્ર)
૪.'પ્રહષત્' એક ગ્રહ કહેલ હોય ત્યાં બીજા ગ્રહોનો પણ હોમ વિગેરે કાર્યમાં ઉપયોગ થાય છે. તેની પેઠે અહીં પણ બી ચરણનો ધ્યાન ધરવામાં ઉપયોગ થાય તે માટે (પ્ર) 'ગ્રહ' નો અર્થ ખજાનો પણ થાય છે. તે સરલ અર્થ છે. સામાન્ય રીતે પણ એકવચન હોય ત્યાં બહુવચન લઈ શકાય છે.
૫.સેવામાં ઉપયોગી થાય તેવા શરીરની પ્રાપ્તિના અંગ તરીકે (પ્ર)
૬.ગયા શ્લોકમાં શુદ્ધિ કરાવનાર તરીકે ઉપયોગી હોવાનું જણાવેલ હોવાથી જરૂર છે (પ્ર))

એવી રીતે પરીક્ષિતે પોતાનું કર્તવ્ય કર્યું. ત્યારે બાકીનું ભગવાન જ કરશે તેથી શુક અને ભગવાન નો સમ્બન્ધ કરાવતાં, સમાજમાં જ રસ ઉત્પન્ન થવાનો હોવાથી ભક્તિરસ

ઉત્પન્ન થાય તે માટે ભગવાને કરેલ મુનિઓનું આગમન નીચેના શ્લોકથી કહે છે :

**તત્રોપજગ્મુર્ભુવનં પુનાના મહાનુભાવા મુનયઃ સશિષ્યાઃ ।**
**પ્રાયેણ તીર્થાભિગમાપદેશૈઃ સ્વયં હિ તીર્થાનિ પુનન્તિ સન્તઃ ।।૮।।**

ભુવનને પવિત્ર કરનારા મોટા પ્રભાવવાળા મુનિઓ શિષ્યો સાથે ત્યાં આવ્યા; કારણકે મોટા ભાગે તીર્થ કરવાના બાનાથી સત્પુરુષો પોતે તીર્થોને પવિત્ર કરે છે.૮.

'ઉપજગ્મુઃ' માંનો 'ઉપ' શબ્દ કાલનું સમીપપણું[1] જણાવે છે. હમણાં જ તે માટે ભગવાને આજ્ઞા કરેલા તેઓ આવ્યા એવું ન હતું, પરન્તુ પહેલાં જ લોકને અને તીર્થોને પવિત્ર કરવા ભગવાને આજ્ઞા કરેલા તેઓ તેમ કરતા હતા, એમ 'ભુવનને પવિત્ર કરનારા' શબ્દોથી કહેલું છે. તેમ ન હોય તો મુનિઓ આના અંગ થયા ગણાય. 'મોટા પ્રભાવવાળા' વિશેષણથી તેમનું પવિત્ર કરવાનું સામર્થ્ય કહેલું છે. બોલાવેલા ન હોવા છતાં પણ તેમને અહીંના પ્રયોજનનું જ્ઞાન હોવાનું 'મુનિઓ' શબ્દથી કહેલું છે. શિષ્યોને ફરી બોધ કરવાનું ન રહે અને ભવિષ્યમાં રસિકપણાંથી કથા કરાય તે માટે 'શિષ્યો સાથે' આવ્યા, 'મોટાભાગે' શબ્દ એમ જણાવવા યોજેલ છે કે તીર્થ કરવારૂપ આશ્રમનો ધર્મ કરનાર તરીકે તેઓ આવ્યા ન હતા. જો કે ''જે જે શ્રેષ્ઠ પુરુષ કરે છે'' (ભગ.ગીતા ૩।૨૧) એ ધોરણે લોકને બોધ આપવા પણ તેઓ તીર્થ કરે તે સંભવે છે, છતાં પણ તે મુખ્ય પ્રયોજન ન હતું, તે અર્થ 'અપદેશૈઃ' શબ્દથી કહેલો છે. 'બાનાથી' એવો અર્થ છે. આ સત્પુરુષો તરીકે જ પાવન કરનારા હતા, તેથી શ્લોકના અંતે તે સત્પુરુષો હોવાનું કહેલ છે.૮

૧.જે સમયે અનશન વ્રત લઈ બેઠો, તે જ સમયે મુનિઓ આવ્યા એવો અર્થ છે.

**અત્રિર્વસિષ્ઠશ્ચ્યવનઃ શરદ્વાન્ અરિષ્ટનેમિઃ ભૃગુરંગિરાશ્ચ ।**
**પરાશરો ગાધિસુતોઽથ રામ ઉતથ્ય ઈન્દ્ર–પ્રમદેધ્મવાહૌ ।।૯।।**
**મેધાતિથિર્દેવલ આર્ષ્ટિષેણો ભરદ્વાજો ગૌતમઃ પિપ્લાદઃ ।**
**મૈત્રેય ઔર્વઃ કવષઃ કુમ્ભયોનિઃ દ્વૈપાયનો ભગવાન્ નારદશ્ચ ।।૧૦।।**

[1]અત્રિ [2]વસિષ્ઠ [3]ચ્યવન [4]શરદ્વાન [5]અરિષ્ટનેમિ [6]ભૃગુ અને [7]અંગિરા [8]પરાશર [9]ગાધિનો પુત્ર, અને વળી [1]પરશુરામ [2]ઉતથ્ય, [3]ઈંદ્રપ્રમદ, [4]ઈધ્મવાહ [5]મેધાતિથિ [6]દેવલ [7]આર્ષ્ટિષેણ [8]ભરદ્વાજ [9]ગૌતમ [10]પિપ્લાદ અને [1]મૈત્રેય [2]ઔર્વ [3]કવષ [4]કુંભયોનિ [5]ભગવાન વ્યાસ અને [6]નારદ આવ્યા. શ્લો. ૮ ૯–૧૦.

બ્રાહ્મણોમાં મુખ્ય અત્રિના વંશજો છે, તેથી પ્રથમ અત્રિ ગણેલો છે. શરદ્વાન્ એટલે કૃપ અથવા બીજો.[1] ગાધિનો પુત્ર વિશ્વામિત્ર. 'રામઃ' એટલે પરશુરામ. ઉતથ્ય ગૌતમનો પિતા. એવી રીતે બ્રહ્મર્ષિથી આરંભી ભગવાનના ભક્ત નારદ સુધીના ગણાવ્યા. 'અથ' 'અને વળી' સુધીના નવ જ્ઞાનનો બોધ કરનારા છે. પરશુરામથી આરંભી પિપ્પલાદ સુધીના દશ ધર્મ

દર્શાવનારા છે. મૈત્રેયથી આરંભી નારદ સુધીના છ ભક્તિની પ્રવૃત્તિ કરાવનારા છે, પહેલા ગુણોને લીધે નવ પ્રકારના છે. પાંચ પ્રકારનું કર્મ પ્રકૃતિ અને વિકૃતિનો ભેદથી દશ પ્રકારનું થતું હોવાથી, વચ્ચે કહેલા તેવા દશ પ્રકારના છે. ભગવાન છ ગુણોના ઐશ્વર્યવાળા હોવાથી તેમને જણાવનારા ભક્તો છ પ્રકારના છે. 'ચ' 'અને' શબ્દથી નારદના શિષ્યો તેવા ભક્તિની પ્રવૃત્તિ કરાવનાર તરીકે ગણેલા છે.૯-૧૦.

૧.કૃપ શારદ્વત તરીકે પ્રસિદ્ધ હતો અને 'શરદ્વાન' ગૌતમ પહેલાં કહેલ છે. તેથી શરદ્વાન કૃપ નહીં પણ બીજો કોઈ હતો, એવો અર્થ છે.

બીજા પણ તેમના જુદા-જુદા શિષ્યો હતા, તે નીચેના શ્લોકથી કહે છે :

**અન્યે ચ દેવર્ષિબ્રહ્મર્ષિવર્યા રાજર્ષિવર્યા અરુણાદયશ્ચ ।**
**તાનાર્ષેયપ્રવરાન્ સમેતાન્ અભ્યર્ચ્ય રાજા શિરસા વવન્દે ।।૧૧।।**

અને બીજા ઉત્તમ દેવર્ષિઓ બ્રહ્મર્ષિઓ અને અરુણ વિગેરે ઉત્તમ રાજર્ષિઓ (આવ્યા. શ્લોક ૮.) તે ભેગા થએલા ઉત્તમ ઋષિઓનું રાજાએ પૂજન કરી મસ્તકથી નમન કર્યું.૧૧

તેથી જ ત્રણ પ્રકારના ઋષિઓ કહેલા છે. અરુણ કોઈએક ઋષિ હતો. તેઓ આવ્યા ત્યારે રાજાએ જે કર્યું તે ઉત્તરાર્ધથી કહેલ છે. 'આર્ષેયેષુ' ઋષિઓના વંશમાં 'પ્રવરાઃ' શ્રેષ્ઠો, અથવા યજ્ઞમાં પસંદ કરાએલા એકજ સમયે સર્વ આવ્યા, તેથી રાજાએ તેઓનું સમૂહથી જ પૂજન કર્યું, અથવા યોગ્યતા પ્રમાણે તેમની સંમતિથી પૂજન કર્યું. 'પૂજાના અંતે નમન થાય છે' તેથી નમન પૂજનની સમાપ્તિ સૂચવનારું છે.૧૧.

''ઇચ્છાથી જે ધર્મ કરેલ હોય તે આભાસ છે'' એવો દોષ ન રહે તે માટે તેઓ આકુલ ન હોય ત્યારે તેઓને વિજ્ઞપ્તિ કરવા ફરી પ્રણામ કરી, પોતે કરવા ઇચ્છે છે તે કરવું કે ન કરવું તેનો નિશ્ચય થાય તે માટે, અને બહારની દૃષ્ટિથી ઉત્તર ન આપે તે માટે તેઓની અંદર પ્રવેશ કરીને, વિનય થાય તે માટે ઉભા રહી બે હાથ જોડીને, તેણે વિજ્ઞપ્તિ કરી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સુખોપવિષ્ટેષ્વથ તેષુ ભૂયઃ કૃતપ્રણામઃ સ્વચિકીર્ષિતં યત્ ।**
**વિજ્ઞાપયામાસ વિવિક્તચેતા ઉપસ્થિતોઽગ્રેઽભિગૃહીતપાણિઃ ।।૧૨।।**

તેઓ સુખર્પૂક બેઠા પછી ફરી પ્રણામ કરી. ચિત્ત આત્મામાં રાખી સામો ઉભો રહી બે હાથ જોડી, જે પોતે કરવા ઇચ્છેલું તે કહેવા માંડ્યું.૧૨

'પછી' એટલે પૂજામાં રોકવાનું પૂરું થયા પછી. 'વિવિક્તે' દેહથી છૂટા કરેલા 'આત્મનિ' આત્મામાં ચિત્ત હતું જેનું તેવા, સામો રહીને બે હાથ જોડેલા હતા જેણે તેવાએ પોતે કરવા ઇચ્છેલું કહેવા માંડ્યું. ૧૨

આરંભમાં પોતાનો વૃત્તાંત[1] કહેતાં, બે શ્લોકોથી[1] આ લોકનું અને પરલોકનું એવાં બે સાધનો માટે પ્રાર્થના કરે છે. ભગવાનની કૃપા અને ઉત્તમ પુરુષોની કૃપા બે પ્રાપ્ત થએલ છે. છતાં ઉત્તમ પુરુષોની કૃપા ભગવાનની કૃપાનું કારણ હોવાથી, નીચેના શ્લોકથી પ્રથમ તે કહે છેઃ

**રાજા કહે છે :**

**અહો વયં ધન્યતમા નૃપાણાં મહત્તમાનુગ્રહણીયશીલાઃ ।**
**રાજ્ઞાં કુલં બ્રાહ્મણપાદશૌચાદારાદ્વિસૃષ્ટં બત ગર્હ્યકર્મ ।।૧૩।।**

અહો! ઉત્તમ પુરુષોએ અનુગ્રહ કરવા યોગ્ય આચરણવાળા અમે રાજાઓમાં ઘણા ધન્ય છીએ. અહો! રાજાઓનું કુલ નિન્દિત કર્મવાળું હોઈ બ્રાહ્મણના ચરણના જલથી પણ દૂર મૂકાએલું છે.૧૩

'અહો'! શબ્દ આશ્ચર્ય દર્શાવનારો છે. પ્રશંસા દર્શાવવા 'અમે' એમ કહેલું છે. 'ઘણા ધન્ય' શબ્દથી એમ જણાવેલું છે કે 'ધનં' પુરુષાર્થ માટે 'અર્હન્તિ' યોગ્ય હોય તે ધન્ય છે. તેમાં ઘણાપણું સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ છે, અને તમે ઋષિઓ પુરુષાર્થરૂપ છો અને તે પ્રાપ્ત થએલા છો.

માત્ર આપવાથી તને સ્વાધીન થએલા નથી, તેથી પુરુષાર્થની પ્રાપ્તિ કેમ થઈ? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'ઉત્તમ પુરુષોએ અનુગ્રહ કરવા યોગ્ય આચરણવાળા' એમ કહેલું છે. ભગવાનના વહાલાઓએ આદર કરવા યોગ્ય છે આચરણ જેમનું તેવા ઋષિઓ છે. તેમનાં આચરણ ઉપર ઋષિઓએ એવો અનુગ્રહ કરેલો છે કે આનો સ્વભાવ ગમે તેવો હોય, આપણે તેમને પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા થઈશું. તેથી જ અમે રાજાઓમાં શ્રેષ્ઠ છીએ. રાજાઓ અને બ્રાહ્મણો ''આ કારણથી બ્રહ્મ અને ક્ષત્ર એક બીજાનું રક્ષણ કરે છે'' એ વાક્ય પ્રમાણે સમાન હોવાથી તમે એવા પ્રકારના ધન્ય હો તે યોગ્ય જ છે. તેમાં આશ્ચર્ય શું છે? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'રાજાઓનું કુલ બ્રાહ્મણના ચરણના જલથી પણ દૂર મૂકાએલું છે ' એમ કહેલું છે. તે વાક્ય મહાપુરુષોનાં કાર્યની પ્રશંસા કરવા કહેલું છે. વાસ્તવિક રીતે તો રાજાઓનું સર્વ ફલ બ્રાહ્મણના ચરણનાં જલથી દૂર મૂકાએલું છે. જ્યાં બ્રાહ્મણો ચરણ ધોઈને અંદર પ્રવેશ કરે છે, તે શુદ્ધ અને અશુદ્ધ વચ્ચે વેદિકા પ્રકારનું સ્થાન છે, તે 'ચરણજલ' નું સ્થાન એમ કહેવાય છે. તેનાથી પણ રાજાઓનું કુલ દૂર છે. ત્યાં જવા પણ યોગ્ય નથી; તો પછી અંદર જવાની તો વાત જ શી? એવો અર્થ છે. 'બત' 'અહા' હર્ષ દેખાડે છે, કે હવે તે જુદા પ્રકારનું[2] થયું તે હલકું હોવાનું કારણ 'નિન્દિત કર્મવાળું' વિશેષણથી કહેલ છે. 'ગર્હ્યમ્' બીજાની હિંસારૂપ નિન્દિત 'કર્મ' કર્મ છે જેનું તેવું રાજાનું કુલ છે.૧૩

૧.શ્લો. ૧૩-૧૪ થી પોતાનો વૃત્તાંત કહે છે અને શ્લો. ૧૫-૧૬ થી આ લોકનાં અને પરલોકનાં ફલની પ્રાર્થના કરે છે. ૨.'જુદા પ્રકારનું' એટલે ઉત્તમોતમ.

એમ તેઓની કૃપા કહીને, નીચેના શ્લોકથી ભગવાનની કૃપા થયાનું કહે છે :

**તસ્યૈવ મેઽઘસ્ય પરાવરેશો વ્યાસક્તચિત્તસ્ય ગૃહેષ્વભીક્ષ્ણમ્ ।**
**નિર્વેદમૂલો દ્વિજશાપરૂપો યત્ર પ્રસક્તો ભયમ્ આશુ ધત્તે ।।૧૪।।**

જેમાં આસક્તિવાળો તરતજ ભય પામે છે તે ઘરોમાં વારંવાર ઘણું આસક્ત થએલ ચિત્તવાળા પાપરૂપ તે જ મારા, વૈરાગ્ય મૂલવાળા દ્વિજના શાપરૂપ, નાના અને મોટાના ઈશ્વર થયા છે.૧૪

રાજાઓના કુલમાં કોઈકનું નિન્દિત કર્મ ન પણ હોય; પરન્તુ હું તો તે નિન્દિત કર્મવાળો જ છું. તેથી તે નિન્દિત કર્મ કરનારા, અને તેમાં પણ 'અઘસ્ય' કેવલ પાપરૂપ મારા- દ્વિજના શાપરૂપ ઈશ્વર થયા છે. પહેલાં મારામાં ક્ષત્રિયપણું પણ હતું. હમણાં કુલના અંગારારૂપ હોવાથી પાપરૂપ છું. આવાના પણ વૈરાગ્યમાં જેનું મૂલ છે તેવા દ્વિજના શાપરૂપ ભગવાન જ થએલા છે. ભગવાન તેવા થવાનું કારણ 'નાના અને મોટાના ઈશ્વર' શબ્દથી કહેલું છે. જો ભગવાન તેમ થાય નહીં તો મોટાનાજ ઈશ્વર ગણાય. હું વિગેરે નાનાનો ઉદ્ધાર કરનારા ન ગણાય.

શાપ ભગવદ્રૂપ કેમ હોય? એવા પ્રશ્નના સમ્બન્ધમાં 'વૈરાગ્ય મૂલવાળા' એમ કહેલું છે. શાપ વૈરાગ્યનું મૂલ છે. ભગવાનના છ ગુણોમાં છેવટના ગુણ રૂપ વૈરાગ્યનું ભગવાન સિવાય બીજો કોઈ મૂલ થવા યોગ્ય નથી. તેથી જ ભગવાન અનન્તરૂપવાળા હોવાથી, દ્વિજનો શાપ પણ તેમનું એક રૂપ છે.

શાસ્ત્રદ્વારા ભગવાન વૈરાગ્ય કરાવનાર કેમ ન થાય? પાપ તો કૃપા કરાવનારું નથી! એવી શંકા થાય, તેથી 'ઘરોમાં ઘણું આસક્ત થએલ ચિત્તવાળા' એમ કહેલું છે. ઘરોમાં એ બહુવચન તો પુત્ર વિગેરેનાં ઘરોમાં પણ ઘણી આસક્તિ હોવાનું જણાવનારું છે. કારણકે પોતે પણ સાધન થઈને તે બનાવેલાં છે. 'વારંવાર' આસક્ત થવાથી શાસ્ત્રનાં શ્રવણ વિગેરે માટે પણ "તેને તત્ત્વનું ગ્રહણ કરાવવામાં ઉત્તમ વાણી પણ સાક્ષાત્ શક્તિવાળી નથી" (૫।૧૧।૩) એ નિયમ પ્રમાણે તેને સમય રહેતો નથી. તેથી શાસ્ત્રો વૈરાગ્ય કરાવવાની શક્તિવાળાં નથી.

ભગવાન સર્વ કરવા શક્તિવાળા હોવાથી ઘરમાં રહેલાને જ કેમ મુક્ત કરતા નથી? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'જેમાં આસક્તિવાળો તરતજ ભય પામે છે' એમ કહેલું છે. જે ઘરોમાં આસક્તિવાળો તરત જ હૃદયમાં ભયને ધારણ કરે છે, પરન્તુ ભયનો નાશ કરનાર ભગવાન ને ધારણ કરતો નથી. તેથી ભય ન થાય તે માટે તેમ થયું[1] એવો અર્થ છે.૧૪.

૧.'તેમ થયું' એટલે ઘરમાં રહેલાને મુક્ત ન કર્યો એવો અર્થ છે. ભગવાન શાપરૂપ થયા એવો અર્થ લઈ શકાય છે.

એવી રીતે તેઓનો[1] ઉપકાર કહીને, હવે નીચેના શ્લોકથી પોતાનું કર્તવ્ય કહે છે :

**તં મોપયાન્તં પ્રતિયન્તુ વિપ્રા ગંગા ચ દેવી ધૃતચિત્તમ્ ઈશે ।**

**દ્વિજોપસૃષ્ટ કુહકસ્તક્ષકો વા દશત્વલં ગાયત વિષ્ણુગાથાઃ ।।૧૫।।**

હે વિપ્રો! તમે, વિપ્રો અને ગંગાદેવી ઈશમાં ચિત્ત રાખેલા મને શરણ આવતો જાણો. દ્વિજે પ્રેરેલો ઠગ અથવા તક્ષક મને ભલે ઘણોજ ડંખ દે. તમે વિષ્ણુના ગીતો ગાઓ.૧૫

એવી રીતે જેના ઉપર ઉપકાર કરેલો છે તેવા મને 'ઉપયાન્તમ્' તમારા શરણ આવતો 'પ્રતિયન્તુ' જાણો. હે વિપ્રો! સારી રીતે પૂર્ણ કરનારાઓ મને પણ પૂર્ણ કરશે એવું તાત્પર્ય છે. દેવતારૂપ ગંગા મને શરણ આવેલો જાણો. ગંગા જલરૂપ કુદરતી સ્થિતિવાળી હોવાનું લોકમાં પ્રસિદ્ધ હોવાથી, ચેતન ન હોય તેને શરણ જવાનું અયોગ્ય હોવાથી 'દેવી' એમ કહેલું છે. ભકત અને ભગવાનનાં ચરણોદકને શરણ જવાનું ભગવાનના માર્ગના વિરોધવાળું નથી.

શાપમાંથી છૂટવાની પ્રાર્થના કરે છે? એમ પૂછે તો કહે છે કે ના. 'ઈશે' ભગવાનમાં ચિત્ત રાખેલા મને બાલક દ્વિજે 'ઉપસૃષ્ટઃ' પ્રેરેલો કૃત્રિમ રૂપથી અથવા તક્ષકરૂપથી 'કુહકઃ' કૃત્રિમ વેગથી ઠગ, અથવા તક્ષક મને 'અલમ્' ઘણોજ ડંખ ભલે દે. 'વા' 'અથવા' શબ્દ અનાદર દર્શાવનારો છે. તે ડંખ દે તેથી મને કાંઈ પણ હાનિ નથી, એવો અર્થ છે. ત્યારે અમારો શું ઉપયોગ છે? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'વિષ્ણુના ગીતો ગાઓ' એમ કહેલું છે. આટલાથી ભગવાનની બહાર ચિત્ત રહેલું નથી એમ જણાવ્યું. વિકલ્પથી થતા દોષની પણ શંકા રાખવી જોઈએ, એવા વિચારથી ચિત્ત ચંચલ હોવાથી એવી પ્રાર્થના કરેલી છે.૧૫

૧.'તેઓનો' એટલે આવેલા મુનિ ભગવદીઓનો અને ભગવાનનો.

એ પ્રમાણે આ લોકનાં ફલની પ્રાર્થના કરીને, નીચેના શ્લોકથી પરલોકનાં ફલની પ્રાર્થના કરે છે :

**પુનશ્ચ ભૂયાદ્ ભગવત્યનન્તે રતિઃ પ્રસંગશ્ચ તદાશ્રયેષુ ।**
**મહત્સુ યાં યામ્ ઉપયામિ સૃષ્ટિં મૈત્ર્યસ્તુ સર્વત્ર નમો દ્વિજેભ્યઃ ।।૧૬।।**

અને વળી જે-જે સૃષ્ટિમાં હું જાઉં ત્યાં મને અનંત ભગવાનમાં પ્રેમ, તેમના આશ્રયવાળા ઉત્તમ પુરુષોનો સમ્બન્ધ અને સર્વ સાથે મૈત્રીઓ થાઓ. દ્વિજોને હું નમસ્કાર કરું છું.૧૬

મુક્તિ થવાનું[1] તો સંભવતું નથી, અને તે ઈચ્છેલી નથી. રાજ્યનો રસ અને ભક્તિનો રસ ઘણા જુદા પ્રકારના હોવાથી, વિરુદ્ધગુણોવાળા[2] હોવાથી, મને ભગવાનમાં પ્રેમ જ થાઓ, રાજ્ય વિગેરે પ્રાપ્ત ન થાઓ. જન્મ તો જરૂર થવાનો છે. દેહ જાતિ ગુણ અને ક્રિયા માં મને કોઈ રસ નથી, તેથી જે-જે સૃષ્ટિમાં હું જાઊં, જન્મું ત્યાં-ત્યાં મને ભગવાનમાં પ્રેમ થાઓ. 'બધાઓમાં પણ ભગવાનપણું હોવાથી પુત્ર વિગેરેમાં પ્રેમ તો હોવાનો જ. તેથી પ્રાર્થના કરવાની જરૂર નથી' એમ કહેવામાં આવે, તેથી 'અનંત' એમ કહેલું છે. દેશ અને કાલ ની હદ વિનાના ભગવાનમાં પ્રેમ થાઓ. પુત્ર વિગેરે તેવા નથી. તેવો ભગવાનમાં પ્રેમ થવાનાં કારણની[3]

પણ 'અને તેમના આશ્રયવાળા ઉત્તમ પુરુષોનો સમ્બન્ધ થાઓ' શબ્દોથી પ્રાર્થના કરે છે. તેમ ન થાય[૪] તો એકવાર પ્રેમ ઉત્પન્ન કરીને તે કાર્ય કરવા માટે પ્રાપ્ત કરેલાં સાધનનો[૫] ક્ષય થઈ જાય. વળી સદાએ પ્રેમ થયા કરે એવી પ્રાર્થના પણ કરવા જેવી નથી કારણ કે પ્રેમ મનનો ગુણ હોવાથી સદા તે સ્ફુર્યા કરે તો દેહ વિગેરેનો નભાવ પણ[૬] ન થાય. અને તેવા પ્રેમ થવામાં પ્રમાણ[૭] અને સાધન નથી. વરદાન જ સાધન અને અનુમાન પ્રમાણ ગણીએ, તો બીજા પ્રકારે તર્કથી તે અનુમાન ખોટું ઠરતાં, વર ભગવત્પણામાં પરિણમે,[૮] અને ભક્તોએ તે ઈચ્છેલું નથી.

વળી પ્રેમ સ્નેહરૂપ હોઈ અનિત્ય છે, તે અન્તઃકરણનો ગુણ[૯] છે. વળી અમુક પ્રકારની ઈચ્છા પ્રેમ નથી; કારણકે તેનો પ્રકાર કહી શકાય તેવો નથી. સુખના સમ્બન્ધવાળી ઈચ્છા પ્રેમ નથી, કારણકે તેમ હોય તો સ્વર્ગની ઈચ્છા પણ પ્રેમ થાય, અને પુત્ર વિગેરેમાં[૧૦] તે પ્રેમ રહેશે નહીં. તેથી પ્રેમ જુદો જ પદાર્થ છે. ભગવાનના સમ્બન્ધવાળો તે પ્રેમ ભગવાનમાં જ રહેલો છે, અને ભગવાનની સમીપ રહેવાથી તેમના સમ્બન્ધને લીધે જ્ઞાન અને ઐશ્વર્યની પેઠે બીજામાં[૧૧] પણ ઉષ્ણ-ગરમીના સ્પર્શની[૧૨] પેઠે જણાય છે. જેમ-જેમ ભગવાનની સમીપ રહેવાનું થાય તેમ-તેમ વધારે પ્રેમ થાય. શરીરમાં રહેલ આત્મા જીવ પણ તેમની સાથે ઘણો સમીપ રહેલ હોવાથી, તેનામાં ઘણો પ્રેમ રહે છે. એ પ્રમાણે અધ્યાસથી બીજામાં પ્રેમ થાય છે. આનું અમે ''વાક્યના અન્વયને લીધે'' (બ્રહ્મસૂ.૧।૪।૧૯) એ સૂત્રમાં સારી રીતે વિવરણ કરેલું છે.[૧૩] તેથી ભગવાનની સમીપ રહેવાનું પ્રાપ્ત કરવા યોગ્ય હોવાથી અને પોતાથી તે થઈ શકે તેમ ન હોવાથી, ભગવાનના ભક્તો દ્વારજ તે પ્રાપ્ત થઈ શકે તેમ હોવાથી, તેમની સાથે સમ્બન્ધ સદા થાઓ, એમ 'તેમના આશ્રયવાળા ઉત્તમ પુરુષોને સમ્બન્ધ થાઓ' શબ્દથી કહેલું છે. આશ્રય[૧૪] ઘણું સમીપ રહેવાનું સૂચવનારો છે. એકલો આશ્રય હોય તેથી બીજાને સમીપ રહેવાનું પ્રાપ્ત કરાવી શકાય નહીં, તેથી 'ઉત્તમ પુરુષો' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી તેઓમાં પણ પ્રેમ થવાની પ્રાર્થના કરી છે એવી રીતે સાધન સાથે ભગવાનમાં પ્રેમ થવાની પ્રાર્થના કરી.

તે પ્રેમમાં કાંઈ નડતર ન થાય, તેવી પ્રાર્થના 'સર્વ સાથે મૈત્રીઓ થાઓ' શબ્દોથી કરે છે. કારણકે ''હું ઊંચા અને હલકા દ્રવ્યોમાં રહેલો છું'' એવું ભગવાનનું વાક્ય હોવાથી પ્રાણીઓના સમૂહનું અપમાન થતાં ભગવાનની પ્રસન્નતા થતી નથી. ''ભક્તિથી જ ભગવાન પ્રસન્ન થાય છે'' એ વાક્ય પ્રમાણે પ્રાણીઓનું અપમાન કરવું તે ફલ પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનારું અને સ્વરૂપની પ્રાપ્તિમાં વિઘ્નકારક છે, કારણકે ભગવાન પ્રસન્ન થએલ ન હોય ત્યારે ભક્તિ થતી નથી. મૈત્રી હોય ત્યારે જ અપમાન ન થવાનું સંભવે. સમાનતા હોય ત્યારે પણ પોતાની પેઠે જ ગણવામાં આવતાં અપમાન કરવાનું થઈ જાય. બ્રાહ્મણનો અપરાધ કરેલો હોવાથી તને વરદાન કેમ કરાય? એવો પ્રશ્ન થાય, તે સમ્બન્ધમાં 'દ્વિજોને હું નમસ્કાર કરું છું' એમ કહેલું છે. ઉત્તમ પુરુષોને પ્રણામ જ અપરાધની ક્ષમા કરાવનારો છે. તેથી સન્દેહ ન રહે

તેવી રીતે સાધન ભગવાનમાં પ્રેમ થવાની પ્રાર્થના કરી.૧૬

૧.નિવૃત્તિમાર્ગવાળા બધા મુક્તિ જ ઈચ્છે છે, તેથી તેની પ્રાર્થના કેમ ન કરી? એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. અપરાધી હોવાથી મુક્તિ થવી સંભવતી નથી અને ભગવદીય હોવાથી તે ઈચ્છેલી નથી. તેથી તેની પ્રાર્થના નથી કરી એવો અર્થ છે.

૨.ભક્તિ બંધનરૂપ હોવા છતાં અબંધરૂપ હોવાનું ત્રીજા સ્કન્ધમાં કહેલ હોવાથી, તેમાં તે બંને ગુણો હોવાથી વિરુદ્ધ ધર્મવાળી છે  અહીં રાજ્ય અને ભક્તિ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા હોવાનું કહેલું જણાય છે. રાજામાં સત્તા હોય, ભક્ત તો ભગવાનને અધીન હોઈ સત્તારહિત છે.

૩.'એકવાર ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થવાથી કાર્ય પતતું હોવાથી, તેનાં કારણની પ્રાર્થના કેમ કરે છે?' તે કહે છે.

૪.'તેમ ન થાય' એટલે પ્રેમનાં સાધનની પ્રાર્થના ન કરી હોય.

૫. પ્રેમ પ્રાપ્ત કરાવનાર વરદાનરૂપ અથવા ઉત્તમ પુરુષના સમ્બન્ધરૂપ સાધન.

૬.'પણ' શબ્દથી 'સેવાનો નભાવ' પણ કહેલો જાણવો.

૭.સદાનો પ્રેમ માત્ર પ્રમેય ભગવાન જ પ્રાપ્ત કરાવે, તેથી તે પ્રમાણથી પ્રાપ્ત થાય તેવો નથી.

૮.સાયુજ્યમાં પરિણમે. ભક્તોને તો ભગવદીયપણાંમાં જ સર્વ પુરુષાર્થો સમાપ્ત થતા હોવાથી તે ઈચ્છેલું નથી. તેથી દરેક જન્મમાં ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન કરાવનારાં કારણ ભગવાનના આશ્રયવાળા ઉત્તમોનો સંગ માટે પ્રાર્થના કરેલી છે, તે યોગ્ય છે, એવો અર્થ છે.

૯.અન્તઃકરણનો ગુણ હોવાથી અનિત્ય છે. તેથી દરેક જન્મમાં તેનાં કારણ માટે પ્રાર્થના કરવી યોગ્ય છે, એવો અર્થ છે.

૧૦. પુત્ર ઉપરનો પ્રેમ ઈચ્છારૂપ ન હોવાથી, તે પ્રેમ નહીં રહે ગણાય એવો અર્થ છે. આથી જ પ્રેમ જ્ઞાનરૂપ નથી. પ્રયાસરૂપ નથી અને અનુકૂલ બુદ્ધિથી જણાતો હોવાથી દ્વેષરૂપ પણ નથી એમ સિદ્ધ થયું.

૧૧.જેમ ચતુઃશ્લોકથી ૨-૯-૩૨ થી ૩૫ માં કહેલાં જ્ઞાન અને ઐશ્વર્ય ભગવાને આપેલાં તેમના સમ્બન્ધથી બ્રહ્માને પ્રાપ્ત થયાં અને તેમની સમીપ રહેવાથી પાર્ષદોને પ્રાપ્ત થતાં છતાં તે ભગવાનના ગુણો ન હોવાનું બન્યું નથી, તેમ સ્નેહ પણ મનનો ગુણ હોવા છતાં, આકસ્મિક હોવાથી, ભગવાનનો સમ્બન્ધ થાય તે માટે તેની પ્રાર્થના કરવી યોગ્ય છે અને ભગવાનનો ગુણ હોવાથી હલકો ન હોવાથી તેને માટે પ્રાર્થના કરવી પણ યોગ્ય છે.

૧૨.જેમ અગ્નિ સમીપ જતાં ગરમ સ્પર્શ થાય છે, તેમ ભગવાનની સમીપ જતાં તે પ્રેમ પ્રાપ્ત થાય છે એવો અર્થ છે.

૧૩.મૈત્રેયી બ્રાહ્મણમાંનું વાક્ય બ્રહ્મના સમ્બન્ધનું છે, જીવના સમ્બન્ધનું નથી એમ વાક્યોનો અન્વય સમ્બન્ધ જોતાં જણાય છે. બીજાઓમાં પ્રિય હોવાનો અધ્યાસ જ થાય છે, જીવમાં પ્રિયપણું અધિક છે, કારણકે તે ભગવાન સાથે સમ્બન્ધવાળો, ભગવાનની સમીપ રહેનારો છે. આ અધિકરણમાં પ્રિયપણું ભગવાનનો જ ગુણ હોવાનું સિદ્ધ થએલ હોવાથી, અને જીવ પણ તેમની નજીક રહેલ હોવાથી જ તેમાં ઉપાધિ વિનાનો પ્રેમ હોય છે એમ જણાવેલ છે.

૧૪.'જીવ ભગવાનની નજીક હોવાથી, ભગવાન ઉપરના પ્રેમનાં સાધનની પ્રાર્થના યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. સુષુપ્તિમાં જીવ પણ ભગવાનનો આશ્રય કરે છે તેથી તેને ભગવાનમાં પ્રેમ થાય, પણ ભગવાનની સમીપ રહેવા માટે સદાના આશ્રયની જરૂર રહે છે.

ઋષિઓની સંમતિવાળી મુખની ચેષ્ટા જાણીને, તેમજ થશે એવા નિશ્ચયથી

નિશ્ચિત થઈ રહ્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**સૂત કહે છે :**

**ઈતિ સ્મ રાજાડધ્યવસાયયુક્તઃ પ્રાચીન-મૂલેષુ કુશેષુ ધીરઃ ।**

**ઉદઙ્મુખો દક્ષિણકૂલ આસ્તે સમુદ્રપત્ન્યાઃ સ્વસુતન્યસ્તભારઃ ।।૧૭।।**

એવો નિશ્ચય કરેલો, ધૈર્યવાળો, પોતાના પુત્ર ઉપર ભાર નાખેલો રાજા સમુદ્રની પત્નીના દક્ષિણ કિનારે પૂર્વ તરફના મૂલવાળાં કુશો ઉપર ઉત્તર તરફ મુખ રાખી બેઠો.૧૭.

'સ્મ' શબ્દ એવી પ્રસિદ્ધિ જણાવનારો છે કે બધાઓએ જાણ્યું કે રાજા આવો નિશ્ચય કરી રહેલો છે. 'અધ્યવસાયઃ' એટલે નિશ્ચય. ભૂમિ સર્વ સ્થલે રાક્ષસોથી ઘેરાએલી હોવાથી, મરણ સમયે તેમનો આવેશ ન થાઓ એવા વિચારથી કુશો ઉપર બેઠો. ઉત્તમ ભક્તિના દેવો અધિકારીઓ હોવાથી, પિતૃપણું ન થાય અને દેવપણું પ્રાપ્ત ન થાય તે માટે પૂર્વ તરફ જેમની ટોચ હતી તેવા કુશો ઉપર બેઠો તે 'પૂર્વ તરફ મૂલવાળા' વિશેષણથી કહેલ છે. 'પ્રાચીનાની' પાછલા ભાગમાં રહેલા હતાં મૂળો જેમના તેવા કુશો ઉપર બેઠો. તક્ષક વિગેરેનો ભય તેને ન હતો એમ જણાવવા 'ધૈર્યવાળો' કહેલ છે. ઉત્તર તરફ મુખ રાખી એટલે ગંગા સામે મુખ રાખી બેઠો. દક્ષિણ કિનારે એટલે ગંગા અને યમુનાની વચેના પ્રદેશમાં બેઠો. પહેલાંની પેઠે વર્તમાન કાળનો પ્રયોગ કરેલો છે. હવે એકલા ભગવાનમાં જ આસક્તિ હોવાથી બીજા ઉપર દૃષ્ટિ ન હોવાથી ભગવાનનાં ચરણોદકને મૂકી દઈ, ભગવાનની પ્રાપ્તિ થાય તે માટે, લક્ષ્મીના પતિ ભગવાને સમુદ્રમાં શયન કરેલું હોવાથી સમુદ્રની પત્નીના દક્ષિણ કિનારે રહેવાથી તે કાંતો ભગવાનને લાવશે અથવા આ રાજા ને ત્યાં લઈ જશે, અથવા ભગવાન જમાઈ હોવાથી તેમને વિજ્ઞપ્તિ કરશે. એવી ભગવાન માટેની રાજાની તીવ્ર ઈચ્છા જણાવવા 'સમુદ્રની પત્નીના દક્ષિણ કિનારે ' એમ કહેલું છે. પ્રાપ્ત થએલા રાજ્યની ચિંતાનો ત્યાગ કરેલો એમ જણાવવા 'પોતાના પુત્ર ઉપર ભાર નાખેલો' એમ કહેલું છે. 'સ્વસુતે' પોતાના પુત્ર ઉપર 'ન્યસ્તઃ' નાખેલો હતો 'રાજ્યભારઃ' રાજ્યનો ભાર જેણે તેવો તે હતો. ૧૭.

ત્યારે દેવોએ તેનું અનુમોદન કર્યું એમ નીચેના શ્લોકથી કહે છે :

**એવં તુ તસ્મિન્ નરદેવદેવે પ્રાયોપવિષ્ટે દિવિ દેવસંઘાઃ ।**

**પ્રશસ્ય ભૂમૌ વ્યકિરન્ પ્રસૂનૈઃ મુદા મુહુર્દુન્દુભયશ્ચ નેદુઃ ।।૧૮।।**

એ પ્રમાણે તે નરદેવોનો દેવ અનશન વ્રત લઈ બેઠો ત્યારે તો સ્વર્ગમાં દેવોના સમૂહોએ તેની પ્રશંસા કરી ભૂમિ ઉપર આનન્દથી પુષ્પોની વૃષ્ટિ કરી અને વારંવાર દુંદુભિઓ વગાડ્યાં.૧૮

'તુ' 'તો' શબ્દથી પરીક્ષિતનો સન્દેહ દૂર કરેલો છે. તે 'નરદેવોનો દેવ' હોવાથી ઈંદ્ર સમાન થયો. સ્વર્ગનાં જ માર્ગથી તે વૈકુંઠમાં જશે એવા વિચારથી મહારાજાના પધારવાના કારણે વાજીંત્ર વગાડ્યાં તે કહે છે કે સ્વર્ગમાં જ દેવોના સમૂહોએ 'પ્રશસ્ય' સારું કર્યુ એમ

કહીને ભૂમિ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી. દેવોનાં અનુમોદનથી તેનું કાર્ય સિદ્ધ થવાનો નિશ્ચય થયો. આ પુષ્પોની વૃષ્ટિ શકુન છે. 'મુદા' એટલે આનન્દથી 'દુન્દુભયો' દેવોનાં વાજીંત્રો 'નેદુઃ' વગાડ્યાં. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા પણ વાજીંત્રો વગાડ્યાં. ત્યાં ઉત્સવ થયો, એવો અર્થ છે. આથી શાપ વિગેરેને લીધે પણ તેની નિશ્ચય બીજી ગતિ દુર્ગતિ થવાની નથી, એમ જણાવ્યું. ૧૮.

મહર્ષિઓનું કૃત્ય નીચેના શ્લોકથી કહે છે :

**મહર્ષયસ્તં સમુપાગતા યે પ્રશસ્ય સાધ્વિત્યનુમોદમાનાઃ ।**
**ઊચુઃ પ્રજાનુગ્રહશીલસારા યદુત્તમશ્લોકગુણાભિરૂપમ્ ।।૧૯।।**

પ્રજાના ઉપર અનુગ્રહ કરવાનો સ્વભાવ જેમનામાં સાર છે તેવા મહર્ષિઓ તેની પાસે આવેલા, તેઓએ પ્રશંસા કરીને 'સારું કર્યું' એમ અનુમોદન કરતાં તેને નીચે પ્રમાણે કહ્યું, કારણકે તે ઉત્તમશ્લોકના ગુણોને શ્રવણ કરવાને યોગ્ય હતો. ૧૯.

મહર્ષિઓ સારી રીતે આવેલા, એટલે રાજાનું[1] નિર્યાણ થાય ત્યાં સુધી તેનું હિત પૂર્ણ કરનાર તરીકે આવેલા. તેઓએ પણ પ્રશંસા કરી. વિપ્રે પ્રશંસા કરેલું કાર્ય મૂલ વિનાનું હોય તો પણ મૂલવાલું થાય છે એમ સૂચવેલું છે, અને 'સારું કર્યું' એમ અનુમોદન કર્યું. આથી રાજાએ પોતાની ઈચ્છાથી કરેલ હોવાનો દોષ પણ દૂર થયો. તેઓએ તેમ કહ્યું તેનું પ્રયોજન 'પ્રજા ઉપર અનુગ્રહ કરવાનો સ્વભાવ જેમનામાં સાર છે' એ વિશેષણથી કહેલું છે. તે ઋષિઓની આ રાજાઓ પ્રજા છે. તે પ્રજા ઉપર કૃપારૂપ જ, અથવા અનુગ્રહ કરવાનું કારણ થએલ જે સ્વભાવ, તે જ સાર હતો જેઓમાં તેવા તેઓ હતા. આથી એમ સૂચવેલું છે કે જો તેઓ અનુગ્રહ ન કરે તો સાર વિનાના જ થાય. વળી પરમ ભક્ત રાજા ઉપર તે અનુગ્રહ કરવો જ જોઈએ એવા અભિપ્રાયથી ઉત્તમ શ્લોકના ગુણોનું શ્રવણ કરવાને યોગ્ય વિશેષણ કહેલું છે. ઉત્તમ શ્લોકના ગુણોનું શ્રવણ કરવા માટે 'અભિરૂપઃ' યોગ્ય રાજા હતો અથવા ઉત્તમ શ્લોકના ગુણોની સમાન હતો. જેમ ભગવાનના ગુણોનું શ્રવણ કરવા રહેવું જોઈએ, તેમ રાજાના દર્શન માટે પણ રહેવું જોઈએ. પહેલા વિકલ્પ પ્રમાણે મુખ્ય અધિકારી હોવાથી, શ્રવણ કરનાર તરીકે તેની પ્રશંસા કરવી જોઈએ, એવો અર્થ છે. ૧૯.

૧.'નિર્યાણ' એટલે ૧.મૃત્યુ, ૨.મોક્ષ.

નીચેના શ્લોકથી પ્રશંસા જ કહે છે :

**ન વા ઈદં રાજર્ષિવર્ય! ચિત્રં ભવત્સુ કૃષ્ણં સમનુવ્રતેષુ ।**
**યેઽધ્યાસનં રાજકિરીટજુષ્ટે સદ્યો જહુર્ભગવત્પાર્શ્વકામાઃ ।।૨૦।।**

હે ઉત્તમ રાજર્ષિ! શ્રીકૃષ્ણને અનુસરનારા તમો કે જેઓએ ભગવાન પાસે જવાની ઈચ્છાથી રાજાના મુકુટવાળા સિંહાસનનો એકદમ ત્યાગ કર્યો તેવા તમારું આ કર્મ ખરેખર

આશ્ચર્યકારક નથી. ૨૦

હે ઉત્તમ રાજર્ષિ! સર્વનો ત્યાગ કરીને ભગવાનમાં ચિત્ત પરોવવું આ તમારું કર્મ આશ્ચર્યકારક નથી. તેનું કારણ 'શ્રીકૃષ્ણને અનુસરનારા' વિશેષણથી કહેલું છે. સંબોધનથી મર્યાદાની ઉત્તમ સીમા સૂચવેલી છે. શ્રીકૃષણની પાછળ વ્રત છે જેઓનું તેવા તમો છો. જેમ ભગવાન સર્વ કાર્ય કરીને પધાર્યા તેવી રીતે તેમના ભક્તો એ પણ કરવું જોઈએ, એવો અર્થ છે. તેનું દષ્ટાન્ત તમારા દાદાઓ છે. જે પાંડવોએ 'અધ્યાસનમ્' સિંહાસનનો રાજાના મુકુટોવાળું સાર્વભૌમનું સ્પર્ધા કરનાર વિનાનાં આસનનો ભગવાન પાસે જવાની ઈચ્છાથી તરતજ ત્યાગ કર્યો, તેમ તમારે પણ ભગવાનની પાસે જવું જોઈએ, એવો અર્થ છે. ૨૦.

એ પ્રમાણે તેની સ્તુતિ કરી, તેની સંમતિ કરતા હોય તેવું જણાવતાં ગૂઢ પ્રકારે અનુકૂલ હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**સર્વે વયં તાવદ્ ઈહાસ્મહેઽથ કલેવરં યાવદ્ અસૌ વિહાય ।**
**લોકં પરં વિરજસ્કં વિશોકં યાસ્યત્યયં ભાગવતપ્રધાનઃ ।।૨૧।।**

પછી જ્યાં સુધી આ તે મુખ્ય ભક્ત શરીર તજી રજવિનાના શોકરહિત ઉત્તમ લોકમાં જશે ત્યાં સુધી અમે બધા અહીં રહીશું. ૨૧

અમોએ પોતાનું કહેલું પૂરું કરીને જવું જોઈએ, પૂરું થાય ત્યાં સુધી રહેવું જોઈએ. તે જ કહે છે. જ્યારે આ ભગવાનનાં સ્થાનમાં જશે ત્યાં સુધી અમે બધાએ અહીં જ 'આસ્મહે' રહીશું. શું કરીને, ક્યાં જશે? એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'પછી શરીર તજી ઉત્તમ લોકમાં જશે ' એમ કહેલું છે. સાત દિવસ પછી શરીર તજી, મહાભૂતોના સમૂહને તજીને, તે એકલો, ઉત્તમ લોક વ્યાપિ વૈકુંઠ જ્યાં રજોગુણનો સંબંધ જ નથી, જે શુદ્ધ સત્ત્વરૂપ અને પ્રકૃતિથી પર છે અને 'વિશોક' તમોગુણ વિનાનું અને દોષ વિનાનું છે ત્યાં સર્વ પ્રકારે જશે. તેનું કારણ કે તે ભક્તોમાં મુખ્ય છે. અથવા ભક્ત મુખ્ય છે જેને તેવો છે. ત્યાં સુધી અમારે રહેવાનું છે એવો વાક્યનો સંબંધ છે. ૨૧.

એવી રીતે તેઓની કૃપાનું શ્રવણ કરી, તેઓ ઘણો સમય રહેશે એમ જાણી, ત્યાં સુધીમાં મારે સર્વ સંદેહો દૂર કરવા એવા વિચારથી, તે કાર્ય માટે પ્રશ્ન કરવા તેણે જે કર્યું તે નીચેના શ્લોકથી કહે છે :

**આશ્રુત્યં તેષાં વચનં પરીક્ષિત્ સમં મધુચ્યુદ્ ગુરુ ચાવ્યલીકમ્ ।**
**અભાષતૈનાનભિવન્દ્ય યુક્તં શુશ્રૂષમાણશ્ચરિતાનિ વિષ્ણોઃ ।।૨૨।।**

તેઓનાં સમાનતાવાળાં, મધઝરતાં, અર્થથી ભરપૂર અને કપટ રહિત વચનનું શ્રવણ કરીને, વિષ્ણુનાં ચરિતોને સાંભળવાની ઈચ્છા રાખનાર પરીક્ષિતે એમને નમન કરીને નીચે પ્રમાણે યોગ્ય વચન કહ્યું. ૨૨

પરીક્ષિત હોવાથી તે ઋષિઓનું વચન સત્ય હોવાનો તેણે નિર્ણય કર્યો. તેઓનાં વચનમાં ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરાવનાર ચાર ગુણો હતાં. તે પૈકી ૧.સમાનતાવાળું એટલે પોતાનું અને રાજાનું સરખી રીતે હિત વિચારનારું તે હતું. આથી તે જ્ઞાનરૂપ હોવાનું કહ્યું. ૨.સર્વ પ્રકારે ભગવાનની સમીપ જશે એવું મધઝેરતું હોવાથી 'મધ ઝરતું' હતું. આથી તે કામરૂપ હોવાનું કહ્યું. અને તે ૩.અર્થથી ભરપૂર હતું 'ત્યાં સુધી અમે રહીશું' એવો સારવાળો અર્થ તેમાં હતો. ત્યાં સુધી અમે સર્વનું હિત કરીશું. એવા અર્થની સમાનતાવાળું હતું અને 'ચ' 'અને' શબ્દ હોવાથી પ્રશંસાવાળું હતું. ૪.'અવ્યલીકમ્' 'તરતજ' સિંહાસનનો ત્યાગ કર્યો (શ્લોક ૨૦) એવું કપટ વિનાનું હતું. આથી તે ધર્મરૂપ હોવાનું જણાવ્યું. એવી રીતે સર્વ પુરુષાર્થરૂપ તેઓનું વચન સાંભળીને, એમને નમન કરીને, વિષ્ણુનાં ચરિતોને સાંભળવાની ઈચ્છાવાળાએ નીચે કહેવામાં આવશે તે કહ્યું. ૨૨.

નીચેના શ્લોકથી રાજાનું વચન જ કહે છે :

**રાજા કહે છે :**

**સમાગતાઃ સર્વત એવ સર્વે વેદા યથા મૂર્તિધરાસ્ત્રિપૃષ્ઠે ।**
**નેહાથ વામુત્ર ચ કશ્ચનાઽર્થઃ ઋતે પરાનુગ્રહમાત્મશીલમ્ ।।૨૩।।**

જેમ સત્યલોકમાં દેહધારી વેદો છે તેવાજ તમો સર્વે સર્વ તરફથી જ આવેલા છો. બીજાના ઉપર કૃપા કરવાના પોતાના સ્વભાવ સિવાય આ લોકમાં અને પરલોકમાં તમારે કાંઈ પણ પ્રયોજન નથી.૨૩

અહીં સંદેહ હોય ત્યારે બીજે ક્યાંય જવું યોગ્ય નથી. કારણકે સર્વ તરફથી જ તમે સર્વ આવેલા છો. 'જેમ સત્યલોકમાં દેહધારી વેદો છે' શબ્દોથી તમોએ જ પ્રમાણનો નિર્ણાયિ કરેલો એમ કહેલું છે. 'ત્રિપૃષ્ઠે' સત્ય લોકમાં 'મૂર્તિધરાઃ' વેદોમાં રહેલ દેવતારૂપ દેહવાળા વેદો છે તેવા તમો છો. અને ઉત્તરાર્ધથી તમારા વચનમાં તમારું કોઈ પ્રયોજન નથી એમ કહેલ છે. આ લોકમાં અને પરલોકમાં બીજાના ઉપર કૃપા કરવા સિવાય તમારે બીજું પ્રયોજન નથી. બીજા ઉપર અનુગ્રહ કરવામાં પણ તમારો કોઈ હેતુ નથી, પરંતુ તે તમારે સ્વભાવ જ છે. તેથી પ્રમાણના વિચાર પ્રમાણે અને પ્રમેયના વિચાર પ્રમાણે તમારા વાક્યમાં શંકાજ નથી.૨૩.

તેથી તમને હું કાંઈક પૂછું છું એમ નીચેના શ્લોકથી કહે છે :

**તતશ્ચ વઃ પૃચ્છ્યમ્ ઈમં વિપૃચ્છે વિશ્રભ્ય વિપ્રા ઈતિકૃત્યતાયામ્ ।**
**સર્વાત્મના મ્રિયમાણૈશ્ચ કૃત્યં શુદ્ધં ચ તત્રાઽઽમૃશતાઽભિયુક્તાઃ ।।૨૪।।**

અને તેથી હે વિપ્રો! શું કરવા યોગ્ય છે તે વિષયમાં તમારા ઉપર વિશ્વાસ રાખી હું તમને પૂછવા યોગ્ય પૂછું છું કે સર્વ પ્રકારે જીવતાએ અને મરવા પડેલાઓએ શું શુદ્ધ કરવા યોગ્ય છે, તે કાર્યમાં યોજાએલા હોવાથી વિચારો ૨૪.

'ચઃ' તમને પૂછવા યોગ્ય પૂછવું જ જોઈએ. ''પૂછ્યા વિનાનાએ કોઈને કહેવું નહીં'' એવી શ્રુતિ હોવાથી આ મારી બુદ્ધિમાં રહેલું ખાસ પૂછું છું. 'વિશ્રભ્ય' તમારા ઉપર વિશ્વાસ રાખીને, તર્કનો પણ વિચાર કર્યા વિના તમને પૂછું છું. 'હે વિપ્રો' એ સંબોધન પહેલાંની પેઠે કરેલું છે. 'ઈતિકર્તવ્યતામ્' 'ઈતિ' એવા પ્રકારે 'કર્તવ્યમ્' કરવાયોગ્ય તે 'ઈતિકર્તવ્યમ્' તેનો પ્રકાર તે 'ઈતિકર્તવ્યતા' તેમાં, એટલે તે નિમિત્તે, શું કરવા યોગ્ય છે તેનો નિર્ણય, અને તેનાં સાધન અને પ્રકારનો નિર્ણય કહો, એવો ભાવ છે. તેમાં અમુક સમયને લીધે શું કરવું તે પૂછે છે 'સર્વાત્મના' સર્વ પ્રકારે જીવતા હોઈએ તે સ્થિતિમાં સદા અને મરવા પડેલાઓએ મરણ સમયે શું કૃત્ય કરવું યોગ્ય છે તે કહો. શુદ્ધ કૃત્ય કહો. દાન વિગેરેમાં દાન કરનારની શુદ્ધિ ન હોવાથી તે કરવા યોગ્ય હોવામાં સંદેહ રહે છે. આનું પરિણામ એવું થાય છે કે જે કાર્ય માં શુદ્ધિને માટે કાલ વિગેરે કારણોની જરૂર ન હોય તેવું કહો. 'તેવું કાંઈ કાર્ય નથી' એમ ન કહેશો. કારણકે તમો તેવા કાર્યમાં યોજાએલા છો. તેથી તેવાં કાર્યનાં 'આમૃશત' સર્વ તરફથી પ્રમાણોનો વિચાર કરો, એવો અર્થ છે. ૨૪.

એવો પ્રશ્ન કર્યો ત્યારે સર્વ ત્યાગ કરનારનો ગુરુ ત્યાગ ન કરનાર ન હોય તેથી ભગવાનની પ્રેરણાથી શુક આવ્યા એમ નીચેના શ્લોકથી કહે છે :

**તત્રાભવદ્ ભગવાન્ વ્યાસપુત્રો યદૃચ્છયા ગામટમાનોઽનપેક્ષઃ ।**
**અલક્ષ્યલિંગો નિજલાભતુષ્ટો વૃતશ્ચ બાલૈરવધૂતવેષઃ ॥૨૫॥**

ઈચ્છા પ્રમાણે પૃથ્વી ઉપર ફરનાર, અપેક્ષારહિત, ન જણાય તેવા ચિહ્નવાળા, પોતાના લાભથી સંતોષ માનનાર અને બાલકોથી વીંટાએલા, અવધૂત વેષવાળા વ્યાસના પુત્ર ભગવાન્ ત્યાં પ્રકટ થયા. ૨૫

[ક]ત્યાંજ 'અભવત્' પ્રકટ થયા. [ખ]તેવું સામર્થ્ય હોવાનું કારણ 'ભગવાન' શબ્દથી કહેલું છે. [ગ]ભગવાન હોવાનું કારણ 'વ્યાસના પુત્ર' શબ્દથી કહેલું છે. [ઘ]તેઓની દષ્ટિમાં તેવું ભાવ ન થાય, તે માટે 'પૃથ્વી ઉપર ફરનાર' શબ્દોથી જુદા પ્રકારે પોતાને દેખાડતા હોવાનું કહેલ છે. પૃથ્વી ઉપર ફરવું એ પરમહંસોનો ગુણ છે. [ઙ]''અપેક્ષારહિત' હતા, કારણકે ફરવાના ગુણને લીધે કાંઈપણની તેમને જરૂર ન હતી; તેથી રાજાની પેઠે લીલાથી ફરતા હતા, એવો અર્થ છે. [ચ]ન જણાય તેવા 'લિંગાનિ' મહાપુરુષના ચિહ્નો હતાં જેમનાં તેવા હતા. બત્રીસે લક્ષણો તેમનામાં હતા. તે જાણવામાં આવે તો લોકો તેમને રાજા બનાવે. રાજામાં સોળ લક્ષણો હોય છે, અને મહારાજાધિરાજમાં બત્રીસ લક્ષણો હોય છે. બત્રીસ લક્ષણો હોય છે તે ભગવાન અથવા બ્રહ્મ જાણનાર હોય છે. તે લક્ષણોનું ફલ [છ-જ]''પોતાના લાભથી સંતોષ માનનાર' વિશેષણથી કહેલ છે. [છ]પોતાનો લાભ અને [જ]સંતોષ એવાં બે ફલ કહ્યાં. પોતાના લાભથી સંતોષ માનનારા હતા; કારણકે લાભ અને સંતોષ બંનેમાં કારણ અને કાર્ય ની સ્થિતિ છે. તેથી ''પોતાના લાભથી અધિક કાંઈ નથી'' એ શ્રુતિનો વિરોધ નથી. ફરવાનું, ક્રીડારૂપ છે એમ જણાવતાં, લક્ષણો ન

જાણવાનું કારણ 'બાલકોથી વીંટાએલા' વિશેષણથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી સ્ત્રીઓથી અને અજ્ઞાનીઓથી વીંટાએલા હતા. લક્ષણોની પરીક્ષા ન થાય તે માટે 'અવધૂતવેષવાલા' એમ કહેલું છે. અવધૂતના જેવો વેષ હતો જેમનો તેવા હતા. લક્ષણોની પરીક્ષા ન થાય તે માટે 'અવધૂતવેષવાલા' એમ કહેલું છે. અવધૂતના જેવો વેષ હતો જેમનો તેવા હતા. દેહના સંસ્કાર વિનાનો મૂર્ખ હોય તે 'અવધૂત' તેમનામાં મૂર્ખપણાનો અંશ ન હતો એમ જણાવવા 'વેષ' શબ્દ યોજેલ છે. ૨૫.

તેમનામાં બત્રીસ લક્ષણો પણ હતાં એમ જણાવવા નીચેના શ્લોક કહે છે :

**તં દ્વ્યષ્ટવર્ષં સુકુમાર-પાદકરોરુબાહ્વંસ-કપોલ-ગાત્રમ્ ।**
**ચાર્વાયતાક્ષોન્નસતુલ્યકર્ણં સુભ્ર્વાનનં કમ્બુસુજાતકણ્ઠમ્ ।।૨૬।।**
**નિગૂઢજત્રું પૃથુતુંગવક્ષસમ્ આવર્તનાભિં બલિવલ્ગૂદરઞ્ચ ।**
**દિગમ્બરં વક્રવિકીર્ણકેશં પ્રલમ્બબાહું સ્વમરોત્તમ્ આભમ્ ।।૨૭।।**
**શ્યામં સદાઽપીચ્યવયોંગલક્ષ્મ્યા સ્ત્રીણાં મનોજ્ઞં રુચિરસ્મિતેન ।**
**પ્રત્યુત્થિતાન્તે મુનયઃ સ્વાસનેભ્યઃ તલ્લક્ષણજ્ઞા અપિ ગૂઢવર્ચસમ્।।૨૮।।**

સોળ વર્ષવાળા, સુકુમાર પગ કર સાથળ બાહુ ખભા અને ગાલ અંગવાળા, સુંદર લાંબા નયન ઉંચી નાસિકા અને સમાન કર્ણવાળી સુંદર ભ્રમરોવાળા મુખવાળા, શંખના જેવા ઉંચા કંઠવાળા, ઢંકાએલી હાંસડીવાળા. પહોળી ઉંચી છાતીવાળા, ચકરીવાળી નાભિવાળા અને કરચલીઓથી મનોહર ઉદરવાળા, દિશાઓરૂપી વસ્ત્રવાળા વાંકા વીખરાએલા કેશવાળા, લાંબા બાહુવાળા, ઉત્તમ દેવ જેવી કાંતિવાળા, શ્યામ, સદા યૂવાવસ્થાની વયને લીધે અંગની શોભા વડે અને મનોહર સ્મિતથી સ્ત્રીઓને સુખ કરનારા પ્રતિ તે ગૂઢ તેજવાળા હોવા છતાં તેમના લક્ષણને જાણનારા તે મુનિઓ પોતાના આસનો ઉપરથી ઉભા થયા. ૨૬-૨૮.

તે પૈકી કેટલાંક લક્ષણો અંદર રહેલાં અને કેટલાંક બહાર રહેલાં હતાં. તે પૈકી ૧.સર્વ સ્થલે રહેલાની પોતાની ઇચ્છા પ્રમાણે પ્રકટ થવાની શક્તિ ૨.છ ગુણોનાં ઐશ્વર્યની ઉત્તમ સ્થિતિ. ૩.ભગવદીયપણું[1] ૪.પોતાની ઇચ્છા પ્રમાણે લીલા કરવાનું ૫.અપેક્ષારહિત હોવાપણું ૬.અદશ્ય થવાની શક્તિ ૭.આત્માનો લાભ અને ૮.સંતોષ ઢ્ઢએવા આઠ ગુણો ઉપર શ્લોક ૨૫માં કહેલા છે. બીજાઓ કહે છે. (૯-૧૦) બે આઠ વર્ષવાળાં, બમણા આઠ વર્ષો છે જેમનાં, સોળ વર્ષના, એવો અર્થ છે; કારણકે વર્ષો શરીરની વૃદ્ધિ અને ક્ષય નાં કારણરૂપ હોવાનો દાઢી ઉત્પન્ન થવાથી નિશ્ચય થાય છે. ''આ અપવિત્ર ચામડી મરેલી[2] છે'' એ શ્રુતિ પ્રમાણે કેશો પણ તેવા વૃદ્ધિ અને ક્ષયનાં કારણરૂપ હોવા છતાં, તે જન્મ સમયે રહેલા હોવાથી મરેલ હોવાનું જણાવનારા નથી. તેથી[3] શુકને કાલથી થતો ગુણ જ પ્રાપ્ત થએલ, દોષ પ્રાપ્ત થયો ન હતો. તેથી તે બંને ગુણ અને દોષનો અભાવ જણાવવા અને ભવિષ્યમાં[4] દોષ થવાનો નથી અને ગુણ રહેવાનો છે એમ જણાવવા 'બે આઠ વર્ષવાળા' એમ કહેલું છે. અથવા

તે[1] ભગવાનનું વિસ્મરણ કરાવનારા છે. તેથી ઘણા સમય સુધી જીવનારને બાકીના સમયમાં સ્મરણ અને તે આશ્ચર્યની પ્રસિદ્ધિ એવા બે ગુણો કહ્યા.

(૧૧ થી ૧૬) 'સુકુમાર પગ કર સાથળ બાહુ ખભા અને ગાલ અંગવાળા' હતા. 'સુષ્ઠુ' સારી રીતે 'કુત્સિત' અધર્મને 'મારયન્તિ' મારે તે સુકુમાર, એટલે દોષ વિનાના અને ગુણવાળા પગથી આરંભી ગાલ સુધીના છ જેમનાં છે તેવું અંગ છે જેમનું તેવા હતા આથી છ ગુણો કહ્યા.

(૧૭ થી ૨૧) સુંદર જે પ્રકારે થાય તેવા લાંબા નયન હતાં જેમના, ઉંચી નાસિકા હતી જેમની, સમાન કર્ણો હતા જેમના, સુંદર ભ્રમરો હતી મુખ ઉપર જેમનાં, શંખના જેમ ત્રણ કરચલીવાળો સારી રીતે ઉંચો થયેલો કંઠ હતો જેમનો. તેવા હતા. આથી પાંચ ગુણો કહ્યા.

(૨૨ થી ૨૫) ઢંકાએલી હતી હાંસડી જેમની, હાંસડી એટલે કંઠમાળનું હાડકું; પહોળી ઉંચી છાતી હતી જેમની, ચકરીવાળી નાભી હતી જેમની, કરચલીઓથી પીપળાનાં પાન જેવું મનોહર ઉદર હતું જેમનું. આ ચાર ગુણો કહ્યા.

(૨૬) 'ચ' 'અને' શબ્દથી ગૂઢ[6] ચિહ્‌ન કહ્યું. એ પ્રમાણે છવીસ લક્ષણો કહ્યાં. વચ્ચે તેમનાં લોક ઉપર ઉપકાર કરનારાં બે કાર્યો 'દિશાઓરૂપી વસ્ત્રવાળા વાંકા વીખરાએલા કેશવાળા' વિશેષણોથી કહેલાં છે, કારણકે તેમનું શરીર બ્રહ્મભાવને લીધે ભગવાનની પેઠે સર્વત્ર રહેતું હતું, તે શરીરનું વસ્ત્ર દિશાઓજ થાય. લૌકિક વસ્ત્ર પહેરે તો અંદર હદ બંધાય અને લોકોને પીડા થાય. તેથી દિશાઓરૂપ વસ્ત્રવાળા હતા. (૨૭ થી ૩૨) વાંકા વીખરાએલા કેશ હતા જેમના તેવા હતા. તેમના કેશ 'ક' બ્રહ્મા અને ઈશ શિવરૂપ હતા. તે ઉત્પન્ન થએલા ન હોવાથી વાંકા હતા અને ગ્રાસ લય થાય તેવા ન હોવાથી વીખરાએલા હતા. તેવા વીખરાએલા ન હોય, તો બ્રહ્મભાવવાળાનો પણ શંકર લય કરે; અને (૧) વાંકા હોવું તે કેશનો ગુણ છે.

(૨) ઘણા લાંબા હતા બાહુઓ જેમના, એટલે ઢીંચણ સુધી પહોંચતા બાહુવાળા હતા. (૩) 'ઉત્તમ દેવ,' દેવરૂપ ભગવાન વિષ્ણુ છે. તેમના જેવી 'આભા' કાંતિ હતી જેમની, (૪) 'શ્યામ' એટલે શ્યામ રંગવાળા (૫) સદા યૂવાવસ્થા તે સ્ત્રીઓનું હિત કરનાર વય એટલે જૂવાની, તેનાથી અંગોની જે શોભા, તેનાથી સ્ત્રીઓને 'મનોજ્ઞમ્' સુખ કરનારા હતા. આથી ઘણું સૌંદર્ય હોવાનું કહ્યું. સૌંદર્યમાં સ્ત્રીની દષ્ટિ કસોટી કરનારી હોવાથી તેમ કહેલું છે. (૬) અને તેમનું સ્મિત મનોહર હતું, તેથી સ્ત્રીઓને સુખ કરનારા હતા. સ્ત્રીઓ ચતુર અને લોટ એવા બે પ્રકારની છે. બંને ઉપર કૃપા કરવા બે ગુણ કહેલા છે. એ પ્રમાણે વાંકડીઆ કેશ વિગેરેથી આરંભી છ ગુણો કહ્યા. એવા લક્ષણવાળાને જોઈને સર્વ ઉભા થયા એમ 'પ્રતિ ઉભા થયા' શબ્દોથી કહેલ છે. તેમના પ્રતિ આદરથી પોતાના આસનો ઉપરથી ઉભા થયા, આદર સિવાય બીજા પ્રકારે ઉભા થયા ન હતા. તે વિષયમાં તેઓનું જ્ઞાન હોવાનું 'તેમના લક્ષણને જાણનારા' શબ્દથી કહેલું છે. ઉભા થવાનું કારણ લક્ષણોનું જ્ઞાન હતું. જ્ઞાન થવાનું કારણ મુનિપણું હતું, પરંતુ તેમનું લક્ષણ લૌકિક પ્રમાણથી જાણી શકાય તેવું ન હતું એમ 'ગૂઢ હતું

તેજ જેમનું' એ વિશેષણથી કહેલું છે.૨૬-૨૮.

૧.'વ્યાસનાપુત્ર' શબ્દથી ભગવદીય પણું જણાવેલું છે. ૨.'મરેલી' એટલે મરેલા હોવાનું જણાવનારી (પ્ર)
૩.અપવિત્રનો સ્પર્શ ન થવાથી કાલે કરેલ બલવાન હોવાપણું વિગેરેરૂપ ગુણજ તેમનામાં હતો, પરંતુ કાલથી થતો કામવાળા હોવું વિગેરેરૂપ દોષ તેમનામાં ન હતો, એવો અર્થ છે (પ્ર)
૪.કામ ઘડપણ વિગેરે થવાના નથી, અને પ્રાપ્ત થએલ જ્ઞાન ભક્તિ વિગેરે ગુણો રહેવાના છે એમ જણાવવા, એવો અર્થ છે (પ્ર)
૫.'તે' એટલે ભવિષ્યના (૧૬ પછીના) વર્ષો (પ્ર)
૬.'ગૂઢ ચિહ્ન' એટલે પુરુષપણાંને જણાવનારૂં ચિહ્ન (પ્ર)

**સ વિષ્ણુરાતો-ડતિથય આગતાય તસ્મૈ સપર્યાં શિરસા જહાર ।**
**તતો નિવૃત્તા હ્યબુધાઃ સ્ત્રિયોડર્ભકા મહાસને સોપવિવેશ પૂજીતઃ ।।૨૯।।**

વિષ્ણુએ રક્ષણ કરેલા તેણે આવેલા અતિથિની મસ્તકથી પૂજા કરી. ત્યાંથી અજ્ઞાનીઓ સ્ત્રીઓ અને બાલકો પાછા ગયા. પૂજા કરાએલા મોટા આસન ઉપર બેઠા.૨૯

પ્રશ્ન કર્યો 'તે' સમયે જ તે આવ્યા, તેથી રાજા ઉભો જ રહેલો હતો એમ 'સ' 'તેણે' શબ્દથી જણાવેલું છે. 'વિષ્ણુએ રક્ષણ કરેલા' શબ્દથી આ માટે જ ભગવાને મારું રક્ષણ કરેલું એવું તેને જ્ઞાન હોવાનું સૂચવેલું છે. અને તે 'અતિથિ' હોઈ આવવાના ચોક્કસ સમય વિનાના હતા, તેમને શું આપવું એવો વિચાર થતાં, આત્મા આપવા જ યોગ્ય છે એવા વિચારથી તેમની મસ્તકથી પૂજા કરી. માથું તેમને સમર્પણ કર્યું એવો અર્થ છે. પછી જુદા પ્રકારનો દેખાવ કરવા સ્વીકારેલા પદાર્થોનો તેમણે ત્યાગ કર્યો, એમ 'ત્યાંથી અજ્ઞાનીઓ સ્ત્રીઓ અને બાલકો પાછળ ગયા' શબ્દથી કહેલું છે. ગુણના ત્રણે કાર્યો પાછા ગયા. પછી પૂજા કરાએલ તે મોટા આસને એટલે રાજાએ બેસવા યોગ્ય આસને બેઠા.૨૯

પછી સર્વ ઋષિઓ દૂર રહેલા હોવા છતાં પણ તેમની આસપાસ સમીપ આવી બેઠા, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સ સંવૃતસ્તત્ર મહાન્ મહીયસાં બ્રહ્મર્ષિ-રાજર્ષિ-સુરર્ષિસંઘૈઃ ।**
**વ્યરોચતાલં ભગવાન્ યથેન્દુઃ ગ્રહર્ક્ષતારાનિકરૈઃ પરીતઃ ।।૩૦।।**

ત્યાં બ્રહ્મર્ષિ રાજર્ષિ અને દેવર્ષિઓના સમૂહોથી વીંટાએલા ઉત્તમોત્તમ પૂર્ણ કરનાર ભગવાન્ -જેમ ગ્રહો નક્ષત્રો અને તારાઓના સમૂહોથી વીંટાએલ ચંદ્ર શોભે તેમ -ઘણું જ શોભતા હતા.૩૦

બધાઓથી વીંટાએલ હોવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'ઉત્તમોના પણ ઉત્તમ' એમ કહેલું છે જ્ઞાનીઓને પણ જ્ઞાન આપનાર એવો અર્થ છે. તેઓનાં તેજથી તે વધારે તેજવાળા જ થયા, તેમના તેજની હાનિ ન થઈ એમ ' ઘણું શોભ્યા' શબ્દથી કહેલું છે. 'પૂર્ણ કરનાર ભગવાન' શબ્દથી તે પ્રાકૃત ગુરુ ન હતા, એમ કહેલું છે. 'અલમ્' સંપૂર્ણ પ્રકારે અથવા પૂર્ણ કરવા માટે ભગવાન જ તે સ્વરૂપથી આવેલા હતાં. તે સમયે તેમનું ઉત્તમપણું સર્વને પ્રસિદ્ધ થયું એવું દષ્ટાંત કહે છે. જેમ આકાશમાં બુધ વિગેરે ગ્રહોથી, અશ્વિની વિગેરે

નક્ષત્રોથી અને છૂટા-છૂટા તારાઓના સમૂહોથી વીંટાએલો ચંદ્ર શોભે છે તેમ શોભ્યા. દષ્ટાંત અને જેમના વિષે દષ્ટાંત કહેલું છે તે સમાન હોવાનું જણાવવા બંનેને વીંટાઈ રહેલ ત્રણ પ્રકારના કહેલા છે. ૩૦.

હમણાં પ્રશ્ન સમયે જ આવેલા છે, તેથી જ આમને જ પ્રશ્ન કરવો, બીજાને ન કરવો, એવી ભગવાનની ઈચ્છા જાણીને તેમને પ્રશ્ન કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**પ્રશાન્તમ્ આસીનમ્ અકુણ્ઠમેધસં મુનિં નૃપો ભાગવતો-ऽભ્યુપેત્ય ।**

**પ્રણમ્ય મૂર્ધ્નાऽવહિતઃ કૃતાઞ્જલિઃ નત્વા ગિરા સૂનૃતયાऽન્વપૃચ્છત્ ।।૩૧।।**

ઘણા શાંત બેઠેલા, જેમની બુદ્ધિ મંદ થઈ નથી તેવા મુનિની પાસે જઈને ભક્ત રાજાએ મસ્તકથી પ્રણામ કરી સાવધાન થઈ, બે હાથ જોડી, વાણીથી પ્રણામ કરી મધુર વાણીથી પ્રશ્ન કર્યો. ૩૧

'ઘણા શાંત' વિગેરે શબ્દોથી ગુરુ અને શિષ્ય ના ગુણો કહેલ છે. તે પૈકી [ક]જ્ઞાન, [ખ]જ્ઞાનનું પરિણામ, [ગ]વ્યગ્રપણાંનો અભાવ અને [ઘ]સાધન એવા ચાર ગુરુના ગુણો છે. [ખ]ઘણી શાંતિ જ્ઞાનનું પરિણામ છે. [ગ]"બેઠેલા' વિશેષણથી વ્યગ્રપણાનો અભાવ જણાવેલ છે [ઘ]મંદ નથી થએલ 'મેધઃ' જ્ઞાન જેમનું તેવા છે. બુદ્ધિ પ્રાકૃત હોવાનો વિચાર થાય, તે દૂર કરવા 'મેધઃ' શબ્દ યોજેલો છે. [ઘ]મનન સાધન છે.

શિષ્યના ગુણો કહેતાં ઉત્તમ પુરુષ શિષ્ય હોય ત્યારે ગૂઢ પૂર્ણ કહેવામાં આવે, તેથી 'રાજા ભક્ત' શબ્દોથી તે રાજા અને ભક્ત હોવાનું કહેલું છે. પછી શિષ્યના છ ગુણો છે તે 'પાસે જઈને' વિગેરે શબ્દોથી કહે છે [૧]પ્રથમ ગુરુ સામુ મુખ રાખીને જવું [૨]પછી કાયાથી સાષ્ટાંગ નમસ્કાર કરવો, [૩]સાવધાનપણું [૪]પછી વિજ્ઞપ્તિ કરવા બે હાથ જોડવા [૫]પછી વાણીથી નમસ્કાર કરવો. પછી [૬]મધુરવાણીથી અથવા સત્યવાણીથી પ્રશ્ન કરવો. ૩૧.

પ્રશ્ન કરવા આરંભમાં નીચેના શ્લોકથી તેમની સ્તુતિ કરે છે :

**રાજા કહે છે :**

**અહો અદ્ય વયં બ્રહ્મન્ સત્સેવ્યાઃ ક્ષત્રબન્ધવઃ ।**

**કૃપયાऽતિથિરૂપેણ ભવદ્ભિઃ તીર્થકાઃ કૃતાઃ ।।૩૨।।**

અહો! હે બ્રહ્મન્! અતિથિ રૂપે કૃપાથી આપે તીર્થક કરેલા અમે ક્ષત્રબંધુઓ આજે સત્પુરુષોએ સેવવા યોગ્ય થયા. ૩૨.

'અહો! આજે અમે' પહેલાં (શ્લોક ૧૩) પ્રમાણે[૧] (કહેલ છે). 'હે બ્રહ્મન્!' સંબોધન તીર્થ થવાના કારણરૂપ છે, બ્રહ્મનો સાક્ષાત્કાર અમને બહાર થયો એ આશ્ચર્યકારક છે કારણકે તેથી અમે ઉત્તમ થયા છીએ, વળી અમે સત્પુરુષોએ પણ સેવા કરવા યોગ્ય થયા.

હવેથી ઉપદેશ કરનારા[૨] પણ થશું, એવો અર્થ છે. સ્વભાવથી તો અમે ક્ષત્રબંધુઓ છીએ. ક્ષત્રિયો બંધુઓ છે જેમના તેવા છીએ. માત્ર ક્ષત્રિયના વંશમાં ઉત્પન્ન થએલા છીએ, પરંતુ ક્ષત્રિયના ગુણવાળા નથી. અને તેઓ બ્રાહ્મણના ચરણોદકથી દૂર રખાએલા છે, તેમનાથી સેવા કરવા યોગ્ય હોવાની તો વાત જ શી?

શુકના માત્ર આવવાથી સત્પુરુષોથી સેવા કરવા યોગ્ય કેવી રીતે થયા? એવો પ્રશ્ન થાય તે સંબંધમાં 'કૃપાથી' એમ કહેલું છે. જેમ ગંગા વિગેરે તીર્થો સ્નાન કરનાર તરીકે તમારો સંબંધ થવાથી તીર્થ થાય છે, તેમ અમે ગૃહસ્થો તમોએ કરેલાં કૃપા અને અતિથિ થવાનાં સાધનોથી તીર્થ થયા છીએ. અહીં સ્વાર્થ કહેવા ઈચ્છેલો છે એમ જણાવવા પોતાના તીર્થના જ અર્થમાં 'ક' પ્રત્યય યોજેલો છે. તેથી અમારામાં તીર્થ પણું ગૌણ નથી. ૩૨.

સ્નાન થાય ત્યારે જલને દેહનો સંબંધ થવાથી જલમાં[૧] રહેલું પાપ દેહ દ્વારા તેમનામાં જાય છે, તેથી જલ તીર્થ થાય છે. ગૃહસ્થ તો માત્ર શુકના આવવાથી તીર્થ કેમ થાય? એવી શંકા થાય, તે સંબંધમાં નીચેનો શ્લોક કહે છે :

**યેષાં સંસ્મરણાત્ પુંસાં સદ્યઃ શુદ્ધ્યન્તિ વૈ ગૃહાઃ ।**
**કિં પુનર્દર્શનસ્પર્શ પાદશૌચાસનાદિભિઃ ।।૩૩।।**

જેમનાં સંસ્મરથી પુરુષોના ઘરો નિશ્ચય શુદ્ધ થાય છે, તો પછી તેમનાં દર્શન, સ્પર્શ ચરણોદક અને આસન વિગેરેથી શુદ્ધ થાય તેમાં કહેવું જ શું? ૩૩

જે ઘરોમાં રહીને તમારું સ્મરણ કરવામાં આવે તે સ્મરણથી સૂર્યની પેઠે બધાંએ ઘરોના અશુદ્ધિરૂપ અંધકાર દૂર થાય છે તો પછી કરોડો સૂર્યથી અધિક પ્રકાશવાળાં જ્ઞાનેંદ્રિયોને સંપૂર્ણ રીતે શુદ્ધ કરનારાં તમારાં દર્શનથી તે દૂર થાય તેમાં કહેવું જ શું? તમારો સ્પર્શ તો જલના સ્પર્શની પેઠે સાક્ષાત્ પાપનો નાશ કરનારો છે. ચરણોદક તો વળી ભગવાનનાં ચરણોદક્ની પેઠે અલૌકિક જન્મ કરાવનારું છે, અને આસન વિગેરે પૂજાના અવયવો સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા છે. તેથી અમે તીર્થ થયા તે યોગ્ય છે, એવો અર્થ છે.૩૩

૧.દેહમાં રહેલું પાપ જલનો સંબંધ થતાં જલમાં જાય છે, એવો અર્થ છે. એમ થતું હોય તો જલ તીર્થ ન થાય, પણ પાપથી ભરપૂર થાય. વળી એવો અર્થ ૯-૯-૬ થી વિરુદ્ધ છે. તેથી બીજી રીતે અર્થ કરેલ છે.

જેમનાં પ્રાયશ્ચિત્તો શાસ્ત્રમાં કહેલાં નથી તે પાપો શુકના આવવાથી દૂર ખરેખર થાય. પણ જેમનાં પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેલાં છે તે દૂર ન થાય, એવો નિર્ણય થાય છે, કારણકે તે પણ દૂર થતાં હોય તો પ્રાયશ્ચિત્તો નકામાં થાય દ્વ એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સાન્નિધ્યાત્ તે મહાયોગિન્ પાતકાનિ મહાન્ત્યપિ ।**
**સદ્યો નશ્યન્તિ વૈ પુંસાં વિષ્ણોરિવ સુરેતરાઃ ।।૩૪।।**

હે મોટા યોગી! વિષ્ણુની સન્નિધિથી જેમ દેવોના શત્રુઓ નાશ પામે છે તેમ તમારી

સન્નિધિથી મોટાં પાપો પણ નિશ્ચય તરત નાશ પામે છે.૩૪

પ્રમાણનાં બલથી પ્રાયશ્ચિત્તો કહેલાં છે, અહીં પ્રમેયનું બલ છે એમ 'હે મહાયોગી' સંબોધનથી કહેલું છે. 'યોગઃ' યોગ છે 'અસ્ય' આનો તે યોગી. યોગથી પોતાના પુરુષાર્થ પ્રાપ્ત કરે છે. મહાયોગી તો પોતાના યોગના બલથી બીજાઓને પણ સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર છે. તે પૈકી પાપ દૂર કરવાનું તમારું આવશ્યક કાર્ય છે, એમ કહે છે. મોટાં પાપો પણ માત્ર તમારી સન્નિધિથી જ તરત નાશ પામે છે. સન્નિધિ પણ ફરી થવાની અથવા રહેવાની જરૂર રહેતી નથી. તે વિષયમાં 'વિષ્ણુની સન્નિધિથી જેમ દેવોના શત્રુઓ નાશ પામે છે' શબ્દોથી દૃષ્ટાંત કહે છે. જેમ વિષ્ણુની માત્ર સન્નિધિથી જ દેવોના શત્રુઓ મોટા દૈત્યોનો પણ નાશ થાય છે, તેની પેઠે તમારી માત્ર સન્નિધિથી મોટાં પાપોનો નાશ થાય છે એવો અર્થ છે.૩૪

**અપિ યે ભગવાન્ પ્રીતઃ કૃષ્ણઃ પાણ્ડુસુતપ્રિયઃ ।**
**પૈતૃષ્વસ્રેયપ્રીત્યર્થં તદ્ગોત્રસ્યાત્તબાન્ધવઃ ।।૩૫।।**

પાંડુના પુત્રો જેમને પ્રિય હતા, ફોઈના દીકરાઓ ઉપરના પ્રેમને લીધે જેમણે તેમના કુટુંબનું બંધપણું સ્વીકારેલું છે તે ભગવાન શ્રીકૃષ્ણ મારા ઉપર પ્રસન્ન થએલા હોવાનું સંભવે છે.૩૫

વળી આ ઉપાય ભગવાને જ કરેલો છે, કારણકે તેમણે કર્યો ન હોય તો બ્રાહ્મણની સજાથી પીડાએલાનો ઉદ્ધાર ન થાય, અને તે પણ પ્રસન્ન થઈને જ કરેલ છે, કારણકે શુકથી જ પાપનો નાશ કરાવે છે. તેમ ન કર્યું હોત તો તેમને પાતાને તે કરવું પડત. તારા ઉપર કયા કર્મથી તે પ્રસન્ન થયા? એવી શંકા થાય, તેથી 'પાંડુના પુત્રો જેમને પ્રિય હતા' એમ કહેલું છે. પાંડુના પુત્રો ઉપર પ્રીતિ હતી જેમની તેવા ભગવાન છે. તેટલાથી તને શું ફલ પ્રાપ્ત થાય? એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'ફોઈના દીકરાઓ ઉપરના પ્રેમને લીધે જેમણે તેમના કુટુંબનું બંધુપણું સ્વીકારેલું છે' એમ કહેલું છે. ફોઈના દીકરાઓ પાંડવો, તેઓના ઉપરના પ્રેમના પ્રયોજનથી, પિતા અને તેમની બેન ઉપરના પ્રેમનો પણ સમાવેશ આથી થાય છે. તેમનાં કુટુંબ, એટલે પાંડવોના કુટુંબનું. વળી જે 'બાન્ધવં' બંધુપણું તે 'આત્તમ્' સ્વીકારેલું છે જેમણે તેવા શ્રીકૃષ્ણ છે. પાંડવો ઉપરની પ્રીતિને લીધે તેમના વંશજોનું હિત કર્યું, એવો અર્થ છે.૩૫

આ વિષયને સિદ્ધ કરનાર તર્ક નીચેના શ્લોકથી કહે છે :

**અન્યથા તેઽવ્યક્તગતેઃ દર્શનં નઃ કથં નૃણામ્ ।**
**નિતરાં મ્રિયમાણાનાં સંસિદ્ધસ્ય વનીયસઃ ।।૩૬।।**

તેમ ભગવાન મારા ઉપર પ્રસન્ન થયા ન હોય તો, ન જણાય તેવી ગતિવાળા સારી

રીતે પૂર્ણ થએલા, પુરુષાર્થ આપવાનું માગનાર તમારાં દર્શન અમો મનુષ્યોને સર્વથા મરવા પડેલાને કેમ થાય? ૩૬

લોકમાં ન જણાય તેવી જેમની ગતિ છે તેવા તમો છો. સ્વસ્થ મનુષ્યોને પણ તમારાં દર્શન દુર્લભ છે, તો પછી મૃત્યુએ ખાધેલાને તો કેમ જ થાય? જે અદષ્ટથી હું તુચ્છ મનુષ્ય થયો અને મને મૃત્યુનો સંબંધ થયો તે બંને દોષ દૂર કરનાર તમોનું દર્શન અદષ્ટથી થાય તેવું નથી, પરંતુ ભગવાનથી જ કરાવાય તેવું છે. બંને દોષ દૂર કરનારું સ્વરૂપ 'સારી રીતે પૂર્ણ થએલા, પુરુષાર્થ આપવાનું માગનાર' વિશેષણોથી કહેલ છે. સારી રીતે પૂર્ણ થએલા એટલે બીજાના મૃત્યુને પણ દૂર કરનારા. જેમ સારી રીતે પૂર્ણ કરેલો રસ (પારો) સર્વ મૃત્યુને અટકાવનારો થાય છે, તેમ તમો પણ છો, એવો અર્થ છે. વળી તમો 'વનયિતા' માગનારા છો. 'વનીયાન્' એટલે સર્વથી અધિક માગનાર. પોતે જુદા-જુદા ઘણે જઈને 'હું તમને સર્વ પુરુષાર્થો આપીશ, તમે માગો' એમ જે કહેતાં ફરે છે તે તેવા માગનાર છે. તેવા, નમાલું મનુષ્યપણું દૂર કરનારાનું તમારું દર્શન ભગવાનથી જ કરાવી શકાય તેવું છે, એવો અર્થ છે.૩૬

તેથી તમારું દર્શન જણાય તેવી રીતે જ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું થાઓ, એવા વિચારથી તમને કાંઈક પૂછુ છું એમ નીચેના શ્લોકથી કહે છે :

**અતઃ પૃચ્છામિ સંસિદ્ધિં યોગિનાં પરમં ગુરુમ્ ।**
**પુરુષસ્યેહ યત્ કાર્યં મ્રિયમાણસ્ય સર્વથા ।।૩૭।।**
**યચ્છ્રોતવ્યમ્ અથો જાપ્યં યત્ કર્તવ્યં નૃભિઃ પ્રભો ।**
**સ્મર્તવ્યં ભજનીયં વા બ્રૂહિ યદ્વા વિપર્યયમ્ ।।૩૮।।**

તેથી યોગીઓની પૂર્ણતારૂપ પરમ ગુરુ તમને પૂછું છું. આ લોકમાં પુરુષનું જે કાર્ય છે, સંપૂર્ણ રીતે મરવા પડેલાનું જે કાર્ય છે, જે શ્રવણ કરવા યોગ્ય છે, અને જપ કરવા યોગ્ય છે, હે પ્રભો! મનુષ્યોએ જે કરવા યોગ્ય છે, સ્મરણ કરવા યોગ્ય અને ભજન કરવા યોગ્ય છે, અને જે તેથી ઉલટું છે તે કહો.૩૭-૩૮.

યોગીશ્વરો છે તેથી તેમને તજી મને જ કેમ પુછે છે? એવી શંકા થાય, તેથી 'યોગીઓની પૂર્ણતારૂપ' એમ કહેલું છે. જેમ ઘણા સમય સુધી યોગ આચરવાથી કાંઈક અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેવા જ તમે યોગીઓના સિદ્ધિરૂપ થએલા છો. કારણકે તમો તેઓને સર્વ પુરુષાર્થો આપનારા છો. વળી તેઓને 'ગુરુઃ' જ્ઞાન આપનાર તેમજ છો. જ્ઞાન દ્વારા મોક્ષ આપનારા છો, એવો અર્થ છે. વળી તેઓના તમે જ પરમ છો 'પરઃ' વાસુદેવ 'મીયતે' જણાય છે આમનાથી તે પરમ, અથવા 'પરમ' એટલે ભક્તિ આપવાથી ઉત્તમ છો.

એવી રીતે તેમને પ્રશ્ન કરવાનું કારણ કહીને 'પુરુષનું જે કાર્ય છે' વિગેરેથી પ્રશ્ન કરે

છે. અહીં બાર પ્રશ્નો કરેલા છે; કારણકે અધિકારિઓ[1] બે પ્રકારના છે, અને પાંચ પ્રકારના કર્મો, દરેક બે પ્રકારનાં છે. જો કે (૨×૧૦=) વીસ પ્રકાર થાય, છતાં પણ કર્મ કરનારાના પ્રકાર નક્કી થએલા હોવાથી ઉલટા પાંચ કર્મોમાં તેઓને સંબંધ ન હોવાથી, છૂટા-છૂટા [2]પ્રશ્નો હોવાથી બાર પ્રકારના પ્રશ્ન થાય છે.

તે પૈકી પ્રથમ કહે છે કે ૧.આ લોકમાં જ ગૃહસ્થાશ્રમમાં રહેનાર જીવના પુરુષનું જે કાર્ય, તેની કૃતિથી થઈ શકે તેવું હોય તે કહો. ૨.બીજો પ્રશ્ન 'મરવા પડેલાનું કાર્ય' શબ્દોથી કહેલા છે કે મરવા પડેલાને સંપૂર્ણ રીતે જે જરૂરી કરવું જોઈએ તે કહો.

હવે સાધારણ રીતે પ્રશ્ન કહે છે ૩.મરવા પડેલાએ અથવા જીવતાએ જે શ્રવણ કરવા યોગ્ય હોય, કાનનો શેમાં ઉપયોગ કરવો તે કહો. આથી બહારની જ્ઞાનેંદ્રિયોના બીજા પણ ભેદો વાસ્તવિક રીતે કહેલા છે. અને હવે જુદા આરંભથી ૪.વાણી અને મનની જોડીથી કરવા યોગ્ય જે જપ તે કહો. એવી રીતે બે જ્ઞાનેંદ્રિયોનું કૃત્ય પૂછીને, ૫.માત્ર કર્મેંદ્રિયોનું કર્તવ્ય 'જે કરવા યોગ્ય છે' શબ્દોથી પૂછે છે, 'મનુષ્યોએ' એટલે સાધારણ રીતે, તેવી રીતે કહેવાની શક્તિ હોવાનું 'હે પ્રભો!' સંબોધનથી સૂચવેલ છે/ એવી રીતે ત્રણ પ્રશ્નો ૩-૪-૫ વૈદિક માર્ગ પ્રમાણે પૂછી ભક્તિમાર્ગ પ્રમાણે બે પ્રશ્નો પૂછે છે. ૬.અંદરનું કાર્ય સ્મરણ કરવા યોગ્ય ૭.બહારનું કાર્ય ભજન કરવા યોગ્ય હોય તે કહો. 'વા' શબ્દ નિયમ ન હોવાનું જણાવે છે, એટલે અંદરનું કાર્ય પણ ભજન કરવાનું હોય. ૮-૧૨ પછી ન કરવાનાં પણ પાંચે કહો, કારણકે એક ન કરવાનું કહેવાથી બાકી રહેલાં કરવાનું અનુમોદન થાય. તેમ ન કરવામાં આવે ન કરવામાં આવે (ન કરવાનાં કહેવામાં ન આવે) તો બંને કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કરવાનું થાય અને રોજનાં કાર્ય કરતાં દેહના જરૂરી કાર્ય પણ થઈ ન શકે તેથી તે પાંચેના ઉલટાં ન કરવા યોગ્ય પણ કહેવાં એમ 'અને જે તેથી તે પાંચેનાં ઉલટાં ન કરવા યોગ્ય પણ કહેવા એમ' અને 'જે તેથી ઉલટું છે તે કહો' શબ્દોથી કહેલું છે, ઉલટું એટલે આ ન કરવું એવા પ્રકારનું.૩૭,૩૮

૧.સ્વતંત્ર જીવતો ગૃહસ્થાશ્રમી , અને મરવા પડેલા એવો બે પ્રકારના.
૨.કર્મ કરનારનાં ભેદથી બે પ્રકારના, અને કર્મના ભેદથી છ પ્રકારના, એવો અર્થ છે.

એક જ સમયે બધું કેમ પૂછે છે? એવો પ્રશ્ન થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**નૂનં ભગવતો બ્રહ્મન્ ગૃહેષુ ગૃહમેધિનામ્ ।**
**ન લક્ષ્યતે હ્યવસ્થાનમ્ અપિ ગોદોહનં ક્વચિત્ ।।૩૯।।**

હે બ્રહ્મન્! ગૃહસ્થાશ્રમીઓના ઘરોમાં તમો ભગવાનનું રહેવાનું ખરેખર જોવામાં આવતું નથી. કોઈવાર ગાય દોહવામાં આવે તેટલો સમય સંભવે.૩૯

શુકને કોપ ન થાય તે માટે 'હે બ્રહ્મન્' એવું સંબોધન કરેલું છે. ગૃહસ્થાશ્રમીઓનાં ઘરોમાં તમો ભગવાનનું રહેવાનું જોવામાં આવતું નથી. કોઈવાર ઈશ્વરેચ્છાથી જો થાય તો તે

પણ ગાય દોહવામાં આવે તેટલો જ સમય. ગાય જેટલા સમયે દોહવામાં આવે તે સમય 'ગોદોહન' કહેવાય છે. 'કોઈવાર' એટલે ભિક્ષા માગ્યા પછી ન આપી તેવા ઘરમાં. જો કે સંન્યાસીઓને ભિક્ષા વિગેરેનો નિયમ હોતો નથી, યોગીઓને તો જરાએ હોતો નથી, અને તેમાં પણ સાક્ષાત્ ભગવાનની સ્થિતિ પ્રાપ્ત થએલાને તો ન જ હોય; અને તે પણ ઘરમાં છે બુદ્ધિ જેઓની, એટલે માત્ર પ્રવૃત્તિના સ્વભાવવાળાઓના ઘેર અને તે પણ પુત્ર વિગેરેનાં ઘરોમાં ઘણા મોહવાળાના ઘેર તો ન જ હોય, કારણકે ક્યાં તિરસ્કાર થવાનો સંભવ છે.

''વાનપ્રસ્થ આશ્રમના સ્થાનોમાં વારંવાર ભિક્ષા કરવી'' એ વાક્ય પ્રમાણે ભિક્ષા માટે આવેલને ભિક્ષા આપવામાં ન આવે ત્યારે તેનાં સર્વ સુહૃતનો નાશ થતો હોવાથી, તેની શંકાને લીધે ભિક્ષા આપનાર કાર્યમાં રોકાએલ હોવાનો વિચાર કરી. તેને ધર્મ કરવો જોઈએ એવો બોધ કરવા માત્ર ગાય દોહવામાં આવે તેટલો સમય રહે. આથી એમ કહેવાયું કે અગ્નિહોત્ર કરનાર ગૃહસ્થોના ઘરમાં કોઈવાર રહે પણ ખરા. ૩૯.

એવી રીતે પ્રશ્ન કર્યો ત્યારે શુકે ઉત્તર આપવા પ્રયત્ન કર્યો એમ સૂત નીચેનાં વાક્યથી કહે છે :

**સૂત કહે છે :**

**એવમ્ આભાષિતઃ પૃષ્ટઃ સ રાજ્ઞા શ્લક્ષ્ણયા ગિરા ।**
**પ્રત્યભાષત ધર્મજ્ઞો ભગવાન્ બાદરાયણિઃ ।।૪૦।।**

એવી રીતે રાજાએ સ્તુતિ કરેલા અને સ્નેહભરી વાણીથી પ્રશ્ન કરેલા ધર્મ જાણનાર ભગવાન બાદરાયણિએ દરેક પ્રશ્નના ઉત્તર આપ્યા.૪૦

'આભાષિતઃ' એટલે સ્તુતિ કરેલા. 'શ્લક્ષ્ણયા' એટલે સ્નેહ જણાવનારી અથવા વાંકી નહી તેવી. 'પ્રત્યભાષત' એટલે દરેક પ્રશ્નનો ઉત્તર આપ્યો. બ્રહ્મ જાણનારે તેમ કહેવાનું પ્રયોજન 'ધર્મ જાણનાર' શબ્દથી કહેલું છે. ''ન કહે અથવા ખોટું કહે તે પાપી થાય'' (૧૦।૪૧।૧૦) એ વાક્યમાં જણાવેલ ન કહેવાની મનાને જાણનાર હતા. ઉત્તર આપવાથી પણ પોતાને કોઈપણ જાતની હાનિ થવાની નથી એમ જણાવવા 'ભગવાન' એમ કહેલું છે. ઉત્તર આપવો જરૂરી હોવાનું જણાવવા 'બાદરાયણિ' એમ કહેલું છે. તેમ ઉત્તર આપવાનું ન કરે તો વ્યાસે ભાગવત રચેલું નકામું થાય. તેથી, શરીર તે વ્યાસ થી ઉત્પન્ન થએલું હોવાથી, તેનો બદલો વાળવા પણ ઉત્તર કહ્યા એવો અર્થ છે. એવી રીતે ઉત્તર આપવા માંડ્યાં સુધીનું કૃત્ય પહેલા સ્કંધમાં કહેલું છે. એમ જાણવું. ૪૦.

**આદ્યસ્કન્ધસ્ય વિવૃતિઃ શ્રીકૃષ્ણચરણામ્બુજે ।**
**નિવેદિતાઽતિયત્નેન વાક્પુષ્પાઞ્જલિરુત્તમા ।।૧।।**

પહેલા સ્કંધની વિવૃતિરૂપ ઉજળી વાણીરૂપ પુષ્પોની અંજલિ ઘણા પ્રયત્નથી

શ્રીકૃષ્ણના ચરણકમલમાં નિવેદન કરેલી છે.૧

**સુજ્ઞેષુ હસ્તયુગલં પુરતો નિધાય વિજ્ઞાપયામિ મુરવૈરિપદાબ્જનિષ્ઠઃ ।**
**ઉચ્છૃંખલાડપિ વિવૃતિર્મમ ચિન્તનીયા શ્રીકૃષ્ણપાદયુગલે વિનિવેશિતેતિ ।।૨।।**

મુરના શત્રુના ચરણકમલમાં શ્રદ્ધાવાળો હું સુજ્ઞ પુરુષોની સામે બે હાથ જોડી વિજ્ઞપ્તિ કરું છું કે મારી વિવૃતિ ઉચ્છૃંખલ હોવા છતાં શ્રીકૃષ્ણના બે ચરણોમાં ધરેલી હોવાથી વિચાર કરવા યોગ્ય છે.૨

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં પહેલા સ્કંધનો**
**અધ્યાય ઓગણીસમો સંપૂર્ણ.**